તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા અંદાજપત્રમાં ખાંડના કારખાનાં)Sugar Factories(ને જે કર રાહત આપી છે તેનાથી રાજ્યની સહકારી મંડળીઓને ખૂબ જ લાભ થશે .**લેબ ગ્રોન ડાયમંડના** ઉત્પાદન અંગેની જાહેરાતથી રાજ્યનો હીરા ઉદ્યોગ વધુ મજબૂત બનશે .ભારત સરકારે વર્ષ ૨૦૨૩-૨૪માં રેલવેના વિકાસ માટે રૂ.૨.૪૦ લાખ કરોડ જેટલી ઐતિહાસિક રકમની ફાળવણી કરી છે .જે પૈકી, ગુજરાત માટે રૂ.૮૩૩૨ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે .કેન્દ્ર સરકારની અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યના અમદાવાદ સહિતના ૮૭ રેલવે સ્ટેશનોનો વિકાસ થશે .ઉપરાંત મોટા શહેરોને નાના

નગરો સાથે જોડતી **વંદે મેટ્રોની** સુવિધા રાજ્યનાં નાગરિકોને મળશે .

રાજ્ય સરકાર ગ્રામીણ વિસ્તારો અને નગરોમાં શહેર જેવી સુવિધાઓ આપીને તથા મહાનગરોને આંતરરાષ્ટ્રીય સ્તરનાં બનાવી નાગરિકોના જીવન ધોરણને ઊંચુ લાવી છે .અમદાવાદ શહેરને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેટ્રો ટ્રેનની સોગાત આપી છે .'આપણી મેટ્રો' અમદાવાદ શહેરમાં પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવશે .પાટનગર ગાંધીનગરને દેશની આર્થિક રાજધાની મુંબઇ સાથે જોડતી સેમી હાઇસ્પીડ '**વંદે ભારત ટ્રેન**'ની ભેટ પણ વડાપ્રધાનશ્રીએ ગુજરાતની જનતાને આપી છે.

મારી સરકારે વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્યની પંચશક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે .રાજ્ય સરકારના પંચામૃત વિકાસકામોને જનતાનું સમર્થન હંમેશાં મળતું રહ્યું છે .પંચામૃત શક્તિના ધ્યેયને ગુજરાતીઓએ આવકાર્યો છે .

રાજ્ય સરકારે જન સામાન્યની નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન રાખીને સુશાસનની જે આગવી કેડી કંડારી છે તેનાથી, ગુજરાત દેશનું મોડલ સ્ટેટ બન્યું છે .પાછલા બે દાયકાની વિકાસયાત્રાએ ગુજરાતને દેશનું **'ગ્રોથ એન્જિન'** બનાવ્યું છે . નલ સે જલ, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ, ૧૦૮ ઇમરજન્સી સેવા, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી અનેક સેવા-યોજનાઓના વ્યાપક અને અસરકારક અમલીકરણથી ગુજરાત જન-કલ્યાણકારી સેવાઓના પ્રદાનમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે .

ગુજરાત બે દાયકાથી 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને અનુસરીને દેશનું મોડલ સ્ટેટ બન્યું છે .કોઇ એવું ક્ષેત્ર નથી જ્યાં આપણે નવા પ્રકલ્પો-નવી સિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય .માનવ વિકાસ-જન સુખાકારીના તમામ પાસાંઓમાં ગુજરાત અન્ય રાજ્યોને રાહ ચીંધી શકે તેટલું સક્ષમ અને આદર્શ રાજ્ય બન્યું છે .ગુજરાતને છેલ્લા ૯ વર્ષથી **'ડબલ એન્જિન'**ની સરકારનો લાભ મળી રહ્યો છે .નાના-મોટા દરેક વર્ગની દરકાર લઇ ગુજરાત સરકાર સૌના ઉત્કર્ષ અને આર્થિક-સામાજિક ઉન્નતિ માટે કર્તવ્યરત છે.

રાજ્ય સરકારની દીર્ઘદષ્ટિને કારણે ગુજરાતમાં વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર અને સ્પોર્ટિંગ કલ્ચર વિકસ્યું છે . આઝાદી બાદનાં ૭૫ વર્ષમાં પ્રથમવાર ગુજરાતને **નેશનલ ગેમ્સની** યજમાની કરવાની તક મળી .માત્ર ૩ મહિનામાં નેશનલ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરીને ગુજરાતે પોતાની અપ્રતિમ ક્ષમતા સાબિત કરી છે, એટલે જ ગુજરાતની માટીમાં કઇંક તો છે જેનો પરચો દુનિયાભરને અવારનવાર થતો રહે છે .ગુજરાતનું આ સફળ આયોજન, ભારત હવે ઓલિમ્પિક ગેમ્સ યોજવા સક્ષમ હોવાની સાબિતી પૂરી પાડે છે .

રાજ્યમાં અને દેશમાં પુનઃપ્રાપ્ય ઊર્જા )Renewable Energy(ના ઉપયોગનું પ્રમાણ સતત વધી રહ્યું છે .સૂર્યમંદિર માટે વિશ્વવિખ્યાત **'મોઢેરા'** હવે સૌરઊર્જાના સતત ઉપયોગથી **'સૂર્યગ્રામ'** તરીકે પ્રખ્યાત થયું છે .વડાપ્રધાનશ્રી દ્વારા આ પ્રોજેક્ટનું તા.૦૯ ઓક્ટોબર,૨૦૨૨ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું છે .સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવશ્રી દ્વારા પણ આ 'સૂર્યગ્રામ' મોઢેરા તથા સૂર્યમંદિરની મુલાકાત લેવામાં આવી છે .

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના વર્ષે **'પાથ ટુ પ્રાઇડ'** થીમ સાથે એશિયાના સૌથી મોટા **'ડિફેન્સ એક્સ્પો'**નું આયોજન સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના છે .ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજનથી રક્ષા ક્ષેત્રના ઉદ્યોગો અને તે માટેના મૂડીરોકાણકારોને ગુજરાતમાં સ્થાયી થવાની તક મળશે તથા 'આત્મનિર્ભર ભારત' અને 'Make in India'ને વેગ મળશે .

માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ભારતને તા .૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજથી G20 દેશોની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. G20 એ વિશ્વના ૧૯ દેશો અને યુરોપિયન યુનિયન )EU (નો સમૂહ છે .જે મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ, નાણાકીય સ્થિરતા, ક્લાયમેટ ચેન્જ, પર્યાવરણ વગેરે જેવા મહત્ત્વના મુદ્દાઓ પર કામ કરે છે .માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત વિવિધ સ્થળોએ કુલ **૧૬ G20** બેઠકોની યજમાની કરી રહ્યુ છે .તેમાંની પ્રથમ ઈવેન્ટ 'બિઝનેસ20 (B20) ઇન્સેપ્શન મીટિંગ' ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાઈ હતી .બીજી બેઠક ફેબ્રુઆરી માસમાં ધોરડો ખાતે યોજાઈ હતી જેમાં, ગ્લોબલ ટુરિઝમ સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી .ત્રીજી બેઠક અર્બન-૨૦ શેરપા ઈન્સેપ્શન અમદાવાદ ખાતે યોજાઇ હતી .

આ ત્રણ બેઠકો બાદ માર્ચ મહિનામાં સુરત ખાતે, જૂન મહિનામાં કેવડિયા ખાતે એમ રાજ્યના વિવિધ સ્થળોએ વર્ષ ૨૦૨૩માં G20 સમૂહના પ્રતિનિધિઓની અન્ય ૧૩ બેઠકો યોજવામાં આવશે .

**કૃષિ અને ખેડૂત કલ્યાણ**

**પ્રાકૃતિક કૃષિ**

- જળ, જમીન, પર્યાવરણ અને માનવજાતના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ આશિર્વાદરૂપ છે. આ દેશનો દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવું પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે. આ સ્વપ્નને સાકાર કરવા માટે અને ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે આત્મા પ્રોજેક્ટ અને

પ્રાકૃતિક કૃષિ ના ખેડૂત સંયોજકો દ્વારા ઝુંબેશના રૂપમાં કામગીરી થઈ રહી છે.

- રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે દશ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમો આપવામાં આવેલ છે, તે પૈકી ૩.૨૬ લાખ ખેડૂતો, ૩.૭૯ લાખ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. રાજ્યમાં કુલ ૧૪,૪૫૫ ગ્રામ પંચાયતો પૈકી ૧૪,૩૩૮ ગ્રામ પંચાયતોમાં એક કરતા વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની શરૂઆત કરી છે, તેમજ ૧,૦૩૬ ગ્રામ પંચાયતોમાં ૭૫ થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.

- રાજ્યના વિવિધ જિલ્લાઓ/તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કુલ ૧,૧૧૬ તાલીમ શિબિરોમાં કુલ ૪૭,૩૦૫ ખેડૂતોએ તાલીમ મેળવી છે.

- પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન માટે રાજ્ય સરકાર દ્વારા **દેશી ગાય નિભાવ ખર્ચ યોજના** હેઠળ દરેક ખેડૂતને વાર્ષિક રૂ.૧૦,૮૦૦/-ની સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રાજ્યના ૧.૮૪ લાખ ખેડૂતોને રૂ. ૩૨૦ કરોડ ની સહાય ચૂકવવામાં આવેલ છે.

- રાજ્યના **ડાંગ** જિલ્લાને **સંપૂર્ણ રસાયણમુક્ત જિલ્લો** જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં પ્રોત્સાહન માટે બે હેક્ટરની મર્યાદામાં વાર્ષિક રૂ.૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૬,૧૮૮ ખેડૂતોને આ સહાયનો લાભ મળેલ છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.

- રાજ્ય દ્વારા અનુદાનિત તમામ પાંચ કૃષિ યુનિવર્સિટીઓએ પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાંઓ લીધાં છે. આ યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ ૧૨ (બાર) પાકો પર સંશોધન કાર્ય કરવામાં આવેલ છે. કૃષિ યુનિવર્સિટીઓએ પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવા માટે પગલાં લીધાં છે અને અલગ અલગ શૈક્ષણિક વર્ષોથી અભ્યાસક્રમમાં સમાવેશ કરવા પ્રયાસ કરી રહી છે.

- આ ઉપરાંત, કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ સ્થળોએ શિબિરો/સેમિનારના માધ્યમથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે.

- **કૃષિ રાહત પેકેજ:** વર્ષ ૨૦૨૨-૨૩ ખરીફમાં થયેલ ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાવાથી ૧૬ જિલ્લાના ૫૨(બાવન) તાલુકાઓના ૨૬૨૩ ગામોના ખેતી પાકને નુકસાન થયું હતું. ખેડૂતોને પાક નુકસાન સામે સહાય ચુકવવા રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૩૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ હતું.

- **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના** હેઠળ, આજ દિન સુધીમાં એક થી બાર હપતાના કુલ રૂપિયા **બાર હજાર પાંચસો ચોત્રીસ કરોડ છવ્વીસ લાખ**ની રકમ ૬૩.૪૯ લાખ ખેડૂત લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે .

- કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે, ટ્રેક્ટર તેમજ ટ્રેક્ટર સંચાલિત ખેત ઓજાર /સાધનની ખરીદી માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૭૦૧૪ ખેડૂત લાભાર્થીઓને રૂ.૭૪.૭૫ કરોડની નાણાકીય સહાય આપવામાં આવેલ છે .

- વર્ષ ૨૦૨૨-૨૩ માં અત્યાર સુધીમાં કુલ ૨૭.૬૨ લાખ મેટ્રિક ટન સબસીડાઈઝ્ડ્ રાસાયણિક ખાતરનુ વિતરણ કરેલ છે.

- રાજય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી-કૃષિ વિમાનના મહત્તમ ઉપયોગથી ૮૦૦ ખેડૂત લાભાર્થીઓના ખેતરોમાં કુલ ૧૯૧૦ એકરમાં ઉગાડેલા વિવિધ પાકોમાં 'ઇફ્કો' સંસ્થા દ્વારા નેનો યુરિયાનો છંટકાવ કરવામાં આવેલ છે.

- વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકસાન અટકાવવા માટે ખેતરની ફરતે લોખંડની કાંટાળા તારની યોજના અંતર્ગત અત્યાર સુધી ૪૯૫૩ ખેડૂત જૂથોને રૂ .૮૮.૪૦ કરોડની સબસિડી સહાય ચૂકવવામાં આવેલ છે .

- રાજ્યની કૃષિ યુનિવર્સિટી દ્વારા ૨૦૨૨-૨૩માં જુદા જુદા પાકોની કુલ ૨૧ સુધારેલ / હાઈબ્રીડ-વધુ

ઉત્પાદન આપતી રોગ પ્રતિકારક જાતો અને જુદા જુદા પાકોની ખેતી પદ્ધતિઓ તેમજ કૃષિ, પશુપાલન, ડેરી, બાગાયત, વનીકરણ, કૃષિ ઇજનેરી, ફૂડ પ્રોસેસિંગ વગેરેને લગતી ૩૮૬ તાંત્રિકતાઓ વિકસાવી છે.

**ટેકાના ભાવે ચણાની ખરીદી**

રાજ્યના ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે, ટેકાના ભાવે વિવિધ જણસોની ખરીદી કરવામાં આવે છે. જે અંતર્ગત, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રવી સિઝનમાં કુલ ૨,૮૩,૦૪૩ ખેડૂતો પાસેથી કુલ ર૯૨૨ કરોડ મૂલ્યના કુલ ૫,૫૮,૬૨૩ મેટ્રિક ટન ચણાની ટેકાના ભાવે સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી છે.

**પશુપાલન**

- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યના સહકારી દૂધ ઉત્પાદકો દ્વારા દૈનિક ૨૩૮.૩ લાખ લિટર દૂધ ઉત્પાદન થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩થી શરૂ થયેલ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા/પાંજરાપોળને પશુઓના નિભાવ માટે પશુ દીઠ રૂ.૩૦/-ની દૈનિક સહાય ચૂકવવામાં આવે છે.
- રાજ્યના પશુપાલકોને પણ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા રૂ.૩(ત્રણ) લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.
- નવેમ્બર, ૨૦૨૨ સુધીમાં પશુ આરોગ્ય ક્ષેત્રે ૩૬.૧૯ લાખ પશુઓને સારવાર તેમજ ૨,૮૨૦ પશુ આરોગ્ય મેળાની કામગીરી તેમજ ૨૦૨૧ જાતિય આરોગ્ય કેમ્પનું આયોજન કરી, ૨.૩૭ લાખથી વધુ પશુઓને સારવાર પૂરી પાડવાની કામગીરી કરવામાં આવેલ છે.

**મત્સ્યોદ્યોગ**

- ખારલેન્ડની બિન ઉપયોગી જમીનને જિંગા ઉછેર હેઠળ આવરી લઇ જિંગાનું ઉત્પાદન/ નિકાસ વધે તે માટે ૮,૧૧૯.૧૮ હેક્ટર જમીન ફાળવણી કરવામાં આવેલ છે. આ ઉદ્યોગ થકી અંદાજિત ૧૦,૦૦૦ માણસોને સીધી રોજગારી પ્રાપ્ત થયેલ છે
- કોસ્ટલ સિક્યોરિટીની દ્દષ્ટિએ અગત્યના એવા માછીમારોની ઓળખ માટેના બાયોમેટ્રિક કાર્ડની યોજના તળે ૧,૬૮,૮૯૫ સક્રિય માછીમારોને કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અંતર્ગત, માછીમાર જૂથ અકસ્માત વીમા યોજના અંતર્ગત રાજ્યના ૪૧,૨૭૩ માછીમારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અંદાજિત ૯,૬૫૭ ડીઝલકાર્ડ ધારક માછીમારોને રૂ.૧૫૨.૬ કરોડની ડીઝલ વેટ રાહતની સહાય ચૂકવવામાં આવેલ છે.
- રાજ્યના મત્સ્યોદ્યોગ સબંધિત મોટા ભાગની સેવાઓનું ડિજિટલાઈઝેશન કરવામાં આવેલ છે. બોટોની નોંધણી કરાવવી, દરિયાઇ માછીમારી માટે ઓનલાઇન ટોકન મેળવવા, ડીઝલ વેટ રાહત મેળવવા, જળાશયોના ઈજારા ઓનલાઈન આપવા જેવી તમામ કામગીરીનું ડિજિટલાઈઝેશન કરવામાં આવેલ છે. જે સમગ્ર ભારતમાં પ્રથમ પહેલ છે.
- માંગરોળ અને નવા બંદર ખાતે માછીમારી માટે માળખાકીય સુવિધાઓ યુરોપિયન યુનિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તેમજ માઢવાડ, સુત્રાપાડા, વેરાવળ અને અન્ય બંદરો તથા ૩૩ મત્સ્યકેન્દ્રો ખાતે પણ માળખાકીય સુવિધાઓ વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે.
- રાજ્યના ૧૨,૮૬૮ માછીમાર ભાઈ-બહેનોને રૂ.૨(બે) લાખની મર્યાદામાં ખેડૂત ભાઈઓની જેમ જ કિસાન ક્રેડિટ કાર્ડ સુવિધા અન્વયે ધિરાણ આપવામાં આવેલ છે.

**સહકાર**

- રાજ્યનો ખેડૂત પોતાનો માલ રાજ્ય બહાર પણ વેચી શકે તે માટે ઇ-નામ પ્લેટફોર્મ મારફત રાજ્યની મોટાભાગની બજાર સમિતિઓને સાંકળવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. હાલમાં, રાજ્યની ૧૨૨ બજાર સમિતિઓને ઇ-નામ સાથે જોડવામાં આવેલ છે.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની**

**“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”**

આ યોજના માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા કોરોના મહામારીના સમયે જરૂરિયાતમંદ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવા એપ્રિલ-૨૦૨૦થી અમલમાં મુકવામાં આવેલ છે.

**બાબતો** યોજના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્યના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ ૭૧ લાખ કુટુંબની ૩.૪૭ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૫ કિલો મુજબ અનાજનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ભારત સરકાર દ્વારા આ યોજનાનો PMGKAYના છઠ્ઠા તબક્કા હેઠળ એપ્રિલ-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી અમલ કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ લાભાર્થીને મળવાપાત્ર નિયમિત રાશનના લાભ ઉપરાંત માહે એપ્રિલ-૨૦૨૨માં વ્યક્તિદીઠ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિલો અનાજ તથા મે-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમિયાન વ્યક્તિદીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજના વધારાના રાશનનો લાભ વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા યોજનાને PMGKAYના સાતમાં તબક્કા અંતર્ગત ઑક્ટોબર-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી વધુ ત્રણ માસ માટે લંબાવવામાં આવેલ. જેમાં પ્રત્યેક માસ દરમિયાન વ્યક્તિદીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજના વધારાના રાશનનો લાભ વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

**‘રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩ ’(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને રાહતદરે અનાજ વિતરણ**

જાન્યુઆરી-૨૦૨૩ની સ્થિતિએ ‘રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા-૨૦૧૩’ (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭.૮૪ લાખ અંત્યોદય કુટુંબોની ૩૫.૬૮ લાખ જનસંખ્યાને પ્રતિ માસ/પ્રતિ કુટુંબ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા મળીને ૩૫ કિલો અનાજનુ વિતરણ કરવામાં આવે છે. જ્યારે ‘અગ્રતા ધરાવતા કુટુંબો’ (Priority House Holds-PHH) હેઠળ ૬૩.૪૦ લાખ કુટુંબોની ૩.૧૨ કરોડ જનસંખ્યાને પ્રતિ માસ/પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળી ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, કુટુંબમાં ૫ વ્યક્તિઓ હોય તો ૧૦ કિલો ઘઉં અને ૧૫ કિલો ચોખા મળી ૨૫ કિલો અનાજ મળે છે.

ડિસેમ્બર-૨૦૨૨ સુધી અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોને ઘઉં રૂ. ૨/- પ્રતિ કિલો તથા ચોખા રૂ.૩/- પ્રતિ કિલોના દરે પૂરા પાડવામાં આવતા હતા. પરંતુ જાન્યુઆરી-૨૦૨૩ થી અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોને વિનામૂલ્યે ઘઉં તેમજ ચોખાનું વિતરણ આગામી ડિસેમ્બર-૨૦૨૩ સુધી કરવામાં આવનાર છે. જેમાં માહે જાન્યુઆરી-૨૦૨૩નું વિનામૂલ્યે વિતરણ પૂર્ણ થયેલ છે.

**તુવેરદાળ અને ચણાનું રાહત દરે વિતરણ**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં તમામ ૭૧ લાખ N.F.S.A. કાર્ડ ધારકોને અન્ન સલામતીની સાથોસાથ પોષણ સલામતી મળી રહે તે માટે દર મહિને પ્રતિ કાર્ડ દીઠ ૧ કિલોગ્રામ તુવેરદાળનું રૂ.૫૦/- તથા દર મહિને પ્રતિ કાર્ડ દીઠ ૧ કિલોગ્રામ ચણાનું રૂ.૩૦/- ના નિયત રાહતભાવે વિતરણ કરવામાં આવે છે. આ માટે વાર્ષિક રૂ.૨૭૫ કરોડનું સબસિડી ખર્ચની રાજ્ય સરકારે જોગવાઈ કરેલ છે.

**ખાદ્યતેલ અને ડબલ ફોર્ટીફાઈડ મીઠાનું વિતરણ**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષમાં આવતા બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળી દરમિયાન તમામ ૭૧ લાખ N.F.S.A. લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ ૧ લીટર ડબલ ફિલ્ટર્ડ સિંગતેલનું રૂ.૧૦૦/-ના રાહત દરે વિતરણ કરવામાં આવેલ છે. આ માટે રૂ. ૧૩૩.૯૭ કરોડનું સબસિડી ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ભોગવવામાં આવેલ છે. તથા રાજ્યના તમામ ૭૧ લાખ N.F.S.A. લાભાર્થી કુટુંબોને ગોઈટર તથા એનિમિયાથી રક્ષણ આપવા માટે કાર્ડદીઠ ૧ કિલો ડબલ ફોર્ટીફાઈડ મીઠાનું રૂ.૧/-ના રાહતભાવથી વિતરણ કરવામાં આવે છે

**‘પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ૨.૦ ’**

‘પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના તબક્કા-૨’ અંતર્ગત ચાલુ વર્ષનાં એપ્રિલ-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં અંદાજિત ૯.૪૩ લાખ કુટુંબોને વિનામૂલ્યે ગેસનુ કનેક્શન, ગેસનો ચૂલો તથા ભરેલ સિલિન્ડર આપવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ‘પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના’ તથા ‘રાજ્ય પી.એન.જી./એલ.પી.જી. સહાય યોજના’ ના લાભાર્થીઓ મળી રાજ્યના આશરે કુલ ૩૮.૨૦ લાખ લાભાર્થી કુટુંબોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઘરગથ્થુ વપરાશ માટે કુલ બે(૨) એલપીજી સિલિન્ડર 'વિનામૂલ્યે' રિફીલિંગ કરી આપવા માટે હાલની ‘એક્ષટેન્ડેડ રાજ્ય પીએનજી/એલપીજી સહાય યોજના’ અંતર્ગત અમલવારી કરવા ઠરાવેલ છે. જે અન્વયે, ઓઇલ માર્કેટીંગ કંપનીઓ (I.O.C., HPCL, BPCL) દ્વારા ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં અંદાજિત ૨૯ લાખ લાભાર્થી કુટુંબોને ગેસના સિલિન્ડરનું રિફીલિંગ વિનામૂલ્યે કરવામાં આવેલ છે. આ માટે

રાજ્ય સરકારે રૂ. ૨૧૫ કરોડનું સબસિડી ખર્ચ વહન કરેલ છે. તથા જાન્યુઆરી-૨૩ થી માર્ચ-૨૩ના ક્વાર્ટરમાં તા.૧૯/૦૨/૨૦૨૩ સુધીમાં ૧૭.૮૯ લાખ લાભાર્થી કુટુંબોને ગેસના સિલિન્ડર રિફીલિંગ વિનામૂલ્યે કરવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકારે રૂ.૧૪૫ કરોડનું સબસિડી ખર્ચ વહન કરેલ છે.

**રેશનકાર્ડનું આધુનિકીકરણ અને 'My Ration' Mobile App**

રેશનકાર્ડનું ભારત સરકારની એપ્લિકેશન 'DigiLocker' સાથે સંકલન કરવાથી રેશનકાર્ડ ધારક ઘરે-બેઠા મોબાઇલ પર પોતાનું રેશનકાર્ડ ડાઉનલોડ કરી શકે છે તથા 'My Ration' Mobile એપ્લિકેશન મારફતે નાગરિકો રેશનકાર્ડને લગતી વિવિધ સેવાઓ સરળતાથી ઑનલાઈન મેળવી શકે છે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

આપણું ગુજરાત નિરામય બને, શ્રેષ્ઠ સારવાર સુવિધાઓ નાગરિકોને મળે અને તેઓ નિરોગી બને એ માટે મારી સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતની અદ્યતન આરોગ્ય સુવિધાઓનો લાભ આસપાસના રાજ્યના લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં મેળવે છે અને નિરોગી-નિરામય બની પોતાના વતન રાજ્યમાં પરત ફરે છે.

ગુજરાતમાં વિશ્વ કક્ષાની અત્યાધુનિક વિવિધ આરોગ્ય સુવિધાઓના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતે રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ છે .તેમજ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ અમદાવાદ જેવી જ આરોગ્ય સુવિધાઓ મળતી થાય તે પ્રકારનું રાજ્ય સરકારનું આયોજન છે .

વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ ફેસિલિટી ધરાવતી મેડિસિટી કાર્યાન્વિત થતાં અમદાવાદ મેડિકલ ટુરિઝમ હબ બન્યું છે .વિશ્વના સૌથી મોટા આરોગ્ય વીમા કવચ **'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'** અને ગુજરાતની **'મા યોજના'**નું સંકલન આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.

- આ વર્ષે ગોધરા, પોરબંદર, મોરબી, રાજપીપળા અને નવસારી ખાતે ૫ નવી જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ શરૂ થતાં હાલમાં રાજ્યમાં કુલ ૩૬ મેડિકલ કોલેજ કાર્યરત થયેલ છે. જેમાં યુ.જી. અભ્યાસક્રમની એમ.બી.બી.એસ.ની બેઠકો વર્ષ ૨૦૨૧-૨૨ માં ૫૭૦૦ હતી જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૩૫૦ થયેલ છે.
- રાજ્યમાં કુશળ તજજ્ઞો મળી રહે તે માટે, રાજ્યમાં પી.જી. બેઠકોમાં વધારો કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં પી.જી. બેઠકોની સંખ્યા ૧૯૫૧ હતી જે વધારીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૦૬૫ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં કુશળ તજજ્ઞો મળી રહે તે માટે, રાજ્યમાં પીજી ડિપ્લોમાં ઇન સી.પી.એસ.ની બેઠકો વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં ૧૩૮ હતી જે વધારીને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૩૦૦ કરવામાં આવેલ છે. તેમજ ડી.એન.બી. કોર્ષમાં અગાઉ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં ૨૮ બેઠકો હતી જે વધારીને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૬૭ કરવામાં આવી છે.

**કોવિડ-૧૯ નિઃશુલ્ક રસીકરણ**

- સમગ્ર દેશ અને રાજ્યમાં તા.૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કોવિડ-૧૯ રસીકરણની કામગીરીની શરૂઆત કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યમાં તા.૧૩.૦૨.૨૦૨૩ સુધી **પાંચ કરોડ તેતાલીસ લાખથી વધુ** લાભાર્થીઓને **પ્રથમ ડોઝ**, **પાંચ કરોડ ચાલીસ લાખ કરતાં વધુ** લાભાર્થીઓને **બીજો ડોઝ** તથા **એક કરોડ છન્નુ લાખથી વધુ** લાભાર્થીઓને **પ્રિકોશન ડોઝ** મળી કુલ ૧૨.૮૦ કરોડથી વધુ કોવિડ રસીના ડોઝ આપવામાં આવેલ છે.

**સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ**

- આ કાર્યક્રમ અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ આશરે ૧ કરોડ આદિજાતિ વસ્તીમાંથી ૯૬,૫૧,૪૬૬ લોકોનું સ્ક્રિનીંગ કરવામાં આવેલ છે. જે પૈકી કુલ ૭,૦૭,૧૪૭ સિકલસેલ ટ્રેઈટ (વાહક) તથા કુલ ૩૧,૦૮૯ સિકલસેલ ડિસીઝ (દર્દીઓ) મળી આવેલ છે જેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ છે. આ કાર્યક્રમને આદિજાતિ વિસ્તારમાં સિકલસેલ એનિમિયા રોગનાં ક્ષેત્રમાં નવીન અભિગમ સાથે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભારત સરકારશ્રી તરફથી **પ્રાઇમ મિનીસ્ટર એવોર્ડ ફોર એકસેલન્સ ઇન પબ્લિક**

**એડમિનિસ્ટ્રેશન** એનાયત કરવામાં આવેલ છે.

**સઘન મિશન ઈન્દ્રધનુષ**

- વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રાજ્યના ૧ વર્ષ સુધીના અંદાજિત ૧૩.૨૯ લાખ બાળકો પૈકી ૯.૫૪ લાખ (Pro-rata મુજબ ૯૫.૭ %) બાળકોને મૂકવાની થતી તમામ રોગ પ્રતિકારક રસી મૂકી તેઓનુ સંપૂર્ણ રસીકરણ કરાયું હતું.

**પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ યોજના 'પી.એમ.જે.એ.વાય.–મા'**

- ''પી.એમ.જે.એ.વાય.-મા' યોજના હેઠળ જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૧.૭૨ કરોડ લાભાર્થીઓની નોંધણી આયુષ્માન કાર્ડમાં પૂર્ણ થયેલ છે.
- રાજ્યમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૭.૩૫ લાખ લાભાર્થી દાવાઓ માટે કુલ રૂ. ૨૧૩૨ કરોડનો લાભ પ્રજાજનોને આપેલ છે. રાજ્યમાં આ યોજના સાથે કુલ ૨૭૨૯ હોસ્પિટલો સંકળાયેલ છે.

**ટેલિમેડિસિન અને ઈ-સંજીવની ઓ.પી.ડી**

- ગુજરાત રાજ્યમા હાલમા કુલ ૧૭ ટેલિમેડિસિન હબ  કાર્યરત છે, આ હબ ખાતે સ્ત્રીરોગ નિષ્ણાત, ફિઝિશિયન, બાળ રોગ નિષ્ણાત, જનરલ સર્જન, સ્કિન સ્પેશ્યાલીસ્ટ, ડેન્ટલ સર્જન, ઓર્થોપેડિક, રેડિયોલોજિસ્ટ અને આંખોના ડોક્ટરની સેવાઓ ઉપલબ્ધ છે. જેમાં કુલ ૧૭,૧૪,૦૦૦ થી વધુ ટેલિકન્સલટેશન અને કુલ ૯,૪૦,૦૦૦ થી વધુ ઇ-સંજીવની ઓ.પી.ડી સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.
- માનનીય વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે જામનગર ખાતે WHO દ્વારા 'Global Center for Traditional Medicine' (GCTM) ની તા. ૧૯/૦૪/૨૦૨૨ના રોજ સ્થાપના કરવામાં આવી. જેમાં વિશ્વભરના દેશોની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિનો લાભ પ્રજાજનોને મળે તે માટે, સંશોધન અને સારવાર પૂરી પાડવામાં આવશે.

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર**

- ખોરાકમાં થતી ભેળસેળ અંગેની જાગૃતિ માટેની 'સ્વજાગૃતિ થી આરોગ્યની રક્ષા' અર્થે તંત્ર દ્વારા **પ્રાથમિક પરીક્ષણ કીટ** વિકસાવેલ છે અને આવી કિટ બનાવવામાં **સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે.**
- ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ્ ઑથોરિટિ દ્વારા કરવામાં આવેલ વર્ષ ૨૦૨૧-૨૨ ના **ફુડ સેફ્ટી ઇન્ડેક્ષ સર્વેક્ષણ**માં **સમગ્ર દેશમાં ગુજરાત રાજયને બીજો ક્રમાંક મળેલ છે** અને રાજ્યને **'મૉડેલ સ્ટેટ'** તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય આરોગ્ય મિશન**

- રાજયની ભૌગોલિક પરિસ્થિતિ તથા આદિજાતિ દુર્ગમ વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોને ધ્યાને લઇને આવા વિસ્તારોમાં આવેલાં ગામડાઓમાં ગ્રામજનોને ઘરઆંગણે પ્રાથમિક તબીબી સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી અગરિયા, આદિજાતિ, સરહદી વિસ્તાર, સાગરખેડુ સર્વાંગી વિકાસ હેઠળ રાજ્યમાં કુલ ૨૫૦ જેટલા મોબાઇલ કોમ્પ્રિહેન્સીવ હેલ્થ કેર યુનિટ મંજૂર કરવામાં આવેલ છે.

**કિડની ડાયાલીસીસ**

- One Nation, One dialysis Program અંતર્ગત દર્દીના રહેઠાણથી નજીક ડાયાલીસીસ સંસ્થાઓ ઉપલબ્ધ થાય તે માટે, રાજ્યના તમામ તાલુકામાં ડાયાલીસીસની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે .

**જળ વ્યવસ્થાપન**

ગુજરાત અછત અને અર્ધ અછતવાળું રાજ્ય રહ્યું છે .અપૂરતા વરસાદ છતાં રાજ્યએ ઉત્તમ જળવ્યવસ્થાપન, જળસંચય અને સુદૃઢ આયોજન થકી ઉપલબ્ધ જળસ્ત્રોતોના કાર્યક્ષમ ઉપયોગથી પાણીની સમસ્યાના નિરાકરણનો માર્ગ અપનાવ્યો છે .

જળસંચય ક્ષેત્રે રાજ્યમાં હજારો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, જલમંદિરો, તળાવો ઊંડાં કરવાનું અભિયાન, જૂની કેનાલોનું મરામત અને આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના, ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજના વગેરે યોજનાઓનાં નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મળ્યાં છે .જળસંચય

અભિયાનને લીધે ગુજરાતમાં પાણીનાં તળ ઊંચાં આવવા માંડ્યાં છે અને ખેત ઉત્પાદનમાં મોટા પાયે વૃદ્ધિ થયેલ છે.

- ચાલુ વર્ષે જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં વિવિધ યોજનાઓ થકી રાજ્યમાં ૧૪૨ નાના ચેકડેમો અને ૮૫ મોટા ચેકડેમો મળી કુલ ૨૨૭ ચેકડેમો પૂર્ણ થયા છે. આ ઉપરાંત, ૧૧૯ નાના ચેકડેમો તથા ૯૪ મોટા ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થતાં આગામી વર્ષે ૨૪૨૫ હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભ મળશે .કુલ ૧,૮૭,૦૫૨ થી વધુ ચેકડેમોના કામો પૂર્ણ થતા આશરે ૪,૫૦,૪૮૮ હેક્ટર વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઈના લાભ મળે છે.

- **સુજલામ સુફલામ જળ અભિયાન** અંતર્ગત છેલ્લા **પાંચ વર્ષમાં કુલ ૭૪,૫૦૯ કામો** પૂર્ણ કરવામાં આવેલ છે . જે પૈકી તળાવો ઊંડાં કરવાના કુલ ૨૭,૭૯૯ કામો કરવામાં આવેલ છે તથા કુલ ૧૬,૨૯૧ ચેકડેમોનું ડિસીલ્ટીંગ કરવામાં આવેલ છે. જેના થકી **૮૬,૧૯૬ લાખ ઘન ફૂટ** જેટલો જળ સંગ્રહ ક્ષમતામાં વધારો થયેલ છે.

- રાજ્યની મોટા ભાગની સિંચાઇ યોજનાઓ દસ કે તેથી વધુ વર્ષ પહેલાંની છે .આથી રાજ્યની મોટા ભાગની સિંચાઈ યોજનાઓના નહેરોના વિસ્તરણ ,નવીનીકરણ અને આધુનિકીરણના કામો અગ્રતાના ધોરણે હાથ ધરેલ છે, જેથી પાણીનો દુર્વ્યય થતો અટકશે અને પિયત વિસ્તારના ખેડૂતોને સમયસર અને પ્રમાણસર પૂરતું પાણી મળી રહેશે .ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં ૮,૬૫,૩૨૨ હેક્ટર વિસ્તારમાં હયાત સિંચાઇ નહેરોની યોજનાઓની નહેરોનાં નવીનીકરણ, વિસ્તરણ અને આધુનિકીરણનાં કામો પૂરાં કરવામાં આવ્યા છે.

- સિંચાઈ યોજનાઓના જળવ્યવસ્થાપનમાં રાજ્ય સરકારે ખેડૂતોને સામેલ કર્યાં છે .સહભાગી સિંચાઇ વ્યવસ્થાની કામગીરી વધુને વધુ ખેડૂત પિયત મંડળીઓને સોંપવામાં આવે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે .સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં સહભાગી સિંચાઇ હેઠળ ૨૮૩૫ મંડળીઓ દ્વારા ૮,૫૨,૫૯૦ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે.

- સુરત જિલ્લામાં **કાકરાપાર-ગોરધા-વડ ઉદ્‌વહન સિંચાઇ યોજના** પૂર્ણ કરી કાર્યાન્વિત કરેલ છે. આ યોજના પાછળ રૂ. ૫૯૦ કરોડનો ખર્ચ થયેલ છે. આ યોજનાથી સુરત જિલ્લાના માંડવી અને માંગરોળ તાલુકાના કુલ ૮૯ ગામના આશરે ૨૦,૦૩૨ હેક્ટર વિસ્તારને સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

- રૂ.૧૪૦૮ કરોડના અંદાજિત ખર્ચવાળી **કડાણા-દાહોદ ઉદ્‌વહન પાઇપ લાઇન યોજના** પૂર્ણ થઇ, ટેસ્ટિંગ અને કમિશનિંગ બાદ કાર્યાન્વિત થયેલ છે. જેનાથી આશરે ૧૦,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થયેલ છે અને ૦૫ ડેમના જળાશયો સહિત કુલ ૫૦ જળ સંગ્રાહકોને જોડેલ છે.

- નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં વાઘરેચ ગામ ખાતે કાવેરી નદી પર અંદાજે રૂ ૨૫૦ કરોડના ખર્ચે **વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર**ના બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. આ યોજના થકી બિલીમોરા શહેર અને આસપાસના ૧૦ ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. વધુમાં, દરિયાઇ પાણીથી થતી ખારાશ આગળ વધતી અટકશે અને ભૂગર્ભ જળની ગુણવત્તામાં સુધારો થશે.

- રૂ.૪૧૮ કરોડના અંદાજિત ખર્ચવાળી કરજણ જળાશય આધારિત કરજણ ડેમથી વાડી અને કપાટ સુધીની પાઇપ લાઇન યોજના પ્રગતિ હેઠળ છે. જેનાથી સિંચાઇથી વંચિત નર્મદા, ભરૂચ અને સુરત જિલ્લાના આશરે ૭,૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.

- પાનમ જળાશય આધારિત પંચમહાલ જિલ્લાના પૂર્વ વિસ્તારના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાનાં જુદા જુદા ગામોના તળાવો ભરી સિંચાઇ માટેની યોજનાના રૂ. ૩૧૫.૪૦ કરોડની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૩૫,૦૦૦ હેક્ટર છે.

- ઉકાઇ જળાશયના ઉપરવાસમાં તાપી જિલ્લાના સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના આદિજાતિ વિસ્તારના કુલ ૧૩૬ ગામોના ૨૭,૯૨૩ હેક્ટર વિસ્તારને સિંચાઇ સુવિધા પૂરી પાડવા માટે **સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદ્‌વહન પાઇપલાઇન યોજનાની** કામગીરી પ્રગતિમાં છે. આ યોજનાથી ૪૦૪ હયાત ચેકડેમો પણ ભરવામાં આવશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. ૧૦૨૦ કરોડ છે અને યોજના માહે ઓક્ટોબર-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૧ મિલિયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કે ૧. સધર્ન લિંક તથા હાઇ કન્ટુર સ્ટૉરેજ લીક (અંદાજિત કિંમત રૂ .૨૦૯૩.૧૨ કરોડ), ૨ નોર્ધન લિંક( અંદાજિત કિંમત રૂ.૧૫૬૧ કરોડ) ની કામગીરી પ્રગતિ હેઠળ છે .તેમજ ૩. સારણ લિંક (અંદાજિત કિંમત રૂ .૭૪૯.૯૨ કરોડ)ની કામગીરીનું ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે .

- સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણના ૧૦૧ બંધારા અને ભરતી નિયંત્રક, ૧૮ રિચાર્જ જળાશયો, ૪૩ રિચાર્જ તળાવો, ૨૯૧ કિ.મી. લંબાઇમાં વિસ્તરણ નહેરો, ૨૨૬ કિ.મી .લાંબી રેડિયલ કેનાલ, ૧૩૬૨ ચેકડેમો થકી ૧,૩૨,૯૫૩ હેક્ટર વિસ્તાર જમીન નવસાધ્ય કરી સિંચાઇનો લાભ ઉપલબ્ધ થયેલ છે.

- ઉત્તર ગુજરાતમાં **સુજલામ્ સુફલામ્ પાઈપલાઈન** દ્વારા ૧૪ પાઇપલાઈનો દ્વારા નર્મદા નદીના વધારાના પૂરના પાણી ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પહોચાડવાનું આયોજન છે, જેમાંથી ૮૮૪.૦૨ કિ.મી લંબાઈની ૧૨ પાઇપલાઈનો તેમજ ૩૨ પંમ્પીંગ સ્ટેશનના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેના પરિણામે ઉત્તર ગુજરાતના ૪૪૦ ગામડાના ૭૪૨ તળાવો થકી ૯૨,૨૦૦ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઈનો લાભ થયેલ છે. થરાદ–સીપુ પાઇપલાઈન અને કસરા-દાંતીવાડા પાઇપલાઈન પેકેજ-૧ની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉપરાંત કસરા-દાંતીવાડા પાઇપલાઇન પેકેજ-૨ અને ડીંડરોલ-મુકતેશ્વર પાઇપલાઈનના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. આ કામો પૂર્ણ થયેથી ૧૯૯ ગામના ૩૧૫ તળાવો જોડાશે અને ૧૩,૫૦૦ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સિંચાઈના લાભ થશે.

- સૌરાષ્ટ્રમાં **સૌની યોજના** મારફત ૧૨૯૮ કિ.મી. લંબાઈમાં પાઇપલાઇનની કામગીરી તથા ૨૨ પંપિંગ સ્ટેશનની તેમજ આનુષાંગિક કામગીરીથી છેલ્લા પાંચ વર્ષમાં ૯૪ જળાશયો ૧૬૫ ગ્રામ તળાવો અને ૯૬૩ ચેકડેમોમા **અંદાજિત ૫૬,૫૦૨ મિલિયન ઘન ફૂટ પાણીનો જથ્થો આપવામાં આવેલ છે .**જેનાથી ૫ લાખ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ થયેલ છે .૮૦ લાખની જન સંખ્યાને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

**પાણી પુરવઠો** રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે જેના પરિણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત પૂરતા જથ્થામાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.

- રાજયના દૂરંદેશી નેતૃત્વ દ્વારા છેલ્લા ૨૦ વર્ષના આયોજન અને અમલના લીધે આજે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં દૈનિક ૩૨૦૦ એમએલડી જેટલુ પીવાનું પાણી પૂરું પાડી ગુજરાત મોડલનું ઉત્તમ ઉદારહણ પૂરું પાડેલ છે.

- "**જલ જીવન મિશન**" અંતર્ગત **'નલ સે જલ'** યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દેશના તમામ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે-ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા "જલ જીવન મિશન" અંતર્ગત "નલ સે જલ"યોજનાની ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ ના રોજ શરૂઆત કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કરેલ હતો. રાજય સરકારે ઓકટોબર-૨૦૨૨ માં આ લક્ષ્યાંકને સિદ્ધ કરેલ છે.

- રાજયના તમામ ૩૩ જિલ્લાઓ ૨૪૭ તાલુકાઓ અને ૧૮૧૮૭ ગામો ૧૦૦% ''હર ઘર જલ'' તરીકે ઓકટોબર-૨૦૨૨ માં જાહેર કરવામા આવેલ છે.

- સરકારે પાણી પુરવઠા માટે માત્ર ભૂર્ગભ જળ પર આધાર નહિ રાખતાં મહદઅંશે સરફેસ વોટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પાણીનાં અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૧૧૨ કિલોમીટરની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઊભું કરી દેશમાં સૌપ્રથમ એવી "**રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ**" દ્વારા રાજયના ૧૪૩૦૫ ગામો અને ૨૩૬ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજય સરકારને સફળતા મળી છે.

- ગ્રામ્ય વિસ્તારમાં ૧૯,૨૯૪ મીની પાઇપ યોજનાઓ અને ૨,૭૬,૮૭૬ હેન્ડપમ્પ બેસાડી છેવાડાના માનવી સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ છે. જે પૈકી, ૧૭,૨૫૧ મીની પાઇપ યોજનાઓ તેમજ ૨,૧૩,૬૫૯ હેન્ડ પમ્પ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છૂટાછવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં સતત વધારો કરેલ છે.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩
રાજ્યપાલશ્રીનું સંબોધન

**સરદાર સરોવર નર્મદા નિગમ**

સરદાર સરોવર યોજના ગુજરાત રાજ્યમાં નર્મદા નદી પર નિર્માણ પામેલ આંતરરાજ્ય બહુહેતુક પરિયોજના છે.

- સરદાર સરોવર યોજનાના બંન્ને પાવર હાઉસ કાર્યરત થતા **૧૪૫૦ મેગાવોટ** ની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે. આ પાવર હાઉસ માંથી વર્ષ ૨૦૨૨-૨૩ માં જાન્યુઆરી-૨૦૨૩ સુધી ૪૨૦.૮૯ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે. આમ જાન્યુઆરી-૨૦૨૩ના અંત સુધીમાં કુલ ૫૫૬૭.૯૦ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે. આ વીજ ઉત્પાદનથી રાષ્ટ્રને આશરે રૂ. ૨૨,૨૭૧ કરોડની આવક થયેલ ગણાય.

- સરદાર સરોવર યોજના હેઠળ નહેરોનાં બાંધકામમાં ઝડપ લાવવા સરકાર તરફથી સમયાંતરે લેવામાં આવેલ વિવિધ પગલાંઓના પરિણામ સ્વરૂપે, નર્મદા મુખ્ય નહેર, શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેર અને પ્રપ્રશાખા નહેરો સહિત ૬૩,૫૩૯ કિ.મી .લંબાઇનું બાંધકામ જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં પૂર્ણ થયેલ છે .

- સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર બાંધવામાં આવેલ ૫ (પાંચ ) પંમ્પીગ સ્ટેશનની કામગીરી પૂર્ણ થયેલ છે અને કચ્છ શાખા નહેર ઉપર બાંધવામાં આવેલ ૩ પંમ્પીગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી પૂર્ણ થયેલ છે.

- જાન્યુઆરી-૨૦૨૩ સુધી કુલ ૧૭.૯૨ લાખ હેક્ટર પિયત વિસ્તારમાંથી ૧૬.૯૯ લાખ હેક્ટર વિસ્તારમાં પ્રશાખા નહેરો સુધીનાં કામ પૂર્ણ કરી સિંચાઇ ક્ષમતા વિકસિત કરવામાં આવેલ છે .

- જાન્યુઆરી-૨૦૨૩ સુધી પિયત વિસ્તારમાં સિંચાઇના પાણીની સુવ્યવસ્થિત વહેંચણી અને આયોજન માટે કરવાની થતી કુલ ૪૪૬૬ પિયત મંડળી પૈકી ૩૫૭૧ પિયત મંડળીની નોંધણી કરવામાં આવેલ છે . યોજનાથી હાલમાં ૧૦,૦૧૬ ગામો અને ૧૭૬ શહેરોને ઘરવપરાશ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે .જેમાં રાજ્યનાં કુલ ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન પૈકી ૭ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ થાય છે .ભરૂચ, કપડવંજ, ડભોઇ તથા થરાદ નગરપાલિકા ને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા સીધુ પાણી પૂરું પાડવામાં આવે છે.

- **એકતાનગર** ખાતે માન .પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદર્શિતાના પરિણામે આજે નર્મદા જિલ્લામાં **કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ઉપરાંત જંગલ સફારી**, **આરોગ્ય વન, જેટ્ટી, એકતા ક્રુઝ,** નેવીગેશન ચેનલ, **ગરૂડેશ્વર વિયર,** ચિલ્ડ્રનસ ન્યુટ્રીશન પાર્ક, થોર બગીચો (Cactus Garden), એકતા નર્સરી, ખલવાણી ઈકો-ટુરિઝમ, આદર્શ ગ્રામ (તબક્કા-૧), એકતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, વિશ્વ વન, **રાજા સૌરસ ડાઈનોસોર પાર્ક,** એકતા દ્વાર, સરદાર સરોવર નૌકા વિહાર, રિવર રાફટીંગ, વેલી ઓફ ફ્લાવર્સ, **શુલપાણેશ્વર નર્મદા ઘાટ,** પ્રવાસીઓની રહેવા માટેની સગવડ (ટેન્ટ સિટી, શ્રેષ્ઠ ભારત ભવન, સરદાર સરોવર રિસોર્ટ) વિકસાવવામાં આવેલ છે .વિવિધ હેતુસભર પ્રવાસન આકર્ષણોના વિકાસ સાથે આ વિસ્તારની કાયાપલટ થઈ છે અને રોજગારીની નવી તકો સર્જાઈ છે.

- માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા 'રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૨'ના અવસરના નિમિતે મેઝ ગાર્ડન તથા મિયાવાકી ફોરેસ્ટનું લોકાર્પણ કરવામાં આવેલ છે .

- આદિવાસી વિસ્તારના સામાજિક-આર્થિક ઉત્થાન માટે, કેવડિયા ખાતે એકતા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનું નિર્માણ થયેલ છે. અત્યારે અહીં વિવિધ પ્રકારના કૌશલ્યલક્ષી કોર્ષ ચાલી રહ્યાં છે તથા તાલીમાર્થીઓ તેમની આવડત આધારિત ક્ષેત્રોમાં રોજગારી મેળવવાની શરૂઆત કરી ચૂક્યાં છે.

- એકતાનગર ભારતનું પ્રથમ ઇ-વાહન ક્ષેત્ર બની રહ્યું છે. એકતાનગર સ્થિત વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાતે પધારતાં પ્રવાસીઓની સુવિધા માટે ૮૫ જેટલી ઈ-રીક્ષાઓ સ્થાનિક મહિલાઓ દ્વારા ચલાવી રોજગારી પ્રાપ્ત કરવામાં આવી રહેલ છે. જે વધારીને ૩૦૦ ઈ-રીક્ષાઓ સ્થાનિક મહિલાઓ દ્વારા ચલાવીને રોજગારી આપવાનું આયોજન છે.

**ઊર્જા અને** રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં

**પેટ્રોકેમિકલ્સ** રાજયનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૧૪૩ યુનિટ હતો. જે વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨૨૮૩ યુનિટ થયેલ છે, જે દેશના માથાદીઠ વીજ વપરાશ ૧૨૫૫ યુનિટની સરખામણીમાં લગભગ બમણા જેટલો છે. વિશ્વમાં ભૂરાજકીય પ્રશ્નો તેમજ કોલસાની અછત હોવા છતાં રાજય સરકાર ગંભીર વીજ કટોકટી વગર ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં સફળ રહી છે.

- રાજય સરકારની દૂરંદેશીતાના કારણે ગુજરાત શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થામાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની વિવિધ બાવન વીજ વિતરણ કંપનીઓની કામગીરીના વાર્ષિક મૂલ્યાંકનમાં રાજય સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓએ આ વર્ષે પણ ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરીને "A+" રેટિંગ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે.

**ખેતીવાડી વીજ જોડાણો**

- વર્ષ ૨૦૨૧-૨૨ માં રાજય સરકારે રૂ..૧૦૪૫ કરોડના ખર્ચે ૬૨ હજાર થી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપેલ છે. તેજ રીતે વર્ષ ૨૦૨૨-૨૩ માં ડિસેમ્બર-૨૨ સુધીમાં રૂ.૯૯૪ કરોડના ખર્ચે ૬૨ હજાર થી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવેલ છે.

**ખેડૂતોને વીજ બીલમાં રાહત**

- રાજય સરકારે છેલ્લા ૧૬ વર્ષથી ખેડૂતોના વીજ દર માં કોઇ જ વધારો કરેલ નથી.
- મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બિલમાં ભરવાના થતા ફીક્સ ચાર્જમાં ૫૦ થી ૭૫ ટકા જેટલો ઘરખમ ઘટાડો કરવામાં આવેલ છે. જેના કારણે રાજયના ૧૪ લાખથી વધારે મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બીલમાં વાર્ષિક રૂ.૨૬૦ કરોડ જેટલી રાહત મળશે.
- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે રૂ.૯૩૩૪.૫૭ કરોડથી વધુ સબસિડી આપવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ માં રાજયના ૨૦ લાખ જેટલા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટેની સબસિડીની રકમ અંદાજે રૂ.૮૩૨૪.૯૮ કરોડ જેટલી થનાર છે.

**PM - KUSUM યોજના Component - B હેઠળ વન વિસ્તારના ખેડૂતોને ખેતીવાડી વીજ જોડાણ માટે સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ માટેના પમ્પ સેટ માટે સહાય**

- રાજયના વન વિસ્તાર તેમજ દુર્ગમ વિસ્તાર કે જયાં નવીન વીજ લાઇન નાખીને પરંપરાગત વીજ જોડાણ આપવું મુશ્કેલ હોય તેવા વિસ્તારના ખેડૂતોને સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવાના ખેડૂતલક્ષી નિર્ણયનું અમલીકરણ શરૂ કરી દેવામાં આવેલ છે. જે મુજબ લાભાર્થીને ખરેખર ભરવાપાત્ર ફિક્સ ચાર્જ ભરવાનો અને બાકીનો ખર્ચ રાજય સરકાર દ્વારા વધારાની સબસિડી રૂપે આપવામાં આવે છે. આદિજાતિ વિસ્તારના ખેડૂતોને ફિક્સ ચાર્જ ભરવામાંથી પણ મુકિત આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૪૩૪ ખેડૂતોને રૂ.૩૯ કરોડના ખર્ચે સોલર પમ્પ સેટ આપવામાં આવેલ છે જે પૈકી ૧૪૦૯ જેટલા આદિજાતિ વિસ્તારના ખેડૂતો છે.

**"સૂર્ય ગુજરાત "રેસિડેન્શિયલ રૂફ-ટોપ સોલાર યોજના**

- સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત ભારતમાં પ્રથમ નંબરે છે. ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં દેશભરમાં કુલ ૮૦૭૭ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફ-ટોપ સિસ્ટમ સ્થાપિત થયેલ છે. તે પૈકી ગુજરાતમાં ૨૨૦૬ મેગાવોટ ક્ષમતાની સોલાર સિસ્ટમ સ્થાપિત થયેલ છે. એટલે કે દેશભરમાં સ્થાપિત થયેલ કુલ ક્ષમતાના ૨૭ ટકા ક્ષમતા સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ નંબરે છે.
- કુલ ૨૨૦૬ મેગાવોટ સોલાર રૂફટોપ સિસ્ટમ પૈકી ૧૫૯૦ મેગાવોટ રહેણાંક ક્ષેત્રે લાગેલ છે. રહેણાંક ક્ષેત્રે MNRE PH-II અંતર્ગત ગુજરાત રાજયનો દેશભરમાં ફાળો ૮૨ ટકા છે.

**આદિવાસી વિકાસ યોજના**

વર્ષ ૨૦૨૧-૨૨માં આદિવાસી વિસ્તારોમાં રૂ.૩૦૦ કરોડના ખર્ચે ૯-નવા સબ સ્ટેશન ઊભા કરવામાં આવેલ છે જેથી, આ વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણાવત્તાયુકત વીજ પુરવઠો પૂરો પાડી શકાય છે. તેજ રીતે વર્ષ ૨૦૨૨-૨૩માં પણ આ વિસ્તારોમાં નવા સબસ્ટેશન બનાવવા રૂ.૨૦૦ કરોડ ફાળવેલ છે.

**બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદન**

- ગુજરાત રાજ્ય પ્રદૂષણ મુકત એવા બિન પરંપરાગત ઊર્જા ઉત્પાદનને મહત્ત્વ આપી રહેલ છે. આ ક્ષેત્રે ગુજરાતે ૧૯,૩૩૩ મેગાવોટ જેટલી ક્ષમતા હાંસલ કરી છે.

**પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીમાં ગુજરાતનો ટેબ્લો પ્રથમ ક્રમે વિજેતા**

- તાજેતરમાં ૭૪માં પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી અને પરેડમાં પ્રદર્શિત થયેલ દેશના ૧૭ રાજયો અને ૬ મંત્રાલયોએ રજૂ કરેલા ટેબ્લોમાંથી **"ક્લિન-ગ્રીન એનર્જી એફિશિયન્ટ ગુજરાત"**ની થીમ પરના ગુજરાતના ટેબ્લોને પીપલ્સ ચોઇસ હેઠળ **પ્રથમ ક્રમે** વિજેતા જાહેર કરવામાં આવેલ છે.

- આ ટેબ્લોમાં કચ્છના ખાવડા ખાતે આકાર પામી રહેલ વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, સોલર ગ્રામ મોઢેરા, સોલર રૂફટોપ, કેનાલ રૂફટોપ, ખેડૂતોની સમૃદ્ધિ માટેની PM – KUSUM યોજના, કચ્છની સંસ્કૃતિક અને રાસ ગરબા જેવી ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત દર્શાવવામાં આવી હતી.

- રાજયના સાંસ્કૃતિક વારસાને પુનઃ પ્રાપ્ય ઊર્જા સાથે જોડીને આ ટેબ્લો દ્વારા એક સુંદર સંદેશ આપવાનો પ્રયાસ સફળ રહયો છે.

**ગેસ વિતરણ**

ગુજરાત રાજયમાં કુલ ૯૬૪ CNG સ્ટેશનો ગેસના વિતરણનું કામ કરી રહયા છે .ગુજરાત રાજયના ૨૮,૧૫,૧૨૮ ઘરેલું ગ્રાહકોને, ૨૧,૭૬૦ વ્યાપારી એકમોને અને ૫,૭૨૯ ઔદ્યોગિક એકમોને ગેસ પુરવઠો પૂરો પાડવામાં આવી રહયો છે .

**શિક્ષણ** ગુજરાત રાજ્ય દ્વારા પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં કરવામાં આવેલા વિવિધ પ્રયાસો અને તેનાં સકારાત્મક પરિણામોથી શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે .

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

- **Right to Education Act** અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ લઈ અભ્યાસ કરતાં હોય તેવા ૫,૧૨,૪૬૫ વિદ્યાર્થીઓને આવરી લેવા વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ રૂ.૬૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના અકસ્માતથી થતા અવસાન માટે વીમારક્ષણ આપવા અંગેની **'વિદ્યાદીપ' યોજના** રાજ્ય સરકારએ અમલમાં મૂકેલ છે. જેમાં રૂ.૫૦,૦૦૦ વીમારક્ષણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ રૂ.૨૫૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે અને ૧૨૮ પરિવારોને જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં સહાય આપવામાં આવેલ છે. આ યોજના પેટે લીધેલ વીમાનું ૧૦૦ ટકા પ્રિમિયમ ગુજરાત સરકાર ચૂકવે છે.

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ(GSRTC)ની બસોમાં અભ્યાસ અર્થે મુસાફરી કરતા પ્રાથમિક થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે **બસ કન્સેશન પાસ ફી યોજના** અંતર્ગત, વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં રૂ.૨૦૫ કરોડની જોગવાઇની મંજૂરી આપવામાં આવેલ છે. જેમાંથી અત્યાર સુધી કુલ રૂ.૧૫૯.૮૯ કરોડનું ચૂકવણું રાજ્ય સરકાર દ્વારા નિગમને કરવામાં આવેલ છે.

- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY)** અંતર્ગત મફત પાઠ્યપુસ્તક યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં રાજ્ય સરકારે અત્યાર સુધી રૂ.૫૫.૪૩ કરોડનો ખર્ચ કરેલ છે.

- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૭૫ નવા વર્ગો મંજૂર કરેલ છે અને આ અંતર્ગત રૂ. ૪.૧૪ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે.

- રાજ્ય કક્ષાએથી GCERT દ્વારા તૈયાર કરેલ પ્રશ્ન બેંક **વિદ્યા સમીક્ષા કેન્દ્ર**ના માધ્યમથી એપ્લિકેશન દ્વારા શાળાઓ સુધી પહોચાડવામાં આવે છે, જેના આધારે શિક્ષકો કસોટી લે છે. આમ શિક્ષકો તેમજ વાલીઓને

પણ પોતાના બાળકોની પ્રગતિનો ખ્યાલ આવતો રહે છે.

- આ વર્ષે કુલ ૧૭૮૨ શાળાઓમાં ૭૬૪૪ નવા વર્ગખંડોના બાંધકામ તથા ૧૪૬૯ શાળાઓમાં ૧૬૯૪૫ વર્ગખંડોનાં સમારકામ માટે રૂ. ૧૭૯૧.૯૮ કરોડના કામોને મંજૂરી આપવામાં આવેલ છે.

- **Online Teacher Professional Development Course (TPD):** જીસીઇઆરટી દ્વારા રાજ્યના શિક્ષકોમાં વ્યાવસાયિક સજ્જતા કેળવાય તે માટે DIKSHA Portal ના માધ્યમથી 230 થી પણ વધુ Online Teacher Professional Development Courses શરૂ કરવામાં આવેલ છે. જીસીઇઆરટી દ્વારા નિર્મિત કોર્સિસમાં અત્યાર સુધી ૯૪ લાખથી વધુ લાભાર્થી દ્વારા રજિસ્ટ્રેશન થયેલ છે જે પૈકી ૭૨ લાખ જેટલા લાભાર્થીઓએ આ કોર્સિસ પૂર્ણ કરેલ છે.

- **Energized Textbooks (ETB)**ની કામગીરી અન્વયે ધોરણ ૧ થી ૧૨ ના ૧૦૦ પાઠ્યપુસ્તકોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ શકે એવા વીડિયો, ઓડિયો અને ડોક્યુમેન્ટના સ્વરૂપમાં ડિજિટલ સાહિત્યનો સમાવેશ કરતા ૨૨૧૭ QR Code મૂકવામાં આવેલ છે.

- જીસીઇઆરટી દ્વારા બાયસેગ સ્ટુડિયોના માધ્યમથી **વંદે ગુજરાત ચેનલ** પરથી ધોરણવાર અને વિષયવાર **શૈક્ષણિક કાર્યક્રમોનું 24 × 7 પ્રસારણ** કરવામાં આવે છે. પ્રતિ વર્ષ રાજ્યની સરકારી શાળાઓમાં ૧૭,૨૮૦ એપિસોડ્સનું પ્રસારણ કરવામાં આવે છે.

- **'પઢના લિખના અભિયાન'** યોજનાનું અમલીકરણ ગુજરાત રાજયના એસ્પિરેશનલ બે જિલ્લાઓ **દાહોદ** અને **નર્મદામાં** કરવામાં આવેલ છે. જેમાં કુલ ૩૩,૨૧૬ નિરક્ષરોમાંથી ૨૭,૫૩૪ નિરક્ષરોને અક્ષરજ્ઞાન પૂરું પાડીને સાક્ષર કરવામાં આવેલ છે.

- સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા ધોરણ-૯ થી ૧૨ના કુલ ૨૮૪૩ દિવ્યાંગ વિદ્યાર્થીઓને અંદાજે કુલ રૂપિયા ૮૫ લાખની તેમની દિવ્યાંગતા મુજબ તેઓની જરૂરિયાત અનુસાર સાધન સહાય વિતરણ કરવામાં આવી રહ્યું છે.

**'પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના'- પીએમ પોષણ યોજના**

- ભારત સરકાર દ્વારા મધ્યાહ્ન ભોજન યોજનાનું નવું નામાભિધાન 'પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના - પીએમ પોષણ યોજના' તરીકે તાજેતરમાં કરવામાં આવેલ છે. સરકારી તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરનું તાજું અને ગરમ ભોજન આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી વધુ ૫ વર્ષ લંબાવવા ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

- ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રાજ્યની **૩૨,૩૭૧ શાળાઓના** ૪૨.૮૧ લાખ વિદ્યાર્થીઓ માટે **૯૮૯૪૬.૫૨ મેટ્રીક ટન** અનાજનો વપરાશ થયેલ છે તથા રૂપિયા **૭૮૨.૩૪ કરોડ** ખર્ચ થયેલ છે.

- રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોમાં કુપોષણ નિવારણ હેતુ વર્ષ ૨૦૨૨-૨૩થી PM POSHAN યોજનામાં બાળકોના ભોજનમાં આયોડીન ઉપરાંત લોહતત્વ ધરાવતાં 'પોષક' ડબલ ફોર્ટીફાઇડ મીઠાનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો.

- સમગ્ર શિક્ષાની ઈન્કલુઝીવ એજ્યુકેશન અન્વયે રાજયભરમાં થયેલ સર્વે અનુસાર અંદાજિત ૭૦,૭૮૪ દિવ્યાંગ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ૭૦૭૮૪ દિવ્યાંગ વિદ્યાર્થીને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, એસ્કોર્ટ એલાઉન્સ, સ્ટાઈપેન્ડ ફોર ગર્લ્સ, સાધન સહાય વગેરે રૂ.૮૮.૨૭ કરોડ પૂરા પાડેલ છે.

**કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

- સમગ્ર શિક્ષાના નેજા હેઠળ 'કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય'નું અમલીકરણ થઇ રહયું છે. જે અંતગર્ત દુર્ગમ વિસ્તારોમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, અન્ય પછાત જાતિ, તથા લઘુમતી તથા ગરીબી રેખા નીચે જીવતા વંચિત જૂથોની કન્યાઓ માટે નિવાસી સગવડ સાથેની શાળાઓ ગુજરાતના ૩૩ જિલ્લાઓ તેમજ ૨ મ્યુનિસપલ કોર્પોરેશનમાં અમલીકૃત છે.

**ઉચ્ચ અને ટેકિનકલ શિક્ષણ**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY)**

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આજ દિન સુધીમાં ૫૨,૦૮૪ વિદ્યાર્થીઓને રૂ.૨૮૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૦૨,૮૬૫ વિદ્યાર્થીઓને રૂ.૧૭૯૯ કરોડની સહાય ચૂકવામાં આવી છે.

- **શોધ યોજના- Scheme Of Developing High quality research** અંતર્ગત રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં પી.એચ.ડી. કોર્ષમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને સંશોધન પ્રતિ અભિમુખ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૧૭.૧૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦(N.E.P.-2020)**

- ગુજરાત સરકાર દ્વારા ૫ મી જાન્યુઆરી,૨૦૨૦ ના રોજ આયોજિત ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઑફ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન્સ (ICAI) દરમિયાન 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦' અમલીકરણનો રોડમેપ લોન્ચ કરાયો. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ સંયુકત રીતે ૦૪ જૂન ૨૦૨૨ના રોજ કાર્યક્ષમ અને અસરકારક અમલીકરણ માટે એક દિવસીય 'ઓફલાઇન વર્કશોપ'માં ૩૦ થી વધુ યુનિવર્સિટીઓએ ભાગ લીધો અને NEP પરની શ્રેષ્ઠ પ્રથાઓ તેમના દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. બહુશાખાકીય (multidisciplinary) શિક્ષણની સુવિધા માટે કોન્ફેડરેશનની રચના કરેલ છે.

- ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે સંપૂર્ણ સમર્પિત ચેનલ **'સાફલ્ય'** ૨૯મી ઓક્ટોબર ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવેલ છે.

- **ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન(IITE)**એ સમગ્ર દેશની સૈનિક સ્કૂલ સોસાયટીના શિક્ષકોને તાલીમ આપવા માટે સંરક્ષણ મંત્રાલય સાથે MOU કરી અત્યાર સુધીમાં ૩૩ સૈનિક શાળાઓના લગભગ ૮૦૦ શિક્ષકોની સૈનિક શાળા શિક્ષક તાલીમ- ગુરુદીક્ષા તાલીમ પૂર્ણ કરી છે.

- IITE, ગાંધીનગરને '8મા FICCI હાયર એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ્સ 2022' સમારોહ દરમિયાન ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) દ્વારા પ્રતિષ્ઠિત 'એક્સલન્સ ઇન પ્રોફેશનલ કોર્સ ઓફરિંગ' એવોર્ડ મળ્યો છે.

**ટેબ્લેટ યોજના**

- આ યોજના અન્વયે છેલ્લા ચાર વર્ષ દરમિયાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માન્ય 'બોર્ડ'ની પરીક્ષા ઉત્તીર્ણ કરી રાજ્યના ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર અંદાજે કુલ ૯.૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

- રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા ભૌતિક અને સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ટ્રાફિક સર્કલ, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, તળાવ બ્યુટિફિકેશન, ફાયર સ્ટેશન, શાળા બાંધકામ, અર્બન હેલ્થ સેન્ટર, આંગણવાડી, લાયબ્રેરી, પાર્કિંગ વિગેરે જેવા કામો હાથ ધરવામાં આવે છે.

**ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના**

- આ યોજના હેઠળ સોસાયટીના આંતરિક રસ્તા, પાણીની પાઇપલાઇન, સ્ટ્રીટ લાઇટ અને ગટર જેવા કામો માટે થતા કુલ અંદાજિત ખર્ચ પૈકી ૭૦% ફાળો રાજ્ય સરકાર દ્વારા, ૧૦% ફાળો સ્થાનિક સંસ્થાઓ દ્વારા તથા ૨૦% ફાળો સોસાયટી દ્વારા એમ મળી કુલ ૧૦૦% કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. વધુમાં, જે ઘરો ગટર લાઇન સાથે જોડાયેલ ન હોય તેવા ઘરોની ગટરલાઇનને મુખ્ય ગટર લાઇન સાથે જોડવા માટે પ્રતિ ઘર દીઠ રૂપિયા ૭૦૦૦ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરી વિસ્તારોમાં રેલવે ઓવર બ્રિજ/રેલવે અન્ડરબ્રિજના આજ દિન સુધી કુલ અંદાજિત રૂપિયા ૩૨૪૧.૬૬ કરોડના કુલ ૧૦૩ કામો રેલવે સાથે ૫૦%

કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામાં ૧૦૦% રાજ્ય સહાય અંતર્ગત મંજૂર કરવામાં આવેલ છે.

**અમૃત ૨.૦**

અમૃત ૨.૦ યોજના હેઠળ ગુજરાત રાજ્યને કેન્દ્ર સરકારના ફાળા રૂપે રૂ.૪૫૦૦ કરોડની જોગવાઈ મિશન પિરિયડ માટે કરવામાં આવેલ છે. હાલમાં, અમૃત ૨.૦ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૦,૬૭૯.૮૮ કરોડના ૮૧૧ કામો મંજૂર કરવામાં આવેલ છે.

**સ્માર્ટ સિટી મિશન**

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ કુલ ૬ શહેરની પસંદગી ભારત સરકાર દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કરવામાં આવેલ છે.

**ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન )જી.એમ.આર.સી (.લિમિટેડ**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ની કુલ લંબાઇ ૪૦.૦૩ કિ.મી. છે વસ્ત્રાલ ગામ મેટ્રો સ્ટેશનથી એપેરલ પાર્ક મેટ્રો સ્ટેશન સુધીની ૬.૫ કિલોમીટરની મેટ્રો રેલ સેવા માર્ચ, ૨૦૧૯ થી શરૂ કરવામાં આવેલ છે. પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણના ૩૨.૧૦ કિલોમીટરની મેટ્રો રેલ સેવાનું ઉદ્ઘાટન ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના વરદ્હસ્તે કરવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી આવાસ યોજના )શહેરી(**

રાજય સરકાર દ્વારા શહેરોમાં વસતા મકાન વિહોણા લોકોને આવાસ પૂરાં પાડવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત કુલ ૮.૮૬ લાખ આવાસોનાં નિર્માણનું આયોજન છે. જે પૈકી ૭.૩૨ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, જ્યારે બાકીના આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧,૦૧,૩૯૧ નવા આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને ૧,૫૧,૮૫૬ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

**સ્વચ્છ ભારત મિશન -અર્બન**

સ્વચ્છ ભારત મિશન- અર્બનની શરૂઆત સને ૨૦૧૪થી કરવામાં આવેલ છે, જ્યારે ભારત સરકારશ્રી દ્વારા ૦૧ ઓકટોબર, ૨૦૨૧ ના રોજ સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ લોન્ચ કરી તેનો સમયગાળો ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષ માટે નવા ઘટકો સસ્ટેનેબલ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વેસ્ટ વોટર મેનેજમેન્ટ, આઈ.ઈ.સી, કેપેસિટી બિલ્ડીંગ સાથે લંબાવવામાં આવેલ છે.

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**

રાજ્યની ૧૬૫ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાંથી એકત્ર થયેલ ૧૦,૦૬૯ મેટ્રિક ટન પ્રતિ દિવસ કચરામાંથી આશરે ૮૬ ટકા (૮,૬૫૯ મેટ્રિક ટન પ્રતિ દિવસ) પ્રોસેસિંગ થાય છે. આ પ્રોસેસીંગ ૧૦૦% સુધી કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓમાં પબ્લિક હેલ્થ બાયલોઝ પ્રસિદ્ધ કરી તેનો અમલ કરવામાં આવેલ છે.

**ભાવિલક્ષી શહેરી આયોજન અને અમલ**

રાજ્યમાંની શહેરી આયોજનની કામગીરીમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ભાગરૂપે શહેર આયોજનની વિવિધ કામગીરી સાથે સંકળાયેલી કચેરીઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરી તેના મારફતે જી.આઇ.એસ તથા 'અમૃત યોજના' દ્વારા રાજ્યમાં સુઆયોજીત વિકાસ કરવાનો પણ ઉદ્દેશ છે. વધુમાં નગર રચના યોજના જાહેર જનતા ઓનલાઇન જોઇ શકે તે માટે સિંગલ પ્લેટફોર્મ બનાવેલ છે. જેમાં હાલ ગૂગલ ઇમેજ સાથે ૪૦૦ નગર રચના યોજના ખાતાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

રાજ્યમાં Online Development Permission System (ODPS) તા.૦૧/૦૫/૨૦૧૮ થી લાગુ કરવામાં આવેલ, જે અન્વયે ઓનલાઇન વિકાસ પરવાનગીની પ્રક્રિયા વધુ સરળ, ઝડપી અને પારદર્શક બને તથા અરજદારોને પોતાના સ્વપ્નનો આશરો ઝડપી આકાર પામે તેવા શુભ આશયથી તા.૦૩/૧૨/૨૦૨૦ થી Online Development Permission System -2.0 (ODPS-2.0) ગુજરાત સરકાર દ્વારા અમલીકૃત કરવામાં આવેલ છે. જેમાં CGDCR-2017 માં થયેલ આનુષંગિક સુધારા ODPS-2.0 માં

કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ માં ૧ વિકાસ યોજના, ૩૦ મુસદ્દારૂપ નગર રચના યોજના, ૨૫ પ્રારંભિક નગર રચના યોજના અને ૫ આખરી નગર રચના યોજના મંજૂર કરવામાં આવેલ છે.

**અગ્નિ નિવારણ સેવાઓ**

- ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ રુલ્સ-૨૦૧૪, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ રેગ્યુલેશન-૨૦૧૬ અમલીકૃત કરવામાં આવેલ છે તેમજ રાજ્યમાં અગ્નિ નિવારણ સેવાઓના અસરકારક અમલીકરણ માટે સદર અધિનિયમ, રુલ્સમાં સને-૨૦૨૧માં સુધારો કરવામાં આવેલ છે.

- નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ અને ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે તા.૦૧/૧૧/૨૦૨૨ના રોજ Memorandum of Understanding (MoU) કરવામાં આવેલ છે. જી.આઇ.ડી.એમ.ના સહયોગથી ફાયરના સબ ઓફિસર(SO), સ્ટેશન ઓફિસર(STO), ડિવિઝનલ ઓફિસર(DO)ના નવા કોર્ષના અભ્યાસક્રમ તૈયાર કરવાની કામગીરી તેમજ નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર દ્વારા આપવામાં આવતી તાલીમ જેવી તાલીમો રાજ્ય અગ્નિ સુરક્ષા તાલિમ સંસ્થા (GSIFST) ખાતે હાથ ધરવામાં આવેલ છે.

**ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન**

- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત કૌશલ્ય તાલીમ અને નિમણૂંક સ્થળ નિર્ધારણ મારફત રોજગાર (ESTP) ઘટક હેઠળ કુલ ૧૯૪૪૦ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ થયેલ છે. જ્યારે ૨૧૪૨ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહેલ છે. સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (SMID) ઘટક હેઠળ કુલ ૩૧૨૦ સ્વ-સહાય જૂથોને રૂ.૩૧.૨૯ કરોડના ફરતા ભંડોળની સહાય આપવામાં આવેલ છે.

**"PM Street Vendors AtmaNirbhar Nidhi" -PM SVANidhi**

- ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા COVID-19થી અસરગ્રસ્ત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી લોન આપવા માટે PM-SVANidhi ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે. સદર યોજના અંતર્ગત કુલ **૨,૭૩,૭૦૦** શેરી ફેરિયાઓને લોન આપવામાં આવેલ છે.

**મિલકત વેરામાં રાહત**

- ગુજરાત સરકાર દ્વારા રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓ વિસ્તારમાં આવેલ ધાર્મિક સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલ અન્ય મિલકતોને મિલકત વેરામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

**મહિલા અને બાળ કલ્યાણ**

મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવા માટે સરકારે અનેક યોજનાઓ કાર્યરત કરી છે. દેશ અને સમાજના વિકાસમાં મહિલાઓની અડધો અડધ ભાગીદારી છે. સરકાર દ્વારા આયોજિત શક્તિ મેળા થકી મહિલાઓની પ્રતિભાના વિકાસની સાથે આગવી ઓળખ પણ મળી રહી છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં મહિલઓનો સમગ્રતયા વિકાસ થાય તે માટે 'બેટી બચાઓ, બેટી પઢાવો', અને 'કન્યા કેળવણી' જેવા મહત્ત્વપૂર્ણ અભિયાનોનો શુભારંભ કર્યો હતો. આજે આ લોકચેતના નારીશક્તિનું મોટું વટવૃક્ષ બની છે. વડાપ્રધાનશ્રીના આ પગલાને સુપેરે આગળ વધારતા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમોનો પરિણામલક્ષી અમલ કર્યો છે.

**ટેક હોમ રેશન**

- 'આઈસીડીએસ યોજના' અંતર્ગત રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા ડેરીને ટેક હોમ રેશનના ઉત્પાદન અને આંગણવાડી સુધી વિતરણની જવાબદારી સોંપેલ છે.

- 'સંકલિત બાળ વિકાસ યોજના' હેઠળ આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો

ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન અઠવાડિયામાં છ દિવસ આપવામાં આવે છે અને અઠવાડિયામાં બે દિવસ ઋતુ પ્રમાણે તાજા ફળ આપવામાં આવે છે. ટેક હોમ રેશન અને ગરમ તાજુ ભોજનના ૬ માસથી ૬ વર્ષના બાળકો અને સગર્ભા, ધાત્રી માતાઓને છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે એવરેજ ૪૦.૬૬ લાખ લાભાર્થીઓને લાભ આપેલ છે. જે માટે દર વર્ષે અંદાજે રૂપિયા **એક હજાર અઠ્ઠાવન કરોડ અઠ્ઠાણું લાખ**નો ખર્ચ કરેલ છે.

**ફોર્ટીફિકેશન**

- ઘઉ- તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને સાંકળીને ઘઉંનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ લોટ બનાવવાની કામગીરી GCMMF આણંદને સુપરત કરવામાં આવેલ છે.
- ચોખા- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રના ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી પર અપાતા ગરમ નાસ્તા માટે વપરાતા ચોખાને ફોર્ટીફાઇડ કરી મે-૨૦૨૨થી આપવામાં આવે છે.
- તેલ- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં વિટામીન-એ અને વિટામીન-ડીથી ફોર્ટીફાઇડ કરેલ સિંગતેલ પૂરું પાડવામાં આવે છે.

**સુપોષણ સંવાદ યોજના**

- સુપોષણ સંવાદનો મુખ્ય હેતુ સગર્ભા અને ધાત્રી માતાઓ આ સંવાદ દ્વારા એકબીજાના અનુભવો અને તેઓને પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆત કરે અને તેનો સમુદાય સ્તરે વૈજ્ઞાનિક ઢબે સાચો અને સરળ ઉકેલ મેળવી તેનો અમલ કરાવવાનો છે.
- વધુમાં, 'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિત્તે તમામ આંગણવાડી કેન્દ્રોમાં દર મહિનાના પહેલા અને બીજા મંગળવારે થીમ મુજબ સુપોષણ સંવાદ અને બાળતુલા દિનની ઉજવણી કરવામાં આવે છે.

**મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના**

- વર્ષ ૨૦૨૨-૨૩ થી ૧૦૦૦ દિવસ અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ પહેલી વખતની સગર્ભા માતા હોય ત્યારથી બાળક ૨ વર્ષ સુધીનું ન થાય ત્યાં સુધી બાળકોની માતાને દર માસે એકસ્ટ્રા રેશનમાં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા, ૧ કિલો ફોર્ટિફાઇડ સિંગતેલ આપવામાં આવે છે.

**ઉંબરે આંગણવાડી**

- ૩ થી ૬ વર્ષના બાળકો અને તેમના વાલીઓ માટે BISAG-Nના માધ્યમથી પૂર્વ પ્રાથમિક શિક્ષણને લગતા કાર્યક્રમોનું અભ્યાસક્રમ મુજબ દર માસના પ્રથમ અને ત્રીજા સોમવારે વંદે ગુજરાત ચેનલ પર અને દૂરદર્શનના 'ડીડી ગિરનાર' પર દર બુધવારે પ્રસારણ કરવામાં આવે છે.

**આંગણવાડી કાર્યકરોના માનદવેતનમાં વધારો**

- રાજય સરકાર દ્વારા આંગણવાડી કાર્યકરોનું માનદ્ વેતન રૂ.૭૮૦૦ થી વધારીને રૂ.૧૦૦૦૦, આંગણવાડી તેડાગરનું માનદ્ વેતન રૂ.૩૯૫૦ થી વધારીને રૂ.૫૫૦૦ તથા ૧૮૦૦ મીની આંગણવાડી કાર્યકરને રેગ્યુલર આંગણવાડી કાર્યકરમાં તબદીલ કરીને મીની આંગણવાડી કાર્યકરનું માનદ વેતન રૂ.૪૪૦૦ થી વધારી રૂ.૧૦,૦૦૦ આપવાનું નક્કી કરેલ છે.
- સમગ્ર રાજ્યમાં આંગણવાડી કાર્યકર/ તેડાગરની ઓનલાઇન ભરતી e-hrms વેબ પોર્ટલ પરથી કરવાની કામગીરી અમલમાં મૂકવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં આંગણવાડી કાર્યકરની ૬,૨૮૬ જગ્યા અને તેડાગરની ૬,૨૮૪ જગ્યાની એમ મળી કુલ – ૧૨,૫૭૦ જગ્યાની ભરતી બે તબક્કામાં કરવામાં આવેલ છે.

**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

- આ યોજના હેઠળની સહાય લાભાર્થી મહિલાનો પુત્ર ૨૧ વર્ષનો થતાં બંધ કરવામાં આવતી હતી. તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે. વિધવા લાભાર્થીના ખાતામાં DBT મારફતે રકમ જમા કરાવી સહાયની ચૂકવણી કરવામાં આવે છે. હાલ રાજ્યમાં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં અંદાજિત ૧૩.૬૨ લાખ

જેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે.

**શકિતસદન**

- સામાજિક તેમજ આર્થિક રીતે પરાવલંબી મહિલાઓને આશ્રય તેમજ જીવન જરૂરિયાતની પ્રાથમિક સેવાઓ પૂરી પાડવા કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયત્નથી 'સ્વધારગૃહ યોજના' અમલમાં મૂકવામાં આવેલ છે.

- ભારત સરકારની નવી ગાઈડ લાઈન મુજબ 'મિશન શક્તિ' – સંકલિત મહિલા સશક્તિકરણ અમલમાં મૂકવામાં આવેલ છે જેમાં મિશન શક્તિ હેઠળની પેટા યોજના 'સામર્થ્ય' હેઠળ ભારત સરકારની કાર્યરત સ્વધાર ગૃહ અને ઉજ્જવલા યોજનાને સંકલિત કરી 'શક્તિ સદન' યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**મહિલા વિષયક કાયદાકીય જાગૃતિ શિબિર**

- ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા જે તે જિલ્લાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિએ રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ચૂંટાયેલ મહિલા લોક પ્રતિનિધિઓ/સરપંચ મહિલાઓને કાયદા અંગેની જાણકારી માટે છેલ્લા એક વર્ષમાં જિલ્લાઓમાં ૧૪ કાયદાકીય શિબિરમાં ૧૦,૦૦૦ થી વધુ ચૂંટાયેલ મહિલાઓએ ભાગ લીધેલ છે.

**નારી અદાલત**

- નારી અદાલત મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી બિનઔપચારિક ન્યાય-પ્રણાલી છે. જ્યાં મહિલાઓ પોતાના પ્રશ્નોનો સરળતાથી ઉકેલ લાવી શકે છે અને મહિલાઓને વિનામૂલ્યે ઝડપી અને આત્મ સન્માન સાથેનો ન્યાય મળે છે. રાજયના દરેક તાલુકાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં ૨૭૦ નારી અદાલતો કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં નારી અદાલતના માધ્યમથી ૫૩૦૦ થી વધુ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

**પ્રદર્શન સહ વેચાણ યોજના**

- ગુજરાતની મહિલા ઉદ્યમીઓ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓને બજારની સુવિધા પૂરી પાડવા આ યોજના અમલમાં છે. આ યોજના દ્વારા ઉધમીઓને પોતાના દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનું માર્કેટ મળી રહેવાથી તેમની રોજગારીમાં વધારો થાય છે અને તેઓ આર્થિક રીતે સક્ષમ બને. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૨ મેળાનું આયોજન કરેલ છે. જેમાં કુલ ૮૯૫ મહિલા ઉધમીઓએ ભાગ લીધેલ અને તેઓ દ્વારા આશરે રૂ.૩.૭૭ કરોડનું વેચાણ થયેલ છે.

**મહિલા સ્વરોજગાર મેળા**

- વર્ષ ૨૦૨૨-૨૩ માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૩૦ મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરી ૧૫,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**ઉદ્યોગ** **માનનીય વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના અભિયાનને હાંસલ કરવા** ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં એકંદરે ઇકો સિસ્ટમ મજબૂત બનાવવા અને આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાતના ધ્યેયમાં વધુ રોજગારની તકો ઊભી કરવા માટે ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૦ની ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પોલિસી અંતર્ગત આત્મનિર્ભર ગુજરાત યોજના અમલમાં મૂકેલ છે.

**ઔદ્યોગિક નીતિ-૨૦૧૫** અન્વયે વ્યાજ સહાય, કેપીટલ સહાય અને CGTMSE )સીજીટીએમએસઇ (સહાય માં કુલ ૧૯,૬૦૦ થી વધુ ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી. આ નીતિ હેઠળ વ્યાજ સહાય યોજનામાં રૂ.૭૨૬ કરોડથી વધુ, કેપિટલ સહાય યોજનામાં રૂ.૧૫૦.૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે .

- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયે મહિલા ઉદ્યોગસાહસિકોના ૩૫૦૦થી વધારે ક્લેઇમ મંજૂર કરી રૂ.૧૨૮.૦૦ કરોડથી વધારે સહાય ચૂકવવામાં આવી છે.

- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયે યુવા ઉદ્યોગસાહસિકોના ૩૦૦૦થી વધારે ક્લેઇમ મંજૂર કરી ૯૫.૦૦ કરોડથી વધારે સહાય ચૂકવવામાં આવી છે.

**ઔદ્યોગિક નીતિ-૨૦૨૦** અન્વયે વ્યાજ સહાય, કેપીટલ સહાય અને CGTMSE)સીજીટીએમએસઇ (સહાય માં કુલ ૪૯૦૦ થી વધુ ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી .જેમાં વ્યાજ સહાય યોજનામાં રૂ.૧૦૦.૦૦

કરોડથી વધુ, કેપિટલ સહાય યોજનામાં રૂ.૨૨૪.૦૦ કરોડથી વધુ CGTMSE (સીજીટીએમએસઇ ) સહાય યોજનામાં રૂ.૧૦.૦૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે .

- ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અન્વયે મહિલા ઉદ્યોગસાહસિકોના ૪૩૦થી વધારે ક્લેઇમ મંજૂર કરી રૂ.૨૦.૦૦ કરોડથી વધારે સહાય ચૂકવવામાં આવી.
- ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અન્વયે યુવા ઉદ્યોગસાહસિકોના ૧૦૦૦થી વધારે ક્લેઇમ મંજૂર કરી રૂ.૫૨.૦૦ કરોડથી વધારે સહાય ચૂકવવામાં આવી.
- **"ધ આત્મનિર્ભર ગુજરાત સ્કિમ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ"** વર્ષ ૨૦૨૨માં જાહેર કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૧૦ જેટલા થ્રસ્ટ સેક્ટરો પસંદ કરવામાં આવેલા છે. થ્રસ્ટ સેક્ટરમાં ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા, ફ્યુલ સેલ, બેટરી સ્ટૉરેજ, ઈલેક્ટ્રીક વ્હીકલ, અવકાશ અને ઉડ્ડયન ક્ષેત્રના મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો પ્રોસેસિંગ, કેમિકલ્સ, ટેક્ષ્ટાઈલ, એપૅરલ, હેલ્થકેર, મેટલ એન્ડ મિનરલ, મશીનરી, મશીનરીનું ઉત્પાદનનો સમાવેશ કરેલ છે.

### Ease of Doing Business અંગે કરવામાં આવેલ કામગીરી

- રાજ્ય સરકાર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' હેઠળ 'આઈ.એફ.પી .પૉર્ટલ' શરૂ કરવામાં આવ્યું છે .જેમાં ૧૮ વિભાગોની ૨૦૦ થી વધારે અરજીઓ ઓનલાઈન કરી શકાય છે .અત્યાર સુધીમાં ૧૨,૪૮,૦૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

### એક્ષપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ બાબત

- ભારત સરકારના નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતાં "એક્ષપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ" માં રાજ્ય સરકારે સતત બે વખત પ્રથમ નંબર મેળવ્યો છે. આ ઉપરાંત, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ૨૦૨૧ "ટોપ એચીવર" અને લોજિસ્ટીક પર્ફોમન્સ ઈન્ડેક્ષમાં ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૧ અને ૨૦૨૨ માં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

### MSME એકમોને ઉદ્યોગ સ્થાપવામાં સગવડતા

- રાજ્ય સરકાર દ્વારા MSME એકમોને ઉદ્યોગ સ્થાપવામાં અગવડતા પડે નહિ તે માટે Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Act, 2019 લાવવામાં આવ્યો છે. MSME એકમો 3 વર્ષની અંદર જરૂરી મંજૂરીઓ મેળવવાની શરતે ઉદ્યોગ શરૂ કરી શકશે. ઉદ્યોગોની સ્થાપના થયા બાદ ના ૬ માસ બાદ મંજૂરીઓ મેળવવા માટે અરજી કરી શકાશે. ૨૦૦૦ જેટલા MSME એકમો કાયદા હેઠળ સ્થાપિત થયેલા છે.

### ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી

- કોટન સ્પીનીંગ, જીનીગ, વીવીંગ તથા ટેક્નિકલ ટેક્ષટાઇલ એકમોને પ્રોત્સાહિત કરવા પાંચ વર્ષ માટે વ્યાજ સહાય તથા પાવર ટેરિફ કન્સેશન અને ૮ વર્ષ માટે વેટ/એસજીએસટી કન્સેશન સહાય, હયાત એકમોને એનર્જી કન્ઝર્વેશન, વોટર કન્ઝર્વેશન અને પર્યાવરણ અનુપાલન માટે સહાય, ટેકનોલોજી એકવીઝીશન અને અપગ્રેડેશન વગેરે માટે આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં નવેમ્બર-૨૦૨૨ સુધીમાં કુલ ૧૧૭૬ ક્લેઇમ મળેલ છે જે અન્વયે રૂ ..૭૬૩.૧૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

### પીએમ ગતિ શક્તિ ગુજરાત- સંકલિત માસ્ટર પ્લાન

- માનનીય વડાપ્રધાનશ્રીએ ૧૩ મી ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની પહેલની શરૂઆત દરમિયાન રાજ્યોને સંકલિત રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આગેવાની લેવાનો પ્રસ્તાવ મુક્યો છે, જેથી કરીને સૌથી વધુ નોકરીના લાભો મેળવી વૃદ્ધિ કરી શકાય. તેમણે રાજ્યોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પ્લાનિંગનું સંચાલન કરવા માટે આધુનિક ટેક્નોલોજી અને સૌથી અદ્યતન IT(આઈટી) સાધનોનો ઉપયોગ કરવાની પણ સલાહ આપી છે.
- પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન પહેલનો મુખ્ય ઉદ્દેશ આંતર-વિભાગીય સંકલન અને આયોજન, સુમેળ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અગ્રતા સુનિશ્ચિત કરવા, વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવો અને

એકંદર લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવાનો છે.

- GIDB (જીઆઇડીબી) એ BISAG-N(બીઆઇએસએજી-એન) અને વિભાગોના નોડલ અધિકારીઓ સાથે સંયુક્ત રીતે ૨૧ વિભાગો અને ૫૨ બોર્ડ /એજન્સીઓની માળખાકીય માહિતી અને ડેટાને ગતિ શક્તિ ગુજરાત - એકીકૃત માસ્ટર પ્લાન પોર્ટલ સાથે એકીકૃત કરવાની કામગીરી હાથ ધરી છે.

- BISAG-N (બીઆઇએસએજી-એન) દ્વારા હિતધારકોના ૭૩ પોર્ટલ વિકસાવવામાં આવ્યા છે. ૮૦૦ થી વધુ ડેટા સ્તરોનું એકીકરણ પૂર્ણ થયું છે. રાજ્ય સરકારના વિભાગની ૪૬ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત એનઓસી/અરજીઓ અને મંજૂરી પ્રક્રિયાઓનું સ્વયં-સંચાલન પીએમ ગતિ શક્તિ ગુજરાત સાથે સંકલિત કરવામાં આવી રહ્યું છે. વિભાગો દ્વારા તેમના પોર્ટલ દ્વારા ૭૦૦ થી વધુ NOCs (એનઓસીએસ) અરજી કરવામાં આવી છે અને તે સમીક્ષા હેઠળ છે.

- અગત્યના ચાર આયોજન/વિશ્લેષણાત્મક સાધનો જેવાકે જમીન સંપાદન સાધન, વેરહાઉસ સાઇટ યોગ્યતા સાધન, આંગણવાડી સાઇટ યોગ્યતા સાધન, આદિવાસી વિસ્તારોમાં નવા મોબાઇલ ટાવર માટે સાઇટ યોગ્યતા સાધન વિકસાવવામાં આવ્યા છે. અને વિભાગો દ્વારા નવા પ્રોજેક્ટ્સને ઓળખવા માટે પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવ્યા છે. વિભાગો જમીનની ઓળખ માટે આયોજન સાધનનો ઉપયોગ કરી રહ્યાં છે.

**ગુજરાતમાં લોજિસ્ટિક્સ ક્ષેત્ર**

- ગુજરાત સરકારે રાજ્યમાં લોજિસ્ટિક્સનો એકંદર ખર્ચ ઘટાડો કરવા માટે ગુજરાત ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક્સ પોલિસી - ૨૦૨૧ વિકસાવી છે. જેમાં નવી સુવિધાઓનું નિર્માણ કરી હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ વધારીને લોજિસ્ટિક્સ સુવિધાઓના નેટવર્કને વિસ્તૃત અને મજબૂત બનાવવું, નવીનતા માટે આધાર બનાવવો અને લોજિસ્ટિક્સમાં કૌશલ્ય ધરાવતા વ્યવસાયિકો તૈયાર કરવા વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. લોજિસ્ટિક્સનો સંકલિત વિકાસ **"મેક ઇન ઇન્ડિયા"** અને **"આત્મનિર્ભર ભારત"** અને ગુજરાતના સસ્ટેનેબલ વિઝન ૨૦૩૦ના રાષ્ટ્રીય કાર્યસૂચિમાં પણ યોગદાન આપશે.

**રાજય માટે રેલવે માસ્ટર પ્લાન**

- જી.આઇ.ડી.બી. અને **''જી-રાઇડ''** કે જે રેલવે મંત્રાલય અને રાજય સરકારનું સંયુકત સાહસ છે તેના સહયોગથી રાજયની ભવિષ્યની રેલવે યોજનાઓને શોધવી અને તેને અમલી બનાવવા માસ્ટર પ્લાનને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. રેલવે ક્ષેત્રોની યોજનાઓની માંગ સામે હયાત યોજનાઓ તે વચ્ચેનું અંતર અને ભવિષ્યમાં વિકાસને ધ્યાનમાં રાખી નવા રેલ મુસાફરો અને માલવાહક બંને જોડાણોનો આ માસ્ટર પ્લાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- જી.આઇ.ડી.બી. એ આ રેલવે માસ્ટર પ્લાનમાં રાજયમાં રેલ ટ્રાફિકની વર્તમાન અને અનુમાનિત માંગનું મૂલ્યાંકન કર્યું છે.

- પશ્ચિમ રેલવે અને ગુજરાત સરકારે ૩૦ અગત્યના પ્રોજેક્ટને વિગતવાર આકારણી કરવા પહેલ કરી છે. આ પ્રોજેક્ટ વિવિધ કેટેગરીઓ સાથે સંબંધિત છે જેમ કે માલવાહક એકત્રીકરણ હબ, પોર્ટનું જોડાણ, સેમી હાઇ સ્પીડ રેલ કોરિડોર, રેલ કનેક્ટિવિટી વગરના જિલ્લાઓનું જોડાણ, પ્રાદેશિક રેલ પરિવહન વ્યવસ્થા, અર્બન માસ ટ્રાન્સપોર્ટેશન / મેટ્રો રેલ, પ્રવાસી કેન્દ્રોનું જોડાણ.

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**

**આત્મનિર્ભર ગુજરાત હેઠળ વિવિધ પાર્કોની સ્થાપના**

- સરકાર દ્વારા દવાના ઉત્પાદનમાં આત્મ નિર્ભર બનાવવાની દિશામાં ગુજરાતના ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં બલ્ક ડ્રગ પાર્કના નિર્માણની શરૂઆત કરવામાં આવેલ છે.

- ખેતી ક્ષેત્રે પૂર્ણ માળખાગત સુવિધા ઉપલબ્ધ થાય તે માટે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં એગ્રો ફૂડ પાર્ક સ્થાપવા માટે જમીન મેળવી આયોજનની કામગીરી હાથ ધરેલ છે.

- આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે છોટા ઉદેપુર, બનાસકાંઠા, દાહોદ અને ભરૂચ ખાતે ટ્રાયબલ ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરવામાં આવી રહેલ છે.

- વલસાડના કકવાડી દાંતી ખાતે ફૂડ પાર્કની સ્થાપના કરવા સારુ જમીન મેળવી આયોજનની કાર્યવાહી હાથ ધરેલ છે.

**અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા અંગેની કામગીરી**

- રાજ્યમાં ઔદ્યોગિક વિકાસના હેતુથી જીઆઇડીસીની રચના કરવામાં આવેલ છે .પરંતુ ઝડપી ઔદ્યોગિક વિકાસના કારણે જીઆઇડીસી વસાહતમાં અનઅધિકૃત બાંધકામના બનાવો વધવા પામેલ છે .આ પ્રકારના બાંધકામ દૂર કરવાથી આર્થિક પ્રવૃત્તિ રોજગારી અને સંલગ્ન રોકાણ પર નકારાત્મક અસર થવા પામે છે .આ બાબતોને ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવાની નીતિ તા.૧૨.૦૧.૨૦૨૩ ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ છે .જેનાથી ઉદ્યોગકારોને રાહત થશે .

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ**

- ગુજરાત રાજ્યના આઠ યાત્રાધામો ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતા જળવાય તે માટે સોમનાથ, દ્વારકા, અંબાજી, ડાકોર, ગિરનાર, પાવાગઢ, શામળાજી અને પાલીતાણા ખાતે કુલ મળીને ૧૨.૨૦ લાખ ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરીમાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધી રૂ.૧૦.૫૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- રાજયના વિવિધ યાત્રાધામો ખાતે કુલ ૪૩૩૭ કિ.વો.ની ક્ષમતાની સોલાર રૂફટોપની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, જેનાથી વાર્ષિક ૬૩.૩૨ લાખ વીજ યુનિટ ઉત્પન્ન થશે અને વાર્ષિક અંદાજિત રૂ.૩.૧૬ કરોડની વીજ બચતની સંભાવના છે.
- રાજ્યમાં આવેલ મુખ્ય આઠ પવિત્ર યાત્રાધામો પૈકી શ્રી આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે શ્રી ૫૧ શકિતપીઠ વિશે સરળ અને સહજ રીતે મનોરંજનના માધ્યમ દ્વારા ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ થઇ શકે તેમજ આ પરિક્રમા પથનો વધુમાં વધુ શ્રદ્ધાળુઓ લાભ લઇ શકે તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા માર્ચ-૨૦૨૨ માં ગબ્બર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી રૂ.૧૩.૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ-૨૦૨૨ માં શ્રદ્ધાળુઓ માટે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું તેના બાદ શ્રી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ યોજાયેલ ત્યારબાદ યાત્રાળુઓની સંખ્યામાં ૧૧(અગિયાર)ગણો વધારો નોંધાયો છે.
- માન.વડાપ્રધાનશ્રી દ્વારા પાવાગઢ યાત્રાધામના તબક્કા-૧ તથા તબક્કા-૨ ના વિવિધ વિકાસના કાર્યોનું લોકાર્પણ રૂ.૧૨૧.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા યાત્રાળુઓ માટે ઉપલબ્ધ કરાયેલ સુવિધા બાદ તાજેતરમાં પાવાગઢ યાત્રાધામ ખાતે આવતા શ્રદ્ધાળુઓમાં ધરખમ વધારો નોંધાયેલ છે.

**સિંધુ દર્શન યોજના**

- સિંધુ દર્શન યોજના અન્વયે લેહ-લદ્દાખ ખાતે સિંધુ નદીના દર્શન અને યાત્રા કરનાર, ગુજરાતમાં વસવાટ કરનાર અને દર વર્ષે વધુમાં વધુ ૩૦૦ (ત્રણસો) યાત્રિકોને યાત્રિક દીઠ રૂ. ૧૫,૦૦૦/- (પંદર હજાર)ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવે છે. આ યોજનાની શરૂઆતથી અત્યાર સુધી ૮૪૬ યાત્રિકોને આર્થિક સહાય પેટે કુલ રૂ. ૧૨૬.૯૦ લાખ ચૂકવવામાં આવેલ છે.

**કૈલાશ માનસરોવર યોજના**

- કૈલાશ માનસરોવર યાત્રા અન્વયે રૂ.૨૩,૦૦૦/- ની પ્રોત્સાહક સહાય ચૂકવવામાં આવે છે. આ યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૩૩૧ યાત્રિકોને રૂ. ૫.૩૬ કરોડની પ્રોત્સાહક સહાય ચૂકવવામાં આવેલ છે.

**શ્રવણ તીર્થ દર્શન યોજના**

- ગુજરાતમાં આવેલા યાત્રાધામોના સિનિયર સિટીઝન સરળતાથી દર્શન કરી શકે તે અર્થે ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ગુજરાતના વતની ગુજરાતમાં આવેલા ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરવા ઓછામાં ઓછા ૨૭ વરિષ્ઠ નાગરિકોનું ગ્રુપ બનાવીને પ્રવાસ કરે તો તેઓને એસ.ટીની સુપર અથવા મીની બસ (નોન એ.સી.), સ્લીપર કોચનું ભાડું અથવા જો ખાનગી બસ ભાડે લીધેલ હોય તો ખાનગી બસનું ભાડું બેમાંથી જે ઓછું હોય તેની મહત્તમ ૭૫% રકમ સહાય તરીકે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. હાલના તબક્કે અત્યાર સુધી કુલ ૨૪૧૭ બસો મારફતે ૧,૧૮,૬૨૯ યાત્રાળુઓ દ્વારા આ યોજનાનો લાભ લીધેલ છે.

**કુટિર અને** રાજયમાં કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સ્વરોજગારીની તકો ઊભી કરવા માટે વર્ષ

**ગ્રામોદ્યોગ** ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૪૮૬.૦૭ કરોડની જોગવાઈની સામે અંદાજે ૧,૮૦,૮૦૭ લાભાર્થીઓને પૂરક રોજગારીની તકો ઊભી કરવામાં આવેલ.

**શ્રી વાજપાઇ બેંકેબલ યોજના-:**

આ યોજના અન્વયે ઉદ્યોગ, સેવા અને વેપાર એમ ત્રણે ક્ષેત્રમાં રૂ.૮ લાખ સુધી ધિરાણ અને મહત્તમ રૂ.૧,૨૫,૦૦૦ ની સબસિડી સહાય આપવામાં આવે છે .

**માનવ કલ્યાણ યોજના**

- આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહને પૂરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે સહાયના રૂપમાં વધારાના ઓજારો-સાધનો આપવામાં આવે છે.સમાજના નબળા વર્ગોના લોકો કે જેની કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની હોય તેવા લોકોને આવી સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રાજ્યના કુલ ૩૪૦૦૦ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે જુદા જુદા ટ્રેડ માટે કુલ ૩૪,૦૦૦ લાભાર્થીઓ મંજૂર કરવામાં આવેલ છે.
- ચાલુ સને ૨૦૨૨-૨૩ ના વર્ષ દરમિયાન કુલ ૩૫,૧૫૮ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે જુદા જુદા ૨૭ ટ્રેડમાં કુલ ૩૫,૧૫૮ લાભાર્થીઓની પસંદગી પૂર્ણ થયેલ છે.

**માર્કેટીંગ સપોર્ટ / પ્રદર્શન-સહ-વેચાણ**

કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોને બજારની સુવિધા ઉપલબ્ધ કરાવવા સારૂ ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા હસ્તકલા પ્રદર્શન-સહ-વેચાણનું આયોજન કરવામાં આવેલ છે .વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૦ મેળાઓમાં ૫૨૭૫ કારીગરોના લક્ષ્યાંકની સામે જાન્યુઆરી-૨૦૨૩ અંતિત કુલ ૬૨ મેળાઓ અને ૬૯૫૨ કારીગરોની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવેલ છે .જેમાં કારીગરોએ રૂ.૨૧.૮૫ કરોડનું વેચાણ કરેલ છે .

**નવીન પહેલ ( સ્વાવલંબનથી સ્વરોજગારની ડિજિટલ સેવા) :**

સરકારશ્રીની end to end digitalization સૂચનાના ભાગરૂપે અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવાના આશયથી રાજ્ય સરકારશ્રી દ્વારા નાગરિકોની વિવિધ સેવાઓ આંગળીના ટેરવે લઇ શકે તે હેતુથી ઇ-કુટીર પોર્ટલ અમલમાં છે. જેથી ઓનલાઇન પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનેલ છે.

**નાગરિક ઉડ્ડયન**

- **એર એમ્બ્યુલન્સ સેવા:** રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે હવાઇ સેવા મારફત ખાસ સંજોગોમાં દર્દીને હોસ્પિટલ પહોંચાડવા માટે એર એમ્બ્યુલન્સ સેવા ૨૧ માર્ચ ૨૦૨૨થી શરૂ કરવામાં આવેલ છે. જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૭ મેડિકલ ફલાઇટ(પેશન્ટ સાથે) અને ૧૧ ઓર્ગન(માનવ અંગ)સફળતાપૂર્વક એર એમ્બ્યુલન્સ મારફત પહોંચાડવામાં આવેલ છે.
- **રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ(ઉડાન):** કેન્દ્ર સરકારની **"નેશનલ સીવીલ એવીએશન પોલિસી-૨૦૧૬"** અંતર્ગત **''ઉડાન''** યોજના હેઠળ અમદાવાદથી નાસિક, જલગાંવ, ઉદયપુર, કિશનગઢ, બેલગાંવ, જેસલમેર-અમદાવાદ-જેસલમેર, હુબલી-અમદાવાદ-હુબલી, જેસલમેર-સુરત-જેસલમેર, પોરબંદર-મુંબઇ-પોરબંદર, કંડલા-મુંબઇ-કંડલા, માટેની ફલાઇટ શરૂ કરવામાં આવેલ છે તેમજ કેશોદથી મુંબઇ માટેની ફલાઇટ પણ શરૂ કરવામાં આવેલ છે.
- **આંતરરાજ્ય હવાઇ જોડાણ:** રાજ્યની અંદર હવાઇ જોડાણ અંતર્ગત વી.જી.એફ. યોજના હેઠળ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર શહેરોને જોડવા સુરત, ભાવનગર, રાજકોટ, અમરેલી, અમદાવાદ શહેરો ખાતે ૧લી જાન્યુઆરી-૨૦૨૨થી હવાઇસેવા શરૂ કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ-ભૂજ ખાતે, ૩ જૂન ૨૦૨૨થી હવાઇ સેવા શરૂ કરવામાં આવેલ છે.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર**

- રાજયમાં કુલ ૫૯૬ આઇ.ટી.આઇ.માં ૨,૧૯,૪૬૮ બેઠકો સાથે અભ્યાસક્રમની તાલીમની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં આ વર્ષે સૌ પ્રથમવાર સેન્ટ્રલાઈઝ્ડ ઓનલાઈન એડમિશનની પ્રક્રિયા દ્વારા ૧,૨૭,૯૬૮ ઉમેદવારોને એડમિશન આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨માં સુપરવાઈઝર ઇન્સ્ટ્રક્ટર વર્ગ-૦૩ સંવર્ગના ૧૮૦૦ ઉમેદવારોની સીધી ભરતી કરવામાં આવેલ છે.

- એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના(ATS) હેઠળ "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (MAY)" અંતર્ગત ગત વર્ષમાં ૧,૦૫,૧૧૪ તાલીમાર્થીઓ દ્વારા એપ્રેન્ટીસશીપ તાલીમનો લાભ લીધેલ છે જ્યારે ચાલુ નાણાકીય વર્ષમાં તા.૧૦/૦૨/૨૦૨૩ સુધીમાં ૧,૦૭,૩૦૨ તાલીમાર્થીઓ એપ્રેન્ટીસશીપની તાલીમ લઇ રહેલ છે. **ગુજરાત રાજ્ય એપ્રેન્ટિસ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવામાં ૩૨,૭૯૨ એકમો સાથે દેશમાં પ્રથમ છે.**

- ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન(GSDM)(જીએસડીએમ) દ્વારા કાર્યરત **SAKSHAM(સક્ષમ) યોજના**નો ઉદ્દેશ્ય રાજ્યમાં બ્લોક/ગ્રામ્ય સ્તરે લાભાર્થીઓના વિવિધ જૂથ માટે કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ સ્થાપિત કરવાનો છે તેમજ ઉદ્યોગની ક્ષેત્રીય જરૂરિયાતોને અનુરૂપ ભવિષ્યલક્ષી સ્કીલ્સમાં તાલીમ મળી રહે તે હેતુસર અમલીકૃત મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ ડ્રોન, આઈ.ટી., ક્લાઉડ કોમ્પ્યુટીંગ જેવાં ૫૧ જેટલા એડવાન્સ અભ્યાસક્રમોમાં હાલ ૬૦૦૦ જેટલા તાલીમાર્થીઓ તાલીમ લઈ રહેલ છે.

- **GATI** પ્રોજેક્ટ અંતર્ગત રાજયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ૦૮ iToT (Training of Trainers) (ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ) અને ૦૪ CoEs (Center of Excellence) (સેન્ટર ઓફ એકસેલન્સ) ડેવલપ કરવામાં આવી રહ્યાં છે.

- રોજગાર બાબતે વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ૨.૪૬ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧.૩૧ લાખ ઉમેદવારોની પસંદગી ૧૩૮૬ ભરતીમેળાઓ યોજીને કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧માં સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે રહેલ છે. **MOSPI (એમઓએસપીઆઇ)ના સર્વે અનુસાર ભારતનો બેરોજગારીના દર ૪.૨ ટકા સામે ગુજરાતમાં માત્ર ૨.૨ ટકા જ છે.**

- નોકરીદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે સેતુ તરીકે કામગીરી કરતા **"અનુબંધમ"** વેબ પોર્ટલમાં તા.૨૧/૦૨/૨૦૨૩ સુધીમાં ૨,૯૯,૪૨૭ ઉમેદવારોની તથા ૪૩,૦૩૭ નોકરીદાતાઓની નોંધણી થયેલ છે.

- ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧થી **કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટી**(KSU)(કેએસયુ)ની સ્થાપના કરવામાં આવી છે.

- **કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટી** દ્વારા વિવિધ સર્ટિફિકેટ, ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા, સ્નાતક અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં કુલ ૮૭૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. સ્કૂલ ઓફ ડ્રોન્સએ Directorate General of Civil Aviation(ડાયકટરેટ જનરલ ઓફ સિવિલ એવીએશન)(DGCA) માન્ય Remote Pilot Training Organization(રીમોટ પાઇલોટ ટ્રેનીંગ ઓર્ગેનાઇઝેશન)(RPTO) છે. તદઉપરાંત કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા વિક્ટોરિયા યુનિવર્સિટી(ઓસ્ટ્રેલિયા), ફ્લિન્ડર્સ યુનિવર્સિટી(ઓસ્ટ્રેલિયા), ITEES(આઇટીઇએસ) (સિંગાપોર) જેવી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ સાથે MoU (એમઓયુ)કરવામાં આવેલ છે.

- અત્યાધુનિક સુવિધાઓ સાથે ગુજરાતમાં સૌપ્રથમ વખત સ્કૂલ ઓફ ડ્રોન દ્વારા ડ્રોન તાલીમ માટેના અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવેલ છે. હાલમાં ડ્રોન પાયલોટ, ડ્રોન મેન્યુફેક્ચરિંગ અને એસેમ્બલીંગ અને ડ્રોન ડેટા પ્રોસેસિંગ અને એનાલિટિકસમાં અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. ડ્રોન MANTRA(મંત્રા) એ યુનિવર્સિટી દ્વારા શરુ કરવામાં આવેલ એક નવી અને આગવી પહેલ છે જે અંતર્ગત ડ્રોન મેન્યુફેક્ચરિંગ થકી ડ્રોન તાલીમનો ઉદ્દેશ પૂર્ણ કરવામાં આવશે. ડ્રોન MANTRA(મંત્રા)લેબ તાલીમના ભાગ રૂપે જ ડ્રોનનું ઉત્પાદન કરશે જે રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ડ્રોન પાયલોટની તાલીમ સારું ઉપયોગમાં આવશે.

eShram(ઇ-શ્રમ) પોર્ટલ પર તા.૧૩/૦૨/૨૦૨૩ સુધીમાં CSC(સીએસસી), SSK(એસએસકે), સેલ્ફ રજિસ્ટ્રેશન તથા ઉમંગ એપ્લિકેશનના માધ્યમથી ૯૧ લાખથી વધુ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરેલ છે. ગ્રામ્ય કક્ષાએ ઝડપથી નોંધણી હાથ ધરવા માટે ઈ-ગ્રામ સેન્ટરને શ્રમિક સહાયતા કેન્દ્ર તરીકે જાહેર કરીને રાજ્યવ્યાપી નોંધણી શરૂ કરવામાં આવેલ. આ ૧૫,૭૬૮ સ્ટેટ સેવા કેન્દ્રો મારફત રાજ્યભરમાં ૩૧ લાખથી વધુ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી ઇ-ગ્રામ મારફત કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય દ્વારા સ્ટેટ સેવા કેન્દ્રો મારફત સૌથી વધારે નોંધણી કરવામાં આવેલ હોઈ ગુજરાત રાજ્યને

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

રાજ્યપાલશ્રીનું સંબોધન

ભારત સરકારનાં શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા **"Best Performing States in Terms Of Registrations Through State Sewa Kendras"** (બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ ઇન ટર્મ ઓફ રજિસ્ટ્રેશન થ્રુ સ્ટેટ સેવા કેન્દ્ર) એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ કામગીરીનો ૧૦૦% લક્ષ્યાંક સિદ્ધ કરવા સરકાર પ્રતિબદ્ધ છે.

વિવિધ શ્રમ કાયદાઓને લગતી માહિતી જેવી કે, શ્રમિકોના વેતન, બોનસ, ગ્રેજ્યુઈટી, સલામતી, નોકરીમાંથી છૂટા કરવા વગેરે બાબતોના પ્રશ્નોનું સમાધાન, યોજનાઓની જાણકારી અને માર્ગદર્શન તથા ફરિયાદોનું નિરાકરણ એક ફોન કૉલથી મળી રહે તે માટે શ્રમ આયુક્ત કચેરી દ્વારા શ્રમિક સહાયક કોલ- સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે. આ કૉલ સેન્ટરનો નંબર **'155372'** (૧૫૫૩૭૨) છે.

સમગ્ર રાજયના શ્રમયોગીઓને ૨૦૨૦-૨૧ ના વર્ષના બોનસની રકમ સમયસર મળી રહે અને કોઇ મુશ્કેલી ઊભી ન થાય તે માટે શ્રમ આયુક્ત કચેરી, ગાંધીનગર દ્વારા આગોતરી કાર્યવાહી હાથ ધરી સઘન પ્રયત્નો કરવામાં આવેલ. બોનસ ચૂકવણી અધિનિયમ -૧૯૬૫ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૨૧-૨૨ ના અંતે રાજ્યમાં કુલ ૮,૧૨,૧૧૭ શ્રમિકોને રૂ.૯૯૪.૬૭ કરોડની રકમ બોનસ તરીકે ચૂકવવામાં આવેલ છે.

**ધન્વંતરિ આરોગ્ય રથ યોજના** હેઠળ રાજ્યના કુલ ૩૧ જિલ્લાઓમાં નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓ માટે હાલ કુલ ૫૪ ધન્વંતરિ આરોગ્ય રથ કાર્યરત છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં કુલ ૧૩,૬૮,૦૮૮ OPD(ઓપીડી) થયેલ છે તેમજ કુલ રૂ. ૩૫.૫૨ કરોડનો ખર્ચ થયેલ છે.

**શિક્ષણ સહાય યોજના** હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોનાં બે બાળકોને ધોરણ ૧થી લઈને Ph.D.(પીએચ.ડી.) સુધીના અભ્યાસમાં સરકાર દ્વારા શિક્ષણ સહાય આપવામાં આવે છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૩૬,૧૦૨ લાભાર્થીઓને રૂ. ૨૪.૬૯ કરોડની સહાય આપેલ છે.

પ્રસૂતિ સહાય યોજના નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને સરકારશ્રી દ્વારા પ્રથમ ૨ પ્રસૂતિ માટે પ્રસૂતિ સહાય અંતર્ગત પ્રતિ પ્રસૂતિ રૂ.૩૭,૫૦૦ની સહાય આપવામાં આવે છે તેમજ નોંધાયેલ બાંધકામ શ્રમિકની પત્નીને રૂ. ૬,૦૦૦ નાણાકીય સહાય આપવામાં આવે છે જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૦૯૯ લાભાર્થીઓને રૂ. ૨.૭૭ કરોડની સહાય આપેલ છે.

મુખ્યમંત્રી ભાગ્ય લક્ષ્મીબોન્ડ યોજના અન્વયે નોંધાયેલ બાંધકામ શ્રમિકની એક દીકરીના નામે રૂ.૨૫૦૦૦૦ના બોન્ડ (F.D.)(એફ.ડી.) ૧૮ વર્ષની મુદ્દતે આપવામાં આવે છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૬૨૨ લાભાર્થીઓને રૂ. ૬૪.૧૮ લાખની સહાય આપેલ છે.

આકસ્મિક મૃત્યુ સહાય યોજના અન્વયે બોર્ડમાં નોંધાયેલ અને ન નોંધાયેલ બાંધકામ શ્રમિકનું બાંધકામ સાઈટ પર ચાલુ કામે આકસ્મિક મૃત્યુ થતા વારસદારોને રૂ. ૩,૦૦,૦૦૦ની સહાય તેમજ કાયમી અશક્તતાના કિસ્સામાં રૂ. ૩,૦૦,૦૦૦સુધીની સહાય આપવામાં આવે છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૬૯ શ્રમિકોઓને રૂ. ૨.૦૭ કરોડની સહાય આપેલ છે.

**શ્રમિક અન્નપૂર્ણા યોજના** હેઠળ માત્ર રૂ. ૫ ના રાહત દરે કડિયાનાકાઓ પર પોષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. ૩૦ જિલ્લામાં કુલ ૧૪૦ કડિયાનાકા ઉપર તબક્કાવાર ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૧૩/૦૨/૨૦૨૩ સુધીમાં કુલ ૬,૫૦,૦૦૦ ભોજન વિતરણ થયેલ છે અને જે અંતર્ગત, રૂ.૨.૯૬ કરોડનો ખર્ચ થયેલ છે.

**શ્રમયોગીઓને શ્રમ એવોર્ડ**

કારખાનામાં જે શ્રમયોગીએ ઉત્પાદન ઉત્પાદકતા વધારવા ઔદ્યોગિક શાંતિ જાળવવા આફતના સમયમાં પોતાની આત્મસૂઝ અને ત્વરિત પગલાંથી એકમમાં અને આજુબાજુના અસરગ્રસ્ત ક્ષેત્રોમાં જાનમાલના બચાવ અંગે શ્રમયોગીઓના કલ્યાણ વગેરે માટે કરેલ વિશિષ્ટ કામગીરીની પ્રશંસારૂપે રાજય સરકાર દ્વારા દર વર્ષે ૬૪ શ્રમ પારિતોષિકો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર રીજીયનમાં આપવામાં આવે છે.

**દિવ્યાંગ વ્યક્તિને રોજગારી**

ધી ગુજરાત ફીઝિકલી હેન્ડીકેપ્ડ પરસન્સ(એમ્પ્લોયમેન્ટ ઈન ફેકટરીઝ)એકટ-૧૯૮૨ અનુસાર દિવ્યાંગ વ્યક્તિઓને કારખાનાઓમાં રોજગારી આપવાની થાય છે. હાલમાં રાજયમાં ૨૨૮૧ કારખાનાઓમાં ૬૮૫૪ દિવ્યાંગ વ્યક્તિઓને રોજગારી અપાયેલ છે.

**ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ**

ગ્રામીણ વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે મરણોત્તર(અંત્યેષ્ઠિ સહાય) યોજના હેઠળ ૨૧૩૮ શ્રમિક પરિવારોને રૂ..૧.૦૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

**વંચિતોનો વિકાસ**

સરકારે ગરીબ, પછાત અને નબળા વર્ગોના લોકોની નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન રાખી નીતિ-રીતિઓ બનાવી છે. આવકના દાખલાની સમયમર્યાદામાં વધારો, નિશ્ચિત કાર્યવાહી માટે એફિડેવિટ-સોગંદનામામાંથી મુક્તિ તેમજ સિનિયર સિટીઝનને યાત્રા માટે અપાતી સહાયમાં વધારો કરી નાગરિકોને સુશાસનની અનુભૂતિ કરાવી છે .

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

- સને ૨૦૨૨-૨૩માં અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કુલ બજેટ જોગવાઇ રૂ.૧૦૯૪.૩૩ કરોડની કરવામાં આવી છે.જેમાંથી જાન્યુઆરી-૨૩ સુધીમાં રૂ.૫૬૯.૬૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારની વિવિધ શૈક્ષણિક અને વ્યક્તિલક્ષી યોજનાઓમાં સહાય મેળવવા અગાઉ આવકમર્યાદા ૨.૫૦ લાખ સુધી હતી જે હવેથી વાર્ષિક ૬.૦૦ લાખ સુધી કરવામાં આવી છે. જેથી આ યોજનાઓ અંતર્ગત હવે વધુ લાભાર્થીને આવરી શકાશે.
- સુશાસનના ભાગરૂપે અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની **વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓ** જેવી કે વિદેશ અભ્યાસ લોન યોજના, કોમર્શિયલ પાયલટ તાલીમ, કુંવરબાઈનું મામેરુ યોજના, સાતફેરા સમૂહ લગ્ન યોજના, આંબેડકર આવાસ યોજના હેઠળ લેવામાં આવતા વધારાના ડૉક્યુમેન્ટને દૂર કરવામાં આવ્યા છે. જેનાથી યોજનાઓનું સરળીકરણ થયું છે.
- ચાલુ વર્ષથી વિદ્યાર્થીઓને બારકોડેડ **ઓનલાઈન જાતિ પ્રમાણપત્ર** આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.
- પ્રિમેટ્રિક શિષ્યવૃત્તિની યોજનામાં(કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી યોજના) રૂ.૭૫૦થી રૂ.૮૦૦૦સુધીની શિષ્યવૃત્તિ આપવામાં છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષથી રાજ્ય સરકાર તરફથી રાજ્ય પુરસ્કૃત શિષ્યવૃત્તિમાં રૂ.૨૫૦ થી રૂ.૫૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ યોજનામાં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૩૮.૧૨ કરોડનો ખર્ચ કરી ૨,૦૨,૯૭૧ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ લાભ તેમજ ૧,૦૭,૫૫૩ વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ સહાય પેટે રૂ.૯૦૦ સીધા જ બેંક ખાતામાં આપવામાં આવ્યા છે.
- **પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં** હોસ્ટેલરને રૂ.૨૫૦૦થી ૧૩,૫૦૦ સુધી(વાર્ષિક) શિષ્યવૃત્તિ ઉપરાંત માન્ય શિક્ષણ ફી અને માન્ય નોન-રિફંડેબલ ફી ચૂકવવામાં આવે છે. આ યોજનામાં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૧૪૯.૦૭ કરોડનો ખર્ચ કરી ૫૪,૦૪૩ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ લાભ આપવામાં આવેલ છે.
- **ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય** યોજનામાં ચાલુ વર્ષે ૧.૦૦ લાખની સહાયમાં ૧.૫૦ લાખનો વધારો કરી હવેથી ૨.૫૦ લાખ સહાય આપવામાં આવે છે. જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૧૪.૦૮ કરોડનો ખર્ચ કરી ૬૭૨ યુગલોને લાભ આપવામાં આવ્યો છે.
- **ડૉ. આંબેડકર આવાસ યોજના** હેઠળ રૂ.૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૪૯.૨૬ કરોડનો ખર્ચ કરી ૧૧,૫૩૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવામાં આવી છે.

**વિકસતી જાતિ કલ્યાણ**

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુકત જાતિઓ તેમજ બિન અનામત વર્ગોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના અમલ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨૧૭૫.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેની સામે જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ફાળવેલ રૂ.૧૮૦૭.૭૧ કરોડની ગ્રાન્ટ સામે રૂ.૧૬૫૦.૬૬ કરોડનો ખર્ચ કરી ૭૫.૮૮ % સિદ્ધિ હાંસલ કરેલ છે.

- જેમાં નવેમ્બર-૨૦૨૨ સુધીમાં આ જાતિઓના અંદાજે ૩૧.૯૮ લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ આશરે રૂ.૫૬૫.૩૪ કરોડની શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય ચૂકવવામાં આવી છે.

ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩થી કેંદ્ર પુરસ્કૃત PM Yasasvi યોજના અમલમાં મૂકવામાં આવી છે .જે અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક પછાત વર્ગો અને વિચરતી - વિમુકત જાતિના ધો .૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૪૦૦૦ અને પોસ્ટ એસ.એસ.સીના અભ્યાસક્રમો માટે રૂ.૨૦,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે .જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૫.૭૪ લાખ વિદ્યાર્થીઓને રૂ.૨૫૪.૧૮ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે.

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને Ph.D.(પીએચ.ડી.) ના અભ્યાસ માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિ વાર્ષિક રૂ.૩૦,૦૦૦ થી વધારીને રૂ.૧.૦૦ લાખ કરવામાં આવી છે.

- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધો.૯માં ભણતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાતવર્ગની ૧.૧૩ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવામાં આવી છે.

- પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત છેવાડાના અતિ પછાત, વિચરતી વિમુક્ત જાતિ, બી.પી.એલ સહિત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગના ૧૧,૨૪૪ લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂ. ૧૦૯.૮૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

**સમાજ સુરક્ષા**

- **દિવ્યાંગ શિષ્યવૃત્તિની યોજના** હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૮૫૪૨ લાભાર્થીઓને રૂ.૧.૩૪ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે, **દિવ્યાંગ સાધન સહાય** યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૧૨,૭૪૪ લાભાર્થીઓને સાધન સહાય મંજૂર કરવામાં આવેલ છે.

- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને નાણાકીય સહાય આપવાની **સંત સુરદાસ યોજના** હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ– ૨૫,૪૪૦ લાભાર્થીઓને કુલ રૂ.૨૫.૪૨ કરોડની સહાય ચૂકવેલ છે અને **ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના** હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ– ૨૦,૫૭૩ લાભાર્થીઓને કુલ રૂ.૨૦.૪૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે.

- ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને વય વંદના યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૮,૯૯,૮૧૯ લાભાર્થીઓને કુલ રૂ.. ૯૨૬ કરોડની સહાય ચૂકવેલ છે.

**આદિજાતિ વિકાસ**

આદિજાતિ વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને માળાખાકીય સુવિધાઓ દ્વારા આદિજાતિ વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તેવો રાજ્ય સરકારનો ધ્યેય રહેલો છે .

- વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૧૪,૬૩૮.૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- "ગુજરાત પેટર્ન" હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ હેઠળ રૂ.૩૫૭.૪૩ કરોડની જોગવાઇ અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૧૩,૫૪૦ કામોનું આયોજન કરવામાં આવેલ છે.

**અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓ:**

- અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-એસ.એસ.સી. શિષ્યવૃત્તિની યોજના હેઠળ જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૯૮.૪૦ કરોડના ખર્ચે ૧૨.૧૭ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

- અનુસૂચિત જનજાતિના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા ૧૨.૧૬ લાખ વિદ્યાર્થીઓને જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૧૦૮.૯૭ કરોડના ખર્ચે ગણવેશ સહાયનો લાભ આપવામાં આવેલ છે.

- અનુસૂચિત જનજાતિના ધોરણ-૬ થી ધોરણ-૧૨ના મેઘાવી વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલ યોજના હેઠળ ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૨,૦૧૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

- અનુ.જનજાતિ પૈકી આદિમજૂથ અને હળપતિ જાતિઓના લોકોને આવાસ, રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ

જેવી છ પાયાની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે ચાલુ વર્ષ રૂ.૬૬.૭૧ કરોડનાં વિવિધ કામોનું આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે **બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી** શરૂ કરવામાં આવેલ છે. જેના માટે ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં બાંધકામ સહિતના કામ માટે કુલ રૂ.૩૬.૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, હિંમતનગર, પાટણ, જામનગર અને ભૂજ-કચ્છ ખાતે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની તેમજ અદ્યતન સુવિધા સાથેની છાત્રાલયોનો ચાલુ વર્ષે ૩૫૪૯ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યાં છે.

- જર્જરિત મકાનો ધરાવતા હળપતિ લાભાર્થીઓને નવેસરથી મકાન બનાવવા માટે તેમજ અનુ.જનજાતિની વ્યક્તિગત આવાસ યોજના હેઠળના હળપતિ જાતિના લાભાર્થીઓ માટે ચાલુ વર્ષે ૨૫૬૬ મકાનોના લક્ષ્યાંક સામે જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૧૬૦૩ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેમજ ૬૭૭ મકાનોની કાર્યવાહી પ્રગતિમાં છે.

- અનુસૂચિત જનજાતિ સમાજના ક્ષય, કેન્સર, રક્તપિત્ત, પ્રસૂતિના ગંભીર કેસ, સ્ત્રીઓને થતાં પાંડુરોગ, એઇડ્સ(ફકત ટીએએસપી એરિયા) તથા સિકલસેલ એનિમિયાનો ભોગ બનેલ દર્દીઓને તબીબી સારવાર તથા પૌષ્ટિક આહારના ખર્ચમાં સહાય રૂપ થવા માટે જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ. ૩.૭૮ કરોડના ખર્ચે કુલ ૧૦,૧૫૦ દર્દીઓને સહાયનો લાભ આપવામાં આવેલ છે.

**વન અધિકાર અધિનિયમ-૨૦૦૬**

- અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે આદિવાસી ભાઈ-બહેનોને તેઓના કબ્જા હેઠળની માન્ય જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર માન્ય કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ મળેલ ૧,૮૨,૮૬૯ દાવા પૈકી ૯૫,૦૫૯ દાવા માન્ય કરવામાં આવ્યા છે.

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન**

આ નિગમે એપ્રિલ-૨૦૨૨થી જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ રૂ.૨૬ કરોડનું ધિરાણ કરેલ છે .ચાલુ નાણાકીય વર્ષમાં વિદેશ અભ્યાસ માટે રૂ.૩.૯૮ કરોડ, પાયલોટ તાલીમ માટે  રૂ.૨૫.૦૦ લાખ, આઇડીડીપી યોજના હેઠળ આદિજાતિ પશુપાલકોને રૂ.૪.૩૬ કરોડ અને સ્વરોજગારી યોજના હેઠળ વિવિધ ૮૫ હેતુઓ માટે રૂ.૫.૪૫ કરોડનું ધિરાણનું ચૂકવણું કરેલ છે.

**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**

'કૃષિ વૈવિધ્યકરણ યોજના' અંતર્ગત ૧,૦૪,૬૯૪ ખેડૂતોને અંદાજે રૂ.૨૬ કરોડના ખર્ચે સુધારેલા બિયારણ, ખાતર અને કૃષિ અંગેની તાલીમ આપવા માટે સહયોગ કરવામાં આવ્યો .ફળાઉ રોપા વિતરણ યોજના થકી દક્ષિણ ગુજરાતના ચાલુ વર્ષે ૬૮૩૨ની સામે કુલ ૪૭૦૭ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો . મહિલાઓને રોજગારી પૂરી પાડવાના હેતુસર ૭૫૨૨ દૂધાળાં પશુઓ આપવામાં આવ્યા.

**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી**

ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી(GTRTS), ગાંધીનગરનું મુખ્ય કાર્ય સંશોધન અને તાલીમનું છે .

- GTRTS દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં "પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર અને વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો" અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે યોજાઈ ગયો. આ મેળામાં કુલ ૧૧૮ હસ્તકલાકારોએ સહભાગી બની, આદિજાતિની હસ્તકલા, વિવિધ કલાકૃતિઓ, આહાર અને વનૌષધિ સંબંધિત ચીજવસ્તુઓનું વેચાણ કરીને કુલ રૂ.૧૬ લાખનું રોકડમાં આર્થિક ઉપાર્જન કરી સીધો આર્થિક લાભ મેળવેલ છે.

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી**

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

રાજ્યપાલશ્રીનું સંબોધન

અંતરિયાળ વિસ્તારોમાં વસતાં ગરીબ આદિજાતિ પરિવારના બાળકો શહેર જેવી સુવિધાવાળું ઉચ્ચ શિક્ષણ મેળવે અને ઉચ્ચ કારકિર્દીને હાંસલ કરે એ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસથી આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા ૧૦૧ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે .કેન્દ્ર સરકાર સહાયિત ૩૪ અને રાજ્ય સરકાર સહાયિત ૧૦ એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ ઉપરાંત રહેઠાણ, ભોજન, પુસ્તકો, ગણવેશ, પ્રવાસ તેમજ તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની કુલ ૧૦૧ શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ ૩૪,૫૪૩ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**પંચાયત** ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઊર્જાવાન સરકારમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાના માળખાને સુદૃઢ અને મજબૂત બનાવવા માટે જે નિર્ણયો લેવામાં આવ્યા અને તેનું જે રીતે અસરકારક અમલીકરણ કરાયું તેના પરિપાકરૂપે પંચાયતીરાજ અને ગ્રામવિકાસને ગુજરાતમાં નવું બળ મળ્યું છે.

ગ્રામ પંચાયત વિભાજન, **સમરસ ગ્રામયોજના**, શહેરી વિકાસસત્તા મંડળ હેઠળનાં ગામોમાં ડોર-ટુ-ડોર કલેક્શન, **રેકર્ડ ડિજિલાઇઝેશન**, ગરીબ કલ્યાણ મેળાનાં આયોજનો, **ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના**, **સોલાર રૂફટોપ**, ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ અને સોફ્ટવેર વગેરે બાબતોને આવરી લેતા નિર્ણયો કરવામાં આવ્યા છે.

ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થામાં કરોડરજ્જુ સમાન તાલુકા પંચાયતના વહીવટી વડા એવા તાલુકા વિકાસ અધિકારીની પ્રથમવાર ૧૦૦ ટકા જગ્યાઓ ભરવામાં આવી છે .આ એક ઐતિહાસિક પગલું ગણી શકાય .

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઊર્જાવાન સરકાર દ્વારા ગ્રામ સ્વરાજની અસરકારકતા વધારવા સત્તાના વિકેન્દ્રીકરણ અંતર્ગત રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને **નવા પંચાયત ઘરો** માટે ગ્રામ પંચાયતોનાં મકાનોનું બાંધકામ ઝડપથી હાથ ધરવાનો નિર્ણય કરીને તે માટે જરૂરી સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીઓને આપવામાં આવી છે. જે અન્વયે ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૩૩૬ ગ્રામ પંચાયત ઘરો પ્રગતિ હેઠળ છે અને ૭૮ ઘરો પૂર્ણ થયેલ છે.

- ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જમીન વિહોણા ખેત-મજૂરો, ગ્રામ્ય કારીગરો તથા પછાત વર્ગના લોકો માટે રાજ્ય સરકારની ઘરથાળના મફત પ્લોટની યોજના અમલમાં છે. પાત્રતા ધરાવતા હોય તેવા પરિવારોને ૧૦૦ ચો.વાર સુધીનો મફત પ્લોટ ફાળવણી ઉપરાંત પ્લોટ સમતળ કરવાની જરૂરિયાત હોય તો લાભાર્થી દીઠ રૂ.૧૦૦૦ની સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં અત્યાર સુધી ૧૮૮૭ પ્લોટ્સની ફાળવણી કરવામાં આવેલ છે. પ્લોટસને સમતળ કરવા રૂ.૯.૯૪ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે.
- પંચાયત વિભાગ હેઠળ ચાલુ વર્ષે ૧૩,૦૬૦ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે પૈકી ૫૯૭૨ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જ્યારે ૭૦૮૮ જગ્યાઓની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

**તીર્થગામ -પાવન ગામ યોજના**

- ગ્રામ્ય વિસ્તારોમાં પરસ્પર સદભાવ વધે અને ગામનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયાસોને ઉત્તેજન આપતી આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં એકપણ ફોજદારી ગુન્હો નોંધાયેલ ન હોય તેને તીર્થગામ અને છેલ્લા ત્રણ વર્ષમાં એકપણ ફોજદારી ગુન્હો નોંધાયેલ ન હોય તો તેને પાવનગામ જાહેર કરવાની જોગવાઇ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં **૪ તીર્થગામ અને ૩૩ પાવનગામ માટે રૂ.૩૭ લાખના અનુદાનની ફાળવણી** કરવામાં આવેલ છે.

**ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના**

- ઇન્ફર્મેશન ટેકનોલોજિના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઇ-સેવાઓ જેવી ઇ-સેવાઓ ગ્રામકક્ષાએ મળી રહે તે આશયથી ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫થી ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. હાલ રાજયમાં કુલ ૧૪,૧૮૧ ઇ-ગ્રામ સેન્ટર કાર્યરત છે.
- આ યોજનામાં હાલ ૭/૧૨, ૮/અ અને હકકપત્રની નકલ, જન્મ-મરણના દાખલા, વીજળી/ગેસ કનેક્શનના બીલ, આવકના દાખલા, રેશનકાર્ડમાં સુધારા-વધારા, ખેડૂત રજિસ્ટ્રેશન, પી.એમ.કિશાન સહાય યોજનાના ફોર્મ ભરવા વગેરે જેવી અગત્યની ૩૨૧ જેટલી વિવિધ સેવાઓ ઇ-ગ્રામ સેન્ટર ખાતેથી

ગ્રામજનોને ડિજિટલ માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

- ઇ-ગ્રામ સેન્ટર થકી વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રૂ.૩.૩૮ કરોડ મળી અત્યાર સુધીમાં કુલ ૮૯.૭૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયેલ છે

**વતન પ્રેમ યોજના**

- ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસના કાર્યો અને ઉત્તમ જનસુવિધા માટે વતન પ્રેમને વતન સેવા સુધી લઈ જવા રાજ્ય સરકારે વતન પ્રેમ યોજના શરૂ કરેલ છે.
- વતન પ્રેમ યોજનામાં દાતાશ્રી દ્વારા કામના ખર્ચના ૬૦% દાન સામે રાજ્ય સરકાર દ્વારા ૪૦%નું અનુદાન આપવામાં આવે છે. યોજનાના અમલીકરણ માટે Project Management unit (PMU)ની રચના કરવા ઉપરાંત NRI/NRG સાથે સીધો સંપર્ક સાધવા 24X7 કોલસેન્ટરની રચના કરવામાં આવી છે.

**૧૫મું નાણાપંચ**

- ૧૫માં નાણાપંચ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં સને ૨૦૨૫-૨૬ સુધીમાં રાજ્યને કુલ રૂ.૧૫,૬૫૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે, જે પૈકી રાજય સરકાર દ્વારા અત્યાર સુધીમાં મળેલ રૂ.૬૭૮૦ કરોડની ગ્રાંટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવી છે.
- ૧૫મા નાણાપંચ અંતર્ગત ચાલુ વર્ષે રૂ.૨૨૦૦ કરોડના કુલ ૩૪,૦૦૦ જેટલા કામોના લોકાર્પણ/ખાતમુહૂર્ત પૂરા કરવામાં આવેલા છે.
- નાણાપંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇને ચુકવણા કરવા સુધીની તમામ કામગીરી **'ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ'** મારફતે ઓનલાઇન કરવામાં આવે છે.
- તમામ વેપારીઓ તેમજ માલ સામાન પૂરો પાડનાર પેઢીને ચૂકવણું કરતા પૂર્વે તેઓની નોંધણી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર કરવામાં આવે છે. હાલ ૧,૩૮,૧૯૩ જેટલી વેપારી પેઢીઓની ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર નોંધણી કરવામાં આવેલી છે.
- રાજયની ૧૪,૨૦૦ ઉપરાંત ગ્રામ પંચાયત ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલના માધ્યમથી ઓનલાઇન ચુકવણાની કામગીરી સફળતાપૂર્વક કરે છે. અત્યાર સુધીમાં કુલ રૂ.૩૦૦૦.૦૦ કરોડના ચુકવણા ઇ ગ્રામ સ્વરાજ પોર્ટલ દ્વારા DSC(Digital Signature Certificate)મારફતે કરવામાં આવેલ છે.

**રેકર્ડ ડિજિટાઇઝેશન**

- જિલ્લા/તાલુકા પંચાયતના રેકોર્ડનું ડિજીટાઇઝેશન અંતર્ગત છેલ્લા ૭ મહિનામાં ૩૩ જિલ્લાઓમાં ૪ લાખ ફાઇલો(૭ કરોડ પૃષ્ઠો) ડિજીટાઇઝ કરવામાં આવી છે.

**સોલાર રૂફટોપ**

- વીજ બિલ બચાવવા માટે ૧૪૮૪ ગ્રામ પંચાયત ભવનો, ૩૮ તાલુકા પંચાયત ભવનો અને ૬ જિલ્લા પંચાયત ભવનોમાં સોલાર રૂફટોપ સિસ્ટમની અમલવારી કરવામાં આવેલ છે, જેની કુલ સ્થાપિત ક્ષમતા ૫૭૨૮ કિલોવોટ છે. ભવિષ્યમાં ૧૦૦% ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સોલાર રૂફટોપ સિસ્ટમથી આવરી લેવામાં આવશે.

**ગ્રામ વિકાસ** મારી સરકાર દ્વારા રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનમાં આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના કાર્યક્રમો અન્ય સંલગ્ન વિભાગો સાથે મળીને ચલાવવામાં આવે છે.

**સ્વચ્છ ભારત મિશન )ગ્રામીણ (**

- સ્વચ્છ ભારત મિશન)ગ્રામીણ( ભાગ-૨ હેઠળ ભારત સરકાર દ્વારા ગામોને 'ODF'+નો દરજ્જો હાંસલ કરવા માટે પ્રવાહી કચરા વ્યવસ્થાપન, ઘન કચરા વ્યવસ્થાપન, માનવમળ નિકાલ વ્યવસ્થાપન અને ગોબરધન હેઠળ વિવિધ ઘટકોની કામગીરી કરવામાં આવે છે .તા.૧૯.૧૨.૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજયમાં

૪૬૧૪ ગામોને ODF+ જાહેર કરવામાં આવેલ છે .

- રાજ્યમાં 'ગોબરધન યોજના' અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં કુલ ૩૮ ક્લસ્ટર બેઈઝ બાયોગેસ પ્લાન્ટ માટેનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યમાં કુલ ૭૬૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. ગોબરધન યોજના અંતર્ગત કલસ્ટર બેઈઝ પ્રોજેકટ દીઠ ૨૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવે છે.

- ૨ ઓક્ટોબર,૨૦૨૨ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે 'સ્વચ્છ ભારત દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે દેશના વેસ્ટ ઝોનમાં ગુજરાત રાજ્યને સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૨ માટે દ્વિતિય ક્રમે, ODF+ની વિવિધ ઘટકોની આઇઆઇસી હેઠળ ભીંતચિત્રો સ્પર્ધામાં પ્રથમ ક્રમે તથા બાયોડિગ્રેડેબલ વેસ્ટ, ગોબરધન પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રેવોટર મેનેજમેન્ટ તથા ફિકલ સ્થળ મેનેજમેન્ટ જેવી કેટેગરી માં કુલ ૬ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના)(મનરેગા)(**

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ હેઠળ રાજ્યના ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબના પુખ્તવયના સભ્યો જે બિનકુશળ શારીરિક શ્રમ કરવા ઈચ્છુક હોય, તેવા કુટુંબોને જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારીની બાંહેધરી આપવામાં આવેલ છે. રાજ્યમાં જે વિસ્તાર અછતગ્રસ્ત/દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ હોય તેવા વિસ્તારોમાં વધુ ૫૦ દિવસની સવેતન રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રતિદિન લાભાર્થીને રૂ.૨૩૯ ની ચૂકવણી કરવામાં આવે છે.

- DBT દ્વારા ૧૦૦% શ્રમિકોના વેતનની ચૂકવણી કરવામાં આવે છે.

- સમયસર વેતન ચૂકવણીમાં ૯૯.૦૦ % સિદ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.

- તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૮.૮૯ લાખ કુટુંબોને કુલ ૩૫૯.૦૯ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

- આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૮.૪૯ લાખ ગ્રામીણ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

- વનીકરણનાં કામોમાં રોપાઓનું વાવેતર મિયાવાકી પદ્ધતિથી આશરે ૨૫૨.૪૮ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે.

- મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વેતન માટે રૂ.૭૭૭.૧૬ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી આવાસ યોજના ( ગ્રામીણ)**

- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) તા.૨૦-૧૧-૨૦૧૬થી અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને 'પોતાના સ્વપ્નનું ઘર' મળે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજ્યના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૪ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે.

- **મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના** હેઠળ પ્રથમ હપ્તાની ચૂકવણી બાદ છ માસની અંદર મકાનનું બાંધકામ પૂર્ણ કરનારા લાભાર્થીઓને લાભાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦ની પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવે છે તથા વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમ બાંધકામ માટે પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૫૦૦૦ની વધારાની સહાય આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૩૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને રૂ.૩૩.૧૪ કરોડની સહાય આપવામાં આવેલ છે.

- ગ્રામીણ વિસ્તારમાં ઘર વિહોણા લાભાર્થીઓને ઘર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૪,૩૨,૮૬૩ આવાસો મંજૂર થયેલ છે તેમજ ૩,૯૮,૮૬૬ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના**

- વર્ષ ૨૦૨૨-૨૩માં નવેમ્બર-૨૦૨૨ સુધીમાં બેચ-૬નાં ૬૦ તથા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટરશેડ કમ્પોનન્ટ ૨.૦નાં ૫૧ સિંચાઈ પ્રોજેકટના ડી.પી.આર.ને મંજૂરી આપવામાં આવેલ છે અને બેચ-૫નાં જમીન અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ-જળ રિચાર્જના કુલ ૪૮૬૫ કામો પૂર્ણ થયેલ છે, તેમજ કુલ રૂ. ૩૮.૨૭ કરોડનો ખર્ચ થયેલ છે.

**નેશનલ રુરલ લાઈવલીહૂડ મિશન યોજના**

- નેશનલ રુરલ લાઈવલીહૂડ મિશન યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારની બહેનોના જીવન ધોરણમાં સુધારો આવે તેમજ ગ્રામ્ય વિસ્તારની બહેનો આર્થિક તથા સામાજિક રીતે આત્મનિર્ભર બને તે છે.
- રાજયની કુલ ૨૬.૬૮ લાખ ગ્રામીણ ગરીબ મહિલાઓનો સમાવેશ કરી કુલ ૨.૬૮ લાખ સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે.
- ૧૦,૬૮૪ ગ્રામ સંગઠનની તથા ૮૬૬ કલસ્ટર લેવલ ફેડરેશનની રચના કરવામાં આવેલ છે.
- **'વંદે ગુજરાત ૨૦ વર્ષનો સાથ ૨૦ વર્ષનો વિશ્વાસ'** અંતર્ગત ગુજરાત સરકારની ૨૦ વર્ષની વિકાસ યાત્રા પ્રદર્શન તેમજ ૭ દિવસીય જિલ્લાકક્ષાના અને તાલુકાકક્ષાના મેળાઓનું મે-૨૦૨૨થી જુલાઇ-૨૦૨૨ દરમિયાન આયોજન કરવામાં આવેલ જેમાં ૧૯૨૫ સ્વસહાય જૂથ દ્વારા ભાગ લેવામાં આવ્યો. જેમાં ૧૦.૨૫ લાખ લોકોએ મુલાકાત લીધી હતી તેમજ રૂ..૩.૭૦ કરોડનું વેચાણ કરવામાં આવેલ.
- સ્વસહાય જૂથની મહિલાઓની આજીવિકામાં વૃદ્ધિ થાય તે હેતુસર **'મહિલા પખવાડિયા'** અંતર્ગત ગુજરાતનાં ૩૩ જિલ્લાઓમાં તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૦૮/૦૮/૨૦૨૨ દરમિયાન રાખી મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રૂ..૧૫.૭૮ લાખનું વેચાણ થયેલ છે. તેમજ ૩૨ જિલ્લામાં નવરાત્રિ મેળાનું આયોજન કરીને રૂ..૨૮.૦૪ લાખનું વેચાણ થયેલ છે.

**માર્ગ અને મકાન**

ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થયો છે .રાજ્યમાં કૃષિ, ઉદ્યોગ, વેપાર વિગેરેની પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ સાથે રાજયમાં વાહન વ્યવહાર પણ દિન-પ્રતિદિન મોટા પ્રમાણમાં વધી રહ્યો છે .તેને ધ્યાનમાં રાખી સમગ્ર રાજ્યના નાનામાં નાના ગામથી માંડી મોટા શહેરો સુધી રસ્તાઓના નેટવર્કને વ્યાપક રીતે વધારવામાં આવ્યું છે અને જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં હયાત રસ્તાને વધુ પહોળા કરવા, નવા પુલો ફ્લાયઓવરનું નિર્માણ કરવું, તે પ્રમાણેની આંતરમાળખાકીય સુવિધા સમગ્ર રાજ્યમાં વધારવામાં આવી છે.

- રાજ્યના ૭૫૧ કિ.મી.લંબાઇના રસ્તાઓનું રૂ..૧૧૭૮.૨૦ કરોડના ખર્ચે ચારમાર્ગીયકરણ / ૧૦ મીટર/૭ મી.પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જયારે ૧૯૮૯.૧૫ કિ.મી.લંબાઇના રસ્તાઓનું રૂ..૪૬૪૩.૭૦ કરોડની અંદાજિત રકમથી ચારમાર્ગીયકરણ/ ૧૦ મીટર/૭ મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- ૧૬૦૦ કિ.મી.ની લંબાઇના દરિયા કાંઠે **૧૫ જિલ્લામાંથી પસાર થતો** વલસાડના ગોવડા કલાઈને કચ્છના નારાયણ સરોવર સાથે જોડતા **કોસ્ટલ હાઇવે**ને રૂ.૨૪૪૦ કરોડના અંદાજિત ખર્ચે ૧૦ મી પહોળા કરવાનું ત્રણ તબક્કામાં આયોજન છે ,જે પૈકી પ્રથમ તબક્કામાં ૧૩ જિલ્લામાંથી પસાર થતા ૨૭૨.૮૦ કિ.મી.લંબાઇ ના ૨૫ રસ્તાઓને રૂ..૬૯૩.૪૯ કરોડના અંદાજિત ખર્ચે ૧૦ મી પહોળા કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે .
- ૧૭૯ કિમીના **છ નવા કોરીડોર** કે જેને પહોળા તેમજ મજબૂત કરવાની કામગીરી રૂ.૭૬૯ કરોડના ખર્ચે બનાવવાની સાથે જાળવણીના ધોરણે હાથ ધરેલ છે જે પૈકી ૧૧૮ કિ.મી.ની કામગીરી રૂ.૩૨૬ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે અને બાકીના ૬૧ કિ.મી.ની કામગીરી રૂ.૪૪૩ કરોડના ખર્ચે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- **સીમા સુરક્ષા** માટે અતિ ઉપયોગી **ગઢુલી-સાંતલપુર** રસ્તાની ૭૯.૫૯ કી.મી.ની કામગીરી રૂ..૪૦૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.
- ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે રૂ..૨૫૧.૧૫ કરોડની અંદાજિત રકમના 'બી' તથા 'સી' કક્ષાના

નવા ૮૯૨ રહેણાંક આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

- ગાંધીનગર ખાતે ભૂગર્ભ ગટર નવીનીકરણનું અંદાજિત રકમ રૂ..૨૨૫ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે.
- અડાલજ પાસે અડાલજ કલોવરલીફ વચ્ચેની જગ્યામાં રૂ..૧૭.૯૭ કરોડની અંદાજિત રકમનું લેન્ડસ્કેપિંગ તથા ગાર્ડન ડેવલપમેન્ટ કરેલ છે.
- સોમનાથ, નવસારી અને સુરત ખાતે અતિથી ગૃહના કામો રૂ.૮૩.૬૬ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે ભાવનગર, પોરબંદર, દેવભુમિ દ્વારકા, જામનગર ખાતે **નવા અતિથિગૃહનાં** કામો તથા ભરૂચ, ગોધરા ખાતે **અતિથિગૃહના વિસ્તરણના** કામો **રૂ.૨૯.૫૮ કરોડના** ખર્ચે પ્રગતિ હેઠળ છે.

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

- આ યોજના અંતર્ગત રાજયમાં આજદિન સુધીમાં પ્રથમ બે તબકકામાં ગ્રામ્ય વિસ્તારના રૂ..૩૫૨૯ કરોડની અંદાજિત રકમના ૧૨૭૨૮ કિ.મી .લંબાઇના ૪૫૭૧ રસ્તાઓના બાંધકામ/સુધારણા /મજબુતીકરણના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ કરવા બદલ ગુજરાત રાજયને કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે .
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ-૩ હેઠળ અંદાજિત ૩૦૧૫ કિ.મી .લંબાઇના ગ્રામ્ય માર્ગોને અંદાજિત રૂ..૧૭૪૯.૬૨ કરોડના ખર્ચે ૫.૫૦મી .પહોળા કરવાના ૩૦૪ કામો મંજૂર કરવામાં આવેલ છે .જે પૈકી ૧૮૯૧ કિ.મી .લંબાઇના ૧૭૦ કામો પૂર્ણ થયેલ છે .જયારે ૧૦૪૨ કિ.મી .લંબાઇના ૧૪૦ કામો પ્રગતિ હેઠળ છે .
- **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના:** રાજયમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૪૬૭૩ કરોડની રકમના ૭૭૫૫ કિ.મી. લંબાઇના ૩૬૪૮ રસ્તા/પુલોના કામોની મંજૂરી આપવામાં આવેલ છે. જે કામો પ્રગતિ હેઠળ છે.

**વાહન વ્યવહાર**

- રાજ્ય સરકાર પોતાના સંચાલનમાં વિવિધ કક્ષાની કુલ ૭૯૬૬ બસો ધરાવે છે. જેમાં ૨૭૪ સ્લીપર કોચ, ૧૧૯૩ સેમી લકઝરી, ૫૨૯૬ સુપર ડિલક્ષ, ૧૨૦૩ મીની બસનો કાફલો ધરાવે છે. GSRTC મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરીની સાથે સલામતીના ધ્યેય સાથે કામ કરે છે અને રાષ્ટ્રીય કક્ષાનાં પરિણામો પણ હાંસલ કરવાની નેમ ધરાવે છે.
- ગુજરાત રાજ્યમાં પ્રદૂષણમાં ઘટાડો કરવા સારુ અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન મળે તેના ભાગ રૂપે 'ZERO AIR POLLUTION' ધરાવતી **૫૦ ઈલેક્ટ્રિક બસો** સંચાલનમાં મુકવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ની બજેટ જોગવાઇ હેઠળ મંજૂર થયેલ રૂ.૩૧૦ કરોડના ખર્ચે કુલ ૧૦૦૦ નવા વાહનો પૈકી ૫૦૦ નવા વાહનો તૈયાર હોઇ સંચાલનમાં મુકવામાં આવેલ છે .આ ઉપરાંત, વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૩૬૭ કરોડના ખર્ચે ૧૨૦૦ નવી બસો ખરીદવા માટેની પ્રક્રિયા પ્રગતિમાં છે.
- રાજ્ય સરકાર દ્વારા વડોદરાથી શ્રીનાથદ્વારા એ.સી .સ્લીપર કોચ તેમજ ડીલક્ષ એક્સપ્રેસ નવીન આંતર રાજ્ય બસ સેવા શરૂ કરવામાં આવેલ છે .
- રાજય સરકાર દ્વારા ગત વર્ષે અંદાજિત રૂ.૨૮.૬૩ કરોડના ખર્ચે ગોંડલ, સરા, ટંકારા, સાયલા, વસઇ, સેલંબા, કેવડિયા કોલોની, વિરપુર, કોટડા સાંગાણી, કલ્યાણપુર અને ભાણવડ ખાતે બસ સ્ટેશન તેમજ તાજેતરમાં ભૂજ સ્ટાફ કોલોનીનું એમ કુલ-૧૨ એકમોનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- રાજય સરકાર દ્વારા અંદાજિત રૂ.૧૯.૨૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ ભાવનગર, ચોટીલા, વલસાડ, સરધાર મળી કુલ- ૪(ચાર) બસ સ્ટેશનો, રાજકોટ મુકામે રૂ.૨.૩૭ કરોડના ખર્ચે નવીન ડેપો વર્કશોપ તથા અમદાવાદ અને રાજકોટ મુકામે રૂ.૧૫.૪૩ કરોડના ખર્ચે નવીન સ્ટાફ કોલોનીનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે અંદાજિત રૂ.૩૨.૨૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ અમરેલી અને ભરૂચ મળી કુલ-૨(બે) બસ સ્ટેશનોનું ટૂંક સમયમાં મુસાફરોની સુવિધા માટે લોકાર્પણ કરવામાં આવનાર છે.

**નાગરિકોને મુસાફરીની સરળતા**

- નાગરિકો ઘેર બેઠા ટિકિટ મેળવી શકે તે હેતુથી **ઇ-ટિકિટની** શરૂઆત કરેલ છે.
- બસ સ્ટેશનો ખાતે ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ મળે તે હેતુથી **Bharat QR**ની અમલવારી કરેલ છે. નવા સ્માર્ટ ટિકિટ બુકીંગ મશીનના ઉપયોગ થકી મુસાફરોને ઓન રૂટ કેશલેશ ટિકિટ બુકીંગની સુવિધા મળશે.
- મુસાફર ઘેર બેઠા ઓનલાઇન બસ ટિકિટ બુક કરી શકે તે માટે નવા ફીચર્સ સાથે Android અને iOS મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરી અમલમાં મુકેલ છે.
- ડિજિટલ સેવાસેતુ અંતર્ગત GSRTCની બસ ટિકિટ અને મુસાફર પાસ ગ્રામ્યકક્ષાએ જ આમ જનતાને મળતા થઇ ગયેલ છે.
- મુસાફરો GSRTCની તમામ એક્સપ્રેસ સર્વીસોનું વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુકિંગ કરાવી શકે છે. તેમજ GPS સિસ્ટમ દ્વારા બસનું કરંટ લોકેશન પણ મેળવી શકે છે.

**વાહન અને સારથીની ફેસલેસ સેવાઓનો શુભારંભ**

- વાહન વ્યવહાર ખાતાની કુલ ૨૦ સેવાઓ ઇ-કેવાયસીની મદદથી અને ૮ સેવાઓ મોબાઇલ OTP ની મદદથી એમ કુલ ૨૮ સેવાઓ ફેસલેસ તરીકે શરૂ કરવામાં આવેલ છે.
- ફેસલેશ સેવાના અમલીકરણ બાદ ગુજરાત રાજ્યમાં કુલ ૧૩,૭૬,૯૧૬ લોકોએ ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધિત ફેસલેસ સેવા હેઠળ તથા કુલ ૬,૫૪,૩૩૫ લોકોએ વાહન સંબંધિત ફેસલેશ સેવા હેઠળ લાભ લીધેલ છે.
- RTO કચેરીની મુલાકાતની જરૂરિયાત ન રહેતા માનવકલાકો અને સંશાધનોનો બચાવ શક્ય બન્યો છે.
- મોટર વાહન ખાતા દ્વારા ચાલુ વર્ષે કુલ ૩૫ અત્યાધુનિક ઇન્ટરસેપ્ટર વાહનો ખરીદવામાં આવ્યા છે. જે સ્માર્ટ એન્ફોર્સમેન્ટના વિચાર દ્વારા સ્પીડ ગન, કેમેરા અને પબ્લિક એડ્રેસ સિસ્ટમથી સજ્જ છે. રાજ્યમાં કુલ ૫૮ ચેકપોઇન્ટ પર આ ઇન્ટરસેપ્ટરથી સઘન કામગીરી થશે.

**ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક વેઈટિંગ પિરિયડમાં ઘટાડા માટે કરેલા ઉપાયો**

- પ્રમુખ શહેરોમાં ડ્રાઇવીંગ લાયસન્સના ફિઝિકલ ટેસ્ટમાં લાંબા વેઇટિંગ પિરિયડને નિવારવા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને વસ્ત્રાલમાં આરટીઓ કચેરીઓ ખાતે સવારે ૬-૦૦ થી રાત્રીના ૧૦-૩૦ કલાક સુધી બે શિફ્ટમાં ટેસ્ટ લેવાની કામગીરી થાય છે. જેથી વેઈટિંગ પિરિયડ ઘટતા અરજદારોને નવી એપોઇન્ટમેન્ટ ઝડપથી મળે છે.

**મેરીટાઇમ બોર્ડ**

- તાજેતરના સમયમાં ભારતમાં ભૂકંપ, સુનામી, વાવાઝોડા, વાદળનું ફાટવું વગેરે આપત્તિઓમાં વધારો થયેલ છે .આથી ગુજરાતના બંદરો પર આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલી અને સાધનો મજબૂત કરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડના દરેક બંદર પર NDMAની માર્ગદર્શિકા મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવેલ છે જે આપાતકાલિન સ્થિતિ સમયે જોખમ અને નુકસાન ઘટાડવામાં મદદરૂપ થાય છે.
- ૨૦૨૧-૨૨માં રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેરફેર આશરે ૧૩૧૯ MMT થઇ જ્યારે જીએમબી બંદરો થકી માલનું પરિવહન ૪૦૫.૦૩ MMT થઇ જે કુલ રાષ્ટ્રીય પરિવહનની ૩૧ ટકા તથા નોન-મેજર બંદરો પરના પરિવહનનો આશરે ૬૮ ટકા સિંહફાળો દર્શાવે છે .વર્ષ ૨૦૨૨-૨૩ માં નવેમ્બર ૨૦૨૨ સુધી ૨૭૪.૦૬ MMT પરિવહન નોંધાઈ ચુક્યું છે .

**મેરીટાઇમ યુનિવર્સિટી**

- મેરીટાઇમ ઉદ્યોગની કૌશલ્યવર્ધનની જરૂરિયાતને ધ્યાનમાં લઈને ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી દ્વારા નેધરલેન્ડ સ્થિત વિશ્વ વિખ્યાત ઇરાસ્મસ યુનિવર્સિટી, એસટીસી ઇન્ટરનેશનલ તેમજ કોપનહેગન બિઝનેશ સ્કુલ – એક્ઝિક્યુટીવ, ડેનમાર્ક સાથે MOU કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨- ૨૦૨૩માં SMLPA અંતર્ગત એલ.એલ.એમ. તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ

મેળવેલ છે.

**ગુજરાત મેરીટાઈમ ક્લસ્ટર**

- દેશના મેરીટાઇમ ઉદ્યોગમાં ચાલી રહેલ મેરીટાઇમ ક્ષેત્રની વાણિજ્યિક સેવાઓને એક છત હેઠળ સુગ્રથિત કરવા તથા માળખાકીય રીતે તેનો વિકાસ હાથ ધરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગિફ્ટ સિટી ખાતે ગુજરાત મેરીટાઈમ ક્લસ્ટરના વિકાસની રૂપરેખા તૈયાર કરી છે, જેથી ગુજરાતમાં મેરીટાઇમ ઉદ્યોગના વિકાસમાં વિશિષ્ટ માળખાકીય સુવિધાનું નિર્માણ કરી શકાય સાથે વાણિજ્યિક સેવાઓ પણ પ્રદાન કરી શકાય.

- કાર્ગો હેન્ડલિંગ કેપેસિટીમાં ૨૦ MMPTA સુધી વધારો કરવા અર્થે નવલખી ખાતે ફેઇઝ-૧ માં ૪૮૫ મીટર જેટીનું કામ રૂ..૧૯૨.૩૩ કરોડના ખર્ચે બાંધવા પર્યાવરણીય મંજૂરી મળી ગયેલ છે. આ કામમાં અંદાજે ૩૬% ભૌતિક પ્રગતિ સધાયેલ છે.

- **માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ ખાતે ડેવલપમેન્ટ ઓફ ફિશરીઝ હાર્બરના** મત્સ્યોદ્યોગ ખાતાનાં ડીપોઝીટ કામો માટે કુલ **રૂ. ૬૬૭.૦૫ કરોડની** મંજૂરી આપવામાં આવેલ છે. જે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- જાફરાબાદ ખાતે ફ્લોટિંગ સ્ટોરેજ રીગેસીફીકેશન યુનિટ (FSRU) સાથેના તેમજ છારા ખાતે વાર્ષિક ૫ મિલિયન મેટ્રિક ટન LNG કાર્ગો હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવતા LNG ટર્મિનલનું બાંધકામ પ્રગતિમાં છે અને વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં કાર્યાન્વિત થનાર છે.

**મહેસૂલી વ્યવસ્થાપન**

**સરકારી ખાતા/કચેરીને જમીન ફાળવણીની કાર્યવાહી ઓનલાઈન કરવા બાબત :**

ગુજરાત સરકારના વહીવટી વિભાગો તથા તેઓના ખાતા/કચેરીઓને સરકારી જમીનની ફાળવણી ઝડપથી થાય તથા સમગ્ર રાજ્યમાં જમીન ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે હેતુસર, ગુજરાત જમીન મહેસૂલ નિયમના વહીવટી હુકમ-૩ હેઠળ આપવામાં આવતી જમીનની ફાળવણીની કાર્યવાહી iORA પોર્ટલ પર ઓનલાઇન કરવા તા.૨૩/૦૨/૨૦૨૨ના રોજ પરિપત્ર પ્રસિદ્ધ કરેલ છે.

રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/કંપનીઓને સરકારી જમીન ફાળવવાની કાર્યવાહી iORA પોર્ટલ પર ઓનલાઈન કરવા વિભાગે પરિપત્ર પ્રસિદ્ધ કરેલ છે

**કચ્છ જિલ્લામાં ભૂકંપ પુનઃવસન માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વસાવેલ ગામોના ગામતળ નીમ થવા તથા સનદ/માલિકી હક્કના પ્રશ્નો બાબત .**

વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપના કારણે હજારો લોકો બેઘર થઇ ગયેલ હતા .તેમના માટે રાજ્ય સરકારની પહેલથી સરકારી/બિનસરકારી સંસ્થાઓ દ્વારા ભૂકંપ અસરગ્રસ્ત લોકોના પુનઃવસન માટે સરકારના સહયોગથી કામગીરી કરેલ હતી .જેમાં સરકારી તથા ખાનગી જમીનોમાં રહેણાક માટેના આવાસો બનાવી આપવામાં આવેલ હતા પરંતુ, કચ્છ જિલ્લામાં અંદાજે ૮૦ કરતા વધુ ગામોમાં હજારોની સંખ્યામાં આવા મકાન ધારકોને સનદ કે માલિકી હક્ક પ્રાપ્ત થયેલ ન હતાં .ઉક્ત લાંબાગાળાના પ્રશ્નના નિરાકરણ સ્વરૂપે કચ્છ જિલ્લામાં ભૂકંપ પુનર્વસન અંતર્ગત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્ત/કબજેદારોને સરકારી તથા ખાનગી જમીનોમાં રહેણાક માટેના આવાસો બનાવી આપવામાં આવેલ હોઇ આવા ગામોમાં ગામતળ નીમ કરવા અને અસરગ્રસ્ત/કબજેદારોને મકાનની કબજા કિંમત વસૂલ્યા સિવાય સનદ/માલિકી હક્ક આપવાની કાર્યવાહી કરવા અંગે તા.૨૫/૦૫/૨૦૨૨ના રોજ ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે .

- રાજ્યના ખેડૂતો પોતાની માલિકીની જમીનને બિનખેતી રૂપાંતર માટે અરજી કરે ત્યારે તેના બિનખેતી પરવાનગીના હુકમમાં જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે "છેલ્લા ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે " તે મુજબની શરત રાખવામાં આવતી હતી .સંજોગવશાત બિનખેતીનું બાંધકામ સમયમર્યાદા)ત્રણ વર્ષ(માં પૂર્ણ કરવામાં ન આવે તો શરતભંગની કાર્યવાહી કરવામાં આવતી હતી .જે સમયમર્યાદા દૂર કરવામાં આવેલ છે .

**સ્પોર્ટ્સ ઓથોરિટિ ઓફ ગુજરાત મારફતે રમતગમતના મેદાન સાથેના સ્પોર્ટસ સંકુલો માટે જમીન ફાળવવા બાબત .**

- મહેસૂલ વિભાગના તા.૧૧/૦૬/૨૦૨૦ના ઠરાવથી રાજ્યમાં જિલ્લા અને તાલુકા સ્પોર્ટ્સ સંકુલ બાંધવા

માટે જમીન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગને તબદીલ કરવામાં આવે છે.

- મહેસૂલ વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૨ના ઠરાવથી રમતગમત મેદાનને સ્પોર્ટ્સ સંકુલમાં સમાવિષ્ટ કરવા તથા ગ્રામ્ય કક્ષાએ પણ રમતગમત મેદાન સાથેના સ્પોર્ટ્સ સંકુલ માટે વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવા તથા જિલ્લા કક્ષાએ ૧૫ થી ૨૦ એકર, તાલુકા કક્ષાએ ૬ થી ૭ એકર અને ગ્રામ્ય કક્ષાએ ૩ થી ૪ એકર જમીન તબદીલ કરવા માપદંડો નિયત કરેલ છે.

**જમીન સંપાદન**

- જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ હેઠળ અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ, જી.આઇ.ડી.સીના બલ્ક ડ્રગ પાર્ક, વડનગર ડેવલોપમેંટ પ્રોજેક્ટ, બ્લ્યુ ફ્લેગ બીચ, ભાડભૂત યોજના, રાજકોટ- ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, મીયાગામ- કરજણ-ડભોઇ-સમલાયા રેલવે લાઇન ગેજ કન્વર્ઝન જેવા મહત્ત્વના પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની કામગીરી થઇ રહેલ છે.

- ખેડૂત ખાતેદારને ઝડપથી વળતર મળી રહે તેમજ રાજ્ય કે કેંદ્ર સરકારના અતિ મહત્ત્વના પ્રોજેક્ટ સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકે તેવા આશયથી ગતિશક્તિ ગુજરાત અંતર્ગત જમીન સંપાદનની કામગીરી ઓનલાઇન થઈ શકે તે માટે બાયસેગ, ગાંધીનગર અને જી.આઈ.ડી.બી.ના પરામર્શમાં જમીન સંપાદન પોર્ટલ વિકસાવવામાં આવ્યુ છે તથા તા.૧૭.૦૨.૨૦૨૨ના પરિપત્રથી જમીન સંપાદનની કામગીરી તા. ૨૨.૦૨.૨૦૨૨થી ફરજિયાત ઓનલાઈન કરવામાં આવેલ છે.

- સરકારશ્રીના ઇ-ગવર્નન્સના પ્રયાસોના ભાગરૂપે અરજદારશ્રીએ જે તે કચેરીમાં રૂબરૂ જવુ ન પડે અને પોતાની મિલકતના પ્રોપર્ટીકાર્ડની નકલ ગમે ત્યાંથી મેળવી શકે તે માટે સિટી સરવે કચેરીઓ ખાતેથી ઉપલબ્ધ થતી પ્રોપર્ટીકાર્ડની e-seal દ્વારા પ્રમાણિત કરેલી કોમ્પ્યુટરાઇઝડ નકલો ઓનલાઇન પોર્ટલ (iORA, e-milkat, anyROR) પરથી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

- ચાલુ વર્ષમાં ૩,૩૧,૪૭૧ e-seal દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની ઓનલાઇન નકલો અરજદારશ્રીઓ દ્વારા ડાઉનલોડ કરવામાં આવેલ છે તથા ચાલુ વર્ષમાં ઓફલાઇન સિવિક(CIVIC) સેન્ટર પરથી ૫,૩૧,૦૫૦ પ્રોપર્ટીકાર્ડની પ્રમાણિત નકલો મેળવવામાં આવેલ છે.

- સમગ્ર દેશમાં ડિજિટલ ઈન્ડિયા લેંડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ (DILRMP) હેઠળ રાજયના કુલ ૧૮,૦૪૬ ગામો પૈકી ૧૮,૦૩૫ ગામોમાં રી સરવે માપણી પૂર્ણ કરેલ છે.

- રી સરવે બાદ તૈયાર થયેલ ડિઝીટલ રેકર્ડની અદ્યતન નિભાવણી માટે GIS બેઝ 'ભૂ-નકશા' એપ્લિકેશન તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે. રાજયમાં રી સરવે બાદ રેકર્ડ પ્રમોલગેશન કરવામાં આવેલા ગામો પૈકી ૧૧,૯૨૮ ગામોના નકશા તેમાં અપલોડ કરવામાં આવેલ છે.

- 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેશ' માટે રાજયના તમામ સરવે નંબરોની વિગતો પૂરી પાડતી એપ્લિકેશન વેબસાઇટ પર જાહેર જનતા માટે કાર્યરત કરવામાં આવેલ છે.

**જમીન સુધારણા**

મહેસૂલી પ્રક્રિયામાં સરળીકરણ કરવાના હેતુથી શુદ્ધિબુદ્ધિ પૂર્વકના જમીન વેચાણના કિસ્સામાં, નવી અને અવિભાજ્ય શરતની તથા ગણોતધારાની પ્રતિબંધિત સત્તા પ્રકાર હેઠળની જમીનોને પ્રિમિયમના હેતુ માટેની પ્રક્રિયા ઓનલાઇન કરીને કબજેદાર પાસેથી સોગંધનામાનો આગ્રહ રાખવાને બદલે સ્વ-ઘોષણા(Self-Declaration)ની પદ્ધતિ દાખલ કરી છે.

**સ્મૃતિવન**

સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય, ભૂજ ૨૦૦૧ના કચ્છ ભૂકંપના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા અને કચ્છના પુનઃનિર્માણમાં દર્શાવવામાં આવેલી સ્થિતિસ્થાપકતા અને નેતૃત્વને દર્શાવવા માટે બનાવવામાં આવ્યું છે .પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો જે ૧૭૦ એકરમાં ફેલાયેલો છે અને રૂ .૩૭૫ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે .જેનું તા.૨૮મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું . પ્રથમ તબક્કામાં ૧૧,૦૦૦ ચો.મી.થી વધુના બિલ્ટઅપ વિસ્તાર સાથેનું વિશ્વ કક્ષાનું મ્યુઝિયમ, ઇન્ટરેક્ટિવ અને આકર્ષક ગેલેરીઓ, ૨૦૦૧ના ધરતીકંપની વાર્તા, સ્થિતિસ્થાપકતા અને ગુજરાતને વિકસીત રાજ્યના પાટા પર

પાછા લાવવાના સરકારના પ્રયાસો, વિશ્વની સૌથી મોટી ધરતીકંપ સિમ્યુલેટર, ૨૩૪ સીટર ઓડિટોરિયમ, કાફે, પુસ્તકાલય, સોવેનિયર શોપ વગેરે ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે .મ્યુઝિયમ ઉપરાંત, ૨.૨૩ લાખ મિયાવાકી પ્લાન્ટેશન, ૭૫,૦૦૦ પરંપરાગત પ્લાન્ટેશન, ૧ મેગાવોટ સોલાર પાવર પ્લાન્ટ, ૩,૦૦૦ મુલાકાતીઓની માટે પાર્કિંગ સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવેલ છે .

**રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ (NCRMP)**

ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મી .લાંબો દરિયાકિનારો ધરાવે છે જે વાવાઝોડા માટે સંવેદનશીલ છે .જેને ધ્યાને લઈને GSDMA દ્વારા વિશ્વ બેંક અને NDMAના સહયોગથી NCRMP અમલમાં મૂકવામાં આવેલ છે .આ કાર્યક્રમ હેઠળ ૭૬ બહુલક્ષી ચક્રવાત આશ્રય સ્થાનો, ૧૫૭ કિ.મી .લાંબા ૪૩ એપ્રોચ રોડ બનાવવામાં આવનાર છે .જે પૈકી ૭૦ મલ્ટી પર્પઝ સાયક્લોન શેલ્ટર )MPCS) અને તમામ એપ્રોચ રોડનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે .બાકી રહેલ ૦૬ MPCS નું કામ પૂર્ણ થવાના તબક્કામાં છે .આ ઉપરાંત તમામ MPCSને રાહત અને બચાવ કાર્યમાં ઉપયોગી થઇ શકે એવા ૧૬ પ્રકારના સંસાધનો GSDMA દ્વારા ફાળવવામાં આવેલ છે .NDMA દ્વારા તાજેતરમાં NCRMP-III અમલી બનાવવામાં આવેલ છે .જેમાં પ્રારંભિક ચેતવણી પ્રસારણ પ્રણાલી )EWDS), દરિયા કિનારે આવેલ હયાત સરકારી ઈમારતોનું મજબૂતીકરણ, લાઈટનીંગ એરેસ્ટર, શેલ્ટર બેલ્ટ મેન્ગ્રૂવ પ્લાન્ટેશનનો સમાવેશ કરવામાં આવનાર છે.

**કાયદો અને વ્યવસ્થાપન**

દેશના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત હોવી જરૂરી છે અને તેના માટે પોલીસ વિભાગનું આધુનિકીકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે .ગુજરાતના આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેક્ટે રાજ્યનાં નાગરિકોની સુરક્ષામાં વધારો કર્યો છે .વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરમાં લગાવવામાં આવેલા સીસિટીવી કેમેરાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે .પ્રત્યેક નાગરિક સમાજમાં શાંતિ અને સલામતીનો અહેસાસ કરી શકે તે માટે ગુજરાત સરકાર હરહંમેશ કટિબદ્ધ છે.

**રાજ્યના પોલીસ અધિકારીઓનું સન્માન**

રાજ્યના પોલીસદળના કુલ ૦૪ અધિકારીઓને ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ તથા ૨૬મી જાન્યુઆરી,૨૦૨૩ના પ્રસંગે માન.રાષ્ટ્રપતિશ્રી દ્વારા **'પોલીસ મેડલ'** એનાયત કરવામાં આવેલ છે.

**નશાબંધી નીતિનો ચુસ્ત અમલ**

રાજ્યમાં નશાબંધી નીતિને કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારુ છે અને સમાજના નબળા વર્ગના જીવન ધોરણમાં ઉલ્લેખનીય સુધારો થયેલો છે. નશાબંધીને કારણે રાજ્યમાં શાંતિ પ્રવર્તે છે. નશાબંધી અને આબકારીથી વર્ષ ૨૦૨૨-૨૩ના જાન્યુઆરી-૨૦૨૩ સુધી રૂ.૧૪૫.૪૭ કરોડની આવક સરકારને થયેલ છે.

**ડ્રગ્સ વિરુદ્ધ સઘન ઝુંબેશ**

મારીજુવાના, હશીસ, બ્રાઉન સુગર, હેરોઈન ઈત્યાદિના સેવનથી રાજ્યના યુવાધનને બરબાદ થતુ અટકાવવાની રાજ્ય સરકારની ઝીરો ટોલરન્સ નીતિના ભાગરૂપે ATS, CID Crime અને કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓના પરામર્શ, અસરકારક સંકલન અને ઓપરેશન થકી તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૦૯/૧૨/૨૦૨૨ દરમિયાન ૪૯,૫૯૬ કિ.ગ્રા ડ્રગ્સનો જથ્થો ઝબ્બે કરવામાં આવેલ છે .જેની રકમ અંદાજિત રૂ.૭૧૩૫ કરોડ થાય છે .

**મહિલાઓની અભેદ્ય સુરક્ષા**

રાજયમાં કુલ-૩૯ મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. ''અભયમ'' મહિલા હેલ્પ લાઇન '૧૮૧' – ૨૪X૭ મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે. જે અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કુલ ૮૮.૮૮ લાખ ફોન કોલ્સ મળેલ છે. ૧૧.૬૨ લાખ મહિલાઓને કોલ મારફતે વિવિધ સેવાઓ આપવામાં આવેલ છે તથા અભયમ મહિલા હેલ્પ એપ્લિકેશન લોન્ચ થયા તારીખથી ૧.૬૪ લાખ એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવેલ છે.

રાજ્યમાં મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય મળે અને છેડતી, બળાત્કાર, જાતિય સતામણી વગેરે જેવા ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવા માટે ૫૮૫ 'SHE TEAM'ની રચના કરવામાં આવેલ છે.

રાજ્યની મહિલાઓ પોલીસ સ્ટેશનમાં નીડરતા અને નિર્ભયતાથી ફરિયાદ નોંધાવી શકે તે માટે ૨૦૨૦થી વુમન હેલ્પ ડેસ્કનો આરંભ કરવામા આવેલ છે. હાલમાં ૬૩૪ વુમન હેલ્પ ડેસ્ક કાર્યરત છે.

**ઇ- એફ.આઇ.આર પ્રોજેક્ટ**

માન.કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા તા.૨૩/૦૭/૨૦૨૨ના રોજ રાજ્ય સરકારના મહત્ત્વકાંક્ષી ઇ-એફ.આઇ.આર. (e-FIR ) પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવેલ હતું .વાહન અને મોબાઇલ ચોરી માટેની ફરિયાદો ઓનલાઇન નોંધાવવા માટે રાજ્યમાં પ્રથમવાર ઇ-એફ.આઇ.આર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે .જેના કારણે રાજ્યના નાગરિકોને આ પ્રકારની ફરિયાદો નોંધાવવા માટે પોલીસ સ્ટેશન જવાની જરૂરિયાત રહેશે નહી .

**ધી ગુજરાત પબ્લિક સેફ્ટી (મેઝર્સ) એન્ફોર્સમેન્ટ એક્ટ, ૨૦૨૨**

રાજ્યના નાગરિકોની સુરક્ષા, સલામતી, ટ્રાફિક મેનેજમેન્ટ અને ગુન્હાની વૈજ્ઞાનિક ઢબે તપાસ થઇ શકે તે માટે ૧૦,૦૦૦થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવેલ છે .આ CCTV કેમેરા સિસ્ટમને વિનિયમિત કરવા માટે **ધી ગુજરાત પબ્લિક સેફ્ટી)મેઝર્સ (એન્ફોર્સમેન્ટ એક્ટ, ૨૦૨૨** તા.૦૧/૦૮/૨૦૨૨થી ૦૮ મહાનગરપાલિકા વિસ્તારમાં અમલી બન્યો છે.

**ડ્રોન પોલિસી**

માન.મુખ્યમંત્રીશ્રીએ તા.૧૦/૦૮/૨૦૨૨ના રોજ ડ્રોનના ઉપયોગ અંગેની ડ્રોન પોલિસી લોન્ચ કરેલ છે .ડ્રોન મારફતે કાયદો અને વ્યવસ્થાની જાળવણી, જંતુનાશક દવાઓનો છંટકાવ, વન્ય પ્રાણીઓ પર દેખરેખ તેમજ ગેરકાયદે વૃક્ષ છેદન અટકાવવા, વીજ ચોરી અટકાવવા રેતીનું ગેરકાયદે ખનન અટકાવવા, સરકારી અનાજના ગોડાઉનોમાંથી અનાજની ચોરી અટકાવવા તેમજ ગેરકાયદે દેશી દારૂની ભઠ્ઠીઓઓને નેસ્તનાબૂદ કરવા ઉપયોગ કરવામાં આવી રહેલ છે .

**વિશ્વાસ પ્રોજેક્ટ**

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા VISWAS Project અંતર્ગત રાજ્યના તમામ ૩૩- જિલ્લા મુખ્યમથકો, ૬-પવિત્ર યાત્રાધામો) સોમનાથ, દ્વારકા, અંબાજી, પાલીતાણા, ડાકોર, પાવાગઢ (તથા Statue of Unity, કેવડીયા ખાતે ૭૦૦૦ +CCTV Camera આધારિત સુરક્ષા અને સમન્વિત પરિવહન નિયંત્રણ વ્યવસ્થા)Integrated Traffic Management System) સ્થાપિત કરવામાં આવેલ છે અને ૩૩-જિલ્લાઓમાં આધુનિક ટેક્નોલોજિથી સુસજ્જીત 'નેત્રમ)'District Level Command & Control Centre) અને પોલીસ ભવન કેમ્પસ, ગાંધીનગર ખાતે 'ત્રિનેત્ર)'State Level Command & Control Centre) સ્થાપિત કરવામાં આવેલ છે .તા .૦૧/૦૫/૨૦૨૨થી આ પ્રોજેક્ટને ગૃહવિભાગ, ગુજરાત સરકાર દ્વારા 'Go Live' જાહેર કરવામાં આવેલ છે .

દેશમાં સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓની કામગીરીના મૂલ્યાંકન માટે જાણીતા Skoch Development Foundation, New Delhi દ્વારા તા .૧૭/૦૮/૨૦૨૨ના રોજ યોજાયેલ Virtual Award Ceremonyમાં Trinetra: Integrated Command & Control Centre (i3C)ને Police & Safety કેટેગરી હેઠળ 1st (Gold) award એનાયત કરવામાં આવેલ છે.

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.**

પોલીસ વિભાગ માટે વિવિધ પ્રકારની બાંધકામની કામગીરી માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમની રચના ૧૯૮૮માં કરવામાં આવેલ છે .રૂ.૨૬૧૯.૦૪ કરોડના ખર્ચે કુલ ૩૯૩૨૩ જેટલાં રહેણાંકના મકાનોનું બાંધકામ અને રૂ.૧૮૨૧.૬૮ કરોડના ખર્ચે કુલ ૩૧૪૯ બિન-રહેણાંકના કામો પૂર્ણ કરેલ છે.

**નાણા વ્યવસ્થાપન**

**રાજ્યની તિજોરી કામગીરીનું કોમ્પ્યુટરાઈઝેશન**

- ઉત્તમ નાણાકીય વ્યવસ્થાપન અને શિસ્તના પરિણામે ગુજરાતે રાજવિત્તિય અધિનિયમમાં નિયત કરેલી મર્યાદા અને નાણાપંચ દ્વારા સૂચવાયેલ માપદંડો પ્રમાણે નિશ્ચિત રાજ-વિત્તિય લક્ષ્યાંકોની સિદ્ધિ હાંસલ કરેલ છે. જેના કારણે છેલ્લા ૧૮ વર્ષથી ઓવરડ્રાફ્ટ લીધેલ નથી તેમજ છેલ્લા ૧૭ વર્ષથી સમયસર સાધનોપાય પેશગી લીધેલ નથી. રાજ્ય સરકાર દ્વારા વિકાસના અનેક સોપાનો સર કરવામાં આવેલ છે. તેમ છતાં રાજ્યનું કુલ દેવું રાજ્યના એકંદર ઘરઘથ્થુ ઉત્પાદનની નિયત મર્યાદામાં જ રહેલ છે.

- સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ અંતર્ગત ઇન્ટરનેટ બેન્કીંગ સુવિધા મારફત રાજ્યના કરદાતાઓને પોતાના કરવેરા ઓનલાઇન ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. હાલ GST, પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, લેબર ફી, સીક્યુરીટી ડિપોઝીટ અને સ્ટેમ્પ ડ્યૂટી વગેરે આવકનું ઓનલાઇન

Collection થાય છે.

- રાજ્યના જિલ્લા/તાલુકાના મથકોએ આવેલ રાષ્ટ્રીયકૃત બેંકો તેમજ ખાનગી બેંકોની નિયત કરેલ મથકો ખાતેની શાખાઓ મારફતે સરકારી ભરણાઓ તથા ઇ-રીસીપ્ટથી જી.એસ.ટી., પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, લેબર ફી અને સીક્યુરીટી ડિપોઝીટ, સ્ટેમ્પ ડ્યૂટી વગેરે જેવી આવકો સ્વીકારવામાં આવે છે.

**પેન્શનરો માટે કરવામાં આવેલ સરળતા**

- રાજ્યના અંદાજિત ૪,૯૬,૯૦૮ પેન્શનરોના પેન્શનનું ચુકવણુ તિજોરી કચેરીઓ દ્વારા ઇ-પેમેન્ટથી કરવામાં આવે છે તેમજ પેન્શનરોની હયાતીની ખરાઇ ઘરે બેઠા જીવન પ્રમાણ પોર્ટલ મારફતે કરાવી શકે છે.

**ગુજરાત નીચેની સર્વિસ-ડિલીવર કરવા માટે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહેલ છે .**

- GST રજિસ્ટ્રેશન - આધાર ઓથેન્ટિકેટ થયેલ હોય તો અરજી ૭ દિવસમાં પૂર્ણ કરવામાં આવે છે.
- ઓનલાઇન રજિસ્ટ્રેશન – Faceless Services
- ભાગીદારી પેઢી (આર.ઓ.એફ) નું દિન-૧માં ઓનલાઇન રજિસ્ટ્રેશન
- વ્યવસાયવેરાનું દિન-૧ માં રજિસ્ટ્રેશન
- ઇ-નિવારણમાં વેપારીઓની ઓનલાઇન ફરિયાદ સ્વીકૃતિ/નિવારણ
- ફેસલેસ અને પારદર્શક સેવા આપવા પ્રતિબદ્ધતા.

**GST હેઠળ નોંધણી.**

- વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧,૪૧,૩૧૪ નવા કરદાતાઓની નોંધણી કરવામાં આવી તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં એપ્રિલ-૨૦૨૨થી જાન્યુઆરી-૨૦૨૩ દરમિયાન ૧,૦૭,૯૮૮ નવા કરદાતોઓની નોંધણી કરવામાં આવી છે.

**વેરા માફી યોજના-૨૦૨૨**

રાજ્યમાં હાલ અંદાજે એક લાખ જેટલા કેસોમાં વેચાણવેરા, વેટ અને કેન્દ્રીય કાયદા હેઠળની વસૂલાતો બાકી છે .જે પૈકી અંદાજે ૬૨ ટકા જેટલા કેસોમાં કુલ બાકી વસૂલાતની ૦.૩૦ ટકા જેટલી વસૂલાત સંકળાયેલી છે .નાનાં વેપારીઓને વસૂલાતની કાર્યવાહીને પરિણામે ઉદભવતી મુશ્કેલી દૂર કરી રાહત આપી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વેરા માફી યોજના ૨૦૨૨ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**વ્યવસાય વેરા કાયદા હેઠળ આપવામાં આવેલ રાહતઃ**

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી રૂ.૧૨,૦૦૦ સુધીની માસિક આવક ધરાવતાં પગારદારોને વ્યવસાય વેરા કાયદા હેઠળ વ્યવસાય વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

**વ્યવસાય વેરા સમાધાન યોજના,૨૦૨૨**

નોંધણી નંબર કે એનરોલમેન્ટ પ્રમાણપત્ર મેળવેલ ન હોય તેવા તેમજ તે મેળવેલ હોય પરંતુ ભરવાપાત્ર વેરો ભરેલ ન હોય કે વેરો ઉઘરાવેલ જ ન હોય અને પોતાની આવી ક્ષતિ સુધારવા ઈચ્છતા કરદાતાઓ માટે રાહત યોજના અમલમાં મુકવામાં આવેલ છે .

**GST અમલીકરણ:**

- નાના વેપારીઓને ખાસ સુવિધા- ૧.૫ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા વેપારીઓને, નાના ઉત્પાદકો, ટ્રેડર્સ, તથા રેસ્ટોરન્ટસને ખાસ સુવિધા તરીકે Lumpsum વેરો ભરપાઇ કરવાની સુવિધા અને ત્રિમાસિક ધોરણે પત્રકો રજૂ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.
- તા. ૦૧/૧૦/૨૦૨૨ થી રૂ.૧૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવનાર વેપારીઓ માટે E-invoiceની સુવિધા ચાલુ કરેલ છે જેથી E-WayBill જનરેટ કરવા અને GSTR-1 તેમજ GSTR-3B ભરવામાં વેપારીઓને

સરળતા રહે.

**વેરાનાં દરમાં ઘટાડો-રાહત:**

- ડ્યૂટી પેઇડ Aviation Turbine Fuel (ATF) નાં વેચાણ પર તા. ૦૧/૦૧/૨૦૨૨ થી વેરાનો દર ઘટાડીને ૨૫% ને બદલે ૫% કરવામાં આવેલ છે.
- રાજ્યમાં Household domestic consumer ને આપવામાં આવતાં Piped Natural Gas (PNG) નાં વેચાણ પર તા. ૧૮/૧૦/૨૦૨૨ થી ૧૦ % રેમીશન આપવામાં આવેલ છે. જેથી આવાં વેચાણો પર વેરાનો અસરકારક દર ૫ % રહેશે.
- રાજ્યમાં Retail consumer ને vehicle માં fuel તરીકે વપરાશ માટે આપવામાં આવતાં Compressed Natural Gas (CNG) નાં વેચાણ પર તા. ૧૮/૧૦/૨૦૨૨ થી ૧૦ % રેમીશન આપવામાં આવ્યું જેથી આવાં વેચાણો પર વેરાનો અસરકારક દર ૫% રહેશે.

**રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

રાજ્યના રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે ગુજરાત સરકાર દ્વારા **'શક્તિદૂત યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે. શક્તિદૂત યોજનામાં (૧) કુ. અંકિતા રૈના (ટેનીસ) (૨)કુ. ઈલાવેનીલ વાલારીવન (શૂટિંગ) (૩) કુ. માના પટેલ(સ્વીમીંગ) (૪) સુશ્રી ભાવિના પટેલ(પેરા – ટેબલ ટેનિસ) (૫) કુ. પારુલ પરમાર (પેરા – બેડમિન્ટન) અને (૬) કુ સોનલ પટેલ (પેરા – ટેબલ ટેનિસ) એમ જુદી જુદી રમતોના ખેલાડીઓને તેઓની રમતને લગતી ઘનિષ્ઠ તાલીમ મેળવવા આ યોજના હેઠળ આપવામાં આવેલ આર્થિક સહાયને કારણે તેઓએ તાજેતરમાં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં રાજ્ય વતી દેશનું પ્રતિનિધિત્વ કરીને રાજ્યનું ગૌરવ વધારેલ છે.

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨ બર્મિંગહામમાં ટેબલ ટેનિસ રમતમાં શ્રી હરમીત દેસાઈએ ગોલ્ડ મેડલ, પેરા ટેબલ ટેનિસ રમતના ભાવિના પટેલે ગોલ્ડ મેડલ અને સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે.આ ઉપરાંત ક્રિકેટ રમતમાં યાસ્તીકા ભાટિયા અને રાધા યાદવે સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ હતો.

**સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી** સંકુલ ડેસર ખાતે ૪૨૫ની બેઠક વ્યવસ્થાવાળા ઓડીટોરિયમ હોલ સહિત વહીવટી ભવનનું બાંધકામ, ૨૫૦ વિદ્યાર્થિઓની ક્ષમતાવાળી બોયઝ હોસ્ટેલનું બાંધકામ, ૨૫૦ વિદ્યાર્થિનીઓની ક્ષમતાવાળી ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ, સિન્થેટીક એથ્લેટીક ટ્રેક,વિવિધ રમતોના પ્રેકટીસ મેદાનોનું નિર્માણ, મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ  આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો મુજબ અત્યાધુનિક સ્વીમીંગ પુલનું બાંધકામ એમ કુલ રૂા. ૯૫ કરોડના કામો પૂર્ણ થયેલ છે. તા.૨૯-૦૯-૨૦૨૨ નાં રોજ માનનીય. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ડેસર ખાતે આવેલી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સંકુલનું ઈ-લોકાર્પણ કરવામાં આવેલ છે.

પુરાતત્વ અને સંગ્રહાલય કચેરી અંતર્ગત હાલમાં ૧૬ સંગ્રહાલયો કાર્યરત છે, જે પૈકી પાંચ સંગ્રહાલયો આદિજાતી વિસ્તારમાં કાર્યરત છે. રાજયની યુવા પેઢીમાં રાજયના સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક વારસા પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી નીચે મુજબના સંગ્રહાલયોના કામ પ્રગતિમાં છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ભારત દેશના ૫૬૨ રજવાડાઓ જે ભારત દેશ સાથે સ્વતંત્રતાના સમયમાં જોડાઈને અંખડ ભારત દેશ બનાવ્યો તે રજવાડાઓનો વારસો(Heritage) દર્શાવતા અત્યાધુનિક સંગ્રહાલયની કામગીરી પ્રગતિ હેઠળ છે.

સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં જીવન આધારિત સંગ્રહાલયની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

ગુજરાતે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી સેવાઓ સહિતની વિવિધ જાહેર સેવાઓ વધુ અસરકારક, લોકભોગ્ય અને કાર્યક્ષમ તથા ઝડપી બનાવવાની દિશામાં અનેક નવતર કદમ ભર્યા છે.

યુવા પેઢીને સાયન્સ ટેકનોલોજી તથા ઇનોવેશન અંગે નવીન તક આપવા જ્ઞાન આધારિત સાયન્સ ટેકનોલોજી ઇકોસિસ્ટમનું નિર્માણ સરકાર કરી રહી છે .ગુજરાત દેશભરના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ત્રણ વર્ષથી પ્રથમ ક્રમે રહ્યું છે .સાયન્સ ટેકનોલોજી ક્ષેત્રે રોજગાર સર્જન અને ઇનોવેશનને પણ પ્રોત્સાહન ગુજરાત સરકાર આપે છે.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

રાજ્યપાલશ્રીનું સંબોધન

**ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી**

ગુજરાત સાયન્સ સિટી ખાતે વર્ષ-૨૦૨૨માં આશરે ૧ મિલિયન મુલાકાતીઓએ મુલાકાત લીધી છે .ગુજરાત સાયન્સ સિટીનો સમાવેશ વિશ્વના શ્રેષ્ઠ ૫૦ સ્થળોમાં સૌથી મોટા અને શ્રેષ્ઠ સાયન્સ પાર્ક તરીકે કરવામાં આવ્યો છે.

**ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી ( ગુજકોસ્ટ)**

ગુજકોસ્ટ દ્વારા રાજ્યના તમામ તાલુકાઓની સરકારી પ્રાથમિક શાળાઓ, આદિજાતિ શાળાઓ તેમજ છેવાડાના ગામડાઓની રેસિડેન્શિયલ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગુજરાત સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કર્યું છે. જેથી રોજના ૩૩ જિલ્લાના લગભગ ૧૭૦૦ જેટલા વિદ્યાર્થી અને શિક્ષકો ગુજરાત સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાત લઈ રહ્યા છે. આગામી ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં રાજ્યની સરકારી શાળાઓના ૧,૧૭,૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાયન્સ સિટીની મુલાકાતનો લાભ લેશે.

**ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન**

સંશોધન સહાય યોજના હેઠળ કુલ ૩૩ સંશોધન પ્રોજેક્ટ્સને રૂા.૧૯.૯ કરોડ રૂપિયાની નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી છે જેમાં નેટવર્ક પ્રોગ્રામ ઓન બાયો-કમ્પોસીટસ એન્ડ બાયોપોલીમર્સ અને નેટવર્ક પ્રોગ્રામ ઓન એડવાન્સડ બાયોફ્યુલ્સનો સમાવેશ થાય છે. આ સહાયનો લાભ ૧૬ યુનિવર્સિટીઓ, ૮ ઈન્સ્ટીટયુટસ અને ૪ કોલેજોમાં ૮૭ સંશોધકો અને ૫૪ રિસર્ચ ફેલોઝને મળેલ છે. બાયોટેકનોલોજીના માનવ સંસાધન વિકાસ માટે રાજ્ય સરકાર રૂા.૨૦૦ લાખના ખર્ચે વિવિધ તાલીમ અને પ્રોત્સાહન કાર્યક્રમોના સંચાલન કરે છે.

**ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી**

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી બાયોટેકનોલોજીની શાખામાં પીએચ.ડી. અને એમ.એસ.સી. પ્રોગ્રામ ઓફર કરે છે. જે વિશ્વની પેહલી બાયોટેક્નોલોજી યુનિવર્સીટી છે જે માત્ર અને માત્ર બાયોટેક્નોલોજી અને તેને સંલગ્ન ક્ષેત્રે શૈક્ષણિક અને સંશોધનની કામગીરી માટે બનાવવામાં આવી છે તથા યુનિવર્સીટીમાં એમએસસી માટે કુલ ૧૦૦ (+૧૦% EWS ) બેઠકો મંજૂર કરવામાં આવેલ છે અને આ વર્ષથી તેની પહેલી બેચ શરૂ થઇ ગયેલ છે.

ગુજરાત સરકાર અને UK સરકાર વચ્ચે થયેલ સમજૂતી અન્વયે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના સ્કોટલેન્ડની વિશ્વમાં ટોપ ૨૫માં આવતી યુનિ. ઓફ એડિનબરા સાથે પાર્ટનરશીપ થયેલ છે તથા ગુજરાત સરકાર દ્વારા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીને તેના ગાંધીનગર ખાતેના કેમ્પસ માટે વધુ ૧૩ એકર જમીનની ફાળવણી કરાયેલ છે જેથી, ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ વ્યક્તિઓનો સમાવેશ કરી શકતા પૂર્ણ કેમ્પસ તરીકે કાર્યરત થઇ શકશે.

**આઈ.ટી .નીતિ (૨૦૨૨-૨૦૨૭)**

IT સેક્ટરમાં ઝડપી અને સર્વસમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે નવી ગુજરાત સરકાર નવી આઈ.ટી .નીતિ) ૨૦૨૨-૨૦૨૭(ની જાહેરાત કરી છે .આ નવી નીતિ પાંચ વર્ષ એટલે કે ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે .

નવી આઈ.ટી .નીતિ આવવાથી ગુજરાતમાં નવી ૧ લાખ રોજગારીનું સર્જન થશે. આ નીતિ CAPEX-OPEX મોડલનો એક યુનિક કોન્સેપ્ટ રજૂ કરે છે જે સમગ્ર દેશમાં પ્રથમ છે. સામાન્ય પ્રોજેક્ટ માટે વધુમાં વધુ રૂ.૫૦ કરોડની મર્યાદામાં ૨૫ ટકાનો CAPEX સપોર્ટ અપાશે. મેગા પ્રોજેક્ટ માટે આ મર્યાદા રૂ.૨૦૦ કરોડ સુધીની રહેશે. દર વર્ષે રૂ.૨૦ કરોડ સુધીના સામાન્ય પ્રોજેક્ટ માટે અને દર વર્ષે રૂ.૪૦ કરોડના મેગા પ્રોજેક્ટ માટે ૧૫%નો OPEX સપોર્ટ આપશે .

**ઇ-સરકાર**

અસરકારક, કાર્યક્ષમ અને પારદર્શક શાસન માટે કોમ્પુટરાઇઝ્ડ અને ઓટોમાટેડ પ્રક્રિયા બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા ઇ-સરકાર એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલ છે . ઇ-સરકાર સોફ્ટવેરને લેટેસ્ટ ટેકનોલોજી સાથે ડેવલોપ કરવામાં આવ્યું છે .આ એપ્લિકેશન ગુણવત્તાયુક્ત નિર્ણયો લેવાની પ્રક્રિયાને પણ ઝડપી બનાવશે .

## રાજ્યપાલશ્રીનું સંબોધન

સચિવાલયના તમામ વિભાગો, ૩૬૬થી વધારે ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન તથા તમામ કલેકટર કચેરી, ૨૩૫ મામલતદાર કચેરી અને અન્ય જિલ્લા અને તાલુકા સ્તરની કચેરીઓને ઇ-સરકાર અંતર્ગત આવરી લેવામાં આવેલ છે .

**ઇ-સાઇન અને ઇ-સીલ**

ઇ-સાઇન અને ઇ-સીલ સોલ્યુશન ડિજિટલ હસ્તાક્ષરિત અને સીલબંધ દસ્તાવેજો જારી કરવા માટે વિભાગ/બોર્ડ/નિગામોને સુવિધા આપે છે. ઇ-સાઇન અને ઇ-સીલ ના અમલીકરણ માટે તમામ વિભાગોમાં એનરોલમેન્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. મહેસૂલ વિભાગ દ્વારા iORA પોર્ટલ પરથી ઇ-સીલ થયેલ ૭/૧૨ અને ૮-અ ની નકલો નાગરિકો દ્વારા મેળવી શકાય છે .

**ગુજરાત સેમીકંડક્ટર પોલિસી ૨૦૨૨-૨૭**

ગુજરાત સરકાર દ્વારા સેમીકંડક્ટર પોલિસીની જાહેરાત કરવામાં આવી છે. આ પોલિસી ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ, સેમિકન્ડક્ટર્સ અને ડિસ્પ્લે ફેબ્રીકેશન ઇકોસિસ્ટમના વિકાસ માટે તાજેતરમાં મંજૂર કરાયેલી રૂ.૭૬,૦૦૦ કરોડના ખર્ચ સાથેની પોલિસી હેઠળ આવનારા રોકાણને ગુજરાતમાં આકર્ષવામાં મદદરૂપ થશે. ગુજરાત સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ક્ષેત્રે સહાય માટે સમર્પિત પોલિસી જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉદ્યોગ માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની પ્રતિબદ્ધતા સાથે, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજિયનમાં એક નવું સેમિકોન સિટી વિકસાવવામાં આવશે.

**વેદાંતા-ફોક્સકોન ગ્રુપ સાથે બે MoU**

તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ગુજરાતમાં સેમીકંડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ડીસપ્લે નિર્માણ માટે ગુજરાત સરકાર અને વેદાંતા-ફોક્સકોન ગ્રુપ વચ્ચે કુલ ૧ લાખ ૫૪ હજાર કરોડના મૂડીરોકાણ માટે બે MoU થયા.

**ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ પોલિસી (૨૦૨૨-૨૮)**

તા.૨૮ ઓકટોબર, ૨૦૨૨ના રોજ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ઝડપી અને વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ પોલિસી (૨૦૨૨-૨૮) ની જાહેરાત કરવામાં આવી. આ પોલિસીથી રાજ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના રોકાણકારોને આકર્ષિત કરવામાં મદદ મળશે. રાજયમાં 30 બિલિયન ડોલરનું ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેનાથી ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં વધારો થશે. આ પોલિસી દ્વારા રાજયમાં અંદાજિત ૧૦ લાખ નવી રોજગારીની તકો ઊભી કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

**ડિજિટલ ગુજરાત પોર્ટલ**

રાજ્યના નાગરિકોને એક જ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિકલક્ષી સેવાઓ ઘરે બેઠા મળી રહે તે હેતુથી ડિજિટલ ગુજરાત પોર્ટલ કાર્યરત છે. જેમાં રાજ્ય સરકારના વિવિધ વહિવટી વિભાગોની સેવાઓ ઉપલબ્ધ છે. રાજ્યમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ(કોમન સર્વિસ પોર્ટલ)ના માધ્યમથી ૧૧૦ જેટલી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

**ડિજિટલ સેવા સેતુ**

ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમ-૨૦૨૦થી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે .આજની તારીખમાં ડિજિટલ સેવા સેતુ દ્વારા ૧ કરોડ ૧૧ લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે .હાલમાં, ૧૪,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવા સેતુ પહેલ હેઠળ ૩૨૧ સેવાઓ અમલમાં છે.

**વન અને પર્યાવરણ**

વન, વન્યપ્રાણી અને પર્યાવરણના સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સ્વ-સહાય જૂથો, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ અને લોક સહકારથી વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓનાં સંરક્ષણની કામગીરી પર ભાર મુકેલ છે .વનીકરણની પ્રવૃતિઓથી વન વિસ્તાર નજીક વસવાટ કરતાં, વનવાસીઓને રોજગારીનો લાભ મળે છે .સઘન અને લોક ભાગીદારીનાં પ્રયત્નોથી વનીકરણ કાર્યક્રમને સફળતા મળેલ છે .ગુજરાતની ઉદ્યમી પ્રજાનાં સહકારને કારણે વન વિસ્તારનાં બહારનાં વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા અને વન્યજીવોની સંખ્યામાં સતત વધારો થયો છે.

- પ્રકૃતિ, પર્યાવરણ,વન, વન્યપ્રાણીઓ અને સંલગ્ન વિષયો બાબતે જાહેર જનતા તેમજ શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં પરિસરીય શિક્ષણના માધ્યમથી લોકજાગૃતિ કેળવવી તેમજ પરિસરીય સંશોધનો હાથ ધરવાના છે જે અંતર્ગત પ્રકૃતિ શિક્ષણ શિબિર, હરિયાળુ ગુજરાત – રેડિયો કાર્યક્રમ, સૃષ્ટિ સામાયિકનું પ્રકાશન, પક્ષી દર્શન તાલીમ કાર્યક્રમ, ચોમાસાની ઋતુમાં ટ્રેકીંગ અને પ્રકૃતિ શિક્ષણ કાર્યક્રમ, વિવિધ

પર્યાવરણલક્ષી દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

- સને ૨૦૦૩માં વનવિસ્તાર બહાર કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષો હતા, જે વધીને હવે **૨૦૨૧**ની વૃક્ષ ગણતરી મુજબ **૩૯.૭૫ કરોડ વૃક્ષો** થયેલ છે.

- ગુજરાતમાં **વન આચ્છાદિત વિસ્તારમાં** વર્ષ ૨૦૨૧ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૭ની સરખામણીમાં **કુલ ૧૬૯ ચો. કિ.મી. નો વધારો** નોંધાયેલ છે.

- ગુજરાત ઈકોલૉજી કમિશન દ્વારા રાજ્યમાં ચેરિયાનો વિસ્તાર વધે તથા દરિયાઈ પર્યાવરણના સંવર્ધનનો હેતુ સિદ્ધ કરવા આ વર્ષમાં ૧૦૦૦ હેક્ટરમાં મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવેલ છે.

- ગુજરાત ઈકોલૉજી કમિશન દ્વારા ભારત સરકાર તથા વિશ્વ બેંકની સહાયથી શિવરાજપુર, દ્વારકા ખાતે ભારતનો સૌ પ્રથમ પર્યાવરણ સુઘડતા અને સ્વચ્છ બીચ **બ્લ્યુ ફ્લેગ બીચ** તરીકે વિકસાવવામાં આવેલ છે. રાજ્યમાં પર્યાવરણ આધારિત પ્રવાસન સ્થળના વિકાસ અર્થે રાજ્ય સરકાર દ્વારા આવા બીજા ત્રણ બીચ વિકસાવવાનો આ વર્ષે નિર્ણય કરેલ છે.

**વહીવટી સુધારણા** ગુજરાતની અવિરત વિકાસયાત્રાની સફળતાના પાયામાં પણ સુશાસન જ રહેલું છે .ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષમાં પણ ગુજરાત દેશમાં અગ્રણી રહ્યું છે.

ગુડ ગવર્નન્સના ઈનિશીએટિવના ભાગરૂપે સરકારના વિવિધ વિભાગોના ૧૨ જેટલા વેબ-પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યાં છે, જેના દ્વારા વિભાગની કામગીરી વધુ સુદઢ બનતાની સાથે પારદર્શિતા અને ઝડપ આવશે તથા લોકોને યોજનાઓના લાભ મેળવવામાં સરળતા થવાથી કચેરીઓમાં જવાની જરૂર પણ નહીં રહે

- સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી અધિકારી/કર્મચારીઓને પાસ કરવાની થતી પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા, બઢતી માટેની ખાતાકીય પરીક્ષા જેવી તમામ ખાતાકીય પરીક્ષાઓના ધોરણોમાં સુધારો કરી પરીક્ષામાંથી મુક્તિ માટેનું ધોરણ ૬૦% માથી ૫૦% તથા ૫ ગુણ કૃપાગુણ તરીકે આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે જેથી કર્મચારી/અધિકારીઓની બઢતી તથા અન્ય સેવાકીય પ્રક્રિયા ઝડપી બનશે તથા સેવાકીય બાબતોના કોર્ટ કેસોનું પ્રમાણ ઘટશે.

રાજયના વહીવટી તંત્રને પારદર્શક, સંવેદનશીલ અને વેગવંતુ બનાવવાના હેતુથી વર્ષ ૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ ‘સેવા સેતુ કાર્યક્રમ’ હેઠળ કુલ-૮ (આઠ) તબક્કાઓ પૂર્ણ કરવામાં આવેલ છે.

‘‘સેવા સેતુ’’ કાર્યક્રમમાં પ્રજાની આવકના દાખલા, રાશન કાર્ડ, આધાર કાર્ડ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર વગેરે જેવી ૫૭ સેવાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

**સ્પેશિઅલ ફાઉન્ડેશન કોર્સ:** રાજ્ય કક્ષાની અગ્રણી તાલીમ સંસ્થા તરીકે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા દ્વારા પ્રથમવાર કેન્દ્રીય સેવાના ૨૮ જેટલા અધિકારીઓને ૧૫ અઠવાડિયાની તાલીમ આપવામાં આવેલ છે. જે હેઠળ પ્રશાસનમાં આવનાર સમયમાં જરૂરી એવા વિષયોનું વર્ગખંડમાં જ્ઞાન આપવામાં આવેલ છે.

પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, મહેસાણાના નવા ભવનનું નિર્માણ સંપન્ન કરવામાં આવેલ છે અને આ બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રીનાં વરદ્‌હસ્તે ઓક્ટોબર,૨૦૨૨માં કરવામાં આવેલ છે.

ગુજરાત)જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર (અધિનિયમ, ૨૦૧૩ પૂર્ણ રીતે અમલમાં આવતાં આ કાયદા અંતર્ગત ગુજરાત સરકારના કુલ-૨૦ વિભાગોની ૪૪૮ જેટલી નાગરિકોને સીધી સ્પર્શતી સેવાઓને કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે .

**લોક ફરિયાદઃ** નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે ભારત સરકારના વહીવટી સુધારણા અને લોક ફરિયાદ વિભાગ દ્વારા ઓનલાઇન ફરિયાદ નોંધાવી શકાય તે માટે PG Portal (CPGRAMS) શરૂ કરવામાં આવેલ છે . વર્ષ ૨૦૧૨થી જાન્યુઆરી-૨૦૨૩ સુધીના સમયગાળામાં રાજ્ય સરકારને નાગરિકો દ્વારા કુલ ૨,૯૦,૪૭૨ જેટલી ઓનલાઇન ફરિયાદ મળેલ છે, જે પૈકી ૨,૭૨,૬૫૦ જેટલી ફરિયાદોનો નિકાલ થયેલ છે .આમ, નિકાલનો દર ૯૩.૮૬ ટકા જેટલો છે.

**માહિતી અને પ્રસારણ** રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી રાજ્યના અંતરિયાળ વિસ્તારના લોકોને ઝડપથી મળે તે હેતુથી દસ્તાવેજી ફિલ્મો, ખાસ મલ્ટી મીડિયા દસ્તાવેજી ચિત્રો તેમજ ટી.વી .ક્વિકી/ઝીંગલનુ નિર્માણ કરવામાં આવે છે.

રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો અને લોકકલ્યાણલક્ષી યોજનાકીય અધિકૃત વિગતો, ફેલોશીપ કાર્યક્રમની જાણકારી અખબારી યાદીઓ, લેખો, ફોટોગ્રાફ્સ, ટી.વી .કવરેજ, વેબ સાઇટ, વેબ કાસ્ટીંગ, ઇ-મેલ દ્વારા નિયમિત રીતે વિવિધ પ્રચાર માધ્યમોને પહોંચાડવામાં આવે છે.

માન્ય પત્રકારોને રક્ષણ આપવા રાજ્ય સરકારે પત્રકારો માટે સામુહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે .આ યોજના હેઠળ ૨૫ થી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્ય પત્રકારોને આવરી લેવામાં આવે છે .આ યોજનામાં કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂ.૧,૦૦,૦૦૦ )અંકે રૂપિયા એક લાખ (તથા અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂ.૫,૦૦,૦૦૦ )અંકે રૂપિયા પાંચ લાખ(નું વીમા કવચ આપવામાં આવે છે .જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧૫૧ માન્ય પત્રકારોને વીમા કવચ પૂરું પાડવામાં આવેલ છે.

**આયોજન** **વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ**

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વિવેકાધીન, પ્રોત્સાહન અને ભૌગોલિક રીતે પછાત વિસ્તારની યોજનાઓ અમલમાં છે .જેના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ રૂ.૪૨૫.૪૫ કરોડના ૨૨,૯૦૦ કામો મંજૂર કરવામાં આવેલ છે .જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધીમાં રૂ .૩૯૨.૬૩ કરોડના કુલ ૨૦,૨૨૬ કામો મંજૂર કરવામાં આવેલ છે .

**વિકાસશીલ તાલુકા યોજના**

આ યોજના હેઠળ સરકાર દ્વારા નક્કી કરાયેલ ૫૦ વિકાસશીલ તાલુકાઓને તાલુકાના વિકાસ માટે તાલુકાદીઠ રૂ.૨ કરોડ એમ કુલ રૂ.૧૦૦ કરોડની ગ્રાંટ દર વર્ષે ફાળવવામાં આવે છે .જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫ ફેબ્રુઆરી,૨૦૨૩ સુધીમાં રૂ .૭૫.૧૫ કરોડના કુલ ૧૫૫૭ કામો મંજૂર કરવામાં આવેલ છે.

### iojn 4planning Portal

MLP (Multi Level Planning) ની તમામ યોજનાઓ હેઠળ મંજૂર થયેલા તમામ કામોની વાસ્તવિક સમયની દેખરેખ માટે iojn4planning ઓનલાઈન પોર્ટલ બનાવવામાં આવેલ છે .જેમા મંજૂર કરવામાં આવતા તમામ કામોની પ્રાથમિક મંજૂરી, ટેકનિકલ મંજૂરી, વહીવટી મંજૂરી, ગ્રાન્ટ ફાળવણી, ચાલુ કામો, પૂર્ણ કામો તેમજ ગ્રાન્ટના ઉપયોગની વિગતોની રિયલ ટાઇમ એન્ટ્રી કરવામા આવે છે .

આયોજનની તમામ યોજનાઓ હેઠળ મંજૂર કરાયેલા દરેક કામની પ્રગતિનું રાજ્ય સ્તરે iojn4planning પોર્ટલ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે .આ પોર્ટલ પરના કામોની પ્રગતિ પણ 'સીએમ ડેશબોર્ડ' સાથે જોડાયેલી છે.

**ન્યાયતંત્ર** કાયદા વિભાગ મુખ્યત્વે ન્યાયતંત્ર માટે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની તથા ન્યાયિક કાર્યવાહી સરળતાથી ચાલી શકે તે માટે નામ .ગુજરાત હાઇકોર્ટના પરામર્શમાં રહી જરૂરી નિમણૂકો કરવાની તથા વિવિધ કાયદાઓ હેઠળ જે ખાસ અદાલત ( Special Courts) ની સ્થાપના જરૂરી હોય તેવી કોર્ટોની સ્થાપના માટેની અગત્યની કામગીરી કરે છે .ન્યાયતંત્ર માટે અગાઉ ૨૦૦૩-૦૪માં કાયદા વિભાગનું બજેટ જે માત્ર રૂ.૧૪૦.૧૯ કરોડનું હતું તેમાં સતત વધારો થતો રહ્યો છે અને ૨૦૨૨-૨૩ માં ૧૨૪૧ ટકાનો વધારો કરી રૂ.૧૭૪૦.૦૩કરોડની વિક્રમજનક રકમની ફાળવણી ન્યાયતંત્ર માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

- ભારત સરકારની 'Central Victim Compensation Fund Scheme'(C.V.C.F.)ની ગાઇડ લાઇન મુજબ, આ સ્કિમ અંતર્ગત પીડિતો(ભોગ બનનાર) અથવા તેના આશ્રિતોને શારીરિક ઇજા અથવા નુકસાન સહન કરનારને રાજ્ય સરકાર નાણાકીય સહાય પૂરી પાડે છે.
- કૌટુંબિક વિવાદોના નિવારણ કોર્ટની બહાર થાય તે આશયથી એક વ્યવસ્થા ઉભી કરવાના ભાગરૂપે કૌટુંબિક સંઘર્ષો/વિવાદોના નિવારણ અને સુલેહ માટે **'ફેમિલી ફર્સ્ટ-સમજાવટનું સરનામુ'** યોજનાના અમલ માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિનું ગઠન કરેલ છે. કાયદા વિભાગના તા.૦૮/૦૮/૨૦૨૨ તેમજ તા.૨૨/૦૮/૨૦૨૨ના પરિપત્રથી આ યોજનાનુ અમલીકરણ કરવામાં આવેલ છે.

- અમદાવાદ સિટી સિવિલ કોર્ટ ખાતે નશીલા દ્રવ્યોના કેસો ચલાવવા માટે એન.ડી.પી.એસ.એક્ટ હેઠળ ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે.
- રાજ્યમાં પોક્સો એક્ટ હેઠળના પડતર કેસોને ઝડપી ચલાવવા માટે આ અધિનિયમ હેઠળ કુલ ૧૯ ખાસ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે.
- નવી કોર્ટ બિલ્ડિંગના રૂપિયા પાંચસો પચ્ચીસ કરોડ એકતાલીસ લાખથી વધુના બાંધકામના કુલ ૨૧ કામો પ્રગતિમાં છે.
- **ચેરીટીતંત્રની કચેરીઓ** માટે જુદા જુદા જિલ્લાઓ ભરૂચ, સુરત, હિમ્મતનગર, બોટાદ, અરવલ્લી-મોડાસા, કચ્છ-ભૂજ, સુરેંદ્રનગર, મહીસાગર-લુણાવાડા, રાજપીપળા-નર્મદા, વેરાવળ(ગીર સોમનાથ), મોરબી, પાટણ, દેવભૂમિદ્વારકા, ભાવનગર, રાજકોટ ખાતે સરકારશ્રી તરફથી કચેરીના બાંધકામ માટે જમીન ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે પૈકી **ગોધરા** તથા **ભરૂચના** મકાનનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

**ક્લાઈમેટ ચેન્જ** રાજયમાં સ્વચ્છ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ પવન ઊર્જા નીતિ–૨૦૧૬ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન રાજયમાં વધુ ૫૬૦.૫૯ મેગાવોટ ક્ષમતાના વિન્ડફાર્મ જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કાર્યરત કરાયા છે. આમ રાજયની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા વધીને ૯૭૬૪.૨૬ મેગાવોટ થઇ છે.

રાજયમાં સ્વચ્છ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ સૌર વિદ્યુત નીતિ-૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન રાજ્યમાં **૧૨૬૮.૬૦ મેગાવોટ કુલ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ** જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં કાર્યરત કર્યા છે. આમ રાજયની કુલ સોલાર ઉત્પાદન ક્ષમતા વધીને ૮૯૨૯.૯૩ મેગાવોટ થઇ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં **રાજ્યની સરકારી કચેરીઓ** જેવી કે મામલતદાર, પ્રાંત, કલેક્ટર, આરટીઓ, શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, હેલ્થ સેન્ટર, જિલ્લા ન્યાયાલયો, આઈટીઆઈ વગેરે સરકારી કચેરીઓની છત પર ૧૩૦૦ કિલો વોટ ક્ષમતાની **સોલર રૂફટોપ સિસ્ટમ્સ** લગાડવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કુલ **રૂ.૧૧.૫૨ કરોડનો** ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં ૫૨૭૦ નંગ બેટરી ઓપરેટેડ દ્વિચક્રી વાહનોનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કુલ રૂ.૧૧.૩૦ કરોડની સબસિડિ આપવામાં આવેલ છે.

પંદરમી વિધાનસભાના આ સન્માનીય ગૃહને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત શક્તિશાળી, સમૃદ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજ્ય છે .ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ સૂરજની જેમ ઝળહળી રહ્યો છે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે ગુજરાતની વિકાસયાત્રા હજુ ખૂબ આગળ લઈ જવાની છે .આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનું છે .ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુ મજબૂત બનાવવાની આપણા સૌની જવાબદારી છે .

પ્રત્યેક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઈ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું જતન કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે .આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં જનતાના પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું . જનતાના આ આશીર્વાદ જનસેવા માટે આપ સૌને અપ્રતિમ બળ આપશે એવી મને શ્રદ્ધા છે .

**ભારત માતા કી જય**

**જય જય ગરવી ગુજરાત**

*****

**રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી પ્રવિણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવમાં નિયમોના ભંગ અંગે**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા **(**પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી**,** મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન છે એ બંધારણના આર્ટિકલ ૧૭૬(૧) હેઠળ આપણે બે વખત મેન્ડેટરી છે. એક વખત જયારે ગૃહ ચૂંટાયા પછી મળે ત્યારે અને બીજી વખત જયારે પણ વર્ષની શરૂઆતમાં ગૃહ મળે ત્યારે અને એના પછી આપણે જે આભાર પ્રસ્તાવ રજૂ કરીએ છીએ એ ખાલી નિયર ફોર્માલીટી નથી પણ બંધારણીય સ્પીરીટને અનુરૂપ આપણે એમને આભાર પ્રસ્તાવ મોકલીએ છીએ અને એ આભાર પ્રસ્તાવની અંદર અસહમત થવાનો તો અધિકાર નથી પરંતુ એમાં સુધારો સૂચવવાનો સભ્યોને અધિકાર હોય છે અને એ સુધારો આપણા નિયમ પ્રમાણે આભાર પ્રસ્તાવ રજૂ થયા પછી બે દિવસની અંદર આપણો જે સુધારો છે એ કોઇપણ શાસક કે વિપક્ષે ગમે તે પક્ષમાંથી રજૂ કરવાનો હોય છે. અને એના પછી આપણી જે સંસદીય પ્રણાલિઓ ને કાર્યરીતિ ભાગ-૧માં દર્શાવ્યું છે એ પ્રમાણે એમાં મિનિમમ ૩ દિવસની ચર્ચા કરવાની જોગવાઇ છે. ઓછામાં ઓછા ૩ દિવસની, વધારે આપી શકાય. એ પરંપરા આપણી વર્ષોથી ચાલી આવે છે.

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, શું પરંપરા તૂટી છે? એ મુદ્દા ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એ પરંપરા ચાલી આવે છે. નિયમોમાં જોગવાઇ છે. પરંપરામાંથી કદાચ ...

અધ્યક્ષશ્રી : નિયમો કયા તૂટે છે એ મુદ્દા ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : નિયમ એ છે કે બે દિવસમાં સુધારા પ્રસ્તાવ આપવો જોઇએ અને ૩ દિવસની ચર્ચા આપવી જોઇએ. નિયમ-૧૭૬(૧) હેઠળ આપણે ચૂંટાયા પછી તરત જ રાજ્યપાલશ્રીનું પ્રવચન હતું એ આભાર પ્રસ્તાવમાં આ બન્ને નિયમોનો ભંગ થયો છે. એ વખતે અમે વાંધો પણ લીધો હતો. આ વખતે પણ આ પરંપરા બીજી વખત ચાલુ રાખવાનું શરૂ કર્યું છે. મને કોઇ વાંધો નથી. પરંતુ આ પ્રકારનું ભવિષ્યમાં ન બને એ બાબતે આપ વિગતે અવલોકન કરો એવી આ પોઇન્ટ ઓફ ઓર્ડર મારફતે મારી વિનંતી છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે બંધારણની કલમ ટાંકી છે એ વાત સાચી છે. પરંતુ એ કલમમાં એક વર્ષ દરમિયાન એક કેલેન્ડર ચરમાં માનનીય રાજ્યપાલશ્રી બે વખત આ ગૃહને સંબોધન કરી શકે છે અને આપણે જ્યારે આ વાત કરીએ છીએ ત્યારે આ બીજી વખત વાત કરીએ છીએ. પહેલાં આપણે મળ્યાં ત્યારે ટૂંકું સત્ર હતું. બે દિવસનું હતું. પહેલેથી આપણને એની જાણકારી હતી અને માનનીય રાજ્યપાલશ્રી આવ્યા એટલે આપણે એ દિવસે એક ઔપચારિક ભૂમિકા તરીકે આપણે ૩ દિવસની ચર્ચા કરી ન હતી. એમનું પ્રવચન પણ એ પ્રકારનું ન હતું. એટલે બીજી વખત બંધારણની રીતે આવ્યા છે ત્યારે એમણે રજૂઆત કરી છે ત્યારે એની ૩ દિવસની ચર્ચા માટે કામકાજ સલાહકાર સમિતિએ પણ નક્કી કર્યું હશે અને કામકાજ સલાહકાર સમિતિએ નક્કી કર્યું છે એ પ્રમાણેની પ્રક્રિયા વિધાનસભા ગૃહમાં ચાલશે એટલે મને લાગે છે કે આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર જેવું કાંઇ રહેતું નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ અનુભવી સભ્ય છે. હું ફરી ધ્યાન દોરું છું કે બંધારણની કલમ-૧૭૬(૧) છે એ મુજબ એક જ વખત મેન્ડેટરી છે. પરંતુ જ્યારે ચૂંટાયા પછી તરત જ જે સત્ર મળે એમાં પણ મેન્ડેટરી છે. એ સિવાયના બંધારણના અનુચ્છેદ પ્રમાણે રાજ્યપાલશ્રી પ્રવચન જરૂર કરી શકે છે. પણ સામાન્ય રીતે એ પ્રવચનો હોતા નથી. હોય તો કોઇ કારણસર અહીંયા પ્રવચન થતું હોય છે. જ્યારે આ બન્ને પ્રવચનો મેન્ડેટરી છે અને એ પછી આ મેન્ડેટરી જોગવાઇઓ છે કે બે દિવસનો સમય સભ્યશ્રીઓને આપવો જોઇએ. એની નકલ અહીંયા આવી જવી જોઇએ. એના પછી સુધારા રજૂ થવા જોઇએ અને એના પછી ત્રણ દિવસ ચર્ચાનો સમય આપવો જોઇએ. જો એ ન આપે તો એ માત્ર ' નિયર ફોર્માલિટીઝ' થઇ જાય છે. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનને જ્યારે ગૃહ ગંભીરતાથી લેતું હોય ત્યારે એના ઉપર ચર્ચા પણ ગંભીરતાથી થવી જોઇએ. નિયમો પ્રમાણે થવી જોઇએ, મારી વાત માત્ર આટલી જ છે.

અધ્યક્ષશ્રી : એક તો આજની પ્રક્રિયા છે એમાં તમારા કોઇ સુધારા હોય તો એ લઇ લેવામાં આવશે. બીજું, અત્યારે જે પ્રક્રિયા ચાલે છે એ તમામ નિયમ મુજબ છે અને એ પ્રક્રિયાને આપણે આગળ ચલાવીએ. આપે જે પોઇન્ટ ઓફ ઓર્ડર કહ્યો છે એ ખાસ કરીને ગયા વખતના ગવર્નરશ્રીના ભાષણ બાબતે આનુષંગિક વાત કરી હતી. એ વખતે પણ મેં સ્પષ્ટતા કરી હતી અને ફરી સ્પષ્ટતા કરું છું અને પોઇન્ટ ઓફ ઓર્ડર પણ જે દિવસનો વિષય ચાલતો હોય એ દિવસની પ્રક્રિયાને આનુષંગિક આપણે લઇએ તો મને લાગે છે કે આપણી પરંપરા પણ જળવાશે અને નિયમો પણ જળવાશે. આમ છતાં સુધારા બાબતમાં નોટિસ પિરિયડ વેવ કરીને પણ આપના સુધારા સ્વીકારવામાં આવશે. પોઇન્ટ ઓફ ઓર્ડર આપણે અહીંથી પૂર્ણ કરીએ છીએ.

**શોકદર્શક ઉલ્લેખો**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ રાજ્યપાલ સ્વ. શ્રી ઓમ પ્રકાશ કોહલી, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલ. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી દાઉદભાઇ મિયાભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટના અવસાન અંગે**

**ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીના અવસાન અંગે.**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ**(**સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીનું તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી કોહલીનો જન્મ ૯ મી ઓગસ્ટ, ૧૯૩૫ના રોજ દિલ્હી ખાતે થયો હતો. તેઓશ્રીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી હિંદી વિષય સાથે એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તે જ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં વ્યાખ્યાતા તરીકે ૩૭ વર્ષ સુધી સેવાઓ આપી સન ૧૯૯૪માં રીડર તરીકે નિવૃત્ત થયા હતા. સ્વર્ગસ્થશ્રી કોહલીએ સન ૧૯૯૪થી ૨૦૦૦ના સમયગાળા દરમયાન રાજ્ય સભાના સભ્ય તરીકે વિવિધ સમિતઓના સભ્ય તથા અધ્યક્ષ તરીકે કામગીરી બજાવેલ હતી. આ ઉપરાંત દિલ્હી યુનિવર્સિટીના વિવિધ સંગઠનો સાથે તેઓ સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી કોહલી સંનિષ્ઠ અને કુશળ સંગઠક હતા તેમજ કર્તવ્ય પરાયણતાને વરેલા હતા. તેઓશ્રીએ તારીખ ૧૬-૦૭-૨૦૧૪થી તારીખ ૨૧-૦૭-૨૦૧૯ સુધી ગુજરાત રાજ્યના રાજ્યપાલ તરીકે રહી વર્તમાન વિકાસયાત્રાનો નકશો કંડારવામાં ઉમદા માર્ગદર્શન આપ્યું હતું. સ્વર્ગસ્થશ્રી કોહલીએ તા.૦૬-૦૮-૨૦૧૪ થી તા.૨૫-૦૮-૨૦૧૪ સુધી ગુજરાતની સાથે ગોવાના રાજ્યપાલ તરીકે અને તા.૦૮-૦૯-૨૦૧૬ થી તા.૧૯-૧-૨૦૧૦૮ સુધી મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સંભાળ્યો હતો. તેઓશ્રીએ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના કુલપતિ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રીના દુ:ખદ અવસાનથી ગુજરાત રાજ્યએ એક સાચા મિત્ર અને રાષ્ટ્રએ એક કુશળ શિક્ષણવિદ અને અનુભવી રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરીના અવસાન અંગે.**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરીનું તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ચૌધરીનો જન્મ પહેલી જૂન, ૧૯૫૧ના રોજ સૂરત જિલ્લાના માંગરોળ તાલુકાના ઇસનપુર મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી ચૌધરીએ બી.કોમ સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ચૌધરીએ નવમી તથા દશમી ગુજરાત વિધાનસભામાં માંગરોળ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતુ અને વિવિધ પ્રજાલક્ષી કાર્યોને પ્રાધાન્ય આપેલ હતું. સ્વર્ગસ્થશ્રી ચૌધરીએ તા.૨૯-૧૦-૧૯૯૭થી તા.૧૩-૦૩-૧૯૯૮ સુધી ગુજરાત સરકારમાં પંચાયત વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ જનહિત માટે અગ્રેસર એવા જનસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નારણભાઇ કાળીદાસ પટેલનો શોકદર્શક ઉલેખ**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નારણભાઇ કાળીદાસ પટેલનું બીજી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ૧૦૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૦મી નવેમ્બર, ૧૯૨૨ના રોજ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખારચીયા મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રથમ વર્ષ બી.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવા સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે બીજી તથા ત્રીજી ગુજરાત વિધાનસભામાં જેતપુર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા ભજવી હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક પ્રવૃત્તિઓ સાથે આજીવન સંકળાયેલા એવા સ્વાતંત્ર્ય સેનાની ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યશ્રી દાઉદભાઇ મીયાંભાઇ પટેલનો શોકદર્શક ઉલેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દાઉદભાઇ મિંયાભાઇ પટેલનું તારીખ ૨૪ મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૩૬ના રોજ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના અલીગઢ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી વકીલાત તથા ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી પટેલ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં વિરમગામ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા અને લોકકલ્યાણના કામોને અગ્રિમતા આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ સમાજ સેવા સાથે સંકળાયેલા એક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ

સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજાના શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજાનું તારીખ પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી જાડેજાનો જન્મ ૨૪મી એપ્રિલ, ૧૯૩૭ના રોજ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના રીબડા મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી જાડેજા આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં ગોંડલ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા અને તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે અગ્રિમતા આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટનું તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ભટ્ટનો જન્મ ૧૫મી મે, ૧૯૪૯ના રોજ રાજસ્થાન રાજયના ગંગાપુર સીટી મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ.ઓનર્સ સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી વ્યવસાયે એકસ- સર્વિસમેન હતા અને ત્યારબાદ સિકયુરીટી સર્વિસ અને સમાજસેવા સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી ભટ્ટે અગિયારમી ગુજરાત વિધાનસભામાં ગોધરા મત વિસ્તારમાંથી ચુંટાઇ આવીને પ્રજાહિતના કામો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા એક સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી અમિત ચાવડા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું અને સૌ મહાનુભાવોને મારી શ્રદ્ધાંજલિ પાઠવું છું. રાજયના પૂર્વ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીજી જેમનું ખૂબ જૈફ વયે ૮૭ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે. માનનીય કોહલીજીએ દિલ્હી ખાતે જન્મ લીધો, દિલ્હી ખાતે અભ્યાસ કર્યો. ત્યાં યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકેની સેવાઓ આપી અને રીડર તરીકે નિવૃત્ત થયા. ખૂબ લાંબો એમનો સેવાકાળ રહ્યો. ગુજરાતમાં રાજયપાલશ્રી તરીકે ૨૦૧૪થી ૨૦૧૯ સુધીનો એમના કાર્યકાળ દરમિયાન આ ગૃહના સભ્ય તરીકે એમને અનેકવાર મળવાનું થાય અને વિપક્ષના સભ્ય તરીકે જયારે અમે રાજયની તકલીફો, પ્રશ્નો અનેક બાબતો લઇને એમને વારંવાર મળવા જતા ત્યારે આજે પણ અમને એ દિવસો યાદ છે કે મહામહિમના પદ પર બિરાજમાન હોવા છતાં પણ ખૂબ લાગણી સાથે ખૂબ આત્મિયતાથી દરેકની વાત સાંભળી અને એમને બનતા પ્રયત્નો કરવાની બાંહેધરી પણ આપતા. જયારે પણ મળીએ ત્યારે આત્મિયતાનો ભાવ એમનામાં જોવા મળ્યો છે. ગુજરાતના રાજયપાલશ્રી તરીકેના એમના કાર્યકાળની સાથેસાથે ગોવા અને મધ્યપ્રદેશનો વધારાનો હવાલો પણ રહેતો પણ હંમેશા એમની પ્રાથમિકતા ગુજરાત રહેતું એવું દરેક વખતે અમે અનુભવ્યું છે. એમના સેવાકાળને આજે યાદ કરીએ છીએ. તેમના દુઃખદ અવસાનથી સાચા અર્થમાં ગુજરાતના એક હિતેચ્છુ, આ દેશ અને રાષ્ટ્રના ઉમદા સેવક, શિક્ષણવિદ આપણે સૌએ ગુમાવ્યા છે તેનું દુઃખ છે. પ્રભુ સદ્દગતના આત્માને સાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં ગરીબ પરિવારમાંથી આવતા રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી અને માંગરોળના ધારાસભ્ય સ્વ.રમણભાઇ ચૌધરી કે જેમનું ૭૧ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. માંગરોળ તાલુકાના ઇસનપુર ગામે ગરીબ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. જળ, જંગલ, જમીનના અધિકાર માટે, ગરીબોના હક્ક અધિકાર માટે, સામાજિક જાગૃતિ માટે, રાષ્ટ્રીય જાગૃતિ માટે છેક અંબાજીથી ઉમરગામ સુધીના વિસ્તારમાં સમગ્ર આદિવાસી વિસ્તારમાં ઉમદા કાર્યો કર્યા હતા. નવમી અને દસમી વિધાનસભામાં માંગરોળ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને પ્રજાલક્ષી લોકચાહના પણ મેળવી હતી. રાજ્ય સરકારમાં મંત્રી પણ રહ્યા હતા અને આજે તેમના જવાથી જાહેર જીવનમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તાર અને સમાજમાંથી એક ઉમદા જનસેવક ગુમાવ્યાનું સૌને દુઃખ છે. પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપના મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે નખશીખ ગાંધીવાદી એવા આ વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.નારણભાઇ કાળીદાસ પટેલનું ૧૦૦ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. પ્રત્યક્ષ તો મળવાનું ઓછું થયું છે પણ જે લોકોમાંથી તેમની વાતો આવે, તેમના સેવાકાર્યોની સુવાસ કહેવાય અને તેઓએ ખૂબ સાદગીભર્યુ જીવન જીવ્યા. સ્વાતંત્ર્ય સેનાનીથી આ રાષ્ટ્રની આઝાદીથી લઇ સહકારી સંસ્થાઓ હોય, પંચાયતી સંસ્થાઓ હોય તે તમામ ક્ષેત્રે એક ક્રાંતિકારી વિચારો સાથે સમાજની ખૂબ ઉમદા સેવા કરી છે. એવું પણ કહેવાય છે કે, જાહેર જીવનના લોકો સરકારી લાભની વાત કરતા હોય છે, પણ નારણભાઇએ આપણા સૌના માટે એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું અને ધારાસભ્ય તરીકેના પગાર-ભથ્થાં કે કોઇપણ સરકારી લાભ લીધા

સિવાય તેમની છેલ્લી ઉંમર સુધી સમાજની સેવા કરી. ૧૦૦ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું ત્યારે આપણે સૌ તેમના પવિત્ર આત્માને શાંતિ માટે પ્રાર્થના કરીએ. આપશ્રી મારફત તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિરમગામના ધારાસભ્ય દાઉદભાઇ મીયાંભાઇ પટેલનું પણ ૮૬ વર્ષની જૈફ ઉંમરે અવસાન થયું છે. દાઉદભાઇ સાથે અનેકવાર નજીકથી મળવાનું થયું છે અને તેમની સાથે કામ પણ કર્યું છે. ધારાસભ્ય તો તેઓ છઠ્ઠી વિધાનસભામાં બન્યા હતા પણ છેલ્લા સમય સુધી તેમણે વિરમગામ વિસ્તારની વાત હોય, સમાજની વાત હોય, સામાજિક એકતા અને ભાઇચારાની વાત હોય જયાં પણ તેમનાથી બનતા તમામ પ્રયત્નો કર્યા. જયારે પણ અમે મળીએ ત્યારે સમાજમાં એકતા વધે, ભાઇચારો વધે અને વિસ્તારના લોકોના પ્રશ્નો માટેની તેમની લાગણી રહેતી. તેમના અવસાનથી રાજયએ એક સાચા સમાજસેવા સાથે સંકળાયેલા આગેવાન કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને આપશ્રીના મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગોંડલના ધારાસભ્ય પૂર્વ સભ્ય સ્વ.મહિપતસિંહ ભાવુભા જાડેજાનું પણ અવસાન થયું છે. આઠમી અને નવમી વિધાનસભામાં ગોંડલ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને આ ગૃહમાં લોકો માટેના પ્રશ્નોના ઉકેલ માટેના પ્રયત્નો રહ્યા છે. આજે આપણી વચ્ચેથી તેમણે રજા લીધી છે ત્યારે આ સમાજે એક સામાજિક આગેવાન ગુમાવ્યા છે. આપણા સૌ તરફથી તેમને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગોધરાના ધારાસભ્ય સ્વ. હરેશભાઇ ભટ્ટ કે જેમની સાથે મેં કામ કર્યું છે અને અન્ય મિત્રોએ પણ તેમની સાથે કામ કર્યું છે. હરેશભાઇને પહેલી દૃષ્ટિએ જોઇએ તો ખૂબ મોટી મૂછવાળા, એકસ આર્મીમેનની કારકીર્દિ. બહાર છાપ એવી કે ખૂબ એગ્રેસીવ લીડર, આક્રમક વ્યક્તિત્વ પણ તમે વ્યક્તિગત રીતે તેમને મળો તો ખૂબ સાલસ સ્વભાવ હતો. તેમણે પણ ગોધરા મત વિસ્તારમાંથી અહીં વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરીને લોકસેવાના ખૂબ ઉમદા કાર્યો કર્યા છે. તે પણ આપણી વચ્ચે નથી. આપણે સૌ તેમને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજયના મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીજીના અવસાનથી તેમજ અન્ય પૂર્વ સભ્યશ્રી અમારા સમાજના સ્વ. મહિપતસિંહ જાડેજા અને પૂર્વ સભ્યશ્રી હરેશકુમાર ભટ્ટ કે તેઓએ અમારા ગોધરાના ધારાસભ્ય તરીકે સેવાઓ આપી હતી. ગોધરામાં તેઓ પોતે ધારાસભ્ય બન્યા ત્યારે હું પણ રાજગઢ મત વિસ્તારનો ધારાસભ્ય હતો એમણે ગોધરાના અસામાજિક તત્ત્વો કે જેની ધોળા દિવસે દાદાગીરી વધી ગઇ હતી એ વખતે જય શ્રીરામના નારા સાથે ગોધરામાં એવો પ્રભાવ પાડેલો કે સામેના વ્યક્તિ સાથે બેસીને પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરતા એવો સરળ એમનો સ્વભાવ. વિશ્વ હિન્દુ પરિષદમાંથી આવેલા પરમ આદરણીય સ્વ. હરેશકુમાર ભટ્ટના નિધનથી એમના સમગ્ર પરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ પરમ કૃપાળુ પરમાત્મા આપે અને આપશ્રીના માધ્યમથી એમના પરિવારજનોને દિલશોજીનો સંદેશો પાઠવવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આ ગૃહની અંદર શોક દર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે પૂર્વ રાજયપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીજી અને અન્ય સ્વર્ગસ્થ પૂર્વ સભ્યશ્રીઓ શ્રી રમણભાઇ ચૌધરી, નારણભાઇ પટેલ, શ્રી દાઉદભાઇ પટેલ, શ્રી મહિપતસિંહ જાડેજા અને શ્રી હરેશકુમાર ભટ્ટના પરિવારજનોને આપના મારફત શોક સંદેશો પાઠવવા તેમજ મારી સ્વર્ણાંજલિ આપવા ઊભો થયો છું. શ્રી ઓમ પ્રકાશ કોહલીજી આર.એસ.એસ. સાથે જોડાયેલા હતા અને વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરતા રહ્યા હતા. તેઓ ખૂબજ નિખાલસ હતા અને રાજયપાલ તરીકેની એમની કામગીરી અને એમનું માર્ગદર્શન રાજયને અને મને, આપણને સૌને મળ્યું છે. સ્વ. ઓમ પ્રકાશ કોહલીજી આપણી વચ્ચે નથી ત્યારે ૧૯૯૫ પહેલાની એક બે બાબતો ગૃહ સમક્ષ મુકવા માગુ છું. આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન હજુ એ સમયે નહોતું આવ્યું ત્યારે એક કાર્યકર્તાની ભૂમિકામાં ભાવનગરમાં એક સાદા મકાનમાં રહેતા અને કપડા પણ જાતે ધોઇને ભારતીય જનતા પાર્ટીના કામ માટે લગભગ ૪થી ૬ મહિના જેટલો સમય તેઓએ ભાવનગર શહેરમાં વિતાવેલો. દિવ્યાંગ હોવા છતાં પણ એમની સક્રિયતા અને એમની ઉર્જા એ આપણને સૌને કાયમ પ્રેરણા આપતી રહેવાની છે. યુવા ભાજપના શહેર પ્રમુખની જવાબદારી જે તે વખતે મારા શિરે હતી ત્યારે સ્કૂટર ઉપર એમની સાથે નાનામાં નાના કાર્યકર્તાના ઘરે જઇને સંગઠનની વાત, દેશ અને રાજયની જનતા માટેનો વિચાર અને એમાંથી અનેકવિધ પ્રેરર્ણાઓ એમણે આપી છે. સદભાગ્યે ૧૯૯૫માં એ પછી તરત જ ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. પૂર્વ રાજયપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીજી સાથે અનેકવાર મળવાનું થયેલ અને સંસદમાં પણ સંસદીય કાર્યાલય મંત્રી તરીકે ભૂમિકા એમણે નિભાવી ત્યારે પણ મારે એમને મળવાનું થતું હતું. રાજયને સતત એમનું માર્ગદર્શન મળતું રહ્યું છે અને સદૈવ એમની દિવ્ય ચેતના પ્રેરણા આપતી રહેવાની છે અને તમાંમ દિવંગત સભ્યશ્રીઓએ આ ગૃહના પ્રતિનિધિ તરીકે રાજયની જનતાની ઉત્તમ સેવા કરી છે ત્યારે આપના મારફત એમના પરિવારજનોને શોક સંદેશ પાઠવવામાં આવે એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને અમારા નેતાએ સમર્થન આપ્યું છે એવા સ્વર્ગસ્થ ઓમ પ્રકાશ કોહલી, સ્વર્ગસ્થ રમણભાઇ

ચૌધરી, સ્વર્ગસ્થ નારણભાઇ પટેલ, સ્વર્ગસ્થ દાઉદભાઇ પટેલ, સ્વર્ગસ્થશ્રી મહિપતસિંહ જાડેજા અને સ્વર્ગસ્થશ્રી હરેશકુમાર ભટ્ટને હું મારી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ઓમ પ્રકાશ કોહલી આપણાં રાજયપાલ રહ્યાં અને રાજયપાલના પદની ગરિમાને શોભે તેવી રીતે આપણાં બધાની વચ્ચે પાંચ વર્ષ રહ્યાં. અનેક વખત તેમને મળવાનુ થયું દરેક વખતે તેમનો ઉમદા ભાવ અને પ્રેમ હંમેશા સરફેશ ઉપર નીતરતાં રહ્યાં છે અને જેમ જીતુભાઇએ વાત કરી તે પ્રમાણે શારીરિક રીતે દિવ્યાંગ હોવા છતાં તેમણે કયારેય પોતાના જીવનની અંદર સેવા કરવાની અંદર તેણે આ કોઇ દિવસ બેરીયર બન્યું નહીં ઉલટાની તેની આ શકિત છે તે વિશિષ્ટ શકિત રૂપે તે બહાર આવ્યા. ઉત્તમ શિક્ષક હતા, ઉત્તમ શાસક હતા તેના કરતા પણ વધારે ઉત્તમ વ્યકિત હતા. તેમના જવાથી દિલ્હીના જાહેર જીવનમાં અને આપણને સૌને તેમની ખોટ પડી છે. એ જ રીતે સ્વર્ગસ્થ રમણભાઇ ચૌધરી અમારા સાથી રહ્યાં, રાજયકક્ષાના મંત્રી રહ્યાં અને આદિવાસી સમાજની અંદર દક્ષિણ ગુજરાતની અંદર હંમેશા આ ઉંમરે તે કાર્યકર દરજ્જે લડતાં રહ્યાં. તેમના જવાથી વ્યકિતગત રીતે અમે એક સાથી ગુમાવ્યા છે અને દક્ષિણ ગુજરાત અને સમગ્ર આદિવાસી સમાજે એક પોતાના અભ્યાસુ નેતા ગુમાવ્યા છે. સ્વર્ગસ્થ નારણભાઇ પટેલ અત્યારે હયાત હોય એવા જાહેર જીવનના સૌથી છેલ્લી વ્યકિત હતા. અમારા પડોશી અને મારી સંસદીય બેઠકના જેતપુરમાંથી બે વખત ધારાસભ્ય ચૂંટાઇને આવ્યા હતા. મહાત્મા ગાંધીમાંથી પ્રેરણા લઇ અને આઝાદી સંગ્રામમાં ઝૂકાવ્યુ. ભણેલાં હતા છતાં પણ તેમણે નોકરી કે મોટા પદની સરકારી પદની આશા રાખ્યા વગર લોકોની વચ્ચે રહ્યાં. જે શહિદ ખારચીયા ગણાય છે ઉપલેટા તાલુકાનું ત્યાં તેમનો જન્મ થયો હતો અને ૧૯૪૨ના કિવટ ઈન્ડિયા મુવમેન્ટમાં તેમણે ભાગ લીધો હતો. તેમના પરિવાર સાથે ખૂબ ઘનિષ્ઠ નાતો રહ્યો છે એટલે તેમનુ સમાજને જે પ્રદાન છે અને એક આદર્શવાદી જીવન છે તે હંમેશા આપણને સૌને પ્રેરણા આપતો રહે એવુ નારણભાઇનું પોતાનું જીવન રહ્યું છે. તેમના જવાથી આખા સૌરાષ્ટ્રના જાહેર જીવનને અને ગુજરાતના જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે. સ્વ. દાઉદભાઇ મિયાભાઇ પટેલ પણ અમારા વડીલ સાથી હતા અને આ ઉંમરે પણ એ ખૂબ સક્રિય હતા પ્રજાના નાના મોટાં પ્રશ્નો માટે તે હંમેશા જીવનના છેલ્લાં શ્વાસ સુધી સક્રિય રહ્યાં અને ગ્રામ્ય જીવન સાથે તેમનો નાતો અતૂટ રહ્યો. તેમના જવાથી અમદાવાદ જિલ્લાના જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ મહિપતસિંહ ભાવુભા જાડેજા ગોંડલના ધારાસભ્ય, ગોંડલના તાલુકા પંચાયતના પ્રમુખ અને તે વિસ્તારના મજબૂત આગેવાન હતા. નાના લોકોના કામ માટે તેમણે અનન્ય કામગીરી કરી હતી અને તે કામગીરીને આજે પણ તાલુકા પંચાયતના પ્રમુખ હોય કે ધારાસભ્ય હોય તે ત્યાંની જનતા આજે પણ તેમને યાદ કરે છે. સ્વર્ગસ્થ હરેશભાઇ ભટ્ટ મારી સાથે જ પહેલી વખત જ વર્ષ ૨૦૦૨માં વિધાનસભામાં ચૂંટાયા અને તેમનો બધાની સાથેનો સંબંધ ખૂબ આત્મીય રહ્યો. રાજનીતિ તેમનો વિષય નહોતો છતાં પણ તેમણે ગોધરાની અંદર અને વિધાનસભાના હાઉસની અંદર પણ તેમની કામગીરી યાદગાર રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા મહાનુભાવો ગુજરાતના જાહેર જીવનની, દેશના જાહેર જીવનની મૂડી હતી અને માનનીય ગૃહના નેતાશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખો કર્યા છે તે સાથે આ ગૃહનો સંદેશો તેમના પરિવારજનોને મળે એવી ઇચ્છા વ્યકત કરું છું, અસ્તુ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ સુધી રાજ્યપાલ તરીકે આપણા રાજ્યમાં સતત લોકો સાથે સંવાદ સાધી અને નાના-મોટા ક્ષેત્રોમાં, સેવાકીય ક્ષેત્રમાં લોકોની વાતો સાંભળી નાની-મોટી મુશ્કેલી હોય તો લોકોના ઉપયોગમાં આવવાની એમની ભાવના હતી. રાજ્યપાલશ્રીના નિવાસસ્થાને કોઇ પણ ધારાસભ્ય, સામાજિક કાર્યકર્તા અથવા આગેવાન કોઇ કામ માટે જાય તો એને માર્ગદર્શન આપે અને જરૂર પડે તો રાજ્યમાં વિવિધ જગ્યાએ પ્રવાસ કરીને એમનું માર્ગદર્શન આપણને મળતું રહ્યું છે. એક સામાજિક કાર્યકર્તા તરીકે પવિત્ર ભાવ અને પ્રામાણિક ફરજો સમજીને સામાજિક સેવાઓ એમના અભ્યાસ દરમિયાન અને એના પછી શિક્ષામાં પણ શિક્ષક તરીકે ઉમદા કામગીરી કરી છે અને નવી પેઢીને માર્ગદર્શન માટે પ્રામાણિકપણે એમણે અધ્યાપન કાર્ય પણ કર્યું છે. એક સંગઠક તરીકે એમની ભૂમિકા ખૂબ સારી રહી અને સાથે સંવૈધાનિક પદ ઉપર એમણે કામગીરી કરી છે. આમ શિક્ષકથી લઇ સંવૈધાનિક પદ સુધીની સમગ્ર યાત્રા સમાજ-જીવનને અનુલક્ષીને સમાજ-જીવન પ્રત્યે એમણે જે ઉમદા કામ કર્યું એ કદાચ ભારત અને ગુજરાત પણ નહિ ભૂલી શકે એવી સેવા આપણને પ્રાપ્ત થઇ હતી. સાથો-સાથ સમાજના વિવિધ વર્ગોમાંથી અને વિવિધ ક્ષેત્રોમાંથી આવીને આ વિધાનસભામાં કામ કર્યું અને એ સિવાય પોતાના કાર્યક્ષેત્રમાં કામ કર્યું એવા સ્વ.શ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરી, સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી દાઉદભાઇ મિયાભાઇ પટેલ, સ્વ.શ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજા અને સ્વ.શ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટ જુદા-જુદા વિસ્તારમાંથી આવીને એમણે સામાજિક સેવા સાથે કામ કર્યું. સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલે કિવટ ઇન્ડિયાથી લઇને એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે કામ કર્યું. તેઓ સમાજ સેવા સાથે જોડાયા અને એની સાથે-સાથે આ ગૃહના સભ્ય તરીકે વિધાનસભામાંથી લોકોની નાની-મોટી મુશ્કેલીઓ અને રજૂઆતો દ્વારા પોતે પોતાના ક્ષેત્ર અને ગુજરાતની સેવામાં આ પાંચેય પૂર્વ ધારાસભ્યશ્રીઓએ જે કામ કર્યું છે એ ન ભૂલાય એવું છે. એમના

વિસ્તારના લોકો પણ એમને નહિ ભૂલી શકે. માનનીય ગૃહના નેતા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું આપના માધ્યમ દ્વારા એમના પરિવારજનોને શોકાંજલિ પાઠવવા અનુરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા, પૂર્વ રાજ્યપાલશ્રી અને પૂર્વ સભ્યોના અવસાન અંગે જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં ગૃહના માનનીય સભ્યશ્રી અને કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઇ ચાવડા, શ્રી ફતેસિંહ ચૌહાણ અને શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી જીતુભાઇ વાઘાણી, શ્રી ઋષિકેશભાઇ પટેલ સહિત જે સભ્યશ્રીઓએ અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારું અનુમોદન આપું છું. ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી સ્વ. ઓમપ્રકાશ કોહલીજીના નિધનથી આપણે જાહેર-જીવનની ખૂબ ઉમદા વ્યક્તિત્ત્વ ધરાવતી વ્યક્તિને ગુમાવી છે. એક સંસદસભ્ય તરીકે અને ગવર્નર તરીકે પ્રજા કલ્યાણના ક્ષેત્રમાં તેમનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. દિલ્હી યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે અને તે સિવાય પણ શૈક્ષણિક કાર્યમાં તેઓ સતત પોતાનું યોગદાન આપતા રહ્યા છે. ગવર્નર તરીકે રાજભવનમાં આવ્યા ત્યારે પણ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સતત પ્રવૃત્ત રહ્યા. શિક્ષણ ક્ષેત્રનો તેમનો લગાવ અને યોગદાન હંમેશા યાદ રહેશે. હું તેમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. માંગરોળ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી રમણભાઇ ચૌધરીએ પોતાના જાહેર-જીવનમાં સતત સમાજના છેવાડાના લોકોની ચિંતા કરી. જંગલની જમીન આદિવાસીઓને મળે તે માટે કિસાન સભામાં આદિવાસીઓના હક્ક અને અધિકાર માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા અને વિધાનસભામાં પણ તે વાતને તેઓ ઉઠાવતા રહ્યા. સ્વ. શ્રી રમણભાઈ ચૌધરીને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સહકારી ક્ષેત્ર, સરકાર અને પ્રજા જીવનમાં રહી પ્રજાલક્ષી કામગીરી કરનાર સ્વ.શ્રી નારણભાઈ પટેલને હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેઓએ કુસ્તી અને રાઇફલ શૂટિંગમાં અનેક પારિતોષિક મેળવ્યા હતા. બહારવટિયા ભૂપત સામે બે વાર ગોળીબાર કરી ખાચરિયા ગામને લૂંટથી બચાવ્યું હતું. આવા બાહોશ સ્વ.શ્રી નારણભાઈએ જેતપુરના ધારાસભ્ય તરીકે આ ગૃહમાં બે ટર્મ સુધી સેવાઓ આપી હતી. આજીવન સેવાના ભેખધારી સ્વ.શ્રી નારણભાઈને વંદન. વિરમગામના જનપ્રતિનિધિ તરીકે સ્વ.શ્રી દાઉદભાઈ પટેલે વિરમગામ નગરપાલિકાના સભ્ય તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ નગરપાલિકાના પ્રમુખ અને આ ગૃહના સદસ્ય હતા. વિરમગામના નળકાંઠા વિસ્તારમાં પીવાના પાણીથી લઈ અને ઔદ્યોગિક વિકાસમાં પણ તેઓ ખૂબ સક્રીય રહ્યા. વ્યવસાયે વકીલ એવા સ્વ.શ્રી દાઉદભાઈની સમાજ સેવાની સુવાસ આજે પણ અનેક યુવાનોને પ્રેરણા આપી રહી છે. સ્વ.શ્રી દાઉદભાઈ પટેલને હું મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સૌરાષ્ટ્રના પીઢ ક્ષત્રિય આગેવાન સ્વ.શ્રી મહિપતસિંહ જાડેજાએ અપક્ષ ધારાસભ્ય તરીકે ગોંડલ વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખેડૂતોના પ્રશ્નો માટે હંમેશા તેઓ ઝઝુમતા રહ્યા. સૌરાષ્ટ્રના ક્ષત્રિય સમાજે પણ એક આગેવાન ગુમાવ્યા છે. સ્વ.શ્રી મહિપતસિંહ જાડેજાને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ ગૃહના પૂર્વ સદસ્ય અને ગોધરાના ધારાસભ્ય સ્વ.શ્રી હરેશકુમાર ભટ્ટે સમાજ જીવનમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. ગુજરાતમાં બજરંગ દળના તેઓ સ્થાપક સદસ્ય હતા. તેમણે વર્ષ ૧૯૮૬થી વર્ષ ૨૦૦૦ સુધી ગુજરાત રાજ્યના બજરંગ દળના પ્રમુખ તરીકે સેવાઓ આપી. એરફોર્સમાં સાર્જન્ટ તરીકે નોકરીની શરૂઆત કરી હતી. તેઓશ્રીએ આજીવન સામાન્ય માનવીનું જીવન ધોરણ કઈ રીતે ઊંચુ આવે તે માટે સતત પ્રજાલક્ષી કામગીરી કરી જનપ્રતિનિધિ તરીકેની ઉમદા સેવાઓ કરી. સ્વ.શ્રી હરેશકુમાર ભટ્ટને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. ઉક્ત તમામ સદગતોના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા પર ઊભા થઈ બે મિનિટનું મૌન પાળીએ.

**(બે મિનિટનું મૌન)**

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

**અનુમતિ મળેલ વિધેયક**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૬ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ**

**કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણ કરી છે.

૧. ગુરુવાર, તા.૨૩/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૩ના ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયકની ચર્ચા હાથ ધરવી અને જરૂર પડ્યેથી ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

૨. સોમવાર, તા.૨૭/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૩ના ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

૩. મંગળવાર, તા.૨૮/૦૨/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩ના ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

૪. સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ મંગળવાર, તા. ૦૭/૦૩/૨૦૨૩ના રોજ દર્શાવેલ બે બેઠકના સ્થાને એક બેઠક રાખવી તેમજ આ બેઠકમાં તા. ૦૭/૦૩/૨૦૨૩ના દિવસની પ્રશ્નોત્તરી હાથ ધરવી અને સભાગૃહનો સમય સવારના ૯.૦૦ વાગ્યાનો રાખવો.

૫. ગુરૂવાર, તા. ૦૯/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહની બેઠક મળશે નહીં.

૬. શુક્રવાર, તા. ૧૦/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહની બે બેઠકો મળશે. જેની પ્રથમ બેઠકમાં મંગળવાર, તા. ૦૭/૦૩/૨૦૨૩ ના રોજની પ્રશ્નોત્તરી સિવાય બીજી બેઠકનું કામકાજ તથા બીજી બેઠકમાં ગુરૂવાર, તા. ૦૯/૦૩/૨૦૨૩નું પ્રશ્નોત્તરી સહિતનું કામ હાથ ધરવામાં આવશે.

૭. સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ શનિવાર, તા. ૧૧/૦૩/૨૦૨૩ના રોજ રજા દર્શાવેલ છે પરંતુ, તે દિવસે સભાગૃહની બેઠક સવારના ૧૦.૦૦ વાગ્યે મળશે અને તે દિવસે શુક્રવાર, તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજનું પ્રશ્નોત્તરી સહિતનું કામ હાથ ધરવામાં આવશે.

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી ઋષિકેશ ગ.પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧**

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક**,** ૨૦૨૩

**જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ અને પ્રશ્નપત્ર ફૂટી જતું અટકાવવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી હર્ષ સંઘવી(રાજ્ય કક્ષાના ગૃહમંત્રી):માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૧- સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી હર્ષ સંઘવી: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૧- સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત)નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે બિલ પાઇલોટિંગ કરો એ પહેલાં મારે એક બાબત ધ્યાન ઉપર મૂકવી છે કે આપણે આ સત્રમાં એક નવો કાયદો બનાવવા માટે આગળ વધી રહ્યા છીએ. મારી આપ સૌને પ્રાર્થના હતી કે આની પાછળ ગુજરાતના લાખો યુવાનો પોતે તટસ્થતાપૂર્વક કોમ્પિટિટિવ એક્ઝામ આપી અને આગળ વધી શકે તેવી આશા પૂર્ણ કરવા તેઓ રાજ્ય સરકાર અને વિધાનસભા ગૃહ પાસે રાખીને બેઠા છે. રાજ્ય સરકારે આ બાબતે ઈનિસિએટિવ લઇને આ બિલ વિધાનસભામાં મૂક્યું છે. આપણે બધા એવો કાયદો બનાવીએ કે જેથી યુવાનોનું સપનું અને રાજ્ય સરકારનો જે હેતુ છે એ બંને પૂર્ણ થાય અને એમાં જો કોઇ ત્રુટિ રહી જાય તો પક્ષ કે વિપક્ષ, આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરવાને બદલે જે સુધારો સૂચવે અને જો સુધારો કરવા યોગ્ય લાગે તો ભાગ લેનાર ધારાસભ્યશ્રીઓ ઉદારતાપૂર્વક સુધારો સૂચવે અને રાજ્ય સરકારને પણ મારી વિનંતી છે કે અહીંયા વિપક્ષમાંથી કોઇ આવ્યું છે એટલે ન લેવું એવી ભાવનાને બદલે રચનાત્મક, પ્રજાના હિત માટે કોઇ સુધારો છે તો એને આપણે પોઝિટિવ લઇએ અને છેવટે આ કાયદો બનાવવાનો અધિકાર વિધાનસભા ગૃહને છે તો ગૃહ જે કાયદો બનાવે છે એ કાયદો એવો પરિપક્વ હોય કે લાંબાગાળા સુધી તેની અસર પ્રજાના હિત માટે હોય. મારી સૌ સભ્યશ્રીઓને પ્રાર્થના છે કે અવલોકનોની અંદર આમનાથી પેપર ફૂટ્યું, આ રાજયમાં ફૂટ્યું, અહીંયા ફૂટ્યું, આમાં બેદરકારી, આવી ચર્ચાઓ કરવાને બદલે આમાં શું સુધારો કરીએ કે જેથી કરીને હવે પછી કયારેય આવું ન થાય અને લાખો યુવાનોની જે અપેક્ષાઓ છે એ અપેક્ષાઓ આપણે પૂર્ણ કરી શકીએ. મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે, નોન-પોલિટિકલી આપણે કાયદામાં સુધારો કેવી રીતે કરીએ અને એ કાયદો કઇ રીતે બનાવીએ કે જેથી લાખો યુવાનોની જે અપેક્ષા આપણે પૂરી કરીએ. કેમ કે, આજે લાખોની

* વિધેયક તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંખ્યામાં યુવાનો બેસીને આપણે જે કાયદો જે બનાવી રહ્યા છીએ એ જોઇ રહ્યા છે અને એ વખતે કહશે કે વિધાનસભામાં બેસીને ધારાસભ્યશ્રીઓ પોલિટિકલી આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરતા હતા કે પછી અમારા હિત માટેની ચર્ચા અને ચિંતા કરતા હતા. તો આપ સૌને મારી પ્રાર્થના છે કે આ પરિપ્રેક્ષ્યની અંદર જે જે સભ્યશ્રીઓ ભાગ લે છે એ બંને પક્ષે, સરકાર પક્ષે પણ એટલા ખુલ્લાપણાથી એને આવકારે અને વિપક્ષને પણ મારી વિનંતી છે કે આપણે પણ ટુ ધી પોઇન્ટ જે મુદ્દાઓ ઉપર જેનો સુધારો કરવો છે એના ઉપર જ જો ચર્ચા કરીશું તો સૌથી વધારે ફાયદો થશે. હવે પાયલોટિંગ કરો. આમ તો પાયલોટિંગ મંત્રીશ્રી કરતા હોય છે અને વચ્ચે અધ્યક્ષશ્રી આવતા હોતા નથી. પરંતુ આજે મને લાગ્યું કે આ અગત્યનો વિષય છે એટલા માટે આપ સૌ સભાગૃહના સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ રાજ્યના એક યુવાન નાગરિક તરીકે હું આપનો આભાર માનું છું કે આપે આ રાજ્યના સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓને એક નવી દિશા આપવાનો પ્રયાસ કર્યો છે. અમે આપના માર્ગદર્શન પ્રમાણે એવો સંપૂર્ણ પ્રયાસ કર્યો છે અને આ બિલની ચર્ચા દરમિયાન પણ આપના માર્ગદર્શન પ્રમાણે પ્રયાસ કરીશું. ગુજરાતના ભવિષ્ય જોડે જોડાયેલા અતિ મહત્ત્વના આ વિષય વર્ષ ૨૦૨૩નું અને આ સત્રનું પહેલું બિલ જે ગુજરાતનું આવનારું ભવિષ્ય નક્કી કરવા જઇ રહ્યું છે અને એવા વિષયમાં આ બિલ મુકવાની સાથે સાથે હું અહીં મારા બેઠેલા સૌ સિનિયર ધારાસભ્યશ્રીઓને કહેવા માગું છું કે, આ બિલ માટે વધુ બોલવા કરતાં, વધુ સાંભળવાની તૈયારી જોડે હું આજે આપ સૌ સમક્ષ આવ્યો છું. સાંભળીને, પક્ષ હશે કે વિપક્ષ હશે અમે અમારી સંપૂર્ણ તૈયારીઓ સાથે આવ્યા છીએ. આ કાયદો બનાવતા અનેક બેઠકો દરમિયાન અનેક લોકોએ રાતદિવસ મહેનત કરી છે પરંતુ તો પણ કોઇપણ પ્રકારની ક્ષતિ અગર અમારાથી રહી હશે અને કોઇપણ વ્યકિત કે કોઇપણ ધારાસભ્યશ્રી એનું સૂચન આપશે તો ખુલ્લા મને સ્વીકારીને એના ઉપર આગળ વધવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરતીને વર્ષોથી સમગ્ર દેશમાં એક શાંત, પ્રગતિશીલ રાજ્ય અને સલામતી માટે દેશભરમાં બહુમાન મળતું રહ્યું છે. દેશ હોય, વિદેશ હોય, દેશના અલગ અલગ રાજ્યમાં અને દુનિયાના કોઇપણ દેશમાં જશો તો ગુજરાતીઓએ એ દેશના, એ રાજ્યની પ્રગતિમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો હશે. ગુજરાત અને ગુજરાતની પ્રજાએ સમગ્ર વિશ્વના વિકાસના પાયા ઉપર રચાયેલી આર્થિક સદ્ધરતા, શાંતિ તથા સુખી જનજીવનનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેનો સૌથી મોટો શ્રેય અગર કોઇને જતો હોય તો તે ગુજરાતની એક એક જનતાને જાય છે. ગુજરાતની જનતાને આ સમયે બે હાથ જોડીને વંદન કરવા પડે. ગુજરાત રાજ્યની શાંતિ, સલામતી વ્યવસ્થાની સુગમ સૂરક્ષિત શાંતિપૂર્ણ પરિસ્થિતિ તેમજ ગુજરાતીઓનો જે સાહસિક સ્વભાવ છે તેના હિસાબે આજે આપણું રાજ્ય દેશ અને દુનિયાભરમાં ઓળખાઇ રહ્યું છે. આપણી ગુજરાતની ધરતી આશાની ભૂમિ છે. આકાંક્ષાની ભૂમિ છે. લાખો લોકોના સપના પૂરા કરવાની ભૂમિ છે. પરંપરાને જીવતી રાખનાર ભૂમિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર પટેલ સાહેબ અને ગાંધીજીની ભૂમિ છે. આ ધરતી પર કોઇને નિરાશા નથી મળતી. દેશભરના યુવાનો અલગ અલગ રાજયમાંથી ગુજરાતમાં રોજગારી મેળવવા આવે છે. હાલમાં જ કોરોનાનો કાળ હતો. કોરોનાના સમયમાં દેશભરમાં સૌથી છેલ્લે કોઇ અલગ અલગ રાજયના યુવાનો રાજ્ય છોડીને ગયા હોય તો એ ગુજરાતમાંથી ગયા છે અને સૌથી પહેલા એ શ્રમજીવીઓ પાછા ફર્યા હોય તો આપણુ ગુજરાત રાજય છે અને આપણી ગુજરાતની ભૂમિ છે, તેમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાત અભ્યાસની હોય કે તાલીમની હોય, ધંધાની હોય કે સ્ટાર્ટ અપની હોય. સ્ટાર્ટ અપ એટલે શું? સ્ટાર્ટ અપ એટલે આજના સમયમાં દેશમાં સૌથી વધારે રોજગારી જો કોઇ પૂરી પાડે છે, તો એ સ્ટાર્ટ અપ ઇનોવેશન છે અને એ સ્ટાર્ટ અપ ઇનોવેશનમાં ગુજરાત રાજય આજે પ્રથમ સ્થાને છે. એટલું જ નહીં, પરંતુ ગુજરાતમાં કોઇપણ બાબતે યુવાનોને મળતી તક બાબતમાં કોઇપણને અન્યાય ન થાય એ માટે સરકારે તમામ યોગ્ય પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'વિદ્યાર્થી દેવો ભવઃ' આ માત્ર સૂત્ર નથી. આ એક મંત્ર છે. યુવા દેવો ભવઃ, યુવા શક્તિ દેવો ભવઃ ગુજરાતમાં ટોટલ ૨૭૫ ડિગ્રી, ડિપ્લોમાં એન્જિનિયરિંગ કોલેજો છે. ૯૪ જેટલી ફાર્મસી કોલેજો છે. ૧૧૧ એમ.બી.એ. કોલેજો, ૬૪ એમ.સી.એ. કોલેજો, ૪૭૪ અન્ય કોલેજો આવેલી છે. જેમાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની ધરતી પર આઇ.આઇ.એમ. અમદાવાદ, આઇ.આઇ.ટી., એન.એફ.એસ.યુ., આર.આર.યુ., જી.એન.એલ.યુ., એન.આઇ.ડી., એન.આઇ.એફ.ડી., પી.ડી.પી.યુ. જેવી દેશમાં નામના મેળવેલ અનેક સંસ્થાઓ કાર્યરત છે. આ તમામ સંસ્થાઓમાંથી જે યુવાનો ભણીગણીને બહાર આવે છે, તેમની આશા એટલે સારો રોજગાર મળે, નોકરી મળે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી દર વર્ષે આંકડા બહાર પાડવામાં આવે છે. મંત્રાલયના જે રિપોર્ટ્સ રજૂ થાય છે, તે મુજબ ૨૦૦૨થી રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં સમગ્ર રાષ્ટ્રમાં આપણું રાજય, આપણા ગુજરાતની ધરતી સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે. એમાં કોઇ સરકાર તરીકે શ્રેય મળવો કે સરકારે કર્યું છે એવું નથી કહેતો, પરંતુ આ ધરતી, આ ગુજરાતના નાગરિકો અને સરકારે સાથે મળીને એ દિશામાં કામ કર્યું છે કે આજે આપણું રાજય દેશભરમાં સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રાજયમાં સૌથી વધારે રોજગારી પૂરી પડાતી હોય, સ્વાભાવિક છે કે તે રાજયના યુવાનો ભલે કોઇપણ કામ કરતા હોય એ હંમેશા નવા અવસરો જે છે, એ હંમેશા નવા અવસરો પ્રાપ્ત કરવા માટે અનેક સપના જોતા હોય છે. અને એ સપના સાકાર કરવાનો તમામ લોકોને હક્ક હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'સભી કો સપને દેખને કા અધિકાર હૈ, પર હમે અપને સપને કો સંકલ્પ કા રૂપ દેના હોગા. આ જ વિચારધારા ઉપર યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓના માધ્યમથી નોકરી આપવા માટે રાજય સરકાર એક પારદર્શક પ્રક્રિયાનો

ઢાંચો બનાવીને તેના માધ્યમથી તમામને યોગ્ય તક મળે તે માટે કામ કરી રહી છે. રાજય સરકાર દ્વારા વિવિધ સરકારી કચેરીમાં ભરતીનું વાર્ષિક કેલેન્ડર બહાર પાડવામાં આવે છે. એના માધ્યમથી લાખો જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે આયોજનબદ્ધ રીતે કામ કરતા હોય છે. પરંતુ મને કહેતા અત્યંત દુઃખ થાય છે કે, કે કેટલાક લેભાગુ લોકો, અસામાજિક તત્ત્વો, વિકાસના વિરોધી તત્ત્વો, જે ભરતી પ્રક્રિયા હોય છે એ પેપર ફોડીને ગેરરીતિ આચરીને માલા માલ થવાની આ આસૂરી પ્રવૃત્તિ છે તેના કારણે આજે ટ્રાન્સપરન્સી જોડે જે પ્રક્રિયા ચાલે છે તેને કયાંક ને કયાંક એ લોકો ઠેસ પહોંચાડીને દૂષિત કરવાનું કામ કરે છે. આ પેપર નથી ફૂટતું, આ માનસ ફૂટે છે. એની નીતિ ફૂટે છે, શોર્ટકટ અપનાવીને ખૂબ મોટા રૂપિયા કમાવા, શોર્ટકટ અપનાવીને આ પ્રકારની નોકરીઓ મેળવી લેવી એ પ્રકારના લોકો આવા પેપરો, આવી પરીક્ષાઓ દૂષિત કરતા હોય છે. આ સળગતી સમસ્યા એ કોઇ એક વ્યક્તિની કે એક સરકારની નથી. પરંતુ રાજય અને દેશના તમામ યુવાનોની આ સમસ્યા છે. અહીં બેઠેલા તમામ સભ્યોના બાળકોનું ભવિષ્ય પણ આની સાથે જોડાયું છે. આના માટે, હું આ સમસ્યાના ઇલાજ માટે, અહીંયા બેઠેલા સૌ ધારાસભ્યોનો સહકાર અને સમર્થન, અને એનાથી પણ વધુ સહકાર અને સમર્થન તો જનતાના ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓ જનતાના હિત માટે જ અહીં આવેલા છે એટલે તેના માટે સહકાર અને સમર્થન તો મળવાનું જ છે. પરંતુ ખુલ્લા મને તમામ લોકોનું માર્ગદર્શન મેળવવા માટે આવ્યો છું. ભરતી માટેની પરીક્ષાના પેપરો ફૂટવાથી અથવા તેમા કોઇ પણ ગેરરીતિ થયેલી હોય તો એ બાબતને કારણે લાખો યુવાનો નિરાશ થાય છે. માત્ર આ પરીક્ષામાં ભાગ લેનાર યુવાનો જ નિરાશ નથી થતા, એમના માતા પિતા કે જેમણે આ બાળકોને નાનપણમાં ઘોડીયાથી લઇને મોટો કર્યો હોય, તેના મનમાં એક સ્વપ્નું હોય છે કે મારો દીકરો કે મારી દીકરી મોટા થઇને ભણી ગણીને મોટો થાય ત્યારે એમને સરકારી નોકરી મળે, એ પરિવારની પરિસ્થિતિ પણ ખૂબ ગંભીર થઇ જતી હોય છે. આ યુવાનો જે પરીક્ષા આપવા માટે રાત દિવસ મહેનત કરે છે. રાત દિવસ દિવાળી હોય કે હોળી હોય એ તમામ તહેવારોનો ત્યાગ કરે છે અને આ તમામ તહેવારોનો ત્યાગ કરીને પરિવારના નાના મોટા સુખ દુ:ખના પ્રસંગોનો પણ ત્યાગ કરતો હોય છે. અને આ યુવાન જયારે રાત દિવસ મહેનત કરે છે ત્યારે એની જોડે જોડે એના પરિવારની પણ એટલી જ મહેનત લાગે છે. માત્ર મહેનત નથી લાગતી, મહિનાઓ સુધી એનું કામ, ધંધો, રોજગાર, નોકરી બધું જ છોડીને સરકારી પરીક્ષાની મહેનત કરતો હોય છે. એના માતા પિતા સવારે ચાર વાગ્યે ઉઠીને જયારે આ દીકરો કે દીકરી એના કલાસીસમાં જવાનો હોય ત્યારે સવારે એની માતા વહેલી જાગીને એના માટે નાસ્તો બનાવીને એનો આખો દિવસ સ્ટ્રેસ વગરનો જાય તેના માટે મહિનાઓ સુધી મંદિરમાં પ્રાર્થના કરતા હોય છે. અને આવા પરિવારજનો અને આવા યુવાનોનું ભવિષ્ય જે સરકારી નોકરીઓ થકી ઉજ્જવળ કરવાનો પ્રયત્ન કરતા હોય ત્યારે આવા લેભાગુઓ અને શોર્ટકટ અપનાવવા વાળા લોકો આવી પરીક્ષાઓ દૂષિત કરીને માત્ર આ યુવાનોનું જીવન બરબાદ નથી કરતા, યુવાનો જોડે જોડે એમની જોડે જોડાયેલા તમામ પરિવારજનોનું જીવન બરબાદ કરવાનું કામ કરનારા લોકો માટે કડક કાયદો લાવવો આજના સમયની સૌથી મોટી માંગ છે. સમયે સમયે આ પ્રકારની પરીક્ષાઓમાં ફેરફાર લાવવો પડશે. હાલમાં જ ઉત્તર પ્રદેશ હોય, ઉત્તરાખંડ હોય, હરિયાણા હોય, રાજસ્થાન હોય, તમામ રાજયોએ આ પ્રકારની પરિસ્થિતિઓ જોઇ છે. આ પ્રકારના કાયદામાં ફેરફાર લાવ્યા છે. આ તમામ કાયદાઓનું અધ્યયન કરવામાં આવ્યું છે અને એમાંથી વિદ્યાર્થીઓ જોડે કોઇ અન્યાય ન થાય, કોઇ પણ અતિશયોક્તિ ન થાય અને સાથે સાથે કડકમાં કડક પગલાં લઇ શકે. હમણાં સુધી અનેક પેપરોમાં ઘટના બની એ ઘટનામાં પોલીસ દ્વારા કોઇપણ ગુનેગારને પકડવાનો બાકી નથી પરંતુ અહીં બેઠેલા તમામ લોકો ખૂબ સારી રીતે જાણે છે કે આ પ્રકારની પરીક્ષા માટે કોઇપણ પ્રકારનું પ્રાવધાન ન હોવાથી આઇ.પી.સી. ની અલગ અલગ કલમો સરકારી કામમાં રૂકાવટ કે બીજો નાનો મોટો સહારો લઇને આ પેપર ફોડનાર લોકો ઉપર આઇ.પી.સી.ની કલમો લગાવવી પડે છે. એ કલમોમાં કયાંક ને કયાંક સજા ઓછી હોય અને નાની મોટી છટકબારી મળતાં કોર્ટમાંથી છોડાવી લેવામાં આવે છે. રાત દિવસ અનેક રાજયોમાં જઇને આ પ્રકારના એકે એક ગુનેગારોને શોધ્યા પછી રાત દિવસ ગુજરાતની પોલીસ મહેનત કરીને કેસ દાખલ કરવામાં આવે. ફોરેન્સિક ટેકનોલોજી હોય કે બીજી ઉપલબ્ધ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે પરંતુ હમણાં જણાવ્યું એ પ્રમાણે કોઇપણ પ્રકારની પર્ટીકયુલર એકઝામ સાથે જોડાયેલ કલમ ન હોવાથી કાયદો ન હોવાથી છટકબારી મળી જતી હોય છે એના કારણે આવા દૂષણખોરો જેલમાંથી છૂટી જતા હોય છે. ત્યારે આજના સમયની સૌથી મોટી કામગીરી આવા દૂષણખોરોને રોકવા પડશે. એ લોકોને રોકવાનું કામ અહીંયા બેઠેલા સૌ લોકોની સૌના માર્ગદર્શનમાં કડકમાં કડક કાયદો બનાવીને એનો અમલ કરવાની જવાબદારી છે એ અમે નિષ્ઠાપૂર્વક નિભાવવા માટે તૈયાર છીએ.

હમણાં છેલ્લે વડોદરાની ઘટના બની. હું આપ સૌને સાચા મનથી સાચી હકીકત જણાવવા માગું છું. દરેક લોકોને સવાર પડી મોકો મળ્યો એટલે મનમાં આવે એ પ્રકારની વાતો ચાલુ કરી દીધી કે પેપર ફૂટ્યું છે એની હું ના નથી પડતો પરંતુ પેપર ફૂટેલુ છે એની કોઇ પરીક્ષાર્થીએ ફરિયાદ નથી કરી. પરંતુ આ રાજય સરકારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભપેન્દ્રભાઇ પટેલે જયારે આ પરીક્ષા લેવાનો નિર્ણય થયો ત્યારે જ ગુજરાત પોલીસને સૂચના આપવામાં આવી કે આ પરીક્ષા ઉપર કોઇપણ પ્રકારના દૂષણખોરો નજર બનાવીને બેઠા હોય તો એના ઉપર સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવે અને પેપર ફૂટે નહિ તેની જવાબદારી તમામ લોકો સાથે મળીને રાખજો અને કોઇપણ પરીક્ષા આપનારની સાથે અન્યાય ન થાય એ માટેની સૂચના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પહેલામાં પહેલી મળેલી કેબિનેટમાં આપેલી હતી. આ પેપર લેવાનું નક્કી થયું એ પેપર માટે પંચાયત બોર્ડ દ્વારા એના અધ્યક્ષ દ્વારા રાત દિવસ મહેનત કરવામાં આવેલ. સામાન્ય રીતે કોઇ ઘટના બને તો સરકાર વિભાગ ઉપર અધિકારીઓ ઉપર કે જે કંઇ પેપર લેનાર ઓથોરિટી એના ઉપર નાખી દેવામાં આવતી હોય છે. હું આમાંથી

છટકવા માટે આ વાત નથી કરતો પરંતુ આ રાજ્યના ૯ લાખ યુવાનો સાથે બનેલી ઘટના છે એ સાચા મને આપની સામે મૂકી રહ્યો છું. બરોડામાં ત્રણ દિવસ પહેલાંથી આ રાજ્યના તમામ કોચીંગ ક્લાસીસ ઉપર રાજ્યની એ.ટી.એસ. દ્વારા, રાજ્યની લોકલ પોલીસ દ્વારા ધ્યાન રાખવામાં આવેલું. વોટ્સએપના ગ્રુપ હોય, વિદ્યાર્થીઓના ગ્રુપ બનેલા હોય તેની અંદર અલગ અલગ પ્રકારના વિદ્યાર્થીઓ સાથે પોલીસે ડાયરેક્ટ સંપર્ક રાખેલો હતો. ત્રણ દિવસ પહેલાં આ પ્રકારની વાત આવેલી કે પેપર ક્યાંકથી આવે છે. આ પેપર ગુજરાતના ક્લાસીસ ચલાવનાર લોકો કે ગુજરાતનો કોઇ પરીક્ષાર્થી ત્યાં જઇને ફોડવા ગયો નથી. આ પેપર ફોડનાર વ્યક્તિ એ આપણા રાજ્યનું પેપર લેવા નહોતો ગયેલો. એ પેપર લેવા ગયેલા હરિયાણાનું, હાથમાં આવી ગયું ગુજરાતનું. ગુજરાતનું આ પેપર જે પ્રિન્ટિંગ પ્રેસમાં છપાય છે અને ત્યાંથી જે ટેમ્પો તરફ જાય છે તેની વચ્ચેની ત્રણ મિનિટની અંદર ફોટોકોપી થાય છે. તેના પછી પણ અનેક દિવસો સુધી તેને ગુજરાતમાં કોઇ ઘરાક ન મળ્યો. બીજા રાજ્યના કોચીંગ ક્લાસમાં જ્યારે ગૂગલ ટ્રાન્સલેટ કર્યું ત્યારે ખબર પડી કે આ ગુજરાતની સરકારી પરીક્ષાનું પેપર છે. કોઇ બીજાં રાજ્યની અંદર એ પેપર બીજાં પરીક્ષાના સેન્ટર પર આપ્યું અને ત્યાંથી બરોડા આ પેપર પહોંચવાની માહિતી મળી. ત્રણ દિવસ સુધી અલગ અલગ દિશા પર તમામ પ્રકારની તપાસ ચાલી. પેપર આવશે, આવશે પરંતુ આટલા બધા હાથ ફરતા હતા તેના કારણે ખરેખર પેપર ફૂટેલું છે કે નથી ફૂટ્યું. તો આ પેપરના કાઉન્ટીંગ બરાબર છે. પ્રિન્ટિંગ પ્રેસના સી.સી.ટી.વી. બરાબર છે, રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી પેપરની રાહ જોઇ. પેપર આવ્યું નહીં, પેપર લઇને આવનાર લોકો ન આવ્યા. અમને સૌને એવું લાગ્યું કે આ માત્ર અફવા છે. થોડીક જ વારમાં મેં મારા ફોન પર એક પછી એક મિસ્ડકોલ જોયા. મને અંદાજ આવી ગયો કે આ પેપર ખરેખર કોઇક લઇને આવ્યું લાગે છે. જે વિદ્યાર્થીઓ બેસેલા હતા એ વિદ્યાર્થી પર જ્યાં આપણે પેન્ટ પર પટ્ટો પહેરીએ છીએ ત્યાં જી.પી.એસ. પહેરાવીને એ લોકોને મોકલેલા હતા કે જેના કારણે મોબાઇલ અને બધું બંધ કરાવી લે પરંતુ આ જી.પી.એસ.ના માધ્યમથી એ.ટી.એસ.ને તેનું લોકેશન મળે અને જે પેપર લઇને આવે છે એ પેપર સાચું છે, ખોટું છે, ફૂટ્યું છે કે નથી ફૂટ્યું તેની તપાસ થઇ શકે અને સાચા ગુનેગાર સુધી આપણે પહોંચી શકીએ. એ વ્યક્તિ ત્યાં આવ્યા. વ્યક્તિના આવતાની સાથે પેપરની કોપી લઇને પેપરને મેચ કરવામાં આવ્યું. મેચ કરવાની સાથે જ અંદાજ આવી ગયો કે ખરેખર આ પેપર ફૂટ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અડધી રાત્રે ફોન કરીને તાત્કાલિક પૂછવામાં આવ્યું. મુખ્યમંત્રીશ્રીએ સૌથી પહેલી લાઇન શું કહી? ખૂબ મોટી સંખ્યામાં પરીક્ષાર્થીઓ ત્યાં નહોતા પહોંચેલા. અમને પણ અંદાજ હતો કે આના સિવાય મોટા ભાગે આ પેપર બીજે ક્યાંય ગયું નથી. છૂપે છૂપે આ પેપર લઇ પણ લેવાત. એક રાજ્યના મુખ્યમંત્રી રાજ્યની જનતાના હિતમાં અડધી રાત્રે જાગીને, તમામ અધિકારોઓને બોલાવીને પેપરની કોપી જોઇને તાત્કાલિક નિર્ણય લે છે કે રાજ્યના યુવાનોની મહેનત છે તેમની સાથે કોઇ પણ પ્રકારનો અન્યાય ન થાય તે માટે આ પરીક્ષા છૂપે છૂપે ક્યારેય ન લેવાય. ગુજરાતના નાગરિકોએ અમારા ઉપર વિશ્વાસ રાખ્યો છે. આપણાં સૌ પર વિશ્વાસ રાખ્યો છે ત્યારે આ નાગરિકો સાથે અન્યાય ન કરી શકાય. રાતોરાત આ નિર્ણય લેવામાં આવ્યો કે આ પરીક્ષા કેન્સલ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને કહ્યું તે પ્રકારે આ પેપર નથી ફૂટતા. આ માણસ ફૂટે છે. તેમની નીતિ ફૂટે છે. જેમની નીતિ ફૂટે એવા લોકો પર મજબુતાઇથી સકંજો નાખવો જ પડે. એ સકંજો નાખવા માટે આ નવા કાયદાની ખૂબ જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપની પરવાનગીથી કાયદો બનાવેલો છે. કાયદો સામાન્ય રીતે એકદમ ટેકનિકલ ભાષામાં હોય પરંતુ તમામ ધારાસભ્યો સમજી શકે તે માટે એક લેમેન ભાષામાં કાયદાનું આખું વર્ણન કરાવેલું છે. એ વર્ણન તમામ લોકોના ટેબલ ઉપર આપણે મૂકવાનો પ્રયત્ન કર્યો છે. મારી તમામ ધારાસભ્યોને વિનંતી છે કે આ કાયદાને જરૂરથી વાંચવો જોઇએ. આનો એક એક કાગળ, એક એક લાઇન જરૂરથી વાંચવી જોઇએ. આ કાયદામાં સારા કરેલા કામના અભિનંદનની અપેક્ષા નથી પરંતુ આ કાયદામાં અમે કયાંય પણ ચૂક કરી હોય તો શોધી શોધીને અમને જણાવો. અમે તમામ લોકોને સાંભળવા તૈયાર છીએ. આવો આપણે સાથે મળીને આ રાજ્યના યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ કરવા માટે રાજ્ય સરકારે, આપણે સૌએ સાથે મળીને આજે આ વિધાનસભાગૃહમાંથી જે બિલ પાસ કરાવવામાં આવે, આજે જે પ્રણાલિકા માટે તમે તમામ ધારાસભ્યોને વિનંતી કરી છે તો હું એવી અપેક્ષા રાખું છું, અમારા મુખ્યમંત્રીશ્રી હંમેશા એમ કહે છે કે કામ કોઇ એકલી સરકાર નથી કરતી, તમામ લોકો સાથે મળીને કરે છે. આજે આપણે સૌ લોકો પક્ષ અને વિપક્ષ ભૂલીને એક એક વિષયો સારી રીતે શોધીને ધ્યાનમાં લાવીને એક એવું બિલ બનાવીએ અને કાલે તમામ ૧૮૨ લોકો પોતપોતાના વિસ્તારમાં જવાબ આપી શકે તે પ્રકારનું વર્ણન આ બિલ દરમિયાન લોકો કરે એવી હું વિનંતી કરું છું. હું ૧૮૨ ધારાસભ્યોમાં માત્ર ૧૫૬ વિધાનસભાનાજ ઉમેદવારો આમાં ભાગ નથી લેતા, ૧૮૨-૧૮૨ વિધાનસભાના ઉમેદવારો ભાગ લે છે એટલે એક એક ધારાસભ્યશ્રીઓનું મંતવ્ય એ ખૂબ મહત્ત્વનું છે. અમે એક એક વિષયની એક એક ટીકા ગંભીરતાથી લેવા માટે તૈયાર છીએ. આપ સૌને વિનંતી છે કે આપ સૌ લોકો સાથે મળીને ખૂબ સારા સજેશન આપો અને એ સજેશન ઉપર અમે કામ કરવા માટે તૈયાર છીએ. આભાર.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા બાબતનું વિધેયક સન ૨૦૨૩ લઇને આવ્યા છે, ખૂબ વિસ્તૃત એમણે એની પૂર્વભૂમિકા પણ બાંધી એ અંગે હું મારા વિચારો પણ વ્યકત કરું છું. એવું કહેવાય કે ''દેર આયે, દુરસ્ત આયે.'' માનનીય મંત્રીશ્રીએ જે પૂર્વભૂમિકામાં વાત કરી કે યુવાન, એનો પરિવાર કેવી મહેનત સાથે કેવા સંઘર્ષ સાથે કેવી યાતનાઓ અને દુઃખ વેઠી અને એનું ભણતર પૂરું કરે અને એના ઉજ્જવળ ભવિષ્ય માટે, સરકારી નોકરી માટેની તેયારીઓ કરે અને એની પરીક્ષા આપવા જાય અને ખબર પડે કે પેપર ફૂટ્યું ત્યારે એની

વેદના શું હોય, એની વ્યથા શું હોય એનો આ સરકારને ૨૭ વર્ષ પછી મોડે મોડે પણ ખ્યાલ આવ્યો છે એ બદલ સરકારને પણ અભિનંદન છે. મંત્રીશ્રીએ કીધું કે પેપર એકલું નથી ફૂટતું, આ પરીક્ષાનું પેપર નથી ફૂટતું, ફૂટે છે ગુજરાતના યુવાનોનું ભવિષ્ય, ફૂટે છે ગુજરાતના યુવાનોનું નસીબ, તૂટે છે ગુજરાતના યુવાનોના સપના, તૂટે છે ગુજરાતના યુવાનોની ઉજ્જવળ ભવિષ્ય માટેની આશાઓ, એટલે આ વિષય આપણા બધા માટે ખૂબ ચિંતાનો અને ગંભીર વિષય છે. આપણા રાજયના અને રાષ્ટ્રના ભવિષ્યની સાથે જોડાયેલો છે. જે લાખો યુવાનો આજે મીટ માંડીને બેઠા છે કે મોડે મોડે પણ આ સરકાર બિલ લાવી છે, ત્યારે આવનારા સમયમાં ખાલી કાયદો બનીને ના રહી જાય પણ સરકારની ઇચ્છાશિકત પણ મજબૂત હોય તો આ કાયદો મજબૂત બને અને આવનારા સમયમાં એનો અમલ પણ એજ રીતે થાય. આજે અમે પણ ઇચ્છીએ છીએ કે આ કાયદામાં બિલમાં જે પણ નાની મોટી ત્રૂટીઓ છે, જે પણ સુધારા સરકાર સમક્ષ વ્યકત કરી અને એક મજબૂત કાયદો બને જેથી કરીને ભૂતકાળમાં જે લોકોએ વેઠયું છે, જે લોકો શોષણનો ભોગ બન્યા છે, એવું ફરી કોઇ પરિવારને વેઠવું ન પડે. એકવાર પેપર ફૂટે તો કદાચ કોઇની ભૂલ કહેવાય. બે વાર ફૂટે તો કદાચ કોઇ ક્ષતિ રહી ગઇ હોય એવું સમજી લઇએ. એક-બે-ત્રણ વાર નહીં પણ ૨૦૧૪થી ચાલતી આ ડબલ એન્જિનની સરકારમાં ૧૩ કરતાં વધારે વખત પેપર ફૂટ્યા છે. *(xxx) હમણાં નવી ડબલ એન્જિનની સરકારના હોર્ડીંગ્ઝ માર્યા, પબ્લિસિટી કરી, ભાષણો કર્યા. નવી સરકાર બની ૧૫૬ આવ્યા તો જે ગતિથી બહુમતિ આવી એ જ ગતિથી હમણાં છેલ્લું પેપર ફૂટ્યુ અને ૧૦ લાખ જેટલા પરીક્ષાર્થીઓ જે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં બેસવાના હતા એમને લાગ્યું કે અમે જે ડબલ એન્જિન સરકાર પર વિશ્વાસ મૂક્યો હતો એ (xxx) અનુભવી સરકાર તો એટલા માટે કહેવાય કે એક-બે વાર થયું હોય તો બરાબર પણ ૧૩ વાર થયા પછી પણ સરકારે એમાંથી હજુસુધી શીખ ન લીધી, એવો કોઇ દાખલો ન બેસાડ્યો અને અહીંયા બિલમાં જે જોગવાઇઓ લઇને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કલમ-૧ ના ભાગ-૨ માં સુધારા સ્વરૂપે સૂચન કરવું છે. એમણે સૂચવ્યું છે કે રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે. મારી વિનંતી છે કે આપણે આ બિલ પાસ કરીએ, કાયદો બને ત્યારથી અમલમાં મૂકવાના બદલે જો ખરેખર આપણે દાખલો બેસાડવો હોય, દેશમાં ઉદાહરણરૂપ સરકારના પગલાં તરીકે બતાવવું હોય તો કાયદાના અમલની તારીખ ૨૦૧૪થી આપણે મૂકીએ. જેથી કરીને ૨૦૧૪ પછી જેટલી જેટલી પરીક્ષાઓના પેપરો લીક થયા છે, જેટલા જેટલા લોકો આમાં સંડોવાયેલા છે એ તમામ લોકોને, તમામ જવાબદારોને કાયદો લાગુ પડે એવો સુધારો કરવા માટે મારી વિનંતી છે. ૨૦૧૪માં પહેલી વખત ધ્યાનમાં આવ્યું, આમ તો પહેલાં પેપરો ફૂટતા હશે, લીક થતા હશે અને પાછલા બારણે એનો લાભ લઇને સરકારી નોકરીમાં લાગ્યા પણ હશે. પણ ૨૦૧૪થી ચર્ચાનો વિષય બન્યો અને પહેલું જી.પી.એસ.સી.નું ચીફ ઓફિસરની પરીક્ષાનું પેપર ફૂટ્યું. ૨૦૧૫માં તલાટીની પરીક્ષાના પેપર ફૂટ્યા. ૨૦૧૬માં પણ જિલ્લા લેવલે લેવાયેલ પરીક્ષાના પેપર ફૂટ્યા. ૨૦૧૮માં શિક્ષકો માટેની ટાટની પરીક્ષાના પેપર ફૂટ્યા. ૨૦૧૮માં મુખ્ય સેવિકાનું પેપર ફૂટ્યું. ૨૦૧૮માં નાયબ ચીટનીશની પરીક્ષાનું પેપર ફૂટ્યું. એલ.આર.ડી. પરીક્ષાનું પેપર ફૂટ્યું. આજે પણ એ દિવસ યાદ છે કે ૨૦૧૯માં જ્યારે બિન સચિવાલયની પરીક્ષાનું પેપર ફૂટવાની રજૂઆત એન.એસ.યુ.આઇ.ના વિદ્યાર્થીઓએ સુરેન્દ્રનગર જિલ્લામાં કરી ત્યારે એની કોઇ વાત સાંભળવામાં ન આવી. એવું કહેવામાં આવ્યું કે તમે રાજનીતિ કરો છો. પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ કરીને સાબિતિઓ આપવામાં આવી ત્યારે કહેવામાં આવ્યું કે કોંગ્રેસ સરકારને બદનામ કરવાના પ્રયત્નો કરે છે. એસ.એમ.એસ.ના માધ્યમથી આખા ગુજરાતના હજારોની સંખ્યામાં યુવાનો કોઇ રાજકીય પાર્ટીનું બેનર નહીં, કોઇ નેતા નહીં તેમ છતાં ગાંધીનગર ખાતે રાતોરાત એકત્રિત થયા. તેઓ ઇચ્છતા હતા કે રાજ્ય સરકારમાં બેઠેલા લોકો અમારી વાત સાંભળે. સરકારના કોઇ જવાબદાર મંત્રી કે પ્રતિનિધિ અમારી વાતને સાંભળીને એનું નિરાકરણ લાવે અને પરીક્ષા રદ કરવામાં આવે. પણ ત્યારે સરકારમાં બેઠેલા લોકો એવા અભિમાનમાં હતા કે આવુ કાંઇ બન્યું જ નથી. ત્યારે એની કોઇ વાત સાંભળવા તૈયાર ન હતું. પોલીસને મોકલીને એને કઇ રીતે ઘેર પાછા મોકલી દેવાય એવી ધાક-ધમકી અને દબાણ કરવામાં આવતું હતું. મને યાદ છે કે એન.એસ.યુ.આઇ. યુથ કોંગ્રેસના અમારા સાથીઓ જે આંદોલન કરનારા યુવાનો હતા એમની સાથે જોડાયા. કેટલાય દિવસ સુધી ધરણા પર બેઠા. રોજ પોલીસ આવે, ધાક-ધમકી આપે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી અમિત ચાવડા : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯ના એ દિવસો યાદ કરીને પરીક્ષામાં પેપર લીક થાય, પેપર ફૂટે તો કેવું યુવાનો પર વીતતું હોય છે? શું પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે? એની હું વાત કરતો હતો. સને ૨૦૧૯માં બિનસચિવાલય કલાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યું. એન.એસ.યુ.આઇ. દ્વારા પુરાવા સાથે પ્રેસ કરી સરકારનું ધ્યાન દોર્યું. આખા ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં યુવાનો ગાંધીનગર ખાતે આવીને સરકાર પાસે વારંવાર વિનંતી કરી કે આ પેપર લીક થયું છે જેથી કરીને આ પરીક્ષા રદ થવી જોઇએ પણ સરકાર કોઇની વાત સાંભળવા તૈયાર નહોતી. યુવાનોએ આંદોલન કર્યું એક-બે દિવસ નહીં પણ લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો. રાતોની રાત કડકડતી ઠંડીમાં રસ્તા પર બેસીને યુવાનોનો સંઘર્ષ થયો અને જે દિવસે યુવાનોએ વિધાનસભા કૂચનું આહવાન કર્યું ત્યાં સુધી કોઇ મંત્રી કે કોઇ સરકાર એની વાત સાંભળવા કે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વાત માનવા તૈયાર નહોતી. ઊલટું એના બદલે એના ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યો, વોટર કેનનથી પાણીનો મારો કરવામાં આવ્યો, અમારા સહીત અનેક લોકો ઘાયલ થયા અને આ ગૃહમાં પણ આવીને જ્યારે વાત થઇ ત્યારે પણ સરકાર એમ કહેતી હતી કે મારી સરકારમાં બધું જ ફૂલપ્રૂફ છે આમાં કોઇ જાતની ગેરરીતિ કે પેપર ફૂટ્યું નથી. યુવાનોનો સંઘર્ષ રંગ લાવ્યો અને સરકારે છેલ્લે સ્વીકારવું પડ્યું અને પરીક્ષા રદ કરવી પડી. મારો કહેવાનો મતલબ એટલો જ છે કે જ્યારે કોઇ યુવાનો પોતાના ભવિષ્ય માટે એના સામાન્ય પરિવારના દીકરા કે દીકરી હોય એ ગરીબ મધ્યમ વર્ગનો પરિવારનું એક સ્વપ્ન હોય કે મારો દીકરો-દીકરી ભણીને આગળ આવે, કંઇક સારી જગ્યાએ સરકારી નોકરી મેળવીને એનું સૂરક્ષિત ભવિષ્ય બને અને સાથે સાથે એના કુટુંબ, પરિવારનું જે આવનાર ભવિષ્ય છે એ સૂરક્ષિત થાય અને એટલા જ માટે આ ગરીબ, મધ્યમ વર્ગના પરિવારના દીકરા-દીકરી માટે પેટે પાટા બાંધીને જે મોઘું શિક્ષણ છે. ખાનગી શાળા-કોલેજ એમાં પણ ભણાવે છે. ભણાવ્યા પછી એ સરકારી નોકરી માટે જાહેરાતની રાહ જુએ. કોઇ જાહેરાત આવે એમાં સરકારે નક્કી કરેલી ફી કે જે લાખોની સંખ્યામાં પરીક્ષાર્થીઓ અરજી કરે છે એ ફીનો સરવાળો ગણીએ તો અધધ કરોડો રૂપિયા થાય એવી ફી ભરવી પડે. ફી ભર્યા પછી પરીક્ષા કઇ તારીખે લેવાય એ નક્કી ના હોય. દૂર દૂર ત્યાં ગામડે વ્યવસ્થા ના હોય એટલા માટે ત્યાંથી પરિવાર એમને અહીં આગળ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા જેવા શહેરોમાં કોચિંગ ક્લાસીસમાં જવા માટે સગવડ કરી આપે. અહીંયા કોઇ રૂમ ભાડે રાખે કે બધા ભેગા થઇને કોઇ ફ્લેટ ભાડે રાખે, કોચિંગ ક્લાસની ઊંચી ફી ભરીને ત્યાં આગળ ટ્યૂશન મેળવે. મોંઘા પુસ્તકો એફોર્ડ ના કરી શકતા હોય તો લાઇબ્રેરીઓમાં જઇને વાંચે આમ અનેક રીતની મહેનત, તકલીફો વેઠીને એની તૈયારી કરતા હોય છે. લાંબા સમય સુધી રાહ જોયા પછી પરીક્ષાની તારીખો નક્કી થાય ત્યાર પછી એ પરીક્ષા આપવા જાય ત્યારે એને ખબર પડે કે પેપર ફૂટી ગયું છે ત્યારે એ યુવાન પર શું ગુજરતી હશે? માનનીય હર્ષભાઇ હમણાં ચિંતા કરતા હતા કે ગરીબ પરિવાર, સામાન્ય વર્ગના પરિવારના દીકરા-દીકરીની જે ચિંતા છે. કદાચ ગુજરાતના યુવાનોને લઇને પૂછો અને એક ઓપન સેશન રાખો તમારા પર શું વીતી છે? શું ગુજરી છે? હું માનું છું કે આપણને સાચી વાસ્તવિકતાનો ખ્યાલ આવશે. અહીંયા બોલવું અને સાચી હકીકતમાં જમીન-આસમાનનો ફરક છે અને એટલા જ માટે સને ૨૦૧૯ માં બિનસચિવાલયની પરીક્ષાનું પેપર ફૂટ્યું, સને ૨૦૨૧માં હેડ કલાર્ક, ફરી સને ૨૦૨૧માં પી.જી.વી.સી.એલ.ના વિદ્યુત સહાયકની પરીક્ષાના પેપર ફૂટ્યા. ફરી સબઓડિટરની પરીક્ષા, વન રક્ષકની પરીક્ષા અને હમણાં જ ખાસ કરીને ગુજરાતના યુવાનોએ દેશના પ્રધાનમંત્રીશ્રીએ જ્યારે અહીંયા આવીને ચૂંટણીમાં ભાષણોમાં કીધું કે તમે ચિંતા ના કરતા હું બેઠો છું. મારી ઉપર વિશ્વાસ રાખીને મત આપજો અને ચૂંટણીમાં મત આપ્યા અને (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે અગાઉ પણ ઘણું બધું બોલ્યા. અત્યારે પણ હજુ અવલોકનો ઉપર છો એટલે બિલ ઉપર આવીને બોલશો તો મને લાગે છે કે આપણે સજેશનો એવા કંઇક આપીએ કે જેને કારણે આપણું બિલ સારું થઇ શકે. મારી તમને વિનંતી છે કે એ દિશામાં આગળ વધો.

શ્રી અમિત ચાવડા : ચોક્કસ હું સજેશન જ આપીશ પણ જે ગુજરાતના યુવાનોને એક બાંહેધરી આપવામાં આવી હતી, એક વિશ્વાસ આપવામાં આવ્યો હતો એ વિશ્વાસ તુટયો અને તરત જ આ જુનિયર કલાર્કની પરીક્ષાના પેપર ફુટયા તો આજે કોની ઉપર વિશ્વાસ રાખે ગુજરાતનો યુવાન? સરકાર ઉપર એક વાર, બે વાર વિશ્વાસ રાખે પણ આટલી ૧૩ કરતા વધારે વખત જયારે પેપર ફુટતા હોય, ડબલ એન્જીનની આપણે વાત કરતા હોઇએ પણ બંને પ્રધાનમંત્રીશ્રી અને રાજય સરકાર બંનેના કહેવા પછી પણ પેપરો ફુટતા હોય તો આના માટે જવાબદાર કોણ છે? એના મુળીયા સુધી, તળ સુધી જવાની જરૂરિયાત પડે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કોઇપણ આરોપી બાકી નથી પણ નાના લોકોને પકડીને જો આપણે વાહવાહી મેળવતા હોઇએ તો સાચા અર્થમાં આની પાછળના જવાબદારો કોણ છે એ શોધવાની જવાબદારી પહેલી સરકારની છે. શું આપણે કાયદામાં નાનીમોટી છટકબારીઓને લીધે જે મોટા માથાઓ છે જે મોટી માછલીઓ છે એ તો છટકી જતી નથીને? શું કામ આપણે સરકારી આટલું મોટું તંત્ર છે. સરકારી પ્રેસ છે, આટલી બધી વ્યવસ્થાઓ છે તેમ છતાં પણ પ્રિન્ટિંગ માટે કે અન્ય વ્યવસ્થાઓ માટે આઉટસોર્સીગ કરવું પડે છે? શું કામ આપણને આપણી જ વ્યવસ્થાઓ ઉપર વિશ્વાસ નથી? શું કામ આપણે વારંવાર આવા બનાવો બને તેમ છતાં પણ એને રોકવા માટે આપણે કોઇ ફુલપ્રુફ સિસ્ટમ નથી બનાવી શકતા? ખાલી કાયદો બનાવવાથી આ પરંપરાઓ રોકાઇ જશે એવું માનવાની જરૂરિયાત નથી. આમ તો ગુજરાતમાં દારૂબંધીનો કાયદો છે જ એમ છતાં પણ આજે કોઇપણ ગલીમાં જાવ કે કોઇપણ જગ્યાએ જાવ તમામ જગ્યાએ દારૂ મળે છે. દારૂ વેચાય છે, દારૂ પીવાય છે અને તેમ છતાં બેરોકટોક કોઇ ડર વગર ખુલ્લેઆમ એનું ચલણ છે તો આપણે આનો પણ કાયદો બનાવીશું એનાથી કંઇ ખાલી આ પેપર ફુટવાના બનાવો છે એ અટકી જશે એવું માની લેવાની જરૂર નથી. આપણે ચોક્કસ બિલમાં જે પણ સુધારા છે એની સાથેસાથે મજબૂત કાયદો બનાવીએ એટલા માટે દાખલો બેસાડવો હશે, ડર બેસાડવો હશે તો મેં પહેલા કહ્યું તેમ એનો અમલ ૨૦૧૪ની તારીખથી શરૂ કરાવીએ તો અત્યારે તાત્કાલીક એનો ડર ઊભો થશે. દાખલો બેસશે તો બીજા લોકોને પણ ભવિષ્યમાં એની બીક લાગશે ત્યારે વારંવાર જે પેપરો ફુટે છે એને માટે રાજય સરકાર પાસે લોકો અનેક રીતે જાણવા માંગે છે કે કેટલી વખત પેપર ફુટયા? કેટલા પરીક્ષાર્થીઓ એમાં પરીક્ષા આપવા જવાના હતા? એક આંકડા મુજબ જોઇએ તો પચાસ લાખ કરતા વધારે પરીક્ષાર્થીઓએ એ પરીક્ષાની તૈયારી કરી હતી જે પરીક્ષા આપવા ગયા હતા એ પરીક્ષાના પેપરો ફુટયા છે તો એનાથી એને કેટલું આર્થિક નુકસાન થયું? કેટલી માનસિક વેદના થઇ? એના પરિવારની હાલત શું થઇ? આ બધાનો અભ્યાસ પણ જરૂરી છે અને એટલા માટે રાજય સરકારે એક શ્વેતપત્ર પણ બહાર પાડવું જોઇએ કે અત્યાર સુધી આટલા વર્ષોમાં જે પેપર ફુટયા છે, પેપર લીક

થયા કે પરીક્ષાઓ બંધ થઇ એના કારણો શું હતા? એના જવાબદારો કોણ હતા? એની ઉપર કાર્યવાહી શું થઇ અને એની યુવાનો ઉપર અસર શું થઇ એ તમામ બાબતોનો પણ લોકો માહિતગાર થાય એ માટે એક શ્વેતપત્ર પણ બહાર પાડવું જોઇએ. આપણે પરીક્ષાની મોટી ફી લઇએ છીએ. આ બિલમાં મારી તો વિનંતી છે કે સાથેસાથે કોઇપણ રીતે એવું પ્રાવધાન પણ કરવામાં આવે કે આપણે આટલું બે લાખ કરોડ કરતા પણ વધારે રકમનું બજેટ ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવે અને કદાચ આ ગુજરાતના ૫૦ લાખ જેટલા બેરોજગાર યુવાનો પોતાના ભવિષ્ય માટે, નોકરી માટે કોઇ પરીક્ષાનું ફોર્મ ભરે ત્યારે એની પાસેથી ફી લેવામાં આવે છે. શું આપણે એની પરીક્ષાની ૧૦૦ કે ૨૦૦ રૂપિયા ફી માફ ના કરી શકીએ? શું આપણે એને ફ્રી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પ્રોવાઇડ ના કરી શકીએ? ગામડાંમાંથી દુરદુરથી જે વિદ્યાર્થીઓ કે યુવાવર્ગ આવે છે એને રહેવાની કોઇ વ્યવસ્થા નથી હોતી. એક રૂમમાં ૨૫-૫૦ લોકો કયાંક ભાડે આજીજી, વિનંતી કરીને કોઇ ધર્મશાળામાં રહે છે કોઇ ખુલ્લી જગ્યામાં રહેવા માટે મજબુર થાય છે તો એની રહેવાની કે જમવાની વ્યવસ્થા ન થઇ શકે? આપણે એ બાબતની પણ ચિંતા કરીને કયાંક ને કયાંક એના માટે પણ કાર્યવાહી કરવી જોઇએ. અહીંયા જે કલમ-૭ છે એમાં પરીક્ષા કાર્ય સોંપવામાં આવ્યું હોય અને તેમાં સંકળાયેલ હોય તેવી કોઇ વ્યક્તિ દ્વારા પ્રશ્નપત્ર ફુટી જતું અટકાવવા બાબત, તેમાં ચોક્કસ એ પણ લેવું જોઇએ કે, ખાનગી પ્રકાશનોનો પેપર કાઢવા માટે ઉપયોગ કરવામાં આવે છે. તેમાંથી આ માહિતીઓ લીક થાય છે કે નહીં તે બાબતની વિચારણા કરીને તે જોગવાઇઓનો આમાં સમાવેશ કરવો જોઇએ. ખાનગી એજન્સીઓને પેપર કાઢવા માટે આપવામાં આવે છે. ખાનગી પ્રેસમાં પેપર છપાવવામાં આવે છે. સરકારી પ્રેસ આટલા બધા હોવા છતાં તેમાં જ છાપવા માટેની જોગવાઇ કેમ ન થાય. જેથી કરીને કોઇકની જવાબદારી નક્કી થાય. આપણે આમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, અધિકારીઓએ પેપર ફૂટતાં કે તેની ગેરરીતિ અટકાવવા પ્રયત્ન કર્યો હશે તો પણ તેમને તેમાંથી મુક્તિ આપવામાં આવશે. તો શું તેમની જવાબદારી નથી બનતી? જવાબદારી ખાલી કોઇ બહારનો વ્યક્તિ કે જેણે પૈસા આપીને પેપર ખરીદ્યુ, જે પરીક્ષાર્થીએ તેના ભવિષ્યની ચિંતા કરીને તેને નોકરી મળશે તેવી લાલચ સાથે બજારમાં પેપર વેચાતું હોય અને તે બે-પાંચ, દસ લાખ રૂપિયા આપીને ખરીદે તો તે જ જવાબદાર છે, તે જ ગુનેગાર છે? જયાં પેપર છપાયું અને જેના માધ્યમથી છેવાડા સુધી પહોંચ્યું તે લોકો જવાબદાર નથી? છપાવવા આપવાવાળા કે તેનું મોનિટરીંગ કરવાવાળા અધિકારીઓની કોઇ જવાબદારી નથી બનતી? આપણે આ જોગવાઇઓમાં તે પણ સુધારો લાવવો જોઇએ. પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ પ્રતિબંધિત કરવા માટેની જોગવાઇ છે. તેમાં જોગવાઇ એવી કરવામાં આવી છે કે, તપાસણી ટીમ એટલે કોઇ પરીક્ષા કેન્દ્ર તપાસવા માટે પરીક્ષા સત્તામંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ. ચોક્કસ અધિકૃત કરવામાં આવેલી વ્યક્તિ ત્યાં જાય. આપણે જો પારદર્શકતા લાવવી હોય તો સ્થાનિક મિડીયા કાં તો માહિતી ખાતા થકી નક્કી કરે તેવા મિડીયાને પણ તે કેમ્પસમાં હાજર રાખવા જોઇએ. જેથી કરીને કોઇ વ્યક્તિઓ કે કોઇ સંસ્થાઓ સામેલ હોય અને આજે અનેક સંસ્થાઓ એવી છે કે, જયાં સામૂહિક રીતે ગેરરીતિ કરવામાં આવે છે. પેપર લીધા પછી સામૂહિક રીતે તેની ચોરીઓ થાય તેવી વ્યવસ્થા હોય છે. તે પણ અટકાવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે. સાથે સાથે બાકીની જોગવાઇઓ છે તે બધાનો અભ્યાસ કરતાં એટલું કહીશ કે કાયદો બનાવવાથી આપણે આને અટકાવી શકીશું નહીં. ગુજરાતના યુવાનો છે તે પોતાના ભવિષ્ય માટે ચિંતિત છે. આપણે બધા તેઓના માટે ચિંતિત છીએ. આ પેપર ફૂટવાની પરંપરા છે તે અટકાવવી હોય તો કડક કાયદો બન્યા પછી તેનું કડક અમલીકરણ માટે પણ વ્યવસ્થા થવી જોઇએ અને તેની જવાબદારી પણ ફિક્સ થવી જોઇએ. આ જે બિલ લાવ્યા છે તેમાં અમારા પક્ષ તરફથી તેને સમર્થન કરીએ છીએ. જે કંઇ સુધારા સૂચવાય તેને સરકાર ગંભીરતાથી લે. અમારો બધાનો હેતુ એટલો જ છે કે સારી રીતે આપણા યુવાનોને ભવિષ્યમાં પરીક્ષાની તૈયારી કરવાની તક મળે. યોગ્ય સમયમાં પરીક્ષાઓ થાય, પરીક્ષાઓ બિલકુલ પારદર્શક રીતે થાય. યોગ્ય સમયે તેના પરિણામ આવે અને યોગ્ય સમયે તેના પોસ્ટીંગના ઓર્ડરો મળે. આ જે ભરતી કેલેન્ડરની વાતો થાય છે તેનો ખરા અર્થમાં અમલ થાય તેવી આપની પાસે અપેક્ષા છે. સાથે સાથે આવનારા દિવસોમાં આવી ગેરરીતિ કરનારો ચમરબંધી હોય તે છટકી ન જાય તે માટે કડક કાયદાકીય જોગવાઇઓ સાથે તેનો અમલ સાથે તેવી અપેક્ષા સાથે મારા વિચારો રજૂ કરું છું.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી ખૂબ લાગણીસભર ભાષામાં ન પક્ષ ન વિપક્ષ પણ માત્ર ગુજરાતનો યુવાન. જયાં સરકારની ત્રુટિ હતી તે પણ સ્વીકારી. સાથે સાથે આપણે એ પણ કહ્યું કે, આપણે ૧૮૨ લોકો ભેગા થઇને ગુજરાતના યુવાનોના હિતોની ચિંતા કરીશું. ભાષણ પછી મને તો એમ થયું કે, હવે તો બિલ ઉપર બોલવાનું નહીં રહે. શ્રી અમીતભાઇ તો મારા પરમ સ્નેહી મિત્ર છે. લાગણીસભર અમારા સંબંધો છે. એમણે તો શરૂઆત જ એવી કરી કે ૨૭ વર્ષ સુધી યાદ ન આવ્યું. ૨૭ વર્ષ સુધી યાદ ન આવ્યું એવું નથી. ૩૨ વર્ષ સુધી તમે ન હતા અને હજું ૫ (પાંચ)વર્ષ સુધી નથી. ૩૭ વર્ષ સુધી ગુજરાતની જનતાએ તમને કંકુનો ચાંદલો હજું કર્યો નથી. હવે તો ક્યાં સુધી? તમારી અને અર્જુનભાઇ પાસેથી અપેક્ષા જ ન હોય, તમે વિદ્વાન લોકો છો. તમે કહો કે તમે આ કરો, આ કરો અને મંત્રીશ્રી સ્વીકારવા તૈયાર છે. ૩૭ વર્ષ પછી એ યુવાન થઇ ગયો અને તમારી સરકાર પણ ભૂલાઇ ગઇ છે. મારો કહેવાનો મતલબ છે કે આપણે બધાએ સાથે મળીને જ્યારે કરવું છે ત્યારે તમે ૨૭ વર્ષ મોડા, આ પહેલી વખત નથી ચાલતું હું ૧૯૭૦માં એસ.એસ.સી. પાસ થયો, આ હકીકત કહું છું ૧૯૭૧માં જી.પી.એસ.સી.ની પરીક્ષા આવી અને ૨૦૦ રૂપિયામાં પેપર વેચાતું મળતું હતું. ત્યારે ઝેરોક્ષ, મોબાઇલને એ બધું તો ન જ હોય અને મને આપવા વાળા માણસે કહ્યું કે આ ૨૦૦માં આપીશ. મેં કહ્યું મારે કાંઇ જોઇતું નથી આપણે તો પાસ જ છીએ. પરીક્ષા થઇ, ગુજરાતમાં બીજા નંબરે પાસ થયો એટલે પહેલાનો અહમ ઘવાયો એને થયું મારા ૨૦૦ રૂપિયા પણ ગયા અને આ પાસ થઇ ગયો. આ કોઇ કપોળ કલ્પિત

વાત હું કરતો નથી હું નામ સાથે કહી શકું પણ અત્યારે વિધાનસભામાં છું એટલે કહેવાય નહીં. ભઇબંધી થઇ ગઇ અને એક ડઝન અધિકારીઓની ચેમ્બરમાં મને લઇ ગયા એ સબસ્ટાફમાં હતો અને જેની ચેમ્બર ખોલીએ એટલે પેલો અધિકારી ઊભો થાય. ૧૯૭૧ની વાત કરું છું અને તમે ૨૭ વર્ષની વાત કરો છો.

''હમ આહ ભી ભરતે હે તો હો જાતે હે બદનામ, વો કત્લ ભી કરતે હે તો ઉનકી ચર્ચા નહીં હોતી''

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ ભારપૂર્વક, ખૂબ જ પ્રેમપૂર્વક અને છતાંય કડક કાયદો, મને કાલે સાંજે જ બધી માહિતી મળી એ હું ધ્યાનથી વાચતો હતો કલમો જોતો હતો અને મને એમાં પણ થયું કે આ થોડુંક વધારે પડતું થાય છે એટલે મેં બીજી વખત પણ અભ્યાસ કર્યો કે આમાં શું કરવું જોઇએ? આપણે બધા જાણીએ છીએ કે માત્ર અસામાજીક તત્ત્વોના કારણે માત્ર નાણાકીય હેરાફેરીના કારણે કરવામાં આવતું ષડયંત્ર અને એ ષડયંત્રનો શિકાર જ્યારે ગુજરાતનો વિદ્યાર્થી થતો હોય તો આપણને ચિંતા થાય એ સ્વાભાવિક છે. મેં માનનીય મંત્રીશ્રીને વાત કરી કે માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ૧૦ થી ૧૨ લાખ વિદ્યાર્થીઓ હોય તો એનું પેપર કેમ કોઇ દિવસ ફૂટતું નથી? તો કહે એમાં તો બીજી તક મળે છે ને. કોઇ વિદ્યાર્થીની તૈયારી ન હોય તો ડ્રોપ લે બીજી વખત સારી રીતે તૈયારી કરે. પણ આ તો સીધેસીધી રોજગારી સાથે સંકળાયેલો વિષય છે અને એટલા માટે અને આટલા બધા વિદ્યાર્થીઓ? મેં કહ્યું તેમ અર્જુનભાઇ ૧૯૭૧થી શરુ કરીને મિનિસ્ટર થયો ત્યાં સુધીમાં ૬ નોકરી મેં બદલી. એક નોકરી કરતો હોઉં ચાલું હોય, બીજી જાહેરાત પડે એમાં વધારે પગાર મળે એટલે જતું રહેવાનું. એટલે આટલા બધા યુવાનો બેરોજગાર છે એવું પણ માનવાની જરૂરિયાત નથી. પોતાનો પણ એક મેનિયા છે કે સરકારી નોકરી હોય તો એને એક સંરક્ષણ મળે છે અને બધાની અપેક્ષા પણ હોય, છોકરાના લગ્ન કરવા હોય તો લારી લઇને ધંધો કરીને ૫૦૦ રૂપિયા દરરોજ કમાતો હોય તોય આપણે એને પસંદ ન કરીએ પણ ૯૦૦૦ રૂપિયામાં પટાવાળો હોય તો આપણે એને પસંદ કરીએ. એવી આપણી માનસીકતા છે અને એના કારણે આ લોકો ષડયંત્રના શિકાર બનતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે વાત કરી છે એમાં બે ત્રણ બાબતો મારે ખાસ ઉલ્લેખ કરવો છે મંત્રીશ્રીને અભિનંદન આપવા છે. એમણે અંદર કહ્યું છે કે પેપર ફૂટી જાય એના કારણે લોકોનો વિશ્વાસઘાત પણ થાય, સરકાર ઉપર પણ સવાલો ઉઠે અને સરકાર સામે સવાલો ઉઠવાની સાથે સરકારનો નાણાકીય બોજ પણ વધે. આ બધી જ વાતો સ્વીકારી અને છતાંય અને છતાંય આ બધું કર્યા પછી પણ જો ગુનાહિત રીતે કરે તો આપણે કયારેય ચલાવી લેવુ જોઇએ નહીં એટલે એમણે કડક કાયદાની જોગવાઇ તેમાં કરી છે. ૨૩ જેટલી જોગવાઇઓ આ કાયદામાં સજાના રૂપમાં છે. હું વાંચતો હતો એ વખતે કલમ-૭નો મેં ઉલ્લેખ જોયો તો તેમાં માધ્યમિક શિક્ષણ બોર્ડનો વિદ્યાર્થી પણ હોય હવે તેની ઉંમર ૧૫ કે ૧૭ વર્ષની કાચી હોય અને તમે આટલી મોટી સજા કરો તો મને લાગ્યુ કે આ તો થોડું વધારે છે. એટલે બીજી વખત ફરીથી મેં તેને વાંચવાનો પ્રયાસ કર્યો કે કદાચ તેની ભૂલ ન પણ હોય, કદાચ એ પણ અવળે માર્ગે આવી ગયો હોય એટલે એકાદી ભૂલના કારણે આટલી મોટી સજા ના હોય એટલે મેં તેમાં ફરીથી વાંચવાનો પ્રયાસ કર્યો છે. અત્યારે હાલ જે સ્થિતિ છે તેમાં જે ૨૩ જોગવાઇઓ કરી છે તેમાં પરીક્ષાર્થીને ૩ વર્ષ સુધી કેદની સજા અને એક લાખ રૂપિયા સુધીથી ઓછો દંડ નહીં એવી જોગવાઇ કરવામાં આવી છે. એટલે આ જોગવાઇ કાલે વાંચે તો માનસિક રીતે પણ દબાણ આવે પણ આ એક માત્ર જોગવાઇ છે એવુ નથી કે આના કારણે વિદ્યાર્થીઓએ ડરવાની કે એવી જરૂરિયાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૭ની સાથે સાથે તેમણે જે નિર્દેશ કર્યો છે કે આ અંગેના જે પણ કંઇ વિદ્યાર્થીઓએ પોતે અથવા અજાણી રીતે પણ કર્યું હોય તો તેમાં જે તે સંસ્થા કામ કરવાની છે તેની સ્વયંભૂ તેના ઉપર તે પોતે નિર્ણય લેશે મતલબ ભારે નિર્ણય તેને લેવો કે નહીં લેવો તે અત્યારે હાલ તેમના માધ્યમથી કંઇ થવાનું નથી.

**( ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિર અધ્યક્ષસ્થાને )**

પરીક્ષા કેન્દ્રની પણ આખા નિર્દેશમાં જાહેર સેવા આયોગથી માંડીને હાઇકોર્ટથી માંડીને, ગૌણ સેવા પસંદગીથી માંડીને આ બધા માટે પરીક્ષા કેન્દ્ર માટેની કલમ, ઇન્સ્પેકશન ટીમ સંગઠિત ગુનો કરે એક વ્યકિત નહીં તેની સાથે સંકળાયેલા બધાજ લોકો કોઇ વિદ્યાર્થીઓ ભેગાં મળીને કયારેય સંગઠિત ગુનો કરી શકે નહીં. વિદ્યાર્થી એકલ-દોકલ કોઇ પરીક્ષામાં ચોરી કરે અથવા તેની માનસિકતા થોડી નબળી પડવાને સંભવ છે પણ જયારે સંગઠિત ગુનાખોરી થતી હોય અને તેના કારણે યુવાધનને તકલીફ થતી હોય તો તેના માટેનું પણ તેમણે પ્રાધાન્ય કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખોટું નામ ધારણ કરવું, પ્રશ્નપત્ર ફોડવું, ફોડવાનો પ્રયત્ન કરવો, એનું કાવતરું કરવુ આના માટેની પણ જોગવાઇઓ રાજય સરકારે આમાં કરી છે. બે-ત્રણ વિષયો એવા પણ આવે કે તમે વિદ્યાર્થીઓની વાત કરો છો, ફલાણી વાત કરો છો પણ આની સાથે જોડાયેલાં અધિકારીઓ પણ હોય છે. તમે વાત કરો વિદ્યાર્થીની પણ અંદર જોડાયેલો કોઇક બીજો હોય તો તેના માટે પણ તમે કંઇ કરવા માગો છો કે નહીં ? અને એટલા માટે જયારે આ મેં કલમો જોઇ છે ત્યારે કલમ-૫ની અંદર આની અંદર તેનુ ચોખ્ખામાં ચોખ્ખું પ્રાવધાન કરવામાં આવ્યુ છે તે જરા ધ્યાનથી જોવામાં આવે તો એ જ પ્રમાણે કલમ-૭માં પરીક્ષાનું કાર્ય સોંપવામાં આવ્યુ હોય તો તેના માટેની પણ જોગવાઇ કલમ-૭માં કરી છે અને આ ગેરકાયદેસર કૃત્ય કરવા બદલ એની સામે પગલાં લેવામાં આવશે તેવી વાત કરી છે. આમાં કયારેક આપણાં વિધાનસભામાં સરકારી કામકાજમાં આપણે બધા બોલતાં હોઇએ છીએ કે કયારે કામ થશે ? તો કહે જેમ બને તેમ જલ્દી પણ આ જલ્દી કયારે થાય એવો કશો કયાંય ઉલ્લેખ જ નથી. આમાં કહે વિવેક બુદ્ધિથી કામ કરજો એટલે જે બેઠો છે તેનું નામ વિવેક પણ ના હોય, બુદ્ધિ પણ ના હોય અને પેલા છોકરાનું શું થાય ? એટલે માત્ર વિવેક બુદ્ધિ શબ્દપ્રયોગથી ગુજરાતનું યુવાધન ના બગડે તેના માટેની પણ જોગવાઇ આ કલમોની અંદર ધ્યાનથી કરવામાં આવી છે. આમાં ઘણી બધી સંસ્થાઓ એવી પણ છે કે, એમાં એમાં

સહકાર વિભાગમાં પણ મ્યુનિસિપાલિટીઓ હોય છે. જેને આપણે સમગ્ર લોકલ બોડી કહીએ છીએ. કલમ - ૧૦માં લોકલ બોડી શું કરશે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. એ રાજ્યની યુનિવર્સિટીમાં આ કલમ - ૭ સાથે એની ભરતીમાં જે કાંઇ પણ થવાનું છે એની જોગવાઇ પણ ક્રમાંક - ૧૨ ના સૂચનમાં કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રીએ જ્યારે આખો વિષય મૂક્યો છે ત્યારે એમણે બે-ત્રણ બાબતોની ખાસ કાળજી લીધી છે. એમાં મેં પહેલાં કહ્યું એ પ્રમાણે ત્રણ વર્ષની સજા, ૧૦ લાખ સુધીનો દંડ છે પણ એ બધાં લોકોને લાગુ પડતું નથી. એ આ કલમમાં સ્પષ્ટ છે. એટલા માટે એવા લોકોને તો જુવેનાઇલ જસ્ટિસ હોમનો પણ કાયદો લાગતો હોય છે. એમાં પ્રોવિઝન કરેલ છે કે કોર્ટ દ્વારા અથવા અન્ય અમર્યાદિત જવાબદારી હોય એના માટે પણ પ્રતિબંધ લાદવાનો રહેશે. જામીનપાત્ર ગુના હેઠળ જામીન મેળવવાના હોય તો એના માટે પણ એમણે વ્યવસ્થા કરી છે. એની તપાસ કોણ કરશે? એમાં પોલીસ ઇન્સ્પેક્ટરથી નીચેના અધિકારી નહિ એટલે કે પી.આઇ.થી ઉપરના અધિકારી અને ઇચ્છનીય છે કે નાયબ અધીક્ષકશ્રી કરે. જે પ્રમાણે એમણે વ્યવસ્થા કરી છે એ પ્રમાણે આ બિલમાં ગુજરાતના યુવાનને ધ્યાનમાં રાખીને કોઇ પણ પ્રકારની છેડછાડ ન થાય એ આપણું બધાનું મૂળ લક્ષ્ય છે. પહેલાં કર્યું અને પછી કર્યું એવું તો આપણે રોજ બોલતા હોઇએ છીએ પણ જ્યારે બિલ આવ્યું છે ત્યારે સમગ્ર ગુજરાતને ૬૩ વર્ષ થયા. ૬૩ વર્ષ પછી પણ આપણને આ જ્ઞાન લાધ્યુ છે. જેને લાધ્યુ હોય એને અભિનંદન. આ બિલ મંજૂર કરીએ અને માત્ર મંજૂર ન કરીએ પણ એ બિલની જે જોગવાઇઓ છે એ પ્રમાણે સાચા અર્થમાં કડકાઇથી અમલ થશે તો મને લાગે છે કે ગુજરાતના યુવાનને ખૂબ મોટી રાહત આપી શકીશું. માનનીય મંત્રીશ્રીને બિલ માટે પુન: અભિનંદન. આમ તો મને આ બિલ ભારેખમ લાગે છે પણ એમાં પણ એમણે જોગવાઇ કરી છે. કોઇ વિદ્યાર્થીમિત્રને તકલીફ ન પડે. એની સાથે જોડાયેલા સંગઠિત ક્ષેત્રના લોકો હોય, જે આ કામ સાથે જોડાયેલા છે, જેની સીધે-સીધી જવાબદારી નાણા ઉઘરાવવાની છે એ લોકોની સામે પણ જે કડકાઇ કરી છે એ પણ આવકારદાયક છે. આ બિલના સમર્થન સાથે હું મારી વાત પૂરી કરું છું.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક - ૨૦૨૩, લાખો યુવાનો અને વિદ્યાર્થીઓની લાગણીઓને, લાખો યુવાનો અને વિદ્યાર્થીઓની વ્યથાને વાચા આપતું આ પ્રથમ વિધેયક મૂકવા માટે હું રાજ્યના લોકપ્રિય અને દ્રઢ નિર્ણયશક્તિ ધરાવતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અને રાજ્યના યુવા અને ડાયનેમિક ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને અભિનંદન પાઠવું છું. દેશના યુવાનો માટે હકીકતલક્ષી નોકરીઓનું સર્જન કરવા માટે હાલની ગુજરાત સરકાર ખૂબ જ તત્પર છે.

કેન્દ્ર સરકાર અને ગુજરાતની રાજ્ય સરકાર સૌથી મોટી રોજગારી આપનાર હોવાનું પણ સિદ્ધ થયું છે. સરકાર દ્વારા નોકરીમાં ભરતી માટે યોજવામાં આવતી જાહેર પરીક્ષાઓમાં કે ગુજરાત માધ્યમિક બોર્ડ કે ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા કે અન્ય યુનિવર્સિટીઓ દ્વારા લેવાતી પરીક્ષાઓ કોઈ પણ પ્રકારની ગેરરીતિ વિના ન્યાયી અને સંપૂર્ણ પારદર્શિતા સાથે યોજાય તે બાબત ખૂબ જ મહત્ત્વની છે. આમ, શાળા બોર્ડની પરીક્ષાઓથી લઈને જી.પી.એસ.સી. ક્લાસ-૧ સુધીની તમામ પરીક્ષાઓમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થવા પામે તે માટે સરકાર દ્વારા એક વિશેષ કાયદો ઘડવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં પરીક્ષાના પેપર લીક થવાના બનાવને સરકારે અત્યંત ગંભીરતાથી લીધું છે અને ફરી આ પ્રકારનું કૃત્ય કરવાની હિંમત કોઈ ન કરી શકે તે માટે ગેરરીતિ કરનારાઓ સામે કડકમાં કડક કાર્યવાહી થાય તે હેતુસર આ કાયદો ઘડવામાં આવી રહેલ છે. સરકાર આ કાયદા થકી ફક્ત સંગઠિત રીતે ગુનાખોરી આચરતા તત્ત્વો સામે જ કાર્યવાહી કરવા માગતી નથી પરંતુ જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ આચરી અન્ય લાયક ઉમેદવારોને બદલે લાભ લેવા માગતા આવા વિદ્યાર્થીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા માગે છે. જાહેર પરીક્ષાઓમાં યોજનાબદ્ધ રીતે વારંવાર ગેરરીતિ આચરી લાખો વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવતાં વિશ્વાસઘાતને અટકાવવા માટે આ કાયદો લાવવો અત્યંત જરૂરી છે. અવારનવાર જાહેર પરીક્ષાઓના પ્રશ્નપત્રો ફૂટી જવાના કારણે વિદ્યાર્થીઓ તથા તેમના માતા-પિતા, તેમના પરિવારજનો તથા જાહેર જનતા સાથે વિશ્વાસઘાત તો થાય છે પરંતુ સાથે સાથે સરકારની વિશ્વસનીયતા પર પણ પ્રશ્નાર્થ સર્જાતો હોય છે. જાહેર પરીક્ષા રદ થવાથી મોટા પ્રમાણમાં વહીવટી ખર્ચ થતો હોય છે. આ કાયદા હેઠળ ગેરરીતિ આચરનાર વ્યક્તિ કે સંસ્થાને જો નામદાર કોર્ટ દ્વારા ગુનેગાર ઠેરવવામાં આવે તો તેમની પાસેથી આ રકમની વસૂલાત કરી શકાય તેવો પ્રાવધાન પણ આ કાયદામાં કરવામાં આવ્યો છે. અવારનવાર પરીક્ષાઓ રદ થવાના કારણે સરકારી કર્મચારીઓ ઉપર ફરીથી પરીક્ષા યોજવા માટે ખૂબ જ કામનું ભારણ વધે છે અને સરકારની તિજોરી ઉપર પણ ભારણ વધતું હોય છે તે દૂર કરવા માટે આ કાયદો લાવવો અત્યંત જરૂરી છે. હાલ આ પ્રકારનો કાયદો અમલમાં નથી. જેને કારણે જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ આચરનારા ઈસમો મોટા પ્રમાણમાં નાણાકીય લાભ મેળવે છે. જે અટકાવવા માટે આવા ઈસમો સામે કડકમાં કડક જોગવાઈ કરી કાયદાકીય કાર્યવાહી થઈ શકે તે માટે પણ આ કાયદો લાવવો અત્યંત જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર પરીક્ષાઓના પેપર ફૂટવાના અવારનવાર બનાવ બનતા હોય છે. તેથી ખરેખર યોગ્ય લાયકાત ધરાવતાં ખૂબ જ મહેનતુ અને હોશિયાર વિદ્યાર્થીઓ ખૂબ નાસીપાસ થતા જોવા મળે છે. જેઓ કોઈ પણ પ્રકારે આપઘાત જેવું અઘટિત પગલું ન ભરે તે માટે પણ આ કાયદો લાવવો અત્યંત જરૂરી છે. જાહેર પરીક્ષામાં ગેરરીતિ આચરી પેપર ફોડવામાં આવતાં હોય અને આ બાબત સરકારના ધ્યાને ન આવે તો હોશિયાર અને મહેનતુ પરીક્ષાર્થીઓ નોકરીથી વંચિત રહી જાય છે અને ગેરરીતિ આચરનાર કેટલાંક પરીક્ષાર્થીઓ સરકારી નોકરીનો લાભ મેળવી શકે છે.જે બાબત કોઇપણ જાહેર વહીવટની દૃષ્ટિએ પણ યોગ્ય નથી. યોગ્ય, કુશળ અને લાયક હોય તેવા જ પ્રતિભાશાળી યુવાનો અને વિદ્યાર્થીઓ નોકરીમાં

જોડાય તે માટે પણ આ કાયદો લાવવો અત્યંત આવશ્યક છે. આ કાયદો રજૂ કરનાર આપણા યુવા ડાયનેમિક ગૃહમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીને પુનઃ અભિનંદન આપું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભામાં પહેલીવાર ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા બાબતના પહેલાં વિધેયકમાં બોલવા માટે સમય મળ્યો છે એ બદલ આપસાહેબશ્રીનો અને સભાગૃહનો હું આભાર વ્યક્ત કરું છું. અહીં ઉપસ્થિત ગુજરાતના ઘણા સિનિયર સભ્યો પાસેથી અમારે ઘણું નવું શીખવાનું છે અને એના માટે અમે તત્પર છીએ. માનનીય મંત્રીશ્રીએ વિધેયક બાબતે એકદમ સરળ અને ઝીણવટપૂર્વક સભાગૃહનું ધ્યાન દોર્યું છે. અમે પણ પૂરા ધ્યાનથી એ સાંભળ્યું છે. હું પોતે પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની વર્ષ ૨૦૧૨ની ભરતીમાં એક સરકારી અધિકારી તરીકે સિલેક્ટ થયેલ અને તાલુકા પંચાયત, ઉમરપાડામાં સેવા આપતો હતો. એટલે વિદ્યાર્થીઓ જ્યારે આવી ભરતીઓની તૈયારી કરે છે ત્યારે ખરેખર દરેકની પરિસ્થિતિ એકસરખી હોતી નથી. ઘણા વિદ્યાર્થીઓના માતા-પિતા પેટે પાટા બાંધીને, ખેતમજૂરી કરીને પોતાના બાળકને ભણાવતા હોય છે. આવી સરકારી ભરતી વર્ષમાં એકવાર જ્યારે આવે છે ત્યારે વિદ્યાર્થીઓને એક ઉમ્મીદ જાગે છે અને એ ચાન્સ હાથમાંથી જાય નહીં એના માટે વિદ્યાર્થીઓ પોતે પણ એટલી તૈયારી કરે છે. સાથે-સાથે ગાંધીનગર, અમદાવાદ, સૂરત અને વડોદરા જેવા શહેરોમાં ક્લાસીસ પણ જોઇન કરતા હોય છે. એ વખતે ક્લાસીસની ફી રૂ. ૧૦ હજારથી લઇને એક લાખ રૂપિયા સુધીની હોય છે. સાથોસાથ રૂમનું ભાડું અને બીજા જમવાના ઇતર ખર્ચા પણ હોય છે. તેમ છતાં, વિદ્યાર્થીઓ ચેનકેન પ્રકારે પોતાના વાલીને સમજાવે છે અને વાલી પોતાના યુવક કે યુવતી સારી નોકરી મેળવશે અને ભવિષ્યમાં પોતાનો પરિવાર સુખી થશે અને પોતાની પેઢી તારશે એવી આશા સાથે દેવું કરીને પણ પોતાના બાળકોને આ ક્લાસીસમાં જોઇન કરતા હોય છે. જ્યારે પરીક્ષા આવે છે ત્યારે પોતાના ઘરમાં પૂરતું ભાડું ન હોય તો પણ આજુબાજુથી વ્યાજે રૂપિયા લાવીને પણ એ પોતાના બાળકને આપતા હોય છે અને સમજાવતા હોય છે કે ''બેટા તું સારી રીતે પરીક્ષા આપજે અને તું જ્યારે નોકરી લાગશે ત્યારે આપણે બધા સુખી થઇશું''એવી લાગણી સાથે મોકલતા હોય છે. છેલ્લા ભૂતકાળમાં જે પરિસ્થિતિ ઉપસ્થિત થઇ અને એક, બે નહીં પણ ૧૩ જેટલા ગૌણ સેવા પસંદગી મંડળના ભરતીના પેપરો ફૂટ્યા છે. માનનીય મંત્રીશ્રીએ ભૂતકાળમાં પણ બાંહેધરી આપી હતી કે હવે પછી આ પેપરો ફૂટશે નહીં. એના પછી પણ ત્રણ પેપર ફૂટ્યા ત્યારે દુઃખ સાથે મારે કહેવું પડે છે કે આટલા પેપરો ફૂટ્યા પછી પણ આજે બે વ્યક્તિઓ સિવાય એકપણ વ્યક્તિ જેલમાં નથી અને એ પેપરો ફોડનાર સામે ગુજરાત પોલીસ હોય, એ.ટી.એસ. હોય એમણે દરેક આઇ.પી.સી. કલમોની સાથે કાયદેસરની કાર્યવાહી તો કરી જ છે. પણ ક્યાંક ને ક્યાંક મોટા માથાઓ રહી જતા હોય એવું અમને લાગી રહ્યું છે. આજના વિધયેકનો મેં અભ્યાસ કર્યો એમાં કલમ નંબર ૧૦ની પેટા કલમ ૧ના ફકરામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ''પરંતુ આ અધિનિયમ હેઠળ કોઇ શિક્ષાને પાત્ર હોય તેવી કોઇ વ્યકિત એમ પુરવાર કરે કે, ગુનો તેની જાણ બહાર થયો હતો અને તેવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ પૂરતી કાળજી રાખી હતી તો તે વ્યકિત આ પેટા કલમમાંના કોઇપણ મજકુરથી શિક્ષાને પાત્ર ઠરશે નહીં.'' મારા અભ્યાસ અને મારી જાણ મુજબ મને એવું લાગી રહ્યું છે કે, કયાંક ને કયાંક આ પણ એક બારી તરીકે રાખવામાં આવ્યું હશે, તો આમાં પણ સુધારો કરવામાં આવે. કોઇપણ અધિકારી યુવાઓના ભવિષ્ય સાથે આવા ચેડાં કરે અને તેના માટે આપણા કાયદામાં આવી બચી જવાની કોઇ નાની અમથી પણ જોગવાઇ રહી જાય અને મોટા માથાઓ છટકી જાય એના કરતાં, નાનાથી લઇને મોટા તમામે તમામ લોકો આમાં શિક્ષાને પાત્ર બને એવો હું મારો વ્યકિતગત સુઝાવ આપું છું. માનનીય મંત્રીશ્રીના અભિવાદનમાં મેં સાંભળ્યું કે, છેલ્લું જે જુનિયર કલાર્કનું પેપર ફૂટ્યું એમાં એમણે જણાવ્યું કે, તાલીમના જે વર્ગો હતા તેના માધ્યમથી અમે આ આરોપી સુધી પહોંચેલા છીએ. તો તાલીમના વર્ગો ઉપર પણ સકંજો હોય, એમના ઉપર પણ ધ્યાન રાખવામાં આવે એવું હું માનું છું, સાથે સાથે અમુક રૂરલ વિસ્તારો એવા છે કે જયાં વિદ્યાર્થીઓ કે એમના મા-બાપ એટલા સદ્ધર હોતા નથી તો આપણા જે બોર્ડ ઓફ ડિરેકટર નિગમો છે જેવા કે આદિજાતિ નિગમ હોય એવા નિગમો હેઠળ પણ ટ્રાયબલોનું અબજો રૂપિયાનું બજેટ હોય તો એવા વિસ્તારોમાં પણ સ્કીલ ડેવલપમેન્ટ માટે અમુક કેન્દ્રો ચાલુ કરવામાં આવે કે જેથી કરીને, વિદ્યાર્થીઓને તાલીમ વર્ગો માટે બરોડા, સૂરત કે ગાંધીનગર આવવું પડે છે તે પણ અટકે એવું પણ મારું એક સૂચન છે. કેમ કે, આવા તાલીમ વર્ગો રૂપિયા દસ હજારથી લઇને રૂપિયા એક લાખ સુધીની ફી વસુલ કરતા હોય છે અને પોતાના તાલીમાર્થીઓ છે એમને આ બાબતે વધારે પ્રોત્સાહન એ લોકો પૂરુ પાડતા હોય છે અને કયાંક ને કયાંક એવી સાઇકલિંગ આ તાલીમાર્થીઓ ઊભી કરતાં હોય છે. એવી જ રીતે, આપણી ગુજરાત સરકાર ગુજરાતને એક મોડલના રૂપે દેશમાં પ્રસ્તુત કરતી હોય છે અને ગુજરાત સરકારનું આપણું પોતાનું એક સરકારી પ્રેસ પણ છે તો મારી જાણ મુજબ મારો એક સુઝાવ છે કે, આવી ગૌણ સેવા પસંદગી મંડળની કોઇપણ ભરતી હોય તો આપણે પેપર છપાવવા માટે સરકારી પ્રેસમાં આપીએ. જેવી રીતે આપણે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના પેપરો આપણી સરકારી પ્રેસમાં છાપીએ છીએ એવી જ રીતે ભરતી અંગે પેપર છાપવાનું કામ પણ આપણે બીજા રાજયોની ખાનગી પ્રેસને સોંપવા કરતાં, આપણા ગુજરાત સરકારનું જ પ્રેસ હોય ત્યાં જ સોંપીએ અને એમને પૂરી તકેદારી આપીએ એવું મારું એક સૂચન છે. આમાં નાના કલાર્કથી લઇ પરીક્ષા આપનાર, વેચનાર લોકો ઉપર જ અત્યાર સુધી કાયદાનો સકંજો થયેલો છે, એ લોકોને જ ભૂતકાળમાં આમાં સજા થયેલી છે. તો મારું માનવું છું કે, આવી ગેરરીતિ જયાં પણ થાય છે, જયાં પણ પેપરો ફૂટે છે તો સૌથી પહેલા એના બોર્ડ ઓફ ડિરેકટર કે જે ચેરમેન હોય ત્યાંથી લઇને કલાર્ક સુધી કાર્યવાહી થાય. કાયદાની જે પણ કલમ હોય તે પ્રમાણે બધા ઉપર કડકમાં કડક સરખી કાર્યવાહી થાય એવું હું માનું છું. માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ કાયદો બનાવ્યો છે. અમારી સમજ અને અમે અભ્યાસ કર્યો એ

મુજબ અમારું પણ અમારી પાર્ટી સાથે એમને સમર્થન છે. તો અમે સૂચવીએ છીએ અને આશા રાખીએ છીએ કે આવનાર ભવિષ્યમાં, ભૂતકાળમાં જે ઘટનાઓ ઘટી છે એવું પુનરાવર્તન ન થાય અને જે પણ યુવક યુવતીઓ આવી પરીક્ષા, નોકરીની આશા અને અપેક્ષા રાખીને આપતા હોય. ઘણા લોકો આજદિન સુધી મૅરેજ પણ નથી કરી શક્યા. ભવિષ્યમાં નોકરીએ લાગશું, પગભર થઇશું, પછી લગ્નગ્રંથિથી જોડાઇશું એવા પણ ઘણા છે અને ભૂતકાળમાં જે પણ આવા પેપરો ફૂટયા છે. એ પેપરો ફૂટયા પછી ઘણા વિદ્યાર્થીઓએ આત્મહત્યા પણ કરી છે અને ઘણા વિદ્યાર્થીઓ માનસિક રીતે અસ્વસ્થ પણ બન્યા છે. માનનીય મંત્રીશ્રી અને રાજયના મુખ્યમંત્રીશ્રી પાસે આશા અને અપેક્ષા રાખીએ છીએ કે ભવિષ્યમાં આ જે કાયદો બનાવીએ છીએ એ કાયદાની પૂરેપૂરી કડક અમલવારી થાય અને કોઇપણ જગ્યાએ કોઇને પણ છોડવામાં ન આવે. એ વાત સાથે મારી વાણીને વિરામ આપું છું. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે, ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)નું, એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ મેં આખું જોયું છે. અને સાથેસાથે મેં બીજા બે બિલ, રાજસ્થાનનું બિલ અને હરિયાણાનું બિલ એ બન્ને બિલો જોયા છે. મને એમ લાગે છે કે માનનીય પ્રભારી મંત્રીશ્રી કે રાજય સરકારથી આ બિલ ડ્રાફટ કરવાની અંદર કોઇ ગંભીર ક્ષતિ રહી ગઇ હોય એવું પ્રથમ નજરે નહીં, અભ્યાસ કરતાં પણ જાણવા મળે છે. હરિયાણાનો ઉલ્લેખ થયો છે જે લો કમિશનનો રિપોર્ટ આવ્યો છે એમાં, અને એમાં પણ આ ભરતી પરીક્ષાઓ છે, એની ગેરરીતિ અટકાવવા માટેની ભલામણ કરી છે. અને આવા જ પ્રકારની જોગવાઇઓ હરિયાણા અને રાજસ્થાન સરકારો, બન્ને સરકારોએ લગભગ એકસરખી કરી છે. ભલે એની કોપી કરી હોય. સવાલ એટલો છે કે આપણે ભરતી પરીક્ષાને બદલે જાહેર પરીક્ષા નામ આપ્યું. જાહેર પરીક્ષાઓ તો બધી જ છે. ૧૦ માં ધોરણની પરીક્ષા, ૧૨માં ધોરણની પરીક્ષા, ડિપ્લોમાની પરીક્ષા. હવે કદાચ આઠમાં ધોરણ પછીની પણ પરીક્ષા લઇએ છીએ. એ સિવાય આઇ.ટી.આઇ. થી માંડીને અનેક પરીક્ષાઓ લઇએ છીએ. અને એ બધી જાહેર પરીક્ષાઓ છે. આપણે નોટિફાઇ કરીએ છીએ કે આ જાહેર પરીક્ષા છે અને એ જાહેર પરીક્ષાઓમાં જે કોઇ કામ કરતા હોય છે એ તમામ જાહેર સેવક છે અને એને આપણે રક્ષણ પણ આપીએ છીએ. હવે જાહેર પરીક્ષાનું બિલ લઇ આવ્યા. માનનીય મંત્રીશ્રી જયારે બોલવા ઊભા થયા. ત્યારે જે છાપેલા ઉદ્દેશો છે એને બદલે બીજુ બોલ્યા. છાપેલા ઉદ્દેશો જો એમણે વાંચ્યા હોત, તો આ ઉદ્દેશો તો ભરતી પરીક્ષાના છે. એમાં કોઇ જગ્યાએ જાહેર પરીક્ષા શબ્દ લખ્યો નથી. અને જે આની ઇનેકટીંગ ફોર્મ્યુલા છે, એ તો જાહેર પરીક્ષા આપી છે. અને જાહેર પરીક્ષાઓની અંદર જે અનુસૂચિ આપી છે, એ અનુસૂચિની અંદર યુનિવર્સિટીની પરીક્ષા, ૧૦માં ધોરણની પરીક્ષા, ૧૨માં ધોરણની પરીક્ષા એ બધી જ પરીક્ષાઓનો સમાવેશ થાય છે. અને પરીક્ષાર્થી તરીકે જયારે આપણે સજા કરવા માગીએ છીએ ત્યારે બધા જ પરીક્ષાર્થીઓ પછી એ ૧૦માં ધોરણના હોય, ૧૨માં ધોરણના હોય. ડિપ્લોમાના હોય, ડિગ્રીના હોય કે પછી આઇ.ટી.આઇ.ના હોય. એ તમામને પરીક્ષાર્થી તરીકે ગણવામાં આવ્યા છે. પરીક્ષાની ડેફિનેશન વાઇડ આપી છે. મને લાગે છે કે ગૃહ વિભાગના અધિકારીઓએ કદાચ આ બિલ ડ્રાફટ કર્યું હોય. શિક્ષણ વિભાગના અધિકારીઓએ ડ્રાફટ કર્યું હોત તો આ સ્થિતિ ઊભી ન થાત. કારણ કે જાહેર પરીક્ષાઓ જે છે એની અંદર આખો દેશ અને દુનિયા તમામ જગ્યાએ એમાં કોઇ વિદ્યાર્થી ગેરરીતિ કરે તો એને સજા કરવાનો અધિકાર માત્ર ને માત્ર શિક્ષકોને છે. નહીં કે પોલીસને. અને જો આપણે એવું કરવા જઇએ તો આપણા દસમાં ધોરણમાં ભણતા બાળકો, બારમાં ધોરણમાં ભણતા બાળકો કે ડિપ્લોમા કે આઇ.ટી.આઇ.માં ભણતા બાળકો, બારમાં ધોરણમાં કે યુનિવર્સિટીમાં ભણતા બાળકો, દીકરા અને દીકરીઓ છે એ બધાને આપણે પોલીસને હવાલે કરી દઇશું? કોઇ શિક્ષણશાસ્ત્રી ભણેલો માણસ આવું પસંદ કરે ખરો? પોલીસની હું ટીકા કરવા માગતો નથી. પણ પોલીસ તંત્રની ટ્રેઇનીંગ છે તે માત્ર ગુનેગારો ડીલ કરવાની હોય છે, વિદ્યાર્થીઓ સાથે ડીલ કરવાની નથી હોતી. અને એટલા માટે આ બિલ પહેલી નજરે એના ડ્રાફટીંગમાં ભૂલ ભરેલું છે. બિલની કલમો અને બિલના ઉદેશોમાં કોન્ટ્રાડીકશન છે. ઉદેશો ભરતી પરીક્ષા દેખાડે છે. ઇનેકટીંગ ફોર્મ્યુલા, કલમ બધું જાહેર પરીક્ષાઓ અને એમાં યુનિવર્સિટીની પરીક્ષાઓ, મારા બન્ને મિત્રો હમણા, ત્રણેય મિત્રો બોલી ગયા, રમણભાઇ તો વિદ્વાન છે. અભ્યાસુ પણ છે. અને ડોકટર મહેન્દ્ર પાડલીયા તો મારા સાથી રહ્યા છે. અમે સાથે કામ યુનિવર્સિટીમાં કરેલું છે. કોઇ દિવસ કોઇ પણ યુનિવર્સિટીનો શિક્ષક કે એની સાથે કામ કરનારો માણસ પોતાના બાળકને પોલીસને હવાલે કરવાનું કયારેય પસંદ ન કરે. જો અભ્યાસ કર્યો હોત તો એમને પણ દેખાત કે પરીક્ષાર્થીની ડેફિનેશન આપેલી છે એની અંદર ત્રણ વર્ષની સજાની જોગવાઇ અને દંડ કરેલો છે. સવારે ખબર પડશે તો બહાર બધા ઉકળી ઉઠવાના છે. મેં તો સુધારો આ બાબતનો મુકેલો છે કે યુનિવર્સિટીની પરીક્ષા કે વિદ્યાર્થીઓની કોઇ પણ પરીક્ષાઓ હોય તેની અંદર કયાંય પણ પોલીસ આવે જ નહીં. એના પેપર કાઢવા વાળા જરૂર આવે એ ફોડે તો. પણ આની અંદર તો કયારેય આવે નહીં. અને એમાં હંમેશા કોઇક ને કોઇક શિક્ષક કયાંક તેની નિષ્ઠા પણ કામ કરતી હોય છે. હું એન્જિનિયરિંગ કોલેજમાં ભણતો હતો ત્યારે અમારે એમ.એસ. શાહ નામના એક બહુ જ કડક પ્રોફેસર હતા. એક ગાંધી નામનો અમારો જુનો વિદ્યાર્થી, પહેલો કોર્સ બદલાઇ ગયો, બીજો બદલાઇ ગયો અને ત્રીજો કોર્સ આવ્યો તોય એ વિદ્યાર્થી રહ્યો. અને એટલા કડક એ પ્રોફેસર કે કદાચ મેં આજ દિવસ સુધી એટલા કડક પ્રોફેસર જોયા નથી. એમને દયા આવી, એમણે વિદ્યાર્થીને કહ્યું, કારણ કે અમારી યુનિવર્સિટીમાં એ વખતે એક જ મોરબીની એન્જિનિયરિંગ કોલેજ હતી. એટલે શિક્ષકે એમને કહ્યું કે ભાઇ મારે તને પાસ કરવો છે. તને જે આવડે તે લખીને આવી જજે. હું તને પાસ કરી દઇશ. હવે એ મારા કરતા દસ વર્ષ આગળ ભણતો હતો અને હું પહેલા વર્ષમાં આવ્યો ત્યારે પણ એ પાછો છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. એટલે એ જયારે પરીક્ષા દઇને

આવ્યો એટલે કોઇએ એમને પૂછયું કે તે શું લખ્યું છે? તો કહે કે કુછ યાદ નહીં આયા, તો મૈંને તો કવેશ્ચન પેપર દો દફા લીખ ડાલા. પછી પેલા શિક્ષક લાચાર થઇ ગયા કે મારાથી તમને પાસ કરી શકાશે નહીં. આ ગુડ ફેઇથના શિક્ષકો છે.આ ગેરરીતિ નહોતી. શિક્ષક સમજે છે કે મારે વિદ્યાર્થી સાથે શું ડીલીંગ કરવું. અહીંયા આખી શિક્ષણ વ્યવસ્થા પોલીસને હવાલે મુકવાનું કામ આપે કર્યું છે. મેં ગઇ કાલે આ યુનિવર્સિટીની પરીક્ષાઓ અને બોર્ડની પરીક્ષાઓને આમાંથી બાદ કરવા માટેનો મેં સુધારો મુકયો છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વગર આ યુનિવર્સિટી અને બોર્ડના વિદ્યાર્થીઓને આમાંથી બાદ કરી દે. નહીંતર એવી પરિસ્થિતિ સર્જાશે અને દેશ અને દુનિયામાં આપણી ટીકા થશે કે હાઉસમાં તમે બેઠા હતા ત્યારે તમે આ જોયું નહીં? માનનીય મંત્રીશ્રી જયારે બોલવા ઊભા થયા ત્યારે છાપેલા.......

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**શ્રી રમણલાલ ઇ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ કહ્યું હતું. માનનીય અર્જુનભાઇ તો ખુબ વિદ્વાન માણસ છે અને આ ક્ષેત્રમાં ખૂબ સારી રીતે જાણે છે અને એટલા માટે મેં એ વખતે થોડુંક કલેરીફિકેશન કરેલું કે ૩ વર્ષ અને એક લાખનો દંડ અને વિદ્યાર્થી ને, એ આપણા માઇન્ડ સેટમાં થતું જ નથી અને એટલા માટે કલમ ૪ માં એની જે જોગવાઇ કરી છે એ ફકત તમારી જાણ માટે કહું છું. જાહેર પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી, કોઇ વ્યકિત પાસેથી પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે અથવા ગમે તે કોઇ સ્વરૂપે કોઇ લેખિત, રેકોર્ડ કરેલી, નકલ કરેલી અથવા છપાયેલી સામગ્રીની મદદ લે અથવા કોઇ અનધિકૃત ઇલેકટ્રોનિક અથવા યાંત્રિક સાધન અથવા ઉપકરણનો ઉપયોગ કરે, તો તેને, પરીક્ષા સત્તામંડળ પાસે નિર્ણય માટે મોકલવો જોઇશે અને આવા કિસ્સામાં, પરીક્ષા સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. એનો સીધો મતલબ એવો થાય છે કે આપણે પોલીસના હવાલા કરતાં જે તે સત્તામંડળના હવાલે મૂકીએ છીએ માટે આ પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇએ વાચ્યું એ નિયમો જે છે એ દરેક બોર્ડ કે દરેક યુનિવર્સિટીના પણ નિયમો છે અને એ એને ડીલ કરતાં હોય છે. જાહેર પરીક્ષા એ ભરતી માટે પરીક્ષા નથી. પણ નિયમોમાં કલમ-૧૨ છે એ બહુ કલીયર છે. માનનીય રમણભાઇ, મેં પણ આનો અભ્યાસ કર્યો છે અને ૨૫ લોકોને પૂછીને પછી વાત કરી છે અને આ અંગે મેં માનનીય અધ્યક્ષશ્રી સાથે પણ ચર્ચા કરી એમણે પણ ચિંતા વ્યકત કરી છે. આ કલમ ૧૨ ખૂબ ગંભીર પ્રકારની છે. હું બિલ પણ આપીશ રાજસ્થાન અને હરિયાણા એણે જાહેર પરીક્ષાના બદલે રીક્રુટમેન્ટ એક્ઝામીનેશન એવો શબ્દ વાપર્યો છે. આ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા કોઇપણ સંજોગોમાં ગૃહ વિભાગમાં આવે જ નહિ એમાં શિક્ષણ વિભાગ જ આવે. આ બાબતની ચર્ચા ઘણા લોકો સાથે થઇ છે. માટે આને પ્રતિષ્ઠાનો પ્રશ્ન નહિ બનાવો આમાં ગુજરાતના દીકરા અને દીકરીઓને ગંભીર પરિણામોમાં મૂકવા પડશે. પોલીસ તંત્ર પરીક્ષામાં હસ્તક્ષેપ કરે એ ચલાવી લેવાય નહિ. એમાં શિક્ષણ વિભાગ આવે, શિક્ષકો આવે કે એના પ્રિન્સિપાલ કરે એ બરાબર છે. માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં વિદ્યાર્થી દેવો ભવઃ એના પછી પોલીસ પાસે કેવી રીતે જાય. માનનીય મંત્રીશ્રીએ વાત કરી ચિંતા કરી ગુજરાતના વિકાસની વાત કરી એમાં હું નહિ પડું પરંતુ વિકાસનું પેપર ફૂટવાનું થયું છે એની હું પછી વાત કરીશ. આપણે બીજા રાજયોમાં પેપર છપાવીએ છીએ. બીજા રાજયોમાં પેપર શા માટે છપાય છે. સવાલ એટલો જ છે કે આપણે બધે જ વાત કરીએ છીએ કે આઝાદીના અમૃતકાળની એમાં પ્રવચન કરીએ છીએ એમાં બધા પવિત્ર થઇ જાય છે. ભૂતકાળમાં બધું જ ચાલતું હતું ૨૦૦ રૂપિયે પેપર વેચાતું હતું અત્યારે બે લાખમાં વેચાય છે એ મને યાદ નથી. મેં પણ યુનિવર્સિટીમાં પરીક્ષા આપી છે અને એન્જિનિયરિંગ કર્યા પછી નોકરી માટે ઇન્ટરવ્યું પણ આપેલ છે અને નવ વર્ષ મેં નોકરી પણ કરેલી છે. સવાલ એટલો જ છે કે અમૃતકાળ સન ૨૦૧૪ થી ગણીએ છીએ એની વાતો કરીએ છીએ. અમારા નેતાએ ખૂબ વિગતવાર વાત કરી છે. પરીક્ષાના કેટલા પેપરો ફૂટયા એની વાત કરી. સન ૨૦૧૪માં રેવન્યુ તલાટીનું પેપર ફૂટ્યું એમાં ૧૪૦૦ જગ્યા હતી એની સામે ૧૧ લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આપણે એકબાજુ એમ કહીએ છીએ કે આપણે રોજગારીમાં નંબર વન ઉપર છીએ તો ૧૧ લાખ શા માટે આવ્યા. કયાંય કવોલિટી રોજગાર નથી એટલે અહીંયા આવે છે. એક વખત ઉત્તર ગુજરાતના લોકો શિક્ષકોની નોકરી છોડીને અમદાવાદમાં મિલોમાં કામ કરવા માટે આવતા હતા કારણ કે મિલોમાં પગાર મોટા હતા અને કવોલિટી રોજગાર હતી એટલે આપણે ત્યાં આવતા નહોતા પરંતુ આપણે કાયદા એવા લઇને આવ્યા કે ગુણવત્તાવાળા અને કવોલિટીવાળા રોજગાર ખતમ થઇ ગયા એટલે બધા આમાં આવે છે. આ કૌભાંડ કરનાર કલ્યાણસિંહ ચંપાવત હતા. હાઇકોર્ટના આદેશથી આ પરીક્ષા રદ કરવામાં આવી. એ પછી જી.પી.એસ.સી. વર્ગ-૧-૨ની પરીક્ષામાં ૬ લાખ જેટલા ઉમેદવારો હતા. ગણિત-અંગ્રેજીનું પેપર ફૂટ્યું. પરીક્ષા રદ કરવામાં આવી. ૨૦૧૪માં બે પરીક્ષા. ૨૦૧૫માં ચીફ ઓફિસરની પરીક્ષા. મણીનગરમાં ગુનો નોંધાયો. પ્રશ્નપત્રો ફૂટ્યા હતા અને ક્રાઇમ બ્રાન્ચે જી.પી.એસ.સી. પાસે માગણી કરી કે તમે અમને ક્યાં પ્રશ્નપત્રો છપાયા છે તેની માહિતી આપો. જી.પી.એસ.સી.એ માહિતી ન આપી. પેપરો ખાનગી નથી પણ ક્યાં છપાયા છે એ ખાનગી છે એટલે ક્રાઇમ બ્રાન્ચને માહિતી ન આપી અને આખરે પરીક્ષા રદ કરવી પડી. તપાસની અંદર કશું ન નીકળ્યું. કોઇ પકડાયા નહીં. ૨૦૧૫માં પંચાયત તલાટી કૌભાંડ થયું. ૪ જિલ્લાઓની અંદર. ફરિયાદ કરી. તેમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પંચાયતના સભ્ય પેપર ફોડવાની અંદર હતા અને રદ કરવી પડી. ૨૦૧૬માં ટેટ-૨ની પરીક્ષા લેવાઇ. ૭૦ દિવસ પછી પરીક્ષા રદ કરવી પડી. ખબર પડી કે આની અંદર કૌભાંડો થયા છે. પેપરો ફૂટ્યા છે. ૨૦૧૬માં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર. તેની અંદર સેનેટરી ઇન્સ્પેક્ટરોના ખોટા સર્ટિફિકેટ ઉપર નોકરીનું આખું રાજ્યવ્યાપી કૌભાંડ થયું. બધાને જાણમાં છે. મોટર વાહન નિરીક્ષક. આર.ટી.ઓ.ની અંદર વર્ગ-૨ની પરીક્ષામાં કૌભાંડ થયું. બીજી વખત તલાટીની પરીક્ષા લેવાઇ તેમાં મહીસાગર જિલ્લામાં પરીક્ષાખંડમાં મોટા પાયે

ગેરરીતિ થઇ. વડોદરા મહાનગરપાલિકાના ક્લાર્કની ભરતી થઇ. તેમાં મોટા પાયે ગેરરીતિ થઇ. ૨૦૧૭માં ટેટ-૨. તેમાં જામનગરમાં પેપર ફૂટ્યું. પરીક્ષા રદ કરવી પડી. ડેપ્યુટી ચીટનીસની ૨૦૧૭ની પરીક્ષા. હિંમતનગરમાં પેપર ફૂટ્યું. પરીક્ષા રદ ન થઇ. સ્ટાફ નર્સ. હિંમતનગરમાં પેપર ફૂટ્યું. પરીક્ષા રદ ન થઇ. ૨૦૧૭માં ગ્રામસેવકની પરીક્ષા લેવાઇ. તેમાં લાયકાત વગરના લોકોનું સીલેકશન કરવામાં આવ્યું. એસ.ટી. કન્ડક્ટર, પશુધન નિરીક્ષક તેમાં પણ આવી જ ગેરરીતીઓ થઇ. ૨૦૧૮માં લોકદળ નિરીક્ષક. સમગ્ર ગુજરાતમાં પેપર ફૂટ્યું અને ઉક્રુપીની પ્રિન્ટિંગ પ્રેસમાંથી દિલ્હી ગેંગે કર્ણાટકના સાગરિતોની મદદથી પેપર લીક થયું હતું. પરીક્ષા રદ થઇ હતી. એ.એમ.સી. ક્લાર્કની ૪૩૧ જગ્યા માટે ૨ લાખ ફોર્મ ભરાયા. મણીનગર કેન્દ્રમાં મોટા પાયે ગેરરીતિ. ૩૯ ઉમેદવારોના ખોટા સરનામા. કશું ન થયું. વન સંરક્ષક. સમગ્ર ગુજરાતમાં આ કૌભાંડ થયું. ૩૩૪ જગ્યાઓ હતી. જાહેરાત આપવામાં આવી હતી. માત્ર ૫ દિવસમાં આ પરીક્ષા રદ કરવામાં આવી. તલાટી-ક્લાર્ક ૧૮૦૦ જગ્યા, ૨૩ લાખ ઉમેદવારો. ૨૦૧૮માં જાહેરાત થઇ. હજી સુધી પરીક્ષા લેવાઇ નથી. ટાટ-૧. માધ્યમિક શિક્ષક. હિન્દીનું પેપર જામનગરમાં ફૂટ્યું, કોઇ એક્શન નહીં. મધ્ય ગુજરાત વીજ કંપની. લાખો ઉમેદવારોએ ફોર્મ ભર્યા. પરીક્ષા લીધા વગર રદ કરી દેવામાં આવી. ઉત્તર ગુજરાત વીજ કંપની, મહેસાણા. મોટા પાયે ગેરરીતિ થઇ. ૨૦૧૮માં ઓર્ડર રદ કરવાની ફરજ પડી. ૨૦૧૯માં બિન સચિવાલય કારકુન ૧૦ લાખ ૭૫ હજાર યુવાનોએ પરીક્ષા આપી. તેમાં આરોપીઓ તરીકે કેટલા બધા આવ્યા? નામો લાંબા છે એટલે વાંચતો નથી. આંદોલન કર્યું એ પછી પરીક્ષા રદ કરીને એસ.આઇ.ટી.ની રચના કરી. આની અંદર શું થયું કંઇ ખબર નથી. આઇ.ટી.આઇ. ઇન્સ્ટ્રક્ટર. ત્રણ વર્ષના ખોટા અનુભવના સર્ટિફિકેટ બનાવીને ગેરરીતિ થઇ. PGVCLના હેલ્પરની પરીક્ષાઓ, પાટણ યુનિવર્સિટી જુનિયર કલાર્કની ભરતીમાં વ્યાપક ગેરરીતિઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇજનેરની ભરતીમાં મોટા પાયે કૌભાંડ, સન ૨૦૨૧ હેડકલાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યું, પરીક્ષા રદ થઇ, દક્ષિણ ગુજરાત વીજ કંપનીનું પેપર ફૂટ્યું અને સન ૨૦૨૧માં પરીક્ષા રદ થઇ. સબઓડિટર ગુજરાતનું પેપર ફૂટ્યું અને પરીક્ષા સન ૨૦૨૧માં રદ થઇ, સન ૨૦૨૨, વન સંરક્ષક ઉંઝાના ઉના ગામે આવેલ મીરા દાતાર સર્વોદય સેન્ટરની પરીક્ષાનું પેપર ફૂટ્યું પરીક્ષા રદ થઇ, સન ૨૦૨૩ જુનિયર કલાર્ક, સાડા નવ લાખ વિદ્યાર્થીઓ, પેપર ફૂટ્યું અને પરીક્ષા રદ થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આ આખીએ ચોપડી ભરાય એટલા કૌભાંડોનું લીસ્ટ સન ૨૦૧૪ પછીના અમૃતકાળનું આ લીસ્ટ છે. *(xxx) પેપર નથી ફૂટ્યું વિદ્યાર્થીઓના ભાગ્ય ફૂટયા છે અને (xxx)જો એવું ના હોત તો એક પરીક્ષા પછી એવા લોકોના હાથમાં તંત્ર આપ્યું હોય કે કદાચ આ કરવું ન પડયું હોત.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદાને લગતી બાબતે અનુષંગિક વાત કરી હોત અને એ કરી પણ રહ્યા છે પરંતુ વચ્ચે વચ્ચે માનનીય હર્ષભાઇએ ખૂબ સહૃદયતાપૂર્વક દરેક બાબતોને આવરી લેવાની વાત અને બધા સાથે મળીને આ કાયદો બનાવવાની વાત કરી છે, પરંતુ ફૂટેલી સરકાર, બે લાખ રૂપિયા લઇને પેપર વેચવાની વાત આ બધી વાતો રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ અને આપના માર્ગદર્શન નીચે વિનંતી છે કે કાયદામાં રહીને સજેશન કરવા માટેનો મોકળો માર્ગ છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે તમે જે કહો એ તમારા સજેશનો આવકારીએ છીએ અને વધુમાં વધુ સારી રીતે આ સરકારી ભરતીની પરીક્ષાઓ લેવાય એના માટેના સજેશન આપો, એની જગ્યાએ કેવળ પોલિટિકલ ઓબ્જર્વેશન કયાંક કયાંક આવી જાય છે, કયાંક સલાહ પણ છે. આમાં વધુ સંખ્યામાં યુવાનો આવતા હોય તો પરીક્ષાની લાયકાતમાં સુધારો કરવાનું કહ્યું હોત તો બરાબર છે અથવા તો જે પેપરો આપણે લઇએ છીએ એને બદલે કયાંક એને ફીલ્ટર કરી, કયાંક પ્રીલીમ્સ લેવાય, મેઇન્સ લેવાય આવા બધા એમણે સજેશનો કર્યા હોત તો મને લાગે છે એ વધારે યોગ્ય ગણાય. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું કોઇના ઉપર આરોપ નથી મૂકતો. હાઉસની જવાબદારી છે. (xxx) સરકાર વિશે ગમે તે કહી શકાય પણ એ અસંસદીય ન હોવું જોઇએ. અસંસદીય ન હોય અને .. (અંતરાય)

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૨ ધારાસભ્યોમાંથી કદાચ સૌથી વિદ્વાન ધારાસભ્ય જે પોતે એમને માનતા હશે, અમે પણ માનીએ છીએ, અમે તમારો આદર કરીએ છીએ, અમે બધું વાંચ્યા વગર આવ્યા છીએ, અમને કંઇ જ સમજ નથી પડતી, તમે બધું જ જાણો છો, કદાચ એમણે રાજસ્થાનનો કાયદો વાંચ્યો હશે, પણ રાજસ્થાનમાં એમની સરકાર પછી કેટલા પેપરો ફૂટયા હશે એ વાંચવાનું કદાચ રહી ગયું હશે. એમણે કાયદો જરૂર વાંચ્યો હશે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સવારે જ તમારો પત્ર જયારથી મળ્યો, માનનીય સભ્યશ્રી હું ખૂબ રીસ્પેકટથી કહું છું કે તમારા પત્ર ઉપર અમે ચાર કલાક બેસીને કોઇપણ વિદ્યાર્થી સાથે કોઇપણ જાતની અન્યાય ન થાય તેની તમામ ચિંતાઓ કરી અને બહુ રીસ્પેકટથી તમને કહું છું કે આ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાતના આવનારા ભવિષ્ય માટે આ કાયદો બનાવવા માટે આપણે અહીંયા ભેગા થયા છીએ. તમે કદાચ મારી ટીકા, સરકારની ટીકા, મન ફાવે એટલી કરો, નીચે ઉતારીને હજી એક કલાક ટીકા કરજો. આને રાજકારણનું સ્ટેન્ડ ના બનાવો. આ ગુજરાતના વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ કરવા માટે આપણે સૌ ભેગા થયા છીએ. મેં પહેલાં જ કહ્યું કે તમે એક એક ટીકા કરો, તમે આની અંદરથી એક એક ભૂલ શોધીને અમને કહો, અમે સાંભળવા તૈયાર છીએ પણ આને રાજકીય મુદ્દો કેમ બનાવો છો? માનનીય અધ્યક્ષશ્રી, મારું માત્ર એટલું જ કહેવું છે કે રાજસ્થાનના કાયદાનો ઉલ્લેખ કરે છે, મારી આપને વિનંતી છે કે રાજસ્થાનનો કાયદો પાછો વાંચી લો, હું મારા જવાબમાં તો જરૂરથી લઇશ. તેઓશ્રી ખૂબ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભણ્યા છે, એન્જિનિયરિંગ પાસ થયા છે, ઇન્ટર્વ્યુ આપ્યો છે પરંતુ મારી વિનંતી છે કે આપ રાજસ્થાનનો કાયદો પાછો વાંચો.માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે કે આપે પણ સવારે કહ્યું કે માનનીય સભ્યશ્રીઓ પોઝિટિવ સૂચનો આપશે અને તમે પણ પોઝિટિવ લેજો. આપના જેવા સૂચનો મળ્યા કે તરત જ અમે બેઠક કરી. પણ આ મુદ્દાને સારી રીતે મૂકવાના બદલે વિદ્યાર્થીઓને અને લોકોને ખોટી માહિતી કઇ રીતે જાય એ પ્રયાસ કરવો એ હું માનું છું કે આજના દિવસે યોગ્ય નથી. અહીંયા બેઠેલા કોઇપણ સભ્યનું બાળક હોઇ શકે. આ પ્રકારની રાજનીતિ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બેસો. હું વાત કરું છું. પોલિટિકલ ન લઇએ.(અંતરાય) બેઠા બેઠા વાત ન કરીએ. આપણે સવારથી આ ગૃહની કાર્યવાહી ખૂબ સારી રીતે ચલાવી છે. મારી તમને બધાને પ્રાર્થના છે. ગઇ કાલે મેં વાત કરી હતી એના પરિપ્રેક્ષમાં મેં સવારે પણ વાત કરી. ગઇ કાલે ગૃહના નેતાશ્રીએ જ્યારે ચર્ચા થઇ ત્યારે મને એમ કહ્યું કે મારે સારું કરવું છે. ગુજરાતના હિત માટે કરવું છે. કોઇનું પણ સજેશન હોય, વિપક્ષનું સજેશન પણ લાવજો. જ્યારે ચર્ચા કરી ત્યારે પોઝિટિવ લીધું છે. માનનીય અર્જુનભાઇ, તમે પોઝિટિવ સજેશનો આપો. સિનિયર સભ્ય તરીકે સજેશન આપશો એ મને લાગે છે કે રાજ્યના હિતમાં હશે. પોલિટિકલ ઓબ્ઝર્વેશનમાં માનનીય અર્જુનભાઇ જેવા શા માટે પડે? (અંતરાય) બિલ ચાલે છે. તમારો નંબર આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ ચર્ચા કરી રહ્યા હતા કે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ અને યુનિવર્સિટીની પરીક્ષા લેવાશે એની દેખરેખ પોલીસ કરે એ હેતુસર એ બોલી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : પણ એમાં પોલિટિકલ ઓબ્ઝર્વેશનની જગ્યાએ સારા સજેશનો આપો એ આવકાર્ય છે. આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે ન લઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : એમણે સ્કૂલ અને યુનિવર્સિટીની વાત કરી એ હું માનું છું કે યોગ્ય છે પણ એમણે રાજસ્થાનના કાયદાને ગણાવ્યો છે. રાજસ્થાનનો કાયદો એકવાર વાંચી લે.

અધ્યક્ષશ્રી : તમે રાજસ્થાનની વાત કરો છો તો પછી સામ સામે આવશે. એ બધું આપણે નથી કરવું. આપણે માત્ર અહીંયાં શું સારું કરી શકીએ એના પરિપ્રેક્ષમાં ચર્ચા કરીએ.

શ્રી હર્ષ ર. સંઘવી : હું એ જ કહેવા માગું છું. માત્ર કોઇ કાયદાનો ઉલ્લેખ કરીને તમે એમ કહો છો ત્યારની વાત છે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય મોઢવાડિયાજીએ વાત કરી આઝાદીનો અમૃતકાળ ૭૫મા વર્ષે ૨૦૨૨-૨૩માં શરૂ થાય. એમણે *(xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : અયોગ્ય હોય એ શબ્દો આપણે રેકર્ડમાંથી દૂર કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : (xxx) બનાવી રહ્યા છે આવા લોકો એમ કહ્યું છે. ( xxx) મારી બીજી વિનંતી છે કે જે લોકો પાપ કરે છે એના વિશે બે શબ્દો કહેવાય તો કોઇએ પોતાના ઉપર ન લેવું જોઇએ. મેં કોઇ દિવસ ક્યારેય હર્ષભાઇએ આમ કર્યું છે કે મુખ્યમંત્રીશ્રીએ આમ કહ્યું છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે રોકડિયાજી? શું વાત કરવી છે?

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એવી વાત કરી અને અલગ અલગ વર્ષની અંદર અલગ અલગ ભરતી પ્રક્રિયાને ખોટી ગણાવી. એમાં એમણે વડોદરા મહાનગરપાલિકાનો પણ ઉલ્લેખ કર્યો છે. આવી કોઇ ઘટના વડોદરા મહાનગરપાલિકામાં નથી બની. આ બાબત એમના ધ્યાન માટે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. જરા એ પણ જોઇ લેજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ વાત એ હતી કે આરોપી ઉપર ટીકા કરું તો એને રાજકીય બાબત તરીકે નહીં લેવી જોઇએ. મેં કદાચ શ્રી હર્ષભાઇ સાથે કામ નથી કર્યું પણ હું જે હું જે બોલું એના પુરાવા ખિસ્સામાં લઇને નીકળું છું. એટલે મને એ બાબતે કોઇ દિવસ ક્યારેય એવું રહેતું નથી કે પુરાવા વગરની વાત કરું. બીજી વાત છે કે આ બિલ ડ્રાફ્ટ કરવાનું કામ મારું કે આપનું નથી. એ તો અધિકારીઓ કરે છે. એ અધિકારીઓએ કદાચ એની અંદર આપ પણ જોઇ જજો કે કોન્ટ્રાડિક્શન કેટલું છે? આપે સ્વીકાર્યું છે એ વાતને હું એપ્રિશિએટ કરું છું. આપે સ્વીકાર્યું કે ભાઇ ના એ બે વાતની ચિંતા છે અને અમે એના ઉપર ચર્ચા કરી છે હું આભાર માનું છું કે આ વાતને પોઝિટિવ લેવામાં આવી પણ જે લોકોએ કૌભાંડ કર્યા હોય એનો આપણે અહીંયા શું કરવા બચાવ કરીએ? આપણે તો બરોબર એવી રીતે કહેવું જોઇએ કે બીજી વખતે લોકો ડરે કે વિધાનસભામાં આ બાબતની ચર્ચા થશે. ડભોઇ નગરપાલિકામાં ભરતી માત્ર કોની કરતા હતા? ૩૨ સફાઇ કામદારો લેવાના હતા. આ રેકોર્ડ ઉપર છે. ૩૨ સફાઇ કામદારોમાંથી ૧૦ સફાઇ કામદારો એવા લીધા કે જે નગરપાલિકા સદસ્યના સગા હતા અને પાછા એ સફાઇ કામદારો ન હતા. મારા જેવા, આપના જેવા બધા હતા કે જેણે સફાઇનું કામ જિંદગીમાં ક્યારેય કર્યું ન હતું. ૩૨ માંથી માત્ર ૭ સફાઇ કામદારો અને બાકીના બધા જ એ સિવાયના લોકોને લીધા અને એમાંથી બાકીના લોકો પાસેથી પૈસા લીધા એનું ઓડિયો રેકોર્ડિંગ મારી પાસે છે. ફરીયાદો કરી છે. સવાલ એટલો છે કે આ ૩૨ સફાઇ કામદારોની ભરતી કરી પણ એનું મસ્ટર તો ઓફિસમાં રાખ્યું છે. શેરીમાં વોર્ડ ઓફિસ હોય ત્યાં ના રાખ્યું શું કરવા? ત્યાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

સફાઇ કરવી પડે. એને તો ઓફિસમાં બેસવાનું છે આવા લોકોનો શું કરવા આપણે બચાવ કરીએ? એટલે આ પ્રકારે આ હું એમ ને એમ હું કોઇ દિવસ વાત કરતો નથી. મારી પાસે છે જે માગશો એ માહિતી હું આપીશ. સવાલ એટલો છે કે આવા લોકોને ચલાવીએ છીએ શું કામ? આટલી બધી ઘટનાઓ માનનીય અધ્યક્ષશ્રી બની. અહીંયા આપણે ત્યાં કૃષિ યુનિવર્સિટી હોય, ગુજરાત વોટર સપ્લાય સૂએઝ બોર્ડ હોય એના માટે જી.પી.એસ.સી. છે છતાં પરીક્ષા કોઇક બીજી ખાનગી એજન્સીઓને જ શું કરવા અપાય છે? એ સેટિંગ કરી તો અહીંયા બહાર સુધી આવે નહીં. આપણા સુધી વાત પહોંચે નહીં. આ તો પેપર ફૂટ્યા એની વિગત છે પણ જે સેટ થયા હોય, પેપર ના ફૂટ્યા હોય એવા તો અનેક કિસ્સાઓ છે અને હું એમ કહુ છું કે આપણા સુધી નથી આવ્યા એટલે આપણે ચર્ચા નથી કરતા. શું કરવા આવું થાય છે? કંઇક તો કારણ છે કે જેના કારણે આ ઘટનાઓ વારંવાર બનવાની છે અને એ ઘટનાઓ રોકવાની જવાબદારી આપણી છે, મારી છે, આપણા બધાની છે અને એમાં ક્યાંક ને ક્યાંક આપણે નિષ્ફળ ગયા છીએ અને એટલે સતત હારમાળા આખી ચોપડી ભરાય એટલું લિસ્ટ આવી જાય છે. કારણ શું છે? કવિ કલાપીએ એક કવિતામાં લખ્યું છે કે એક મુસાફર રસ્તા ઉપરથી જતો હતો ધોમ તડકો હતો એને તરસ લાગી અને એક શેરડીનું ખેતર આવ્યું. શેરડીના ખેતરમાં એક માતા ઊભી હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અગાઉ આ એકઝામ્પલને આપણે દૂર કરેલું છે એના પરીપ્રેક્ષમાં વાત કરજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને દૂર ના કરવું પડે એ રીતે હું કહું છું. એ રસ્તા ઉપરથી જતા હતા. માતાએ બહુ પ્રેમથી, સૌરાષ્ટ્ર અને ગુજરાતનું કલ્ચર છે એ પ્રમાણે એણે પાણી નહીં શેરડીનો સાઠો કાપીને નીચે પ્યાલો ધર્યો એમાં રસ ભરાય ગયો એ પેલા મુસાફરને આપ્યો એ વખતે મુસાફરે પી લીધો અને પછી મુસાફરે બીજી વખતે માગ્યો તો એક સાઠો કાપ્યો, બે સાઠાં કાપ્યા, ત્રણ સાઠા કાપ્યા પણ એમાંથી રસ આવ્યો નહીં ત્યારે માતાને નવાઇ લાગી કે આ શું કરવા બન્યું? તો એણે કહ્યું કે - આ રસ હીન થઇ છે ધરા યા દયા હીન થયો નૃપ નહીં તો ના બને આવું કહ્યું માતાએ. માતા રડી પડી. આ મારો રાજા છે એ આવો દયા હીન થયો હોય કે આ ધરતીમાંથી રસકસ જતા રહ્યાં. પેલો મુસાફર હતો એ રાજા હતો એને અંદર થયું કે આ વાત માતાની સાચી છે. એણે માતાને એમ કહ્યું કે આ ધરા રસ હીન નથી થઇ પણ તારો રાજા છે એ દયા વગરનો થયો છે એટલા માટે થયું છે. કારણ કે મેં વિચાર કર્યો કે આ લોકો કેટલા પૈસાદાર છે એટલે આના ઉપર ટેકસ વધારો જોઇએ એટલા માટે રસકસ નીકળી ગયો છે. હવે તું ફરી પાછી સાઠો કાપ એટલે રસ નીકળશે. પાછો સાઠો કાપ્યો તો ફરી પાછો રસ ભરાયો. માનનીય અધ્યક્ષશ્રી, શાસકો તરીકે આપણા સૌની જવાબદારી છે. શાસકો તરીકે આપણા સૌની જવાબદારી છે કે એક ઘટના બને ત્યારે આપણે સૌ આત્મખોજ કરીએ કે કયાં કચાશ રહી ગઈ? ૨૦૧૪ની ઘટના બની ત્યારે એ વખતે શું કરવા આપણે વિચાર કર્યો નહીં કે ફરી પાછું નથી થવા દેવું? કોના હાથે થયું છે? માનનીય મુખ્યમંત્રી હતા એમના હાથે નથી થયું. માનનીય ગૃહમંત્રીશ્રી, શિક્ષણ મંત્રી હતા એમના હાથે નથી થયું પણ કયાંક ને કયાંક એવા લોકોને જ એમણે નિમણૂંક આપી છે એવા લોકોને આપ્યું છે એમાં કચાશ રહી ગઇ છે એના હું થોડા દાખલા આપીશ કે આપણે કેવા કેવા કુલપતિઓ નીમ્યા? ગુજરાત યુનિવર્સિટીના એક કુલપતિ હતા. પાટણના હતા અને *(xxx) એમનું નામ હતું અને કેવું કેવું એમણે કર્યું એ બધાને ખ્યાલ છે. મારે વધારે ડીટેઇલમાં નથી જવું.

અધ્યક્ષશ્રી : કોઇના નામ સાથેનો ઉલ્લેખ આપણે અહીંયા ન કરીએ. આને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આપ સિનિયર છો એટલે આપ તો નિયમોના જાણકાર છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : બીજા એક વિદ્યાનગર યુનિવર્સિટીના કુલપતિ હતા. સુપ્રિમ કોર્ટે એને કીધું કે આ લાયક નથી છતાં એને એપોઇન્ટમેન્ટ આપી અને દૂર કરવા પડયા. એની અગાઉ એમણે કૌભાંડ પણ કરેલા હતા ભાવનગર યુનિવર્સિટીમાં. એક બીજા સૂરત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતા એ પણ પાટણના જ હતા. એમને પણ દૂર કરવા પડયા. સૂરત પછી પાટણ ગયા અને ત્યાં દૂર થયા. અત્યારના બીજા એક કુલપતિ સૂરતની અંદર હતા એતો આસિસ્ટન્ટ એન્જીનીયર એની વિરુદ્ધમાં કોર્પોરેશનની અંદર આરોપો મુકાયા. સસ્પેન્ડ કર્યા પછી કયાંકથી ડિગ્રી લઇને વાઇસ ચાન્સેલર થઇ ગયા. એમને દૂર કરવા પડયા. એપોઇન્ટમેન્ટ તો આપણે કરીએ છીએ. કયાંકને કયાંક આવી રીતે થતું રહે છે એની સામે હું દાખલો આપું . ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે મહાત્મા ગાંધીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીની વરણી થઇ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સભ્યશ્રી વાત કરી રહ્યા છે જો સ્કોપમાં અને બિલ ઉપર બોલાય તો બધાનો સમય બચે.

અધ્યક્ષશ્રી : આપની વાત સાથે હું સંમત થઉં છું. શ્રી અર્જુનભાઇ, તમને વચ્ચે ટોકવાની વાત નથી પરંતુ તમારા જેવા માણસ પાસે એવી અપેક્ષા હોય કે બિલ ઉપર જ બોલે. એના ઉદાહરણ તરીકે તમે કવોટેશન પૂરતું રાખો પરંતુ આખું ભાષણ જ કવોટેશન થાય તો સામા પક્ષે પણ આવા જ જવાબો આવશે પછી આપણે આખું વાતાવરણ હેલ્ધી રાખવું છે એ હેલ્ધી વાતાવરણ પણ અરસપરસ નહીં રહી શકે એટલે તમે બિલના સ્કોપ ઉપર આવી જાવ. તમે સીધા કલમો ઉપર સારા સજેશનો કરી શકો તેમ છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું સ્કોપ ઉપર આવું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દુર કરવામાં આવ્યા.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

અધ્યક્ષશ્રી : જેને કંઇ ખબર ન હોય, ન આવડતું હોય અને ફકત પોલિટિકલ બોલવું હોય તો વાત અલગ થઇ. તમને ખબર પડે છે અને તો પણ કેમ આવું કરો છો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભરતી થાય છે એ આવા લોકો કરે છુ હું એટલા માટે કહું છું મેં નામ પણ નથી આપ્યા. બીજી વાત એ છે કે હું એની સામે પોઝિટિવ પણ કહું છું કે કેવા કેવા લોકો હોય છે. ગોપાલકૃષ્ણ ગાંધી એને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે નિમણૂંક કરવામાં આવી. એમની લાયકાત પણ હતી. પ્રીરીકવાયર્મેન્ટ એ હતી કે એ ખાદી પહેરતા હતા. શ્રી ગોપાલકૃષ્ણ ગાંધીએ વિવેકપૂર્વક એમ કહ્યું કે હું કયારેય ખાદી પહેરતો નથી એટલા માટે હું આ જગ્યા ઉપર ફીટ નથી એટલે હું સવિનય અસ્વીકાર કરું છું. આવા પણ લોકો છે એનો મતલબ એવો છે કે મળી રહે છે આપણને પણ એને જગ્યા માટે હું વિદ્યાપીઠની વાત નથી કરતો બીજી બધી જગ્યાએ આવા લોકો અનુભવી હોય છે પણ આપણે એને લેવા જોઇએ એ લેતા નથી. હું મારા અનુભવ કહું છું. માનનીય ગૃહમંત્રીશ્રીએ વાત કરી કે મારા સજેશનને એ હાથ ઉપર લેશે પણ હું મારી એન્જિનિયરિંગ કોલેજનો અનુભવ કહું છું હું ભણતો હતો ત્યારનો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી તમે વચ્ચે ન કહેશો. પ્લીઝ એમને બોલવા દો. હવે એ સીધા મુદ્દા ઉપર આવ્યા છે અને તમે વચ્ચે કયાં ટ્રેક તોડાવો છો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે વિદ્યાર્થીઓ હોય એન્જિનિયરિંગ કોલેજના કે બીજી કોલેજના ભણતા હોય ત્યારે તોફાન પણ કરે, કયારેક આંદોલન પણ કરે. પણ હંમેશા એને વિદ્યાર્થી તરીકે જોવા જોઇએ. અમે પ્રિન્સિપાલની વિરુદ્ધમાં આંદોલન કર્યું. અગાઉ તોફાનો થાય એટલે તોડફોડ બહુ થાય એ મારા મિત્રોને ખબર છે. અમે બધાએ નક્કી કર્યું કે, આપણી કોલેજની પ્રિમાઇસીસને નુકસાન કરીએ તો ફરી પાછું બનતું નથી. એટલે આપણી કોઇ પ્રોપર્ટીને કયાંય નુકસાન કરવું નહીં. વિદ્યાર્થીઓએ માન્યું પણ ખરા. ત્યાં પોલીસના ઘોડાઓનું જે ગોડાઉન હતું તેમાં જે ઘાસ હતું તેમાં એક વિદ્યાર્થી દિવાસળી મૂકી આવ્યો. પોલીસ અને અમે વાઘજી બાપુંનું બાવલું છે ત્યાં સામસામે ઊભા હતા. તેમાં અમારામાંથી કોઇકે કાંકરીચાળો કર્યો. પોલીસે પછી અમારા ઉપર લાઠીચાર્જ કર્યો અને અમે દોડીને મચ્છુ શ્રી હોસ્પિટલમાં જતા રહ્યા. ત્યાં ગયા એટલે પોલીસ અમને પકડવા માટે પાછળ પાછળ આવી. કારણકે ઘાસનું ગોડાઉન સળગાવ્યું હતું. ત્યાં જતા રસ્તામાં રેક્ટરના ત્રણ મકાનો આવે. ત્રણ મકાનો આવે અને તેમાં અમારા ત્રણ રેક્ટર કે.જે.પંડયા, એ.બી.પંડયા અને જે.બી.વ્યાસ. આ ત્રણેયની પત્નીઓ બહાર આવી અને રસ્તામાં હાથ રાખી ઊભી થઇ ગઇ અને કહ્યું કે પ્રિન્સીપાલની રજા વગર તમે અંદર આવી શકો નહીં. પોલીસે કહ્યું કે, તમારી સાથે તોફાન કરશે તો? તો કહ્યું કે, તે અમે ડીલ કરી લઇશું. એટલે પોલીસ માન રાખીને ત્યાંથી નીકળી ગઇ. ડી.એસ.પી. દત્તા સાહેબ રાજકોટથી ત્યાં આવ્યા. ત્યાં આવી પ્રિન્સીપાલને કહ્યું કે, આ દસ છોકરાંઓને અમને સોંપી દો. પ્રિન્સીપાલે દસેયને બોલાવીને કહ્યું કે આમની સાથે જાઓ. દત્તા સાહેબે અમને ગાડીમાં બેસાડી થોડીવાર ફેરવ્યા. એક પોલીસ સ્ટેશનમાં ગયા અને ત્યાં અમને સામે બેસાડયા. એ વખતે પી.આઇ. આવ્યા અને કહ્યું કે, આમની વિરુદ્ધમાં પ્રોપર્ટીને નુકસાન કરવાનો ગુનો નોંધવો છે. આ પ્રકારની એફ.આઇ.આર. છે. થોડીવાર થઇ પછી અમારા ટીચર્સ આવ્યા અને તેમણે કહ્યું કે અમે જામીન થવા માટે આવ્યા છીએ. સ્પીરીટ જુઓ માનનીય અધ્યક્ષશ્રી કે વિદ્યાર્થીઓ શું હોય છે. જામીન થવા માટે આવ્યા છીએ. તેમને પણ બેસાડયા. ફરી પાછું કહ્યું કે, સાહેબ ટાઇમ જાય છે અને આમની સામે એફ.આઇ.આર કરવી છે. પછી અમને બધાને પૂછયું કે તમારા બાપા શું કરે છે? મને પૂછયું અને મેં કહ્યું કે મારા બાપાને ચાર વિઘા જમીન છે. બધા લગભગ એવા જ હતા. તો પછી કહે ભણીને શું કરશો? તો મેં કહ્યું કે, સરકારી નોકરી કરીશું. કલાસ-૨, કલાસ-૧, મને પી.ડબલ્યુ.ડી.માં મળશે, કોઇને જી.ઇ.બી.માં મળશે. ત્યારે પી.આઇ.એ કહ્યું કે, આ તમારી સામે એફ.આઇ.આર કરું તો કોઇને નોકરી ન મળે. તમને ખબર છે? મેં કહ્યું ના અમને ખબર નથી.

અધ્યક્ષશ્રી : કલમ-૯ ના પરિપ્રેક્ષ્યમાં બોલી રહ્યા છે. કલમ-૯ ના પરિપ્રેક્ષ્યમાં છે. એમને બોલવા દો. એ છેલ્લે આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એ વિટનેશ છે. અમારા મોરબીના છે અને અમારા મિત્ર પણ છે. વાત એમ છે અધ્યક્ષશ્રી, ત્રીજીવાર જયારે પી.આઇ. આવ્યા ત્યારે એમને કહ્યું કે એફ.આઇ.આર. નથી લખવાની. તેમના બોન્ડ લખાવી લો કે અમે તોફાન નહીં કરીએ. ઠાકર લોજમાંથી ટિફિન લઇ આવીને અમને જમાડયા છે. આવા ડી.એસ.પી. કયાં લેવા જવા, આવા ટીચર્સ કયાં લેવા જવા અમારે. આવા પ્રિન્સીપાલો કયાં લેવા જવા? પ્રો.એન.આર.દવે, પ્રો.એન.વી.વસાણી આવા કયાં લેવા જવા? અત્યારે તો ધોકા મારે છે અહીં આવે છે ત્યારે. આવા લોકોની જરૂર છે. આજે અવેલેબલ છે. અહીં ગુજરાત યુનિવર્સિટીમાં એન.વી.વસાણી હતા, પાટણની અંદર ડૉ.એન.આર.દવે હતા, પી.સી.વૈદ્ય હતા, ઉમાશંકર જોષી હતા. પોતાની સરકાર, રાજ્યસભાના સભ્ય બન્યા અને કટોકટી આવી તો તેની સામે પોતાનો કાગળ લખી વિરોધ વ્યક્ત કર્યો હતો. આવા પિતાતુલ્ય લોકો હતા. આવા દત્તા સાહેબ જેવા લોકોને કયાં લેવા જવા. આજે પણ છે. આજે પણ છે. પસંદગી કરતાં આવડવી જોઇએ. આજે પણ દિનેશ દાસા જેવા લોકો છે કે પાંચ વર્ષની અંદર કોઇપણ જગ્યાએ નાનકડી ટાંકણી જેવું ખોટું કામ કર્યું હોય તેવું નથી. પણ આપણને નથી જોઇતા. આજે હસમુખ પટેલ જેવા અધિકારી શોધીને મૂકવા પડે છે. આજે નિર્લિપ્ત રાય જેવા અધિકારી છે. આપણને તે ગમતા નથી. આપણને તો જમીન કૌભાંડ કરનારા અધિકારીઓ છે તે જ દેખાય છે. એક જમાનો એવો હતો અને હું ભણીને પોરબંદરમાં ગયો ત્યારે મને એમ કહે કે, કલેકટર અને ડી.એસ.પી. કરપ્શન કરે છે. મેં એમ કહ્યું કે, તમે ગાંડા માણસો છે. ડી.એસ.પી., કલેકટર આઇ.એ.એસ., આઇ.પી.એસ.

આવું કરે ખરા? ખરેખર નહોતા કરતા. એટલા માટે આવા કાયદાની ત્યારે જરૂર નહોતી પડતી. રમણભાઇએ હમણાં વાત કરી, બીજા મિત્રોએ વાત કરી. આવો કાયદો કયાં હતો? આવા પ્રિન્સીપાલ હતા, આવા ટીચર્સ હતા, આવા ડી.એસ.પી., કલેકટર હતા અને આવા વાઇસ ચાન્સેલર હતા. જીતુભાઇ યશવંત શુક્લની સાથે નવનિર્માણ આંદોલનની અંદર એક વિદ્યાર્થીએ તેમની સાથે મીસબીહેવ કર્યું. તેમણે કહ્યું કે, મારો વિદ્યાર્થી કોઇ દિવસ આવું કરે નહીં, હું રાજીનામું આપી દઉં છું. સમજાવ્યા બધાએ પણ રાજીનામુ પાછું ના ખેંચ્યું. મેં સવારે કહ્યું કે, હું એક શૈક્ષણિક સંસ્થા ચલાવું છું. ૬ હજાર વિદ્યાર્થીઓ છે, જાહેર પરીક્ષાઓ બધી લેવાય છે. વિદ્યાર્થીઓ આવે અંદર એટલે એને એમ થઇ જાય કે આમાં કશું ચોરી થાય નહીં અને છતાં મેં કહ્યું છે કે હું જ્યાં સુધી છું ત્યાં સુધી કેમ્પસની અંદર પોલીસમાં ફરિયાદ નહીં થાય. વિદ્યાર્થીઓના માતા-પિતા અમે છીએ, શિક્ષકો છે, પ્રિન્સિપાલ છે એની સાથે અમે ડિલ કરી લઇશું. એટલા માટે મેં આ સુધારો મૂક્યો છે કે, વિદ્યાર્થીઓની સાથે ડિલ કરવાનું કામ એના માતા પિતા અને એના શિક્ષકોનું હોય પોલીસનું હોય જ નહીં. પોલીસ તો ગુનેગારને પકડે અને ભલે ધોકા મારે એનો કોઇ વાંધો નથી. પેપરો ફોડનાર સાથે ગમે તે કાર્યવાહી થાય પણ બે વર્ષની સજાનો કાયદો આપણે શા માટે બનાવીએ? એ તો એના શિક્ષકો બનાવે. હું ૧૫ વરસ રહ્યો છું આ પરીક્ષા શુદ્ધિકરણ કમિટીમાં અને બધાને ખબર છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૦ વરસ સેનેટ સિંડિકેટ મેમ્બર રહ્યો છું પણ ક્યારેય અમે વિદ્યાર્થીને ગુનેગાર તરીકે જોયા નથી અમે વિદ્યાર્થીને વિદ્યાર્થી તરીકે જોયા છે ત્યારે મારી આજે આપ સૌને વિનંતી એવી છે કે આપણે બધાએ અત્યારે જે સમય આવ્યો છે એ સમયમાં આપણે પોતે એવા લોકોને આ ભરતી કરવાનું કામ સોંપવું જોઇએ કે તમારે આ કાયદાની જરૂર જ ન પડે. આ કાયદો હશે તોય પેપર તો ફૂટવાના જ છે. તમારી ઇચ્છા નથી હું સમજું છું પેપર ફૂટે એવી પણ તો થવાનું છે. પણ જો ન ફૂટવા દેવા હોય અને આ કાયદાનો અમલ કરવાને બદલે અલમારીમાં મૂકી રાખવો હોય તો એક માણસ વ્યવસ્થિત શોધો તમે કે જેના ઉપર લોકોને વિશ્વાસ હોય. પેપરો હૈદરાબાદ, ઉડુપી કે બીજી જગ્યાએ શા માટે છાપવા જોઇએ? જ્યારે અગાઉ પેપરો છે એ યુનિવર્સિટીના પ્રેસમાં છાપતા હતા, સરકારી પ્રેસમાં છપાતા હતા કે ક્યારેક ખાનગી પ્રેસમાં છપતા હતા પણ એના ઉપર જવાબદાર માણસ એક એવો હોય કે એમાં કોઇ આડાઅવળું કરી શકે નહીં અને એ માણસ ૨૦ વરસથી ૨૫ વરસથી કામ કરતો હોય ત્યાં એ સિવાય એ બીજા કોઇને કામ સોંપે નહીં એ એટલા માટે કે એનું કામ એવું હોય કે સોળે સોળ આની જેવું હોય અને એટલા માટે એ પેપર એના હાથમાં હોય ત્યાં સુધી ક્યાંય જાય નહીં. પણ આપણે એવા માણસોને કામ સોંપેલું હોય તો પછી આવું જ થાય એને ખબર હોય કે પેપર કેવી રીતે ફૂટે. ત્યારે મારી વાત એટલી જ છે કે આજે જે બિલ રજૂ થયું છે એ બિલને આવકારું છું પણ વિદ્યાર્થીઓને આમાં સજામાંથી બાકાત રાખો. વિદ્યાર્થીઓને સજા કરવાની જવાબદારી એના શિક્ષકોને, એના માટે જે સીવીલ તંત્ર ઉભું કર્યું છે એની હોવી જોઇએ. જે પેપર ફોડનારા, પેપર લીક કરનારા, ગેરરીતિ કરનારા જે કોઇ ઉપરના કે સુપરવાઇઝરી અધિકારીઓ હોય એને સજા જરૂર આ કાયદા મુજબ કરી શકાય અને કરવી જોઇએ. એના કરતા આપણે એવા લોકોને નિમણૂક કરીએ કે જે શંકાથી પર હોય. મહાત્મા ગાંધી વિશે એમ કહેવાય કે એ કદાચ દારૂના અડ્ડામાંથી બહાર નીકળતા હોય તો પણ લોકો એના ઉપર શંકા ન કરે તેઓ ત્યાં શા માટે ગયા હશે? ગયા હશે પેલા લોકોને સમજાવવા ગયા હશે કે તમે ધંધો મૂકી દો. એવા વ્યક્તિત્વ આજે છે એને રેકેગ્નાઇઝ કરવાની જરૂર છે. આ વખતે આટલા સ્કેમ પછી આપણે હસમુખ પટેલને આઇડેન્ટીફાઇ કર્યા, હતા જ આ ઘણા સમયથી હતા આપણી પાસે, દિનેશ દાસા હતા જ આપણી પાસે અને મોડેલ વર્ક કરીને બતાવે એવા લોકો હતા. મેં મૂક્યા ન હતા રાજય સરકારે મૂક્યા હતા. હું આ વખાણ કરું છું તો જેણે ખોટું કામ કર્યું છે એની ટીકા કરું તો થોડીક એ પોઝિટિવ લેવી જોઇએ. આમાં હું એમ નથી કહેતો કે મારા કે તમારા સગા છે જેના નામ આપ્યા એ બધા. એ બધાએ ગુનો કર્યો છે એ સમાજની શરમ છે કે આવું પવિત્ર કામ જેને સોંપાયું હતું એણે બહું અપવિત્ર રીતે કામ કરી અને ગુજરાતના યુવાનોનું શોષણ કર્યું છે. આપણે વટથી કહેવું જોઇએ એ મારો ભાઇ હોય કે બીજા કોઇ પણ હોય. એટલે મારી આપ સૌને વિનંતી છે કે, આપ સૌ આ બાબતે વિચાર કરીને આ બિલને અમે સપોટ કરીએ છીએ અને સાથે સાથે વિદ્યાર્થીઓને આમાંથી બાકાત રાખવાની વિનંતી કરી અને આ બિલને સપોટ કરીને હું મારી વાતને વિરામ આપુ છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર(પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ ઉપર આવુ તે પહેલાં આપના ધ્યાન ઉપર વિનમ્રભાવે એક વાત મૂકવા માગું છું. માનનીય અમીતભાઇ કારણ કે મારે સમર્થન કરી અને મારા વિચારો રજૂ કરવાના હતા એટલે ગૃહનો સમય ના બગડે એટલા માટે વચ્ચે ઊભો નહોતો થયો પણ તેમણે એક એવી વાત કરી કે *(xxx) આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ બોલે છે એવો શબ્દ હોય તો રેકર્ડ ઉપરથી દૂર કરીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે શરૂઆત કરી,

અધ્યક્ષશ્રી : ચાલો એવો શબ્દ જો હોય તો આપણે દૂર કરીશું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ પુરાવા લાવે હું વિનમ્રભાવે કહું છું.

અધ્યક્ષશ્રી : એવો જો શબ્દ બોલ્યાં હોય તો હું તેને રેકર્ડ ઉપરથી દૂર કરું છું તમારા બન્નેનો વિષય પૂરો થઇ ગયો હવે એ વિષય કયાં છે ? તમે ના બોલ્યા હોય તો વિષય નથી પણ જો બોલ્યા હોય તો તેને દૂર કરીએ છીએ આપણે વિષય પૂરો કરો શું કામ ડિબેટ કરો છો. ચાલો માનનીય જીતુભાઇ આગળ ચલાવો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના વડપણ નીચે એટલે કે સ્પીકરના ચેરપર્સનના અધ્યક્ષસ્થાને રાજયના લોકપ્રિય, સાલસ અને મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વવાળી આ નવી ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રથમ બજેટ સત્રમાં રાજયની જનતા વતી અને ધારાસભ્ય તરીકે હું વિશેષ અભિનંદન એટલા માટે આપુ છું કે સૌપ્રથમ બિલ એ માનનીય હર્ષભાઇ, માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી આ આપણાં સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમના માર્ગદર્શન નીચે જયારે આ બિલ હર્ષભાઇ લાવ્યા છે ત્યારે એ જ બતાવે છે કે યુવાનોને રાજયની જનતા માટે અને તેમના પ્રશ્નો માટે સરકાર કેટલી ગંભીર અને ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની જાહેર પરીક્ષાઓ પછી તે નોકરી માટેની હોય, શૈક્ષણિક લાયકાત મેળવવા માટેની હોય તેવી તમામ સંસ્થાઓ દ્વારા લેવાતી પરીક્ષાઓ માટે આ કાયદો લાગુ પડે છે. આમ, કાયદાની જોગવાઇઓ વ્યાપક રાખવામાં આવી છે. તેમની આ વિશેષતા આ બિલમાં આપણને જોવા મળે છે. ગેરરીતિ કરનાર કોઇ પણ વ્યકિત કે સંસ્થા કાયદાના ડાયરામાં આવી જાય છે અને જોગવાઇ મુજબ ઉચિત દંડને પાત્ર બને છે. રજૂ થયેલ પ્રસ્થાવિત કાયદો પરીક્ષાર્થીની સામાન્ય પ્રકારની ભૂલો માનનીય અર્જુનભાઇએ જે હમણાં ઉલ્લેખ કર્યો છે માનનીય પ્રભારી મંત્રીશ્રી તેમની વાતમાં થોડીક સ્પષ્ટતા કરશે પણ હું જે સમજયો છું, મેં જે બિલ જોયુ છે અને વાંચ્યુ છે તે પ્રમાણે જેવી કે પરીક્ષા દરમિયાન છૂપી રીતે અનધિકૃત સાહિત્ય રાખવું, ઉમેદવાર પોતાના લાભ માટે આ પ્રકારની ભૂલ કરે છે તો ફોજદારી કાર્યવાહી સૂચવતો નથી પરંતુ સમગ્ર પરીક્ષાને અસરકર્તા હોય તેવી ગુનાહિત પ્રવૃત્તિઓ માટે દા.ત. પેપર ફોડવામાં સહાય કરી હોય તો એ સાર્વજનિક રીતે વિદ્યાર્થીને નુકસાન થતું હોય છે તેમાં કડક સજાની જોગવાઇઓ સૂચવે છે. કાયદાની કલમ-૪ અહીંયા વાત થઇ છે એટલે ડિપમાં નથી કહેતો સામાન્ય ભૂલો કરતા ઉમેદવાર માટે જે તે પરીક્ષા, સંસ્થાઓ જે પરીક્ષા સમિતિની માનનીય અર્જુનભાઇએ વાત કરી છે. હું પણ સેનેટ મેમ્બર રહી ચૂકયો છું તેમને મોકો મળતો હોય છે કે દોષિત ના હોય તો તેમને મુકત પણ થતો હોય છે અને દોષિત હોય તો જે જોગવાઇઓ હોય છે તે પ્રમાણેની સજા તે હું તમે કે કોઇના પણ સગા હોય તો તેમને મળતી હોય છે અને તેનો નિર્ણય એ સંસ્થા લેતી હોય છે આટલી કિલિયારિટી આ બિલમાં છે જ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નોંધવુ રહ્યું કે આ કાયદાની અંતર્ગત જોગવાઇઓને માનવીય દૃષ્ટિકોણથી પણ મૂલવવામાં આવી છે, જેમાં માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્ત્વવાળી ભાજપ સરકારનો અભિગમ બતાવે છે. આપણે સૌ સહભાગીદાર બની ગુજરાતનું પ્રતિનિધિત્ત્વ કરી રહ્યા છીએ ત્યારે ગૃહના સૌ સદસ્યો આ મહત્ત્વની કહી શકાય એવી બાબતનું બિલ સમર્થન કરીને પસાર કરવા જઇ રહ્યા છે. પ્રાસ્તાવિક એક્ટ સાથેની અનુસૂચિમાં ગુજરાત રાજ્યમાં જાહેર પરીક્ષા લેતી સંસ્થાઓ દર્શાવવામાં આવેલ છે અને આ ઉપરાંત રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે એવી કોઇ પણ પરીક્ષા સત્તામંડળ આપેલ યાદીમાં ઉમેરી શકે છે જેમાં ૯-૧૦ જેટલી અલગ - અલગ પ્રકારની પરીક્ષા જે લેવાય છે એનો ઉલ્લેખ છે જેમાં માધ્યમિક બોર્ડ પણ આવી જાય છે અને ભરતી પરીક્ષાઓ પણ આવી જાય છે. સ્થાનિક મંડળો, મંડળીઓ, કોર્પોરેશન, જાહેર ક્ષેત્ર આ બધાં જ એમાં આવે છે. પ્રાસ્તાવિક કાયદાની જોગવાઇઓ જો એકત્રિત રીતે જોવામાં આવે તો પરીક્ષાના કોઇ પણ તબક્કે કોઇ પણ પ્રકારની પરીક્ષામાં કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા થતી ગેરરીતિને આવરી લે છે. તેના માટે કાયદાકીય જોગવાઇઓ સુનિશ્ચિત થાય છે. મારે સન્માનનીય ગૃહ સમક્ષ અતિ મહત્ત્વની વાત રજૂ કરવી છે. પ્રાસ્તાવિક કાયદાની જોગવાઇઓ અંગે જુદા-જુદા રાજ્યોમાં અલગ-અલગ કાયદાઓ અમલમાં હોય છે. તેવા કાયદાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને માનનીય હર્ષભાઇએ ખૂબ સુંદર રીતે આખો વિષય મૂક્યો છે. કોઇ પણ સરકાર હોય ત્યારે અન્ય રાજ્યના પરિપ્રેક્ષ્યમાં ત્યાં ચાલતી બાબતોને કોઇ પણ સરકાર ધ્યાનમાં લેતી જ હોય છે. એ જવાબદારીનો ભાગ છે. આ બધી જ તુલના કરીને આમાં જોગવાઇઓ કરવામાં આવી છે. કોઇ રાજકીય અવલોકન વગર સમયકાલીન જગ્યાઓ પર ઘટનાઓ બનતી રહેતી હોય છે. કોઇ રાજ્યમાં શું બન્યું, આપણા રાજ્યમાં શું બન્યું એનું રાજકીય અવલોકન અત્યારે અસ્થાને છે પણ જ્યારે જેવી જરૂરિયાત ઊભી થાય ત્યારે સરકાર કાયદાઓ બનાવતી હોય છે. એ લોકશાહીમાં ચાલતી આવતી નિરંતર વ્યવસ્થા છે પછી એ કોઇ પણ સરકાર હોય. આવું કામ કરવું એ વિકૃતી છે, સ્વાર્થીપણું છે એવું હું મારી દૃષ્ટિએ માનું છું. નિજી લાભ માટે લાખો યુવાનોના સપનાં રગદોળવાનું આ અમાનવીય, અસહ્ય કૃત્ય છે એવું ગણી શકાય. સન્માનનીય સભાગૃહમાં મને જણાવતાં આનંદ થાય છે કે આ જ ગૃહના જે તે વખતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આ તકે આપણે યાદી કરીએ કે જેમણે પારદર્શક ભરતીની જાહેરાત કરી. કોઇ રાજકીય રીતે હું કહેવા માગતો નથી. પહેલાં ભરતી પ્રક્રિયા કેવી હતી એ સમયની માંગ હશે. સમય આગળ ગયો એમ વિકૃતી વધતી ગઇ અને છેવટે માણસ અનેક પ્રકારની જગ્યાઓ શોધતો હોય છે. માનનીય નરેન્દ્રભાઇએ સમયની માંગ સાથે પારદર્શક ભરતી કરી, હજારો પરીક્ષા લેવાઇ, હજારો યુવાનો પારદર્શક રીતે પોતાની ફરજો બજાવી રહ્યા છે. પોતાનો પરિવાર પણ સુપેરે ચલાવી રહ્યા છે. મેં આગળ કહ્યું એમ માનવી સ્વાર્થ માટે રસ્તાઓ કાઢવા માટે ટેવાયેલો છે એટલા માટે આ બિલ માનનીય હર્ષભાઇ અહીંયા લઇને આવ્યા છે. આ બિલ માટે કાયદાકીય અભિપ્રાય પણ પ્રાપ્ત કરવામાં આવ્યો છે. સૌ સભ્યોએ પોતપોતાની વાત કરી છે. લીગલ અભિપ્રાય આ બિલમાં લેવામાં આવ્યો છે કારણ કે ભવિષ્યમાં બિલમાં કોઇ જોગવાઇ કરવામાં આવે તો કોઇ સંસ્થા કે કોર્ટમાં જવાનો માણસનો અધિકાર છે ત્યારે એ છટકી ન શકે. હું કોઇ અન્ય રાજ્યની સરખામણી કરવા નથી માગતો પણ મેં અભ્યાસ કર્યો છે.ક્યારેક બતાવવા માટે આવેશમાં આવીને એવી જોગવાઇઓ કરવામાં આવે કે તેને આટલા વર્ષની સજા, કરોડો રૂપિયાનો દંડ તે મુદ્દાઓ કોર્ટમાં ટકી ન શકે. આ બાબતનું પૂરેપૂરું ધ્યાન આ બિલમાં રાખવામાં આવ્યું છે. આથી હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય પ્રભારી મંત્રીશ્રી, સમગ્ર મંત્રીમંડળ

અને રાજ્ય સરકારને વિશેષ અભિનંદન આપું છું. ટૂંકમાં કહું તો પરીક્ષાખંડમાં પરીક્ષાર્થીઓ દ્વારા થતી ભૂલ અને ગુના વચ્ચેનો સૂક્ષ્મ ભેદ આ કાયદામાં જાળવવામાં આવ્યો છે. સજા તથા દંડની જોગવાઈઓની અતિશયોક્તિ ટાળવામાં આવી છે. પ્રસ્તાવિક કાયદાની જોગવાઈઓ સમજવા માટે કલમ-૨ માં વ્યાખ્યાઓ આપવામાં આવી છે. જે પૈકી બે મહત્ત્વની વ્યાખ્યાઓ કાયદાને સમજવા માટે ખૂબ ઉપયોગી અને જરૂરી છે. પરીક્ષાર્થી કે વ્યક્તિના સંદર્ભમાં ખોટું નામ ધારણ કરવું, પ્રશ્નપત્ર ફોડવું અથવા ફોડવાનો પ્રયત્ન કરવો અથવા ફોડવાનું કાવતરું કરવું અથવા અનઅધિકૃત રીતે પ્રશ્નપત્ર મેળવવું અથવા મેળવવાનો પ્રયત્ન કરવો અથવા કબજો લેવો અથવા કબજો લેવાનો પ્રયત્ન કરવો, અનઅધિકૃત રીતે પ્રશ્નપત્ર હલ કરવું અથવા હલ કરવાનો પ્રયત્ન કરવો અથવા હલ કરવા મદદ માગવી અથવા હલ કરવા મદદ કરવાનો સમાવેશ થાય છે. પરીક્ષાર્થી સિવાય કોઈ વ્યક્તિના સંદર્ભમાં જાહેર પરીક્ષામાં નાણાકીય અથવા ગેરકાયદે લાભો માટે કોઈ પણ પરીક્ષાર્થીને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદ કરવાનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓએ બિલની જોગવાઈઓ વિગતે વાંચી હશે તેવું હું માનું છું. અહીંથી ઘણા બધા સન્માનનીય સભ્યશ્રીઓએ બિલ વિશે વાત કરી છે પણ હું ટૂંકમાં કહું તો ૨ વર્ષથી ૧૦ વર્ષની સજા, રૂપિયા એક કરોડની સજાની જોગવાઈ, મિલકત ટાંચમાં લેવાની બાબત મહત્ત્વની છે. આ વિધેયકમાં કોઈ ક્ષતિ શોધવા નીકળીશું તો કદાચ નીકળે. ભાજપની માનનીય ભૂપેન્દ્રભાઈની સરકારે ખુલ્લા મને સૂચન સ્વીકારવાની વાત કરી છે. આ બિલ બાદ તેના નિયમો બનવાના છે, તેની જોગવાઈઓ નક્કી થવાની છે. આ બિલમાં કોઈ ધારાસભ્યો કે કોઈ સામાન્ય વ્યક્તિ કે કોઈ અધિકારીઓને નિયમમાં કોઈ સૂચન કરવું હોય તો કરી શકે છે. પરીક્ષાના નિયમોમાં પણ અલગ-અલગ પ્રકારે સતત ફેરફારો થતા આવે છે. સમયની માંગ સાથે જરૂરી સુધારા અને પગલા ભરવાનો નિર્ણય પણ માનનીય મુખ્યમંત્રીશ્રી લેતા આવ્યા છે. તેના વિશે હું એક ઉદાહરણ આપવા માગું છું. આ પૂર્વેની સરકારમાં જ્યારે હું શિક્ષણમંત્રી હતો ત્યારે ધોરણ ૬ અને ૭ નું એકમ કસોટી પદ્ધતિનું પેપર કે જે આપણા દેશના ગૌરવસમા વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા દર અઠવાડિયે લેવાય છે તે તળાજાના કોઈ ગામમાં એક વિદ્યાર્થીએ કબાટમાંથી ચોર્યું. તે કોઈ વાર્ષિક પરીક્ષાનું પેપર ન હોવા છતાં આખા રાજ્યમાં આ વિશે ચર્ચા થઈ. માનનીય મુખ્યમંત્રીશ્રીનો મને વહેલી સવારે ૭.૦૦ વાગ્યે ફોન આવ્યો કે કોઈ પણ સંજોગોમાં આ પરિસ્થિતિની વ્યવસ્થા કરો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતની સંવેદનાથી નોંધ લીધી. પંચાયત સેવા પસંદગી મંડળનું પેપર ફૂટ્યું ત્યારનો પણ હું સાક્ષી છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્વરિત નિર્ણય કર્યો કે આ બાબતનો ઉકેલ શોધવો જોઈએ.

શ્રી બાળકૃષ્ણ શુક્લ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપરની ચર્ચા પૂરી થાય અને તેના ઉપર મતદાન લેવાઇ જાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત મૂકું છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એને અમારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : આ વિધેયકની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી આજની કાર્યવાહી આપણે ચાલુ રાખીશું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનનીય સભાગૃહ સમક્ષ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની ભારતીય જનતા પાર્ટીની સરકાર એ રાજ્યના વિદ્યાર્થીઓ માટે કેવો નિર્ણય લે છે એની વાત કરવી છે. અમને જે બાબતો ધ્યાનમાં આવે છે એ અમે કરી રહ્યા છીએ. ટૅકનોલોજીના માધ્યમથી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇના માર્ગદર્શન નીચે અત્યારે આ એક્ઝામ લેવાઇ રહી છે. એમાં એવું નક્કી કરવામાં આવ્યું કે કોડ નંબર આપવામાં આવે અને મેઇલ કરવામાં આવે. પરંતુ, એમાં એવી સમસ્યા આવી કે આદિવાસી વિસ્તાર અને કેટલાક અન્ય વિસ્તારોમાં નેટવર્ક નથી આવતું. એમાં કોડનંબર હોય તો ક્યાંથી ક્યાં પેપર ગયું છે એ ધ્યાનમાં આવે અને હવે એ બોર્ડ ઉપર ૨૫ પ્રશ્નો લખવામાં આવે છે. એકમ કસોટી છે એમાંથી પાંચ કે સાતના એમણે જવાબ આપવાના છે. આનો પરોક્ષ ફાયદો એટલો બધો થયો કે કરોડો રૂપિયાનો પેપર છાપકામનો ખર્ચો બચ્યો છે. આ પ્રકારનું માનનીય મુખ્યમંત્રીશ્રી કામ કરી રહ્યા છે ત્યારે મારા ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક નિર્ણયો લીધા છે અને બીજા લેવાના છે. પરીક્ષામાં લાખો વિદ્યાર્થીઓ આવી રહ્યા છે ત્યારે એમાં પણ ફેરફારોની આવશ્યકતા જરૂરી બને છે. વિદ્યાર્થીઓને પૂરતી તક મળવી જોઇએ. એમાં હાલમાં લેવાનારી પદ્ધતિ મુજબ પ્રથમ પરીક્ષા અને દ્વિતીય સ્તરની કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના સંયુક્ત ગુણ મુજબ મેરિટ યાદી તૈયાર કરવામાં આવે છે. હવે દ્વિ-સ્તરીય પરીક્ષા પદ્ધતિ સૂચિત છે. જેમાં પ્રથમ સ્તર પ્રાથમિક એલિમિનેશન પરીક્ષા, દ્વિતીય સ્તર મુખ્ય પરીક્ષા મેરિટ મુખ્ય પરીક્ષાના આધારે નિયત કરવામાં આવે અને દ્વિતીય સ્તરની કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટ એ નાબૂદ થશે. પ્રથમ સ્તર પ્રાથમિક એલિમિનેશન પરીક્ષા બાદ જાહેરાતની કુલ જગ્યાના દસ ગણા ઉમેદવારોને દ્વિતીય સ્તરની મુખ્ય પરીક્ષા માટે આ સમયની માંગ સાથે પરીક્ષા પદ્ધતિઓમાં પણ ફેરફાર રાજ્ય સરકાર લાવવા માટે જઇ રહી છે એ પણ સરાહનીય છે. રાજ્યની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઇ જે બિલ લઇને આવ્યા છે એટલા પૂરતું જ નહીં, પણ વિશેષ અમલવારીની પણ ગૃહમંત્રી તરીકે જવાબદારી છે. એટલે આ તકે માનનીય ગૃહમંત્રીશ્રીને વિશેષ અભિનંદન પણ આપું છું. ભવિષ્યમાં આવા બનાવો ન એ માટે સામૂહિક રીતે કટિબદ્ધ છીએ તેવો સંદેશ આપવાની તક આપણને સૌને સાંપડી છે. લાખો યુવાનો આજે આ બિલની રાહ જોઇ રહ્યા છે. હમણાં પંચાયત પસંદગી મંડળમાં જુનિયર કલાર્કની પરીક્ષામાં જે બન્યું છે એમાં યુવાનો નિરાશ બન્યા તેનું અત્યંત દુઃખ સરકારને અને આપણને છે અને હોય જ એ સ્વાભાવિક છે. ગૃહને મારે જણાવવું જોઇએ કે જ્યારથી આવા બનાવો બને છે ત્યારથી માનનીય મુખ્યમંત્રી વ્યાકુળ અને સતત ચિંતિત હોય છે કે કેમ કરીને આમાં સુધારા કરવા? તેવી જ રીતે ઘટના તો ઘટી ગઇ પણ આપણે શું બોધપાઠ લઇએ? એ બાબત ખૂબ મહત્ત્વની અને અગત્યની છે. જયાં સુધી શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે આ

બિલ લાવીને આપણી સમક્ષ મૂક્યું છે એ એમની કટિબધ્ધતા દર્શાવે છે. સંવેદના સાથે કહેવું છે કે કાયદો જરૂરી છે. ગૃહ બનાવશે, આપણે પસાર કરીશું પણ આટલું પૂરતું રહેશે ખરું? તો મારું મન કહે છે કે ના આટલું પૂરતું નહીં રહે. સૌનું મન કહેતું હશે કે ના આટલું પૂરતું નહીં રહે. કારણ કે, લોકજાગૃતિ, લોકપ્રશિક્ષણ અને શાંતિ સુખાય માટે પણ આમાં જોડાયેલ વ્યકિત, સમૂહ, સંસ્થા, તંત્ર, પરીક્ષાર્થી બધાયે જ આ યજ્ઞમાં પૂણ્ય કાર્ય માટે આહુતિ આપવાનું કામ કરવું જ પડશે. આપના નેતૃત્વમાં આ બિલ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર લાવી છે ત્યારે આ બિલની જોગવાઇઓ, સભ્યશ્રીઓ તરીકે અમે સૌ, તંત્રમાં બેઠેલા સૌ અધિકારી કર્મચારી ગણ, જોડાયેલા તમામ એ અલગ અલગ પત્રકાર જગત હોય તો તે પણ, સમાજના સૌ લોકો સાથે મળીને અંતરઆત્માને ઢંઢોળવાનો પ્રયાસ કરવાનું ભગીરથ કાર્ય આ યજ્ઞ સ્વરૂપ પુણ્ય કાર્યમાં આપણે સૌએ કરવું પડશે. નહીં તો માનવી એ છેવટે માનવી છે. કયાંક જાણે-અજાણ્યે પણ આ યજ્ઞ જો અધૂરો રહી જશે તો આજની અને આવનારી પેઢી આપણને કયારેય માફ નહીં કરે અને ઉપર બેઠેલો ઇશ્વર આ બધું જોઇ રહ્યો છે એના દરબારમાં આપણે કંઇ રીતે છટકી શકીશું? પક્ષાપક્ષી, વાદ-વિવાદ છોડીને ગુજરાત રાજ્યને ધ્યાનમાં રાખીને આ યજ્ઞ પૂર્ણ કરવા માટે શ્રીફળ હોમવાનું બીડુ જયારે આપણે ઝડપ્યું છે ત્યારે ગુજરાતની જનતા, આપણે સૌ આ બીડુ ઝડપીને શાંતિ સુખાયનો, યજ્ઞની પૂર્ણાહુતિનો આનંદ અને મહા આનંદ અનુભવીએ એવી આ ગૃહ સમક્ષ મારી લાગણી વ્યકત કરું છું. આ બિલને સમર્થન કરું છું અને આ બિલ ઐતિહાસિક રેકર્ડ બનવાનું છે, આપણા સૌની વાતો રેકર્ડ ઉપર જવાની છે ત્યારે એને સકારાત્મક અને હકારાત્મક લઇને ઇતિહાસના પન્નામાં આ કાયમી રહેવાનું છે ત્યારે, **ચલો જલાયે દીપ જહાં**, **જહાં અભી ભી અંધેરા હે**, આપણે સૌ સાથે મળીને આ દીપ પ્રજ્જવલિત કરવાનું કામ કરીએ. હું આ બિલને સમર્થન આપીને સૌ સભ્યશ્રીઓને પણ સમર્થન આપવા માટે વિનંતી કરું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના પહેલા દિવસે બજેટ સત્ર પહેલા આ અતિ અગત્યના બિલમાં મારા જેવા ફર્સ્ટ ટાઇમ ચૂંટાયેલા એમ.એલ.એ.ને બોલવાની તક આપવા બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની કટિબધ્ધતા તથા યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા આ મુદ્દા અંગે રાજ્યના અતિ મહત્ત્વના બજેટ પહેલા માનનીય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા આ મહત્ત્વનું બિલ રજૂ કર્યું એ જ આ સરકારની કટિબધ્ધતા બતાવે છે. આ બિલ ઉપર હું સમર્થન કરવા માટે ઊભો થયો છું. આ બિલ ઉપર બોલતાં પહેલા મારી મિશ્ર લાગણીઓ છે. આ બિલ ઉપર હું બોલું છું ત્યારે માનનીય શ્રી નરેન્દ્રભાઇના મુખ્યમંત્રી બન્યા પછી ગુજરાતમાં શિક્ષણમાં જે આમૂલ પરિવર્તન આવ્યું અને આ પરિવર્તનના કારણે લોકોના જીવનમાં શિક્ષણ સામે જોવાનો, સરકારી નોકરીઓ સામે જોવાનો, એના માટે લાયક બનવાનો જે જલવો ઊભો થયો એના માટે મારા મનમાં ખુશીની લાગણી છે. જયારે આ બિલ ઉપર હું બોલું છું ત્યારે એક, દોઢ વર્ષ પહેલા સત્તાનું સુકાન હાથમાં લીધા પછી જયારે જયારે આ બિલ ઉપર હું તૈયારી કરતો હતો, ત્યારે માનનીય ભૂપેન્દ્રભાઇએ જે મક્કમતાથી આ પરીક્ષાની પદ્ધતિમાં જે પરિવર્તન આણ્યું છે. જે ટેકનોલોજીને એમણે અને એમની સરકારે જોડી છે. એ ટેકનોલોજી વિશે જાણ્યા પછી મારી આ બિલમાં બોલતા એક ભરોસાની લાગણી છે. જયારે આ બિલ ઉપર હું બોલું છું ત્યારે આખું બિલ મેં વાંચ્યું છે. બહાર જયારે બોલાતું હોય કે *(xxx) આ બિલમાં શ્રી હર્ષભાઇએ જે તૈયારી કરી છે. આ બિલ ઉપર બોલતા મને હર્ષની લાગણી છે.

<u>અધ્યક્ષશ્રી :</u> એ બન્ને શબ્દો, તમે પહેલી વખત બોલી રહ્યાં છો એટલે..

શ્રી અમિત ઠાકર : હર્ષ સાથે લેવા દેવા નથી. એમના નામ સાથે લેવા દેવા નથી.

<u>અધ્યક્ષશ્રી :</u> ના ના. એમની વાત નથી. શ્રી હર્ષભાઇની વાત નથી. (xxx)

શ્રી અમિત ઠાકર : અચ્છા.

<u>અધ્યક્ષશ્રી :</u> એટલા માટે. કંઇ વાંધો નહીં. તમે ચાલુ રાખો. તમે ડિસ્ટર્બ ન થશો.

શ્રી અમિત ઠાકર : જી. એટલે મને હર્ષની લાગણી છે. આ બિલ ઉપર જયારે હું બોલું છું, ત્યારે મારી મિશ્ર લાગણીમાં મેં મારી જિંદગીભર યુવા રાજનીતિ કરી છે. વિદ્યાર્થી રાજનીતિ કરી છે. ઝાડ ઉપર બાંધી બાંધીને પોલીસના ડંડા અમે ખાધા છે. અમે જયારે શરીરમાં કપડા કરતાં ડંડાના નિશાનો દેખાય ને, ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે લડવાનું છોડ્યું નથી. જયારે વિદ્યાર્થીઓ માટે આ પેપર ફૂટે અને નવ નવ લાખ વિદ્યાર્થીઓ વીલા મોઢે ઘરે પાછા જાય ત્યારે એના માતાપિતાના શું હાલ હશે. શું એમના ચહેરા હશે. એ એમનો ચહેરો આ બિલ ઉપર બોલતા આજે મારી નજર સામે આવે છે. ત્યારે મને દુઃખની લાગણી પણ થાય છે. આજે આ બિલ ઉપર જયારે હું બોલું છું ત્યારે એવા નરાધમ લોકો જે થોડા પૈસા માટે આટલા લાખો યુવાનોના સપના રોળી નાંખે છે, ત્યારે આવા નરાધમો માટે મને રોષની લાગણી છે. માનનીય અધ્યક્ષશ્રી,...

<u>અધ્યક્ષશ્રી :</u> જે બિન સંસદીય શબ્દો હોય એ કાઢી નાંખજો. પહેલી વખત બોલે છે એટલા માટે.

શ્રી અમિત ઠાકર : જી. જી. હવે હું આગળ પણ ધ્યાન રાખીશ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે આપણા બંધારણની કલમો ૧૪ અને ૧૬, જેની અંદર સમાનતાની લાગણી, સમાનતાની જે ભાવના બંધારણની છે. જે અનુચ્છેદ ૧૪માં એનો ઉલ્લેખ છે અને રાજયની નોકરીમાં જે સમાનતાની તકોનો ભાવના જે બંધારણે સંજોઇને બેઠી છે. એ અનુચ્છેદ ૧૬ નું બરાબર પાલન માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે કર્યું છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૪, ૧૯૪૪ શાકે

## ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇએ જે પ્રકારનું વાતાવરણ બનાવ્યું. અહીંયા કે દેશમાં. એના કારણે યુવાનોમાં સરકારી નોકરીને લઇને એક ગરિમાની, સરકારી નોકરીને લઇને એક સિક્યોરિટીની, સરકારી નોકરીને લઇને સમાજમાં એક મોભાની ભાવના ઊભી થઇ છે. જે પ્રકારે સારા પગાર પંચો આવવા માંડયા. એના કારણે સ્વાભાવિક રીતે સમાજમાં સરકારી નોકરી પ્રત્યે એક ખેંચાણ વધ્યુ છે. જે પ્રકારે કોરોનાના કાળમાં એક ફ્લેટની અંદર કોઇ કરોડપતિ માણસ રહેતો હોય અને એક સરકારી અધિકારી રહેતો હોય ત્યારે એ કરોડપતિ માણસના ઘેર ફેક્ટરી બંધ થઇ ગઇ હોય. પરંતુ સરકારી માણસના ઘેર કોરોનામાં બે બે વર્ષ સુધી સતત પગાર એકપણ રૂપિયો કપાયા વગર આવે એ જોઇને યુવાનોની અંદર એક સેફ્ટીના કારણે આ સરકારી નોકરી તરફ લોકોનો ભાવ વધ્યો છે. આ કારણે અનેક સમાજો સરકારી નોકરીની પોતાના સમાજના ગરીબ બાળકો માટે તૈયારી કરાવવા આગળ આવ્યા છે. આપ જોશો કે અનેક સમાજો કે જેને પૈસા પરવડે છે. ગગનચૂંબી ઇમારતો બાંધીને પણ એ પોતાના બાળકોને ભણાવે છે. જે સમાજને નથી પરવડતું,એ સમાજો કંચાક એના નાનકડા ઘરની અંદર પણ એ શિક્ષકોને મોટીવેટ કરીને સરકારી નોકરી એટલે આ સમાજમાં જે લગ્નો કરાવતા હતા. જે સમારંભો કરાવતા હતા. એની જગ્યાએ સમાજ સેવા એટલે સરકારી નોકરી માટે ટ્રેનિંગ આપવી એ આજે આ જે સરકારોએ જે નોકરીની અંદર ભાવ પેદા કર્યો. જે સરકારોએ નોકરીમાં ભાવ પેદા કર્યો, ભરોસો પેદા કર્યો તેના કારણે આજે લોકો પણ સમાજની અંદર પોતાના બાળકોને ભણાવવા એ મોટું કામનું નામ સમાજ સેવા બન્યું છે. આજે માનનીય નરેન્દ્રભાઇ પ્રધાનમંત્રી બન્યા પછી નેશનલ રીક્રૂટમેન્ટ એજન્સીની રજૂઆત કરી, ૧૫૧૭ કરોડ રૂપિયા યુનિયન કેબિનેટની અંદર આના માટે મુકયા, આ જ બતાવે છે કે દેશની સરકાર સરકારી નોકરીઓને કેટલી સ્ટ્રકચર કરવા જઇ રહી છે. ૭૦૦ થી વધારે જિલ્લાઓની અંદર આગામી દિવસોમાં પરીક્ષા કેન્દ્રોની સ્થાપનાની નેમ સરકારે એ કેન્દ્રીય બજેટમાં વ્યકત કરી છે. આ જ બતાવે છે કે સરકારી નોકરીઓને સરકાર સ્ટ્રકચર કરવા જઇ રહી છે. આવા સમયે આ જે પ્રકારનું કામ મેનેજમેન્ટનો જે સિદ્ધાંત છે, મેન, મની, મશીનરી, મટીરીયલ અને મેથડ, આ પાંચ વસ્તુ મેનેજમેન્ટ કોઇ પણ હોય તેમાં જરૂરી છે. આ પાંચેય વસ્તુમાં જો સૌથી મહત્ત્વનું હોય તો એ બાકીની ચાર વસ્તુને ચલાવે તે મેન છે. માણસ છે, તમે આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સના મધ્યાહન કાળમાં આજે વાત કરી રહ્યા છીએ પણ આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સને ચલાવનાર પણ માણસ જ હશે. ખાનગી કંપનીઓની નોકરીઓ જયારે ચાલતી હોય એની એજન્સીઓ હોય કે જે નોકરીઓ આપતી હોય છે. પરંતુ સરકારી નોકરી છે એ નોકરીની અંદર જે પ્રકારે નોકરીમાં લોકો માટે આખી પ્રક્રિયા હોય છે એમાં ઘણા બધા પેરામીટર્સ હોય છે, અનુસૂચિત જાતિ હોય, જન જાતિ હોય, ખેલાડી હોય, મહિલા હોય, અપંગ હોય આ બધી અનામતની વાત હોય, આ બધાને કાઉન્ટ કરીને પ્રક્રિયા લાંબી ચાલે છે. અને એ લાંબી પ્રક્રિયાની અંદર વિદ્યાર્થીઓએ છેક સુધી બહાર નીકળવાનું હોય છે. અને આ બહાર નીકળતા નીકળતા એને પરીક્ષામાં ઘણો લાંબો સમય પણ લાગતો હોય છે. એક વિદ્યાર્થી જીવનકાળની અંદર એક બે પરીક્ષા નથી આપતો, એ દસ કે પંદર પરીક્ષા આપે છે. અને એ આપતા આપતા કયાંક ને કયાંક એની જે ખ્વાઇશ હોય છે, એક શેર હતો કે હજારો ખ્વાઇશે ઐસી કે હર ખ્વાઇશ પે દમ નીકલે, તો બધી ખ્વાઇશમાં જયારે દમ નીકળતો હોય ત્યારે જે લે ભાગુ તત્ત્વો છે એ આવા જે પોતાની જાતે અધીરા બન્યા હોય તેવા બે પાંચ લોકોને શિકાર બનાવી લે છે અને આવા લે ભાગુ તત્ત્વોના કારણે આખી સિસ્ટમની આબરુ તાક ઉપર મુકાતી હોય છે. મારે આપને કહેવું છે કે પેપર ભલે ફૂટયા, એ પેપર ફૂટયા તેની ઉપર સરકારે કડકમાં કડક પગલાં લીધા, હું એમ કહું કે ગુજરાતની સરકારે આ પેપર ફૂટયા તેને કેટલી ગંભીરતાથી લીધું કે એ પેપરને ફોડનારનો આંધ્રપ્રદેશ સુધી પીછો કર્યો, અને આંધ્રપ્રદેશથી પકડીને લાવ્યા અને પકડીને લાવીને એની પાસેથી અહીંયા કોઇ ટયુશન કલાસ વાળાનું નામ નીકળ્યું તો એને પણ પકડીને જેલ ભેગો કર્યો. આ ગુજરાતની પોલીસે જે તાકાતથી કામ કર્યું તે માટે હું ગુજરાતની પોલીસને પણ આ નિમિત્તે અભિનંદન આપવા માગું છું. જે પ્રકારે માનનીય ભૂપેન્દ્રભાઇએ આ પેપર ફૂટયા પછી સહેજ પણ હલકામાં લીધા વગર એને બહુ જ સારી રીતે પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો. જે પ્રકારે એમણે હું તમને ગૌણ સેવા પસંદગી મંડળની, માનનીય જે સભ્યશ્રીએ આગળ વાત કરી હતી, જી.પી.એસ.સી.ને અભિનંદન આપતા હતા, ગૌણ સેવા પસંદગી મંડળની અંદર મને જયારે ખબર પડી, મને થયું કે આ બિલના માધ્યમથી પણ લોકોને, બાળકોને, વાલીઓને ખબર પડવી જોઇએ કે કેટલું આમુલચૂલ પરિવર્તન આ ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર લાવી છે. આ એક વર્ષની અંદર ૮૧૪૮ ઉમેદવારોની પરીક્ષા લીધી. ''ઓજસ'' નામથી, ઓન લાઇન જોબ એપ્લિકેશન સિસ્ટમ, આ ગુજરાતનું એન.આઇ.સી. ગુજરાતે બનાવેલું સોફ્ટવેર છે, આપણું પોતાનું સોફ્ટવેર છે. કોઇ કંપનીને આપેલું નથી. જયારે વાત થતી હતી કે સરકારી લોકો કેમ ન કરે. આ સરકારની વ્યવસ્થામાં બનેલું જોબ પોર્ટલ ''ઓજસ છે'' તેની અંદર એપ્લિકેશન કરવાની રહે છે. આ એપ્લિકેશન થઇ જાય.તો એ એપ્લિકેશન પરીક્ષા લેનાર સત્તામંડળ છે એ જોબની એપ્લિકેશનને જોઇ શકે છે એને આગળ સ્ક્રુટિની કરવા લઇ જઇ શકે છે. વેબસાઇટ એક માત્ર છે. આપણા ઘણાના બાળકો સીબીએસસીમાં ભણતા હશે. સીબીએસસીમાં ગામડાંના બાળકો પણ ભણતા હોય છે એણે પણ ફોર્મ તો ઓન લાઇન જ ભરવુ પડતું હોય છે. હવે ગામડે ગામડે સાયબર કાફે હોય છે એટલે બધી જગ્યાએ માત્ર વેબસાઇટ ઉપર ડાયરેકટ એમની જે કંઇ માહિતી જોઇ શકાશે. ઇન્ટિગ્રેટેડ એપ્લિકેશન સ્ક્રુટિની સિસ્ટમ. આ સિસ્ટમ ત્યાં આગળ ગૌણ સેવા પસંદગી મંડળે મૂકી છે. એ મૂકતાની સાથે સન ૨૦૨૨માં ૧૧ જેટલી પરીક્ષા લીધી છે એમાં ૮૧૪૮ ઉમેદવારોની સ્ક્રુટિની થઇ છે એની અંદર આનો ફાયદો શું થયો એ વિચારો તો કોઇ કચ્છથી કે આપના બનાસકાંઠાથી કોઇ વાપીથી અહીંયા ફોર્મ ભરવા માટે આવે છે એ બસમાં બેસે છે હોટલમાં રૂમ બૂક કરાવે છે અહીંયા આવીને રખડે છે આ સિસ્ટમના કારણે ફાયદો એ થયો કે ગરીબ બાળકોના રઝળપાટ બંધ થઇ ગયા છે. એ લોકો પોતાને ત્યાં ગામમાં બેસીને પોતાનું ફોર્મ ભરે છે માહિતી મૂકી છે એના

આધારે એ એપ્લિકેશન સ્કૃટિની સિસ્ટમની અંદર એની સ્કૃટિની થાય છે. આ સ્કૃટિનીના આધારે જે કંઇ સત્તા મંડળ છે એ જોઇ શકે છે. એના પછી આવે છે એકવાર સ્કૃટિની થઇ ગઇ એમને અઠવાડિયું આપવામાં આવે એ દરમિયાન જોવામાં આવે છે અને જોઇને કહી શકે છે કે મારી કોઇ માહિતી છે  અને આપના માધ્યમથી કહેતા આનંદ અનુભવું છું કે આ એપ્લિકેશનની અંદર જો કોઇ ભૂલ હોય એ સ્કૃટિની કરનારને દેખાય તો ભૂલ એ ડાયરેક એને ખબર નથી કે કોનું ફોર્મ ભરાયેલ છે બધું જ કોર્ડવર્ડમાં ચાલતું હોય એ જઇ સીધું જ એક ઇ-મેલ નાખે છે તો એ વિદ્યાર્થી ડાયરેક જોઇ શકે છે. એમને ખબર નથી કે આ વિદ્યાર્થીને ઇ-મેલ કરી રહ્યા છે. એમાં જો કવેરી હશે તો એ કવેરીનું આખું ડેસ્કબોર્ડ છે એ એમાં જોઇ શકે છે. આજે એની આગળ  આ સિસ્ટમ પતે પછી પેપર લેવાય. પહેલા પેપર બહાર છપાવતા હતા અને જઇને ટ્રકમાં સીધા પરીક્ષા કેન્દ્ર ઉપર આવતા હતા વચ્ચેથી પેપર ફૂટી જતા હતા હવે એ આખી સિસ્ટમ જ બંધ કરી દેવામાં આવી હવે પેપર ટ્રેકિંગ સિસ્ટમ આખી એપ્લિકેશન સરકારે ડેવલપ કરી નાખી. પેપર ટ્રેકિંગ પેપર જયાં છપાય એ પ્રિન્ટિંગ પ્રેસથી કેમેરો ચાલુ થાય છેક જયાં પેપર છપાવતા હતા ત્યાંથી એ સ્ટ્રોંગરૂમમાં જાય ત્યાંથી જિલ્લામાં જાય ત્યાં સ્ટ્રોંગરૂમ હોય ત્યાં પેપર મૂકાય ત્યાંથી  ડિસ્ટ્રક એક્ઝામીનરના હાથમાં એકઝામ સેન્ટર ઉપર પેપર પહોંચે ત્યાં સીલબંધ પેપર કલાસરૂમ સુધી પહોંચે.  કલાસમાં બે બાળકોને ઊભા કરીને બતાવવામાં આવે. આ બે બાળકોની સહી લેવામાં આવે. આગળ તો માત્રને માત્ર કોડિંગ જ હોય એટલે કયું પેપર છે કોઇના હાથમાં પકડાય તો ખબર ન પડે. આ બે બાળકો આખું પેપર હોય એને ફરતું સીલ હોય એ સીલ તોડે ત્યારે એમાંથી પેપર નીકળે એ બે બાળકોની સહી બતાવે છે કે મારા કલાસરૂમ સુધી પહોંચેલું પેપર ફૂટેલું નથી. એટલે છેક પેપર ટ્રેકિંગ સિસ્ટમ છે આ સિસ્ટમના કારણે હવે પેપર ફૂટવું એ લગભગ અસંભવ થઇ ગયું છે. અને આના માટે પણ આપણાને શંકા હોઇ શકે પરંતુ કલાસ-૧ અને કલાસ-૨ લેવલના અધિકારી આના માટે જવાબદાર છે. કલેકટરને પણ કહેવામાં આવ્યું છે કે તમારે પણ ચાર થી પાંચ સેન્ટરો ઉપર જઇને વિઝિટ કરવાની છે. પોલીસના જાપ્તા હેઠળ આ બધા પેપરો છેક વિદ્યાર્થીના હાથમાં પહોંચે છે એટલે કલેકટરના અધ્યક્ષસ્થાને આ કમિટી અને કલેકટર આની સમીક્ષા કરતા હોય છે. હવે પેપર માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની અંદર ફૂટવું એ અશકય થઇ જાય એ લેવલની વ્યવસ્થા આ સરકારે કરી  છે ત્યારે સરકાર લેવલે આપણને ખબર પડે કે આ ખોટું થયું છે તો આ ખોટું થયું છે એ સ્વીકારવું એ પણ હિંમતનું કામ છે અને માનનીય ભૂપેન્દ્ર પટેલે આ જે વડોદરાની ઘટના ઘટી એની અંદર  એમણે સંતાડવાની વાત ન કરી એને હિંમતપૂર્વક સ્વીકારી અને એની અંદરથી સાચાને ન્યાય મળે એની વાત કરી છે. છેલ્લી  સિસ્ટમની આખી વાત કરતો હતો છેલ્લે બહું સમજવું જરૂરી છે. ઓ.એમ.આર. શીટ આવે. મેં બે વર્ષ પહેલાં જ પીએચ.ડી.ની એક્ઝામ આપી. ઓ.એમ.આર. શીટમાં ચાર ઓપ્શન આપવામાં આવે છે. બાજુના ઉમેદવારની ઓ.એમ.આર. શીટમાં ૨૫મો પ્રશ્ન હોય તે મારા ઓ.એમ.આર. શીટમાં પાંચમો પ્રશ્ન હોય. એકનો પહેલો પ્રશ્ન હોય તે બીજાંનો ત્રીજો પ્રશ્ન હોય. બાજુમાં બેસીને કોઇને પૂછવું હોય તો એ તેનો જવાબ આપી શકે નહીં. હવે બધી પરીક્ષા આ રીતે લેવાય છે. પાંચ વાગ્યે પરીક્ષા પૂરી થાય અને  છ વાગ્યે વેબસાઇટ ઉપર પોતાનું પેપર જોઇ લે. આટલી ઝડપથી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ચુસ્ત વ્યવસ્થા કરી છે. એક કલાકની અંદર ૯ લાખ લોકો પેપર આપે તો પણ એ વેબસાઇટ ઉપર ચડી ગયા હોય. બેઠક નંબર હોય તો કોઇને એમ થાય કે આ મંત્રીનો છોકરો પરીક્ષામાં બેઠો છે, અધિકારીનો છોકરો બેઠો છે. આ લાડલો વિદ્યાર્થી હશે. શંકા હોય તો તેનો નંબર હોય તો વેબસાઇટમાં પેપર જોઇ શકે. આવી વ્યવસ્થા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કરી છે. કોઇની શેહશરમ રાખવાની જરૂર નહીં. ૧૫ દિવસ સુધી પેપર અપલોડ રહે. ૧૫ દિવસની અંદર તમે ચેક કરો. આ પ્રશ્નપત્રની સીરીઝ લાઇનસર જોવા મળે. આ પ્રશ્નપત્રની કી પણ અપલોડ કરવામાં આવે છે. આ કીની સામે મેં કોઇ પેપર આપ્યું, મને શંકા છે કે મારી સાથે અન્યાય થવાનો છે. તો તેની કી સાથે મારા જવાબો હું સરખાવી લઉં, મને ખબર પડી જશે કેટલા માર્ક આવવાના છે. મને જો કીમાં પણ શંકા છે તો પણ એક અઠવાડીયું સરકાર આપી રહી છે. એક અઠવાડિયામાં  કીની સામે પણ તમે પ્રશ્નાર્થ ઊભા કરી શકો છો. તો આ પ્રકારની એક ટ્રાન્સપરન્ટ વ્યવસ્થા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર લાવી છે. હવે આમાં કોઇ પણ ભાંગફોડીયા તત્ત્વો ઘૂસે એવી કોઇ સંભાવનાઓ રહી નથી. મંત્રીશ્રી આ બિલ લાવ્યા છે ત્યારે એ સમજવું રહ્યું. મારી પાસે સુપ્રીમ કોર્ટનો ચુકાદો છે. સુપ્રીમ કોર્ટના જજ પણ એમ કહે છે કે ૪૦ વર્ષથી અમે આ પ્રકારની પેપર ફોડોની સમસ્યા સામે જજૂમી રહ્યા છીએ. ઉત્તરાખંડે, ઉત્તરપ્રદેશે, હિમાચલે, રાજસ્થાને, છત્તીસગઢે શા માટે પેપર ફોડવા સામે કાયદો લાવવો પડ્યો? કારણ કે આ સમસ્યા એ અત્ર, તત્ર, સર્વત્ર છે. આ સમસ્યાથી લડવું એ આપણી સામુહિક જવાબદારી હોવી જોઇએ. હું અને તમે. આ પ્રકારે આ સમસ્યા સામે લડાશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ બોલતા હતા ત્યારે મને એમ થતું હતું કે આ અર્જુનભાઇ અહીંયા બોલે છે. નવા ધારાસભ્ય તરીકે હું કંઇ ભૂલ કરતો હોઉં તો માફ કરજો. હર્ષભાઇ અને અમે બધા અમારી ટીમ સાથે બેઠાં હતા. વાત થતી હતી. તેમણે કહ્યું કે આપણે કોઇ ટીકા-ટિપ્પણમાં પડવું નથી. આપણે બહુ સારા વાતાવરણમાં આખો વિષય પૂરો કરવો છે. અમે પણ એવું વિચારીને બેઠાં હતા કે અમે કશું આડું અવળું નહીં બોલીએ પણ જ્યારે એમણે *(xxx)  આ પ્રકારનું જે કંઇ બોલ્યા એ ખોટું બોલતા હતા. એમણે બોલતી વખતે એ જે પાર્ટીથી બિલોંગ કરે છે એ પાર્ટીની સરકાર અહીંથી ૧૫૦ કિલોમીટર જ દૂર છે. આ ૧૫૦ કિલોમીટર દૂરની સરકારમાં એ રાજ્યમાં વારંવાર પેપર ફૂટવાના ઈતિહાસ તાજા છે. આજે ૨૩મી ફેબ્રુઆરીએ આપણે બેઠાં છીએ. ૧૯મી ફેબ્રુઆરીએ ૩૫૩૧ કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની પરીક્ષા લેવાઇ. આમાં ભરતી માટે ૯૨,૦૪૯

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લોકોએ પોતાનું નામાંકન ભર્યું. ત્યાર પછી ૮૧,૫૮૫ લોકોએ પરીક્ષા આપી. અહીં જેમ કહ્યું. કોઇનું નામ ન બોલાય. એક છોકરીના મોબાઇલ ઉપર આખું પેપર ગયું. દીકરી પરીક્ષામાં બેસી ગઇ હતી. બહાર આવીને તેણે જોયું કે હું તો પરીક્ષામાં બેસી ગઇ હતી. ૧૧-૦૦ વાગ્યે બેઠી. ૯-૦૦ વાગ્યે તો મારા મોબાઇલ ઉપર આખું પેપર આવી ગયું. પેપર ખોલીને જોયું તો ૭૮ જેટલા પ્રશ્નો સેઇમ નીકળ્યા. તેણે જઇને એક વિદ્યાર્થી નેતાને વાત કરી. વિદ્યાર્થી નેતાએ જઇને હરિપ્રસાદ શર્મા, રાજસ્થાન લોકસેવા આયોગના અધ્યક્ષને વાત કરી.કે આ લો તમારું આખું પેપર, આ દીકરીના મોબાઇલમાં ૯-૦૦ વાગ્યે આ પેપર આવી ગયું છે. હરીપ્રસાદ શર્મા કહે કે હું આ આરોપને અવગણું છું. મને આ આરોપ સાચા લાગતા નથી. એમણે એસ.ઓ.જી.ની અંદર મોકલ્યા, ત્યાં અશોક ચૌહાણ નામના એ.ડી.જી.એ આ ફરીયાદ લીધી અને આ ફરીયાદને હજી બે દિવસ થયા છે. આખા રાજસ્થાનની અંદર અત્યારે તોફાન છે. યુવાનો રસ્તા ઉપર છે અને અહીંયા આપણને ભાષણ આપવામાં આવે છે, આ વાત કયાં સુધી વ્યાજબી છે, તો મારે અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે '' તમે સત્તામાં હતા અને સત્તાથી હવે ૧૭ સુધી પહોંચ્યા'' એ પછી પણ જો આ જ હાલ હોય તો ...

અધ્યક્ષશ્રી : અરે ભાઇ, એ સત્તામાં હતા અને સત્તર સુધી પહોંચ્યા તો હવે તમારે એ રસ્તો હવે પકડવો છે, આવું કરાતું હશે?

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય ભૂપેન્દ્રભાઇ જેવા અમારા લીડર છે અમને ભરોસો છે કે અમે જનતાનો વિશ્વાસ જીતવામાં સફળ થઇશું અને આ આખું લીસ્ટ છે ૧,૫૭,૦૬૫ લોકોના ઘરની અંદર ઉમ્મીદનો દીવો સળગાવવા બદલ હું આ સરકારને અભિનંદન આપું છું અને જે પ્રકારે હર્ષભાઇએ જે બિલ મૂકયું છે અને બિલની જે જોગવાઇઓ છે, મારો એ ભરોસો છે કે આ રાજયના યુવાનો હવે બેખોફ એ પરીક્ષા આપશે અને કોઇપણ એવો વ્યકિત જે પેપર ફોડવા માંગતો હશે એના સપનાની અંદર પણ ધ્રુજારી આવશે એટલો હું મારો ભરોસો વ્યકત કરી અને આ બિલના સમર્થનમાં હું મારી વાતને પૂર્ણ કરું છું. આપે મારી વાત કરવાની તક આપી, આપનો ખુબ ખુબ આભાર.

**અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, તમે માનનીય સભ્યશ્રીની વાત ચાલતી હતી અને વચ્ચેથી આપ આવીને બેઠા, બીજી વખત આવું ન થાય એ જોજો. અધ્યક્ષશ્રી સાથે સામે કોઇ ચર્ચા કરતા હોય તો વચ્ચેથી આપણે પસાર નહીં થઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ જે બિલ લઇને આવ્યા છે, ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા બાબત વિધેયક ૨૦૨૩ એના સહર્ષ આવકાર સાથે, આનંદની લાગણી સાથે હું એને આવકારું છું. કોંગ્રેસ પાર્ટી આ બિલ એ આવનારા યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરનારા લોકો સામે એ ઢાલ બનીને ઉભું રહેશે એ અપેક્ષાએ માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને અમે સમર્થન કરીએ છીએ. ૨૦ વર્ષના જાહેર જીવનનો મારો આ વિધાનસભાનો અનુભવ, અનેક બિલો એ નવા બિલો આવ્યા છે, સુધારા માટે આવ્યા છે, ઘણા બિલોમાં વિપક્ષમાં સંખ્યા ભલે ઓછી અમારી રહી હોય પણ પ્રજાહિતની વાત હોય, ગુજરાતના હિતની વાત હોય તો એ બિલોને અમે આવકાર્યા છે અને બિલોને ટેકો પણ આપ્યો છે અને આજે પણ અમે આ બિલને ટેકો આપવા જઇ રહ્યા છીએ. સવાલ વિધાનસભાની ચૂંટણીઓ થઇ, ગુજરાતના મતદારોએ મત આપ્યા, મત ઇ.વી.એમ.માં ગયા, ભારતીય જનતા પાર્ટીની ૧૫૬ સીટો આવી અને કોંગ્રેસને ૧૭ સીટો આવી, પણ કોઇ એવું માની લેતું હોય કે ૧૭ જણા જીતીને આવ્યા છે અને ૧૭ જણા એ ૧૫૬ જણા ધારશે એ કરશે અને અમે અહીંયા પાટલીઓ થપથપાવીશું તો અમે પાટલીઓ થપથપાવવા આ વિધાનસભામાં આવ્યા નથી. ૧૭નો આકડો છે એનો ડેન્જર આકડામાં સમાવેશ થાય છે, સમજો તો સારું છે. આ રાજયના જયારે મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે અને વડાપ્રધાનશ્રી બન્યા પછી આ વિધાનસભાગૃહમાં એ અચૂક કહેતા કે કાયદો લાવવો અને કાયદાનો અમલ કરવો એટલે એકટ નહીં પણ એકશનની જરૂર હોય છે.

ઘણા બધા આગેવાનોએ, માનનીય મંત્રીશ્રીએ વાત કરી, અમારા નેતાશ્રીએ વાત કરી, પૂર્વ નેતાશ્રીએ વાત કરી. મુરબ્બી રમણભાઇએ વાત કરી, જીતુભાઇએ વાત કરી, મિત્રોએ ચર્ચા કરી. બધાને ચિંતા છે. બિલ લાવ્યા છો ત્યારે બિલને પોઝિટિવલી લઇને આ બિલને પસાર કરવું. કોંગ્રેસ પાર્ટી કહી રહી છે કે આ બિલને સમર્થન છે. તમારી પાસે બહુમતિ છે. આ બિલ પસાર થવા જઇ રહ્યું છે ત્યારે સરકારની વાહવાહી કરવી એ પણ જરૂરી છે. પણ એટલી પણ વાહવાહી ન કરવી જોઇએ કે કોઇ જગ્યાએ ખોટું થતું હોય, કોઇ જગ્યાએ અન્યાય થતો હોય અને ચૂપચાપ બેસી રહીને અમારે સાંભળવાનું. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે મહાત્મા ગાંધીજીની છબી નીચે બેઠા છીએ ત્યારે એ પણ આપણા માટે ખોટું છે. ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીમાં ઘણા બધા મિત્રોએ વાત કરી છે કે લગભગ ૧૩ થી ૧૪ પેપરો ફૂટ્યા. સભ્યશ્રી નવા છે, બહુ ઉત્સાહભેર ઘણી બધી વાતો કરતાં હતાં. પણ આ બિલ લાવવાનું કારણ કેમ ઉભું થયું. બાજુના પડોશની સરકારમાં બિલ લાવ્યા અને જે પણ થયું, બાજુમાં શું કરે છે, આપણા ઘરમાં આપણા છોકરાઓ પીસાતા હોય, અંદરોઅંદર લડતા હોય, મુંઝાતા હોય ત્યારે પડોશના છોકરા શું કરે છે એની ચિંતા શા માટે કરીએ છીએ? એવું તો છે નહીં કે કાલે સવારે કંઇ થયું હતું અને બિલ લાવ્યા છીએ. ૨૦૧૪થી ચાલી આવતી પ્રણાલી છે. તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જગ્યા છોડી પછી આ પેપર ફૂટવાનો સીલસીલો કેમ ચાલુ થયો? એ પણ એક પ્રશ્ન ગુજરાતની પ્રજા વતી સરકારને પૂછવા માગું છું. પેપર ફૂટ્યા, ચર્ચાઓ થઇ. ચર્ચાઓ કેમ ન કરવી જોઇએ? કારણ કે ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે, પ્રજાના ટ્રસ્ટી તરીકે આપણે જયારે બેઠા છીએ ત્યારે પ્રજાના હિતની વાત કરવાની ના ન કહી શકાય અને ચર્ચા કરવી જોઇએ. છેલ્લું પેપર ફૂટ્યું ત્યારે

સોશિયલ મીડિયાનો જમાનો છે અને સોશિયલ મીડિયાના અનુસંધાનમાં જે કોમેન્ટો ચાલતી હતી એમાં એક શાયરી ચાલતી હતી કે '' તકલીફ યે નહીં હૈ કી કિસ્મતને મુઝે ધોકા દીયા, તકલીફ તો ઇસ બાત કી હૈ કી જીન પે મૈંને ભરોસા કીયા ઉસને ધોકા દીયા '' આ પીડા, આ દર્દ પરીક્ષા આપનારા પરીક્ષાર્થીઓનું દર્દ સોશિયલ મીડિયાના માધ્યમથી રજૂ થયું હતું. પેપર ફૂટ્યું અને પેપર ફૂટ્યા પછી માનનીય મંત્રીશ્રીએ ખૂબ લાંબી ચર્ચા કરી કે છેલ્લે પેપર વડોદરાની એ.ટી.એસ.ની વાત કરી. પેપર લઇને કોઇ બીજા ગયા હતા અને એમના હાથમાં આવી ગયું વગેરે વગેરે લંબાણપૂર્વક ચર્ચા કરી.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે ૧૨ લોકો છે. ૫ કોંગ્રેસમાંથી બોલવાના બાકી છે. એક આપ પાર્ટીમાંથી અને ૬ ભારતીય જનતા પાર્ટીમાંથી અને એ પછી મંત્રીશ્રીનો જવાબ થશે. આમાં બેથી અઢી કલાક થશે. મિનિમમ ૧૦ મિનિટ બોલે તો પણ ૩ કલાકથી વધારે સમય જશે. બધાની ઇચ્છા હોય તો ભોજનની વ્યવસ્થા કરી દઇએ જો વધારે થાય તો. તમે નક્કી કરો એ પ્રમાણે કરીએ. ઓપન ચર્ચા કરીએ. (અંતરાય) સારો નાસ્તો કરવો છે? નાસ્તાની વ્યવસ્થા કરાવીએ. જમવાનું પછી રાખજો. હેવી નાસ્તો રાખજો. ભોજનનું કરવું હોય તો પણ થઇ જશે. આ તો બધી વ્યવસ્થા છે. એજ યુ લાઇક. એક મિનિટ, આપ બેસો. સંસદીય મંત્રીશ્રીને કાંઇક કહેવું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(** વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી **)** : આમ તો અમારા દંડકશ્રીએ આખું બિલ પૂરું થાય ત્યાં સુધીના સમયની અવધિ લંબાવવાની વાત કરી છે પણ મારી એક વિનંતી છે. એમની પણ સંમતિ હોય તો સમય મર્યાદા સાથે જો આ બિલ પૂરું થાય એ વધારે યોગ્ય ગણાશે.

અધ્યક્ષશ્રી : હું કોઇ ધારાસભ્યશ્રીઓને બોલવા માટેની લિમિટેશન ના કરી શકું. તમે સામ સામે બંને દંડકો નક્કી કરીને કરતા હોય તો મને વાંધો નથી. બંને બાજુએ ચર્ચા કરીને તમારે લેવલ કરવું હોય તો કરજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ**,** આપની વાત સાથે હું સંમત છું.

અધ્યક્ષશ્રી : એક વખતે બંને દંડકશ્રીઓ બહાર જઇને ચર્ચા કરીને આપશો તો હું સંમત થઇશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનીનય મંત્રીશ્રી જ્યારે ગુજરાતના ભાવિ સાથે ચેડાં થઇ રહ્યાં હોય અને એના માટેનું બિલ લાવ્યા હોય ત્યારે અડધો કલાક વધારે થાય તો શું ફરક પડે છે**?**

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ એમની વાત ઓછી કરવાની નથી. એમનો વિષય એટલો છે કે તમે બેય પરસ્પર બેસીને ચર્ચા કરો એટલી છે. માનનીય મંત્રીશ્રીનો ઇરાદો ઓછી ચર્ચા કરવાનો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એટલો જ વિષય છે કે જો મુદ્દા પર વાત થાય અને એમનો જે હાર્દ છે એ શ્રી હર્ષભાઇ સુધી પહોંચી ગયો છે.

અધ્યક્ષશ્રી : તમે ઓછું કરવાનું બિલકુલ કીધું નથી એમ હું માનું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** સને ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં જે પેપરો ફૂટવાનો સીલસીલો ચાલ્યો. અલગ અલગ રાજ્યોમાં આ અંગેના કાયદા બન્યાં પછી આ કાયદો ગુજરાત સરકાર લાવવા જઇ રહી છે ત્યારે એમ કહેવાય છે કે આ પેપર ફૂટ્યું**,** પેપર કેમ ફૂટ્યું**?** કેવી રીતે ફૂટ્યું**?** કોણે ફોડ્યું**?** આવા પણ સવાલ છે. પ્રજાની અંદર સરવળાટ છે કે શું વહીવટી નિષ્ફળતાને લીધે ફૂટ્યું**?** પારદર્શક વહિવટના લીધે ફૂટ્યું**?** શુસાશનની વ્યાખ્યા ફૂટી**?** આવા અનેક મુદ્દાઓ આ બિલ ફૂટ્યા પછી ઉત્પન્ન થયા છે. હું અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે મેં જોયું સને ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીમાં ટોટલ જે પેપરો ફૂટ્યા એની અંદર ૧૦ પેપરો એ વર્ગ-૩ માટેના પેપરો હતા. એમાં જુનિયર કલાર્ક**,** લોકરક્ષક**,** વન સંરક્ષક**,** મુખ્ય સેવિકા**,** નાયબ ચીટનીશ એ વ્યાખ્યામાં ગણીએ તો ૧૦ પેપરો વર્ગ-૩ ના ફૂટ્યા અને કુલ ભરતી આ ૧૦ ડિપાર્ટમેન્ટમાં ૧૭**,**૪૨૫ કરતા કદાચ થોડા ઘણાં વધારે હશે. વર્ગ-૩ ની આ ૧૦ ડિપાર્ટમેન્ટની જગ્યાઓ માટેની ૧૭**,**૪૦૦ સમથિંગ વધારે સીટો ઉપર એની ભરતી અને જે ફોર્મ ભરીને આવ્યા એ લોકોને નોકરીની જરૂરિયાત હતી. જે લોકો આ રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની જે વ્યાખ્યા આપવામાં આવી છે એવા લોકોની સંખ્યા ગણીએ તો ભરતીના ફોર્મ ૬૦ લાખ કરતા પણ વધુ લોકોએ**,** યુવાન-યુવતીઓએ**,** શિક્ષિત બેરોજગારોએ આ ફોર્મ ભર્યા હતા. એક બાજુ ૧૭,૦૦૦ ની વ્યાખ્યા જે નોકરીમાં લેવાના છે બીજી બાજુ ૬૦ લાખ કરતા પણ વધુ ફોર્મ એટલે પોલિટિકલી આપણે ઓબ્ઝર્વેશન નથી કરતા. આપણે સમજી શકીએ છીએ.કે આ રાજયની અંદર રોજગાર કચેરી દ્વારા શિક્ષિત અને બીન શિક્ષિત બેકારોની જે નામાવલી આપવામાં આવી છે. ચોપડે નોંધાયા હશે એટલા જ આપવામાં આવ્યા છે. ક્રીટીસાઇઝ નથી કરતો એની સામે ફોર્મ ભરનારની સંખ્યામાં જે વધારો થયો છે એ અલગ રીતે તરી આવે છે. અમારે પાર્લામેન્ટમાં ચર્ચા થઇ હતી અને એમાં કહ્યું હતું કે રોજગારી અને નોકરી.

અધ્યક્ષશ્રી : પાર્લામેન્ટની ચર્ચાનો ઉલ્લેખ અહીંયા નહીં કરીએ. તમે બિલ ઉપર બોલો. પાર્લામેન્ટના વિષયને તમે ટીકા તરીકે લેશો એટલે મારે કાઢી નાખવું પડશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉપર ભરોસો રાખો. હું પોલિટિકલી નથી જવાનો. (અંતરાય) આખી રાજસ્થાનની ચર્ચા કરી હું ચુપચાપ બેઠો. બાકી હું આના ઉપર બહુ સારી ડીબેટ કરી શકું છું. અડધો કલાકથી દોઢ કલાક બોલી શકું છું પણ આપે જે અમને આદેશ કર્યો છે કે આને પોઝિટિવ લો. માનનીય મંત્રીશ્રીએ પણ જે રીતે પોલાઇટલી વાત કરી છે અમે એ વાત ઉપર જ જવા માંગીએ છીએ અને કદાચ આપે કીધું લોકસભાની વાતનું તો એ વાત હું પાછી ખેંચું છું કારણકે મારો ક્રિટિસાઇઝ કરવાનો કોઇ ઇરાદો નથી પણ રોજગારી અને નોકરી એ બંને શબ્દો અલગ અલગ છે. ભજીયા તળવા, ચાની કીટલી ચલાવવી, પકોડા તળવા, પંચર બનાવવું એને રોજગારી કહેવાય પણ જયારે ગુજરાતની કોઇ પરીક્ષા લેવાતી હોય એમાં

લોકો જયારે ફોર્મ ભરે એને નોકરી કહેવાય. હું દેશી ભાષામાં એવું સમજું છું અને લોકોનું એક આશાનું કિરણ કે અમે પરીક્ષા આપીશું અને પરીક્ષામાં પાસ થઇશું અને અમને નોકરી મળશે પણ એ આશાનું કિરણ ઘણા વર્ષોથી કોઇને કોઇ કારણોસર નિરાશાની ચાદર તરફ જઇ રહ્યું છે. બે ત્રણ વસ્તુઓ તરફ હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે પેપર લીક થયું એ પછી રાજય સરકારને ચિંતા થઇ કે આ પેપરો લીક થયા પછી ગુજરાતના યુવાનો સાથે ખોટું થઇ રહ્યું છે અને પેપર લીકની ઘટના બન્યા પછી જસ્ટીસ એમ.બી. શાહ સાહેબના વડપણ હેઠળ ગુજરાત સ્ટેટ લો કમિશન દ્વારા એક રિપોર્ટનું તારણ કરવામાં આવ્યું અને રિપોર્ટના તારણમાં એવું નકકી કરવામાં આવ્યું કે વિશેષ કાયદો બનાવવામાં આવે. કમિશન દ્વારા મારી પાસે જે રિપોર્ટ છે એના આધારે પહેલી જુલાઇ, ૨૦૨૨ ના રોજ સરકારને આ રિપોર્ટની વિસ્તૃત માહિતીનો અહેવાલ આપી દેવામાં આવ્યો હતો. રિપોર્ટ મળ્યા પછી સરકારશ્રીને એવું લાગ્યું કે રીયલમાં જે રિપોર્ટ રજૂ થયો છે એ રિપોર્ટના આધારે સરકારે પગલાં લેવા જોઇએ. ૧૩ જુલાઇ, ૨૦૨૨માં જયારે રિપોર્ટ રજૂ થયો અને સરકાર બિલ લાવી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૩માં એટલે આઠ મહિના પછી. સરકારને જે રિપોર્ટ રજૂ થયો એ પછી સરકારશ્રી આઠ મહિના પછી આ બિલ લાવી. આની પહેલા પણ સત્ર મળ્યું. એક દિવસનું સત્ર હતું જો સરકારે ધાર્યું હોત તો એક દિવસનું સત્ર હતું એમાં બીજો દિવસ જો એડ કર્યો હોત અને આ બિલ આજે લાવ્યા છે અને એ દિવસે જો બિલ લાવવું હોત તો સરકાર એ બિલ લાવી શકી હોત પણ સરકાર કયા કારણોસર બિલ નથી લાવી એના કારણોમાં પડવા નથી માંગતો. મારી વાત એ છે કે જુલાઇ, ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ આ બીજું સત્ર ગુજરાત વિધાનસભાનું મળી રહ્યું છે. પહેલા સત્રની અંદર સરકાર આ બિલ લાવી હોત તો ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળી દ્વારા જુનિયર કલાર્ક વર્ગ- ૩ ની પરીક્ષા જે ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ લેવાઇ અને જેનું પેપર ફૂટ્યું. આ પેપર ફૂટ્યું તેમાં જો આ બિલ પહેલા સત્રમાં લાવ્યા હોત તો સરકારશ્રી, માનનીય મંત્રીશ્રી જે કલમોથી માંડીને દંડ, સજાની જોગવાઇ લઇ આવ્યા છે તે જોગવાઇઓનો અમલ તેમાં થઇ ગયો હોત અને કદાચ આ પેપર ફૂટ્યું ન હોત. મેં પહેલાં પણ આપને કહ્યું કે, ૧૧૮૧ જુનિયર કલાર્ક વર્ગ- ૩ ની જગ્યાઓ અને તેમાં નવથી સાડા નવ લાખ યુવાન યુવતીઓ ફોર્મ ભરે અને પરીક્ષાની તૈયારી કરે. તેનો મતલબ એવો એવો થયો કે આ સાડા નવ લાખ યુવાન યુવતીઓ કોઇ જગ્યાએ નોકરી નહીં કરતા હોય પણ રોજગારી કરતા હશે એવું મારું તારણ છે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, હવે આપ રોજગારીની અને નોકરીની વ્યાખ્યા કયાં સુધી કરશો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહું છું કે, આમાં માનનીય મંત્રીશ્રી અને આગેવાનોએ ખૂબ લંબાણપૂર્વક વાત કરી. પરીક્ષા આપનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થીની હોય છે અને તેમાં તેના પરિવારમાં કોઇક સ્યુસાઇડ સુધી પહોંચતું હોય છે તે બહુ ગંભીર બાબત છે. આ વિધાનસભાગૃહમાં બહુ બિલો રજૂ થયા છે. ભૂમાફીયા બિલ રજૂ થયું છે. દારૂબંધીના બિલ રજૂ થયા છે. પોસ્કોના પણ થયા છે પણ ક્રાઇમમાં કોઇ ઘટાડો થતો નથી. આશા રાખીએ કે, સરકાર સારુ બિલ લઇને આવી છે અને આમાં કશું જ ન થાય. આપણા સૌની લાગણી છે તે તરફ આ બિલ સારી રીતે કામ કરે તેવી અપેક્ષા રાખું છું. જયારે પેપર લીક થયા છે ત્યારે ધરપકડ વાત આવે ત્યારે તેમાં નાના નાના માણસો પકડાય છે. મોટા માણસો પકડાતા નથી તેવો અત્યાર સુધીનો ઈતિહાસ છે. એક સવાલ સો ટકા ઉત્પન્ન થાય છે કે, ગુજરાત સરકારની એવી તો કેવી મજબૂરી છે કે આ પેપરો ગુજરાતમાં છપાવવાની જગ્યાએ બીજા રાજ્યમાં કેમ છપાવે છે? એવું તો શું કારણ છે? માનો કે, છપાવવા માટેની પ્રોસેસ કરે છે તેનો જે નિર્ણય લે છે તે નિર્ણય લેનાર અધિકારી સામે પેપર ફૂટયા પછી કોઇ એકશન લેવામાં આવ્યા છે? નિર્ણય લેનાર અધિકારી મહત્ત્વનો અધિકારી હોય છે. તેણે નક્કી કર્યું કે આ રાજ્યની અંદર આ પેપર છપાવવા માટે મોકલો અને તેની સાથે જે લિંક જોડાયેલી હોય ત્યાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે. પ્રશ્ન ત્યાં ઉત્પન્ન થાય છે કે, ગુજરાતને પોતાનો પ્રેસ હોવા છતાં બીજા રાજ્યોમાં પેપર કેમ છપાવવા આપવામાં આવે છે? સરકાર આમાં કેમ ઈન્ટરફીયર થતી નથી. એક અધિકારી ઉપર ભરોસો રાખીને તે અધિકારીને એવા તો કયા પાવર્સ આપવામાં આવે છે કે, જેના લીધે આવા પેપર્સ ફૂટે છે. આટલા વર્ષોથી આ વિધાનસભાગૃહની અંદર રાજ્યનું બજેટ રજૂ થાય છે તે આપણા સરકારી પ્રેસમાં જ છપાય છે. તે કોઇ દિવસ લીક થયું નથી. હું એનાથી નાની વાત કરીશ. માનનીય અર્જુનભાઇ જે ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા અને તેમણે કહ્યું કે ધોરણ-૧૦ અને ૧૨ ની તથા યુનિવર્સિટીઓની જે પરીક્ષાઓ લેવાય છે, ટેકનિકલ શિક્ષણની પરીક્ષાઓ જે બોર્ડ દ્વારા લેવામાં આવે છે તે પેપર પણ અહીં જ છપાય છે. ઠીક છે એકાદ-બે કેસમાં કોઇ પેપર લીક થયું હશે. સ્કૂલના કેન્દ્રમાં પહોંચીને લીક થયું હોય, બાકી ઓવરઓલ આવા કિસ્સા બન્યા નથી. તો એ દસમાં અને બારમાં ધોરણના જે વિદ્યાર્થીઓ ભણતા હોય, કોલેજના જે વિદ્યાર્થીઓ ભણતા હોય, ટેકનિકલ શિક્ષણમાં જે વિદ્યાર્થીઓ ભણતા હોય એને તમે આની સાથે કેમ સાંકળો છો? કારણ કે જે લોકોએ ગુનો કર્યો જ નથી, જે લોકો ગુનેગારની વ્યાખ્યામાં આવતા નથી, જેમની પર આક્ષેપ લાગ્યો જ નથી, જેની પર ડાઘ લાગ્યો જ નથી તેમ છતાં પણ સરકાર એમનો આ બિલમાં કેમ સમાવેશ કરવા માગે છે? અમે પોઝિટિવ વાત કરીએ છીએ. ધોરણ ૧૦ હોય, ધોરણ ૧૨ હોય, યુનિવર્સિટીની એકઝામ હોય એને તમે આમાંથી બાકાત રાખો. અમે એટલા માટે કહીએ છીએ કે સજાનું આની અંદર જે પ્રોવિઝન કર્યું છે ૩ વરસની સજા, દંડની સજા, ૧૦ વરસની સજા, એક કરોડનો દંડ તો એક કરોડ તો કોની પાસે હોય? માનો કે દસમાં બારમાંની પરીક્ષા આપતો વિદ્યાર્થી ભૂલથી પકડાયો તો બોર્ડના નિયમમાં છે કે એ બે વર્ષ માટે કે ત્રણ વર્ષ માટે પરીક્ષા ના આપી શકે. એને દંડના પાત્રમાં કેમ લો છો તમે? એને દંડના પાત્રમાં લેવાની જરૂર જ નથી. ટેકનિકલ શિક્ષણનો વિદ્યાર્થી કદાચ પકડાય તો એને ત્રણ વર્ષ સુધી પરીક્ષા ન આપી શકે એવી જોગવાઇ તો છે જ. આ અમે એટલા માટે કહીએ છીએ કે આ બંને પાર્ટ આખો અલગ છે. શિક્ષણ બોર્ડ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ટેકનિકલ શિક્ષણ અને

જાહેર પરીક્ષા એ બંને પાર્ટ આખા અલગ છે. દસમાં બારમાં ધોરણમાં ભણતો વિદ્યાર્થી એ પોતાના ભાવિ માટે મહેનત કરતો હોય છે, યુનિવર્સિટીની પરીક્ષા આપતો હોય છે, ટેકનિકલ શિક્ષણ માટેની પરીક્ષા આપતો હોય છે. પેપર ક્યાં ફૂટે છે કે જ્યારે એણે નોકરી લેવાની થાય છે ત્યારે આ પેપર ફૂટે છે. આ બંનેની વ્યાખ્યા બહુ જુદી છે એટલે લાગણી સાથે આપને કહું છું, સરકાર આપની છે આપનું મન નક્કી હશે તો અમને વાંધો નથી. નોકરી માટેની પરીક્ષાના પેપરો ફૂટતા હોય અને એ જોગવાઇઓ ભવિષ્યના ભણતર માટે જે ભણતા હોય આ બંનેને તમે એક રાખશો તો આવનારા દિવસોમાં નુકસાન થવાને પાત્ર છે. અત્યારે કદાચ લાગે કે ના બરાબર છે અને અમે કરીએ છીએ એ સારું છે. પણ જે ચિંતા વ્યક્ત કરીને આપે કહ્યું કે આમાં સારી ચર્ચા થવી જોઇએ એનો અમે પાર્ટ કહી રહ્યા છીએ કે પેલો વિદ્યાર્થી ભણે છે એ ગ્રેજ્યુએટ થશે પછી એ વર્ગ ૩ની એકઝામ આપવા જવાનો છે જેને જાહેર પરીક્ષાના સ્વરૂપમાં આપણે લઇએ છીએ. બંનેનું ધોરણ જૂદું છે માટે સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આને જુદું તારણ કરવામાં આવે. કારણ કે મારો કોઇ સગો કે મારો દીકરો આમાં પકડાય ગયો અને એને ત્રણ વર્ષની સજા થાય તો દસમાં ધોરણમાં ભણતો વિદ્યાર્થી હોય એની ઉંમર ૧૪ વર્ષની કે ૧૫ વર્ષની હોય એને ત્રણ વર્ષની સજા થાય એ યોગ્ય નથી. આ તો કઇ રીતનો કાયદો છે, આ કઇ રીતનું બિલ છે? સરકારે આમાં ગંભીરતાથી વિચારવું જ પડશે. માનનીય મંત્રીશ્રી દસમાં ધોરણમાં ભણતો દીકરો હોય મારો કે તમારો પરીક્ષામાં પકડાય જાય અને એની ઉંમર ૧૪-૧૫ વર્ષની હોય અને એને ત્રણ વર્ષ સજા અને જાહેર પરીક્ષાનું પેપર લીક થયું અને એમાં કોઇ લખતો હોય તો એને પણ ત્રણ વર્ષની સજા એ બંનેની જોગવાઇમાં થોડો ડિફરન્સ હોવો જ જોઇએ. મારે લાંબી વાત કરવી નથી પણ એટલું જરૂર કહીશ કે જે રીતે બોર્ડ દ્વારા લેવાયેલી એકઝામો જેના પેપરો લીક થાય છે અને એ પેપરો લીક થવાના કારણો શું? તો પરીક્ષાની જે કામગીરી છે એ ટોટલી આઉટસોર્સીંગ એજન્સીને આપી દેવામાં આવે છે. અને આઉટ સોર્સીંગ એજન્સીને આપવાના કારણે આ બધા પ્રોબ્લેમ ઉત્પન્ન થતા હોય છે ત્યારે મારે લાંબી વાત કરવી નથી પણ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે એ વ્યાખ્યાને માનનીય મંત્રીશ્રી આપના માધ્યમથી ગંભીરતાપૂર્વક વિચારી અને જુદી કરે કારણ કે બન્નેને જો તમે જોઇન્ટ કરશો તો સો ટકા આવનારા દિવસોમાં ઘણાં લોકોને તેની બહુ તકલીફો થશે. હું વધારે વાત કરતો નથી પણ જે રીતનું બિલ સરકારશ્રી લઇને આવી છે તેને અમે સો ટકા સમર્થન કરીએ છીએ પણ જે ભયસ્થાન છે કે આવનારી પેઢીને નોકરી કરતા અને ભણતરની વ્યાખ્યાને જો અલગ કરવામાં આવે તો ચોક્કસ આ બિલથી લોકોને ફાયદો થશે ફરી એક ટેકા સાથે હું મારી વાત પર પૂર્ણ વિરામ મૂકુ છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે રાજય સરકાર અને ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને પ્રભારી મંત્રીશ્રી આપણાં બધાના ચિરંજીવી એવા ભાઇશ્રી હર્ષભાઇ જાહેર પરીક્ષાની ગેરરીતિ અટકાવવા બાબતનું વિધેયક-૨૦૨૩નું લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયા છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધા સભ્યોએ ખૂબ સારી વાતો કરી છે મંત્રીશ્રીએ પણ જયારે આ બિલ મૂકતાની સાથે જ પેપર ફૂટવાની ઘટનાઓ, પેપર ફૂટવાથી વિદ્યાર્થીઓ ઉપર પડતી મુશ્કેલીઓ અને તેના પરિવારો ઉપર પડતી મુશ્કેલીઓ વિશે ખૂબ સારી રીતે તેમણે વર્ણન કર્યું છે. સરકારનો પણ હાર્દ હોય છે કે ભરતીનું મૂળ કારણ આપણે પરીક્ષા એક સ્પર્ધાત્મક રીતે તેના મૂલ્યાંકન સાથે તેની યોગ્યતા બહાર આવે અને બહારના કોઇ પણ સ્ત્રોતની મદદ વગર તે પરીક્ષાર્થીને સારી રીતે નોકરી મળે તે સરકાર પણ ઇચ્છતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં જયારે પેપર ફૂટવાની ઘટના બને છે ત્યારે આ પક્ષ હોય કે સામેનો પક્ષ હોય કે ગુજરાતની જનતા હોય તે સ્વભાવિક બધાને તેનુ દુઃખ થતુ હોય છે. સરકારે અત્યાર સુધીમાં ખૂબ પ્રયત્નો પણ કર્યા છે અને આવી ઘણી બધી પરીક્ષાઓ પણ લીધી છે અને એ પરીક્ષાઓ ખૂબ પારદર્શક રીતે લેવાયેલી પણ છે અને ખૂબ મોટી સંખ્યામાં, ખૂબ સારી રીતે લોકો નોકરી કરી અને તેના પરિવારને પણ મદદ કરી રહ્યાં છે અને આ રાજયને પણ મદદ કરી રહ્યાં છે. જયારે આ છેલ્લે પેપર ફૂટવાની ઘટના બની ત્યારે પણ આ સરકારે ખૂબ દુઃખ સાથે આ તમામ ૯ લાખથી પણ વધારે પીડાતા આપણાં પરીક્ષાર્થીઓને ખાતરી આપી છે કે અમે તરતજ પાછી પરીક્ષા લઇશું અને પારદર્શિકા સાથે લઇશું. આજે મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને હર્ષભાઇને અભિનંદન આપવા છે કે, આ પરીક્ષા પહેલાં જયારે આ કાયદો લાવવા માટે આ બિલ લઇને આવ્યા છે ત્યારે હું ચોક્કસ જે આ લેભાગુ તત્ત્વો છે, શોર્ટ કટ અપનાવીને જે રૂપિયા કમાવવાની જે ભાવનાઓ છે તેવા લેભાગુઓને કડકમાં કડક સજા થાય, એને ભયનું વાતાવરણ રહે, તેને ડર રહે અને આવો ગુનો કરતા પહેલાં પણ તે અચકાય એ પ્રકારની અનેક જોગવાઇઓ કરીને આ કાયદો લાવી રહ્યાં છે તેને હું ચોક્કસ રીતે આવકારું છું અને તેને હું સમર્થન પણ આપવાનો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ બિલ આવી રહ્યું છે ત્યારે મારે હર્ષભાઇને અભિનંદન આપવા છે કે ગઇકાલે જેટલા પણ અમે સભ્યો બોલવાના હતા સાંજે તેમના કાર્યાલયમાં અમને બોલાવ્યા અને તેમણે ખૂબ દિલગીરી વ્યકત કરીને કહ્યું છે કે કોઇ પણ પોલિટિકલી નહીં પણ એક આપણાં ગુજરાતના યુવાનો છે તેને ધ્યાનમાં રાખીને કયારેય પણ એવી ઘટના નહીં બને એ માટે વિપક્ષના પણ સારા સજેશનો અને આપણાં પણ કોઇ એવા સજેશનો હોય તેને ધ્યાનમાં રાખીને આપણે આ બિલ પસાર કરવુ છે. અને ગુજરાતના યુવાન કે યુવતીને ક્યારેય અન્યાય નહિ થાય એની ચિંતા એમણે ગઇકાલે પણ વ્યક્ત કરી હતી. આ કાયદો બની જશે, અનેક જોગવાઇઓ થશે ત્યારે આવા ગુનગારો ચોક્કસ ડરશે. કારણ કે, મેં ભૂતકાળમાં પણ જોયું છે કે અનેક આવા પ્રશ્નપત્રો ફૂટી જવાના, ચોરાઇ જવાના બનાવો બન્યા છે. અમુક ફોજદારી કાયદાઓ, કલમો હતી. દા.ત. ૩૭૯, ૩૮૧, ૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૨૦, ૪૫૪, ૪૫૭, ૧૨૦-બી જે જામીનપાત્ર પણ હતી અને એમાં ખૂબ હળવી સજાની

જોગવાઈઓ હતી. આ બિલ પાછળ દરેક કલમો ટાંકીને જે જોગવાઈઓ કરી છે એના પરથી હું ચોક્કસ આશા રાખું છું કે આવનારા દિવસોમાં આવા ગુનેગારો આ કાયદાને કારણે, આ બિલને કારણે ડરશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ નહિ બને. આ ગૃહના ૧૮૨ સભ્યો નિર્ણય લેવામાં ભાગીદાર બની રહ્યા છે ત્યારે આપણે સારી અપેક્ષા સાથે બિલ પસાર કરવાનું છે. અહીંયા બેરોજગારીની પણ વાતો થઇ છે. જ્યારે આ બિલ પર મારે બોલવાનું હતું ત્યારે મેં અનેક આંકડાઓનો અભ્યાસ પણ કર્યો છે. વર્ષ ૨૦૧૧ની ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનો દર ૭૮.૩ ટકા છે. પરીક્ષા આપવાની વય-મર્યાદા ૩૫ વર્ષની છે. સાક્ષરતાનું પ્રમાણ પણ વધ્યું છે અને વય-મર્યાદા પણ ૩૫ વર્ષની થઇ છે ત્યારે સ્વાભાવિક છે કે લાયકાત ધરાવતા યુવાનોની સંખ્યા પણ વધી શકે છે. ભારત દેશની ૬૫ ટકા વસતી ૩૫ વર્ષથી નીચેની વયની છે. આ રીતે ભારતનું ડેમોગ્રાફીક ડિવિડન્ડ વિશ્વમાં સૌથી ઊંચું છે. અમે તો આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. આદિવાસી વિસ્તારમાં વિદ્યાર્થી અનામતની આશાએ ભણે છે ત્યારે એના મનમાં બીજી નોકરી કરતા હંમેશા સરકારીક નોકરીની અપેક્ષા હોય છે. વિદ્યાર્થી જ્યારે આશ્રમશાળામાં રહીને ૧ લા ધોરણથી ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કરે છે. સ્નાતક બનવા માટે પણ સારા છાત્રાલયનો ઉપયોગ કરે છે અને સ્નાતક સુધીનો અભ્યાસ કરે છે. પરિવાર અભણ હોય, વાલીઓ અભણ હોય ત્યારે દરેક વાલીને એવી અપેક્ષા હોય છે કે અમે ગમે તેટલી તકલીફ વેઠીએ પણ અમારો દીકરો કે દીકરી ભવિષ્યમાં સારી નોકરી કરે અને પરિવારને ઉપયોગી બને. આવા વિદ્યાર્થીઓ જ્યારે ખૂબ મહેનત કરે છે, ક્લાસીસ કરવા માટે એ શહેર તરફ પણ જાય છે. શહેરમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ પડે છે, હાડમારીઓનો સામનો કરવો પડે છે. અમે એવા લોકો પણ જોયા છે કે કેટલાંક વાલીઓ થોડી ઘણી જમીન ગીરવી મૂકીને અને કેટલાક વાલીઓ તો થોડી ઘણી જમીન વેચીને પણ બાળકોને ભણાવે છે. આવા વિદ્યાર્થીઓની ચિંતા આ સરકારે કરી છે. હું ઉદાહરણ આપીને કહું છું કે એ વખતે આદિજાતિ મંત્રી ગણપતભાઇ હતા. ખોટા પ્રમાણપત્રો મેળવવા અને એના લીધે શિક્ષણમાં એનો હક્ક ન હોવા છતાં હક્ક મેળવી અને નોકરી મેળવતા હતા. એના લીધે વર્ષ ૨૦૧૮માં અમે કાયદો લાવ્યા. અનેક કાયદાઓ લાવ્યા છીએ. પેપર ફૂટવાની ઘટનાઓ બને છે ત્યારે ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે મક્કમતાથી નિર્ણય લીધો છે કે ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય ન થાય એટલા માટે આ કાયદો છે. હું વિશ્વાસ સાથે કહું છું કે આવનાર દિવસોમાં આ કાયદો ગુજરાતના યુવાનો કે યુવતીઓને ખૂબ ઉપયોગી બનશે. જ્યારે કોઇ વિદ્યાર્થી શાળામાં ભણતો હોય ત્યારે ૧૫મી ઓગસ્ટ કે ૨૬ મી જાન્યુઆરીના દિવસે મામલતદાર, ડેપ્યુટી કલેક્ટર કે ડી.વાય.એસ.પી. ધ્વજવંદન કરવા આવે ત્યારે વિદ્યાર્થી મનમાં નક્કી કરી લે છે કે હું પણ આવનાર દિવસોમાં ક્યાંકને ક્યાંક સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને આ જ રીતે ધ્વજવંદન કરવા આવીશ. હું આ જ રીતે લાયકાત મેળવીને આ જ રીતે નોકરી કરીશ તેવા સપનાઓ લઇને તે વિદ્યાર્થી મહેનત કરતો હોય છે. જ્યારે વિદ્યાર્થી ૧૭-૧૮ કલાક સુધી મહેનત કરતો હોય અને પરીક્ષાના સમયે પેપર ફૂટી જતું હોય તો સ્વાભાવિક છે કે તેની હાલાકી અને નિરાશા જોઇને બધા લોકોને દુઃખ થતું હોય છે. આ સરકારે હંમેશા ગુજરાતની જનતાની અને યુવાનોની ચિંતા કરીને અનેકવાર નિર્ણયો લીધા છે. કેટલાંક કાયદાઓમાં પણ સુધારા કરીને કડક કાયદાઓ બનાવ્યા છે. તેના કારણે ગુજરાત ધીમે ધીમે આગળ વધી રહ્યું છે તેનો મને ચોક્કસ વિશ્વાસ છે. અમારા માનનીય જીતુભાઇએ અને શ્રી અર્જુનભાઇએ પણ શ્રી દિનેશ દાસાનો દાખલો આપ્યો. ગુજરાતનો યુવાન પણ ગૌરવ લે છે. શ્રી દિનેશ દાસાએ પરીક્ષા પ્રક્રિયા ઝડપી બનાવી આ રાજ્યને પારદર્શિતા તરફ આગળ વધારવાની સાથે અનેક યુવાનોને તક મળે તે પ્રકારની ખૂબ કાળજી લીધી છે. શ્રી ચૈતરભાઈ વસાવા આ કાયદાની જોગવાઈ અનુસંધાને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચિંતા કરતા હતા. આ કાયદાની કલમ-૧૦ના ભાગ-૨ની જોગવાઈ હેઠળ લગભગ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પણ આવી જાય છે. એક-એક કલમમાં આવા ગુનાહિત કૃત્ય કરનારાઓ પાછળ કડકમાં કડક સજા થવાની છે અને આ ગુના સાથે સંકળાયેલને કોઈ પણ રીતે છોડી નહિ શકાય તે માટે જ આ કાયદો છે. આથી હું ચોક્કસ વિશ્વાસ સાથે ફરીવાર આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઈને અભિનંદન આપું છું અને સૌ સભ્યશ્રીઓને વિશ્વાસ સાથે સમર્થન આપવા માટે વિનંતી કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ પંદરમી વિભાનસભાના પ્રથમ બજેટ સત્રમાં મને બોલવાની તક આપી તે બદલ આપનો અને આ ગૃહનો ખૂબ ખૂબ આભાર માનુ છું. સાથોસાથ આ તકે મારી બોટાદ-૧૦૭ વિધાનસભાની જનતાનો પણ આપના માધ્યમથી આભાર માનુ છું. આજે યુવા ગૃહમંત્રીશ્રી દ્વારા અતિ મહત્ત્વનું અને ગુજરાતના લાખો યુવાનોની આશાનું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક રજૂ કરવામાં આવી રહ્યું છે તેને આમ આદમી પાર્ટીના એક ધારાસભ્ય તરીકે હું જાહેર સમર્થન કરું છું અને આપના માધ્યમથી મારા થોડાં સૂચન સૂચવવા માગું છું. કલમ-૧૮ માં જણાવ્યા મુજબ પરીક્ષામાં ગેરરીતિ થાય અને તેમાં તપાસ કરનાર અધિકારી વિશે હું થોડું સૂચન કરવા માગું છું. આ કલમમાં તપાસ કરનાર અધિકારી તરીકે નાયબ અધિક્ષક કક્ષાના પોલીસ અધિકારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી પરીક્ષાઓમાં પેપર ફોડનાર વ્યક્તિઓ ખૂબ જ પહોંચેલા અને રાજકીય વગ ધરાવનાર હોય છે. હું આપના માધ્યમથી સૂચન કરવા માગું છું કે આ તપાસ આઈ.પી.એસ. કક્ષાના સિનિયર અધિકારી પાસે કરાવવામાં આવે. આ સિવાય તપાસ કર્યા પછી કઈ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવશે તેની પણ કોઈ સ્પષ્ટતા આ બિલમાં જોવા મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય ગૃહમંત્રીશ્રીને મારું સૂચન છે કે આ કાયદો બન્યા પછી એક સુપર ફાસ્ટ કોર્ટની અલગથી રચના કરવામાં આવે અને ઓછામાં ઓછા એક વર્ષની અંદર આનો ચૂકાદો આવી જાય. સાથોસાથ આની અંદર તજજ્ઞ પણ રોકવામાં આવે એવું મારું સૂચન છે. મારા ઘણા સાથી મિત્રોએ એવું સૂચન કર્યું છે કે આપણે શા માટે અન્ય રાજ્યોના પ્રેસમાં પેપર મોકલીએ છીએ? તો આમાં હું એમનો સૂર પુરાવું છું કે આપણી પાસે ગુજરાત સરકારનો સરકારી

પ્રેસ છે તો હવે પછીના તમામ પરીક્ષાના પેપરો આપણા પ્રેસમાં જ છપાય અને એનું નિરીક્ષણ સિનિયર આઇ.એ.એસ. કક્ષાના અધિકારીને સોંપવામાં આવે. મારા સાથી મિત્રોએ વાત કરી કે હજારો વાલીઓની આશા એના વિદ્યાર્થીઓ સાથે જોડાયેલી હોય છે. મેં અનુભવ્યું છે કે બધા વિદ્યાર્થીઓ પાસે પૂરતા પૈસા હોતા નથી. હું ઓ.બી.સી.સમાજમાંથી આવું છું. મેં પણ પરીક્ષા આપી છે. હું પણ બી.એ.,બી.એડ ગોલ્ડ મેડાલિસ્ટ છું. આપણે વિદ્યાર્થીઓ માટે એવું કરવું જોઇએ કે પરીક્ષાની જે ફી છે એ કોઇપણ કેટેગરી માટે ફ્રી હોવી જોઇએ. એના માટે ધારાસભ્યોના પગારમાંથી નાણાં કપાય તો એના માટે અમે તૈયાર છીએ પણ પરીક્ષા આપનાર વિદ્યાર્થી પાસે ફી ઉઘરાવવી ન જોઇએ. આ ઉપરાંત, દરેક વિદ્યાર્થીઓની પરીક્ષા પોત-પોતાના જિલ્લામાં લેવાય. એટલા માટે કે આજે નવસારી કે બોટાદ જિલ્લાની બહેનો અને ભાઇઓ માટે અન્ય જિલ્લામાં જવા માટે પૂરતા ભાડાની અને રોકાણની સગવડતા ન હોય. એટલે વિદ્યાર્થીને પોતાના જિલ્લામાં જ સિલેક્શન આપવામાં આવે એવું મારું સૂચન છે. હું યુવા મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ કાયદો બહુ સરસ છે. અગાઉના ધારાસભ્યશ્રીએ કહ્યું કે દરેક વાલી પોતાના બાળકને પરીક્ષાની તૈયારી માટે અન્ય સીટીમાં મોકલતા હોય છે અને એની ટ્યુશન ફી રૂ. ૫૦ હજારથી એક લાખ સુધીની હોય છે. પણ પેપર ફૂટે ત્યારે એને ખૂબ મોટું નુકસાન થતું હોય છે. એ બહારથી નાણાં લાવે છે. માનનીય અધ્યક્ષશ્રી આપના મારફત કહેવા માંગું છું કે આનો વીમો લેવામાં આવે. જો પેપર ફૂટે તો વીમા કંપની દ્વારા દરેક પરીક્ષાર્થીને બે લાખ સુધીનું વીમા કવચ ૩૦ દિવસની અંદર પૂરું પાડવામાં આવે એવી વીમા પોલિસી દાખલ કરવામાં આવે. સાથોસાથ વર્ષ ૨૦૧૪થી જેટલા પેપર ફૂટ્યા એની તપાસ આ કાયદા હેઠળ થવી જોઇએ એવું મારું સૂચન છે. એટલે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય તરીકે હું આ બિલનું સમર્થન કરું છું અને સાથો સાથ ભવિષ્યમાં પેપર ન ફૂટે એના માટે પણ સરકારશ્રીનું ધ્યાન દોરું છું. ગમે તેવો કાયદો હોય, ગમે તેવું બંધારણ હોય, બાબા સાહેબ આંબેડકરે પણ આપણને એક વાત કીધેલી છેકે, કોઇપણ દેશનું સારામાં સારુ બંધારણ હોય પણ એને અમલ કરનાર અધિકારી કે અમલ કરનાર સરકારની નિયતમાં જો ખોટ હોય તો કોઇપણ દેશનું સારામાં સારું બંધારણ કામ કરતું નથી. એવી રીતે કોઇપણ વિધેયક હોય, કોઇપણ કાયદો હોય કે કોઇપણ બિલ હોય જો એનો અમલ કરનાર સારો નહીં હોય તો એ કાયદો કાયદો રહેતો નથી. જેમ કે પોસ્કોની અત્યારે આપણે વાત ન કરીએ પણ સાથે સાથે એક સારુ એવું ઉદાહરણ આપી દઉ કે, આપણી આ જ સરકાર પોસ્કોનો ખૂબ સરસ કાયદો લાવી હતી પણ તમે ખાલી આંકડા કઢાવો કે પોસ્કો અંતર્ગત કેટલી દીકરીઓને ન્યાય મળ્યો છે? કોર્ટમાં કેસોનો ભરાવો થાય છે, નિર્દોષ છૂટી જાય છે. એટલે માત્ર બિલ કે કાયદો લાવવાનું જરૂરી હોતું નથી પણ એનો અમલ પણ થવો જોઇએ. સરકારશ્રીને આ બિલ લાવવા બદલ અભિનંદન આપું છું પણ તેની અમલવારી યોગ્ય રીતે થાય તે બદલ સૂચન પણ કરું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના સંદર્ભમાં બે -ચાર મુદ્દા આ ગૃહમાં રજૂ કરવા માગું છું. ડોમેસ્ટિક વાયોલન્સની કોઇ ઘટનાઓ આપણા દેશમાં બની ના હોય તો બહુ સ્વાભાવિક છે કે ડોમેસ્ટિક વાયોલન્સ ઉપરનો કોઇ કાયદો બનાવવો પડે નહીં. ગુજરાતમાં અને દેશમાં જો અનટચેબિલિટી ના હોય તો અનટચેબિલિટી નાબૂદીના કાયદાની પણ સ્વાભાવિક રીતે જરૂરત રહે નહીં. એવું કયું પરિબળ કામ કરે છે કે આવો કાયદો બનાવવો પડ્યો? એકાદી કોઇ રડીખડી ઘટના બની હોય તો આઇ.પી.સી. એને ડીલ કરી દે. તપાસમાં કદાચ ત્રણ મહિના થાય, છ મહિના થાય, નવ મહિના થાય, પી.આઇ. નહીં તો, ડી.વાય.એસ.પી. અને ડી.વાય.એસ. પી. નહીં તો કોઇ આઇ.જી. કક્ષાનો માણસ એની તપાસ કરે. પેપર લીકની અનેક ઘટનાઓ ગુજરાતમાં બની. જેને મોડલ સ્ટેટનો આપણે દાવો કરીએ છીએ એવા કહેવાતા આપણા મોડલ સ્ટેટની અંદર અને એના કારણે આ કહેવાતા અમૃતકાળમાં હજારો, લાખો યુવાનોનું ભવિષ્ય વિષમય બન્યું એના કારણે આપણે આ કાયદો લાવવો પડ્યો છે. It is not a matter of pride. એમાં આપણે બહુ serious self-introspection કરવાની જરૂર છે. આ કાયદાને લાવતા પૂર્વે ગુજરાત સ્ટેટ લો કમિશને સ્ટડી કર્યો. આપશ્રીનું સૂચન હતું કે પોલિટિકલ અવલોકન અવોઇડ કરો. એટલે હું ગુજરાત કાયદા પંચનું અવલોકન આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું. હમણાં મારી પૂર્વેના બંને પક્ષના ઘણા મારા સાથી ધારાસભ્ય મિત્રોએ રોજગારી અને બેરોજગારીના સંદર્ભમાં કેટલાક આંકડા આપ્યા છે. મારી શુદ્ધ જાણકારી મુજબ રાજ્યની સરકારે છેલ્લા પાંચ, દસ, પંદર, વીસ વર્ષમાં આ વિધાનસભાના મંચ ઉપર કે કોઇપણ સરકારી રેકર્ડમાં ગુજરાતમાં બેરોજગાર યુવાનો કેટલા છે? અર્ધ બેરોજગાર યુવાનો કેટલા છે? અને દર વર્ષે કેટલા લોકોને નોકરી આપી? *(xxx) અને હોય તો શ્રમ અને રોજગાર વિભાગનું બજેટ આવે ત્યારે મારું માર્ગદર્શન કરશો. આ પરિસ્થિતિમાં સવાલ એ થાય છે કે આ દાવો કયાંથી આવે છે કે ગુજરાતની અંદર હાઇચેસ્ટ એમ્પ્લોયમેન્ટ ઊભી થઇ? સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી નામની એક પ્રાઇવેટ સંસ્થા બહુ રેગ્યુલર બેસીસ અને ડેટા ઉપર કામ કરે છે એનો કોઇ આવો દાવો નથી. (xxx) આ બેરોજગારીના સંદર્ભમાં ગુજરાત કાયદા પંચનું તારણ આપની સમક્ષ રજૂ કરું છું. અન્ય રાજ્યોની સાથો સાથ ગુજરાતમાં પણ બેરોજગારી છે અને બેરોજગારીનો સવાલ એની ચરમસીમા ઉપર જઇ રહ્યો છે. તારણ નંબર -૨, અપૂરતા સ્ટાફના અભાવે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોનું ડે ટુ ડે રોજિંદુ કામ મોટાપાયે ખોરંભે ચડી રહ્યું છે. આ કમિશનનું તારણ નંબર-૩, પરીક્ષામાં બેસતા લાખો યુવાનો આવા સ્કેમના કારણે નોકરીથી વંચિત રહી જાય છે. બિલ ઉપર જ આવું છું. બિલનું બેકગ્રાઉન્ડ આપુ છું. હું એક્સ્પ્લેનેશન આપું. હું એકસ્પ્લેનેશન આપું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શ્રી જિજ્ઞેશભાઇ, પોઇન્ટ ઓફ ઓર્ડર છે એટલે ત્યાં સુધી તમે બેસી જાઓ. શ્રી પૂર્ણેશભાઇ, આપ વાત કરો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

બિલના પરિપ્રેક્ષ્યમાં પ્રવચન કરવા બાબત

શ્રી પુર્ણેશ મોદી: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, આ બિલ છે તે પરીક્ષાનું જે પેપર ફૂટે છે તેમાં અસામાજિક ગુનેગારોની સામે કડકમાં કડક કાયદો લાવવાનું છે નહીં કે બેરોજગારની બાબત છે.અહીં માત્ર બેરોજગારોની વાત થાય છે એટલા માટે એ આપણે રેકર્ડ પરથી દૂર કરવી જોઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપનું એટલું જ ધ્યાન દોરવા માગું છું કે માનનીય પ્રભારી મંત્રીશ્રીએ બેરોજગારીના આંકડા અને ગુજરાત મૉડેલ સ્ટેટ છે એ વાત કરી જ છે. પ્રિએમ્બલની અંદર કરી છે અને સ્ટેટમેન્ટ ઓફ ઓબ્જેક્ટ્સમાં પણ બોલ્યા છે. એ લાંબુ બોલ્યા છે. અડધા કરતા વધારે સમય એમણે રોજગારી ઉપર આપ્યો છે. એટલે આ બધું સારું સારું જ બોલાય. રાજસ્થાનનું ખરાબ હોય તો બોલાય. પણ અહીંયાનું કંયાક આપણા વહીવટી તંત્રએ ભૂલ કરી હોય તો એમાં એટલા બધા સેન્સીટીવ થવાની જરૂર નથી. ટીકા પણ સાંભળવાની તૈયારી રાખવી પડે અને કાઉન્ટર આર્ગ્યુમેન્ટ, એક આર્ગ્યુમેન્ટ થઇ હોય તો એની સામેની કાઉન્ટર આર્ગ્યુમેન્ટની પણ તૈયારી રાખવી પડે. એમાં દરેક વખતે રોકવાનો પ્રયાસ થાય એ વાજબી નથી. ત્યાંથી કેટલું બધું બોલાયું. બીજા રાજયોનું બોલાય અને નામ જોગ બોલાયું. જયારે હું બોલતો હતો ત્યારે એમ કહેવામાં આવ્યું કે નામ ના બોલો. પણ ત્યાંના બીજા રાજયોના નામ બોલી શકાય. મને એનોયે વાંધો નથી. જે ખોટું કરે એના નામ બોલવા જ જોઇએ. પણ અહીંયા આવી રીતે માત્ર, આ મારી પાસે લો કમિશનનો રિપોર્ટ છે અને લો કમિશનનો ઉલ્લેખ આની અંદર કરેલો છે. એ માનનીય જીજ્ઞેશભાઇ બોલે છે અને એના તારણો બોલે છે. તો એમાં ખોટું શું છે?

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય રમણભાઇ.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય ધારાસભ્યશ્રી પાસે એ વિગતો નથી કે શ્રમ અને રોજગારમાં કેટલું અન એમ્પ્લોયમેન્ટ છે, કેટલા શિક્ષિત બેરોજગારો છે, કેટલા અર્ધ શિક્ષિત બેરોજગારો છે. એમની જાણ માટે. રાજય સરકાર આ બધા જ આંકડા બહાર પાડે છે. ૨૦૦૩થી દિલ્હીની સરકાર ૨૦૦૪થી ૨૦૧૪ સુધી યુ.પી.એ. ની ગવર્નમેન્ટે ગુજરાત સરકાર. એના શ્રમ અને રોજગારના આંકડા પ્રમાણે દરેક રાજયમાં કેટલી રોજગારી મળી એના આંકડા સાથેનું એનું મેગેઝીન બહાર પડે છે. એ મેગેઝીન પ્રમાણે આખા દેશમાં સૌથી વધારે રોજગારી એ ગુજરાતમાં આવે છે. એમને જોઇતા હશે તો એ આંકડા આપવા હું તૈયાર છું.

શ્રી હર્ષ સંઘવી : કોઇપણ આંકડા વગર અહીં બોલવાનું? આ રહ્યાં ઓફિસિયલ આંકડા. આપી દંઉ એમને.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. માનનીય સભ્યશ્રી...

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : આપે પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે એવી પૃચ્છા કરીને ઊભા થવા દો. આવી મારી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હા, હા. એક મિનિટ.

શ્રી હર્ષ સંઘવી : ગૃહમાં જયારે કોઇ વાત કરવામાં આવે ત્યારે એનો બેઇઝ હોવો જરૂરી છે. મન ફાવે એમ ગૃહને ગેરમાર્ગે દોરવું એ માનનીય અધ્યક્ષશ્રી, ન ચલાવી લેવામાં આવે. આ રહ્યો આંકડો. આ રહ્યો ઓફિસિયલ ડેટા. આપની પરવાનગીથી હું હમણાં જ આપી દઉં.

અધ્યક્ષશ્રી : ચાલો. હવે..

શ્રી હર્ષ સંઘવી : કોઇ બી પ્રાઇવેટ કંપનીના મુદ્દા અહીંયા ઉંચકે. કે પ્રાઇવેટ કંપનીએ આ કીધું છે. અરે ભાઇ, પ્રાઇવેટ કંપનીના એજન્ટ નથી બનવાનું આપણે. આ આંકડાઓ સરકારના આંકડા છે. પ્રાઇવેટ કંપની શું કહે છે એ સાંભળવાનું છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ...

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિ કરવી હોય તો કરે, પણ ગુજરાતની ધરતીને કેમ બદનામ કરે છે દર વખતે? શું કારણ છે એની પાછળ? આ આંકડા ઓનલાઇન અવેલેબલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો બે મિનિટ. આપની વાત આપે કહી દીધી છે.

શ્રી હર્ષ સંઘવી : મારી આપને વિનંતી છે કે એ રેકર્ડ પરથી નીકાળવું જોઇએ. આવા ખોટા આંકડાઓ રેકર્ડ પર કઇ રીતે રહી શકે માનનીય અધ્યક્ષશ્રી? માનનીય અધ્યક્ષશ્રી, આ ડેટા ઓનલાઇન અવેલેબલ છે. એ કયા ડેટાની વાત કરે છે? એક પ્રાઇવેટ કંપની માનનીય અધ્યક્ષશ્રી, એ કયા દેશની પ્રાઇવેટ કંપની એ બી નહીં ખબર હશે. એ પ્રાઇવેટ કંપનીના ડેટા અહીંયા આપવાના? માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મોટો ગંભીર વિષય છે.

અધ્યક્ષશ્રી : એ વિષયને હું લંઉ છું. આપને વિષય થઇ ગયો હોય તો હું એમને એક મિનિટ આપું.

શ્રી હર્ષ સંઘવી : આ રીતની રાજનીતિ? યુવાનોના ભવિષ્યની વાત જયારે થતી હોય ત્યારે આ પ્રાઇવેટ કંપનીના ડેટા અહીંયા મૂકે

અધ્યક્ષશ્રી : એક મિનિટ. માનનીય મંત્રીશ્રી, આપ બેસો. માનનીય મંત્રીશ્રી આપ બેસો. આપ બેસો. એક મિનિટ આપ બેસો.(અંતરાય) અરે, આપ બેસો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા જયારે ડિસ્કસ થઇ છે, પોઇન્ટ ઓફ ઓર્ડર જયારે

થયો છે. એક મિનિટ. શ્રી જીજ્ઞેશભાઇ, આપ પણ બેસો હું વાત કરું છું. અહીંયા વિધાનસભાના સભ્યશ્રી કોઇ માહિતી આપશે ત્યારે એમ જયારે તમે કહ્યું હોય કે *(xxx)જો આ શબ્દ આપણે વાપર્યો હોય તો મને લાગે છે કે એ શબ્દને આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ. આ રીતના ઉલ્લેખ આપણે ન કરીએ. એમની પાસે માહિતી છે. રેકર્ડ ઉપર આપે છે. (અંતરાય) અરે, પણ એના માટે આજે આ ફ્લોર નથી. ખોટી માહિતી ન આપી શકાય. તમે જયારે બોલો છો, ત્યારે તમારી પાસે એવિડન્સ જોઇએ. (xxx)તમે જયારે બોલો છો ત્યારે તમારી પાસે એવીડન્સ જોઇએ કે (xxx)તમે જયારે વાત કરો છો કે (xxx)એવી વાત જયારે કરો છો, ત્યારે સામે મંત્રીશ્રી એમ કહે છે કે છે, તો આવી માહિતી તમે ન મૂકી શકો. એટલે આવી બાબતોનો ઉલ્લેખ કરતી વખતે આપણી પાસે પુરાતા પુરાવા હોવા જ જોઇએ, ડાયરેકટ આપણે સીધે સીધું આ રીતે ભાષણ નહીં કરી શકીએ. અને રેકોર્ડમાં જે એમના શબ્દો છે કે (xxx)એ શબ્દો આપણે રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, (xxx)બહુ વિનમ્રતાપૂર્વક આ ગૃહમાં મુકું છું. પણ (xxx) (અંતરાય) (ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : એક સેકન્ડ,

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન, મારો પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) ભાઇ પહેલા બેસો, હું વાત કરી લઉં, મારે વાત કરવી પડશે. માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇ, મને લાગે છે કે આપ એડવોકેટ પણ છો, કાયદાના જાણકાર પણ છો, અને જયારે અધ્યક્ષશ્રીએ એક વખત નિર્ણય આપ્યો છે અધ્યક્ષની ચેર ઉપરથી, ત્યારે તમે એમ વાત કરો છો કે આ બાબત છે કે કેમ, તો અધ્યક્ષના કોઇ પણ નિર્ણય સામે તમે શંકા ઊભી નહીં કરી શકો, એની સામે તમે ચેલેન્જ નહીં કરી શકો. તમે કાયદાના જાણકાર છો એટલા માટે તમને ખાસ કરીને કહું છું. એ શબ્દ તમે પાછો ખેંચી લો. (અંતરાય) તમે પાછો ખેંચો એ શબ્દ ઊભા થઇને.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : એ શબ્દ પાછો ખેંચવામાં મને કોઇ સંકોચ નથી.

અધ્યક્ષશ્રી : એમ નહીં તમે પાછો ખેંચું છું એમ કહો. સંકોચ નથી એમ નહીં.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : હું એ શબ્દો પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. હવે આગળ ચલાવો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : અને હવે ફરી ગુજરાત કાયદા પંચનું તારણ ફરી વાંચુ છું. અન્ય રાજયોની સાથો સાથ બેરોજગારીનો પ્રશ્ન ગુજરાતમાં પણ એની પીક ઉપર છે. આ ગુજરાત કાયદા પંચનું તારણ છે. બીજું તારણ અપુરતા સ્ટાફના અભાવે રાજય સરકારના જુદા જુદા વિભાગોનું ડે ટુ ડે રોજીંદુ કામ મોટા પાયે ખોરંભે ચડી રહ્યું છે. લો કમિશનના રિપોર્ટનું ત્રીજું તારણ, પરીક્ષામાં બેસતા લાખો યુવાનો આવા સ્કેમના કારણે, સ્કેમ, નોકરીથી વંચિત રહી જાય છે. તારણ નંબર ૪, માનનીય ગૃહ મંત્રીશ્રીને ગમશે, તારણ નંબર ૪ માં કમિશન એવું કહે છે કે જયારે પણ પેપર લીક ના આ પ્રમાણેના કિસ્સાઓ બહાર આવે ત્યારે રાજય સરકારના ઇન્ટેન્સન્સ, દાનતો વિશે સવાલો થવા જ જોઇએ. આ લો કમિશન કહે છે. વધુમાં લો કમિશન કહે છે કે રાજય સરકારના વગદાર લોકોની સામેલગીરી અને ભ્રષ્ટવૃતિના કારણે પેપર લીક થઇ રહ્યા હોવાનું જણાય છે. પરંતુ આવા વગદાર લોકોની ધરપકડ થતી નથી. અને આ એટલા માટે વાંચી રહ્યો છું. લો કમિશન સરકારની પોતાની એજન્સી છે, સરકારનું એક અંગ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (અંતરાય) તમે વચ્ચે બેઠા બેઠા નહીં બોલો, તમારે કોઇ વાત કરવી હોય તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરીને વાત કરજો. જો લો કમિશન સરકારની એજન્સી ન હોય, અને કોઇ પ્રાઇવેટ સંસ્થા હોય અને એનો રિપોર્ટ અપાતો હોય, અથવા તો લો કમિશને રિપોર્ટમાં જે વાત કરી છે તેના પરિપ્રેક્ષમાં ખોટું હોય તો બિલકૂલ તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ને ઊભા થઇને કહી શકશો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : અવલોકનો એ ગુજરાત સ્ટેટ લો કમિશનના છે. અને આનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે કોઇ પણ કાયદો બને તેના ઉદેશો અને કારણો હોય છે. આ રાજય સરકારે જે બિલ મૂકયું તેના ઉદેશો અને કારણોના પહેલા પેરેગ્રાફમાં લખ્યું છે કે તાજેતરમાં ગુજરાત રાજય કાયદા પંચના ૩૪માં અહેવાલમાં રાજય સરકારમાં ભરતી એજન્સી દ્વારા લેવામાં આવતી ભરતી પરીક્ષાઓમાં પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દાની તપાસ કરવામાં આવી છે. અને ભલામણ કરી છે કે પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દા વિરૂદ્ધ ખાસ કાયદો અધિનિયમિત કરીને બનતી ત્વરાએ પ્રશ્નપત્ર ફૂટી જવાના મુદ્દાને ઉકેલવાની જરૂર છે. અને તેનાથી આવી પ્રવૃતિઓ સામે કડક હાથે કામ લઇ શકાય. આ લો કમિશન, જેને આપણે આધાર બનાવ્યો છે બિલનો, એના ઓબ્જર્વેશન તો રાજય સરકારે ખુલ્લા દિલે કબૂલવા જોઇએ. શા માટે લો કમિશને આવો શબ્દ વાપરવો પડયો. રાજય સરકારના વગદાર લોકોની સામેલગીરી, ઇન્વોલ્વમેન્ટના કારણે અને ભ્રષ્ટ વૃતિના કારણે પેપર લીક થઇ રહ્યા હોઇ શકે છે. ધીસ ઇઝ એ વેરી સીરીયસ ઓબ્જર્વેશન. તમારે એને ઇન્ટ્રોસ્પેકશન કરવાનું છે કે સ્વર્ણીમ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત, મૉડેલ સ્ટેટનો દાવો કરનારી સરકારના શાસનમાં આટલા ૧૩-૧૩ જેટલા પેપરો ફૂટતા હોય.આટલા ૧૩-૧૩ જેટલા પેપર ફૂટ્યા કોઇ કહે છે કે ૧૫ પેપર્સ ફૂટ્યા. હું તો માનનીય મંત્રીશ્રી પાસે બહું વિનંતીના સૂરમાં જાણવા માગું છું અને (xxx)

(આ તબક્કે ભાજપના બધા સભ્યશ્રીઓ જગ્યા ઉપર ઊભા થઇ ગયા)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય જિજ્ઞેશભાઇ, અત્યારે અભ્યાસનો વિષય કયાંથી આવ્યો?તમે વ્યકિતગત આક્ષેપમાં કયાં પડો છો એમણે કયાં અભ્યાસ કર્યો એ વિષયની ચર્ચા નથી. બિલ ઉપર બોલવાની જગ્યાએ અભ્યાસ ઉપર વાત કરો છો. માનનીય મંત્રીશ્રીએ જે કાયદેસર ડેટા છે એ આપ્યા છે. (અંતરાય) બધા માનનીય સભ્યશ્રીઓ નીચે બેસી જાઓ. માનનીય જિજ્ઞેશભાઇ નીચે બેસી જાઓ. તમે જયારે અહીંયા ડેટાની વાત કરી છે ત્યારે સામે પણ એમણે ડેટાની વાત કરી છે. એમણે કહ્યું કે મારી પાસે ડેટા ઉપલબ્ધ છે. સરકાર છે અને આજે પાઇલોટીંગ માનનીય મંત્રીશ્રીએ કર્યું છે એટલે બોલાવાની વાત છે પરંતુ એમના અભ્યાસ વગેરેની વાત કયાં આવે છે તમારે આવો આક્ષેપ કરવો યોગ્ય નથી. માનનીય સભ્યશ્રી આ બાબત ઠીક નથી. આવા વિષયનો ઉલ્લેખ તમે નહિ કરો આ બાબત ઠીક નથી. તમે એ શબ્દો ઊભા થઇને પરત ખેંચી લો. માફીની વાત નથી શબ્દો પરત ખેંચી લો. માનનીય મંત્રીશ્રી આપ શું કહેવા માગો છો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું દસમું નપાસ થયો છું પરંતુ મારા મા-બાપે મને સંસ્કાર આપ્યા છે. બસ આટલો જ ફરક છે. હું હાવર્ડ યુનિવર્સિટીમાં નથી ભણ્યો પણ હું ખોટા ડેટા પણ અહીંયા નથી આપતો હું પ્રાઇવેટ એજન્સીના હાથો બનીને વિધાનસભામાં ગુજરાતને બદનામ કરવાના મુદ્દા નથી બોલતો. આ અમારો ફરક છે. હાવર્ડ યુનિવર્સિટીમાં ભણવું જરૂરી નથી. આ ગુજરાતના યુવાનો માટે મેં માત્ર એક વિનંતી કરી કે કોઇપણ રાજકીય ટિપ્પણી ન કરવી. મેં એને સ્વીકારી છે કે પેપર ફૂટયા એટલા માટે બિલ લાવ્યા છીએ અમે આ વાતથી દૂર નથી ભાગતા. એક જ ભૂલ રહી ગઇ છે (xxx)

અધ્યક્ષશ્રી : ગૃહને મારી વિનંતી એ હતી કે આ વિષયને હવે પૂરો કરવા માગું છું. આખા દિવસનો સમય અત્યાર સુધી સરસ ચાલ્યો છે. માનનીય અર્જુનભાઇ, એક મિનિટ. આપ બેસો તો હું વાત કરું. આ વાતને મારે અહીંથી પૂરી કરવી છે એને લાંબી ખેંચવાની જરૂર નથી. માનનીય જીતુભાઇ, આપ પણ બેસો. હું વાત કરી લઉં એ પછી તમારે કોઇ નવો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો જરૂરી કરી શકશો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર ન કરી શકાય. કલેરિફિકેશન મને પૂરું કરવા દો. આને આનુષંગિક કંઇ હોય તો કહો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય જિજ્ઞેશભાઇએ વાત કરી છે એમાં મારે જણાવવાનું કે માનનીય મંત્રીશ્રી બંધારણીય જોગવાઇ પ્રમાણે બન્યા છે એમના ઉપકારથી બન્યા નથી. આ લોકશાહીની જે પરંપરા છે લોકશાહીની વ્યવસ્થાઓ છે એના આધાર ઉપર માનનીય મંત્રીશ્રી બિલ લાવ્યા છે. એટલે લોકશાહીની જે પરંપરા કે વ્યવસ્થા બની છે એ પ્રમાણે મંત્રી બન્યા છે અને શપથ લીધા છે.

અધ્યક્ષશ્રી : માનનીય જિજ્ઞેશભાઇ તમારે બિલ ઉપર બોલવાનું છે એમાં કોઇ જાણકારી ન હોય તો એના ઉપર ન બોલો પણ તમે તો અભ્યાસુ સભ્યશ્રી છો. તમે એડવોકેટ છો અને એડવોકેટ થઇને તમે ઈરાદાપૂર્વક નિયમથી બહાર જઇને બોલો એ મને લાગે છે કે એક ધારાસભ્ય તરીકે ઠીક નથી.
એક મિનિટ, વચ્ચે કોઇ નહીં બોલે. બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં કરે. માનનીય મંત્રીશ્રી માટે આ જે તમે બોલ્યા કે તમારો અભ્યાસ કે હાવર્ડ યુનિવર્સિટી. આ બાબત ઠીક નથી. તમે તેના માટે ખેદ વ્યક્ત કરો. આપણે અહીં વિષય પૂરો કરીએ છીએ. (અંતરાય) હું વાત કરું છું. એમણે એમના મા-બાપ માટે નથી કહ્યું. મારી પાસે મારા માં-બાપના સંસ્કારો છે એવું બોલ્યા છે. એમના માં-બાપ માટે નથી બોલ્યા. અર્જુનભાઇ એ એમનાં માં-બાપ માટે નથી બોલ્યા. મારી વાત સાંભળો. એમણે કહ્યું છે મારી પાસે મા-બાપના સંસ્કારો છે. (અંતરાય) અરે ભાઇ, હું રેકોર્ડ ઉપર કહું છું, મંત્રીશ્રીએ એમ કહ્યું છે કે (અંતરાય) બેઠાં બેઠાં વાત ન કરો પ્લીઝ. અર્જુનભાઇ પ્લીઝ, બેસો તમે. આપ બેસો. હું આપને બોલવા માટેનો મોકો ફરી પાછો આપું? તમારે ફરી આના વિષે બોલવું છે? મેં અત્યારે આ વાત કરી, મેં એમને કહ્યું, તમે બેસો. જ્યારે મારું જજમેન્ટ કહું છું. પછી બીજા વિષયની ચર્ચા કરવી હશે તો ફરી તક આપું છું. માનનીય જીગ્નેશભાઇ, અત્યારે તમે જે વાત કરી તેના માટે તમે ખેદ વ્યક્ત કરી લો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : આપની અનુમતિથી એક વિનંતી કરવા માગું છું. એમણે એવો શબ્દ વાપર્યો. રેકર્ડ ઉપરથી આપ ચેક કરાવો. મારી સ્પીચ હું બીજા દિવસે પણ આપી શકું છું કે વિધાનસભાના આ મંચ ઉપર (xxx)આંકડા આપી રહ્યા છે. તેના રિસ્પોન્સમાં મારે કહેવું પડ્યું.

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : મુદ્દા નં. ૨. બિલની સાથે સંસ્કારને લેવા દેવા નથી. એ છતાં એમણે એ સંસ્કાર શબ્દના સંદર્ભમાં જે કહ્યું તેના રિસ્પોન્સમાં મારે નમ્રતાપૂર્વક એટલું જ કહેવું છે, બળાત્કારીઓને જેલમાંથી છોડે ને એમણે એમના સંસ્કારોની ચિંતા કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એટલે તમારે પરત ખેંચવું નથી?

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : ના, હું પરત ખેંચવા તૈયાર છું. આ સબમિશન સાથે.

અધ્યક્ષશ્રી : શ્રી જીગ્નેશભાઇ, તમે શબ્દ ઉપર ફરી પાછો શબ્દ કહો છો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : એમણે કહ્યું એટલા માટે કીધું કે આપ બન્ને શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરી શકો છો. હું મારા શબ્દો પાછા ખેંચવા તૈયાર છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું બેલેન્સ જ રહું છું. હું બેલેન્સ રહીને જ કરું છું. માનનીય અર્જુનભાઇ, હું બધું ચલાવીશ. મારે સંવેદનાપૂર્વક કામ કરવું છે પરંતુ નિયમના વિરુદ્ધમાં જઇને કોઇ કરશે તો સહેજે નહીં ચલાવું. એ રીતે ગૃહ નહીં ચાલે.

(અંતરાય) શ્રી અર્જુનભાઇ, આપ બેસો. આપને મેં પરમિશન આપી નથી. (અંતરાય) અત્યારે હું કોઇને પોઇન્ટ ઓફ ઓર્ડરની પરમિશન નથી આપતો. પ્લીઝ. શ્રી જીગ્નેશભાઇ, તમે પહેલાં તમારા વિષય ઉપર ઊભા થઇને મંત્રીશ્રી માટે ઉચ્ચારેલા શબ્દો પાછા ખેંચી લો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, તમે જો એમના માટે બોલ્યા હો તો પરત ખેંચી લો.

શ્રી હર્ષ ર. સંઘવી : પાછા ખેંચી લીધા. અગર મારી કંઇ પણ ભૂલ હોય તો હું માફી માગું છું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. હવે વિષય ત્યાં પૂરો થાય છે.(અંતરાય) વિષય પૂરો થઇ ગયો છે. પોઇન્ટ ઓફ ઓર્ડર માટેનું જજમેન્ટ મેં આપી દીધું છે. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય સાહેબ. પ્લીઝ, સર. આપ તો અનુભવી છો. હું નવા વિષય માટે આપને સમય આપું છું. શ્રી જીગ્નેશભાઇ, તમે માત્ર બિલ ઉપર જ વાત કરો. બિલના પરિપ્રેક્ષ્યમાં જ વાત કરો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : મારી વાત બિલ ઉપર જ હતી અને બિલના ઉદ્દેશોમાં જે સ્ટેટ લો કમિશનના તારણોની વાત હતી એ જ મેં મૂકી હતી. તેના અનુસંધાનમાં અમુક ચોક્કસ પ્રકારની કોમેન્ટ થઇ એટલે મારે રિસ્પોન્ડ કરવું પડ્યું. એની વે, બિલ ઉપર મારા બે-ત્રણ સૂચનો આપું એ પૂર્વે એક ખાસ વાત આ સન્માનનીય સભાગૃહમાં કરવા માગું છું. એકંદરે ગુજરાતમાં અને કદાચ આ સન્માનનીય સભાગૃહમાં પણ એક બાબતને લઇને કન્ફ્યુઝન છે કે પરીક્ષાના સાત પેપર લીક થયા, ૧૩ પેપર લીક થયા, કોઇ કહે છે કે ૨૨ જેટલી પરીક્ષાના પેપર લીક થયા અને કોઇ કહે છે કે ૨૫થી વધારે પેપરો લીક થયા. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એ જ્યારે રિસ્પોન્ડ કરે ત્યારે ગુજરાતની અંદર પેપર લીક થવાની કુલ કેટલી ઘટનાઓ બની. અને દરેક પેપર લીકની ઘટનાઓના સંદર્ભમાં કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા એ ગુનાઓના અનુસંધાને કેટલી ધરપકડ અને ચાર્જશીટ કરવામાં આવી અને થયેલી ચાર્જશીટોમાંથી કેટલા કેસમાં ટ્રાયલ અત્યારે ચાલી રહી છે અને એ ટ્રાયલના અનુસંધાનમાં આજદિન સુધીમાં એક પણ માણસને, એક પણ આરોપીને કન્વીકટ કરવામાં, સજા કરવામાં આવી છે કે કેમ? કેમ કે કાયદો બની જશે અનેક કાયદાઓ બનેલા છે એમ પણ જો કન્વીકશન ના આવે, કારણ કે રાજય સરકારની જો નિસ્બત હોત, પેપર લીકના કસૂરવારોને બહુ સ્ટ્રોંગ મેસેજ આપવા માગતા હોત, કેમ કે સન ૨૦૧૨માં પેપર લીક થયું, સન ૨૦૧૪માં પેપર લીક થયું, સન ૨૦૧૫માં થયું, સન ૨૦૧૮માં ચાર જેટલી પરીક્ષાના પેપર થયા એટલે કયાંકને કયાંક પેપર લીક કાંડમાં જે પણ લોકો સંડોવાયેલા છે એમને ડર નથી. એ લોકો બેખોફ છે. પેપરલીક કાંડની અંદર કસૂરવારોને એક વર્ષમાં જો ટ્રાયલ પૂરી થતી હોય આવી કોઇ વસ્તુ અંદર હોત તો કદાચ આવી ઘટનાઓ રીપીટ થઇ ના હોત, એટલે મારું સૂચન મારી પૂર્વેના સાથી ધારાસભ્યશ્રીઓની માફક એક વર્ષની અંદર એક સ્પેશીયલી ડેઝીગ્નેટેટ કોર્ટ, રાજયમાં કોઇપણ જગ્યાએ જેટલા પણ પેપરલીક કાંડના પ્રકરણો બન્યા છે એ તમામે તમામ પ્રકરણોની ટ્રાયલ એક વર્ષમાં પૂરી થાય અને આગળ ઉપરાંત આપણે એવી આશા રાખીએ કે આવી કોઇપણ પ્રકારની ઘટના બને નહીં, આ કાયદાની સૌથી મોટી સફળતા એજ હશે કે આ કાયદાની કોઇ કલમ નીચે ભવિષ્યમાં પણ ગુનો દાખલ કરવાનો વારો ના આવે, એ આ કાયદાની સૌથી મોટી સફળતા હશે પણ ભવિષ્યની વાત ભવિષ્યમાં, અમારા સિનિયર માનનીય ધારાસભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ સૂચન કર્યું હતું કે પશ્ચાદવર્તી અસરથી અગાઉ જેટલા પણ કેસો બન્યા એને પણ આમાં આવરી લેવા જોઇએ, એ જો થાય તો ઉત્તમ પણ દલીલ ખાતર આવું નથી થતું તો પહેલા તો પેપરલીક કાંડની કેટલી ઘટનાઓ બની એ આ સન્માનનીય ગૃહમાં મૂકવામાં આવે, ૧૨,૧૫, ૨૦, ૨૫ અને રાજયની સરકાર આ તમામે તમામ ઘટનાની ટ્રાયલ છ મહિનામાં, એક વર્ષમાં, દોઢ વર્ષમાં, કેટલા સમયમાં પૂરી કરવા માગે છે એ વાત પણ આપણે પબ્લિક ડોમેનમાં લાવવી જોઇએ અને આ સન્માનનીય ગૃહ સમક્ષ પણ મૂકવી જોઇએ. બીજી એક ખાસ વાત કે ઉદ્દેશો અને કારણોની અંદર આ સ્પીડી ટ્રાયલની જરૂરિયાતનું કારણ આ વિધાનસભા સમક્ષ રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : સચિવશ્રી, તમે પણ વચ્ચેથી ગતિવિધિ નહીં કરી શકો. તમારે કંઇ કાગળ લેવો હોય તો આમ ફરીને જવાશે. અહીંયા ડાયરેકટ ચર્ચા ચાલે છે અને વચ્ચેથી તમે કેમ આ લો છો?

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : બિલના ઉદ્દેશોમાં અને કારણોમાં આ એક વાકય લખેલું છે. કમનસીબે આ મુદ્દાએ સંગઠિત ગુનાના પરિમાણ ધારણ કર્યા છે અને તેનાથી ભ્રષ્ટ લોકોને મોટા પાયે નાણાકીય લાભો થાય છે. હવે આ ઓબ્ઝર્વેશન થયું આપણા બિલના ઉદ્દેશો અને કારણોમાં, આ ઓબ્ઝર્વેશનનું કારણ શું? આપણે તો એક પણ કેસમાં કન્વીકશન તો થયું નથી. ટ્રાયલો કંડકટ થઇ હોય, ટ્રાયલો પૂરી થઇ ગઇ હોય, સજા પડી હોય અને જજમેન્ટની અંદર કયાંય એવું લખેલું હોય કે આ પ્રમાણે પૈસાની લેતી દેતીના મામલાના કારણે તમને કન્વીકટ કરીએ છીએ, કેસમાં તો કન્વીકશન જ નથી. કેટલા કેસમાં એફ.આઇ.આર. થઇ, કેટલામાં ના થઇ, કેટલામાં ચાર્જશીટ થઇ, કેટલામાં ટ્રાયલ ચાલી, ટ્રાયલ ના ચાલી એની કોઇ જ વસ્તુ ગુજરાતની જનતા સમક્ષ નથી. એ પણ એક કારણ સ્પેશીયલી ડેઝીગ્નેટેડ કોર્ટની માગણી કરવાનું છે. બીજું આ બિલના પાના નં. ૩ અને એની કલમ-૧૦ એના પૅરેગ્રાફ નંબર-૨માં લખ્યું છે '' પરંતુ આ અધિનિયમ હેઠળ કોઇ શિક્ષાને પાત્ર તેવી કોઇ વ્યકિત એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અને તેવો ગુનો થતો અટકાવવા માટે તેમણે તમામ

પૂરતી કાળજી રાખી હતી તો તે વ્યકિત આ પેટા કલમમાંના કોઇપણ મજકૂરથી શિક્ષાને પાત્ર ઠરશે નહીં. હવે આરોપી પોતે સ્વાભાવિક રીતે કોઇ આરોપી એવું કહેવાનો નહીં કે મારી જાણકારી હતી અને છતાં હું પેપર કાંડમાં ઇન્વોલ્વ્ડ થયો. કોઇપણ વ્યકિત એમ પૂરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો, તો વ્યકિત આવું પુરવાર કયારે કરે કે એની સામે ટ્રાયલ પૂરી થાય ત્યારે, એટલે આ પણ કલમની જોગવાઇ પણ આપણે આ બિલમાંથી દૂર કરવી જોઇએ અને અગાઉ મેં જે ટ્રાયલ ઉપર ભાર મૂકયો એનું બીજું એક કારણ એ પણ છે કે કલમ-૧૩માં એવો ઉલ્લેખ કરવામાં આવેલો છે, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ ગુનાના દોષિત ઠર્યા હોય તેવા પરીક્ષાર્થીને કોઇ જાહેર પરીક્ષામાંથી બે વર્ષની મુદત માટે બાકાત કરવામાં આવે. હવે એકથી વધારે પેપર લીક કાંડમાં કદાચ કોઇ વિદ્યાર્થી એમાં સંકળાયેલો જોવા મળ્યો અને એની ઉંમર ૨૮ વર્ષ છે પણ એની ઉંમર ૪૦ વર્ષ સુધી ટ્રાયલ જ ના પતે તો બે વર્ષ સુધી એને કોઇ બીજી પરીક્ષા આપવાની નહીં એના ઉપર જે સ્ટ્રીકટ પ્રોવિઝન લાગુ કરીએ છીએ એનો કોઇ મતલબ રહેતો નથી.એટલે રાજ્યની સરકાર બિલ લઇને આવે અને એની અંદર એનો ઇન્ટેન્શન સાચો છે તો ખબર પડે. હું માનું છું કે આ બિલ આવ્યા પછી લગભગ ગુજરાતમાં કોઇ આવી ઘટના ન બને એવી અપેક્ષા છે. જે ઘટનાઓ બની ગઇ એમાં ટ્રાયલ તાબડતોડ પૂરી કેમ નથી કરી પાયાનો સવાલ છે. ૨૦૧૪થી લઇ અત્યાર સુધી એક પણ માણસ કન્વીક્ટ ન થયો? આ અમૃતકાળ છે આપણો? કાળી મજૂરી કરીને પેટે પટા બાંધીને કોઇ શ્રમજીવી પોતાના દીકરા-દીકરીને ભણાવે. કોઇક આશાવર્કરનો દીકરો, કોઇ કેમિકલની ફેકટરીમાં કામ કરનારા શ્રમજીવીનો દીકરો, કોઇ ઇંટ ભઠ્ઠાના કામદારનો દીકરો કે દીકરી એ એકઝામનું પેપર આપવા ગયો છે. એ પેપર ફૂટી ગયું એના કારણે એનું કિસ્મત ફૂટ્યું તો રાજ્યની સરકારે વીથ સેન્સ ઓફ અરજન્સી કેટલી ટ્રાયલ પૂરી કરી ? લગભગ કોઇ નહીં. આ બાબતે હું ઇચ્છું કે રાજ્યની સરકાર એક શ્વેતપત્ર બહાર પાડે અથવા તો કોઇક રીતે આ વિધાનસભાના મંચ ઉપર મૂકે. ખાસ કરીને આ બિલને સમર્થન વીથ કન્ડીશન્સ એપ્લાય એ પ્રમાણેનું છે. રાજ્ય સરકાર બેરોજગારીનો પ્રશ્ન આની સાથે સંકળાયેલો હોવાથી એમાંથી સાવ હાથ અધ્ધર કરી શકે નહીં. કારણ કે ક્યાંકને ક્યાંક આ ભરતી સાથે જોડાયેલો મદ્દો છે. માનનીય અર્જુનભાઇએ વાત કરી એ મુજબ ૧૪૦૦ જેટલી તલાટીની જગ્યાઓ હતી એની સામે ૧૧ લાખ જેટલા ઉમેદવારોએ અરજી કરી. એમાંથી ઘણાની પાસે સરકારી નોકરી કે બીજો કામ-ધંધો કે રોજગાર હશે. પણ એનાથી વધારે બેટર ઓપર્ચ્યુનિટી જોઇતી હશે. પણ તમામ ૧૧ લાખને ઓપર્ચ્યુનિટી જોઇએ છે એવું નથી. એ ૧૧ લાખમાંથી ઘણા બધા ગુજરાતના યુવાનો પાસે કામ-ધંધો-રોજગાર નથી. એટલે બેરોજગારીનો પ્રશ્ન આટલો વિકરાળ હોય ત્યારે માંડ બે કે ચાર હજારની ભરતી થતી હોય અને એમાં પણ *(xxx) એટલે એ ઇન્ટેન્શન આપણે ગુજરાતની જનતા સમક્ષ કન્વીન્શીંગ રીતે મૂકવો પડે. એટલા માટે મારા વિચારો પૂરા કરતી વખતે ફરી એકવાર રાજ્ય સરકારને વિનંતી કરું છું કે હજી આપણું સત્ર લાંબુ ચાલવાનું છે. ૨૩મી માર્ચ શહિદે આઝમ ભગતસિંહનો શહાદત દિવસ છે, જો એ દિવસ સુધીમાં આ કાયદાના રુલ્સ પણ બની જાય. કારણ કે કોઇપણ કાયદો કાર્યાન્વિત ત્યારે થાય છે જ્યારે એના રુલ્સ ફ્રેમ થાય. જે કાંઇ ટીકા-ટિપ્પણી બન્ને પક્ષમાંથી આવી એને કન્સીડર કરીને રુલ્સ પણ ફ્રેમ કરીએ અને એ દિવસે ખાલી પડેલ તમામ પદોમાં પાંચ વર્ષમાં કઇ રીતે તબક્કાવાર ભરતી કરીશું એની પણ જાહેરાત ૨૩ માર્ચના દિવસે આપણા મુખ્યમંત્રી કે સરકારશ્રી કરે એવી આશા સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બોલ્યા કે અગાઉના કોઇ કેસમાં ચાર્જશીટ પણ નથી થઇ અને ચાર્જ ફ્રેમ પણ નથી થયું. ચાર્જશીટ થઇ છે કે કેમ અને જો ન થઇ હોય તો એમની વાત સાચી છે પણ જો ચાર્જશીટ થઇ હોય તો એમના એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરે. ક્લેરિફિકેશન મંત્રીશ્રી પાસેથી લઇ ત્યાંથી કિલયર કરાવીને પછી રેકર્ડને દુરસ્ત કરવામાં આવે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઘણા બધા સભ્યશ્રીઓએ ખૂબ સારી તંદુરસ્ત ચર્ચાઓ કરી છે. સૂચનો પણ કર્યા છે અને થોડી ઘણી ટીકાઓ પણ કરી છે. પણ હું આપની સૂચનાનું પૂરેપૂરું પાલન કરીશ. કોઇ ટીકા-ટિપ્પણીમાં નહીં પડું. કારણ કે અમારા ગૃહ મંત્રીશ્રી બધા જવાબો આપશે. આજે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર લોકશાહીના મંદિર એવા વિધાનસભા ગૃહમાં એક ઐતિહાસિક કાનૂની ક્રાંતિ કરવા જઇ રહી છે ત્યારે રાજ્ય સરકાર યુવાનોના સળગતા પ્રશ્નો, યુવાનોનો આક્રોશ અને યુવાનોને જે આકાંક્ષાઓ છે એનો ઉકેલ લાવવા તરફ એક ખૂબ સારું પગલું ભરી રહી છે ત્યારે હું રાજયના મુખ્યમંત્રી એવા મૃદુ અને મક્કમ સ્વભાવના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને લાખ લાખ અભિનંદર આપીશ કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર એ જાહેર પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટેનું વિધેયક ૨૦૨૩ લઇને આવી છે. એને હું આવકારું છું અને એને સમર્થન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૃહ મંત્રી સાહેબને આપણે આજે સવારથી બધા સાંભળી રહ્યાં છીએ. અમારા નવયુવાન, ઉત્સાહી, જોશીલા અને મહેનતુ લીડર છે. સમગ્ર ગુજરાતના યુવાનોના તેઓ આદર્શ અને રોલ મોડલ પણ બન્યાં છે અને યુવાનોની સતત ચિંતા કરતા હોય છે અને એટલા માટેજ આજે આવનારા યુવાનોના ભવિષ્યનું બિલ લઇને આવ્યા છે ત્યારે હું હર્ષભાઇ સંઘવીજીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપીને આવકારું છું. રાજ્ય સરકારની ખાલી જગ્યા પરની ભરતી કરવા માટેની જે પરીક્ષાઓ ઉમેદવારના હિતમાં આ સન્માનનીય ગૃહમાં લાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારની યુવાનો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંવેદનશીલતાનું આ બિલ એક આદર્શ દર્શાવે છે. આ વિધેયકને વિપક્ષના મિત્રો અને સાથીપક્ષોએ પણ સમર્થન કર્યું છે. (અંતરાય)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

અધ્યક્ષશ્રી : તમે જરા એક મિનિટ માટે બેસશો. મારે થોડીક વાત બિલની વચ્ચે કરવી છે. મીડિયાના મિત્રોને એક મારી વિનંતી છે કે અહીંયા ગૃહમાં જે શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે એ શબ્દને તમે કોઇપણ રીતે બીજા કોઇ અખબારમાં કે બીજી જગ્યાએ ઉલ્લેખ કરી શકાતો નથી. એટલે અહીંયા જે જે શ્રી જીજ્ઞેશભાઇ બોલ્યા, શ્રી હર્ષભાઇએ પણ જે વાત કરી, શ્રી હર્ષભાઇ માટે જે શબ્દો બોલ્યા એનો તમે કોઇ જગ્યાએ ઉલ્લેખ નહીં કરી શકો. એટલે વિધાનસભાના નિયમોની જાણકારી આપ સૌની પાસે હશે. પરંતુ અહીં મેં શબ્દોને રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. એમણે પરત ખેંચ્યાં છે અને મેં દૂર કર્યા છે. એટલે તેનો ઉલ્લેખ કોઇ જગ્યાએ ના થાય એની કાળજી મીડિયાના મિત્રો લે એટલી વિનંતી છે. આગળ કંન્ટીન્યુ કરીએ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના સમર્થનમાં જ્યારે હું બોલવા ઊભો થયો છું સરકારની કોઇપણ સમસ્યા હોય એના ઉકેલ માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ હરહંમેશ કટીબદ્ધ રહી છે. રાજ્યના જુદા જુદા કાયદાઓનો અભ્યાસ કરીને આ રાજ્ય સરકારે ખૂબ મનોમંથન કરીને ભૂતકાળમાં પણ અનેક સમસ્યાઓ માટે અનેક કાયદાઓ આ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યાં છે ત્યારે ભૂતકાળમાં આપને બધાને ખબર છે કે આપણું રાજ્ય એ સરહદી રાજ્ય હતું ત્યારે આ રાજ્યમાં આતંકવાદને ડામવા માટે સંગઠિત જે ગુનાઓ છે એને નિયંત્રણમાં લાવવા માટે પણ ગુજસીટોકનો કાયદો આપણે આ ગૃહમાં લાવ્યા હતા. એ જ પ્રમાણે નરેશભાઇએ ઉલ્લેખ કર્યો કે આદિવાસીના પ્રમાણપત્રોની ચકાસણીનો ખૂબ મોટો મુદ્દો હતો. એ સમસ્યામાંથી પણ બહાર લાવવા માટે ૨૦૧૭ માં આપણે આદિજાતિ ભાઇના પ્રમાણપત્રોની ચકાસણી માટેનો કાયદો લઇ આવ્યા. એ જ પ્રકારે આ ગૃહના ૧૮૨ એ ૧૮૨ ધારાસભ્યોએ ગુજરાતના ખેડૂતોની જમીન સલામત રહે, ભૂમાફિયાઓ એની જમીન પડાવી ના લે એના માટે પણ લેન્ડ ગ્રેબિંગનો એક્ટ આ ગૃહના સભ્યો દ્વારા લાવવામાં આવ્યો હતો. ગાયમાતાનું રક્ષણ કરવા માટે પણ ગૌહત્યા ઉપર પ્રતિબંધ કરવા માટેનો કાયદો પણ આ ગૃહમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લાવીને ખૂબ સારો એનો ઉકેલ લાવ્યા છે ત્યારે જરૂરિયાતને સંશોધનની જનની કહેવામાં આવે છે. આ કાયદાના સંદર્ભે પણ આ બાબત એટલા માટે યોગ્ય ઠરે છે કે આજે ગુજરાત એ સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રની અંદર રોલ મોડલ બન્યું છે અને અન્ય રાજ્યના લોકો અને રાજ્યની સરકારો પણ ગુજરાત રાજ્યનો જ્યારે અભ્યાસ કરવા માટે આવતી હોય ત્યારે આ પ્રકારની જે ઘટનાઓ બને છે. ભરતી માટેના પરીક્ષા પેપરો ફૂટવાના એ આપણા સૌના માટે અત્યંચ દુર્ભાગ્યપૂર્ણ અને કમનસિબ ઘટના કહેવાય. આજે દુ:ખ એ બાબતનું છે કે જાણેઅજાણે પરોક્ષ રીતે આપણે સૌ ગુનેગાર હોઇએ એવું આપણને બધાને ફીલ થતું હોય છે. ત્યારે આ કાયદો લાવવાની જરૂરિયાત કેમ પડી? નિંદા કરવાથી, આ ઘટનાઓને વખોડવાથી પેપર ફુટી જવાનો અંત નથી આવવાનો પરંતુ ગુજરાતની ૬ કરોડ જનતાએ ૧૮૨ ધારાસભ્યોને એમના હિત માટે, એમના અધિકાર માટે, ગુજરાતના કલ્યાણ માટે એમને ધારાસભ્ય બનાવ્યા છે ત્યારે તમામ લોકોએ ભેગા થઇને વાસ્તવમાં તમામ પાસાઓ ઉપર સમતોલ ચર્ચાવિચારણા કરીને એક ચોકકસ રણનીતિ બનાવીને ચોકકસ કાયદો બનાવીને જો એનો અમલ કરીશું તો હું માનું છું આ સમસ્યામાંથી ગુજરાત ૧૦૦ ટકા બહાર આવી જવાનું છે. અહીંયા ઘણાબધા સભ્યશ્રીઓએ ચર્ચામાં ઉલ્લેખ કર્યો કે આ પરીક્ષાઓમાં મોટાભાગે ખેડૂતના દીકરા, દીકરીઓ હોય, મજૂર વર્ગના દીકરા, દીકરી હોય, એસ.સી. હોય, એસ.સી. હોય, ઓ.બી.સી. હોય બધા જ સમાજના મધ્યમ વર્ગના દીકરા, દીકરીઓ હોય કલાસીસમાં ફી જમા કરાવીને તેઓ ભણતા હોય અને ઘણાબધા તો એવા પણ માતાપિતા હોય છે કે જે ગાય ભેંસ વેચે, પોતાના ઘરેણા વેચેપ્ ખેતરો પણ ગીરવી મૂકીને પોતાનો દીકરો સરકારી નોકરીમાં લાગે, દીકરી સરકારી નોકરીમાં લાગે આમ કરીને મહેનત કરતી હોય અને જયારે આવા પ્રસંગો બનતા હોય છે ત્યારે આપણને બધાને ખૂબ આઘાત લાગતો હોય છે. અત્યારે જે હર્ષભાઇએ ઉલ્લેખ કર્યો બરોડાની ઘટનાનો એ દિવસે સવારે મને એક દીકરીનો ફોન આવ્યો કે સાહેબ, હું તો પડોશી પાસે ભાડુ માંગીને પછી પરીક્ષા આપવા ગઇ હતી અને આવો પ્રસંગ બન્યો છે ત્યારે એ દીકરીને હું જવાબ નહોતો આપી શકતો એટલે આવી બધી ઘટનાઓ એ સ્વાભાવિકપણે આપણને બધાને આઘાત લગાડનારી હોય છે. પેપર ફોડવા જેવી અપરાધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોય એમને આપણે સૌએ રાષ્ટ્ર વિરોધી તત્ત્વો જ ગણવા જોઇએ અને આવા તત્ત્વોને કડકમાં કડક સજા થવી જોઇએ અને એટલા માટે જ હું રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબ અને ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે ૧૦ વર્ષની કડકમાં કડક સજા અને એક કરોડ રૂપીયાની માતબર દંડની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે ગૃહના સભ્યશ્રીઓએ જે ચિંતા વ્યકત કરી છે કે આ કાયદો આપણે ગૃહમાં પસાર કરીએ છીએ ત્યારે એની તંદુરસ્ત ચર્ચા થવી જોઇએ. બધા જ પાસાઓની આપણે ચર્ચા કરવી પડશે. કોને કોને અસરો થશે એના નિયમો પણ બનાવવા પડશે અને એમાં બાબતો ધ્યાનમાં રાખવી પડશે કારણકે આમાં આકરી સજા છે, ખૂબ મોટો દંડ છે અને એમાં માનનીય ગૃહમંત્રી પણ આ બધાનો જવાબ આપે. ગૃહમંત્રી જવાબ આપે ત્યારે દશમા અને બારમા ધોરણના જે વિદ્યાર્થીઓ છે એમને આ કાયદાની કોઇ આડ અસરને કારણે એમની કારકીર્દી ઉપર કોઇ અસર ન થાય, નુકસાન ન થાય એની પણ માનનીય મંત્રીસાહેબ સ્પષ્ટતા કરે. સાથેસાથે જયારે બિલ વાંચ્યું ત્યારે મને પણ ધ્યાનમાં આવ્યું છે કે કલમ-૨૦માં શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલા પગલાં સંદર્ભે જોગવાઇ કરીને અધિકારીઓને કાયદાની છટકબારીમાંથી આપણે કોઇ મુક્તિ તો નથી આપી રહ્યાને? એ કલમ-૨૦ ની પણ માનનીય મંત્રીશ્રી આ સભાગૃહના બધા સદસ્યશ્રીઓને સ્પષ્ટતા કરે એવી મારી વિનંતી છે. બધા સભ્યશ્રીઓના મનમાં એવું હશે કે અત્યારે પણ અનેક કાયદાઓ છે. અનેક કલમોની જોગવાઇઓ છે તો એની વાત કરીએ તો જે પ્રકારે કલમ-૧૧૪ એટલે કોઇને મદદ કરવી ખોટા કામમાં, કલમ-૧૮૮ એટલે જાહેરનામા ભંગની કલમ, કલમ-૨૦૧ એટલે પુરાવો નાશ કરવાની બાબત, કલમ-૩૭૯ એટલે ચોરી, કલમ-૪૦૬ એટલે ગુનાહિત વિશ્વાસઘાત, કલમ-૪૬૧ એટલે બદદાનતની બાબત, કલમ-૪૬૫ એટલે ખોટા

દસ્તાવેજ બનાવવા. ૪૬૮ એટલે ઠગાઇ કરવી, આઇ.ટી. એકટની કલમ-૬૬ મુજબ કોમ્પ્યુટરના ગુના. આવા ઘણા બધા ગુનાઓ માટેની કલમો છે તેમાં પણ દસ વર્ષની જોગવાઇ અને ૨૦૦ રૂપિયાથી લઇને પાંચ લાખ સુધીના દંડની જોગવાઇ છે. પરંતુ આ બધામાંથી ગુનેગારો એટલા માટે છટકી જાય છે કે, ખાસ કરીને પરીક્ષાઓ માટે અલગથી કોઇ ચોક્કસ કાયદો બનાવેલો ન હોવાને કારણે ગુનેગારોની અંદર ડર ન હતો. મેં ઉપર જણાવ્યું તે મુજબ આઇ.પી.સી અને આઇ.ટી.એકટની જે કલમો છે તે મોટાભાગની કલમો જામીનને પાત્ર છે. આ જે ગુનેગારો હોય છે તે ખૂબ જ ચાલાક હોય છે. તેના કારણે દરેક જગ્યાએ મોટા મોટા વકીલો રોકીને જામીન મેળવીને પુરાવા સાથે ચેડાં કરીને કેસ રફેદફે થાય તેવી નિંદનીય પ્રવૃત્તિઓ પણ કરે છે. આવા તત્ત્વો તે કાયદો ખિસ્સામાં લઇને ફરતા હોય તેવો સમાજમાં પણ મેસેજ આપતા હોય છે. બીજા ગુનાઓમાં પણ આવા તત્ત્વો તરત જ સક્રિય થઇ જતા હોય છે. એટલા માટે આ કાયદો લાવવા ખૂબ જરૂરી છે. આ ગુજરાત એ મહાત્મા ગાંધીજીનું ગુજરાત છે, આ ગુજરાત તે સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનું ગુજરાત  છે. અમારી ભારતીય જનતા પાર્ટીની ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર કોઇપણ ચમરબંધીને છોડવા માગતી નથી. આવા નાપાક તત્ત્વો કાયદાથી ફફડે, સજાઓથી ડરે અને આવી પ્રવૃત્તિઓ ફરી જિંદગીમાં ના કરે તેના માટે ગુજરાતના ઇતિહાસમાં ખાસ કરીને આવી પરીક્ષાઓ માટેનો અલગથી કાયદો તે રાજ્ય સરકાર લાવી રહી છે તેના માટે હું આદરણીય મુખ્યમંત્રીશ્રી, આ ગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આ રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવજીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ વિદ્યાર્થી/ ઉમેદવારોના ભવિષ્ય માટેનું બિલ છે તેને સર્વસંમતિથી પસાર કરીએ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) :  માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા યુવાન ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ પરીક્ષાઓમાં ગેરરીતિ બાબતનું જે બિલ લાવ્યા છે તે બિલ સાથે હું મારા વિચારો રજૂ કરું છું અને મારી સંમિત આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાબધા મારા સાથી મિત્રોએ સૂચનો આપ્યા, ટીકા ટિપ્પણી પણ કરી. પરંતુ યુવાનોએ જે વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર મૂક્યો છે અને એટલે જ ભારતીય જનતા પાર્ટીની સરકાર સ્પષ્ટ બહુમતિથી ચૂંટાઇ આવી છે. મને  એક વાત યાદ આવે છે કે તલવાર ધાર પર

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં કરે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : તલવારકી ધાર પર જુવાની ચલતી હૈ, જિસ ઔર યુવાની ચલતી હૈ ઇસ ઓર જમાના ચલતા હૈ. જમાનો જે દિશા તરફ જઇ રહ્યો છે અને જે દિશા તરફ યુવાનો જઇ રહ્યા છે તેની સરકાર બની રહી છે. તેના ઉમેદવારો પણ ચૂંટાતા હોય છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, જે પ્રકારે પેપરો ફૂટ્યા છે અને તેના કારણે કયાંક યુવાનોમાં નિરાશા આવી હશે. પરંતુ આપણા યુવાન ગૃહમંત્રીશ્રી અને ગૃહના નેતા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે યુવાનોની નિરાશા દૂર કરવા માટે આ જે કાયદો લાવ્યા છે તે કાયદાને આપણે આવકારીએ છીએ અને હું તો માનું છું કે, બધાએ તેની સંમતિ આપવી જોઇએ. કોઇએ તેનો વિરોધ ના કરવો જોઇએ. તેને પૂર્ણ સમર્થન આપવાની ખૂબ જ જરૂર છે. સાથે હું એ યાદ કરાવવા માગું છું કે જયારથી ભારતીય જનતા પાર્ટની સરકાર આવી છે ત્યારથી ધોરણ દસ, બાર અને તમામ પ્રકારની પરીક્ષાઓ સ્પષ્ટપણે લેવાતી હોય એ હું જોતો આવ્યો છું અને એ પ્રકારે પરીક્ષાઓ લેવાય છે અને વિદ્યાર્થીઓમાં પણ બદલાવ આવ્યો છે, યુવાનોમાં પણ પરીક્ષા માટેનો બદલાવ આવ્યો છે એ મેં જોયો છે. આ વાત હું એટલે કહેવા માગું છું કે, શિક્ષણ સાથે હું જોડાયેલો છું. ભૂતકાળને જો આપણે યાદ કરીએ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારે ન હતી એવા સમયમાં હું જોતો હતો કે સામૂહિક કોપીની ઘટનાઓ બનતી હતી, ભૂતકાળમાં ક્યાંક પેપરો અને જવાબવાહીઓ બહાર રખડતી મળતી હતી એ બધી ઘટનાઓ બંધ થઇ છે અને વિદ્યાર્થીઓમાં વિશ્વાસ કેળવવાનું જો કોઇ કામ થયું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. આજે ધોરણ દસ કે બારમાંના કે કોલેજના વિદ્યાર્થીઓને આપણે એમ કહીએ કે ભાઇ તારે ચોરી કરવી છે તો ચોરી કરવા માટે કોઇ વ્યવસ્થા કરી દઉ. ત્યારે એ વિદ્યાર્થી એટલા વિશ્વાસથી કહેતો હોય છે કે મારે કોઇ ચોરી કરવાની જરૂર નથી કારણ કે અમે જાતે પરીક્ષા આપીને પાસ થઇ શકીશું એના માટે સરકાર તત્પર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચાઓ થઇ યુવાનો ખૂબ પરીક્ષા આપવા બેઠાં, લાખોની સંખ્યામાં યુવાનોના ભવિષ્ય સાથે ચેડા થયા આવી બધી ટીકા-ટિપ્પણીઓ પણ થઇ ત્યારે હું એક વાત કરવા માગુ છું કે ભરતી પ્રક્રીયા આવ્યા પછી લાખોની સંખ્યામાં ગરીબ વિદ્યાર્થીઓ જે પરીક્ષા આપવા બેઠાં છે એ વિદ્યાર્થીઓને વિશ્વાસ આવ્યો છે ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર કે અહીંયા ભરતી પ્રક્રીયામાં કોઇ પણ ડોનેશન આપ્યા વગર સીધી રીતના ગરીબ યુવાનોને નોકરી મળશે. જો આ કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયું છે. સંસ્થાઓ સાથે મને પણ દુઃખ થતું હશે કયાંક શિક્ષકની ભરતી કોઇ નહીં કરી શકતું હોય પરંતુ ગરીબ અને સાચા યુવાનોને નોકરી આપવાનું કામ કોઇ પણ ફિલ્ડમાં થયું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયું છે. માનનીય મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એ કાયદાને હું આવકારું છું અને સમર્થન પણ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સૂચન આપીને જે વાત કરવી હતી કે પરીક્ષામાં ચોરી કરતા વિદ્યાર્થીને પોલીસને સોંપવાની વાત હતી એમાં સુધારો હમણા જ મારા ટેબલ ઉપર આવી ગયો છે. ખૂબ સારી વાત છે અને એને પણ હું આવકારું છું અને ખૂબ જ સરળતાથી માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર થોડો ઉંડો એટલા માટે ઉતરવા માગુ છું કે, જો આપણે એમાં સુધારો ન કર્યો હોત તો પરિસ્થિતિ એવી થાત કે પાછળ બેહેલ વિદ્યાર્થી કોઇ પ્રકારની કાપલી જો આગળના કોઇ વિદ્યાર્થીમાં નાખી દે તો નિર્દોષ

વિદ્યાર્થીને પોલીસ પકડી જાય. એ કોઇ મોટો ગુનેગાર નથી હા, પેપર ફોડ્યું હોય તો એને છોડવામાં આવે નહીં એ વાત સાથે હું સંમત છું. પરંતુ એક નાની કાપલી મળી હોય અને એ જોતો હોય તો એ જોવાથી એને પોલીસ પકડવા આવે એ પ્રકારનો માહોલ એના પરિવાર માટે પણ ભયજનક હોય શકે છે અને એમાં જે સુધારો કર્યો છે એને હું આવકારું છું. બીજી વાત કરું તો આપણા સિનિયર સભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી રમણભાઇ સાહેબે જે વાત કરી તદન સાચી છે. હું ઘણી જગ્યાએ જોતો હતો ભૂતકાળમાં જ્યારે નાનો હતો ત્યારે ચાર રસ્તા પર બેઠાં હોય યુવાન મિત્રો અને વાતો કરતા હોય કે નોકરી કરવા માટે આપણે કોઇ પરીક્ષા આપવાની જરૂર નથી સરળતાથી નોકરી મળી જશે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પછી આ બધી વાતો ચોરા પર જે થતી હતી એ તમામ વાતો પર પૂર્ણવિરામ આવી ગયું છે. જે આ બિલ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એ બિલને મારું સમર્થન આપુ છું. જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : ગરમ નાસ્તો અહીંયા તૈયાર છે. બંને દંડકશ્રીઓ કોરમ જળવાઇ રહે અને એ પ્રમાણે નાસ્તો કરવા જઇ અને સભ્યશ્રીઓ ફરી પાછા અંદર આવી શકશે. માનનીય સી.કે. રાઉલજી.

**સભાપતિશ્રી શ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા બાબતનું જે વિધેયક છે તેને આવકારું છું અને સમર્થન પણ આપું છું અને તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજયમંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે આ આજના વિધેયકમાં અસામાજિક તત્ત્વો દ્વારા સરકારી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિ આચરીને પરીક્ષાનું પેપર ફોડવા જેવી ઘટનાઓને અંજામ આપવામાં આવતો હોય છે અને આ કારણે સરકારી ભરતી પ્રક્રિયા દુષિત થાય છે તથા પ્રતિભાશાળી ઉમેદવારોને પણ અન્યાય થતો હોય છે પરિણામ સ્વરૂપ સરકાર દ્વારા પરીક્ષાઓનું ફરીથી આયોજન કરવાની ફરજ પડતી હોય છે જેથી સરકારના વહીવટી અને નાણાકીય સ્ત્રોતો ઉપર બેવડો માર પડતો હોય છે. સરકારને જરૂરી અધિકારીઓ અને કર્મચારીઓ સમયસર મળી શકતાં નથી અને ભરતી પ્રક્રિયા લંબાતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારની ઇચ્છાશકિત છે ત્યારે આ વિધેયક આજે આ સન્માનીય સભાગૃહમાં મારી સરકારે રજૂ કર્યું છે. આ જે વિધેયક છે તે યુવા પેઢીને આશીર્વાદરૂપ આ વિધેયક બની રહેવાનુ છે. પરીક્ષા આપવાના તબક્કા સુધી પહોંચતા યુવાનોને અનેક ચેલેન્જો, મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડતો હોય છે. અમારી સરકારે આવા યુવાનોને પ્રાથમિક શિક્ષણથી લઇને ઉચ્ચ શિક્ષણ સારું મળી રહે તે માટે તમામ પ્રયત્નો પણ કર્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે ગરીબ, મધ્યમ વર્ગનો પરિવાર હોય જયારે તેમના દીકરા-દીકરીઓને ઉચ્ચ અને સારું શિક્ષણ તે લોકો અપાવતા હોય છે અને દીકરા-દીકરીના માતા-પિતાની તેમની પાસે ખૂબ મોટી અપેક્ષાઓ હોય છે અને જો સારી નોકરી મળે તો તેમનુ ભવિષ્ય ઉજ્જવળ બને એવી માતા-પિતાની હંમેશા ચિંતા રહેતી હોય છે. તેઓ તેમની જેટલી ફી હોય તે ફી પણ તેમના પગારમાંથી ભરતા હોય છે. પગારમાંથી ફી ભરે, જરૂર પડે તો લોન મેળવે અને તે લોકો તેમની જે કંઇ ફી ભરવાની હોય તે ફી પણ પૂરેપૂરી ભરે છે. અભ્યાસ માટે સરકારી સહાય મેળવવાની હોય તો તેના માટે પણ પ્રક્રિયા કરતા હોય છે અને પછી જયારે પરીક્ષાઓમાં પેપર ફોડવા અથવા પરીક્ષાઓમાં ગેરરીતિ આચરીને પ્રતિભાશાળી ઉમેદવારોને અન્યાય થાય ત્યારે વાલીઓને ઘણું દુઃખ થતુ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના પણ અનેક ગરીબ, મધ્યમ પરિવારના જે યુવાન વિદ્યાર્થીઓ છે તે ખૂબ મહેનત કરી અને જયારે પરીક્ષાઓ પાસ કરે, ઉચ્ચ સરકારી નોકરી પણ મેળવે ત્યારે વાલીઓને સામાન્ય નોકરી ધંધો કરતા હોય અને તેમના દીકરા-દીકરીને જયારે સરકારી નોકરી મળતી હોય છે ત્યારે તેમને અપાર આનંદ પણ મળતો હોય છે. આજે આવા પરિવારો આ વિધેયક આવતા સરકારને ખૂબ જ આશીર્વાદ આપશે અને જયારે ગરીબ પરિવારોના આશીર્વાદ સરકારને મળતા હોય છે ત્યારે આપણે કહીએ કે **"કર્મ કીયે જા ફલ કી ઇચ્છા ન રખ ઇન્સાન, જૈસા કર્મ કરેંગા વૈસા ફલ દેગા ભગવાન "** અમારી સરકાર કર્મ કર્યે જાય છે અને તેમના આશીર્વાદ અમારી સરકારને હંમેશા મળતાં આવ્યા છે અને ભવિષ્યમાં પણ મળતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જયારે આ સરકારી ભરતીના તબક્કા સુધી કોઇ દીકરા-દીકરી પહોંચતા હોય છે ત્યારે તેમને ત્યાં સુધી પહોંચતા અનેક સંઘર્ષ કરવો પડતો હોય છે. આપણે જોઇએ કે હું જે વિસ્તારમાંથી આવું છું તે ગ્રામ્ય વિસ્તારમાં અનેક વર્ષો પહેલાં જયારે અમારી સરકાર નહોતી ત્યારે જે દીકરા-દીકરી અભ્યાસ કરતા હતા તે ઇલેક્ટ્રિક થાંભલાની સ્ટ્રીટ લાઇટમાં તેની નીચે બેસીને ભણતાં હતા. આજે અમારી સરકારે જયોતિ ગ્રામ યોજના અમલમાં મૂકી આજે ૨૪ કલાક લાઇટ મળે, તેમને અભ્યાસ કરવામાં તકલીફ ના પડે. અગાઉ આપણે જોયુ છે વર્ષો પહેલાં કે પ્રાથમિક શાળાની અંદર પૂરતાં પ્રમાણમાં ઓરડાંઓ પણ ના હોય, શિક્ષકો પણ ઉપલબ્ધ ના હોય, કોઇ ઇન્ફ્રાસ્ટ્રકચર પણ ઉભું ના હોય આજે અમારી સરકારે પ્રાથમિક શાળાના અદ્યતન મકાનો બનાવ્યાં, ખૂટતાં શિક્ષકોની ભરતી કરી, સ્માર્ટ કલાસ બનાવ્યાં, પ્રજ્ઞા કલાસીસ બનાવ્યાં, કોમ્પ્યુટરનું એજયુકેશન આપ્યું, સારામાં સારું શિક્ષણ આ દીકરા-દીકરીને મળે તેની ચિંતા અમારી સરકારે કરી છે. એટલુ જ નહીં ૧૦મું ધોરણ, ૧૨માં ધોરણના પરીક્ષાના કેન્દ્રો દરેક તાલુકામાં, જિલ્લામાં સરકારી કોલેજો અમારી સરકારે વિદ્યાર્થીઓના શિક્ષણમાં ખૂબ ચિંતા કરી છે. અમારી સરકારે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કૉલેજો શરૂ કરતાં ગ્રામ્ય વિદ્યાર્થીઓ પણ તેનો લાભ મેળવે છે અને તેઓ પરીક્ષા પાસ કરીને સરકારી નોકરીની ભરતી માટે પરીક્ષા પણ આપી

શકે છે. ભૂતકાળમાં આપણને ખબર છે કે અનેક વર્ષો પહેલાં સરકારી ભરતી ઉપર પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. અમારી સરકારે ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરથી સરકારમાં ભરતી કરવાની શરૂઆત કરી અને આજે લાખો વિદ્યાર્થીઓને સરકારી નોકરી મળી રહી છે. આ વિધેયકમાં જોઇએ તો ગુનાહિત કૃત્ય કરનાર સામે કડક પગલાં ભરવાની, દંડની અલગ-અલગ જોગવાઇઓ કરી છે. એ બધી હું વાંચતો નથી અને સમય પણ વધારે થયો છે એટલે વધારે સમય લેતો નથી પણ આ વિધેયકને હું સમર્થન આપું છું અને ફરી એક વખત આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય મુખ્યમંત્રીશ્રી જે ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)નું વિધેયક,૨૦૨૩ લઇને આવ્યા છે એને અમે સમર્થન આપીએ છીએ અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો સરકારનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર એટલા માટે માનીશ કે અમારા સિનિયર ધારાસભ્ય આદરણીય અર્જુનભાઇએ જે સજેશન કર્યું, જે વેદનાસભર વાત કરી એને સરકારે હકારાત્મક રીતે લઇ તાત્કાલિક એમાં સુધારો કરીને જે સુધારો મોકલાવ્યો એ બદલ અભિનંદન આપું છું. હમણાં જ વાત થઇ કે જ્યારે આદરણીય નરેન્દ્રભાઇ મોદી અહીં મુખ્યમંત્રી હતા ત્યારે કહેતા હતા કે `` Action is more necessary than act and will is more important than Bill" એટલે કોઇ પણ કાયદો બનાવવો એના કરતાં એની અસરકારકતા અને એનો અમલ વધુ મહત્ત્વનો છે અને કોઇ પણ કાયદા માટે કડક પગલાં લેવાય એ બહુ મહત્ત્વનું છે. આઇ.પી.સી.માં ચોરી અટકાવવા બાબતેની જોગવાઇ કરેલ હતી. આઇ.પી.સી. -૪૨૦,૪૦૬, ૧૧૪ હોય કે ૧૨૦-બી હોય આ તમામ જોગવાઇ બિન જામીનપાત્ર હતી. ગુજસીટોકના કાયદામાં પણ આવી સંગઠિત રીતે જે ગુનાઓ કરતા હોય એની જોગવાઇ હતી. અમારા સિનિયર સભ્યએ કહ્યું કે આ કાયદાનું યોગ્ય રીતે પાલન થઇ અને સારી રીતે ગુના દાખલ થયા હોય તો આજે આ કાયદો લાવવાની જરૂર ન પડી હોત. કોઇ પણ એફ.આઇ.આર. થાય, કોઇ પણ વ્યક્તિના વિરુદ્ધમાં ગમે તેટલી ગંભીર પ્રકારની સેક્શનની એફ.આઇ.આર. થાય એ જામીનપાત્ર હોય કે બિન જામીનપાત્ર હોય, કમ્પાઉન્ડેબલ હોય કે નોન કમ્પાઉન્ડેબલ હોય પણ માત્ર એફ.આઇ.આર. મહત્ત્વની નથી. એફ.આઇ.આર. થાય પછી એનું ઇન્વેસ્ટિગેશન થાય, ઇન્વેસ્ટિગેશન પછી એનો ટ્રાયલ ચાલે અને સજા થાય પણ હમણાં જ એન.સી.આર.બી. (નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરો)નો રિપોર્ટ રજૂ થયો અને એ રિપોર્ટમાં એવું લખવામાં આવ્યું છે કે conviction rate in serious IPS cases highest in non BJP states એટલે કે જે રાજ્યોમાં બી.જે.પી.ની સરકાર નથી એવા રાજ્યોમાં જે સજા કરવામાં આવે છે એ બહું ઊંચો છે અને ભાજપનું શાસનમાં જે રાજ્યોમાં ચાલી રહ્યું છે એમાં conviction rate ઓછો છે. 'ધ વાયર' નામના મેગેઝિનમાં સપ્ટે.-૨૦૨૨માં આર્ટિકલ રજૂ થયો છે. તેમાં મિઝોરમમાં ૯૬.૦૭ ટકા, કેરાલામાં ૮૬.૦૫ ટકા, આંધ્રપ્રદેશમાં ૮૪.૦૭ ટકા, તમિલનાડુમાં ૭૩.૦૩ ટકા, નાગાલેન્ડમાં ૭૨.૦૧ ટકા, તેલંગણામાં ૭૦.૦૧ ટકા અને ગુજરાતમાં માત્ર ૨૧.૦૧ ટકા કન્વીક્શન રેટ છે. આ બધા રેટ ગંભીર પ્રકારના ગુનાઓ જેવાં કે મર્ડર, એસિડ એટેક, સેક્સયુઅલ હેરેસમેન્ટ કે પોસ્કો વગેરેના છે અને આવા ગુનાઓમાં ૭ વર્ષ કે આજીવન કેસની સજાની જોગવાઈ છે. પોસ્કોનો કાયદો કડક બનાવ્યો પણ થોડા દિવસ પહેલાના જ એક મેગેઝિનમાં હતું કે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં પોસ્કો એક્ટમાં ૩૯૮ ટકાનો વધારો થયો. વર્ષ ૨૦૧૪માં પોસ્કોના ૬૧૩ કેસ નોંધાયેલા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૪૪૩ કેસ નોંધાયા. મારો કહેવાનો અર્થ છે કે માત્ર કાયદો બનાવવાથી કે તેમાં સખત જોગવાઈ કરવાથી કે કડક સજાઓ કરવાથી લોકોને ન્યાય મળવાનો નથી. ગુનેગારોને સજા થાય તે માટે આપણે ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. સૌથી પહેલા કાયદાની અંદર એક સિદ્ધાંત છે mens rea. કોઈ પણ ગુનો ક્યારે બને જ્યારે તમારા મગજમાં કોઈ ગુનાહિત બદઈરાદો ઉત્પન્ન થાય અને જ્યાં સુધી કોઈ પણ આરોપીનો ગુનાહિત બદઈરાદો સાબિત ન થાય ત્યાં સુધી તેને ગુનેગાર તરીકે સાબિત કરી શકાતો નથી. છેલ્લા ૧૦ કે ૧૫ વર્ષથી ગુજરાતના યુવાનોમાં આ ચોરી કરવાનો ગુનાહિત બદઈરાદો કઈ રીતે આવ્યો તે સૌથી પહેલા વિચારવાની જરૂર છે. તેના માટે કોઈ જવાબદાર હોય તો તે માત્ર ભાજપની સરકાર છે. કોઈ પણ પ્રકારની વ્યવસ્થા વિના આડેધડ સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓને મંજૂરી આપવામાં આવી અને તેના ઉપર પરીક્ષામાં કોઈ નિયંત્રણ રાખવામાં આવ્યું નથી. આજે પણ તમારે એમ.એસ.સી. કે બી.એડ. કરવું હોય તો એક પણ દિવસ યુનિવર્સિટીમાં જવાની જરૂર નથી. તમને પરીક્ષામાં પેપર લખાવી દે અને ૮૦ થી ૯૫ ટકા આપી દે. આવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી કરવાની ટેવ પડી ગઈ હોય છે અને જ્યારે આવી જાહેર પરીક્ષામાં તે કોમ્પીટ ન કરી શકતો હોય ત્યારે તેના મગજમાં આ બદઈરાદો પેદા થાય છે. સૌથી પહેલા તો જ્યાં સુધી આ વ્યવસ્થા નહિ બદલાય ત્યાં સુધી આપણે ગમે તેવા કાયદાઓ બનાવીશું તો તેનો અસરકારક અમલ નહિ થાય. માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી સંવેદનાસભર વાત કરી. તેમણે કહ્યું કે અમે કોઈ ચમરબંધીને છોડતા નથી. હું પુરાવા સાથે વાત કરું છું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ચાર અધિકારીઓની ભરતી માટે જાહેરાત ક્રમાંક-૧૬, ૨૦૨૨ અંતર્ગત તા.૦૫/૦૭/૨૦૨૨ના રોજ જાહેર પરીક્ષા લેવામાં આવી. પરીક્ષા પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીને ત્રણ નામ આપી દેવામાં આવ્યા. ત્રીજા કે ચોથા દિવસે ઈન્ટરવ્યુ થયું. સરકારે તેની તપાસ કમિટી નિમી તે બદલ હું સરકારને અભિનંદન આપીશ. તપાસ કમિટીમાં જે ચાર નામ આપવામાં આવ્યા હતા તેમાંથી એડવાન્સમાં જે ત્રણ અધિકારીઓના નામ આપ્યા હતા તેનું સિલેક્શન થઈ ગયું. તપાસ અધિકારીએ તપાસ કરી અને તપાસનો રિપોર્ટ આવે તે પહેલાં યુનિવર્સિટીએ તે લોકોને એપોઈન્ટમેન્ટ ઓર્ડર આપી દીધા. ઘણીવાર ચોરી થતી હોય પણ આ ચોરી બહાર આવતી નથી. મેં માનનીય મંત્રીશ્રીને પણ વાત કરી હતી કે વર્ષ ૨૦૧૭ની અંદર જાહેરાત ક્રમાંકઃ ૨૬/૨૦૧૭ અને ૨૧/૨૦૧૯ થી કુલ ૩૫ જગ્યાઓ માટે જાહેર પરીક્ષા લેવામાં આવેલ. માનનીય મંત્રીશ્રી બહુ

ગંભીરતાપૂર્વક વિચારજો. આની અંદર ૩૫૨૩ ઉમેદવારો હાજર રહ્યા અને આ ૩૫૨૩ ઉમેદવારોની અંદર જે પરીક્ષાઓ થઇ એના છ મહિના પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીની ઓફિસની અંદર ઇનવોલ્વ થયેલ ૧૫ નામ આપવામાં આવ્યા. વિદ્યાર્થી સંગઠનોએ પણ રજૂઆત કરી, મને પણ રજૂઆત કરી, મેં ૧૫ વખત રજૂઆત કરી. એ જે ૧૫ નામો આપવામાં આવ્યા હતા એમાંથી ૧૩ જણાનું સિલેક્શન થયું અને તા. ૨૦/૦૩/૨૦૨૦ના રોજ પરિણામ જાહેર થયું અને એ જ દિવસે નિમણૂકની બહાલી માટે કારોબારી બોલાવવામાં આવી અને એ જ દિવસે એપોઇન્ટમેન્ટ ઓર્ડર આપી દેવામાં આવ્યા અને ઉમેદવારોને હાજર પણ કરી દેવામાં આવ્યા. એમાંથી કેટલાક ઉમેદવારો મોડાસાના હતા. મોડાસાથી પાટણ આવતા ત્રણથી ચાર કલાકનો સમય થાય. તો એમને કેવી રીતે ખબર પડી કે બપોરે બે વાગ્યે કારોબારી છે અને અમારું સિલેક્શન થયું છે. એટલે આની અંદર કોઇ ગેરરીતિ થઇ નહોતી પરંતુ, માસ્ટર માઇન્ડથી અથવા વ્યવસ્થાનો દુરુપયોગ કરી ઘણીવાર આવી ભરતીઓ કરી દેવામાં આવતી હોય છે. એના નામ એડવાન્સમાં આપી દેવામાં આવે અને એ નામ સાચા પડે અને છતાં પણ સી.આઇ.ડી. ક્રાઇમ અને એ.સી.બી.છેલ્લા બે વર્ષથી તપાસ કરી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણીસાહેબ અને શ્રી ભૂપેન્દ્રભાઇએ પણ આ બાબતે ખાતરી આપેલી પણ હજુ સુધી કોઇ તપાસ થઇ નથી. એટલે ઘણીવાર પરીક્ષાની અંદર ગેરરીતિ કર્યા સિવાય પણ સત્તા અને સંસ્થાનો દુરુપયોગ કરીને જે રીતે ભરતી કરવામાં આવે છે. આના માટે કડકમાં કડક સજા થાય અને પૂરતી તપાસ થાય એવી વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એના ઉદ્દેશો અને કારણોની અંદર જણાવ્યું છે અને એની અંદર કાયદાપંચના અહેવાલની વાત કરી છે. ૧લી જુલાઇ ૨૦૨૨ ના દિવસે જસ્ટિસ શ્રી એમ.આર.શાહ દ્વારા જે આ લૉ કમિશન બનાવવાનું હતું એનો રિપોર્ટ આપવામાં આવ્યો. એ રિપોર્ટ આપ્યા પછી ડિસેમ્બર અને સપ્ટેમ્બરમાં એમ બે વખત વિધાનસભા મળી. જો રાજ્ય સરકારને વિદ્યાર્થીઓની ચિંતા હોત તો કદાચ આ બિલ વહેલા લાવ્યા હોત અને હમણાં જે ૯ કે ૧૦ લાખ વિદ્યાર્થીઓને સજા ભોગવવી પડી હતી એ ન ભોગવવી પડત. ૧લી જુલાઇ ૨૦૨૨ના દિવસે જે રિપોર્ટ રજૂ કર્યો છે એની અંદર ત્રણ મહત્ત્વની બાબતો હું ગૃહ સમક્ષ રજૂ કરવા માંગું છું.

અધ્યક્ષશ્રી : કોઇપણ પંચનો અહેવાલ સ્વીકારવો એ સરકાર માટે ફરજિયાત નથી. કોઇપણ કમિશનનો રિપોર્ટ આવે એટલે એ કમિશનની સો ટકા અમલવારી કરવી એ રાજ્ય સરકારને બંધનકર્તા નથી. જે આપની જાણ સારું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રિપોર્ટના અહેવાલના આધારે આ કાયદો બનાવવાની જરૂર પડી છે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલા માટે એક જ ઓબ્ઝર્વેશન વાંચીશ. એમાં લખ્યું છે કે, '' Lakhs of youths have been deprived of jobs because of scam during exams. Cancellation of exams may break down the moral of youths who have been affected by unemployment even fate of hardworking students may be shied through such paper leaks.''અને સૌથી મહત્ત્વની બાબત એ લખી છે કે, "However it needs to observe that one of the reasons behind paper leaks may be corruption due to the involvement in influential people in State Government. But unfortunately they are never caught." એટલે કે, જે લાગવગ વાળા લોકો હોય એ આની અંદર વધુ પડતા ઇન્વોલ્વ હોય છે પરંતુ એ લોકો પકડાતા નથી. એટલે સાચુ ઇન્વસ્ટીગેશન થાય, એની તપાસ થાય અને સાચુ ઇન્વેસ્ટીગેશન ત્યારે જ થઇ શકે કે કોઇપણ કાયદાની અંદર ઇન્વેસ્ટીગેશનની સમયમર્યાદા નક્કી કરવામાં આવે. એક ઉદાહરણ આપું કે, આની અંદર હાથથી લખેલા પેપરની જોગવાઇ કરવામાં આવી છે. કોઇ જાહેર પેપર મારી પાસે આવ્યું અને મેં મારા હેન્ડ રાઇટીંગની અંદર એ પેપર કોઇને વોર્ટસઅપમાં આપ્યું તો પોલીસ મને પકડશે કે તમે લખેલું છે. મને ગુનેગાર ઠેરવવા માટે મારુ રાઇટીંગ લઇને હેન્ડ રાઇટીંગ એક્સપર્ટમાં મોકલવું પડશે. હવે એફ.એસ.એલ.ની અંદર એટલું બધુ વેઇટીંગ છે કે ત્રણ કે ચાર વર્ષ સુધી એનો વારો જ આવતો નથી. એટલે કાયદાની અંદર એક સિદ્ધાંત છે કે Justice delayed is Justice denied મોડો ન્યાય મળ્યો એ ન્યાય ન મળ્યા બરાબર છે. એટલે આ કાયદાની અંદર એવી જોગવાઇ કરવામાં આવે કે એક વર્ષ કે બે વર્ષની અંદર એની સમયમર્યાદા નકકી કરી અને એની ઇન્વેસ્ટીગેશનની સમયમર્યાદા નક્કી થાય તથા એના ટ્રાયલની સમયમર્યાદા નકકી થાય, તો ખરેખર જે ગુનેગાર છે તે પકડાશે અને સાચા ગુનેગારને સજા થશે. આની અંદર હમણાં જ અમારા સભ્યશ્રીએ વાત કરી કે શા માટે આપણે શ્રી હસમુખ પટેલને એપોઇન્ટમેન્ટ કરવા પડ્યા? આવી જે જાહેર પરીક્ષા હોય, યુનિવર્સિટીના કુલપતિ હોય એ ખરેખર કોઇ રાજકીય પીઠબળ ધરાવતા ન હોવા જોઇએ. તટસ્થ, અનુભવી અને પ્રમાણિક અધિકારીઓને જો આવા શિક્ષણ બોર્ડ અથવા પરીક્ષા બોર્ડના સભ્યશ્રી તરીકે અથવા સચિવશ્રી તરીકે જવાબદારી આપવામાં આવે તો એના લીધે આપણે ઘણો બધો સુધારો કરી શકીશું. એની અંદર ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૬ ની વાત કરી છે. સૌથી પહેલા તો અભિનંદન આપીશ કે તમે ભારતના બંધારણને સ્વીકાર્યુ છે અને તમે સ્વીકારો છો. ઘણીવાર બંધારણનું પાલન થતું નથી. પરંતું આમાં તમે સ્વીકાર્યુ છે. આર્ટિકલ ૧૪ની અંદર જે ફન્ડામેન્ટલ રાઇટ્સ છે, એ આર્ટિકલ ૧૪ની અંદર જણાવ્યું છે કે, "Article-14 of the Constitution of India provides for equality before the law and equal protection of the laws within the territory of India and Article-16 implies- covers the right to equality of opportunity in matters relating to public employments." એટલે આ બાબત તમે સ્વીકારીને જે કાયદો લાવ્યા છે તે બદલ અભિનંદન આપું છું. જે મહત્ત્વના સૂચનો છે એ વિશે જણાવું તો તમે આની અંદર કલમ-૨માં મૂલ્યાંકનની વાત કરી છે પણ પુનઃ મૂલ્યાંકનની કોઇ જોગવાઇ નથી એટલે ઘણીવાર કોઇ વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થયો અથવા નપાસ થયો અને પુનઃ

મૂલ્યાંકનની અંદર કોઇ ગેરરીતિ કરે તો એની જોગવાઇ કરવામાં આવી છે એની જે અનુસૂચિ દર્શાવી છે એ અનુસૂચિની અંદર તમે સહકારી સંસ્થાઓનો સમાવેશ કર્યો નથી. ઘણી બધી સહકારી સંસ્થા હોય એ મોટા પાયે ભરતીઓ કરતી હોય છે. હમણાં અમારી મહેસાણા ડિસ્ટ્રિક્ટ બેંકની અંદર ભરતી થઇ. માનનીય મંત્રીશ્રી અહીં બેઠા છે. એટલે ડિરેક્ટરો સભ્યો વહેંચી લે છે. તમે પણ જાણો છો. સામે બેઠેલા પણ સારી રીતે જાણે છે. ખરેખર કવોલિફાઇડ અને જરૂરિયાત વાળા વિદ્યાર્થીઓ અથવા ઉમેદવારોની પસંદગી થાય. સહકારી સંસ્થાઓને પણ આની અંદર સમાવી લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, તમે માધ્યમિક શિક્ષણ બોર્ડ અને યુનિવર્સિટીને બાકાત કર્યા, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર બાકાત કરવાની જરૂર માત્ર પરીક્ષા પૂરતી જ છે. યુનિવર્સિટીની અંદર અથવા માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદર અથવા ઘણીબધી એવી સંસ્થાઓ છે. એમાં કર્મચારીઓની જે ભરતી થાય છે એ ભરતીમાં જે પરીક્ષા લેવાય છે એ પરીક્ષાને આ કાયદાની અંદર સમાવવી જોઇએ. એટલા માટે કે તમે કાયદાની અંદર એવું પ્રોવિજન કર્યું છે કે આખરી નિર્ણય જે તે સત્તા મંડળનો રહેશે. યુનિવર્સિટીની અંદર દાખલા તરીકે કોઇપણ યુનિવર્સિટી હોય તો માનનીય મંત્રીશ્રી, એનું આખરી સત્તા મંડળ એ યુનિવર્સિટીની કારોબારી હોય છે. જયારે *(xxx) ત્યારે માનનીય મંત્રીશ્રી, ન્યાય મળવાની આશા કયાંથી રખાય?

સભાપતિશ્રીઃ આગળ ચર્ચા કરી કે જો એમ જ કરીએ તો સરવાળે પોલીસ ખાતું હાવી ન થઇ જાય.

ડોઇ કિરીટકુમાર પટેલ: ના. એમાં નહીં સાહેબ. વિદ્યાર્થીઓ માટે નહીં સાહેબ.

સભાપતિશ્રીઃ પૂરું સાંભળો. આપણી જે ચર્ચા થઇ એ પ્રમાણે. અને એટલા માટે આ છૂટ એમને આપી છે કે આ છૂટ છે એનો જે તે સંસ્થા ઉપયોગ કરે. એટલે આપણા વિદ્યાર્થીઓને સીધેસીધા પોલીસને સોંપાય નહીં. વિષય આટલો જ છે.

ડો. કિરીટકુમાર પટેલ: એ સુધારો કર્યો છે એને અમે આવકારીએ છીએ અને એ સુધારો જરૂરી હતો, પણ આવી સંસ્થાઓમાં જે કર્મચારીઓની નિમૂણક થાય કે જે જાહેર પરીક્ષા લેવામાં આવે, વિદ્યાર્થીઓની પરીક્ષા નહીં. જે જાહેર પરીક્ષા નિમણૂક માટે લેવામાં આવે એ જાહેર પરીક્ષા આની અંદર આ કાયદા નીચે સમાવવામાં આવે. તો એમને કાયદાનો ડર રહેશે. એ મારું સૂચન છે.

બીજું કે આની અંદર કેન્દ્ર સરકાર દ્વારા ઘણીબધી પરીક્ષાઓ લેવામાં આવે છે. યુ.પી.એસ.સી., રેલવે ભરતી બોર્ડ આવી ઘણી બધી પરીક્ષાઓ ગુજરાતની અંદર લેવામાં આવે છે. આવી પરીક્ષાઓની અંદર કોઇ ગેરરીતિ થાય તો એના માટેની કોઇ જોગવાઇ આ કાયદાની અંદર કરવામાં આવી નથી. એટલે જે સેન્ટ્રલ બોડી હોય, એ કેન્દ્ર સરકારની બોડી દ્વારા ગુજરાતની અંદર પરીક્ષાઓ લેવામાં આવે એની અંદર જો ગેરરીતિ થતી હોય તો એનો પણ આ કાયદામાં ...

સભાપતિશ્રીઃ એ સમાવેશ છે જ.

ડો. કિરીટકુમાર પટેલ: નથી સાહેબ આમાં અનુસૂચિમા...

સભાપતિશ્રીઃ અનુસૂચિ જોઇ લો ને. અનુસૂચિ જોઇ લો.

ડો. કિરીટકુમાર પટેલ: અનુસૂચિમાં છે જ નહીં સાહેબ આમાં.

સભાપતિશ્રીઃ જોઇ લો.

ડો.કિરીટકુમાર પટેલ: ગુજરાત જાહેર સેવા આયોગ...

સભાપતિશ્રીઃ યસ. ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ.

ડો.કિરીટકુમાર પટેલ: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.

સભાપતિશ્રીઃ હં. છે ને? જી.પી.એસ.સી. એટલે એ કલાસ વનની...(અંતરાય) પૂરું સાંભળી લો ભાઇ. આઇ.એ.એસ. અધિકારી પછીની નીચલી કેડર છે ગુજરાત સરકાર માટે. GAS કેડર છે અને એ GAS કેડરની પરીક્ષા એ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન લે છે. જે અનુસૂચિમાં આપેલી છે. હવે તમારો સમય પણ આમ પૂરો થઇ ગયો છે. અને ચાવડા સાહેબ પાછળ બેઠા છે. રાહ જૂએ છે. એટલે હવે બેસી જાઓ તો ચાવડા સાહેબનો નંબર આવે. તમે ઊભા છો એટલે પેલા આવી શકતા નથી. ચાલો, ચાલો. પૂરું કરો.

ડો. કિરીટકુમાર પટેલ: થેન્ક યુ.

સભાપતિશ્રીઃ તમારા પર ગેનીબેન પણ કયારનાયે ખીજાયેલા છે. ડો.સી. જે. ચાવડા સાહેબ.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે. એ કાયદાને અમારું પૂરેપૂરું સમર્થન છે. એ સમર્થન એટલા માટે છે કે આ ગુજરાતની યુવા પેઢીની ચિંતા જે વહેલા કરવી જોઇતી હતી. એ આજે પણ કરી છે. બહુ ટીકા ટીપ્પણમાં પડયા વગર. કેમ કે સરકારે સ્વીકાર્યુ જ છે કે કાયદો કેમ લાવવો પડ્યો. લો કમિશનનો રિપોર્ટ પણ સ્વીકાર્યો છે. ઉદ્દેશમાં પણ સ્પષ્ટ એમણે કહ્યું છે કે આ ભરતી પ્રક્રિયાની જે પરીક્ષા થાય છે. એમાં જે પેપર ફૂટે છે. એના કારણે લાખો બેરોજગાર યુવાનોનું ભવિષ્ય રૂંધાય છે. એ બધી વાતો સ્વીકારી છે. સાથે સાથે કોંગ્રેસ પાર્ટીના અમારા આગેવાનો દ્વારા જે રજૂઆતો થઇ. આમ તો એમણે પૂર્વ ભૂમિકામાં સ્વીકાર્યુ હતું રાજયના ગૃહમંત્રીએ કે મારું મન ખુલ્લું છે. આ કાયદો એ આ પક્ષનો કે પેલા પક્ષનો નથી, પરંતુ સમગ્ર ગુજરાતની જનતા અને સમગ્ર ગુજરાતની ભાવિ પેઢી માટેનો કાયદો છે. જે ગણ્યાગાંઠ્યા અસામાજિક તત્ત્વો નકસસ ઊભો કરીને પેપર ફોડવાની અસામાજિક પ્રવૃત્તિ કરે છે, એને આપણે કોઇપણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભોગે અટકાવવાનું છે. એમાં કદાચ કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય, કોઈ સુધારો કરવા યોગ્ય હોય તો પણ મારું મન ખુલ્લું છે. એ એમણે સ્વીકાર્યુ છે. એ બાબતે પણ એમને અભિનંદન પણ આપું છું. અને સ્વીકાર્યું એ માત્ર વાતમાં નહીં, પણ રિપોર્ટનો અમલ પણ કર્યો છે. અને સુધારો કલમ ૪ માં જે પરીક્ષાર્થી છે, એક પરીક્ષાર્થી એવો છે કે જે ભરતી પ્રક્રિયામાં એની રીક્રુટમેન્ટ થવાની છે એ પરીક્ષા આપે છે એવો પરીક્ષાર્થી, બીજો પરીક્ષાર્થી એવો છે કે અનુસૂચિમાં જે પરીક્ષાઓ લે છે, એમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ, દસમાં અને બારમાં ધોરણની પરીક્ષા લે છે અથવા યુનિવર્સિટી જે પરીક્ષા લે છે અને પરીક્ષા આપે છે એવો પરીક્ષાર્થી. આ બન્ને પરીક્ષાર્થી જયારે કલબ કરેલા હતા ત્યારે એને શિક્ષાની જોગવાઇ સરખી થાય છે. એટલે એમણે સુધારો રજૂ કર્યો એમાં જે શિક્ષણ બોર્ડ છે એના હવાલે પરીક્ષાર્થી જે દસમાં અને બારમાંની પરીક્ષા આપે છે તેને મુકયા છે. હવે મારી વિનંતી એ છે કે તમે કલમ ૪ માં સુધારો કર્યો. માનનીય મંત્રીશ્રી, હવે સજાની જોગવાઇ જે કલમ ૧૨માં છે. એ કલમ ૧૨ માં પરીક્ષાર્થી એવો જ શબ્દ વાપર્યો છે. એટલે ધારો કે તમે માધ્યમિક શિક્ષણ બોર્ડનો વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરતા પકડાયો કે પેપર ફોડવામાં આવ્યું અને માધ્યમિક શિક્ષણ બોર્ડને લાગ્યું કે આ ગુનામાં સંડોવાયેલો છે. હા, અથવા ના, હવે એને શિક્ષ કઇ ? કારણ કે તમે આમાં સ્પષ્ટતા નથી કરી. તમારે ૧૨ કલમમાં સુધારો કરવો પડે કે પરીક્ષાર્થી જે દસમાં અને બારમાં ધોરણમાં પરીક્ષા આપે છે તે અથવા યુનિવર્સિટીની પરીક્ષા આપે છે તે આ ગેરરીતિમાં પકડાય તો એની સજા કોણ કરે? એ સજા પણ માધ્યમિક શિક્ષણ બોર્ડ કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ કે યુનિવર્સિટી કરશે, એવું રાખવું પડશે. નહીંતર સજાની વાત આવશે ત્યારે કલમ ૧૨ પ્રમાણે એને ૩ વર્ષની જેલની સજા થશે. એક લાખ રૂપિયા દંડ થશે. અને અગેઇન ફોજદારી ધારાની કલમો છે એમાંથી તેને પસાર થવું પડશે. એટલે સજાની જોગવાઇ આ કાયદા મુજબ ચાલુ રહે છે આ પ્રમાણે જોતા. એટલે તમે વિચારી લેજો.

સભાપતિશ્રી : આમાં ચાવડા સાહેબ કલમ ૭ (ડ) માં સ્પષ્ટતા કરવામાં આવી છે તમે જે કહો છો તેની.

ડો. સી.જે. ચાવડા : જો કલમ ૭ (ડ) માં સ્પષ્ટતા થઇ હોય, મેં જોઇ નથી, પણ જો થઇ હોય તો વધુ સારું. તેમ છતાં માનનીય ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે બે ભાગ પડે. યુનિવર્સિટી અને દસમાં અને બારમાં ધોરણની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ એમાંથી બાકાત રહે અને તેની સજાની જોગવાઇ જુદી હોય અને જે બીજી જોગવાઇઓ છે તે પેપર ફોડવા માટેની પછી તે દસમાં ધોરણનું પેપર ફોડતો હોય કે બારમાં ધોરણનું પેપર ફોડતો હોય કે ભરતી પ્રક્રિયાનું પેપર ફોડતો હોય એ પેપર ફોડવા વાળી વ્યક્તિ છે તેના માટે સજાની કોઇ જોગવાઇ જુદી કરવાની જરૂર નથી. એને કડકમાં કડક સજા જે આપે રાખી છે સાત વર્ષ અને એક કરોડ રૂપિયા દંડ એનાથી પણ વિશેષ કરવી હોય તો પણ અમારો પક્ષ તમને ટેકો આપે છે. એમાં તમને છૂટ છે. અને તમે સુધારી શકો છો.

કલમ ૨૨માં બહુ સારી જોગવાઇ કરી છે. કલમ ૨૨ની જોગવાઇ છે કે બે વર્ષમાં આ કાયદો પસાર થયા પછી બે વર્ષમાં કંઇક વિસંગતતા લાગે, અથવા અમલીકરણમાં કંઇક પ્રોબ્લેમ ઊભો થાય અથવા તો પેપર ફોડનારા લાભ લઇ જાય અને પરીક્ષાર્થીઓ, દસમાં બારમાં ધોરણના નિર્દોષ માણસો દંડાઇ ન જાય તેવી કોઇ રજૂઆતો આવે તો તેનો પણ વિચાર કરીને સરકાર અધિનિયમમાં સુધારો કરી શકશે અને આગામી વિધાનસભામાં રજૂ કરી શકશે. એટલે મન બહુ ખુલ્લુ રાખ્યું છે. હવે મન ખુલ્લું રાખ્યું છે તેવું દિલ પણ ખુલ્લું રાખજો. અને એક શબ્દ મને બહુ સાંભળવા મળે છે. જયારથી હું આ ૨૦૦૨માં પહેલી વખત વિધાનસભામાં આવ્યો ત્યારથી ચમરબંધીને છોડવામાં નહીં આવે તે મને સંભળાય છે. તો આ ચમરબંધીની વ્યાખ્યા સ્પષ્ટ કરી દો તમે. આ ચમરબંધી છે કોણ? એની વ્યાખ્યા સ્પષ્ટ કરો. તમામ ગૃહ મંત્રીઓના મોઢેથી મેં સાંભળ્યું છે કે એક પણ ચમરબંધીને છોડવામાં નહીં આવે પણ પકડો તો છોડવાની વાત આવે ને. દરેક ચમરબંધી, એટલે ચમરબંધીની વ્યાખ્યા માનનીય ગૃહ મંત્રીશ્રી સ્પષ્ટ કરે.

સભાપતિશ્રી : એ ચમરબંધી મળતો જ નથી ને. ચમરબંધી મળતો નથી.

ડો. સી.જે. ચાવડા : એ ચમરબંધીને છોડવા માટે કાયદા વારંવાર લાવવા પડે છે. અને આપણે ઘણી વખત જાણતા પણ હોઇએ છીએ. પરંતુ એ કાયદાની એ પણ જોગવાઇ છે કે એક નિર્દોષ માણસને બચાવવા માટે સો ગુનેગારને જતા કરવા પડે તો જતા કરવા પડતા હોય છે. એ વાત સાચી છે. એટલે કદાચ એવા ચમરબંધીઓ અત્યાર સુધી રહી ગયા હોય, પણ હવે એક પણ ચમરબંધી ન રહે એવી જોગવાઇ તમે કરજો અને પકડજો એવી પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ લો કમિશનનો રિપોર્ટ, બીજું ત્રીજું, સરકારે ખુલ્લા મને સ્વીકાર્યું છે. અને ઉદેશ છે એમાં સ્પષ્ટતા બહુ સાચી રીતે કરવામાં આવી છે. કલમવાઇઝ વિવરણ કરવામાં આવ્યું છે. રહી ગયું હોય તો પણ કલમ ૨૨માં સુધારો બે વર્ષમાં કરીશું એવું પણ કહેવામાં આવ્યું છે. અને આજે જે સુધારો રજૂ કર્યો છે, આટલી વાયબ્રન્ટ સરકાર પહેલા કયારેય નહોતી. સુધારો પણ રજૂ કરી દીધો છે. કોંગ્રેસનો જે મેઇન મુદ્દો હતો તે સ્વીકારવા બદલ ભૂપેન્દ્રભાઇ તમારો આભાર માનું છું. વિશેષ વાત ન કરતા આ કાયદામાં અમારું પૂરેપૂરું આપને સમર્થન છે. જય ભારત...... ભારત માતાકી જય.......

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના વડા અને ભૂપેન્દ્રભાઇ પટેલ સરકારના સ્પષ્ટ ઈરાદાઓ સાથે ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા માટેનું બિલ સન ૨૦૨૩ માનનીય ગૃહમંત્રીશ્રીએ આ સભાગૃહ સમક્ષ મૂકયું છે. સવારથી આ ગૃહની અંદર આપણે ચર્ચાઓ સાંભળીએ છીએ હું માનું છું કે સમય પણ ઘણો થયો છે અને ચર્ચા હજું બાકી પણ છે. માનનીય ગૃહમંત્રીશ્રી હજી કેટલીક સ્પષ્ટતાઓ પણ કરવાના છે. આ ચર્ચા આપણે કરીએ છીએ. ભરતી ભરતી ભરતીની ચર્ચા આપણે કરીએ છીએ અને એટલા માટે સ્પષ્ટપણે એવું માનું છું ગુજરાતની અંદર ભરતી થઇ રહી છે એવું આ સભાગૃહે સ્વીકાર્યું છે અને એટલા માટે ભરતી પ્રક્રિયામાં કયાંક આવા અણબનાવ બને છે અને એટલા માટે આપણે એની

ચર્ચા કરીએ છીએ. સવાલ એ છે કે ગુજરાતની સરકાર એના સ્પષ્ટ ઈરાદા સાથે ભરતી કરે છે. હું કહેવા માગું છું. આ ગૃહમાં હું પહેલી વખત આવ્યો છું અને પહેલી વખત બોલું છું. માનનીય અર્જુનભાઇ મોઢવાડીયા સિનિયર છે એના જીવનના ચાર પાંચ અનુભવો કહ્યા છે. હું ગૃહની બહારના પણ મારા અનુભવો છે પરંતુ ચાર-પાંચ અનુભવો મારે કહેવા નથી કારણ કે સમય પણ નથી. પરંતુ મેં બહું સ્પષ્ટતા સાથે ઉલ્લેખ કરેલો છે કે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર ભરતી કરે છે અને એટલા માટે આ ચર્ચા થઇ છે હું એનો સાક્ષી છું. એટલા માટે મારે એક અનુભવ શેર કરવો છે. મેં ૧૯૯૨ની અંદર એન્જિનિયરિંગની પરીક્ષા પાસ કરી અને એ પાસ કર્યા પછી આર.ટી.ઓ. ઇન્સ્પેકટરની જગ્યા માટે જી.પી.એસ.સી.ના માધ્યમથી જાહેરાત બહાર પાડવામાં આવી હતી એની જાહેરાત થઇ એના ફોર્મ પણ ભરવામાં આવ્યા.

<u>સભાપતિશ્રી :</u> તકલીફો એન્જિનિયરોને જ પડે છે એવું લાગે છે.

શ્રી મહેશ કસવાલા : યસ સર. મેં જી.પી.એસ.સી. દ્વારા પરીક્ષા લેવામાં આવવાની હતી એનું ફોર્મ ભર્યું. મારી ફિઝિકલ લાયકાત હું ઉંચાઇમાં નાનો છું એટલા માટે મારે ૧૬૨ સે.મી. ની ઉંચાઇ જોઇતી હતી પણ ભણવામાં હું હોંશિયાર હતો બાકીના ક્રાઇટ એરિયામાં ફીટ થતો હતો પણ એક સે.મી. ઉંચાઇ વધારવા માટે મેં એક વર્ષ સુધી પુલપ્સ પણ કર્યા. પરંતુ સાહેબ પરિસ્થિતિ એ થઇ કે જયારે બધા ક્રાઇટ એરિયામાં આવવા માટે તેયાર હતો એમ ઈચ્છતો હતો કે હમણાં ઇન્ટરવ્યું આવશે હું આર.ટી.ઓ. ઇન્સ્પેકટર બની જઇશ આવતી કાલ સવારે સરકારનો ઓફિસર બની જઇશ પણ સાહેબ છાપામાં વાચ્યું એ વખતની કોઇ રાજય સરકાર ઉપર આક્ષેપ કરવા નથી માગતો પણ પરિસ્થિતિના સંદર્ભમાં વાત કરું છું. સવારે છાપમાં વાચ્યું કે તમામ સરકારની ભરતી પ્રક્રિયા ઉપર દસ વર્ષનો પ્રતિબંધ છે. કોણ હતું કોણ નહિ ઈશારામાં સમજી શકાય તેવી બાબત છે. એટલા માટે સાહેબ એક રાજય સરકારના કર્મચારી તરીકે મને જે તક નથી મળી એ કર્મચારી બનવાતી તક મને નથી મળી એ તક મને ભારતીય જનતા પાર્ટીએ તક આ ગૃહમાં આપી છે એને વંદન કરું છું આ ગૃહને વંદન કરું છું. આપણે ભરતી પ્રક્રિયાની વાત કરીએ મેં કહ્યું કે ભરતી થાય છે હું જોતો હતો સભ્યો જયારે બોલતા હતા ત્યારે સમર્થન જાહેર કરતા હતા અને એ જાહેર કર્યા પછી પશ્ચાદભૂમિકામાં તર્ક અને વિતર્ક કરતા હતા. સૂચનો કરતા હતા કયાંક બિલની અંદર સ્વયં સ્પષ્ટ કેટલીક બાબતો હતી છતાં પણ પોતાની એકસપર્ટાઇઝ માટે પોત પોતાના અનુભવ માટે કેટલાક તર્ક કહ્યા. હું એમ માનું છું કે કેટલીક બાબતો સ્વયં સ્પષ્ટ હતી માનનીય ગૃહમંત્રીશ્રીએ મોટું મન રાખ્યું એમણે ૧૮૨ ધારાસભ્યો સામૂહિક રીતે ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં આ બિલ લાવ્યા છે તેવી વાત કરીને મન ખુલ્લુ રાખ્યું હતું કે તમામ સભ્યશ્રીઓ જે પ્રકારના સજેશનો આપશે એને કલેકટીવ રીતે સરકાર વિચારશે અને જરૂર પડશે તો એ સુધારોઓનો ઉમેરો કરવામાં આવશે. તેમ છતાં કયાંક પોલિટિકલ બાબતો પણ કહી. કોઇ સભ્ય એમ કહેતા હતા કે ૧૩ વખત, કોઇ સભ્ય એમ કહેતા હતા કે ૧૪ વખત પેપર ફૂટ્યું છે કોઇ સભ્ય એમ કહેતા હતા કે ૧૨ વખત પેપર ફૂટ્યું છે કોઇ સભ્ય એમ કહેતા હતા કે ૨૦૧૪થી પેપર ફૂટવાનો સીલસીલો ચાલુ થયો છે કોઇ સભ્ય એમ કહેતા કે સન ૨૦૧૨ પછી પેપર ફૂટવાનો સીલસીલો ચાલુ થયો છે. પરંતુ ગુજરાતમાં તકો છે ગુજરાતની અંદર ભરતીની પ્રક્રિયા સરકાર પારદર્શી રીતે કરે છે. સરકાર કેલેન્ડરીક રીતે તેનું આયોજન કરે છે અને એટલે ક્યાંક પેપર ફૂટે છે, ગુજરાત માટે દુર્ભાગ્ય છે. ગુજરાતના જાહેર જીવન માટે દુર્ભાગ્ય છે. હજાર પરીક્ષાઓ લેવાય છે. અઢી લાખ કરતા વધારે ઉમેદવારો પારદર્શી રીતે ગુજરાતની સરકારી નોકરીઓમાં ભરતી થયા છે. તેની સામે સવારથી અત્યાર સુધી મેં એક પણ આક્ષેપ સાંભળ્યો નથી. તેનો અર્થ એ થયો કે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર હોય, માનનીય હર્ષ સંઘવીએ જે વાત મૂકી છે તેને આ મંચ એટલું તો કહી શકે કે ગુજરાતની સરકારના ઈરાદાઓ નેક છે. નેક ઈરાદાઓ સાથે આ ગુજરાતની સરકાર કામ કરે છે. ૧૨ વખત પેપર ફૂટ્યું, ૧૩ વખત ફૂટ્યું, હિસાબો રાખવાવાળા હિસાબ રાખશે પરંતુ મારે અભિનંદન સાથે સરકારને કહેવું છે કે તેને જો બીજાં નઝરીયાથી આપણે જોઇએ તો શું થાય? એ નઝરીયાથી જોવું જોઇએ કે ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા આપે છે એ નવા નવા અરમાનો સાથે આપે છે. મારે રાજ્ય સરકારને અભિનંદન આપવા છે કે ક્યાંક પરીક્ષાનું પેપર ફૂટે છે ત્યારે વિદ્યાર્થી નારાજ જરૂર થાય છે પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે તેના સ્વપ્નને તૂટવા દીધું નથી. પેપર ફૂટ્યું છે ત્યારે સરકારે પ્રમાણિકપણે પગલાં લીધાં છે તેનો હું પણ સાક્ષી છું. જરૂર પડી છે ત્યારે સ્પેશિયલ કાયદો નહોતો પણ જે અવેલેબલ કાયદો હતો તેના આધારે તેના મૂળમાં જવાનો પ્રયાસ કર્યો છે અને પરીક્ષાઓ કેન્સલ રાખીને ફરીથી પરીક્ષાઓ લીધી છે. તેને બીજી દ્દષ્ટિથી જોઇએ તો? એ જ પરીક્ષાઓ. રાજ્યના તંત્રે તેને પકડ્યું ન હોત, રાજ્યના તંત્રે તેના પર બાજનજર રાખી ન હોત, રાજયનું તંત્ર તેના માટે સજાગ ન હોત, રાજ્યના ગૃહ મંત્રી, રાજ્યના મુખ્યમંત્રી એની ચિંતા ન કરતા હોત તો ક્યાંક ફૂટેલા પેપરોમાં પણ ભૂતકાળમાં જેમ પરીક્ષાઓ લેવાતી હતી તેમ લેવાઇ ગઇ હોત અને આપણે પ્રમાણિક અને સારા વિદ્યાર્થીઓને ક્યાંક અન્યાય કરી બેઠાં હોત. મારે તંત્રને અભિનંદન આપવા પડે કે આટલી પરીક્ષાઓના પેપરો ફૂટવા છતાં એક પણ વિદ્યાર્થીનું સ્વપ્ન રોળ્યું નથી. તેને પ્રમાણિક ન્યાય આપવાનો ગુજરાતની સરકારે પ્રયાસ કર્યો છે. માત્ર કાયદો નથી લાવ્યા. કાયદો લાવ્યા તો તેમાં બિન જામીનપાત્ર. હું એમ માનું છું કે સમાજની અંદર આ બિન જામીનપાત્ર શબ્દનો બહુ ડર હોય છે. એટલા માટે જ્યારે ગૃહમંત્રી બોલતા હતા, માનનીય ગૃહમંત્રી આ સદનની સમક્ષ આ બિલને રજૂ કરતા હતા ત્યારે તેમની ભાવુકતાના મને દર્શન થયા પણ હું તેની ભાવુકતાના દર્શન નહોતો કરતો. હું એનામાં એ દર્શન કરતો હતો કે રાજ્યની ભૂપેન્દ્રભાઇની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકારનો મક્કમ ઈરાદો કયો છે એ મક્કમ ઈરાદાથી તરબોળ ગૃહમંત્રીનું ભાષણ હતું. તેમાં મક્કમ ઈરાદાઓના દર્શન થતાં હતા. કોઇ એમ કહે કે બિલ વહેલા લાવ્યા હોત તો સારું હતું. કોઇ કહે કે આ બિલ મોડું આવ્યું છે. કાયદાપંચનો અહેવાલ જ્યારે આવ્યો ત્યારે કોઇને કેમ ન સૂઝ્યું કે આ બિલ આજે લાવવું પડે. કોઇ કેમ

રાજ્યના મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા ન ગયું કે આ કાયદા પંચનો અહેવાલ છે, આ અહેવાલના આધારે આ કાયદો લાવવો પડે. મારે ધન્યવાદ આપવા પડે, રાજ્યની સરકારને, રાજ્યના મુખ્યમંત્રીને, રાજ્યના ગૃહમંત્રીને કે કાયદા પંચનો જે અહેવાલ હતો અને જે પ્રકારની ઘટનાઓ ઘટતી હતી તેને આગળ લાવી, તેને સમજી અને કાયદો લાવી અને ગૃહની સમક્ષ મૂક્યો છે. એ પ્રમાણ ન હોઇ શકે કે કેટલો વહેલો કાયદો આવ્યો, કેટલો મોડો આવ્યો પણ પરીક્ષાના પેપર ફૂટ્યા છે ત્યારે પગલાં પણ લીધાં છે. આપણે તો એની વ્યાખ્યા કરીએ છીએ કે નાની માછલી કઇ અને મોટી માછલી કઇ. સાહેબ, નાની માછલી કઇ, મધ્યમ માછલી કઇ, મોટી માછલી કઇ, જંબો માછલી કઇ તેના બદલે ગુનેગાર એ ગુનેગાર હોય છે. વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં બદલ કડક સજા થતી હોય તો થવી જોઇએ. રાજ્ય સરકારની સ્પષ્ટ મનસા છે. રાજ્ય સરકારનો ઇરાદો છે. એટલા માટે હું રાજ્યના ગૃહમંત્રીને અને રાજ્યના મુખ્યમંત્રીને અભિનંદન આપું છું કે મુખ્યમંત્રીની આગેવાનીમાં વિદ્યાર્થીઓના ભવિષ્યના હિતમાં ચેંડા કરનારા લેભાગુ તત્ત્વો હોય તો તેના માટે કાયદો લાવ્યા છે. માત્ર કાયદો લાવ્યા છે એમ નહીં, જરૂર પડી છે ત્યાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી વર્ગ-૩ની પરીક્ષામાં પણ ગુણાત્મક પરિવર્તન લાવવાનો પણ રાજ્ય સરકારનો ઇરાદો છે. આ સુધારાને વરેલી સરકાર છે. આ સરકાર રીફોર્મ્સને વરેલી સરકાર છે. લેથાર્જિક સિસ્ટમને દુરસ્ત કરવાનું અમારી સરકારે બીડું ઝડપ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સરકારે નોકરીની પરીક્ષા માટેના પેપરો ન ફૂટે એના માટે અભિમાન્યુના કોઠા જેવી અજોડ અને અભેદ્ય વ્યવસ્થા ગોઠવી રહી છે અને તેની સાથે ભરતી પ્રક્રિયામાં પણ આમૂલ પરિવર્તન લાવવાના ઇરાદા સાથે આ સરકાર કામ કરે છે. ગુજરાત રાજય આજે શિક્ષણ માટે દેશની અંદર ડેસ્ટીનેશન બન્યું છે. મોટા પ્રમાણમાં ઉચ્ચ કોટીના વિદ્યાર્થીઓ સારું ભણેલા, ઉચ્ચ શિક્ષણવાળા વિદ્યાર્થીઓ આપણે ત્યાં ઉપલબ્ધ છે અને એના કારણે આપણે ત્યાં મોટા પ્રમાણમાં લોકો ભરતીની પ્રક્રિયાઓમાં પોતપોતાનો ઉમેદવારી પત્ર નોંધાવે છે. મને ખ્યાલ છે કે પહેલાના સમયમાં કોલેજોમાંથી સીધી ભરતી થતી. કોલેજમાં વિદ્યાર્થી પાસ થાય અને સીધો સરકારમાં લાગી જતો હતો કારણ કે સરકારમાં જે જગ્યાઓ હતી એટલી જગ્યા કરતા ઓછા લોકો શિક્ષણમાં ભણીને બહાર આવતા હતા. મારા પરિવારમાં પણ એવું થયું હતું કે વલ્લભવિદ્યાનગરની એન્જિનિયરિંગની કોલેજમાંથી એન્જીનીયર થાય અને વિભાગની અંદર સીધી એને ભરતી મળતી એ દિવસો મેં જોયા છે પરંતુ સ્થિતિ એવી હતી કે ત્યારે કોઇ પરીક્ષાઓ આપવાની નહોતી અને વિદ્યાર્થી એન્જિનિયર થાય અને એન્જિનિયર થયા પછી સીધી ભરતી થતી હતી કારણ કે સરકારમાં એટલું બધું વેકયુમ હતું અને ભણવાની વ્યવસ્થાઓ આપણી પાસે ઉપલબ્ધ નહોતી. માનનીય નરેન્દ્રભાઇ એક વિઝનરી દ્રષ્ટા, રાજયના મુખ્યમંત્રી આવ્યા, આપણે એ વાતને સ્વીકારવી જોઇએ કે આ રાજયના વીસ વર્ષમાં એમણે કેટલું પરિવર્તન કર્યું અને એ વખતે રાજયમાં ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજો આપણી પાસે ૨૬ હતી, આજે ૧૩૦ છે. બેઠકો ૯૪૧૭ હતી. આજે ૬૮૪૪૪ છે, લગભગ સાત ગણો વધારો થયો છે. ડિગ્રી ફાર્મસી કોલેજો ૧૩ હતી આજે ૭૫ છે. બેઠકોની અંદર નવ ગણો વધારો છે. ડિગ્રી ફાર્મસી કોલેજો ૬ હતી આજે ૧૯ છે બેઠકોમાં છ ગણો વધારો છે. ડિપ્લોમા ઇજનેરી કોલેજો એ વખતે ૩૦ હતી આજે ૧૪૫ છે. બેઠકોની અંદર સાત ગણો વધારો છે. કોમ્પ્યુટરની દૃષ્ટિએ વાત કરીએ તો એમ.સી.એ. ૮ કોલેજો હતી આજે ૬૬ કોલેજો છે. બેઠકોમાં નવ ગણો વધારો છે. મેનેજમેન્ટની દૃષ્ટિએ જોઇએ તો ૩૪ કોલેજો હતી આજે ૧૧૧ કોલેજો છે, સાત ગણો વધારો છે. આપણી પાસે નોન ટેકનિકલ ૮ યુનિવર્સિટી હતી આજે ૧૦૩ યુનિવર્સિટીઓ છે. હું આકડા આપું તો હજી આનાથી આગળ છે. પરંતુ આ તક આપણે ત્યાં છે અને એટલા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાની આપણા ત્યાં ફરજ પડી છે અને એ પરીક્ષાઓ પણ પારદર્શક રીતે થાય છે અને ગુજરાત એક સારા વહીવટકર્તા તરીકે સારા ઉમેદવારોને આ ગુજરાતના વહીવટીતંત્રમાં લાવી શકે એ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓના મારફત સારા, પ્રમાણિક લોકો સારી રીતે વહીવટ કરી શકે એવા ક્ષમતાવાળા લોકો ગુજરાતના વહીવટીતંત્રમાં આવે અને એટલા માટે જરૂર પડે છે ત્યાં કાયદો પણ લાવીએ છીએ અને જરૂર પડે છે ત્યારે આપણે ત્યાં સિસ્ટમ છે એમાં પણ નાના મોટા સુધારાઓ કરીએ છીએ. નોકરીની જાહેરાતો આવે છે ત્યારે લાખો લોકો એમાં ફોર્મ પણ એટલા માટે ભરે છે કે આપણા પાસે આટલી મોટી સંખ્યામાં ટેકનિકલ એજયુકેશનવાળા વિદ્યાર્થીઓ, કોમર્સના ગ્રેજયુએટ, સાયન્સના ગ્રેજયુએટો આપણી પાસે ઉપલબ્ધ છે. જેના લીધે પરીક્ષા લેનાર તંત્ર માટે પરીક્ષા આપનાર ઉમેદવારો મોટા પ્રમાણમાં હોય એટલે એમાંથી લાયક ઉમેદવારો પસંદ કરવાનું કામ ગંજીમાંથી સોય શોધવા જેટલું વિકટ કામ છે. લાખોની સંખ્યામાં આવતી અરજીઓમાંથી પ્રતિભાવંત, તેજસ્વી, ગુણવત્તાયુકત ઉમેદવારોની યાદી તૈયાર કરવા માટે સરકારે હાલની પરીક્ષા પદ્ધતિમાં ક્રાંતિકારી રણનીતિ ઘડી કાઢી છે અને તે મુજબ હાલની પરીક્ષા પદ્ધતિમાં પ્રથમ પરીક્ષા કોમ્પ્યુટર એફીસીયન્સીની ટેસ્ટના માર્કના આધારે મેરીટ લીસ્ટ બનાવવાને બદલે હવે એલીમીનેશન પરીક્ષા અને મેઇન પરીક્ષા એમ બે તબક્કામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષાઓ લેવાશે. કોમ્પ્યુટર પ્રોફીસન્સી ટેસ્ટ છે એ દૂર કરવાથી ખાનગી નિષ્ણાંતો ઉપરનું આપણું જે અવલંબન છે એ કયાંક ન્યૂનતમ કરી શકાશે. મેરીટની માત્ર અને માત્ર મુખ્ય પરીક્ષાઓ છે એના આધારે તૈયાર થશે. એના માટે નવી પદ્ધતિમાં કુલ જગ્યાની સામે એલીમીનેશનમાં પાસ થયેલા દસ ગણા ઉમેદવારોને મેઇન્સ પરીક્ષા માટે બોલાવવામાં આવશે તેમજ એલીમીનેશન પરીક્ષામાં મેળવેલા માર્ક એ મેરીટ માર્કમાં ગણાશે નહીં,આમ ભરતી માટેની પરીક્ષામાં અરજી કરવા ખાતર કરતા ઉમદવારો અન્ય જગ્યાએ નોકરી કરતા અને ગંભીર ન હોય તેવા ઉમેદવારોને ઘઉંમાથી કાંકરા વીણતા હોય એમ એમની ગંભીરતાના આધારે ગંભીર ન હોય તેવા ઉમેદવારોને પરીક્ષામાંથી દૂર કરવાને કારણે ચોકસાઇથી આ પરીક્ષા યોજાય, તંત્ર ધ્યાન કેન્દ્રિત કરી શકે, આ

વ્યવસ્થાથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાથી પરીક્ષાના કેન્દ્રોમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી અને કેન્દ્રીયકૃત કરી શકાય એવી વ્યવસ્થા કરી શકીએ.ચૂસ્ત માપદંડ છે એનું પાલન કરાવી શકાય તો આવનારા સમયમાં રાજ્યસરકારનો ઈરાદો છે, એવો ઈરાદો છે કે કડક કાયદો લાવી, બિન જામીનપાત્ર જોગવાઇઓ લાવી જે કોઇ આવા લોકો હોય એને નાથી શકાય. સાથોસાથ પરીક્ષાની પદ્ધત્તિઓમાં ફેરફાર કરી આવનારા સમયમાં વિદ્યાર્થીઓ એસ્પરન્ટ જે લોકો છે એના ભવિષ્યમાં ચેડા ન કરી શકે એવી ઈચ્છાશક્તિ સાથે બિલ લાવવામાં આવ્યું છે. આ સુધારા લાવવામાં આવ્યા છે એમાં દિલથી સરકારશ્રી દ્વારા બિલ રજૂ કરનાર માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને સદનના તમામ લોકોને વિનંતી કરું છું કે આપણે એકી અવાજે એક સાથે બિલને સમર્થન આપીએ. ધન્યવાદ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાનું ગુજરાતના યુવાનો માટે આશાવાદી બને એવું સારું બિલ લઇને ગૃહમંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરી અને બિલને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી ચર્ચાઓ દરમિયાન અનેક સભ્યોના સૂચનો સાંભળ્યા એને હું દોહરાવતી નથી. ખાસ કરીને મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે અમારા સિનિયર સભ્યશ્રી મોઢવાડિયા સાહેબે ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આ કાયદો એમને અડચણરૂપ ન બને એની સ્પષ્ટતા માટે રજૂઆત કરતાં એનો સુધારો આજેને આજે અમલમાં મૂક્યો છે ત્યારે ખરેખર ખૂબ દિલથી બિલ લાવ્યા છે એનો અહીં પુરાવો આપ્યો છે. એમને અભિનંદન આપું છું. આ બિલના માધ્યમથી ૧૫મી ગુજરાત વિધાનસભામાં ૫ વર્ષના સમયગાળામાં જેટલી ભરતી થાય એટલી આ કાયદાની જોગવાઇના કારણે કોઇ ગેરરીતિ ન થાય અને પેપર ન ફૂટે એ અપેક્ષા સાથે આ બિલને હું સમર્થન આપું છું. આપણે જાહેર જીવન સાથે સંકળાયેલા છીએ અને આપણા વિસ્તારમાં હોઇએ ત્યારે રાજ્યમાં જ્યાં પણ સરકારી ભરતી થતી હોય ત્યાં વિદ્યાર્થીઓને અને ગરીબ લોકોને સરકારી નોકરીની તકો મળે એ ઉદ્દેશથી ક્યાંક એની એકેડમીઓ ચાલતી હોય છે. કોર્ચીંગ ક્લાસ સામાજિક રીતે, રાજકીય રીતે અનેક રીતે મદદ કરીને આ પરીક્ષાર્થીઓને આપણે મદદ કરતા હોઇએ છીએ ત્યારે પરીક્ષા આપવા જતા ઉમેદવારો એ ઘણા સ્વપ્નાઓ લઇને જતા હોય છે. ગાંધીનગરમાં કે અન્ય જગ્યાએ જે આપણું ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓ ભાઇઓ અને બહેનો અહીંયા ઘણો સમય રોકાઇને પરીક્ષા આપવા માટે તૈયારીના ભાગરૂપે લાખો અને હજારો રૂપિયાનો ખર્ચ ઉમેદવારના ગરીબ પરિવારો કરતા હોય છે. આ બધી સંવેદનાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં મોડે મોડે પણ આવી અને આ બિલ લાવ્યા છે. આવનારા સમયમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ છે એમને હવે ન્યાય મળશે એવી આશાના કિરણ સાથે આ બિલ લાવ્યા છે ત્યારે આ બિલનો જ્યારે અમલ કરવામાં આવે ત્યારે જે પરીક્ષાઓમાં ગેરરીતિઓ થઇ છે અને એ ગેરરીતિઓની જે ટ્રાયલ ચાલતી હોય, કેસ ચાલતો હોય એ આ બિલમાં આવરી લેવામાં આવે તો કમ સે કમ આ પરીક્ષા આપતી વખતે જે પરીક્ષાર્થીઓને એમની ઉમરનો લાભ મળવાનો હતો એ આ પેપર ફૂટવાના કારણે નથી મળ્યો એમને ન્યાય મળે અને એમને એમ થાય કે અમને અન્યાય થયો છે એના કારણે રાજ્ય સરકારે એની તટસ્થ રીતે, ગંભીર રીતે કાયદાના ભાષામાં તપાસ કરવાની થતી હોય એ કરી છે. એક ભરતી હોય એના પાછળ જગ્યા હોય એના કરતાં અનેકગણા પરીક્ષાર્થીઓ પરીક્ષા અપતા હોય છે. બીજા સભ્યોએ વાત કરી કે જિલ્લાની અંદર જ આ પરીક્ષાઓ લેવાય. આજે તો મને લાગે છે કે કાયદો આવશે ત્યારે બીજું કશું થઇ શકવાનું નથી. અને આ એકદમ પારદર્શક થઇ જવાનું છે. ચકલું ય ફરકવાનું નથી. હમણાં ચાવડા સાહેબ કહેતા હતા કે કોઇ ચમરબંધીને છોડવાનો નથી અને ચમરબંધીઓને ખબર પડી જશે કે હવે આ પૈકી જે કાંઇ હરકતો કરતા હતા, પેપરો ફોડતા હતા ત્યારે આ રાજ્ય સરકારે આવો કાયદો બનાવ્યો છે એટલે હવે આની અંદર કશું એવું થવાનું નથી ત્યારે આ તમામ પરીક્ષાઓ જિલ્લાની અંદર લેવાય અને જિલ્લાની અંદર લેવાય તો એક મહિલા થઇને મહિલાની સંવેદના વ્યક્ત કરું છું કે કોઇપણ મહિલાને બીજા જિલ્લાની અંદર એકઝામ આપવા જાય ત્યારે જ્યાં સુધી પરીક્ષા આપીને ના આવે ત્યાં સુધી એના માતા-પિતાને ચિંતા રહે. ક્યાંક અઘટિત ઘટના બને ત્યારે એનો પરિવાર મુશ્કેલીમાં મુકાતો હોય છે. એટલે આ બિલ એ ઘણું સારું છે પણ એનો અમલ આ ૨૩ જોગવાઇઓ કરી છે એ જોગવાઇઓને ધ્યાનમાં રાખીને કડક રીતે એનો અમલ વહેલામાં વહેલો થાય અને ખાસ કરીને બીજી એક અપેક્ષા રાખું છું કે જેટલી ભરતીઓ વહેલામાં વહેલી થાય એ આ રાજયના વિકાસ માટે જરૂરી છે. કરાર આધારિત ભરતીઓ એ પારદર્શક નથી અને એના હિસાબે તમામ વિભાગનું જે કામ છે એમાં ક્યાંક ને ક્યાંક અડચણ બને છે અને પોતાને એમ લાગે છે કે મારી નોકરીની કોઇ સિક્યોરિટી કે ભવિષ્ય નથી અને કરાર આધારિતમાં ભરતી કરતો વ્યક્તિ એ ભ્રષ્ટાચાર કરે છે અને ઘણી બધી મશ્કેલીઓ જે તે વિભાગમાં થાય છે તો આ સાથે આ જે કાંઇ બિલ લઇને મંત્રીશ્રી આવ્યા છે એ બિલમાં ઘણાં બધા સભ્યોએ વાત કરી કે આટલી વખત પેપર ફૂટ્યું તો હકીકતમાં ઉલ્લેખ કરજો કે કેટલી વખત પેપર ફૂટ્યું તો આ ગૃહમાંથી જ અમને ખબર પડે કે હકીકતમાં આટલી વખત પેપર ફૂટ્યુ છે. બીજી પણ ઘણી બધી ચિંતા એવી રીતે વ્યકત કરવામાં આવી છે કે આ પરીક્ષાઓની પાછળ વહીવટી ખર્ચ કેટલો કર્યો હશે? વહીવટી ખર્ચ કદાચ લાભાર્થીઓ કે પરીક્ષાર્થીઓ છે એના માટે જો કરોડો રૂપિયાનો ખર્ચો થયો હોય તો ગુજરાતની તિજોરીમાં પણ આ પરીક્ષાઓ રદ થવાના કારણે કરોડો રૂપિયાનો બોજો હું માનું છું ત્યાં સુધી આની અંદર પણ થયો હશે. એટલે આવનાર સમયની અંદર આ પરિસ્થિતિનું નિર્માણ ફરી વખત આ રાજ્યની અંદર ના થાય અને જે કાંઇ ભરતી થાય એ પારદર્શક થાય અને આ ભરતીમાં હું તો એવી આશા વ્યક્ત કરું છું કે સહકારી સંસ્થાઓને પણ આની અંદર આવરી લેવી જોઇએ જેથી કરીને પારદર્શક રીતે તમામ ક્ષેત્રોની અંદર આ ભરતીઓ થાય આ અપેક્ષા સાથે આ બિલને હું સમર્થન આપું છું.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

શ્રી પી.સી. બરંડા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ ૧૫મી વિધાનસભાના સભ્ય તરીકે પ્રથમવાર અને આ પ્રથમ બિલમાં બોલવાની મને તક આપી એ બદલ આપનો અને આ ગૃહનો આભાર માનું છું. બીજો આભાર આ ગૃહની અંદર જે નવા ચૂંટાયેલા સભ્યનો અભિનંદન સાથે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનનીય ગૃહને જણાવવા માગુ છું કે આજના લોકલાડિલા મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા ગૃહ મંત્રી આદરણીય હર્ષ સંઘવી સાહેબ જે આ પ્રથમ બિલ સને ૨૦૨૩ નું લઇને આવ્યા છે તેઓને આ સભાગૃહના તમામ સભ્યો વતીથી હું કોટી કોટી વંદન કરું છું અને અભિનંદન આપું છું. આ વિધેયક લાવવાથી ગુજરાતના લાખો યુવાનો ગેરરીતિ વગર પરીક્ષા આપી શકશે અને ગુજરાતના તમામ સરકારી વિભાગોમાં ગુણવત્તાના ધોરણે નોકરી મેળવી શકશે અને દરેક વિભાગોમાં વર્ગ-૧ થી માંડીને વર્ગ-૪ સુધીની આ રાજય સરકાર ભરતી કરી શકશે. એમાં આઇ.પી.એસ., આઇ.એ.એસ., કલેકટર, ડેપ્યુટી કલેકટર તમામ વિભાગોમાં આ નોકરી મેળવી શકશે અને કયાંય પણ ગેરરીતિ થશે તો અહીંયા હવે વિધેયક બનવા જઇ રહ્યું છે ત્યારે એને શિક્ષા થશે. આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ, દેશના ગૃહમંત્રીશ્રી આદરણીય અમિતભાઇ શાહસાહેબ અને ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબના નેતૃત્વમાં આખો દેશ અને આખું ગુજરાત એક વિકાસના પંથે જઇ રહ્યું છે. એમાં પણ આ વિધેયક આવવાથી આખા દેશના અને ગુજરાતના યુવાનો વિકાસની સાથે જોડાશે અને દેશને અને ગુજરાતને આગળ લઇ જઇ શકશે. ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦ વર્ષનું ભરતી માટેનું કેલેન્ડર બહાર પાડયું છે. અહીંયા બે વાગ્યાથી ભરતી ભરતી કરતા કરતા અત્યારે સમાપન તરફ જઇ રહ્યા છીએ ત્યારે આ ૧૦ વર્ષના કેલેન્ડરમાં જેમાં તમામ સરકારી વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને દર વર્ષે તમામ વિભાગોમાં ખાલી જગ્યાના ધોરણે ભરતી કરવામાં આવે છે તે માટેનું આયોજન સરકારશ્રીએ કરેલ છે. ગૃહને જાણીને આનંદ થશે કે આપણી ભરોસાની સરકાર, ભારતીય જનતા પાર્ટીની ભરોસાની સરકારે ૨૦૧૬ થી ૨૦૨૨ સુધી એટલે કે છેલ્લા ૬ વર્ષમાં સરકારના દરેક વિભાગોમાં લગભગ ૧,૨૭,૦૦૦ જેટલા ગુજરાતના યુવાનોને નોકરી આપી છે અને નોકરીના કારણે તેઓના જીવનધોરણમાં પ્રકાશ ફેલાયો છે. ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઘણી સારી અને ઉચ્ચ કોટીની છે એમાં ગુજરાતની સાડા છ કરોડની વસ્તીને સુખ, સમૃદ્ધિ અને શાંતિનો અહેસાસ થાય છે અને ગુજરાતમાં મને લાગે છે ત્યાં સુધી ૨૦૦૨ પછી ગુજરાતમાં કયાંય કરફયુ જોતો નથી તો આપણે ગુજરાતને હવે આ માધ્યમથી નકકી કરીએ કે કરફયુમુકત ગુજરાત.

<u>અધ્યક્ષશ્રી :</u> તમને આઇ.પી.એસ. અધિકારી તરીકેનો અનુભવ પણ છે.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા ભયમુક્ત વાતાવરણમાં ધંધા રોજગાર, બહેન બેટી રાતદિવસ ફરી શકે તેવા તહેવારો ધામધૂમથી ઉજવે છે. મારે ગૃહ ખાતાને અભિનંદન આપવા છે. કારણકે હું ગૃહ ખાતાનો અધિકારી હતો. તડકો છાંયડો બધુ જોયેલું છે. ગુજરાત પોલીસ ડી.જી. થી માંડી છેક કોન્સ્ટેબલ સુધી ચોવીસ ચોવીસ કલાક તમારા બધાની સૂરક્ષા માટે તહેનાત રહે છે. તમે ભલે બોલો પણ તમારી સૂરક્ષા માટે તહેનાત રહે છે. તેમના ત્યાં પોતાનો કોઇ પ્રસંગ હોય, કોઇ તહેવાર હોય તો પણ ડયૂટી છોડીને જઇ શકતા નથી. આખા પોલીસ વિભાગને અને માનનીય ગૃહમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું અને આ તબક્કે પોલીસ વિભાગના તમામે તમામ કર્મચારીઓ, ડી.જી. પી. થી માંડીને કોન્સ્ટેબલ, જી.આર.ડી. સુધીના તમામ લોકોની તંદુરસ્તી સારી રહે અને આ ગૃહ તથા ગુજરાતની સાડા છ કરોડની જનતાને સૂરક્ષિત રાખે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહને જણાવવા માગું છું કે, પોલીસ વિભાગ જે અલગ રીતે ભરતી કરે છે. તેમાં પોલીસ ભરતી બોર્ડ હોય છે. તેમાં ચેરમેન હોય છે. સબ ઈન્સપેક્ટર કક્ષાનું એક બોર્ડ છે. પોલીસ કોન્સ્ટેબલ કક્ષાનું એક બોર્ડ છે. તેમાં બોર્ડ દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે. બોર્ડ નક્કી કરે તે ધારાધોરણ મુજબ ભરતી કરવામાં આવે છે. ફિઝીકલ ફીટનેશથી માંડીને સશક્ત માણસ જોઇએ તે પ્રમાણેના નિયમો બનાવેલા છે અને તે પ્રમાણે ભરતી થાય છે. આ બોર્ડ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં લોકરક્ષકની ભરતી ૫૦ હજાર જેટલી થઇ છે. આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટરની ભરતી ૨૦૦૦ જેટલી થઇ છે. પી.એસ.આઇ. કક્ષાના અધિકારીની ભરતી ૧૩૦૦ થી વધારે થઇ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૫૩૩૦૦ લોકોની ભરતી થઇ છે. ૫૦૦૦ ની ભરતી બાકી છે. દરેક વિભાગોની અંદર માનનીય સદસ્યશ્રીઓ કહેતા હતા કે વહીવટ ખોરવાય છે. આ ભરતી પ્રક્રિયા દરવર્ષે સમયાંતરે ખાલી જગ્યાના ધોરણે થતી હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રી પરીક્ષામાં કોઇપણ ગેરરીતિ ન થાય તે માટેનો આ કાયદો ગૃહમાં લાવ્યા છે. આ ગૃહથી જણાવવાનું કે, હું ગુજરાત જાહેર પરીક્ષા વિધેયક ૨૦૨૩ નું સમર્થન કરું છું અને સન્માનનીય ગૃહને પ્રસ્તુત વિધેયક સર્વાનુમતે પસાર કરવા હાર્દિક અનુરોધ કરું છું.

<u>અધ્યક્ષશ્રી :</u> હવે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે તેઓ આનો જવાબ પણ આપે અને બિલને આગળ વધારે. માનનીય મંત્રીશ્રીને બોલવા ઊભા કરું એ પહેલા મારે એક વાત કરવી છે કે, જે જે માનનીય સભ્યશ્રીઓ બિલ ઉપર ચર્ચા કરતા હોય છે તેમણે મંત્રીશ્રી જ્યારે જવાબ આપતા હોય એ ટાઇમે ગૃહમાં હાજર રહેવું જરૂરી છે. એટલે જે સભ્યશ્રીઓ હાજર નથી એ બધા જ માનનીય સભ્યશ્રીઓ કે જેમણે ચર્ચાની અંદર ભાગ લીધો છે અને અત્યારે અહીંયા ઉપસ્થિત નથી, માનનીય સચિવશ્રીને સૂચના આપું છું કે, ટેલિફોનીક એ બધા જ માનનીય સભ્યશ્રીઓને જાણ કરે કે તમારે હાજર રહેવું એ જરૂરી છે. એટલે આવતી કાલે ટેલિફોનીક વાત કરીને મંત્રીશ્રીના જવાબ વખતે તમે હાજર ન હતા એવી જરા વિધિવત રીતે જાણ કરવામાં આવે અને કોણ કોણ હાજર નથી એનો રેકોર્ડ અત્યારે જોઇ લો અને જોઇને આવતી કાલે બધાને જરા સૂચના આપો.

ફાલ્ગુન ૪, ૧૯૪૪ શાકે

## ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

શ્રી હર્ષ સંઘવી (રા. ક. ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભામાં આજે પહેલા જ સત્રના પહેલા દિવસે ગુજરાતના યુવાનોનું ભવિષ્ય ઉજવળ કરવા માટે પક્ષ હોય કે વિપક્ષ હોય તમામ લોકો એક ફ્લોર પર મોટા ભાગના લોકોએ એના મનમાં, એમની વાતોમાં, એમના દરેક વિષયોમાં ક્યાંકને ક્યાંક ગુજરાતના યુવાનોનું ભવિષ્ય ઉજવળ કરવાની વાતો નજરે પડી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માર્ગદર્શનમાં આપના નિવેદનથી ગુજરાત વિધાનસભાના તમામ ધારાસભ્યશ્રીઓએ આજે એક થઇને એક સૂરે તમામ લોકો આ વિધેયકને પસાર જરૂરથી કરવા માગે છે અને સૌથી મોટી વાત કે સિનિયર ધારાસભ્ય કે જેઓ પાંચ પાંચ, સાત સાત ટર્મથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઇને આવે છે અને જેમને ખૂબ જ અનુભવ છે ત્યાંથી લઇને પહેલી ટર્મના ધારાસભ્યશ્રીઓ સુધી તમામ લોકોએ ગુજરાતના યુવાનોને સાચી દિશા મળે, ગુજરાતના યુવાનોને ન્યાય મળે અને એ લોકોનું ભવિષ્ય ઉજ્જવળ થાય એ માટે ખૂબ સારા સૂચનો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષમાંથી અમિતભાઇ ચાવડા, ચૈતરભાઇ વસાવા, આદરણીય અર્જુનભાઇ મોઢવાડિયા, શૈલેષભાઇ પરમાર, ઉમેશભાઇ મકવાણા, કિરીટભાઇ પટેલ, સી.જે.ચાવડા, ધવલસિંહ ઝાલા, ગેનીબેન ઠાકોર, રમણલાલ વોરા, મહેન્દ્રભાઇ પાડલિયા, જીતુભાઇ વાઘાણી, અમિતભાઇ ઠાકર, નરેશભાઇ પટેલ, ગણપતસિંહ વસાવા, સી.કે. રાઉલજી, જયદ્રથસિંહજી પરમાર, મહેશભાઇ કસવાલા અને પુનમચંદ બરંડા આ તમામ સભ્યશ્રીઓએ ઝીણવટભરી રીતે આ ગૃહમાં નાના નાના વિષયો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાતની શરૂઆત આજે સવારે પહેલા જ મેં કહ્યું આજે સાથ, સમર્થન અને સહયોગ ઓછો પરંતુ આ બિલમાં જ્યાં ક્ષતિ રહી ગઇ હોય એ ક્ષતિઓ હાઉસના ફ્લોર પર તમામ સભ્યો મૂકે એવી વિનંતી કરું છું. આ બિલમાં નાની મોટી ક્યાંય ચૂક રહી ગઇ હોય બિલ બનાવતા અલગ અલગ રાજ્યોના બિલો જોયા, અલગ અલગ લોકોના સજેશનો લીધા અને તમામ લોકોના સજેશનો પછી આ બિલ બનાવવાની શરૂઆત થઇ અને બિલમાં તમામ વિષયોને એની અંદર લેવાનો પ્રયાસ કર્યો. એના પછી અલગ અલગ માનનીય સભ્યશ્રીઓના સૂચનો આવ્યા. સર્વ પ્રથમ માનનીય અમિતભાઇ ચાવડાનું એક સૂચન આવ્યું, હું એમના રાજીકીય સૂચનની વાત નથી કરતો પરંતુ જે બિલના સૂચનો આવ્યા એને મેં જરૂરથી લખ્યા છે અને પોઝિટિવ વિચારો જોડે ચર્ચાઓ પણ થઇ અને એના પછી જે એમણે વિચાર રજૂ કર્યો કે આ બિલ ૨૦૧૪થી લાગુ પડે તો આની ખૂબ મોટી ઈફેક્ટ આવે. માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનુ છું કે, એમના વિચારો ખૂબ સારા છે. અમે તો એવું કહીએ છીએ કે ૨૦૧૪થી કેમ? આ દેશ આઝાદ થયો ત્યારથી જ આ બિલ લાગુ પડે પરંતુ કાયદાની અમૂક લિમિટેશન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણના અનુચ્છેદ-૨૦/૧ અન્વયે ફોજદારી કાર્યવાહીનો કાયદો પાછળથી લાગુ નથી કરી શકાતો. આ નિયમો આ બિલને ટકાવી રાખવા માટે જો આપણે નિયમની બહાર બિલ બનાવીશુ તો આ બિલ આવનારા દિવસોની અંદર હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટની અંદર અગર ચેલેન્જ થાય તો એ આપણું બિલ અટકી શકે છે. એટલે ગુજરાતના યુવાનોનું ભવિષ્ય જોઇને તેમના જે સજેશન હતા તેના ઉપર વિચારણા જરૂરથી કરી પરંતુ આ લાગુ પડી શકે એવુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ફી અંગે વાત કરી. ખૂબ મોટી સંખ્યામાં ઉમેદવારો એવા હોય છે કે જે ઓલરેડી સરકારી નોકરીમાં છે પરંતુ તેનાથી સારી ઓપોર્ચ્યુનિટી કઇ રીતે મળી શકે તેનો હંમેશા પ્રયાસ કરતા હોય છે. ૧૧૦૦ જેટલા લોકો જયારે લેવાના હોય અને ૯ લાખ પરીક્ષાર્થીઓ જયારે ભાગ લેતાં હોય અહીંયા બેઠેલા ૧૮૨ લોકોને એ અંદાજો છે કે આ ૯ લાખમાંથી મોટાભાગના લોકો અલગ અલગ સરકારી નોકરીઓમાં છે. હું આપ સૌને એક નાનો દાખલો આપના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. હમણાં પોલીસની એક ભરતી થઇ કોન્સ્ટ્રેબલ, પી.એસ.આઇ., જેલના સ્ટાફ આ તમામ લોકોની ભરતીમાં ૧૦ ટકા જેટલા લોકો એવા રહ્યાં કે અલગ અલગ કોમન ઉમેદવારોને બાદ કર્યા પછી પણ જે બીજી નોકરીઓમાંથી હાજર ના થયા એવા લોકો ૧૦ જેવા રહે છે. આનાથી આપણે અંદાજ લગાવી શકીએ છીએ કે આ ૯ લાખ લોકો જેને આપણે આપણાં રાજયના દીકરા-દીકરીઓને નોકરી અપાવવી, નાની મોટી જે ક્ષતિ રહી ગઇ તેને જરૂરથી પ્રકાશિત કરવુ જોઇએ પરંતુ મારા રાજયના યુવાનો જેની પાસે રોજગારી હોય, જેની પાસે નોકરી હોય તેને બેરોજગાર સાબિત કરવુ એ હું માનુ છું કે યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આમાંથી અનુસૂચિત જાતિ છે, અનુસૂચિત જનજાતિ છે, સામાજીક અને શૈક્ષણિક રીતે જે પછાત વર્ગ છે, આર્થિક રીતે જે નબળો વર્ગ છે તે માટે કોઇ પણ ફી લેવામાં આવતી નથી. હાલમાં જ જયારે વડોદરાની પેપરની ઘટના બની ત્યારે તમામ લોકોને પરત પોતાના ઘરે જવાનું હોય રાજય સરકાર દ્વારા તાત્કાલિક તમામ લોકો માટે, તમામ સ્ટોપ ઉપર, અલગ અલગ શહેરોમાં, જિલ્લાઓમાં તમામ જગ્યાઓ ઉપર ભોજનની, નાસ્તાની વ્યવસ્થાઓ કરવામાં આવી. જેટલી થતી હતી એટલી ઝડપથી કરવામાં આવી. કોઇ પોલીસ વિભાગે કરી, કોઇ એનજીઓ એ કરી તો કોઇક સરકાર જોડે મળીને કરી સમાજે બધાએ એક સાથે આવીને ગુજરાતના આ વિદ્યાર્થીઓને કોઇ પણ તકલીફ ના પડે અને તેને કોઇ પણ પ્રકારનું બસભાડું ખર્ચવું ના પડે તે માટે રાજય સરકાર દ્વારા તાત્કાલિક બધાજ શહેરોમાં, નગરોમાં વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, અમીતભાઇએ જવાબદારીમાં કોઇને મુકિત ના મળે તે ઘણાં બધા અલગ અલગ સભ્યોની એ વાતમાં તેમણે વિષય મૂકયો છે તે છેલ્લે હું બધાને એક સાથે એ વિષયમાં જવાબ આપવા માગુ છું. હું હમણાં આ કોઇ પણ રાજકીય સ્ટેટમેન્ટ નથી આપતો, હું કોઇ કમ્પેરીઝન પણ નથી કરતો પણ હું માત્ર એટલા માટે આ વિષય મૂકું છું કે જેનાથી અંદાજો આવશે કે કોઇ એક રાજયની સીસ્ટમને અને પેપર ફોડવાને ખરેખર ડાયરેકટ કોઇ તાલુકાત નથી હોતો. મેં સવારે જેમ

કહ્યું તેમ આ પેપર નથી ફૂટતું આ માણસની નીતિ ફૂટે છે. હું આપણાં પડોશી રાજ્ય, હું સરકાર કે કોઈ પણ પ્રકારનું આની અંદર સ્ટેટમેન્ટ આપવા માગતો નથી પરંતુ હું એક રાજસ્થાનના આંકડા એટલા માટે આપવા માગુ છું કારણ કે તમામ સભ્યોએ માત્ર ગુજરાતની ધરતી પર જ પેપર ફૂટ્યા હોય તે પ્રકારના જે સ્ટેટમેન્ટો અલગ અલગ લોકો દ્વારા આવ્યા છે તે લોકોને ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીના જેટલા જેટલા લોકોએ ડેટા ગણાવ્યા છે તેની સામે હું માત્ર ૨૦૧૮થી ૨૦૨૨ના રાજસ્થાનના અમુક આંકડાઓ આપની સમક્ષ મૂકવા માગું છું.

વર્ષ ૨૦૧૮માં રાજસ્થાનમાં મહત્ત્વના બે પેપર ફૂટ્યા છે .એમાં જેમ જીતુભાઇ વાઘાણી સાહેબે કહ્યું એમ ધો.૭ની એકમ કસોટીના પેપર આમ-તેમ થઇ ગયા હોય એને પેપર ફૂટ્યું નથી ગણાવતો .આ માત્ર સરકારી મહત્ત્વની પરીક્ષા હોય એ જ પેપર ગણાવું છું .વર્ષ ૨૦૨૦માં એક પેપર ફૂટ્યું છે .વર્ષ ૨૦૨૧માં બે પેપર ફૂટ્યાં છે, વર્ષ ૨૦૨૨માં ત્રણ પેપર ફૂટ્યા છે અને હમણાં ત્રણ દિવસ પહેલાં જ એક બીજું પેપર ફૂટ્યું છે .ચાર વર્ષમાં ૯ પેપર ફૂટ્યા છે .હમણાં છેલ્લે જે પેપર ફૂટ્યું છે એનો ડેટા મારી પાસે અવેલેબલ નથી .જે સિવાય જે આઠ ભરતીના પેપર ફૂટ્યા એમાં ૫૪ લોકોને પકડ્યા હતા .એના સિવાય ૯ લોકોને પકડવાના બાકી હતા .ત્યાં પણ ડિસ્ટ્રીક્ટ કોર્ટ છે, હાઇકોર્ટ છે .તમામ જગ્યાઓ પરથી અલગ-અલગ જગ્યાએથી આ પેપર ફોડનાર લોકોને જામીન મળી ગયા. આપણે સવારે જ વાત થઇ કે આ કાયદો કેમ લાવવો પડ્યો? કારણ કે, પેપર ફોડવાવાળા માટે કોઇ ચોક્કસ કાયદો ન હોય એના કારણે આપણે આઇ.પી.સી.ની કલમ લગાડીએ છીએ .એમાં ક્યાંકને ક્યાંક છટકબારી શોધીને આ ગુનેગારો મોંઘા-મોંઘા વકીલો રાખીને હાઇકોર્ટમાંથી જામીન મેળવવામાં સફળતા મેળવે છે .આ આઇ.પી.સી .કલમ ના લગાડવા માટે સવારે જ્યારે મેં પહેલાં મારી વાત મૂકી ત્યારે મેં કહ્યું કે એના કારણે અને આપણા રાજ્યમાં ભવિષ્યમાં પેપર ના ફૂટે એ માટે આ કાયદો લાવવો ખૂબ જરૂરી છે .આ ચાર વર્ષમાં નવમું પેપર રાજસ્થાનમાં ફૂટ્યું .કાયદો ત્યાં પણ લાવ્યા . કારણ કે, આજના આ યુગમાં નવી ટેકનોલોજીના ઉપયોગથી આ શોર્ટકટ ધારણ કરવાવાળા લોકો રાત દિવસ મહેનત કરનાર લોકોના ભવિષ્ય પર પાટું મારનાર લોકોને કંટ્રોલમાં રાખવા માટે આ યોગ્ય સમય છે .કડકમાં કડક કાયદો આપણે લાવવો જ પડે .અનેક લોકોએ અનેક વાતો કરી કે કાયદો લાવવાથી શું પેપર ફૂટતા બંધ થઇ જશે? આ દેશ આઝાદ થયો ત્યારથી ખૂન કરવું એ ગુનો જ છે .ખૂન કરનાર ગુનેગારને જેલના સળિયા પાછળ મોકલવા કડક કાયદો બનાવ્યો તો એનો અર્થ એવો ન હોઈ શકે કે ખૂન કરનાર લોકો પર કાયદો લાવશો તો ખૂન કરતાં બંધ થઇ જશે પણ એ કાયદો એટલા માટે લાવવો પડે કે આ કાયદાના સહયોગથી ગુનેગારોને જેલના સળિયા પાછળ નાંખવામાં સફળતા મળે અને એને સજા અપાવીને ભવિષ્યમાં આવું કૃત્ય કરનાર લોકો ઉપર એક અંકુશ લાવી શકીએ એની ઉપર ડર પેદા કરી શકીએ એટલા માટે આ કાયદો લાવવો ખૂબ જરૂરી છે .આદરણીય સિનિયર સભ્ય વડીલ અર્જુનભાઇ મોઢવાડિયાજીએ બે-ત્રણ સજેશન મૂક્યા છે .હું આપનો આભાર માનું છું, માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું, માનનીય કાયદામંત્રીશ્રીનો આભાર માનું છું .અર્જુનભાઇ ભલે વિપક્ષના સભ્ય છે . એમની રાજકીય વાતો અલગ વિષય છે પરંતુ અમેણે સૂચવેલા જે સુધારાઓ હતા એ આપે કાલે અમારા ધ્યાન પર મૂક્યા . મુખ્યમંત્રીશ્રી, કાયદા મંત્રીશ્રી, અમારા દંડકશ્રી સૌએ એના પર તાત્કાલિક વિચારણા કરી .અમે એની ઉપર વિચારણા કરતાં કરતાં અમે નથી વિચાર્યું કે સંખ્યાબળ ૧૫૬ હોય તો બિલ તો પસાર થવાનું જ છે.પરંતુ અમે એમ વિચાર્યું કે આ બિલમાં એક નવી શરૂઆત કરીએ અને તે નવી શરૂઆત શું હોઈ શકે ? તો રાજકીય આરોપ, પ્રતિ આરોપ આ બધા વિષય ચાલતા જ રહેવાના છે પણ રાજ્યના યુવાનોના ભવિષ્યનો વિષય આવે ત્યારે મારા રાજ્યના યુવાનો જો ગૃહમાં આ બિલ ઉપર જે ચર્ચા થઈ હોય તે સાંભળે તો તેના મનમાં જેમ સરકારી નોકરી પ્રાપ્ત કરવા માટે જેમ લાખો લોકો પરીક્ષા આપવા માટે જાય છે તેવું જ સપનું જોઈને ભવિષ્યમાં ધારાસભ્ય બનવાનું મન થાય તે પ્રકારનું આપણા ગૃહનું આજનું વાતાવારણ છે .તમામ લોકો પોતાનો વિષય મૂકી શકે એ વિચારણા સાથે અમે કાલે વિચાર કર્યો .વિચારણાની સાથે સાથે જ સવારે આપશ્રી દ્વારા એક સૂચન આપવામાં આવ્યું કે એકબીજાનો વિરોધ કરવા, એકબીજાને નીચું બતાડવામાં રાજ્યના યુવાનોનું ભવિષ્ય ધૂંધળું ન થાય તે ધ્યાનમાં લેવું . ખરેખર આ વિધાનસભાગૃહમાં આજે ઈતિહાસના પાના ઉપર લખાશે તે પ્રકારે બંને પક્ષના સભ્યશ્રીઓએ આ બિલને સહયોગ કર્યો છે. હું આ ક્લેરિફિકેશન એટલા માટે આપું છું કે રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડનું બિલ કે બીજા કાયદાઓનો અમે ખૂબ અભ્યાસ કર્યો હતો. મારા રાજ્યના યુવાનોના હિતમાં મારો ઈગો બાજુમાં રાખીને તમામ લોકો સાચી વાત મૂકે અને તે વાતના નિર્ણય તરફ આગળ વધવાનો પ્રયાસ કર્યો .આજે રાજસ્થાન અને ગુજરાતના કાયદાની વાત થયેલી ત્યારે વિદ્યાર્થીઓનું સૂચન અને આદરણીય શ્રી અર્જુનભાઈનો સુધારો અમે જરૂરથી ધ્યાનમાં લીધો છે પરંતુ રાજસ્થાનના કાયદામાં કલમ-૧૦(૧)માં જોગવાઈ છે કે જો કોઈ પરીક્ષાર્થીઓ ગેરરીતિ આચરશે તો તેને ત્રણ વર્ષ સુધી જેલ અને રૂપિયા એક લાખથી વધુના દંડની જોગવાઇ કલમ-૨(એફ)(૧) માં પરીક્ષાર્થી સંદર્ભે ગેરરીતિની વ્યાખ્યા કરવામાં આવેલ છે .જે મુજબ પરીક્ષાર્થી કોઈ પણ જાતની અનઅધિકૃત મદદ મેળવશે કે પરીક્ષાર્થી કોઈ અનિયમિતતા આચરે છે તો પણ ક્રિમિનલ જસ્ટીસ સીસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલ છે .જયારે અમારા કાયદામાં કલમ-૪માં નાની અનિયમિતતાને બાકાત રાખવામાં આવેલ છે .આમ, રાજસ્થાનનો કાયદો આ બાબતે આપે કહ્યું તેમ ડ્રેકોનિયમ સાબિત થાય છે .અમારા કાયદા અને ત્યાંના કાયદામાં બહુ મોટો તફાવત નથી પરંતુ ભવિષ્યમાં આ કાયદાનો કોઈ ગેરઉપયોગ ન કરી લે તે માટે શબ્દનું ક્લેરિફિકેશન ખૂબ જરૂરી હતું .એમનું સૂચન સાચું હતું એટલે આપણે આજે જ આ સુધારો લાવવાનું નક્કી કર્યું છે. મારા યુવાન મિત્ર શ્રી ચૈતરભાઈ વસાવા પહેલીવાર ધારાસભ્ય બન્યા .તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૨માં તેમણે સરકારી પરીક્ષા આપેલી હતી .આ જ સરકાર, આ જ સરકારી પરીક્ષા અને મને વિશ્વાસ છે કે શ્રી ચૈતરભાઈ પોતે ખૂબ મહેનતુ છે અને મહેનત કરીને જ પરીક્ષા પાસ થયા હશે .એમણે ખૂબ સારા

સૂચનો આપ્યા .એમણે કલમ ૧૦ની જે વાત કરી છે એ તમામ લોકોનું હતું એટલે છેલ્લે સાથે લઉં છું .એમણે કહ્યું કે બે જ લોકો જેલમાં છે .અનેક સાથી સભ્યોએ એમ કહયું કે કેટલી પરીક્ષાઓના પેપર આપણા ગુજરાતમાં ફૂટ્યા છે? કેટલી ચાર્જશીટ થઇ છે? ગુજરાતમાં છેલ્લા ૧૧ વર્ષમાં ખરેખર પેપર ફૂટ્યું હોય કે આરોપ લાગ્યો હોય એ તમામ વિષયો ગણીએ તો કુલ મળીને ૧૧ પરીક્ષાઓના પેપરો ફૂટ્યા છે .જેમાં ૧૧ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે .૨૦૧ આરોપીઓ છે, ૧૦ ગુનામાં નામદાર હાઇકોર્ટમાં ચાર્જશીટ થઇ ગઇ છે .એક ગુનામાં ચાર્જશીટ એટલા માટે થઇ શકી નથી કે હજી અઠવાડિયા-દસ દિવસ પહેલાં જ આ ઘટના વડોદરામાં બની છે .એની પણ કામગીરી એ.ટી.એસ .દ્વારા ચાલુ છે અને હું વિશ્વાસ અપાવું છું કે આપણી પાસે જે ઉપલબ્ધ કાયદો છે, જે કલમો છે એનો પૂરેપૂરો ઉપયોગ કરીને આ નવ લાખ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવાનો પ્રયત્ન કરીશું . પરંતુ, આપણે સૌ જાણીએ છીએ કે આઇ.પી.સી.ની આ કલમો લાંબી ટકી શકવાની નથી .એટલા માટે આપણે આજે નવા કાયદા તરફ આગળ વધી રહ્યા છીએ .શ્રી શૈલેષભાઇના અનેક સૂચનો આવ્યા, રોજગારીની વાત આવી, શિક્ષિત રોજગારીની વાત આવી અને પ્રિન્ટિંગ પ્રેસની વાત કરી હતી .આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં બધી જ ફેસિલિટીઝ ઉપલબ્ધ છે અને આપણા ગુજરાતની અનેક પ્રિન્ટિંગ પ્રેસમાં કર્ણાટક, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ જેવા બીજા રાજ્યના પેપર છપાવવા માટે આવતા હોય છે .સામાન્ય રીતે, સરકારી પ્રેસમાં આ પેપરો કેમ છપાતા નથી? દરેક સરકારની ઇચ્છાશક્તિ હોય જ છે કે સરકારી પ્રેસમાં પેપર છપાય .સિનિયર આઇ.એ.એસ .કક્ષાના અધિકારીઓ કે જેઓ પરીક્ષાનું સંચાલન કરતા હોય છે એ લોકોને દૂર-દૂર સુધી અનેક દિવસો સુધી પોતાનું ઘર અને રાજ્ય છોડીને પેપર છપાતું હોય ત્યાં બેસવું પડતું હોય છે .અનેક દિવસો સુધી ત્યાં રહેતા હોય છે અને પેપર છપાવવાની પ્રોસેસ કરતા હોય છે .સામાન્ય રીતે પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતા વ્યક્તિ કે જેને ગુજરાતી ભાષાનો અંદાજો ન હોય અને એને જ્યારે આ પેપરની ખરેખર શું કામગીરી થઇ છે એ ખબર ના હોય તો એનાથી પેપર ફૂટવાના ચાન્સીસ ઓછા થઇ જાય છે .પરંતુ, તમારું સજેશન હંમેશા રાજ્યના હિતમાં હોય છે .તમે હંમેશા દરેક સાચા વિષય પર સાચા સજેશનો આપ્યા છે એટલે તમારા સજેશનોને અમે સો ટકા આવકારીએ છીએ .હું શ્રી ઉમેશભાઇને સાંભળતો હતો અને એમને સાંભળીને મને ખૂબ આનંદ થયો .પહેલીવાર ચૂંટાયા પછી એમના જે સજેશનો હતા એ ખૂબ સારા હતા .ગુજરાતના યુવાનો માટે શ્રી સી.જે.ચાવડાજી, સુશ્રી ગેનીબેન તથા અન્ય સભ્યોએ ફાસ્ટટ્રેક કોર્ટની વાત મૂકી છે .

કાયદા મંત્રીશ્રીએ ત્યારે જ ચિઠ્ઠી લખી કે આ પ્રકારના પેન્ડિંગ કેસો ભવિષ્યમાં ઝડપથી કેમ ચાલી શકે, તે માટે આપણે ૧૦૦ ટકા વિચારણા કરીશું અને એ બાબતે કાયદા મંત્રીશ્રી જોડે મળીને અમે કામગીરી આગળ વધારીશું. ફાસ્ટ ટ્રેક કોર્ટ આના માટે અલગથી બને તે માટે આવનાર દિવસોમાં એને જરૂરિયાત કરીને કાયદા મંત્રીશ્રી, આ કોર્ટનું જ્યુરિડિક્શન છે એ કોર્ટના જસ્ટીસ સાથે સંકલન કરીને આવનારા દિવસોમાં આ બાબતે શું કામગીરી થઇ શકે છે એ માટે પણ જરૂરથી વિચારણા કરીશું. એમને એ જ જિલ્લાની અંદર પરીક્ષા લેવાય, અમારા બધા જ સભ્યશ્રીઓએ પણ એવું કહ્યું છે. અમે સો ટકા પ્રયાસ કરીશું કે વધુમાં વધુ સેઇમ જિલ્લામાં પરીક્ષા લેવાય તો લોકોની અવરજવર ઓછી થાય, લોકોને હેરાનગતિ ઓછી થાય અને આ બધા જ નવ લાખ વિદ્યાર્થીઓ છે તે કોનો પરિવાર છે? આ ૧૮૨ સભ્યશ્રીઓનો પરિવાર છે. એ લોકોને કોઇપણ પ્રકારની હેરાનગતિ થાય એ આપણે કયારેય ન ઇચ્છીએ. પરંતુ ઘણીવાર આટલી મોટી પરીક્ષા લેવાતી હોય, ઘણી પરીક્ષાઓ એવી છે કે છ - સાત જિલ્લાના લોકો એટલી બધી સંખ્યામાં હોય છે કે ૮૦ ટકા રાજ્યના ઉમેદવાર એ છ- સાત જિલ્લામાંથી હોય છે. તો એ છ- સાત જિલ્લાના લોકો માત્ર પોતાના જિલ્લાની અંદર પરીક્ષા આપી શકે તેવું સંભવ થતું નથી. પરંતુ આ દિશામાં પણ અમે આવનારા દિવસોમાં ખૂબ પોઝિટિવલી ચિંતા કરીશું. શ્રી કિરીટભાઇ પટેલે એન.સી.આર.બી.ના ડેટાની વાત કરી, પોક્સોની વાત કરી, યુનિવર્સિટીમાં ભરતીની વાત કરી, હું માત્ર ગૃહને જાણકારી આપુ છું કે પોક્સો એક્ટ એ આ દેશની હજારો પીડિત દીકરીઓને ન્યાય અપાવનાર એક્ટ છે. પોક્સો એક્ટમાં કંઇ ગુજરાત સરકારમાં હું ગૃહ મંત્રી છું અને મને અભિનંદન મળે તે માટે આપને નથી કહેતો, પરંતુ આપણી જ ગુજરાત પોલીસે પોક્સો એક્ટ અંતર્ગત, કદાચ દેશભરમાં આવી ઘટના કયાંય થઇ નહીં હોય કે ૯૦ દિવસમાં ૧૦ થી વધારે પોક્સો એક્ટ અંતર્ગત આવતા કેસોમાં ગુનેગારોને સજા અપાવી છે. માત્ર ૨૧ દિવસમાં ફાંસીની સજા મળે, માત્ર ૪૫ દિવસની અંદર કોઇ પીડિત પરિવારને ન્યાય મળે, અનેક દીકરીના હત્યારાને ફાંસીની સજા થાય આવું કોઇએ સપનામાં પણ વિચારેલું? આ બધા કામો કરવા માટે ખરેખર ઇચ્છાશકિતની જરૂર હોય. આ વર્ષે પક્ષ અને વિપક્ષ બંનેના મારા ઘણા સાથી ધારાસભ્યશ્રી વિધાનસભાગૃહમાં નથી. અલગ અલગ ક્ષેત્રની અંદર જયાં આ પ્રકારની ઘટના બની હોય ત્યાં મેં હંમેશા જોયું છે કે, તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ એકસાથે રહીને ગુનેગારોને સજા અપાવવાના માટે પ્રયાસ કરે છે. એટલે આ ગૃહને હું આ જાણકારી આપું છું કે, આપણી ગુજરાતની ધરતી ઉપર જયારે આ પ્રકારની ઘટના થાય છે ત્યારે કોઇ સરકાર, કોઇ ધરતી, કોઇ વાહવાહી એના માટે આ કેસોમાં ન્યાય અપાવવા માટે મહેનત થતી નથી. આ તો મારી અને તમારી દીકરીઓ, મારી અને તમારી બહેનો રાજ્યમાં સૂરક્ષિત છે અને ભવિષ્યમાં પણ વધુ સૂરક્ષિત રહે તે માટે આપણે ટીમ ૧૮૨ છીએ. આમાં ટીમ ૧૫૬ તરીકે અમે બહાર જતા નથી. આપણે ટીમ ૧૮૨ તરીકે જ આપણા રાજ્યની દીકરીઓની સૂરક્ષા માટે કામ કરવું પડશે. આ કામગીરી માટે કે બીજી કોઇપણ કામગીરી માટે જેમ શ્રી અર્જુનભાઇએ કહ્યું કે મારે તમારી સાથે કામ કરવાનું થયું નથી. તે સાચી વાત છે. પરંતુ જેટલા લોકોની સાથે કામ કરવાનું થયું હશે એને જો તમે અનુભવ પૂછશો તો ન્યાય અને અન્યાયની બાબતમાં રાજકીય ટીકા-ટિપ્પણી કરનાર હું વ્યકિત નથી. શ્રી અર્જુનભાઇ, અમે બહુ નાની ઉંમરે , મારી ૨૭ વર્ષની ઉંમર હતી અને ૨૭ વર્ષની ઉંમરે પહેલી વાર વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં હવે મારા સાથી સભ્ય છે નહીં હમણાં. ૨૦૧૨ની ચૂંટણીમાં મેં પહેલીવાર ફોર્મ ભર્યું. એ ફોર્મમાં ખૂબ મોટા અક્ષરે મેં લખ્યું છે કે હું ટેન્થ સ્ટાન્ડર્ડમાં ફેઇલ થયેલો. માનનીય

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

અધ્યક્ષશ્રી, ૨૦૧૨માં ગુજરાતની વિધાનસભામાં ૨૭ વર્ષની ઉંમરે જે પાંચ સૌથી વધારે મતથી વિજેતા થયેલા એમાં મને પણ મારા વિસ્તારના લોકોએ અવસર આપ્યો. ૨૦૧૭માં પણ મેં ફોર્મ ભર્યુ. એમાં પણ મોટા અક્ષરે, બોલ્ડ અક્ષરે લખ્યું છે કે હું ટેન્થ સ્ટાન્ડર્ડમાં ફેઇલ છું. હું એ વખતે ૮૬૦૦૦ મતથી મજૂરા વિધાનસભામાંથી ધારાસભ્ય બનીને આ વિધાનસભામાં આવવાનો અવસર મળ્યો. ૨૦૨૨માં આ જ વિધાનસભામાં મેં ફરી ચૂંટણી લડી. એ જ લોકોની વચ્ચે હું મોટો થયો છું. મારા વિસ્તારના વડિલો મને એમનો દીકરો માને છે. મારા વિસ્તારના યુવાનો મને એમનો મિત્ર માને છે. મારા વિસ્તારમાં મને કોઇ નામથી નથી બોલાવતા. મજૂરા કા મિત્ર કહીને બોલાવે છે. ૨૦૨૨માં ગુજરાતમાં હું બીજા નંબરે સૌથી વધારે ટકાવારીમાં બીજા નંબરે વિજેતા બનીને આ ગુજરાતની વિધાનસભામાં આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલની વાત કરતા કરતા રાજકીય લોભ લાલચ હોઇ શકે. પરંતુ આ પ્રકારની વાત. માનનીય અધ્યક્ષશ્રી, આખા દિવસ દરમ્યાન કલાકો સુધી ચાલેલી આ ચર્ચામાં કોઇ એક વ્યક્તિ એવું...

અધ્યક્ષશ્રી : બધું પોઝિટિવ રહ્યું છે. એકાદ ઘટનાને બાદ કરતા.

શ્રી હર્ષ સંઘવી :આજીવન રહેવાનું છે. આ ગૃહ અમારું માબાપ છે. આ અમારું માબાપ છે. અહીં અમને ઘણુંબધું શીખવેલું છે. સમાજમાં કઇ રીતે જીવન જીવવું એ આખા ગુજરાતને આ ગૃહે દિશા આપી છે. મારા સાથી સભ્ય. માત્ર બે ત્રણ જવાબ મારે ગેરહાજરીમાં આપવા પડશે. એ એટલા માટે આપવા પડશે, કારણ કે દરેક વખતે એક બે વ્યક્તિ કોઇ ડેટા મૂકે અને એમ કહે કે રાજ્ય સરકાર પાસે આ પ્રકારના ડેટા અવેલેબલ નથી. લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિ અને એ પણ ગુજરાત જેવા મહાન રાજયની વિધાનસભાના સભ્ય બન્યા પછી. આ રાજયની ધરતીએ જેને બહુ જ આપ્યું હોય. હવે એ રાજય માટે જયારે આપણે કંચાય બોલીએ છીએ તો એના ડેટા તો જરૂરથી હોવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને, કેન્દ્ર સરકારના ૨૦૦૨માં ૨૦૦૨થી વચ્ચે અનેકવાર યુ.પી.એ. ની પણ સરકાર આવેલી છે. હું મારા ઘરના ડેટા એમાં પબ્લિશ કરી શકતો નથી. એના એક નિયમ બનાવેલા છે. એ નિયમને આધારિત કેન્દ્ર સરકાર અને રાજય સરકારને વેબસાઇટ પર આ ડેટા અવેલેબલ હોય છે. કોઇ વ્યક્તિ કહે કે આ ડેટા અવેલેબલ નથી અને એ ડેટા અવેલેબલ હોય અને સાચો ડેટા આપવા માટે માત્ર વિનંતી કરી હોય કે ડેટા અવેલેબલ છે એ અમે આપને આપી શકીએ છીએ અને જો ડેટા આપવાની વાત કરવાની સાથે કોઇ વ્યક્તિ એમ માને કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ થયેલા લોકો જ સાચા ડેટા આપી શકે અને બીજા કોઇ વ્યક્તિને બોલવાનો હકક નથી તો આ કઇ રીતે સ્વીકારી શકાય? (અંતરાય) સાથે તો ટીમ છે. એ પણ મારા મિત્ર છે, અહીંયા બેઠેલા તમામ લોકો સાથે છે. પરંતુ આ વિચારવાની વાત છે. આ વાત એટલા માટે મહત્ત્વની છે કે અહીં બેઠેલા એક એક ધારાસભ્ય જેમની જોડે અનેક લોકો જોડે વર્ષોથી કામ કરવાનો અવસર મળ્યો છે. એક પણ ધારાસભ્ય જોડે અડધી રાત્રે ફોન આવ્યો હશે, નાની મોટી તકલીફોમાં એક બીજા સાથે ઊભા રહ્યા હશું. કોઇ દિવસ આ પ્રકારનો વ્યવહાર ગુજરાતની વિધાનસભામાં, હવે મને વિધાનસભામાં અગિયાર વર્ષ થયા છે. આજ સુધી મેં જોયું નથી. હું એટલા માટે આ વાત ફરી કહું છું કે આપણે ગુજરાતના નાગરીકોને કઇ દિશામાં લઇ જવાનો પ્રયત્ન કરીએ છીએ? આપણે એ દિશામાં લઇ જવાનો પ્રયત્ન કરીએ છીએ કે હું ગમે એટલા ખોટા આંકડા આપું મારી સામે કોઇએ બોલવું નહીં અને મારી સામે કોઇ બોલે તો એને પહેલા ડિગ્રી મુકવાની, એ પણ વિદેશની ધરતીની હાર્વર્ડ યુનિવર્સિટીની. મેં પહેલીવાર આવું જોયું.

અધ્યક્ષશ્રી : અહીં વિધાનસભામાં હાર્વર્ડ અને હાર્ડ વર્ડની જરૂર નથી. હાર્ડ વર્કની જરૂર છે. હાર્ડ વર્ક કરીને બધા ચૂંટાઇને આવો છો એટલે બધું આવી ગયું છે. હાર્ડ વર્ક કરો પ્રજા માટે એટલે બધું આવી ગયું છે.

શ્રી હર્ષ સંઘવી : એટલે મારો તો માનનીય અધ્યક્ષશ્રી માત્ર એટલો વિષય છે કે જયારે...(અંતરાય) ના, બધા ભાઇઓ જ છે. એમાં શબ્દો પાછા ખેંચવા, માફી માંગવી, મેં પોતે માફી માગી છે. જતું જ કર્યું છે. પકડવાનું હોય જ નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે મનથી પણ કાઢી નાખો, દિલમાંથી પણ કાઢી નાખો. શ્રી બળવંતસિંહભાઇ ડેટા આપવા માટે મારે ત્યાં આવેલા, હું ગયો ને મારી ચેમ્બરમાં ત્યારે કહ્યું કે મારે ઊભા થઇને વાત કરવી હતી કે આ આંકડા આપે છે તે ખોટા છે. પરંતુ મેં એમને એ વખતે ચાન્સ નહોતો આપ્યો. પરંતુ મને બતાવ્યું તો એમની પાસે બધા ડેટા હતા, મને કહે હું ડેટા લઇને મંત્રી તરીકે ડિપાર્ટમેન્ટમાં બેઠો છું અને હું એટલા માટે ઊભો થયો હતો. એ બાબતમાં મને બતાવ્યું હું એમાં સંમત છું.

શ્રી હર્ષ સંઘવી : એટલે માત્ર વિષય એટલો જ છે કે આજે તો આ ગૃહના ફલોર પર ડેટા માગવામાં આવ્યા છે, પરંતુ ગૃહના ફલોર સિવાય પણ ડેટા માગવાનો સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો હકક છે. અને શૈલેષભાઇએ, મારે કહેવાનું રહી ગયું, શૈલેષભાઇએ એમ કહ્યું કે વાહ વાહ તમામ વસ્તુમાં કરવી, પાટલી થપથપાવવી, એવું ન જ હોવું જોઇએ શૈલેષભાઇ, અને એટલા માટે હું આપનો આભાર માનું છું. સી. જે. ચાવડાજી આપનો પણ હું એટલા માટે આભાર માનું છું કે પાટલી થપથપાવવી અને વાહ વાહ કરવું એ સાંભળવાના વિચારો જોડે હું આજે આવ્યો જ નથી. જેમ નરેશભાઇએ કહ્યું જેમ રમણલાલ વોરા સાહેબે કહ્યું જેમ ગણપતભાઇએ કહ્યું, જેમ બીજા સભ્યોએ કહ્યું તે રીતે કાલે આ બિલ મૂકતા પહેલા એક જવાબદાર પ્રતિનિધિ તરીકે જેટલા લોકો આ બિલમાં બોલવાના હતા એ અમે સૌ લોકો મારી ઓફિસમાં બે કલાક બેઠા, આદરણીય રમણલાલ વોરા સાહેબ અને ગણપતભાઇ વસાવાએ પણ સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડયું કે આપણે જયારે વિચારીએ છીએ કે એક સારું કામ કરવું છે. બધાએ સાથે મળીને કરવું છે તો કોઇ પણ પ્રકારની રાજકીય ટીકા ટીપ્પણ કર્યા વગર આપણે સૌ સાથે મળીને અને વિપક્ષ તરીકે તમને બોલવાનો અને પક્ષ તરીકે અમારા સમયગાળામાં આવી કોઇ ઘટના બની હોય તો અમારે સાંભળવું જ પડે. અને એ

સાંભળવા માટે સંપૂર્ણ તૈયાર છીએ. અને બહુ શાંતિથી તમામ વિષયો ઉપર અમે અધ્યયન જરૂરથી કરીશું અને હું આપને વિશ્વાસ અપાવું છું કે આ કાયદામાં કોઇ પણ પ્રકારની ક્ષતિ પણ નહીં છોડીએ, અને કોઇ પણ પ્રકારનો ગેરલાભ પણ કોઇને ન થાય તેનું પણ ધ્યાન રાખીશું. અને કોઇને અન્યાય ન થાય તેનું પણ જરૂરથી ધ્યાન રાખીશું. મુખ્ય મુદ્દો સ્કૂલ, કોલેજની જે ચર્ચા ચાલતી હતી, એક સામાન્ય સ્ટુડન્ટ એકઝામની અંદર બોર્ડના એકઝામીનેશનમાં કોપી કરે હું એગ્રી છું કે આ પ્રકારનો ગુનો એના ઉપર ન લાગવો જોઇએ. પણ હું માનું છું કે પોલીસ માટે તમામ લોકો વિચારણા કરે છે. પોલીસ માત્ર ચોર પકડનાર પોલીસ નથી. સામાન્ય રીતે દોઢ વર્ષથી રાત દિવસ એમની સાથે કામ કર્યા પછી આજે હું માત્ર ખૂબ ભાવપૂવર્ક આપ સૌને કહેવા માગું છું કે પોલીસના જવાનોનો અધિકારીઓનો પણ એક પરિવાર છે. એમના ઘરમાં દીકરા દીકરીઓ છે એ પણ શાળા કોલેજમાં ભણે છે એમના પણ દીકરા દીકરીઓ રાત દિવસ મહેનત કરીને આ રાજયને આગળ વધારવા માટે હંમેશા મહેનત કરી છે. પોલીસ એ માત્ર ગુનેગારને પકડતી નથી. આ પોલીસ ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં એક અલગ દિશામાં કામ કરે છે. હું ઉદાહરણ એટલા માટે આપવા માગું છું કે અમારી દિશાનો આપને અંદાજો આવશે. હમણાં એક મૂહિમ ચાલે છે કે ગુજરાતના કોઇ સામાન્ય નાગરિક એને નાની મોટી તકલીફ પડે ઘરમાં કોઇ દુઃખ કે બિમારી આવી જાય હવે તો આયુષ્યમાન ભારત છે. ઘરમાં લગ્ન હોય તો કાંઇક નાની મોટી મજબૂરીમાં એ સામાન્ય પરિવાર વ્યાજે રૂપિયા લે. આ સામાન્ય પરિવાર કોઇના વિશ્વાસમાં વ્યાજે પૈસા લે છે ત્યારે સામે વાળા વ્યકિત દૂષણનો આખો ધંધો ચલાવનાર લોકો કોઇક મારા રાજયની માતાઓના મંગળસૂત્ર લઇ લીધા છે તો કોઇકે એ માતાના સ્વપ્નાના ઘર કબજે કરી લીધા છે. આ ગુજરાતના પોલીસના ઉચ્ચ અધિકારીથી લઇને થાણેદાર સુધી ૩૫૦૦ થી વધુ લોકદરબારો કરીને એકે એક દૂષણખોરને અંદર નાખ્યા છે. આ સામાન્ય રીતે પોલીસની કામગીરીમાં જ આવે છે. પણ જે મહત્ત્વનો વિષય શું છે કે પોલીસે આ દૂષણખોરોને પકડયા પરંતુ જે સામાન્ય નાગરિક વ્યાજના દૂષણમાં ફસાયેલા હતા એને બેંકની અંદર ગુજરાતના પોલીસોએ લાઇનમાં ઊભા રહીને ૧૩ હજાર કરતાં વધારે પરિવારોને એક મહિનામાં લોન અપાવી છે. પોલીસ માત્ર ચોર પકડનાર ફોર્સ નથી. પોલીસે રાજયની શાંતિ, સલામતી ભાઇચારો આ બધું જળવાય રહે તે માટે આ દિશામાં વિચારણા કરીને કામગીરી કરતી હોય છે. પોલીસને એજ્યુકેશન ફિલ્ડની અંદર એન્ટર કરવા દેવા ન કરવા દેવા એ વિષયને આની સાથે જોડવા નથી માગતો પરંતુ પોલીસને એક દિશાથી ન જોવી જોઇએ તેવી મારી વિનંતી છે.

માનનીગ ગણપતભાઇનો એક સવાલ હતો.

અધ્યક્ષશ્રી : જે કંઇ સભ્યશ્રીઓના સવાલો બાકી હોય એ ટૂંકમાં કહી દો. વ્યકિતગત નામ ન લો એક સાથે બોલી જાવ.

શ્રી હર્ષ ર. સંઘવી : બધાને સંતોષ હોય તો હું બેસી જાઉં. હજી ૪૦ જેટલા પાના છે અને ૧૮ જેટલા જવાબ છે. છેલ્લા એક બે જવાબ મહત્ત્વના છે જેનાથી આખું બિલ કલીયર થઇ જાય. કલમ-૨૦માં શુદ્ધબુદ્ધિ પૂર્વક લીધેલા પગલાંની જોગવાઇ કરીને અધિકારીઓને કાયદામાં છટકબારી આપવામાં આવેલ છે કે નહિ વિરોપક્ષમાંથી સવાલ આવ્યા છે અને માનનીય ગણપતભાઇનો પણ સવાલ હતો એનો આપના દ્વારા ટૂંકમાં જવાબ આપવા માગું છું. આ કલમ એવા અધિકારી કર્મચારીનું રક્ષણ પૂરું પાડે છે જે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો બજાવે છે સુધારાને ઉદ્દેશો એવા ન હોય કે કોઇપણ અણબનાવ બને તો જે તે અધિકારી કે કર્મચારીને દોષિત ઠેરવી દેવાનો હોય. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ પરીક્ષાનું પેપર ફૂટે તો તેનો મતલબ એવો નથી કે એના જે અધિકારી છે એ ફૂટેલા હોય. પેપર ફૂટવાનું કારણ શોધ્યા પછી કોઇ પર આપણે કલમ લગાડીએ તો એ યોગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જો કોઇ અધિકારી/કર્મચારી દોષિત હોય તો તેને આકરી સજા થવી જ જોઇએ પરંતુ નિર્દોષ અધિકારી/કર્મચારી ખોટી રીતે દંડાઇ ન જાય તે પણ તકેદારી રાખવી ખૂબ જરૂરી છે. અન્યથા કોઇ પણ વ્યક્તિ આ પ્રકારની કામગીરીમાં સામેલ જ ન થાય અને જો ફરજ પાડવામાં આવે તો પણ શક્ય હોય ત્યાં સુધી આવા કામને ટાળવાની પ્રવૃત્તિ બની રહેશે. આથી આ કલમ વ્યાવહારિક છે અને શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલા પગલાંમાં પૂરતું રક્ષણ પૂરું પાડે છે. અર્જુનભાઇએ આજે અનેક અધિકારીઓનું નામ લીધું. એ બધા અધિકારી પણ આ પરીક્ષાના મુખ્ય ઇન્ચાર્જ રહી ચૂક્યા છે કાં પરીક્ષાના ઇન્ચાર્જ છે. તો એવા અધિકારી જો પરીક્ષા લેતાં કોઇ ત્રીજી વ્યક્તિએ ખોટું કર્યું હોય અને એ અધિકારી દંડાઇ જાય તો તો આ એકદમ અન્યાય થઇ જાય. આ રીતે અનેક કાયદાઓમાં આ પ્રકારનું રક્ષણ આપેલું છે. જેમ કે ધ પ્રોટેક્શન ઓફ હ્યુમનરાઇટ્સ એક્ટ, પાસપોર્ટ એક્ટ, રજિસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ, રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટ. આ તમામ કાયદાઓમાં આ જ રીતે જે અધિકારી કામ કરતા હોય પરંતુ તેનું ડાયરેક્ટ કે ઇન્ડાયરેક્ટ પણ કોઇ ઇન્વોલ્વમેન્ટ ન હોય તો તે કોઇ પણ પ્રકારે આ કલમ નીચે દંડાય નહીં તે માટેનું ધ્યાન રાખવામાં આવેલું છે. ઘણાં બધા પ્રશ્નના જવાબો તૈયાર કરેલા છે અને હું આશા રાખું છું કે તમામ લોકો ખાલી રાજ્યના યુવાનોને બતાવવા માટે નહીં, પરંતુ આ ફ્લોર પર દિલથી એક થઇને આ બિલને એક સૂરે પસાર કરે અને આ બિલમાં આજે નહીં પરંતુ જ્યારે નિયમો બને, વિધાનસભા ચાલુ છે, કોઇના મનમાં હજુ પણ કોઇ પણ પ્રકારની ભૂલ દેખાય તો સુધારવા માટે જરૂરથી સજેશન લાવે. એ સુધારાઓ પર અમે હંમેશા વર્કઆઉટ કરીશું. આપ સૌને વિનંતી કરું છું કે આપ સૌ આ રાજ્યના હિતમાં એકસૂરે દિલથી આ બિલને પસાર કરીને ગુજરાતના ઇતિહાસમાં વિધાનસભા ગૃહમાં એક નવો રેકોર્ડ રચો એવી મારી વિનંતી છે.

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત જાહેર પરીક્ષા(ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક,૨૦૨૩

અધ્યક્ષશ્રી : હું બિલને મત ઉપર મૂકું એ પહેલાં મેં સવારે એક કોમેન્ટ કરી હતી અને એ બાબતને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ખૂબ પોઝિટિવ લઇને, આ પક્ષ કે પેલો પક્ષ એ જોયા વગર એમણે નક્કી કર્યું કે સારું સજેશન છે. બિલનો સુધારો ગુજરાતની પ્રજાના હિતમાં છે. તો રાજ્યની પ્રજાના હિતમાં, રાજ્યના યુવાનોના હિતમાં આપણે તેને પોઝિટિવ લેવું છે એ રીતનો નિર્ણય કર્યો એટલા માટે આ જગ્યા ઉપરથી હું તેમના નિર્ણયને આવકારું છું. તેમને અભિનંદન પણ આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૩ના ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩ વિધેયકનો ભાગ બની.**

અધ્યક્ષશ્રી : કલમ-૪ સભાગૃહ સમક્ષ છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું. ....

in clause 4, -

- renumber existing clause 4 as sub-clause (1);
- after sub-clause (1) as so renumbered, add the following clause, namely:-

*(2) Notwithstanding anything contained in this Act, in case an examinee appearing in the public examination other than the examination conducted for the recruitment, by the Gujarat Secondary and Higher Secondary Education Board or the State Funded Universities, has committed any offence under this Act, he shall be referred to the Gujarat Secondary and Higher Secondary Education Board or as the case may be, to the concerned University and the decision of the Gujarat Secondary and Higher Secondary Education Board or concerned University, in this case shall be final.".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ જ સંવેદનશીલ અને યુવાઓના ભવિષ્યની ચિંતા કરતું બિલ રજૂ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીયશ્રી હર્ષભાઇને હું અભિનંદન પાઠવું છું. આ આખી વાત જયારે સંવેદનશીલ થઇ છે અને માનનીય હર્ષભાઇએ જે પ્રકારે એક યુવા તરીકે આખી વાત મૂકી છે ત્યારે એક નાનકડી વસ્તુ મને યાદ આવી ગઇ, આપણે બધા જાણીએ છીએ કે વર્ષોથી માનસશાસ્ત્ર અથવા માનસના સ્વભાવ ઉપર જે પણ ચર્ચા થાય છે એ ચર્ચાની ખરેખર અર્થમાં શરૂઆત થઇ હશે ત્યારે અબ્રાહમ મેસ્લોએ ૧૯૪૩માં એક થિયરી ઓફ હ્યુમન મોટીવેશન એટલે વ્યકિતને જીવવા માટે અથવા વ્યકિત શું કામ કરી રહ્યો છે એ સમજાવવા માટનું એક પીરામિડ બનાવેલું અને એના ઉપર આજે આખી દુનિયા ચાલી રહી છે. એ ક્રીમીનલ લો હોય કે કોઇપણ લો હોય એ મેસ્લોના હેરારકી સિસ્ટમ ઉપર ચાલે છે ત્યારે આપણા માટે ગૌરવની વાત છે કે આજથી સો વર્ષ પહેલા દેશમાં પહેલી વખત જયારે નોબેલ પ્રાઇઝ મળ્યું ગુરુવર્ય રવિન્દ્રનાથ ટાગોરને જયારે આજથી સો વર્ષ પહેલા નોબેલ પ્રાઇઝ મળ્યું અને આ મેસ્લોના જે સિદ્ધાંત છે એના ૫૦ વર્ષ પહેલાં ગુરુવર્ય રવિન્દ્રનાથ ટાગોરે એક નાનકડા ગામના નાનકડા યુવાનની એક વાર્તા કીધી. એમણે એવું કહ્યું કે કોઇપણ બાળક એના એઇજનો એક સ્પાન હોય છે, આપણે બધા જાણીએ છીએ કે એમણે બંગાળી અને અંગ્રેજીમાં આખું સાહિત્યનું સર્જન કર્યું છે. એમણે એવું કહ્યું કે એઇજ ઓફ ૧૩ થી૧૯ વર્ષના જે બાળકો હોય છે ધે આર નાઇધર ઓર્નામેન્ટલ નોટ એટ્રેકટીવ, એનો મતલબ એવો છે કે તેમના શરીરથી, તેમના મનથી તેમની સામે કોઇ આકર્ષિત થતું નથી અને ત્યારે તમને એવું થતું હોય છે કે આ જે હું કરી રહ્યો છું એ સાચું છે કે ખોટું છે? અને એમાં અને એમાં સમાજના દબાણમાં આ સ્પર્ધાત્મક જીવનમાં જયારે પરીક્ષા આપવા માટે બાળક જાય છે ત્યારે આજે પરિસ્થિતિ એવી છે કે દરેક બાળકના વાલીને એવું છે કે મારું બાળક ખૂબ મોટો માણસ થવો જોઇએ અને સમાજ પણ એવી ઇચ્છા કરે છે ત્યારે એ યુવાથી જે ભૂલો થાય છે એ ભૂલોને સંવેદનશીલ સરકાર તરીકે આ બિલમાં હું જે સુધારો મૂકવા માગું છું તે કે આ જે સ્પર્ધાત્મક પરીક્ષાના પરીક્ષાર્થી છે તેની અંદર એક નાનકડો ડીફરન્સ છે એને ધ્યાનમાં લઇને અને જે માધ્યમિક શાળાના, ઉચ્ચતર માધ્યમિક શાળાના અને કોલેજના વિદ્યાર્થીઓ છે એના માટે આપણે થોડાક ફેરફાર કરવા માગીએ છીએ એ અનુસંધાનમાં મેં આ વાત મૂકી છે અને સાથેસાથે જે મેં વાત કરી છે એ થોડુંક ગુજરાતીમાં પણ કહી દઉં. ગુજરાત જાહેર પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બાબતના વિધેયકમાં કલમ-૪માં વિદ્યમાન કલમ-૪ને પેટા કલમ-૧ તરીકે ફરી નંબર આપવો. આવી રીતે ફરી નંબર આપેલી પેટા કલમ-૧ પછી નીચેની પેટા કલમ ઉમેરવી. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં ભરતી માટેની લેવાતી પરીક્ષા સિવાયની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા સ્ટેટ ફન્ડેડ યુનિવર્સિટીઓ દ્વારા લેવામાં આવતી પરીક્ષા અને પરીક્ષા આપી રહેલ કોઇ વિદ્યાર્થી આ અધિનિયમ હેઠળ કોઇ ગુનો કર્યો હોય તેવા કિસ્સામાં તેમને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

અથવા યથાપ્રસંગે સંબંધિત યુનિવર્સિટી પાસે નિર્ણય માટે મોકલવો જોઇએ અને આ કિસ્સામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા સંબંધિત યુનિર્વસિટીનો નિર્ણય આખરી ગણાશે.

શ્રી હર્ષ ર .સંઘવી :માનનીય મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુક્લ જે સુધારા લાવ્યા છે, માનનીય વિપક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી સી.જે .ચાવડાજી, ગેનીબેન અને સૌ સભ્યોએ જે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં કોપીનો વિષય હતો એ વિષયમાં ગંભીરતા અને ખાસ કરીને માનવતાની જે વાત હતી એને ધ્યાનમાં રાખતાં દંડકશ્રી સુધારો લાવ્યા છે એને ટેકો આપું છું .

**કલમ-૪ ઉપરનો સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૪ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી**

**સુધારેલી કલમ-૪ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૫ થી ૨૨ મત ઉપર મૂકવામાં આવી અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કલમ-૫ થી ૨૨ વિધેયકનો ભાગ બની.**

અધ્યક્ષશ્રી : અનુસૂચિ સભાગૃહ સમક્ષ છે .

શ્રી અર્જુનભાઇ દે .મોઢવાડિયા : આ બિલનો અભ્યાસ કર્યા પછી ગઇ કાલે મેં બે સુધારા રજૂ કર્યા. સમય મર્યાદા પછી પણ હતા અને છતાં આપશ્રીએ આ પૈકી જે ધોરણ ૧૦ અને ૧૨ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ જેને સામાન્ય રીતે આપણે જાહેર પરીક્ષા કહીએ છીએ એમાં વિદ્યાર્થીઓને સજા કરવાની જોગવાઇ હતી એને બાદ કરવાના હેતુથી આ સુધારા મેં રજૂ કરેલ છે .આજે ચર્ચાઓમાં પણ આ બાબતે વિગતે વાત થઇ છે .જ્યારે આ બિલ ઉપર બોલવાનું થયું એ વખતે પણ મારી ચિંતા આ જ હતી .આપણે બધા જ રાજનીતિમાં છીએ એટલે કોઇ રાજકીય અવલોકનને કોઇએ વ્યક્તિગત લેવું જોઇએ નહીં .ધાર્મિક અવલોકન ન થઇ શકે .રાજકીય માણસોએ રાજકીય અવલોકન કરવું જોઇએ .તમે વખાણ કરો અને અમે ટીકા કરીએ પણ મેં વ્યક્તિગત ટીકા કરી ન હતી .માનનીય પ્રભારી મંત્રીશ્રીએ વાત કરી એ વખતે મેં ત્યારે પણ કહ્યું હતું કે,રાજસ્થાનનું જે બિલ છે તે માત્ર રિક્રૂટમેન્ટ એકઝામિનેશન પૂરતું જ છે. ટાઇટલથી માંડીને બધી જ અને એમાં કલમ ૧૨ માં જોગવાઇ છે એ બે વર્ષ માટે એને બહાર કરી નાખવાનો છે, આની અંદર ત્રણ વર્ષની સજા થાય છે અને ત્રણ વર્ષની સજા માત્ર રિક્રૂટમેન્ટ એકઝામ નહીં પણ બધી સજા લાગુ પડતી હોય છે અને જ્યારે એ લાગુ પડતી હોય ત્યારે એક સિવિલ લો હોય છે અને એક ક્રિમિનલ લો હોય છે. ક્રિમિનલ લોમાં આપણે ક્રિમિનલ સજા કરીએ છીએ. સિવિલ લોની અંદર આપણે નિર્ણયને ઉલટાવીએ છીએ. એવી જ રીતે આ પરીક્ષાઓની બાબત છે એ સિવિલ લોની લગભગ નજીક આવે છે અને એમાં એને ડિટરન્ટ કેસ બીજી વખતે પોતે ના કરે અને સુધરે એટલા માટે આપણે એને તક પણ આપીએ છીએ અને એ હંમેશા આ પ્રકારની બાબતોમાં બન્નેનો નિર્ણય એ વિષયના એક્સપર્ટ જ કરે. પોલીસની મેં વાત કરી. પોલીસ સારી અને ખરાબ બંને હોય છે પણ પોલીસ તંત્રની ટ્રેનિંગ છે એ એને ક્રિમિનલો સાથે ડિલ કરવાની ટ્રેનિંગ હોય છે અને એનું સ્પેશ્યલાઇઝેશન હોય છે એને વિદ્યાર્થીઓને ડીલ કરવા ના આપી શકાય. આ એક જ હેતુ હતો અને હેતુ આખરે આપશ્રીએ સ્વીકાર્યો અને સરકારશ્રીના મુખ્ય દંડકશ્રીએ એ સુધારો રજૂ કર્યો એમાં મોટેભાગે આ વિષય આવી જાય છે, છતાં મારી પ્રભારી મંત્રીશ્રીને વિનંતી એવી છે કે આની અંદર હજી પણ રિક્રૂટમેન્ટની એકઝામ આપનાર લોકો છે એને હજી પણ આ સજા લાગુ પડે છે. એટલે હું આપને વિનંતી એટલી કરીશ કે જ્યારે આપ નિયમો બનાવો ત્યારે એકઝામિનેશન હોલની અંદર બનેલી ઘટનાઓ છે. બહાર બનેલી હોય, પેપર ફૂટ્યું હોય, હું પરીક્ષાર્થી હોય અને મેં પેપર ફોડ્યું હોય, હું એક બહારથી પેપર લઇને એમાં લાભાર્થી હોય તો આ ત્રણ વર્ષની સજામાં કદાચ આપ આવરી લો તો કોઇ વાંધો નહીં. નહીતર એકઝામિનેશન હોલની અંદર બનાવ બનેલો હોય તો એ જે પરીક્ષા લેનાર બોડી છે એને ડિટરન્ટ તરીકે બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષ પરીક્ષા ના આપવા દે, જે નક્કી કરે એ પણ એ ક્રિમિનલ લો થાય નહીં એ પ્રકારની જોગવાઇ કરો એવી એક મારી વિનંતી છે. અહીંયા માનનીય પ્રભારી મંત્રીશ્રીનું મેં આ રાજસ્થાનના બિલ બાબતે ધ્યાન દોરેલું હતું કે એમાં આટલો આટલો ફરક છે અને એ પછી મેં બિલ મોકલાવીને પણ માનનીય પ્રભારી મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે અને આ બાબતે હું વિદ્વાન છું એવો કોઇ દેખાડો હતો નહીં અને હું વિદ્વાન છું પણ નહીં, હું તો હંમેશા વિદ્યાર્થી છું અને કોઇએ એવું માનવાની જરૂરી નથી કે વિદ્યાર્થી હોવા માટે મોટી મોટી ડિગ્રીઓ જોઇએ. કામરાજ નાદર તમિલનાડુના મુખ્યમંત્રી અને દેશના ગૃહમંત્રી હતા એ માત્ર બે જ ચોપડી ભણેલા હતા અને એ અંગ્રેજી કે હિન્દી જાણતા જ નહીં અને છતાં એ વખતે દેશના ટોપના ટોપ કહી શકાય એ લેવલના એ લિડર હતા અને આજે હજી યાદ કરે છે. આજે પણ ત્યાં એનું સ્ટેચ્યું છે એટલે આમાં કોઇએ આ બાબતની અંદર મારાથી નાનો ભાઇ છે એ ભણેલો ન હતો એણે અમને બધાને ભણાવ્યાં છે અને એનામાં ઘણી બધી કોઠાસૂઝ વધારે હતી. મારા માતા-પિતા ભણેલા ન હતા પણ એમનામાં કોઠાસૂઝ હતી એટલે અમને બધાને ભણાવેલા છે એટલે એવું કોઇ દિવસ હું વિદ્વાન હોવાનો આપે કહ્યું કે હું બહુ વિદ્વાન છું એવું માનતો નથી. આપણે અભ્યાસ કરીને આપણી સમજ પ્રમાણે આપણે કરી શકીએ. એમાં ગ્લેરીંગ જે કાંઇ બાબત દેખાતી હોય તે કરી શકીએ. બાકી તો આ બધું એક્સપર્ટ નક્કી કરે. ગ્લેરીંગ કોઇક જગ્યાએ કોન્ટ્રાડિકશન હોય તો આપનું ધ્યાન દોર્યું છે એટલે આપશ્રીએ આ સુધારો કર્યો અને માનનીય મુખ્યદંડકશ્રી મારફત મુક્યો એમાં જે મારી વાત હતી એ બધી આવી જ જાય છે એટલે હું માનું છું કે મારે હવે યુનિવર્સિટી અને જે બોર્ડની એકઝામ છે એના વિદ્યાર્થીઓ આ સજાની જોગવાઇમાંથી બાકાત રહે એ હેતુ મારો હતો એ એમાં ફૂલફીલ થાય છે એટલે હું આને આગળ મૂવ કરવાનો આગ્રહ રાખતો નથી. આ કોઇ ઇગોનો કે પ્રતિષ્ઠાનો સવાલ નથી. એટલા માટે આખરે જે મારો ધ્યાન દોરવાનો હેતુ

હતો. અને એ ધ્યાન પોઝિટિવલી કોઇ ઇગો રાખ્યા વગર કે પ્રતિષ્ઠાનો સવાલ રાખ્યા વગર હેતુ સર થયો છે એટલે હું પ્રભારી મંત્રીશ્રીનો, માનનીય દંડકશ્રીનો અને માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માનું છું કે એમણે આ વાત પોઝિટિવલી સ્વીકારી અને એને કારણે લાખો વિદ્યાર્થીઓ જે આવતીકાલે એ અને એના પૅરેન્ટસ ચિંતામાં પડત એ ચિંતામાંથી બહાર થયા છે એટલે આ સિરીઝ નંબર જે ૭ અને ૮ ડિલિટ કરવાની દરખાસ્ત છે એને આગળ વધારતો નથી. થેન્ક યુ.

શ્રી હર્ષ સંઘવી ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ, પ્રતિ જવાબ નથી આપતો. માત્ર ફરી એકવાર એક વિષય ધ્યાન ઉપર મૂકવા માગું છું. રાજસ્થાનના એકટમાં જે બે વર્ષ માટે ડીબાર કરવાની જોગવાઇ છે એ આપણા એકટમાં કલમ-૧૩માં છે. જે ૩ વર્ષની જોગવાઇ પરીક્ષાર્થીના કિસ્સામાં છે એ રાજસ્થાનના એકટમાં કલમ-૧૦(૧)માં છે. જે આપણા એકટમાં કલમ-૧૨(૧) માં છે. સેકશન-જમાં એ જોગવાઇ કરવામાં આવેલ છે કે પરીક્ષા દરમિયાન કોઇ પરીક્ષામાં નાની ગેરરીતિ આચરે તો જે તે સંસ્થાને જ નિર્ણય લેવાનો છે. સાથેસાથે બોર્ડની પરીક્ષા, યુનિવર્સિટીની પરીક્ષા આ બધી જ પરીક્ષાનો વિષય અલગ છે પણ નોકરીની જે પરીક્ષા હોય એની અંદર હવે ટેકનોલોજીના જમાનામાં બ્લ્યુટુથ પહેરાવીને કલાસરૂમની અંદર જો આપણા પાર્ટીસીપેટસ છે, કેન્ડીડેટ છે એ કેન્ડીડેટની સંખ્યા બહુ મોટી હોય અને જો આ પ્રકારના કિસ્સા બનશે તો એ લોકોને રોકવા માટે પછી આપણી પાસે કોઇ કાયદો નહીં હોય એટલે મારું એવું માનવું છે કે જયારે સરકારી નોકરી લેવાની હોય ત્યારે એ કોઇ નાનો છોકરો નથી અને જો એ નાનો છોકરો હોય તો એ સરકારી નોકરીને લાયક નથી. સરકારી નોકરી જયારે લેવાની છે ત્યારે કોઇપણ પ્રકારની કોપી શેની કરવાની હોય? જે રાતદિવસ મહેનત કરે એની શું ભુલ છે? એ કોપી કરે તો ભોગવે અને એના માટે જો આપણે કોઇપણ પ્રકારનો આજે સોફ્ટ કોર્નર રાખીશું તો લાખો બીજા પરીક્ષાર્થીઓ જોડે અન્યાય થશે.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે માનનીય અર્જુનભાઇએ એમનો જે સુધારો હતો એ સ્વેચ્છાએ કહ્યું કે મારો જે મુખ્ય ઉદ્દેશ હતો એ ત્યાં પૂર્ણ થાય છે તો પછી સુધારાને હવે મત ઉપર મૂકતા નથી. ડાયરેકટ આપ જ કહો છો અને ગૃહમાં એની ચર્ચા થઇ છે તો તમે નોંધ કરી લેજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ જે મારો સુધારો છે એ આ સ્પિરીટની અંદર વીડ્રો કરું છું.

અધ્યક્ષશ્રી : થેન્ક યુ.

**અનુસૂચિ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**અનુસૂચિ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ ના વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ ના વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને સુધારેલું વિધેયક પસાર કરવામાં આવે છે. આજે આનંદ અને ગૌરવનો દિવસ છે કે આજે આખું ગૃહ એક અવાજે, એક મતે ગુજરાતની પ્રજાના હિત માટે જે નિર્ણય લીધો છે, યુવાનોના હિત માટે તમામ સભ્યશ્રીઓને અભિનંદન.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના સૌ સભ્યોનો ગુજરાતના સૌ યુવાનો વતી આપ સૌ લોકોનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહનું આજનું કામકાજ પૂર્ણ થાય છે. સભાગૃહ આવતી કાલે શુક્રવારે સવારે ૧૦-૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ રાત્રિના ૯-૨૫ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર**
**શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

**ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**અમદાવાદ શહેર / જિલ્લામાં મહિલાઓ ઉપર દુષ્કર્મના બનાવો**

*૪૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** / (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર, દુષ્કર્મો અને છેડતીના કેટલા કેસો બન્યા છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૧૮૦૧ |
| (૩) આવા કિસ્સા બનતા અટકાવવા સરકારે શાં પગલાં લીધેલ છે ? | (૩) શી ટીમ દ્વારા સતત પેટ્રોલીંગ, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન, ગુડ ટચ બેડ ટચ સેમીનાર, પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર, વન સ્ટોપ સેન્ટર, પેરવી ઓફિસરોની નિમણૂક વગેરે અસરકારક પગલાં લેવામાં આવેલ છે. |

**( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બળાત્કાર, દુષ્કર્મો અને છેડતીના કેટલા કેસમાં આરોપીઓને પકડવાના બાકી છે? બાકી આરોપીઓને ક્યાં સુધી પકડવામાં આવશે? તાઃ ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં શહેર અને જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર, દુષ્કર્મો અને છેડતીના કેટલા કેસો બન્યા છે? ઉપરોકત સ્થિતિએ કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી છે અને આવા કિસ્સા બનતા અટકાવવા સરકારે શા પગલા લીધેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ અમદાવાદ શહેરમાં બળાત્કારના દાખલ થયેલા ગુનાઓ વિશે માહિતી માગી છે. સન ૨૦૧૩ પછી આપણે સૌ જાણીએ છીએ કે પોકસો એકટ જે લાગુ થયો અને જે પ્રકારે સરકાર દ્વારા મહિલાઓનું રક્ષણ પૂરું પાડવા માટે મહિલાઓ સીધી રીતે પોલીસ સ્ટેશનમાં એનો કેસ દાખલ કરાવી શકે, એના વિષયો મૂકી શકે તે માટે રાજય સરકારે તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલા ફોર્સ એટલે કે શી ટીમ ઉભી કરી છે અને એ શી ટીમના માધ્યમથી આ પ્રકારના કિસ્સાઓમાં છેલ્લા અનેક વર્ષથી આ રાજયની મહિલાઓને ન્યાય અપાવવાની કામગીરી કરી છે. અમદાવાદ શહેરમાં અને જિલ્લામાં અલગ અલગ કિસ્સાઓના માધ્યમથી આ કલમ હેઠળ અનેક ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આપણે સૌ લોકો જાણીએ છીએ કે સમાજમાં મહિલા અને પુરુષ વચ્ચે પ્રેમપ્રકરણ, લગ્ન કરવાના ઈરાદે, લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી, ટેકનિકલી ..(અંતરાય) ભાઇ, તમે પહેલા સવાલ સાંભળી લો, એમણે પૂછ્યું એટલે નંબર જ આપું છું. જવાબ જોઇએ તો બાકી કંઇ વાંધો નહીં અંદર પત્રક આપેલું જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ખૂબ અગત્યનો પ્રશ્ન છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સવાલ પૂછયો છે. કહેતા હોય તો આંકડો આપું.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી વાત કરે છે, હું હજી બીજી વખત પણ તમને પ્રશ્ન પૂછવાની તક આપીશ. આપને ફરી વખત પણ પ્રશ્ન પૂછવો હોય તો પૂછજો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. કુલ મળીને ટેકનિકલ, નોન ટેકનિકલ કુલ મળીને ઘણા લોકો સાથે રહેતા હોય એ બધા કેસ મળીને હવે ૩૦ લોકોને અમદાવાદ શહેરમાં પકડવાના બાકી છે અને એ જ રીતે અમદાવાદ જિલ્લાની અંદર કુલ ૭૪ કેસ દાખલ કરવામાં આવ્યા છે. એમણે પૂછ્યું કે આ પ્રકારના કિસ્સા અટકાવવા માટે સરકાર શી કામગીરી કરે છે તો આ પ્રકારના કિસ્સા અટકાવવામાં ગુજરાત સરકારને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. આ કેસ દાખલ થયા છે. મહિલાઓ પોતાને ન્યાય મેળવવા માટે પોલીસ સ્ટેશનમાં આવતા હોય એના કેસ દાખલ કરીએ છીએ, તપાસ કર્યા પછી ચાર્જશીટ થાય ત્યારેજ ખબર પડતી હોય છે કે ખરેખર આ બળાત્કાર થયો છે કે આ ટેકનિકલ અરજી હતી. આ પ્રકારના કિસ્સાઓ રોકવા માટે ફાસ્ટટ્રેક કોર્ટોનું આયોજન કરવામાં આવ્યું. અને આ જ પ્રકારે હું આપને જણાવવા માગું છું કે કાલે એક બિલ દરમિયાન મેં આપના માધ્યમથી ગૃહમાં....

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપો. ૩-૪ મિનિટ થઇ ગઇ છે. શોર્ટમાં જવાબ આપો.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસ્સાઓ કઇ રીતે અટકશે? આ કિસ્સાઓ અટકાવવા માટે રાજ્ય સરકારે ફાસ્ટ ટ્રેક ન્યાય અપાવવા માટે ઝડપથી કામ આગળ વધાર્યું છે. આ આ વખતની ચૂંટણીના પરિણામો જે તારીખે આવ્યા ત્યારે જ સુરતમાં એક ઓરિસ્સાની દીકરી સાથે દુષ્કર્મ થયું અને એની હત્યા થાય છે. માત્ર ૯૦ દિવસ નથી થયા અને કાલે મેં આપના માધ્યમથી ગૃહને ૧૦ કેસો કહેલા એમાં બીજા ૧૧ મા કેસમાં ૯૦ દિવસની અંદર ચાર્જશીટ નહીં પણ ન્યાય મળી ગયો છે. મને પાકો વિશ્વાસ છે કે આજે બપોરે સજા ડિકલેર થશે તેમાં ગંભીર સજા આપવામાં આવશે. આ જ માધ્યમથી ગુનાઓ ઉપર કન્ટ્રોલ થતા હોય છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : મારો પ્રશ્ન એવો છે કે આ ગુનાઓ સાથે સંકળાયેલા બાકી આરોપીઓને ક્યાં સુધીમાં પકડવામાં આવશે?

શ્રી હર્ષ ર. સંઘવી : બાકી આરોપીઓ પણ ખૂબ ઝડપથી પકડવામાં આવશે. હમણાં આ જ પ્રકારે આખા રાજ્યમાં જૂના વોન્ટેડ લોકો છે એમને પકડવાની ડ્રાઇવ ચાલી રહી છે અને ઝડપથી પકડીને ન્યાય અપાવવામાં આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી કેવો જવાબ આપી શકે એવું ન કહી શકાય. એમણે કહ્યું છે કે ઝડપથી. કેવો જવાબ આપવો એના માટેની ફરજ ન પાડી શકાય.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને પ્રશ્ન પૂછવા માગું છું કે, નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં નોંધાયેલ બળાત્કારના ગુનાઓની સરેરાસ શું છે અને ગુજરાત રાજ્યમાં શું છે?

શ્રી હર્ષ ર. સંઘવી : ભારતભરમાં બળાત્કારના આંકડા જોઇએ તો ૩૧,૬૭૭ ની સામે ગુજરાતમાં ૫૮૯ છે. જે ક્રાઇમ રેટ ડિકલેર થતો હોય છે એમાં ભારતમાં રેશિયો ૪.૮ છે એની સામે ગુજરાતમાં આ રેશિયો ૧.૮ છે. મહિલાઓ વિરુદ્ધના જે બનાવો છે એમાં પણ જે મોટા રાજ્યો છે એમાં મહિલાઓની સલામતિમાં ગુજરાત આજે પણ નંબર વન છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, મહિલાઓ વિરુદ્ધ બળાત્કાર, દુષ્કર્મ અને છેડતીના ગુનામાં અમદાવાદ શહેરમાં કેટલી ઝડપથી ચાર્જશીટ કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : ચાર્જશીટ પૂરતું કહ્યું છે એટલો જ જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : મેં આપને જણાવ્યું તે પ્રમાણે ચાર્જશીટ ખૂબ મહત્વની હોય છે. જ્યારે ગુનેગારને સજા અપાવવાની હોય ત્યારે ચાર્જશીટ મહત્વની હોય છે. ચાર્જશીટ ૬૦ દિવસમાં પોક્સોમાં કરવાની હોય છે. ગુજરાતમાં એવા ૧૦૦ થી વધુ કિસ્સાઓ છે કે ચાર્જશીટ ૨૫ દિવસમાં પૂર્ણ કરી છે. અમદાવાદ ગ્રામ્ય ખાતે બળાત્કારના ગુના છે એમાં મહત્તમ મર્યાદા ૬૦ દિવસ કરતાં ઓછા સમયમાં કરવામાં આવેલ છે. આ કાયદા પછી કુલ ૭૦૦ ચાર્જશીટ ૬૦ દિવસની અંદર કરવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગંભીર પ્રશ્ન એટલા માટે છે કે એક સમય એવો હતો કે આપણે બેટી બચાવોના નારા.....(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીના સમયમાં સીધો પ્રશ્ન પૂછો. અવલોકન ન કરો. આપ સિનિયર ધારાસભ્યશ્રી છો એટલે તમને પહેલાં મોકો આપ્યો. તમે કાયદો જાણો છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બેટી બચાવી જન્મ દરના વધારાનું કહેતા હતા. આજે બેટી બચાવો બળાત્કારીઓથી બચાવવા માટે કહેવું પડે છે અને એટલા જ માટે છેલ્લા આઠ વર્ષમાં ગુજરાતની વાત કરીએ તો સને ૨૦૧૪-૧૫માં પોસ્કોના ૬૧૩ કેસ હતા. સને ૨૦૧૫-૧૬ માં ૧૬૦૯ થયા. સને ૨૦૧૬-૧૭ માં ૧૪૦૮ થયા. સને ૨૦૧૭-૧૮ માં ૧૬૯૭ થયા એમ કરીને આંકડો જોઇએ તો આઠ વર્ષમાં ૧૪,૫૨૨ જેટલા પોસ્કો હેઠળ કેસ નોંધાયા. એમાં ગુનેગારોને સજા ફક્ત ૨૩૧ કેસોમાં થઇ એનો મતલબ કે બે ટકા જેટલા જ (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે એનાલીસીસ કરતા શું પૂછવા માગો છો? એ વાત તમે કરો.

શ્રી અમિત ચાવડા : એકદમ ગંભીરતાથી કહુ છું કે આટલા મોટા પ્રમાણમાં કેસો નોંધાયા હોવા છતાં ફક્ત બે ટકા ગુનેગારોને એમાં સજા થાય છે તો એ બાબતે આ કેસમાં જેમ આપણે ગઇ કાલે પેપર સંદર્ભે બિલ લાવીને કડક મેસેજ આપ્યાં. આપણે પણ રાજ્ય સરકાર જ્યારે આખા ગુજરાતમાં બેટી બળાત્કારીઓથી બચાવો એવો સંદેશો (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે હું હાલ કહું છું કે તમે ગૃહ ખાતાની માગણીઓ આવશે ત્યારે વધારે વિગતે બોલી શકશો. ત્યારે તમે આમાં ધ્યાન પણ દોરી શકશો. આ પ્રશ્નોત્તરીનો સમય છે. તમે માત્ર આ પ્રશ્નના આનુષંગિક માહિતી મેળવો. અમદાવાદ શહેરનો પ્રશ્ન છે છતાંય મેં આપને આપ્યો છે. તમે સીધો પ્રશ્ન પૂછો એનો જવાબ તમને આપે.

શ્રી અમિત ચાવડા : મારી માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે જેમ એમણે ફાસ્ટ ટ્રેક કોર્ટની વાત કરી. ઝડપથી કેસ ચાલવા જોઇએ જેથી ગુનેગારોને કડકમાં કડક સજા થવી જોઇએ જેથી કરીને કડક મેસેજ જાય અને ભવિષ્યમાં આવી કોઇ હિંમત ના કરે. એ માટે સરકાર કોઇ દાખલારૂપ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એમનો સીધો પ્રશ્ન એટલો છે કે ઝડપી સજા થાય એના માટે શું કરી શકાય?

શ્રી હર્ષ ર. સંઘવી : ત્રણ મિનિટનો પ્રશ્ન અને જવાબ અડધી મિનિટમાં આપવાનું કેવી રીતે થઇ શકે?

અધ્યક્ષશ્રી : નહીં, કાંઇ વાંધો નહીં.

## તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ર. સંઘવી : સાચી હકીકત તો રજૂ કરવી પડશેને?

અધ્યક્ષશ્રી : શોર્ટમાં કહેવડાઓને. બોલવામાં ઘણું હતું પણ પ્રશ્ન આટલો જ હતો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના વિપક્ષની પાર્ટીના નેતા જેમણે આ રાજયને બળાત્કારીઓની વાત કરી. બળાત્કારીઓથી દીકરીને બચાવવાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને જણાવવા માગું છું કે સને ૨૦૧૩ પછી જે કાયદામાં ફેરફાર થયો તેના કારણે મહિલાઓને ન્યાય મળવાની શરૂઆત થઇ. કોઇપણ મહિલાઓની જોડે થયેલા દુષ્કર્મ કે પછી છેડતી ના કેસો એ ડર વગર દાખલ કરાવવાની હિંમત આ રાજ્ય સરકારે આપી છે અને આ રાજયમાં મહિલાઓએ ન્યાય માટે ધકો નથી ખાવો પડતો તેના માટે આ ફરિયાદો દાખલ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને એક ડેટા આપવા માગુ છું. એમણે ગુજરાત સરકારના ડેટા જે કહ્યાં તેની સામે રાજસ્થાન આપણું પડોશી રાજય છે. આ અમદાવાદનો પ્રશ્ન છે અને એમણે રાજ્યનું પૂછ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એમણે ઓબ્ઝર્વેશન કર્યું. (અંતરાય) તમે..

શ્રી હર્ષ ર. સંઘવી : અમદાવાનો પ્રશ્ન હતોને? એમણે આખા રાજયનું પૂછ્યું તો હું ડેટા આપું છું. હું કમ્પેરીઝન આપું છું.

અધ્યક્ષશ્રી : તમે ફાસ્ટ ટ્રેકનું કરી રહ્યાં છો એટલું કહી દો ને. (અંતરાય) મેં કહ્યું તમે બેસોને.

શ્રી હર્ષ ર. સંઘવી : ભાઇ, જવાબ સાંભળો. બેસી જાવ. જવાબ સાંભળો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખેડાવાલા અને અમિતભાઇ તમે બંને બેસો પ્લીઝ.

શ્રી હર્ષ ર. સંઘવી : અરે જવાબ તો સાંભળો. જવાબ નથી સાંભળવો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ મંત્રીશ્રી તમે બેસજો. શ્રી ખેડાવાલા તમે બેસો. હું વાત કરું છું. મારે કહેવું છે. પ્રશ્નોત્તરીનો કાળ ધારાસભ્યો માટે અને ગુજરાતની પ્રજા માટે ખૂબ અગત્યનો છે આના કારણે પ્રજાના અનેક પ્રશ્નોના ઉકેલ આવી શકે છે આને તમે પોલિટિકલી ઓબ્ઝર્વેશનમાં એક બાજુ ના લ્યો. મંત્રીશ્રી આપને પણ મારી વિનંતી છે કે એમણે ભલે પોલિટિકલી કર્યું. પરંતુ તમે શાસક પક્ષ તરીકે મોટાભાઇ છો. ભલે એમને નાની મોટી ભૂલ થઇ હોય પણ તમે સીધો જ જવાબ આપીને પૂરું કરો. આ પ્રશ્ન ઉપર અહીંયા ૧૦ મિનિટ કરતા વધારે ટાઇમ થઇ ગયો. (અંતરાય) એક મિનિટ ફરી એવું નહીં કરે. ભાઇ, તમે એ વિષયને ના લેશો. તમે વાત કરી છે. તમે પ્રશ્ન શોર્ટમાં પૂછી શકતા હતા. (અંતરાય) તમે જરા બીજી ચર્ચામાં પડ્યા કરતા સીધું કહો. મારે પછી બીજા એક ધારાસભ્યને તક આપવાની છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કાલે આપણે બિલ ઉપર ચર્ચા ચાલતી હતી ત્યારે અમુક લોકો જતા રહ્યાં એના હિસાબે એમને અંદાજો નથી કે કાલે પણ મેં ડેટા આપેલા અને આજે પણ કહુ છું કે ગુજરાત સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં આ દોઢ વર્ષમાં અગિયાર એવા કિસ્સા છે કે જેને ૯૦ દિવસમાં ચાર્જશિટ નહીં બાળકીઓના પરિવારને આપણે ન્યાય અપાવ્યો છે. મારી આપને વિનંતી છે કે ધારાસભ્ય તરીકે આપણે પણ જવાબ અને સાચા આંકડા સાંભળવા પડે. આપણે રાજકીય વર્ણન તરીકે સવાલ પુછીએ તો જવાબ પણ એવો આવે.

અધ્યક્ષશ્રી : તમે આંકડા આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : અમે ૧૧ થી વધારે લોકોને ૯૦ દિવસની અંદર આ રાજય સરકારે આ દોઢ વર્ષની અંદર માત્ર ચાર્જશીટ નહીં એ લોકોને ન્યાય અપાવ્યો છે.

અધ્યક્ષશ્રી : એટલે ગુનો થયાની તારીખથી માત્ર ૯૦ દિવસમાં સજા અપાવી છે.

શ્રી હર્ષ ર. સંઘવી :સજા અપાવી છે એમાં અનેક લોકોને ફાંસીની સજા પણ થઇ છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માંગું છું કે અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્યમાં પોલીસ સ્ટેશનવાઇઝ કેટલા વુમન હેલ્પ ડેસ્ક કાર્યરત છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર અને જિલ્લામાં રાજયમાં કોઇપણ પિડીત મહિલાને પોતાની અરજી, ફરિયાદ બાબતે પોલીસ સ્ટેશન ખાતે સંપૂર્ણ સહાય અને માર્ગદર્શન મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ૨૦૨૦ થી રાજય સરકારના દરેક પોલીસ સ્ટેશનમાં વુમન હેલ્પ ડેસ્કની રચના કરવામાં આવી છે. રાજયમાં ૬૮૪, અમદાવાદ શહેરમાં ૫૧ અને અમદાવાદ ગ્રામ્યમાં ૨૩ મળીને કુલ ૭૪ વુમન હેલ્પ ડેસ્કની રચના કરવામાં આવી છે.

શ્રી હર્ષદભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આપશ્રીને અભિનંદન આપું છું અને શુભેચ્છા પાઠવું છું. કારણકે આપશ્રી દ્વારા ગૃહમાં વિવાદ નહીં સંવાદ તેમજ વ્યવસ્થા નહીં વ્યવસ્થાનને ચરિતાર્થ કર્યો છે. આપના માધ્યમથી યુવા ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે નાર્કો એનાલીસીસ પદ્ધતિ શું છે? એ કઇ એજન્સી કરે છે અને એની વિશ્વસનિયતાનું પ્રમાણ શું છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન થોડો લાંબો છે. ફરીથી આપને મોકો મળે તો માનનીય સભ્યશ્રીને બીજા પ્રશ્નના જવાબમાં અથવા તો તમારી જયારે માગણી હોય ત્યારે પણ આપજો. માહિતી અગત્યની છે એમણે પૂછી છે એ બરાબર છે પરંતુ સ્પેસીફીક ઘટના હતી એની તપાસ માટેની આ ઘટના છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ઇમરાન ખેડાવાલાએ જે પ્રશ્ન પૂછયો એના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પોસ્કો અને મહિલાઓ સાથેના કૃત્યની જે ઘટનાઓ છે એ ઘટનાઓ મારી જાણ મુજબ અનેક વખત આપણે જાણીએ છીએ એ પ્રમાણે જે ઘટનાઓ બને એનાથી માત્ર ૧૦ ટકા જ પોલીસ સ્ટેશન

સુધી પહોંચીને ન્યાય માંગવા માટે કે એફ.આઇ.આર. કરવા માટે દીકરીઓ અને એના માતા પિતા તૈયાર થતા હોય છે એ પૈકી જયારે ૧૪૦૦૦ થી પણ વધારે ૨૦૧૫ પછી કેસ નોંધાયા હોય અને એમાં પણ માત્ર બે જ ટકા લોકોને એની સજા કે એની કાર્યવાહી થઇ હોય તો જે આ ઘટનાઓ બને છે એને સજા નથી થતી ઝડપી નથી થતું એટલે લોકોને આવી પ્રવૃત્તિ કરવા માટેનું મનોબળ વધે છે. મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જયારે આવી ઘટના બને ત્યારે જે પોલીસ સ્ટેશન હોય એ પોલીસ સ્ટેશનની અંદર જયારે દીકરી કેસ નોંધાવવા જાય એના માતા પિતા કેસ નોંધાવવા જાય ત્યારે પોલીસ સ્ટેશન મારફત જે એને મદદ મળવી જોઇએ એ મદદમાં કયાંક ને કયાંક કચાશ રહે છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : એટલા માટે આ પૈકીની ઘટનાઓ રોકવા માટે અને આ જે ૧૫૦૦૦ કેસ બન્યા છે એના ગુનેગારોને સજા કરવા માટેની કાર્યવાહી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે એ જાણવા માગું છું.

શ્રી હર્ષ ર. સંઘવી: માનનીય અધ્યક્ષશ્રી, ગેનીબેન એક મહિલા ધારાસભ્યશ્રી છે એમની મહિલાઓ માટેની ચિંતા આવકાર્ય છે પરંતુ મારી એમને વિનંતી છે કે.

અધ્યક્ષશ્રી : તમે જેમ બને તેમ જલદી કહેવાને બદલે સારો જવાબ આપો છો. ચાલો આપો. ચાલુ રાખો.

શ્રી હર્ષ ર. સંઘવી: માનનીય અધ્યક્ષશ્રી, એમનો વિષય ખૂબ મહત્વનો છે કેમકે ગેનીબેને આંકડા જોયા અને ગેનીબેન આ ગૃહના ખૂબ જ સમજુ ધારાસભ્યશ્રી છે. એમને ખ્યાલ છે કે એફ.આઇ.આર. જે કિસ્સામાં લખાઇ હોય એ તમામ કિસ્સાઓમાં બળાત્કારના કિસ્સાની ચાર્જશીટ થતી નથી. ઘણા કિસ્સા એવા હોય છે મેં આપને જણાવ્યું એ પ્રમાણે કે કોઇ છોકરો, છોકરી ભાગી જાય છે, પ્રેમમાં ભાગે છે. લગ્નના અનેક ઇશ્યૂઓ હોય છે. સાથે રહેવાના ઇશ્યૂઓ હોય છે. આ પ્રકારના કિસ્સાઓમાં જયારે ચાર્જશીટ થતી હોય છે ત્યારે સત્ય હકીકત બહાર આવતી હોય છે. અમે તમામ કિસ્સાઓની અંદર ફરિયાદ લેવા તૈયાર છીએ. અમે ૧૫ હજારનો જે આંકડો આપ્યો તેમાં આ આંકડા પછી રાજ્યની એકપણ મહિલા એવું ના કહેવી જોઇએ કે મને ન્યાય લેવામાં તકલીફ પડે છે. અમે તૈયાર છીએ અને તેમનો વિષય પણ સાચો છે. સમાજમાં કોઇપણ પીડિત મહિલાને કોઇપણ પ્રકારની તકલીફ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં ના જ પડવી જોઇએ. શેના માટે તકલીફ પડે. આ વિષય માત્ર સરકારનો નથી. આ ખૂબ મોટો સામાજિક વિષય છે અને તેની જવાબદારી આપણા સૌની છે. નાની મોટી આવી કોઇ ઘટના બની હોય અને સમાજના ડરથી તે દીકરી બહાર ન આવતી હોય તો તેને બહાર લાવવાની જવાબદારી આપણા સૌની છે. આપણે સૌએ સાથે મળીને પોલીસ સ્ટેશનની અંદર ફરિયાદ દાખલ કરાવીને તેને ન્યાય અપાવવો જોઇએ. તેને ન્યાય અપાવવા માટે અમે તૈયાર છીએ. આંકડા મહત્વના નથી. રાજ્યની દીકરીઓને ન્યાય મળવો જોઇએ. ડર વગર ફરિયાદ દાખલ કરાવી શકે તે પ્રકારની વ્યવસ્થા અમે લોકો ઉભી કરવા માગીએ છીએ.

**અમદાવાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૧૦ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૯ | ૦૯ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ટી.ડી.ઓ.ની ખાલી જગ્યા હોય અને ભરેલી જગ્યા હોય તેમાં શું તફાવત છે? તેમાં શું શું કામગીરી કરવાની હોય છે? સમગ્ર ગુજરાતની અંદર તાલુકા પંચાયતની અંદર જે કામગીરી થઇ રહી છે તેમાં એ.ટી.વી.ટી. હોય, આયોજન પંચ હોય, સ્વભંડોળ હોય, નાણાપંચની કામગીરી હોય તેની અંદર ખૂબ જ સરસ મજાની કામગીરી કરી રહ્યા છે તે બદલ તેમને અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આપને અભિનંદન પાઠવી દીધા છે. હવે સભ્યશ્રીને પ્રશ્ન છે? કામગીરીનું કહ્યું છે. પ્રશ્ન દેખાતો હોય તો તમે વાત કરી શકો છો. સો ટકા જગ્યાઓ ટી.ડી.ઓ.ની ભરાઇ ગઇ છે એટલે તેમને સંતોષ છે. બીજા કોઇને પ્રશ્ન છે?

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, તાલુકા વિકાસ અધિકારીની પ્રક્રિયા શું છે? અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તાલુકા વિકાસ અધિકારીની કયારે અને કઇ રીતે ભરતી કરવામાં આવી?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તાલુકા વિકાસ અધિકારીની ભરતી પ્રક્રિયા વિશે વાત કરી છે. તેમાં જણાવું તો તાલુકા વિકાસ અધિકારીની ભરતી તાલુકા વિકાસ અધિકારી ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ ભરતી નિયમો ૧૯૯૦ ની જોગવાઇ અનુસાર સીધી ભરતી અને બઢતીથી કરવામાં આવે છે. સીધી ભરતીની અંદર તાલુકા વિકાસ અધિકારીની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા મારફત લેવામાં આવે છે અને મેરીટના

ધોરણે પસંદગી કરવામાં આવે છે. આ મારફતે વિભાગ દ્વારા ખાલી જગ્યાઓની વિગતો સાથેનું માગણાપત્રક સામાન્ય વહીવટ વિભાગ મારફત ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવે છે. તદઅનુસાર આયોગ દ્વારા પરીક્ષાના પરિણામને આધારે મેરીટ અનુસાર તાલુકા વિકાસ અધિકારીઓની ફાળવણી કરવામાં આવે છે. બીજી ભરતી બઢતીથી ઉક્ત ભરતીના નિયમો તેમજ વખતો વખતના અંતિમ સુધારા ૨૦૧૬ અનુસાર નીચેની ફીડર કેડરમાંથી ગુણવત્તા અને કાર્યદક્ષતાના ધોરણો સંતોષતા કર્મચારીઓને બઢતી આપવામાં આવે છે. નાયબ તાલુકા વિકાસ અધિકારી, નાયબ ચીટનીશ, તાલુકા પંચાયત અધિકારી, વિસ્તરણ અધિકારી, વિસ્તરણ અધિકારી કૃષિ ગ્રેડ-૨, વિસ્તરણ અધિકારી સહકારમાંથી તાલુકા વિકાસ અધિકારી તરીકે પ્રમોશન આપવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં સહકારી મંડળીઓ માટે જમીન ફાળવવા બાબત**

* ૩૩૩ **શ્રી કિરીટભાઈ પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સહકારી મંડળીઓને ગોડાઉન/ઓફિસ/ મકાન બાંધવા હેતુ સરકારી/ગામતળની કોઈ જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી સહકારી મંડળીઓને કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૨) કુલ-૫ સહકારી મંડળીઓને ગોડાઉન હેતુ માટે ૧૯૧૧.૬૯ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. |

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં પાંચ સ્થાનો ઉપર પાંચ સહકારી મંડળીઓને ગોડાઉન/ઓફિસ બનાવવા માટે આશરે ૧૯૧૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે તે જાણીને આનંદ થયો. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૩૧.૧૨.૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સહકારી મંડળીઓને કેટલી જમીન ફાળવવામાં આવી? અને સહકારી મંડળીઓને ગોડાઉન, ઓફીસ બનાવવા માટે જમીન ફાળવવાના મહત્તમ અને લઘુતમ માપદંડો ક્યા છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા તાલુકાના ઈલોરી સેવા સહકારી મડળીને ૧.૮૫.૦૮૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી, કડી તાલુકાના કુલેસ સેવા સહકારી મંડળીને ૭.૫૨.૭૯ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી, વિસનગર તાલુકાની એક સેવા સહકારી મંડળીને ૫૧.૧૧ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી તથા ધમાસણા સેવા સહકારી મંડળીને ૬.૨૫ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી અને ખેરાલુ તાલુકાની વાચ્છા સેવા સહકારી મંડળીને ૨૯૭.૦.૨૯ ચોરસ મીટર જમીન ગામતળે ફાળવવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન છે એમાં મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૫ પછી અ-બ-ક ઓડિટ ધરાવતી મંડળીઓને છેલ્લા પાંચ વર્ષની કાર્ય સહકારી મંડળીઓને ગોડાઉન અને ઓફીસ માટે મહત્વ પહેલા કરતા વધારીને ૨૫૦૦ ચોરસ મીટર જમીન અને એ પણ માત્ર જત્રીના ૧૦ ટકા કિંમત મુજબ ફાળવણીનું માપદંડ અમલ કરવામાં આવે છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સહકારી મંડળીઓ સરકારી ગામતળની જમીન કયા હેતુ માટે ફાળવવાની જોગવાઇ અમલી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં ૧૦.૭.૯૭ના ઠરાવ જોગવાઇ સહકારી મંડળી ગોડાઉન અથવા અન્ય હેતુ માટે ગામતળની જમીન ફાળવવાની જોગવાઇ છે તથા મહેસૂલ વિભાગના ૭.૧૨.૨૦૧૫ના ઠરાવ મુજબ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને મકાન, ગોડાઉન, બલ્કપાર્ક, અન્ય હેતુ માટે સરકારી જમીન ફાળવવાની જોગવાઇ કરવામાં આવે છે. સહકારી ખરીદ વેચાણ સંઘ અને ખેતીવાડી જમીન સમિતિની પ્રવૃત્તિઓ માટે પણ સરકારી જમીન જંત્રી આધારીત રાહત દરે ફાળવવામાં આવે છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, છેલ્લા બે વર્ષમાં જમીન ફાળવવા વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૧માં ૪ અને ૨૦૨૨માં ૧ અરજી મંજૂર કરવામાં આવી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તમામ જે કોઇ મંડળીઓએ જમીન માગી હોય એમાં બેન્ક લોન આપતી હોય, ઇફકો આપતી હોય એમાં તમામ જે કોઇ મંડળીઓએ સરકારી જમીન માગી હોય એના માટે એક મિટીંગ કરીને તમામનો પ્રશ્ન હાલ કરી દે એવી હું માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ સ્કોપ બહાર છે પણ હું માનનીય સભ્યશ્રીને ખાતરી આપુ છું કે, બધાનો પ્રશ્ના આપણે જલદીથી હલ કરી દઇશું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં પાટણની અંદર સરસ્વતિ અમારું માર્કેટ યાર્ડ અલગ બન્યું અને છેલ્લા પાંચ વર્ષથી એના માટે જમીન માગવામાં આવે છે હજુ સુધી આપી નથી અને જે જમીન ફાળવવાનો હુકમ કર્યો

તો એમાં એવું કહ્યું કે તમે બીજી જમીન આપો તો અમે આપીએ. તો એક બાજુ આપણે આવી વાત કરીએ છીએ તો એ સરસ્વતિ માર્કેટ યાર્ડને જમીન ફાળવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એ ફરી પાછો મોકો મળે ત્યારે પ્રશ્ન કરજો આ સ્કોપ બહારનો છે માટે આપનો આ પ્રશ્ન નથી રહેતો.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી મંડળીઓને ગામતળની જમીન ફાળવવા જિલ્લા વિકાસ અધિકારીને સત્તા મર્યાદા કેટલી છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જિલ્લા વિકાસ અધિકારી માટેની જે વાત કરી છે .૧૦-૭-૯૭ના ઠરાવ મુજબ સહકારી મંડળી ગોડાઉન બનાવવા માટે ૫૦૦ ચો.મીટરનું ક્ષેત્રફળ અને ૪૦ હજાર બજાર કિંમત સુધીની સત્તા મર્યાદિત જિલ્લા વિકાસ અધિકારીને સત્તા છે અને સહકારી મંડળી ગોડાઉન સિવાય અન્ય હેતુ માટે ૨૦૦ મીટર જમીન ક્ષેત્રફળ રૂપિયા ૨૦ હજાર બજાર કિંમત સુધીની સત્તા મર્યાદા સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી પાસે છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સહકારી ગોડાઉન માટે જમીન ફાળવવા સરકારની યોજના છે, સારી યોજના છે. મારો મહેસાણા જિલ્લાનો પ્રશ્ન છે અને વિજાપુરના મંડાલી ગામમાં ગોડાઉનને જમીન ફાળવવા માટે છેલ્લાં ૨ વર્ષથી પ્રશ્ન ચાલે છે તે જો આપના ધ્યાને હોય તો છેલ્લી માહિતી અને ધ્યાને ના હોય તો તાત્કાલિક ઉકેલવા માગો છો કે કેમ ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તાત્કાલિક ઉકેલવામાં આવશે.

અધ્યક્ષશ્રી : એટલે ઉકેલવા માટેની ખાતરી આપી છે. આપ આ બોલ્યા છો તેનો નિર્ણય કરવો પડશે, નહીંતર ખાતરી સમિતિમાં જશે હો, કમીટમેન્ટ છે.

**એફ.એસ.એલ. દ્વારા લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિથી કેસોનું પૃથક્કરણ**

*૧૫૩ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિથી કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિથી કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ? | (૨) ૨૨૪ કેસ. |

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રથમ વખત પ્રશ્ન પૂછવાની તક આપી તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. હું આપના દ્વારા માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિ એટલે શું ? આ પદ્ધતિનો કયારથી ઉપયોગ થાય છે અને પાછલા બે વર્ષમાં કેટલા પ્રકારના ગુના ઉકેલવામાં વોઇસ એનાલીસીસનો ઉપયોગ થયેલ છે ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિ આજના સમયમાં ગુના ઉકેલવામાં મદદગાર થઇ રહી છે. લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિ એટલે શું ? લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિ એટલે જે ઘટનાની જાણકારી ધરાવતી વ્યકિત એટલે સાક્ષી હોય, ગુનેગાર હોય એ લોકોના વોઇસને સાયન્ટીફિક વેથી તપાસવામાં આવતો હોય છે અને તેને આપેલા જે જવાબો હોય છે તે માહિતી સત્ય છે કે ખોટી છે તે એના માધ્યમથી નક્કી કરવામાં આવે છે. ગુના સંદર્ભે સત્ય છૂપાવવાની વ્યકિતના અવાજના સ્તરમાં ચોક્કસ પ્રકારના ફેરફારો ઉત્પન્ન થાય છે. અવાજના સ્તરમાં ઉત્પન્ન થયેલા ફેરફારોનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરીને વ્યકિતના અવાજમાં સચ્ચાઇ છે કે કેમ તે તપાસવમાં આવે છે. ૨૦૧૧માં એફ.એસ.એલ.માં લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. છેલ્લાં બે વર્ષમાં વાત કરીએ તો ખૂનના કેસમાં ૩૨, ૯૫ વ્યકિતઓ, જાતિ અત્યાચારના કેસમાં ૧૪ કેસમાં ૩૨ વ્યકિતઓ, ભ્રષ્ટાચારના ૧૧૦ કેસમાં ૧૫૩ વ્યકિતઓ, એટ્રોસિટીના ૧૯ કેસમાં ૮૦ વ્યકિતઓ એમ કુલ મળીને ૧૭૫ ગુનામાં કુલ-૩૩૩ વ્યકિતઓની તપાસ લેયર્ડ વોઇસ એનાલીસીસ પદ્ધતિથી કરવામાં આવેલ છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવુ છે કે, રાજયની જે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં સાયકલોજીકલ તપાસ માટે કઇ એડવાન્સ ટેકનોલોજી વસાવવામાં આવે છે ? અને તે ટેકનોલોજીની ઉપયોગીતા શું છે ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં સાયકલોજીકલ તપાસ માટે ખૂબ જ અદ્યતન ટેકનોલોજી વસાવવામાં આવેલ છે. ખાસ કરીને લાઇવ ડિટેકટર પોલિગ્રાફ ટેસ્ટ છે, નાર્કો એનાલિસીસ ટેસ્ટ થાય છે, બ્રેઇન ઇલેકટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઇલીંગ આના માધ્યમથી થાય છે. સસ્પેકટ ડિટેકશન સીસ્ટમ પણ આપણે ત્યાં વસાવવામાં આવેલ છે. Layered Voice Analysis આપને જણાવ્યું તે રીતે તે પ્રકારની પણ ટેકનોલોજીથી અનેક ગુનેગારોને પકડવાનું કામ થાય, સાયકલોજીકલ અસેસમેન્ટ અને આઇ ડિટેકટર આપણે તેનો ઉપયોગ કરીએ છીએ. આ ખૂબ લાંબો અને કઇ રીતે ઉપયોગ થાય છે તે હું લેખિતમાં માનનીય સભ્યશ્રીને આપી દઉં છું.

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજયની એફ.એસ.એલ.માં Brain Mapping માટે કોઇ ટેકનોલોજી ઉપલબ્ધ છે કે કેમ ? આ પદ્ધતિથી છેલ્લાં બે વર્ષમાં રાજયની બહારના કેટલા કેસોમાં મદદ પૂરી પાડવામાં આવી છે ? આ પદ્ધતિથી કેસોમાં પૃથ્થકરણ માટે કોઇ પરીક્ષણ ફી લેવામાં આવે છે કે કેમ અને જો હા તો છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારના કેસોમાં કુલ કેટલી પરીક્ષણ ફીની આવક થયેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની એફ.એસ.એલ. એ માત્ર ગુજરાત રાજ્યના કેસોમાં જ કામ નથી કરતી પણ અનેક રાજ્યના ખૂબ મહત્ત્વના કેસો આપણે ત્યાં અલગ-અલગ ટેસ્ટ કરવા માટે આવતા હોય છે. માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રાણાજીએ જે પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં રાજ્યના એફ.એસ.એલમાં બ્રેઇન મેપિંગ માટે બ્રેઇન ઇલેક્ટ્રિકલ ઓસીલેશન સિગ્નેચર પ્રોફિલિંગની ટેકનોલોજી ઉપલબ્ધ છે. આ ટેકનોલોજી ગુનાની તપાસમાં મદદરૂપ એવી એક અતિ આધુનિક પદ્ધતિ છે. આજના યુગમાં જે ગુનેગારો હોય છે એ ખૂબ ટ્રેઇન્ડ હોય છે અને એ ગુનો કરતાં હોય છે ત્યારે એ અંગેના અનુભવ તેઓના મગજમાં સ્મૃતિરૂપે સંગ્રહિત થયા હોય છે. આ ટેસ્ટમાં વ્યક્તિએ કોઇ પણ પ્રકારના જવાબો આપવાના નથી હોતા. વ્યક્તિના ગુનાને લગતી માહિતી શબ્દો દ્વારા પ્રોબ્સ તરીકે સાંભળવામાં આવે છે. આ ટેસ્ટમાં વ્યક્તિનું ઇ.ઇ.જી. રેકોર્ડિંગ કરવામાં આવે છે. ત્યારબાદ તેના પૃથ્થકરણના આધારે વ્યક્તિના મગજમાં ગુનો કર્યા અંગેનું અનુભવિક જ્ઞાન છે કે કેમ તે નક્કી કરવામાં આવે છે. એને બી.ઓ.એસ. ટેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યની એફ.એસ.એલ. દ્વારા બે વર્ષમાં બ્રેઇન મેપિંગ માટેની બ્રેઇન ઇલેક્ટ્રિકલ ઓસીલેશન સિગ્નેચર પ્રોફિલિંગ પદ્ધતિથી રાજ્ય બહારના ૩૭ કેસોમાં કુલ ૯૭ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી છે. રાજ્યની એફ.એસ.એલ. દ્વારા બ્રેઇન મેપિંગ ટેસ્ટના નમૂનાદીઠ રૂ.૭૩,૨૦૫/-ની પરીક્ષણ ફી લેવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારના કેસોથી રાજ્યની એફ.એસ.એલ.ને કુલ રૂ.૫૫,૬૩,૫૮૦/-ની આવક થઇ છે.

### સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૧૪૯ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૬૨૮ |

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સુરક્ષા સેતુ યોજનાની શરૂઆત ક્યારથી થઇ, તેના ઉદ્દેશો શું છે અને આ યોજના હેઠળ કઇ-કઇ પ્રવૃત્તિઓ ચાલે છે? આ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની પસંદગી કેવી રીતે થાય છે અને સ્ટુડન્ટ પોલીસ કેડેટની નીતિના મુખ્ય હેતુ શું છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્યનું ભવિષ્ય એ રાજ્યના બાળકોના ભવિષ્યના આધારે બનતું હોય છે. ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૨માં હાલના પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે તંત્રને સદભાવનાની પ્રેરણા આપી હતી. તેઓની પ્રેરણાથી પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ ઘડતર તરીકે રચનાત્મક કાર્યો કરવા માટે સુરક્ષા સેતુ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી માટે તેમજ પોલીસ ખાતાની કામગીરી વધુ પ્રજાભિમુખ બનાવવા માટે ક્ષેત્રીય કક્ષાએ પ્રસંગોપાત કરવી પડતી વ્યવસ્થાને પહોંચી વળવા માટે જરૂરી ફંડ ઊભું કરવા જનરક્ષા સોસાયટી તથા સુરક્ષા સેતુ કેન્દ્રો હતા. તેને સુરક્ષા સેતુ સોસાયટીના નવા નામાભિધાન સાથે રૂ.૧૦૨ કરોડના ફંડની ફાળવણીથી આ યોજના વર્ષ ૨૦૧૨માં શરૂ કરવામાં આવી હતી.આજે આ યોજનાને ૧૦ વર્ષ થઈ ગયા છે. આપણા સૌ માટે ગૌરવની વાત છે કે સુરક્ષા સેતુ સોસાયટી બનાવવા પાછળ જે ઉદ્દેશો નક્કી કરેલા હતા તે ઉદ્દેશો થકી આજે રાજ્યના નાગરિકોની સુખાકારી અને ન્યાય માટેના વિષયો આ સીસ્ટમના માધ્યમથી નીચે સુધી પહોંચાડવામાં આવે છે. આ સોસાયટીના માધ્યમથી પોલીસ અને પ્રજા બંને એકબીજાના પૂરક બને, પોલીસ અને પ્રજા વચ્ચે સેતુ ઘડતર થાય અને પ્રજાલક્ષી અને સમાજ ઉપયોગી કાર્ય કરવા માટે જનભાગીદારીથી કાર્યક્રમો હાથ ધરી પોલીસ તંત્ર કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે સમાજ ઉપયોગી કાર્યોમાં સહયોગી બની રહે. છેલ્લા ૧૦ વર્ષમાં સુરક્ષા સેતુ યોજનાના માધ્યમથી રાજ્યના અનેક નાગરિકોને લાભ મળ્યો છે. આજે પણ ગુજરાતના શહેરો, તાલુકાઓ અને ગામડાઓ સુધી મહિલાઓને સ્વરક્ષણ અને સલામતીની તાલીમ આપવા આ સોસાયટીના નેજા હેઠળ કામગીરી ચાલી રહી છે. દારૂના વ્યવસાયમાં રોકાયેલી મહિલાઓનું પુનર્વસન કરવું તે ખૂબ જ લાગણીભર્યો વિષય છે. છેલ્લા એક વર્ષમાં જીવનમાં નાની મોટી તકલીફ પડવાના કારણે દારૂના વ્યવસાય સાથે જોડાયેલી રાજ્યના કોઈ પણ જિલ્લાની મહિલાઓને માત્ર ગુનામાં પકડીને ગુનેગાર બનાવીને સજા અપાવવાનું કામ જ ગુજરાત પોલીસ કરતી નથી પરંતુ આ સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી આ મહિલાઓને તેમના જીવનમાં એક નવી દિશા મળે, સારો ધંધો કરીને તેના પરિવારનું ગુજરાન ચલાવી શકે તે માટે તાલીમ

આપવામાં આવે છે અને તેના બાળકોને ભણાવવાની પણ કામગીરી કરવામાં આવે છે. આ પ્રકારે આ મહિલાઓને દારૂના વ્યવસાયમાંથી બહાર લાવવામાં આવે છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ કયા-કયા પ્રકારની તાલીમ કોના દ્વારા અને કેટલા સમય માટે કેવી રીતે આપવામાં આવે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટુડન્ટ પોલીસ કેડેટ આ રાજ્યનું ભવિષ્ય છે. ગુજરાત પોલીસ દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટના માધ્યમથી પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને દેશ ભક્તિ ઉજાગર કરાવવા, તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ બને તે માટે કાયદાનું પાલન કઈ રીતે કરાય, નિયમોનું પાલન કઈ રીતે કરાય, તેના જીવનમાં શિસ્તતા કઈ રીતે આવે તે માટે ટ્રેનિંગ આપવામાં આવે છે. પોલીસ દ્વારા ઈનડોર તાલીમમાં ગુના નિવારણ અને નિયંત્રણ કઈ રીતે થાય છે તેની પણ ટ્રેનિંગ આપવામાં આવે છે. સામુદાયિક પોલીસ વ્યવસ્થાપન અને વિદ્યાર્થીઓ સાથે મળીને આ વ્યવસ્થાઓ કઈ રીતે થતી હોય છે તે શીખડાવવામાં આવે છે. આપના માધ્યમથી ગૃહમાં ઉપસ્થિત તમામ ધારાસભ્યોને મારી વિનંતી છે કે પોતાના વિસ્તારની શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની મુલાકાત કરીને બાળકો સાથે તમામ લોકોએ ઈન્ટરએક્શન કરવું જોઈએ અને તે બાળકોનું ભવિષ્ય ઉજ્જ્વળ બને તે માટે શાળામાં જઈને માર્ગદર્શન આપવું જોઈએ.

**આણંદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ બાબત**

* ૩૨૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, | (૧) ૫૯૨૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | (૨) |

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|---|
| ૭૨૦૪૦ | ૬૨૬૩૦ | ૩૪૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ? | (૩) (૧) વેચાણના કિસ્સામાં ખેડૂત ખાતેદારના દાખલાના કારણે.<br>(૨) વારસાઈ તથા હક્ક કમીના કિસ્સામાં મરણના દાખલા અને ૭/૧૨માં નામમાં વિસંગતતા હોવાના કારણે.<br>(૩) જમીનનું ટાઈટલ ક્લીયર ન હોવાના કારણે. |

શ્રી ગોવિંદભાઈ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે, સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજોની નોંધણી થયા બાદ ઇ-ધરામાં ઓટોમેટિક નોંધ કઇ રીતે પડે છે? આ વ્યવસ્થા ક્યારથી કરવામાં આવી છે? અને સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે હુકમી નોંધ તથા બોજાની નોંધના ઝડપી નિકાલ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ વાતનો આનંદ થાય છે કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીના વિઝન ઇન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે જ્યારે કોઇપણ અરજદાર ખેડૂત ખાતે નોંધણીની પ્રક્રિયા માટે સૌ પ્રથમ સબ રજિસ્ટ્રાર કચેરીમાં જશે ત્યારે એક ગરવી સોફ્ટવેર રજિસ્ટર એક્ટ હેઠળ પ્રક્રિયામાં વેચાણ લેનાર, વેચાણ આપનાર અથવા થર્ડ પાર્ટીના પુરાવાના નામ, કાયમી સરનામાં, હાલના સરનામાં, મોબાઇલ નંબર, ઇ-મેઇલ આઇ.ડી .લીધા બાદ નોંધણી થઇને ડેટા ગરવી સોફ્ટવેર વેબ સિસ્ટમ દ્વારા ઇ-ધરામાં જશે અને તેની કાચી નોંધ કલમ ૧૩૫ ડીની પહેલાં નોટિસ થતી હતી એની જગ્યાએ હવે ઓટોમેટિક જનરેટ થશે .ઓનલાઇન ઓટોમેટિક જનરેટ કરવાની પદ્ધતિ વિભાગના તા .૦૭/૧૦/૨૦૨૧ની યાદીએ મૂકવામાં આવી છે .એમનો બીજો પ્રશ્ન હતો કે હુકમી નોંધ તા .૩૧/૦૩/૨૦૨૨ના જાહેરનામાં ૨૦૨૨-૨૩-એચકી-૧૦૨૦૧૯-૨૭૬૦થી હુકમી નોંધનો બોજ ૧૩૫ ડીની નોટિસ માટે પહેલાં ૩૦ દિવસનો સમય લાગતો હતો, જેની અત્યારે માત્ર ૧૦ જ દિવસની અંદર જોગવાઇ કરવામાં આવી છે એ આનંદની વાત છે .

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે એમના જવાબમાં એન્ટ્રીઓ બાબતે ૫૯૨૪ એન્ટ્રીનો નિકાલ પેન્ડીંગ છે .તો એમાં એક વર્ષના સમયગાળાથી, બે વર્ષના સમયગાળાથી અને બે વર્ષથી વધારે સમયગાળાથી કેટલી એન્ટ્રીઓ પેન્ડીંગ છે? એમણે ઓનલાઇન પ્રોસેસની વાત કરી પણ બધા ધારાસભ્યશ્રીઓ જમીનની હકીકત સાથે જોડાયેલા છે .આપણે ઓનલાઇન એન.એ .પદ્ધતિ લાવ્યા, ઓનલાઇન મહેસૂલની વ્યવસ્થાઓ કરી

પણ હજુ પણ જ્યાં સુધી વ્યવ્હાર ન થાય ત્યાં સુધી એન.એ .થતું નથી કે કોઇ એન્ટ્રી પડતી નથી .આ બાબતે ઝુંબેશના સ્વરૂપમાં કોઇ પદ્ધતિ સરકાર એગ્રેસિવ રીતે કરવા માંગે છે કે કેમ? એની કાયમી કોઇ ફરિયાદ ન આવે અને ફરિયાદ આવે તો કડક દાખલો બેસે એવી કોઇ કાર્યવાહી કે પદ્ધતિ કરવા માંગીએ છીએ કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે ૫૯૩૪ નોંધો હતી તેમાંથી આજની તારીખે ફક્ત ત્રણ જ નોંધો બાકી છે.

**હોદ તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

* ૩૬૦ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં નાણાકીય વર્ષઃ ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં નાણાકીય વર્ષઃ ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ.. ૭૦૧.૫૯ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ..૨૪૫૫.૫૭ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. |
| (૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું, | (૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૨૯૫ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૮૮૮ કામોનું આયોજન કરવામાં આવ્યું. |
| (૩) તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને | (૩) તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૫૩ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૫૦૨ કામો પૂર્ણ કરવામાં આવ્યાં. |
| (૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ..૧૩૯.૧૨ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ..૪૭૦.૦૨ લાખ ખર્ચ થયેલ છે. |

શ્રી મહેન્દ્રભાઇ ર. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે નાણાપંચ મુજબના ટાઇડ અને અનટાઇડ મુજબના કામો હાથ ધરવામાં આવે છે કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડઃ માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચના માર્ગદર્શન અનુસાર એમાં ૧૦૦ ટકા ગ્રાન્ટમાંથી અનટાઇડના ૪૦ ટકા અને ટાઇડના ૬૦ ટકા પ્રમાણે કામોની વહેંચણી કરવામાં આવે છે. એમાં અનટાઇડની અંદર હાથ ધરવા જેવા કામોમાં, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, આંતરિક પાકા રસ્તા, ગામના મુખ્ય માર્ગ ઉપર ફૂટપાથ, હાટબજાર, આંગણવાડી કેન્દ્રમાં ખૂટતી સુવિધાઓ, ગુજરાત પંચાયત સેવા અધિનિયમ અનુસૂચિ ૧,૨ અને ૩માં ઠરાવેલ ગામ, તાલુકા અને જિલ્લા પંચાયતના કાર્યો અને ફરજો, એના ઉપર જે સામૂહિક યોજનાઓ છે તે કરવા માટે, મનરેગા યોજનામાં કન્વર્ઝનની મિલકતોના ટકાઉ ઉપયોગ માટે વધારાની સુવિધા, ઇ- ગ્રામની સુવિધામાં વધારો કરવો, વીજળીકરણના કામો, એલ.ઇ.ડી. સ્ટેટલાઇટ, કોમ્યુનિટી એસેટના કામો તથા કોમ્યુનિટી એસેટની જાણકારી, કબ્રસ્તાન, સ્મશાન, પ્રાથમિક શિક્ષણમાં ખૂટતી સુવિધાઓ અને ટાઇડ ગ્રાન્ટની અંદર સેનિટેશન, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા, ખુલ્લામાં શૌચ મુકિત, જાળવણી અંગેના કામો, સોલિડ તથા લિકવિડ વેસ્ટ મેનેજમેન્ટ, કચરાના નિકાલ માટેના કામો, ડમ્પિંગ સાઇટ બનાવવા તથા ઘન અને પ્રવાહી કચરાના વર્ગીકરણ માટે જરૂરી વ્યવસ્થાની ગોઠવણ, ગટરના કામો, સ્ટોર્મ વોટર અંગેના કામો, પીવાનું પાણી પૂરું પાડવું, વરસાદી પાણીના સંગ્રહ તેમજ પાણીના શુદ્ધિકરણ માટેની વ્યવસ્થા, બે કરતાં વધું ગામોને જૂથ સાથે પીવાના પાણીના પુરવઠાની પ્રબંધ યોજના કરવી અને તેને ફળિયા સુધી પહોંચાડવી, અનેક ગામોમાં ગ્રામ પંચાયત માટે હાલના જળસંશાધનને પૂરક બનાવતાં મોટા ચેકડેમ માટે, જળ શુદ્ધિકરણ માટે (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : શ્રી બચુભાઇ, વધારે લાંબી સૂચિ હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સને ૨૦૨૧-૨૨ અને સને -૨૦૨૨-૨૩ની બચત ગ્રાન્ટ ખર્ચ કરવાની મર્યાદા શું છે? અને એના ધારાધોરણ શું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : નાણાપંચની ગ્રાન્ટની ફક્ત આખરી ૩૧મી માર્ચનું વર્ષ છે ત્યાં સુધીની મર્યાદા હોય છે એના ધારાધોરણ નક્કી કરેલા છે. અનટાઇડ અને ટાઇડ ગ્રાન્ટ એ બે એના રેશિયા છે. એ પ્રમાણે અનટાઇડની ૪૦ ટકા અને ટાઇડની ૬૦ ટકા પ્રમાણે કામગીરી કરવાની હોય છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૧૫માં નાણાપંચ અંતર્ગત પારદર્શીતા જાળવવા માટે શું કામગીરી કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચ અંતર્ગત આયોજન ખર્ચ તેમજ ચૂકવણાની સઘળી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શિતાથી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલના માધ્યમથી કરવામાં આવે છે તથા તમામ ચૂકવણાં ડિઝિટલ સિગ્નેચર માધ્યમથી ચેકર અને મેકર દ્વારા ઓનલાઇન કરવામાં આવે છે. કામોના તમામ આયોજન ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ

ઉપરથી સૌપ્રથમ મંજૂર થયા બાદ હાથ ધર્યા સિવાય દરેક કામો માટે અક્ષાંશ, રેખાંશ આધારિત કામ શરુ કરતા પહેલા, કામ પ્રગતિમાં હોય ત્યારે અને કામ પૂર્ણ થયા બાદ આ ત્રણ તબક્કાના ફોટોગ્રાફ્સ લઇ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવે છે. તમામ વેપારીઓને ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર ઓનલાઇન રજિસ્ટ્રેશન થયા બાદ જ ચૂકવણું કરવામાં આવે છે. ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, આર.ટી.જી.એસ., એમ.ટી.એફ. જેવા પારદર્શક માધ્યમથી ચૂકવણી કરવામાં આવતી નથી. આ પદ્ધતિ બંધ થવાથી ચૂકવણી માત્ર ઇ ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર કરવામાં આવે છે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગ્રામ પંચાયતમાં જે ગ્રાન્ટ આપવામાં આવે છે તેના એસ.ઓ.આર બહુ નીચા છે તે વધારવા માગો છો કે નહીં?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ :માનનીય અધ્યક્ષશ્રી, ૧૫માં નાણાપંચની ગાઇડલાઇન ભારત સરકારશ્રીની છે. એના એસ.ઓ.આર. નક્કી કરેલા છે. એ પ્રમાણે આપણે નાણાપંચની ગ્રામપંચાયતની ગ્રાન્ટ ૭૦ ટકા પ્રમાણે વાપરી શકીએ છીએ.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું દસાડા ધારાસભ્ય, આ માનનીય સભાગૃહને તથા આ લોકશાહીના મંદિર એવા ગૃહમાં પ્રથમવાર મને પેટાપ્રશ્ન કરવાનો અવસર આપે પ્રદાન કર્યો છે એટલા માટે આપને વંદન સહ નમન કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન દાહોદ તાલુકા પંચાયતના ખર્ચ બાબતનો છે. ગઇકાલે રાજયપાલશ્રીના ભાષણ અન્વયે ૧૫માં નાણા પંચ અંતર્ગત કેન્દ્ર સરકારે પાંચ વર્ષમાં ૨૦૨૫-૨૬ની સ્થિતિએ રાજ્યોને ૧૫૬૫૦ કરોડ જેટલી માતબર રકમ આપવાની છે, ત્યારે કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવું છું. જે પ્રકારના ખર્ચના આંકડા અહીંયા આપવામાં આવ્યા છે એ જોતા દાહોદ તાલુકા પંચાયતને ફાળવેલ રકમ ૭૦૧ પૈકી ૧૩૯ લાખનો ખર્ચ થયો છે અને ગ્રામ પંચાયતના ૨૪૫૫ કરોડમાંથી ૪૭૦ કરોડ ખર્ચ થયેલો છે. એટલે કે ૨૦ ટકા જેટલી જ પ્રગતિ ૩૧-૩-૨૨ ની સ્થિતિએ થઇ છે. તો આ પ્રગતિ વધારે થાય અને જે તાલુકા અથવા ગામો વધારે પ્રગતિ કરતા હોય અથવા વધારે ઝડપી ગ્રાન્ટ વાપરતા હોય એને પ્રોત્સાહન આપવા માગો છો કે કેમ? અથવા તો આ પ્રગતિ વધારે થાય અને ઝડપથી ખર્ચ થાય એ માટેનું કોઇ આયોજન છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન માત્ર પ્રગતિ જલદી થાય એના માટે શું? અને પ્રોત્સાહન કોઇ આપતા હોય તો તે. આટલી વાત છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગ્રામ પંચાયતને આપણે એના નિયમાનુસાર ૧૦૦ ટકા ગ્રાન્ટ પૈકીની ૭૦ ટકા ગ્રાન્ટ આપણે ગ્રામ પંચાયતને આપીએ છીએ. ૨૦ ટકા તાલુકા પંચાયતને આપીએ છીએ અને ૧૦ ટકા જિલ્લા પંચાયતને આપીએ છીએ અને આ નિયમ મુજબની એની કામગીરી ચાલતી હોય છે.

**અમરેલી અને બનાસકાંઠા જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત**

* ૧૩૪ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમરેલી અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજાયા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **જિલ્લાનું નામ** | **યોજાયેલ લોક દરબારની સંખ્યા** |
|---|---|
| અમરેલી | ૧૩૦ |
| બનાસકાંઠા | ૯૬ |

શ્રી પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ આ ૧૫મી વિધાનસભાના કોડિનાર-૯૨ વિધાનસભાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આ ગૃહમાં મારો પ્રથમ પ્રશ્ન પૂછવાની આપશ્રીએ જે તક આપી છે, તે બદલ માનનીય અધ્યક્ષશ્રી, આપનો અને લોકશાહીના મંદિર સમા આ ગૃહનો હું દિલથી આભાર પ્રગટ કરું છું. મારો પ્રશ્ન ક્રમાંક ૮.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છાપ્યા પ્રમાણે.

શ્રી પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સર્વપ્રથમ તો આ વ્યાજના દૂષણને ડામવા માટે માનનીય મંત્રીશ્રીએ જે ઝૂંબેશ ચાલુ કરી છે તે માટે અભિનંદન આપું છું અને તેની સાથોસાથ મારો પ્રશ્ન છે કે રાજય સરકાર દ્વારા વ્યાજખોરો સામે જે ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે તે શા માટે હાથ ધરવામાં આવી છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પ્રદ્યુમનભાઇ વાજાએ જે સવાલ પૂછ્યો છે એ ખૂબ મહત્વનો છે. એમનો સવાલ અમરેલી અને બનાસકાંઠાને જોડાઇને છે. માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજખોરી એ માત્ર કાનુની નહીં, પણ સામાજિક સમસ્યા પણ છે. આ બેઉ પ્રકારના સૌથી મોટા દૂષણ છે. આ સમસ્યા પહેલી નજરે દેખાય એટલી સીધીસાદી નથી. આ સમસ્યા એક એવું બીજ છે કે જે અનેક ગુનાઓને જન્મ આપે છે. ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી આદરણીય

અતારાંકિત પ્રશ્નો

ભૂપેન્દ્રભાઇ પટેલે બીજી ટર્મના પહેલા જ દિવસે ગુજરાતના સામાન્ય નાગરિકોને એમની નાની મોટી ચિંતામાં કે ઘરની નાની મોટી તકલીફોમાં આ ગુજરાતના સામાન્ય નાગરિકો કોઇ ઉપર વિશ્વાસ રાખીને રૂપિયા જયારે વ્યાજે લે એ સામાન્ય નાગરિકોની કોરા ચેક ઉપર સાઇન લઇ લેવામાં આવતી હતી. મારી ગુજરાતની માતાઓના મંગળસૂત્ર લઇ લેવામાં આવતા હતા. મારા ગુજરાતની અનેક બહેનોના સપનાના ઘરને આ જ દૂષણખોરોએ જપ્ત કરી લીધા હતા. એવા હજારો લોકોને ન્યાય અપાવવાનું કામ આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કર્યું છે. આવા અનેક લોકોના જીવનમાં નવી દિશા અને નવી ઉર્જા આપવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આજ સુધી હંમેશા એવી ફરિયાદ રહેતી હતી કે ...

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : આ જવાબ ખૂબ મહત્વનો છે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ**

૩૪૪ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** | |
|---|---|---|---|
| | | **આ.ટી.ઓ. પાલનપુર (બનાસકાંઠા)** | **એ.આ.ટી.ઓ. પાટણ** |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૧ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૫ | ૦૨ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૨૯ | ૦૬ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૩૯ | ૧૦ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૩ | ૦૧ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૭ | ૦૨ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૯ | ૦૮ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૩ | ૦૨ |
| ૧૦ | સર્કલ ઓફિસર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૨ | ડ્રાઇવર (વર્ગ-૩) | ૦૩ | ૦૦ |
| ૧૩ | નાયક (વર્ગ-૪) | ૦૩ | ૦૦ |
| ૧૪ | પટાવાળા (વર્ગ-૪) | ૨૨ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | વોચમેન (વર્ગ-૪) | ૦૧ | ૦૦ |
| | **કુલ** | **૧૩૮** | **૩૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, અને સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **આર.ટી.ઓ. પાલનપુર (બનાસકાંઠા)** | | **એ.આર.ટી.ઓ. પાટણ** | |
|---|---|---|---|---|---|
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૧૮ | ૧૧ | ૦૪ | ૦૨ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૩૪ | ૦૫ | ૦૮ | ૦૨ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૧ |
| ૮ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૯ | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૯ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૧૦ | સર્કલ ઓફિસર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૨ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | નાયક (વર્ગ-૪) | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૧૪ | પટાવાળા (વર્ગ-૪) | ૦૫ | ૧૭ | ૦૦ | ૦૧ |
| ૧૫ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૨૫ | ૦૬ | ૧૧ | ૦૧ | ૧૦ | ૦૨ | ૧૩ | ૦૦ |
| ૯ | જનસંપર્ક અધિકારી, વર્ગ-૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૦ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | ૦૫ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ |

| અ.નં. | સંવર્ગનું નામ | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આરટીઓ અમદાવાદ (સુભાષબ્રીજ) | | એઆરટીઓ અમદાવાદ (પૂર્વ) (વસ્ત્રાલ) | | એઆરટીઓ અમદાવાદ (ગ્રામ્ય) (બાવળા) | | આરટીઓ ભાવનગર | |
| | | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧૧ | સિનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૮ | ૧૪ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૧૨ | જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૩૬ | ૫૧ | ૧૩ | ૦૭ | ૦૨ | ૦૫ | ૧૬ | ૦૪ |
| ૧૩ | હિસાબનીશ, વર્ગ-૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૪ | સબ ઓડીટર, વર્ગ-૩ | ૦૬ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૫ | સ્ટેનોગ્રેડ-૨ વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૬ | સર્કલ ઓફિસર વર્ગ-૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૭ | સંશોધન મદદનીશ, વર્ગ-૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૯ | ડ્રાઈવર, વર્ગ-૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨૦ | નાયક, વર્ગ-૪ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૧ | પટાવાળા, વર્ગ-૪ | ૦૮ | ૧૨ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૫ |
| ૨૨ | વોચમેન, વર્ગ-૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૧૧૬** | **૧૧૬** | **૪૨** | **૨૬** | **૨૧** | **૧૯** | **૪૬** | **૨૭** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જીપીએસસી/ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ ભરવામાં આવે છે.

---------

**ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

૩૩૫ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મળી,

(૧) કુલ – ૧૭

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૦ દરખાસ્તો.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ?

(૩) કુલ ક્ષેત્રફળ – હે.૧૫-૬૬-૧૧ ચો.મી.

---------

**અમરેલી જિલ્લામાં બોર્ડ/કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત**

૩૩૬ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી, અને

(૧) કુલ – ૧૪

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ?

(૨) ૬ દરખાસ્તો.

---------

અતારાંકિત પ્રશ્નો

**તાપી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૧૦૭ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૭ | ૦૭ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૧૦૮ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૦ | ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં જમીન કૌભાંડના સંડોવાયેલા ઇસમો વિરુદ્ધ પગલાં બાબત**

૬૭૩ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં માતર ખાતે કેટલા બોગસ ખેડૂતો દ્વારા જમીન કૌભાંડના કેટલા બનાવો બન્યા, અને

(૨) આ બોગસ ખેડૂત બની જમીન કૌભાંડના સંડોવાયેલા ઇસમો સામે કયા શિક્ષાત્મક પગલા લેવાયા ?

**જવાબ**

(૧) કુલ-૬ બોગસ ખેડૂતોના ૪ કેસ બન્યા છે.

(૨) ૨ કેસમાં ૫ ઇસમો બિનખેડૂત જણાતા જમીન સરકાર હેડે દાખલ કરવા હુકમ કરેલ છે.
તેમજ, ૨ કેસમાં ૧ ઇસમ બિનખેડૂત જાહેર કરવામાં આવેલ છે અને ગણોતધારા કલમ-૬૩ એડી મુજબ કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવેલ છે.

---------

**દાહોદ તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

૧૧૮ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં નાણાકીય વર્ષઃ ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં નાણાકીય વર્ષઃ ૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયતને રૂ.૭૦૧.૫૯ લાખ અને ગ્રામ પંચાયતોને રૂ..૨૪૫૫.૫૭ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત દ્વારા ૨૯૫ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૮૮૮ કામોનું આયોજન કરવામાં આવ્યું.

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાલુકા પંચાયત દ્વારા ૫૩ કામો અને ગ્રામ પંચાયતો દ્વારા ૫૦૨ કામો પૂર્ણ કરવામાં આવ્યાં.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૪) ઉક્ત પૂર્ણ કામો સામે તાલુકા પંચાયતમાં કુલ રૂ..૧૩૯.૧૨ લાખ અને ગ્રામ પંચાયતોમાં કુલ રૂ..૪૭૦.૦૨ લાખ ખર્ચ થયેલ છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લાના જેલના કેદીઓને કાનૂની સલાહ અને સહાય**

૧૩૧ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લા જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| **કાયદાકીય સલાહ** | **કાયદાકીય સહાય** |
|---|---|
| ૨૧૮૫ | ૬૫૫ |

- - - - - - - - -

**વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને કાનૂની સલાહ અને સહાય**

૧૨૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| **કાયદાકીય સલાહ** | **કાયદાકીય સહાય** |
|---|---|
| ૧૨૪૯ | ૨૭૭ |

- - - - - - - - -

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૩૪૮ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૯૧૪ |

- - - - - - - - -

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૪૦ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૮૦૦૬ |

- - - - - - - - -

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૪૩ **શ્રીમતી પાયલ કુકરાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૪૭૮૦

---------

**આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવા બાબત**

૩૩૨ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,

(૧)

| **આરોગ્ય કેન્દ્ર** | **મળેલ અરજીઓ** |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૦૧ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૫ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૦૧ |
| **કુલ** | **૨૭** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તમામ ૨૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનની ફાળવણી કરવામાં આવી ? | (૩) તે પૈકી તમામ ૨૭ કિસ્સામાં.

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૧૪૭ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૨૨૬૨

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૧૪૮ **શ્રીમતી રીવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૭૫૫

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૧૪૪ **શ્રી પી.સી. બરંડા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે | (૧) હા, જી.

છે કે કેમ,અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? — (૨) ૧૪૮૬

---------

**અમદાવાદ અને નવસારી જિલ્લામાં વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી**

૧૩૮ **શ્રી અમિત શાહ** (એલિસબ્રિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને — (૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને નવસારી જિલ્લામાં કેટલા વ્યાજખોરો સામે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા ? — (૨)

| શહેર / જિલ્લાનું નામ | વ્યાજખોરોની સંખ્યા | દાખલ કરેલ ગુનાની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૪૯ | ૧૫૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૮૧ | ૩૨ |
| નવસારી | ૮૫ | ૬૦ |

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૧૫૦ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને — (૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? — (૨) ૧૯૧૪

---------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય તપાસ એજન્સીને મદદ**

૧૬૦ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કમિશનર ઓફ કસ્ટમ દ્વારા કંડલા પોર્ટ ખાતે થયેલ ઓપરેશનમાં COSCO શિપિંગ કંપની મારફતે ચીનથી આવેલ પ્રતિબંધિત એમ્યુનેશન મટીરીયલ્સ અંગેના કેસમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તપાસ કરતી સંસ્થાને મદદ પૂરી પાડવામાં આવે છે તે હકીકત સાચી છે, અને — (૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેવા પ્રકારની મદદ પૂરી પાડવામાં આવેલ છે ? — (૨) મોબાઈલ ફોનમાંના ડેટા રિટ્રાઇવ કરી આપેલ છે. તેમજ સી.સી.ટી.વી. ફૂટેજમાં દેખાતા શકમંદના મોટર સાયકલની ઓળખ અને તેનો રજિસ્ટ્રેશન નંબર ઉપસાવી આપી તેની ઓળખ પ્રસ્થાપિત કરવામાં તપાસ સંસ્થાને મદદ પૂરી પાડેલ છે.

---------

**જુનિયર કલાર્કની પરીક્ષા મોકૂફ રાખવા બાબત**

૨૦૧ **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૩ના યોજાનાર જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ) ની સ્પર્ધાત્મક પરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કયા કારણોસર ક્યારે ઉક્ત પરીક્ષા મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી,

(૨) તા.૨૯-૦૧-૨૦૨૩ની વહેલી સવારે ગુજરાત પોલીસ (ATS) દ્વારા વડોદરા શહેરના એક ખાનગી પરિસરમાં રેડ કરતા, પરીક્ષાનું પ્રશ્નપત્ર પરીક્ષા પૂર્વે મળી આવતા તા.૨૯-૦૧-૨૦૨૩ની વહેલી સવારે આશરે ૬.૦૦ કલાકે પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય મંડળ દ્વારા કરવામાં આવેલ હતો.

(૩) ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ ભાગ લેનાર હતા,

(૩) ૯,૫૩,૭૨૩ પરીક્ષાર્થીઓ.

(૪) ઉક્ત પરીક્ષા કેટલા કેન્દ્રો પર યોજાવાની હતી, અને

(૪) ૨૯૯૫ પરીક્ષા કેન્દ્રો.

(૫) ઉક્ત પરીક્ષા આગામી સમયમાં ક્યારે યોજવામાં આવશે ?

(૫) હાલ, સદર પરીક્ષા એપ્રિલ ૨૦૨૩માં યોજવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લામાં બોર્ડ / કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત**

૩૩૭ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી, અને

(૧) ૧૯(ઓગણીસ).

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ?

(૨) ૩(ત્રણ).

---------

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવા બાબત**

૩૩૦ **શ્રી ભગાભાઈ બારડ** (તલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,

(૧) પેટા આરોગ્ય કેન્દ્ર માટે-૪ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે-૧ મળીને કુલ-૦૫ અરજીઓ.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તમામ પાંચ અરજીઓ.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનની ફાળવણી કરવામાં આવી ?

(૩) તમામ પાંચ (૫) કિસ્સામાં.

---------

**અમદાવાદ શહેર / જિલ્લામાં લૂંટફાટના બનાવો**

૪૮ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં લૂંટફાટના કેટલા બનાવો બન્યા,

(૧)

| **શહેર / જિલ્લો** | **લૂંટફાટના બનાવો** |
|---|---|
| અમદાવાદ શહેર | ૨૭૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૪ |

(૨) ઉક્ત સ્થિતિએ તેમા સંડોવાયેલા કેટલા

(૨) ૬૯૦

ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને

(૩)ઉક્ત સ્થિતિએ ધરપકડ કરવામાં આવેલ ઇસમો પૈકી કેટલા ઇસમોની સામે ચાર્જશીટ કરવામાં આવી ?

(૩) ૬૦૮

- - - - - - - - -

**વિજાપુર તાલુકામાં જમીન રી-સર્વેની પડતર અરજીઓ**

૨૫૯ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં જમીન માપણીથી ઉદભવેલ પ્રશ્નો પૈકી રી-સર્વેની કેટલી અરજીઓ હાલ પડતર છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં જમીન માપણીથી ઉદભવેલ પ્રશ્નો પૈકી રી-સર્વેની કુલ ૫૪૮૯ અરજીઓ હાલ પડતર છે, અને |
| (૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર અરજીઓનો નિકાલ કરવા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર અરજીઓનો નિકાલ કરવા ૧૦૦ થી વધુ અરજીઓ વાળા ગામોના કલ્સ્ટર કરી ઝુંબેશ રૂપે કામગીરી હાથ ધરવા આયોજન કરેલ છે. |

- - - - - - - - -

**ખાનપુર તાલુકામાં એસ.ટી.બસ ડેપો શરૂ કરવા બાબત**

૨૯૧ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનપુર તાલુકામાં એસ.ટી. બસ ડેપો શરૂ કરવા કેટલી અરજીઓ સરકારને મળી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનપુર તાલુકામાં એસ.ટી. બસ ડેપો શરૂ કરવા માટે બે અરજીઓ મળેલ છે. |
| (૨)મળેલ અરજીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા નવરચીત તાલુકા ખાનપુરના મુખ્ય મથક બાકોર મુકામે નવિન જમીન પ્રાપ્ત કરી તેમાં સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં ફાળવેલ ફંડ અંતર્ગત નવિન બસ સ્ટેશનના બાંધકામ અંગે કાર્યહુકમ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં બેરોજગારોને છેતરતી ટોળકીને પકડવા બાબત**

૯૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરતીની જાહેરાત આપી બેરોજગારોને છેતરતી કેટલી અને કઈ ટોળકીને પકડવામાં આવી, | (૧) એક પણ નહીં. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કઈ ટોળકી બેરોજગાર યુવાનો પાસેથી કેવા પ્રકારની નોકરી આપવા માટે કેટલી ફી વસુલતા હતા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત ટોળકીઓએ કેટલા બેરોજગારો પાસેથી કેટલી રકમ ઉઘરાવી હોવાનું સામે આવ્યું ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જામનગર અને પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરીના દંડ પેટે વસુલવાની બાકી રકમ**

૨૦૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરીના કરવામાં આવેલ | (૧) |

કેસો પૈકી કેટલી દંડની રકમ જિલ્લાવાર વસુલવાની બાકી છે,

| જિલ્લો | બાકી વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|
| જામનગર | ૧,૬૮૬.૮૬ |
| પોરબંદર | ૩૪,૫૪૯.૭૪ |

(૨) ઉક્ત બાકી રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ એક વર્ષ અને કેટલી રકમ બે વર્ષ કરતા વધુ સમયથી બાકી છે, અને

(૨)

| જિલ્લો | ૧ વર્ષથી વધુ સમયની બાકી વસૂલાત (રૂ.લાખમાં) | ૨ વર્ષથી વધુ સમયની બાકી વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| જામનગર | ૨૧.૧૮ | ૧,૬૬૦.૬૮ |
| પોરબંદર | શૂન્ય | ૩૪,૩૯૧.૦૭ |

(૩) ઉક્ત બાકી રકમ વસુલવા માટે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) ઉક્ત બાકી રકમ વસુલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં કેનાલોમાં ભંગાણ પડવાથી નુકસાન**

૭૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નર્મદા કેનાલો તુટતા ખેડૂતોના ઉભા પાકમાં પાણી ફરી વળતા કેટલા ખેડૂતોને કેટલી નુકસાનની રકમ ચૂકવવામાં આવી, કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની વિગત નીચે મુજબ છે.

| અનં. | વર્ષ | તાલુકા | ચૂકવવાની થતી રકમ | | ચૂકવાયેલ રકમ | | ચૂકવવાની બાકી રકમ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખેડૂતની સંખ્યા | રકમ રૂ. | ખેડૂતની સંખ્યા | રકમ રૂ. | ખેડૂતની સંખ્યા | રકમ રૂ. |
| ૧ | ૨૦૨૧ | થરાદ | ૧૭ | ૨૭૮૮૨૯ | ૧૭ | ૨૭૮૮૨૯ | ૦ | ૦ |
| | | વાવ | ૧૮ | ૩૦૫૫૫૧ | ૧૮ | ૩૦૫૫૫૧ | ૦ | ૦ |
| | | ભાભર | ૫ | ૫૧૦૫૬ | ૫ | ૫૧૦૫૬ | ૦ | ૦ |
| | | સુઇગામ | ૧ | ૩૩૨૫ | ૧ | ૩૩૨૫ | ૦ | ૦ |
| ૧ | ૨૦૨૧ | થરાદ | ૨ | ૯૪૫૩ | ૨ | ૯૪૫૩ | ૦ | ૦ |
| | | વાવ | ૧ | ૩૮૨૮ | ૧ | ૩૮૨૮ | ૦ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને રકમ ચુકવાઈ ના હોય તો તેના કારણો શા છે ?

(૨) સદર નુકસાનીના ચૂકવણીની પ્રક્રિયા પ્રગતિમાં છે.

- - - - - - - - -

**ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં મંજૂર થયેલ લીઝો**

૨૨ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં રેતી ખનન માટે કેટલી લીઝોની મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| જિલ્લો | મંજૂર લીઝોની સંખ્યા |
|---|---|
| ભરૂચ | શૂન્ય |
| છોટાઉદેપુર | ૫ |
| **કુલ** | ૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી-કંકરની કેટલી રોયલ્ટી મળી ?

(૨)

| જિલ્લો | રોયલ્ટી (રૂ. લાખમાં) |
|---|---|
| ભરૂચ | ૪૨૦૪.૮૨ |
| છોટાઉદેપુર | ૧૩,૨૨૮.૫૫ |
| **કુલ** | ૧૭૪૩૩.૩૭ |

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો
- - - - - - - - -

**ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં આર.ટી.ઓ કચેરીનું મંજૂર મહેકમ**

૩૪૬ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | એ.આર.ટી.ઓ ગાંધીનગર | એ.આર.ટી.ઓ દાહોદ |
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૨ | ૦૨ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૦૭ | ૦૮ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૨ | ૧૧ |
| ૪ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૫ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૧ |
| ૬ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૬ | ૦૨ |
| ૭ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૬ | ૦૮ |
| ૮ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૨ |
| ૯ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૦ |
| ૧૦ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૧ | પટાવાળા (વર્ગ-૪) | ૦૪ | ૦૬ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગનું નામ | એ.આર.ટી.ઓ ગાંધીનગર | | એ.આર.ટી.ઓ દાહોદ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૨ | મોટર વાહન | ૦૭ | ૦૦ | ૦૪ | ૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | નિરીક્ષક (વર્ગ-૨) | | | | |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૦ | ૦૨ | ૦૯ | ૦૨ |
| ૪ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૫ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૭ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧૩ | ૦૩ | ૦૪ | ૦૪ |
| ૮ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૯ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૧ | પટાવાળા (વર્ગ-૪) | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૫ |
| | **કુલ** | **૩૮** | **૧૪** | **૨૧** | **૨૦** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જીપીએસસી/ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ ભરવામાં આવે છે.

---------

**વડોદરા અને કચ્છ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત**

૨૫૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને કચ્છ જિલ્લામાંથી કયા પ્રકારના ડ્રગ્સ-નશીલા પદાર્થોનો, કેટલી કિંમતનો, કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા ગુનેગારો પકડવામાં આવ્યા,

(૩) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે, અને

(૪)ક્યાં સુધીમાં તેમની ધરપકડ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

| **જિલ્લા** | **પકડાયેલા ગુનેગારોની સંખ્યા** | **પકડવાના બાકી ગુનેગારોની સંખ્યા** |
|---|---|---|
| વડોદરા શહેર | ૧૩૮ | ૦૫ |
| વડોદરા ગ્રામ્ય | ૬૬ | ૦૫ |
| કચ્છ પૂર્વ | ૩૨ | ૧૬ |
| કચ્છ પશ્ચિમ | **૧૩૧** | **૨૯** |

(૪)આરોપી તપાસ દરમ્યાન મળી આવ્યેથી તાત્કાલિક અટક કરવામાં આવશે.

**પત્રક**

| **જિલ્લા** | **સમયગાળો** | **ડ્રગ્સનો પ્રકાર** | **પકડાયેલ મુદ્દામાલની કિંમત** | **પકડાયેલ મુદ્દામાલ** |
|---|---|---|---|---|

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

| જિલ્લા | સમયગાળો | ડ્રગ્સનો પ્રકાર | પકડાયેલ મુદ્દામાલની કિંમત | પકડાયેલ મુદ્દામાલ |
|---|---|---|---|---|
| વડોદરા શહેર | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ગાંજો | ૩,૦૮,૭૦૦/- | ૪૪ કિલો ૩૪૦ ગ્રામ ૪૬ મીલી |
| | | એમ.ડી./મેફેડ્રોન | ૧૬,૩૨,૭૦૦/- | ૧૬૩ ગ્રામ ૨૭ મીલી |
| | | પેન્ટાજોશીન ઈન્જેકશન | ૨૭,૧૦૦/- | ૯૦૬ નંગ |
| | | મેફેડ્રોન | ૧,૯૭,૦૦૦/- | ૧૯ ગ્રામ ૭ મીલી |
| | | ચરસ | ૪૬,૪૮૭/- | ૩૧૩ ગ્રામ ૩૩ મીલી |
| | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ગાંજો | ૨,૧૦,૬૩૨/- | ૨૦ કિલો ૭૬૫ ગ્રામ ૪૧ મીલી |
| | | એમ.ડી./મેફેડ્રોન | ૩૫,૧૮,૬૦૦/- | ૩૫૧ ગ્રામ ૮૬ મીલી |
| | | પેન્ટાજોશીન ઈન્જેકશન | ૧,૩૮૦/- | ૨૦ નંગ |
| | | અફીણ | ૧૧,૫૫૦/- | ૪૬૨ ગ્રામ |
| | | ચરસ | ૪,૬૮,૪૯૩/- | ૩ કિલો ૧૧૩ ગ્રામ ૩૭ મીલી |
| | | હેરોઈન | ૪,૩૧,૦૦૦/- | ૮૬ ગ્રામ ૨ મીલી |
| વડોદરા ગ્રામ્ય | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ગાંજો | ૨,૯૩,૫૬૨/- | ૩૨ કિલો ૬૬૭ ગ્રામ |
| | | એમ.ડી. | ૧,૬૫૦/- | ૦.૬૬ ગ્રામ |
| | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ગાંજો | ૨,૦૦,૦૧૦/- | ૨૦ કિલો ૦૦૧ ગ્રામ |
| | | અફીણ | ૭૪,૫૦૦/- | ૭૪૫ ગ્રામ |
| | | એમ.ડી. | ૨૩,૧૦૦/- | ૨.૩૧ ગ્રામ |
| | | ચરસ | ૧,૫૦,૦૦૦/- | ૧ કિલો |
| | | એમ.ડી. | ૧૬૦૨,૬૫,૦૦,૦૦૦/- | ૨૮૮ કિલો ૬૬૬ ગ્રામ |
| | | હેરોઈન | ૩૬,૫૦૦/- | ૭.૩ ગ્રામ |
| કચ્છ પૂર્વ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | પોષડોડા પાવડર | ૬,૨૦૧/- | ૨ કિલો ૦૬૭ ગ્રામ |
| | | ગાંજો | ૧,૧૮,૪૨૦/- | ૨૦ કિલો ૮૩૯ ગ્રામ |
| | | પોષડોડા | ૧,૧૧,૬૩૦/- | ૩૭ કિલો ૨૧૦ ગ્રામ |
| | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | પોષડોડા પાવડર | ૬,૫૨,૩૨૦/- | ૧૯૬ કિલો ૪૪ ગ્રામ |
| | | ગાંજો | ૯,૫૨,૧૦૦/- | ૯૫ કિલો ૯૭૭ ગ્રામ |
| | | ચરસ | ૯,૭૬,૩૫૦/- | ૬ કિલો ૫૦૯ ગ્રામ |
| કચ્છ પશ્ચિમ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ગાંજો | ૪,૪૦,૦૬૭/- | ૪૪ કિલો ૦૧૬ ગ્રામ |
| | | ચરસ | ૨,૨૬,૫૭,૯૫૦/- | ૧૫૧ કિલો ૦૫૩ ગ્રામ |
| | | અફીણનો રસ | ૧૫,૨૦૦/- | ૧૫૨ ગ્રામ |
| | | કેફી શીરપ | ૧૪૦/- | નંગ ૦૨ |
| | | કેફી ટેબલેટ | ૫૫૪.૪૭/- | નંગ ૮૯ |
| | | પોષડોડા | ૪૧૪/- | ૧૩૮ ગ્રામ |
| | | હેરોઈન | ૫૩૪,૬૮,૦૦,૦૦૦/- | ૧૦૬ કિલો ૯૩૬ ગ્રામ |
| | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ગાંજો | ૭,૩૦,૬૯૪/- | ૭૩ કિલો ૦૬૯ ગ્રામ |
| | | ચરસ | ૨,૩૦,૫૦૦/- | ૦.૯૯૨ કિ.ગ્રા. |
| | | મેફેડ્રોન | ૧૦,૬૬,૦૦૦/- | ૧૦૫.૯ ગ્રામ અને ૦.૭ મીલી |
| | | હેરોઈન | ૧૦૨૧,૪૭,૦૦,૦૦૦/- | ૨૫૯ કિલો ૯૯૪ ગ્રામ |

---------

**લાંચ રૂશવત વિરોધી બ્યુરો દ્વારા રાજ્યના અધિકારીઓ/કર્મચારીઓ વિરૂદ્ધ કરેલ કાર્યવાહી**

૩૦૪ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) લાંચ રૂશવત વિરોધી બ્યુરો દ્વારા તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ના કેટલા કર્મચારીઓ-અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી, અને

(૧)

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧૯ |
| વર્ગ-૨ | ૫૫ |
| વર્ગ-૩ | ૨૫૪ |
| વર્ગ-૪ | ૧૪ |
| **કુલ** | **૩૪૨** |

(૨) ઉક્ત કાર્યવાહી થયેલ કર્મચારીઓ-અધિકારીઓ કયા વિભાગના છે ?

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | સરકારશ્રીનો વિભાગ |
|---|---|
| ૧ | ગૃહ વિભાગ |
| ૨ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| ૩ | મહેસૂલ વિભાગ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| ૫ | શિક્ષણ વિભાગ |
| ૬ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ૮ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ |
| ૯ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| ૧૦ | નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ |
| ૧૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ |
| ૧૨ | વન અને પર્યાવરણ વિભાગ |
| ૧૩ | શ્રમ અને રોજગાર વિભાગ |
| ૧૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ |
| ૧૫ | કાયદા વિભાગ |
| ૧૬ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ |
| ૧૭ | આદિજાતિ વિકાસ વિભાગ |
| ૧૮ | નાણાં વિભાગ |
| ૧૯ | માર્ગ અને મકાન વિભાગ |
| ૨૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| ૨૧ | સામાન્ય વહીવટ વિભાગ |
| ૨૨ | માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૨૩ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ |
| ૨૪ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ |
| ૨૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ |
| ૨૬ | ક્લાઈમેટ ચેન્જ વિભાગ |
| ૨૭ | કેન્દ્ર સરકાર |

- - - - - - - - -

## વિસાવદર તાલુકામાં નદીમાંથી રેતી કાઢવાની મંજૂરી

૧૯ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વિસાવદર તાલુકામાંથી પસાર થતી ભાદર અને ઓજત નદીમાંથી રેતી કાઢવા કેટલા લીઝ ધારકોને મંજૂરી અપાઈ છે, અને

(૧)

| નદી | લીઝ ધારક |
|---|---|
| ભાદર | શૂન્ય |
| ઓજત | ૦૨ |

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| **કુલ** | **૦૨** |

(૨) તે અન્વેય ઉક્ત સ્થિતિએ કેટલા લીઝ ધારકોને બોટ દ્વારા રેતી કાઢવાની મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨) શૂન્ય.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ઘટ બાબત**

૬૭૨ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી કમ મંત્રીઓની ઘટ છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર તલાટી કમ મંત્રીઓની ઘટ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯ |
| ૨ | ઉમરેઠ | ૧૩ |
| ૩ | બોરસદ | ૩૧ |
| ૪ | આંકલાવ | ૧૦ |
| ૫ | પેટલાદ | ૨૪ |
| ૬ | સોજીત્રા | ૧૦ |
| ૭ | ખંભાત | ૩૧ |
| ૮ | તારાપુર | ૧૭ |
| | **કુલ** | **૧૫૫** |

(૨) ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

- - - - - - - - -

**મોરબી પુલ દુર્ઘટનાના આરોપીઓને પકડવા બાબત**

૨૦૨ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી પુલ દુર્ઘટના અંગે મોરબી જિલ્લામાં કેટલા ગુનાઓ નોંધવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાઓવાર કેટલા આરોપીઓને પોલીસ દ્વારા પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,

(૩) બાકી આરોપીઓ પૈકી કેટલા આરોપીઓને ભાગેડુ જાહેર કરવામાં આવ્યા, અને

(૪) બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૦૧ (એક).

(૨)

| પકડાયેલ આરોપીઓની સંખ્યા | પકડવાના બાકી આરોપીઓની સંખ્યા |
|---|---|
| ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં વ્યાજખોરો વિરૂદ્ધ કાર્યવાહી**

૨૯૨ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વ્યાજખોરો સામે સરકાર દ્વારા કાયદેસરની શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

| તાલુકાનું નામ | વ્યાજખોરોની સંખ્યા |
|---|---|
| લુણાવાડા | ૦૧ |
| સંતરામપુર | ૦૧ |
| કડાણા | ૦૧ |

- ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટની કામગીરી**

૯૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટની કામગીરી કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ મેટ્રો રેલ પ્રથમ તબક્કામાં કુલ ૪૦.૦૩ કિ.મી.માંથી ૩૮.૬ કિ.મી. લંબાઈમાં મેટ્રો કાર્યરત છે. જ્યારે બાકીના ૧.૪૩ કિ.મી.ના કાર્યો પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા કિ.મી.નો ક્યાંથી ક્યાં સુધીનો મેટ્રો રૂટ શરૂ કરવામાં આવેલ છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નીચેના રૂટ ઉપર મેટ્રો રૂટ શરૂ કરેલ છે.<br>(૧) પૂર્વ-પશ્ચિમઃ વસ્ત્રાલ ગામથી થલતેજ (૧૯.૪૫ કિ.મી.)<br>(૨) ઉત્તર-દક્ષિણઃ એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (૧૮.૮૩ કિ.મી.) |
| (૩) ઉક્ત રૂટ પર મેટ્રો ટ્રેન કેટલી સ્પીડે દોડાવવામાં આવે છે, અને | (૩) મેટ્રોની મહત્તમ સ્પીડ ૮૦ કિ.મી/કલાક છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રૂટ પર મેટ્રો ટ્રેન કેટલી વખત બંધ થઈ? | (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેટ્રો ટ્રેન બંધ થયેલ નથી. |

---------

**જુનિયર ક્લાર્કની પરીક્ષા મોકુફ રાખવા બાબત**

૨૦૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૩ના યોજાનાર જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ)ની સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર લીક થવાથી મોકુફ રાખવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૦૧-૦૨-૨૦૨૩ની સ્થિતિએ તે અંગેની પોલીસ ફરિયાદ કોના દ્વારા નોંધાવવામાં આવેલ છે, | (૨) ગુજરાત પોલીસના એન્ટી ટેરેરીસ્ટ સ્કવોડ (ATS) દ્વારા. |
| (૩) ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાની કામગીરી કઈ એજન્સીને સોપવામાં આવેલ, અને | (૩) ગુપ્ત બાબત હોઈ, જાહેર કરી શકાય નહીં. |
| (૪) ઉક્ત પેપર ફુટવાની ઘટનામાં ઉક્ત એજન્સી કે તેના કર્મચારીઓ સંડોવાયેલ હોય તો તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૪) પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવેલ છે, વધુ તપાસ ચાલુ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ**

૭૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીની કેટલી જગ્યાઓ

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|

ખાલી છે,

| | | |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૦ |
| ૨ | અમીરગઢ | ૩ |
| ૩ | વડગામ | ૫ |
| ૪ | દાંતા | ૧૭ |
| ૫ | ડીસા | ૭ |
| ૬ | ધાનેરા | ૧૩ |
| ૭ | દાંતીવાડા | ૪ |
| ૮ | કાંકરેજ | ૨૧ |
| ૯ | દિયોદર | ૩ |
| ૧૦ | ભાભર | ૧૧ |
| ૧૧ | થરાદ | ૧૬ |
| ૧૨ | વાવ | ૧૪ |
| ૧૩ | લાખણી | ૪ |
| ૧૪ | સુઈગામ | ૬ |
| | **કુલ** | **૧૩૪** |

(૨) કેટલી જગ્યા વધારાના ચાર્જથી ચાલે છે, અને

(૨) ૫૯

(૩) તમામ ખાલી જગ્યાઓ ભરવા શાં પગલાં લેવામાં આવેલ છે ?

(૩) ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

- - - - - - - - -

**ખંભાતના અખાતમાં કલ્પસર યોજના અંતર્ગત મીઠા પાણીના સરોવર બનાવવા બાબત**

૬૭૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના ખંભાતના અખાત ઉપર કલ્પસર યોજનાના મીઠા પાણીનું સરોવર બનાવવા અંગે ક્યારે નિર્ણય લેવાયો,

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના ખંભાતના અખાત ઉપર કલ્પસર યોજનાના મીઠા પાણીનું સરોવર બનાવવા અંગે પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી અભ્યાસોની કામગીરી માટે તા.૨૨/૦૧/૨૦૦૩ થી મંજૂરી આપેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાનું કામ ક્યા તબક્કે છે,

(૨) આ યોજના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાના તબક્કે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અનુસંધાને ક્યા પ્રકારની કામગીરી માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ, કલ્પસર યોજના માટે તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) તૈયાર કરવા માટે નીચે મુજબનો ખર્ચ થવા પામેલ છે.

| અ.નં. | વર્ષ | રૂ.લાખમાં |
|---|---|---|
| ૧. | ૨૦૨૦-૨૧ | ૪૯૨૪.૯૯ |
| ૨. | ૨૦૨૧-૨૨ | ૪૦૬૫.૩૫ |
| ૩. | ૨૦૨૨-૨૩ (તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી) | ૨૫૪૫.૩૦ |
| | **કુલ ખર્ચ રૂ.લાખમાં** | **૧૧૫૩૫.૬૪** |

(૪)યોજના ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૪) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ પૂર્ણ થયેથી, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલું વહેલું શરૂ કરી પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**કચ્છ જિલ્લાના બંદરો પરથી ડ્રગ્સનો જથ્થો પકડવા બાબત**

૩૦૬ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ બંદરો પરથી કેટલા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને | (૧) ૭૫ કિલો હેરોઈનનો જથ્થો પકડાયેલ છે જેમાં ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ સંદર્ભે કેટલા બંદર સંચાલકો અને માલિકો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પોર્ટના માલિકો/સંચાલકોની તપાસ દરમ્યાન સંડોવણી જણાઈ આવેલ ન હોય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં જમીન રી-સર્વેની પડતર અરજીઓ**

૨૦ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જમીન રી સર્વે કરવા માટે ખેડૂતોની કુલ કેટલી અરજીઓ પડતરમાં છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| જૂનાગઢ | ૬૮૩ |
| ભેંસાણ | ૧૦૦૦ |
| વંથલી | ૧૧૬૨ |
| વિસાવદર | ૬૯૭ |
| કેશોદ | ૧૦૭૦ |
| માંગરોળ | ૧૩૬ |
| માણાવદર | ૭૬૯ |
| મેંદરડા | ૧૧૭૦ |
| માળીયાહાટીના | ૦૦ |
| **કુલ** | **૬૬૮૭** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પડતર અરજીઓની ફેર માપણી શરૂ કરવા અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓની ફેરમાપણી શરૂ કરવા અંગે સરકારે રી સર્વે અરજીઓ વાળા ગામોના કલસ્ટર કરી ઝુંબેશ રૂપે નિકાલ કરવાની કામગીરી હાથ ધરેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં આઈ.એ.એસ. નું મંજૂર મહેકમ**

૨૦૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ. અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૩૧૩ |
| (૨) એ અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૫૬ |
| (૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા આઈ.એ.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે ? | (૩) ૧૯ |

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨ નો ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

**શ્રી ઋષિકેશ ગ. પટેલ ( શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અંદાજપત્રની રજૂઆત

**શ્રી બળવંતસિંહ રાજપૂત ( ખાણ અને ખનિજ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૨૧-૨૨ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ

**શ્રી બળવંતસિંહ રાજપૂત ( ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના સન ૨૦૨૧-૨૨ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરના ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨ નો ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી મુળુભાઇ બેરા ( વન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૧૮-૧૯ નો ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ તથા નિવેદન

**શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) :**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**વધારાના ખર્ચના પત્રકની રજૂઆત**

સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષના વધારાના ખર્ચના પત્રકો

**શ્રી કનુભાઇ દેસાઇ** (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવાની રજા લઉં છું.

**વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં આવ્યા.**

**ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

સન ૨૦૨૨-૨૩ ના વર્ષના ખર્ચનું પૂરક પત્રક

**શ્રી કનુભાઇ દેસાઇ** ( નાણા મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : માનનીય નાણા મંત્રીશ્રી બજેટ રજૂ કરે તે પહેલા આ પાછળ લાઇનમાં જે ઉભા છો એ તમે બધા ત્યાંથી બહાર જાઓ, તમે કેમેરામાં દેખાઓ એ માટે દર વખતે ત્યાં બેઠા હો છો અને પાછા બગાસાં ખાઓ છો. એટલે તમારા કારણે આખી સરકારનું અને ગૃહનું પરફોર્મન્સ ખરાબ લાગે છે.

અધિકારીશ્રીઓ પણ જે ત્યાં બેઠા છે એ પણ જરા જુઓ, તમે પણ કેમેરાની અંદર આવશો. તો આપણે પણ બજેટ રજૂ થાય તે દરમ્યાન અહીંયા ધ્યાન આપીશું અને મનથી અને શરીરથી બન્નેથી અહીંયા હાજર રહીએ. બાકીની એકટીવીટી કરવી હોય તો બહાર બેસીને કરીશું.

**અંદાજપત્રની રજૂઆત**

**સન ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત**

**શ્રી કનુભાઇ દેસાઇ ( નાણામંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના પનોતાપુત્ર અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા વિકાસપથ પર ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. આ વિકાસ પર વિશ્વાસ મૂકી, ગુજરાતની સાડા છ કરોડ જનતાએ ૧૫મી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ

બહુમતીથી અમને જનાદેશ આપ્યો છે. અમારી સરકાર વતી લોકશાહીના આ મંદિરમાંથી જનાદેશ માટે ગુજરાતની પ્રજાનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. વિકાસની આ વણથંભી યાત્રાને ચાલુ રાખવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર કૃતસંકલ્પ છે.

તીવ્ર ગતિએ વિકાસ પામી ભારત વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા તરફ અગ્રેસર છે અને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનેલ છે. ભારત પ્રાચીનકાળની વિશ્વગુરૂની ઓળખ પુન:પ્રાપ્ત કરી રહ્યું છે. વિશ્વના મોટા ઓગણીસ દેશો અને યુરોપિયન યુનિયનના સમૂહ G-૨૦નું વર્ષ ૨૦૨૩ માટે નેતૃત્વ કરવાનું ગૌરવ દેશને પ્રાપ્ત થયેલ છે. સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે વર્ષ ૨૦૨૭ સુધીમાં દેશને ૫ ટ્રિલિયન યુ.એસ.ડોલર અને વર્ષ ૨૦૩૨ સુધીમાં ૧૦ ટ્રિલિયન યુ.એસ.ડોલરનું અર્થતંત્ર બનાવવાની હાકલ કરી છે.

દેશની કુલ વસ્તીના ૫% જેટલી વસ્તી ધરાવતા ગુજરાતે વર્ષ ૨૦૨૧-૨૨માં દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩૬%નો ફાળો નોંધાવેલ છે. દેશના મોટા રાજ્યોમાં, છેલ્લા દશકમાં સરેરાશ ૧૨.૫૬%નો વાર્ષિક વિકાસ દર (CAGR) નોંધાવી ગુજરાતે દેશના ગ્રોથ એન્જિનનું બિરુદ મેળવેલ છે. આગામી વર્ષોમાં દેશના અર્થતંત્રમાં ગુજરાતનો ફાળો ૧૦% કે તેથી વધુ થાય તે માટે અર્થતંત્રના દરેક ક્ષેત્રને વેગ આપી વિકાસની ગતિને વધારવાની અમારી સરકારની નેમ છે.

ગુજરાતના વેગવંતા વિકાસની અમારી પરિકલ્પનાના **પાંચ મુખ્ય સ્તંભ** છે. વિકાસનો **પહેલો સ્તંભ** સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને પાયાની સુવિધાઓ સાથે સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો છે. તેઓ આ વિકાસ યાત્રામાં સહભાગી થાય તે અમારી સરકારની પ્રાથમિકતા છે. સમતોલ વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે માનવ સંસાધનનો વિકાસ **દ્વિતીય સ્તંભ** છે. જન સુખાકારી તેમજ આર્થિક સમૃદ્ધિને વધારે સુદઢ બનાવવા, વિશ્વસ્તરીય આંતરમાળખાકિય સવલતો ઊભી કરવી એ અમારો **તૃતીય સ્તંભ** છે. ખાનગી રોકાણને પ્રોત્સાહન આપી કૃષિ, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રે, ખાસ કરીને પ્રવાસન ઉદ્યોગ થકી, રોજગારની નવી તકોનું સર્જન કરવાનો આ વિકાસ યાત્રાનો **ચોથો સ્તંભ** છે. **પાંચમો સ્તંભ** ગ્રીન ગ્રોથ થકી પર્યાવરણની જાળવણી અને ઉપલબ્ધ સંશાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાનો છે.

છેલ્લાં બે દશકમાં ગુજરાતમાં સર્વસમાવેશક વિકાસનો મજબૂત પાયો નાખવામાં આવેલ છે. આ પાયા પર અમૃતકાળ માટે ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસની દિશા નિર્ધારીત કરતું અંદાજપત્ર લઇને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે અમારી સરકારનું પાંચ વર્ષનું વિઝન અને આગામી વર્ષની અંદાજપત્રીય જોગવાઈઓ હું પ્રસ્તુત કરું છું.

**પ્રથમ સ્તંભ: ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે પાયાની સુવિધાઓ સહિત સામાજિક સુરક્ષા માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે `બે લાખ કરોડનો ખર્ચ.**

સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગોને સામાજિક સુરક્ષા અને પાયાની સવલતો આપવાની લોકશાહીથી ચૂંટાયેલી સરકારોની નૈતિક જવાબદારી છે. જે અમારી વિકાસની પરિકલ્પનાનો પ્રથમ સ્તંભ પણ છે. ગયા વર્ષે અમારી સરકારે વિધવા સહાય, વૃદ્ધ પેન્શન યોજના, જરૂરિયાતમંદ વર્ગો તેમજ દિવ્યાંગો માટે સ્કોલરશીપ જેવી વિવિધ યોજનાઓના વ્યાપ તેમજ સહાયમાં ધરખમ વધારો કરેલ હતો. આ યોજનાઓમાં અપાતી સહાયની રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી અને નિયમિત રીતે, આધારનંબર સાથે જોડીને ડી.બી.ટી.ના માધ્યમથી પહોંચાડવાની સંપૂર્ણ વ્યવસ્થા અમે અમલી કરેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં વનબંધુ કલ્યાણ યોજના-૨ થકી આદિજાતિ વિસ્તાર અને લોકોના વિકાસ માટે `૧ લાખ કરોડના ખર્ચ માટે અમારી સરકારે પ્રતિબદ્ધતા વ્યકત કરેલ હતી. વનબંધુ કલ્યાણ યોજના-૧ અને ૨નાં પ્રોત્સાહક પરિણામો મળેલ છે. આદિમજૂથો જેમ કે કોટવાળિયા, કોલઘા, કાથોડી, સીદ્દી, પઢાર તેમજ હળપતિઓના આગામી બે વર્ષમાં સર્વાંગી વિકાસ માટે **મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના**ની હું જાહેરાત કરું છું.

શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબોને પાયાની સુવિધાઓ અને શૌચાલય સાથેના આવાસો પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત, સમયબદ્ધ રીતે પૂર્ણતાના લક્ષ્ય સાથે ઉપલબ્ધ કરાવવા અમે વિશેષ પગલાંઓ લીધેલ છે. આગામી ત્રણ વર્ષમાં બાકી રહેતા તમામ પાત્રતા ધરાવતાં કુટુંબોને આવાસ માટેની સહાય ઉપલબ્ધ કરાવવાનું અમારું ધ્યેય છે.

સર્વગ્રાહી અને સંતુલિત વિકાસની આ યાત્રા આગળ ધપાવતા શ્રમયોગીઓના કલ્યાણ માટે હું **મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના**ની જાહેરાત કરું છું. કામના સ્થળથી નજીક પાયાની સવલતો સાથેની રહેણાંકની વ્યવસ્થા શ્રમિકના કુટુંબ માટે ખુશહાલી પણ લાવશે. શ્રમિકોને `૫ ના નજીવા દરે ભોજન ઉપલબ્ધ કરાવતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારી નવા ૧૫૦ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

સામાજિક સુરક્ષાની આવી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના જરૂરિયાતમંદ કુટુંબ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે પ્રત્યેક કુટુંબને **કુટુંબ ઓળખપત્ર** આપવામાં આવશે. ગરીબ અને જરૂરિયાતમંદ લક્ષી આવી તમામ યોજનાઓને સઘન બનાવવા આગામી પાંચ વર્ષમાં અંદાજે `**૨ લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

**દ્વિતીય સ્તંભ : માનવ સંસાધન વિકાસ માટે આગામી ૫ વર્ષમાં અંદાજે `૪ લાખ કરોડનો ખર્ચ.**

સમાજનો દરેક વર્ગ પોતાના બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે વિશેષ પ્રયત્નો કરે છે તે સર્વ વિદિત છે. અન્ય વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોની સરખામણીમાં ભારતનું માનવધન યુવાન છે. અમૃતકાળમાં ભારતના યુવાધનનું **ડેમોગ્રાફિક ડિવિડન્ડ** ઊંચા વિકાસદર તરફ લઇ જનાર છે. ગુજરાતના માનવ સંસાધનનો સર્વાંગી વિકાસ કરીમાનવ વિકાસ સૂચકાંકમાં વધારો કરવાનું અમારું ધ્યેય છે.

ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના લોકોને રાહતદરે અનાજની સાથે, વિશેષ પ્રોટીન અને વિટામિનયુકત પોષક આહાર ઉપલબ્ધ કરાવવા અમે વ્યવસ્થા કરેલ છે. દરેક વયજૂથના લાભાર્થીઓ ખાસ કરીને સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકો, કિશોરીઓ અને વિદ્યાર્થીઓના આરોગ્યની નિયમિત ચકાસણી કરવામાં આવે છે, તે વ્યવસ્થાને વધારે સુદ્રઢ કરવામાં આવશે. દરેક વર્ગની ખાસ જરૂરિયાત મુજબ વિશેષ પોષક આહાર સતત મળી રહે તે અમારી સરકાર સુનિશ્ચિત કરશે.

આપણા ખોરાકમાં પોષક અને સુપાચ્ય જાડા ધાનનો ઉપયોગ સદીઓથી પ્રચલિત હતો, જેનું મહત્વ સ્વીકારી સંયુકત રાષ્ટ્ર સંઘે વર્ષ ૨૦૨૩ને **મિલેટ વર્ષ** જાહેર કરેલ છે. આગામી વર્ષથી મધ્યાહ્ન ભોજન અને આંગણવાડીમાં આવા શ્રીઅન્ન(મિલેટ)નો સમાવેશ કરવાનો અમે નિર્ધાર કર્યો છે. લોકોમાં શ્રીઅન્નનો ઉપયોગ વધારવા વાજબી ભાવની અનાજની દુકાનોના વિતરણમાં તેનો સમાવેશ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી જનઆરોગ્ય-મા યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા પરિવારોને કેશલેસ આરોગ્ય સારવાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યના ૮૫ લાખ જેટલા કુટુંબો સરકારી અને ખાનગી ક્ષેત્રની ૨૦૦૦ કરતા વધુ હોસ્પિટલોના નેટવર્ક મારફત નિ:શુલ્ક સારવાર મેળવી રહેલ છે. આ યોજનામાં કુટુંબદીઠ વીમાની વાર્ષિક મર્યાદા `૫ લાખથી વધારીને `૧૦ લાખ કરવાની હું જાહેરાત કરું છું.

`૪૨૦૦ કરોડની વર્લ્ડ બેંકની લોન તેમજ તાંત્રિક સહાય સાથે "શ્રેષ્ઠ ગુજરાત" બહુ આયામી આરોગ્યલક્ષી યોજનાનો આગામી પાંચ વર્ષમાં અમલ કરવામાં આવશે. આ યોજના દ્વારા પેટા કેન્દ્રથી મેડિકલ કોલેજ સુધીની તમામ આરોગ્ય સંસ્થાઓમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તાનું સર્ટીફિકેશન કરાવવામાં આવશે. લેબોરેટરી ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ચેપી રોગો સામે પૂર્વ નિયોજિત પગલાઓનું માળખું ગોઠવવામાં આવશે.કેન્સર અને ડાયાબિટીસ જેવા બિનચેપી રોગોના પૂર્વનિદાન અને સારવાર માટે કેન્દ્રો ઉભા કરવામાં આવશે. આ ઉપરાંત સઘન ઓનલાઇન મોનિટરિંગ માટે આરોગ્ય સમીક્ષા કેન્દ્ર પણ ઊભું કરવામાં આવશે.

શિક્ષણ એ આવનારી પેઢીના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સગવડો સાથે ડિજિટલ શિક્ષણની સગવડો ઊભી કરવા વિશ્વબેંકના સહયોગથી મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ યોજના સરકારે હાથ ધરેલ છે. `૧૦ હજાર કરોડના ખર્ચે હાથ ધરાયેલ આ પ્રોજેક્ટ અંતર્ગત ૨૦ હજાર મોટી શાળાઓમાં ૫૦ હજાર જેટલા નવા વર્ગખંડો, ૧.૫ લાખ જેટલા જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસરૂમ, ૨૦ હજાર જેટલી કોમ્પ્યુટર લેબ, ૫ હજાર STEM(સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) લેબ્સ અને વોકેશનલ લેબ્સની સુવિધા ૩ વર્ષમાં ઊભી કરવામાં આવશે.

સરકારી ડિગ્રી ઇજનેરી અને પોલિટેકનીક કોલેજો ખાતે રોબોટિક્સ એન્ડ એડવાન્સ મેન્યુફેકચરિંગ અંતર્ગત થ્રીડી પ્રિન્ટિંગ, કોડિંગ, AI-ML, ઇલેક્ટ્રિક વ્હિકલ, સેમી કન્ડકટર ડિઝાઇન એન્ડ એડવાન્સ વેરીફિકેશન, સાયબર ફિઝિકલ સિસ્ટમ, કલાઉડ સર્વિસીસ જેવી ન્યુએજ ટેકનોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. આ સેન્ટરો દ્વારા ઇજનેરી અને તકનીકિ ક્ષેત્રના અંદાજે ૩૫ હજાર વિદ્યાર્થીઓને વૈશ્વિક હરીફાઇમાં અગ્રેસર બનાવવાનું અમારું ધ્યેય છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં યુવાવર્ગ માટે નેશનલ એજ્યુકેશન પોલિસી અનુસાર શ્રેણીબદ્ધ પગલાંઓ લેવામાં આવી રહેલ છે. તેને વધુ સઘન બનાવવામાં આવશે.

ઓનલાઇન શિક્ષણ અને ડિજિટલ લિટરસી હવે પ્રાથમિક જરૂરિયાત બન્યા છે. ઓનલાઇન શિક્ષણનો વ્યાપ વધારવા દરેક સ્તરે ડિજિટલ લાઇબ્રેરીની રચના કરી તેનું નેટવર્ક બનાવવામાં આવશે. યુવાપેઢીને નવતર સાહિત્ય અને શૈક્ષણિક જ્ઞાન સહેલાઇથી ઉપલબ્ધ થાય તે માટે આ લાઇબ્રેરીને ઓનલાઇન કનેક્ટિવિટી સાથે ડિજિટલ સાધનોથી સુસજ્જ કરવામાં આવશે.

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

અંદાજપત્રની રજૂઆત

ગુજરાતના માનવધનના ઉત્તરોત્તર વિકાસ દ્વારા જ્ઞાન આધારિત સમાજ બનાવવા અમે કૃતસંકલ્પ છીએ. અમારા બીજા સ્તંભ એવા માનવ સંસાધન વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે `**૪ લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

**તૃતીય સ્તંભ : વિશ્વકક્ષાની આંતરમાળખાકિય સવલતો ઊભી કરવા આગામી પાંચ વર્ષમાં અંદાજિત `૫ લાખ કરોડનો ખર્ચ.**

આવનારું દશક ભૌતિક અને સામાજિક આંતરમાળખાકિય ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવનાર છે. Ease of Living વધારવા અને આંતરરાષ્ટ્રીય મૂડીને આકર્ષવા ઈન્ફ્રાસ્ટ્રકચરની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જવાની જરૂરિયાત છે. ઉચ્ચકક્ષાના આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ઉત્પાદકતા અને હરીફાઈ વધશે જેના કારણે નવા વ્યવસાયો અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે તથા લોકોના જીવન સ્તરમાં સુધારો થશે. શહેરી વિકાસ, ઊર્જા, રોડ-રસ્તા, પાણી, આઇ.ટી.કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં માળખાકિય સગવડો માટે વધારે નાણાકીય ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

શહેરીકરણનું પ્રમાણ વધતા આજે ગુજરાતની આશરે ૪૮% થી વધુ વસ્તી શહેરોમાં વસવાટ કરે છે. શહેરી વિસ્તારો લોકોના વસવાટના જ નહી પરંતુ આર્થિક વિકાસના પણ કેન્દ્ર બિંદુઓ છે. શહેરી વિસ્તારના આયોજનબદ્ધ વિકાસ માટે ડેવલપમેન્ટ પ્લાન અને ટાઉનપ્લાનિંગ યોજનાઓ થકી આગોતરું આયોજન કરી માળખાકિય સગવડોનો વિકાસ કરવામાં આવશે. શહેરી સુવિધાઓ વધારી આ વિસ્તારમાં રહેતા લોકોના જીવનસ્તરમાં સુધારો લાવવાનું અમારું આયોજન છે. પીવાનું પાણી, ભૂગર્ભ ગટર, રસ્તાઓ, પ્રાથમિક આરોગ્ય વગેરે માળખાકિય સગવડો તથા પાર્ક, ગાર્ડન, રિવરફ્રન્ટ જેવી સુવિધાઓને લોક સુલભ કરવાનું અમારું ધ્યેય છે.

ઊર્જા એ રાજ્યના ગતિશીલ વિકાસનું ચાલકબળ છે.ગત વર્ષે રાજ્યનો વીજ વપરાશ ૨૨ હજાર મેગાવોટના પીકલોડ સુધી પહોચેલ છે, જે આગામી દશ વર્ષમાં વધીને ૩૫ હજાર મેગાવોટ જેટલો થવાની શકયતા છે. આ વધેલી વીજ માંગને પહોંચી વળવા વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ વ્યવસ્થાને સુદૃઢ કરવાની અમારી નેમ છે. વધુમાં રાજ્યની ઊર્જાની વપરાશમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ ઊર્જાનો ભાગ વધારીને ૪૨% સુધી લઇ જવાનું અમારું લક્ષ્ય છે.

ગામેગામ સુધીનું વિસ્તૃત રોડ નેટવર્ક રાજ્યના વિકાસને વિશેષ ગતિ પ્રદાન કરે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના તેમજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારને જોડતા અંદાજે ૬૩ હજાર કિ.મી.ના રોડ બનાવવામાં આવેલ છે. ગ્રામ્ય રોડ સાથે રાજ્યના બીજા રસ્તાઓ અને હાઇવે નેટવર્કનો આગામી પાંચ વર્ષમાં ગુણાત્મક વિસ્તાર વધારવાનું સરકારે આયોજન કરેલ છે. રોડના આ નેટવર્કને વધારે સુદૃઢ કરવા પાંચ હાઇસ્પીડ કોરિડોર બનાવવામાં આવશે. આગામી ત્રણ વર્ષમાં સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા હું **પરિક્રમા પથ યોજના**ની જાહેરાત કરું છું.

રાજ્યના આર્થિક વિકાસ અને પ્રવાસીઓની વધતી સંખ્યાને કારણે હવાઇ મુસાફરીને લગતી માળખાકિય સગવડો જેમ કે એરસ્ટ્રીપ/એરપોર્ટનો વિકાસ કરવાની જરૂરિયાત ઉત્તરોત્તર વધી રહેલ છે. રાજકોટ ખાતે નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના વિકાસનું કામ છેલ્લાં તબક્કામાં છે.એર કનેક્ટિવિટી વધારવા માટે કેશોદ એરપોર્ટનું વિસ્તરણ અને દ્વારકા ખાતે નવા એરપોર્ટના નિર્માણનું આયોજન છે.

પાણીની તંગીથી કાયમી ઝઝુમતા ગુજરાત રાજ્યમાં બે દશકાના અથાગ પ્રયત્નોથી નર્મદા યોજના થકી જળક્રાંતિ લાવી નાગરિકોને પાણીની સુરક્ષા પૂરી પાડી છે. આ સાથે રાજ્યના કૃષિક્ષેત્રમાં પણ આમૂલ પરિવર્તન આવેલ છે. નર્મદા યોજના અંતર્ગત કચ્છના છેવાડે આવેલા મોડકુબા ગામે કચ્છ કેનાલ દ્વારા નર્મદાના નીર પહોંચાડી માનનીય વડાપ્રધાનશ્રીએ ગુજરાતીઓના પાણીદાર ખમીરનું નિદર્શન કર્યું છે. અમારી સરકારે હર ઘર જલ- નલ સે જલ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં ઘેર ઘેર પાણી પહોંચાડીને ૧૦૦ ટકા નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે. તેની ખૂટતી કડીઓ અને આનુષંગિક કામગીરી પ્રગતિમાં છે.

આઇ.ટી. કનેક્ટિવિટી એ આજના વિશ્વના ડિજિટલ હાઇવે અને યુવાવિકાસના કેન્દ્રમાં છે. કેન્દ્ર સરકારના ભારતનેટ કાર્યક્રમ અંતર્ગત ગામોને જોડવાની સાથે સાથે ગ્રામ્ય સ્તરે વિવિધ સંસ્થાઓને પણ હાઇસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવાનો નિર્ણય સરકારે કરેલ હતો જેનો વ્યાપ વધારવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ઘરો સુધી ડિમાન્ડ આધારિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપવા માટે ફાયબર નેટવર્ક ઊભું કરવામાં આવશે.

બધા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટના આયોજન, મંજૂરી અને અમલીકરણની સંપૂર્ણ પ્રક્રિયા ઝડપી બનાવી ઓનલાઇન મોનિટરિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આંતરમાળખાકિય નેટવર્કના નિર્માણના વિવિધ સ્તરોને

પી.એમ.ગતિશક્તિ માસ્ટર પ્લાન સાથે જોડવાનું અમારું આયોજન છે. આમ, અમારા ત્રીજા સ્તંભ, વિવિધ ક્ષેત્રોની ઉચ્ચ ગુણવત્તાયુકત આંતર માળખાકિય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે `**૫ લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

**ચતુર્થ સ્તંભ: કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે `૨ લાખ કરોડનો ખર્ચ.**

કાર્યક્ષમ માનવધન અને ઉચ્ચ ગુણવત્તાયુકત આંતરમાળખાકિય સુવિધાઓના સામંજસ્ય દ્વારા કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રોની આર્થિક પ્રવૃત્તિઓની સંપૂર્ણ ઈકો-સિસ્ટમ વિકસાવવાનું અમારું ધ્યેય છે. આ આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રોજગારીની ઉત્તરોત્તર વિશેષ તકો ઊભી કરવાની અમારી નેમ છે. જે અમારો ચોથો સ્તંભ છે.

રાજ્યના ખેડૂતોની સમૃદ્ધિ અમારી સરકારની પ્રાથમિકતા છે. ગુજરાતના લોકપ્રિય માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓની આર્થિક ખુશહાલી માટે કાર્યરત છે. સહકાર ક્ષેત્ર મારફત કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં મૂડી રોકાણ વધે અને લોકોને સહેલાઈથી લોન ઉપલબ્ધ થાય તે માટેના અનેકવિધ પગલા સરકારે લીધેલ છે. પશુ સારવાર અને નસ્લ સુધારણા માટે મોટાપાયે કામગીરી કરવામાં આવી રહેલ છે. કૃષિમાં ગુણાત્મક વૃદ્ધિ માટે પ્રાકૃતિક કૃષિ, બાગાયત પાકો, ફાર્મ મિકેનાઈઝેશન, સ્માર્ટ ફાર્મિંગ તેમજ એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ પર વિશેષ ભાર મૂકેલ છે.

રાજ્યમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત "ધ સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ" નીતિ જાહેર કરવામાં આવેલ છે. સાથેસાથે આઇ.ટી.નીતિ, સેમી કન્ડકટર નીતિ અને ઇલેક્ટ્રોનિક્સ નીતિની પણ જાહેરાત કરવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, દેશનો પ્રથમ સેમીકોન-ડીસ્પ્લે ફેબ મેન્યુફેકચરિંગ પ્લાન્ટ ધોલેરા ખાતે સ્થાપવામાં આવનાર છે જેમાં અંદાજે ૧.૫૦ લાખ કરોડ કરતા વધારે મૂડી રોકાણ થવાની સંભાવના છે. આ નીતિઓ થકી રાજ્યમાં મૂડીરોકાણ થતાં યુવાનો માટે વિપુલ પ્રમાણમાં રોજગારની તકો ઉપલબ્ધ થશે. રાજ્યમાં પ્રોડ્કટ આધારિત ઉત્પાદનને પ્રોત્સાહન આપવા આધુનિક સગવડો ધરાવતા સિરામિક પાર્ક, બલ્ક ડ્રગ પાર્ક, મેડિકલ ડિવાઇસ પાર્ક, વ્હિકલ સ્ક્રેપેજ અને રિસાયકલિંગ પાર્ક,ટેક્સટાઈલ પાર્ક તેમજ એપેરલ પાર્કની સ્થાપના કરવામાં આવશે .

વિશ્વમાં ઊભી થતી ૧૦ રોજગારીની તકો પૈકી ૧ તક સામાન્ય રીતે પ્રવાસન ઉદ્યોગ થકી ઊભી થતી હોય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સફેદ રણ જેવા વિશિષ્ટ પ્રવાસન સ્થળોના કારણે ગુજરાત આજે વિશ્વના પ્રવાસન માનચિત્ર પર ઉભરી રહ્યું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓનો આંકડો કોરોનાની મહામારી છતાંય ચાર વર્ષથી ઓછા સમયમાં ૧ કરોડને આંબી ગયેલ છે. ગુજરાતમાં છેલ્લા દશકમાં પ્રવાસીઓની સંખ્યામાં સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) ૧૩% નોંધાયેલ છે. પ્રવાસનને કારણે રોજગારીની વિપુલ તકોનું સર્જન થયેલ છે. જેનો લાભ રાજ્યના અંતરિયાળ, આદિજાતિ અને સીમાવર્તી ક્ષેત્રોમાં યુવાનો અને મહિલાઓને મળેલ છે. વિશ્વકક્ષાના પર્યટન સ્થળોનો વિકાસ કરવા માટે તેમજ પ્રવાસીઓને સારી સગવડો આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

રાજ્યના પાંચ પ્રવાસન સ્થળો સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સફેદ રણ-ધોળાવીરા, અંબાજી-ધરોઈ ક્ષેત્ર, ગીર અભયારણ્ય-સોમનાથ અને દ્વારકા-શિવરાજપુર બીચને વિકસાવવા માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે `૮ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પર્યટન સ્થળો તેમજ તેની આજુબાજુના સમગ્ર વિસ્તારનો સંકલિત અને આયોજનબદ્ધ રીતે વિકાસ કરવામાં આવશે. વધુમાં, રાજ્યમાં ધાર્મિક પ્રવાસન, હેરિટેજ, એડવેન્ચર અને ઈકો-ટુરિઝમને ઉત્તેજન આપવા વધારાના અંદાજે `૧૦ હજાર કરોડના ખર્ચે વિકાસ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ભારતીય સંસ્કૃતિના મહાનાયક અને કરોડો લોકોની આસ્થાના પ્રતિક છે. દ્વારકા પુરાતન ભારતની મોક્ષદાયિની સાત નગરીઓમાં સ્થાન ધરાવે છે અને ચારધામ પૈકીનું એક ધામ છે. દ્વારકાધીશ મંદિર અને પરિસરનો સંપૂર્ણ વિકાસ કરવા યાત્રાધામ કોરિડોર બનાવી દ્વારકાનગરીના મૂળ વૈભવને પુન:સ્થાપિત કરવાનો સરકારે સંકલ્પ કર્યો છે.

ગુજરાતમાં આવેલ ભારતના સૌપ્રથમ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી(ગિફ્ટ સિટી) માટે વિશ્વકક્ષાની સવલતો પૂરી પાડવા અમે સંકલ્પબદ્ધ છીએ. કેન્દ્ર સરકાર દ્વારા ગિફટ સિટીના વિકાસ માટે સ્વાયત્ત ઈન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી ઊભી કરી આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવહારો વધારવા માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવેલ છે. ગિફ્ટસિટી ખાતે એશિયન ડેવલપમેન્ટ બેંકની લોન સહિત નાણાકીય ભંડોળ પૂરું પાડી "ફિનટેક હબ"નું નિર્માણ કરવામાં આવશે.

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

અંદાજપત્રની રજૂઆત

યુવાનોને ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં વધુ સારી રોજગારીની તકો મળે એ માટે કૌશલ્ય વિકાસના અનેક આયામો શરૂ કરવામાં આવેલ છે. જુદા જુદા પ્રકારના નિર્માણ કાર્ય સાથે સંકળાયેલ કારીગરો (વિશ્વકર્માઓ)નેવિવિધ પ્રોત્સાહનો આપી સ્વરોજગારીની તકો ઊભી કરવાનું સરકારે નક્કી કરેલ છે. ભવિષ્યના ઔદ્યોગિક વિકાસ અને ઈન્ડસ્ટ્રી-4.0 સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ મુજબ નવતર ટેકનોલોજીના કોર્સિસ શરૂ કરવામાં આવશે. હાલના ITIના નેટવર્ક સાથે મેગા ટેકનિકલ એન્ડ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર તેમજ આધુનિક ટેકનોલોજી આધારિત મેગા ITIનું નિર્માણ કરવામાં આવશે. જુદા જુદા વિસ્તારોની ઔદ્યોગિક જરૂરિયાત પ્રમાણે કલસ્ટર ITI યોજનાનું આયોજન છે. ઇનોવેશન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણ સંસ્થાઓથી માંડી ઔદ્યોગિક સ્તરે જુદી જુદી યોજનાઓ હાથ ધરેલ છે.

આર્થિક વિકાસ અને રોજગારીની ઉત્તરોત્તર વિશેષ તકોના નિર્માણના આ ચોથા સ્તંભ થકી જનસામાન્યના જીવનસ્તરને ઊંચું લઇ જવા અમે કટિબદ્ધ છીએ. જેના માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે **`૨ લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય રદ કરી માનનીય નાણામંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનું કામકાજ ચાલુ રાખવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સંમત છીએ.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય રદ કરી માનનીય મંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનું કામકામ ચાલુ રાખવામાં આવે છે.

**અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

શ્રી કનુભાઇ મો. દેસાઇઃ(નાણામંત્રીશ્રી)(ક્રમશઃ)

**પંચમ સ્તંભ : ગ્રીનગ્રોથ માટે આગામી પાંચ વર્ષમાં `૨ લાખ કરોડનો ખર્ચ.**

માનનીય વડાપ્રધાનશ્રીએ COP-26ના ગ્લાસ્ગો ખાતે યોજાયેલ સંમેલનમાં આબોહવા પરિવર્તન, પરંપરાગત ઊર્જા સ્ત્રોતોમાં સતત ઘટાડો અને પ્રદૂષણના કારણે ઉત્પન્નથતાં પડકારોને અવસરમાં ફેરવી વિકાસના નવા આયામો સ્થાપિત કરવા પર ભાર મૂકેલ છે. તેઓએ આ માટે ગ્રીન ઊર્જા સ્ત્રોતોનો ઉત્તરોત્તર ઉપયોગ વધારી વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન નેટ-ઝીરો કરવા માટે દેશના સંકલ્પની જાહેરાત કરી હતી.

વૈશ્વિક કક્ષાએ ઉદભવેલ કાર્બન આધારિત ઊર્જા સ્ત્રોતોની અનિશ્ચિતતાને કારણે ભવિષ્યમાં ઊર્જા સંરક્ષણ માટે રિન્યુએબલ ઊર્જા સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ અનિવાર્ય બન્યો છે. સોલાર, વિન્ડ, હાઇડલ જેવા ગ્રીન એનર્જીના ક્ષેત્રોમાં નીતિ આધારિત વિકાસ કરી ગુજરાત આ ક્ષેત્રમાં અગ્રગણ્ય રાજ્ય બન્યું છે. ગ્રીન હાઇડ્રોજન જેવા નવતર ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરી રાજ્યને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા અમારી સરકાર તત્પર છે.

પ્રકૃતિ પ્રત્યે સંવેદના કેળવવા અને તેને અનુકૂળ જીવનશૈલી માટે જન સામાન્યને પ્રેરિત કરવા લાઇફ સ્ટાઇલ ફોર એન્વાર્યમેન્ટ (મિશન LiFE)ને સમાજજીવનનો અગત્યનો ભાગ બનાવવાની અમારી નેમ છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૧ના રિપોર્ટ મુજબ રાજ્યમાં ફોરેસ્ટ કવરમાં ૬૯ ચોરસ કિલોમીટરનો વધારો નોંધાયેલ છે, જેને આગળ વધારવા અમે પ્રયત્નશીલ છીએ.

પાણીના દરેક ટીપાનો મહત્તમ ઉપયોગ કરવા **"પર ડ્રોપ મોર ક્રોપ"**ના સિદ્ધાંતને અનુસરી ગુજરાતે સૂક્ષ્મ સિંચાઇના ક્ષેત્રે નવતર પહેલ કરી હતી. ભૂગર્ભ જળ હોય કે પછી લિફ્ટ ઇરિગેશન દ્વારા અપાતું પાણી, સૂક્ષ્મ સિંચાઇ ગુજરાતના કૃષિતંત્રનો મૂળમંત્ર બને તે માટે આગામી વર્ષે આ યોજના માટેની જોગવાઇમાં ચાર ગણો વધારો કરવાની હું જાહેરાત કરું છું.

જૂના વાહનો, કચરો, બિલ્ડિંગ મટિરિયલ વગેરેનો યોગ્ય નિકાલ અને પુનઃવપરાશ કરીને સરક્યુલર અર્થવ્યવસ્થાના રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ મૉડેલનો અમારી સરકાર અમલ કરશે. જૂના અને પ્રદૂષણ કરનાર વાહનોને સ્ક્રેપિંગ પોલિસી અંતર્ગત નિકાલ કરવામાં આવશે. પાણીના કાર્યક્ષમ ઉપયોગને પ્રોત્સાહન આપવા શહેરી ક્ષેત્ર તેમજ ઔદ્યોગિક ક્ષેત્રમાં પાણીના વપરાશનો કરકસરપૂર્ણ ઉપયોગ કરવા માટે પાણીના ઉપયોગનું ઓડિટ કરવામાં આવશે. પાણીના પુનઃ ઉપયોગની નીતિ અંતર્ગત રિસાયકલ પાણીના ઉપયોગને પ્રોત્સાહન આપવા નવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અંદાજપત્રની રજૂઆત

ઊર્જાના વપરાશની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે. સરકારી કામકાજમાં કાગળનો કરકસરભર્યો ઉપયોગ અને ઈ-સરકારના અમલીકરણ દ્વારા કાગળના વપરાશમાં ૨૫% ઘટાડો કરવામાં આવશે.

ગ્રીનગ્રોથના અમારા સંકલ્પને પરિપૂર્ણ કરવા ઓછા વ્યાજદરના આંતરરાષ્ટ્રીય અને મલ્ટીલેટરલ ભંડોળ તથા સહાય તેમજ નિષ્ણાતોની સેવા મેળવવાનું આયોજન છે. પર્યાવરણ અને વિકાસની સમતુલા જાળવી ગ્રીનગ્રોથની વ્યુહરચના અમારો પાંચમો સ્તંભ છે. જેના માટે આગામી પાંચ વર્ષમાં અંદાજે **`૨ લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે.

અમારી વિકાસની પરિકલ્પનાના પંચ સ્તંભ થકી આગામી પાંચ વર્ષમાં ગુજરાતનું સકલ ઘરેલુ ઉત્પાદન(GSDP) **`૪૨ લાખ કરોડ** ઉપરાંત કરવાનું લક્ષ્ય છે.

આવનારી પેઢીના ભવિષ્ય માટે વિવેકપૂર્ણ અને ગુણવત્તાયુકત રોકાણ સ્વરૂપે અમે અંદાજપત્રીય જોગવાઈઓમાં **૨૩.૩૮%** નો નોંધપાત્ર વધારો લઈને આવ્યા છીએ. આ અંદાજપત્રમાં મૂડીખર્ચમાં ધરખમ વધારો કરી **`૭૨ હજાર ૫૦૯ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે જે ગત વર્ષ કરતા **૯૧%** વધુ છે. મૂડી ખર્ચમાં આ વધારો ગુજરાતની વિકાસયાત્રામાં એક સીમાચિહ્ન બની રહેશે તેવી મને ખાતરી છે.

અમૃતકાળના આગામી ૨૫ વર્ષ માટે રાજ્યના વિકાસની દિશા નિર્ધારિત કરતું અને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થતું વર્ષ ૨૦૨૩-૨૪નું **`૩ લાખ ૧ હજાર ૨૨ કરોડ**નું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂ કરું છું.

.............................................

**: પ્રથમ સ્તંભ:**

**ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે પાયાની સુવિધાઓ સહિત સામાજિક સુરક્ષા**

**સામાજિક**
**ન્યાય અને અધિ કારીતા**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ₹૫૫૮૦ કરોડની જોગવાઇ**

અનુસૂચિત જાતિ, વિચરતી અને વિમુક્ત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ લઘુમતીઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થકી સામાજિક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે સરકાર સંવેદનશીલ અને કટિબદ્ધ છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લક્ષિત લાભાર્થી સુધી પહોચાડવા પણ સરકાર પ્રતિબદ્ધ છે. આવી યોજનાઓ હેઠળ પાત્રતા ધરાવતી વ્યક્તિઓ સરળતાથી અરજી કરી શકે તે માટે આ યોજનાઓનું ઇ-ગ્રામ યોજના સાથે જોડાણ કરવામાં આવશે.

**સામાજિક ઉત્કર્ષ**

- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અને રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા **`૧૩૪૦ કરોડ**ની જોગવાઇ.

- રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા માટે **`૫૮ કરોડ**ની જોગવાઇ.

- બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનો દિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના હેઠળ અંદાજે ૫૦ હજાર લાભાર્થીઓ માટે `**૬૦ કરોડ**ની જોગવાઇ.

- દિવ્યાંગજનોને સાધન સહાય તથા એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવા `**૫૨ કરોડ**ની જોગવાઈ.

- પાલક માતા પિતા યોજના હેઠળ નિરાધાર બાળકો માટે માસિક સહાય આપવા માટે `**૭૩ કરોડ**ની જોગવાઇ

- પાલક માતા-પિતા અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ લેતી દીકરીઓના લગ્ન સમયે `૨ લાખની સહાય આપવા માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.

- સંકટમોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યકિતના દુ:ખદ અવસાનથી આવી પડેલ મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ માટે ડૉ.સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં `૨.૫ લાખ સહાય આપવા માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય માટે `**૫૪ કરોડ**ની જોગવાઇ.

- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ `**૭ કરોડ**ની જોગવાઇ.

- સાતફેરા સમુહ લગ્ન સહાય યોજના હેઠળ `**૧૦ કરોડ**ની જોગવાઇ.

**શૈક્ષણિકઉત્કર્ષ**

- પી.એમ. યશસ્વી પ્રિ.મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અંદાજે ૧૦ લાખ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને `૪ હજાર થી `૨૦ હજાર સુધીની શિષ્યવૃત્તિ આપવા માટે `**૫૬૨ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અંદાજે ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે `**૩૭૬ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતી અને આર્થિક રીતે પછાત વર્ગનાપ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે ૩૭ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે `**૩૩૪ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ ૧૦ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે `**૩૨૪ કરોડ**ની જોગવાઈ.

- અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના અંદાજે ૬૦૦ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા માટે `**૮૪ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે સહાય માટે `**૨૧ કરોડ**ની જોગવાઇ.

- ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૨ લાખ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાઇકલ આપવા સરસ્વતી સાધના યોજના અંતર્ગત `**૭૫ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિતજાતિ અને વિકસતીજાતિના મેડિકલ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સાધન ખરીદવા સહાય આપવા `**૨ કરોડ**ની જોગવાઇ.

- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિક્ષણના દરેક સ્તરે શિષ્યવૃત્તિ આપવા માટે `**૧ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતીજાતિના પી.એચ.ડી .જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સહાય આપવા `**૧ કરોડ**ની જોગવાઇ.

**આર્થિક ઉત્કર્ષ**

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુ માટે અને યુવાનોને સ્વરોજગારી માટે અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓ માટે`**૫૦૦ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ,વિકસતી જાતિ અને દિવ્યાંગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે સરકારે ૯ જેટલા ખાસ નિગમોની રચના કરી છે. જેના મારફત લાભાર્થીઓને લોન આપવા માટે `**૧૬૬ કરોડ**ની જોગવાઇ.

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે સાધનો પૂરાં પાડવાં `**૫૬ કરોડ**ની જોગવાઈ.

**અન્ય**

- આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ આવાસ યોજના માટે ` **૨૨૨ કરોડ**ની જોગવાઇ.

- છોટાઉદેપુર,મોરબી અને ગીર સોમનાથ જિલ્લામાં ડૉ.આંબેડકર ભવન બાંધવા માટે `**૫ કરોડ**ની જોગવાઈ.

- વિવિધ જિલ્લાઓમાં ચિલ્ડ્રન હોમ બનાવવા માટે `**૮ કરોડ**ની જોગવાઇ.

**આદિજાતિ**
**વિકાસ**

**આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૩૪૧૦ કરોડની જોગવાઇ**

અમારી સરકાર વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી વનબંધુઓના સામાજિક સશકિતકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે. વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ પરિવારોને પાયાની માળખાકિય સુવિધાઓ પૂરી પાડી તેઓના સર્વાંગી વિકાસ માટે સરકાર મક્કમપણે આગળ વધી રહી છે. ફૉરેસ્ટ રાઇટ્સ એકટ હેઠળ રાજ્યમાં અંદાજે એક લાખ જેટલા આદિજાતિ કુટુંબોને જમીનના અધિકારો આપવામાં આવેલ છે. આ કુટુંબોના સર્વાંગી વિકાસમાટે જમીન સુધારણા, કૃષિઇનપુટ સહાય, કૃષિ ઓજારો, પશુપાલન વગેરે માટે સહાય આપવામાં આવશે.

**શૈક્ષણિક ઉત્કર્ષ**

- આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને એકલવ્ય મૉડેલ રેસીડેન્શિયલ સ્કૂલો મળી કુલ ૮૩૮ જેટલી શાળાઓના અંદાજિત ૧.૫ લાખ વિદ્યાર્થીઓને સહાય માટે `**૬૬૭ કરોડની** જોગવાઈ.

- કુમાર-કન્યાનાસરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના ૭૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને સહાય માટે `**૨૪૫ કરોડ**ની જોગવાઈ.

- ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે `**૫૨૦ કરોડ**ની જોગવાઈ .

- પ્રિ-મેટ્રિકના અંદાજે ૧૪ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે ` **૧૬૭ કરોડની** જોગવાઈ.

- ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે ` **૧૧૭ કરોડ**ની જોગવાઈ.

- દૂધ સંજીવની યોજના અંતર્ગત કુલ ૫૨ (બાવન)આદિજાતિ તાલુકાના અંદાજે ૮ લાખ બાળકોને વિશિષ્ટ પોષણ માટે `**૧૪૪ કરોડ**ની જોગવાઈ.

- આદર્શ નિવાસી શાળા અને સરકારી છાત્રાલયના અદ્યતન સુવિધા વાળા બાંધકામ માટે `**૧૨૦ કરોડ**ની જોગવાઇ.

- કન્યા સાક્ષરતા નિવાસી શાળા (GLRS)માં ભણતી અંદાજે ૧૫ હજાર જેટલી વિદ્યાર્થિનીઓને રહેવા, જમવા અને શિક્ષણ માટે `**૪૦ કરોડ**ની જોગવાઇ.

- વિદ્યા સાધના યોજના હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરતી ૪૨ હજાર વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવા ` **૧૮ કરોડ**ની જોગવાઈ .

- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત ` **૨૩ કરોડ**ની જોગવાઇ.

- રાજપીપળા ખાતે આવેલ બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે ` **૧૦ કરોડની** જોગવાઈ .

**આર્થિક ઉત્કર્ષ**

- આદિજાતિ ખેડૂતોને મીની ટ્રેક્ટર, રોટાવેટર અને થ્રેશર જેવા આધુનિક કૃષિ યંત્રો આપવા માટે ` **૨૯ કરોડની** જોગવાઇ.

- ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ હેઠળ આદિજાતિ કુટુંબોને આર્થિક સહાય આપવા માટે ` **૬૦કરોડ**ની જોગવાઇ.

- સિંચાઇની સુવિધા વધારવા માટે સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ સાથે લિફ્ટ ઇરિગેશન યોજનાથી અંદાજે ૧૨ હજાર આદિજાતિ ખેડૂતોને લાભ આપવા માટે ` **૭૫ કરોડ**ની જોગવાઇ.

- સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આદિજાતિના ૧૫ હજાર જેટલા મહિલા પશુપાલકોને સહાય આપવા માટે ` **૩૪કરોડની** જોગવાઇ.

- કૃષિ વૈવિધ્યીકરણયોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૧ લાખ જેટલા ખેડૂતોને ઇનપુટ કિટસહાય માટે ` **૩૦ કરોડની** જોગવાઇ.

- માનવ ગરિમા યોજના હેઠળ લોકોને સ્વરોજગારીનો લાભ આપવા માટે ` **૧૫ કરોડની** જોગવાઈ .

- પર્યટનસ્થળોમાં પ્રવાસીઓને આદિજાતિ સંસ્કૃતિની અનુભૂતિ થાય, પ્રકૃતિનો સંગાથ મળે અને તે સાથે આદિજાતિ પરિવારોનો આર્થિક ઉત્કર્ષ થાય તે માટેની હોમ સ્ટે યોજના માટે ` **૯ કરોડ**ની જોગવાઇ.

**અન્ય**

- આદિમજુથો અને હળપતિઓ માટેની **મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના** અંતર્ગત આવાસ, રસ્તાઓ, વીજળી, આર્થિક ઉપાર્જન, આરોગ્ય વગેરે સગવડો માટે ` **૧૩૪ કરોડની** જોગવાઈ.

- અનુસૂચિત જનજાતિના લોકોને આપવામાં આવતી વ્યક્તિગત આવાસ સહાય યોજના માટે ` **૬૪કરોડની** જોગવાઇ.

- ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સિકલસેલ એનીમિયા જેવા રોગોથી ગ્રસ્ત વ્યકિતઓ માટે આર્થિક સહાય યોજના હેઠળ ` **૧૧ કરોડની** જોગવાઈ.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ₹ ૨૫૩૮ કરોડની જોગવાઇ**

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

અંદાજપત્રની રજૂઆત

રાજ્યના યુવાનો આર્થિક રીતે પગભર થઈ રોજગારીની ઉચ્ચ તકો મેળવે તે માટે તેમને કૌશલ્યબદ્ધ કરવા અમારી સરકાર કાર્યરત છે. ઔદ્યોગિક અને સેવાક્ષેત્રોમાં નવા નવા કૌશલ્યની જરૂરિયાત ઊભી થાય છે. આ કુશળ માનવ બળની જરૂરિયાત પૂરી પાડવા કૌશલ્ય વિકાસના નવા ક્ષેત્રોનો વિકાસ કરી રોજગારીની તકો પૂરી પાડવા સરકાર સતત પ્રયત્નશીલ છે. શ્રમિકોની સુખાકારી માટે સરકાર કાયદાકીય રીતે અને કલ્યાણકારી યોજનાઓ થકી પગલાં લઈ રહી છે.

- બાંધકામ શ્રમિકોને કામના સ્થળથી નજીક રહેઠાણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા **શ્રમિક બસેરા** સ્થાપવા માટે **` ૫૦૦ કરોડ**ની જોગવાઇ.

- ITIના નવા બાંધકામ તથા સુદૃઢીકરણ માટે **` ૨૩૯ કરોડ**ની જોગવાઇ.

- અદ્યતન કુશળતા પ્રદાન કરવાપાંચ ITIને મેગા ITIમાં રૂપાંતરિત કરવા માટે **` ૧૫૫ કરોડ**ની જોગવાઇ.

- શ્રમિકોને ` ૫ ના નજીવા દરે ભોજન ઉપલબ્ધ કરાવવા માટેની **શ્રમિક અન્નપૂર્ણા યોજના** અંતર્ગત **` ૮૫ કરોડ**ની જોગવાઇ.

- કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટીના વિકાસ તેમજ યુવાનોને ડ્રોન તાલીમ જેવા ઉભરતા કૌશલ્યના વિવિધ અભ્યાસક્રમોમાં તાલીમ માટે **` ૪૮ કરોડ**નું આયોજન.

- વિવિધ એકમો ખાતે એપ્રેન્ટિસને તાલીમ લેવા માટે પરિવહન સુવિધા પૂરી પાડવા માટે **` ૩૬ કરોડ**ની જોગવાઈ.

- GIDC વિસ્તારમાં સ્થાનિક યુવાધન માટે લોકલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એક્સેલન્સ (LIVE) યોજના માટે **` ૨૫ કરોડ**ની જોગવાઇ.

- મહિલા એપ્રેન્ટિસને પ્રોત્સાહન આપવા વધારાના સ્ટાઇપેન્ડ માટે **` ૧૬ કરોડ**ની જોગવાઇ.

- ગુજરાત એપેક્સ ઈન્સ્ટિટ્યૂટને વિકસાવવા માટે **` ૧૧કરોડ**ની જોગવાઇ.

- ઔદ્યોગિક વિસ્તારની માંગ આધારિત ક્લસ્ટર બેઝ્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર માટે **` ૫ કરોડ**ની જોગવાઇ.

- ડ્રોન મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેનિંગ લેબોરેટરી (Drone MANTRA) દ્વારા ડ્રોન ટેકનોલોજીના અભ્યાસક્રમો અને સંશોધન માટે **` ૪ કરોડ**ની જોગવાઇ.

- શ્રમિકોનાં બાળકો માટે આંગણવાડી, ઘોડિયાઘર, તેમજ આરોગ્ય ચકાસણી કેન્દ્રની સ્થાપના માટે **` ૩ કરોડ**ની જોગવાઇ.

- મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે સેફ્ટી લેબની સ્થાપના માટે **` ૧ કરોડ**ની જોગવાઇ.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અંદાજપત્રની રજૂઆત
**:દ્વિતીય સ્તંભ :**
**માનવ સંસાધન વિકાસ**

**શિક્ષણ**

**શિક્ષણ વિભાગ માટે કુલ ₹૪૩,૬૫૧ કરોડની જોગવાઇ**

દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે. શિક્ષણના દરેક તબક્કે માળખાગત સગવડો સુદૃઢ કરવા, નવતર ટેકનોલોજીનો ઉપયોગ કરવા તેમજ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓના શિક્ષણકાળમાં વધારો કરવો એ વૈશ્વિક તકોનો વધારે સારી રીતે લાભ લઇ શકે તે માટે જરૂરી છે. બદલાતી ટેકનોલોજીના પરિવેશમાં અનુકૂલન સાધી શકે તે માટે શિક્ષણ સંસ્થાઓમાં જરૂરી સગવડો આપી નવતર અભ્યાસક્રમો શરૂ કરવા સરકારે આયોજન કરેલ છે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત માળખાકિય અને અન્ય સુવિધાઓ માટે ` **૩૧૦૯ કરોડ**ની જોગવાઇ.

- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૬થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ વિનામૂલ્યે મળે તે માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય સુવિધા ધરાવતી ૪૦૦ જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે **કુલ ` ૬૪ કરોડ**ની જોગવાઈ.

- સૈનિકશાળાઓ સમકક્ષ ૧૦ રક્ષાશક્તિ સ્કૂલ્સ શરૂ કરવા માટે **`૫ કરોડ**ની જોગવાઇ.

- સરકારી શાળાઓની માળખાગત સુવિધાઓની જાળવણી માટે **`૧૦૯ કરોડ**ની જોગવાઈ.

- અંદાજે ૬ હજાર મોટી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની વહીવટી કામગીરીનું ભારણ ઓછું કરવા તેમજ શાળાઓમાં આવેલ માળખાકિય સગવડોનું સુવ્યવસ્થિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે શાળા સહાયકો ઉપલબ્ધ કરાવવા માટે **`૮૭ કરોડ**ની જોગવાઈ.

- ધોરણ ૧થી ૮ માં RTE યોજના હેઠળ અભ્યાસ કરેલ હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૮ પછી પણ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકેતે માટે ` ૨૦ હજારનું શાળા વાઉચર આપી સહાય કરવા **` ૫૦ કરોડ**ની જોગવાઈ.

- સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને સમયસર અને કેશલેસ તબીબી સુવિધા મળી રહે તે માટે હેલ્થ કાર્ડ આપવાનું આયોજન.

**ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ**

- ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અને સારીગુણવત્તાના સંશોધનને પ્રોત્સાહન આપતી શોધ યોજના સહિતની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ માટે `**૩૯૦ કરોડની** જોગવાઈ.

- ગુણવત્તાયુક્ત શિક્ષણ, રિસર્ચ અને ઇનોવેશન, કૌશલ્ય વિકાસ, ટીચર્સ ટ્રેનિંગ તથા વિવિધ અભ્યાસક્રમોના ગુજરાતીભાષાંતર તેમજ તેને લગતી પ્રવૃત્તિઓ અને ટેક્નોલોજી આધારિત ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા વિવિધ સવલતો પૂરી પાડવા **`૪૦૧ કરોડ**ની જોગવાઇ.

- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના તાબા હેઠળની સંસ્થાઓમાં ચાલુ બાંધકામ તેમજ મરામતનાં ચાલુકામો તથા આઇ.ટી. ઉપકરણો માટે **`૧૬૯ કરોડ**ની જોગવાઈ.

- નવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવા તેમજ હયાત સંસ્થાઓમાં માળખાકિય સુવિધાઓ અને આઈ.ટી .ઉપકરણો ઉપલબ્ધ કરાવવા **`૧૫૦કરોડ**ની જોગવાઈ.

- યુવાનોની સ્ટાર્ટ-અપ સહિતની સર્જનાત્મક ક્ષમતામાં વૃદ્ધિ માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન પોલિસી-૨.૦ અને યુવાનોના આઇડિયાને માઇન્ડ-ટુ-માર્કેટ પહોંચાડવા ઈનોવેશન હબ (i-Hub)ખાતે પ્રોટોટાઇપિંગ ડેવલપમેન્ટ સેન્ટર માટે **`૭૦ કરોડ**ની જોગવાઈ.

- રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં વિવિધ માળખાકિય સુવિધાઓના સુદૃઢીકરણ માટે ` **૬૪ કરોડ**ની જોગવાઈ.

- ઇમર્જિંગ ટેક્નોલોજીના ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoEs)ની સ્થાપના માટે **`૪૦ કરોડ**ની જોગવાઈ.

- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા નાગરિકો તરફથી કોલેજો-યુનિવર્સિટીમાં માળખાકિય સુવિધાઓ, આઈ.ટી.ના ઉપકરણો વગેરે માટે લોકભાગીદારીના ધોરણે સહાય પૂરી પાડવા ` **૩૫ કરોડ**ની જોગવાઈ.

- ઉચ્ચશિક્ષણમાંસર્વગ્રાહીસમિક્ષાકેન્દ્રનો પ્રારંભ કરવા **`૩૦ કરોડ**ની જોગવાઇ.

- IITRAM-અમદાવાદની વિવિધ જરૂરિયાત અન્વયે સહાયક અનુદાન પેટે ` **૧૮ કરોડ**ની જોગવાઈ.

- સાયબર-ક્રાઇમ, સાયબર-ફ્રોડઅને મોબાઇલ એડિક્શન જેવી અનિચ્છનીય પ્રવૃત્તિઓથી યુવાનોને બચાવવા અને સાયબર અવેરનેસ થકી તેઓની સર્જનાત્મક ક્ષમતામાં વૃદ્ધિ થાય તે હેતુથી કોલેજોમાં કવચ( સાયબર-સિક્યોરિટી અવેરનેસ એન્ડ ક્રિએટિવ હેન્ડહોલ્ડિ) કેન્દ્રની સ્થાપના માટે ` **૬ કરોડ**ની જોગવાઇ.

- સર્વસમાવેશક શિક્ષણને ઉત્તેજન આપવાના હેતુસર દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા**`૫ કરોડ**ની જોગવાઈ.

- STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનીયરિંગ એન્ડ મેથેમેટિક્સ ) તેમજ વ્યવસાયિક શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે SWAYAM સર્ટિફિકેટ સ્કોલરશિપ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ઓનલાઈન કોર્સિસમાં ભાગ લેવાના પ્રોત્સાહન હેતુ ` **૫ કરોડ**ની જોગવાઈ.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અંદાજપત્રની રજૂઆત

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ `૧૫,૧૮૨ કરોડની જોગવાઈ**

રાજ્યનાતમામ વિસ્તારો, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારના લોકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથોસાથ રેફરલ અને સુપર સ્પેશિયાલિટી સુધીની આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. દર્દીઓને દવાઓ સુલભ રીતે ઉપલબ્ધ થાય તેમજ જરૂરી નિદાન સેવાઓનો વ્યાપ ગ્રામ્યસ્તર સુધી વધે તે માટે સરકારે સઘન આયોજન કર્યુ છે. માતૃ અને બાળકલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી આ સેવાઓ વધુ સઘન અને સુલભ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરી આરોગ્ય સુનિશ્ચિત કરવા માળખાકિય સેવાઓનું સુનિયોજિત રીતે વિસ્તરણ કરવામાં આવશે. કેન્સર, ડાયાબિટીસ અને હાયપર ટેન્શન જેવા બિનચેપી રોગોનું નિદાન અને સારવાર માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

**જાહેર આરોગ્ય, પરિવાર કલ્યાણ**

- જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાઓ માટે **`૯૨૬૩ કરોડ**ની જોગવાઇ.

- આરોગ્ય સેવાઓ અને બિન સંચારી રોગોના અટકાયત અને નિયંત્રણ માટે નેશનલ હેલ્થ મિશન હેઠળ ` **૧૭૪૫ કરોડ**નીજોગવાઈ.

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મફત તબીબી સારવાર આપવા `**૧૬૦૦ કરોડ**ની જોગવાઇ**.**

- ૧૫માં નાણાપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકિય સગવડો અને નિદાન સુવિધા વધારવા માટે ` **૬૪૩ કરોડ**ની જોગવાઇ**.**

- આરોગ્ય સુવિધાઓના સુદ્ઢીકરણ તેમજ બિનચેપી રોગો અનેબીજી જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ રાજ્ય સરકાર દ્વારા વર્લ્ડ બેંકની સહાયથી `૪૨૦૦ કરોડના ખર્ચે શરૂ કરાયેલ **શ્રેષ્ઠ ગુજરાત** પ્રોજેક્ટ અંતર્ગત આગામી વર્ષ માટે `**૩૫૦ કરોડ**ની જોગવાઈ.

- કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાવગેરે મહિલાલક્ષી યોજનાઓ માટે `**૩૨૪ કરોડ**ની જોગવાઈ.

- શહેરી આરોગ્યની સેવાઓ વધારે સુદૃઢ કરવા ` **૨૫૦ કરોડ**ની જોગવાઈ**.**

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરના નવિન મકાન બાંધકામ માટે `**૭૧ કરોડ**ની જોગવાઈ**.**

- નવજાત શિશુઓને જરૂરી તમામ આરોગ્ય વિષયક સેવાઓ આપવા માટે કાર્યરત SNCUની સંખ્યામાં ૫૦ નો વધારો કરવામાં આવશે, જે માટે ` **૨૪ કરોડ**નીજોગવાઇ.

- ૫૦ અંતરિયાળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓ અને બાળકોના નિષ્ણાત ડોકટરની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ` **૧૨ કરોડ**નીજોગવાઇ.

**તબીબી સેવાઓ**

- તબીબી સેવાઓ માટે કુલ `**૧૨૭૮ કરોડ**ની જોગવાઇ.
- પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન યોજના માટે `**૨૭૦ કરોડ**ની જોગવાઈ.
- જિલ્લા કક્ષાની અને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોના બાંધકામ તથા હયાત હોસ્પિટલોના સુદૃઢીકરણ માટે ` **૫૭ કરોડની** જોગવાઈ.
- એમ્બ્યુલન્સ સેવાઓની ક્ષમતામાં વધારો કરવા રાજ્યમાં નવી ૧૯૮ એમ્બ્યુલન્સ વસાવવા માટે ` **૫૫ કરોડ**ની જોગવાઇ.

**તબીબી શિક્ષણ અને સંશોધન**

- મેડિકલ કોલેજમાં શિક્ષણ અને આરોગ્ય સગવડો માટે `**૩૯૯૭ કરોડ**ની જોગવાઇ.
- સરકારી મેડિકલ કોલેજો તથા તેને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલોમાં હયાત સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે `**૩૫૫ કરોડની** જોગવાઈ.
- અમદાવાદ, ભાવનગર, જામનગર અને રાજકોટ મેડિકલ કોલેજ ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં બેઠકોનો વધારો થતા માળખાકિય સુવિધાઓ ઊભી કરવા તથા તબીબી સારવારની સેવાઓનો વ્યાપ વધારવા માટે ` **૧૪૫ કરોડની** જોગવાઈ.
- રાજ્યમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ થકી નવી મેડિકલ કોલેજો સ્થાપવા તેમજ ખાનગી હોસ્પિટલોને સાધન સહાય માટે ` **૧૩૦ કરોડની** જોગવાઈ.
- સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તેમજ અન્ય મેડિકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલોમાં આધુનિક સાધનસામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે ` **૧૧૫ કરોડ**ની જોગવાઈ.
- મેડિકલ કોલેજોના વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે ` **૬૫ કરોડની** જોગવાઈ.

- અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ ખાતે નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવશે.

- નર્સિંગ શિક્ષણ સઘન બનાવી નર્સોની ઉપલબ્ધિ વધારવા માટે ૫ નવી નર્સિંગ કોલેજોની સ્થાપના કરવામાં આવશે.

**આયુષ**

- આયુષની વિવિધ યોજના માટે ` **૩૭૭ કરોડ**ની જોગવાઇ.

- જરૂરી મહેકમ અને સાધન સામગ્રી માટે `**૧૨ કરોડ**ની જોગવાઇ.

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર**

- ખોરાક અને દવાઓના નમૂનાઓની ચકાસણીની કામગીરી સઘન બનાવવા માટે સુરત અને રાજકોટ ખાતે નવી બે પ્રયોગશાળાઓ માટે ` **૮ કરોડ**ની જોગવાઇ.

**મહિલા અને
બાળ વિકાસ**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹ ૬૦૬૪ કરોડની જોગવાઇ**

"સશક્ત સમાજના નિર્માણ માટે સશકત મહિલા"ના મંત્રને વરેલી અમારી સરકાર મહિલાઓની ગરિમા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે કટિબદ્ધ છે. અમારી સરકારોના પ્રયત્નોથી બેટી બચાવો જન અભિયાનને સફળતા હાંસલ થયેલ છે. જન્મ સમયનો પ્રતિ હજાર પુરૂષોએ સ્ત્રીઓનો જન્મદર વર્ષ ૨૦૦૧માં ૮૦૨ હતો જે વર્ષ ૨૦૨૦માં વધીને ૯૬૫ નોંધાયો છે. બાળકોના આરોગ્ય, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની કાળજી લઇ ભવિષ્યની પેઢીના નિર્માણ દ્વારા વિકસિત ગુજરાતનો સંકલ્પ અમારી સરકારે કર્યો છે.

- વિધવા બહેનોને આર્થિક રીતે મદદ કરી તેમને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનામાં કોઇપણ પાત્રતા ધરાવતી બહેન સહાયથી વંચિત ન રહે તે માટે સેચ્યુરેશન એપ્રોચથી કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. આ યોજના માટે `**૧૮૯૭ કરોડ**ની જોગવાઈ.

- પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે ` **૧૪૫૨ કરોડ**ની જોગવાઇ.

- માતા યશોદા તરીકે ફરજ બજાવનાર આંગણવાડીની બહેનોના માનદ વેતન અને અન્ય સવલતો માટે ` **૭૫૪ કરોડ**ની જોગવાઇ.

- ૧૫થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂર્ણા યોજના અંતર્ગત પોષક આહાર પૂરો પાડવા માટે ` **૩૯૯ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ અંદાજિત ૧૩ લાખ બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને પેશ્ચ્યુરાઈઝ્ડ ફ્લેવર્ડ દૂધ આપવા માટે ` **૧૨૬ કરોડ**ની જોગવાઇ .

- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના (MMY ) હેઠળ સગર્ભામાતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર સિંગતેલ આપવામાં આવે છે.જેના માટે` **૨૧૪ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારમાં સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને સુદૃઢ કરવા પોષણ સુધા યોજના અમલી કરી છે. જે માટે ` **૧૩૩ કરોડ**ની જોગવાઇ.

- આંગણવાડીકેન્દ્રોના નિર્માણ, અપગ્રેડેશન અને સુવિધાઓ વધારવામાટે ` **૨૬૮ કરોડ**ની જોગવાઇ.

- વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે ` **૧૫૦ કરોડ**ની જોગવાઈ.

- બાળકોને આંગણવાડીમાં ગુણવત્તાપૂર્ણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે જરૂરી સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવા તેમજ ડિજિટલ લર્નિંગ મટિરીયલ પૂરું પાડવા ` **૪ કરોડ**ની જોગવાઇ .

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ ₹ ૨૧૬૫ કરોડની જોગવાઇ**

રાજ્યમાં પાત્રતા ધરાવતાં કુટુંબોની અન્ન સલામતી સુનિશ્ચિત કરી તેમને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્યસામગ્રી પૂરી પાડવા સરકાર પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા NFSA કુટુંબોને છેલ્લા ત્રણ વર્ષમાં વિનામૂલ્યે અનાજ પૂરું પાડી કોરોનાના કપરા કાળમાં સરકાર ગરીબો માટે મદદરૂપ થયેલ છે. અન્ન સુરક્ષા, પોષણ અનેનાગરિક પુરવઠાની યોજનાઓના સુદૃઢ અમલીકરણ માટે ગત વર્ષે જોગવાઇમાં ૨૪ % નો વધારો સૂચવેલ હતો. આગામી વર્ષ માટે વિભાગની જોગવાઇમા ૪૨% જેટલો ધરખમ વધારો હું સૂચવું છું.

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ૭૧ લાખ રેશનકાર્ડ ધારક NFSA કુટુંબોને અન્ન વિતરણ કરવા `**૬૧૭ કરોડ**ની જોગવાઈ.

- ઉજ્જવલા યોજના અંતર્ગત સમાવેશ કરી રાજ્યના અંદાજે ૩૯ લાખ કુટુંબોને રાંધણગેસ સિલિન્ડરનું વિતરણ કરવામાં આવેલ છે. આ પરિવારોને દર વર્ષે બે રાંધણગેસ સિલિન્ડર વિના મૂલ્યે રિફિલિંગ કરી આપવા `**૫૦૦ કરોડ**ની જોગવાઈ.

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત NFSAકુટુંબોને તુવેર દાળ રાહત દરે આપવા માટે `**૨૭૭ કરોડ**ની જોગવાઈ.

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ખાદ્યતેલનું વિતરણ કરવા `**૧૨૮ કરોડ**ની જોગવાઇ.

- NFSA કુટુંબોના આહારમાં પ્રોટીનની માત્રા વધારવા માટે કુટુંબદીઠ દર માસે ૧ કિ.ગ્રા. ચણા વિતરણ રાહતદરે રાજ્યના ૭૫ તાલુકાઓમાં કરવામાં આવે છે. આ કાર્યક્રમનો વ્યાપ વધારી હવે સંપૂર્ણ રાજ્યમાં અમલ કરવામાં આવશે. જે અંતર્ગત **`૮૭ કરોડ**ની જોગવાઇ.

- સૂક્ષ્મ પોષક તત્વોયુકત ડબલ ફોર્ટીફાઇડ મીઠા (આયર્ન + આયોડીનયુકત)ના વિતરણ માટે **`૬૮ કરોડ**ની જોગવાઇ.

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અન્ન વિતરણને વધુ પોષણલક્ષી બનાવવા હાલમાં ૧૪ જિલ્લામાં ફોર્ટીફાઇડ ચોખા(ફોલીક એસીડ +આયર્ન +વિટામીન બી-૧૨ યુકત)નું વિતરણ કરવામાં આવે છે, જેનો વ્યાપ વધારી હવે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફોર્ટીફાઇડ ચોખાનું વિતરણ કરવામાં આવશે. જેના માટે **`૬૦ કરોડ**ની જોગવાઇ.

- શ્રીઅન્ન(મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા તેમજ આહારમાં તેનો સમાવેશ કરવા બાજરી,જુવાર,રાગી(નાગલી) વગેરેની જાહેર વિતરણ વ્યવસ્થાથી વિતરણ કરવામાં આવશે. આ હેતુસર જરૂરી જથ્થાંની ખરીદી ખેડૂતો પાસેથી કરવા પ્રોત્સાહન આપવા માટે **`૩૦ કરોડ**ની જોગવાઇ.

**રમત ગમત
યુવા અને
સાંસ્કૃતિક
પ્રવૃત્તિઓ**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે કુલ ₹૫૬૮ કરોડની જોગવાઇ**

ગુજરાત સમૃદ્ધ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો ધરાવે છે. આ વૈવિધ્યપૂર્ણ વારસાનું સંરક્ષણ અને સંવર્ધનકરવા તેમજ નવી પેઢીને સંસ્કૃતિ અને કલા પરત્વે જાગૃત કરવા સરકાર સતત પ્રયાસરત છે.

**રમતગમત ક્ષેત્રે `૩૨૦ કરોડની જોગવાઇ.**

ખેલમહાકુંભના માધ્યમથી છેલ્લા એક દાયકામાં ગુજરાતના યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા સરકાર દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહેલ છે. તેના ભાગરૂપે

- દરેક જિલ્લામાં સેચ્યુરેશન એપ્રોચથી એક જિલ્લા ક્ષાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા દરેક જિલ્લાના એક તાલુકામાં તાલુકા ક્ષાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું આયોજન.

- પસંદ કરેલ એકલવ્ય મોડલ રેસિડેન્સિઅલ સ્કૂલ (EMRS),ગર્લ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ (GLRS) અને રક્ષા શક્તિ વિદ્યાલયમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) શરૂ કરવાનું આયોજન.

- ૫૦૦ નવી શાળાઓને In-Schoolયોજનાનો લાભ આપવાનું આયોજન.

- પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ દ્વારા વ્યુહાત્મક આયોજન અને વ્યવસ્થાપન .

- રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય ટુર્નામેન્ટસ અને ટ્રેનિંગ કેમ્પ સાથે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં માળખાકિય સુવિધાઓ વધુ સુદૃઢ કરવા માટેનું આયોજન છે.

**પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે `૫૫ કરોડની જોગવાઇ**

- વડનગર ખાતે પુરાતાત્વિક અનુભૂતિ સંગ્રહાલય, તાના-રીરી સંગીત સંગ્રહાલય, એકતાનગર ખાતે ગુજરાત વંદના તેમજ દેશી રજવાડાંઓનું સંગ્રહાલય, દ્વારિકા ખાતે ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્ર આધારિત દ્વારિકા સંગ્રહાલય, સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જીવન આધારિત સંગ્રહાલય, પાટણ ખાતે સંગ્રહાલય બનાવવાની કામગીરીનું આયોજન.

- સંગ્રહાલયના વિવિધ પ્રભાગોનું ઓનલાઇન નિદર્શન થઇ શકે તે હેતુસર ઓનલાઇન વર્ચ્યુઅલ ટુર બનાવી વેબસાઇટ પર મૂકવાનું આયોજન.

- રાજ્ય રક્ષિત સ્મારકોના સંરક્ષણની કામગીરીનું તબક્કાવાર આયોજન છે.

**ગ્રંથાલયઅને અભિલેખાગારો માટે `૯૬ કરોડની જોગવાઇ.**

- સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સરકારી ગ્રંથાલયોનો મહત્તમ ઉપયોગ કરે અને રાજ્યમાં વધુમાં વધુ લોકોને સરકારી ગ્રંથાલયોનો લાભ મળે તે માટેનું આયોજન.

- ગુજરાત સાહિત્યઅકાદમી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રોત્સાહન આપવા માટેનું આયોજન છે.

- જૂના દસ્તાવેજોની યોગ્ય જાળવણી અને માવજત માટેનું આયોજન છે.

**: તૃતીય સ્તંભ :**

**વિશ્વકક્ષાની આંતરમાળખાકિય સવલતો ઊભી કરવા માટે**

**પંચાયત**
**અને**
**ગ્રામ વિકાસ**
**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ₹૧૦,૭૪૩ કરોડની જોગવાઇ**

ગામના છેવાડાના માનવીને પણ તમામ સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે રાજ્ય સરકારની નેમ છે. ત્રિસ્તરીય પંચાયતી માળખાને સુદૃઢ બનાવવાગ્રામ, તાલુકા, જિલ્લા પંચાયતના મકાનોનું નવીનીકરણ, રેકર્ડનું મોર્ડનાઇઝેશન અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ કરી ગામડાઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી પગલાં સરકાર લઇ રહી છે. ગ્રામ્ય કક્ષાએ સફાઇ, પાણી જેવી મૂળભૂત સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોનું યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

**પંચાયત**

- ૧૫મા નાણાપંચ અંતર્ગત ગ્રામ્ય માળખાકિય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે **`૨૫૦૦ કરોડ**ની જોગવાઇ.

- ગ્રામ્ય પાણી પુરવઠાઓ યોજનાઓ માટે વિનામૂલ્યે વીજપુરવઠાની યોજના અંતર્ગત સહાય માટે **`૭૩૪ કરોડ**ની જોગવાઇ.

- પંચાયત વિસ્તારમાં પાણી તથા સ્વચ્છતાના અનેકવિધ કામોના અમલીકરણ માટે **`૧૭૭ કરોડ**ની જોગવાઇ .

- ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના થકી ગ્રામ્ય લોકોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી તેમના ગામમાં જ મેળવી શકે છે. હાલમાં આ યોજના અંતર્ગત મળનાર સેવાઓની સંખ્યા વધીને ૩૨૧ થયેલ છે. દર વર્ષે અંદાજિત ૪.૫ કરોડ વ્યવહારો આ નેટવર્ક મારફત થાય છે. જે ડિજિટલ ગવર્નન્સની દિશામાં મોટી હરણફાળ છે. આ યોજનાને વધુ સુદ્રઢ કરવા તેમજ તેનો વ્યાપ વધારવા **`૧૬૦ કરોડ**ની જોગવાઇ.

- સ્ટેચ્યૂ ઓફ યુનિટી, એકતા નગરની નજીક આવતાં ગામોમાં પીવાના પાણી, ગટર વ્યવસ્થા, રોડ રસ્તાની તેમજ ઇન્ફોર્મેશન ટેકનોલોજીને લગતી માળખાકિય સુવિધાઓ વિકસાવવા તેમજ પર્યાવરણની જાળવણી માટે **` ૧૦ કરોડ**ની જોગવાઇ**.**

**ગ્રામવિકાસ વિભાગ**

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (મનરેગા) હેઠળ **`૧૩૯૧ કરોડ**ની જોગવાઇ.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ આવાસો બાંધવા માટે **`૯૩૨ કરોડ**ની જોગવાઇ.

- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના-વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ (PMKSY-WDC) માટે **` ૨૨૦ કરોડ**ની જોગવાઇ.

- મહિલાઓના સશકિતકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (આજીવિકા) અંતર્ગત **`૨૧૦ કરોડ**ની જોગવાઇ.

- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત ગામોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલની સુવિધા હાથ ધરવામાં આવે છે. ગોબરધન યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં ઊર્જા સુરક્ષા સાથે જૈવિક ખાતરનો લાભ આપવા બાયોગેસ પ્લાન્ટ અને સ્લરી પ્રોસેસિંગ યુનિટ સ્થાપવામાં આવે છે. આ યોજનાઓ માટે જોગવાઇ **`૨૦૦ કરોડ**ની જોગવાઇ**.**

- દીનદયાલ ગ્રામીણ કૌશલ યોજના હેઠળ ૫૦૦૦ જેટલી મહિલાઓને ડાયમંડ વર્કની અને બીજી મહિલાઓને જુદા જુદા કૌશલ્ય માટે તાલીમ આપવા માટે **`૨૩ કરોડ**ની જોગવાઇ.

**શહેરી વિકાસ**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ₹૧૯,૬૮૫ કરોડની જોગવાઇ**

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે
અંદાજપત્રની રજૂઆત

શહેરી વિસ્તારોમાં પાણી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ, ઘન કચરાનો નિકાલ, સ્ટ્રીટ લાઇટ વગેરે માળખાકિય સગવડોના વિકાસ દ્વારા ગુજરાતના શહેરોના રહેણાંકનું સ્તર ઉત્તરોત્તર સુધારવાની સરકારની નેમ છે. શહેરોના મૂળ વિસ્તાર અને તેની વધારેલી હદમાં આ સગવડોનું આયોજન મૂડીક્ષેત્રે મોટું રોકાણ માંગી લે તેમ છે. વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે માનવ વિકાસ સૂચકાંક સુધારવાના હેતુથી શહેરીક્ષેત્રોની માળખાકીય સગવડો માટે વિભાગના બજેટમાં ૩૭% નો માતબર વધારો સૂચવું છું.

- મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તા મંડળોમાં પાયાની માળખાકિય સુવિધાઓ માટે અમલમાં મુકેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. આ યોજના માટે ` **૮૦૮૬ કરોડ**ની જોગવાઇ.

- સ્થાનિક સ્વરાજની શહેરી સંસ્થાઓને નાણાકીય સહાય આપવાની યોજના (ઓક્ટ્રોય નાબૂદી વળતર યોજના) અંતર્ગત **`૩૦૪૧ કરોડ**ની જોગવાઇ.

- અમૃત-૨.૦ અંતર્ગતપાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ, તળાવોનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે **`૧૪૫૪ કરોડ**ની જોગવાઇ.

- **૧૫મા નાણાપંચ** હેઠળ આગામી વર્ષ માટે **`૧૨૭૪ કરોડ**ની જોગવાઇ.

- શહેરી વિસ્તારોને રેલ્વે ફાટકમુકત બનાવવાના અભિયાન અંતર્ગત ૧૦૦ ઓવરબ્રિજ/અંડરબ્રિજ બનાવવા માટે **`૧૧૩૧ કરોડ**ની જોગવાઇ.

- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત આગામી વર્ષમા ૧ લાખ જેટલા વધુ લોકોને આવાસ પૂરા પાડવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવા **`૧૦૬૬ કરોડ**ની જોગવાઇ.

- અંદાજિત `૧૮ હજાર કરોડના ખર્ચે નિર્માણ થનાર અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૧ની મેટ્રો સેવા કાર્યરત કરવામાં આવેલ છે. જ્યારે ફેઝ-૨ની કામગીરી પ્રગતિમાં છે. અંદાજે `૧૨ હજાર કરોડના ખર્ચે બનનાર સુરત મેટ્રો રેલ પ્રોજેકટના ફેઝ-૧ અને ફેઝ-૨ની કાર્યવાહી પ્રગતિમાં છે. આ પ્રોજેકટને રાજ્ય સરકારની સહાય પેટે **`૯૦૫ કરોડ**ની જોગવાઇ.

- સ્માર્ટ સિટી મિશન હેઠળ **` ૫૪૭ કરોડ**ની જોગવાઇ.

- શહેરી પરિવહનને વધુ સશકત બનાવવા માટે મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના હેઠળ ૫૦ ટકા વાયેબિલિટી ગેપ ફંડિંગ આપવામાં આવે છે. જે માટે **` ૩૦૦ કરોડ**ની જોગવાઇ.

- નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન હેઠળ સુરતમાં તાપી શુદ્ધિ કરણ પ્રોજેક્ટ માટે ` **૨૫૦ કરોડ**ની જોગવાઇ.

- સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ ` **૨૬૨ કરોડ**ની જોગવાઇ.

- નગરપાલિકાઓને વીજ બિલ ભરવામાં સહાયભૂત થવા "વિજબિલ પ્રોત્સાહન નિધિ" સ્થાપિત કરવામાં આવશે. જે માટે`**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- મહાનગરપાલિકાઓમાં આઇકોનિક બ્રિજ બનાવવા માટે કુલ ` ૪૦૦ કરોડના આયોજન સામે જોગવાઇ `**૧૦૦ કરોડ.**

- દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ લાઇવલીહુડ મિશન હેઠળ `**૮૮ કરોડ**ની જોગવાઇ.

- મહાનગરપાલિકાઓમાં લોકોને હરવા ફરવા માટે રમણીય સ્થળોનું નિર્માણ કરવા **નેચરપાર્ક**નું આયોજન. આ માટે `**૮૦ કરોડ**ની જોગવાઇ.

- અગ્નિશમન વાહનો પૂરાં પાડવાં અને મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે `**૬૬ કરોડ**ની જોગવાઇ.

- વર્લ્ડ બૅન્ક સહાયિત ગુજરાત રેઝિલીયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ `**૩૪ કરોડ**ની જોગવાઇ.

- રાજ્યની નગરપાલિકાઓમાં સિવિકસેન્ટરો ઊભા કરવા માટે `**૩૩ કરોડ**ની જોગવાઇ.

- નગરપાલિકાઓના સુચારુ વ્યવસ્થાપન અને તાંત્રિક કામોના અમલીકરણ, મોનિટરિંગ અને દેખરેખની કામગીરી માટે કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની ટેકનિકલ જગ્યાઓ માટે `**૧૮ કરોડ**ની જોગવાઇ.

**ગિફ્ટસિટી**

ગિફ્ટસિટી ભારતનું પ્રથમ અને એકમાત્ર કાર્યરત એવું આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવાઓનું કેન્દ્ર છે. ભારતની અને વિદેશની નામાંકિત બેંકો, ઇન્શ્યુરન્સ અને રિઇન્શ્યુરન્સ કંપનીઓ, બે આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો અને તેની સાથે મૂડી બજાર સાથે જોડાયેલ ઇન્ટરમીડિઅરીઝ ગિફ્ટસિટી ખાતેથી કાર્યરત છે. તાજેતરમાં, ગિફ્ટસિટી ખાતે નવી બિઝનેસ ગતિવિધિઓ જેવી કે એરક્રાફ્ટ લીઝિંગ અને ફાઇનાન્સિંગ, ગ્લોબલ ઇન હાઉસ સેન્ટર્સ, શિપ લીઝિંગ અને ફાઇનાન્સિંગ, ગ્લોબલ ટ્રેઝરી કાર્યો તથા અન્યને મંજૂરી આપવામાં આવેલ છે. ગિફ્ટસિટીમાં કાર્યરત એક્સચેન્જોમાં ૫૦ બિલિયન યુ.એસ. ડોલરથી પણ વધારેના બોન્ડનું લિસ્ટિંગ થયેલું છે. ગિફ્ટ સિટી ખાતે કાર્યરત IFSCભારતીય કોર્પોરેટ્સને વિદેશી મૂડી બજારમાંથી મૂડી અને ઋણ (ડેટ) મેળવવાની મોટી તક પૂરી પાડે છે.

ગિફ્ટસિટી ખાતે એક વિશિષ્ટ પ્રકારનું ફિન-ટેકહબ સ્થાપવામાં આવશે. આ હબનો ઉદ્દેશ ભારતમાં ફિન-ટેક શિક્ષણ અને સંશોધનની ગુણવત્તામાં સુધારો કરવાનો, ફિનટેક સ્ટાર્ટઅપ તથા ઇન્ક્યુબેશનને પ્રોત્સાહિત કરવા, ટેકનોલોજીમાં પુરાવા આધારિત સંશોધન, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંશોધનકારોને પ્રોત્સાહિત કરવા માટેનો છે. ગિફ્ટસિટી માટે ` **૭૬ કરોડ**ની જોગવાઇ.

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ₹૮૭૩૮ કરોડની જોગવાઇ**

ફાલ્ગુન ૫, ૧૯૪૪ શાકે

અંદાજપત્રની રજૂઆત

આગામી વર્ષોમાં ખેતી, ઘરગથ્થું તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે વીજ વપરાશ વધવાની શકયતાઓને ધ્યાને લેતાં રાજ્યની જનતાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તેવા ભવિષ્યલક્ષી આયોજન સરકારે કરેલ છે.રાજ્યના વીજ વપરાશમાં રિન્યુએબલ ઊર્જાનો હિસ્સો વધારવા માટે સૌર અને પવન ઊર્જાનું મોટાપાયે ઉત્પાદન કરવાનું આયોજન છે. ઊર્જાના કાર્યક્ષમ ઉપયોગ અને બચત માટે લોક સહકાર સાથે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેમજ દરેક ક્ષેત્રે એનર્જી ઓડિટની કામગીરીને આગળ ધપાવવામાં આવશે.

- ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત `**૧૫૭૦ કરોડ**ની જોગવાઇ.

- રીવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકિય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે `**૧૩૯૦ કરોડ**ની જોગવાઇ.

- વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન નેટવર્કના સુદૃઢીકરણ માટે `**૧૩૩૦ કરોડ**ની જોગવાઇ.

- સબ સ્ટેશનની આસપાસની સરકારી ફાજલ જમીન પર ૨૫૦૦ મેગાવોટની ક્ષમતાના સોલાર પી.વી. પ્રોજેક્ટની સ્થાપના માટે `**૧૧૮૫ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે `**૧૦૧૦ કરોડ**ની જોગવાઇ.

- સાગરકાંઠા તથા આદિજાતિ વિસ્તારોમાં નવા સબ-સ્ટેશનો સ્થાપવા માટે `**૩૬૦ કરોડ**ની જોગવાઇ.

- પી.એમ. કુસુમ યોજના અંતર્ગતસોલાર પાવર આધારિત એગ્રીકલ્ચરલ પંપ પૂરા પાડવા માટેકુલ `**૧૫૨ કરોડ**ની જોગવાઇ.

- રસ્તાઓના વિસ્તૃતીકરણમાં અથવા હયાત રસ્તાઓ પર અડચણરૂપ વીજ માળખાનું શિફટિંગ,રિપ્લેસમેન્ટ કરવા માટે `**૧૦૫ કરોડ**ની જોગવાઇ.

- ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવા અને જીવ સુરક્ષા સુનિશ્ચિત કરવા ઓવરહેડ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં તબદીલ કરવા ` **૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- ખેતીવાડી ફિડરોના હયાત જૂના જર્જરીત વીજ વાયરો, કંડકટર બદલવાની કામગીરી તથા ખેતીવાડી ફિડરોના વિભાજનની કામગીરી કરી ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા `**૮૭ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારોમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા `**૫૨ કરોડ**ની જોગવાઇ.

- ઊર્જાના કાર્યક્ષમ ઉપયોગ તેમજ ઊર્જા બચત માટે લોક સહકાર સાથે વિવિધ કાર્યક્રમો હાથ ધરવા તેમજ દરેક ક્ષેત્રે એનર્જી ઓડિટને પ્રોત્સાહન આપવા `**૨૦ કરોડ**ની જોગવાઈ.

**માર્ગ**

**અને**

**મકાન**

**માર્ગ અને મકાન વિભાગ માટે કુલ `૨૦,૬૪૨કરોડની જોગવાઈ**

રાજ્યના તમામ ગામો અને બીજા મહત્વના સ્થળોને ગ્રામ્ય રસ્તાઓ અને ધોરી માર્ગોના સુઆયોજિત નેટવર્કથી જોડવામાં આવેલ છે. આગામી વર્ષોમાં આ માળખાકિય સુવિધાઓની કામગીરીને આગળ ધપાવવા અને સુદૃઢ કરવા આયોજનો હાથ ધરેલ છે. આ રસ્તાઓના સુદ્રઢીકરણની કામગીરી સાથે ગુણવત્તામાં પણ વધારો કરવાનું અમારું લક્ષ્ય છે.

**પ્રગતિ હેઠળનાં કામો**

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે ` **૨૮૦૮ કરોડ**ની જોગવાઇ.

- મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તાર, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની અંદાજે `**૨૮૦૦ કરોડ**ની કામગીરીનું આયોજન.

- ૭ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા રસ્તાઓનું રીસરફેસિંગની કામગીરી માટે અંદાજિત `**૨૨૦૦ કરોડ**ની જોગવાઈ.

- જુદા જુદા રસ્તાઓના અનુભાગોની અંદાજે ૧ હજાર કિલોમીટર લંબાઈને ૧૦ મીટર કે ૭ મીટર પહોળા કરવાની `**૧૬૭૯ કરોડ**ની કામગીરીનું આયોજન .

- `**૯૬૨ કરોડ**ના ખર્ચે ઓખા અને બેટ દ્વારકાને જોડતા ચાર-માર્ગિય કેબલ સ્ટેઇડ સિગ્નેચર બ્રિજની કામગીરી પ્રગતિ હેઠળ.

- સરખેજ-ગાંધીનગર હાઇવેને `**૯૧૩ કરોડ**ના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી અન્વયે ત્રણ સ્ટ્રકચર ( છારોડી, ઉજાલા, ખોડીયાર આર.ઓ.બી.)ની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પૂર્ણ થયેથી ગાંધીનગર અને અમદાવાદને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંપૂર્ણપણે છ-માર્ગીય થશે.

- અમદાવાદ-બગોદરા-રાજકોટ હાઇવેને `૩૩૫૦ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી માટે ` **૬૧૫ કરોડ**ની જોગવાઇ.

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત અંદાજે ૩૦૦૦ કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને પહોળા કરવા `૧૭૫૦ કરોડની અંદાજિત કિમતનાં કામોને મંજૂરી મળેલ છે, જે પૈકી ૧૧૮૫ કિ.મી.ની કામગીરી પ્રગતિ હેઠળ, જેના માટે `**૬૦૦ કરોડ**ની જોગવાઇ.

- જૂના પુલોના પુન:બાંધકામ અને મજબૂતીકરણ માટે **`૫૫૦ કરોડ**ની જોગવાઈ.

- **`૪૦૧ કરોડ**ના ખર્ચે કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓને જોડતા ઘડુલી-સાંતલપુર રસ્તાની ૮૦ કિ.મી .લંબાઇની ખુટતી કડીઓની કામગીરી પ્રગતિ હેઠળ.

- ભરૂચ દહેજ રસ્તા પર **`૪૦૦ કરોડ**ના ખર્ચે ભોળાવ જંક્શનથી શ્રવણ જંક્શન સુધી ૩ કિ.મી. લંબાઈનો છ-માર્ગીય એલીવેટેડ કોરીડોર જેમાં હયાત રેલવે ઓવરબ્રિજ ઉપર ડબલ હાઈટ પર રેલવે ઓવરબ્રિજની કામગીરી પ્રગતિ હેઠળ.

- ભૂજ-ખાવડા-ધર્મશાળા રસ્તો **`૩૫૨ કરોડ**ના ખર્ચે દ્વિમાર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ .

- રસ્તાઓનું મજબુતીકરણ, અપગ્રેડેશન, ખુટતી કડીના રસ્તાઓ અને પુલના બાંધકામ સહિતના કોસ્ટલ હાઈવે માટેના `૨૪૪૦ કરોડના આયોજન અંતર્ગત ૨૫ રસ્તાઓની `૬૯૩ કરોડની કામગીરી. જેના માટે **`૨૭૮ કરોડ**ની જોગવાઇ.

- પી.એમ .ગતિશક્તિ અંતર્ગત મહત્વના પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેનના ઈક્વિટી ફાળા માટે**`૨૦૦ કરોડ**ની જોગવાઇ.

- કીમ-માંડવી રાજ્ય ધોરીમાર્ગ–૬૫ના ૪૦ કિ.મી .લંબાઈના રસ્તાને વિકસાવવા માટે **`૨૦૦ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.

- સાપુતારાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી ( એકતાનગર) ને જોડતા ૨૧૮ કિ.મી.લંબાઇના રસ્તા પૈકી ૯૫ કિ.મી. લંબાઇના રસ્તાઓ માટે `૨૧૯ કરોડની કામગીરી. જેના માટે **`૧૪૦ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો માટે `૩૨૨ કરોડની કામગીરી. જેના માટે **`૧૨૩ કરોડ**ની જોગવાઇ.

- રેલ્વે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બાંધવા અંગે:

    - o ડી.એફ.સી.સી .રૂટ ઉપર આવતા રેલ્વે લેવલ ક્રોસીંગ તેમજ અન્ય રેલ્વે ક્રોસિંગો પર આર.ઓ.બી.નીકામગીરી પૈકી **`૨૯૭૬ કરોડ**ના ખર્ચે કુલ ૫૨ (બાવન)રેલ્વે ઓવર બ્રિજનાં કામો પ્રગતિ હેઠળ .

    - o ફાટક મુકત અભિયાન હેઠળ **`૪૧૧૮ કરોડ**ના ખર્ચે કુલ ૮૫ આર.ઓ.બી. ની કામગીરી પ્રગતિ હેઠળ.

**નવી બાબતો**

- ટુરિસ્ટ સર્કિટને જોડતાં રસ્તાઓના વિકાસ માટે **`૬૦૫ કરોડ**ની જોગવાઈ.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અંદાજપત્રની રજૂઆત

- અંદાજિત `૧૬૦૦ કરોડના ખર્ચે પરિક્રમા પથના બાંધકામ અન્વયે **`૫૦૦ કરોડ**ની જોગવાઈ.

- અંદાજિત `૧૫૦૦ કરોડના ખર્ચે ભારે ટ્રાફિક ધરાવતા પાંચ રસ્તાઓ વટામણ-પીપળી, સુરત-સચિન-નવસારી, અમદાવાદ-ડાકોર, ભુજ-ભચાઉઅને રાજકોટ-ભાવનગરને હાઇસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા માટે **`૩૮૪ કરોડ**ની જોગવાઈ.

- અમદાવાદ–મહેસાણા–પાલનપુર રસ્તાને `૯૫૦ કરોડના ખર્ચે હાઈબ્રિડ એન્યુઈટી પદ્ધતિથી ફ્લાયઓવર સહિત છ-માર્ગીય કરવા માટે **`૧૬૦ કરોડ**ની જોગવાઈ.

- ભરૂચ–દહેજ રસ્તાને `૮૦૦ કરોડના ખર્ચે એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ-વે તરીકે વિકસાવવા માટે **`૧૬૦ કરોડ**ની જોગવાઈ.

**બંદરો અને**
**વાહન વ્યવહાર**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ ₹૩૫૧૪ કરોડની જોગવાઈ**

રાજ્યમાં બસ આધારિત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને પ્રોત્સાહન આપી પ્રવાસીઓની સગવડો વધારવાનું અને પ્રદૂષણ તેમજ રોડ ટ્રાફિકને ઓછું કરવાનું સરકારનું આયોજન છે. વાહન વ્યવહાર નિગમ દ્વારા આગામી વર્ષે વિક્રમજનક ૨૦૦૦ નવી બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવશે. વધુમાં શહેરી વિસ્તારમાં પણ બસ ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના અંતર્ગત જોગવાઇ વધારવામાં આવશે.

પોર્ટ આધારિત વિકાસ નીતિનો સુચારુ અમલ કરી આંતરરાષ્ટ્રીય વેપારમાં ગુજરાતે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવેલ છે. છેલ્લાં વીસ વર્ષમાં રાજ્યના પોર્ટ પર કરવામાં આવતા કાર્ગોના સંચાલનમાં આશરે પાંચગણો વધારો નોંધાયેલ છે. વર્ષ૨૦૨૧-૨૨માં દેશનાં નોન-મેજર પોર્ટ્સટ્રાફિકના ૬૮% તથા કુલ પોર્ટ્સ ટ્રાફિકનાં ૪૧% કાર્ગોનું સંચાલન ગુજરાતના બંદરો મારફત કરવામાં આવેલ છે.માનનીય વડાપ્રધાનશ્રીએ આશરે `૪ હજાર કરોડના ખર્ચે ભાવનગર ખાતે શરું થનાર વિશ્વના પ્રથમ સી.એન.જી. ટર્મિનલનું ખાતમુહૂર્ત કરેલ છે. એલ.એન.જી. બાદ હવે સી.એન.જી.ના આયાત તેમજ પરિવહનમાં ગુજરાત દેશમાં અગ્રગણ્ય રાજ્ય બની રહેશે.

- ભાવનગર ખાતે પોર્ટના ટ્રાફિકને હાઇવે સુધી સરળતાથી પહોચાડવા માટે રિંગરોડ વિકસાવવા **`૨૯૭ કરોડ**નું આયોજન.

- ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા ઇલેક્ટ્રિક વ્હિકલ (૨-૩-૪ વ્હિલર) પોલિસી માટે **`૨૧૭ કરોડ**ની જોગવાઇ.

- નવલખી પોર્ટની હેન્ડલિંગ ક્ષમતા ૮ મિલિયન મેટ્રિક ટનથી વધારીને ૨૦ મિલિયન મેટ્રિક ટન કરવા માટે **`૧૯૨ કરોડ**નું આયોજન.

- સુરત ખાતે ભારતીય રેલ્વે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે `૯૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ માટે પ્રાથમિક તબક્કે **` ૫૭ કરોડ**નીજોગવાઈ.

- સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે શીપ બ્રેકિંગ પ્રવૃત્તિ પુન:શરૂ કરવા માટે **`૨૪ કરોડ**નું આયોજન.

- ૫૦ ઇલેક્ટ્રિક બસોની ખરીદી માટે **`૨૪ કરોડ**ની જોગવાઈ.

- નિગમના ૧૨૫ ડેપો વર્કશોપ, ૧૬ વિભાગીય કચેરીઓ તેમજ ૧૬ ડિવિઝન વર્કશોપ ખાતે CCTV સર્વેલન્સ સીસ્ટમ માટે **`૧૦ કરોડ**ની જોગવાઇ.

- એરપોર્ટ જેવી સુવિધા બસ સ્ટેશનો પર આપવા માટે પી.પી.પી. ધોરણે ૦૭ બસપૉર્ટ અમદાવાદ-ગીતા મંદિર નોર્થ પ્લોટ, ભરૂચ, અમરેલી, મોડાસા, પાટણ, નવસારી અને ભૂજ ખાતે કાર્યરત કરવામાં આવશે .

- રાજ્યમાં ૨૦૦ કરતા વધારે એકમોને ઓટોમેટેડ વ્હિકલ ટેસ્ટિંગ સેન્ટર તરીકે મંજૂરી આપવામાં આવેલ છે. તે ઉપરાંત વ્હિકલ સ્ક્રેપ પોલિસી અંતર્ગત ત્રણ ફેસિલિટી શરૂ કરવામાં આવેલ છે .

- આર.ટી.ઓ.માં સરળીકરણના ભાગરૂપે એમ-ગવર્નન્સ શરૂ કરવામાં આવનાર છે.

**જળ સંપત્તિ**

**જળસંપત્તિ પ્રભાગ માટે ₹ ૯૭૦૫ કરોડની જોગવાઇ**

જીવન અને પર્યાવરણ બંને માટે જળ આવશ્યક તત્ત્વ છે. ઉપલબ્ધ પાણીના સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ કરવા, તેનો સંગ્રહ તથા તે પાણીને ડેમથી ખેતરોઅને ઘરો સુધી પહોચાડવાનું સુદૃઢ માળખુ સરકારે ઊભું કર્યું છે. સિંચાઈ યોજનાઓની કાર્યક્ષમતામાં વધારો કરવા અને પાણીની અછતવાળા વિસ્તારોમાં સિંચાઈ સુવિધા વધારવા નવી માળખાકિય સુવિધાઓ ઊભી કરવા માટે પણ સરકાર કાર્યરત છે.ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. કૃષિ અને પીવાના પાણી માટે જળ સંસાધનોની અગત્યતા ધ્યાને લેતા આ વિભાગના બજેટમાં ગત વર્ષની સરખામણીમાં ૮૨%નો વધારો સૂચવું છું.

- અંદાજિત `૪૩૨૦ કરોડના ખર્ચે નર્મદાના વધારાના પાણીના કચ્છ વિસ્તારમાં વિતરણ માટે ઉદ્વહન પાઇપલાઇનો માટે **`૧૯૭૦ કરોડ**ની જોગવાઇ.

- સૌરાષ્ટ્રમાં વિવિધ ચેકડેમોને જોડી નર્મદાના પાણી પહોંચાડવાની મહત્વાકાંક્ષી **સૌની યોજના**ની ખૂટતી કડીઓ માટે **`૭૨૫ કરોડ**ની જોગવાઈ.

- અંદાજિત `૧૫૬૬ કરોડની કસરાથી દાંતીવાડા પાઇપલાઇન યોજના માટે **`૬૫૦ કરોડ**ની જોગવાઈ.

- ખારીકટ કેનાલને બોક્ષ સ્ટ્રકચરમાં રૂપાંતર કરી તેની પુન:રચના કરવા માટે **`૩૦૦ કરોડ**ની જોગવાઈ.

- ચેકડેમ, તળાવો ઊંડા કરવા અને નવા બનાવવા માટે જળસંચય યોજના અંતર્ગત **`૨૭૨ કરોડ**ની જોગવાઇ.

- પાનમ જળાશય આધારિત ઉદ્વહન પાઇપલાઇનો માટે ` **૧૯૫ કરોડ**ની જોગવાઇ.

- અંદાજિત `૧૦૨૦ કરોડની ઉકાઇ જળાશય આધારિત સોનગઢ– ઉચ્છલ– નિઝર ઉદ્વહન પાઇપલાઇન માટે `**૧૭૫ કરોડ**ની જોગવાઇ.

- સાબરમતી નદી ઉપર સિરીઝ ઓફ બેરેજ બાંધવા માટે `**૧૫૦ કરોડ**ની જોગવાઈ.

- ગાંધીનગર ગિફ્ટસિટી નજીક સાબરમતી રિવરફ્રન્ટ માટે `**૧૫૦ કરોડ**ની જોગવાઈ.

- અંદાજિત `૭૧૧ કરોડની તાપી-કરજણ લિંક પાઇપલાઇન માટે` **૧૩૦ કરોડ**ની જોગવાઇ.

- અંદાજિત `૧૯૨ કરોડની ડીંડરોલથી મુકતેશ્વર પાઇપલાઇન યોજના માટે `**૧૦૯ કરોડ**ની જોગવાઈ.

- દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં આવેલ નદીઓ ઉપર ચેકડેમો, બેરેજો, વિયર વગેરે બનાવવા માટે `**૧૦૩ કરોડ**ની જોગવાઈ.

- વાત્રક જળાશય આધારિત ઉદ્વહન સિંચાઇ યોજના માટે `**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- કચ્છમાં મોટા ચેકડેમો, તળાવો જેવા જળસંગ્રહનાં કામો માટે `**૮૦ કરોડ**ની જોગવાઈ.

- અંદાજિત `૨૫૦ કરોડની વાઘરેજ રિચાર્જ યોજના માટે `**૮૦ કરોડ**ની જોગવાઇ.

- અંદાજિત `૧૩૨ કરોડની પાનમ જળાશય આધારિત વાંકડી ગામથી સંતરામપુર તાલુકાના તળાવો માટે ઉદ્વહન સિંચાઇ યોજનાઓ માટે `**૭૦ કરોડ**ની જોગવાઇ.

- મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદીઓ પર સિરીઝ ઓફ ચેકડેમ બાંધવા માટે `**૫૫ કરોડ**ની જોગવાઈ.

- અંદાજિત `૧૧૦ કરોડની પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે `**૫૦ કરોડ**ની જોગવાઇ.

- કડાણા જળાશય આધારિત સરસડી ઉદ્વહન સિંચાઇ યોજના માટે `**૪૫ કરોડ**ની જોગવાઇ.

- મેશ્વો જળાશય આધારિત ઉદ્વહન સિંચાઇ યોજના માટે `**૪૫ કરોડ**ની જોગવાઇ.

- પ્રગતિ હેઠળની અંદાજિત `૫૫૧ કરોડની થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈન યોજના માટે`**૩૦ કરોડ**ની જોગવાઈ.

- વડોદરા જિલ્લામાં મહી નદી પર પોઇચા ગામે વિયર માટે `**૧૦ કરોડ**ની જોગવાઇ.

**ભાડભૂત યોજના**

સમુદ્રી ભરતીથી થતી જમીનની ખારાશ અટકાવવા તથા ભૂગર્ભજળની ગુણવત્તા સુધારવા માટે નર્મદા નદી ઉપર અંદાજે `**૫૪૦૦ કરોડ**ની ભાડભૂત યોજનાની કામગીરી શરૂ કરેલ છે. આ યોજનાથી પાણી સંગ્રહની સાથેસાથે પરિવહનમાં નોંધપાત્ર સુધારો થશે. આ યોજના માટે `**૧૪૧૫ કરોડ**ની જોગવાઇ.

**સરદાર સરોવર યોજના**

સરદાર સરોવર યોજના દેશની એક અગત્યની આંતરરાજ્ય બહુહેતુક યોજના છે, જે ગુજરાતની જીવાદોરી સમાન છે. આ યોજના પૂર્ણ થતાં હાલમાં અંદાજે ૧૦ હજાર ગામો અને ૧૭૬ શહેરોને ઘરવપરાશ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. નર્મદા યોજના અંતર્ગત રાજ્યમાં કેનાલનું મોટું નેટવર્ક પથરાયેલ છે જેની કુલ લંબાઇ અંદાજે ૭૦ હજાર કિ.મી. છે. નર્મદા યોજનાના કમાન્ડ હેઠળ અંદાજે ૧૮ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેવાયેલ છે, જેથી આ વિસ્તારની કાયાપલટ થયેલ છે. સરદાર સરોવર ડેમ અને કેનાલ પર ૧૪૫૦ મેગાવોટની કુલ સ્થાપિત ક્ષમતા વાળા બે જળવિદ્યુત મથકો કાર્યરત છે. આ જળવિદ્યુત મથકો દ્વારા અત્યાર સુધી અંદાજે ૬ હજાર કરોડ યુનિટ જેટલું વિક્રમી વીજ ઉત્પાદન થયેલ છે. આમ, ગુજરાતની તમામ વસ્તી તેમજ અર્થતંત્ર માટે નર્મદા યોજના મોટા વરદાનસમી સાબિત થયેલ છે. આ યોજના માટે `**૫૯૫૦ કરોડ**ની જોગવાઇ.

- કચ્છ શાખા નહેરના બાકી કામો માટે `**૧૦૮૨ કરોડ**ની જોગવાઇ.

- કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પંપિંગ સ્ટેશનના વિસ્તરણ, જાળવણી અને સંચાલન માટે `**૬૭૫ કરોડ**ની જોગવાઇ.

- નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રક્ચર તથા કેનાલ ઓટોમેશન તેમજ જાળવણીની કામગીરી માટે `**૧૭૮ કરોડ**ની જોગવાઇ.

- નર્મદા કમાન્ડ વિસ્તારમાં સિંચાઇના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી મહત્તમ પાક ઉત્પાદન મળે તે હેતુથી તાલીમ, નિદર્શન, ખેડૂત શિબિર, જમીનની ચકાસણી વગેરે કૃષિલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે `**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- ગરૂડેશ્વર વિયરતથા વિવિધ શાખા નહેરો પર વીજ મથકોની સ્થાપના, જાળવણી અને મરામત માટે `**૫૦ કરોડ**ની જોગવાઈ.

**સૂક્ષ્મ સિંચાઇ**

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અંદાજપત્રની રજૂઆત

ઉપલબ્ધ પાણીમાંથી સિંચાઇક્ષેત્રમાં વધારો કરવા માટે આપણું રાજ્ય સૂક્ષ્મ સિંચાઇનો મહત્તમ ઉપયોગ કરી પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરે તે આજની જરૂરિયાત છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૧ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી આ દિશામાં ગુજરાતે દેશને એક નવી રાહ ચીંધેલ છે. ભૂગર્ભ જળ અને ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ દ્વારા પાઇપલાઇનથી અપાતા પાણીમાં પણ સૂક્ષ્મ સિંચાઇના ઉપયોગથી વોટરયુઝ એફિશિયન્સિમાં વધારો કરી પાણી અને વીજળીની બચત કરી ખેત ઉત્પાદન વધારી શકાય છે. સૂક્ષ્મ સિંચાઇ દ્વારા જળસિંચનના અભિગમને રાજ્યવ્યાપી અભિયાન બનાવવામાં આવશે.

- ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીના માધ્યમથી ખેડૂતોને ડ્રીપ અને સ્પ્રિંકલર વસાવવા માટે `**૧૫૦૦ કરોડ**ની જોગવાઇ.

- ભારત સરકાર સહાયિત `૭૫૦ કરોડની અટલ ભૂજલ યોજના અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇને પ્રોત્સાહન આપવા `**૨૦૦ કરોડ**ની જોગવાઇ.

- ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓને સેચ્યુરેશન એપ્રોચથી સૂક્ષ્મ સિંચાઇ સાથે જોડવા માટે ખૂટતી કડીનાં કામો માટે `**૪૮૨ કરોડ**ની જોગવાઇ.

**પાણી પુરવઠા**

**પાણી પુરવઠા પ્રભાગ માટે ₹૬૦૦૦ કરોડની જોગવાઇ**

લોકોના આરોગ્ય અને જીવનધોરણમાં સુધારા માટે પૂરતા પ્રમાણમાં સારી ગુણવત્તાયુકત પીવાનું પાણી નિયમિત રીતે મળી રહે તે માટે રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્નો કરેલ છે. રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડની સ્થાપના આ દિશામાં રાજ્ય સરકારની એક મોટી ઉપલબ્ધિ છે. આદિજાતિ વિસ્તારના ડુંગરાળ અને અંતરિયાળ ગામોમાં પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે અંબાજીથી ઉમરગામ સુધી વિવિધ પાણી પુરવઠા યોજનાઓ કરવામાં આવેલ છે.

- નલ સે જલ યોજના અંતર્ગત `**૨૬૦૨ કરોડ**ની જોગવાઇ.

- આદિજાતિ વિસ્તારમાં ૩૦૫૨ ગામોને આવરી લેતી અંદાજિત કિંમત `૪૦૦૯ કરોડની ૬૪ યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે.જયારે ૨૫૯૨ ગામોને આવરી લેતી અંદાજિત રકમ `૨૩૬૨ કરોડની ૬૬ યોજનાનાં કામો આયોજન હેઠળ છે. આ યોજનાઓ માટે `**૯૦૯ કરોડ**ની જોગવાઇ.

- સૌરાષ્ટ્રમાં આગામી વર્ષોની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ, બુધેલ-બોરડા, ધરાઇ-ભેસાણઅને ઢાંકી-નાવડા બલ્ક પાઇપલાઇનનાં કામો અમલમાં મૂકેલ છે. જે કામો માટે `**૮૦૦ કરોડ**ની જોગવાઇ.

  - o બુધેલથી બોરડા સુધીની ૫૬ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇન અંદાજિત કિંમત `**૩૭૬ કરોડ**નાં કામો પૂર્ણતાના આરે.

  - o બોટાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓ માટેની નાવડા થી ચાવંડ સુધીની ૮૫ કિ.મી. પાઇપલાઇનના અંદાજે `**૬૪૪ કરોડ**નાં કામો પ્રગતિ હેઠળ.

- o અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, જૂનાગઢ, પોરબંદર જિલ્લાઓ માટેની ઢાંકી થી નાવડા સુધીની ૯૭ કિ.મી. બલ્ક પાઇપલાઇન અંદાજિત કિંમત `**૧૦૪૪ કરોડ**નાં કામો પ્રગતિ હેઠળ .

- o જૂનાગઢ જિલ્લા માટેની ધરાઇથી ભેંસાણ સુધીની પાણી પૂરું પાડવા માટેની ૬૩ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇનના અંદાજિત `**૩૯૨ કરોડ**નાં કામો પ્રગતિ હેઠળ.

- પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાની સાથે લોકસહકારથી તેના કરકસરભર્યા ઉપયોગ માટે સરકાર પ્રયત્નશીલ છે આ હેતુસર,

  - o ગુજરાત ઘર વપરાશ પાણી(સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ અંતર્ગત પાણીનું વિતરણ કરતી ૬૫૦૦ ગ્રામ પંચાયતો અને ૩૬૩ જૂથ યોજના હેઠળના ૨૦૦૦ હેડવર્ક્સ, પાણી વિતરણના સ્થળોનું વોટર ઓડિટ પૂર્ણ કરેલ છે .

  - o પાણીના પરિવહન અને વિતરણમાં જવાબદેહી લાવવા અને પાણીનો બગાડ અટકાવવા ૨૨૦૦ જેટલા અગત્યના સ્થળો ઉપર વોટરફ્લો મીટર લગાડવાની અને અંદાજે ૫૦૦ જેટલા હેડવર્ક્સ ઉપરથી પાણીની ગુણવત્તાની માપણી અને તેના મોનિટરિંગની વ્યવસ્થા પ્રગતિમાં છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યો ગિકી**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ₹૨૧૯૩ કરોડની જોગવાઇ**

આઇ.ટી., ઇલેક્ટ્રોનિક, સેમી-કોન જેવી નીતિઓનો અમલ કરી આધુનિક ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રો દ્વારા આર્થિક વિકાસ માટે રાજ્યમાં સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા સરકાર કાર્યરત છે. ગ્રામ્યસ્તરે ડિમાન્ડ આધારિત ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી વિશ્વકક્ષાની ડિજિટલ સેવાઓ પૂરી પાડવાનું અને ડિજિટલ વ્યવહારોને ઉત્તેજન આપવાનું સરકારનું લક્ષ્ય છે.

વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરૂચી કેળવવા વિજ્ઞાન કેન્દ્રોનો વ્યાપ વધારી જિલ્લાકક્ષાએ આવા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય કરેલ છે. રાજ્ય કક્ષાના સાયન્સ સિટીથી માંડી પ્રાદેશિક અને જિલ્લા કક્ષાના આ કેન્દ્રોનુ નેટવર્ક નોલેજ બેઝ્ડ સોસાયટીની દિશામાં સરકારનું એક મહત્વનું પગલું છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રને વધુ પ્રોત્સાહન આપવા વિભાગના બજેટમાં ગત વર્ષની સરખામણીમાં હું ૨૨૭% નો વધારો સૂચવું છું.

- સેમી કન્ડકટર પોલિસી હેઠળ સેમી કન્ડકટર અને ડિસ્પ્લે ફેબ તેમજ ઓસેટ ફેસિલિટી માટે `**૫૨૪ કરોડ**ની જોગવાઇ.

- ઈલેક્ટ્રોનિક પોલિસી હેઠળ ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રના ઉદ્યોગો માટે `**૧૨૫ કરોડ**ની જોગવાઈ.

- આઇ.ટી.પોલિસી હેઠળ રોકાણોને પ્રોત્સાહન આપી રોજગારીનું સર્જન કરવા `**૭૦ કરોડ**ની જોગવાઇ.

- સાયન્સ સિટી ખાતે ભારત સરકારની સંસ્થા InSpace સાથે મળીને સ્પેસ મેન્યુફેકચરિંગ ક્લસ્ટરનો વિકાસ કરવા માટે `**૧૨ કરોડ**ની જોગવાઇ.

- આઇ.ટી. અને સ્ટાર્ટઅપ કલ્ચરના સર્વાંગી વિકાસ હેતુ સાયન્સ સિટી ખાતે આઈ. ટી. અને સાયન્સ પાર્કના વિકાસ માટે `**૧૦ કરોડ**ની જોગવાઈ.

- સાયન્સ સિટીના વિકાસના માસ્ટર પ્લાનના ભાગરૂપે નવા ક્ષેત્રો ડિફેન્સ અને એવિએશનની ગેલેરી સ્થાપવા `**૨૫૦ કરોડ**નું આયોજન છે. જેના માટે `**૨૨ કરોડ**ની જોગવાઇ.

- રાજ્યમાં ૮ સ્થળોએ રિજિયોનલ સાયન્સ સેન્ટર અને બાકીના તમામ જિલ્લાઓમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના અને સંચાલન માટે `**૨૩૩ કરોડ**ની જોગવાઇ.

- ગ્રામ્ય ક્ષેત્રે ડિજિટલ ડિવાઇડ ઓછું કરવા ડિજિટલ વિલેજ સ્કીમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં FTTH (Fiber To The Home) કનેક્શન આપવાની યોજના માટે `**૧૨૦ કરોડ**ની જોગવાઈ.

**: ચતુર્થ સ્તંભ:**

**કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹૨૧,૬૦૫ કરોડની જોગવાઇ**

કૃષિ ક્ષેત્રે ગુજરાતે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને લાંબા ગાળાનો વિકાસ વ્યૂહ અપનાવ્યો છે. **વાવણી થી વેચાણ** સુધી ખેડૂતો સાથે અડીખમ ઊભી રહેલી અમારી સરકારે કૃષિ ઉત્પાદન વધારવાની દિશામાં મક્કમ પગલાં ભર્યાં છે. કૃષિમાં વૈવિધ્યીકરણ લાવી બાગાયત, પશુપાલન, એગ્રોપ્રોસેસિંગ, એગ્રો માર્કેટિંગ જેવી સંલગ્ન પ્રવૃત્તિઓ તેમજ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક વધારવાનું અમારી સરકારનું ધ્યેય છે. પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતો પ્રેરિત થાય તેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા iNDEXT-A ની સ્થાપના કરવામાં આવશે.

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાઅંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં એકંદરે બાર હપ્તામાં આશરે ૬૧ લાખથી વધુ ખેડૂત કુટુંબોને સીધેસીધા તેમના બેન્ક ખાતામાં અંદાજે `**૧૨હજાર કરોડ**ની સહાય આપવામાં આવેલ છે.

- ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહતદરે વીજળી ઉપલબ્ધ કરાવવા માટે `**૮૨૭૮ કરોડ**ની જોગવાઇ.

**પાકકૃષિ વ્યવસ્થા**

- ટ્રેક્ટરતેમજ કૃષિ યાંત્રિકીકરણ માટેના અન્ય સાધનો તેમજ વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા `**૬૧૫ કરોડ** જેટલી માતબર રકમની જોગવાઇ.

- વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે કાંટાળી તારની વાડ અને સોલાર ફેન્સિંગ બનાવવા સહાય માટે ` **૪૦૦ કરોડ**ની જોગવાઈ.

- કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત `**૨૫૦ કરોડ**ની જોગવાઇ.

- પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવા `**૨૦૩ કરોડ**ની જોગવાઇ.

- એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા `**૨૦૦ કરોડ**ની જોગવાઇ.

- ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના હેઠળ `**૧૨૫ કરોડ**ની જોગવાઇ.

- સ્માર્ટ ફાર્મિંગની યોજના અંતર્ગત સોઈલ હેલ્થ કાર્ડ અને ખેડૂતોને કૃષિ એડવાઈઝરી માટે `**૫૦ કરોડ**ની જોગવાઇ.

- ખેડૂતોને મિલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા બિયારણ સહાય, પ્રચાર-પ્રસાર વગેરે માટે `**૩૫ કરોડ**ની જોગવાઈ.

- નેનો ફર્ટિલાઇઝર અને જંતુનાશક દવાઓના છંટકાવ માટે કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા `**૧૦ કરોડ**ની જોગવાઈ.

- ટ્રેનિંગ ફોર એગ્રીકલ્ચરલ લર્નિંગ એન્ડ ઇન્ટિગ્રેશન મિશન (TALIM) યોજનામાટે `**૨ કરોડ**નીજોગવાઈ.

- શેરડીના પાક માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભું કરવા `**૨ કરોડ**ની જોગવાઈ.

**બાગાયત**

- **ફળ પાક ઉત્પાદકતા વધારવા** અને બાગાયતી પાકોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત ધરૂ/રોપા/કલમોનો ઉછેર અને ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા નર્સરી વિકાસ માટે સહાય આપવા કુલ `**૬૫ કરોડ**ની જોગવાઇ.

- બાગાયતી પાકોમાં કાપણી પછી બગાડ અટકાવવા માળખાકિય સુવિધા ઊભી કરવા `**૪૦ કરોડ**ની જોગવાઇ.

- નાળિયેરીની ખેતીને પ્રોત્સાહન હેતુ ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ માટે `**૬ કરોડ**ની જોગવાઇ.

- મસાલા પાકોના સર્ટીફાઇડ બિયારણ ઉપર સહાય યોજના માટે `**૫ કરોડ**ની જોગવાઇ.

- અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ હેઠળ શહેરમાં માળી કામ અર્થે યુવાનોને કૌશલ્યવર્ધન રોજગારલક્ષી તાલીમ આપવા માટે`**૩ કરોડ**ની જોગવાઇ.

**કૃષિ-પશુપાલન શિક્ષણ અને સંશોધન**

કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને પ્રાકૃતિક ખેતી સંલગ્ન શિક્ષણ, વિસ્તરણ તથા સંશોધન અંતર્ગત લેબ ટુ લેન્ડના એપ્રોચ સાથે કૃષિ યુનિવર્સિટીઓ, કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત નેચરલ ફાર્મીંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીકાર્યરત છે.આ યુનિવર્સિટીઓમાં માળખાકિય સગવડોના વિકાસ, શૈક્ષણિક કાર્ય અને સંશોધન માટે **`૧૧૫૩ કરોડ**ની જોગવાઈ.

**પશુપાલન**

- ગૌશાળા, પાંજરાપોળ અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ માટે **મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના** અંતર્ગત **`૫૦૦ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના અને ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે **`૧૦૯ કરોડ**ની જોગવાઈ.
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય માટે **`૬૨ કરોડ**ની જોગવાઈ.
- દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકિય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા **`૧૨ કરોડ**ની જોગવાઈ.
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સ- ૧૯૬૨ ની સેવાઓ માટે **`૧૦ કરોડ**ની જોગવાઈ.
- રાજ્યમાં ૧૫૦ નવા સ્થાયી પશુ દવાખાના શરૂ કરવા **`૧૦ કરોડ**ની જોગવાઈ.

**મત્સ્યોદ્યોગ**

- નવા મત્સ્યબંદરોના વિકાસ તેમજ હયાત મત્સ્યકેન્દ્રોના આધુનિકીકરણ અને નિભાવ માટે **`૬૪૦ કરોડ**ની જોગવાઈ.
- સાગરખેડુઓને ડીઝલ વેટ રાહત તેમજ પેટ્રોલ પર સહાય માટે **`૪૫૩ કરોડ**ની જોગવાઈ.
- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના હેઠળ મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે **`૧૫૫ કરોડ**ની જોગવાઈ.
- દરિયાઈ, આંતરદેશીય અને ભાંભરા પાણી આધારિત મત્સ્યોદ્યોગના વિકાસ માટે **`૧૧૭ કરોડ**ની જોગવાઈ.

**સહકાર**

- ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓને કિસાન ક્રેડિટ કાર્ડ મારફત અપાતા `૩ લાખ સુધીના ટૂંકી મુદતનું પાક ધિરાણ પર વ્યાજ સહાય પેટે `**૧૨૭૦ કરોડ**ની જોગવાઇ.

- પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓના કોમ્પ્યુટરાઇઝેશન તેમજ સાધન સહાય માટે `**૧૨૪ કરોડ**ની જોગવાઇ.

- બજાર સમિતિઓમાં વેરહાઉસ બનાવવા સહાય માટે `**૩૮ કરોડ**ની જોગવાઇ.

- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ સુદ્રઢ કરવા `**૨૩ કરોડ**ની જોગવાઇ.

- તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે કેપિટલ સહાયની યોજના અંતર્ગત `**૩ કરોડ**ની જોગવાઇ.

**ઉદ્યોગ અને
ખાણ**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ ₹૮૫૮૯ કરોડની જોગવાઇ**

ગુજરાતના સકલ ઘરેલું ઉત્પાદન (GDP)માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ફાળો સૌથી વધારે છે. ટેક્સટાઇલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ, સિરામિક, ડાયમંડ જેવા ક્ષેત્રોમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રીન હાઇડ્રોજન અને બીજા નવા ક્ષેત્રોમાં અદ્યતન ટેકનોલોજી સાથે ખાનગી ક્ષેત્રના મૂડી રોકાણ માટે ગુજરાત પ્રયત્નશીલ છે. થ્રસ્ટ સેકટરમાં ગ્રીન એમોનિયા, ફ્યુઅલ સેલ, બેટરી સ્ટૉરેજ, ઈલેક્ટ્રિક વ્હિકલ, ઇલેક્ટ્રોનિક્સ, અવકાશ અને ઉડ્ડયન જેવા ક્ષેત્રોમાં સંપૂર્ણ ઈકો સિસ્ટમ ઊભી કરવામાં આવશે.

છેલ્લાં ૮ વર્ષમાં દેશમાં થયેલ આશરે `૩૨ લાખ કરોડના વિદેશી મૂડી રોકાણ પૈકી ૫૭% એટલે કે `**૧૮ લાખ કરોડ**નું મૂડીરોકાણ ગુજરાતમાં થયેલ છે. નીતિ આયોગના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમા સમગ્ર દેશમાં ગુજરાત ટોપ એચીવર સ્ટેટમાં સ્થાન પામેલ છે. દેશની કુલ નિકાસમાં ૩૩% હિસ્સા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

- ટેક્સટાઇલ નીતિ અંતર્ગત કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે `**૧૫૮૦ કરોડ**ની જોગવાઇ.

- MSME ઉદ્યોગો રાજ્યના મેન્યુફેક્ચરિંગ સેકટરની કરોડરજ્જુ સમાન છે. આ ઉદ્યોગોને પ્રોત્સાહન માટે જુદા જુદા પ્રકારની સહાય માટે `**૧૫૦૦ કરોડ**ની જોગવાઈ.

- મોટા ઔદ્યોગિક એકમોને રાજ્યમાં મૂડીરોકાણ માટે પ્રોત્સાહિત કરવા `**૮૮૦ કરોડ**ની જોગવાઈ.

- આદિજાતિ વિસ્તારોમાં આઠ, એગ્રો પ્રોસેસિંગ માટે બે અને સી-ફૂડ પ્રોસેસિંગ માટે બે જી.આઇ.ડી.સી. વસાહતો સ્થાપવાનો નિર્ણય લેવાયેલ છે. આ ઔદ્યોગિક વસાહતોના વિકાસમાટે રાજ્ય સરકારની સહાય પેટે `**૨૩ કરોડ**ની જોગવાઇ.

- ઔદ્યોગિક વસાહતોમાં માળખાકિય સગવડોનો વિકાસ કરવા અને ટ્રિટેડ વેસ્ટ વોટરનો નિકાલ કરવા માટે ડીપ-સી પાઇપલાઇનો નાખવા માટે `**૪૭૦ કરોડ**ની જોગવાઇ.

- ઉદ્યોગોની લોજીસ્ટીક કોસ્ટ ઘટાડવા, લાસ્ટ માઇલ રેલ કનેક્ટિવિટી પૂરી પાડવા તેમજ લોજીસ્ટિક ફેસિલિટી વિકસાવવા રફાળેશ્વર અને બેડી પોર્ટ પાસે ટર્મિનલ બનાવવા `**૨૩૭ કરોડ**ની જોગવાઇ.

- રાજ્યમાં આવેલ ત્રણ સ્પેશયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન (SIR): ધોલેરા, માંડલ-બેચરાજીઅને પી.સી.પી.આઇ.આર. દહેજમાં ઉદ્યોગો માટે વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકિય સુવિધાઓ ઊભી કરવા `**૧૮૮ કરોડ**ની જોગવાઇ.

- કેન્દ્ર સરકાર દ્વારા ૧ હજાર કરોડની સહાયથી જંબુસર ખાતે સ્થાપવામાં આવી રહેલ બલ્ક ડ્રગ પાર્કના નિર્માણ માટે `**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- માઇક્રો અને સ્મોલ એન્ટરપ્રાઇઝના વિલંબિત ચૂકવણાના કેસોના નિર્ણય ઝડપી અને અસરકારક બનાવવા પાંચ વધારાની કાઉન્સિલની રચના કરવા માટે ` **૧કરોડ**ની જોગવાઇ.

**કુટીર ઉદ્યોગ**

**ODOP (One District One Product)** યોજના હેઠળ દરેક જિલ્લાની ખાસ ઉત્પાદિત આઇટમની આંતરરાષ્ટ્રીય ઓળખ ઊભી કરવા માનનીય વડાપ્રધાનશ્રીએ આહ્વાન કરેલ છે. પાટણના પટોળા, જામનગરની બાંધણી અને કચ્છનું ભરતકામ એ ગુજરાતની આગવી ઓળખ અને ભવ્ય વારસાના પ્રતિક છે, કે જેમને જી.આઇ. ટેગ મળેલ છે. એકતાનગર ખાતે દેશના વિવિધ રાજયોના ઉત્પાદનો અને હસ્તકલા ઉત્પાદનોના પ્રમોશન તથા વેચાણ માટે યુનિટી મોલ સ્થાપવામાં આવેલ છે. આજ પેટર્ન પર ગાંધીનગર ખાતે પણ યુનિટી મોલ સ્થાપવામાં આવશે.

- **શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના** અન્વયે ૩૭ હજાર લાભાર્થીઓ માટે `**૨૩૭ કરોડ**ની જોગવાઇ.

- **માનવ કલ્યાણ યોજના** અન્વયે ૨૭ ટ્રેડ માટે અંદાજે ૩૫ હજાર લાભાર્થીઓને લાભ આપવામાં આવશે.

**પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન**

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપી રોજગારીની નવી તકો ઊભી કરવા સરકારે અનેકવિધ પગલાઓ લીધેલ છે. આ ક્ષેત્રના વિકાસને વેગ આપવા આ પ્રભાગના બજેટ ૩૪૬% નો વધારો કરવાની હું જાહેરાત કરું છું.

**પ્રવાસનના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા માટે `૨૦૭૭ કરોડની જોગવાઇ**

- આઇકોનિક ટુરિસ્ટ સ્થળોના સંકલિત વિકાસ માટે `**૭૦૬ કરોડ**ની જોગવાઇ.

- ધાર્મિક, હેરીટેજ,એડવેન્ચર અને ઇકોટુરિઝમ અંતર્ગત આવતા પ્રવાસન સ્થળોના વિકાસ માટે `**૬૪૦ કરોડ**ની જોગવાઇ.

- એરસ્ટ્રીપ/એરપોર્ટનો વિકાસ કરવા તેમજ એર કનેક્ટિવિટી વધારવા માટે `**૨૧૫ કરોડ**ની જોગવાઇ.
- અ

  અંબાજી-ધરોઇ બંધ પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસી અને યાત્રાધામ વિકાસ માટે `**૩૦૦ કરોડ**ની જોગવાઇ.
- 

- રાજ્યમાં આવેલ જુદા જુદા યાત્રાધામોના વિકાસ અને યાત્રિકોની સગવડો વધારવા માટે `**૯૪ કરોડ**ની જોગવાઇ.

- હેરિટેજ અને સિનેમેટિક પ્રવાસન નીતિ માટે `**૩૩ કરોડ**ની જોગવાઇ.

- કર્લી જળાશય વિસ્તારને પર્યટન સ્થળ તરીકે વિકાસ કરવા માટે `**૨૫ કરોડ**ની જોગવાઇ.

- ધોળાવીરા, ધરોઈ, નડાબેટ,કડાણા ડેમ, શિવરાજપુર વગેરે સ્થળોએ ટેન્ટ સિટી વિકસાવવા માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.

- સ્વામી વિવેકાનંદ સર્કિટના વિકાસ માટે `૧૨૦ કરોડના આયોજન સામે `**૧૦ કરોડ**ની જોગવાઇ.

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી-એકતા નગર**

એકતાનગર ખાતે વિવિધ કામગીરી માટે `**૫૬૫ કરોડ**ની જોગવાઇ.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ સ્થપાયેલ ૧૮૨ મીટર ઉંચી સરદાર પટેલની પ્રતિમા સંપૂર્ણ દેશને એકતા અને અખંડિતતાનો સંદેશ આપે છે. પ્રવાસીઓ માટે વિવિધ આકર્ષણો સાથે તેમની સગવડોમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહેલ છે. એકતાનગર આજે વિશ્વના નોંધપાત્ર પર્યટન સ્થળ તરીકે ઉભરી રહેલ છે. આદિજાતિ સંસ્કૃતિ, પ્રકૃતિ અને પાણીના સંગમને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરી રોજગારીની વિપુલ તકોનું સર્જન કરવા આ વિસ્તારનો સંકલિત વિકાસ કરવાનું આયોજન છે.આગામી સમયમાં એકતાનગર ખાતે વિશ્વકક્ષાની ડ્રાઇવ ઇન સફારી અને વિવિધ પ્રકારના મ્યુઝિયમ પણ સ્થાપવામાં આવશે.

**:પંચમ સ્તંભ :**

**<u>ગ્રીનગ્રોથ</u>**

**વન અને
પર્યા વરણ**

**વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ₹૨૦૬૩ કરોડની જોગવાઇ**

વિકાસની સાથે પર્યાવરણના જતન માટે વનોનું રક્ષણ અને સંવર્ધન જરૂરી છે.વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને જતન માટે રાજ્યે નોંધપાત્ર કામગીરી કરેલ છે. છેલ્લી ગણતરી મુજબ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, અભયારણ્ય તેમજ બૃહદ ગીર વિસ્તારમાં

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અંદાજપત્રની રજૂઆત

એશિયાઇ સિંહની સંખ્યા ૫૨૩ થી વધીને ૬૭૪ નોંધાયેલ છે, જે વિશ્વ કક્ષાએ આરક્ષિત પ્રજાતિઓના સંરક્ષણ ક્ષેત્રે એક વિક્રમ સમાન છે.

- વનોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે`**૫૧૨ કરોડ**ની જોગવાઇ.
- વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણ માટે `**૩૫૩ કરોડ**ની જોગવાઇ.
- વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ માટે `**૩૧૭ કરોડ**ની જોગવાઇ.
- વળતર વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ માટે `**૨૦૪ કરોડ**ની જોગવાઈ
- હરિત વસુંધરા પ્રોજેક્ટ, પાવન વૃક્ષ વાટીકાઅને વૃક્ષોનું આવરણ વધારવાની વિવિધ યોજનાઓ માટે `**૪૦ કરોડ**ની જોગવાઇ.
- ગીર વિસ્તારના સંકલિત વિકાસના આયોજનના ભાગરૂપે ગીર અભયારણ્ય તેમજ વધુ બે લાયન સફારીનો વિકાસ કરવા માટે `**૨૭ કરોડ**ની જોગવાઇ.
- લોકોમાં વન અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ લોકસમુદાયને તેમાં સક્રિય રીતે જોડવા માટે મિયાવાકી પદ્ધતિથી ૭૫ અર્બન ફૉરેસ્ટ (વન કવચ)ના નિર્માણ માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.
- દરિયાઇ સૃષ્ટિના સંવર્ધન, વાવાઝોડા સામે રક્ષણ અને દરિયાઇ કાંઠાના ધોવાણ અટકાવવા માટે કેન્દ્ર સરકારે **મિષ્ટી કાર્યક્રમ** હાથ ધરવાની જાહેરાત કરી છે. જે અંતર્ગત દરિયાકાઠાં પર ચેર વાવેતર અને પુનઃસ્થાપન માટે `**૧૧ કરોડ**ની જોગવાઈ.
- ઘાસ સંગ્રહ વધારવા માટે ઘાસ ગોડાઉન બાંધકામ યોજના હેઠળ `**૮ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ વિસ્તારોમાં લોકોની આવક વધારવા તેમજ વનક્ષેત્રમાં વૃદ્ધિ કરવા એગ્રો ફૉરેસ્ટ્રીને ખાસ ઉત્તેજન આપવા માટે `**૮ કરોડ**ની જોગવાઇ.
- 'MissionLiFE'અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં તાલીમ અને માનવ સંસાધન વિકાસ હાથ ધરવા તેમજ જનજાગૃતિ અભિયાન ચલાવવા `**૬ કરોડ**ની જોગવાઈ.
- અમૃત ધરોહરો– જળ પ્લાવિત વિસ્તારો ગુજરાતના પર્યાવરણમાં અનેરું સ્થાન ધરાવે છે. ગુજરાત વિશ્વ કક્ષાએ સ્વીકૃતિ મેળવેલ ચાર રામસર સ્થળો ધરાવે છે. આ ધરોહરની જાળવણી અને વિકાસ માટે `**૧ કરોડ**ની જોગવાઇ.

**ક્લાઇમેટ ચેન્જ**

**ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે કુલ `૯૩૭ કરોડની જોગવાઇ**

કલાઈમેટ ચેન્જના કારણે વિવિધ ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલ પડકારોને પહોંચી વળવા સરકાર આયોજનબદ્ધ રીતે કાર્ય કરી રહી છે. તાજેતરમાં ભારત સરકારનાં નીતિ આયોગ દ્વારા જાહેર થયેલ ક્લાઈમેટ અને એનર્જી ઈન્ડેક્ષમાં ગુજરાતને પ્રથમ ક્રમ આપવામાં આવેલ છે. રિન્યુએબલ ઊર્જા સ્ત્રોતોનો વિકાસ કરી રાજ્યે ૧૯ હજાર મેગાવોટની ક્ષમતા સ્થાપિત કરી દેશના અગ્રગણ્ય રાજ્યોમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરેલ છે.

- ૪ લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટોપ સ્થાપી ૨૩૦૦ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે . આ યોજના માટે ` **૮૨૪ કરોડ**ની જોગવાઈ.

- ૧૦ હજાર વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રિક દ્વિચક્રી વાહન ખરીદવાની સહાય માટે ` **૧૨ કરોડ**ની જોગવાઇ.

- આગામી પાંચ વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોમાં સ્મશાનગૃહોને સુધારેલ સ્મશાનભઠ્ઠી યોજના હેઠળ આવરી લેવામાં આવશે.આ યોજના માટે ` **૭ કરોડ**ની જોગવાઈ .

- ગૌશાળાઓતથા અન્ય સંસ્થાઓમાં બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે ` **૬ કરોડ**ની જોગવાઈ.

**ગૃહ**

**ગૃહ વિભાગ માટે કુલ₹૮૫૭૪ કરોડની જોગવાઇ**

રાજ્યના વિકાસમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અગત્યની ભૂમિકા ભજવે છે. સરકાર રાજ્યમાં શાંતિ, સલામતી અને સુરક્ષાને જાળવી રાખવા તેમજ તેને વધારે સુદૃઢ બનાવવાસતત કાર્યરત છે. આ હેતુસર રાજ્ય પોલીસમાં માનવબળ વધારવા, મોર્ડનાઈઝેશન કરવા અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. સુરક્ષા તથા સંકલિત પરિવહન નિયંત્રણ માટે "વિશ્વાસ" પ્રોજેક્ટ અને દરેક સ્તરે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર "ત્રિનેત્ર" કાર્યરત કરી, રાજ્યની સુરક્ષાને વધારે સુદૃઢ બનાવાયેલ છે. વાહન અને મોબાઇલ ચોરીના કિસ્સામાં મોબાઇલ મારફત ફરિયાદ થઇ શકે તે માટે e-FIRએપ ચાલુ કરવામાં આવેલ છે. પોલીસ અને રાજ્ય અનામત દળમાં મહિલાઓની ભાગીદારી વધારવા રાજ્ય સરકારે સંખ્યાબધ પગલાં લીધેલ છે. રાજ્યમાં SRPની એક મહિલા બટાલિયન ઊભી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

- પોલીસ જવાનો અને અધિકારીઓ માટે યોગ્ય આવાસની સગવડો પૂરી પાડવા સરકારે તબક્કાવાર પોલીસ આવાસોનું નિર્માણ કાર્ય હાથ ધરેલ છે. જેના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૫૭૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. આવાસ નિર્માણ માટે ચાલુ વર્ષે ` **૩૧૫ કરોડ**ની જોગવાઇ.

- પોલીસતંત્રની કચેરીઓના નિર્માણ અને આધુનિકીકરણ માટે ` **૨૫૭ કરોડ**ની જોગવાઇ.

- મોડાસા જેલના નિર્માણ માટે ` **૨૨ કરોડ**ની જોગવાઇ.

- **૧૫** જિલ્લાઓમાં સાયબર ક્રાઇમને નાથવા માટે ક્રાઇમ પોલીસ સ્ટેશન શરૂ કરવા માટે ` **૧૪ કરોડ**ની જોગવાઇ.

- બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) ટીમોની કામગીરી માટે સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે **`૯ કરોડ**ની જોગવાઈ.

- ઈ-ગુજકોપની કામગીરી અસરકારક અને ઝડપી બનાવવા ટેબ્લેટની ખરીદીકરવા **`૬ કરોડ**ની જોગવાઇ.

**કાયદા**

**કાયદા વિભાગ માટે કુલ₹૨૦૧૪ કરોડની જોગવાઇ**

છેવાડાના માનવી સહિત સમાજના દરેક વર્ગની વ્યકિતને સરળતાથી તથા પારદર્શી રીતે ન્યાય મળી રહે તે એક બંધારણીય અધિકાર છે. માળખાકિય સુવિધાઓના વિકાસ અને ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયપ્રક્રિયામાં સરળતા લાવવા માટે ન્યાયતંત્ર અને સરકાર પ્રયત્નશીલ છે. રાજ્યમાં ન્યાયિક વ્યવસ્થા સુદ્રઢ કરવા આગામી વર્ષોમાં ૭૫ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટ તેમજ ૨૫ સિનિયર સિવિલ જજની કોર્ટ સ્થાપવામાં આવશે. જુદી જુદી કોર્ટમાં ચલાવવામાં આવતા દાવાઓ અને તેની પ્રક્રિયાને લગતા દસ્તાવેજો પર કોર્ટ ફી લગાડવાની જોગવાઇ છે. આ વ્યવસ્થામાં ફેરફાર કરી સરળ અને તર્ક સંગત બનાવવામાં આવશે.

- જુદાજુદા સ્તરે કોર્ટ બિલ્ડિંગના બાંધકામો તેમજ જાળવણી માટે **`૨૧૧ કરોડ**ની જોગવાઇ.

- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેણાંકોના મકાનો માટે **`૧૭૯ કરોડ**ની જોગવાઇ.

- ઇ-કોર્ટ મિશન પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત હાઇકોર્ટઅને બીજી અદાલતોમાં કોમ્પ્યુટરાઇઝેશન અને ડિજિટાઇઝેશન થકી વ્યવસ્થામાં સરળીકરણ અને પારદર્શિતા લાવવા તેમજ પક્ષકારોને ઓનલાઇન સગવડ આપવા માટે **`૨૮કરોડ**નીજોગવાઇ.

- વકીલોના કલ્યાણ માટેના વેલફેર ફંડ અંતર્ગત **`૫ કરોડ**ની જોગવાઇ.

**મહેસૂલ**

**મહેસૂલ વિભાગ માટે કુલ₹૫૧૪૦ કરોડની જોગવાઇ**

જમીન તેમજ મહેસૂલી વ્યવસ્થાપનનું ઉત્તરોત્તર સરળીકરણ અને ડિજિટાઇઝેશન કરી લોકોને ઘરેબેઠા સેવાઓ આપવા અને પારદર્શિતા લાવવા સરકાર કટિબદ્ધ છે. હવે ડિજિટલ સિગ્નેચર સાથેનું ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર ઘરે બેઠા મળી રહે તેવી પદ્ધતિ સરકારે અમલમાં મૂકેલ છે. મહેસૂલી દસ્તાવેજોની નોંધણી માટે નાગરિકો પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરીને ઇન્ડેક્ષ-૨ની સર્ટીફાઇડ નકલો પણ ઓનલાઇન મેળવી શકે છે. રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓના કોમ્પ્યુટરાઇઝેશન અને આધુનિકીકરણ કરવાનું મોટું અભિયાન હાથ ધરવાનું સરકારે નક્કી કર્યું છે.

- પાટણ ખાતે નવી કલેકટર કચેરી અનેઈડર, બાબરા, ઉપલેટા, માળીયા (હાટીના), ઉંઝા અને ભિલોડા ખાતેમામલતદાર કચેરીઓના બાંધકામ માટે **`૪૬ કરોડ**ની જોગવાઇ.

- ૬-સબ રજીસ્ટ્રાર કચેરી અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ભવનના નવીન બાંધકામ માટે `**૩૫ કરોડ**ની જોગવાઈ.

- નાગરિકોને વધુ સારી સુવિધાઓ માટે રાજ્યની સબ રજીસ્ટ્રાર અને સ્ટેમ્પ કચેરીઓના રિનોવેશન અને અપગ્રેડેશન માટે `**૭ કરોડ**ની જોગવાઇ.

- મહેસૂલ તંત્રની વિવિધ કચેરીઓના રેકર્ડ અને દસ્તાવેજોના ડિજિટાઇઝેશન માટે `**૫ કરોડ**ની જોગવાઇ.

**સામાન્ય**
**વહીવટ**

**સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ ₹૧૯૮૦ કરોડની જોગવાઇ**

રાજ્ય સરકારની દૂરંદેશિતાપૂર્ણ વિકાસલક્ષી દૃષ્ટિને સુગમ સુશાસનનો આધાર જરૂરી છે. લોકપ્રતિનિધિઓની જરૂરિયાત મુજબ સઘન આયોજન સુનિશ્ચિત કરી તેના અમલીકરણ માટે આંકડાકીય અને આઉટકમ બેઝડ માળખાની જરૂરિયાત રહે છે.

ઇ-ગવર્નન્સના ઉપયોગથી પ્રશાસનમાં ટોચથી લઈને પાયાના સ્તર સુધી પારદર્શિતા લાવવાઅને સરળીકરણ કરવા સરકાર કાર્યરત છે. કર્મયોગીઓને તાલીમબદ્ધ કરી લોકાભિમુખ વહીવટ અને પ્રોએક્ટિવ ગવર્નન્સની ભાવનાને સાકાર કરવાના ધ્યેય સાથે સરકાર આગળ વધી રહી છે. રાજ્યની વહીવટી કાર્યપદ્ધતિમાં ઇ-ગવર્નન્સના ભાગરૂપે વહીવટી વિભાગોથી શરૂ કરીને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી વ્યાપ ધરાવતી **ઇ-સરકાર** એપ્લિકેશન શરૂ કરવામાં આવેલ છે.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ(SDG) અને નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં નક્કી કરેલ લક્ષ્યાંકોને હાંસલ કરી રાજ્યના લોકોની સુખાકારી અને માનવ સૂચકાંકમાં વૃદ્ધિ માટે એકશન પ્લાનનો સમયબદ્ધ રીતે અમલ કરવા રાજ્ય સરકાર કૃતસંકલ્પ છે.આ હેતુસર નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં સરકારી યોજનાઓના આયોજન, અમલીકરણ અને આઉટકમના મૂલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરવા રાજ્ય આયોગ (નીતિ ગુજરાત)ની સ્થાપના કરવામાં આવશે.

ઇ-ગવર્નન્સના ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ ઉપલબ્ધ તકોના મહત્તમ ઉપયોગ દ્વારા રાજ્ય વહીવટને આધુનિક સ્વરૂપ આપવા અને કર્મયોગીઓની ક્ષમતાને સુદૃઢ કરવા માટે આઇ.ટી. એનેબલ્ડ એચ.આર.નું આયોજન કરવામાં આવેલ છે.

- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોનાં વિકાસનાં કામો માટે `**૧૩૧૦ કરોડ**ની જોગવાઇ.

- સમતોલ વિકાસ કરવા માટે નીતિ આયોગ દ્વારા નિયત કરેલ એસ્પિરેશનલ તાલુકાઓના વિકાસ માટે `**૧૩ કરોડ**નું આયોજન.

**માહિતી અને પ્રસારણ**

**માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ ₹૨૫૭ કરોડની જોગવાઇ**

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અંદાજપત્રની રજૂઆત

રાજ્ય સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓ, મહત્વના નિર્ણયો તથા ફ્લેગશિપ કાર્યક્રમોની જાણકારી જનતાને ઝડપથી અને વિશ્વસનીય રીતે પ્રાપ્ત થાય તે જરૂરી છે. સરકારી યોજનાઓનો લાભ લોકો મેળવી શકે એ માટે સરકાર પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક્સ અને સોશિયલ મીડિયાનો સમુચિત ઉપયોગ કરીને પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે.

- ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા અમારી સરકારે વર્ષ ૨૦૧૬થી ગુજરાતી ચલચિત્રો માટે ગુણવતા સમન્વિત પ્રોત્સાહન નીતિ જાહેર કરેલ છે. ગુજરાતી ફિલ્મોના પ્રોત્સાહન માટે `**૨૦ કરોડ**ની જોગવાઇ.

- પ્રચાર અને પ્રસાર માટે બનાવવામાં આવેલ વિવિધ સાહિત્યનું રાજ્યકક્ષાનું આર્કાઇવ ઊભું કરવામાટે `**૨ કરોડ**ની જોગવાઇ.

**હવે હું ૨૦૨૧-૨૨ વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ .**

**વર્ષ ૨૦૨૧-૨૨નો હિસાબ**

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ચોખ્ખી લેવડ-દેવડના કારણે **`૬૩૬૯.૭૫ કરોડની પુરાંત** રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. વર્ષ ૨૦૨૧-૨૨ માટેના હિસાબમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **`૪૧૮ કરોડની પુરાંત** દર્શાવે છે.

**( `કરોડમાં)**

| | | **વર્ષ ૨૦૨૧-૨૨ ના સુધારેલા અંદાજ** | **વર્ષ૨૦૨૧-૨૨ ના હિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૬૩૦૨૦.૧૯ | ૧૬૬૮૨૯.૭૦ |
| | મહેસૂલી ખર્ચ | ૧૬૨૩૦૬.૦૮ | ૧૬૦૪૨૧.૨૭ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+)૭૧૪.૧૧** | **(+) ૬૪૦૮.૪૩** |
| | મૂડીની આવક | ૫૯૭૪૬.૧૯ | ૪૭૧૨૩.૭૬ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૫૪૬૮૯.૫૧ | ૫૩૬૯૨.૦૯ |
| | મૂડી હિસાબ પર ખાધ/પુરાંત | **(+) ૫૦૫૬.૬૮** | **(-)૬૫૬૮.૩૩** |
| | **સરવાળો (૧)એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(+) ૫૭૭૦.૭૯** | **(-) ૧૫૯.૯૦** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **----** | **----** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+) ૫૯૮.૯૬** | **(+) ૫૭૭.૯૦** |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ(૧ + ૨+૩)** | **(+) ૬૩૬૯.૭૫** | **(+) ૪૧૮.૦૦** |

**વર્ષ ૨૦૨૨-૨૩ના સુધારેલા અંદાજ**

વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **`૬૬૮.૦૯ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે ચોખ્ખી લેવડ-દેવડના કારણે સુધારેલ અંદાજમાં **`૮૯૯.૩૨ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

**(` કરોડમાં)**

| | | વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજ | વર્ષ ૨૦૨૨-૨૩ ના સુધારેલા અંદાજ |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૮૨૦૪૫.૪૬ | ૧૯૬૧૮૭.૩૧ |
| | મહેસૂલી ખર્ચ | ૧૮૧૦૩૯.૬૦ | ૧૮૯૪૯૩.૭૦ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+) ૧૦૦૫.૮૬** | **(+) ૬૬૯૩.૬૧** |
| | મૂડીની આવક | ૫૧૨૫૧.૦૦ | ૫૩૯૫૧.૧૭ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૫૯૩૯૪.૦૬ | ૬૨૬૭૬.૪૫ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(-) ૮૧૪૩.૦૬** | **(-)૮૭૨૫.૨૮** |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-) ૭૧૩૭.૨૦** | **(-)૨૦૩૧.૬૭** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **----** | **-----** |
| **(૩)** | **જાહેર હિસાબ ( ચોખ્ખો)** | **(+) ૭૮૦૫.૨૯** | **(+) ૨૯૩૦.૯૯** |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૬૬૮.૦૯** | **(+) ૮૯૯.૩૨** |

**વર્ષ ૨૦૨૩-૨૪ નો અંદાજ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રિ યજોગવાઈ તેમજ મૂડી ખર્ચમાં સૂચવેલ અભુતપૂર્વ વધારા માટે જરૂરી નાણાકીય સંસાધનોનું પણ સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના પરંપરાગત મહેસૂલી આવકના સ્ત્રોતો ઉપરાંત મૂડી આવકના નવા સ્ત્રોતો ઊભા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. એસેટમોનેટાઈઝેશન સાથે નોનસ્ટ્રેટેજિક અને વ્યવસાયિક ધોરણે ચાલતા જાહેર સાહસોના વિનિવેશની દિશામાં સરકાર પ્રયત્ન કરશે. આ ઉપરાંત રાજ્ય સરકાર NABARD, SIDBI વગેરે જેવી સંસ્થાઓ પાસેથી ઓછા વ્યાજની લોન મેળવશે. તાંત્રિક સહયોગ સાથે મલ્ટી લેટરલ ધિરાણ મેળવી ટેકનોલોજી અપગ્રેડેશન કરવામાં આવશે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ તેમજ Viability Gap Funding (VGF) દ્વારા બિનસરકારી ક્ષેત્રના રોકાણોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

મૂડી ખર્ચની બહુગુણિત અસરથી અર્થતંત્રની ભાવિ ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે જે અંતત: આર્થિક વૃદ્ધિના ઊંચા દરમાં પરિણમે છે. આથી કેન્દ્ર સરકારે મૂડી ખર્ચમાં વધારો કરવાની બાબતને પ્રોત્સાહન આપેલ છે, જેને અનુસરીને આ અંદાજપત્રમાં મૂડી ખર્ચમાં અમે અભૂતપૂર્વ વધારો સૂચવેલ છે. જેના થકી રાજ્યમાં ખાનગી મૂડીરોકાણમાં વૃદ્ધિ થશે તથા રાજ્યનો આર્થિક વિકાસ દર વધશે. આ રીતે વિકાસનું ચક્ર વિધેયાત્મક ગતિમાં(virtuous cycle) આગળ વધશે.

વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજ મુજબ મહેસૂલી હિસાબ પર પુરાંત **`૯૦૩૮.૩૦ કરોડ** રહેશે .મહેસૂલી હિસાબ સાથે મૂડી હિસાબઅને ચોખ્ખો જાહેર હિસાબ ગણતરીમાં લેતાં વર્ષ ૨૦૨૩-૨૪ નો અંદાજ **`૯૧૬.૮૭ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે .

**(` કરોડમાં)**

| | | વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજ |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૨૦૭૭૦૯.૮૮ |
| | મહેસૂલી ખર્ચ | ૧૯૮૬૭૧.૫૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+) ૯૦૩૮.૩૦** |
| | મૂડીની આવક | ૮૫૬૩૦.૮૯ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૯૭૯૦૨.૬૧ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(-) ૧૨૨૭૧.૭૨** |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-) ૩૨૩૩.૪૨** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **-----** |
| **(૩)** | **જાહેર હિસાબ ( ચોખ્ખો)** | **(+) ૪૧૫૦.૨૯** |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૯૧૬.૮૭** |

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અંદાજપત્રની રજૂઆત

**માનનીય અધ્યક્ષશ્રી,**

**હવે,હું મારા અંદાજપત્રનો ભાગ-ખ રજૂ કરીશ.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**સને ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત `૯૧૬.૮૭ કરોડની રહેશે.**

**અંદાજપત્રના ભાગરૂપે હવે હું, વર્ષ ૨૦૨૩-૨૪ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.**

છેલ્લા વર્ષોમાં કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના કારણે લોકોની આર્થિક પ્રવૃત્તિઓ પર વિપરીત અસર પડેલ હતી. કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત પેકેજની સમાંતર રાજ્ય સરકારના આત્મનિર્ભર ગુજરાત પેકેજ થકી વિવિધ વર્ગોને અન્ન સલામતી માટે રાહત દરે અન્ન વિતરણ તથા સ્ટેમ્પ ડ્યૂટી, મોટર વાહન કર, વીજળી શુલ્ક, પેટ્રોલ અને ડીઝલ પરના મૂલ્યવર્ધિત વેરાના દર વગેરેમાં રાહતો આપેલ છે.

ગૃહિણીઓ અને નાગરિકોને વિશેષ રાહત આપવા ઘરેલું વપરાશ માટેના પી.એન.જી. અને ઓટોમોબાઇલમાં વપરાતા સી.એન.જી. ઉપરના મૂલ્યવર્ધિત વેરાનો દર ૧૫ %થી ઘટાડીને ૫ % નક્કી કરેલ છે. આ ઘટાડાથી લોકોને વાર્ષિક આશરે ` ૧૦૦૦/- કરોડની રાહત થયેલ છે.

વીજળી શુલ્ક એ રાજ્યનો અગત્યનો મહેસૂલી આવકનો સ્ત્રોત છે. ઊર્જાની ઉત્તરોત્તર વધતી જતી ખપતના કારણે આ સ્ત્રોતમાંથી મળતી મહેસૂલી આવકમાં વધારો થવાની સંભાવના છે. આથી, વીજળી શુલ્કની વહીવટી બાબતોને સુગ્રથિત કરી સરળતા લાવવા અને અમલીકરણની કામગીરીમાં આઇ.ટી.નો ઉપયોગ કરવાની જરૂરિયાત છે. આ હેતુસર વીજળી શુલ્કના કાયદામાં ફેરફાર અંગે વિધેયક રજૂ કરવામાં આવશે.

**ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલ અનેકવિધ પગલાંઓના કારણે રાજ્યના અર્થતંત્ર પરની વિપરીત અસર હવે મહદઅંશે દૂર થયેલ છે. રાજ્યની અર્થવ્યવસ્થા પુનઃવેગવંતી બનેલ છે. માન.વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનામાં ગુજરાત નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે.**

**આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં વિદ્યમાન વેરાના દરમાં કોઈપણ ફેરફાર નહીં કરવાની કે નવા કોઇ વેરા નહીં નાખવાની હું જાહેરાત કરું છું.**

**સમાપન** સને ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ `કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | **(+) ૯૧૬.૮૭** |
| (૨) | કરવેરામાં સૂચિત વધારો | **(+) ૦.૦૦** | |
| (૩) | કરવેરામાં સૂચત ઘટાડો | **(-) ૦.૦૦** | |
| (૪) | એકંદર અંદાજિત પુરાંત | | **(+) ૯૧૬.૮૭** |

**માન.અધ્યક્ષશ્રી,**

વિકાસયાત્રાના આ પાંચ સ્તંભ થકી ૨૧મી સદીના સશકત અને સંપન્ન ગુજરાતના નિર્માણની પ્રક્રિયાને સાતત્યપૂર્ણ રીતે આગળ ધપાવવાનો અમારો આ સંનિષ્ઠ પ્રયાસ છે. અમે ગુજરાતના દરેક નાગરિકના કલ્યાણ અને આર્થિક વિકાસ માટે સમર્પિત છીએ. સૌ ગુજરાતીઓ ગુજરાતના વિકાસયજ્ઞમાં પૂરી નિષ્ઠાથી સહભાગી થઇ રહ્યા છે, ત્યારે આ સભાગૃહના માધ્યમથી સૌને અભિનંદન આપું છું.

**વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૩૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩**
**ફાલ્ગુન ૮, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ઝાલોદ તાલુકાના તળાવો ભરવાની મંજૂરી /

* ૨૬૧ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કડાણા જળાશય આધારીત ઝાલોદ તાલુકાના કેટલા ગામોમાં તળાવો ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) કુલ ૧૨ ગામના ૧૮ તળાવો. |
| (૨) તે પૈકી કેટલા તળાવો પાણીથી ભરવામાં આવેલ છે, અને | (૨) તમામ તળાવો પાણીથી ભરવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલ તળાવો ક્યાં સુધીમાં પાણીથી ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહેશભાઈ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એવો છે કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કડાણા જળાશય આધારિત ઝાલોદ તાલુકાના કેટલા ગામોમાં તળાવો ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે. એના જવાબમાં જણાવ્યું છે કે ૧૨ ગામના ૧૮ તળાવો પાણીથી ભરવામાં આવ્યા છે. ઝાલોદ તાલુકાના બાકી રહેલા ૬૨ ગામોના તળાવો પાણીથી ભરવાનું કોઇ આયોજન છે કે કેમ? કેટલા સમયમાં અને ક્યારે?

શ્રી મુકેશભાઈ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે, સુજલામ સુફલામ યોજનાની શરૂઆત આમ તો એપ્રિલ માસમાં અખાત્રીજના દિવસે થતી હોય છે પણ મખ્યમંત્રીશ્રીએ આ વખતે તળાવો સમયસર ભરાય એના માટે ફેબ્રુઆરીમાં જ શરૂઆત કરાવી દીધી છે. દરેક સભ્યશ્રીને વિનંતી કે આનો લાભ આપણે લઇએ. મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીન નિર્ણય લઇને ૨૦૧૮થી આ યોજના ચાલુ થઇ ત્યારથી જે દરિયા કિનારાનો વિસ્તાર છે ત્યાં ૬૦:૪૦ માં તળાવો ખોદાતા ન હતા અને તળાવોમાં પાણી ભરાતા ન હતા અને મનરેગામાં કોઇ કામ કરવા તૈયાર ન હતું. જિલ્લાની સમિતિ નિર્ણય કરે કે આ તળાવમાં મનરેગામાં કામ થઇ શકે એમ નથી. ગૃહના તમામ સભ્યશ્રીઓને અવગત કરવા માગું છું કે, આવા તળાવો હોય તો મુખ્યમંત્રીશ્રીએ ૧૦૦ ટકા સરકારી ખર્ચ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. આપના વિસ્તારના આવા તળાવો હોય તો જણાવશો તો પાણીની બચત કરી શકાય. સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે કડાણા જળાશય આધારિત જે જે તાલુકાઓમાં તળાવો ભર્યા છે એમાં જેતપુરના ૫ તળાવો ૨૦૨૧માં ૫ વાર ભર્યા, ૨૦૨૨રમાં ૫ વાર, કડવાલના ૨૦૨૧માં ૧ વાર અને ૨૦૨૨માં ૧ વાર ભર્યું. બાદરવાડામાં ૨૦૨૧માં ૨ વાર અને ૨૦૨૨માં ૩ વાર ભર્યું છે. સામણીયાના

૨૦૨૧માં ૪ વાર અને ૨૦૨૨ માં ૩ વાર, લીમડીમાં ૨૦૨૧માં ૨ વાર અને ૨૦૨૨માં ૧ વાર, પારેવા-૧માં ૨૦૨૧માં ૪ વાર અને ૨૦૨૨માં ૫ વાર, પારેવા-૨માં ૨૦૨૧માં ૩ વાર અને ૨૦૨૨માં ૧ વાર, પારેવા-૩માં ૨૦૨૧ માં ૩ વાર અને ૨૦૨૨માં ૧ વાર ભર્યું છે. મોટી હાંડી દગડીયામાં ૨૦૨૧ માં ૩ વાર અને ૨૦૨૨માં ૨ વાર ભર્યું છે.

અધ્યક્ષશ્રી : જવાબ લાંબો હોય તો મેજ ઉપર મૂકી દેજો.

શ્રી મુકેશભાઈ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૨ ગામના ૧૮ તળાવો ભરાયા છે એમાં ૨૦૨૧માં ૫૪ વાર અને ૨૦૨૨ માં ૪૧ વાર તળાવો ભર્યા છે. ઝાલોદ તાલુકામાં ૨૨૩ તળાવો આવેલા છે તે પૈકી ૧૮ તળાવો આપણે ખોદીને ભર્યા છે અને આવનારા દિવસોમાં સભ્યશ્રીનો પ્રશ્ન હતો એ મુજબ વિગતવાર માહિતી આપશે એટલે તમારા પ્રશ્નને આયોજનમાં લઇને તળાવો ભરી દઇશું.

શ્રી રમેશભાઈ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લાની સિંચાઇ માટેની મુખ્ય યોજનાઓ કેટલી છે અને કઇ કઇ છે? એનો કુલ લાભાર્થી વિસ્તાર કેટલો છે અને કેટલી યોજનાઓ કાર્યાન્વિત છે?

શ્રી મુકેશભાઈ ઝી. પટેલ : દાહોદ જિલ્લાની ૭ યોજનાઓ છે એની અંદર પાટા ડુંગરી જળાશય યોજના ગરબાડા તાલુકામાં આવેલી છે અને ૫૦૭૨ હેકટર વિસ્તારને લાભ મળે છે , ઉંબેડિયા લીંમખેડામાં આવેલી છે એ યોજના ૧૬ ગામો લાભાર્થી છે અને ૧૯૨ હેકટર વિસ્તારમાં યોજનાનો લાભ મળે છે. અડલવડા સિંચાઇ યોજના ધાનપુર તાલુકામાં આવેલી છે અને ૬ ગામોમાં ૧૩૭૬ હેકટર વિસ્તારમાં લાભ મળે છે. વાંકલેશ્વર સિંચાઇ યોજના દેવગઢબારિયાની અંદર ૧૦ ગામોને લાભ

મળે છે અને ૨૫૨૪ હેક્ટર જેટલો વિસ્તાર લાભ લે છે. કબુતરી સિંચાઇ યોજના લીમખેડાની અંદર ૫ ગામોને લાભ મળે છે. ૧૮૧૮ હેક્ટર વિસ્તારને લાભ મળે છે. માછાનાળા જળાશય યોજના ઝાલોદના૧૦ ગામોને ૨૪૬૩ હેક્ટર વિસ્તારને લાભ મળે છે. કાલી-૨ સિંચાઇ યોજનામાં ઝાલોદ તાલુકાના ૧૫ ગામોને ૧૫૧૫ હેક્ટર વિસ્તારને લાભ મળે છે આમ ૯૦ ગામોની અંદર ૧૬૯૫૦ હેક્ટર વિસ્તારને આ લાભ મળે છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લાને સિંચાઇ સુવિધાઓ પૂરી પાડવા માટેની ઉદ્વહન પાઇપ લાઇન યોજના થકી દાહોદ જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામના કેટલા વિસ્તારને લાભ મળનાર છે?

અધ્યક્ષશ્રી : જો જવાબમાં આવી ગયું હોય તો ફરી રિપિટ ના કરતા.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામ લેવા જઇએ તો ઘણા બધા ગામો છે.

અધ્યક્ષશ્રી : ગામો ના લેશો. તમે ખાલી ટૂંકમાં જે બાકી રહી ગયું હોય એટલો જ જવાબ આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૭૨ ગામોની અંદર ૪૫૦૦ જેટલા હેક્ટર વિસ્તારને લાભ મળે છે અને જે કડાણા જળશય દાહોદની અંદર ઉદ્વહન સિંચાઇ યોજના પૂર્ણ થઇ છે અને કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લા માટે ઉદ્વહન સિંચાઇ યોજના-૨ નું ૯૫ ટકા કામ પરિપૂર્ણ થઇ ગયું છે.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, બાકી રહેતા જે તળાવો છે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં સંજેલી તાલુકાના ૩ તળાવ શિગોર તાલુકાના ૭ તળાવ અને ૧ ડેમ, દેવગઢબારિયા તાલુકાના ૪૧ તળાવ, લીમખેડા તાલુકાના ૪ તળાવ, ધાનપુર તાલુકાના ૧૮ તળાવ આમ કુલ ૪૪ તળાવો અને ડેમ ભરવાનું આયોજન છે.

અધ્યક્ષશ્રી : એમનું એવું કહેવું છે કે એ તળાવો ક્યારે ભરવાનું શું આયોજન છે? એ એમનું પૂછવાનું હતું કે, ભાઇ જે બાકી રહી જાય છે એના માટેનું આયોજન શું?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : સાહેબ, એની સરવેની કામગીરી ચાલુ છે. શક્ય એટલું વહેલી તકે આનું જાડાણ થાય અને તળાવ ભરાય એ રીતનું અમારું આયોજન છે.

અધ્યક્ષશ્રી : ઠીક છે. શ્રી મહેશભાઇ ભુરિયા.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : મારો પ્રશ્ન આવી ગયો.

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન આવી ગયો?

**બનાસકાંઠા જિલ્લામાં નલ સે જલ યોજનાનું અમલીકરણ**

* ૩૦૭ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કેટલા તાલુકાના કયા ગામોમાં ''નલ સે જલ'' યોજનાના અમલીકરણ પછી કેટલા ગામોમાં દરેક ઘરે નળથી પાણી પહોંચાડવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| ક્રમ નં. | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૬૫ |
| ૨ | કાંકરેજ | ૯૨ |
| ૩ | ડીસા | ૧૧૦ |
| ૪ | થરાદ | ૧૧૯ |
| ૫ | દાંતા | ૧૨૪ |
| ૬ | દાંતીવાડા | ૩૯ |
| ૭ | દિયોદર | ૫૬ |
| ૮ | ધાનેરા | ૭૬ |
| ૯ | પાલનપુર | ૩૮ |
| ૧૦ | ભાભર | ૩૯ |
| ૧૧ | લાખણી | ૩૯ |
| ૧૨ | વડગામ | ૫૩ |
| ૧૩ | વાવ | ૭૮ |
| ૧૪ | સુઇગામ | ૪૨ |
| **કુલઃ-** | | **૯૭૦** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા બાકી ગામોમાં લોકોના ઘરે નળથી પાણી પહોંચ્યું નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ૯૭૦ ગામોમાં નળ કનેક્શનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) આ ગામોમાં લોકોના ઘરે નળથી પાણી પહોંચાડવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ઉપર મુજબ.

ફાલ્ગુન ૮, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ''નલ સે જલ'' યોજનાના અમલીકરણની બનાકાંઠાની સ્થિતિનું જે પત્રક તેઓએ રજૂ કર્યું છે એમાં ૯૭૦ બનાસકાંઠાના ગામોમાં ''નલ સે જલ''થી પાણી આપવાની વાત કરી છે. બીજો મારો પેટા પ્રશ્ન છે કે કેટલા ગામોમાં બાકી રહ્યું? એનો માનનીય મંત્રીશ્રીએ કોઇ જવાબ આપ્યો નથી અને બનાસકાંઠામાં ૧૨૦૦ થી વધારે ગામ છે તો બાકીના ગામોમાં શું ''નલ સે જલ'' યોજનાનું પાણી પહોંચ્યું નથી? આ એક સવાલ છે. બીજો સવાલ છે કે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ અને કેગના રિપોર્ટમાં એવું અવલોકન થયું છે કે સ્ટેટ લેવલ, ડિસ્ટ્રિક્ટ લેવલ અને તાલુકા લેવલની લેબૉરેટરી નહીં હોવાના કારણે અને લેબૉરેટરીમાં પર્યાપ્ત સાધનો નહીં હોવાના કારણે ફ્લોરાઇડ, આયર્ન અને નાઇટ્રેટનું પ્રમાણ કેટલું છે એનું ટેસ્ટિંગ થતું નથી. ટેસ્ટિંગ નહીં થતું હોવાના કારણે ફ્લોરાઇડ, આર્યન અને નાઇટ્રેટ પાણીમાં જોવા મળે છે એના કારણે કારસીનો જેન્સ કરીને કેમિકલ આવે છે જેનાથી કેન્સર થાય છે અને બીજી ગંભીર પ્રકારની હાડકાની અને ચામડીની બીમારીઓ થતી હોય છે તો આવી કેટલી લેબૉરેટરીઓ જિલ્લા અને તાલુકા કક્ષાએ નથી? અને ત્રીજો સવાલ કે વડગામ તાલુકાના ૫૭ ગામો દર્શાવ્યા છે બાકીના ગામોમાં ''જલ સે જલ'' યોજનાનું પાણી પોહોંચાડવાનું બાકી છે અને ક્યાં સુધીમાં એનું આયોજન પૂરું થશે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બનાસકાંઠા જિલ્લાની ચિંતા કરી છે ત્યારે માનનીય સભ્યશ્રીના બે સવાલ છે એક તો ભારત સરકાર દેશના તમામ નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પાણી ઉલબ્ધ થાય તે માટે માનનીય પ્રધાનમંત્રીએ તા.૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ આ સ્વાતંત્ર્યદિન નિમિત્તે આ જલ જીવન મિશન ''હર ઘર જલ'' આ કાર્યક્રમની શરૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ પહેલાના વર્ષમાં ગ્રામ્ય કક્ષાએ પીવાના પાણી માટે આંતરિક પે જલ યોજના એ સેકટર રિફોર્મ અને સ્વજલ ધારાના નામે આ ઓળખાતી. તા.૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯થી આ જલ જીવન યોજનાની શરૂઆત થઇ અને ગામગામ, ઘરઘર નલ સે જલમાં માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં હું ચોખવટ એટલા માટે કરું છું કે એમણે ગામ પૂછયું છે એના બદલે બધા ઘર સુધી આપવા માટેની યોજના છે. આખા ગામમાં કોઇ બાકી ન રહે મોટાભાગના બધા જ ઘર સુધી પાણી મળે એના માટેની આ યોજના છે. બનાસકાંઠા જિલ્લાના તાલુકા અને નળ જોડાણ ધરાવતા ઘરોની સંખ્યા વર્ષ ૨૦૧૯ પહેલા અને વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ વચ્ચેના સમયમાં જે જોડાણ અપાયા છે બંને આંકડા મારી પાસે છે. એમાં તાલુકાવાઇઝ આપને કહેવા માંગું છું. પાલનપુર તાલુકામાં વડગામ, ડીસા, અમીરગઢ, કાંકરેજ, દિયોદર, સુઇગામ, ધાનેરા, લાખણી, દાંતા, વાવ, થરાદ, ભાભર અને દાંતીવાડા આ બધામાં વર્ષ ૨૦૧૯ પહેલાના આંકડા છે કુલ ૫,૦૯,૧૪૧ જેટલા ઘરો જોડાયેલા હતા. ત્યારપછી આ યોજના અમલમાં આવ્યા પછી ૬,૨૯,૩૮૯ ઘરોમાં આ સમયગાળા દરમિયાન કુલ જોડાણ ઘરઘર નલ સે જોડાણ ગામમાં કોઇ બાકી રહેતું હોય પરું અથવા પરામાં પણ કલસ્ટર હોય એક કલસ્ટરની અંદર ૨૦ ઘર હોય તો ત્યાં આપણો પાણી પહોંચાડવા પ્રયત્ન કર્યો છે. પણ ૨૦ સિવાય જો કોઇ રહી જાય છુટાછવાયા હોય એવા ઘરનો હજી આમાં સમાવેશ થયો નથી. બીજો સવાલ એ હતો કે જે મંજૂર થયેલી યોજના છે ૯૭૦ એ પૈકીની ૯૫૨ યોજના પૂર્ણ થઇ ગયેલી છે. ૧૮ યોજના એવી છે કે જયાં સ્ટૉરેજ માટેનો પ્રશ્ન હોય ત્યાં ઉંચી ટાંકી માટેનું હોય એવા ૧૮ જેટલા કામ અત્યારે પ્રગતિ હેઠળ છે. એમની જે તે વખતની અંદાજિત કિંમત હતી એ ૧૧૨૫૪.૩ લાખ હતી એમાં અત્યારે જે થયેલો ખર્ચ છે એમાં ૭૪૩૪.૪૮ લાખનો ખર્ચ થયો છે. આ ઉપરાંત જે લેબૉરેટરી અંગેનો સવાલ ટેસ્ટીંગ માટેનો હતો. તાલુકા કક્ષાએ અમારું હેડવર્કસ છે. દરેક હેડવર્કસ ઉપર આ ટેસ્ટીંગ માટે પાણી એકઠું થાય, શુદ્ધિકરણ થાય, કલોરીફીકેશન થાય એ રીતે હેડવર્કસ ઉપર આપણી લેબૉરેટરીઓ છે. આમાં કયાંય તમારા ધ્યાન ઉપર હોય કે નથી અને વ્યવસ્થા કરવાની થતી હોય તો ચોકકસ અમે વ્યવસ્થા કરીશું. લગભગ મોટાભાગના હેડવર્કસ ઉપર અમારી ટેસ્ટિંગ માટેની લેબૉરેટરી છે.

અધ્યક્ષશ્રી : નહીં, ફલોરાઇડ અને બાકીના કેટલાક તત્વો જે ક્વોલિટી ઓફ વોટર છે એ ચેક કરવાની વ્યવસ્થા બધી જ જગ્યાએ હેડવર્કસ ઉપર છે એવું તમારું કહેવાનું છે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : દરેક હેડવર્કસ ઉપર હોય છે.

અધ્યક્ષશ્રી : પાણી જયાંથી પમ્પીંગ થાય છે ત્યાંથી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : મારા પ્રશ્નનો જવાબ હજી મળ્યો નથી. કેગના રિપોર્ટમાં એવું કહ્યું છે સ્ટેટ લેવલની જે લેબૉરેટરી હોય એમાં ૭૬ પ્રકારના પાણીના રીલેટેડ ટેસ્ટ કરવાના હોય એના પેરામીટર હોય છે. કેગના રિપોર્ટ વર્ષ ૨૦૨૦નો છે એમાં એવું કહે છે ફકત ૧૪ જ પ્રકારના ટેસ્ટ થાય છે. બાકીના ટેસ્ટ નહીં થવાના કારણે કયા કેમિકલ છે એ ખબર જ પડતી નથી તો એનું રાજય સરકારનું શું આયોજન છે? દરેક તાલુકા લેવલે, જિલ્લા લેવલે અને સ્ટેટ લેવલે તમામ પ્રકારના ૭૬ પ્રકારના ટેસ્ટ થાય એના માટેના રીકવાયર ઇક્વિપમેન્ટ સાથેની તમામ લેબૉરેટરીઓ કયારે સજ્જ બનશે? અને હજી માનનીય મંત્રીશ્રીએ હજી રિસ્પેકટફુલી કહું છું કે એ વાતનો જવાબ નથી આપ્યો કે બનાસકાંઠાના કેટલા ગામોમાં નલ સે જલનો પ્રોજેકટ બાકી છે? કેમ કે મારો સવાલ નંબર-૨ છે એ હું વાંચી સંભળાવું છું.

અધ્યક્ષશ્રી : જવાબ એમણે કહ્યો છે. આટલા પેરામીટર સાથે આપણે પાણીની ગુણવત્તા જે વર્લ્ડ કક્ષાની છે એવું કંઇ કરવાનું આયોજન છે એ વાત છે અને કેટલા ગામ બાકી છે એ કહો.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે દરેક હેડવર્કસ ઉપર તો છે જે ઉપરાંત અમારા ઝોનવાઇઝ જે આપે કહ્યું એ તમામ પ્રકારના ટેસ્ટ થાય છે. અમારી લેબૉરેટરી ઝોનવાઇઝ છે. જિલ્લા મથકે પણ છે એમાં કયાંક

ખૂટતું હશે ચોક્કસ કરીશું તો પણ ઝોનવાઇઝ છે. ખાસ કરીને હેડવર્કસ ઉપર છે ત્યાં ૧૪ પ્રકારના ટેસ્ટ એમણે કહ્યું એ પ્રકારની છે. પણ વિશ્લેષણ માટેની તમામ પ્રકારના ટેસ્ટ થઇ શકે એવી અમારી લેબોરેટરી ઝોનવાઇઝ છે એમાં પણ કાંઇ ખૂટતું હશે તો આપે કહ્યું એ પ્રમાણે કંઇ ખૂટતું હશે તો ચોકકસ અમે એની પૂર્તતા કરાવી દઇશું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી ગ્રામ્ય આંતરિક પેયજળ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં અંદાજિત કેટલી રકમ ફાળવવામાં આવી છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજીભાઇ પૂછ્યું તેમાં ખાસ કરીને તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આંતરિક પેયજળ યોજનાઓ છે. તેમાં તાલુકાવાઇઝ કહું તો પાલનપુર તાલુકામાં ૩૮ યોજનાઓ છે અને તેની સામે ૨૨૧.૩૩ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. વડગામ તાલુકામાં ૫૩ યોજનાઓની પાછળ ૧૩૬૨.૦૬ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ડીસા તાલુકામાં ૧૧૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેની સામે ૯૧૬.૦૪ લાખ ખર્ચ અંદાજવામાં આવ્યો છે. અમીરગઢ તાલુકામાં જેમાં ૬૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેની સામે ૧૩૬૧.૮૨ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. કાંકરેજ તાલુકામાં ૯૨ યોજના મંજૂર કરવામાં આવી અને તેની સામે ૧૦૦૬ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. દિયોદર તાલુકામાં ૫૬ યોજના મંજૂર કરવામાં આવી અને તેની સામે ૩૦૨.૫૧ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. સૂઇગામ તાલુકામાં ૪૨ યોજના મંજૂર કરવામાં આવી અને તેની સામે ૮૦૧.૪૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ધાનેરા તાલુકામાં ૭૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૫૩૫ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. લાખણી તાલુકામાં ૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૪૮૫ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. દાંતા તાલુકામાં ૧૨૪ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૧૧૦૭ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. વાવ તાલુકામાં ૭૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૧૦૦૩ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. થરાદ તાલુકામાં ૧૧૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૧૩૨૧ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. ભાભર તાલુકામાં ૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૨૨૭.૪૮ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. દાંતીવાડા તાલુકામાં ૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેમાં ૫૧૩.૨૧ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો. આમ કુલ ૯૭૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેની સામે ૧૧૨૫૫૪.૦૩ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ બનાસકાંઠામાં છે તેમાં સભ્ય કોણ કોણ છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને મળતી હોય છે. તેની અંદર જિલ્લાના કલેકટર તેના અધ્યક્ષ હોય છે. જિલ્લા વિકાસ અધિકારી તેના ઉપાધ્યક્ષ હોય છે. યુનિટ મેનેજર વાસ્મો સભ્ય સચિવ તરીકે હોય છે. પ્રાયોજના વહીવટદાર ટ્રાયબલ તે તેના સભ્ય તરીકે હોય છે. જિલ્લા આરોગ્ય અધિકારી સભ્ય તરીકે, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેના સભ્ય તરીકે, નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેના સભ્ય તરીકે, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી સભ્ય તરીકે, જિલ્લા માહિતી અધિકારી તેના સભ્ય તરીકે, કાર્યપાલક ઇજનેર પાણી પુરવઠા તેના સભ્ય તરીકે, કાર્યપાલક ઇજનેર યુ.જી.વી.સી.એલ. તેના સભ્ય તરીકે હોય છે. આમ જિલ્લા કક્ષાની સમિતિમાં આ રીતે સભ્યો હોય છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જલ સે જલ યોજના સારી છે, પણ કયાંકને કયાંક અમીરગઢ તાલુકામાં અને દાંતા તાલુકામાં સ્થાનિક પરિસ્થિતિ કંઇક અલગ છે. ઘર સુધી કનેકશન છે પણ વચ્ચેના ભાગમાં પાઇપ જ નથી નાખી. ઘર આગળ દોઢ ફૂટનો ખાડો ખોદીને અડધો પાઇપ નાખીને નળ જ ઊભા કર્યા છે. બાકી વચ્ચે કોઇ કનેકશન જ નથી. તો નલ સે જલ યોજનાનું પાણી કયાં સુધીમાં ઘરે પહોંચશે? મારો બીજો પ્રશ્ન એ છે કે, આની ચકાસણી કરીને વહેલામાં વહેલી તકે પૂરું કરવા માગો છો કે કેમ? સાથે સાથે ઘર ઘર સુધી પાણી આપ્યું હોય તો દાંતા અને અમીરગઢ તાલુકામાં દરવખતે ટેન્કર માટેના ટેન્ડર માગવામાં આવે છે તે કયા કારણોસર માગવામાં આવે છે? ઘર ઘર સુધી પાણી જતું હોય તો ટેન્કર માટેના ટેન્ડર માગવાની જરૂર જ ન હતી.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપના ત્રણેય પ્રશ્નો આવી ગયા છે.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે એ ઘર ઘર નલ સે જલ આંતરીક પીવાના પાણી માટેની યોજના છે. આપે કહ્યું કે સોર્સ છે એ સોર્સ ગામ સુધી પહોંચે અને ગામમાં સ્ટોરેજ એના માટે પાણી પુરવઠા વિભાગ કરે. આ આખી યોજના છે એ ઘર ઘર નલ સે જલ એ યોજના આંતરિક વ્યવસ્થાની છે એ પૂર્ણ થાય પછીથી સોર્સ શોધીને એટલે કે ત્યાં સુધીમાં કોઇ ગામમાં સોર્સ બાકી હશે અને નહીં પહોંચતું હોય તો ચોક્કસ અમારું પાણી પુરવઠા વિભાગ મારફતે એ કામ અમે કરીશું. પણ આ જે યોજના છે એ પીવાના પાણી માટેની આંતરીક વ્યવસ્થા છે એટલે અમે હર ઘર નલ એવો શબ્દ વાપરીએ છીએ અને એ પ્રમાણે કરીએ છીએ પણ સોર્સ શોધીને ત્યાં ગામ સુધી ન હોય તો એ ગામની યાદી આપજો અમે ચોક્કસ એ માટે યોગ્ય કરીશું.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એટલો જ છે કે, આવું કોઇ ગામમાં હોય અને કદાચ કોઇ એકાદ ગામ રહી ગયું હોય કે જેની અંદર આવો પ્રશ્ન હોય તો એની તપાસ કરાવજો.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ એની તપાસ કરાવીશું અને આપ આખા જિલ્લાનું મને કહેજો એમાં કોઇ જગ્યાએ સોર્સ નહીં જોડાયેલો હોય તો સોર્સ જોડી અને વહેલી તકે ગામને પૂરતું પાણી મળે એના માટેની અમારી સરકારની જવાબદારી છે અને અમે ચોક્કસ એ કરીશું.

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર**

*૨૦૭ **શ્રી અર્જૂનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો થાય તો પાયાના વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી રાજ્યને ઉક્ત કાયદાની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકારે વળતર ચૂકવવાનું થાય છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાયાના વર્ષ મુજબ ગ્રોથ ન થયો હોય તો કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ લેવાની થાય છે, | (૨) તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ માટે રૂ.૨૩,૩૩૨.૫૪ કરોડ<br>તા.૦૧-૦૧-૨૨ થી તા.૩૦-૬-૨૨ માટે રૂ.૭,૦૬૮.૫૮ કરોડ<br>(જી.એસ.ટી. વળતરનો પાંચ વર્ષનો સમયગાળો તા.૩૦-૦૬-૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે.) |
| (૩) તે અન્વયે રાજ્ય સરકારને ક્યારે ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી, અને | (૩) (રૂ. કરોડમાં)<br>નીચે જણાવેલ તારીખે તેની સામે દર્શાવેલ રકમ વળતર તરીકે મળેલ છે. |

| તારીખ | રકમ | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૩૧-૦૫-૨૨ | ૩૩૬૪.૦૦ | ૨૪-૧૧-૨૨ | ૮૫૫.૭૩ |

જે રકમ વળતર તરીકે મળેલ નથી તેની સામે લોન પેટે રૂ.૧૭,૦૪૫.૧૩ કરોડ મળેલ છે. જેની વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેસ ફંડમાંથી કરશે.

| | |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ મળવાની બાકી છે ? | (૪) રૂ. ૯,૧૩૬.૨૬ કરોડ |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી.નો અમલ થયો ત્યારે દરેક રાજ્યોને ખાતરી આપવામાં આવી હતી કે, એમાં જે વર્તમાન વેટની આવક છે એમાં એવરેજ ૧૪ ટકા ગ્રોથ માનીને દર વર્ષે જે નુકસાન થશે રાજ્યોને તો એની પરિપૂર્તી કેન્દ્ર સરકાર ૫ વર્ષ માટે કરી આપશે. મને જે જવાબ આપ્યો છે એમાં પહેલા વર્ષે જ ગુજરાતમાં તા. ૧.૧.૨૦૨૧થી તા. ૩૧.૧૨.૨૦૨૧ સુધીમાં રાજયને ૨૩,૩૩૨.૫૪ કરોડનું નુકસાન થયું છે અને બીજા વર્ષે તા. ૧.૧.૨૦૨૨ થી તા. ૩૦.૬.૨૦૨૨ સુધીમાં ૭,૦૬૮.૫૮ કરોડનું માત્ર ૬ મહિનામાં નુકસાન થયું છે. જે આપણે નુકસાની પેટે આમાં મળવાપાત્ર રકમ હતી ૫ વર્ષની અંદર એમાં ૧૭,૦૪૫.૧૩ કરોડ ઓછા મળ્યા એની સામે આપણને એમ કહેવામાં આવ્યું કે, તમે લોન લઇ લો એ લોનનું વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર કરશે. આજની સ્થિતિએ ૯,૧૩૬.૨૬ કરોડ રૂપિયા લેવાના બાકી છે અને હવે પછી આપણને આ વળતર મળવાનું નથી. એટલે એવરેજ જે આંકડાઓ આપ્યા છે એ પરથી એવરેજ રૂપિયા ૧૫,૦૦૦ કરોડ કરતા વધારેનું નુકસાન દર વર્ષે આપણા રાજયને આ જી.એસ.ટી.ના અમલને કારણે થવાનું છે. તો મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન એ છે કે, હવે જ્યારે પૂરું થયું છે ત્યારે આમાં ૯,૧૩૬.૨૬ કરોડ રૂપિયા જે આપણે લેવાના છે એ માટે કેટલી વખત રજૂઆતો કરી અને ક્યાં સુધીમાં આપણને એ રકમ મળી જાય એમ છે? બીજું દર વર્ષે આ કાયદાનો અમલ કરવાથી લગભગ ૧૫,૦૦૦ હજાર કરોડ રૂપિયા કરતા વધારેનું નુકસાન આપણા રાજયને થવાનું છે તો એની આપૂર્તી થાય એટલા માટે કેન્દ્ર સરકાર પાસે આ બાબતમાં કોઇ વિશેષમાં રજૂઆત કરી છે કે કેમ? આટલી માહિતી માનનીય મંત્રીશ્રી અમને આપે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વન નેશન વન ટેક્સના હિસાબે સમગ્ર દેશનો વિકાસ એક સરખી રીતે થાય અને દેશમાં જે કંઇ પણ આવક આવે એનું ડિસ્ટ્રિબ્યુશન સરખી રીતે થાય જે રાજ્ય વપરાશકર્તા છે એ રાજ્યોને જે

જી.એસ.ટી.ની આવક મળે એના લીધે દરેક રાજયમાં અને ખાસ કરીને આના લીધે સમગ્ર દેશના બધા રાજયો એક તાંતણે બંધાઇને સર્વાનુમતે જી.એસ.ટી.ના જે નિર્ણયો છે એ ૫ વર્ષથી લે છે. અત્યાર સુધીમાં ગુજરાતને મળવાપાત્ર વળતર રૂ.૮૧,૦૪૦ કરોડ હતું અને અત્યાર સુધીમાં આપણને ૭૦,૩૬૩ કરોડ રૂપિયા મળી ગયા છે. આજ રોજ બાકી મળવાપાત્ર વળતર ૧૦,૬૭૭ કરોડ રૂપિયા છે જે પૈકી ૩,૩૭૭ કરોડ રૂપિયા આપણને ટૂંક સમયમાં મળશે. જે રીતે જી.એસ.ટી.ના કાયદાની અમલવારી થાય છે આપણને અત્યાર સુધીમાં ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ના જી.એસ.ટી.વળતર પેટે કેન્દ્ર સરકાર પાસે કરેલા દાવા મુજબ પૂરેપૂરી રકમ મળી ગયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ જૂન સુધી કેન્દ્ર પાસે જી.એસ.ટી.પેટે ટોટલ ૩૦,૪૦૧.૧૨ કરોડનો આપણે દાવો કરેલ જેની સામે તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં રૂ.૪૨૧૯ કરોડ જી.એસ.ટી.વળતર પેટે સેસ ફંડમાંથી ચૂકવણું થયેલું છે તેમજ કોવિડ-૧૯ની પરિસ્થિતિને પગલે સેસ ફંડમાંથી ચૂકવણું નહીં થઇ શકવાના કારણે કેન્દ્ર સરકારે રૂ.૧૭૦૪૫.૧૩ કરોડની લોન વળતર પેટે આપેલ છે. આમ, ગુજરાતને રૂ.૨૧૨૬૪.૮૪ કરોડ મળેલ છે જેથી વળતર પેટે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૯૧૩૬ કરોડ કેન્દ્ર સરકાર પાસે વળતર તરીકે લેવાના બાકી નીકળે છે જે પૈકી ગયા મહિને જ જી.એસ.ટી.કાઉન્સિલની મિટિંગમાં રૂ.૮૬૪.૨૨ કરોડના વળતર ચૂકવણીના આદેશ કરેલ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આપણને આ જી.એસ.ટી.ના અમલથી પહેલાં વર્ષે જ આપણને ૨૩૩૩૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે અને એટલા માટે જયારે જી.એસ.ટી.નો અમલ થતો હતો ત્યારે આપણા રાજયે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ તે વખતે કહ્યું હતું કે આ ટેક્સથી ગુજરાતને ખૂબ મોટું નુકસાન જવાનું છે તે તેમને ખબર હતી ત્યારે સીંગલ એન્જિનની સરકાર હતી. તે વખતે નુકસાન જવાનું છે તે તેમને ખબર હતી એટલે સખત વિરોધ કર્યો છે અને તેના પછી જયારે અમલ થયો ત્યારે આપણને તેના કરતા પણ વધારે નુકસાન જઇ રહ્યું છે અને એ નુકસાન જયારે આપણી સીંગલ એન્જિનની સરકાર હતી ત્યારે ઓછું જતું હતું ડબલ એન્જિનની સરકાર આવ્યા પછી આપણને ડબલ કરતા વધારે નુકસાન થયુ છે.

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવી જાવ અને તેના જવાબમાં બે પ્રશ્નોના જવાબ આપ્યા છે. એક જે નુકસાન થશે તેની રકમ અને લોનનું વ્યાજ તે પણ આપે છે અને કેટલી રકમ કેન્દ્ર સરકારે આપી છે તે પણ કહ્યું છે હવે જે બાકી રહેતું હોય તે જ તમે પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલે જ છે એ તો પાંચ વર્ષ માટેનું નુકસાન ભરપાઇ કરવા માટે આપણને જે જી.એસ.ટી.એક્ટ લઇ આવવામાં આવેલો તેમાં જોગવાઇ હતી જ. પાંચ વર્ષ પછી હવે આપણને ૧૪ ટકા વધારાની વાત નથી કરતો પણ ૧૫ હજાર કરોડ કરતા જે છેલ્લા છ મહિનાનું આપણે ગણીએ તો આપણને આ વર્ષની અંદર લગભગ રૂપિયા ૧૫ હજાર કરોડનું નુકસાન જાય છે. એટલે તેમાં ૧૪ ટકા દર વર્ષે ઉમેરાતાં જવાના અને તે નુકસાન આપણને કયાં સુધી લઇ જશે? મારી વાત એ છે કે, તે નુકસાન નિવારવા માટે શું કરવામાં આવ્યુ? આપણે મેન્યુફેકચરિંગ સ્ટેટ છીએ આપણે જે તે વખતે માનનીય નરેન્દ્રભાઇ આ હાઉસમાં હતા ત્યારે વિરોધ એટલા માટે કર્યો હતો કે આ બિલથી જે મેન્યુફેકચરિંગ જે સ્ટેટ છે તેને મોટું નુકસાન જવાનું છે અને તે નુકસાન આપણને આંકડામાં જ માનનીય નાણામંત્રીશ્રીએ બતાવી દીધું કે રૂપિયા ૧૪ હજાર કરોડ કરતા વધારે નુકસાન જાય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નમાં ચાર મિનિટ ના હોય તમે સીધો ટુ ધ પોઇન્ટ પ્રશ્ન પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન જ પૂછું છું એટલા માટે કે આ વિગત મારે આપવી પડે.

અધ્યક્ષશ્રી : પણ એ વિગતમાં સીધો પ્રશ્ન પૂછી લો તમે વર્ણન કરવા કરતા પ્રશ્ન પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ મને બોલવા તો દો. એક જ મિનિટમાં આપી દઇશ.

અધ્યક્ષશ્રી : હા, ચાલો એક મિનિટ આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગુજરાતની અંદર જી.એસ.ટી.થી ટેક્સટાઇલથી માંડીને આપણો જે ટાઇલ્સ ઉદ્યોગ છે તે બધાને ખૂબ નુકસાન ગયુ છે, આપણને રાજયને નુકસાન ગયું છે, આપણને હવે જે નુકસાન જવાનું છે આના પાંચ વર્ષ પૂરાં થાય છે તેના પછી તો એના માટે થઇ અને આપણે કેન્દ્ર સરકારમાં શું રજૂઆત કરવાના છીએ? કેન્દ્ર સરકારની ટીકા ના થઇ શકે તે મને ખબર છે ઘણા મિત્રો રાહ જોઇને બેઠા છે પણ મારે ટીકા નથી કરવી.

અધ્યક્ષશ્રી : આપ તો નિયમ-૩૭ અને ૭૯ બન્ને જાણો છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તમે તો એમ કહો છો કે મોસાળે જમણ અને મા પીરસનાર તો ભાણીયા શું કામ દુઃખી થાય? તમારે બધાએ કહેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : હવે પહેલાં સીધા મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે દર વર્ષે ૧૫ હજાર ઉપર ૧૪ ટકા લેખે વધારાનું નુકસાન ૧૪ હજાર વત્તા ૧૪ ટકા દર વર્ષના વધારવાના એટલે આને નિવારવા માટે શું કરવાના છીએ તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વારંવાર કહીએ છીએ કે એક ભારત શ્રેષ્ઠ ભારત. સમગ્ર ભારતનો સંપૂર્ણ રીતે વિકાસ કરવો હોય તો આવકના સાધનો ઇકવલી ડિસ્ટ્રિબ્યુટ થવા જ જોઇએ અને નવો નવો જી.એસ.ટી. કાયદો જે આવ્યો છે તેના લીધે બધા રાજયોને જે વપરાશ કરે છે તેને વપરાશના અનુસંધાને ફાયદો થાય છે. જ્યારે મેન્યુફેક્ચરિંગ સ્ટેટ છે એને રોજગારી મળે છે. એના લીધે જ્યારે કેન્દ્ર સરકાર પાંચ વર્ષ માટે આ કાયદાની અમલવારી દરમિયાન દરેકને સેઝનું કોમ્પન્શેસન આપવાનું હતું એ બધું ચૂકવી દેવામાં આવ્યું છે. એ પણ સાયન્ટિફિક ધોરણે બનાવવામાં આવ્યા છે. હવે રૂ.૧૫,૦૦૦/- કરોડની જે વાત છે એના માટે આપણા રાજ્યે પણ એના માટે કમ્પ્યુટરાઇઝેશન કરીને બાયોમેટ્રિક રજિસ્ટ્રેશન કરીને ખોટા રજિસ્ટ્રેશન અટકાવવા ઘણા બધાં પગલાં લીધા છે. જેના લીધે આપણે આપણા રાજ્યને સ્વનિર્ભર કરી શકીશું એવી ચોક્કસ ખાતરી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ વળતર સેઝ કઇ-કઇ વસ્તુઓ પણ લાગુ કરવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કોમ્પન્શેસન આપવા માટે એક સેઝ વધારાનો લગાવવામાં આવતો હતો. આ સેઝ તમાકુ અને તેના ઉત્પાદનો પર, કોલસો અને કોલસામાંથી ઉત્પન્ન થતી ઇંધણ ઉપર, લિગ્નાઇટ, મોટરકાર અને અન્ય વાહનો તથા ઠંડા પીણા ઉપર લગાવવામાં આવે છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, તા.૩૧/૧૨/૨૦૨૨ની પરિસ્થિતિએ જે રૂ.૯૧૩૬ કરોડ લેવાના બાકી રહે છે તેના માટે રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કોમ્પન્શેસન લેવા માટેના અનેક નિયમો છે. એ.જી.નું ઓડિટ થયા પછી જ આ કોમ્પન્શેસન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં વૈશ્વિક સ્તરે કોરોનાની મહામારીના લીધે આર્થિક પ્રવૃત્તિઓ મંદ હોવાના લીધે કેન્દ્ર સરકારના સેઝ ફંડમાં પૂરતી આવક ન થઇ હતી. આમ છતાં રાજ્યને વળતર ચૂકવવા કેન્દ્ર સરકાર દ્વારા રિઝર્વ બેંક પાસેથી લોન સ્વરૂપે નાણા ઉછીના લીધેલ હતા. જેની ભરપાઇ કેન્દ્ર સરકાર દ્વારા વ્યાજ સહિત સેઝ ફંડમાંથી કરવામાં આવે છે. સદર પરિસ્થિતિના કારણે ગુજરાત રાજ્યને તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ કુલ રૂ.૯૧૩૬ કરોડ બાકી હતા. સદર વળતરના નાણા મેળવવા એ.જી.શ્રીને તાત્કાલિક રાજ્યની આવકનું ઓડિટ પૂર્ણ કરવા રજૂઆત થઇ અને રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્ર સરકારના નાણાં વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. આમ કેન્દ્ર સરકારે નાણા મંત્રાલયને વિનંતી કરેલ. સદર પરિણામ સ્વરૂપે એ.જી. દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે રાજ્યની આવકની ઓડિટની કામગીરી પૂર્ણ થવાની તૈયારીમાં છે. વધુમાં તા.૨૨/૨/૨૦૨૩ના રોજ ઉક્ત બાકી રૂ.૯૧૩૬ કરોડ પૈકી રૂ.૮૬૪ કરોડ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ચૂકવવાનો આદેશ થયો છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત આદરણીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સભ્યશ્રીના જવાબમાં એમણે જણાવ્યું છે કે વળતર તરીકે લોન પેટે રૂ.૧૭૦૪૫.૧૩ કરોડ મળેલ છે. તેના વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેઝ ફંડમાંથી કરવાની છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા વળતર આપવા માટે સેઝ ફંડનો કાયદો માર્ચ - ૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ છે. તો તેનો લાભ આપણા રાજ્યને મળશે કે કેમ અને સેઝ ફંડમાંથી રાજ્યને કેવી રીતે ફાળવણી થાય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સેઝનો કાયદો આ કોમ્પન્શેસન આપવા માટે કરવામાં આવેલ હતો. જેમાં સેઝની કમાણી ઓછી થવાથી રાજ્યોને કોમ્પન્શેસન આપી શક્યા ન હતા એટલે રિઝર્વ બેંક પાસેથી લોન લઇને આ પૈસા ચૂકવવામાં આવ્યા છે અને સેઝનો કાયદો વર્ષ ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો છે. જે રિકવરી થશે. એ ફક્ત લોન ભરપાઇ કરવા માટે જ થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, જી.એસ.ટી.ના કાયદા મુજબ રાજ્ય સરકારના વળતર પેટે કેન્દ્ર સરકાર પાસેથી જે પૈસા નીકળે એ પાંચ વર્ષમાં ચૂકવવાના હોય છે. તો રાજ્ય સરકારને કેન્દ્ર સરકારે લોન આપી અને વ્યાજ કેન્દ્ર સરકાર ભરવાની છે એટલે ભારણ કેન્દ્ર સરકાર પર થવાનું છે પણ જી.એસ.ટી.ના કાયદા મુજબ જે રાજ્યોને પોતાનું વળતર નીકળતું હોય એ વળતર ચૂકવવા માટે કેન્દ્ર સરકાર બંધાયેલી છે. તેના ભાગ સ્વરૂપે વળતર આપતા હોય છે. અહીંયા બતાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકારને કેન્દ્ર સરકારે રૂ.૧૭ કરોડ કરતાં વધારે રકમની લોન આપી છે. આ રકમ આપણી પોતાની હતી તેની જગ્યાએ લોન આપી છે તો આ પ્રોવિઝન મુજબ લોન આપણે માંગી હતી કે કેન્દ્ર સરકારે આપણને લોન આપવા માટે મજબૂર કર્યા કે અમે તમારૂં વ્યાજ ભરી દઈશું પણ તમે આ લોન પેટે લઈ લો તે વિશે માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટતા કરવા વિનંતી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સમગ્ર વિશ્વમાં કોવિડની મહામારી હતી ત્યારે દરેક આર્થિક પ્રવૃત્તિઓ બંધ હતી તેના લીધે સેસની આવક પણ ઓછી હતી એટલે દરેક રાજ્યને નુકસાન ન થાય તે માટે જી.એસ.ટી. કાઉન્સિલમાં વારંવાર આ મુદ્દાની ચર્ચા થઈ હતી. રાજ્યની આવકના સ્ત્રોતો ઓછા થઈ ગયા છે તેના માટે આ લોન આપવી જોઈએ તેવો સર્વાનુમતિથી નિર્ણય લેવામાં આવ્યો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જી.એસ.ટી. કાયદાનો મૂળભૂત ઉદભવ ક્યારે થયો? મારી પાસે માહિતી છે તે મુજબ દરેક રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને

નાણામંત્રીશ્રી તેના સભ્યો હોય છે. કાઉન્સિલમાં પાંચ વર્ષ સુધીમાં તમામ નિર્ણયો સર્વાનુમતે થયા છે. તેનો અર્થ એવો થયો કે 'વન નેશન વન ટેક્સ' એટલે દેશના અન્ય રાજ્યો જેને આપણે બીમારું અથવા અવિકસિત રાજ્ય કહીએ છીએ અથવા જ્યાં સિંગલ એન્જિનની સરકાર છે તે લોકોને પણ વધારે લાભ થવાની પૂરેપૂરી સંભાવના છે. માનનીય મંત્રીશ્રી બીમારું રાજ્ય અને સિંગલ એન્જિનની સરકારોને આનાથી કેટલો વધારે ફાયદો થયો તે વિષય મેજ ઉપર મૂકવાનો પ્રયાસ કરશે તો ગૃહનો સમય બચશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ મેજ ઉપર મૂકશો.

**છોટાઉદેપુર જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાનાં કામો**

* ૫૦૪ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓના કામ કયા તબક્કે છે, અને

(૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કુલ ૩૩૭ મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવાનું આયોજન હતું. જે તમામ યોજનાઓના કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| **મીની પા.પુ. યોજનાઓનું આયોજન (નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩)** | | **પૂર્ણ કરેલ મીની પા.પુ. યોજનાઓ** | |
|---|---|---|---|
| **સોલાર મીની પા.પુ. યોજના** | **પાવર મીની પા.પુ. યોજના** | **સોલાર મીની પા.પુ. યોજના** | **પાવર મીની પા.પુ. યોજના** |
| ૨૨૭ | ૧૧૦ | ૨૨૭ | ૧૧૦ |

\- - - - - - - - -

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન હતું, તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓના કામ ક્યા તબક્કે છે, અને આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા, બોડેલી, જેતપુર (પાવી), છોટાઉદેપુર, ક્વાંટ, નસવાડી એમ કુલ-૬ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓ છે. આ જિલ્લામાં કુલ ૮૮૮ ગામો, ૬ શહેરો આવેલા છે. મોટાભાગના ગામો છૂટી છૂટી વસતિવાળા અથવા ફળિયામાં ફેલાયેલા છે. મોટા ભાગના વિસ્તારમાં હેન્ડ પંપ આધારિત અથવા કુવા મારફતે પીવાના પાણીની યોજના છે. અત્યાર સુધીમાં ૨૦ હજારની આસપાસ હેન્ડ પંપ અને ૨૬૪ જેટલી મીની યોજના બનેલી હતી. આ ૬ શહેરને બાદ કરતાં ૮૮૨ ગામો પૈકી ૪૧૫ ગામોમાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ આવેલી છે. ૪૬૭ ગામોમાં સ્થાનિક બોર એટલે કે સ્વતંત્ર મિની યોજના અત્યાર સુધીમાં બનેલી છે. છોટાઉદેપુર જિલ્લામાં બાકીની ૧૧ જૂથ યોજના પ્રગતિ હેઠળની છે. તેની પાછળ રૂ. ૬૮,૯૪૩ લાખનો ખર્ચ થનાર છે અને એમાં ૫૦૫ ગામો અને એક શહેરને એનો લાભ મળશે. છોટાઉદેપુર જિલ્લામાં ૭ જૂથ પાણી પુરવઠા યોજનાનું આયોજન છે અને તેની પાછળ રૂ. ૨૩૪૪૨ લાખનો ખર્ચ થનાર છે. એમાં ૪૦૪ ગામો આવરી લીધેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તાલુકાવાર મીની પાણી પુરવઠા યોજના બનાવવાની છે. નસવાડી તાલુકાના જે ૨૧૦ ગામો છે એમાં જે મંજૂર થયેલી મીની પાણી પુરવઠા યોજનાઓ છે. એમાં સોલાર મીની પાણી પુરવઠા યોજના ૫૦ છે અને પાવર મીની પાણી પુરવઠા યોજના ૯ છે. એટલે કુલ ૩૯ યોજના નસવાડી તાલુકામાં છે. પાવી-જેતપુર તાલુકાના કુલ ૧૨૯ ગામો છે. જે પૈકી સોલાર મીની પાણી પુરવઠા યોજના ૯૯ અને પાવર મીની પાણી પુરવઠા યોજના ૬૯ એમ કુલ ૧૬૮ યોજના બની છે. છોટા ઉદેપુરમાં ૧૪૪ ગામો છે. એમાંથી સોલાર મીની પાણી પુરવઠા યોજના ૩૭ છે.

અધ્યક્ષશ્રી : વિગતો ટૂંકમાં મૂકો અને સભ્યશ્રીઓ પણ વિસ્તૃત પ્રશ્ન ન પૂછે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, સોલાર મીની પાણી પુરવઠાની ૨૨૭ યોજના છે અને પાવર મીની પાણી પુરવઠા યોજના ૧૧૦ એમ કુલ ૩૩૭ મીની પાણી પુરવઠા યોજનાઓ બની છે અને લગભગ મોટા ભાગની યોજનાઓ કાર્યરત છે. એની પાછળ કુલ રૂ. ૨૭૦૬ લાખનો ખર્ચ થનાર છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં જે ૩૩૭ મીની પાણી પુરવઠા યોજના કાર્યરત કરવામાં આવેલ. એના માટે રાજ્ય સરકાર દ્વારા નિભાવણી અને મરામત માટે કઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, સોલાર મીની પાણી પુરવઠા યોજના અને પાવર મીની પાણી પુરવઠા યોજનાની નિભાવણી અને મરામતની કામગીરી સંભાળવાની જવાબદારી પાંચ વર્ષ માટે જે-તે મૂળ ઠેકેદારની જ હોય છે અને એ પ્રમાણે શરતોને આધીન આપીએ છીએ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માટે જે બજેટમાં ફાળવણી થઇ છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને ડુંગરાળ પ્રદેશ હોવાથી પાણીની તકલીફ પડે છે અને એના માટેની જે યોજના બનાવી છે એ ખૂબ આનંદની વાત છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં કેટલી મીની યોજના કાર્યરત છે? અને કેટલી યોજનાના સરવે ચાલી રહ્યા છે? અને તેના દ્વારા કેટલા ગામોને પાણી મળે છે?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી છે ત્યારે વર્ષ ૨૦૨૨ અંતિત સોલારની કુલ ૧૨૧ યોજનાઓ બની હતી અને મીની આધારિત ૨૫૫૪ પાણી પુરવઠા યોજના બની હતી. એક વર્ષના સમયગાળા દરમિયાન ૩૩૭ જેટલી યોજનાઓ પૂર્ણ થઇ છે અને એ સિવાય પણ જો માનનીય સભ્યશ્રી તરફથી ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો સરવે કરીને જે વિસ્તારમાં પાણીની તકલીફ હશે ત્યાં આ યોજનાનું આયોજન કરીશું અને એ પ્રમાણેની આગળ કામગીરી અમે કરી આપીશું.

**ખેડા જિલ્લામાંથી પસાર થતી મેશ્વો નહેરની લંબાઈ અને પિયત વિસ્તાર**

* ૫૧૨ **શ્રી કલ્પેશભાઈ પરમાર** (માતર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાંથી પસાર થતી મેશ્વો નહેરની કુલ લંબાઈ અને પિયત વિસ્તાર કેટલો છે, | (૧) કુલ લંબાઈ ૧૨૯.૪૨ કી.મી. અને પિયત વિસ્તાર ૧૧૧૯૫ હેક્ટર છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મેશ્વો મુખ્ય નહેર તથા તેમાંથી નિકળતી નહેરોના રીનોવેશનની કામગીરી કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની પાછળ અંદાજે કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) અંદાજિત રૂ.૬૦.૯૩ કરોડ. |
| (૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) જૂન, ૨૦૨૩ સુધીમાં. |

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મેશ્વો નહેર દ્વારા કયા જિલ્લાના કયા તાલુકાના, કયા ગામના, કેટલા વિસ્તારને સિંચાઇના પાણીનો લાભ આપવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં નાંદેજના ૨૫ હેકટર, હીરપરાના ૨૮ હેકટર, બારેજાના ૫૯ હેકટર એમ કુલ ૧૧૨ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવામાં આવે છે. એ જ રીતે, ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં રાસ્કાની અંદર ૩૮ હેકટર, કનીજની અંદર ૫૮૯ હેકટર અને સાંખેજની અંદર ૪૮૪ હેકટર, આમ ખેડા જિલ્લામાં કુલ મળીને ૧૧૧૧ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવામાં આવે છે. એ જ રીતે ખેડા જિલ્લાના ખેડા તાલુકાની અંદર કાજીપુરામાં ૧૪૮ હેકટર, મલારપુરામાં ૨૬૪ હેકટર અને ગોબલજની અંદર ૫૮૮ હેકટર આમ કુલ મળીને ૧૨૧૦૭ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મેશ્વો નહેરના નેટવર્કની ખેડા જિલ્લા અને તાલુકાવારની વિગતો તેમજ તે પૈકી કેટલી પાકી અને કેટલી કાચી કેનાલો છે? તે જણાવવા વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં મહેમદાબાદની અંદર મુખ્ય નહેરની ટોટલ ૬.૭ કિલોમીટરની લંબાઇ છે એમાં પાકી ૬.૭૭ કિલોમીટર છે અને કાચી કશું નથી. ખેડાની અંદર કુલ ૧૪.૬૦ કિલોમીટર લંબાઇ છે એમાં પાકી ૭.૮૨ કિલોમીટર છે અને કાચી ૬.૭૮ કિલોમીટર છે. એ જ રીતે ખેડાની અંદર બીજી કુલ ૪૫.૧૦ કિલોમીટર લંબાઇ છે, એમાં પાકી ૨૪.૩૨ કિલોમીટર છે અને કાચી ૨૦.૭૮ કિલોમીટર છે. વિશાખાની અંદર મહેમદાબાદની કુલ ૫.૮૧ કિલોમીટર લંબાઇ છે, એમાં પાકી ૩.૮૬ કિલોમીટર છે અને કાચી ૧.૮૫ કિલોમીટર છે. ખેડાની અંદર વિશાખા નહેરની અન્ય શાખાઓમાં કુલ લંબાઇ ૮૨.૫ કિલોમીટર છે એમાં પાકી નહેર ૪.૧૮ કિલોમીટર છે અને કાચી નહેર ૭૮.૩૨ કિલોમીટર છે.

આમ કુલ ૧૫૪ કિલોમીટર લંબાઈની અંદર ૪૭.૫ કિલોમીટર પાકી નહેર છે અને ૧૦૭.૭૩ કિલોમીટર કાચી નહેર છે અને કાચી નહેરની કામગીરી માટે પણ અંદાજપત્ર બનાવવાની કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં એ પણ અમે પૂર્ણ કરીશું.

* ૧૭૫ **શ્રીમતી દર્શના વાઘેલા** (અસારવા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૧૮,૦૩૮ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૧૮,૦૩૮ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૬૯,૬૩૫ છે. |

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩ હેઠળ આવરી લેવામાં આવતી ઝોન વાઇસ કેટલા રેશનકાર્ડ ગ્રાહકોની અરજીઓ છે? કેટલી મંજૂર થઇ છે? કેટલી નામંજૂર થઇ છે? અને કેટલી પડતર છે?

શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ આવરી લેવા માટે મળેલ અરજીઓની વાત કરું તો, ઝોન નંબર-૧, અસારવા ઝોનમાં મળેલ અરજીઓ ૧૭૬૪ છે અને ૧૭૬૪ અરજીઓ મંજૂર કરેલ છે. સાબરમતી ઝોનમાં ૧૨૧૫ અરજીઓ મળેલ છે તેમાંથી ૮૧૮ અરજીઓ મંજૂર કરેલ છે તથા ૩૯૭ અરજીઓ પડતર છે. રખિયાલ ઝોનમાં ૧૨૬૮ અરજીઓ મળેલ છે જેમાં, મંજૂર કરેલ ૯૪૬, નામંજૂર કરેલ અરજીઓ ૩૨૨. કાલુપુર ઝોનમાં મળેલ અરજીઓ ૨૯૩, મંજૂર કરેલ ૧૭૦ અને નામંજૂર કરેલ અરજીઓ ૨૭, પડતર અરજીઓ ૯૬. ખાડિયા ઝોનમાં મળેલ અરજીઓ ૬૪૬, મંજૂર કરેલ ૩૦૩, નામંજૂર કરેલ ૮૭, પડતર ૨૫૬. મણિનગર ઝોનમાં મળેલ અરજીઓ ૨૧૬૬, મંજૂર કરેલ ૧૧૯૩, નામંજૂર કરેલ ૮૨૫, પડતર અરજીઓ ૧૪૮. શહેર કોટડા ઝોન, મળેલ અરજીઓ ૯૯૬, મંજૂર કરેલ અરજીઓ ૮૪૭, નામંજૂર કરેલ અરજીઓ ૧૪૯. એલીસબ્રિજ ઝોન. મળેલ અરજીઓ ૧૧૧૩, મંજૂર કરેલ અરજીઓ ૧૦૦૩, નામંજૂર કરેલ અરજીઓ ૬૮, પડતર અરજીઓ ૪૨. દરિયાપુર ઝોન. મળેલ અરજીઓ ૭૦૬, મંજૂર કરેલ અરજીઓ ૭૦૬. શાહપુર ઝોન. મળેલ અરજીઓ ૮૪૯, મંજૂર કરેલ અરજીઓ ૪૭૭, નામંજૂર કરેલ અરજીઓ ૫૬, પડતર અરજીઓ ૩૧૬. જમાલપુર ઝોન. મળેલ અરજીઓ ૪૪૩૧, મંજૂર કરેલ અરજીઓ ૨૬૯૫, નામંજૂર કરેલ અરજીઓ ૧૬૧૨ અને પડતર અરજીઓ ૧૨૪.

અધ્યક્ષશ્રી : બહુ લાંબુ હોય તો આપ મેજ પર મૂકી શકશો.

શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર: ટોટલ બોલું સર, તો મળેલ અરજીઓ ૨૪૪૬૮, મંજૂર કરેલી ૧૮૦૩૮, નામંજૂર કરેલ અરજીઓ ૪૫૨૭, પડતર અરજીઓ ૧૯૦૩.

શ્રી બાબુસિંહ સા. જાદવ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ શહેરી વિસ્તારોમાં અગ્રતા ધરાવતા કુટુંબો એટલે કે પી. એચ. એસ. ને રેશન કાર્ડ ધરાવવાની પાત્રતાના ધોરણો શું છે?

શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અંત્યોદય અન્ન યોજના દ્વારા અગ્રતા ધરાવતા કુટુંબોના રેશન કાર્ડ ધારકોની સંખ્યા નીચે મુજબ છે. અમદાવાદ શહેર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૩ની સ્થિતિએ અંત્યોદન અન્ન યોજના કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબોના રેશન કાર્ડ ધારકોની સંખ્યા આ મુજબ છે.

અધ્યક્ષશ્રી : એમણે એના ધારાધોરણો કહ્યાં છે કે મેળવવા માટેની લાયકાત શું હોય ? એટલું જ ખાલી.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે અગ્રતા ધરાવતા કુટુંબને રેશન કાર્ડ મેળવવા માટેની પાત્રતા શું છે? તેવો પ્રશ્ન પૂછ્યો છે. ખાસ કરીને અગ્રતા ધરાવતા કુટુંબોની પાત્રતામાં અન્ન સલામતી કાયદા ૨૦૧૩ના હેઠળ એની પાત્રતાના શહેરી વિસ્તાર હોય તો એમાં અગ્રતા ધરાવતા કુટુંબ એટલે પી.એચ.એસ.નું રેશન કાર્ડ ધરાવતા માટે એની પાત્રતાના ધોરણો નીચે મુજબ છે. નીચેની કોઇપણ એક બાબતની વંચિતતા કે અરક્ષિતતા ધારણ કરતા કુટુંબને અન્ન સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવે છે. આ આવાસી અરક્ષિતતા. એ કુટુંબ, ઘર કે મકાન વિહોણું હોય. કુટુંબને પ્લાસ્ટિક કે પોલિથીનની દીવાલ કે છાપરાવાળું ઘર કે મકાન અથવા તો ઘર ધરાવતા હોય. માનનીય અધ્યક્ષશ્રી, મકાન ઘાસપુસ, વાંસ, છાણ, કાચી ઇંટ વગેરે અને લાકડાની દીવાલ અથવા તો ઘાસપુસ, વાંસ, છાણ અથવા તો લાકડાની છતવાળું હોય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એને વ્યવસાયિક રીતે પણ અરક્ષિત ગણાય છે. એવા કુટુંબ હોય. દાખલા તરીકે કુટુંબ કોઇપણ સ્ત્રોતમાંથી આવક ધરાવતું ન હોય. કુટુંબનો કોઇપણ સભ્ય બાળક સહિતના ભિખારી અથવા કચરો ઉપાડનાર,

ઘરકામ કરનાર જેમની પાસે બીજો કોઇ આધાર ન હોય તેવા. સફાઇ કામદાર હોય, કચરો વાળનારા હોય કે માળી તરીકેનું કામ કરનારા હોય. એ ઉપરાંત જે કુટુંબના પુખ્ત વયના બધા કમાતા સભ્યો રોજમદાર હોય કે અનિયમિત એમનું વેતન મેળવતા હોય એને. સામાન્ય રીતે ૩ પૈડાંવાળા યાંત્રિક વાહન ધરાવતા હોય. એવા કુટુંબને એમાં સમાવેશ કરવા. માસિક આવક રૂપિયા ૧૦૦૦૦ સુધીની એટલે કે એનાથી ઓછી હોય એવા કુટુંબો. માનનીય અધ્યક્ષશ્રી, એનો સામાજિક અરક્ષિતતા હેઠળ પણ સમાવેશ થાય છે. એવા કુટુંબો કે જેના વડા તરીકે સગીર વ્યક્તિ હોય એટલે કે કુટુંબના કોઇપણ સભ્ય ૧૮ વર્ષ કે તેથી વધુ વયના ન હોય. પછી જે કુટુંબના ૧૮થી ૬૦ વર્ષના તમામ સભ્યો અશક્તતા એટલે કે અશક્ત હોય અને ગંભીર બીમારી હોય. એવા કુટુંબમાંથી. માનનીય અધ્યક્ષશ્રી જે કુટુંબના પુખ્ત વયના તમામ કમાતા સભ્યો અશક્ત હોય. એવા કે જે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના હોય અને અશકત હોય, એ ઉપરાંત ધોરણો સિવાય શહેરી વિસ્તારના નીચે મુજબના વ્યક્તિઓને આવકની મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય, એન.એફ.એસ.એ. હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોને લાભાર્થી તરીકેનો સમાવેશ કરવામાં આવેલ છે તે પૈકીનું એક, દિવ્યાંગ લાભાર્થી હોય, વૃદ્ધ પેન્શન મેળવતા હોય, ગંગા સ્વરૂપ વિધવા બહેનો હોય, બાંધકામ શ્રમયોગી હોય, આ બધા કુટુંબોનો આમાં અગ્રતા ધરાવતા કુટુંબ તરીકેનો સમાવેશ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : આની એક કોપી બધા માનનીય ધારાસભ્યશ્રીઓને પહોંચાડજો, એટલે પોતાના વિસ્તારમાં પણ બધા એનો ઉપયોગ કરી શકે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : જી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પહેલા લોકડાઉન અને કોરોનાકાળ પછી મારી સોમનાથ વિધાનસભા અને મારા વતન ચોરવાડમાં લોકોની સમસ્યા અને પરિસ્થિતિ ગરીબીની રેખા નીચે વહી ગઇ છે. ત્યારે લોકોને એક ટાઇમનું ભોજન પણ મળતું નથી તે સમયે એક વર્ષ પહેલા મંત્રીશ્રીને મેં પત્ર લખેલો કે સરવે કરીને જે લોકોને અનાજ રેશનકાર્ડ ઉપર મળવા પાત્ર હોય તેનો સરવે કરીને આપવામાં આવે, છતાં પણ સરવે કરવામાં આવેલ નથી. અને મેં ખુદ ધારાસભ્ય તરીકે સોમનાથ વિધાનસભામાં સરવે કરીને એ ફોર્મ પ્રાંત અધિકારીની કચેરીમાં આપેલા અને મારા વતન ચોરવાડના ફોર્મ પણ સરવે કરીને માળીયા તાલુકાના મામલતદારશ્રીને આપેલા એવા ગુજરાતમાં હજારોની સંખ્યામાં લોકો છે, એટલે હું પૂછવા માગું છું કે એ ફોર્મોમાં સરવે કરીને રેશનકાર્ડ ઉપર એમને રાશન આપવા માટે છે કે નહીં અને કેટલા સમયમાં આપવા માગે છે ?

અધ્યક્ષશ્રી : આ મુળ પ્રશ્ન અમદાવાદનો છે. છતાં માનનીય મંત્રીશ્રી તમારે જવાબ આપવો હોય તો આપો.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને થોડું ક્લેરીફિકેશન એટલા માટે કરીશ કે આ પ્રશ્ન અમદાવાદ શહેર પુરતો છે. પણ માનનીય સભ્યશ્રીઓ સૌના ધ્યાન ઉપર એટલા માટે મુકીશ કે આમાં અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા ધરાવતા કુટુંબોની યોજના છે. આ જે પાત્રતા ધરાવતા હોય એ એન.એફ.એસ.એ. ૨૦૧૩ના એકટ હેઠળ જોગવાઇ છે તે પ્રમાણે બધા જ સભ્યોને મારી વિનંતી છે કે આમાં એવા કોઇ પરિવારો રહી જતા હોય, આ ક્રાઇટેરીયામાં સમાવેશ થતો હોય અને છતાં રહી જતા હોય તો તમારા વિસ્તારમાં આપ સરવે કરાવી લેજો અને જરૂર પડે તો જે તે ઝોન વાઇઝ કેમ્પ કરાવી દઇશું. અને એવા પરિવારો રહી જતા હશે કે જેને ખરેખર જરૂરિયાત છે અને આ બન્નેમાં એનો સમાવેશ થયેલો નથી તો ક્રાઇટેરીયા મુજબ અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા ધરાવતા કુટુંબની અન્ન યોજનામાં સમાવેશ થતો હોય તેવો કોઇ પણ વ્યક્તિ કે કુટુંબ રહી જતું હોય તો તમે અમને ચોકકસ કહેજો. ત્યાં કેમ્પ કરીને એ વિસ્તારના લોકોનો આમાં સમાવેશ થાય તેવો ચોકકસ પ્રયત્ન કરીશું. આખા રાજયમાં આવી રીતે અમારી જવાબદારી છે અને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ જે રીતે કોરોનાકાળ દરમ્યાન અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇએ પણ આ બાબતમાં અમને છૂટ આપી છે કે કોઇ પણ જગ્યાએ કોઇ પણ વ્યક્તિ રહી જતો હોય તો સરવે કરાવીને કે કેમ્પ કરાવીને તેને કાર્ડ મળે તે માટેની વ્યવસ્થા કરીશું.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ અન્ન યોજનાના કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબોના રાશન કાર્ડ ધારકોની સંખ્યા શું છે?

શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૩ની સ્થિતિએ અંત્યોદય અન્ન યોજનાના કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો આ મુજબ છે.

અધ્યક્ષશ્રી : મુખ્યમંત્રીશ્રીએ તમને ઉદારતાપૂર્વક વધારાના આખા રાજયના પ્રશ્નો પૂછવાનો અધિકાર આપ્યો એટલે ખરેખર એમને અભિનંદન આપવા જોઇએ.

શ્રી ભીખુસિંહ ચતુરસિંહ પરમાર : અંત્યોદય કુટુંબો ૨૧૦૦૦ અને તેની જન સંખ્યા ૯૭ હજાર છે. અગ્રતા ધરાવતા કુટુંબોની કાર્ડ સંખ્યા ૩.૨૫ લાખ છે અને જન સંખ્યા ૧૬.૭૨ લાખ છે. આમાં કુલ કાર્ડની સંખ્યા ૩.૪૭ લાખ છે અને જન સંખ્યા ૧૭.૭૦ લાખની છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રીને સવાલ પૂછવા માગું છું કે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૮૦ કરોડ પરિવાર સુધી રાશન પહોંચાડવાનો સુંદર અને સારો

પ્રયાસ કર્યો છે, પરંતુ આજે પણ ઘણા બધા જિલ્લાઓમાં ખાસ કરીને મારા વિસ્તારની અંદર રાશન કાર્ડ ધરાવે છે અને જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે થ્રી વ્હિકલ હોવું જોઇએ, એનું મકાન કાચું હોવું જોઇએ, પણ ઘણા બધા એવા પરિવાર છે કે જેની પાસે ફોર વ્હીલ હોય જમીનો હોય તો એવા લોકોના રેશન કાર્ડ રદ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**
**( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**આણંદ જિલ્લામાં અનાજનું વિતરણ**

૬૭૬ **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ આણંદ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) ઉક્ત અનાજ કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૭૮,૨૬૭ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો- ૨૦૧૩ હેઠળ ૬,૯૪૬ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૮૫,૨૧૩ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધી.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૫-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |
| | **કુલ** | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

(૨) માહે એપ્રિલ-૨૦૨૨ અને મે-૨૦૨૨ માટે

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૩-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |
| | બાજરી | કાર્ડદીઠ ૨-૦૦૦ | ૧-૦૦ |
| | **કુલ** | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |
| | બાજરી | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૧-૦૦ |
| | **કુલ** | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

(૩) માહે જૂન-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી અને જાન્યુઆરી-૨૦૨૩ માટે

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો (કિ.ગ્રા.)** | **જૂન-૨૨ થી ડિસે-૨૨** | **જાન્યુઆરી-૨૩** |
|---|---|---|---|---|
| | | | **ભાવ (રૂ-પૈસા)** | **ભાવ (રૂ-પૈસા)** |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિના મૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | **કુલ** | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ -૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | **કુલ** | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | | |

---------

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**વિછીંયા તાલુકામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૩૭૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે રાજકોટ જિલ્લાના વિછીંયા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી ? | શૂન્ય. |

---------

**કડાણા ડેમથી દાહોદ જિલ્લાને સિંચાઈની સુવિધા**

૫૧૪ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કડાણા ડેમથી દાહોદ જિલ્લાને સિંચાઈની સુવિધા આપવા અંગેની કડાણા-દાહોદ ઉદ્વહન યોજનાના વિસ્તૃતિકરણની કામગીરી કયા તબક્કે છે, | (૧) પેકેજ-૧ની કામગીરી ૯૭% અને પેકેજ-૨ની ૮૮% કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ અંદાજિત ખર્ચ કેટલો છે, અને | (૨) રૂ.૨૨૬.૩૪ કરોડ. |
| (૩) આ યોજના હેઠળ કયા તાલુકાના કેટલા તળાવો ભરવાનું આયોજન છે ? | (૩) |

| **તાલુકો** | **તળાવની સંખ્યા** |
|---|---|
| સંજેલી | ૩ |
| શિંગવડ | ૮ |
| દેવગઢ બારીઆ | ૪૧ |
| લીમખેડા | ૪ |
| ધાનપુર | ૧૮ |
| **કુલ** | **૭૪** |

---------

**દસક્રોઇ તાલુકામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૩૮૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઇ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૩ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિમત કેટલી છે ? | (૨) રૂ.૧૩૮.૮૭ લાખ. |

---------

**અમદાવાદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ**

૫૨૪ **શ્રી અમિત ઠાકર** (વેજલપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ |

વર્ષમાં અમદાવાદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કુલ કેટલી છે ?

શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૧૮,૦૩૮ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૮,૦૩૮ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૬૯,૬૩૫ છે.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાના કામો**

૩૬૪ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓના કામ કયા તબક્કે છે, અને

(૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કુલ ૩૩૭ મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવાનું આયોજન હતું. જે તમામ યોજનાઓના કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| મીની પા.પુ. યોજનાઓનુ આયોજન (નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩) | | પૂર્ણ કરેલ મીની પા.પુ. યોજનાઓ | |
|---|---|---|---|
| સોલાર મીની પા.પુ. યોજના | પાવર મીની પા.પુ. યોજના | સોલાર મીની પા.પુ. યોજના | પાવર મીની પા.પુ યોજના |
| ૨૨૭ | ૧૧૦ | ૨૨૭ | ૧૧૦ |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ ખર્ચ**

૩૬૧ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે અમદાવાદ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

રૂ.૨૯૭૩.૫૯ લાખ.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં પાતાળકુવા શારવા તેમજ ગામોને પીવાના પાણીનો લાભ**

૫૦૫ **શ્રી અનિરૂધ્ધ દવે** (માંડવી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા શારવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પાતાળકુવા સફળ થયા, અને

(૩) ઉક્ત પાતાળકુવાથી કેટલા ગામોને પીવાના પાણીનો લાભ મળે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં કુલ ૧૨૬ નંગ પાતાળકુવા શારવામાં આવ્યા. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | શારેલ પાતાળકુવા | સફળ થયેલ પાતાળકુવા | પાણી શરૂ કરવામાં આવેલ પાતાળકુવા | પાતાળકુવા દ્વારા પાણીનો લાભ મેળવતા ગામો |
|---|---|---|---|---|
| વર્ષ: ૨૦૨૧-૨૨ | ૭૫ | ૭૧ | ૭૧ | ૫૯ |
| વર્ષ: | ૫૧ | ૪૯ | ૪૩ | ૩૭ |

| ૨૦૨૨-૨૩ | | | | |
|---|---|---|---|---|

ઉપર મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં સફળ થયેલ ૪૯ પાતાળકુવા પૈકી ૪૩ પાતાળકુવા મારફત પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૦૬ પાતાળકુવા પર પંપીગ મશીનરી બેસાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે વહેલી તકે પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવનાર છે.

- - - - - - - - -

**ખેરા ગામે દરીયાઈ પાણીથી થતુ નુકશાન અટકાવવા દિવાલની મંજૂરી**

૫૨૧ **શ્રી હીરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજુલા તાલુકાના ખેરા ગામે દરીયાઈ પાણીથી થતુ નુકશાન અટકાવવા દિવાલ બનાવવાની, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧)

| મંજૂરીની વિગત | તારીખ | રકમ (લાખમાં) |
|---|---|---|
| વહીવટી મંજૂરી | ૦૨/૦૩/૨૦૧૯ | ૫૮૦.૭૩ |
| તાંત્રિક મંજૂરી | ૧૧/૦૯/૨૦૨૦ | ૮૧૧.૯૯ |

(૨) આ કામગીરી ૧૦% પૂર્ણ થયેલ છે અને બાકીની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) આ કામગીરી આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ આણંદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૭૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં **૭૪,૧૩૪ મે.ટન** અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર માહે જાન્યુઆરી-૨૦૨૩માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ **૭,૧૩૦ મે.ટન** અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આમ, **કુલ ૮૧,૨૬૪ મે.ટન** અનાજનું વિતરણ થયેલ છે.

(૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી.**

| **માસનું નામ** | **એએવાય (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)** | | **ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| | **ઘઉં** | **ચોખા** | |
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી | વ્યક્તિદીઠ | વ્યક્તિદીઠ | વિના મૂલ્યે |

| | | | |
|---|---|---|---|
| એપ્રિલ-૨૦૨૨ | ૩-૫૦૦ (કિ.ગ્રા.) | ૧-૫૦૦ (કિ.ગ્રા.) | |
| માહે મે-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ | વ્યક્તિદીઠ ૧-૦૦૦ (કિ.ગ્રા.) | વ્યક્તિદીઠ ૪-૦૦૦ (કિ.ગ્રા.) | |

**(૨) માહે જાન્યુઆરી-૨૦૨૩**

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો | ભાવ (રૂ-પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦(કિ.ગ્રા.) | વિના મૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦(કિ.ગ્રા.) | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦(કિ.ગ્રા.) | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦(કિ.ગ્રા.) | |

---------

**કિસાન સૂર્યોદય યોજના અન્વયે ખેડૂતોને વીજળી આપવા બાબત**

૨૬૨ **ડૉ. સી.જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના અન્વયે વિજાપુર તાલુકામાં ખેડૂતોને ખેતી માટે કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના અન્વયે વિજાપુર તાલુકાના ૧૦ ગામોના ખેડૂતોને ખેતી માટે ૩ ફેઝ પાવર સપ્લાય ૮ કલાક માટે દિવસ દરમિયાન અલગ-અલગ KSY ગ્રુપમાં આપવામાં આવે છે, |
| (૨) ખેતી માટે વીજળી રાત્રે આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૨) ઉક્ત યોજના અન્વયે જવાબ-૧માં જણાવેલ ગામોના ખેડૂતોને દિવસે જ વીજળી અલગ-અલગ KSY ગ્રુપમાં આપવામાં આવે છે. |
| (૩) જો હા, તો તેના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

૭૦ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ અમીરગઢ તાલુકાના ૧૧, ભાભર તાલુકાના ૦૭, ડીસા તાલુકા ૦૪ અને પાલનપુર તાલુકાના ૦૧ ગામોના ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે છે, |
| (૨) ઉક્ત યોજના અન્વયે ખેડૂતોને દિવસે વીજળી ના આપવામાં આવતી હોવાની હકીકત સાચી છે, અને | (૨) ના. ઉક્ત યોજના અન્વયે જવાબ-૧માં જણાવેલ ગામના ખેડૂતોને દિવસે વીજળી અલગ-અલગ KSY ગ્રુપમાં આપવામાં આવે છે. |

(૩) જો હા, તો ખેડૂતોને દિવસે વીજળી મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહેસાણા શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૭૨ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૧૧૦૨ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૧૦૨ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૪૫૧૨ છે.

- - - - - - - - -

**કડાણા ડેમથી દાહોદ જિલ્લાને સિંચાઈની સુવિધા**

૫૧૩ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કડાણા ડેમથી દાહોદ જિલ્લાને સિંચાઇની સુવિધા આપવા અંગેની કડાણા-દાહોદ ઉદ્વહન યોજનાના વિસ્તૃતિકરણની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિેએ અંદાજિત ખર્ચ કેટલો છે, અને

(૩) આ યોજના હેઠળ કયા તાલુકાના કેટલા તળાવો ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પેકેજ-૧ની કામગીરી ૯૭% અને પેકેજ-૨ની ૮૮% કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે.

(૨) રૂ.૨૨૬.૩૪ કરોડ.

(૩)

| તાલુકો | તળાવની સંખ્યા |
|---|---|
| સંજેલી | ૩ |
| શિંગવડ | ૮ |
| દેવગઢ બારીઆ | ૪૧ |
| લીમખેડા | ૪ |
| ધાનપુર | ૧૮ |
| **કુલ** | **૭૪** |

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૭૧ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૪૬૦ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૪૬૦ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૯૩૧ છે.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં બિલખાડી પાકી કરવાની કામગીરી**

૫૨૩ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં બિલખાડી પાકી કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૧) કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામની અંદાજીત રકમ કેટલી છે,

(૨) આ કામની અંદાજિત રકમ રૂ.૨૨૨૪/- લાખ છે.

(૩) આ કામ પાછળ તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂ.૬૦૬.૨૫/- લાખનો ખર્ચ થયેલ છે.

(૪)આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૪) આ કામ માહે એપ્રિલ-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**પેટ્રોલ, ડીઝલ અને ગેસના વેરા થકી આવક**

૫૦ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલ, ડીઝલ તથા પી.એન.જી. અને સી.એન.જી. ઉપરના વેરા થકી કેટલી આવક થઈ?

**જવાબ**

(રકમ રૂ. કરોડમાં)

| કોમોડીટી | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ |
|---|---|---|
| પેટ્રોલ | ૬૦૪૦.૦૧ | ૬૦૦૮.૬૯ |
| ડીઝલ | ૧૨૭૩૧.૭૯ | ૧૩૯૫૧.૨૭ |
| સી.એન.જી. | ૧૯૧.૭૫ | ૧૯૮.૪૪ |
| પી.એન.જી. | ૬૮.૩૧ | ૫૮.૦૯ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળ ઊંડા જવા બાબત**

૧૯૭ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ભૂગર્ભ જળ ખુબ જ ઊંડા ગયા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ભૂગર્ભજળ ઊંચા આવે તે માટે સરકારે શું કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) હા.

(૨) ભુગર્ભજળ ઉંચા આવે તે માટે અટલ ભુજલ યોજના હેઠળ ભુગર્ભ જળનો વધુ રીચાર્જ થાય તે પ્રકારના જળસંચયના કામો, પાણીનો કરકસરયુક્ત વપરાશ થાય તે માટે સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનું અમલીકરણ તેમજ લોક જાગૃતિ વધારવાની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

---------

**સૌની યોજના હેઠળ આજી-૧ તથા ન્યારી-૧ પાછળ ખર્ચ**

૫૧૯ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના હેઠળ આજી-૧ તથા ન્યારી-૧ જળાશયોમાં કેટલું પાણી ઠાલવવામાં આવેલ છે, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| ૧ | આજી-૧ | ૨૫૦૭ એમ.સી.એફ.ટી. |
| ૨ | ન્યારી-૧ | ૫૪૦ એમ.સી.એફ.ટી. |

(૨) રૂ. ૮૫૫૬.૩૯ લાખ.

---------

**ખાનપુર તાલુકામાં સિંચાઈની સુવિધા**

૨૯૩ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખાનપુર તાલુકાના ૪૭ ગામો સિંચાઈની સુવિધાથી વંચિત છે તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી
ખાનપુર તાલુકામાં કુલ ૮૬ ગામોનો સમાવેશ થાય છે. જેમાંથી ૬૧ ગામોને વિવિધ યોજના થકી સિંચાઈનો લાભ આપવામાં આવે છે. જ્યારે ૨૫ ગામોને ચેકડેમો અને તળાવોથી સિંચાઈનો પરોક્ષ રીતે લાભ મળે છે.

(૨) જો હા, તો કડાણા હાઇ લેવલ કેનાલ દ્વારા તળાવો ભરવા માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) ઉપર મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૮૦ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વલસાડ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૧,૧૧૯ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨)૧,૧૧૯ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૪,૯૨૪ છે. |

---------

**ભરૂચ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૭૪ **શ્રી રમેશભાઈ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૨૬૧૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૨૬૧૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૦,૧૧૧ છે. |

---------

**ભાવનગર શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૭૩ **સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૩૧૩૪ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૩૧૩૪ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૧,૪૨૫ છે. |

---------

**કોડીનાર તાલુકામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૩૮૪ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક | (૧) શૂન્ય. |

પેયજળ યોજનાઓ અન્વયે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાઓ**

૩૬૫ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૮૧ મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવાનું આયોજન હતું. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આયોજન હેઠળની મીની પા.પુ. યોજનાઓ | પૂર્ણ કરી કાર્યરત કરેલ મીની પા.પુ. યોજનાઓ | નોંધ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૧ | ૩૧ | - |
| ૨૦૨૨-૨૩ | ૫૦ | - | ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે. |

---------

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નર્મદા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૭૬ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૨૫,૭૬૬ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર માહે જાન્યુઆરી-૨૦૨૩માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૨,૫૯૧ મે. ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૮,૩૫૭ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી**

| માસનું નામ | એએવાય (AAY) અને | ભાવ |
|---|---|---|

| | **અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)** | | **(રૂ-પૈસા)** |
|---|---|---|---|
| | **ઘઉં** | **ચોખા** | |
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૨ | વ્યક્તિદીઠ ૩-૫૦૦ (કિ.ગ્રા.) | વ્યક્તિદીઠ ૧-૫૦૦ (કિ.ગ્રા.) | વિના મૂલ્યે |
| માહે મે-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ | વ્યક્તિદીઠ ૧-૦૦૦ (કિ.ગ્રા.) | વ્યક્તિદીઠ ૪-૦૦૦ (કિ.ગ્રા.) | |

**(૨) માહે જાન્યુઆરી-૨૦૨૩**

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો** | **ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦(કિ.ગ્રા.) | વિના મૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦(કિ.ગ્રા.) | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦(કિ.ગ્રા.) | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦(કિ.ગ્રા.) | |

---------

**ગાંધીનગર જિલ્લામાં પાતાળકુવા**

૩૬૨ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૧ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૨૯ પાતાળકુવા કરવામાં આવ્યા. જે પૈકી ૨૪ પાતાળકુવા દ્વારા પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૦૫ પાતાળકુવાના શારકામ પૂર્ણ થયેલ છે. જેની વીજ જોડાણની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**સુરત જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાનું આયોજન**

૫૦૩ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત કરેલ છે ?

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૮૧ મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવાનું આયોજન હતું. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આયોજન હેઠળની મીની પા.પુ. યોજનાઓ | પૂર્ણ કરી કાર્યરત કરેલ મીની પા.પુ. યોજનાઓ | નોંધ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૧ | ૩૧ | - |
| ૨૦૨૨-૨૩ | ૫૦ | - | ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે. |

---------

**દાહોદ અને ડાંગ જિલ્લામાં નલ સે જલ યોજના હેઠળ રકમ**

૨૪ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાસ્મો અંતર્ગત નલ સે જલ યોજનામાં દાહોદ અને ડાંગ જિલ્લાને કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં કામો પૂર્ણ થયા અને કેટલા ગામોમાં કામો બાકી છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ કામો બાકી રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|
| દાહોદ | ૮૨૩૩.૮૩ લાખ | ૩૮૬૮૦.૭૨ લાખ |
| ડાંગ | ૧૮૨૨.૯૭ લાખ | ૯૬૫.૨૭ લાખ |

(૨)

| જિલ્લો | યોજનાની હાલની સ્થિતિ | | નોંધ |
|---|---|---|---|
| | પૂર્ણ | બાકી | |
| દાહોદ | ૮૫૬ | ૦ | ૨૧ યોજના ફાઇનલ ઓડીટ સાથે પૂર્ણ, ૮૩૫ યોજના ભૌતિક રીતે પૂર્ણ |
| ડાંગ | ૧૯૬ | ૦ | ૧૮૪ યોજના ફાઇનલ ઓડીટ સાથે પૂર્ણ, ૧૨ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા તાલુકામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૩૮૦ **કેયુર રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ખંભાત તાલુકાની ગોલાણ ડ્રિસ્ટ્રીબ્યુટરીનું રીપેરીંગ**

૬૮૧ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ખંભાત તાલુકાની ગોલાણ ડ્રિસ્ટ્રીબ્યુટરી ૨૭૫૦૦ થી ૪૬૨૦૦ ફુટ હાઈબેન્કની બંને બાજુ જર્જરિત છે, તે હકીકત સાચી છે, અને | (૧) અંશતઃ સાચી છે. |
| (૨) જો હા, તો આ લંબાઈમાં આર.સી.સી. લાઈનીંગ કે વાયરમેશ લાઈનીંગ ક્યા સુધીમાં કરવામાં આવશે ? | (૨) અંદાજો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે, અને નાણાકીય બજેટ જોગવાઈને આધિન કામગીરી હાથ ધરવામાં આવશે. |

- - - - - - - - -

**ઝગડીયા તાલુકાના જૂથ યોજનાથી વંચિત રહેલ ગામો**

૩૮૯ **રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકાના જૂથ પાણી પુરવઠા યોજનાથી વંચિત રહેલ ગામોમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે કોઈ યોજનાનું આયોજન થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદર યોજના હેઠળ કેટલા ગામનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૫૯ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજનાઓ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) યોજનાકીય કામગીરી પ્રગતિના તબક્કે છે. |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં પાતાળકુવા શારવા બાબત**

૩૭૯ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા શારવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પાતાળકુવા સફળ થયા, અને

(૩) તે પૈકી કેટલા પાતાળકુવામાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં આણંદ જિલ્લામાં શારવામાં આવેલ પાતાળકુવાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | શારેલ પાતાળકુવા | સફળ થયેલ પાતાળકુવા | પાણી શરૂ કરવામાં આવેલ પાતાળકુવા | નોંધ |
|---|---|---|---|---|
| વર્ષ: ૨૦૨૦-૨૧ | ૧૨ | ૧૨ | ૧૨ | પૂર્ણ |
| વર્ષ: ૨૦૨૧-૨૨ | ૮ | ૮ | ૭ | ૦૧ હલ્દરી ગામે વીજ કનેક્શનની કામગીરી પ્રગતિમાં છે. |

- - - - - - - - -

**લાલપુર તાલુકાના ડેમો હેઠળની કાચી કેનાલોને પાકી કરવાનું આયોજન બાબત**

૨૧૦ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં કયા કયા ડેમ આવેલા છે,

(૧) કુલ ૧૨ ડેમો આવેલા છે (બાર)

| | | | |
|---|---|---|---|
| ૧ | રૂપાવટી | ૬ | ગોવાણા ના.સિં. યોજના |
| ૨ | કુલઝર-૨ | ૭ | નવી વેરાવળ ના.સિં. યોજના |
| ૩ | પન્ના | ૮ | ઢાંઢર ના.સિં. યોજના |
| ૪ | સસોઇ | ૯ | રૂપાવટી ના.સિં. યોજના |
| ૫ | સસોઇ-૨ | ૧૦ | ખડખંભાળિયા ના.સિં. યોજના |
| | | ૧૧ | પિપરટોડા ના.સિં. યોજના |
| | | ૧૨ | ડબાસંગ ના.સિં. યોજના |

(૨) ઉક્ત ડેમવાર કેટલા કી.મી.ની. સિંચાઈની પાકી કેનાલો છે અને કેટલા કી.મી.ની. કાચી કેનાલો આવેલી છે, અને

(૨)

| ક્રમ | યોજનાનું નામ | પાક્કી કેનાલ (કી.મી.) | કાચી કેનાલ (કી.મી.) |
|---|---|---|---|
| ૧ | રૂપાવટી | ૭.૮૦ | ૦.૦૦ |
| ૨ | કુલઝર-૨ | ૦.૦૦ | ૫.૪૦ |
| ૩ | પન્ના | ૧૯.૭૦ | ૦.૦૦ |
| ૪ | સસોઇ | ૦.૦૦ | ૫.૫૦ |
| ૫ | રૂપાવટી ના.સિં.યો | પાકી કેનાલ નથી | ૧.૫૦ કી.મી. |
| ૬ | ખડખંભાળિયા | પાકી કેનાલ નથી | ૫.૮૦ કી.મી. |
| ૭ | પિપરટોડા | પાકી કેનાલ નથી | ૩.૬૦ કી.મી. |

(૩) ઉક્ત કાચી કેનાલોને પાકી કરવાનું શું આયોજન છે?

(૩) હાલ ઉપર મુજબના તમામા ડેમોમાં કેનાલો સુદ્રઢ તથા સુચારૂં રીતે કામ કરતી હોય તેને પાક્કી કરવા માટેની રજૂઆત મળ્યેથી વિગતવાર તાંત્રિક ચકાસણી કરીને આગળની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

- - - - - - - - -

**માણસા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૩૮૭ **શ્રી જયંતીભાઈ પટેલ** (માણસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાને કઈ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, | (૧) જી-૩ જૂથ પાણી પુરવઠા યોજના. |
| (૨) આ યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) ૪૮ ગામો. |
| (૩) આ યોજના અંતર્ગત કુલ કેટલી વસ્તીને આવરી લેવામાં આવેલ છે? | (૩) હાલની વસ્તી ૨.૧૪ લાખ. |

- - - - - - - - -

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૭૮ **શ્રી સંજયસિંહ મહીડા** (મહુધા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણમાં અને ક્યા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં **૮૦,૮૦૭ મે.ટન** અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર માહે જાન્યુઆરી-૨૦૨૩માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ **૭,૬૫૪ મે.ટન** અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આમ, **કુલ ૮૮,૪૬૧ મે.ટન** અનાજનું વિતરણ થયેલ છે.

(૨) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી.**

| **માસનું નામ** | **એએવાય (A A Y) અને અગ્રતા ધરાવતા કુટુંબો (P H H)** | | **ભાવ (રૂ.પૈસા )** |
|---|---|---|---|
| | **ઘઉં** | **ચોખા** | |
| ફેબ્રુઆરી-૨૦૨૨ થી એપ્રિલ-૨૦૨૨ | વ્યક્તિદીઠ ૩-૫૦૦ (કિ.ગ્રા.) | વ્યક્તિદીઠ ૧-૫૦૦ (કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| માહે મે-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ | વ્યક્તિદીઠ ૧-૦૦૦ (કિ.ગ્રા.) | વ્યક્તિદીઠ ૪-૦૦૦ (કિ.ગ્રા.) | |

**(૨) માહે જાન્યુઆરી-૨૦૨૩**

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો** | **ભાવ (રૂ.પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ (કિ.ગ્રા.) | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ (કિ.ગ્રા.) | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ (કિ.ગ્રા.) | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩- | |

- - - - - - - - -

**રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ બોટાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૮૨ **શ્રી શંભુપ્રસાદ ટુંડિયા** (ગઢડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ

વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ બોટાદ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસ દરમ્યાન ૨૮,૩૭૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૨,૬૧૧ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

આમ, કુલ ૩૦,૯૮૬ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે.

(૨) કેટલા પ્રમાણમાં અને ક્યા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

**(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી મે-૨૦૨૨ સુધી.**

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ.પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૫-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

**(૨) માહે જૂન-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી તથા જાન્યુઆરી-૨૦૨૩ માટે**

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.)** | **વિતરણ ભાવ (રૂ.પૈસા)** | |
|---|---|---|---|---|
| | | | **જૂન-૨૨ થી ડિસે.-૨૨ સુધી** | **જાન્યુઆરી-૨૩ માટે** |
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ | | |

- - - - - - - - -

## પાદરા તાલુકામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ

૩૭૬ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં નલ સે જલ કાર્યક્રમ હેઠળ ખર્ચ**

૫૦૧ **શ્રી હાર્દિક પટેલ** (વિરમગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''નલ સે જલ'' કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે અમદાવાદ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | ૩.૨૯૭૩.૫૯ લાખ. |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં પાતાળકુવા બનાવવા બાબત**

૫૦૨ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા કરવામાં આવ્યા, અને<br>(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ? | (૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૧ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૨૯ પાતાળકુવા કરવામાં આવ્યા. જે પૈકી ૨૪ પાતાળકુવાના કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૦૫ પાતાળકુવાના શારકામ પૂર્ણ થયેલ છે. જેની વીજ જોડાણની કાર્યવાહી પ્રગતિમાં છે. |

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ**

૫૨૫ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરમાં નેશનલ ફુટ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુટ સિક્યોરિટી એક્ટ હેઠળ ૪૬૦ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કુલ કેટલી છે ? | (૨) ૪૬૦ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૯૩૧ છે. |

- - - - - - - - -

**ભેંસાણ તાલુકામાં સૌની યોજના હેઠળ પાણી છોડવા બાબત**

૧૩ **શ્રી ભૂપેન્દ્રભાઈ ભાયાણી** (વિસાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભેંસાણ તાલુકામાં સૌની યોજના અન્વયે ક્યારે ક્યારે પાણી છોડવામાં આવ્યું, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાં સૌની યોજના અન્વયે વર્ષ ૨૦૨૧માં માહે માર્ચ-એપ્રિલ તથા વર્ષ ૨૦૨૨માં માહે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં પાણી છોડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત યોજના હેઠળ પાણી અનિયમિત છોડવાની કેટલી ફરિયાદ સરકારને મળેલ છે, અને<br>(૩) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) અને (૩) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. નર્મદાના પાણીની ઉપલબ્ધિ તેમજ માંગણી અને જરૂરિયાત મુજબ વખતોવખત પાણી ફાળવવામાં આવેલ છે. |

- - - - - - - - -

**જી.એસ.ટી. કાયદા અન્વયે કેન્દ્ર સરકાર પાસેથી બાકી રકમ**

૬૭૫ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો થાય તો પાયાના વર્ષ ૨૦૧૫-૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી રાજ્યને ઉક્ત કાયદાની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકારે વળતર ચૂકવવાનું થાય છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત પાયાના વર્ષ મુજબ ગ્રોથ ન થયો હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને મળવાપાત્ર થાય છે, | (૨) તા.૦૧/૦૨/૨૧ થી તા.૩૧/૦૧/૨૨ માટે રૂ.૨૧,૬૭૨.૯૦ કરોડ તા.૦૧/૦૨/૨૨ થી તા.૩૦/૦૬/૨૨ માટે રૂ.૭,૧૩૭.૫૦ કરોડ (જી.એસ.ટી. વળતરનો પાંચ વર્ષનો સમયગાળો તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે.) |
| (૩) તે અન્વયે રાજ્ય સરકારને ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી, અને | (૩) નીચે જણાવેલ તારીખે તેની સામે દર્શાવેલ રકમ વળતર તરીકે મળેલ છે. |

(રૂ.કરોડમાં)

| તારીખ | રકમ | તારીખ | રકમ |
| --- | --- | --- | --- |
| ૩૧/૦૫/૨૨ | ૩૩૬૪.૦૦ | ૨૪/૧૧/૨૨ | ૮૫૫.૭૩ |

જે રકમ વળતર તરીકે મળેલ નથી તેની સામે લોન પેટે રૂ.૧૫,૦૩૬.૮૫ કરોડ મળેલ છે. જેની વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેસ ફંડમાંથી કરશે.

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળવાની બાકી છે ? | (૪) રૂ.૯,૫૫૩.૮૨ કરોડ. |

---------

**રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ તાપી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૧૭૯ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ તાપી જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) તાપી જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૩૮,૩૮૦ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.<br>કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૩,૫૧૨ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.<br>આમ, કુલ ૪૧,૮૯૨ મે.ટન અનાજનું વિતરણ થયેલ છે. |
| (૨) કેટલા પ્રમાણમાં અને ક્યા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ? | (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો (કિ.ગ્રા.)** | **ફેબ્રુ-૨૦૨૨ થી ડિસે.-૨૦૨૨** | **જાન્યુઆરી-૨૦૨૩** |
| --- | --- | --- | --- | --- |

| | | | ભાવ (રૂ.પૈસા) | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | | |

---------

**નવસારી શહેરમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ જનસંખ્યા**

૧૮૧ **શ્રી રાકેશ દેસાઈ** (નવસારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નવસારી શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નવસારી શહેરમાં છેલ્લા એક વર્ષમાં નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ હેઠળ ૧૯૪૧ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૯૪૧ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૮૪૮૮ છે.

---------

**આણંદ જિલ્લામાં પાતાળકુવા શારવા બાબત**

૫૦૮ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા શારવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પાતાળકુવા સફળ થયા, અને

(૩) તે પૈકી કેટલા પાતાળકુવામાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં આણંદ જિલ્લામાં શારવામાં આવેલ પાતાળકુવાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | શારેલ પાતાળકુવા | સફળ થયેલ પાતાળકુવા | પાણી શરૂ કરવામાં આવેલ પાતાળકુવા | નોંધ |
|---|---|---|---|---|
| વર્ષ: ૨૦૨૦-૨૧ | ૧૨ | ૧૨ | ૧૨ | પૂર્ણ |
| વર્ષ: ૨૦૨૧-૨૨ | ૮ | ૮ | ૭ | ૦૧ હલ્દરી ગામે વીજ કનેકશનની કામગીરી પ્રગતિમાં છે. |

---------

**તાપી જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજનાના કામો**

૩૬૬ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાનું

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કુલ ૧૨૫ મીની પાણી પુરવઠા યોજનાઓ બનાવવાનું આયોજન હતું.

આયોજન હતું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓના કામ કયા તબક્કે છે, અને

(૩)આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આયોજન હેઠળની મીની પા.પુ.યોજનાઓ | પૂર્ણ કરી કાર્યરત કરેલ મીની પા.પુ યોજનાઓ | નોંધ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૫ | ૭૫ | - |
| ૨૦૨૨-૨૩ | ૫૦ | - | ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે. જે માહે ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

## કચ્છ જિલ્લામાં પાતાળકુવા શારવા તેમજ ગામોને પીવાના પાણીનો લાભ

૩૭૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા શારવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પાતાળકુવા સફળ થયા, અને

(૩) ઉક્ત પાતાળકુવાથી કેટલા ગામોને પીવાના પાણીનો લાભ મળે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૦૨ વર્ષમાં કુલ ૧૨૬ નંગ પાતાળકુવા શારવામાં આવ્યા. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | શારેલ પાતાળકુવા | સફળ થયેલ પાતાળકુવા | પાણી શરૂ કરવામાં આવેલ પાતાળકુવા | પાતાળકુવા દ્વારા પાણીનો લાભ મેળવતા ગામો |
|---|---|---|---|---|
| વર્ષ: ૨૦૨૧-૨૨ | ૭૫ | ૭૧ | ૭૧ | ૫૯ |
| વર્ષ: ૨૦૨૨-૨૩ | ૫૧ | ૪૯ | ૪૩ | ૩૭ |

ઉપર મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં સફળ થયેલ ૪૯ પાતાળકુવા પૈકી ૪૩ પાતાળકુવા મારફત પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૦૬ પાતાળકુવા પર પંપીગ મશીનરી બેસાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે વહેલી તકે પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવનાર છે.

- - - - - - - - -

## માણાવદર અને વંથલી તાલુકામાં ડાર્ક ઝોનમાં આવેલ ગામો

૧૫ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર અને વંથલી તાલુકાના કેટલા ગામ ડાર્ક ઝોનમાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલા ગામનો અટલ ભૂ જલ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના માણાવદર અને વંથલી તાલુકાનો ડાર્ક ઝોન કેટેગરીમાં સમાવેશ થતો નથી.

(૨) અટલ ભૂ જલ યોજના ઓવર એક્ષપ્લોઇડ, ક્રિટીકલ, સેમિ-ક્રિટીકલ તાલુકા માટેની હોઈ ઉક્ત તાલુકાના ગામોનો સમાવેશ આ યોજનામાં થતો નથી.

- - - - - - - - -

## ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ ખરીદી

૯૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન પરંપરાગત ઉર્જા અંગેની સોલાર પાવર પોલીસી અન્વયે ખાનગી ઉત્પાદક પાસેથી કેટલા યુનિટ વીજળી કયા ભાવે ખરીદવામાં આવી ?

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન પરંપરાગત ઉર્જા અંગેની સોલાર પાવર પોલીસી અન્વયે ખાનગી ઉત્પાદક પાસેથી નીચે મુજબની વિગતે વીજળી ખરીદવામાં આવેલ છે:

| વર્ષ | મિલિયન યુનિટ | સરેરાશ ભાવ (રૂ./યુનિટ) |
|---|---|---|
| ૨૦૨૧ | ૩૭૯૭ | ૫.૮૯ |
| ૨૦૨૨ | ૫૮૯૩ | ૪.૭૮ |

- - - - - - - - -

**કપડવંજ તાલુકામાં ચેકડેમો બનાવવા બાબત**

૫૧૦ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં નદીઓ પર ચેકડેમો બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) કુલ કેટલા ચેકડેમો બનાવવાના છે,

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪)ઉક્ત સ્થિતિએ ઉક્ત આયોજન હેઠળના ચેકડેમો બનાવવા પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં નદીઓ પર કુલ-૦૯ (નવ) ચેકડેમો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) હાલના તબક્કે કપડવંજ તાલુકામાં અન્ય કોઈ ચેકડેમ બનાવવાનું આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કુલ રૂ. ૨૧૬૦.૦૩ લાખ.

- - - - - - - - -

**ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના કાંઠા વિસ્તારોને પીવાના પાણીની સુવિધા**

૩૮૮ **શ્રી સંદિપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના કાંઠા વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થાથી વંચિત ગામો માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા ગામમાં પીવાના પાણીની સમસ્યા છે, અને

(૩) આ યોજનાનો લાભ વંચિત ગામોને ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) પીવાના પાણીની વ્યવસ્થાથી એકપણ ગામ વંચિત નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાંથી પસાર થતી મેશ્વો નહેરની લંબાઈ અને પિયત વિસ્તાર**

૫૧૧ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાંથી પસાર થતી મેશ્વો નહેરની કુલ લંબાઈ અને પિયત વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ મેશ્વો મુખ્ય નહેર તથા તેમાંથી નિકળતી નહેરોના રીનોવેશનની કામગીરી કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૩) જો હા, તો તેની પાછળ અંદાજે કેટલો ખર્ચ થનાર છે, અને

**જવાબ**

(૧) કુલ લંબાઈ ૧૨૯.૪૨ કી.મી. અને પિયત વિસ્તાર ૧૧૧૯૫ હેક્ટર છે.

(૨) હા, જી.

(૩) અંદાજીત રૂ.૬૦.૯૩ કરોડ

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) જુન, ૨૦૨૩ સુધીમાં

- - - - - - - - -

**સૌની યોજના હેઠળ આજી-૧ તથા ન્યારી-૧ પાછળ ખર્ચ**

૫૨૦ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના હેઠળ આજી-૧ તથા ન્યારી-૧ જળાશયોમાં કેટલું પાણી ઠાલવવામાં આવેલ છે, અને

(૨)આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| ૧ | આજી-૧ | ૨૫૦૭ એમ.સી.એફ.ટી. |
| ૨ | ન્યારી-૧ | ૫૪૦ એમ.સી.એફ.ટી. |

(૨) રૂ. ૮૫૫૬.૩૯ લાખ

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લાના વડગામના મુક્તેશ્વર ડેમ અને કરમાવત તળાવમાં નર્મદાનું પાણી**

૩૦૮ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામમાં આવેલ મુક્તેશ્વર ડેમ અને કરમાવત તળાવમાં નર્મદાનું પાણી આપવા સરકારનું શું આયોજન છે, અને

(૨) જો હા, તો કેટલા સમય સુધીમાં પહોંચશે ?

**જવાબ**

(૧) (૧) હયાત માતપુર-ડીંડરોલ ઉદ્વહન પાઈપલાઈનને મુક્તેશ્વર ડેમ સુધી લંબાવવાનું આયોજન છે.

(૨) હયાત મોઢેરા-મોટીદાઉ પાઈપલાઈનને કરમાવત તળાવ સુધી લંબાવવાનું આયોજન છે.

(૨) બંને યોજનાઓ મંજૂરીના તબક્કે છે. મંજૂરી મળ્યેથી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**રાજ્યનું જાહેર દેવું**

૨૦૮ **શ્રી અર્જૂનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યનું કેટલું દેવું છે,

(૨) ઉક્ત દેવું કોની પાસેથી કેટલી મુદત માટે ક્યારે લેવામાં આવેલ અને તેનો વ્યાજદર શું છે, અને

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૩,૨૦,૮૧૨ |

(૨)

| **વિગત** | **લોનની રકમ (રૂ.કરોડમાં)** | **ક્યારે લેવામાં આવી ?** | **લોનના વ્યાજદર (%)** | **લોનની મુદ્દત (વર્ષ)** |
|---|---|---|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૧૭,૮૧૨ | વર્ષ-૨૦૧૪-૧૫ થી ૨૦૨૧-૨૨ | ૨.૭૫% થી ૮.૭૫% | ૭ થી ૧૫ વર્ષની |
| બજાર લોન | ૨,૬૪,૭૦૩ | વર્ષ-૨૦૧૧-૧૨ થી ૨૦૨૧-૨૨ | ૬.૬૮% થી ૯.૭૫% | ૪ થી ૧૫ વર્ષની |
| એન.એસ. એસ.એફ. લોન | ૨૮,૪૯૭ | વર્ષ-૨૦૦૨-૦૩ થી ૨૦૧૫- | ૯.૫૦% થી ૧૦.૫૦% | ૧૦ થી ૨૫ વર્ષની |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧૬ | | |
| કેન્દ્રિય દેવું | ૯,૭૯૯ | વર્ષ- ૧૯૯૬- ૯૭ થી ૨૦૨૧- ૨૨ | ૦% થી ૧૩% | ૨ થી ૫૦ વર્ષની |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા વ્યાજની અને મુદ્દલની ચૂકવણી કરવામાં આવી ?

(૩)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) | ચૂકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૨,૦૨૩ | ૧૭,૯૨૦ |
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૨૩,૦૬૩ | ૨૪,૪૫૪ |

---------

**વિજાપુર તાલુકામાં નર્મદા કે ધરોઈ યોજના હેઠળ તળાવો ભરવા બાબત**

૨૬૩ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં નર્મદા કે ધરોઈ યોજના હેઠળ કેટલા તળાવો પાણીથી ભરવામાં આવેલ છે, | (૧) ૬૩ તળાવો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોની તળાવો ભરવા અંગેની અરજીઓ મળેલ છે, અને | (૨) ૨૨ ગામોની. |
| (૩) તે પૈકી કેટલા ગામોની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૧૬ ગામોની. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અનાજ વિતરણ**

૫૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ અમદાવાદ શહેર અને જિલ્લામાં ક્યા પ્રકારનું અનાજ કેટલા પ્રમાણમાં કેટલા લોકોને આપવામાં આવ્યું ?

**જવાબ**

અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ ઘઉં અને ચોખા એમ બે પ્રકારના અનાજનું નીચે મુજબના વિતરણ-પ્રમાણથી વિતરણ કરવામાં આવેલ છે.

(૧) માહે ફેબ્રુઆરી-૨૦૨૧ થી મે-૨૦૨૨ સુધી.

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૨૫-૦૦૦ | ૨-૦૦ |
| | ચોખા | કાર્ડદીઠ ૧૦-૦૦૦ | ૩-૦૦ |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૩-૫૦૦ | ૨-૦૦ |
| | ચોખા | વ્યક્તિદીઠ ૧-૫૦૦ | ૩-૦૦ |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | |

(૨) માહે જૂન-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી અને જાન્યુઆરી-૨૦૨૩ માટે

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ-પ્રમાણ (કિ.ગ્રા.) | જૂન-૨૨ થી ડિસે-૨૨ સુધી | જાન્યુઆરી-૨૦૨૩ માટે |
|---|---|---|---|---|
| | | | વિતરણ ભાવ (રૂ.પૈસા) | વિતરણ ભાવ (રૂ.પૈસા) |

| | | | | |
|---|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | ૨-૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | કાર્ડદીઠ ૩૫-૦૦૦ | | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨-૦૦૦ | ૨-૦૦ | |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩-૦૦૦ | ૩-૦૦ | |
| | કુલ | વ્યક્તિદીઠ ૫-૦૦૦ | | |

- તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પૈકી આ યોજના હેઠળ મળવાપાત્ર જથ્થો મેળવવા ઈચ્છુક અમદાવાદ શહેર તથા અમદાવાદ જિલ્લાના અંદાજિત માસિક સરેરાશ વર્ષવાર નીચે મુજબના લાભાર્થીઓને અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ જિલ્લો |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ (ફેબ્રુઆરી-૨૧ થી જાન્યુઆરી-૨૨) | ૧૭,૦૪,૧૫૯ (અંદાજિત માસિક સરેરાશ) | ૭,૭૮,૨૦૭ (અંદાજિત માસિક સરેરાશ) |
| ૨૦૨૨-૨૩ (ફેબ્રુઆરી-૨૨ થી જાન્યુઆરી-૨૩) | ૧૬,૮૮,૩૨૦ (અંદાજિત માસિક સરેરાશ) | ૮,૩૬,૦૫૧ (અંદાજિત માસિક સરેરાશ) |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લાને નવું દૂધ સંઘ આપવા બાબત**

૨૯૪ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં એકપણ દૂધ સંઘ નથી,તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહીસાગર જિલ્લાને ક્યારે નવું દૂધ સંઘ આપવામાં આવશે ? | (૨) કોઈપણ જિલ્લાને નવો દૂધ સંઘ પૂરો પાડવાની રાજ્ય સરકારશ્રીની જવાબદારી હોતી નથી. જિલ્લા દૂધ સંઘ એ એક સ્વાયત્ત સહકારી સંસ્થા છે. અને તેની રચના માટે આગેવાનો/ મુખ્ય પ્રાયોજકો ધોરણસરની દરખાસ્ત રજૂ કરે, ત્યારે તેની નોંધણી કરવા માટે ગુણદોષ આધારિત નિર્ણય લેવામાં આવતો હોય છે. હાલના તબક્કે આવી કોઈ જ નોંધણીની દરખાસ્ત રજૂ થયેલ નથી. |

- - - - - - - - -

**નર્મદા અને દાહોદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણની અરજીઓ**

૨૫ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને દાહોદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે અને કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| જિલ્લો | મળેલ અરજીઓ | નિકાલ કરવામાં આવેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| નર્મદા | ૩,૧૨૮ | ૧,૫૦૦ | ૧,૬૨૮ |
| દાહોદ | ૩,૨૧૩ | ૧,૭૩૫ | ૧,૪૭૮ |

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ?

(૩) ૧. અરજદારોને બોર-કુવા બનાવવા જાણ કરવામાં આવેલ હોય, જેની સમયમર્યાદા હજુ સુધી પૂર્ણ થયેલ ન હોવાથી.

૨. નિયત ભાવપત્રક આપેલ હોય અને અરજદાર તરફથી નિયત ભાવપત્રકના નાણાં ભરપાઈ ન થવાથી,

૩. નિયત ભાવપત્રકના નાણા ભરપાઈ થયેલ છે અને વીજ જોડાણ આપવા માટે કામગીરી પ્રગતિ હેઠળ હોવાથી, અને

૪. કૃષિ વિષયક વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિ વર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજન તથા પ્રતિ વર્ષ વધુ કૃષિ વિષયક વીજ જોડાણો આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણોની માંગણીમાં થતો વધારો વગેરે પાસાઓને ધ્યાનમાં લઈ વાર્ષિક આયોજનને આધારે ઉપરોક્ત બાકી રહેતા વીજ જોડાણો આપવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવતી હોવાથી નોંધાયેલ અરજીઓ પડતર રહેલ છે.

- - - - - - - - -

**ખંભાત તાલુકામાં મહી સિંચાઈ યોજનાની કાચી કેનાલો**

૬૮૨ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ ખંભાત તાલુકામાં મહી સિંચાઈ યોજના અંતર્ગત કેટલી કેનાલો પાકી અને કેટલી કેનાલો કાચી છે, અને | (૧) ૨૨૭.૯ કી.મી. લંબાઈની નહેરો પાકી અને ૫૭.૯ કી.મી. લંબાઈની નહેરો કાચી છે. |
| (૨) આ કાચી કેનાલોને કેટલા સમયમાં પાકી કરવામાં આવનાર છે ? | (૨) અનુદાનની ઉપલબ્ધિ મુજબ તબક્કાવાર પાકી કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**શેઢાખાઈ ડેમમાંથી રીવર્સ કેનાલ બનાવવા બાબત**

૨૧૧ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલ શેઢાખાઈ ડેમમાંથી રીવર્સ કેનાલ બનાવવાની કેટલી માંગણીઓ સરકારને મળી, અને | (૧) એક (૦૧) માંગણી મળેલ છે. |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ઉક્ત માંગણી અન્વયે પ્રાથમિક સ્થળ નિરીક્ષણ અને સર્વેક્ષણ પૂર્ણ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અંગેની ફરિયાદો**

૧૪ **શ્રી ભૂપેન્દ્રભાઈ ભાયાણી** (વિસાવદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અન્વયે ખેડૂતોને ખેતી માટે દિવસ દરમિયાન વિજ પુરવઠો પૂરો પડાતો નહી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના લાગુ પાડેલ છે તેવા ૧૪૮ ગામોમાંથી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત ફરિયાદો નિવારવા શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. ના વેરાની આવક**

૬૭૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી. એન. જી. અને પી. એન. જી. ઉપર કેટલો વેરો લેવામાં આવે છે, અને | (૧) |

| કોમોડીટી | મૂલ્યવર્ધિત વેરાનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૧૩.૭% | ૪% |
| ડીઝલ | ૧૪.૯% | ૪% |
| સી.એન.જી. (હોલસેલર) | ૧૫% | લાગુ પડતું નથી. |
| સી.એન.જી. (રીટેલર) | ૫% | લાગુ પડતું નથી. |
| પી.એન.જી.(કોમર્શિયલ) | ૧૫% | લાગુ પડતું નથી. |
| પી.એન.જી.(હાઉસહોલ્ડ) | ૫% | લાગુ પડતું નથી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ, ડીઝલ, સી. એન. જી. અને પી. એન. જી. પરના વેરા પેટે કેટલી રકમ સરકારને મળી ? | (૨) |

**(રકમ રૂ.કરોડમાં)**

| કોમોડીટી | તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૩૧/૦૧/૨૦૨૨ | તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા.૩૧/૦૧/૨૦૨૩ |
|---|---|---|
| પેટ્રોલ | ૬૦૪૦.૦૧ | ૬૦૦૮.૬૯ |
| ડીઝલ | ૧૨૭૩૧.૭૯ | ૧૩૯૫૧.૨૭ |
| સી.એન.જી. | ૧૯૧.૭૫ | ૧૯૮.૪૪ |
| પી.એન.જી. | ૬૮.૩૧ | ૫૮.૦૯ |

- - - - - - - - -

**માણાવદર વિસ્તારની ભારે વરસાદના નદીના પાણીથી નુકશાન સામે કાર્યવાહી બાબત**

૧૭ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર વિસ્તારમાંથી પસાર થતી ઓઝત અને ભાદર નદીમાં ભારે વરસાદ તથા ડેમમાંથી પાણી છોડાતા વ્યાપક નુકશાન થાય છે તે નિવારવા માટે બન્ને નદીઓને ઊંડી અને પહોળી કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ? | જૂનાગઢ જિલ્લાના સોરઠી-ઘેડ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને કારણે પુરના પાણીનો તાત્કાલિક નિકાલ ન થવાથી જમીનનું આંશિક ધોવાણ અટકાવવા બેંક પ્રોટેક્શનના કામો હાથ ધરવામાં આવેલ છે. તેમજ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાનાં વાડસડા ગામે પુર સંરક્ષણ દિવાલ બનાવવા અર્થેની કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં માણાવદર તાલુકાના કોયલાણા અને મતિયાણા ગામે વિભાગની યાંત્રિક વીંગ દ્વારા પાળા મજબૂતીકરણની કામગીરી કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્યનું જાહેર દેવું**

૯૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, | (૧) |

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૩,૨૦,૮૧૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત દેવું કોની પાસેથી કેટલા વ્યાજ દરે કેટલા સમયગાળા માટે લેવામાં આવેલ છે, | (૨) |

| વિગત | લોનની રકમ (રૂ. કરોડમાં) | લોનના વ્યાજદર (%) | લોનની મુદ્દત (વર્ષ) |
|---|---|---|---|
| નાણાકીય | ૧૭,૮૧૨ | ૨.૭૫% થી | ૭ થી |

| | | | |
|---|---|---|---|
| સંસ્થાઓની લોન | | ૮.૭૫% | ૧૫ વર્ષની |
| બજાર લોન | ૨,૬૪,૭૦૩ | ૬.૬૮% થી ૯.૭૫% | ૪ થી ૧૫ વર્ષની |
| એન.એસ.એસ. એફ.લોન | ૨૮,૪૯૭ | ૯.૫૦% થી ૧૦.૫૦% | ૧૦ થી ૨૫ વર્ષની |
| કેન્દ્રિય દેવું | ૯,૭૯૯ | ૦% થી ૧૩% | ૨ થી ૫૦ વર્ષની |

(૩)ઉક્ત દેવા પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનું વ્યાજ અને કેટલી મુદ્દલ રકમ ચૂકવવામાં આવી ?

(૩)

| નાણાકીય વર્ષ | ચૂકવેલ વ્યાજ (રૂ. કરોડમાં) | ચૂકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૨,૦૨૩ | ૧૭,૯૨૦ |
| ૨૦૨૧-૨૨ (સુધારેલ અંદાજ) | ૨૩,૦૬૩ | ૨૪,૪૫૪ |

---------

**રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના બાકી લાભો**

૩૦૯ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણના બાકી રહેતા ભથ્થાં અને અન્ય લાભો ક્યારે આપવામાં આવશે, અને

(૨) ઉક્ત બાકી લાભો હજી સુધી ન આપવાના મુખ્ય કારણો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણ અન્વયે તા.૨૪-૦૯-૨૦૨૨ના ઠરાવથી ઘરભાડા ભથ્થું અને તબીબી ભથ્થું તથા તા.૧૨-૧૦-૨૦૨૨ના સુધારા ઠરાવથી પરિવહન ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું આપવામાં આવેલ છે.

જ્યારે બાકીના લાભો બાબતો માટેની પ્રક્રિયા ચાલી રહેલ છે.

---------

**પાર-તાપી નર્મદા લિંકમાંથી દરિયામાં વહી જતું પાણી**

૨૦૯ **શ્રી અર્જૂનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન તા.૧૯-૦૯-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૦૫૨ (અગ્રતા-૧૧૫)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાર-તાપી લિંક યોજનાનો યોજનાકીય અહેવાલ ગુજરાત સરકાર, મહારાષ્ટ્ર સરકાર તથા કેન્દ્ર સરકાર સાથે વિચારણા હેઠળ હતો તે તા.૩૧-૧૨-

**જવાબ**

(૧) યોજના લોકવિરોધના કારણે રદ કરવાનો નિર્ણય થયેલ છે.

૨૦૨૨ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) તે અન્વયે ક્યારે ઉક્ત કઈ સરકાર તરફથી શા પ્રતિભાવ મળ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત યોજનાને ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામજોધપુર તાલુકામાં આવેલ વર્તુ નદી પર ડેમ બનાવવા બાબત**

૨૧૨ **શ્રી હેમંતભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨)

- જામજોધપુર તાલુકાના જીણાવારી ગામે નવો ડેમ બનાવવા અંગે સરકારશ્રી દ્વારા ખાસ કીસ્સા તરીકે મંજૂરી આપવામાં આવેલ.
- ઉક્ત યોજનાના જમીન સંપાદન બાબતે લગત અસરગ્રસ્તો / ખેડૂત ખાતેદારો દ્વારા વિરોધ કરવામાં આવેલ તેમજ આજદીન સુધી એક પણ લગત અસરગ્રસ્ત / ખેડૂત ખાતેદાર દ્વારા જમીન સંપાદન અર્થે સહમતી અપાયેલ નથી.
- સહમતી મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે.

- - - - - - - - -

**ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ**

૬૭૮ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ દહેજ બંદર પર પેટ્રોનેટ દ્વારા આયાત થતા લિક્વીડ નેચરલ ગેસમાંથી ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને ગેસની પ્રાપ્તિ થાય છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ કોર્પોરેશનને પેટ્રોનેટ દ્વારા કેટલા મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ ગેસ પ્રાપ્ત થયો, અને

(૩) ઉક્ત જથ્થાનો કયા કયા હેતુસર ઉપયોગ લેવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પેટ્રોનેટ એલએનજી પાસેથી જીએસપીસીએ ખરીદ કરેલ ગેસની વિગત

| વર્ષ | જથ્થો (મેટ્રીક મિલીયન બ્રિટીશ થર્મલ યુનિટમાં) |
|---|---|
| ૦૧-૦૨-૨૦૨૧ થી ૩૧-૦૧-૨૦૨૨ | ૧૧,૭૬,૧૮૦ |
| ૦૧-૦૨-૨૦૨૨ થી ૩૧-૦૧-૨૦૨૩ | ૦ |

(૩) ઉક્ત જથ્થાનો નીચે મુજબના હેતુસર ઉપયોગ લેવામાં આવ્યો.

| સેક્ટર | વર્ષ ૨૦૨૧ | વર્ષ ૨૦૨૨ |
|---|---|---|
| સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન | ૫૫% | ૦ |
| ફર્ટીલાયઝર | ૨૩% | ૦ |
| પાવર | ૦૩% | ૦ |
| રીફાઈનરી | ૦૬% | ૦ |
| પેટ્રોકેમ અને અન્ય | ૧૩% | ૦ |

- - - - - - - - -

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક,૨૦૨૩

**વિધેયક(સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨**

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૩

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ,૨૦૦૨ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી ઋષિકેશ પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૨ સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૧ અને સન ૨૦૧૧માં આ પ્રકારનું અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનું ભૂતકાળમાં પણ આપણે બિલ લાવ્યા હતા અને આ વખતે પણ ઓર્ડિનન્સ દ્વારા અને ગત ડિસેમ્બરમાં જયારે બે દિવસીય વિધાનસભાનું સત્ર મળ્યું એ વખતે બહુ વિગતવાર આની ચર્ચા કરી દરેક કલમવાઇઝ આપણે એ વિષય ગૃહ સમક્ષ મૂકયો હતો અને દરેક સભ્યોને પણ કલમોવાર એની જાણ થાય એ માટે એનો હાર્દ આપણે મૂકેલ હતો. પરંતુ સમય જતાં સમયની સાથે ફેરફાર પણ જરૂરી કરવો પડતો હોય છે. કારણ કે જરૂરિયાત માંગ અને લોકોની માગણી છેવટે તો પ્રજાથી ચૂંટાયેલી આપણી આ સરકાર એ લોકો માટે બનેલી છે. લોકો માટે જયારે કામ કરતી હોય એટલે પ્રજાની અંદરથી કોઇ નાનો મોટો અવાજ આવે ઉપયોગ કર્તાઓ માટે કોઇ નાનો મોટો વિષય અથવા તો વાત સરકારના કાને આવે એટલે સ્વાભાવિક એ વાતને ધ્યાનમાં લઇને વખતો વખત એમાં સુધારા પણ આપણે કરતાં હોઇએ છીએ. શહેરોનો વિકાસ એ આર્થિક ગતિવિધિ અને આર્થિક વિકાસની એક પારાશીશી છે. આજે દેશ અને દુનિયાની અંદર અને એમાં પણ ખાસ કરીને ગુજરાતમાં જયારે ૪૮ ટકા જેવી વસતિ શહેરોમાં વસતિ હોય ગુજરાતનો આર્થિક વિકાસ ખૂબ ઝડપી બની રહ્યો હોય અને એ ઝડપી વિકાસની સાથે સાથે આર્થિક ઉન્નતિ અને ગુજરાતની અંદર રોજગારીની તકોનું પણ સર્જન થાય એટલે સ્વાભાવિક કયાંકને કયાંક ઝડપથી થતાં બાંધકામો, વ્યવસાય સાથે સંકળાયેલા લોકો,વ્યકિતગત રીતે કોમર્શિયલ રહેણાંક અથવા તો ઔદ્યોગિક બાંધકામોનો પણ વ્યાપ ખૂબ વધતો જાય છે અને એના પ્રમાણે અને એના કારણે આજે આપણે આ સન ૨૦૨૨ની અંદર જે બિલ લાવ્યા હતા એ પહેલા સન ૨૦૧૧ ત્યાર પછી સન ૨૦૧૧માં લાવ્યા છતાં પણ કેટલાક બાંધકામો એવા હતા કે જે રહી જતા હતા લોકોએ અરજી નહોતી કરી અને આપણે એને અધિકૃત નહોતા કરી રહ્યા એનું કારણ એટલું જ હતું કે કેટલાય લોકોને આ બાબતની જાણકારી અવેરનેશ એ બધ્યું પહોંચ્યું નહોતું પરંતુ ફરીથી આગના બે કિસ્સામાં આપણે ત્યાં બન્યા હતા અને બંને કિસ્સાઓમાં ગુજરાતમાં તા.૬-૮-૨૦૨૨ અને તા.૨૭-૧૧-૨૦૨૦ના અનુક્રમે અમદાવાદ અને રાજકોટ ખાતેની ખાનગી હોસ્પિટલોમાં થયેલ અગ્નિ હોનારત સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલી પીઆઇએલ. ૧૧૮/૨૦ માં તા.૧૫-૧૨-૨૦૨૦ના ઓર્ડરથી સીજીડીસીઆર મુજબ અગ્નિ સલામતી માટે પગલાં લેવા બીયુ સિવાયના મકાનનો વપરશ ન અપાય તેની તકેદારી રાખવા ફાયર એન.ઓ.સી. સિવાયના મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા વિસ્તારના બિલ્ડિંગોની માહિતી રજૂ કરવી. બીયુ સિવાયના બાંધકામ માટે લીધેલાં પગલાંઓ તેમજ હોસ્પિટલના આઇ.સી.યુ.ને લગતી બાબતો માટે દિશા નિર્દેશ આપવામાં આવેલ તે મુજબ કાર્યવાહી કરવા નામદાર કોર્ટ દ્વારા સબંધિતોને સૂચના આપવામાં આવેલી. ત્યાર બાદ નામદાર હાઇકોર્ટ દ્વારા તા. ૧૧-૬-૨૦૨૧ના ઓર્ડરથી ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશન બાબતે એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવા અને બી.યુ. પરિમશન ન હોય તેવા કિસ્સામાં સમયબદ્ધ રીતે શું પગલાં લેવામાં આવશે તે બાબતે રાજ્ય સરકારની નીતિ સ્પષ્ટ કરવા માટે નામદાર હાઇકોર્ટ દ્વારા નિર્દેશ કરાયેલો. મોટા પાયા ઉપર અનઅધિકૃત બાંધકામો, બી.યુ. પરવાનગી વગરના બાંધકામોને દૂર કરવા કે તોડી પાડવા એ ખૂબ અઘરું હોય છે. આવું કરવાથી અસંખ્ય માણસો ઘર વિનાના અથવા તો ધંધા-રોજગાર વિનાના થઇ જાય તેવી સંભાવનાઓ હોવાથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પણ તેમાં બગડી શકતી હોય છે. જે ઇચ્છનીય નથી આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થતું અટકાવવા રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યના શહેરોમાં આવા અનધિકૃત મકાનો, બાંધકામોને નિયમિત કરવા માટે યોગ્ય કાયદો ઘડી કમ્પાઉન્ડ ફી વસૂલ કરી આવા બાંધકામોને નિયમિત કરવા અનિવાર્ય બનેલ. બી.યુ. પરવાનગી ન મળેલ હોય તો તમામ બાંધકામોને બી.યુ. પરવાનગી સમકક્ષ માન્યતા મળી રહે તે માટે ચોક્કસ પગલાં લેવા કે નીતિ ઘડવી આવશ્યક હતી. તેના કારણે આ વિધેયકથી અનધિકૃત બાંધકામોને નિયમિત કરી શકાશે. જે અગ્નિ

* વિધેયક તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નિવારણ પગલાંઓ, સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી તથા કબજેદારની સલામતીને સુસંગત હોય એવો આ કાયદો આપણે લાવ્યા હતા. આ અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાથી જે રકમ ભેગી થાય, આંતરમાળખાકીય સવલતોનું એક ફંડ ઉભું કર્યું છે. જે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડો વધારવામાં આપણે કરી શકીશું. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તેમજ શહેરના નાના અને મધ્યમ વર્ગના લોકોને કોઇ હાલાકી ન પડે. ઘણી વખત કોઇની સાથે ન બનતું હોય, બાજુમાં રહેતો માણસ હોય અને નાનો મોટો ઝઘડો થયો હોય અથવા તો કહેવાતા જે લોકો માહિતી એકત્ર કરી અને તેનો દુરુપયોગ કરતા લોકોની સંખ્યા ખૂબ વધી ગઇ હતી. તેના કારણે કોઇ વ્યક્તિએ પોતાનું ઘર બનાવ્યા પછી જે પરમિશન લીધી હતી એ પરમિશન ઉપર કદાચ એણે કદાચ સીડી બહાર કાઢી હોય, ઉપર જરૂરિયાતથી એક-બે રૂમ બાંધી હોય, ક્યાંક તેના માર્જીનની જગ્યામાં એકાદ દુકાન બાંધી હોય. આમ, રોજગારી અને રેસીડેન્સ માટે જે સગવડો ઊભી કરી હોય અને ફ્લેટ પણ જો ખરીદ્યો હોય તો તેમાં પણ જે બાલ્કની હોય તેને કવર કરીને જે બાંધકામો થયા હોય, આવા બાંધકામો પછી બિનઅધિકૃત થઇ જતા હોય એ પ્રકારની પરિસ્થિતિનું સર્જન થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ટૂંકું વિધેયક છે. તેનો સ્કોપ પણ લિમિટેડ છે. ગઇ વખતે બધી કલમોની આપણે વિગતવાર ચર્ચા કરી હતી. કલમ-૫(૨)ની અંદર આપણે જે તે સમયે તેની ચાર મહિના માટેની મુદત નક્કી કરી હતી પરંતુ ચૂંટણીના સમયે જ આપણે ઓર્ડિનન્સથી આ કાયદો બનાવ્યો હતો અને પરિણામે ચૂંટણીના વાતાવરણના લીધે આનો અમલ ખૂબ ઓછો થયો, ખૂબ ઓછી અરજીઓ થઇ. પછી તા. ૩-૧ ના રોજ આપણે તેમાં ઓફલાઇન અરજીઓ કરવાની છૂટ આપી. નગર પોર્ટલ ઉપર ઓનલાઇન અરજીઓની સાથે ઓફલાઇન અરજીઓને પણ છૂટ આપી એટલે સમગ્ર ગુજરાતમાં આશરે ૫૭,૦૦૦ જેટલી અરજીઓ આપણને મળી, છતાં પણ એ આંકડો ખૂબ નાનો હતો. ચૂંટણીના બે મહિના ગયા અને બે મહિનામાં જે અરજીઓ આવી તેના કારણે ખૂબ મોટી સંખ્યામાં લોકોની માગણી ઊભી થઇ કે સાહેબ, આ ચાર મહિના ઓછાં પડી રહ્યા છે. વ્યવસાય સાથે સંકળાયેલા, વ્યક્તિગત રીતે પોતાની દુકાન હોય, ફ્લેટ હોય. નગરપાલિકા, સત્તા મંડળ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓએ વ્યાપક માંગ ઉઠી કે જે તે સમયે અમને પૂરતો સમય ન મળવાના કારણે તમે અમને આ સમયમર્યાદામાં વધારો કરી આપો. પરિણામે આ જે કલમ-૫ (અ) માં ફેરફાર કરી અને ૫(૨)(અ) ઉમેરી અને આ સત્તા રાજ્ય સરકાર પોતાની પાસે લઇને સંજોગો ઊભા થાય ત્યારે આ પ્રકારનો ફેરફાર કરી શકે એ પ્રકારની આ સત્તા આપતું વિધેયક છે. સ્કોપ નાનો છે. ગયા વખતે પણ વિરોધ પક્ષના મિત્રોએ સર્વ સંમતિથી ગુજરાતના હિતમાં અને ગુજરાતના બધા જ લોકો માટે આ બિલ પસાર કર્યું હતું તો મારી વિનંતી છે કે એક નાનો સરખો સુધારો આ બિલ દ્વારા લાવવામાં આવ્યો છે તો એને ટેકો આપી અને ચર્ચા કરે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે સુધારા બિલ મૂક્યું છે એમાં બન્ને પક્ષના દંડકશ્રીઓની જે ચર્ચા થઇ એ પ્રમાણે પાંચ સભ્યો કોંગ્રેસ પાર્ટીના બોલે એવું લિસ્ટ મારી પાસે આવ્યું છે. સાત સભ્યો બી.જે.પી. પાર્ટીના બોલે, તો તમને અંદાજે દસ-દસ મિનિટનો સમય મળે. હું નક્કી નથી કરી શકતો કે તમારે કેટલું બોલવું પણ તમે અરસપરસ એના પરીપ્રેક્ષ્યમાં એક-બે મિનિટ આઘી પાછી કરીને બોલશો તો તમે કલાકની અંદર પૂરું કરી શકશો. તમારા દંડકશ્રીએ એક કલાકનો સમય આપ્યો છે અથવા તમે ચર્ચા કરી લો.

શ્રી અમિત ચાવડા : બિલ છે એટલે ટાઇમ ફીક્સ કરવાનો ના હોય. ( બેઠાં બેઠાં )

અધ્યક્ષશ્રી : હું તો રાત સુધી કામ કરવા તૈયાર છું. બન્ને દંડકશ્રીઓએ સમય આપેલ છે.

શ્રી અમિત ચાવડા : આ તો બિલ છે. ( બેઠાં બેઠાં )

અધ્યક્ષશ્રી : તો સમયમર્યાદા રાખીએ કે શું કરીએ? (અંતરાય) તમે જુઓ કોઇની ૨-૫ મિનિટ આઘીપાછી હોય પણ એ રીતે સમયની મર્યાદામાં તમે કરશો. (અંતરાય) આમને સાત મિનિટ આપી છે અને તમારી સંખ્યા ઓછી છે એટલે દસ મિનિટ થાય છે.

શ્રી અમિત ચાવડા : બિલમાં ટાઇમ ના હોય. ( બેઠાં બેઠાં )

અધ્યક્ષશ્રી : એટલે તમારે લાંબુ ખેંચવું છે? તો પછી તમામ સભ્યો બોલશે તો પણ હું બેસવા તૈયાર જ છું. આ તો તમે અરસપરસ નક્કી કર્યું છે એટલે એની વાત છે.

ડો. સી.જે. ચાવડા : પાંચ-દસ મિનિટ આઘું પાછું થાય તો વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : ઠીક છે. બીજા કોઇ અપક્ષમાંથી કે આપ પાર્ટીમાંથી ગમે તે એક જણ બોલી શકશો. આ પરીપ્રેક્ષ્યમાં બેમાંથી કોણે બોલવું એ નક્કી કરી લો. આ સમયની મર્યાદા છે એ બધાના ધ્યાન ઉપર રહે કે બન્ને પક્ષ તરફથી એક એક કલાકનો અંદાજ તમે ઓફ ધ રેકર્ડ નક્કી કર્યો છે. બાકી તમારે વધુ બોલવું હોય તો એ તમારો અધિકાર છે. તમારા અધિકારને હું રોકી નથી શકતો અને કેટલા લોકોએ બોલવું એ પણ નથી રોકી શકાતું. પરંતુ તમે જયારે તમારી સિસ્ટમની અંદર બેસીને જયારે ગોઠવતા હોવ તો એને હું માન્ય રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા ) વિધેયક લઇને આવ્યા છે. મંત્રીશ્રીએ ખૂબ સરળ અને ટૂંકી ભાષામાં કલમ-૫માં પેટા-કલમ (૨) એમાં ટૂંકો સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં સુધારા વખતે અગાઉ પણ બહુ જ ચર્ચા થયેલી છે. આ બિલની શરૂઆત સન ૨૦૦૧થી થઇ અને આ બિલ લાવતા પહેલા બે વખતે સરકાર દ્વારા વટહુકમ લાવવામાં આવ્યો છે. એક વટહુકમની મુદત પૂરી થઇ ગઇ, વિધાનસભામાં એ વટહુકમ રજૂ ના થઇ શકયો, અને એ કારણોસર સરકાર બીજો વટહુકમ લાવી અને સન ૨૦૦૧થી આ બિલ રજૂ થયું. સન ૨૦૦૧માં પણ સરકારે એવું કહ્યું હતું કે રાજયમાં ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે, લોકો પોતાની રોજીરોટી માટે ગામડાઓ છોડીને શહેરોમાં આવે છે, શહેરોમાં આવીને વસે છે તો જયાં મકાન મળે છે ત્યાં મકાન બાંધી દે છે અને મકાન બાંધી દીધા પછી ગેરકાયદેસર બાંધકામ થયું હોય એટલે મકાન તૂટવાનો વારો આવે છે માટે ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ એ ગામડામાંથી શહેરમાં આવ્યો હોય અને એ બિચારાએ મકાન બાંધી દીધું હોય એ મકાન ના તોડાય, એની રોજીરોટી છીનવાઇ ના જાય, એનું પોતાનું ઘર ના છીનવાઇ જાય, એનો પરિવાર રોડ ઉપર ન આવી જાય,આ રીતના સરકાર સને ૨૦૦૧થી આ વિધાનસભા ગૃહમાં જે જે મંત્રીશ્રીઓ લાવ્યા હતા. પહેલી વખત શ્રી પરમાનંદ ખટ્ટર સાહેબ સને ૨૦૦૧માં લાવ્યા હતા. આ જ રીતે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના મકાનો છીનવાઇ ન જાય અને સરકાર આ જ રીતનો મુદ્દો લઇને સને ૨૦૦૧માં બિલ લાવી. સને ૨૦૧૧માં સુધારા માટે બિલ લાવી. સને ૨૦૧૩માં લાવ્યા, સને ૨૦૨૨ માં લાવ્યા. આમ સને ૨૦૦૧ થી સને ૨૦૨૨ સુધીમાં ૫ વખત બિલ લાવ્યા અને સુધારા કરીને આ વિધાનસભા ગૃહમાં ચર્ચાઓ થઇ છે. ગરીબ અને મધ્યમ વર્ગના મકાનો ન તૂટી જાય એની ચર્ચા આ વિધાનસભા ગૃહમાં થઇ છે. ગઇ વખતે પણ લાવ્યા. આ વિધાનસભા ગૃહમાં ચર્ચા થઇ અને કોંગ્રેસ પાર્ટીએ એને ટેકો આપ્યો. ૨૩ વર્ષના ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના શાસનમાં ગેરકાયદેસર બાંધકામ થઇ ગયા અને એને કાયદેસર કરવા માટે ઇમ્પેક્ટ ફી ના કાયદાથી કાયદેસર કરવા માટે પાંચ પાંચ વખત ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા સુધારા વિધેયકો લઇને આવ્યા છો. માનનીય મંત્રીશ્રી અત્યારે છઠ્ઠી વખત લઇને આવ્યા છે. મારે સરકારને પૂછવું છે કે સને ૨૦૦૧માં તમે વ્યાખ્યા આપી કે ગુજરાતનો ઝડપથી ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે. ગામડાના લોકો નાના મોટા શહેરોમાં પોતાની રોજીરોટી માટે આવીને વસે છે. સને ૨૦૦૧માં આવું થયું. ગેરકાયદેસર બાંધકામ કર્યું અને વસ્યા. પછી સને ૨૦૧૧માં બિલ લઇને આવ્યા. ૧૦ વર્ષનો સમયગાળો એ દરમિયાન ગયો. એ વખતે રાજ્યના મંત્રી તરીકે બેનશ્રી આનંદીબેન હતા. પછી શ્રી નીતિનભાઇ સુધારો લઇને આવ્યા એ વખતે એ શહેરી વિકાસ મંત્રી હતા. આમ, ભારતીય જનતા પાર્ટીના ૨૩ વર્ષના શાસનમાં ગેરકાયદેસર બાંધકામો કરનાર લોકોને ખુલ્લેઆમ છૂટ આપવા માટે આ છઠ્ઠી વખત સુધારા લઇને આવ્યા છે. આવાં કારણોસર સરકાર માને કે ન માને.....

અધ્યક્ષશ્રી : તમે કોઇપણ પક્ષના લોકોને એના પુરાવા તમારી પાસે ન હોય તો આ રીતની વાત વિધાનસભામાં ન કરી શકો. માત્ર કોઇ પોલિટીકલ પાર્ટીના લોકોને છૂટ આપવા માટે એવું ન કહી શકો.

શ્રી શૈલેષ મ. પરમાર : મેં એવું કાંઇ કહ્યું નથી. જો એવા શબ્દો બોલ્યો હોઉ તો કાઢી નાખજો.

અધ્યક્ષશ્રી : આવા શબ્દો દૂર કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : સરકારે અત્યારે કહ્યું કે હાઇકોર્ટનો ઓર્ડર થયો. બે હોસ્પિટલોમાં બનાવો બન્યા અને ફાયર સેફ્ટી અને બી.યુ. પરમિશન માટે કમ્પલસરી જે કરવામાં આવ્યું અને આ કારણોસર આ સુધારો અમારે લઇને આવવું પડ્યું છે.

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરળ અને નાની વાત કરી કે પ્રજાજનોએ જે ગેરકાયદેસર બાંધકામ કર્યું હતું એ લોકો પાસે જાણકારી ન હતી. એમનામાં અવેરનેસ ઓછી હતી અને એના કારણોસર જે અરજીઓ કરવી જોઇએ એ અરજીઓ ન થઇ શકી. બહુ સરળ ભાષામાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું. હવે જે ફ્લેટોમાં રહેતો, બંગલામાં રહેતો, હોસ્પિટલ વાળો, ફેક્ટરી નાખનાર વ્યક્તિઓ એની પાસે જાણકારી કેવી રીતે ન હોઇ શકે? સને ૨૦૦૧થી સને ૨૦૨૩ સુધીમાં આ છઠ્ઠી વખત સુધારાઓ આવ્યા. જાણકારી કે અવેરનેશ કેવી રીતે ના હોઇ શકે? જે રીતે ચૂંટણી પહેલા પણ આ બિલ લાવ્યા એને અમે સંપૂર્ણ ટેકો આપ્યો. સરકાર એમ કહે છે કે આ બિલમાં ૪ મહિનીની મુદત હતી અને ૪ મહિનાની મુદતની અંદર લોકો અરજી ના કરી શક્યા અને અરજી ના કરી શક્યા એના કારણોસર ફરી વખત અમારે આ સુધારો લઇને ગૃહ સમક્ષ આવવું પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે લાખોની સંખ્યામાં ગુજરાતની અંદર ગેરકાયદેસર બાંધકામો થયા અને આ કારણોસર કોઇ બિલ્ડિંગ બનતું હોય તો ખાડો ખોદાય, પાયા ખોદાય, ચણતર કરતા કરતા પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો માળ બને. ગેરકાયદેસર બાંધકામ થતું હોય ત્યારે દરેક કોર્પોરેશનના અધિકારીઓ, દરેક ઝોનના અધિકારીઓ, દરેક વોર્ડના અધિકારીઓ એ આખા વોર્ડ અને ઝોનની અંદર દેખરેખ કરતા હોય છે તો શું આ અધિકારીઓના ધ્યાન ઉપર આવ્યું નહીં હોય કે આ ગેરકાયદેસર બાંધકામ થયું છે એ ધ્યાનમાં નહીં આવ્યું હોય? ધ્યાનમાં આવ્યું હશે, ધ્યાનમાં છે તેમ છતાં પણ એ ગેરકાયદેસર બાંધકામોને આંખ આડા કાન કરીને કંમ્પ્લીલટી એ લોકોને બાંધવા દેવામાં આવ્યા છે અને એના કારણો સરકાર સ્વીકારે કે ના સ્વીકારે કોઇપણ નાનો માણસ હોય કે બિલ્ડર હોય *(xxx) સને ૨૦૦૧થી અત્યારે સન ૨૦૨૩, ૨૩ વર્ષના સમય ગાળામાં અમે આવા અનેક સુધારા લઇને આવ્યા છીએ અને સુધારાના કારણોસર તમે ગેરકાયદેસર બાંધકામ કરશો, *(xxx) અને આના કારણોસર જે કોર્પોરેશન છે, નગરપાલિકાઓ છે એમાં ખદબદતો ભ્રષ્ટાચાર, અધિકારીઓને મળેલી ખુલ્લી છૂટ, અમારા જેવા કોઇ ધારાસભ્યશ્રીએ કોઇ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગરીબ માણસનું ઝુંપડું તૂટતું હોય અને ફોન કરીએ તો કહેવામાં આવે કે ભાઈ, ગેરકાયદેસર કરેલું છે એટલે અમારે આ તોડવું પડશે. બીજા ગેરકાયદેસર બાંધકામ માટે કહેવામાં આવે કે એને તોડવામાં નહીં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એનું ઉદાહરણ આપીશ. અમદાવાદ શહેરની અંદર મારી વિધાનસભા વિસ્તારના કોર્પોરેટર કે જેણે પોતે ગેરકાયદેસર બાંધકામ કરેલું હતું અને મિટિંગની અંદર રજૂઆત કરીને કહેવામાં આવ્યું કે આ બિલ્ડિંગમાં ઈલલિગલ બાંધકામ કરેલું છે એને તોડો. કોર્પોરેશનને જે નોટિસનો પિરિયડ હોય એ ત્રણ-ત્રણ વખત પિરિયડ આપ્યા પછી પણ મારી વિધાનસભાની કોર્પોરેટરનું ગેરકાયદેસર બાંધકામ આજની તારીખમાં પણ એના ઘરની આગળ મોજુદ છે. એક જવાબદાર ધારાસભ્ય તરીકે અમે માહિતી આપીએ છીએ કે આ તોડો, તેમ છતાં પણ સરકારે, કોર્પોરેશને તોડ્યું નથી. સરકારના માનનીય મંત્રીશ્રીએ અત્યારે કીધું કે, અવેરનેશ અને જાણકારી ના હોવાના કારણે અમે ફરી પાછો આ સુધારો લઇને આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું આપના મારફતે ધ્યાન દોરવા માગું છું કે આપ ૪ મહિના પહેલા જ્યારે આ બિલ લઇને આવ્યા ત્યારે હું પહેલા અમદાવાદ શહેરની વાત કરું છું. અમદાવાદ શહેરની અંદર ૧૨૬૭૧ લોકોએ ઈલલિલગી બાંધકામ થયું છે તેની અરજી કરી. જે સ્થળ તપાસ થઇ એ ૪૩૧૦ ની થઇ અને અરજીનો જે નિકાલ કર્યો એ ફક્ત અને ફક્ત ૧૦૫ અરજીઓનો. એવી જ રીતે વડોદરા શહેરમાં તા. ૨૪-૨-૨૦૨૩ એટલે આજની લેટેસ્ટ માહિતી આપું છું કે ઓનલાઇન અરજીઓ થઇ ૨૯૭૩, ઓફ લાઇન અરજીઓ થઇ ૩૮૨૯ કુલ ૬૮૦૨ અરજીઓ ઓફ લાઇન અને ઓનલાઈનના માધ્યમથી વડોદરા શહેરની અંદર થઈ. ફકત ૩ અરજીઓને મંજૂર કરવામાં આવી. માનનીય મંત્રીશ્રી પારદર્શક અને સુશાસનના વહીવટનું ઉદાહરણ આપને આપવા માંગું છું કે મંજૂર અરજીઓ ફકત ૩ જ થઈ. નામંજૂર પાંચ થઈ. ડીસ્પોઝ થઈ ૨૦૨ આજે પણ ૬૫૦૦ અરજીઓ અન્ડર પ્રોસેસ છે. માનનીય મંત્રીશ્રી અમને જવાબ આપો કે આ બિલનો અમારે વિરોધ કરવો કે ટેકો કરવો? દરેક વખતે અમે આપને ટેકો આપીએ છીએ તમે ગરીબ માણસની વાત કરીને, મધ્યમ વર્ગની વાત કરીને આ બિલ લઇને માનનીય મંત્રીશ્રી પોતાના લાગણીશીલ સ્વભાવમાં અહીંયા ચર્ચા કરે અને કોંગ્રેસ પાર્ટી એને ટેકો પણ આપે પણ સરકાર કયાં સુધી આ ચલાવવા માંગે છે? ગૃહ તો એવું કહે છે કે કાયદો બને અને કાયદો બન્યા પછી એનો કડક અમલ થવો જોઇએ તો એ અમલ તો થતો નથી? અત્યારે ૪ મહિનાની મુદત આપવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમથી આપને પૂછવું છે કે અમદાવાદ શહેરની અંદર ફકત ૧૦૫ અરજીઓનો નિકાલ થયો છે ૧૨૬૭૧ અરજીઓ આવ્યા પછી અને સ્થળ તપાસ ૪૩૧૦ જણની થઇ છે તો આના માટે શું અમદાવાદ કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ પાસે કોઇ પૂછપરછ કરવા માંગો છો કે કેમ? અમદાવાદ શહેરમાં લાખો મકાનો ઈલીગલી છે. જાણકારી નથી, અવેરનેસ નથી, એમને ખ્યાલ નહોતો અને કદાચ અરજીઓ ન કરી હોય. એક વાત એવી પણ હતી કે નાનો ભણેલો માણસ કોઇ દિવસ ભણ્યો ન હોય તો એ ઓનલાઈન અરજી ન કરી શકે એટલે ઓફલાઈન અરજી કરવાની વાત કરી. આમાં ઓફલાઇન અરજીઓ પણ થયેલી છે એ અમદાવાદ શહેર હોય કે વડોદરા શહેર હોય મારી પાસે માહિતી ફકત બે શહેરોની જ છે પણ આવા બનાવો ભાવનગર, રાજકોટ, જામનગર, સુરત અને અન્ય મહાનગરપાલિકાઓમાં પણ હશે તો હું એવી અપેક્ષા રાખું કે માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં ઈલીગલી થતા બાંધકામોને અટકાવવા માટે સરકાર ખાલી સુધારો નહીં, એની ગાઈડલાઈન સરકારે નકકી કરવી પડશે કે આ તારીખ સુધીમાં ગુજરાતની અંદર થયેલા અનઅધિકૃત બાંધકામો છે એને જે પણ વ્યક્તિ નાનામાં નાનો વ્યક્તિ હોય કે મોટામાં મોટો વ્યક્તિ હોય એણે પોતાનું કાયદેસર જો કરવું હશે તો આ તારીખ કે આ મહિનાના વર્ષ સુધી એને કમ્પ્લીટલી કાયદેસર કરી દેવામાં આવશે અને જો નહીં કરે તો એ ગરીબ માણસનું પણ હોઇ શકે અને મોટા માણસનું પણ હોઇ શકે એનું થયેલું ઈલીગલી બાંધકામ કાયદેસર રીતે તોડવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ મારું સૂચન છે. બીજું, જે બાંધકામની પ્રોસેસ છે આખી એ બાંધકામની પ્રોસેસને આધીન ૧-૨ વાત કરીને મારી વાત પૂરી કરીશ. ભૂતકાળની અંદર એફ.એસ.આઇ. ના પ્રોબ્લેમ સેટના કારણો થયા. એફ.એસ.આઈ. ના મળી હોય એને, માર્જીનના કારણોસર હમણા આપે વાત કરી કે કોઇએ ગેલેરી બહાર કાઢી હોય. હું એવું માનું છું કે ઝુંપડામાં રહેતો ગરીબ માણસ એ ઝુંપડામાં તો ગેલેરી બહાર ન કાઢે. ગેલેરી હંમેશા ફલેટોમાં નીકળે અને ફલેટો ગરીબ માણસ ન બાંધતો હોય. ફલેટો હંમેશા બિલ્ડરો બાંધતા હોય. હમણા જ આપણે જોયું સરકાર જંત્રીનો કાયદો લઇને આવી, જંત્રીનો કાયદો લાવ્યા પછી જે હોબાળો થયો એ હોબાળો અને જે આક્રોશ થયો એ ગુજરાતની આમજનતામાં તો હતો જ નહીં. કોઇ આમજનતા સરકારને પણ મળવા નથી આવી, કોઇ આમજનતાએ પ્રોગ્રામ પણ નથી કર્યો. ફકત જે ફકત બિલ્ડરો આવ્યા અને બિલ્ડરો આવીને સરકારશ્રીને મળ્યા. સરકારશ્રી આગળ રજૂઆત કરી અને એક જ મિટિંગમાં ચા, કોફી અને બિસ્કીટ ખાઇને ગુજરાતની જનતાના હિત ખાતર અમે જંત્રીના કાયદા માટે મુદત આપી છે. અરીસાની બંને બાજુ હોય છે. સિક્કાની બંને બાજુ હોય છે. આમાં સાચી હકીકત શું છે? બિલ્ડરોને બાંધકામ કરીને લોકોને રોજીરોટી આપીને લોકોને મકાનો આપવાની છૂટ છે. બિલ્ડરો ગેરકાયદેસર બાંધકામ કરે, ગેલેરીઓ બહાર કાઢી ગેરકાયદેસર બાંધકામ કરે. મનિષાબેન હમણાં બરોડાનો જ એક કિસ્સો આવ્યો છે. કોઇ જમીન ઉપર કોઇ બિલ્ડરે મકાનો બાંધી દીધા છે. શું કરશો? ટી.વી.ના માધ્યમથી, છાપાના માધ્યમથી જોયું. સરકારે શું કર્યું? મકાન તોડશો કે તેને તમે કાયદેસર કરી આપશો? આ કિસ્સાઓમાં સરકારે ખૂબ વિચારવું પડશે. સરકારને હું વિનંતી કરું છું કે, જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રૂલ્સનો અમલ કેમ આપણે કરી શકતા નથી? સરકાર નેશનલ બિલ્ડિંગ કોર કાયદાને આધીન કંઇ કરી શકતી નથી? સરકાર હંમેશાં ગરીબ અને મધ્યમ વર્ગની વાત કરીને જે લોકો ગેરકાયદેસર બાંધકામ કરે છે તે ગેરકાયદેસર બાંધકામ કરનારા લોકોને સરકાર આ બિલ લાવીને એક લાઇસન્સ આપવા માગે છે. સરકાર એ કહેવા માગે છે કે, તમે મકાન બાંધો, મોટી મોટી સ્કીમો બનાવો, બહાર ગેલેરીઓ કાઢો, પાર્કીંગ નહી રાખો

તો ચાલશે, ભોંયરામાં શોપિંગ સેન્ટર બનાવી દો કોઇ પ્રોબ્લેમ નથી. આ તમામ મુદ્દાઓની ચર્ચા ભૂતકાળમાં આ ગૃહની અંદર થયેલી છે. આજે પણ ચર્ચા કરી રહ્યા છીએ. માનનીય મંત્રીશ્રી એક નાના સુધારાની વાત કરે છે. માનનીય ઋષિકેશભાઇ આ નાના સુધારા લાવ્યા પછી હજી પાંચ વર્ષ આ રાજ્યમાં તમારી સરકાર છે. પાંચ વર્ષમાં આ બિલની અંદર તમારે સુધારો લઇને આવવું પડશે. હું સરકારને વિનંતી કરું છું કે, સરકારશ્રી ગેરકાયદેસર બાંધકામ કરનારા એ કોઇપણ વ્યક્તિ હોય તેને પ્રોત્સાહન આપવાનું આ સરકારે બંધ કરવું પડશે. ગરીબ, મધ્યમ વર્ગની વાત કરીને બાંધકામો કાયદેસર કરવાની વાત આ સરકાર જે કરી રહી છે તેમાં સરકારની જો મનછા સાચી હોય, નીતિ અને નિયત સાચી હોય તો સરકારે આમાં કડક રીતે પગલાં ભરવા પડશે. સરકારે આ વિધાનસભા ગૃહમાં કડક કાયદો બનાવીને કાયદેસરની તારીખ આપવી પડશે કે આ તારીખ પછી ગુજરાત રાજ્યની અંદર કોઇપણ વ્યક્તિ ગેરકાયદેસર બાંધકામ નહીં કરી શકે. જે ગેરકાયદેસર બાંધકામ થયા છે તે આ મુદત સુધીમાં કાયદેસર નહીં કરાવે તો તેમાં કોઇપણ વ્યક્તિ હશે, નાનો હશે મોટો હશે, મારો હશે તારો હશે, પ્યારો હશે વ્હાલો હશે આ તમામ વ્યક્તિઓના મકાનો તોડી નાખવા પડશે. સરકારે ચોક્કસ તારીખ સાથે કડક કાયદો આ વિધાનસભા ગૃહમાં લાવવો પડશે. જો સરકાર તેની ખાતરી અમને આપશે તો તમે જે સુધારો લઇને આવ્યા છો તેમાં અમારે તમને ટેકો આપવો કે નહીં તેના માટે અમે વિચારીશું. બાકી તો આવા સુધારા અગાઉ આવ્યા છે. ૨૦૦૧ થી ૨૦૨૩ માં આ છઠ્ઠી વખતનો સુધારો છે. સરકાર દ્વારા આ જ રીતે ગેરકાયદેસર બાંધકામ કરનારા, ભ્રષ્ટ અધિકારીઓને પ્રોત્સાહન આપવાની વાત હોય તો આવા અનેક સુધારા લાવશો અને આપની પાસે બહુમતિ છે તેના આધારે આ સુધારા પાસ થઇ જશે. તેમાં સરકારની નીતિ અને નિયતની ખબર પડી જશે. ગેરકાયદેસર બાંધકામ કરનારા લોકો, ભ્રષ્ટ અધિકારીઓ જે ભ્રષ્ટચાર કરે તેને તમે છૂટ આપો છો તે ફલિત થશે. એટલે માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં મેં જે રજૂઆત કરી છે તેની વાત કરે તે પછી જ અમે વિચારીશું કે આ બિલને ટેકો આપવા કે ન આપવો. આભાર.

શ્રી કેયુર ના. રોકડિયા(**સયાજીગંજ**) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ગુજરાતના અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક ૨૦૨૩ ગુહમાં લઇને આવ્યા છે તેના પર મને મારા મંતવ્યો રજૂ કરવા માટેની તક આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપશ્રીનો હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના પ્રથમ સત્રમાં આ વિધેયક પાસ થયું હતું અને નાગરિકોએ જે અનઅધિકૃત બાંધકામ કર્યું છે એના વિવિધ કારણોની પણ ચર્ચા થઇ હતી પરંતુ મારા સાથી સભ્યશ્રી દ્વારા જે વાત મૂકવામાં આવી એટલે કદાચ મને ફરીવાર જણાવવાની જરૂર પડે છે કે, ક્યા ક્યા કારણો હતા? કોઇ એક કારણ ન હતું. માનનીય મંત્રશ્રીએ જે પ્રમાણે વાત કરી કે શહેરીકરણ વિસ્તર્યું છે, નવિન રોજગારીની તક ઊભી થઇ છે અને જે સ્થળાંતરીત નાગરિકો છે એ રહેઠાણમાં પોતાની જરૂરિયાત મુજબ હયાત મકાનમાં ફેરફાર કરતા હોય છે. આના સિવાય શહેરમાં જૂના વિસ્તારો પણ આવેલા છે અને એ કોઇ એક પાર્ટીના શાસનમાં નથી બન્યા, પરંતુ વર્ષોથી બનેલા જૂના વિસ્તારના મકાનો છે એમાં પણ જર્જરિત મકાન હોય, નવા મકાન ઊભા કરવાની વાત હોય, બિલ્ડરે કદાચ કોઇ નાની મોટી ભૂલ કરી હોય પણ ત્યાં આજે જે નાગરિક વસે છે એની ભૂલ ન હોય અને એવા જે બાલ્કની, પ્રોજેક્શન, બિલ્ડિંગ પ્લાન, પ્લીંથના ફેરફારના કારણે નાગરિકને ના શોષાવું પડે એવા પણ કારણ હોય, કોરોનાની આઇસોલેશનની જે અનિવાર્યતા હતી તેને ધ્યાનમાં લઇને કેટલાક નાગરિકો દ્વારા પોતાના માર્જીનમાં દુકાન, બાથરૂમ, રૂમ, ટોઇલેટ આવા નાના મોટા બાંધકામ કરવામાં આવ્યા હોય, કેટલાક નાગરિકોએ સ્વરોજગારીની તકો ઊભી કરવા માટે પોતાના માર્જીનની જગ્યામાં નાની મોટી ઓફીસ કે દુકાન બનાવી હોય આવા અનેક કારણો હતા. માનનીય સભ્યશ્રીએ બીજી એક વાત કરી કે, વડોદરા શહેરમાં અને ટી.વી. મિડિયામાં ખૂબ ગાજેલું કોઇ એક મકાન આખું ઉભું થયું હતું ગેરકાયદેસર રીતે તો એના માટે હું જાણકારી આપું અને આખા સભાગૃહની જાણકારી માટે કહું કે, આ મકાન પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી સરકારે તોડી નાંખ્યું છે અને એની બાજુમાં બનતા મકાનો પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી તોડી નાંખવામાં આવ્યા છે. સરકાર કોઇ પણ ભોગે આવા ઇસમોને સાંખી લેવા તૈયાર નથી આ સ્પષ્ટ છે. પરંતુ આમ છતાં બીજા પણ કારણો છે કે ગુડા, ઔડા જેવા સત્તામંડળો હોય અને ત્યાં નાગરિકોને કદાચ ખબર ન પડતી હોય અને એ વખતે જે બાંધકામ કર્યા હોય અને શહેરની અંદર એ વિસ્તારો જ્યારે સમાવ્યા હોય ત્યારે આજે એમને બી.યુ. પરમિશન ન મળતી હોય આવા અનેક કારણો છે. આના કારણે સરકાર પહેલા ઓર્ડિનન્સ લાવી અને આના માટેનો કાયદો બનાવવા માટેનું વિધેયક પણ સરકાર લાવી છે. સરકારે આના માટે સેમ્પલ સરવે પણ કર્યો છે અને બાંધકામનો વ્યાપ અને પ્રકાર જાણવા માટે પણ સેમ્પલ સ્ટડી કરવામાં આવ્યો છે. ૮ મહાનગરપાલિકામાં ૫૬૦૦ જેટલા બિલ્ડિંગમાં, ૮ શહેરી વિકાસ વિસ્તારના સત્તામંડળોમાં ૫૯૬ જેટલા બિલ્ડિંગમાં, ૨૪ મહાનગરપાલિકાઓમાં ૨૧૬૦ જેટલા બિલ્ડિંગમાં એમ ૮૩૫૬ અલગ અલગ શ્રેણીના બિલ્ડિંગનો સેમ્પલ સરવે થયો ત્યારે ધ્યાનમાં આવ્યું કે સમગ્ર રાજયમાં ૪૨ ટકા જેટલા બિલ્ડિંગમાં બી.યુ. પરમિશન ન હતી, નગરપાલિકામાં ૮૭ ટકા જેટલા અને સત્તામંડળોમાં ૫૬ ટકા જેટલી બિલ્ડિંગમાં બી.યુ. પરમિશન ન હતી. આમ આ તમામ જે પરવાનગી વગરના બાંધકામો જણાયા અને તેમને બી.યુ. સમક્ષક એક માન્યતા મળી રહે તેના માટેની એક નીતિ ઘડવાની જરૂર હતી અને એટલા માટે આ કાયદો આપણે બનાવ્યો સમગ્ર આપણે બધાએ ભેગા થઇને અધિનિયમ બનાવ્યો અને હવે તેમાં સુધારાની પણ જરૂરિયાત બની છે તો આ જે કાયદો સરકારે બનાવ્યો હતો એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે લોકોની સાચી જરૂરિયાત સમજીને એમણે આ કાયદાનું નિર્માણ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની અંદર સરકારને અભિનંદન એટલે આપવા પડે કે, સરકારે કોઇ એક વિષયને લઇને નહીં

પણ સરકારે સી.જી.ડી.સી.આર. જેની માનનીય સભ્યશ્રીએ વાત કરી ૨૦૧૭ને પણ આ કાયદા વખતે ધ્યાનમાં રાખેલ છે. ગુજરાત અગ્નિનિવારણ જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ ૨૦૧૩ની જોગવાઇઓને પણ સરકારે આ વિષયમાં ધ્યાને રાખી છે. સ્થાવર મિલકત અધિનિયમ ૨૦૧૬ની જોગવાઇઓને ધ્યાનમાં રાખી છે, ગુજરાત ચિકિત્સક સંસ્થાઓ અધિનિયમ ૨૦૨૧ની જોગવાઇઓને પણ ધ્યાનમાં રાખી છે. સરકારે આ અધિનિયમ બનાવતી વખતે લોકોની સલામતી, ફાયર સેફ્ટી અને આરોગ્યની તમામ ચિંતાઓ કરી છે ત્યારે માનનીય સરકારને પણ અભિનંદન આપવા પડે. આંતર માળખાકીય વિકાસ ફંડની રચનાની પણ કરી તેના કારણે અગ્નિ સલામતી હોય, પાર્કિંગ જોગવાઇ હોય, પર્યાવરણની સુધારણા હોય અને બીજી આંતર માળખાકીય સુવિધાઓનો પણ અંદરથી કામ થઇ શકશે એવી પણ સરકારે અધિનિયમન બનાવતી વખતે જાહેરાત કરી લોકો સમક્ષ પ્રસ્તુત કર્યું માટે પણ સરકાર લોકો માટે હર-હંમેશ ચિંતિત છે તે આ અધિનયમન દ્વારા દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે વટહુકમ તા.૧૭-૧૦-૨૦૨૨ના રોજ ચાર મહિનાની મુદ્દત માટે સરકાર આ અધિનિયમ લઇને આવી હતી અને એની અંદર ૩૨૫૦૯ જેટલી અરજીઓ તા.૩૧-૧-૨૦૨૩ સુધી આખા સમગ્ર રાજયમાં આવતા સરકારના ધ્યાને આવ્યું કે આ અરજીઓની સંખ્યા જે પ્રમાણે સેમ્પલ સ્ટડી થયો હતો તે પ્રમાણે ઘણી ઓછી છે ત્યારે સરકારે તા.૩-૨-૨૦૨૩ના રોજ દરેક મહાનગરપાલિકા સત્તા મંડળ અને નગરપાલિકાઓને ઓફ લાઇન અરજી સ્વીકારવાનું પણ જણાવવામાં આવ્યું. આ ઓફ લાઇન અરજી જે સ્વીકારી અને આપ સૌને વિદિત છે કે તે દરમિયાન વિધાનસભાની ચૂંટણી પણ હતી અને તેના કારણે બહુ જાહેરમાં પ્રસિદ્ધિ અથવા તો જે ચૂંટાયેલો પદાધિકારી છે તેના મારફતે જે પ્રસિદ્ધિ થવાની હતી તે થઇ શકી નહોતી. આમ છતાં પણ મહાનગરપાલિકા હોય, સત્તા મંડળો હોય, નરગપાલિકાઓ હોય તેમને લોકોને ફાયદો પહોંચે તેના માટે પત્રો, બેનર્સ, હોર્લ્ડિંગ, પેમ્ફલેટ અનેક પ્રયાસો પણ કર્યા હતા. ઝોન વાઇઝ મિટિંગો, ઝોનલ કચેરીઓમાં માર્ગદર્શન મળે તેના માટે હેલ્પ ડેસ્ક કેટલીક મહાનગરપાલિકાઓ દ્વારા અરજી તૈયાર કરવા માટે એન્જિનિયરની પેનલ બનાવવાની વાત હોય આ તમામ પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવ્યા હતા. આમ છતાં પણ ૧૪-૨-૨૦૨૩ સુધીમાં માત્ર ૫૭ અરજી ઓન લાઇન અને ઓફ લાઇનનું ટોટલ કરતા આ પ્રાપ્ત થઇ હતી. માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય, નાગરિકો હોય અને મહાનગરપાલિકાના પ્રાદેશિક અને ત્યાંના કમિશનરો હોય, નગરપાલિકાના પણ ચીફ ઓફિસર્સ હોય તેમના દ્વારા લેખિતમાં રજૂઆત સરકાર સુધી પહોંચી હતી અને જયારે માનનીય સભ્યશ્રીએ વડોદરાની વાત કરી તો વડોદરાનો ડેટા અને હું પણ હાલમાં ત્યાં કોર્પોરેશનમાં કામ કરું છું તો તેમણે જે વાત કરી ઓન લાઇન અરજી ૨૯૭૩ આવી હતી. ૮-૨- થી ૧૬-૨ના ગાળા દરમિયાન ઓફ લાઇન અરજી ૩૮૨૯ આવી હતી. આમ, ૬૮૦૨ અરજી આવી અને એમણે જે વાત કરી કે પ્રોસેસ કેટલી થઇ? અને પ્રોસેસિંગનો ટાઇમ સરકારે પોતે જાહેર કર્યો છે. સરકારે કહ્યું છે કે અરજી તારીખના છ મહિના સુધીમાં આ અરજીઓનો નિકાલ કરવાનો હોય છે કોઇ તાત્કાલિક કરવાનો હોતો નથી અને અરજી નામંજૂર કરવાનો પણ ફી ભરવા માટે પણ જાણ થયેથી બે મહિનાનો સરકારે સમય આપ્યો છે. આમ, પ્રોસેસ ઓન ગોઇંગ છે તેમણે વડોદરા મહાનગરપાલિકાની ડિસ્પોઝ થનાર અરજીની પણ વાત કરી છે કે ૨૦૨ અરજી ડિસ્પોઝ થઇ પરંતુ તેનું કારણ જાણવાનો પ્રયત્ન ના કર્યો. તેનુ કારણ એવુ છે કે, જે લોકોએ અરજી કરી પરંતુ જેની ઓન લાઇન ફી ન ભરી શકાય અથવા તો તેમને આવડી નહીં એ અરજી આ ૨૦૨ ડિસ્પોઝ કરી છે અને એટલે જ આવા લોકોને પણ બીજી વખત તક મળવી જોઇએ અને તે તમામ માટે સરકારે જે કાયદો લાવવાની વાત કરી છે તેમાં જે સુધારો કરવાની વાત કરી છે તે સુધારો ૫(૨)ની કલમમાં ૫(૨)અ ઉમેરીને સમય-મર્યાદા વધુ ચાર મહિના લંબાવવી જોઇએ જે તેમણે વાત કરી છે તેને હું સમર્થન કરું છું અને એક ગુજરાતની અંદર સુગ્રથિત, સુનિયોજિત વિકાસ થાય તેમના ઉમદા આશયથી આ સુધારા વિધેયક જયારે સરકાર લાવી છે તો તેમનું સમર્થન કરું છું અને આ સભાગૃહ પણ સર્વ સંમતિથી પસાર કરે એવો આગ્રહ અને નિવેદન પણ કરું છું.

શ્રી પુર્ણેશ મોદી**(**સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃતકાળમાં આજે ભારતના વીર સપૂત, ક્રાંતિવીર, અમાર શહીદ ચંદ્રશેખર આઝાદની પુણ્યતિથી નિમિત્તે તેમને વીરાંજલિ અર્પણ કરું છું. ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતનું સુધારા વિધેયક, ૨૦૨૩ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ લઇને આવ્યા છે એને મારું સંપૂર્ણ સમર્થન છે અને ટેકો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોટી, કપડાં ઔર મકાન પત્યેક માનવી માટે ખૂબ જ અનિવાર્ય છે. એવા સમયે જ્યારે મકાનની વાત થતી હોય, ઘરનાં ઘરની વાત થતી હોય, ફ્લેટની વાત થતી હોય, બંગલાની વાત થતી હોય, રો-હાઉસની વાત થતી હોય, દુકાનની વાત થતી હોય, રહેણાંક હોય કે કોમર્શિયલ જમીન ઉપર બાંધકામ થકી દરેક વ્યક્તિ એમાં વસવાટ કરતો હોય છે, વ્યવસાય કરતો હોય છે. અનેક કારણોસર એનો જીવન નિર્વાહ એ મકાન થકી ચાલતો હોય છે. અનઅધિકૃત બાંધકામ કર્યું હોય તો એના ઘણાં બધાં કારણો હોઇ શકે. જમીન ટાઇટલ બાબતનું કારણ હોય, કબજા રસીદને કારણે એ વખતોવખત નગરપાલિકા કે મહાનગરપાલિકામાં પ્લાન મૂકી શકતો ન હોય, કદાચ બાંકઘામની પરવાનગી ન લીધી હોય, કેટલાક કિસ્સાઓમાં ભૂતકાળમાં જમીન એન.એ.ન થઇ હોય. આવા અનેક કારણો હોઇ શકે. બાંધકામ થઇ ગયા પછી એ અનઅધિકૃત હોય અને એને તોડી પાડવામાં આવે એના કારણોમાં ખૂબ જ નાની બાબત હોય છે. બહુ મોટી બાબત નથી હોતી. કેટલાક કિસ્સાઓમાં દાદરની વાત હોય, માર્જિનમાં બાંધકામ કર્યું હોય, બાલ્કનીમાં બે-ચાર ફૂટ બહાર નિકાળ્યું હોય, ટોયલેટ બ્લોક બનાવવાના હોય એ ગરીબ માણસ હોય, કુટુંબના નિભાવ માટે એની પાસે આવકના મર્યાદિત સોર્સ હોય જેના કારણે એનો પરિવાર મોટો થતો હોય તો એણે એકાદ માળ બાંધી દીધો હોય એવા અનેક કારણો હોય. આ મિલકત જો તોડી નાખવી પડે તો

એ આપણા માટે પણ ગંભીર બાબત છે અને સામાન્ય માણસનું જીવન મુશ્કેલીમાં મૂકાય એ પણ અસામાન્ય છે એમ આપણે કહી શકીએ. આવી મિલકત તોડવી ન પડે એના માટે વિશ્વના નેતા, હિન્દુસ્તાનના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન, ગરીબોના બેલી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૧માં ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમિત કરવાનો કાયદો લાવ્યા હતા. સમાજમાં રહેતા નાના પરિવાર, ગરીબ પરિવાર, મધ્યમવર્ગના પરિવારો માટે આ પોતાની બંધાયેલી મિલકતમાં નાનું - મોટું બાંધકામ તૂટે નહિ એ માટે નરેન્દ્રભાઇ મોદીએ આ કાયદો લાવીને ગુજરાતની લાખો જનતાને ગરીબોના બેલી તરીકે ખૂબ મોટું પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. એ નાગરિકોને સુરક્ષિત કર્યા છે, એ બાંધકામને સુરક્ષિત કર્યા છે ત્યારે આદરણીય મોદી સાહેબને હું લાખ-લાખ અભિનંદન પાઠવું છું. ગુજરાતનો વિકાસના બે દાયકાની વાત કરીએ તો એમાં મારે સુરતની વાત કરવી છે. સુરત મહાનગરની વર્ષ ૧૯૬૧ની વસતી ૨.૫ લાખ વર્ષ ૧૯૭૧ની વસતી ૪.૫ લાખ, વર્ષ ૧૯૮૧ની વસતી ૮.૫ લાખ, વર્ષ ૧૯૯૧માં ૧૪.૫ લાખની વસતી થઇ, વર્ષ ૨૦૦૧ની વસતી ૨૪.૫ લાખ, વર્ષ ૨૦૧૧માં ૪૫ લાખની વસતી અને ત્યારે ૭૦ લાખ જેટલી વસતી થઇ છે. વર્ષ ૨૦૧૧માં કાયદો લાવ્યા હતા ત્યારે કટ ઓફ ડેટ હતી. એ પછી આજે એક દાયકો જતો રહ્યો છે. સુરત મહાનગરપાલિકાના વર્ષ ૨૦૧૦ ના સેન્સક્સ મુજબ, આકારણીના વેરા મુજબ ૧૪ લાખ ટેનન્ટ હતા. એમાંથી વર્ષ ૨૦૧૧માં આ ઇમ્પેક્ટ ફીનો કાયદો આ અનઅધિકૃત બાંધકામને રેગ્યુલર કરવા માટે ૩,૦૬,૧૨૬ લોકોએ ઇમ્પેક્ટ ફીના ફોર્મ ભર્યા. એમાંથી ૮૩,૩૪૯ રિજેક્ટ થયા. ૨,૨૨,૭૭૭ ફોર્મ મંજૂર થયા. એના ઉપરથી આપ અંદાજો લગાવી શકો છો. જે પ્રમાણે વાત કરી કે ૨૩ વર્ષના સમયગાળામાં તમે વારંવાર કાયદો કેમ લાવો છો? ૧૦-૨૦ વર્ષમાં ગુજરાતે જે પ્રકારે હરણફાળ ભરી છે તેમાં ઔદ્યોગિક ક્ષેત્ર હોય કે વ્યવસાયિક ક્ષેત્ર વાયબ્રન્ટના નામથી સમગ્ર દેશ-વિદેશમાંથી અહીંયા રાકણકારો આવીને ઇન્ડસ્ટ્રી નાંખી લાખો લોકોને રોજી-રોટી આપે છે. સુરત એક લઘુ ભારત છે. આજે ભારતભરના તમામ પ્રાંતમાંથી લાખો લોકો સુરતમાં રોજી-રોટી માટે આવે છે. વર્ષ ૨૦૧૦ પછી વર્ષ ૨૦૨૦ના સુરત મહાનગરપાલિકાના આકારણીનો આંકડો જે ૧૪ લાખનો હતો તે ૨૪ લાખનો થયો છે. તેનો અર્થ એ થયો કે ૧૦ લાખ જેટલી મિલકતોનો વધારો થયો છે. આ વધારો થયો હોય તેની બીજી બાજુ જો જોઈએ તો વર્ષ ૧૯૬૦માં ગુજરાત મહારાષ્ટ્રથી છૂટું પડ્યું ત્યારે શહેરી વસ્તી લગભગ ૧૦-૧૫ ટકા હતી. આજે વર્ષ ૨૦૨૩માં લગભગ અડધી વસ્તી મહાનગરોમાં વસતી થઈ. આજે ૮ મહાનગરો, ૧૪૬ નગરપાલિકા અને ૨૪ શહેરી વિકાસ સત્તા મંડળ છે. ગુજરાતની અંદાજે ૭ કરોડ વસ્તીમાંથી સાડા ત્રણ કરોડ વસ્તી મહાનગરો, નગરપાલિકા અને શહેરી વિસ્તારમાં રહેતી હોય ત્યારે મિલકતમાં સતત બાંધકામ વધારો થતો હોય છે. સમગ્ર દેશમાં જે પ્રકારે ગુજરાત મોડેલ સ્ટેટ તરીકે વિકસિત થયું છે ત્યારે અનેક લોકો અહીંયા આવ્યા છે. આર્થિક સદ્ધરતાના કારણે શહેરી વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ મકાન, ફ્લેટ વગેરે બાંધકામનો વધારો થયો છે. આજે સમગ્ર ગુજરાતના મહાનગરો-નગરપાલિકાની સાડા ત્રણ કરોડની જનતામાં દલિત, શોષિત, પીડિત, વંચિત અનુ.જાતિ અનુ.જનજાતિ, આદિવાસી, બક્ષીપંચ, કિસાન, મજૂર, ગરીબ આવા અનેક પરિવારોનો સમાવેશ થાય છે. મધ્યમવર્ગના ઘરનું ઘર સુરક્ષિત રહે તેના માટે આ કાયદો દર ૧૦ વર્ષે લાવવો એમાં સહેજપણ ખોટું નથી એમ હું આજે ડંકાની ચોટ પર કહી શકું તેમ છું. કારણ કે અહીંયા વિકાસ છે, સતત વધતો જતો ગ્રાફ છે, સતત મહાનગરો વધતા જય છે, વસ્તી વધતી જાય છે, લોકોના રહેઠાણ વધતા જાય છે અને આવા સમયે એકમાત્ર બિલ્ડરની વાત કરીને સંતુષ્ટ નહિ થઈ શકીએ. કારણ કે જ્યારે ભોગવવાનું આવે છે ત્યારે તેમાં રહેતા ગરીબ-મધ્યમવર્ગના પરિવારને ભોગવવાનું આવે છે. એ વાત પણ જુદી છે કે કૉંગ્રેસ પાર્ટીએ પણ 'ઘરનું ઘર'ના ફોર્મ બહાર પાડ્યા હતા. સમગ્ર ગુજરાતમાં જાહેરાત કરી હતી અને આજે એ ઘરના ઘરનો કોઈ પતો પણ નથી. એ બધી વાત રાજકીય થઈ પણ મારે એ કહેવું છે કે આજે માર્જિન, બિલ્ટ-અપ કે મકાનની ઉંચાઈ બાબત હોય નવું બાંધકામનો પ્લાન બી.સી.આર.ની જોગવાઈ મુજબ થઈ રહ્યો છે. આજે ૧૫૦૦ મીટરની જગ્યા કરતાં વધારે ૧૦-૧૫ હજાર મીટર જગ્યા ઉપર જે ટાવર ઊભા થાય છે તેમાં સહેજપણ ખોટું ચાલતું નથી. માર્જિન છોડવું પડે છે, સોસાયટીના કેમ્પસમાં સરસ મજાનો કોમન પ્લોટ આપવામાં આવે છે તેવા અનેક દાખલા આજે જોઈ શકાય છે. પરંતુ આ જે કાયદો લાવવામાં આવે છે તેમાં તા.૦૧/૧૦/૨૦૨૨ પહેલાંના બાંધકામમાં માર્જિનની જગ્યા કવર કરી હોય, કોઇએ બિલ્ટ અપ એરિયા કવર કર્યો હોય, કોઇને મકાનની ઊંચાઈ બાબતનો પ્રશ્ન હોય, મકાનના ઉપયોગમાં ફેરફાર હોય આવા નાના-નાના અનેક પ્રશ્નો લોકોને સ્પર્શતા હોય છે. સરકારને લાખ લાખ અભિનંદન આપવા પડે કે એમણે પાર્કિંગ અને કોમન પ્લોટ સો ટકા ફ્રી નથી કર્યું, માત્ર પચાસ ટકા જ કર્યું છે. પચાસ ટકામાં જ ઇમ્પેક્ટ ફી લેવામાં આવશે. આ પ્રમાણે નિયમિત કરવા માટે જે સુધારો લઇને આવ્યા છે એને મારું સંપૂર્ણ સમર્થન છે. આજે બિલ્ડિંગ યુઝ પરમિશન વગર અનેક નાના વ્યવસાયકારો હેરાન થાય છે. બી.યુ.પરમિશન ન હોવાના કારણે એની મિલકત તોડવા મહાનગરપાલિકા જાય છે. મકાન ૨૦, ૩૦ કે ૪૦ વર્ષ જૂનું હોય તો એની બી.યુ. પરમિશન ક્યાંથી લાવે? આવી અનેક સમસ્યાઓમાંથી લોકોને મુક્ત કરવા માટે અમારી ગુજરાત સરકાર કટિબદ્ધ છે અને એટલા માટે આ કાયદો લઇને આવ્યા છે. આજે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી નાના માણસના દિલની વાત આ બિલ થકી લાવ્યા છે એ માટે હું એમને લાખ લાખ અભિનંદન આપું છું. આ પચાસ ટકા પાર્કિંગ માલિકી કબ્જેદારે પ્રથમ પૂરી પાડવાની રહે. જો શક્ય ન હોય તો ૫૦૦ મીટરની ત્રિજ્યામાં ત્રણ માસની અંદર એણે બીજી જગ્યા બતાવવી પડે. આમ, પચાસ ટકા ખૂટતું પાર્કિંગ ફી લઇને નિયમિત કરશે. કાયદો બહુ જ સ્વયંસ્પષ્ટ છે કે કોઇપણ કિસ્સામાં મળવાપાત્ર એફ.એસ.આઇ. એક ટકાથી ઓછી હોય તો નિયમબદ્ધ થઇ શકશે નહીં. રહેણાંકના ઉપયોગ સિવાય વાણિજ્યિક, શૈક્ષણિક, આરોગ્ય, ઔદ્યોગિક વગેરે બાંધકામોમાં જી.ડી.સી.આર. મુજબ મહત્તમ મળવાપાત્ર એફ.એસ.આઇ. કરતાં પચાસ ટકા વધારે હશે તો એફ.એસ.આઇ.

નિયમબદ્ધ થઇ શકશે નહીં. પ્લોટની હદની બહાર જો કોઇ પ્રોજેક્શન નીકળે છે તો નિયમબદ્ધ થશે નહીં. પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, પાણી નિકાલ, ઇલેક્ટ્રિક, ગેસ લાઇન કોઇપણ જાહેર સેવા ઉપર બાંધકામ કરેલ હશે તો એ નિયમબદ્ધ થશે નહીં. સરકારી જમીન પર આવાસ બનાવવામાં આવશે તો આવા પ્રકારના બાંધકામની ઇમ્પેક્ટ ફી લેવામાં આવશે નહીં અને એ નિયમબદ્ધ થશે નહીં. ફાયર સેફ્ટીના કાયદા મુજબ સુસંગત નહીં હોય તો ઇમ્પેક્ટ ફી લેવાશે નહીં. ગરીબ પરિવારોનું ટોઇલેટ, માર્જીન, દાદર, બાલ્કની, માળીયા, એકાદ ફ્લોર લીધો હોય તો એને નિયમબદ્ધ કરવા માટે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી ઋષિકેશભાઇ પટેલ જે આ બિલ લઇને આવ્યા છે એને આપણે આવકારીએ છીએ. નાના માણસ માટે સુરક્ષિત વાતાવરણ જળવાઇ રહેશે એના માટે સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનું સુધારા વિધેયક લઇને આવ્યા છે એ બાબતે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં જે બિલો ગૃહમાં લઇને આવ્યા એમાં વર્ષ ૨૦૦૧, વર્ષ ૨૦૧૧, વર્ષ ૨૦૧૩માં સુધારો લઇને આવ્યા, વર્ષ ૨૦૨૨માં વટહુકમ લઇને આવ્યા અને વર્ષ ૨૦૨૩માં બિલ લઇ આવ્યા અને આજે ફરી એમાં સુધારો લઇને આવ્યા છે. આમાં વર્ષ ૨૦૦૧ સિવાય જેટલા બિલો અહીંયા રજૂ થયા એ વખતે હું એમાં માત્ર સાક્ષી જ નહોતો પણ પસાર કરવામાં પણ મારી અને મારા પક્ષની ભૂમિકા રહી છે. દરેક વખતે અમે એક વાત કરી છે કે અત્યાર સુધીના જે કોઇ બાંધકામો હોય એને ઉદારતાથી આપણે રેગ્યુલરાઇઝ કરીએ. પણ આ વિન્ડો કાયમ માટે ખુલ્લી રાખી શકાય નહીં. જે ભ્રષ્ટાચારી લોકો છે એના માટે આ વિન્ડો ખુલશે એટલે હું એમાંથી નીકળી જઇશ એવું પ્રોવિઝન કાયમ માટે રાખી શકાય નહીં. વર્ષ ૨૦૧૧માં બિલ લાવ્યા હતા એમાં આવું પ્રોવિઝન હતું ત્યારે માનનીય રાજ્યપાલશ્રી અને બીજા કોર્ટના હુકમો એ પ્રકારના છે કે તમે આ બિલ કાયમ ખુલ્લુ રાખી શકો નહીં. તમારે સ્પેસિફિક ડેટમાં અને સ્પેસિફિક સમયમાં એને રેગ્યુલરાઇઝ કરવું જોઇએ.

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારુ પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે કે, ગઇ વખતે વર્ષ ૨૦૧૧માં અનઅધિકૃત બાંધકામના બિલની કટ ઓફ ડેટ હતી. તા. ૩૧-૧૨-૨૦૧૦ ત્યાર પછી કોઇ ઇમ્પેકટ ફીના ફોર્મ સ્વીકારવામાં આવ્યા નથી. એની કટ ઓફ ડેટ નિશ્ચિત હતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : શ્રી પૂર્ણેશભાઇને કહી દઉં કે હું એમ કહેતો નથી. દરેક વખતે આ બાબતો અમે ધ્યાનમાં દોરી છે. મેં દોરી છે એટલું જ નહીં, માનનીય રાજ્યપાલશ્રીએ અને માનનીય કોર્ટોએ પણ દોરી છે કે તમે કાયમ માટે આ બિલ આવી રીતે લઇને આવી શકો નહીં. છતાં પણ વર્ષ ૨૦૦૧, વર્ષ ૨૦૧૧, વર્ષ ૨૦૧૩, વર્ષ ૨૦૨૨, વર્ષ ૨૦૨૩ અને ફરી પાછો એમાં સુધારો અહીંયા લઇને આવ્યા છો. આ તો કદાચ વિધાનસભાનું નવુ સત્ર મળ્યું અને તરત જ આ બિલ લાવ્યા હતા ત્યારે પણ આ બિલને અમે ટેકો આપેલ હતો અને કીધું હતું કે, આ પછી નવા બાંધકામો ન થાય તેના માટે કાળજી લેવાય અને તેની તમે અહીંયા ખાતરી આપો. હું તો એમ કહું છું કે, આ વખતે બાંધકામ રેગ્યુલરાઇઝ કરવા માટેની જોગવાઇ કરવાની અંદર દંડની અથવા તો એના એફ.એસ.આઇ. મુજબની થોડી ઘણી કોઇ રકમ લેતા હોય તો એ પણ માફ કરી દો પણ કાયમ માટે આ દરવાજો ખુલ્લો રાખી શકાય નહીં. આ બિલમાં એક જ તકલીફ છે કે, આ બિલની નવી તારીખ જાહેર કરી નથી કે કયાં સુધીમાં આ અરજીઓ લેવાની છે? આ બિલની અંદર આજે જ જોગવાઇ કરી દેવાની જરૂર હતી કે, ૪ મહિનાને બદલે ૧૨ મહિના વાંધો નહીં, ૧૫ મહિના સુધી વાંધો નહીં પણ પછી કાયમ માટે આ જ બિલ ચાલુ રહે અને એના કારણે બીજા લોકોને પ્રોત્સાહન મળે કે ગમે ત્યારે આપણે બાંધકામ કરી દઇશું તો કાયમ છૂટ મળવાની છે તો એ પ્રકારે આની અંદર અનિશ્ચિતકાળ સુધી સરકારના હાથમાં પાવર અપાય છે કે એ તારીખો વધારી શકશે. માનનીય મંત્રીશ્રી જયારે વાત કરતા હતા ત્યારે એમણે પોતે જ વાત કરી કે આપણી ૪૮ ટકા જેટલી અર્બન વસ્તી થઇ. ઝડપથી બાંધકામો થાય છે. એમાં જે કોઇ નાની-મોટી ભૂલ કરી હોય તો પાડોશી અરજી કરે, માહિતી અધિકાર નીચે કોઇ અરજી કરે, કોઇ કોર્પોરેટર અરજી કરે. કોર્પોરેટરનું આપ બોલ્યા નથી પણ માહિતી માગનારનું નામ બોલ્યા જ છે પણ હું એમ કહું છું કે, કોર્પોરેટર અરજી કરે અને કયાંક અહીંયા ગેરકાયદેસર બાંધકામ થાય છે અને એ રીતે હેરાન-પરેશાન થાય. તો વાત એટલી જ છે કે આ પ્રકારે ભવિષ્યમાં કોઇપણ પ્રકારની હેરાનગતિ ન થાય અને જેટલા બાંધકામો છે તે બધા જ નિયિમિત થઇ જાય અને ભવિષ્યમાં આ પ્રકારે કોઇપણ બાંધકામ થાય તો એને માટે સખત કાર્યવાહીની જોગવાઇ થાય તો હું માનું છું કે, ગુજરાતની અંદર ઝડપથી જે અર્બેનાઇઝેશન થાય છે એ અર્બેનાઇઝેશનની પ્રોસેસની અંદર બધું જ સરળ થઇ જાય પણ એની જગ્યાએ આપણે તો વિન્ડો ખુલ્લી રાખીએ છીએ. બે સભ્યશ્રીઓ બોલ્યા તેઓ બંને મહાનગરના પ્રતિનિધિઓ છે પણ નગરોમાં શું સ્થિતિ છે? એ તો આનાથી પણ ખરાબ છે. મેં ગઇ વખત પણ દાખલો આપ્યો હતો કે આપણા યાત્રાધામો અંબાજી, દ્વારકા, ડાકોર વિગેરે છે ત્યાં બહારથી ખૂબ લોકો આવે છે, ત્યાંના બાંધકામોની શું સ્થિતિ છે? અંબાજી નાનુ નગર છે છતાં આજે ત્યાં શું સ્થિતિ છે? બીજા મધ્યમ કક્ષાના શહેરો છે એની શું સ્થિતિ છે? અને હું તો એમ કહું છું કે, નાનકડો સુધારો કરવો હોય તો પણ આ સરકારમાં આપણી વ્યવસ્થા કેવી છે કે સીધો ઓર્ડર કરી શકતા નથી. એ પણ હાઉસમાં આવે છે. કાયદાની અંદર સુધારો કરે છે અને એનું અમલીકરણ થાય છે અને એમાં મુશ્કેલી પડે તો પણ ૧ મહિનામાં અહીંયા આવવું પડે એટલા માટે કે આપણે કાનૂન મુજબ સરકાર ચલાવીએ છીએ.પણ, જે નગરપાલિકાઓ ચાલે છે, એ તો કાયદાને ઘોળીને પી જાય છે. અને એના પુરાવાઓ છે. હમણા જ એક સભ્યશ્રી બોલતા હતા કે તમારી પાસે પુરાવા હોય તો આપો. મારી પાસે તો પુરાવાઓ પણ છે. એક પુરાવો તો માનનીય મંત્રીશ્રીને મેં ગચે વખતે પણ આપ્યો હતો કે અમારી

પોરબંદર નગરપાલિકા છે. એમાં એક મોડસ ઓપરેન્ડી જુદી છે. એમાં અરજીઓ લેવાય. આપણા જી.ડી.સી.આર.ના નિયમો એવા છે કે જી.ડી.સી.આર. પ્રમાણે હોય તો જ એને મંજૂરી આપી શકાય. અને જે નગરની ટી.પી. કમિટી હોય એમાં સરકારના પ્રતિનિધિ હોય. એ જે પ્રતિનિધિ છે તે જી.ડી.સી.આર. ને અનુરૂપ અરજી ન હોય તો પોતાની અસહમતિ દર્શાવે છે. અસહમતિ દર્શાવે, એટલે કાયદાની જોગવાઇ એ છે કે એ બાંધકામ નિયમિત ન ગણાય. અને કલેકટર એને સ્ટે આપે. હવે આવી અરજી. આની મંજૂરીની અંદર. માનનીય મંત્રીશ્રી, આપ સાંભળજો. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જેમાં સરકારી પ્રતિનિધિઓ સહમત ન થતા હોય એ અરજીની મંજૂરીમાં ચીફ ઓફિસર સહી ન કરે. કારણ કે એ સરકારી અધિકારી છે અને એને પણ આપણા સર્વિસ રૂલ લાગુ પડે છે. એની જોગવાઇ પ્રમાણે એ આવા ભ્રષ્ટાચારી કૃત્યમાં ન થાય. ન થાય એટલે બાંધકામ કમિટીના ચેરમેન છે એ પછી સહી કરી આપે. એ પછી કલેકટર પાસે જાય તો કલેકટર એ બાંધકામની મંજૂરીને સ્ટે કરી દે. એ બાંધકામ જે થતું હોય એ સંપૂર્ણપણે ઇલ્લીગલ ઉભું થાય. કલેકટરશ્રી સ્ટે આપીને એવી સૂચના આપે કે આ પૂર્વવત સ્થિતિએ જમીન પર જે કાંઇ બાંધકામ થયું હોય એ તોડીને પૂર્વવત સ્થિતિએ કરી નાંખવું. પણ કોઇ પૂર્વવત સ્થિતિએ એકપણ મકાન આવે નહીં. બંધાઇ જાય અને જે નકશાઓમાં ત્રાહિત વ્યક્તિએ સહી કરેલી હોય એ નકશાના આધારે એ ફ્લેટનું ૫ માળનું બાંધકામ, ૬ માળનું બાંધકામ, ૧૦ માળનું બાંધકામ એ જે હોય તે. એના ફ્લેટ વેચાઇ જાય અને પછી આમાં લખ્યું છે જવાબની અંદર, કે માનવતાના ધોરણે અમે એને પાણીનું કનેકશન અને વીજળીનું કનેકશન આપી દઇએ. દુકાન હોય, મકાન હોય, મોલ હોય કે જે હોય તે. હવે એ ખરીદનારને ખબર નથી કે આ સંપૂર્ણપણે ઇલ્લીગલ મકાન છે. પાછું એવું છે કે અત્યાર સુધીના થઇ જાય તો તો વાંધો નહીં. એના પછીના પણ ચાલુ રહે. હું ખાલી ૨૦૧૮થી ૨૦૨૨ના બાંધકામોની અંદર ૧૪ મિટિંગો થઇ. આ પોરબંદરની ટી.પી. કમિટીમાં. એમાં ૩૦૭૭ અરજીઓ આવી. એટલે બાંધકામ તો એવું છે કે એક પ્રકરણમાં ૫ માળનું મકાન હોય,૧૦ માળનું મકાન હોય કે ૨ માળનું મકાન હોય. એમાં યુનિટો તો વધારે હોય. ૩૦૭૭ અરજીઓ આવી. એમાંથી ૨૭૯૪ અરજીઓને કલેકટરે એની સામે સ્ટે આપ્યો. ૨૭૯૪. એ સ્ટે આપ્યો અને કીધું કે આ પૂર્વવત કરી દો. એ બંધાઇ ગયા, વેચાઇ ગયા. અને કનેકશનો જે આપવાના હતા એમાં એમ કીધું કે માનવતાના ધોરણે મોલને કનેકશન અપાણા. દુકાનોને કનેકશન અપાણા. ઓફિસોને કનેકશન અપાણા. ફ્લેટોને પણ કનેકશન અપાણા. એ માણસ જે રહેવા ગયો એને તો ખબર નથી કે હું ગેરકાયદેસર મકાનમાં રહું છું. કારણ કે રેકર્ડ ઉપર કોઇ માહિતી માગે કે આ મકાનને મંજૂરી આપેલી છે? તો કહે કે મંજૂરી આપેલી નથી. કલેકટરે તો એને ડિમોલીશ કરવાનો ઓર્ડર કરેલો છે. એનો પુરાવો મેં એક મહિના પહેલા આપ્યો. આ જ જગ્યાએ. કે આ પ્રમાણે છે. અને એ સતત ચાલતી પ્રક્રિયા છે. એણે વીન્ડો કાયમી ધોરણે ખુલી રાખી છે કે અમારે આ રીતે જ કરવું છે. બધા ના પાડે. કલેકટર ના પાડે. રિજિયોનલ કમિશનર ના પાડે. કમિશનર ના પાડે. આપના એડિશનલ ચીફ સેક્રેટરીએ ના પાડી હોય કે મિનિસ્ટરે ના પાડી હોય. છતાં ચાલતું રહે. છેલ્લે થાકીને ૬ મહિના પહેલા આ ટી.પી. કમિટી બરખાસ્ત કરવાની મંજૂરી આપી. દરખાસ્ત થઇ. આ ટી.પી. કમિટીને બરખાસ્ત કરવાની ફાઇલ, પ્રકરણ છે એ માનનીય મુખ્યમંત્રી પાસે હું પુરાવા સાથે કહું છું. એ આજે ૬ મહિનાથી પડેલી છે. પગલાં નથી લેવાયા. તકલીફ એ છે કે શા માટે આવા લોકોને બચાવવામાં આવે છે? અને આટલા બાંધકામો થયા પછી આપણે એમ તો કહીએ કે હવે તો રૂકી જાઓ અને એમાં પાછા ગેરકાયદેસર બાંધકામ કરવાની અંદર પણ મરું અને તમારું બન્ને થાય, હું પુરાવા સાથે વાત કરું છું. અમુકનું કરી દેવાનું, અમુકનું નહીં કરવાનું, અમુક લોકોને ના પાડી દેવાની, ફકત એક રૂમ વધારે હોય તો એને ના પાડવાની, પણ આખું ને આખું કમલમ છે એ મિટિંગ બોલાવ્યા વગર મંજૂર થઇ જાય, મારી પાસે પુરાવો છે, માનનીય મંત્રીશ્રીને જોઇએ તો આપીશ. અને નિયમિત મંજૂરી લઇ શકાય એમ હતી છતાં પણ અમે આવું કરી શકીએ છીએ એટલા માટે એને મિટિંગ બોલાવ્યા વગર મંજૂરી આપી, ચકાસણી પણ નહોતી કરાવી અને આજે મકાન ઉભું થઇ ગયું છે. શા માટે કરવું જોઇએ? અધિકાર છે આપણી પાસે? આ અટકાવવું જરૂરી છે. કયાંક તો આપણે એમ કહેવું પડશે કે આ ભ્રષ્ટાચારી લોકોને આપણે ચલાવવા નથી. હવે હદ થઇ ગઇ, આપણે નવું તક્ષશીલા નથી બનાવવું, આપણે નવું મોરબી નથી બનાવવું, અને જે લોકોએ આવું કર્યું છે એને એક વખત તો જેલમાં નાખવા છે, એક વખત આવી નગરપાલિકાઓને બરખાસ્ત કરી દેવી છે. કેટલા વખત થયા મોરબીના પ્રકરણને, આપણે કરી શકતા નથી. આપણે અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ જે પાંચ વર્ષ થયા, પચાસ વર્ષ ચાલવો જોઇએ, આજે ચાલ્યો જ નહીં. શું કરવા? ચકાસણી કરી તો નેશનલ બિલ્ડિંગ કોડ પ્રમાણે આપણા મકાનની છત હોય એમાં જે સિમેન્ટ વાપરીએ એટલો સિમેન્ટ પણ એમાં વાપરેલો નહોતો. શું કરવા આવું થાય છે? આપણે એક વખત થઇ ગયું, વાંધો નહીં. પણ શ્રી પૂર્ણેશભાઇને હું માન આપું છું. વાંધો નથી, પણ દસ-દસ વર્ષે આ શા માટે બિલ લાવવું પડે છે? કોના લાભ માટે, આમાં કોઇ ગરીબ માણસને ફાયદો થાય છે? એનું બાંધકામ આમા કાયદેસર થાય છે? બિલ્ડરોને ફાયદો થાય છે, અને આર.ટી.આઇ. વાળા જે ચાલવા દે છે, કોર્પોરેટરો જે પૈસા લઇને કરે છે એને ફાયદો થાય છે. આપણે કયાંક તો અટકાવવું પડશે ને. અને એક વખત અટકાવીને આપણે શું કરવા આપણા નગરો એકદમ સારામાં સારા બને એવું કરવાને બદલે શું કામ આવું કરીએ છીએ? જે ગેરકાનૂની અધિકારનો ઉપયોગ આપણી સરકાર નથી કરતી, સરકાર પણ એક નાનકડું ચાર મહિનાના બદલે પાંચ, છ કે આઠ મહિના કરવું છે તો બિલ લઇને આવ્યા છીએ અને એના ઉપર ચર્ચા કરીએ છીએ અને એની પાછળ માનવ કલાકો બગાડીને ચર્ચાઓ કરીએ છીએ તો આવા લોકો જે ત્યાં બેઠા છે જે આ કાયદો આપણે બનાવ્યો છે તેને ખિસ્સામાં નાખી દે છે તો એવા લોકોને શા માટે ચલાવવા જોઇએ? અને હવે ૧૫૬ થયા પછી ૫૬ની છાતી આવા લોકોને બતાવવી જ જોઇએ. શા માટે ન બતાવવી જોઇએ? કોણ રોકે છે આપણને? વાત એટલી જ છે કે એમાં ઇચ્છાશકિતનો અભાવ છે એટલા માટે મેં કહ્યું કે છ છ

મહિના સુધી આવી ટી.પી. કમિટીઓની સામે એકશન લેવાનું આવે તો લેવાય નહીં, શા માટે ન લેવાય? મોરબી નગરપાલિકાની સામે એકશન લેવાનું આવે તો લેવાય નહીં, શું કરવા ન લેવાય? તક્ષશીલા હોય કે હાટકેશ્વર હોય, શું કરવા તેની સામે એકશન ન લેવાય? એક વખત જેલમાં જવા જ જોઇએ. દાખલો બેસાડવો જોઇએ. અને એ દાખલો બીજું કોઇ નહીં આ ૧૫૬ સીટ વાળી સરકાર ૫૬ની છાતી બતાવે, પણ એમાં હિંમત નથી, વાત એટલી જ છે, હું આજે ય આ પુરાવો આપીશ આપને, કે એકાદ વખત ચીમકી તો આપો કે હવે અમે નહીં ચલાવીએ, અને હું એક બીજી વાત કરી દઉં છું, હું તો આવા ભ્રષ્ટાચારી લોકો મારે ત્યાં શાસન કરે છે તેનો લાભાર્થી છું. તેને કારણે હું અહીંયા આવેલો છું. એણે એવું પાપ કરેલું છે ત્યાં કે એને કારણે શહેરોમાં કોઇ દિવસ અમને બહુમતી મળે નહીં, પોરબંદર શહેરમાં હું બહુમતી મેળવીને અહીં આવ્યો છું. એટલી બધી હદ સુધીની ઘરની ધોરાજી ચલાવે છે ત્યાં. કે આવું કોઇ દિવસ કયાંય ચલાવી ન શકાય. મારી વિનંતી છે કે મોટા નગરો છે એ બહુ મોટા થઇ જાય છે, એની જગ્યાએ નાના નગરો છે એ પણ સુ વ્યવસ્થિત રીતે સારા પ્લાનિંગવાળા બને એના માટે એમાં જે આ ટી. પી. નું અમલીકરણ કરવાનું છે એમાં થોડુંક કડક કરો એવી મારી આગ્રહભરી વિનંતી છે. અને અત્યારસુધીના બધા બાંધકામો, હું તો એમ કહું છું, આ વર્ષ ૨૭૯૪ ૨૦૧૮થી ૨૦૨૨ સુધી, જેટલા સ્ટે આપેલા છે અને એની અગાઉ પણ આપેલા છે એને એક રૂપિયો લીધા વગર રેગ્યુલર કરી આપો. કોઇ વાંધો નથી. કમલમ પણ રેગ્યુલરાઇઝ કરી આપો. પણ સવાલ એટલો છે કે હવે આજની તારીખથી તો બ્રેક મરાવો કે ના, હવે અમે નહીં થવા દઇએ. અને એમાં મેં ગયા વખતે પણ કહ્યું હતું, ભલે આની અંદર ઓફ લાઇન અરજીઓ હોય વાંધો નહીં. પણ હવે પછીની જે અરજીઓ લેવાની હોય એ નાના નગરોમાં તો ઓફ લાઇન અરજીઓ ન જ લેવાવી જોઇએ. ઓન લાઇન અરજીઓ જ લેવાવી જોઇએ. ઓન લાઇન અરજી લેવાવી જોઇએ. બાજુમાં રેલવે ટ્રેક હોય એના પછી રસ્તો મૂકવાનો હોય તો રેલવેનો ટ્રેક નકશામાં બતાવવો જરૂરી છે. રેલવેનો ટ્રેક બતાવે જ નહિ બાજુમાં તળાવ હોય એ તળાવની બાજુમાં પાળ હોય પાળ છે એ બતાવવી જોઇએ તળાવ પણ બતાવવું જોઇએ એ એક પણ બતાવે નહિ અને એ પાળ ઉપર મકાન બની જાય. આ ખુલ્લેઆમ ચાલે છે બધી જ જગ્યાએ ખુલ્લેઆમ ચાલે છે કોઇ બોલે કે ના બોલે પણ આની સામે એક વખત લાલ આંખ કરવી જરૂરી છે. હું એમ નથી કહેતો કે આની અંદર નાના મોટા માણસો હોય એણે ભૂલ કરી હોય નાના મકાનમાં એક રૂમ કરી હોય માર્જીનમાં થોડું ઘણું કર્યું હોય એક કે બે માળ લીધા હોય એની સામે કોઇ વાંધો નહિ પણ એક માળ બે માળ વધારે લીધા હોય એમ નહિ પણ પાંચ પાંચ માળ ખડકી દીધા હોય વેચી દીધા હોય મારા જેવા બિલ્ડરે તો પણ એને માફ કરી દેવાનો? કારણ શું? એટલે એક વખત આ હાઉસની અંદરથી આવા લોકોને ખાસ વોર્નિંગ જાય એ ખૂબ જરૂરી છે. હજી સુધી કોઇ પકડાયો નથી પરંતુ કોઇ ચમરબંધી હશે તો પણ અમે પકડી પાડીશું આવું એકાદ સ્ટેટમેન્ટ અહીંથી જવું જોઇએ પરંતુ અત્યાર સુધી ઇતિહાસમાં ચમરબંધી કોણ છે કયાં ગયો અને કોણ છે એની ડેફિનેશનની ખબર પણ નથી. પણ એકાદ વખત આ ચમરબંધીવાળું જાય, કમળબંધી હશે એ ચમરબંધી થશે બીજું કોઇ થાય નહિ બીજાને તો જેલમાં જવું પડે. કમળબંધી હોય એને જ સુરક્ષા મળે છે એટલે મારી વિનંતી એટલી જ છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી,મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાજીએ રેગ્યુલરાઇઝ બાબતે કમલમની વાત કરી એણો એમણે આધાર અને પુરાવા આપવા જોઇએ. હું એમણે એ પૂછવા માગું છું કે રાજીવ ગાંધી કોંગ્રેસ ભવન છે એનું કમ્પ્લીશન કે બાંધકામ છે એ રેગ્યુલરાઇઝ કરાવેલ છે કે કેમ? બાકી એમણે આધાર પુરાવા વગર એમણે કમલમની આ રીતે વાત ન કરવી જોઇએ. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ.

સભાપતિશ્રી : આપની પાસે એના પુરાવા હોય તો એ રજૂ કરજો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : તમે તપાસ કરી જોજો એનો પુરાવો હું લઇને આવ્યો નથી પણ મેં પોરબંદરના કમલમની વાત કરી છે એ હું અહીંયા આપ કહેશો અને માનનીય મંત્રીશ્રી પરવાનગી આપશે તો ટેબલ ઉપર પણ મૂકીશ. હું પોરબંદરના કમલની વાત કરું છું અને માનનીય મંત્રીશ્રીએ મને પરવાનગી આપવી જોઇએ. આપ મને ખોળખતા નથી હું પુરાવા વગરની કયારેય વાત કરું નહિ અને મારી પાસે આજે

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

પુરાવા છે પરંતુ હું એટલી જ વાત કરું છું મને પરવાનગી આપો તો ટેબલ ઉપર મૂકવાની મારી તૈયારી છે. એટલે અહીંયા આ મુદ્દા ઉપર ખોટી ચર્ચા કરીને તમે આ મુદ્દાને વધારે પડતો બહાર લઇ આવો છો. ફરી પાછી વાત કરું છું ખૂબ ગંભીરતાપૂર્વક વાત કરું છું. આ શહેરોના બાંધકામો છે ગુજરાતના નમૂનેદાર છે આપણી પાસે વ્યવસ્થાતંત્ર હતું અને એને બનાવી શકીએ તેમ છીએ. આજે અનેક શહેરો એવા છે જે નાના છે છતાં આખા ઇન્ડિયાનું મોડલ બને તેવા શહેરો અમારા હતા એમાં અમારું ગોંડલ અને પોરબંદર આખા ઇન્ડિયામાં જે નમૂનેદાર કહી શકાય તેવા શહેરો હતા. એ શહેરોને આપણે બધાએ બગાડ્યા છે હું એમાં પક્ષાપક્ષીની વાત નથી કરતો કયારેક અમે પણ હશું અને કયારેક તમે પણ હશો. પણ એ ફરી પાછા વધારે બગડે નહિ અને નવા બાંધકામ થાય એ સારી રીતે થાય અને કોણ લાભ લઇ જાય છે એમાં ગરીબ માણસને લાભ મળે છે ના. આ ૨૭૯૪ બાંધકામો થયા અને એમાં ઓછામાં ઓછા લેનારા લોકો હશે યુનિટો ૧૨ થી ૧૫ હજાર જેટલા હશે એ લોકોને લાભ થયો છે તો કહે ના. મંજૂરી આપનારા લોકો અને બાંધનારા એ બે જ લોકો ફાયદો લઇ ગયા છે. પહેલાને તો હજુ મકાન લીધું છે એને ખબર નથી કે આ ગેરકાયદેસર બાંધકામ છે જયારે જવાબ આપો ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવા બાંધકામો વિનામૂલ્યે એક વખત આપણે એને રેગ્યુલરાઇઝ કરી દેવા જોઇએ અને આ બાંધનારા લોકો છે એની સામે એટલિસ્ટ તપાસ તો કરાવડાવો અને

રૂકજાવ તો કહો. અને રુક જાવ તો કહો જ. ન કહો તો મને કંઇ વાંધો નથી. આપે જ નિર્ણય કરવાનો છે. પણ જો કરશો તો આપણાં શહેરો બગડતાં અટકશે. વાત એટલી છે કે અમે આ બિલને ટેકો આપવા માગીએ છીએ અને હું તો એમ કહું છું કે તેમાં સુધારો થાય તો કરો કે એક રૂપિયો લીધા વગર આપણે બધા જ બાંધકામો એક વખત રેગ્યુલરાઇઝ કરી આપવાના, પણ આ કટ ઓફ ડેઇટ પછીનું એક પણ બાંધકામ થયું હશે તો આપણે તેને રેગ્યુલરાઇઝ નથી કરવા. અહીં બે પ્રતિનિધિ આવ્યા છે, શ્રી પૂર્ણેશભાઇ અને શ્રી કેયુરભાઇ રોકડીયા બન્ને શહેરોમાંથી આવે છે. પોતાનું શહેર સારું બને એ માટે એમને તો વધારે ગૌરવ હોય. કારણ કે મેયર રહ્યા છે. મારું શહેર તો સારામાં સારું હોવું જોઇએ. એ લોકો પણ આવું સજેશન કરે કે ભવિષ્યમાં અમે આવું નહીં થવા દઇએ. જે બાંધકામો થશે એ ઉત્તમ કક્ષાના થશે અને એ બાંધકામોમાં મંજૂરીની પ્રક્રિયા પારદર્શક રીતે હશે. હવે તો આપણી પાસે ટેક્નોલોજી આવી છે. જેમાં મંજૂરી ન હોય એવી જગ્યાએ બાંધકામની પ્રવૃત્તિ થાય તો ટેક્નોલોજી મારફત કોરપોરેશનને કે નગરપાલિકાની ઓફિસને મેસેજ મળી જાય કે અહીં તો બાંધકામ થાય છે. ખાલી પ્લોટ હોય અને બાંધકામની એક્ટિવિટી વગર મંજૂરીએ થઇ શકે પણ તેના માટેની ઇચ્છાશક્તિ બતાવો આજે. ભવિષ્યમાં આ પ્રકારનું બાંધકામ ન થાય. આટલા સુંદર પહોળા અને સીધાં રસ્તા હોય, ખુલ્લી ફૂટપાથ હોય અને નવું જે બાંધકામ થાય એની અંદર કંઇ ન થાય. અત્યાર સુધીનું આપણે રેગ્યુલરાઇઝ કરી દઇએ. તા. ૧-૧૦-૨૦૨૨ની કટ ઓફ ડેઇટ છે. હું તો એમ કહું છું કે તેમાં સુધારો લાવીને આજની તારીખ સુધીની કટ ઓફ ડેઇટ આપી દો પણ કાલે નહીં થવું જોઇએ. આ વિન્ડો તમે ખુલ્લી રાખી છે એ ખુલ્લી રાખવાની સાથે અમે સંમત નથી, કારણ કે તેનાથી મંજૂરી આપનારા, નગરપાલિકાના શાસકો અને બિલ્ડરો જ કમાય છે જે લેનારો લાભાર્થી છે એ તો દુઃખી થાય છે. હવે પછી કોઇ પણ સંજોગોમાં અમે નહીં કરીએ એવું પબ્લિકલી કહીને આ બિલમાં તમે ઇચ્છો તો બીજો સુધારો હજી લઇ આવો. તા. ૧-૧૦ના બદલે ગયા મહિનાની તારીખ સુધીનો આપણે વધારો કરી અને હવે પછી નથી જ કરવું એવો સંકલ્પ લઇએ. આ વાત સાથે મારા વિચારો પૂરા કરું છું.

શ્રી સંદીપ દેસાઇ**(**ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં પ્રથમવાર બોલવાની તક આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર. ગુજરાત અનધિકૃત બાંધકામને નિયમિત કરવા બાબતનું સુધારા વિધેયક ક્રમાંક-૨૦૨૩. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ટી.પી.ની વ્યવસ્થા કોઇ પણ શહેરનો વિકાસ થતો હોય ત્યારે સુમાળખાગત અને સુવ્યવસ્થિત વિકાસ થાય તે માટેની શરૂઆત અગાઉની સરકારમાં કરવામાં આવેલી. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી મોદી સાહેબ દ્વારા આ ટી.પી.નો અમલ ઝડપથી થાય તેના માટેની કામગીરી શરૂ કરેલી હતી. અનધિકૃત બાંધકામને અધિકૃત કરવાનો કાયદો અમારી સરકાર લઇને આવી છે એ આજના સમયની માંગ છે. રાજયમાં જે અનધિકૃત બાંધકામ થયા છે તે અગાઉની સરકારમાં વધુ થયા છે. અમારી સંવેદનશીલ સરકારે નાના લોકોના ગેરકાયદેસર બાંધકામ ઇમ્પેક્ટ ફીના માધ્યમથી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી પહેલી વખત બોલે છે એટલે આપણે બધા મર્યાદા જાળવીએ.

શ્રી સંદીપ દેસાઇ : લોકોની સાથે ઊભા રહીને બાંધકામને મંજૂરી આપી લોકહિતનો કાયદો અમે લાવ્યા છીએ. શહેરીકરણ દેશ અને રાજ્યના વિકાસની પ્રક્રિયાનો ભાગ છે. વિકાસના ભાગ રૂપે શહેરની આર્થિક સદ્ધરતા મોટી સંખ્યામાં લોકોને રોજગારીની તકો પૂરી પાડે છે. શહેરી વિસ્તારમાં લોકોના સ્થળાંતરથી રહેણાંક, વાણિજ્ય અને અન્ય હેતુની મિલ્કતોની માંગ દિનપ્રતિદિન વધતી જાય છે. વેગવંતા શહેરીકરણના કારણે શહેરો અને નગરોના હદ અને વિસ્તારમાં મોટા પ્રમાણમાં વધારો થવાથી શહેરોમાં ઘણાં બધાં મકાનો પરવાનગી વગર બનતા જાય છે અથવા વિકાસ નિયંત્રણ નિયમોની વિરુદ્ધ બને છે. તેના કારણે આવા મકાનોને બી.યુ. પરમિશન આપી શકેલ નથી. સ્થાનિક સંસ્થાઓ દ્વારા અનઅધિકૃત બાંધકામોને દૂર કરવા, ઉતારી પાડવા અથવા અન્ય ફેરફાર કરવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. જો કે આ કાર્યવાહીના અંતે પણ જરૂરી પગલા લેવાનું કે પૂર્તતા કરવાનું પૂરેપૂરું શકય બનતું નથી. મોટા પાયા ઉપર અનઅધિકૃત બાંધકામોને દૂર કરવા, તોડી પાડવા કે ફેરફાર કરવાથી અસંખ્ય માણસો ઘર વિનાના અને આજીવિકાના સાધનો વગરના થવાની સંભાવના છે તથા કાયદો અને વ્યવસ્થા બગડવાની સંભાવના સાથે સાથે સામાન્ય માણસને મુશ્કેલી પડી શકે છે. સમાજની આર્થિક અને સામાજિક વ્યવસ્થા પર પણ વિપરીત સ્થિતિ ઉત્પન્ન થવાની સંભાવના છે. આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થતું અટકાવવા રાજય સરકાર તરફથી ગુજરાત અનધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતો અનિધિનિયમ, ૨૦૨૨ અમલમાં લાવવામાં આવેલ. આ અગાઉ સદર અધિનિયમ ગુજરાત અનધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતની અરજી કરવાનો સમયગાળો તા. ૧૭-૧૦-૨૦૨૨ થી ચાર માસ સુધી નિયત કરવામાં આવેલ, પરંતુ રાજયમાં ઉકત વટહુકમની પ્રસિદ્ધિ બાદ તુરંતના સમયગાળામાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા અને ચૂંટણીલક્ષી કામગીરીને કારણે પ્રસ્તુત વટહુકમ અન્વયે બિન અધિકૃત બાંધકામને નિયમિત કરવા બાબતના વટહુકમનો લાભ નાના શહેરી વિસ્તારો અને નગરપાલિકા વિસ્તારોમાં વસતા નાગરીકો ખૂબ મર્યાદિત પ્રમાણમાં મેળવી શકેલ છે જેથી ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતનો અધિનિયમ ૨૦૨૨નો લાભ તમામ નાગરિકોને મળી રહે અને બાકી રહેલ નાગરિકો અરજી કરી શકે તે હેતુથી રાજય સરકાર દ્વારા લવાયેલ આ સુધારા વિધેયક સામાન્ય જનતા અને સમગ્ર સમાજને મદદરૂપ તથા જાહેર હિતમાં છે. આમ ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતનો સુધારા વિધેયક ૨૦૨૩થી શહેરોમાં લોકોને કાયદેસરનું ઘર કે આવકના સ્ત્રોતવાળી દુકાન મળી રહે અને અનધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવાથી ભરવાની થતી ફી દ્વારા લોકો રાજયનાં વિકાસનો ભાગ બને તે ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા આ સુધારા વિધેયક લાવવામાં આવે છે. તેનું હું સમર્થન કરતાં વિધાનસભાનાં માનનીય તમામ સભાસદોને સર્વ

સંમિતથી આ સુધારા વિધેયક પસાર કરવા માટે હું નિવેદન કરું છું. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવા માંગું છું કે ગુજરાત રાજયનાં વિવિધ શહેરોમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા ગુજરાત સ્લમ કિલયરન્સ બોર્ડમાં પણ આ સ્કીમ લાગુ કરવામાં આવે તો નાના માણસોને ફાયદો થઇ શકે. આ બિલ જે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તેને મારો સંપૂર્ણ ટેકો છે અને હું તેને સમર્થન કરું છું. આભાર.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનો સુધારો માનનીય મંત્રીશ્રી લાવ્યા છે. માનનીય મંત્રીશ્રી પંદરમી વિધાનસભાના પહેલા સત્રની અંદર આ વિધેયક લાવ્યા હતા એમાં માત્ર સુધારા બાબત છે. માત્ર ચાર મહિનાની મુદતનો વધારો માંગ્યો છે. મને એમ હતું કે બધી જ ચર્ચાઓ પક્ષ અને વિપક્ષ દ્વારા કર્યા પછી આપણે આ વિધેયકને મંજૂર કરેલ હતું. માનનીય મંત્રીશ્રીએ આ વખતે માત્ર ચાર મહિનાની મુદત વધારવા માટેનો વિધેયકમાં સુધારો લાવ્યા છે. મને એમ હતું કે હમણાં વિપક્ષમાંથી એવો પ્રશ્ન આવશે કે આની મુદત ચાર મહીના નહીં પાંચ મહિના કરો. નાના નાના લોકોના પ્રશ્નો આવ્યા હશે એ એકલા સત્તા પક્ષે નહીં આવ્યા હોય એટલા જ પ્રશ્નો વિપક્ષના લોકોને થયા હશે કે આમાં અરજીમાં વધારો કરો તો અમારે પણ શાંતિ થાય એમ છે પણ મને એમ થયું કે આ આવશે પણ ન આવ્યું. (અંતરાય) અવાજમાં આજે બળ પેદા થાય એવું નથી ગળામાં ખરાબી છે પણ હું મારા શબ્દોમાં વજન રાખવાની કોશીશ કરી રહ્યો છું. જી.ડી.સી.આર.ની જોગવાઇઓ મુજબ આમાં કોઇ પોતાની મર્યાદાથી બહાર નથી જતું. આ પહેલાં પણ ચર્ચા થઇ છે, માનનીય સાથી પક્ષોના મિત્રોએ પણ આ વાત કરી છે કે પોતાના પ્રીમાઇસીસમાં વધારાનું બાંધકામ જો કર્યું હોય તો એના માટેની જ આ વાત છે. વિપક્ષમાં જયારે માનનીય અર્જુનભાઇ જયારે વાત કરતા હતા કે ઝુંપડપટ્ટીઓમાં કોઇને બાલ્કની વધારવી નથી હોતી, ગરીબોને બાલ્કની નથી વધારવી હોતી ત્યારે મારે...

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, ગૃહ ફરી બપોરના - ૩ - ૦૦ વાગે મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

( વિરામ બપોરના ૨ - ૩૦થી ૩ - ૦૦ )

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમને સુધારવા બાબતે વાત કરતો હતો. સાથી પક્ષે જે વાત કરી કે આ ઝુંપડાને કોઇ ફાયદો થવાનો નથી. ગરીબને કોઇ ફાયદો થવાનો નથી. મધ્યમવર્ગને નામે.....

(આ તબક્કે માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ ભાયાણી માનનીય અધ્યક્ષશ્રી અને વકતવ્ય આપતા માનનીય સભ્યશ્રી વચ્ચેથી વેલમાંથી પસાર થતા)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે અહીંથી પાછા જાઓ અને ફરીને આવો.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલથી ગરીબ અને મધ્યમ વર્ગને કેવી રીતે ફાયદો થવાનો છે? આજે અનેક એવી હોસ્પિટલો છે કે જેને આ તબક્કે બી.યુ. મળી શકતી નથી. બી.યુ. ના મળી શકે તો ભારત સરકારની આયુષ્યમાન યોજના અને મા કાર્ડ આધારિત જેટલી પણ યોજનાઓ છે એ યોજનાનો લાભ એ હોસ્પિટલને ન મળી શકે. આ વિધેયક આવતાં રાજ્યની અનેક એવી હોસ્પિટલો હશે કે જેને આ યોજનાની અંદર સમાવવા માટે આ બી.યુ. પરમિશન મળશે. ફાયર એન.ઓ.સી. મળશે અને ગરીબ વ્યકિત પણ આ યોજનાનો લાભ મેળવી શકે એ માટે આડકતરી રીતે આ વિધેયક સાથે સંકળાયેલ છે. એટલા માટે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ વિધેયક ગૃહ સમક્ષ લાવ્યા છે.

અધ્યક્ષશ્રી : દંડકશ્રીને સૂચના આપો. બિલના પ્રભારી મંત્રીશ્રીએ બિલની ચર્ચા વખતે હાજર રહેવું જોઇએ. તાત્કાલિક સૂચના આપો. દંડકશ્રી અને પ્રભારી મંત્રીશ્રી બન્નેએ અહીં ઉપસ્થિત રહેવું જોઇએ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક ગામનો નાગરિક ગરીબ માણસ હોય કે મધ્યમવર્ગીય હોય, સ્વમાનભેર રહી શકે એ જોવાની જવાબદારી સરકારની હોય છે. જ્યારે આવું કોઇ નાનું મોટું બાંધકામ થઇ જતું હોય ત્યારે એને ડર રહેતો હોય છે કે કાલે ઉઠીને મ્યુનિસિપાલિટી આવીને તોડી તો નહીં નાખે ને? એને ડર રહેતો હોય છે કે કાલે મારી સમે કોઇ આંગળી તો નહીં ઉઠાવે ને? કાલે કોઇ મને કહી ન જાય એટલા માટે આ બિલ સ્વમાનભેર રહેવા માટે એટલું જ જરૂરી છે. એના માટે રાજ્ય સરકારને ખાસ અભિનંદન આપું છું કે આવું બિલ લાવીને સ્વમાનભેર રહેવાની એમને તક આપી છે. સાથી પક્ષ જ્યારે વાત કરતો હતો કે આવા બિન અધિકૃત મકાનો હોય એને તોડી નાખવા જોઇએ. તોડવાનું કામ ભારતીય જનતા પાર્ટીના સંસ્કારમાં રહેલું નથી. અમે જોડવા વાળા છીએ. માનનીયશ્રી અર્જુનભાઇ પણ વાત કરતા હતા કે બીજી વાર આવું ન થવું જોઇએ. ભલે મુદ્દત વધારો પણ બીજી વાર આવું ન થવું જોઇએ. આ ફ્લોર ઉપરથી જવાબદારીપૂર્વક કહેવા માગું છું કે, જેટલા પણ સુધારા નાગરિકોની સુવિધા માટે લાવવા પડે તો લાવવા પડે, આપણે ઓપન માઇન્ડેડ છીએ. લોકોની સુવિધા માટે જે કરવું પડે એ કરવું જોઇએ. આ જ ફ્લોર ઉપરથી એક શબ્દ ગુંજ્યો હતો કે ૫૬ની છાતી હોય તો આવું કરવું જોઇએ. ૫૬ની છાતી ધરાવીએ છીએ અને એક્ટ લાવીએ છીએ અને એક્શન પણ લઇએ છીએ. દ્વારકા એનું ઉત્તમ ઉદાહરણ છે. મૃદુ મુખ્યમંત્રી, જેનું નેતૃત્વ છે, મૃદુ એટલે સંવેદના વ્યક્ત કરવી અને મક્કમતાથી નિર્ણય લઇ શકે છે. એના માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું. સાથી પક્ષે કહ્યું કે આવું ન થવું જોઇએ પણ જૂના બાંધકામો છે, ગામ તળમાં રહેનારા લોકો છે. એમણે બનાવી નાખ્યું હોય પણ આવું ના થાય અને સુદૃઢ આયોજન થાય, સુઆયોજિત થાય એના માટે પણ આ રાજ્ય સરકારે અનેક

ટી.પી. સ્કીમો લાગુ કરી છે. સુઆયોજન સુવ્યવસ્થિત રીતે અને ભારતીય જનતા પાર્ટીની દીર્ઘદષ્ટિ જોવી હોયને તો એકવાર સાથીપક્ષે સાથે મળીને ગિફ્ટ સિટી જોઇ આવવી જોઇએ કે સુઆયોજન શું કહેવાય છે? માનનીય અધ્યક્ષશ્રી, સરકાર હંમેશા નિર્ધારીત કરતી હોય છે કે અમારા રાજ્યની અંદર મોટા પ્રમાણમાં અગવડતા ના પડે એના માટે જેટલા પણ સુધારા કરવા હોય એ કરવા માટે નિર્ધાર છે અને આ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો જે સુધારો લાવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આપ જે આ સુધારો લાવ્યા છો એને મારો સંપૂર્ણ ટેકો છે. જય ગરવી ગજરાત.

શ્રી અમિત શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત જે સુધારો લાવ્યા છે તેના સમર્થનમાં બોલવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી આપશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીનો પણ આભાર માનું છું. હું એ શહેરમાંથી આવું છું કે જે ગુજરાતનું સૌથી મોટું શહેર છે. ૨૫ વર્ષ ત્યાં કોર્પોરેટર તરીકે રહ્યો છું અને આ બધી કબ્બડી સારી રીતે જાણું છું. શહેરીકરણ અને ડેવલપમેન્ટ થવાના કારણે ખૂબ મોટી સંખ્યામાં નાગરિકો શહેર તરફ રોજી-રોટી માટે આવે છે. હવે તો બીજો એક નવો મુદ્દો આવ્યો છે કે કેટલીક કોમ્યુનિટીમાં જો મોટા શેહરમાં ના રહેતા હોય તો એને દીકરી પરણાવતા નથી. હવે શહેર ઉપર ઘસારો વધ્યો એના કારણે પરવાનગી વગરના ઘણાં બધા મકાનો બંધાયા છે. આ બાજુ અમદાવાદ અને આ બાજુ સાણંદ ગાંધીનગર બાજુ જઇ રહ્યું છે. ભવિષ્યમાં અમદાવાદ અને સાણંદથી ગાંધીનગર સુધી સળંગ સિટી બની જવાનું છે અને એવા જ બધા સિટીની વાત છે.

આદરણીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, અહીંયા એ કહેવાય ગયું કે ભ્રષ્ટાચાર થાય છે અને ખાસ ગરીબ માણસોને નુકસાન થાય છે. કેટલાય લોકોના મકાનો બંધાય ગયા. હું એનો ૨૫ વર્ષનો સાક્ષી રહ્યો છું કે કોર્પોરેશન કે ગુજરાત સરકાર ધારે ત્યારે ગમે એને પાડી દે છે. મકાનો બાંધવાની વાત કરું તો સરકારે સેમ્પલ સરવે કરાવ્યો. (અંતરાય) ઇમરાનભાઇ, તમે તો બોલી શકો એવી જગ્યા જ નથી.

અધ્યક્ષશ્રી : તમે તમારું ધ્યાન રાખો. તમે ઇમરાનભાઇ સામે ના જોશો.

શ્રી અમિત શાહ : જી. માનનીય અધ્યક્ષશ્રી, એ જે જગ્યાએથી આવે છે ત્યાં સૌથી વધારે ગેરકાયદેસર મકાનો છે. ઠીક છે સરકારે સરવે કરાવ્યો અને આ સરવેમાં ૮૩૫૬ જુદી જુદી શ્રેણીના સરવેમાં નગરપાલિકાઓમાં ૮૭ ટકા અને મહાનગરપાલિકાઓમાં ૫૬ ટકા બી.યુ. પરમિશન વગરના મકાનો થઇ ગયા. એનો અર્થ એ થાય કે બાકીના મકાનો તોડી પાડવા પડે યા એમને બી.યુ. પરમિશન આપવા માટે કાયદેસર કરવાનો ચાન્સ આપવો જોઇએ અને સરકારને હું અભિનંદન આપું છું કે ભલે વારંવાર લાવવું પડે પણ જ્યારે કોઇ મજબુરી સાહેબ, ગરીબ માણસની વાત નથી કરતો. ગઇ ટર્મમાં હું કોર્પોરેશનમાં હતો ત્યારે અમદાવાદના શ્રેષ્ઠ મેડિકલના લોકો કોઇ નાની ટેકનિકલ ભૂલના કારણે ખૂબ મોટી સંખ્યામાં અમારી પાસે આવતા હતા. દવાખાનાઓ બંધ થઇ જાય એવી પરિસ્થિતિ અને ગુજરાત સરકાર ફક્ત એના માટે નહીં પણ આવા લોકોને કોઇ ટેકનિકલ ભૂલના કારણે હોસ્પિટલ બંધ થઇ જાય કે નાની દુકાન છીનવાઇ જાય એવા લોકોને મદદ કરવાનો હેતુ લઇને આવી છે અને એમાં જ્યારે નક્કી કર્યું છે કે ૫૦ ટકા માર્જીનની જગ્યા હોય. રેરાનો જો વિરોધ થયો હોય તો એને મંજૂરી નહીં આપવી. પાર્કિંગમાં ૫૦ ટકા જોગવાઇ હોવી જોઇએ. કબજેદારને જોગવાઇ પ્રમાણે પાર્કિંગ આપવું જોઇએ અને જો ન આપે તો સક્ષમ સત્તામંડળને ૫૦૦ મીટરમાં આવી ૬ મહિનામાં આપવી જોઇએ. એવી જ રીતે પાણી, ગટર, લાઇટ કે રોડ એમાં કોઇપણ જગ્યાએ બાંધકામ થયું હોય તો એને કાયદેસર નહીં કરવું અને ઇમ્પેકટ ફી નહીં કરવી એની પણ જોગવાઇ કરી છે. ફાયર સેફ્ટીને સુસંગત ન હોય અહીંયા આગળ જે ચર્ચા થઇ કે નવરંગપુરામાં આગ લાગી ત્યારે ચુંટાયેલો સૌથી પહેલો માણસ સવારે સાડા પાંચ, છ વાગે હું પહોંચ્યો હતો. મેં જોયું છે અને અભિનંદન આપું છું સરકારને કે જે લોકો ફાયર સેફ્ટીના કાયદા સાથે સુસંગત ન હોય એની ઇમ્પેકટ ફી લેવાની એમણે ના પાડી. મને કહેવા દો (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા તમારા સમર્થનમાં જ છે. બોલો.

શ્રી અમિત શાહ : ૨૦૦૧, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૨૨ અને અત્યારે ફરી મુદતમાં વધારો કરવાની વાત છે. હું મારા સાથી મિત્રોને કહું છું કે સમર્થન આપે. શ્રી ઇમરાનભાઇ સિવાય બધા આપશે.

અધ્યક્ષશ્રી : અહીંયા આગળ તમે બંને મિત્રો હોવ તો પણ જયારે વિધાનસભામાં આવીશું ત્યારે માનવાચક શબ્દો વાપરીશું.

શ્રી અમિત શાહ :આમાં શું સાહેબ કે અમે સાથે કાઉન્સીલર તરીકે રહ્યા છીએ અને નાનાભાઇની જેમ રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : એ બધું તમે ઘરે કરી શકશો. વિધાનસભા ગૃહની અંદર નહીં. ચાલુ રાખો.

શ્રી અમિત શાહ : તો હું એમને વિનંતી કરું છું સાહેબ કે આને સમર્થન આપે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના સુધારા વિધેયકને માનનીય મંત્રીશ્રીએ આ બિલ લાવતા પહેલા આ જે વિધેયક છે એ બાબત સન્માનનીય ગૃહને ખૂબ સરળ અને સરસ ભાષામાં સમજૂતી આપી છે અને અમે પણ તમામ સાથી મિત્રો આ બિલને આવકારીએ છીએ, સમર્થન આપીએ છીએ. સાથેસાથે જે મધ્યમ વર્ગના લોકો છે, ગરીબ લોકો છે એમણે સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ વગેરે મહાનગરપાલિકા, નગરપાલિકાઓમાં જેમણે અનઅધિકૃત બાંધકામો કરેલા છે તો આપના માધ્યમથી હું મંત્રીશ્રી અને સરકારશ્રીનું પણ ધ્યાન દોરું છું અને એ જાણવાનો પ્રયત્ન કરું છું. ઘણા શહેરોમાં ઘણા એવા પ્રશ્નો ઉપસ્થિત થયા છે જે સર્વ લોકોને લાગુ પડે છે. જેમાં શહેરોમાં ઘણી જગ્યાઓ એવી છે કે ત્યાં જે કબજેદાર હોય છે એ પોતે માલિક હોતા નથી એ લોકોએ

ભૂતકાળમાં કોઇ મૌખિક કરારથી, કોઇ ૨૦ રૂપિયાના સ્ટેમ્પથી, ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પથી જમીનો રાખેલી હોય છે. અને જ્યારે તે બાંધકામના દસ્તાવેજ અધિકૃત કરાવવાના થાય છે ત્યારે આપણી શું, સરકારની શું રણનીતિ છે તે હું જાણવા માટે પણ પ્રયત્ન કરીશ. સાથે સાથે શહેરોમાં આગળ વાત થઇ તે રીતે રોટી, કપડાં અને મકાન તે માનવીની મૂળભૂત પાયાની જરૂરિયાત છે ત્યારે શહેરોમાં લાખો લોકોના અનધિકૃત બાંધકામો થવાના પણ કારણો છે. તે કારણોમાં આગળ પણ આપણે ચાર વખત આ બિલ લાવેલા છીએ અને આજે પણ અહીં સુધારા માટે ચર્ચા થઇ રહી છે ત્યારે આગળ બિલ આવ્યા પછી લોકોમાં એટલો રસ કેમ નથી, લોકો આમાં કેમ રસ નથી લેતા તેના માટે આજે આપણને સમય મર્યાદા વધારવા માટેની જરૂર પડી છે. આપશ્રીના માધ્યમથી ધ્યાન દોરવા માગું છું કે, કોઇપણ બાંધકામને નિયમબદ્ધ કરવા માટે, રેગ્યુલરાઇઝ કરવા માટે આપણી જે પદ્ધતિ છે તે પદ્ધતિ ઘણી અટપટી અને જટિલ છે. તે પદ્ધતિ ઘણી ખર્ચાળ છે. ઘણી ઓફિસોમાં ઘણા કર્મચારીઓ કંઇક મળવાની આશા અને અપેક્ષા સાથે ઘણી ફાઇલો લાંબી ચલાવતા હોય છે. યેનકેન પ્રકારે લોકોને ફેરવતા હોય છે. આ કાયદાને બનાવ્યા પછી પણ પાંચ મહિનાનો સમય માગતા હોય તો વાંધો નથી. આપણે બાર મહિનાનો સમય માગીએ તેનો કોઇ વાંધો નથી. આપણે સમય લંબાવીશું, પણ બાર મહિના, એકાદ વરસ પછી જે કાયદો મૂક્યો છે તેની ચુસ્ત અમલવારી થાય તેના માટે મહેકમ પણ ખૂબ જરૂરી છે. આપણે તેની પદ્ધતિમાં પણ પૂરતું મહેકમ હોય અને તેને એક ઝૂંબેશના રૂપે તમામે તમામ જિલ્લામાં આવા બાંધકામોને નિયમબદ્ધ કરવાની કામગીરી ચાલુ થાય તેવું હું ઇચ્છું છું. સાથે સાથે જંત્રી પ્રમાણે આપણે કર વસૂલીએ છીએ, તેમાં પણ પ્રજાને રાહત થાય. જે અરજીઓ મંગાવીએ છીએ તેમાં પણ તેની પદ્ધતિ સરળ અને સાદી હોય તેવું થાય તો વધારે અનુકૂળ રહેશે. સાથે સાથે જંત્રી ભાવ કરતાં આપણે ચોરસ મીટર પ્રમાણેનો ભાવ રાખીએ તો વધારે સરળ રહેશે. સાથે સાથે પાર્કીંગની વ્યવસ્થાની વાત છે. આપણે કોમર્શિયલ હોય, ઇન્ડસ્ટ્રીયલ હોય, હોસ્પિટલ હોય, સ્કૂલ હોય કે રહેણાંક વિસ્તાર હોય ત્યાં ૩૦ ટકા કે ૫૦ ટકા રાખીએ છીએ. રહેણાંક વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના આવા મકાનો હોય છે. તે લોકો એટલી પાર્કીંગ વ્યવસ્થા નથી કરી શકતા. પાર્કીંગ વ્યવસ્થા માટેની ફી આપણે સરકારશ્રીમાં નગરપાલિકામાં હોય કે મહાનગરપાલિકામાં ઉઘરાવીએ છીએ. તેમાંથી પણ આપણે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી શકીએ તેવું હું માનું છું. સાથે સાથે જયાં પણ અનધિકૃત બાંધકામને આપણે નિયમિત કરવાની અરજીઓ મંગાવીએ છીએ તેમાં અગાઉ કહ્યું તેમ ફાયર સેફ્ટી, હાઇ વોલ્ટેજ લાઇન હોય, ગેસની લાઇન હોય અને જે રોડ પસાર થાય છે ત્યાં આપણે વિશેષ ધ્યાન રાખવું પડશે. જે પણ અનધિકૃત બાંધકામો હાલમાં તૈયાર થઇને ઊભા છે તો તેમાં ઘણી જગ્યાએ આવા બાંધકામો રોડ ઉપર છે અને રોડ ઉપર હોવાના કારણે તેમાં પાર્કીંગની વ્યવસ્થા નથી. તેમાં હું સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રીનું સન્માનનીય સભાગૃહ સમક્ષ ધ્યાન દોરવા માગું છું કે, આવી જગ્યાએ ટ્રાફીકની સમસ્યા સર્જાય છે તેમાં ધ્યાન આપવામાં આવે. વધારે વિશેષ નહીં કહેતાં બિલ સારું છે અને તેને અમે આવકારીએ છીએ અને સમર્થન પણ આપીએ છીએ. જે બે-પાંચ મુદ્દા ધ્યાનમાં લેવા જોઇએ તેવા હતા તે મેં રજૂ કર્યા છે તો તે બાબતે માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી, સરકારશ્રીનું હું ધ્યાન દોરું છું. ધન્યવાદ.

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય તરીકે આ લોકશાહીના મંદિરમાં આ વિષય રજૂ કરવાનો મારો પ્રથમ અવસર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જેવા અનેક કાર્યકરોમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર મજબૂત કરી તેને પ્રજાસેવાની તક મળી રહી છે વળી સરકાર સાથે સીધા સંપર્કમાં રહી વિકાસના કાર્યોમાં સહભાગી થવાનો આ અમૂલ્ય અવસર મારા માટે ખૂબ મહાન છે. આજે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું. આ જે બિલ છે એના અનુસુંધાનમાં કહું તો હું અમદાવાદ શહેરમાં રહું છું અને અમદાવાદ શહેરની બે ત્રણ વાત કરું તો અમદાવાદ શહેરનો વિકાસ કેવો કૂદકે ને ભૂસકે વધે છે એનો એક દાખલો આપું તો ૧૯૫૧માં ૫૨.૫ ચોરસ કિલોમીટરનો અમદાવાદ શહેરનો વિસ્તાર હતો આજે એ ૪૬૬ ચોરસ કિલોમીટરનો વિસ્તાર થયો છે. એ ૪૬૬ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં નાના નાના ગામડામાંથી અને પરગણામાંથી શહેરી વિસ્તારમાં જે લોકો આવ્યા છે એની માનનીય અમિતભાઇએ આપણને વાત કરી કે, પોતાના સમાજમાં લગ્ન માટે અને સામાજિક વ્યવસ્થા માટે અહીંયા આવીને વસેલા છે અને પછી જેમ જેમ એમના કુટુંબો મોટા થતા ગયા એના અનુસંધાને એમણે પોતાના રહેઠાણની જરૂરિયાતને ધ્યાનમાં લઇને એકાદ રૂમ મોટી કરી હોય કે વધારે કરી હોય કે જે કાંઇ કર્યું હોય એ વધારવાની એમની જરૂરિયાતને ધ્યાનમાં લઇને એમણે કર્યું છે એવા મધ્યમ વર્ગના માણસને આપણે મદદ કરવા માટે માનનીય મંત્રીશ્રી આ કાયદો લાવ્યા છે એને મારું સમર્થન છે. બીજું મારા અગાઉના એક વક્તાએ એવું કહ્યું કે હાઉસીંગ બોર્ડ, તો આ પ્રશ્ન હાઉસીંગ બોર્ડમાં સૌથી વધારે છે તો હાઉસીંગ બોર્ડના પ્રશ્નમાં પણ આપણે કંઇક વિચાર કરવો હોય તો વિચારી શકાય અને એ માટે માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે કે, એ બાબતમાં પણ કંઇક વિચારે. સંબંધિત સત્તામંડળ અને અનઅધિકૃત બાંધકામ દૂર કરવા અને ઉતારી પાડવા અંગે અન્ય ફેરફાર કરવા ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કાઉન્સીલ એક્ટ ૧૯૪૯ અને ગુજરાત ટાઉન પ્લાનીંગ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ મુજબ લોકોને નોટીસો આપી હતી અને એના અનુસંધાનમાં જરૂરી પગલાં પૂરતા નહીં હોવાથી અને સંપૂર્ણ જે શક્ય ન બન્યુ એટલા માટે આ કાયદો લાવી અને એમને મદદરૂપ થાય એવો પ્રયત્ન કરવો જોઇએ. આટલી જ મારી વાત કરીને હું આ બિલને સમર્થન આપું છું.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચૂંટાયા પછી આજે ગૃહમાં પ્રથમ વખત મને બોલવાની તક મળી છે, આપશ્રીનો આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ છે એની ત્રણ ભાગમાં ચર્ચા થઇ શકે એમ છે. મૂળ જે વિધેયક લાવ્યા છે એના કારણો, વિધેયકની જોગવાઇઓ અને ફેરફાર કરવાના જરૂરી કારણો. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર

સુધીના બધા જ વક્તાઓએ વાત કરી પણ હું આમાં કંઇક ઉમેરો કરવા માગું છું. અમારી સરકારની નિયત જે બિલ આવ્યું છે એમાં દેખાય છે. ક્યાંય અનઅધિકૃત બાંધકામ એવો શબ્દ વપરાયો નથી, અનઅધિકૃત વિકાસ એવો શબ્દ વપરાયો છે. અમારી સરકાર વિકાસ માટે કટ્ટિબદ્ધ છે. સિક્કાની બે બાજુ હોય છે, ગેરકાયદેસર બાંધકામોની વાત ખૂબ કરવામાં આવી છે. હું અગાઉના વર્ષ ૨૦૧૫-૧૬ના બિલની ચર્ચા દરમ્યાન આપના માધ્યમથી શીખ્યો છું કે, આ સન્માનનીય ગૃહમાં મર્યાદામાં ચર્ચા થવી જોઇએ પરંતુ મારા અમદાવાદની વાત થઇ છે આપ નહોતા ત્યારે અને ક્યાંક કોઇક બ્રિજના ડેમેજની વાત થઇ છે.ત્યારે હું આ ગૃહમાં પૂછવા માગું છું કે, આ બિલમાં કયાંય બ્રિજ અંગેની કોઇ ચર્ચા કરવાનો વિષય છે અને એનો જયારે છપ્પનની છાતીની સરકારનો જવાબ આવે છે ત્યારે હું વિશ્વાસપૂર્વક કહું છું કે સંબંધિત લોકોની સામે પગલાં લેવામાં આવશે એવી અમારી સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારમાં હું વધુમાં ઉમેરો કરવા માગું છું એ વારંવાર ચર્ચા થઇ છે કે ભરોસાની સરકાર, ડબલ એન્જિન સરકાર હું આમાં ઉમેરો કરું છું અમારી સરકાર વિકાસના ભરોસાની સરકાર છે, અમારી સરકાર વિકાસના ડબલ એન્જિનની સરકાર છે અને એટલે અમે ૧૫૬ અહીંયા છીએ. ચર્ચાના કારણો વિશે ઘણી બધી ચર્ચા થઇ ગઇ છે પણ હું જે શહેરમાંથી આવ્યો છું અને તેના કારણો જે મેં તારવેલાં છે તે હું થોડાં આપની સમક્ષ મૂકવા માગું છું. આ અમદાવાદ શહેર એ મૂળ કોટ વિસ્તારમાં બંધાયેલું શહેર હતું. ટેક્સટાઇલ તેનો ઉદ્યોગ હતો અને માંચેસ્ટર કહેવાતુ હતું. ધીરે ધીરે પૂર્વ વિસ્તારનું હું મૂળ વિષય ઉપર આવું છું, મૂળ પૂર્વ વિસ્તારનો વિકાસ થયો વેજલપુર, બોપલ, ઘાટલોડિયા આવી નગરપાલિકાઓનો સમાવેશ થયો અને અમદાવાદનો વિકાસ થતો ગયો. આ વિકાસની સાથે અમદાવાદમાં કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીનો પણ વિકાસ થયો અને ગામડાંઓમાંથી જુદી જુદી જગ્યાએથી લોકો પોતાની રોજગારી માટે આ શહેરમાં આવ્યા. આ શહેરમાં જયારે આ શ્રમજીવીઓ, આ લોકો આવ્યા ત્યારે તેમણે જે ઘરો લીધા તેમાં જે કંઇ વધારાના બાંધકામ કર્યા તેના કાયદાથી કયારેય માહિતગાર નહોતા અને એટલા માટે જ કયાંક ટિપ્પણી કરવામાં આવી છે કે, વર્ષ ૨૦૧૧માં કાયદો લાવવામાં આવ્યો એ કોઇને ફાયદો કરવા માટે નહીં પણ આવા ગરીબ લોકોને રેગ્યુલરાઇઝ કરવા માટે લાવવામાં આવ્યો હતો આ હું કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સાથે ઘણાં બધા કોર્પોરેશનમાં કામ કરેલા મારા મિત્રો ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શિતા બહેન, શ્રી કેયુરભાઇ, શ્રી અમીતભાઇ, શ્રી ઇમરાનભાઇ બેઠા છે. કદાચ આ બિલના સંદર્ભમાં તે લોકોને પણ ખબર છે કે અમદાવાદમાં સવારના ફોનની ઘંટડી રણકે તો ૩૦માંથી ૭૦ ટકા એવા ફોન હોય છે કે સાહેબ, મને મદદ કરો મને બાજુવાળાએ મારી સામે ગ્રિવન્સીસથી નોટિસ અપાવી અને મેં મારા નાના જે કંઇ બાંધકામ કર્યા છે તેને તોડવા માટેનો પ્રયત્ન થઇ રહ્યો છે અને વધુમાં સાહેબ આ ગૃહમાં દુઃખ સાથે હું ઉમેરું છું કે આરટીઆઇ એક્ટિવિસ્ટના માધ્યમોથી થતી અરજીઓને ધ્યાનમાં રાખવામાં આવે છે અને આવા લોકોને હેરાન કરવામાં આવે છે. આ મારી કટિબદ્ધ સરકાર, આ અમારા કટિબદ્ધ મંત્રી અને અમારા મુખ્યમંત્રી આવા ગરીબોને, આવા શ્રમજીવીઓને અને આવા લોકોને હેરાનગતિ ના થાય એટલા માટે આ કાયદો લાવ્યા છે અને આ અમારી કટિબદ્ધતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ નહોતા ત્યારે એક બીજી પણ વાત થઇ કે વર્ષ ૨૦૧૧માં કાયદો આવ્યા પછી વારંવાર શા માટે કાયદો લાવવો પડયો? અને આ કોઇ ચોક્કસ લોકોને ફાયદો કરવા માટેની વાત છે. તો કદાચ કાયદાનો જો આપણે અભ્યાસ કરીએ તો એમાં સ્પષ્ટ જોગવાઇઓ કરેલી છે કે કયા કયા બાંધકામો રેગ્યુલરાઇઝ થઇ શકશે અને કયા કયા બાંધકામો રેગ્યુલરાઇઝ નહીં થઇ શકે. કયાંય ખોટી જમીન પર બંધાયેલા, કયાંય ખોટી રીતે બંધાયેલી મલ્ટીસ્ટોરી બિલ્ડીંગો, સરકારી જમીનો, તળાવો ઉપર થયેલા બાંધકામને માન્યતા આપવાની વાત આ બિલમાં છે જ નહીં કદાચ *(xxx) અને એટલે જ આપના માધ્યમથી કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ હું આપના માધ્યમથી કહેવા માગું છું કે, આ જે કંઇ બિલ લાવવામાં આવ્યુ છે તે સંવેદનાથી લાવવામાં આવ્યુ છે. આ બિલની પાછળ જે લોકોએ જાણ બહાર, કાયદાથી મર્યાદાની બહાર પોતે બાંધકામો કર્યા છે, પોતે રહેઠાણો કર્યા છે, નાના મોટા ચેન્જીસ કર્યા છે તેને કાયદાની મર્યાદામાં રહીને મદદ કરવા માટેનું આ બિલ છે. એટલે હું બધાને વિનંતી કરું છું કે આ બિલને આપણે સમર્થન કરવુ જોઇએ. ઘણી બધી વાતો કરી શકાય એવી છે પરંતુ બધી જ વાતો થઇ ગઇ છે અને સમય પણ ઓછો છે પરંતુ એક બે જે નાની બાબતો જરૂરી છે કે આ બિલનો સુધારો શા માટે લાવવો એ છેલ્લી વાત પર આવુ છું કે જ્યારે બિલ લાવવામાં આવ્યું ત્યારે ચૂંટણીનો સમય હતો. નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, અમદાવાદ, સુરત જેવા શહેરમાં જુદા-જુદા વોર્ડ વાઇઝ મિટિંગો બોલાવવામાં આવી. પ્રયત્નો કરવામાં આવ્યા બધી વાત થઇ છે પરંતુ પૂરતી જાહેરાતના અભાવે આનો લાભ ના લઇ શકાયો. ઓફલાઇન અને ઓનલાઇન બંને પદ્ધતિ એપ્લાય કરી શકતા હોય અને હજાર જેવી અરજીઓ આવી એ પણ પૂરતી નહોતી એટલે હવે આની પૂરતી માહિતી આપી શકાય, આની પૂરતી જાહેરાત થઇ શકે અને જે લોકોને આનાથી અસર થાય છે. જે ગરીબ પરિવારો, જે મધ્યમવર્ગના પરિવારોને આનાથી અસર થાય છે એને પૂરતો લાભ થઇ શકે એટલા માટે અમારી સરકાર આ બિલ લઇને આવી છે. હું આપના માધ્યમથી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સમગ્ર સન્માનનીય ગૃહ અને વિપક્ષને વિનંતી કરું છું કે કલમ-૫(૨)માં કલમ-૫(૨-અ) ઉમેરી જે સમય-મર્યાદા છે એને વધારવામાં આવે અને ભવિષ્યમાં જરૂર લાગે ત્યારે એમાં પણ ફેરફાર કરવાની સત્તા સરકારને આપવામાં આવે તેમાં સહકાર આપે. ખૂબ ખૂબ આભાર. જય જય ગરવી ગુજરાત.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું. સાથે-સાથે મારી ૧૫ - કાંકરેજ વિધાનસભાના સરવે સભાસદોનો આભાર માનું છું કે એમના હક્ક-અધિકારના અવાજરૂપી એક સભ્ય તરીકે મને ગૃહમાં મોકલ્યો છે. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના સુધારા વિધેયક, ૨૦૨૩ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તુત વિધેયક એટલા માટે લાવવામાં આવ્યું છે કે રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ હોવાના કારણે જૂજ સંખ્યામાં અરજીઓ પ્રાપ્ત થઇ હતી. આમ, ૧૭મી ફેબ્રુઆરી અનધિકૃત બાંધકામને નિયમિત કરવા માટેની આખરી તારીખ હતી માટે વધુ લોકો આ કાયદાનો લાભ લઈ શકે એ માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે. કોઇ પણ વ્યવસાયિક ફાયદાઓનો આધાર જે-તે કાયદાના ન્યાયિક અમલ સાથે સીધી રીતે સંકળાયેલો છે અને તેનો સીધો અર્થ એ થાય છે કે જો કાયદાનું ચુસ્ત પાલન કરવામાં આવે તો જે તે વ્યવસાયમાં તંદુરસ્ત હરિફાઇ જળવાય અને રાજ્યના લોકોની સલામતી, સુરક્ષા અને તેની સુખાકારી જળવાઇ રહે. તેનાથી વિપરીત જો કાયદાનું પાલન કરવામાં ન આવે તો અનૈતિક રીતે ફાયદો વધારે કરવામાં આવે અને રાજ્યની જનતાની સુરક્ષા અને સલામતી જોખમાય તેથી તેની સાથે છેતરપિંડી થાય છે. પ્રસ્તુત વિધેયકને ખૂબ જ વિસ્તારપૂર્વક સમજવાની જરૂર છે. કોઇ પણ રાજ્યના નગરોની નવરચના જળવાય તે માટે નગરોમાં કે ગામોમાં થતા વ્યવસાયિક રહેણાંક અને અત્યાધુનિક મકાનોનાં બાંધકામનું નિયમન કરવું ખૂબ જરૂરી છે. તેમજ આવા બાંધકામની ગુણવત્તા અને સ્થાયત્ત્વ જળવાય તે જરૂરી છે. કારણ કે, આ નિયમોથી નગર અને નિયોજન સુદ્રઢ થાય તેમજ નાગરિકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત થાય છે. આજે ગુજરાતના તમામ નગરોમાં આપણે ટ્રાફિક અને પાર્કીંગની વિકરાળ સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ. છાશવારે હૉસ્પિટલો અને કોમર્શિયલ કૉમ્પલેક્ષમાં થતી આગની ઘટનાઓમાં ક્યારેક નિર્દોષ બાળકો તો ક્યારેક નિર્દોષ દર્દીઓ અને નાગરિકોની બલી ચડતી રહે છે. ત્યારે *(xxx) આવા જઘન્ય અપરાધોને છાવરવામાં આવે છે અને જો હું કહું કે *(xxx) અને આખરે એનો ભોગ નિર્દોષ નાગરિકો બની રહ્યા છે. આપણા નાગરિકો એ આપણા કરદાતા છે. એના ટેક્સથી આપણા રાજ્યનું શાસન ચાલી રહ્યું છે. આપણું આ ગૃહ રાજ્યના લોકોની સુખાકારી અને સલામતીના કાયદાઓ ઘડે છે પરંતુ ત્યારબાદ *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ પહેલીવાર પ્રવચન કરો છો એટલે હું આપને રોકતો નથી, પરંતુ આપ સીધી બિલ ઉપર જ વાત કરો. બિલમાં પણ બધાના ધ્યાન ઉપર આવે અને નકારાત્મક સંદેશ ન જાય એટલા માટે આ બિલ માત્ર પોતાની માલિકીની જમીનમાં જ રેગ્યુલાઈઝ કરવા માટેનું છે પણ સરકારી જમીનમાં રેગ્યુલાઈઝ કરવા માટેનું નથી. પોતાના પ્લોટમાં વધારે બાંધકામ થઈ ગયું હોય તેટલા પૂરતું જ છે. વિધાનસભા સરકારી જમીનમાં દબાણ રેગ્યુલાઈઝ કરી આપે છે તેનો કાયદો નથી. નહિતર બીજી જગ્યાએ સરકારી જમીનમાં દબાણ કરવાનો ક્રેઝ થશે એટલે સ્પષ્ટ સંદેશો જાય તેટલા માટે આપનું ધ્યાન દોરું છું. બીજું, માનનીય સભ્યશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ થયેલ તમામ અસંસદીય શબ્દોને અહેવાલમાંથી દૂર કરવામાં આવે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એફ.એસ.આઈ. એટલે ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ અથવા ફ્લોર એરિયા રેશિયો સમજવામાં આવે છે. જે કુલ પ્લોટ એરિયા સાથે ગુણાકાર કરવામાં આવે એટલે કુલ બાંધકામ એરિયા મળે છે. ઉ.દા. તરીકે ૫ હજાર ચોરસ મીટરના પ્લોટની એફ.એસ.આઈ. બે હોય તો ૧૦ હજાર ચોરસ મીટરનું બાંધકામ થઈ શકે છે. અમદાવાદમાં એક ચોરસ મીટર બાંધકામની કિંમત હાલ રૂ. ૨૨ હજાર થાય છે અને અંદાજે ૧૫ ટકા નફો ગણીએ તો રૂ.૩૩૦૦ નફો થાય છે. રૂ. ૩૩૦૦ના નફા પ્રમાણે ગણવા જઈએ તો આમાં કહેવાતા, માનીતા અનઅધિકૃત બાંધકામ કરનારા બિલ્ડરો પ્રજા સાથે ખૂબ મોટા પ્રમાણમાં છેતરપિંડી કરી રહ્યા છે. બિલ્ડિંગ કોમ્પલેક્ષમાં ૫૦ ટકા જગ્યા પાર્કીંગ માટે રાખવી ફરજિયાત છે. આ નિયમનો ખુલ્લેઆમ ભંગ કરીને તેમાં પણ બાંધકામ કરી દેવામાં આવે છે. કોમન પ્લોટમાં પણ ૧૦ ટકા કોમન પ્લોટ છોડવો ફરજીયાત છે. તેમાં પણ ક્યાંક ને ક્યાંક બાંધકામ કરી દેવામાં આવે છે. આ અનઅધિકૃત બાંધકામ કેમ થાય છે? અનઅધિકૃત બાંધકામ ત્યારે જ થાય છે કે જ્યારે કોઈ બિલ્ડર બાંધકામ કરી રહ્યા હોય ત્યારે પ્લાન અને નકશા જે તે સરકારી કચેરીમાં મૂકે છે પરંતુ સમય પ્રમાણે બી.યુ. લેતા નથી. મારે સરકાશ્રીને વિનંતી એટલા માટે જ કરવી છે કે અનઅધિકૃત બિલ અને બિલ્ડર લોબીની ચિંતા આપણે કરી રહ્યા છીએ ત્યારે આ રાજ્યમાં માંડ બે ટંકનું ભોજન રળીને એક નાનું ઝૂપડું બનાવીને રહેતા ગુજરાતી પરિવારોની વસાહતોને પણ રાજ્ય સરકાર રેગ્યુલર કરવા માટે આગળ વિચારે તેવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી વારંવાર ''ગરીબોના બેલી''એવો શબ્દપ્રયોગ કરી રહ્યા હતા. આ શબ્દપ્રયોગ ખૂબ જ શણગારેલો છે. હું તેને અભિવાદન આપું છું અને સ્વીકારું છું. પણ ગરીબોના બેલી તો ત્યારે જ થઇ શકાય જ્યારે ગરીબો સુખ-શાંતિથી એની છત્રછાયા નીચે સૂઇ રહે. સાથે-સાથે ઇમ્પેક્ટ ફીના કાયદાને જેને આપણે અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગણાવીએ છીએ એ જ અનધિકૃત અને અનૈતિક છે. હું આ વિધેયકનો ભરપૂર વિરોધ કરું છું અને આગ્રહ રાખું છું કે ભાજપ સરકાર આ વિધેયક પાછું ખેંચે અને જે કોઇ ચમરબંધી આવા ગેરકાયદેસર બાંધકામો કરતાં હોય તેની સામે કડકમાં કડક પગલાં લે તેવી મારી વિનંતી છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ વખત ચુંટાઇને આ ગૃહમાં આવ્યો છું ત્યારે આપે મને જે બોલવાની તક આપી એ બદલ હું આપનો અને આ ગૃહના તમામ સન્માનનીય સદસ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનું છું. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત જે વિધેયક માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ દ્વારા ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું તેને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, કોઇપણ પશુ-પંખી હોય તો એનું પણ સપનું હોય છે કે મારો માળો હોય, મારું ઘર હોય. તો આપણે તો મનુષ્ય છીએ અને મનુષ્ય માટે પોતાના જીવનમાં એક મકાન બની જાય એ એનું એક સપનું હોય છે. એ બાળકોના અભ્યાસ માટે, ધંધા-રોજગાર માટે મજબૂરીથી શહેરમાં આવતો હોય છે અને શહેરમાં જમીનના ભાવો સ્વાભાવિકપણે ખૂબ જ ઊંચા હોય છે ત્યારે ૫૦,૬૦ કે ૭૦ વારમાં એ પોતાનું મકાન બનાવતો હોય છે. આ મકાનમાં એણે પોતાની જરૂરિયાત મુજબ માઇનોર ફેરફારો કર્યા હોય છે. વિપક્ષના સભ્યશ્રી જ્યારે વાત કરતા હતા ત્યારે ''ગરીબોના નામે'' એવો શબ્દપ્રયોગ કરી રહ્યા હતા તો એના માટે અમે એમ જ કહીએ છીએ કે આ સરકાર ગરીબોની, શોષિતોની, પીડિતોની અને વંચિતોની છે. ગરીબોના આશીર્વાદથી જ અમે ૧૫૬ જણા અહીંયા બેઠા છીએ. જેણે ગરીબોના આશીર્વાદ નથી લીધા એના માટે એક કહેવત છે કે ''તુલસી આહ ગરીબ કી, કભી ન ખાલી જાય, મુએ ઢોર કે ચામસે, લોહા ભસમ હો જાય.''આ ગરીબોના આશીર્વાદથી બેઠેલી સરકાર છે. માનનીય મંત્રીશ્રીને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને હું એમ કહેવા માંગું છું કે કોઇપણ કાયદો હોય એ હંમેશા લોકો માટે જ હોય છે. કારણ કે, લોકો જ આપણને ચુંટીને અહીંયા મોકલે છે. આ વિધેયકને હું મારું સમર્થન આપું છું. સૌનો ધન્યવાદ. ભારત માતા કી જય. વંદે માતરમ્.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ મંચ પરથી આ તકે મને જે બોલવાનો અવસર પ્રાપ્ત થયો છે એ માટે હું આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નગરપાલિકા વિસ્તારો અને વિકાસ વિસ્તારોમાં અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના સુધારા અધિનિયમ-૨૦૨૩ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે હું એને અનુમોદન આપવા માટે ઊભી થઇ છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને આ સુધારા વિધેયક લાવવા બદલ અભિનંદન પાઠવું છું. આ સુધારા વિધેયકના સમર્થનમાં મારા વિચારો અને કેટલાક સૂચનો અહીં સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરી રહી છું. જ્યારે ધરતીની સાથે જોડાઇ રહેવાની વાત આવે અને સંવેદનશીલતાની વાત આવે ત્યારે એનું સૌથી મોટું ઉદાહરણ છે આપણા સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી. કેમ કે, સૌ પ્રથમ આવાસ યોજનાની વાત આવે તો એમણે ગુજરાતમાં આપણે જે જે વિસ્તારોને રિપ્રેઝન્ટ કરીએ છીએ ત્યાં આવાસ યોજના લાવીને નાનામાં નાના વર્ગને પોતાના ઘરનું ઘર હોય એવી એક પરિકલ્પના સાકાર કરવામાં એમણે જે યોજના આપણા બધા સમક્ષ લાવી છે અને એને જ અનુસરીને આજે જયારે શહેરીકરણ દેશ અને રાજ્યના વિકાસની પ્રક્રિયાનો ભાગ છે ત્યારે શહેરોના વિકાસના ભાગરૂપે શહેરોની આર્થિક સદ્ધરતા મોટી સંખ્યામાં લોકોને રોજગારી પૂરી પાડે છે. શહેરી વિસ્તારોમાં લોકોના સ્થળાંતરથી રહેણાંક, વાણિજ્ય અને અન્ય હેતુની મિલકતોની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે. જેમ મારા સાથી સભ્યશ્રીઓએ જણાવ્યું તેમ રાજ્યોમાં શહેરીકરણના કારણે શહેરોનો હદ વિસ્તાર વધતો જાય છે. વેગવંતા શહેરીકરણના કારણે રાજયના શહેરોમાં ઘણા બધા મકાનો પરવાનગી વગર બનતાં જાય છે અથવા પરવાનગીથી ફેરફાર વાળા અને વિકાસ નિયંત્રણ નિયમોથી વિરુધ્ધ બને છે. આવા મકાનોને બિલ્ડિંગ યુઝ પરમિશન એટલે કે બી.યુ. આપી શકાયેલ નથી. ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ ૨૦૨૨ મુજબ તા. ૦૧-૧૦-૨૦૨૨ પહેલાના અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા બાબતની જોગવાઇ કરવામાં આવેલ અને તે માટે અરજદારોએ અરજી કરવાની છેલ્લી તારીખ તા. ૧૬-૦૨-૨૦૨૩ સુધી નક્કી કરવામાં આવેલ અને સદર અધિનિયમની કલમ-૬ (૧)ની જોગવાઇ મુજબ બાંધકામ નિયમિત કરવા માટે ભરવાની થતી ફી અંગેનો હુકમ જે તે સત્તામંડળોને અરજી મળ્યાથી છ માસ કરવા અને સદર અધિનિયમની કલમ ૬(૪)ની જોગવાઇ મુજબ અરજદારશ્રીની અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાની અરજીનો ઇન્કાર કરતો હુકમ કરવો હોય તો પણ છ મહિનામાં નકકી કરવાનું કરવામાં આવેલ. જે અન્વયે હું જામનગર શહેરને રિપ્રેઝન્ટ કરું છું ત્યારે જામનગર મહાનગરપાલિકામાં કુલ ૩૪૭૨ અરજીઓ મળેલ છે. જેમાં ૩૩૧ અરજીઓ ઓફલાઇન સ્વીકારેલ છે અને ઇ-નગર પોર્ટલ ઉપરથી ૩૧૪૧ અરજીઓ પૈકી ૧૭૦ અરજીઓ આજદિન સુધીમાં મંજૂર કરાયેલી છે. ભવિષ્યમાં જયારે કોઇપણ કારણોસર સમયમર્યાદા વધારવાના સંજોગો ઉપસ્થિત થાય તો સરકારશ્રી જાહેરનામાથી વધારી શકે એ હેતુથી ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ ૨૦૨૨ની કલમ ૫ (૨) બાદ કલમ ૫ (૨) (અ) ઉમેરી તે મુજબનું ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના સુધારા વિધેયક ૨૦૨૩ માનનીય મંત્રીશ્રીએ આ ગૃહમાં રજૂ કરેલ છે ત્યારે આપના માધ્યમ દ્વારા સરકારશ્રીને મારા તરફથી એક નાનકડું સૂચન રજૂ કરવા ઇચ્છુક છે. આ અધિનિયમ હેઠળ અનઅધિકૃત બાંધકામ નિયિમત કરવા માટે અરજદારશ્રી અરજી કરે છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન, સત્તા મંડળો અને નગરપાલિકા તરફથી અરજદારને આર્કિટેક એન્જિનિયર ફરજિયાત રાખવાનો આગ્રહ રાખવામાં આવે છે. જેના લીધે આર્કિટેક એન્જિનિયરો આવા

મકાન બાંધકામ અંગેના પ્લાન રજૂ કરવાની રૂપિયા ૪૦ હજારથી રૂપિયા ૫૦ હજાર જેટલી ફી લેતા હોય છે. જે સામાન્ય નાગરિકોને આર્થિક રીતે પરવડી શકે નહીં તે સ્વાભાવિક છે. જેથી અરજદારશ્રી વ્યકિતગત રીતે પોતાના મકાનના બાંધકામની પરવાનગી લઇને કરેલ બાંધકામ બાદ પરમિશન વગર મકાનની સેફ્ટી માટે વધારાનું અનઅધિકૃત રીતે કરેલું બાંધકામ નિયમિત કરવા માટે અરજી કરે એટલે જે તે મ્યુનિસિપલ કોર્પોરેશન, સત્તામંડળ અને નગરપાલિકા તેમના એન્જિનિયર દ્વારા જેટલા ક્ષેત્રફળનું અનઅધિકૃત બાંધકામ કરેલું હોય તેટલા ક્ષેત્રફળનું માપ લઇને તે મુજબનો પ્લાન રજૂ કરવા અરજદારશ્રીને જણાવવું જોઇએ. જેથી લોકો અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા વધુમાં વધુ અરજી કરી શકે. ગુજરાત રાજ્યના નાના કે મધ્યમવર્ગીય વ્યકિત પોતાના દીકરા-દીકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે તથા પોતાના પરિવારની આજીવિકા માટે શહેરમાં વસવાટ કરતા હોય છે અને જેઓ શહેરી કાયદાઓથી અપરિચિત હોય છે તેમના માટે પોતાની માલિકીનું એક ઘર હોવું તે સૌથી મોટુ સ્વપ્ન હોય છે. જે લોકો શહેરી કાયદાઓથી અપરિચિત છે તેમના માટે આ બિલ ખૂબ જ ફાયદાકારક નિવડશે તેવી આશા છે અને વર્ષોથી દિવસો દિવસની મહેનત કરી જે લોકો પોતાનું ઘર બનાવે છે પરંતુ તેઓ ઘર બાંધકામની મંજૂરી લઇ શક્યા નથી અથવા તો મંજૂર થયેલ પ્લાન કરતાં રહેવા માટે વધારે બાંધકામ કરેલું છે અને તેના મકાનના બાંધકામની કાયદેસરતા માટે તેને પ્રશ્ન છે ત્યારે ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારની વેદના અને વ્યથાને સમજીને ગુજરાતમાં તા.૧૭-૧૦-૨૦૨૨થી ઇમ્પેકટના કાયદાનો અમલ કરાવ્યો છે. સાથે સાથે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓ ગઇ ત્યારે આપના માધ્યમથી હું જણાવવા ઇચ્છીશ કે, ત્યારના સમયમાં જે લોકો આ કાયદાનો લાભ મેળવી શકયા નથી તેઓ લાભથી વંચિત ન રહી જાય અને તે માટે તા. ૧૬-૦૨-૨૦૨૩ની મુદ્દતથી ૧૨૦ દિવસ એટલે કે ૪ મહિનાની વધારાની સુધારા દરખાસ્તને હું આવકારું છું અને મારા તમામ સાથી ધારાસભ્યશ્રીઓએ પણ એને આવકાર આપ્યો છે. અને કોઇક પ્રકારે નાના મોટા લગ્ન કરવા ઇચ્છૂક છે પણ એને વધારાનો પોતાનો એક રૂમ નથી અને એ પરિવાર એક રૂમ બનાવે જેથી એના યુવાન દીકરાના લગ્ન કરાવે અને તે પ્રકારે આગળ વધી શકે છે. એવા પ્રકારે કોઇને પણ અડચણરૂપ ન થાય તે રીતે કરી શકે. તેમના માટે આ કાયદો ખૂબ આશીર્વાદરૂપ નીવડશે. ગરીબ અને સામાન્ય વર્ગના મકાનને બહુ સામાન્ય ફીથી કાયદેસર થતા આ પરિવાર કાયદાથી રક્ષિત પોતાના ઘરનું સ્વપ્ન પૂરું થાય અને તે પરિવારને જે માનસિક શાંતિનો અનુભવ થાય છે તે અવર્ણનીય છે. આપણે બધા કંયાકને કંયાક જમીન સાથે જોડાયેલા, સામાન્ય વર્ગો સાથે જોડાયેલા છીએ. જેથી આ કાયદાને આપણે વધારે સારી રીતે સમજી શકીએ તેમ છીએ. આ પરિવારોની વ્યથાને સમજી અને શહેરી વિકાસ વિભાગ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહમાં લાવ્યા તે માટે હું તેમને અભિનંદન અને સાથે સાથે મારા શહેરી વિસ્તારના લોક પ્રતિનિધિ તરીકે શહેરી વિસ્તારમાં વસતા અમારા ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર વતી માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. અને સભાગૃહના સરવે સન્માનનીય સભ્યશ્રીઓને આ વિધેયક સર્વાનુમતે પાસ થાય તેવું અનુમોદન આપવા વિનંતી કરીને વિરમું છું. આભાર, અસ્તુ, ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : ડો. દર્શિતાબેન શાહ. રેકર્ડ ઉપર જયારે માનનીય ધારાસભ્યશ્રી બોલ્યા હોય અને વિધેયકની જગ્યાએ વિધાયક બોલ્યા હોય તો એનો સુધારો આપણે રેકર્ડ ઉપર જ કરી લઇએ. એટલે તમે જયારે રેકર્ડ કરો છો તો બધામાં વિધેયક શબ્દ વાપરીએ. વિધાયકની જગ્યાએ. બિલ પૂરતું જ પાછું. ધારાસભ્ય માટે નહીં. હા, બેન. ચાલુ કરો.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મૃદુ અને મક્કમ લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ દ્વારા લોકોના જાહેર હિત માટે, ગરીબોની સમસ્યા માટે, શોષિતોની વેદના માટે, લોકોને જે તકલીફ પડી છે તેમના હિત માટે, આમ જનતાને કોઇ તકલીફ ન પડે તે માટે ગુજરાતના અનધિકૃત વિકાસને નિયમિત કરવાના આ સુધારા વિધેયકને સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યા છે, તેને હું દિલથી સમર્થન આપું છું અને આ વિધેયક પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વીસમી સદીના વિશ્વ વિખ્યાત સાઇકોલોજીસ્ટ અબ્રાહમ માસલોની એક થીયરી છે. 'માસલો ઓફ નીડસ' એમાં કહેવાય છે કે દરેક માણસની પાંચ મૂળભૂત જરૂરિયાતો હોય છે અને આ પાંચ મૂળભૂત જરૂરિયાતો માટે માણસ જીવન પર્યંત કામ કરે છે. આ જરૂરિયાતો છે રોટી, કપડા અને મકાન.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સર્વ જન હિતાય, સર્વ જન સુખાય. જયાં માનવી ત્યાં સુવિધા અને દરેકને પોતાનું ઘરનું ઘર મળે એ માટેનો હંમેશા એમનો અભિગમ રહ્યો છે. સમયાંતરે દરેક લોકો પોતાનું ઘરનું ઘર ઇચ્છતા હોય છે. પોતાના પાસે પોતાની ઘરની દુકાન હોય એવું ઇચ્છતા હોય છે. પરંતુ જયારે પરિવારનું વિસ્તરણ થાય છે ત્યારે આવા લોકોને નાનું મોટું બાંધકામ કરવું પડતું હોય છે. ત્યારે જયારે આવા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ઉપર જયારે પાંચ, દસ, પંદર, વીસ વર્ષે જયારે નોટિસ આવે છે ત્યારે એના ઉપર આભ તૂટી પડે છે અને એ ખૂબ જ મુંઝાઇ જાય છે. આવા લોકોની ચિંતા કરતા, આવા લોકોની વેદના સમજતું આ સુધારા વિધેયક બિલ આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું છે.

છેલ્લાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર, ભાજપની સરકાર, વિશ્વાસની સરકાર, વિકાસની સરકાર અને ભરોસાની સરકાર છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું છે કે કોઇપણ નાગરિકને આ બિલથી વધારે ને વધારે લાભ મળી શકે એ માટે થઇને આ સુધારા વિધેયક બિલ લાવવામાં આવ્યું છે.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, ગત દિવસોમાં હું રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તરીકેની જવાબદારી જયારે સંભાળતી હતી ત્યારે સમગ્ર સન્માનનીય ગૃહ સમક્ષ એ વાત મૂકવા માગું છું કે જયારે આ વિધેયક ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું ત્યારે ૪ મહિનામાં રાજકોટ મહા નગરપાલિકામાં માત્ર ૪૫૦૦ અરજી જ આવેલી હતી. પરંતુ ત્રીજી ફેબ્રુઆરી-૨૦૨૩થી જયારે ઓનલાઇન અને ઓફ લાઇન. બન્ને સુવિધા આમ નાગરિકો માટે શરુ કરવામાં આવી ત્યારે માત્ર ૧૪ દિવસમાં ૨૨૦૦થી પણ વધારે અરજીઓ આ વિધેયક માટે થઇને આવી છે. અને એ માટે હું આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અંતમાં આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને એક સુંદર જીવન માટે આશાવંત એવી પંક્તિઓ મારા વકતવ્યના વિરામ સાથે આપું છું.

**आसमां में सिर उठाकर घने बादलो को  चिर कर रोशनिका संकल्प लेके अभी तो सूरज ऊगा है, द्रढ़ निश्चय के साथ चलकर हर मुश्किल को पार कर, घोर अंधेरे को मिटानेके लिए अभी तो सूरज ऊगा है, विश्वास की लो जलाकर विकास का दीपक लेकर सपनोंको साकार करने अभी तो सूरज ऊगा है**

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક બિલને હું દિલથી સમર્થન આપું છું અને આપ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, બિન અધિકૃત બાંધકામ અને વિકાસને કાયદેસર કરવા માટેના વિધેયકને લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા સૂચનો અને સજેશનો છે તે આપની સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ લાવવું પડયું અને અનેક વખત બિલ સરકાર લઇને આવી છે ત્યારે એક શેર કહું, **की आशियाने  की बात करते हो, आशियाने की बात करते हो, दिल जलाने की बात करते हो, आशियाना** એટલે મકાન, **की आशियाने की बात करते हो, दिल जलानेकी बात करते हो, सारे दुनियाके रंजो गम देकर मुश्कुराने की बात करते हो.**

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ સરકાર લઇને આવી છે અને આ બિલની અંદર દરેક સભ્યશ્રીઓએ સરકારની પ્રસંશા કરી છે, મારા અમદાવાદના સાથી ધારાસભ્યશ્રીઓ સારી રીતે જાણે છે કે હું પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચાર ટર્મ મ્યુનિસપલ કાઉન્સીલર રહ્યો, અમિતભાઇ મેયર હતા. અમુલભાઇ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હતા, ખૂબ સારી રીતે અમદાવાદનો વિકાસ થાય, સી. એમ. સાહેબ પણ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હતા અને ઔડાના ચેરમેન પણ હતા, એટલે અહીંયા સરકારમાં બેઠેલા મોટી પોસ્ટ ઉપર જે લોકો બેઠા છે તે બધા જ સાથે મેં કોર્પોરેટર તરીકે અમદાવાદ શહેરમાં કામ કર્યું છે. સરકાર હંમેશા ગરીબો માટે,  ગરીબને કેવી રીતે ફાયદો થાય તેની યોજનાઓ બનાવતી હોય છે. મારે ખાસકરીને હું અમદાવાદ શહેરમાંથી આવું છું એટલે અમદાવાદ  શહેરની વાત કરવી છે. અમદાવાદ શહેરમાં હું કોટ વિસ્તારમાંથી આવું છું. કોટ વિસ્તારની અંદર આખા શહેરની અંદર હેરીટેજ સિટી છે. અને હેરીટેજ સિટી હોવાના કારણે કોટ વિસ્તારની અંદર જે બાંધકામ થાય છે તે આપ પણ જાણો છો અને અમિતભાઇએ કહ્યું, એમના વેવાઇ હતા *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ બેસો, માનનીય અમિતભાઇ, આપે પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે? આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો બોલો. શું છે પોઇન્ટ ઓફ ઓર્ડર? માનનીય ઇમરાનભાઇ આપ બેસો. માનનીય અમિતભાઇ, આપનો શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી અમિત શાહ : સાહેબ, હું એમને કહેવા માગું છું કે......

અધ્યક્ષશ્રી : નહીં કહેવા નહીં, તમે ઇમરાનભાઇને નહીં કહી શકો, જે કહેવું હોય તે મને કહો,

શ્રી અમિત શાહ : હું એમને એ કહેવા માગું છું કે આ બિલને જો ટેકો નહીં આપે અને જો આ દરખાસ્ત માટે એ વિસ્તારમાં.........

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, એનો જવાબ આપવા માટે મંત્રીશ્રી છે, તમે જવાબ નહીં આપી શકો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, બેસી જાઓ, પ્લીઝ બેસી જાઓ. ઇમરાનભાઇ, આપ પણ બેસો. મંત્રીશ્રી કંઇક મૂવ કરવા માટે વાત કરે છે. માનનીય મંત્રીશ્રી, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?  માનનીય મંત્રીશ્રી, આપ કંઇ મુવ કરવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ બોલતા હતા ત્યારે ગૃહમાં જે હાજર નથી એવા માનનીય સ્વ. અશોકભાઇ ભટ્ટ, માનનીય ભૂષણભાઇ એના ઉપર આક્ષેપો થતા હોય એ પ્રકારની વાત અહીંયા ગૃહમાં પ્રદર્શિત થઇ એ શબ્દો રેકર્ડ ઉપરથી આપે દૂર કરવા જોઇએ જેથી ભવિષ્યમાં નવી પેઢી એ વાચી ન શકે.

અધ્યક્ષશ્રી : ગૃહમાં હાજર નથી તેવા સભ્યશ્રીઓની વાત હોય એમણે અજુગતા નામ સાથે વાત કરી હોય તો એ વાત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક,૨૦૨૩

શ્રી ઈમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને આવ્યા છે એમાં હું મારા સૂચનો રજૂ કરવા માગું છું. અમદાવાદ શહેરમાં ખાસ કરીને કોટ વિસ્તાર હેરીટેઝ સિટી હોવાને કારણ ત્યાં બાંધકામ થાય છે એ બાંધકમના પ્લાન મૂકીએ તો એ મંજૂર થતા નથી એટલા માટે લોકો ગેરકાયદેસર બાંધકામ કરે છે. કોટ વિસ્તારમાં મોન્યુમેન્ટની પરવાનગી ન મળવાને કારણે પ્લાન મૂકીએ એ રીજેકટ થઇ જાય છે. આપ બિલ લઇને આવ્યા છો ત્યારે કદાચ કોઇ ગરીબ હશે એને ફાયદો થશે ખાસ કરીને મારે એ કહેવાનું છે કે આ બિલની અંદર સુધારા કરવાની જરૂરી છે. અમદાવાદ શહેરની અંદર એફ.એસ.આઇ. વધારવાની જરૂર છે એ વધારવામાં આવશે તો લોકો ગેરકાયદેસર બાંધકામ નહિ કરે. અત્યારે પ્લાન મૂકીએ પરંતુ હેરીટેઝ સિટી હોવાને કારણે એ મંજૂર થતા નથી એના લીધે લોકો પછી ગેરકાયદેસર મકાનો બનાવી દે છે. તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક તો આપે જી.ડી.સી.આરમાં સુધારો કરવાની જરૂર છે. એ સુધારશો તો લોકો ગેરકાયદેસર બાંધકામ નહિ કરે પહેલા પ્લાન મંજૂર કરાવીને પછી બાંધકામ કરશે. કોટ વિસ્તારમાં ખૂબ નાની ચાલીઓ અને પોળો આવેલી છે એમાં કોઇને પ્લાન મંજૂર કરાવવા હોય તો ત્યાં ગામતળની જગ્યા હોવાને કારણે એ મંજૂર થતા નથી એટલે એમાં સંશોધન કરીને એફ.એસ.આઇ. અને જી.ડી.સી.આર.માં સુધારો કરવો જોઇએ એ કરશો તો તમારે વારંવાર આ બિલ લાવવાની જરૂર નહિ પડે. અમદાવાદ શહેરની વાત કરીએ તો એકબાજુ સીંધુ ભવન અને એસ.જી. હાઇવે છે ત્યાં ૪૦ માળની બાંધકામની પરવાનગી મળી શકે છે જયારે કોટ વિસ્તારમાં પાંચ માળના બાંધકામની મંજૂરી મળતી નથી એવી લોકોની ફરિયાદો છે. તેથી સરકારે જી.ડી.સી.આર. અને એફ.એસ.આઇ. વધારવી જોઇએ. માનનીય મંત્રીશ્રી ચોક્કસ એમાં સંશોધન કરે અને અમદાવાદ શહેર અને ગુજરાતમાં આ બિલ લઇને આવ્યા છે ત્યારે વધારેમાં વધારે લોકો એનો લાભ લે તેવું ઇચ્છુ છું. ગામતળની જગ્યા હોવાને કારણે તથા મોન્યુમેન્ટ હોવાને કારણે ત્યાં પ્લાન મૂકીએ તો મંજૂર થતા નથી. બે થી ત્રણ માળનું બાંધકામ કરે તો પણ એને મંજૂરી આપવામાં આવતી નથી. એટલા માટે ખાસ કરીને અમદાવાદ કોર્પોરેશન અને બીજા જિલ્લાઓમાં કે જયાં નગરપાલિકા હોય એના દ્વારા નોટિસ આપવામાં આવે ત્યારે એમાં કુલ ત્રણ નોટિસ આપવામાં આવે છે એમાં જણાવે છે કે સાત દિવસમાં બાંધકામ દૂર કરી દો તેવું અરજદારને કહેવામાં આવે છે. એની એક નકલ પોલીસ સ્ટેશનમાં પણ આપવામાં આવે છે. એ આપ્યા પછી પોલીસ સ્ટેશનવાળા છે એ મકાનવાળાના ઘરે જાય છે અને મકાન ડિમોલેશન માટે પોલીસ બંદોબસ્ત આપવાનો છે. એટલે પોલીસ બંદોબસ્ત ન લેવો હોય તો તમારે પછી વ્યવહાર કરવો પડે. એટલે આ પ્રમાણે ખૂબ મોટા પ્રમાણમાં લોકોને હાડમારી અને તકલીફ થતી હોય છે. અમુલભાઇએ પણ કહ્યું કે અમદાવાદ શહેરમાં આર.ટી.આઇ. કરવાવાળા એટલા બધા છે કે ગલીમાં કોઇ લારી ન જાય પણ આર.ટી.આઇ.વાળો પહોંચી જાય અને કોનું બાંધકામ થાય છે તેની માહિતી અધિકારી પાસે પહોંચી જાય. એ અધિકારી આર.ટી.આઇ.વાળાને તમે મળી લો તો તમારું કામ પૂરું થઇ જશે. અમદાવાદમાં એ પ્રમાણેની પરિસ્થિતિ છે કે એક ફ્લોરનું બાંધકામ તમારે કરવું હોય તો એક લાખ રૂપિયા આર.ટી.આઇ. કરવાવાળાને તમારે આપવા પડે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે તમે આ બિલ તો લઇને આવ્યા છો અને કોંગ્રેસ પાર્ટીએ અગાઉ સમર્થન કર્યું છે પણ તમારું સંશોધન છે અને મુદત વધારવા માટેનું આ બિલ છે ત્યારે મારી આપને વિનંતી છે કે જે એફ.એસ.આઇ. વધારવાની વાત છે તેના પર તમે ખાસ ધ્યાન આપજો અને જી.ડી.સી.આર. સુધારવાની વાત છે તેમાં તમે વધારે ધ્યાન આપશો તો અમદાવાદ શહેરમાં લોકોને તકલીફ પડી રહી છે એ દૂર થાય. આપે ગામતળની જગ્યાની વાત કરી છે તેમાં આપને સુધારો કરવાની જરૂર છે. મારા જે સૂચનો હતા તેનો માનનીય મંત્રીશ્રી અમલ કરે એટલું કહીને વિરમું છું. આભાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિભાઇ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા સુધારા અધિનિયમ-૨૦૨૩ લઇને આવ્યા છે તેને સમર્થન કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આ માનવીય અભિગમની હું સરાહના કરું છું. આ બિલ સંદર્ભે ખૂબ બધી ચર્ચાઓ અત્યારે પણ થઇ છે અને અગાઉ જ્યારે બિલ લાવવામાં આવ્યું ત્યારે પણ આ જ સરકારમાં સન્માનનીય ગૃહ સમક્ષ ચર્ચામાં વિદ્વાન સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, જેમ આજે પણ લીધો છે. અહીં એવી ચર્ચા થાય છે કે ૨૦૦૧માં આવું બિલ લાવ્યા, પછી અનેકવાર બિલ લાવ્યા. હું કોઇ ટીકા-ટિપ્પણી વગર ધ્યાન દોરું તો ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. દોઢ વર્ષ રાજપાનું શાસન રહ્યું જે કોંગ્રેસના સમર્થનનું હતું. તો શું ૧૯૯૫થી ૨૦૦૧માં જ આ બધા મકાનો બની ગયા હશે? આ બધી દુકાનો બની ગઇ હશે? આ પ્રકારની વાતથી પ્રજાનું હિત ક્યારેય જળવાઇ શકવાનું નથી. કેવી રીતે, કઇ સ્થિતિમાં સરકારો ચાલતી હતી. મનફાવે ત્યાં બાંધી દેવાનું. મન ફાવે એ કરી લેવાનું. આ પરિસ્થિતિ ભૂતકાળની વિપક્ષની સરકારમાં રહી છે. તેના કારણે જ અનેક પ્રશ્નો થયા છે. હું એમ નથી કહેતો કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ નહીં બન્યું હોય, પણ મોટા ભાગના પ્રશ્નો એટલે ઉદભવ્યા છે અને એટલે જ ૨૮ વર્ષ પછી જનતાએ ભાજપને શાસન આપ્યું છે. આજે પણ નથી ભૂલી શક્યા. બધું જ ખુલ્લું મૂકી દીધું છે એ પ્રકારની ચર્ચાઓ વિપક્ષના કેટલાક વિદ્વાન સાથી મિત્રોએ કરી. બિલમાં એમણે પણ જોયું હશે. તમે અને અમે જોયું છે કે તેમાં ચોક્કસ મર્યાદાઓ નક્કી થઇ છે. મારો જેટલો પ્લોટ હોય તો બધું બાંધી દેવું અને સરકાર મંજૂર કરે છે. આવું માનનીય ઋષિભાઇ લઇને આવ્યા નથી. ભૂતકાળમાં આ જ બિલને સમગ્ર ગૃહે સમર્થન આપ્યું છે. સમયે સમયે સ્થાનિક જરૂરિયાતો અને સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટના નિર્દેશનોને ધ્યાનમાં લઇને તમામ સરકારોએ આ બધું કરવું પડતું હોય છે. આજે અહીં આ બિલ પ્રસ્તુત થયું છે. અહીં તો એવી પણ વાત થાય છે કે કોર્ટમાં આવું કહ્યું હતું, કોર્ટમાં આમ વાત થઇ હતી તો શું આપણે કોર્ટની ઉપરવટ છીએ? તો કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ થાય. આ

પ્રકારની ચર્ચાઓ મને એવું લાગે છે કે જે સિનિયર સભ્યશ્રીઓ કરે છે પણ આપણે કોર્ટના આવલોકનો, નિદર્શનોને આપણે બધાએ બંધાવું જ પડે. એને ધ્યાનમાં રાખીને જ આ બિલ સરકાર લાવી હોય છે. અહીંયા ચર્ચા એવી થાય છે કે બધો જાણે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ બગાડ થઇ ગયો છે. રેરાનો કાયદો માનનીય વડાપ્રધાનશ્રી લાવ્યા છે. હવે જે માલમિલકતો વહેંચાય છે એની જોગવાઇઓ સુનિશ્ચિત થઇ છે એટલે દર વખતે ચાલ્યું છે એટલે ચાલ્યું જ આવશે આ માનસિકતાથી ચર્ચા કરવી એ કેવું? અહીંયા ચર્ચા કરવી એ બધાનો અધિકાર છે એમાં હું ના કહી શકું અને આપ પણ ના કહી શકો પણ રાજયની જનતાને આપણે જે મદદ કરવાનો વિષય છે એની ઘણી બધી ચર્ચાઓ થઇ, ઓફ લાઇન, ઓન લાઇન, તારીખો આ બધી થઇ, સમયની માંગ સાથે ઓફ લાઇન પણ આપ્યું છે. એની પણ જરૂરીયાતો હોય, ચૂંટણીની પણ વાતો થઇ, સમય અવધીની પણ વાતો થઇ, સરકારે અનેક પ્રયાસો કર્યા હોય અને એ કરતા જ હોય છે. આ વખતે પણ આ બિલ પછી પણ આ પ્રયાસોને અવિરતપણે સરકારે અને આપણે સૌએ એ ચાલુ રાખવા જ પડશે. ગુજરાતના અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના અધિનિયમ ૨૦૨૨ની કલમ-૫ (૨)ની જોગવાઇ, વારેવારે એટલે કે દરેક વખતે નહીં પણ સમય સંજોગો એવા થયા હોય તો જે ગૃહનો અધિકાર છે એમાં એકસ્ટેંન્શન કરવા માટે માત્ર ના આવવું પડે, કાયદાના સુધારાઓ એ સરકાર આમાં નથી કરી શકવાની, અત્યારે અહીંયા જે વિધેયક રજૂ થયું છે એ ભૂતકાળમાં કાયદો હતો એનું સુધારા વિધેયક છે. એનું જ એકસ્ટેંન્શન થવાનું છે. એવો મેસેજ ના જાય કે સરકાર પછી એના કાયદાઓ પણ સુધારીને ઇચ્છા થાય એ રીતે કરી દેવાની છે. બહુ સ્પષ્ટ જોગવાઇઓ આમાં આપી છે ત્યારે કેટલીક અરજીઓ, કેટલીક રજૂઆતો જે લેખિતમાં છે એના આધાર ઉપર સરકાર આ બિલ લઇને આવી છે એવા સંજોગોમાં સમયમર્યાદા વધારવાની પ્રજા માટે અત્યંત જરૂરી બની છે. ભવિષ્યમાં કોઇ એવા સંજોગો ઊભા થાય તો સરકારશ્રી એમાં કરી શકે એ માત્ર ઉદ્દેશ છે. વારે વારે ગૃહ નથી મળવાનું, આના સેમ્પલ સરવે થયા છે, ધ્યાનમાં આવ્યું છે, મને જે માહિતી છે ત્યાં સુધી એની અરજીઓ આવી છે, અહીંયા એવી ચર્ચા થાય છે કે બિલ્ડરોને ફાયદો છે, બધું બિલ્ડરોને આપી દેવાનું છે આ મેસેજ છે. આપણે બધા સરકાર છીએ, જે અરજીઓ આવી છે એમાંથી ૭૦ ટકા એ મકાનોની અરજીઓ છે. જે વ્યકિત પોતે મકાનધારક છે એવી ૭૦ ટકા થી પણ વધુ આવી અરજીઓ છે. ૨૦ ટકા કોમર્શીયલ છે આ પ્રકારે ધ્યાનમાં આવ્યું એટલે સરકારશ્રીએ હું તો એમ કહીશ કે આ બિલને આપણે અલગ રીતે જોઇએ તો આ બિલ એ ગેરકાયદેસર નહીં, ઘરકાયદેસર કરવાનું બિલ છે. ઘર કાયદેસર કરવું છે. એટલા માટે આ બિલ માનનીય ઋષિભાઇ, પ્રભારી મંત્રીશ્રી લાવ્યા છે. કાયદાઓની વાત થઇ ત્યારે સન ૧૯૪૯, ૧૯૭૬, આ બધા કાયદાઓ છે જ , સમયે સમયે એમાં સુધારા આપણે કર્યા છે. ખાસ જો આપણે જોઇએ તો આપના મારફત સન્માનનીય ગૃહને જણાવવાનું કે કયારેક કેટલોક અપ્રચાર થાય છે, બિલ્ડરો માટે છે પણ એવું નથી. હમણાં ઇમરાનભાઇએ વાત કરી કે કાયદા છે એટલે લોકોને ગેરકાયદેસર કરવું પડે છે પણ એવું નથી નાની નાની બાબતો છે એને ઘેર કાયદેસર કરવાની વાત છે. ગેરકાયદેસરની નાની નાની બાબતો છે, બહુ મોટી બાબતોને આમાં નથી લીધી. આ બધી બાબતોમાં તો કોર્ટમાં પણ એ જઇ શકે છે. એને પણ સરકારશ્રી ધ્યાનમાં રાખતી હોય છે કે ભવિષ્યમાં કોર્ટમાં પણ એવું ના થાય કે કોઇ બીજા વધારાના લોકો લાભ લઇ જાય, જે સામાન્ય જરૂરિયાતમંદ લોકો છે,એમને લાભ અપાવવા માટેનું આ બિલ છે ત્યારે હું સન્માનનીય તમામ સભ્યશ્રીઓને કહેવા માગું છું કે, ખરા અર્થમાં આપણે જાહેર જીવનમાં છીએ, જાણીએ છીએ, આપણા અંતરાત્માને પૂછીએ કે આ બિલ કોઇ બિલ્ડરને ફાયદો કરશે? તો જવાબ મળશે ના. આ બિલ્ડરોને ફાયદો ન કરે. એ તો વેચીને જતા રહ્યા છે. વર્ષો જૂના મકાનો છે. એ જતા રહ્યા છે. કેટલાક લોકોએ એ પ્રકારે વેચી દીધા હોય તો ચોક્કસ આપણે કાયદાકીય પગલાં લઇએ પણ એ પછી પણ બનાવ્યા હોય એવા સંજોગો ઊભા થતા હોય છે ત્યારે આમાં હોસ્પિટલો, સ્કૂલો, સામાજિક સંસ્થાઓ જે લોકોને ખૂબ ઉપયોગી થાય છે. એવી પણ અનેકવિધ સંસ્થાઓનો આમાં સમાવેશ થાય છે. કોઇ સ્કૂલ હોય, હોસ્પિટલ હોય, ઘરની આસપાસ હોય ત્યારે એમને ઉપયોગી થઇ શકે. સામાન્ય પબ્લિક આમાં આવે છે. એટલા માટે થઇને આ બિલ અહીંયા લાવવામાં આવ્યું છે. આમાં સંવેદનાનો વિષય છે. અહીંથી કેટલીક વાતો થઇ છે કે કેટલાક લોકો, માનનીય અર્જુનભાઇએ વાત કરી છે કે અરજીઓ કરીને લેભાગુ તત્વો ક્યારેક બ્લેકમેલ કરીને પોતાનું હિત સાધતા હોય છે. એને અટકાવવા માટેનો આ મહત્વનો સુધારો છે. આપણે સમર્થન કરવું જોઇએ. એક બાજુ કહીએ છીએ કે આવું થાય છે તો લોકોને સારી સવલતો મળે, લેભાગુ તત્વોને ગેરકાયદેસર પૈસા ન આપવા પડે એ પ્રકારે આ બિલ અહીંથી લાવ્યા છે ત્યારે હું માનું છું કે જન આશિર્વાદનું મોટું કામ આ સુધારા વિધેયકમાં આપણે સૌ મળીને કરવા જઇ રહ્યા છીએ. અનેક બાબતોની ચર્ચા અહીંથી થઇ છે ત્યારે હું કહીશ કે સરકાર તો કરશે. દા.ત. મારા વિસ્તારમાં કાળિયા બીડ છે એ એશિયાની સૌથી મોટી ગેરકાયદેસર વસાહત. સરકાર ભારતીય જનતા પક્ષની હતી? ૪૦-૪૫ વર્ષ જૂની એક કાળી ટીલી સમાન હતી. શ્રીમતી આનંદીબેન મુખ્યમંત્રી હતા ત્યારે એ આખો એરિયા કાયદેસર કર્યો અને ગેરકાયદેસરતાની કાળી ટીલીને દૂર કરી. અનેક સૂચિત સોસાયટીઓ છે, શું ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બની હતી? સમયની માગ સાથે આપણે સૌ સાથે મળીને આપણે પણ પત્રિકાઓ છપાવીએ. પ્રાઇવેટ સ્કૂલ, હોસ્પિટલ વગેરે માટે આપણે પત્રિકા છપાવીએ. કોઇ કોર્ટનો હૂકમ આવી જશે તો આપણે ઇચ્છતા હોઇશું તો પણ નહીં મદદ કરી શકીએ. હું કરવાનો છું. કાળિયા બીડમાં જાહેરમાં વાત કરી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ વિકાસની વાત કરે છે ત્યારે જે કરવા જેવું છે એ કરી લેવું જોઇએ. સૌ સાથે મળીને આવો એક અભિયાન ઉપાડીએ. હું પણ ઋષિભાઇને સૂચન કરું છું કે, કેટલીક અરજીઓ ચાર-છ મહિનાની હોઇ શકે પણ છ મહિના પછી જેની અરજી હાથમાં લેવામાં આવતી હોય, એવું લાગતું હોય તો સરકારની પ્રાયોરિટી કદાચ અન્ય કામની હશે, ઇરાદો ન હોય તો એ અરજી વહેલામાં વહેલી હાથમાં લઇને એક-બે મહિનામાં જે નિયમબધ્ધ કરવા જેવું છે એનો

નિકાલ કરી શકાય કે કેમ? એપેલેટ ઓથોરિટીમાં અનેક કેસો આ પ્રકારના હશે તો મને લાગે છે કે આપણો હેતુ છે, પ્રજાની ઇચ્છા, સભ્યશ્રીઓની મહેચ્છા એટલા માટે સફળ થશે કે મારું મકાન થઇ ગયું, દુકાન થઇ ગઇ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાનો હશે તો થોડો સમય વધારવો પડશે અથવા એમણે શોર્ટ કરવું પડશે. એટલા માટે મેં સવારે પ્રપોઝલ મૂકી હતી અને મેં વાત પણ કરી હતી. એમને પ્રવચન કરવા માટે સમય જોઇતો હોય તો મારી પાસે નક્કી કરેલો સમય છે. જીતુભાઇ બે મિનિટ બોલે પણ આપ ઊભા થઇને એક વખત દરખાસ્ત કરી દો.

**સભાગૃહનો સમય લંબાબવા બાબત**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી બે મિનિટમાં પ્રવચન પૂરું કરશે અને તરત જ મંત્રીશ્રી ઋષિકેશભાઇ શરૂ કરશે અને તેમનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની મારી દરખાસ્ત છે.

ડો. સી.જે. ચાવડા : સંમત છીએ.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સારો ટાઇમ મળી ગયો. સાહેબ, ધન્યવાદ પણ એનો ઉપયોગ નહિ કરું. આ પ્રકારની જો વ્યવસ્થા ઘણાં બધાં લોકોએ સૂચનો કર્યાં છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ઓપન મને સ્વીકારે છે ત્યારે આપણે એ દિશામાં પણ જો આગળ વધીએ અને મારી તો શ્રી ઋષિકેશભાઇને વિનંતી પણ છે કે સમયે સમયે રિવ્યૂ પણ થાય કે કયાં કેટલી અરજીઓ આવી છે? પરિપત્રો પણ સમયે એ પ્રકારના થાય તો વધારે ફાયદાનો આપણો અભિગમ છે એમાં આપણે વધારે સારી રીતે જનતા જનાર્દનને લાભ અપાવી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાતો કાયદા-કાનૂન, નીતિ-નિયમ મર્યાદાઓની થઇ છે ત્યારે મારે કહેવું છે કે કેટલાક તમારા સાથીમિત્રોએ કરી છે ત્યારે કાયદો તો પહેલા પણ હતો. શ્રી અર્જુનભાઇ આપ મારા મિત્ર અને વડીલ છો પોરબંદરની વાત છે એટલે આપને કહેતો હોય એવું ના લેશો. *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, તમે તો સિનિયર છો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : (xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપ બિલ ઉપર જ આવો. આપ સિનિયર છો. બિલને અને જેલને હવે કાંઇ લેવા દેવા નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : હું બિલ ઉપર આવું છું. કાયદા-કાનૂન, નીતિ-નિયમની વાતો સરકાર આવું કરે છે તો પણ આવું થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સ્કોપની બહાર નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપ બેસશો. પોઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા: મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે (xxx) આ જવાબ આપવા માટે હું તૈયાર છું.

અધ્યક્ષશ્રી : હા, એના માટે અલગ રાખજો અત્યારે રહેવા દો. આજે માત્ર બિલ ઉપર જ બંને બાજુએથી બોલો. (xxx)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (xxx)માનનીય અધ્યક્ષશ્રી, હું સ્કોપ ઉપર આવું છું, મારે નહોતું બોલવું પણ સરકારની જે પ્રકારે ટીકા થઇ સરકાર કાયદા લાવે છે તો પણ આવું થાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં બિલ સિવાયનું બાકીનું તમે ના લેશો. સામ સામે ચર્ચા ના કરો. બિલ ઉપર જ સીધી વાત કરો. પોલિટિકલી વાત કરવાનો તમને ઘણો સમય મળશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (બેઠાં બેઠાં) : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ના, રેકર્ડ ઉપરથી તો એમનું પણ દૂર થાય.

અધ્યક્ષશ્રી : વિવાદાસ્પદ ઘટનાઓ હોય એ રેકર્ડ ઉપરથી દૂર થાય. (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : ના, ના, માનનીય અધ્યક્ષશ્રી, આપ સ્કોપ બહાર બોલ્યા હોઇએ તો દૂર થાય તો સ્કોપ ઉપર અહીંયા જે જે સરકારનું બોલ્યા છે એ પણ દૂર થવું જોઇએ એવી મારી આપને લાગણી છે.

અધ્યક્ષશ્રી : ના, ના, સ્કોપ કે વિવાદાસ્પદ બોલ્યા હોય એ બધું દૂર થાય.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સ્કોપની બહાર એ પણ બોલ્યા હશે, જે સ્કોપમાં ના હોય એ પણ દૂર થાય આ મારી લાગણી છે. સ્કોપ બહાર એ પણ બોલ્યા હશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxx)આ કોઇ પ્રશ્ન જ નથી મારા ભાઇ. (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : રેકર્ડ ઉપર જ છે. (xxx), (અંતરાય) મારી વિનંતી છે સરસ મજાનું બિલ, પ્રજાહિતનું બિલ નવી સરકાર આવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું વિચાર તો હતો કે ગયા વખતે આ બિલને ટેકો આપ્યો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હવે આમાં તો એક્ષ્ટેશન કરવાની વાત છે તો ચાર મહિનામાં કાંઇ કરોડો કરોડો મકાનો કાંઇ અનિયમિત નહીં થઇ ગયા હોય તો પણ કેમ એ અમારા ઋષિકેશભાઇ પાસે શરતો મૂકે છે કે આટલી શરતો હોય તો અમે સમર્થન કરીશું પણ મને અવું લાગે છે કે કદાચ વિપક્ષ પણ બનવા માટે પણ જનતા જનાર્દને એ મત નથી આપ્યા એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે એમને આ વખતે સમર્થન નથી કરવું.જનતાની વાત છે. જનતાની વાતને સ્વીકારીએ અને જનતાના લાભને સ્વીકારીએ. હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, ૨-૨ મિનિટમાં પૂરું કરવું પડશે. તમારા સજેશન સીધા આપી દો. પ્રદ્યુમનસિંહજીએ પણ વાત કરી છે તો હવે સમય નથી. ડાયરેકટ તમારું સજેશન આપજો. બિલ અંગે મુદ્દા ઉપર જ વાત કરજો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમિત કરવા બાબત સુધારા વિધેયક, ૨૦૨૩ ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨ વધુ સુધારવા બાબત વિધેયકમાં મારા સૂચનો છે. હું આ બિલને મારા વતી અને પાર્ટી વતી સમર્થન જાહેર કરું છું પણ સમર્થન જાહેર કરતા કરતા સૂચન પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂચન એ છે કે વારંવાર કેમ સુધારા વિધેયક બિલ લાવવું પડે છે? એ મંત્રીશ્રીએ અને સરકરશ્રીએ વિચારી લેવું પડશે કે આ છેલ્લું સુધારા બિલ છે હવે પછી સુધારા બિલ ન લાવવું પડે એ પણ જોઇ લેવું પડશે. બીજું સૂચન મારું છે એ મેં માનનીય અધ્યક્ષશ્રીને મેં મારા બોટાદ વિસ્તારમાં સંકલન સમિતિમાં મારો વિષય મૂકેલો કે અમારો પાળીયાદ રોડ અને ટાવર રોડ છે એ ગીચ રસ્તાવાળો છે ત્યાં અનેક નવનિર્મિત શોપિંગ સેન્ટરો હાલમાં ઊભા થઇ રહ્યા છે તો એને અટકાવવા માટે માનનીય કલેકટરશ્રી અને ચીફ ઓફીસરને મેં પત્ર લખેલો અને મને કલેકટરશ્રીના માધ્યમથી એમણે મને લેખિતમાં જવાબ આપ્યો છે જે મેં માનનીય અધ્યક્ષશ્રીના ટેબલે મૂક્યું છે. એમણે મને એવું કીધું કે અધિનિયમ સુધારા વિધેયક બિલ છે તો જે નવા શોપિંગ સેન્ટર બની રહ્યા છે જે પાર્કિંગ વગરના, બી.યુ. પરમિશન વગરના અને સાથોસાથ ફાયર સેફ્ટી વગરના તો એને પણ આપણે રેગ્યુલરાઇઝ કરવાનું બિલ સરકારશ્રી લઇને આવે છે તો આપણે એમાં કંઇ કરી નહીં શકીએ તો એનું પણ માર્ગદર્શન કલેકટરશ્રીને અને નગરપાલિકાઓને પણ મળી જાય અથવા તો આ બિલ વિશે હજી પણ એમને કંઇ સમજાવવામાં આવે અથવા તો આ બિલમાં સુધારો કરવામાં આવે કે જેમ કહેવામાં આવ્યું છે કે આ બિલ છે એ પ્રાઇવેટ જગ્યા માટે બાંધકામ કરવા માટે છે નહીં કે સરકારી ખરાબા, સરકારી ગૌચર કે એના ઉપર. તો ઘણા બધા અધિકારીઓએ કીધું મને બોટાદ ચીફ ઓફીસરે જ લેખિતમાં જવાબ આપ્યો છે કે નવનિર્મિત બીનકાયદેસર બાંધકામ થઇ રહ્યા છે અમારા બોટાદમાં હાલ એને કાયદેસર ગણવામાં આવે છે તો આ બિલ જેને કહેવાય એવા ભૂમાફીયાઓના રક્ષણ માટે ન બની જાય એવું ખાસ સૂચન છે. આપણે ઘરની વાત કરી કે ગરીબોની વાત કરી તો આપણે એમાં કોઇપણ પ્રકારની ફી ન લેવી જોઇએ. ફ્લેટ હોય, રહેણાકના મકાન હોય કે હોસ્પિટલ હોય આ પ્રકારનું જયારે આપણે રેગ્યુલર કરવાનું થતું હોય તો એમાં આપણે કોઇપણ પ્રકારની ફી ન લેવી જોઇએ એવું મારું ખૂબ અગત્યનું છે. સાથેસાથે એમાં સ્કૂલને પણ આવરી લેવી જોઇએ કારણ કે આ બધા માધ્યમો સેવાના છે તો એને જયારે રેગ્યુલર કરવાના હોય તો એને માટે શા માટે ફી લેવી જોઇએ? એને બિલકુલ ફીમાંથી મુક્તિ આપવી જોઇએ અને જે શોપિંગ સેન્ટરો છે એ શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગનો જે ૫૦ ટકાનો ઉલ્લેખ કર્યો છે, કોમન પ્લોટનો ૫૦ ટકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તો શોપિંગ સેન્ટર ટ્રાફિકના પ્રશ્નનું કારણ બને છે. જેમકે મારા બોટાદ મત વિસ્તારમાં અમારા રોડ ખૂબ સાંકડા છે. મોટા મોટા શોપિંગો બને છે એ પાર્કિંગ અત્યારથી જ નથી મૂકતા તો એને કારણે અત્યારે અમારે ખૂબ પ્રોબ્લેમ થઇ રહ્યા છે. જે અત્યારે બની રહ્યા છે અને આ બિલનો સહારો લે છે તો આ બિલનો સહારો ન લે અને નવા બનેલા શોપિંગ સેન્ટરો પૂરું પાલન કરે બી.યુ. પરમિશનનું, પાર્કિંગનું, ફાયર સેફ્ટીનું અને સરકારની ગાઇડલાઇન્સ મુજબ એ બને એવું મારું સૂચન છે અને આ બિલને મારા સૂચનો સાથે પૂરું સમર્થન આપું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારું આ જે સૂચન છે તમામ ૧૮૨ ધારાસભ્યશ્રીઓને લાગું પડે છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને ખાસ કહેવા માગું છું કે, આપણી સરકાર દ્વારા જે ગામોમાં અત્યારે નિશાળ છે, જે ગામોમાં અત્યારે રહેણાંકના મકાન છે, જે ગામો રેવન્યુમાં ચડેલા નથી, તેને આપણે લાઇટ, ગટર અને પાણી આપીએ છીએ. તે ગામોને સફાઇ માટે ટ્રેકટર આપીએ છીએ. જે જૂની ખરવાડો અને વાડા છે અને તેમાં જે મકાન બનેલા છે તેમાં આપણે સરકારની તમામ સુવિધાઓ આપીએ છીએ પણ તેમાંથી પંચાયતને એક પૈસો આવક થતી નથી. તો મારું એટલું જ કહેવાનું છે કે, આપણા વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન છે કે કોઇ માણસ ઘરવિહોણો ન હોવો જોઇએ. તો આવા મકાનો પંચાયતમાં ચડી કાયદેસર બની જાય તો પંચાયતને આવક થાય. સરકારમાંથી એક-એક મકાનને ત્રણ-ત્રણ લાખ રૂપિયા જે આપવા પડે છે તે પણ આપવા ન પડે. તે લોકો મકાનના માલિક બની જાય અને ગામડાના લોકોને ન્યાય મળે તેવું કરવું જોઇએ. જમીન કિમતી નથી ત્યાં તો ભેંસોના વાડા છે, ગાયોના વાડા છે, ખરવાડ છે. તેના માટે સરકારશ્રી વિચારે તેવી મારી વિનંતી છે. આ બાબતે નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : પંચાયત વિભાગની માગણી આવે ત્યારે આપે જે આ ચિત્ર દોરેલો કાગળ છે તે એમને એમ રાખજો. ફરીવાર કામ આવે.

## ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા)વિધેયક,૨૦૨૩

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી એક વિષય બાબતે માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કારણ કે અમે જયારે ચૂંટાયા તે પહેલાં આ કાયદો અમલમાં આવી ગયો હતો. આ કાયદો આવતા પહેલાં જે લોકો સામૂહિક સોસાયટીઓ કે ગેરકાયદેસર બાંધકામો ઉપર ફરિયાદો કરી ચૂક્યા હતા. તેમાં ચૂંટાતાની સાથે અમારી પાસે રજૂઆતો લઇને આવ્યા. કાયદામાં જોગવાઇઓને કારણે અધિકારીઓના હાથ બંધાયેલા હતા. કાયદો જયાં સુધી અમલમાં છે ત્યાં સુધી કશું જ તોડી શકતા નથી. તેના કારણે તે લોકો કોઇ કાર્યવાહી કરવા અસમર્થ હતા. આવા જે લોકો છે તેને વધારે સમય મળી જાય અને જે લોકો ફરિયાદ કરીને બેઠા છે તે લોકો કાયદાની તારીખ પૂરી થાય ત્યાં સુધી બેસી ન રહે તો આ કાયદો આવ્યો તે પહેલાં જે લોકોની ફરિયાદ આવી છે તે સંદર્ભે કંઇક કરવા માટે મંત્રીશ્રીને સૂચન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે આ બિલ સાથી સભ્યોએ અને અમારા સભ્યોએ પણ સર્વાનુમતે પાસ કર્યું. બિલ પાસ કર્યું તેનો મતલબ એવો છે કે, આ વિધાનસભાગૃહના તમામ સભ્યોને ઘર પરિવાર ધરાવતા, નાની નાની દુકાનોમાં ધંધો કરતા, પોતે ફલેટ લઇને બાલ્કની કવર કરી હોય તેવા લોકોની તેમને ચિંતા છે અને તેમના તમામ હકકો પ્રોટેકટ થાય અને તેમનું ઘર ના તૂટે, અર્થ ઉપાર્જનનું સાધન ન જાય તેની ચિંતા કરી તે સ્વાભાવિક છે. સૂચનો થાય, ટીકા પણ થાય પરંતુ અંતે ગુજરાતના હિતનો વિચાર સૌએ કર્યો છે એટલે હું તમામ સભ્યોને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇના ઘરનું શમણું રોળાઇ ના જાય તેની ચિંતા આ કાયદાથી આપણે કરી છે. કયાંક કોઇએ પોતે મકાન બનાવ્યું હોય અને એક ખૂણા ઉપર માર્જિનમાં દુકાન બનાવી હોય, નાનો મોટો ઘરને ટેકો થાય તે પ્રમાણેની પ્રવૃતિ થતી હોય તો તેના ઘરના ટેકાને નહીં છિનવી લેવાનું આ કાયદાથી પ્રસ્થાપિત થયું છે. ઘણા બધા વિષયો છે. ગઇ વખતે ખૂબ બધી વાત મેં કરી હતી. પૂરતી વિગતે કરી હતી. પરંતુ આજે આ નાનકડા સુધારા સાથે આ બિલ આપણે આ ગૃહમાં લાવ્યા છીએ ત્યારે આ બિલના જે પ્રોવિઝન્સ હતા તે ઝડપથી (એટ એ ગ્લાન્સ) નજર પડી જાય તેના માટે આ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું. તા. ૧૭-૧૦-૨૦૨૨થી આપણે આ કાયદો ઓર્ડિનન્સ દ્વારા અમલમાં લાવ્યા છીએ. ગુજરાતની તમામ ૮ મહાનગરપાલિકાઓ, ૨૪ શહેરી વિકાસ સત્તામંડળો અને ૧૪૬ નગરપાલિકાઓમાં આ કાયદો લાગુ પડે છે એટલે કે લગભગ ૫૦ ટકા ગુજરાતમાં રહેતી વસતિને આ કાયદાનો લાભ મળી રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર શું થઇ શકે, શું ન થઇ શકે, કેવા પ્રકારના બાંધકામ રેગ્યુલરાઇઝ થશે, કેવા નહીં થાય? એવી માનનીય શૈલેષભાઇએ પણ ચિંતા કરી હતી અને અન્ય સભ્યશ્રીઓએ પણ ચિંતા કરી હતી. રેરા કાયદા હેઠળ જે બાંધકામોને નોટિસ આપી હોય, વર્ષ ૨૦૧૭માં રેરાનો કાયદો અમલમાં આવ્યો એટલે લગભગ મોટા શહેરોમાં જ્યાં આગળ રેરા અસ્તિત્વમાં આવ્યા પછી જે જે નોટિસો અપાઇ એ નોટીસોવાળા બાંધકામ આપણે કોઇ રેગ્યુલરાઇઝ કરવા જઇ રહ્યા નથી. આમાં માર્જીન રેગ્યુલરાઇઝ કરીશું, બિલ્ટઅપ, મકાનની ઊંચાઇ, ઉપયોગમાં ફેરફાર, બાલ્કની કવર્ડ, કવર્ડ પ્રોજેકશન અને પાર્કિંગ એ પણ ૫૦ ટકા માટે ફી લઇને આપણે નિયમબદ્ધ કરીએ છીએ અને ફી પણ ખૂબ જ ઓછી દરેક વ્યક્તિને પોસાય એવી ફી દ્વારા આ તમામ વસ્તુઓ આપણે એને રેગ્યુલરાઇઝ કરીએ છીએ. સોસાયટીમાં પણ ૫૦ ટકા કવરેજની મર્યાદાને આધિન મળવાપાત્ર ઉપયોગ પણ આપણે એમાં લઇ લઇએ છીએ. નિયત પાર્કિંગની જોગવાઇ ૫૦ ટકા સ્થળે શક્ય ન હોય તો દૂર ૫૦૦ મીટરની ત્રિજિયામાં ૩ મહિનામાં જો આપણે પાર્કિંગ પ્રોવાઇડ કરીએ તો પણ એ મકાન રેગ્યુલરાઇઝ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કિસ્સામાં મળવાપાત્ર એફ.એસ.આઇ. એકથી ઓછી હોય, રહેણાંક ઉપયોગ સિવાયના બાંધકામોમાં સી.જી.ડી.સી.આર. મુજબ મહત્તમ મળવાપાત્ર એફ.એસ.આઇ. કરતા ૫૦ ટકા વધારે એફ.એસ.આઇ.થતી હોય તો તે, પ્લોટની હદથી બહાર નીકળતા પ્રોજેકશન એટલે કે માનો કે એક પ્લોટ છે તો એ પ્લોટની અંદર જો કવર્ડ પ્રોજેકશન હોય તો એ રેગ્યુલરાઇઝ કરી શકીએ પરંતુ એ હદ બહાર પ્રોજેકશન જતું હોય તો એને આપણે કવર્ડ કરી શકતા નથી. સરકારી સ્થાનિક સત્તામંડળોની જમીનો ઉપરના બાંધકામ, ચોક્કસ હેતુ માટે સંપાદન કે ફાળવણી કરાયેલ જમીનો, જાહેર રસ્તામાં આવતી જમીનો, જળ પ્રવાહને જળસ્રોત જેવા કે તળાવ, નદી, કુદરતી જળ પ્રવાહ વગેરે ઓબ્નોસીયસ અને હેઝાર્ડસ ઔદ્યોગિક વિકાસના હેતુ માટે નિયત કરાયેલ વિસ્તાર, શૈક્ષણીક સંસ્થા સાથે જોડાયેલા રમત-ગમતના મેદાન આ આપણે નિયમબદ્ધ કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ફાયર સેફ્ટીના કાયદા મુજબ સુસંગત ન હોય, સ્ટ્રકચરલ સ્ટેબિલિટીની જરૂરિયાત જળવાતી ન હોય, રેરાના કાયદા હેઠળ બિન અધિકૃત બાંધકામ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ કાયદા મુજબ સુસંગત ન હોય તેવા બાંધકામો અને આજે ફી ઉઘરાવીએ છીએ એ પણ એક ભંડોળમાં જમા થાય અને એનો ઉપયોગ આપણે સવલતો અને ઇન્ફ્રાસ્ટ્રકચર સવલતો ઊભી કરવા માટે કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે રેગ્યુલરાઇઝ થાય એ તમામ મિલકતો એ રેગ્યુલરાઇઝને બી.યુ. પરમીશન સમકક્ષ જ ગણવાનું આ કાયદાથી આપણે સુનિશ્ચિત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાથી ૧.૧૦.૨૦૨૨ પછીની કોઇ પણ પ્રોપર્ટી આપણે રેગ્યુલરાઇઝ કરતા નથી. અરજી કરવાની, ફી ભરવાની, મંજૂરી-નામંજૂરીના હુકમની સમગ્ર પ્રક્રિયા આપણે ઇ પોર્ટલ ઉપર કરીએ છીએ. લગભગ મેં પહેલા પણ કહ્યું કે બે મહિના સુધી ખૂબ ઓછી અરજીઓ આવી હતી પરંતુ જેવી ઓફ લાઇન કરવાની છૂટ આપી એની સાથે લગભગ ડબલ જેવી એટલે કે ૫૭ હજાર કરતા વધારે અરજીઓ ગુજરાતમાંથી આપણને મળી એટલે કે છેલ્લા બે મહિનામાં અરજી કરવાનો ધસારો થયો અને એમાં પણ ઓફ લાઇન કર્યા પછી લોકોમાં ખૂબ ઉત્સાહ વધ્યો. ૧૨૫ ચોરસ મીટર સુધીના જે

મકાનો આપણે રેગ્યુલરાઇઝ કરવા હોય તો તેમાં કોઇ એન્જિનિયરની આપણને જરૂર પડતી નથી કેવળ તમે સ્કેચ બનાવી જાતે માપ લઇને પણ તે અરજી કરી શકે તે પ્રકારનું પ્રોવિઝન છે એટલે ખૂબ મોટી ફી આપવી પડતી હોય એવું નથી અને માનો કે કોઇ એપાર્ટમેન્ટ છે અને એ એપાર્ટમેન્ટમાં વ્યકિતગત ધોરણે પણ કોઇ વ્યકિતએ પોતાની બાલ્કનીઓ કવર કરી હોય, પ્રોજેકશન કવર કર્યા હોય તો એ વ્યકિત પણ જાતે પોતે ૧૨૫ ચોરસ મીટર કરતા ઓછાં બાંધકામવાળી આ પ્રોપર્ટી તેની હોય તો તેને પણ સ્કેચ કરી અને ઓન લાઇન દાખલ કરી શકે, ઓફ લાઇન દાખલ કરી શકે આમાં કોઇ પણ એન્જિનિયરની જરૂર નથી કે કોઇ મોટી ફી આપવાની પણ જરૂર નથી અને સાથે સાથે આ અરજીઓ વધવાને કારણે સરકારને એવા સંજોગો ઊભા થતા દેખાય છે કે ભવિષ્યની અંદર ૨૦૦૧ કેટલીય પ્રોપર્ટીઓ રેગ્યુલરાઇઝ થઇ, કેટલીય પ્રોપર્ટીઓ બાકી રહી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧માં પણ એવુ થયુ કેટલીય પ્રોપર્ટીઓ આપણે રેગ્યુલરાઇઝ કરી શકયા અને કેટલીય પ્રોપર્ટીઓ આપણે રેગ્યુલરાઇઝ ન કરી શકયા. આ વખતે સરકારે નિશ્ચય કર્યો છે કે તા.૧-૧૦-૨૦૨૨ સુધીની પ્રોપર્ટીઓ આમ, તમે જોવા જાવ તો ૨૦૧૧થી તે આ ૨૦૨૨ સુધીની એટલે કે દસ વર્ષમાં રહી ગયેલી પ્રોપર્ટીઓ પણ આમાં રેગ્યુલરાઇઝ થઇ જાય. જે લોકો અરજી કરવામાંથી રહી ગયા અથવા તો ગયા વખતના નિયમમાં સુસંગત ન થતા હોય જે આ વખતે થઇ જતા હોય એ બધાજ લોકો અરજી કરી અને પોતે પોતાના ઘરને સલામત બનાવી શકે, પોતાની દુકાનને બનાવી શકે અને વારંવાર અહીંયા બિલ્ડર, બિલ્ડર, બિલ્ડરની વાત થઇ. અહીંયા જે પણ મકાનો અથવા તો જે દુકાનો તા.૧-૧૦-૨૨ પહેલાં જે વપરાશમાં આવી ગઇ છે કે જેને લાઇટ કનેકશન મળ્યું છે, પાણી કનેકશન મળી ગયુ છે, જેને મીટર છે, જેનો વેરો ભરાય છે અને આકારણી થઇ ગઇ છે કેવળ એવી અને એવી પ્રોપર્ટીઓને, એવી જ પ્રોપર્ટીઓને આપણે નિયમબદ્ધ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જુવો તો ખૂબ વિશાળ હિતમાં, લોકોના હિતમાં અને આ બધી જે પ્રોપર્ટીઓ છે તે બધી જ પ્રોપર્ટીઓ મોટાભાગની તે સાદા ઘરોની છે કે જે મકાન ઉપર પથરાયેલા હોય, દુકાનો પણ એ પ્રકારની હોય કે જે વ્યકિતગત ધોરણે બની હોય. આ જયારે વ્યકિતગત ધોરણે મળવાવાળો લાભ ખૂબ મોટી જનતાને જયારે ગુજરાતમાં મળવાનો હોય ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે, ગુજરાતના વિશાળ હિતમાં આ કાયદાને, આ નાનકડા સુધારાને આપણે મંજૂરી આપીએ અને ભવિષ્યમાં લોકો આમાં ભાગ લઇ શકે અને પોતે પોતાની પ્રોપર્ટીને રેગ્યુલર કરાવી અને શાંતિની ઘરમાં ઉંઘ લઇ શકે એ પ્રકારનો નાનકડો સુધારો છે. શ્રી શૈલેષભાઇએ કહ્યું કે અરજી કર્યાની નિકાલની તારીખથી છ જ મહિનામાં આજે માનો કે અરજી કરો તો છ મહિનામાં સત્તાધિશોએ તમને જવાબ આપી દેવો પડે કે વેધર યુ આર ગ્રાન્ટ ઓર નોટ . જો તમને અરજી પરમિટ કરે તો પછી તમારે એ ફી ભરી દેવાની હોય અને જો અરજી સ્વીકારવામાં ના આવે તો પણ તેને છ મહિનામાં જવાબ આપવાનો આવે અને જે કિસ્સાઓમાં અરજી ન સ્વીકારી હોય એવા કિસ્સાઓમાં તેને ભરવાની થતી ૫૦ ટકા રકમ અને ૨૦૦ રૂપિયાની અરજી ફી લઇ તે ૬૦ દિવસમાં અપીલ કરી શકે અને અપીલની સુનવણીના અંતે આ બધા નિયમોમાં જો આવી જતો હોય તો ચોક્કસ તેને તેનો લાભ મળે અને સાથે સાથે એક સૂચન બહુ સરસ હતું જે અમીતભાઇએ કર્યું કે, જે અરજીઓ થાય છે તેમાંથી જેટલી ગ્રાન્ટ થાય અને જેટલી નોન ગ્રાન્ટ થાય તે બધી અરજીઓનો એક વખત રીવ્યુ થઇ જવો જોઇએ. હું માનુ છું કે રચનાત્મક સૂચન છે તે સૂચનનો પણ વિચાર આપણે કરીશું સૂચન ખૂબ સરસ છે અને બિલ્ડરોના લાભ માટે નથી પાર્કિંગમાં ૫૦ ટકા છૂટછાટ, રેરાના નિયમોનું કોઇ ઉલ્લંઘન નથી અને કલમ-૮(૩)ખની જોગવાઇ મુજબ રેરા સાથે અસંગત હોય તેવા બાંધકામ આપણે નિયમિત નથી કરતા. મેં કહ્યું છે અને બિલ્ડર માટે નહીં પરંતુ વપરાશકર્તા જે ભાઇ ઘરમાં રહેતો થઇ ગયો છે, જે ભાઇ દુકાનની અંદર ધંધો કરતો થઇ ગયો છે, જે ભાઇ પોતાની ઓફિસમાં નાનુ મોટું કામ કરતો થઇ ગયો છે એવા જ લોકો માટે આપણે આ ઇમ્પેક્ટ ફી એટલે કે રેગ્યુલરાઇઝ કરવા માટેનું આ બિલ છે અને તેની વધારે તકો આપવા માટે કારણ કે ગયા વખતે ચૂંટણી હતી કદાચ નેટની સ્પીડ ઓછી હોય.સર્વર ડાઉન હોય, ખૂબ મોટો પ્રયત્ન સરકારે કર્યો છે. તમામે તમામ જગ્યાએ ઝોન વાઇઝ એની મિટિંગો કરી છે. સમાચારપત્રો, બેનરો, હોર્ડિંગ્સ, પેમ્ફલેટ, રેડિયો, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અરજી કરવા માટેની પેનલ, મહાનગરપાલિકા, સત્તામંડળો, નગરપાલિકાઓ સાથે બેસી સમીક્ષા બેઠકો જેવા તમામ પ્રયત્નો કર્યા છે પરંતુ ક્યાંકને ક્યાંક અરજીઓ ઓછી આવી એના કારણે ફરીથી ખાસ સંજોગોમાં જો સમય-મર્યાદા વધારવાની વાત આવે તો એ વધારવા માટેની છૂટ નાગરિકોના હિતમાં સરકાર લઇ રહી છે જેથી કરી વારંવાર આ ગૃહ સમક્ષ ન આવવું પડે એ મૂળ હેતુ અને ઉદ્દેશ છે. જાહેર હિતના સંજોગોના કારણે જરૂરિયાત જણાય ત્યારે વિધાનસભામાં લાવી વારંવાર કાયદામાં સુધારા થઇ શકે નહિ. હવે તો દરેક નગરપાલિકા વિસ્તારમાં ૧૫ મીટર ઊંચાઇ સુધીના બાંધકામની મંજૂરી ઓનલાઇન માધ્યમથી આપીએ છીએ. હવે ટી.પી. પાસે જવાની જરૂર નથી. ઓનલાઇન પોર્ટલ ઉપર ૧૫ મીટર સુધીની હાઇટની બધી જ પરમીશનો આપણે ઓનલાઇન આપવાની થાય છે. નગરપાલિકા વિસ્તારમાં સુનિયોજિત આયોજન માટે ટી.પી. સ્કીમનું આયોજન કરવામાં આવનાર છે. જી.એચ.બી. વિસ્તારમાં રેગ્યુલાઇઝેશન કરવા માટેની અલગ નીતિ છે. મેં પહેલાં કહ્યું એમ ૧૨૫ ચો.મી.થી નીચે હોય એવા તમામ બાંધકામો જાતે જ રેગ્યુલરાઇઝ કરાવી શકાય છે. માનનીય ઇમરાનભાઇ આપે જે હેરીટેજની વાત કરી કે વર્લ્ડ હેરીટેજમાં અમદાવાદનું સ્થાન છે. સારામાં સારા હેરીટેજ વિસ્તારો કોટ વિસ્તારમાં આવેલા છે. આપણે સૌ ઇચ્છીએ કે જ્યાં દુનિયા સાચવવા માગતી હોય એવા સ્થાનકો હોય ત્યાં કોંક્રિટનું જંગલ ના થાય. મકાનની ઊંચાઇ એની એફ.એસ.આઇ., એની પહોળાઇ દરેક બાબતમાં એક મર્યાદા હોય તો મને લાગે છે કે જે દરજ્જો આપણને પ્રાપ્ત થયો છે એ ખૂબ લાંબા ગાળા સુધી ચલાવવા માટે થોડા કંટ્રોલની જરૂર પણ છે. આપણે ગામતળમાં રિ-ડેવલપમેન્ટ કરતાં હોઇએ તો ૨૫ વર્ષ પહેલાંના રહેણાંક શૈક્ષણિક, હૉસ્પિટલ બાંધકામ કરેલ હોય તે મુજબના પ્લાન મંજૂર થઇ શકે છે. એફ.એસ.આઇ. બે થી વધારે

હોય તો પણ ૨૫ વર્ષ પહેલાંના જે બાંધકામો છે એ બાંધકામમાં બે કરતાં વધારે એફ.એસ.આઇ. હોય તો પણ એ ગ્રાન્ટેડ છે ભલે જી.ડી.સી.આર. કાયદામાં બે સુધીની મર્યાદા છે પરંતુ જૂના જે બાંધકામો છે એમાં એફ.એસ.આઇ. બે થી પણ વધારે આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, શક્ય હોય એટલો જવાબ આપવાની કોશિશ કરી છે. નાનો જ સુધારો છે. મારા વિપક્ષના મિત્રો દર વખતે લોકોના હિતમાં સર્વસંમત થઇ બિલને ટેકો આપતા આવ્યા છે ત્યારે આ નાનકડો સુધારો જ્યારે નાગરિકના હિતમાં છે, ગુજરાતના લોકોના હિતમાં છે ત્યારે મને વિશ્વાસ છે કે સૌ સાથે મળીને ફરીથી સંજોગો ઊભા થાય અને રેગ્યુલરાઇઝ કરવાની જરૂર પડે તો એમનો પણ સાથ અને સહકાર રહેશે. ધન્યવાદ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક સારી લાગણીઓ વ્યક્ત કરી. અમારો હેતુ બહુ સ્પષ્ટ છે. સરકાર નાનો સુધારો લઇને આવી છે. આ કાયદાની મુદત વધારવી હોય તો હવે વિધાનસભાગૃહમાં આવવાની જરૂર નથી. ભૂતકાળમાં આ બિલ આવ્યું પછી સન ૨૦૦૧, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૨૨, ૨૦૨૩માં સુધારા આવ્યા. એક વખત બિલ આવ્યું અને પાંચ વખત સુધારા આવ્યા. ગુજરાતની પ્રજાના હિત માટે ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવ્યા અને બધાને રેગ્યુલરાઇઝ કરવાની વાત કરો છો એટલે અમે તમારી વાત સાથે સંમત થઇએ છીએ. પણ જે છટકબારી રાખેલી છે કે આની મુદતમાં વધારો કરવા માટે હવે વિધાનસભા ગૃહમાં આવવાની જરૂર નથી સરકાર ધારે ત્યારે કરી શકે છે. અમારા સભ્યશ્રીઓએ પણ કહ્યું કે આ જે છટકબારી રાખી છે તેને ફાઇનલ કરી દો. જે અનઅધિકૃત બાંધકામ થઈ ગયા તેમાં ગુજરાતની પ્રજાના હિત ખાતર ગાઇડલાઇન્સ સરકારે નક્કી કરી દેવી જોઇએ એટલે છટકબારી ન રહે. ચૂંટણી પહેલા પણ આ અનુસંધાનમાં વટહુકમ લાવ્યા હતા તેની પણ ચર્ચા કરી હતી. કેબિનેટમાં વટહુકમ લાવીને મુદત વધારી જ શકો છો. અમારી બહુ સ્પષ્ટ લાગણી છે કે તમે બિલમાં જે સુધારો લઇને આવ્યા છો તેની ગાઇડલાઇન્સ સંપૂર્ણ નક્કી થઈ જવી જોઇએ તેવું મારું સૂચન છે. જો સરકાર આટલી ખાતરી આપે તો તેને સમર્થન આપવાની અમારી પૂરેપૂરી તૈયારી છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રભારી મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તેમાં વિપક્ષે એમની લાગણી અને માંગણી વ્યક્ત કરી છે તેમાં કશું ખોટું નથી પરંતુ તેમાં સરકારનો સ્પષ્ટ ઈરાદો છે કે અમે કંઇક પણ કરીએ તો ગુજરાતના ચૂંટાયેલા ૧૮૨ ધારાસભ્યોની જાણ માટે મૂકીએ અને તેમાં તમે સુધારા પણ વ્યક્ત કરી શકો. પહેલી વખત જ્યારે બિલની રજૂઆત કરી હતી એ વખતે જ અમે કલમમાં સુધારો મૂકી શકવાના હતા કે સરકારને જ્યારે ઠીક લાગે ત્યારે સમયમર્યાદામાં વધારો કરી શકશે તો પણ તે બિલ તો તે વખતે મંજૂર થવાનું જ હતું પરંતુ જ્યારે એમણે સ્પષ્ટતા કરી છે ત્યારે માત્ર એટલું જ કહેવાનું છે કે આ બિલ માત્ર પ્રમાણિકપણે ગુજરાતના લોકોના, ગરીબોના હિતમાં અને પારદર્શક રીતે ૧૮૨ લોકોના ધ્યાનમાં લઈને રાખવામાં આવ્યું છે ત્યારે હું ફરીથી વિનંતી કરું કે આપણે બધા જ સર્વાનુમતે પસાર કરીએ તેવી વિનંતી કરું છું.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે ગામતળ જી.ડી.સી.આર.માં પણ બહુ સ્પષ્ટ જોગવાઈ છે. તેની એફ.એસ.આઇ. બાબતની પણ જોગવાઈ છે. ગામતળ મહાનગરનું હોય કે નગરપાલિકાનું ૩૦ કે ૪૦ વર્ષ પહેલાના કોઈ પ્લાન અત્યારે અવેલેબલ હોતા નથી તો એક કટ ઓફ ડેટ નક્કી થઈ જાય કે ગામતળમાં બનેલી મિલકત અગર ૪૦ વર્ષ પહેલાની હોય તો તેને બી.યુ. પરવાનગી લેવાની જરૂર નથી. આ મુજબનું મારું સૂચન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સરકાર ખૂબ શુદ્ધ બુદ્ધિથી અને લોકોના હિતમાં જ નિર્ણય લે છે. સરકારને યોગ્ય લાગે તેવા સંજોગોમાં જ મુદત વધારવાની વાત છે. વારંવાર મુદતો વધારવી તેવો કોઈ ઈરાદા સાથે આ સુધારો લાવ્યા નથી પરંતુ એમ લાગે કે હજુ ઘણા લોકોને ન્યાય આપવાનો બાકી છે એવા સંજોગોમાં જ આ મળેલી સત્તાએ સરકાર એક્સરસાઇઝ કરશે.

અધ્યક્ષશ્રી : સંવાદ એ સંસદીય લોકશાહીની સૌથી મોટી સુંદરતા છે અને આજે ઘણા બધા નવા ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો હતો. આ આપણી સૌથી સારી મૂડી છે. આ પરંપરા આપણે આગળ પણ જાળવી રાખીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨- સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૨- સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૨-સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૧૬.૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

**ફાલ્ગુન ૯, ૧૯૪૪ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩**

**ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાંથી તમામ શાળાઓમાં એક ભાષા તરીકે ગુજરાતીના શિક્ષણ અને અભ્યાસની જોગવાઇ કરવા અને તે સુનિશ્ચિત કરવા બાબત વિધેયક.**

**શ્રી કુબેરભાઇ ડીંડોર( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૌભાગ્ય એ છે કે ૧૫મી વિધાનસભાના બીજા સત્રમાં આપણી માતૃભાષા ગુજરાતી અને એનું વિધેયક ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબતનું વિધેયક રજૂ કરવાનો મને મોકો મળ્યો છે. જે ભાષાના સંસ્કરણથી હું જન્મ્યો હતો જે ભાષાનો મહિમા કરવાનો હતો અને તે પણ માતૃભાષામાં અણસમજમાં ધાવેલા માતાના ધાવણ પછી સમજ વિકસે તે માતૃભાષામાં, માતૃભાષાનું મહિમા જ્ઞાન કરવાનું સૌભાગ્ય આજે મને પ્રાપ્ત થયું છે અને સાથે સાથે ગુજરાત રાજ્યની તમામ નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ૧ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી એક ભાષા તરીકે તબક્કાવાર રીતે ગુજરાતી ભાષાનો અભ્યાસ કરશે. ગુજરાતી ભાષા શીખશે એ સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે એક નીતિ વિષયક નિર્ણય લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીમાં આપણી માતૃભાષા ગુજરાતની આવનારી યુવા પેઢીને વારસામાં આપીને જીવંત રાખવાની આ એક પહેલ છે. આપણી ગરવી ગુજરાતના પનોતા પુત્ર અને સમગ્ર દેશના રાષ્ટ્રપિતા અને અખિલ વિશ્વમાં મહાત્મા ગાંધી તરીકે ઓળખાતા અને અખિલ વિશ્વમાં મહાત્મા ગાંધી તરીકે સ્વીકારેલા શ્રી ગાંધીજી કહેતા હતા કે કોઇ પણ પ્રજાના યુવક વર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઉતરતી કે ચડતી બધી જ કેળવણી તેમણે માતૃભાષા દ્વારા મેળવવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આપને જાણીને આચકો લાગે તેવી બાબત એ છે કે ગુજરાતમાં કેટલીક અંગ્રેજી માધ્યમની શાળાઓમાં હવે ગુજરાતી એક ભાષા તરીકે શીખવવામાં આવતી નથી. બદલાતા સમય સાથે આપણે એવા બદલાઇ રહ્યાં છીએ, સમય બદલાયો છે અંગ્રેજી ભાષા એ વિશ્વની વ્યવહારિક ભાષા છે એનું પઠન સાથે વાંચનનું જ્ઞાન હોવું જોઇએ એ આપણે સ્વીકારીએ છીએ. બદલાતા સમય સાથે આપણે એવા બદલાઇ રહ્યાં છીએ કે આપણી માતૃભાષા પણ જોખમમાં આવી ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, પરિવર્તનનો આદર કરવા માટે પરિવર્તનને આપણે સ્વીકારવું રહ્યું. પરિવર્તનનો આદર કરવા માટે બારી ખૂલ્લી રાખવાની છૂટ છે, બારી ખૂલ્લી રાખવી જોઇએ. પરંતુ બારીના કાચ તોડી નાખવાની જરૂર નથી. આ વાત આપણી માતૃભાષાની જ છે. ગુજરાતી હોવું એ કોઇ જેવી તેવી બાબત નથી. ગુજરાતી ભાષાનું ગુજરાતમાં આપણને ગૌરવ હોવું જ જોઇએ. મારી ભાષા - મારું ગૌરવ એ આપણા બધામાં હોવું જ જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સન્માનનીય ગૃહના નેતા ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે કેબિનેટમાં તમામ સી.એસ., એ.સી.એસ. અને અમને બધાને પણ સૂચના આપી હતી અને કહ્યું હતું કે હવે પછી આપણું પ્રેઝન્ટેશન કે બ્રીફિંગ થાય છે એ ગુજરાતીમાં હોવું જોઇએ. સન્માનનીય ગૃહના નેતા અને અમારા કાયદા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનો પણ આભાર માનું છું. ૨૦૨૩ના ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક દાખલ કરવા માટે જે સરકારે નિર્ણય લીધો એમને પણ કોટિકોટિ વંદન કરું છું. સાથેસાથે ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં ૨૨ ભાષાઓને માન્યતા આપવામાં આવી છે. આપણી ગુજરાતી ભાષા એ પૈકીની એક છે. આપણા રાજ્યમાં સૌથી વધારે બોલાતી ભાષા ગુજરાતી છે. જે ગુજરાતની સત્તાવાર ભાષા છે. ગુજરાતી માતૃભાષા તરીકે એટલે કે મહદઅંશે આપણા રાજ્યના બાળકો જન્મતાની સાથે એની માતાની ગોદમાં રહીને જે ભાષાનો સૌપ્રથમ આસ્વાદ માણે છે એ ભાષા આજે આપણા મોટાભાગના બાળકોની માતૃભાષા

* વિધેયક તા.૨૨ મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગુજરાતી છે. ગુજરાતી ભાષા સમૃદ્ધ, વૈજ્ઞાનિક, સુંદર અને વધુ અભિવ્યક્તિ ધરાવનારી છે. જેમાં પ્રાચીન તેમજ આધુનિક સાહિત્ય, પ્રાચીન સાહિત્ય છે, મધ્યકાલીન સાહિત્ય છે, અર્વાચીન સાહિત્ય છે. ગદ્ય અને પદ્ય બંનેના વિશાળ ભંડાર છે. આ ભાષામાં લખાયેલા ફિલ્મ, સંગીત અને લખાયેલા સાહિત્ય ભારતની રાષ્ટ્રીય ઓળખ અને આપણી ધરોહર છે, આપણી અસ્મિતા છે. આપણું સ્વાભિમાન છે. સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધન માટે રાષ્ટ્રીય એકતાની ભાવના જગાડવા માટે રાજયના દરેક વિદ્યાર્થીને પોતાના રાજયની અને દેશની ભાષાઓને સાહિત્યરૂપી વિશાળ અને સમૃદ્ધ ખજાના વિશે માહિતી હોવી જોઇએ. આપણો યુવાન ગુજરાતી ભાષાની માહિતીથી સભાન હોવો જરૂરી છે. શિક્ષણક્ષેત્રે કોઠારી કમિશન ૧૯૬૪માં ત્રિભાષા સુત્રના અમલીકરણની ભલામણ કરી. આ રીતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ બહુભાષા અંગેની વિચારણા રજૂ કરે છે. જેમાં એક કરતા વધારે ભાષા શીખવા માટે ભલામણ કરવામાં આવી છે. મને કહેતા એ બાબતનો આનંદ થાય છે પરંતુ માત્ર માતૃભાષા સિવાય બીજી ભાષા તરીકે ભારતીય ભાષાનો જ આગ્રહ કરવામાં આવ્યો છે. વધુમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના પ્રકરણ-૪ ના મુદ્દા ૪.૧૧ અને ૪.૧૨ને ધ્યાનમાં રાખીએ તો સમજાય છે કે માતૃભાષા અને ભારતીય સંસ્કૃતિ એ બંનેને કેન્દ્રમાં રાખીને અન્ય ભારતીય ભાષાની પસંદગી બીજી ભાષા તરીકે કરવાની જોગવાઇ કરવામાં આવી છે. વિશ્વના ઘણા વિકસિત દેશોમાં એ જોવા મળ્યું છે કે પોતાની માતૃભાષાના ઉપયોગથી સંસ્કૃતિ અને પરંપરાઓમાં સુશિક્ષિત હોવું એ કોઇ અડચણ નથી. પરંતુ ખરેખર શૈક્ષણિક, સામાજિક અને તકનીકિ પ્રગતિ માટે માતૃભાષાથી મોટો કોઇ ફાયદો નથી. માતૃભાષાથી મોટો ફાયદો મળે છે. ભારતની માનનીય સર્વોચ્ચ અદાલતે ઉષા મહેતા અનિવૃત્ત મહારાષ્ટ્ર રાજય અને અન્યોના કેસમાં તા.૫-૫-૨૦૦૪માં રીટ પિટિશન નં.૧૩૨માં સિવિલ અપીલ નં. ૧૯૯૫થી ૧૯૯૭ અને ૧૯૯૫ થી ૮૩૧૪ સાથેના ચૂકાદામાં એ દરખાસ્તને માન્ય રાખી છે કે કોઇપણ રાજય તેની પ્રાદેશિક ભાષા ફરજિયાતપણે શીખવવા માટે નીતિગત નિર્ણય લઇ શકે છે. ઉપરોકત ચૂકાદામાં એવું પણ અવલોકન કરવામાં આવ્યું છે કે પ્રાદેશિક ભાષા શીખવાનો પ્રતિકાર બાળકોને જીવનના મુખ્ય પ્રવાહથી વિખૂટા પાડી દેશે. જેના પરિણામે રાજયની અંદર ભાષાકીય વિભાજન થશે. જે રાષ્ટ્રીય એકતા માટે અભિશાપ છે અને વિવિધ ભાષાઓનું શિક્ષણ ચોકકસપણે અવરોધોને દૂર કરશે અને દેશના સાંસ્કૃતિક એકીકરણમાં હકારાત્મક ફાળો આપશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ પણ માતૃભાષામાં ત્રણ ભાષાની ફોર્મ્યુલા અને શિક્ષણને માન્યતા આપી છે. પંજાબ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, કેરળ અને તમિલનાડુ જેવા અન્ય રાજયોએ પંજાબી, તેલુગુ નામની તેમની સંબંધિત પ્રાદેશિક ભાષાઓને જરૂરી બનાવવા માટે કાયદાઓ પસાર કર્યા છે અને તે રાજયોની તમામ શાળાઓમાં તેમની માતૃભાષા ફરજિયાતપણે ભણાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણીય જોગવાઇઓ, કોઠારી કમિશન રિપોર્ટ ૧૯૬૪, નેશનલ પોલિસી ઓફ એજ્યુકેશન ઓફ ૧૯૬૮, નેશનલ પોલિસી ઓફ એજ્યુકેશન ૧૯૮૬ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શાળા શિક્ષણ માટે ત્રણ ભાષાની ફોર્મ્યુલાની ભલામણ કરવામાં આવી છે. તે મુજબ પ્રથમ ભાષા માતૃભાષા હોવી જોઇએ. તે મુજબ ગુજરાત રાજ્યમાં શાળાકીય શિક્ષણમાં પ્રથમ ભાષા તરીકે માતૃભાષા ગુજરાતી હોવી જરૂરી છે. છેલ્લા કેટલાંય દાયકાઓથી સી.બી.એસ.ઇ, આઇ.સી.એસ.ઇ., આઇ.બી., સી.આઇ.એસ.સી.ઇ., સી.આઇ.ઇ. વગેરે સાથે સંલગ્ન પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. આ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે. એવું જોવા મળ્યું છે કે, આ પ્રાથમિક શાળાઓમાં હિન્દી અને વિદેશી ભાષાઓને અન્ય ભાષાઓ તરીકે શીખવવામાં આવે છે. પરંતુ ગુજરાતી ભાષા ભણાવવામાં આવતી નથી. આમ આ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ, બાળકો જેમને પોતાની માતૃભાષા ગુજરાતીના અપેક્ષિત જ્ઞાનથી વંચિત રહી ગયા હોવાનું અનુભવાયું છે. આપણી આ જે વિરાસત છે, આપણી સંસ્કૃતિ છે, ગુજરાતી ભાષા તે સંવેદનાની ભાષા છે અને તેનાથી આપણા વિદ્યાર્થીઓ અને આવનારી ગુજરાતની યુવાપેઢી તેનાથી બાકાત રહે તે ગુજરાતના યુવાધન માટે નુકસાનકારક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ભાષા ગુજરાત રાજ્યની સત્તાવાર ભાષા છે. તેમ છતાં એવું જોવા મળ્યું છે કે, કેટલીક શાળાઓમાં ગુજરાતી ભાષાને એક વિષય તરીકે શીખવવામાં આવતી નથી અને તેથી રાજ્યમાં રાજ્યના રહેવાસીઓ તેમની સત્તાવાર ભાષાથી વંચિત રહે છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકાર દ્વારા અને શિક્ષણ વિભાગ મારફતે તા. ૧૩-૦૪-૨૦૧૮ ના રોજ એક ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવ અનુસાર રાજ્યની ગુજરાતની માધ્યમ સિવાયની તમામ શાળાઓમાં વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧ અને ૨, વર્ષ ૨૦૧૯ માં ધોરણ-૩, વર્ષ ૨૦૨૦ માં ધોરણ-૪ અને તે રીતે ક્રમશઃ ધોરણ-૮ સુધી ગુજરાતી ભાષાના શિક્ષણનો ફરજિયાત અમલ કરવાનો રહેશે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી માધ્યમ સિવાયની અન્ય માધ્યમની શાળાઓ માટે ઠરાવમાં સૂચવ્યા મુજબ ધોરણ-૧ થી ધોરણ-૬ સુધીના દ્વિતીય ભાષાના પુસ્તકો પ્રસિદ્ધ થઇ ગયેલા છે. આપણે જે વિદ્યાર્થીઓને ભણાવવાનું છે તેના માટે આપણા પાઠ્ય પુસ્તક મંડળે તેની વ્યવસ્થા કરી છે. અજમાયશી પાઠ્ય પુસ્તકો તૈયાર કરીને ૨૦૧૮ થી આપવામાં આવ્યા છે. તેનો સિલેબસ તૈયાર કરીને આપણે આપ્યો છે. તેમાં ધોરણ-૧ માં કલકલીયો પક્ષીના ચિત્રો સાથે પુસ્તકો તૈયાર કર્યા છે. તે તમામ સ્કૂલોને આપીને ઠરાવમાં સૂચવ્યા પ્રમાણે ૨૦૧૮થી ગુજરાતી ભાષાનું પઠન, પાઠન દરેક સ્કૂલોમાં થવું જોઇએ. તેનો સિલેબસ તૈયાર કરીને આપણે તેમને આપ્યો છે. ધોરણ-૧ માં કલકલીયો પક્ષીના ચિત્ર સાથે પુસ્તક તૈયાર કરીને વિનામૂલ્યે આપવામાં આવેલ છે. ધોરણ-૨ માં બુલબુલ પક્ષીના ચિત્ર સાથે પુસ્તક આપવામાં આવ્યું છે. ધોરણ-૩ માં મયુર એટલે કે મોરના ચિત્ર સાથે પુસ્તક આપવામાં આવ્યું છે. ધોરણ-૪ માં પતરંગો પક્ષીના ચિત્ર સાથે બાળકો ગુજરાતી ભાષા શીખે તેના માટેની વ્યવસ્થા કરવામાં કરવામાં આવી છે. ધોરણ-૫ માં કુકકુટ પક્ષીના ચિત્ર સાથે પુસ્તક આપવામાં આવ્યું છે. ધોરણ-૬થી ગુજરાતી દ્વિતીય ભાષા તરીકે શબ્દો, ગ્રામર, શ્રુતલેખનની શરૂઆત થાય છે. તેમાં ભાવવાહી છે, વિદ્યાર્થીનું મુખર વાંચન છે, અનુલેખન છે, શ્રુતલેખન છે, સ્વતંત્ર લેખન છે,

શબ્દ ભંડોળ છે, વાતચીત અને સ્વાધ્યાય ભાષાંતર, વ્યવહારિક વ્યાકરણ, પ્રવૃતિ વૈવિધ્ય, પુનરાવર્તન અને ભાષા શિક્ષણને ધોરણ-૬થી આપેલું છે. ધોરણ-૭નું પુસ્તક ચાલુ સાલે આપણે તૈયાર કરીએ છીએ. ક્રમશઃ આઠમા ધોરણનો સિલેબસ આ રીતે તૈયાર થઇ જશે. આ ઠરાવ મુજબ કોઇપણ બોર્ડ સાથે સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાઓ સિવાયની તમામ શાળાઓએ ફરજિયાત વિષય તરીકે ગુજરાતી ભાષા શીખવવાની જોગવાઇ આપણે કરી છે. દુઃખ સાથે કહેવું પડે છે કે, તેમ છતાં એવું જોવા મળ્યું છે કે, કેટલીક શાળાઓ આ ઠરાવનો અમલ કરતી નથી. આપણી જે માતૃભાષાની જે ભાવના છે, આપણી ગુજરાત સરકારની જે ભાવના છે એ સાચી ભાવના પ્રમાણે અનુસરતી નથી. માતૃભાષાને પ્રોત્સાહન એની જાળવણી, એનું સંરક્ષણ દ્વારા જ ગુજરાત રાજયની સંસ્કૃતિ અને અસ્મિતા જાળવી શકાશે. આ કોઇ આપણા સાહિત્યકારો, કવિઓ, લેખકો કે શિક્ષક મિત્રોની જ જવાબદારી નથી આ ગુજરાતી ભાષાનું સંવર્ધન, સંરક્ષણ થાય, ગુજરાતી ભાષાનું મહત્ત્વ જળવાય, મારી ભાષા મારું ગૌરવ એનું મહત્ત્વ જળવાય એની જવાબદારી આપણા પ્રસાશકોની છે, આપણા ગૃહની પણ છે. આપણે સંયુક્ત રીતે આ જવાબદારી સ્વીકારીને આ વિધેયક આપણે આજે આ ગૃહમાં લાવ્યા છીએ એમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને માતૃભાષા ગુજરાતી જુસ્સાભેર ભણાવવામાં આવે છે એ સુનિશ્ચિત કરવા માટે તમામ શાળાઓમાં ગુજરાતી ભાષાના ફરજિયાત શિક્ષણ માટે આ કાયદો ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક ૨૦૨૩ બહાર પાડવું યોગ્ય માન્યું છે. કાલે માની લો કે ઇંગ્લિશ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ ઇંગ્લિશ ભણીને મેડિકલમાં જશે અને ડોકટર બનશે પછી નાનાં ગામડાઓમાં અને નાના ટાઉનોમાં જઇને નોકરી કે પ્રેક્ટિસ કરશે ત્યારે એમણે ત્યાંના સ્થાનિક લોકો અને ત્યાંના સ્થાનિક પેશન્ટ સાથે વ્યવહાર કરવો પડશે એ ગુજરાતી ભાષામાં કરવો પડશે. એટલે ૧ થી ૮ ધોરણમાં એના ભણતરમાં એ ગુજરાતી ભાષા શીખેલો હશે તો એને અડચણ પડશે નહીં. કેટલાક એન્જિનિયરો બનશે, માનનીય મોઢવાડિયા સાહેબ આપ એન્જિનિયર છો એટલે આપને ખબર છે કે, કેટલાક લોકો આ ઇંગ્લિશ સ્કૂલોમાંથી અભ્યાસ કરીને એન્જિનિયર બને છે અને ડી.ઇ. કે એકસ ઇ.એન. તરીકે ભરતી થાય છે ત્યારે એ લોકોને પણ ગુજરાતી ભાષાની જરૂર પડે છે કેમ કે આપણા સ્ટેટ આર.એન્ડ બી.ના મોટા પ્રોજેક્ટો ચાલતા હોય ત્યાં જે બોર્ડ મારવામાં આવેલા છે એમાં ભાષા શુદ્ધિ હોતી નથી. એ એન્જિનિયરો એ બોર્ડ જોતા નથી એવું ન કહી શકાય પણ તેઓ ગુજરાતી ભણ્યા નથી એટલે ભાષા શુદ્ધિની એમને ખબર નથી હોતી એને કારણે ક્યારે ક્યાં દીર્ઘ ઇ આવે અને કયાં હ્સ્વ ઇ આવે એની ખબર હોતી નથી એને કારણે ભીલોડામાં ઇસ્વ ઇ કરે છે, અતિથિ ગૃહ લખવાનું થાય તો હ્સ્વ ઇ ની જગ્યાએ દીર્ઘ ઇ કરે છે. એ જ પ્રમાણે સરિતા ઉધાન વગેરે લખવામાં ભાષાકીય ભૂલો ન થાય એ જરૂરી છે. એટલે ઇંગ્લિશ મિડિયમનો વિદ્યાર્થી એન્જિનિયર બને કે ડોકટર બને પણ જો ૧ થી ૮ ધોરણમાં ગુજરાતી ભાષા શીખેલો હશે તો આવનારા દિવસોમાં જયાં પણ સેવા આપવા જવાનો હશે ત્યારે આ ગુજરાતી ભાષાનું થોડું એમને વ્યવહારિક જ્ઞાન હશે તો ત્યાંના સ્થાનિક લોકો સાથે વિચારોનું સમન્વય એ કરી શકશે. ભાષા એ આદાન-પ્રદાન કરવાની વ્યવસ્થા છે, એક બીજાના વિચારો જાણવાનું માધ્યમ છે. ભાષાથી મનુષ્ય-મનુષ્ય વચ્ચે, લોકો-લોકો વચ્ચે અને વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવાનું એક સાધન છે એટલે ગુજરાતી ભાષા ૧ થી ૮ ધોરણમાં તમામ સ્કૂલોમાં ભણાવવામાં આવે એના માટેની વ્યવસ્થા આ સરકાર તરફથી આ વિધેયક લાવીને આપણે કરવા માગીએ છીએ. સાથે સાથે રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત આપવાની જોગવાઇ કરવી જરૂરી છે. રાજય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પાઠ્ય પુસ્તક ભણાવવાનું રહેશે ઉપરોકત જોગવાઇનો ભંગ કરનાર શાળા સંચાલકોને દંડ ફટકારવાની અને આવી પ્રવૃત્તિના ૩ ઉલ્લંઘનના કિસ્સામાં રાજયની બિનસહાયિક શાળાઓને અપાયેલી માન્યતા રદ કરવાની જોગવાઇ પણ આ વિધેયકમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે, માતા માતૃભાષા માતૃ ભૂમિશ્ચ સ્વર્ગાદયી ગરીયશી. માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે. આ માત્ર આપણે શ્લોગનમાં જોઇએ છીએ, વ્યવહારમાં આને અપનાવવું પડશે. સૂત્રો લખવાથી અથવા પુસ્તકો લખવાથી આ શક્ય બનવાનું નથી પણ સાચા અર્થમાં માતા, માતૃભાષા અને માતૃભૂમિ સૌથી ચડિયાતી છે એ સૂત્રને ચરિતાર્થ કરવા માગતા હોઇએ તો ગુજરાતના બાળકો છે એમને માતૃભાષાનું જ્ઞાન પોતાની માતૃભાષામાં, ગુજરાતી ભાષાનું જ્ઞાન મેળવે એ આ વિધેયકનો ઉદેશ છે. માતૃભાષા માતાના દૂધ જેટલી જ પવિત્ર છે, માતૃભાષા અભિવ્યક્તિનું સર્વશ્રેષ્ઠ સાધન છે, પ્રબળ સાધન છે અને એનું સમૃદ્ધિકરણ, સરળીકરણ, સંવર્ધન એનું સંરક્ષણ સમયે સમયે થતું રહેવું જોઇએ. એના માટે ગૃહના તમામ સભ્યોશ્રીઓને પણ મારી વિનંતી છે કે માતૃભાષાનું ગૌરવ આપણે જાળવીએ. આ જે વિધેયક અમે લાવ્યા છીએ એમાં જે ત્રૃટી, ખામી, સજેશન કે જે કાંઇ સૂચનો હોય એ આપ બધાનું આવકાર્ય છે. આપણી આ વિકાસની ગંગોત્રી છે, જે કંઇ વિકાસ કરવો છે તો વિકાસની ગંગોત્રી એ પણ ભાષા છે. આજે પૂરો દેશ આઝાદીકા અમૃત મહોત્સવ જયારે ૭૫ વર્ષ થઇ ગયા છે ત્યારે આપણે ઉજવી રહ્યાં છીએ પ્રગતિ અને વિકાસના ઉત્કૃષ્ટ સીમાડાઓ આપણું ગુજરાત આંબી રહ્યું છે. આપણું ગુજરાત શ્રેષ્ઠ ગુજરાત આજે ઉત્તમથી સર્વોત્તમ તરફ આપણું ગુજરાત આગળ વધી રહ્યું છે અને વિકાસનો લાભ જન જન સુધી પહોંચી રહ્યો છે, જનપથ સુધી પહોંચે એ દિશામાં પ્રયત્નો થઇ રહ્યાં છે. વિકાસના કાર્યો માટે નાણા અને પ્રબળ ઇચ્છાશકિત સાથે તબક્કાવાર આયોજન આપણી સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યનો મુખ્ય આધાર છે બળ. બળ વિના વિકાસ સંભવે નહીં પણ વિકાસનો સંદર્ભ સમજવો હોય તો પ્રજા અને સંસ્કૃતિની લગોલગ જવુ પડે. પ્રજા અને સંસ્કૃતિની લગોલગ આપણે મિત્રો જઇશું તો એના માટે સૌથી પ્રબળ સાધન જે છે તે ભાષા છે અને તેની સાથે જોડાયેલી આપણી સંસ્કૃતિ છે જે પ્રજાની પરિચાયીક છે. આપણાં દેશના

સન્માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ જેમણે મન કી બાતમાં પણ આની વાત કરી હતી સાથે સાથે તેમણે રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ અને ચીફ જસ્ટીસશ્રીઓની એક બેઠક બોલાવી હતી અને તેમા પણ તેમણે સૂચન કર્યું હતું કે આપ બધા જ આપની પોતાની માતૃભાષામાં જયારે તમે કોર્ટના જજમેન્ટ આપો છો તો એ તમે પોત પોતાની માતૃભાષામાં આપો. એટલે જે વાદી કે પ્રતિવાદી જે છે તે પોતાની માતૃભાષામાં તેનુ જજમેન્ટ છે તે વાંચી શકે તેના માટેનો પ્રયત્ન દેશના સન્માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ તમામ દેશના ચીફ જસ્ટીસ અને મુખ્યમંત્રીશ્રીઓને એક સૂચન કર્યું હતું. આજ સુધીમાં છેલ્લાં સૈકામાં ૫ હજાર જેટલી બોલીઓ વિશ્વમાંથી લુપ્ત થઇ ગઇ છે. સેંકડો ભાષાઓ જન્મી અને કાલાન્તરે વિલુપ્ત થતી રહી એટલે ભાષાનું જતન કરવુ જોઇએ. ભાષા શકિતનું સંરક્ષણ અને સંવર્ધન થવુ જોઇએ. સમૃદ્ધિકરણના માધ્યમને કયારેય નબળું ના પાડવા દેવાય અને ભાષા બને તેટલી સરળ તેને કરીને આપણે આગળ વધવું જોઇએ. આજે આપની વચ્ચે સભાગૃહમાં આ જે વિધેયક લઇને હું આવ્યો છું અને વિધેયકમાં તમામ મિત્રોના જે સજેશનો, સુધારા હોય, સૂચન હોય, માર્ગદર્શન હોય તેનું આપણે અમલીકરણ કરીશું અને ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબતનું આ વિધેયક છે તેની ખુલ્લા મનથી ચર્ચા થાય અને બધા જ આપણાં જે પ્રાચીન, મધ્યકાલિન, અર્વાચીન સાહિત્યકારો હોય આ ગુજરાતી ભાષાના વારસાને સમૃદ્ધ બનાવવા માટે જેમણે પ્રયત્નો કર્યા છે એવા નરસિંહ મહેતા છે, ગોવર્ધન ત્રિપાઠી છે, કનૈયાલાલ મુનશી છે આપણાં સાહિત્યકારો માનવીની ભવાઇ પન્નાલાલ પટેલ, રઘુવીર ચૌધરી સાહેબ આ બધાજ સાહિત્યકારો જે ગુજરાતી ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે જે પ્રયત્નો કર્યા છે તેને આપણે આગળ ધપાવીએ. સાહિત્યકારો, શિક્ષક મિત્રો, શિક્ષણ વિભાગ તેની એકલાની આ જવાબદારી નથી આ સંયુકત જવાબદારી આપણાં સમાજની છે, આપણાં ગૃહની છે તમામની છે તો મને કહેતા એ બાબતનો આનંદ છે કે આપણે બધા જ સાથી મિત્રોને મારી વિનંતી છે કે, આમાં જે કંઇ આપણા સજેશનો હોય, જે કંઇ સૂચનો હોય તેને પણ આપણે આવકારીશું અને આ વિધેયકની એક ખુલ્લા મને ચર્ચા થાય અને આપણે સર્વાનુમતે બધાય તેને પસાર કરીએ, ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : આજે કવિ નર્મદના આત્માને રાજીપો થાય એવું બિલ રાજય સરકાર લઇને આવી છે. આજનો સમય જે છે તે કામકાજ સલાહકાર સમિતિમાં આપણે બધાએ નક્કી કર્યો હતો એ પ્રમાણે સવારના ૧૦-૦૦થી બપોરના ૨-૩૦ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે. એટલે બપોરના ૨-૩૦ સુધીમાં આ બિલનું કામ આપણે પૂરું કરવાનુ છે. નામની યાદી બન્ને તરફથી મને અહીંયા પહોંચી છે પરંતુ આપણે સમય-મર્યાદા નક્કી કરી લઇએ કે બપોરના ૨-૩૦ કલાકે બિલને આપણે પાસ કરવું અને બિલને વોટિંગ ઉપર મૂકવું ત્યાં સુધીનું કામ આપણે પૂરું કરવાનુ છે. તો મંત્રીશ્રીનો જવાબ, અહીંયાની અમારી પ્રક્રિયા એ બધાના પરિપ્રેક્ષમાં બે-બે કલાક જેટલો સમય એટલે ટોટલ ચાર કલાક જેટલો સમય છે. હવે તેમાં મંત્રીશ્રીનો ૩૦-૩૫ મિનિટનો પાછળનો સમય આપણે રાખવો પડશે એટલે જે સમય-મર્યાદાઓ છે. કોંગ્રેસ તરફથી સાત નામો આપ્યા છે જયારે બીજેપીમાંથી ૧૧ નામો આપ્યા છે. બાકી પણ કોઇને બોલવું હશે તો એક બે નામો આવશે તો સમય-મર્યાદા છે તે જોઇ લો. નહીંતર છેલ્લે જે રહેશે તેનું વકતવ્ય બાકી રહી જશે. એટલા માટે શરૂઆતના જે લોકો હોય તે બોલવમાં થોડુંક ધ્યાન રાખે. જે સમય તમે નક્કી કર્યો હોય એ પ્રમાણે હું અહીંયાથી બહુ ટકોર નહીં કરું. બિલ ઉપર મારે ટકોર કરવી પડે એના કરતાં તમે સેલ્ફ ડિસિપ્લિનથી જ ચલાવો. બંને પક્ષના દંડકશ્રીઓ જ સમય-મર્યાદા નક્કી કરશે તો એ વધારે સારું રહેશે.

ડો. તુષાર અ. ચૌધરી(ખેડબ્રહ્મા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત જે વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૧/૨/૨૦૨૩ના રોજ સમગ્ર વિશ્વએ માતૃભાષા દિવસની ઉજવણી કરી અને એના એક જ અઠવાડિયા બાદ માતૃભાષાનું ગૌરવ વધારનાર બિલ શિક્ષણમંત્રી આ ગૃહમાં લઇને આવ્યા છે એનું હું હાર્દિક સ્વાગત કરું છું અને અભિનંદન પણ આપું છું. આજે આખો સમાજ અંગ્રેજી માધ્યમની શાળાઓને વધુ મહત્ત્વ આપી રહ્યો છે. હું પોતે પણ ધો.૧૨ સુધી ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી હતો પણ મેં જ્યારે મેડિકલ કૉલેજમાં પ્રવેશ લીધો અને અંગ્રેજી માધ્યમમાં ભણવાનું આવ્યું ત્યારે મને ખૂબ મુશ્કેલી પડી. મારું એક વર્ષ પણ બગડ્યું એટલે મેં નક્કી કર્યું કે મારા સંતાનોને આ તકલીફ ન થાય એ માટે હું એમને અંગ્રેજી માધ્યમમાં ભણાવીશ. મેં એ લોકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવ્યા. એ લોકોએ ઉચ્ચ શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું પણ આજે હું એ લોકોને જોઉં છું તો એ લોકો ગુજરાતી પેપર વાંચી શકતા નથી. ગુજરાતીમાં ફકરો લખી શકતા નથી અને ગુજરાતી સાહિત્યથી પણ એ લોકો વંચિત રહ્યા છે એટલે એમ કહી શકાય કે ગુજરાતીપણાનો અભાવ હું મારા સંતાનોમાં જોઇ શકું છું. આવું ન થાય એટલા માટે પણ આ બિલ લાવવું અત્યંત જરૂરી હતું. હજી પણ સરકારે ગુજરાતી ભાષાને ટકાવવા તથા વિકસાવવા માટે સઘન પ્રયત્નો કરવા પડશે એવો અનુરોધ પણ કરું છું. આપણું ગૌરવશાળી ગાંધી અને સરદારનું ગુજરાત અન્ય પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપતા રાજ્યો સમક્ષ શરમિંદું ન પડે એ જોવાની જવાબદારી પણ સરકારની છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે કવિ નર્મદનો ઉલ્લેખ કર્યો. હું તો કવિ નર્મદના શહેરનો રહેવાસી છું. સરકાર જ્યારે - જ્યારે ગુજરાતી ભાષાના વિકાસ માટે કોઇ પણ સચોટ પગલાં ભરશે એને હંમેશા અમારો મજબૂત ટેકો મળી રહેશે કારણ કે, ગુજરાતી ભાષાના વિકાસ વગર ગુજરાત રાજ્યનો વિકાસ પણ અધૂરો ગણાશે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ મહત્તમ બોલાતી પ્રાદેશિક ભાષાઓની યાદીમાં પ્રથમ ૨૫માં ગુજરાતી ભાષા છે. એ પણ આપણા સૌ માટે ગૌરવની વાત છે. આપણે ગઇકાલે ઇમ્પેક્ટ ફીનું બિલ પસાર કર્યું એમાં મને કહેતા દુ:ખ થાય છે પણ એનું જે ફોર્મ છે એ તો અંગ્રેજીમાં છે. એના કારણે પણ લોકો ફોર્મ ભરી શક્યા નથી. કારણ કે, અંગ્રેજી આવડતું જ ન હોય તો ફોર્મ કેવી રીતે ભરી શકે. એ માટે એને કોઇનો સહારો લેવાની જરૂર પડે એના કારણે પણ ફોર્મ

ઓછા આવ્યા હોય એવું મને લાગી રહ્યું છે. આપણે એક બાજુ ગુજરાતી ભાષાને મહત્ત્વ આપવાની વાત કરીએ અને આપણા જે કાયદા હોય એ અંગ્રેજીમાં રજૂ કરીએ એટલે ઇચ્છાશક્તિ અને અંતરની ભાવનામાં મને અંતર લાગી રહ્યું છે. કારણ કે, આપણે પેપર ફૂટે નહિ એ માટે બિલ પસાર કરીએ પણ પેપર ના જ ફૂટવા જોઇએ એવી આપણી ભાવના ન હોય તો કાયદો લાવવાથી એ શક્ય બનવાનું નથી. સનદી અધિકારીઓ જ્યારે પરીક્ષા પાસ કરે છે ત્યારે એ લોકો કેડર સિલેક્ટ કરતાં હોય છે. એ લોકો જ્યારે અધિકારી તરીકે ગુજરાતમાં આવે તો હું એમ નથી કહેતો કે બીજા જ દિવસથી ગુજરાતી બોલતા કે સમજતા થઇ જાય પણ જ્યાં સુધી પોતે સમજી ન શકે ત્યાં સુધી આસિસ્ટન્ટ લઇને પણ નાના માણસની રજૂઆતને સમજી શકે અને એનો નિકાલ લાવી શકે એવા પ્રયત્નો તેઓ તરફથી થવા જોઇએ એવી હું વિનંતી કરું છું. સરકારે માત્ર ગુજરાતી ભાષા ભણાવનાર અને ભણનારા વિદ્યાર્થીઓને જ નહિ પણ શાળા સંચાલક, શિક્ષકો અને વાલીઓને પણ વધારેમાં વધારે ગુજરાતી ભાષા માટે પ્રોત્સાહિત કરવા પડશે તો જ આપણે ઉચ્ચ કક્ષાના સાહિત્યકારો, વિદ્વાનો અને સંસ્કૃતિના રક્ષકો મેળવી શકીશું. આ બિલનું સમર્થન તો હું કરું જ છું. અંતમાં ગુજરાતીના પ્રખર શાયર સ્વ. ખલીલ ધનતેજવીનો શેર ટાંકીશ અને મારી વાત પૂરી કરીશ. ''વાત જેને મારી સમજાતી નથી એ ગમે તે હોય ગુજરાતી નથી.''

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં માનનીય શિક્ષણમંત્રશ્રી અને આદિવાસી સમાજના અમારા ગુજરાત રાજ્યના નેતા પ્રોફેસર કુબેરભાઈ ડીંડોર સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૩ ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક લઈને આવ્યા છે તેને સમર્થન કરતાં હું ગૌરવની લાગણી અનુભવુ છું. હું મારી વાતની શરૂઆત એક કવિતાથી કરીશ.

''બાળકને તો બોલવું ગમતું, ભાષા ચાહે ગમે તે હોય.
મોમ-ડેડને વાંધો છે, એ ગુજરાતી જો બોલે તો.
સંતાનોને રેસના ઘોડા બનાવતા ગુજરાતીને,
ગુજરાતીનો મહિમા શાને સમજાવું ગુજરાતીને.
સ્કૂલ કરે છે ફાઈન, જો બોલે ભૂલેચૂકે ગુજરાતી એ.
ગુજરાતીમાં બોલતાં આજે ડરતી ને શરમાતી જે,
ગુજરાતીનું ગૌરવ શીખવું શી રીતે ગુજરાતીને.''

માનનીય અધ્યક્ષશ્રી, આવી સ્થિતિમાં એક ગૌરવ કહી શકાય તેવો ઈતિહાસ રચવા માટે આ સન્માનનીય ગૃહ માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપના અધ્યક્ષ સ્થાને આ વિધેયક પસાર કરવા જઈ રહ્યું છે ત્યારે દેશના વડાપ્રધાન અને વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઇએ પણ પોતાની વાતમાં અનેક ક્વોટેશન આપ્યા છે. જેમાં ખાસ કરીને અંગ્રેજીની હરણફાળ ચાલી રહી છે ત્યારે તેમણે એક વાત કરી હતી કે ''અંગ્રેજી માત્ર કોમ્યુનિકેશનનું એક માધ્યમ છે. તે કોઈ બૌદ્ધિક કે તજજ્ઞ હોવાની નિશાની નથી.'' કોઈ પણ ભાષાનો અભાવ કે પ્રભાવ ન હોય પણ માતૃભાષાનું ગૌરવ ચોક્કસ હોઈ શકે. ડૉ. ધીરુભાઈ ઠાકરના પુસ્તકમાં ગાંધીજી અને બ.ક.ઠા.નો એક પ્રસંગ ટાંકેલો છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા પછી કવિ બળવંતરાય કનૈયાલાલ ઠાકરે ગાંધીજીને અંગ્રેજીમાં પત્ર લખેલો. જેનો જવાબ ગાંધીજીએ તા.૨૪/૦૭/૧૯૧૮ના રોજ આપેલો. તેમાં કહેલું કે જ્યારે આપણી ધારાસભા થશે ત્યારે ફોજદારી કાયદામાં એક કલમ દાખલ કરવાની હિલચાલ કરવી પડશે તે હું જોઉં છું. બંને હિંદુસ્તાની એક જ ભાષા જાણવા છતાં એક માણસ બીજાને અંગ્રેજીમાં પત્ર લખે અને બીજાની સાથે તે ભાષામાં બોલે તેને ઓછામાં ઓછી છ માસની સખત મજૂરીની સજા કરવામાં આવશે આવી કલમ વિશે તમારો અભિપ્રાય જણાવશોજી. સ્વરાજ્ય મળ્યું નથી તે દરમ્યાન જો આવો ગુનો કરે તેને સારું શા ઈલાજ થવા ઘટે તે પણ જણાવશો. મને લાગે છે કે ગાંધીજીનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને આ બિલ જે પ્રકારે ભારતીય જનતા પાર્ટીની સરકાર લઇને આવી છે ત્યારે તેમના પણ આત્માને શાંતિ મળતી હશે. કોઈને અન્યાય ન થાય તે પ્રકારે જોગવાઈઓ કરવામાં આવી છે. અન્ય રાજ્યમાંથી કોઈ વિદ્યાર્થી આવ્યા હોય તેના માટે પણ આ બિલમાં જોગવાઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક શિક્ષણ ક્રાંતિ તરીકે ૩૫-૪૦ વર્ષ પછી એક રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દેશ સમક્ષ રજૂ કરી છે અને સમગ્ર દેશ ચાહે પક્ષ હોય કે વિપક્ષ તમામ લોકોએ સ્વીકારી છે. આ નીતિ તજજ્ઞોના જ્ઞાન થકી તૈયાર થઇ છે. દરેક રાજ્યમાંથી આવનારા બાળકને પોતાની માતૃભાષામાં જ શિક્ષણ આપવું શક્ય નથી. તેથી, અત્યારે ગુજરાતમાં ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, મરાઠી, તમિલી, તેલુગુ, ઉડિયા, સિંધી વગેરે માધ્યમની શાળાઓ છે ત્યારે આ શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓ ગુજરાતમાં જ રહે છે. એમણે ગુજરાતમાં રહેતા લોકો સાથે રોજબરોજ વ્યવહાર કરવાનો હોય છે. જેથી, આ બાળકોને કોમ્યુનિકેશનમાં પણ ફાયદો થતો હોય છે. આદરણીય શ્રી કુબેરભાઇએ ડીટેઇલમાં વાત કરી છે. ગુજરાતમાં રહેતા હોય એમના માટે તો ફરજિયાત ગુજરાતી ભાષા હોય જ પણ બહારથી આવનારાઓને પણ જો આ પ્રકારની વ્યવસ્થાઓ મળે તો આગામી દિવસોમાં એમના જીવનનો ખૂબ વિકાસ અને પ્રગતિ થાય. મારે આ તકે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અભિનંદન આપવા છે અને સન્માનનીય ગૃહને પણ જણાવવું છે કે હું 'મૂછાળી મા' ના હુલામણા નામથી જાણીતા શ્રી ગિજુભાઇ બધેકાની કર્મભૂમિ ભાવનગરથી આવું છું. સો વર્ષ પહેલાં બાળકને બાળવાર્તા શીખવીને એના માનસપટ પર અભ્યાસ અને જીવનની કેડી કંડારવાની શરૂઆત શ્રી ગિજુભાઇ બધેકાએ કરી હતી. એમના જન્મદિવસની ઊજવણી આ રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે શપથ લીધાને તરત જ સમગ્ર ગુજરાતીઓ, સાહિત્યકારો, લેખકો, ભાષાવિદો, સાહિત્યજગત અને કલાકારો માટે બાળવાર્તા દિવસ તરીકે ઊજવવવાનો નિર્ણય આ સરકાર

લઇ ચૂકી છે. એટલું જ નહીં, એમનું સ્મારક બનાવવા માટે પણ નાણા મંત્રીશ્રીએ ગ્રાન્ટ ફાળવી અને ભાવનગરના દક્ષિણામૂર્તિ ભવનમાં એમનું સ્મારક બનવા જઇ રહ્યું છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી વિશ્વમાં જ્યાં પણ જાય ત્યાં આપણી રાષ્ટ્રીય ભાષામાં જ વાત કરે છે. રાજ્યની સરકારે ગત ટર્મમાં જ જ્યારે નેશનલ એજ્યુકેશન પોલિસીની અંદર જોગવાઇઓ છે ત્યારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. હું સન્માનનીય સભાગૃહ સમક્ષ આ વાત મૂકવા માંગું છું. એમાં મેડિકલ, એન્જિનિયરીંગ અને અંગ્રેજીમાં ભણાવવામાં આવતા કોર્સિસને ગુજરાતીમાં ભણાવવા માટેની કમિટી બની અને તજજ્ઞો નક્કી થયા. એ માટેની વ્યવસ્થાઓ અને રચના કરી અને આજે અમારા શ્રી ઋષિકેશભાઇ પટેલ, શ્રી કુબેરભાઇ ડીંડોર અને રાજ્યકક્ષાના મંત્રીશ્રીના નેતૃત્વની અંદર એનો સિલેબશ પણ તૈયાર થઇ ગયો છે અને કદાચ આ વર્ષથી જ એનો અમલ થઇ જશે. એક ગરીબ બાળક ગુજરાતીમાં ભણ્યો હોય અને પછી એને એન્જિનિયરીંગમાં અંગ્રેજી ભણવાનું થાય તો એને બહુ જ અઘરું પડે. તો આવો નિર્ણય પણ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર લઇ ચૂકી છે. ગુજરાત તમામ રાજ્યોના પરિપ્રેક્ષ્યમાં હંમેશા એક કદમ આગે રહ્યું છે અને રહેવાનું છે એવું બિલ લઇને આવ્યા છે ત્યારે હું એમ કહીશ કે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ માતૃભાષા પ્રત્યે ધ્યાન ખેંચાય એ માટે સમગ્ર ભારતવર્ષ અને સમગ્ર વિશ્વ માટે નેશનલ એજ્યુકેશન પોલિસી લાવ્યા છે. આજે જ્યારે આપણે આ બિલ પસાર કરી રહ્યા છીએ ત્યારે માતૃભાષા પ્રત્યે જાગૃતિ અને ભાવ ઊભો કરનાર આ જ ગૃહના આપણા જે-તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇનું નામ અમર થઇ જવાનું છે.એ પ્રકારે આ બિલની અનેક જોગવાઇઓ લઇને આવ્યા છે ત્યારે મેં વાંચેલું છે એટલે હું એક ઉદાહરણ અહીંથી આપું છું. ઇઝરાયેલ આઝાદ થયું કદાચ એ જ વખતે આપણે પણ આઝાદ થયા ત્યારે ઇઝરાયલના મોભીએ કોઇ અન્ય દેશના મોભી સાથે વાત કરતાં ત્યારે પૂછ્યું કે, તમે શિક્ષણની વ્યવસ્થા માટે શું કરવાના છો? એ તમે જણાવો. આઝાદી પછી તરત જ પૂછ્યું ત્યારે કેટલાકની જે તે વખતે અલગ પ્રકારની વાત હતી કે આ પ્રકારનો અભ્યાસક્રમ, આ પ્રકારનો અભ્યાસક્રમ એ વાત મહત્ત્વની નથી પણ ઇઝરાયલે શું કીધું એ મહત્ત્વનું છે. ઇઝરાયલના મોભીએ કહ્યું છે કે, અમારે ઇઝરાયલમાં અન્ય કોઇ ભાષા પહેલેથી ભણાવી નથી. અમારી માતૃભાષા હીબ્રુ છે. હાલ તો અમારા દેશના તમામ શિક્ષકો, સાહિત્યકારો, કવિઓ અને સાક્ષરો વિશ્વના તમામ મહાનગ્રંથોમાંથી શીખવા જેવા અર્થ ટ્રાન્સલેટ કરી રહ્યા છે. આ પ્રમાણે મોભીએ ગૌરવભેર જવાબ આપ્યો અને સામે કીધું કે તો તો તમારે ઘણો સમય લાગી જશે ત્યારે એમનો જવાબ મહત્ત્વનો છે. હા, ચોક્કસ અંદાજે છ-સાત વર્ષ પછી અમારો અભ્યાસક્રમ લાગુ પડશે. પરંતુ અમારે માતૃભાષા સિવાય કશું ભણાવવું નથી. જેથી આવનારી પેઢીઓ સક્ષમ બને. હું આ વાત એટલા માટે કરું છું કે આજે આપણે ઇઝરાયલના દાખલાઓ તમામ દેશોમાં આપી રહ્યા છીએ. જે પ્રકારે એ દેશે પ્રગતિ કરી છે, જે પ્રકારે એ દેશ આસપાસના બધા દેશોની વચ્ચે ગૌરવભેર લડાઇ લડી રહ્યો છે અને ઇઝરાયેલના વાર-તહેવારે દાખલા આપ્યા છે ત્યારે એની પાયાની અંદર માતૃભાષા રહેલી છે એનું હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. હાઉ મેની અને હાઉ મચ આ બે ટૂંકા વાક્યો તથા ઓ.કે., ડન, થેંક્સ અને સોરી આ ચાર શબ્દોની સહાયથી સુરત અને રાજ્યના હીરાના હજારો હજારો વેપારીઓ અન્ય પણ વેપાર ક્ષેત્રે જોડાયેલા લોકો એન્ટ્રોપ, બેલ્જિયમ અને અન્ય દેશોમાં જાય છે અને કરોડોના હીરાનો તથા અન્ય વેપાર તેઓ કરે છે પણ કોઇ દૂભાષિયો રાખ્યા વગર તેઓ ધંધો કરી રહ્યા છે. નાના-નાના બે ચાર પ્રસંગો પછી સ્વઅનુભવો થાય છે. આપણા લોક સાહિત્યકારો અને કલાકારોને જયારે જયારે ગુજરાતી લોકડાયરાઓ તથા હાસ્ય દરબાર માટે અનેકવાર વિદેશમાં જવાનું થાય છે ત્યારે અંગ્રેજી આવડતું નથી કે ઓછુ આવડે છે કે અન્ય દેશની ભાષા આવડતી નથી, એ મુદ્દાને લીધે વિદેશમાં કયાંય કદીપણ અટવાયા કે સલવાયા નથી. હા, એમની સામે અવશ્ય બીજા લોકો સલવાયા છે. જેની પાસે કોન્ફિડન્સના કોથળા ભરેલા હોય એને સ્પેશિયલ કોઇ ભાષા શિખવાની આવશ્યકતા રહેતી નથી. એવો કોન્ફયુડન્સ આપણી માતૃભાષા ગુજરાતીમાં છે ત્યારે આપણે બહુ દૂર સુધી એનો દાખલો નહીં લઇએ. અહીંયા જ વડનગર, આપણું જ ગુજરાત રાજ્ય, મહેસાણા જિલ્લો, વાલીઓને માત્ર એટલી વાત હૃદયમાં ઉતારે તો પણ ભાષાનું કલ્યાણ થઇ જાય એમ છે. વડનગરની પ્રાથમિક શાળામાં ભણેલો એક બાળક અને યુવાન વિશ્વભરની યુનિવર્સિટીમાં ભણીને આવેલાને ધૂળ ચાટતાં કર્યા છે એમનું નામ છે શ્રી નરેન્દ્રભાઇ મોદી. રામેશ્વરની પ્રાથમિક શાળામાં ભણેલો એક યુવાન રાષ્ટ્રપતિ પદ પર ગૌરવવિંત થઇ શકે છે. માંગરોળની પ્રાથમિક શાળામાંથી નિકળેલો એક જુવાન ભારતના ટોચના ઉદ્યોગપતિઓની યાદીમાં સ્થાન પામી શકે છે. આવા તો હજારો હજારો ઉદાહરણો આપણી પાસે છે. આપણી ભાષા, આપણું હવાપણું, માતૃભાષા કદી મરી શકે જ નહીં. ગુજરાતી મરે તો ગુજરાતીપણું દેહાંત પામે. હા, ગુજરાતી ભાષા મરી નથી પરંતુ ઘાયલ જરૂર થઇ છે. ભાષાને અનન્ય પ્રેમ કરનાર લોકો હવે દૂધમાં મેળવણ જેટલા પણ બાકી રહ્યા છે. ગ્લોબલ થવાની દોડમાં આપણે કયાંક આપણી ભાષાનો લહેકો પણ ગુમાવી ચૂક્યા છીએ. પગરખામાં સગથળી નથી. બહુ કહટામણ થાય છે આવું કંઇક થાય એટલે ગામતરાની સુવાયડ ડખે ચડી જાય છે. સૌરાષ્ટ્રમાં પૂછો તો હવે દસમાંથી ચાર નવા છોકરાને પણ આ સંપૂર્ણ શબ્દાર્થનો કદાચ અંદાજ નથી. એ કદાચ અત્યારે એમને અંદાજ નથી. માનનીય અધ્યક્ષશ્રી, અનેક વાતો આ બારામાં બધા કરવાના છે. એવું પણ નથી. કવિ, કલાકારો, સાહિત્યકારો એ સાક્ષરોથી જીવે છે એ અર્ધ સત્ય છે. એ લોકોનો ખૂબ મોટો ફાળો તો છે જ. જયાં સુધી શાક વેચવાવાળો જોરથી ટમેટા લ્યો, ટમેટા. એવી બૂમ શેરીમાં પાડે છે. કામવાળી બોણી આપો શેઠ, પરબના દિ છે. એમ વટથી કહે છે. રીક્ષાવાળો ગુજરાતી ગીત સાંભળતા સાંભળતા કોઇ ગરીબ દર્દીને ભાડું લીધા વિના ૧૦૮ કરતા ઝડપથી જયારે પંહોચાડે છે અને થેન્ક યુ ના બદલામાં એવું ના હોય ભાઇ. ઉપરવાળો સંઘુયે જોવે છે. ન્યાં લખાઇ ગયું. આવું ગૌરવભેર બોલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેકવિધ વાતો સન્માનનીય ગૃહ સમક્ષ બધાના મનમાં હશે. બધા પોતપોતાની વાત મૂકવાના હશે.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, કવિ તુષાર શુકલની એક કવિતા જયારે ગુજરાતીના મહિમાની વાતો થઇ રહી છે ત્યારે મને આવડે છે એ. કદાચ કોઇ ક્ષતિ રહે તો ક્ષમ્ય ગણશો. એ કવિતા ગૃહ સમક્ષ મૂકવાનો પ્રયાસ કરું છું.

''હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી. તમે છો ગુજરાતી ને અમનેય ગુજરાતી સમજાતી.

નામ, અટક ને સરનામા છો હોય આપણા અલગ. નામ, અટક ને સરનામા છો હોય આપણા અલગ.

ગુજરાતી ભાષા છે આપણી એક જ પાકી ઓળખ. કેમ છો ભાઇ, એ પૂછતીને એ પળમાં સંબંધાતી.

કેમ છો ભાઇ એ પૂછે ને પળમાં સંબંધ બંધાઇ જાય. આવી તાકાત ગુજરાતી શબ્દોમાં રહેલી છે

ત્યારે હું ગુજરાતી છું, ને મારી ભાષા છે ગુજરાતી.

ઓળખ વિનાના નામ ને સરનામું લઇ શું કરવું? ઓળખ વિનાના નામ ને સરનામું લઇ શું કરવું?

મૂળ વિનાના છોડને લઇને કેટલું કયાં ફરવું? મૂળ હશે તો મહોરશે છોડ ને સુગંધ ત્યાં છલકાતી.

મૂળ હશે તો મહોરશે છોડ ને સુગંધ પણ છલકાતી. હું ગુજરાતી છું, ને મારી ભાષા છે ગુજરાતી. ગુજરાતી થઇ, ગુજરાતી ભાષાને પણ જે ના ચાહે. ગુજરાતી થઇ,ગુજરાતી ભાષાને પણ જે ના ચાહે.

ગુજરાતી થઇ, ગુજરાતી ભાષાને જે બોલતા પણ શરમાયે. ગુજરાતી ભાષાને જે બોલતા પણ શરમાયે.

ધૂળ પડી એ જીવનમાં. લક્ષ્મી પણ લજવાતી. ધૂળ પડી એ જીવનમાં. લક્ષ્મી પણ લજવાતી.

હું ગુજરાતી, ને મારી ભાષા છે ગુજરાતી.''

માનનીય અધયક્ષશ્રી, આનો મર્મ. મારા અંગત મિત્ર છે તુષાર શુકલ. ખૂબ ઉંડો એનો ભાવ એમાં સંતાયેલો છે. અંતમાં વાત કરું તો આ માતૃભાષા યુગો યુગોથી એમાં માના દૂધની મીઠાશ ભરી હોય છે. તમે ગમે તેટલી ભાષાના જાણકાર હો, પરંતુ સપના હંમેશા માતૃભાષામાં જ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી ભાષા એ આપણું હોવાપણું છે. આપણી ત્વચા છે. આપણા સંસ્કાર છે અને આપણો વારસો છે. આપણી ભાષાના જોડકણા જ એમ કહી શકે કે-

'આવ રે વરસાદ, ઢેબરીયો વરસાદ,

ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.'

હવે માનનીય અધ્યક્ષશ્રી, મોનસુનનું અંગ્રેજી જોડકણું ચકાસીએ તો

'રેઇન રેઇન, ગો અવે. કમ અગેઇન સમ અધર ડે'

કહેવાનો મતલબ કે વિદેશમાં વરસાદ ન આવે એવું જોડકણું બાળક બોલે. જયારે આપણા દેશની સમગ્ર અર્થ વ્યવસ્થા એ વરસાદ સાથે જોડાયેલી છે. આપણી ભાષામાં વરસાદને આવકારો અપાય છે. માતૃભાષા જ માણસને આવકારો શીખવે. હોંકારો શીખવે અને સંસ્કારો શીખવે છે. વિશ્વના કોઇપણ દેશમાં, કોઇપણ પ્રાંતમાં પ્રાથમિક શિક્ષણ અન્ય ભાષામાં ભણાવાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક ઐતિહાસિક બિલ લઇને આવ્યા છે અને એની શરુઆત એ ગુજરાતમાં થઇ રહી છે, ત્યારે અંગ્રેજી એ માત્ર ભાષા છે. મેં અગાઉ કહ્યું એમ એનો અભાવ અને પ્રભાવ. જરૂરી હોય એટલા પૂરતી બધી જ આવશ્યકતા હોય. પણ, એનો અભાવ અને પ્રભાવ ના હોય. અંગ્રેજી એ માત્ર ભાષા છે. તેને ભગવાન ન બનાવાય. નહીંતર આપણી આવનારી પેઢી પણ આપણા એકપણ ભગવાન પર શ્રદ્ધા નહીં રાખે. આપણે ૯૦૦ વર્ષ પહેલા 'સિદ્ધ હેમ', 'શબ્દાનુશાસન' નામના ગ્રંથ દ્વારા આપણી ગુજરાતી ભાષાને હાથીની અંબાડી પર બેસાડનારી આપણે ગુજરાતી પ્રજા છીએ. આપણી ગુજરાતી ભાષાને હાથીની અંબાડી ઉપર બેસાડનારી પ્રજા ગુજરાતી પ્રજા છે, હાથીની અંબાડી પર આ પ્રકારે ગુજરાતી ભાષાનો મહિમા આપ્યો છે ત્યારે હું દ્રઢ પણે માનું છું કે આ ભાષાને બચાવવા માટે, એનું અસ્તિત્વ ટકાવવા માટે અને આપણી અધોગતિને અટકાવવા માટે સૌ સાથે મળીને આ બિલને આપણે પસાર કરવાના છીએ ત્યારે આવનારી પેઢી કાયમ આપણને યાદ રાખવાની છે. આપણા નરસૈયાના પ્રભાતિયા, ગંગાસતીના ભજનો, આપણા જીવનની અધ્યાત્મની બારીઓ ઉઘાડે છે દેવાયત પંડિતે આગમવાણી કહીને વિશ્વના મહાન જ્યોતિષકાર નોસ્ટ્રાડોમસ

**માનનીય સભાપતિ ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

જેવી ભવિષ્યવાણીઓ આપણી માતૃભાષામાં કરેલી છે. આપણી ભાષાના નાનકડા શબ્દો સ્વયં એ જ સંબંધની સમજ વિકસાવે છે, વેવાઇ, સાઢુભાઇ, સાળો, સાળી, બનેવી, આ શબ્દો બોલ્યા પછી કોઇ જ પરિચય આપવાની જરૂર નથી, માનનીય અધ્યક્ષશ્રી, વિદેશમાં કોઇ થેપલા બોલે એટલે બીજો ગુજરાતી તરત તમારી પાસે ખેંચાઇને જય શ્રી કૃષ્ણ કહેવા આવશે. આ શબ્દોનો કોઇ અન્ય ભાષામાં અનુવાદ થઇ શકે એવું નથી. આ માતૃભાષાનો એક શબ્દ આમ જુઓ તો એક ઇતિહાસ સર્જે છે ત્યારે ભગવત ગો મંડળના સર્જક સર ભગતસિંહજીને આ તકે હું નમન કરું છું. કવિ વીર નર્મદ, નરસૈયો, ગંગા સતી, પાનબાઇ, અખો, દયારામ, પ્રેમાનંદ, કવિ કલાપી જેવા અનેક ભાષાના ભક્તો આજે સ્વર્ગમાં આ બિલના કારણે રાહડો લેતા હશે, રાસ લેતા હશે, આવો આનંદ એમને થતો હશે ત્યારે મારા મિત્ર સાંઇરામ દવેના શબ્દોમાં કહું તો ગીરતી ગુજરાતીને સાચવ બંદા તું છો ગુજરાતી, વિસરતી સંસ્કૃતિને સાચવ બંદા તું છો ગુજરાતી. અધ્યક્ષશ્રી, માતૃભાષા એ આંખો છે અને બીજી ભાષા એ ચશ્મા છે, ચશ્માનું તો મૂલ્ય છે જો આપણી પાસે આપણી આંખો હોય તો, આપણી આંખો આપણી માતૃભાષા છે ત્યારે હું

આ બિલને સમર્થન કરું છું અને એક એવું ઐતિહાસિક બિલ આ ગુજરાતના સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યું છે, આપણે સૌ ભાગ્યશાળી છીએ કે કોઇ આ પક્ષ કે વિપક્ષ આ વિષયમાં હોઇ જ ન શકે. સમર્થન કરતી વાત પણ તુષારભાઇએ કરી છે ત્યારે એક નવો ઇતિહાસ સર્જાવા જઇ રહ્યો છે અને ઇતિહાસ રચાય ત્યારે આપણા ધ્યાનમાં નથી હોતું પણ ઇતિહાસ ના પન્ના એ ભવિષ્યની પેઢી ખોલશે ત્યારે અહીંયા બેઠેલા સૌ સન્માનનીય સભ્યશ્રીઓના, તમારા અને ભારતીય જનતા પાર્ટીની ભૂપેન્દ્રભાઇની સરકારના અને નરેન્દ્રભાઇના નામ એ ઇતિહાસના પન્ના ઉપર કાયમ લખાવાના છે ત્યારે પ્રો. કુબેરભાઇને, રાજ્ય સરકારને, શ્રી ભૂપેન્દ્રભાઇને હું વિશેષ અભિનંદન આપીને આ બિલને સમર્થન કરું છું. આજે અનેક હુતાત્માઓને, અનેક લોકોને જ્યારે ગુજરાત રાજ્ય બન્યું અને એ વખતે જે લોકોએ આંદોલનની અંદર પોતાના બલિદાનો આપ્યા છે વિચારો આપ્યા છે એ બધાય હુતાત્માઓ હોય, અત્યારે હાજર હોય, ન હોય એ બધાના આત્મા આજે રાજી થતા હશે. એક ગુજરાતી તરીકે હું ગૌરવ અનુભવું છું અને સમર્થન આપું છું.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, 15 મી ગુજરાત વિધાનસભાના સૌથી નાની ઉંમરના સદસ્ય તરીકે સૌ પ્રથમવાર આ ગૃહમાં ગુજરાતમાં ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક ૨૦૨૩ ની ચર્ચામાં બોલવાનો અવસર આપવા બદલ આપ શ્રીનો હું આભાર વ્યક્ત કરું છું. ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી દ્વારા માતૃભાષા ફરજિયાત વિધેયક ૨૦૨૩ રજૂ થયું છે એ માત્ર એક કાયદો નથી પરંતુ ગુજરાતની માતૃભાષાની અસ્મિતાને મજબૂત કરવાનું ભગીરથ કાર્ય માનનીય રાજ્ય સરકારે કર્યું છે. હવેથી ગુજરાતની દરેક શૈક્ષણિક સંસ્થામાં ધોરણ એક થી આઠમાં ગુજરાતી વિષયને ફરજિયાત ભણાવાશે. આ વિધેયકનું હું હૃદય પૂર્વક હાર્દિક સ્વાગત કરું છું અને વિપક્ષના સદસ્ય ડોક્ટર તુષારભાઈ ચૌધરીએ પણ આ બિલનું સમર્થન કર્યું એ બદલ સરકાર તરફથી પણ એમનો આભાર વ્યક્ત કરું છું. ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષયને ફરજિયાત કરવા માટે ૨૦૧૮માં પણ એક પરિપત્રના માધ્યમથી પ્રયાસ થયો હતો પરંતુ આ વખતે એક મજબૂત કાયદો બનાવીને માતૃભાષાને મજબૂત કરવાનું વિશેષ કાર્ય માનનીય રાજ્ય સરકારે કર્યું છે. જયારે રાષ્ટ્રનું રાજયમાં વિભાજન થયું ત્યારે જે તે પ્રદેશમાં જે ભાષા બોલાય તે પ્રમાણે રાજયો નક્કી થયા અને તે બાદ જે તે રાજયોએ પોતાની માતૃભાષાને પ્રોત્સાહિત કરવાનું કામ કર્યું છે. ગુજરાતી ભાષાના સંવર્ધન માટે રાજ્ય સરકારે આ વિધેયકના માધ્યમથી એક ચોક્કસ નીતિ ઘડવાનું કાર્ય કર્યું છે. આ નિર્ણય ભાષા માત્ર વિચાર માટેનું માધ્યમ નથી પરંતુ એક આખી સંસ્કૃતિને આ વિધેયકના માધ્યમથી શ્વાસ આપવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. આ વિધેયક દ્વારા માત્ર ગુજરાતી ભાષા જ નહિ પરંતુ ગરવી ગુજરાત અને તેની અસ્મિતાનું રક્ષણ થશે અને આપણી આવનારી પેઢીને ગુજરાતી સાહિત્ય અને પરંપરાનો પરિચય થશે. સાચું કહું તો આ વિધેયકે ગુજરાતી ભાષાને સંજીવની આપવાનું કાર્ય કર્યું છે. આ વિધેયકનો એક ઉદ્દેશ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો જે અમલ કર્યો છે તેને ગુજરાતમાં મજબૂતાઇથી અમલ કરવાનો આ વિધેયક દ્વારા મજબૂત પ્રયાસ થયો છે. મને કહેતા વિશેષ આનંદ થાય કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ આ દેશની સંસ્કૃતિને વિભિન્ન પાયે મજબૂત કરવાનું કામ કર્યું છે. જેમ કે આયુષ્ય મંત્રાલયના માધ્યમથી આયુર્વેદ અને હોમિયોપેથીને એક સંસ્કૃતિના જડ સુધી પહોંચાડવાનું કામ કર્યું. મેક ઇન ઇન્ડિયાના માધ્યમથી દેશની આર્થિક વ્યવસ્થાને મજબૂત કરવાનું કામ કર્યું રાષ્ટ્રીય ભાષા હિન્દીને ગૌરવ અપાવવાનું કામ કર્યું સાથે સાથે પ્રાંતિય ભાષાઓને પણ મહત્ત્વ આપવાનું કામ કર્યું એવી જ રીતે આપણા રાજયના અને આ ગૃહના મુખ્ય નેતા માનનીય ભૂપેન્દ્રભાઇએ અને શિક્ષણમંત્રીશ્રીએ ગુજરાતી વિષયને ફરજિયાત કરવાનું બિલ લાવીને ગુજરાતની અસ્મિતાને ગૌરવને પણ મજબૂત કરવાનું કામ કર્યું છે. અમે અંગ્રેજી વિષય કે અન્ય કોઇપણ વિષયની ટીકા ટિપ્પણ કરવા માગતા નથી. અમારી સરકારમાં પ્રાંતિય ભાષાને પણ હંમેશા મહત્ત્વ આપવાનું કામ થયું છે અને એટલા માટે આ બિલની અંદર આ વિધેયકની અંદર સ્પષ્ટ જોગવાઇ પણ કરવામાં આવી છે કે કોઇપણ સ્કૂલની અંદર કોઇ શાળાની અંદર ગુજરાત બહારના વિદ્યાર્થીઓ જો અભ્યાસ કરતા હોય તો ખાસ કિસ્સામાં આ અધિનિયમની તમામ અથવા તો એ પૈકીની કોઇ જોગવાઇઓમાંથી મુકિત આપવાનું કામ કરશે. જે વિદ્યાર્થી ગુજરાત બહારનો હોય અને એ જે તે સ્કૂલમાં ભણતો હોય તો તેના માતા પિતાના જો વ્યાજબી કારણ હશે અને લેખિત સંમતિથી એ સ્કૂલની અંદર આ વિષયથી મુકિત માગવાનો જો પ્રયાસ કરશે તો સ્કૂલ એને મુકિત આપવાનો પ્રયાસ કરશે કેમ કે આ સરકાર હંમેશા પ્રાંતીય ભાષાને મજબૂત કરતી આવી છે. એક વિશેષ જોગવાઇ આ બિલના માધ્યમથી સતત થઇ છે. અમે એવો પણ પ્રયાસ કર્યો છે કે કદાચ એકાદ મહિનાની અંદર કોઇ સ્કૂલની અંદર એકાદવાર આ જોગવાઇનું જો ઉલ્લંઘન કરવામાં આવે તો તેને ૫૦ હજાર રૂપિયાનો દંડ કરવાનો રાજય સરકારે આ વિધેયકના માધ્યમથી આવી શાળાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. એ મહિનામાં જો બીજી વાર આ જોગવાઇનું ઉલ્લંઘન કરે તો એને એક લાખ રૂપિયાનો દંડ અને ત્રીજીવાર એક જ મહિનામાં જો આ જોગવાઇનું ઉલ્લંઘન કરે તો રૂપિયા બે લાખ સુધીના દંડની જોગવાઇ આ બિલની અંદર કરવામાં આવી છે. અમે માતૃભાષાના ભોગે છૂટછાટ પણ આપવા માગતા નથી. એક મહિનામાં ત્રણ વખત ઉલ્લંઘન કર્યા બાદ જો વર્ષની અંદર સતત આવા વિધેયકના નિયમોનું ઉલ્લંન કરશે તો આવી શાળાઓનો જે તે સંસ્થા સાથે જોડાણ હશે એ રદ કરવાનું કામ રાજય સરકાર કરશે. જેથી કરીને માતૃભાષાના વિધેયકને વધુ મજબૂતાઇથી શાળાની અંદર લાગુ કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મહાન કવિ નર્મદ અને દલપતરામ જેવા અનેક સર્જકોએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવાનું કામ કર્યું છે. ગુજરાતી ભાષાની સંસ્કૃતિ અને સંસ્કાર આવે છે એ ભાષા લુપ્ત થાય કે ઓછી બોલાય કે અસ્વચ્છતાનો ભોગ બને ત્યારે એની અસર આખી પેઢીને પડે છે. એટલા માટે ગુજરાતી ભાષા એ માત્ર શબ્દોનો સમૂહ નથી તેમા આપત્તિને

અવસરમાં બદલવાની નેમ છે તેમાં સ્નેહાળ સબંધોનું માધુર્ય છે એમાં વિરાટ સિદ્ધિઓ થકી વિશ્વ પટલપર ગુંજવાનો ગુણ વૈભવ છે અને એટલા માટે આપણે સૌ ગૌરવથી ઘણીવાર જય જય ગરવી ગુજરાત પણ કહેતા હોઇએ છીએ.

આજે મારે આ ગૃહની વચ્ચે એક વિશેષ વાત પણ મૂકવી છે એ એટલા માટે જ સ્પેનમાં જન્મેલા ફાધર વાલેસ જેમનું આખું નામ કાર્લોસ વાલેસ કે જેની માતૃભાષા ગુજરાતી ન હોવા છતાં ગુજરાતમાં રહીને ગુજરાતી ભાષાની ઉત્તમ સેવા કરવાનું કામ એમણે કર્યું હતું હું ફાધર વાલેસની એટલા માટે વાત કરું છું કે આ ગૃહ અને આજની પેઢી એ વાતથી અજાણ હશે.કે ફાધર વાલેસ મદ્રાસ યુનિવર્સિટીમાં ગણિત વિષય સાથે અનુસ્નાતક થયા પછી ગુજરાતમાં આવ્યા અને વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતી ભાષાનો અભ્યાસ કર્યો. ફાધર વાલેસે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગણિત શાસ્ત્રના અધ્યાપક તરીકે ગુજરાતી માધ્યમમાં નોકરી લીધી અને ફાધર વાલેસ સ્પેનિશ હોવા છતાં પણ ગુજરાતી ભાષાને આત્મસાત કરીને ગુજરાતી લેખક બન્યા હતા. તેમના લખાણો પણ કાકાસાહેબ કાલેલકર જેવા સરળ અને સહજ હતા અને એટલા માટે જ લોકોને ગમતાં હતા. ફાધર વાલેસે સદાચાર અને તરુણાશ્રમ જેવા ૭૦ જેટલા નિબંધો ગુજરાતી ભાષામાં આપ્યા. તેમના નિબંધોએ ગુજરાતની યુવા પેઢીને સાચું ઘડતર પૂરું પાડ્યું છે. ફાધર વાલેસનું એક વિધાન હતું કે ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંય જો જોવા મળે તો તમે એવું માનજો કે તમે એક નવી ભાષાની શોધ કરી છે. સ્પેનમાં જન્મેલા ફાધર વાલેસ જો ગુજરાતી ભાષા પ્રત્યે આટલી સહજતા, આટલો પ્રેમ રાખતા હોય ત્યારે છેલ્લે એટલું જ કહીશ કે કોઇ પણ ભાષા શીખવા માટે ચાર આધારસ્તંભની જરૂર પડે છે. સાંભળવું, બોલવું, વાંચવું અને લખવું. જો આપણે આપણાં બાળકને અંગ્રેજીમાં ભણાવીએ તેને એક પછી એક આ ચારેય આધારસ્તંભ શીખવા પડે છે. પહેલાં સાંભળવાનું, પછી બોલવાનું, પછી વાંચવાનું અને પછી લખવાનો પણ મહાવરો કરવો પડે છે. પરંતુ જો એ બાળકને આપણી માતૃભાષામાં ભણાવીએ તો માત્ર તેને બે આધારસ્તંભ જ શીખવા પડે છે. એક સાંભળવું અને બોલવું. બાકીના બન્ને આધારસ્તંભ તેના માં-બાપના સંસ્કારોમાંથી શીખીને આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'સંસ્કૃત છે ધર્મની ભાષા, અંગ્રેજી વ્યાપારે વપરાય, હિન્દી તો છે રાષ્ટ્રભાષા, ગુજરાતીએ વિવેક દેખાય.' એટલા માટે આ જે બિલ શિક્ષણમંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે મારે જાપાનના એક સર્વેક્ષણની વાત કરવી છે કે માતૃભાષામાં ભણતાં લગભગ તમામ વિદ્યાર્થીઓમાં ધોરણ-૯ સુધી ટ્યુશન કરવાની જરૂર પડતી નથી. જ્યારે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને નાનપણથી ટ્યુશનમાં જવું પડે છે. તેના કારણે ઘણીવાર માતૃભાષામાં ભણતો વિદ્યાર્થી હોય તેની સ્ટ્રેસ કેપેસિટી ખૂબ મજબૂતાઇથી કામ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધારે નહીં, પણ આ બિલના માધ્યમથી અમે એટલું ચોક્કસ કહી શકીએ કે આ બિલ આવનારી પેઢીને પોતાની માતૃભાષા પ્રત્યે ખૂબ સશક્ત અને મજબૂત બનાવવાનું કામ કરશે ત્યારે મારું આ બિલને સમર્થન છે અને હું સમગ્ર ગૃહને પણ કહું છું કે આવનારી પેઢીને વધુ સશક્ત અને મજબૂત કરવા માટે, આપણી ગુજરાતી ભાષાને વધુ મજબૂત અને સશક્ત બનાવવા માટે સૌ લોકો આ વિધેયકનું સમર્થન કરે અને હું પણ આ વિધેયકનું સમર્થન કરું છું. આપે મને અહીંયા માત્ર ૨૯ વર્ષની ઉંમરે સૌથી નાની ઉંમરના સદસ્ય તરીકે બોલવાનો અવસર આપ્યો એ બદલ આપનો આભાર વ્યક્ત કરું છું. જ્યારે અમે રોડ ઉપર લડતાં ત્યારે અમને એવું લાગતું કે રોડ ઉપર સરળતા હોય પણ જ્યારે આ સત્રમાં આ ગૃહની અંદર આવીને બેઠાં છીએ ત્યારે ખબર પડી કે કાયદો બનાવવો પણ એટલો સરળ હોતો નથી. આજે અહીં જ્યારે અમે કાયદો બનાવવામાં સહભાગી બની રહ્યા છીએ, સહયોગી બની રહ્યા છીએ ત્યારે અમને વિશેષ આનંદ થાય છે. આપનો ફરી એકવાર ખૂબ ખૂબ આભાર.

શ્રી અમિત ચાવડા**(**આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, '' સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી '' આપણે સૌ ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવીએ છીએ. ગરવી ગુજરાતની ભવ્ય વિરાસત, ભવ્ય સંસ્કૃતિ, અસ્મિતા પર જ્યારે ભાષાકીય રીતે આજે ખૂબ મોટો પ્રશ્નાર્થ ઉભો થયો હોય તેની ચિંતા કરી અને સરકાર જ્યારે ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબતનું વિધેયક-૨૦૨૩ લઇને આવી છે ત્યારે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જીતુભાઇએ, હાર્દિકભાઇએ, તુષારભાઇએ બધાએ ચિંતા કરી કે ગુજરાતી હોવાનું આપણને ગૌરવ છે, ગુજરાતી ભાષા આપણી સંસ્કૃતિ, અસ્મિતા છે અને તેના પર જ્યારે પ્રશ્નો ઉભા થાય તો સ્વાભાવિક રીતે ગુજરાતી તરીકે દરેકને ચિંતા થાય. તુષારભાઇએ ખૂબ સારી વાત કરી કે એક સમય હતો, હું માનું છું કે આજથી ૨૫ વર્ષ પહેલાં ગુજરાતમાં ગણીગાંઠી અંગ્રેજી માધ્યમની શાળાઓ હશે અને એ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પણ ખૂબ સરળતાથી ગુજરાત વિષય સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ગુજરાતી માધ્યમમાં ભણેલો કોઇપણ વ્યકિત કયારેય કોઇ ધંધા, વ્યાપાર કે કોઇપણ ક્ષેત્રે એને ભાષાને કારણે કયારેય પીછેહઠ કરવી પડી હોય એવું નથી બન્યું અને નહીં ખાલી ગુજરાતમાં જ પણ આખા વિશ્વના દરેક દેશનો અભ્યાસ કરશો તો મોટાભાગની જગ્યાએ કોઇપણ ક્ષેત્રમાં આગળ વધવામાં કે કોઇપણ રાજય કે રાષ્ટ્રના વિકાસમાં પોતાની માતૃભાષા કયારેય અવરોધરૂપ બની નથી. આટલા લાંબા શાસનકાળ પછી સરકાર આ જે વિધેયક લઇને આવી ત્યારે પહેલો પ્રશ્ન એ થાય કે સતત આટલા વર્ષોથી એકજ પક્ષનું શાસન ચાલે છે તો આજે એ વિધેયક કેમ લાવવું પડ્યું? આજે એવી તો શું સ્થિતિનું નિર્માણ થયું કે આપણે ગુજરાતી ભાષા ફરજિયાત ગુજરાતમાં ભણાવવી પડે એ માટે વિધેયક લાવવું પડ્યું? કાયદો બનાવવાની જરૂરીયાત ઉભી થઇ. આપણને ગુજરાતી ભાષા માટે રાતોરાત પ્રેમ ઉભરાયો? આપણે કોઇ અભ્યાસ કર્યો કે આ ગુજરાતી ભાષા આપણી આવનારી પેઢી, આપણા બાળકો કયાંક વિસરી ન જાય એના માટે ચિંતા થઇ? પણ ના,

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

આ ગુજરાતમાં ગુજરાતીઓ જાગ્યા અને માતૃભાષા અભિયાન શરૂ કરવું પડયું અને એ માતૃભાષા અભિયાનમાં અનેક શિક્ષણવિદો, જે ચિંતા કરવાવાળા લોકો છે એમણે રજૂઆત કરી કે ધીમેધીમે આ ગુજરાતી ભાષા વિસરાઇ રહી છે, માનનીય તુષારભાઇએ ચિંતા કરી એમ નવી પેઢીના બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણે, ઘરે આવીને કદાચ ગુજરાતી ભાષામાં વાત કરે પણ લખવાની વાત હોય કે વાંચવાની વાત હોય એની સંસ્કૃતિ કે સાહિત્યની વાત હોય તો એનાથી બિલકુલ અજાણ અને અળગા રહેશે, એની ચિંતા થઇ, સરકારને રજૂઆત કરી પણ સરકારે એમાં ધ્યાન ન આપ્યું, અહીં નરેન્દ્રભાઇને યાદ કર્યા, આપણે પણ યશસ્વી વડાપ્રધાનને યાદ કરીએ પણ સાથેસાથે એમના જ શાસનકાળમાં આપણી ગુજરાતી કોલેજોમાં અંગ્રેજી શીખવવા માટે સ્કોપના કલાસીસ શરૂ કરવામાં આવ્યા અને એમાં કરોડો રૂપિયા સરકારે ખર્ચ્યા પણ ગુજરાતી ભાષાની ચિંતા ના કરી. જયારે આ માતૃભાષા અભિયાનના શિક્ષણ સાથે ગુજરાતી હોવાની અસ્મિતા બચાવવા માટે સરકારને રજૂઆત કરતા હતા, સરકારે ના સાંભળ્યું ત્યારે નાછૂટકે આ માતૃભાષા અભિયાનના જે પણ લોકો હતા એમણે નામદાર હાઇકોર્ટના શરણે જવું પડયું. તારીખઃ ચોથી ઓકટોબર, ૨૦૨૨ના રોજ એ લોકો થાકીને નામદાર હાઇકોર્ટ પાસે ગયા, એમની પિટિશન અને નામદાર હાઇકોર્ટના જજમેન્ટની નકલ મારી પાસે છે, એમણે હાઇકોર્ટમાં જે પિટિશન કરી, એમણે અપીલ કરવી પડી કે રાજય સરકારના અગાઉના શિક્ષણ વિભાગના જે ઠરાવો છે ગુજરાતી માતૃભાષા અંગેના એનો અમલ નથી થઇ રહ્યો તો આ ઠરાવોનો અમલ કરાવવામાં આવે. એમણે અપીલ કરવી પડી કે ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની અને બીજા જે બોર્ડની શાળાઓ છે એ શાળાઓ આ જી.આર.નો ખરુખર પૂરેપૂરો પ્રમાણિકતાથી અમલ કરે એ માટેના યોગ્ય આદેશ થવા સારું, જે શાળાઓ આ જી.આર.નો અમલ ના કરે એની તાત્કાલિક એન.ઓ.સી. રદ કરવામાં આવે અને ગુજરાત ભાષાને પ્રોત્સાહન મળે, ગુજરાતની અસ્મિતાનું જતન થાય અને એને રક્ષણ મળે એ માટે યોગ્ય આદેશ થવા એવી પ્રેયર કરવામાં આવી. માનનીય મંત્રીશ્રીએ શરૂઆતમાં જે શબ્દો અહીંયા આગળ વ્યકત કર્યા પણ આજ ગુજરાત સરકારનો તા.૧૩-૦૪-૨૦૧૮નો જી.આર. છે. આ બિલમાં જે પ્રાવધાન કરવામાં આવ્યું છે, જે કાયદાની કલમો લખવામાં આવી છે એમાંથી મોટા ભાગનો હાર્દ આ રાજય સરકારના સન ૨૦૧૮ના જી.આર.માં સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રીએ કીધું એમ કોઠારી કમિશને સન ૧૯૬૪ થી ૧૯૬૬માં દેશમાં જે રિપોર્ટ આપ્યો એમાં સ્પષ્ટ હતું દેશની પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સન ૧૯૬૮ના શાળાકીય શિક્ષણ ક્ષેત્રે ત્રીભાષા ફોર્મ્યુલા અપનાવવી. ગુજરાતે પણ અપનાવેલ હતું. એના માટેના પ્રાવધાન છે એમાં ત્રિભાષામાં પહેલી ભાષા માતૃભાષા હશે અને ગુજરાતમાં એનો અમલ પણ થતો હતો. મે કહ્યું એમ આજથી ૨૫ વર્ષ પહેલાં કદાચ આની ચિંતા કરવાની કોઇ જરૂરિયાત ન પડી પણ છેલ્લા વર્ષોમાં જે રીતે અંગ્રેજી માધ્યમનું પ્રભુત્વ અને પ્રસાર વધ્યો એના કારણે સી.બી.એસ.ઇ. બોર્ડ હોય, આઇ.સી.એસ.ઇ બોર્ડ હોય, આઇ.બી. હોય, એવા અલગ અલગ શિક્ષણ માટેના બોર્ડ છે એની અનેક સ્કૂલો ગુજરાતમાં સ્થાપાઇ. ખાનગી શાળાઓ થઇ અને સરકારે એને ખૂબ પ્રોત્સાહન પણ આપ્યું. ૨-૫ હજાર નહીં પણ લાખો રૂપિયાની ફી ઉઘરાવતી આ શાળાઓ છે. એ શાળાઓમાં એવું ઓબ્ઝર્વેશન સામે આવ્યું કે આ શાળાઓ ગુજરાતી ભાષા ભણાવતી નથી. એટલા માટે સરકારમાં ધ્યાનમાં આવ્યું ત્યારે એમની અવાર નવારની સૂચનાઓ પછી પણ એનો અમલ થતો ન હતો એટલા માટે શિક્ષણ વિભાગે સને ૨૦૧૮માં એક જી.આર. બહાર પાડ્યો અને એમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે એનો અમલ જૂન-૨૦૧૮થી શરૂ થતા નવા સત્રથી ફરજિયાતપણે કરવાનો રહેશે એવી આમાં સૂચના આપવામાં આવી. એટલું જ નહીં જે ચાલુ સત્ર હશે એમને પણ આ જી.આર. લાગુ પડશે એવું કહેવામાં આવ્યું. ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ જે પુસ્તક ગુજરાતી માટેના તૈયાર કરશે એ જ પુસ્તકને આ શાળાઓએ ભણાવવાનું રહેશે. એની સાથોસાથ જે ચાલુ સત્ર છે એમાં પણ આ પુસ્તકથી અભ્યાસ કરાવવાનો રહેશે. સરકારનો પરિપત્ર હતો. અહીંયા ગુજરાતી માટેની ચિંતા ખૂબ થઇ. આપણે બધાને ચિંતા છે. આપણે સ્કોપના કોર્સીસ શરૂ કરવા માટે ફોકસ કરતા હતા પણ આ જાતના પરિપત્રનો અમલ થાય એની ચિંતા સરકારને ન હતી. લોકોએ ધ્યાન દોર્યું ત્યારે સરકારે કાંઇ ન કર્યું પણ હાઇકોર્ટે સૂચના આપી અને સરકારે હાઇકોર્ટમાં એફિડેવિટ કરીને કહેવું પડ્યું કે અમે આ પરિપત્રનો અમલ કરવા બંધાયેલા છીએ અને કરીશું. એટલા માટે બિલ લાવવામાં આવ્યું એનું દુ:ખ છે. બિલ લાવ્યા એ સારી બાબત છે. માનનીય શ્રી જીતુભાઇએ ગાંધીજી માટે લખાયેલ પત્ર માટેની વાત કરી. વિખ્યાત કવિ શ્રી બી.કે. ઠાકરેએ આઝાદી પહેલાં ગાંધીજીને પત્ર લખ્યો. એ પત્રમાં જેમ અહીંયા ઉલ્લેખ થયો એમ જ્યારે આપણી ધારાસભા થશે ત્યારે ફોજદારી કાયદામાં એક કલમ દાખલ કરવાની હિલચાલ કરવી પડશે. હું એમ જોવું છું કે એક હિન્દુસ્તાની એક ભાષા જાણવા છતાં બીજા માણસને અંગ્રેજીમાં લખે અથવા તો બીજા સાથે તે ભાષામાં બોલે એને ઓછામાં ઓછી છ મહિનાની સખત મજૂરી સાથે સજા કરવામાં આવશે. આના માટે એમણે ગાંધીજી પાસે અભિપ્રાય માગ્યો. આજે આપણે બધા અનુભવીએ છીએ કે આપણે સરકારી કચેરીઓમાં અલગ અલગ બોર્ડ, નિગમ, વિભાગમાં આપણા જે અધિકારીઓ હોય છે. સામાન્ય કોઇ વ્યક્તિ અરજી લઇને જાય તો એની સાથે કઇ ભાષામાં વાત કરવી પડે છે? એ બંધાયેલ છે પણ એ ગુજરાતી ભાષા શીખીને ગુજરાતીમાં વાત કરવાની તસ્દી ન લે. એક સામાન્ય વ્યક્તિ હોય એણે હિન્દીમાં કે અંગ્રેજીમાં વાત કરવી પડે. શ્રી તુષારભાઇએ ચિંતા કરી એમ આપણે ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવ્યા ત્યારે સામાન્ય ગુજરાતીએ એમાં ગુજરાત સરકાર અંગ્રેજીમાં ફોર્મ બહાર પાડે એ ભરવું પડે એના માટે કોઇ સજાની જોગવાઇ હવે વિચારીએ છીએ ખરા આ ધારાસભા ગૃહમાં? આપણે સજાની જોગવાઇ શું વિચારી? કહ્યું કે ૫૦ હજાર, એક લાખ કે બે લાખ દંડ કરીશુ અને એન.ઓ.સી. રદ કરીશું. એ શાળાઓ જે ફી ઉઘરાવે છે, હું માનું છું કે અહીં બેઠેલાઓમાંથી ઘણા બધાના પરિવારમાંથી એ શાળામાં ભણતા હશે. એક વિદ્યાર્થીની બે-પાંચ લાખ રૂપિયા ફી ઉઘરાવતી હોય એવી શાળાઓને નજીવો નાણાકીય દંડ કરવાની વાત કરીએ તો હું માનું

છું કે એને બહુ અસર નહીં પડે. આપણે કાયદાઓ બનાવીએ છીએ ત્યારે એનો કડકાઇથી અમલ થશે એવું અત્યારથી જ પ્રસ્થાપિત કરવું પડે. સાથોસાથ ગુજરાતમાં મોટાભાગે જે અંગ્રેજી શાળાઓ છે અને ગુજરાતની ખાનગી શાળાઓ છે એમાં લગભગ ૪૪ લાખ જેટલા બાળકો અભ્યાસ કરે છે. અહીંયા આગળ દુ:ખ તો ત્યારે થયું કે બિલ તો લાવવામાં આવ્યું. ભાઇશ્રી જીતુભાઇએ વાત કરી એમ ભવ્ય અસ્મિતા, સંસ્કૃતિ અને બધી મોટી મોટી વાત થઇ પણ બિલનો જ્યારે ડ્રાફ્ટ થયો ત્યારે આપણે ચિંતા ના કરી. એમાં શબ્દ લખવામાં આવ્યો કે નિમ્ન પ્રાથમિક શાળા અને ઉચ્ચ પ્રાથમિક શાળા. માનનીય મંત્રીશ્રી તો આ ક્ષેત્રના વિદ્વાન અને જાણકાર છે. ડ્રાફ્ટ થયો હશે ત્યારે કોઇએ વિચાર્યું નહીં હોય કે નિમ્ન પ્રાથમિક શાળા એટલે ધોરણ ૩ થી ૫. પહેલા, બીજા ધોરણમાં ગુજરાતી નહીં ભણાવે તો ચાલશે. કક્કો બારખડી નહીં શીખવાડે તો ચાલશે. ડાયરેક્ટ ત્રીજા ધોરણથી ગુજરાતી ભણાવજો અને પછી ગઇ કાલ સુધી તો સુધારો ના આવ્યો પણ આજે સવારે ઊઠ્યા તો ધારાસભ્ય તરીકે અમને જાણ નહતી પણ પેપરમાં આવ્યું કે સરકારે રાતોરાત સુધારો કર્યો છે અને હવે નિમ્ન પ્રાથમિક શાળાને બદલે પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ એવા શબ્દનો સુધારો કરવામાં આવ્યો છે. હું માનું છું કે, માનનીય મંત્રીશ્રીએ શરૂઆતમાં આ સુધારાની પણ જો થોડીક વાત કરી હોત આ ગૃહમાં હજુ ઘણાં બધા લોકોના અભિપ્રાય આપશે કે એમની વાત મૂકશે તો એને એનો ખ્યાલ પણ આવશે. આપણી જે ચિંતા છે કે આપણું એકે એક આવનારું બાળક, પેઢી ગુજરાતની સંસ્કૃતિ, અસ્મિતા જેનું ગૌરવ લઇએ છીએ એનું રક્ષણ થાય, મહત્ત્વ મળે અને પ્રોત્સાહન મળે એના માટેની ચિંતા કરીએ છીએ. અહીંયાથી શ્રી તુષારભાઇએ પક્ષ તરફથી પહેલું જ કીધું કે, અમે એનું સમર્થન કરીએ છીએ, સ્વીકારીએ છીએ સાથે આપણે વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરવો પડશે. આપણી કથની અને કરણીમાં ફરક ના હોય એવું આપણે અહીંયા પ્રસ્થાપિત પણ કરવું પડશે એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સારું થયું સુધારો કર્યો કે આપણે પહેલા ધોરણથી પ્રાથમિક શાળામાં ફરજિયાત શિક્ષણ ગુજરાતીનું દાખલ કરીએ છીએ પણ સાથે સાથે વિનંતી પણ છે કે શું કામ આપણે આઠમા ધોરણ સુધી જ ગુજરાતી ભણાવવું? શું કામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ સુધી ગુજરાતી શિક્ષણમાં ફરજિયાત નથી કરવું? અને આપણે ગુજરાતીની ચિંતા કરતા હોઇએ, અસ્મિતાની વાત કરતા હોઇએ કે આખા વિશ્વમાં ગુજરાતીએ ડંકો વગાડ્યો છે એનું જો આપણે ગૌરવ લેતા હોય તો મારી સરકારને વિનંતી છે કે હજુ પણ આ બિલમાં સુધારો કરીને જે તમે ખાલી પ્રાથમિક શિક્ષણ સુધીની વાત કરી છે એના બદલે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધી પણ ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવી જોઇએ એવો સુધારો આ વિધેયકમાં લઇને આવો તો અમને પણ આવકારવામાં આનંદ થશે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા દંડની વાત થઇ છે કે પચાસ હજાર, બે લાખ એ દંડ ખૂબ નાની રકમો ગણાય. દંડની સાથે સાથે તમે દાખલો બેસે એવી માન્યતાઓ રદ કરવા માટેના પગલાઓ પણ લેજો. ખાલી બિલમાં આપણે લાવીશું અને પછી એને કાયદાકીય આંટીઘૂંટીમાં એ કરીને શાળાઓને જો રક્ષણ મળશે તો હું માનું છું કે આ કાયદાનો યોગ્ય અમલ નહીં થઇ શકે અને એક વર્ષ સુધી આપણે રાહ જોવાની વાત કરીએ છીએ. એકવાર ભૂલ કરશે, એક વર્ષ સુધી ભૂલ કરશે તો આપણે એની એન.ઓ.સી. રદ કરીશું. એટલો સમય એ બાળકો ગુજરાતી ભણવાથી વંચિત રહેશે એ બાળકોની પણ આપણે જોડે જોડે ચિંતા કરવી પડશે. હું માનું છું કે, જે સમય ગાળો છે એ લાંબો ના રાખતા એક મહિના સુધીમાં એના દંડની સાથે સાથે એન.ઓ.સી. રદ કરવા સુધીની કાર્યવાહી કરશો તો યોગ્ય રીતે અમલ થઇ શકે. ગુજરાત સરકારે પણ આપણે જ્યારે અહીંયા આગળ શાળાઓ માટે જે કાયદો બનાવીએ છીએ. આપણા વિભાગોમાં તો આપણાં જૂના જી.આર. છે જ, એનો કડકાઇથી અમલ થાય. વિભાગમાં આપણે ગુજરાતી ભાષામાં જ દરેક કામકાજ થાય એ માટેની કડક સૂચનાઓ અપાય એવી પણ આ તબક્કે મારી વિનંતી છે. ખાસ કરીને અદાલતના આદેશથી એ થયું. પહેલા પણ આપણે અહીંયા ચિંતા વ્યક્ત કરી. માનનીય વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતમાં હતા ત્યારે ચિંતા કરી. કોર્ટોમાં અને બીજી કચેરીઓમાં પણ જે અંગ્રેજી માધ્યમનો પત્ર વ્યવહારથી માંડીને એની પ્રોસીજર થાય છે ત્યારે ત્યાં પણ જ્યાં આપણાથી શક્ય છે ત્યાં અમલ કરાવવા માટેનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. આપણા કર્મચારીઓ છે, આપણી ઓફિસીસ છે એમાં ઘણી બધી જગ્યાએ અને ઇવન આપણી જે શાળાઓ છે એ શાળાઓની અંદર શિક્ષકોમાં પણ ગુજરાતી ભાષા માટે જ્ઞાન હોવું જોઇએ કે ક્યાંક એની સ્પષ્ટતા હોવી જોઇએ એમાં ઘણી જગ્યાએ અભાવ જોવા મળે છે ત્યારે એની માટેના ચોક્કસ તાલીમના કાર્યક્રમો થવા જોઇએ. એની ગુણવત્તાની ચકાસણી થવી જોઇએ. ચિંતા તો ત્યારે થાય કે આપણે અહીંયા ભવ્ય સંસ્કૃતિ અને અસ્મિતાની વાત કરતા હોઇએ પણ એકબાજુ આપણી ગુજરાતની જે શાળાઓ છે ખાસ કરીને ગુજરાતી માધ્યમની જે શાળાઓ છે એમણે હમણા છેલ્લે ૨૦૨૨માં ૬૭૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા અને એમાંથી ૬૬૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. પરીક્ષાનું જે ગુજરાતી વિષયનું પરિણામ આવ્યું એ ૬૩ ટકા પરિણામ આવ્યું. બીજીબાજુ અંગ્રેજી માધ્યમની જે શાળાઓ હતી એમાં ૮૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને એમાં ૮૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને એનું પરિણામ અંગ્રેજી વિષયનું ૮૧ ટકા આવ્યું. જો ગુજરાતી માધ્યમની શાળાઓમાં ગુજરાતી વિષયનું પરિણામ ૬૩ ટકા આવે અને અંગ્રેજી માધ્યમમાં એનું પરિણામ ઉંચું આવે તો આપણા માટે પણ આ ચિંતાનો વિષય છે કે આપણી જે શાળાઓ છે, આપણી જે સંસ્થાઓ છે એમાં ગુજરાતી જે ભણાવવામાં આવે છે અને બાળકોનો જે ગુજરાતી વિષયમાં રસ હોવો જોઇએ એમાં કચાશ રહી જાય છે એનું સ્પષ્ટ પરિણામ આપણે જોઇ શકીએ છીએ. એ જ રીતે મુખ્ય વિષય તરીકે પ્રથમ ભાષા ગુજરાતી હોય એવા ૬૭૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને એમાંથી પરીક્ષા આપી અને જે પાસનો રેશીયો છે એ ૮૨ ટકાનો હતો પણ એની સામે અંગ્રેજી જે પ્રથમ ભાષા તરીકે સ્વીકારીને જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી એમનો રેશીયો ૯૦ ટકાનો હતો એટલે પ્રથમ ભાષા તરીકે પણ સ્વીકાર થયો હોય એવા વિદ્યાર્થીઓનું પણ પર્ફોર્મન્સ

અંગ્રેજી ભાષાની સરખામણીમાં ઓછું છે અને એ જ રીતે આપણે અત્યારે વાત કરીએ તો ગુજરાતી પ્રથમ ભાષા રાખી હતી એવા આખા ગુજરાતમાંથી ફકત ૧૫૪૩ વિદ્યાર્થીઓ એવા હતા કે જે એ-૧ ગ્રેડમાં પાસ થયા. આ ચિંતાનો વિષય એટલા માટે છે કે એકબાજુ આપણે બુલેટ ટ્રેનની ચિંતા કરીએ, આખા વિશ્વની ચિંતા કરીએ, ગુજરાત મોડલની ચિંતા કરીએ અને એ જ ગુજરાત મોડલમાં ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષાની સ્થિતિ દિવસે દિવસે જોઇએ તો હું તો સ્પષ્ટ માનું છું કે આજની તારીખમાં જોઇએ તો આજે ગુજરાતી ભાષા બાબતમાં આપણે માઇનસ સ્ટેજે છીએ. આ વિધેયક લાવીશું તો આપણે ઝીરો ઉપર આવીશું અને કડકાઇથી એનો અમલ કરાવીશું. એ કાયદાને સાચા અર્થમાં નીચે સુધી લઇ જઇશું તો આવનારા દિવસોમાં આપણે એમાં સારું પર્ફોર્મન્સ પણ લાવી શકીશું. મારી તો ખાસ વિનંતી છે કે પહેલા મેં વાત કરી કે ખાલી પ્રાથમિક સુધી નહીં પણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સુધી શાળાઓમાં ગુજરાતી ભણાવવામાં આવે એ રીતની જોગવાઇ કરવી જોઇએ. સાથે સાથે કલમ-૩માં પેટા કલમ-૩ એમાં લખવામાં આવ્યું છે કે વધારાની ભાષા તરીકે શિક્ષણ મંત્રીશ્રી અહીંયા એનો ખુલાસો કરશે તો આનંદ થશે કે વધારાની ભાષાને બદલે વિષય શબ્દ વાપરવામાં આવે તો એના પરિણામથી લઇને એનું એનાલીસીસ પૃથકરણ પણ થઇ શકે તો મારું સૂચન છે કે ભાષાને બદલે વિષય શબ્દ વાપરવામાં આવે. કલમ-૬માં ગુજરાતની બહારના નિવાસી અધિવાસી એ શબ્દ છે અને એ માટેની એને છૂટ આપવામાં આવી છે. એમાં અધિવાસીની ડેફીનેશન શું છે એની પણ સ્પષ્ટતા કરવામાં આવે. એમાં પેટા કલમ-૨માં આવા વિદ્યાર્થીઓની જરૂરી વિગતો સાથેની યાદીની શાળા દ્વારા આવો નિર્ણય લેવામાં આવે ત્યારે તે પ્રમાણે સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી છે તો એને બદલે જિલ્લા શિક્ષણ અધિકારી અને પ્રાથમિક શિક્ષણ અધિકારી બંને રાખીએ તો હું માનું છું કે વધારે સરળતા રહેશે અને ખાસ કરીને કલમ-૭ આપણે જે છટકબારીઓ રાખીએ છીએ. કયાંક કોઇકની ભલામણ આવશે, કયાંક આપણા ઓળખીતાઓની શાળાઓ છે તો એની ફેવર કરવા માટે કદાચ છટકબારી રાખી હોય તો એની પણ સ્પષ્ટતા થાય કે કલમ-૭માં જે મુક્તિ આપવામાં આવી છે. સરકાર દ્વારા મુક્તિ આપવાની વાત છે. એમાં કદાચ કયાંક કોઇ વિદ્યાર્થીને મુક્તિ આપવાની વાત હોય પરપ્રાંતનો વિદ્યાર્થી હોય તો થોડા સમય માટે હોય અને એને મુક્તિ આપવામાં આવે એની જે તમારી પદ્ધતિ છે એ યોગ્ય છે. પણ શાળાઓને શું કામ મુક્તિ આપવાની? જે શાળા શબ્દ છે, શાળા અથવા વિદ્યાર્થીને મુક્તિ આપવાની વાત છે. શાળાને કોઇપણ સંજોગોમાં આમાંથી મુક્તિ હોઇ શકે નહીં. તેની પણ આપણે ખાસ ચિંતા કરવાની જરૂરિયાત છે. આપણા બધાની ચિંતા એક જ છે કે, ગુજરાતમાં ગુજરાતની અસ્મિતા આપણા બાળકોનો ગુજરાતી માટેનો લગાવ છે તે જળવાઇ રહેવો જોઇએ. અહીં ગૃહમાં બેઠેલા મોટાભાગના જે સાથી ધારાસભ્યશ્રીઓ છે તે ગુજરાતી માધ્યમમાં ભણ્યા હશે. ગુજરાતી સાહિત્યમાં ખૂબ નજીકથી પરિચિત હશે. આપણી આવનારી પેઢી પણ તે બાબતે રસ લઇને ચિંતિત બને તે માટેની આપણે બધા ચિંતા કરીએ છીએ. સાથે સાથે પહેલાં વાત થઇ તેમાં કોઇપણ રાજ્ય હોય કે રાષ્ટ્ર હોય તેની ભાષા અને વિકાસને કોઇ લાગતું વળગતું નથી. જીતુભાઇએ ખૂબ સાચી વાત કરી કે, સુરતમાંથી, સૌરાષ્ટ્રમાંથી કે ગુજરાતનો કોઇ સામાન્ય ખેડૂત પરિવારનો દીકરો હોય તે ઓછું ભણ્યો હશે, આઠ કે દસ ચોપડી ભણ્યો હશે પણ તે ડાયમંડના બિઝનેશમાં આખી દુનિયામાં તેણે નામના મેળવી હશે. કદાચ બીજા દેશોમાં જાય તો તેને અંગ્રેજી ભાષા નહીં આવડતી હોય. તેમાં તેનો જે આત્મ વિશ્વાસ છે, ગુજરાતી તરીકેની આગવી વેપારની કોઠાસૂઝ છે તેના કારણે તેને કયારેય ભાષા બાધરૂપ બની નથી અને આખા વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. આખા વિશ્વના અનેક દેશો જેમ કે, યુરોપની વાત કરીએ તો યુ.કે. સિવાયના યુરોપના બાકીના બધા દેશોમાં ત્યાંની સ્થાનિક ભાષાનો જ ઉપયોગ થાય છે. ત્યાં એમણે કયારેય એવું નથી કહ્યું કે, અમે અંગ્રેજી નથી વાપરતા એટલે ત્યાંના નાગરિકો કે અમારાં બાળકો પાછળ છે, અમારા વિકાસમાં કે બિઝનેશમાં કોઇ તકલીફ પડી. તે ચિંતા કરીને આપણે બધા આવનારા દિવસોમાં આ બિલનો વધારે અમલ થાય અને પહેલાં વાત થઇ છે તેને ફરી દોહરાવું છું કે, ખાલી કાયદો બનાવવાથી આપણી જે મનછા છે અને અહીં જે ચર્ચા કરીએ છીએ તે જમીન પર ઉતરતા નથી. કાયદાનો કડક અમલ કરાવવાથી સરકારની ઇચ્છાશક્તિનું ખરેખર જમીન સુધી અમલીકરણ થવાથી પરિણામ મળશે. ત્યારે આ બિલને આવકારીએ છીએ. થોડાંક જે સુધારા સૂચવ્યાં છે તે બાબતે માનનીય મંત્રીશ્રી પોતાના વક્તવ્યમાં ખુલાસો કરે અને આપણે બધા જ સાથે મળીને આવનારા દિવસોમાં આપણી આવનારી પેઢી ગુજરાતી ભાષા સાથે ખૂબ નજીકથી પરિચિત થાય, તેનો અભ્યાસ કરે. આપણી સંસ્કૃતિ, આપણી વિરાસત, આપણો વારસો સારા અર્થમાં ચરિતાર્થ કરીને ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવીએ છીએ તે જ રીતે આપણી આવનારી પેઢી પણ ગૌરવ સાથે આગળ વધે તેવી અભ્યર્થના સાથે આ બિલને સમર્થન કરીએ છીએ.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં સન્માનનીય આપણા શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર સાહેબ ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષા શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક-૨૦૨૩ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને સમર્થન આપું છું. સાથે સાથે એટલું કહેવા માગું છું કે, આ માત્ર બિલ નથી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીનું ગુજરાતી ભાષાના ગૌરવ અને અસ્મિતા પ્રત્યેના આદર માટેનું વીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી તે આપણી માતૃભાષા છે. આ રાજ્યની રચના આપણી માતૃભાષાના આધારે જ થઇ છે. આ રાજ્યને અલગ રાજ્ય બનાવવા માટે અનેક લોકોએ પોતાના પ્રાણોની આહૂતિ આપી દીધી છે અને તે તમામ શહિદવીરોને આજે આપણે યાદ કરવા જોઇએ. સાથે સાથે આપણા ગુજરાતી અસ્મિતાના અગ્રદૂત એવા ઇન્દુલાલ યાજ્ઞિક કે જેમને આપણે સૌ ઇન્દુચાચા તરીકે ઓળખીએ છીએ અને મૂકસેવક રવિશંકર મહારાજને આજે કેવી રીતે ભૂલાય? આજના

વિધેયકને જોઇ આ બંને મહાત્માઓના આત્મા ચોક્કસ ખુશ થતા હશે. મા, માતૃભૂમિ અને માતૃભાષા કોઇપણ વ્યક્તિના પાયાના ઘડતર માટે સવિશેષ મહત્ત્વ ધરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માતૃભાષા માત્ર ભાષા નથી એ આપણી સંસ્કૃતિની વિરાસત છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ફાધર વોલેસની વાત કરવામાં આવી, એમણે એવું કહ્યું છે કે, જુઓ ભાષા જાય તો સંસ્કૃતિ જાય. માતૃભાષા વગર સંસ્કૃતિનું વિકસવું અશકય છે, કારણ કે માતૃભાષા માતાના ઉદરની ભાષા છે અને એટલે જ માતૃભાષા એ લાગણી અને વેદનાની ભાષા છે. કોઇ પણ વ્યક્તિને પોતાની લાગણીની અભિવ્યક્તિ કરવાની હોય, પોતાના વિચારોની રજૂઆત કરવાની હોય અથવા તો કોઇ જ્ઞાન-વિજ્ઞાનને ગ્રહણ કરવાની જ્યારે વાત હોય તો એનું શ્રેષ્ઠ માધ્યમ જે છે તે માધ્યમ માત્રને માત્ર માતૃભાષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને મારી ભાષા ગમે છે કારણ કે, મારી બાને હું બા કહી શકું છું. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના આધૂનિક યુગમાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ દિન-પ્રતિદિન વધતું ગયું છે અને આવનારી પેઢી એનું જ્ઞાન મેળવે એ સારી બાબત છે પરંતુ એનું વળગણ ન હોવું જોઇએ. એક નાના ઉદારહણ સાથે મારી વાત મૂકું છું. ઠંડા પીણા પેપ્સી છે,કોલા છે એ ગમે તે વ્યક્તિને ગમે, તેટલા ભાવે પણ ક્યારેય પાણીનું સ્થાન એ ન લઇ શકે કારણ કે, પાણી એ પાણી જ છે, પાણી આપણા સૌની જીવાદોરી છે. પેપ્સી કદાચ આપણને થોડી વાર પૂરતી તરસ છીપાવી શકે પરંતુ કોઠાને ટાઢક પાણી જ આપી શકે બીજું કોઇ ન આપી શકે. પેપ્સી કે કોકાકોલા જેવા ઠંડા પીણા છે એ ન તો રોજીંદા જીવનમાં કામ આવી શકે કે ન તો સ્નાનમાં આવી શકે. ન તો કોઇ શુદ્ધિકરણમાં આવી શકે અને પેપ્સી આપણે પીએ તો કદાચ દર્દો પણ આપણા શરીરમાં આવી જાય, કદાચ રોગો પણ આવી જાય પણ પાણી તો ઔષધ છે, પાણી સંજીવની છે, પાણી અમૃત છે. એવી રીતે જ માતૃભાષાને અવગણીને અંગ્રેજીની આરતી ઉતારવી એટલે પાણીના માટલાને ફોડીને પેપ્સીના બાટલાને રવાડે ચડવાની વાત છે અને એટલા માટે માતૃભાષા માત્ર અભિવ્યક્તિ માટે જ ઉપયોગી નથી બનતી પણ એ તો આપણી ગૌરવવંતી સંસ્કૃતિને પોતાના પેટાળમાં સંગ્રહીને અને સાચવીને બેઠેલી તિજોરી છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક દ્વારા ગુજરાત સરકાર જે શાળામાં એક વધારાની ભાષા તરીકે ગુજરાતી ભાષા ભણાવવામાં આવતી નથી એવી તમામ શાળાઓમાં હવેથી પ્રાથમિક શાળાથી ઉચ્ચતર પ્રાથમિક સુધી તબક્કાવાર ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવાની રહેશે. પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી બાળકમાં આત્મવિશ્વાસ અને સર્જન શક્તિમાં વધારો થાય છે. આપણે ત્યાં કહેવત છે મા તે મા બીજા વગડાના વાં અને એટલે જ ભાષાનું પણ એવું જ મહત્ત્વ છે માતૃભાષા એ આપણી મા સમાન છે અને આ વિધેયક ગુજરાતમાં રહેલા ગુજરાતીઓના બાળકોમાં ગુજરાતી ભાષાનું, સંસ્કારોનું સિંચન કરે છે. ગુજરાતી એ માત્ર ભાષા નથી, ગુજરાતી એક સંસ્કાર છે. આપણે ત્યાં મહેમાન આવે અને જ્યારે જતા હોય ત્યારે આપણે એને ગુડ બાય કહેતા નથી પરંતુ આપણે આવજો એમ કહીએ છીએ એ આપણા સંસ્કાર છે. ગુજરાતી ભાષાનું ગૌરવ અહીંયા બેઠેલાં તમામ સન્માનીય સદસ્યશ્રીઓને છે. ગુજરાતી ભાષાનું કેવું ગૌરવ કે અમે જતા ને પણ આવજો કહીએ, અમે ખારા ને પણ મીઠું કહીએ, તારી ભલી થાય એમ કહીને ગુસ્સામાં પણ ભલું ઇચ્છીએ છીએ, ફરી મળીશું એમ કહી છૂટા પડતી વખતે પણ ફરી મળવાની આશા જગાવીએ છીએ. ભલા માણસ કહીને અમે અણગમો તો બતાવીએ પણ કહીએ તો ભલા જ, બહુ ડાહ્યો એમ કહીએ, મ્હેણું મારીએ પણ કહીએ તો અમે ડાહ્યો જ, ખરો બાકી તું એમ કહી અમે ખોટાને પણ ખરા કહીએ છીએ, જેના શબ્દો સાંભળવા મન તરસે અને જેના શબ્દો હૈયાને સ્પર્શે એ જ આપણી માતૃભાષા છે. આ માત્ર ભાષા નથી મારી માતૃભાષા છે આપણે આપણાં સૌની ગૌરવવંતી માતૃભાષા છે. આવી મા સમાન મીઠી મારી ગુજરાતી ભાષા પર મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષ્ણ ભગવાન જયારે સાંદીપની ઋષિના આશ્રમમાં રહીને જયારે વિદ્યા પ્રાપ્ત કરી ત્યારે પછી કૃષ્ણ ભગવાન જયારે ઘરે પરત જતાં હતા ત્યારે સાંદીપની ગુરુજીએ કહ્યું કે તમે વરદાન માગો, ત્યારે કૃષ્ણ ભગવાને માગ્યુ **"માતૃ હસ્તેન ભોજનમ્ "** એટલે મરતાં સુધી મને માતાના હાથનું ભોજન મળે. હું વિચાર કરું છું કે એવા બાળકોની શી વલે થતી હશે કે જેને માતાના હાથનું ભોજન ભાગ્યે જ સાંપડ્યુ છે અને કયારેક કદાચ હોટલોમાં ખાવાનુ મળતું હશે તો કયાંક ભોજનાલયમાં ખાવાનુ મળતું હશે. માતાના ભોજનમાં માત્ર રોટલો જ નથી પરંતુ માતાના હાથના રોટલા સાથે તેનો પ્રેમ પણ વણાયેલો હોય છે અને એટલા માટે જ કૃષ્ણ ભગવાને વરદાન માગ્યુ ત્યારે કહ્યું કે, **"માતૃ હસ્તેન ભોજનમ્ "** એવું વરદાન માગું છું. એવી રીતે હું એવુ માગું છું કે, **" માતૃ મુખેણ શિક્ષણમ્ "** એટલે કે માતાના મુખેથી શિક્ષણ મળે અને એ માતા એટલે આપણી મા ગુજરાતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક માત્ર ગુજરાતી ભાષાના અક્ષરજ્ઞાન આપવાના ઉદેશ્ પૂરતું સીમિત નથી પણ આ વિધેયક ગુજરાતી સંસ્કારો, ગુજરાતી ભાષાની અસ્મિતા અને ગુજરાતની ભાષાને ગૌરવ પ્રદાન કરનારું બની રહે એવુ મારું દ્રઢપૂર્વક માનવું છે. અંતમાં એટલુ જ કહીશ કે,

**" મેં તારા નામનો ટહુકો હજુ છાતીમાં રાખ્યો છે, ભૂંસાવા કયાં દીધો કક્કો હજુ પાટીમાં રાખ્યો છે**
**ને મલક કંઇ કેટલાં ખૂંદયા બધાની ધૂળ ચોંટી પણ હજુય મેં મારો ધબકારો ગુજરાતીમાં રાખ્યો છે.** " આ ગૌરવવંતુ બિલ જે છે તે ગુજરાતી તરીકે ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કૃતિ, અભિવ્યકિત, વિચારધારા અને આપણી સંસ્કૃતિની ધરોહર માટેનું આવનાર જે પેઢી છે તે પેઢીનો બાળક ગુજરાતી સંસ્કૃતિ સાથે, આ રાજય સાથે, આ રાષ્ટ્રના વિકાસ માટે જોડાય એ માટેનું બિલ છે તો તેના માટે હું આ બિલને સંમિત આપું છું. જય જય ગરવી ગુજરાત.

ફાલ્ગુન,૯,૧૯૪૪ શાકે

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીઆ(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણાં પહેલાં ગુજરાતી વડાપ્રધાન મોરારજી દેસાઇનો જન્મ દિવસ છે અને આવા ગરવા ગુજરાતીને આજે યાદ પણ કરીએ છીએ ત્યારે ગુજરાતીને ગૌરવ અપાવનાર અને ગુજરાતી માધ્યમ ફરજિયાત કરનાર મગનભાઇ દેસાઇ આપણાં શિક્ષણમંત્રી છે તેમને પણ ભાવપૂર્વક હું આજે યાદ કરું છું. ગુજરાતી ભાષા પ્રત્યેનો લગાવ સ્વર્ગસ્થ મગનભાઇનો એટલો બધો હતો કે તેનુ જે માધ્યમ છે તે મગન માધ્યમ કહેવાયું. ગુજરાતીને આપણે પ્રાથમિક શિક્ષણ ગુજરાતીમાં જ હોવુ જોઇએ, માતૃભાષામાં જ હોવુ જોઇએ એમ દેશ અને દુનિયાના તમામ દેશોએ, તમામ રાજ્યોએ આ વાત સ્વીકારી છે. આપણે પણ સ્વીકારી હતી પણ કયાંક અને કયાંક આપણે બારી ખોલી અને બારીનો દરવાજો થઇ ગયો એટલી હદ સુધી આપણે પ્રાથમિક શિક્ષણ ગુજરાતીમાં હોવાના બદલે અંગ્રેજી માધ્યમમાં શરૂ થયુ અને તેના ભોગ આપણે તુષારભાઇએ કહ્યું તેમ તુષારભાઇ એકલા નહીં અહીંયા બધા બેઠાં છે તે બધા જ ભોગ બન્યા છે કે અંગ્રેજી માધ્યમમાં ભણીએ એટલે બહું સારું ભણાઇ જાય. હું પણ ગુજરાતી માધ્યમમાં ભણ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ગુજરાતી માધ્યમમાં ભણ્યો છું અને જ્યારે એન્જિનિયરીંગ કૉલેજમાં આવ્યો ત્યારે અંગ્રેજી માધ્યમની શરૂઆત થઇ અને મને અઘરી લાગી. હું આજે એવું માનું છું કે સાયન્સ અને ટૅકનોલોજીની ભાષા અંગ્રેજી છે, રિસર્ચની ભાષા અંગ્રેજી છે. એમાં રહેવું જોઇએ કારણ કે, આપણે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવી છે પરંતુ પ્રાથમિક શિક્ષણ તો ગુજરાતી માધ્યમમાં જ હોવું જોઇએ અને ગુજરાતી માધ્યમમાં ન હોય તો એ વિષય તરીકે તો ફરજિયાત હોવી જ જોઇએ. આપણા બાળકોને આપણા માટે ગુજરાતી ભાષા ભણાવવી જોઇએ. આપણા કવિ અરદેશર ખબરદારે લખ્યું છે કે, ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત, જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત.'' ગુજરાતી ભાષા આપણે વિશ્વને પણ આપી છે. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકા ગયા એ પહેલાં અમારા પોરબંદરમાંથી અને બીજી જગ્યાએથી અનેક લોકો આફ્રિકામાં હતા. એમની પોતાની ભાષા ગુજરાતી હતી અને આજે પણ ઇસ્ટ આફ્રિકામાં ગુજરાતી ભણાવતી હોય એવી સ્કૂલો યુગાન્ડા, કેનિયા કે ટાન્ઝાનિયામાં તમને જોવા મળે. મારા અનેક વડીલ મિત્રો આફ્રિકામાં ગયા ત્યાં એમને ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવાતી હતી. સન ૧૯૭૨માં જૂની પેઢીને ત્યાંથી કાઢ્યા અને બધાં ઇંગ્લેન્ડમાં સ્થાયી થયા. આજે અમારા ગામના ૪૫૦ પરિવારો ઇંગ્લેન્ડમાં છે. એની જૂની પેઢી ગુજરાતી જાણે છે પણ કમનસીબે નવી પેઢી ગુજરાતી ભણતી નથી કારણ કે, ત્યાં ગુજરાતી પ્રત્યેનું ગૌરવ આપણા લોકોએ જ ઘટાડ્યું છે. ઇંગ્લેન્ડના લેઇસ્ટરની સ્કૂલોમાં માત્ર એક વિદ્યાર્થી હોય અને એ એમ કહે કે મારે ગુજરાતી ભણવી છે તો એક વિદ્યાર્થી માટે એક શિક્ષક રાખવાની વિદેશની સરકારની તૈયારી છે પણ કમનસીબી એ છે કે ત્યાં નવી પેઢીએ ભાષા તરીકે ગુજરાતી રાખવી જોઇએ એની જગ્યાએ ફ્રેંચ રાખે છે અથવા તો પોર્ટુગીઝ રાખે છે. એના કારણે આપણા વિદેશના ઘરોમાંથી ગુજરાતી ભાષા લુપ્ત થતી જાય છે. જે ભણેલા-ગણેલા લોકો છે એ આજે પણ આગ્રહ રાખે છે કે ઘરની ભાષા તો ગુજરાતી જ હોવી જોઇએ. મારા અનેક સગા-સંબંધી ત્યાં છે. અમુક કુટુંબો આગ્રહ રાખે છે કે પરિવારમાં આવો ત્યારે ગુજરાતી જ બોલો એટલું જ નહિ પણ અમારી પોરબંદરની બોલી જ બોલવાનો આગ્રહ રાખે છે પણ ઘણા પરિવારોમાંથી ગુજરાતી ભાષા લુપ્ત થઇ ગઇ છે અને એ લોકો પાછા ગર્વ કરે કે અમારા દીકરાને ગુજરાતી આવડતી જ નથી. ત્યાંની ક્યાં વાત કરો છો અહીંયાના લોકો પણ ગૌરવ લે છે કે મારા છોકરાને ગુજરાતી બોલતા નથી આવડતું તો ડૂબી મરવું જોઇએ. આપણી ભાષા છે આપણે જાળવી નહિ રાખીએ તો કોણ જાળવી રાખશે. હું તો ત્યાં સુધી કહું છું કે આપણે આપણી બોલી પણ જાળવી રાખવી જોઇએ. દેવભૂમિ દ્વારકા અને કચ્છના ઘણા બધા મિત્રો અહીંયા બેઠા છે એ લોકો જ્યારે એકબીજાને મળે ત્યારે પોતાની બોલી બોલે છે. મુળુભાઇ આપણે ઓખા કે ખંભાળિયામાં જઇએ તો વાઘેરની ભાષા બોલે છે. સિન્ધી ભાઇઓ છે એ સિન્ધી ભાષા બોલે છે. હું તો માનનીય મંત્રીશ્રીને સૂચન કરીશ કે આપણી ૫૫ બોલીઓ છે એમાં એક અમારી પણ બોલી છે. એ બોલીઓ પણ સચવાઇ રહે એટલા માટે ફરજિયાત ગુજરાતી વિષય હોવો જ જોઇએ પણ વધારાની બોલીઓ તરીકે સચવાય એ પણ વિષય તરીકે રાખો. હમણાં શ્રી જીતુભાઇ જે વાત કરતાં હતા એ બહુ સાચી છે. અમારે ત્યાંથી અભણ બહેનો આફ્રિકા ગઇ. એમને એક અક્ષર ના આવડે. પણ ઘરની અંદર કામ કરવા આવતાં નિગ્રો છોકરાઓને ગુજરાતી ભાષા શિખડાવી દીધી. એ બહેનો જ્યારે અમારા ગામમાં આવે ત્યારે મેં તેમને કડકડાટ સ્વાહિલી ભાષા બોલતાં સાંભળ્યા છે. કારણ કે જે સંપર્કમાં રહીએ તે સંપર્કની ભાષા આપણે શીખતા હોઇએ છીએ. આપણો દેશ એક રહ્યો તેનું કારણ પણ એ છે કે આપણે બધી ભાષાઓને માન આપ્યું છે. તામિલ, કેરાલા, કર્ણાટકા અને નોર્થ ઇસ્ટના રાજ્યોના ભાષા પ્રત્યેના લગાવને તે પોતાની અલગ જ સંસ્કૃતિ ગણે છે. એ લોકો આપણી સાથે રહ્યા ન હોત પણ આપણે કહ્યું કે આપણે એ ભાષાને પણ માન આપવું છે. આપણે એમ કહીએ છીએ કે હિન્દી શીખવી જોઇએ તો તે લોકોને એવું લાગે છે કે અમારા ઉપર લાદો છો. એ ભાવના દૂર કરવી હોય તો આપણે પણ તામિલ કે મલયાલમ કોઇ એક ભાષા સ્વૈચ્છિક રીતે શીખવી જોઇએ. એ ભાષાઓ પણ સમૃદ્ધ છે. આ ભાષાનું બીજા દેશો કેવું માન રાખે છે તેની વાત કરું. હું ઘણી વખત ઇંગ્લેન્ડ ગયો છું. ત્યાં લેસ્ટર સિટીમાં લગભગ એશિયનો વસે છે. તેના માઇલ સ્ટોન અંગ્રેજી, પંજાબી અને ગુજરાતી ત્રણ ભાષામાં છે. આજે પંજાબી એ તો કેનેડાની થર્ડ લેંગ્વેજ છે. તમિલ સિંગાપોરની સેકન્ડ લેંગ્વેજ છે. આપણી ભાષાને બીજા લોકો પણ માન આપે છે. આપણી ભાષાને આપણે પ્રચલિત કરવાનો જે પ્રયાસ થવો જોઇએ તે થયો નહિ. આખરે હાઇકોર્ટ અને સરકાર જાગ્યા તેને કારણે આ બિલ આવ્યું જેને ખૂબ આવકારવા જેવું છે. જેમ ગાંધીજીએ કહ્યું હતું તેમ આપણી ભાષા કોસિયો સમજી શકે એવી હોવી જોઇએ અને એટલે જ

સરળીકરણ કર્યું. કોઈ ચાવી ચાવીને ગુજરાતી બોલે તેને વિદ્વાન કહેવાય તો આપણો ગામડાનો માણસ ગુજરાતી ભાષામાં કોઈ દુહો લલકારતો હોય તો તેને તેનું સાહિત્ય કેમ ન કહેવાય? આપણે ત્યાં કવિ સંમેલનમાં કદાચ ૨૦૦-૩૦૦ લોકો આવે પણ લોક ડાયરામાં તો અમારે ત્યાં ૨૫-૫૦ હજાર લોકો આવે છે. કારણ કે તે લોક ભાષા છે અને એ ભાષા તેને ગમે છે, એ ભાષામાં તે સમજે છે અને એમાં જ તેને આનંદ આવે છે. વિદ્વાનોનું સાહિત્ય ભલે બીજું હોય પણ લોકોનું સાહિત્ય તો એ જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં સૌથી મોટી મુશ્કેલી એ થઈ કે આપણા સાહિત્યનું બીજી ભાષામાં ભાષાંતર થયું નથી. બંગાળી ભાષા સમૃદ્ધ છે પણ બંગાળી ભાષા સમગ્ર વિશ્વમાં પ્રચલિત એટલા માટે થઈ કે બંગાળી ભાષામાંથી બીજી ભાષાઓમાં ભાષાંતર ખૂબ થયું. આપણે ત્યાં ભાષાંતર પર કામ કરનારા લોકો ખૂબ ઓછા છે. ઝવેરચંદ મેઘાણીની Somebody's Darling નામની એક કવિતા હતી જે મેરી લા કોસ્ટાએ મૃત્યુ પામતા સૈનિક ઉપર લખેલી હતી.

''રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે !માતની આઝાદી ગાવે.''

આ કવિતાનું ભાષાંતર કદાચ મૂળ કવિતા કરતાં ઘણું બધું મજબૂત થયું. જો આમાંથી ભાષાંતર થાય તો દુનિયાને એક નવું સાહિત્ય મળી શકે તેવું હતું. ઝવેરચંદ મેઘાણી અને દુલાભાઈ કાગની અનેક કવિતાઓ કે પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' નું જો ભાષાંતર થયું હોત તો કદાચ નોબેલ પારિતોષિકની નજીક આવી ગયા હોત. પણ આપણે એ ટ્રાન્સલેટરોનો વિકાસ કરી શક્યા નહીં. આપણી ભાષાને સમૃદ્ધ કરવી હશે તો ટ્રાન્સલેટરોને મદદ કરવી પડશે અને ટ્રાન્સલેટરો ઊભા કરવા પડશે. મારો અનુભવ કહું છું કે ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ટ્રાન્સલેશન કરાવવું હોય તો આપણે ત્યાં વિધાનસભા સચિવાલયમાં પણ વિદ્વાન ટ્રાન્સલેટરો નથી. ક્યાંક ગણ્યા-ગાઠ્યાં જ ટ્રાન્સલેટરો મળે છે. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, ટ્રાન્સલેટરોની એક નવી ટીમ ઊભી કરવી જોઇએ અને એમને પ્રોત્સાહન આપવું જોઇએ. મારું એક બીજું પણ સૂચન છે કે, આપણી ભાષાને સમૃદ્ધ કરવી હશે તો વિદેશોની અંદર જે ગુજરાતી ભાષાના ક્લાસ અને જે ગુજરાતી પરિવારો છે એમને એન.આર.જી. મારફત સેન્સિટાઇઝ કરી જે સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરે છે એમાં પૂરક થવું જોઇએ. જેથી, આપણી ગુજરાતી ભાષા તેના મૂળ સ્વરૂપે જળવાઇ રહે. આપણે ત્યાં જે પારસી કોમ્યુનિટી છે એમણે ટિપીકલ ગુજરાતી ભાષા સ્વીકારી છે. એ દુનિયાના કોઇપણ છેડામાં જાય તો એમની ટિપિકલ ભાષા છોડતા નથી. કારણ કે, એમને પોતાની ભાષાનું ગૌરવ છે અને આપણે આપણી મૂળ ભાષાને છોડી દઇએ છીએ. ભાષાનું માધ્યમ કયું હોવું જોઇએ એ બાબતે ખૂબ ચર્ચાઓ થઇ છે. પ્રાથમિક શાળાનું માધ્યમ ગુજરાતી જ હોવું જોઇએ એ એક સર્વસ્વીકૃત બાબત થઇ ચૂકી છે પરંતુ, સાયન્સ અને ટૅકનોલોજી અને રિસર્ચની જે ભાષા છે એ તો અંગ્રેજી જ રહેવાની છે. શરૂઆતમાં અમને અંગ્રેજી અઘરું લાગતું હતું પણ સાયન્સ અને ટૅકનોલોજીમાં અંગ્રેજીમાં ભણવું સહેલું છે. એનું નોમેનક્લેચર સહેલું છે અને બહુ જ પ્રિવેલન્ટ છે. એટલા માટે આપણે એમાં બહુ છેડછાડ ન કરીએ પણ પ્રાથમિક શાળાની અંદર માતૃભાષામાં સમજી શકાય એવા માધ્યમમાં ભણાવી શકાય એવા પ્રયત્નો કરવા જોઇએ. મહાત્મા ગાંધીજીએ ગુજરાતી ભાષાનો સૌથી પહેલો શબ્દકોશ સન ૧૯૩૧માં આપ્યો. એમાં ૪૪ હજાર જેટલા શબ્દો હતા, આજે ૭૭ હજાર થઇ ગયા અને અમારા ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ તો એક ભગવત ગૌમંડળ બનાવ્યું હતું કે જેમાં જે કોઇપણ વ્યક્તિ નવો શબ્દ લઇ આવે એને ઇનામ આપવામાં આવતું. એમ કરીને એમણે ભાષાને સમૃદ્ધ બનાવી હતી. મહાત્મા ગાંધીજી અને મહારાજા ભગવતસિંહજીએ આવા શબ્દકોશ બનાવ્યા પણ આપણે આવી કોઇ રેફરન્સ બુક આજે પણ બનાવી શક્યા નથી. એનો મતલબ એવો થયો કે આપણે પ્રયાસ જ નથી કર્યો. ગુજરાત વિદ્યાપીઠમાં આ પ્રકારની કામગીરી થાય છે પરંતુ, બીજી જગ્યાએ જે થવી જોઇએ એ થતી નથી. આ પ્રકારની કામગીરી આપણે ત્યાં પણ થાય એવું હું ઇચ્છું છું. માતૃભાષામાં બાળકને વધારે સમજણ પડે એટલા માટે હું આગ્રહ રાખું છું કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઇએ. અહીંયા જે પ્રાથમિક સ્કૂલ વિભાગ છે એની મારે પ્રશંસા કરવી છે. માનનીય મંત્રીશ્રી, હું મારા કામ માટે તમારા વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ગયો હતો. આપના સચિવશ્રીએ મને આખું વિદ્યા સમીક્ષા કેન્દ્ર બતાવ્યું અને બાળકોના ભવિષ્યને સુધારવા માટે જે કામગીરી થાય છે એના વિશે મને માહિતી આપી. એમાં જે મોનિટરિંગ થાય છે એ ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. બે-પાંચ વર્ષે એનું પરિણામ જરૂરથી મળશે. આપણું ગુજરાત શિક્ષણના ઇન્ડિકેટરની અંદર છેવાડાનું રાજ્ય છે. આપણે જેની ટીકા કરીએ છીએ એવા કેરાલા અને તમિલનાડુ આપણા પ્રથમ કક્ષાના રાજ્યો છે અને જે જગ્યાએ સૌથી મોટા ઇસ્યુ છે એવું જમ્મુ-કાશ્મીર હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સમાં સૌથી આગળનું રાજ્ય છે. આપણું રાજ્ય સૌથી પાછળનું રાજ્ય છે. વિકસિત હોવાનો દાવો કરીએ છીએ પણ ખાલી ભૌતિક સમૃદ્ધિ વધવાથી વિકસિત થવાતું નથી. માણસની પોતાની ઇઝ ઓફ લિવિંગ જો વધે તો જ આપણે સારી રીતે કરી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ બાળકો સરકારી શાળામાં ભણે છે અને આપણે એમની કોઇ દિવસ વાત કરતા નથી. કારણ કે, આપણે મોટાભાગના અહીંયા એવા બેઠા છીએ કે જેના બાળકો સરકારી શાળામાં બેસતા નથી. એ વાત સ્વીકારવી જોઇએ. એટલા માટે આપણે સરકારી શાળામાં આપણા ૯૦ ટકા બાળકો ભણે છે એમની ચિંતા કરતા નથી પણ અત્યારે જે કામ થઇ રહ્યું છે તે સરાહનીય છે. સારુ કામ થઇ રહ્યું છે. હું બધા ધારાસભ્ય મિત્રોને કહું છું કે, એકાદ વખત તમે વિદ્યા સમીક્ષા કેન્દ્રની અંદર જજો. હું તો સરકારી કામ માટે ગયો હતો પણ તમારા જિલ્લાની સ્થિતિ શું છે? એ જાણવા માટે જજો. મેં મારા જિલ્લાની સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો. આખો જિલ્લો રેડ ઝોનમાં છે. મારો તાલુકો રેડ

ઝોનમાં છે. મારા ગામની શાળા રેડ ઝોનમાં છે. ચાર શાળા છે એમાંથી બે રેડ ઝોનમાં છે અને જે બે સીમ શાળાઓ છે એ ગ્રીન ઝોનમાં છે. તો મારા ગામની શાળાને રેડ ઝોનમાંથી ગ્રીન ઝોનમાં લાવવાનો સરકાર પ્રયાસ કરતી હોય તો મારે એમાં મદદરૂપ થવું જોઇએ, એ હું માનું છું અને હું જરૂરથી થઇશ. સરકારને મદદ કરવા માટે નહીં, ગુજરાતને, મારા ગામને , મારા વિસ્તારને, મારા તાલુકાને મદદ કરવા માટે મારી આ ફરજ છે કે મારા બાળકો ભણીને વૈશ્વિક સ્પર્ધા કરે અને વિશ્વ કક્ષાએ જાય. તો આ બધાની અંદર અને આ બિલની અંદર પણ અમે બધા આપની સાથે છીએ. આખા ગુજરાતના બાળકો ભણે અને રેડ ઝોનમાંથી ગ્રીન ઝોનમાં આવે અને જેમ કેરાલા, તામીલનાડુ અને જમ્મુ કાશ્મીર વિગેરે રાજ્યોનો પહેલો, બીજો, ત્રીજો, ચોથો અને પાંચમો નંબર છે એમ આપણો પણ એક થી પાંચ કે છ ની અંદર નંબર આવે એના માટે હું શુભેચ્છા આપું છું. આપ પ્રયાસ કરો એ પ્રયાસની અંદર અમે બધા આપની સાથે છીએ અને આ બિલને મારું સમર્થન આપું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનથી માનનીય મંત્રી શ્રી ડિંડોર સાહેબ જે બિલ લાવ્યા છે તેને હું સમર્થન આપું છું અને સાથે સાથે હું મારા સૂચનો પણ ફલોર ઉપર મૂકું છું. માતૃભાષાનું મહત્ત્વ શું છે? તે સમજવું ખૂબ જરૂરી છે. જે ભાષામાં લાગણીઓ વ્યકત કરવા શબ્દો શોધવા ન જવું પડે અને સ્વપ્નની જે ભાષા છે તે માતૃભાષા ગુજરાતી છે. **લાગણીના જળ વડે વર્ણન કરું છું, શબ્દો કાગળ ઉપર ઘસીને ચંદન કરું છું, બે ગઝલ બે ગીતના પુષ્પો ચડાવી માતૃભાષાને પ્રથમ હું વંદન કરું છું.** જો માતૃભાષાને ફરજિયાત વિષય તરીકે લાવવામાં ન આવી હોત તો એનું ભવિષ્ય શું હોત? એ આપણે બધા સમજી શકીએ છીએ. માતૃભાષા ગુજરાતી એ મા પાસેથી પ્રાપ્ત થયેલી ભાષા છે એવું કહી શકાય એટલે જ એને માતૃભાષા એટલે કે માતા સમાન ભાષા આપણે કહીએ છીએ. બાળકને માતા તરફથી મળેલા જે ગુજરાતી શબ્દો હોય તે એના ગર્ભમાં જયારે બાળક હોય છે ત્યારથી જ એને શીખવા મળે છે અને એ શીખેલા શબ્દો જયારે બાળક જન્મ લે છે ત્યારે એને આપણે સહેલાઇથી અને સરળતાથી શીખવાડી શકીએ છીએ અને એ કાલુ-વાલુ જે શબ્દોથી બાળક ગુજરાતી બોલતું હોય છે એ ગુજરાતી શબ્દ અને ગુજરાતી શબ્દના વર્ણનથી આપણને તે ખૂબ ગમતું હોય છે. એનું કારણ એ છે કે આપણી ભાષા ગુજરાતી છે. હું આવનારી પેઢીને પણ ચેતવવા માગું છું કે, જે પ્રમાણે અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વધી રહ્યું છે, કોઇ કંપની હોય, મોટી શૈક્ષણિક સંસ્થાઓ હોય કે કોલેજોની અંદર પણ વિદ્યાર્થીઓ અને યુવાનો અંગ્રેજી ભાષાનો વારંવાર પ્રયોગ કરતાં હોય છે પરંતુ ગુજરાતી શબ્દ અને આપણી ગુજરાતી ભાષાને આપણે કયારેય ભૂલવી જોઇએ નહીં. મેં કયાંક વાંચ્યું હતું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એક મિનિટ.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તેમનું વકતવ્ય પૂરું કરે ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકું છું.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીઆ : સંમત.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રીનું વકતવ્ય પૂર્ણ થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા: મેં કયાંક વાંચ્યું હતું. ગાંધીજીના શબ્દો હતા કે એક ભૂલની સજા હું ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષરો સારા કરવાની જરૂર નહોતી એવો મને ખ્યાલ હતો. એ કયાંથી આવ્યો? મારા અક્ષરો સારા નહોતા. પાછળથી અક્ષરો સુધારવા ઘણા પ્રયત્નો કર્યા, પણ પાકા ઘડે કાંઇ કાંઠા ચડે? ઘડો પાકો થયા પછી કાંઠા ચડે નહીં અને જુવાનીમાં જે અવગણના કરી હતી તે આજે પણ હું ભૂલી શકતો નથી અને એ ભૂલ સ્વીકારી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજી ગેસ્ટ ભાષા છે અને માતૃભાષા બેસ્ટ ભાષા છે. મહેમાનની ઉંચી સરભરા ભલે કરો. મહેમાનની સારસંભાળ ભલે આપણે કરીએ, પણ મમ્મી પપ્પાને બહાર કાઢીને મહેમાનને ઘરમાં સ્થાન ન જ અપાય. એ આપણે બધાએ સમજવું જોઇએ. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ધોરણ ૧૦માં જાય ત્યારે એમને ટયૂશનની જરૂર પડતી હોય છે, પરંતુ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પહેલા ધોરણ કે નર્સરી સિનિયર, જુનિયરથી જ ટ્યૂશનની જરૂર પડે છે. જો સમજણ પડતી હોય તો એ ખૂબ સમજવાની જરૂર છે. કારણ કે માતૃભાષા છે, એ જ આપણા જીવનની અંદર સવિશેષ છે. એક સંતે ખૂબ સુંદર કહ્યું છે કે અંગ્રેજી કામની ભાષા છે, તેથી તેની પાસેથી કામવાળીની જેમ કામ લેવાય. ગૃહિણીનું સ્થાન ન અપાય. એટલે જ આપને બધાને વિનંતી કે માતૃભાષાનું આપણે જતન કરવું જોઇએ. આપણે આપણા મત વિસ્તારની અંદર પણ આ ખૂબ સુંદર માતૃભાષા માટે જે પણ કરવાનું થતું હોય. હું ગુજરાતી શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલો છું, એટલે હું કહીશ કે જે રીતે ગુજરાતી ભાષા લુપ્ત થઇ રહી છે. એના કારણે આજે વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમ તરફ વળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી,આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મારી વિનંતી છે કે ખાસ હું એક વાત રજૂ કરવા માગું છું. જે પ્રમાણે ગ્રાન્ટેડ શાળાઓ બંધ થતી ગઇ છે. ગ્રાન્ટેડ શાળાઓ એ ગુજરાતી માધ્યમની હતી એ જીવાદોરી હતી. આજે ગામડાઓમાં શિક્ષણ પ્રાપ્ત કરવું હોય તો ૫ કે ૬ કિલોમીટર સુધી હાયર એજ્યુકેશન માટે જવાની જરૂર પડે છે, ત્યારે મારું સૂચન છે કે ગુજરાતી ભાષાનો આજે ગામડામાં સૌથી વધારે ઉપયોગ થતો હોય છે. એનું શિક્ષણ પણ ગુજરાતી ભાષાનું સૌથી વધારે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં થતું હોય છે. એટલા માટે ગ્રામ્ય વિસ્તારમાં આવી શાળાઓનું નવનિર્માણ થાય એવું મારું સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, માતૃભાષાનો મહિમા વર્ણવતા મારી છેલ્લી વાત કહીશ કે,

'' અમને વહાલી ગુજરાતી. છે મા બોલી ગુજરાતી. અમને વહાલી ગુજરાતી.

હેમચંદ્રની ગુજરાતી. નરસિંહ-મીરાંની ગુજરાતી. વીર નર્મદની ગુજરાતી.
ગાંધી ગિરા છે ગુજરાતી. સૌ કોઈની છે ગુજરાતી.
ધન્ય ધન્ય છે ગુજરાતી. ધન્ય ધન્ય છે ગુજરાતી.''

સાથે સાથે આપ બધાને એક વિનંતી પણ કરું છું કે ગુજરાતી ભાષાનું મહત્ત્વ આપણે આપણી શૈક્ષણિક સંસ્થાઓ, પ્રાથમિક શાળાઓમાં પણ ધોરણ ૧ થી જ ખૂબ મહત્ત્વ સમજાવીએ. બીજું માનનીય શિક્ષણમંત્રીને આપના માધ્યમથી હું એક વિનંતી કરવા માગું છું કે જે પ્રમાણે ગુજરાતી ભાષાના ગ્રામર, શબ્દજોડણી અને એમાં જે લૂપ્તતા આવી છે. ગ્રામરમાં એમ કહેવાય કે અત્યારના ગ્રામર શીખવાવાળા શિક્ષકોમાં એવું કહેવાય છે કે સાહેબ, પ્રાથમિક શાળાઓમાં તમે જાઓ, માધ્યમિક શાળાઓમાં તમે જાઓ. ગુજરાતી વ્યાકરણ શીખવવા વાળા જે શિક્ષકો આપણે જોતા હતા, આજે એ જોવા મળતા નથી. એટલે ગ્રામર માટેના એવા ફરજિયાત કેમ્પ થાય કે જેથી શિક્ષકો છે એ ગ્રામર શીખવે એવી મારી વિનંતી છે.

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> આપનું વકતવ્ય પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરીથી ૧૨-૩૫ કલાકે મળશે.

(વિરામ બપોરના ૧૨-૦૫થી ૧૨-૩૫)

**સભાગૃહ બપોરના ૧૨.૩૫ વાગ્યે ફરી મળ્યું**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ત્રિકમ બિ. છાંગા(અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક ૨૦૨૩ માનનીય શિક્ષણ મંત્રી શ્રી લાવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. મારી વાત શરૂ કરું એના પહેલા ગૃહના ધ્યાન ઉપર એક વાત મૂકવા માગું છું કે ૧૫ મી વિધાનસભામાં સદસ્ય તરીકે ચૂંટાયા પછી આ ગૃહના સભ્ય તરીકે આ સત્રમાં પ્રથમ વખત મારી વાત ઉપસ્થિત કરવા માટે મને માનનીય અધ્યક્ષશ્રી અને ગૃહના નેતાશ્રીએ જે તક આપી છે એના માટે બંન્નેનો હૃદયપૂર્વકનો આભાર માનું છું. સાહેબ ગુજરાત ખાસ કરીને ઉચ્ચ સંસદીય પરંપરા સ્થાપિત કરનારું રાજ્ય ગણાય છે. લોકશાહીમાં જે કાંઈ મૂલ્યો છે એ મૂલ્યોનું ગુજરાતની વિધાનસભા અને ગુજરાતની જનતાએ હંમેશા પાલન કર્યું છે. એ ઉચ્ચ મૂલ્યો અને આદર્શો વધુ મજબૂત બને, ગુજરાતની જે ઓળખ છે, જેમ આર્થિક પ્રગતિની ઓળખ છે એમ લોકશાહીના જતન, એના મૂલ્યોના સંવર્ધન માટે પણ ગુજરાત જે રીતે જાણીતું છે એ પરંપરા પણ આવતા દિવસોમાં આગળ વધે એવા પ્રકારની શરૂઆત માનનીય અધ્યક્ષશ્રી અને માનનીય ગૃહના નેતાશ્રીએ કરી છે એના માટે પણ બંન્નેને અભિનંદન આપું છું. સાહેબ સર્વોદયના સિદ્ધાંતો કહે છે કે સૌના ભલામાં આપણું ભલું છે. ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો સ્વભાવિક છે કે એ સર્વોદયના સિદ્ધાંતો પ્રમાણે ગુજરાતની પ્રજાનું, ગુજરાતના લોકોનું ભલું કરવા માટે, ભલું ઈચ્છવા માટે આ ગૃહમાં ઉપસ્થિત છે. સાહેબ એ જ વાત વર્તમાન પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે પણ સૌનો સાથ સૌનો વિકાસના માધ્યમથી કરેલી છે. આજે માનનીય મંત્રીશ્રી જે ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબતનું વિધેયક લાવ્યા છે એના માટે હું મારું સમર્થન પણ આપું છું અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું. મારી અગાઉના સન્માનનીય સદસ્યશ્રીઓએ ગુજરાતી ભાષા અને એના ભવિષ્ય વિશેની ઘણી બધી વાતો આ ગૃહ સમક્ષ મૂકી છે. મિત્રો સમગ્ર વિશ્વમાં આપણે સૌ જાણીએ છીએ કે ૭૦૦૦ જેટલી ભાષાઓ છે એમાંથી ખૂબ મોટા પ્રમાણમાં, દર બે અઠવાડિયે એકાદી ભાષા લુપ્ત થતી જોવા મળે છે. આવા પ્રકારની જ્યારે પરિસ્થિતિ નિર્માણ થતી હોય ત્યારે સમયને પારખીને માનનીય મંત્રીશ્રી જે વિધેયક લાવ્યા છે એ વિધેયકના માધ્યમથી ગુજરાત અને ગુજરાતી ભાષાની ખૂબ મોટી સેવા આવતા દિવસોમાં થઈ શકશે અને એટલા માટે પણ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતમાં તો ગુજરાતી બોલાય છે પણ દેશના અન્ય રાજ્યોમાં પણ ગુજરાતી બોલાય છે એટલું જ નહીં પરંતુ દેશના સીમાડાની બહાર પણ ૧૮ લાખથી વધુ લોકો ગુજરાતી ભાષા બોલે છે અને આ ભાષાને જો ટકાવવી હશે તો એનું મહત્ત્વ સ્વીકારીને એનું જતન અને સંવર્ધન સૌએ કરવું પડશે. અને એના જ ભાગરૂપે જ્યારે માનનીય મંત્રીશ્રી આ વિધેયક લાવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી અને ગૃહના નેતાશ્રીને ફરી ફરીને અભિનંદન આપું છું. સાહેબ યુનેસ્કોના જણાવ્યા અનુસાર દર બે અઠવાડિયે એક ભાષા લુપ્ત થતી જાય છે. કવી ઉમાશંકર જોશી ગુજરાતી ભાષા માટે કહે છે કે સદા સૌમ્યસી વૈભવ ઉભરાતી મળી માતૃભાષા મને ગુજરાતી, આ શબ્દો દ્વારા માતૃભાષાનું મહત્ત્વ આપણને સૌને એમણે સમજાવ્યું છે. કવિ નર્મદાશંકર દવે જેને આપણે ટૂંકમાં કવિ નર્મદ તરીકે પણ ઓળખીએ છીએ. એ કવિ નર્મદાશંકર દવેએ પણ ગુજરાતી ભાષા માટે બહુ સરસ કહ્યું છે કે, મને ફાંકડું અંગ્રેજી આવડતું નથી પણ મને કડકડાત ગુજરાતી બોલવામાં ગર્વ છે. આવું ગુજરાતી પ્રત્યે ગૌરવ ધરાવનારા અનેક કવિઓ અને લેખકો ગુજરાતે ગુજરાતી ભાષાએ આપ્યા છે. મારા અગાઉના સૌ સન્માનનીય વકતાઓએ એમની વાત એમનો વિષય ગુજરાત અને ગુજરાતી ભાષાના વિકાસની વાત કરી છે. આપણા કવિ નરસિંહ મહેતા કે જે ગુજરાતી પદ્યના પિતા ગણવામાં આવે છે.એ જ રીતે નર્મદા શંકર દવે ગુજરાતી ગદ્યના પિત ગણવામાં આવે છે એમણે આપેલું જય જય ગરવી ગુજરાત એ તો ગુજરાતનું ઘરણું ગણી શકાય તેવા પ્રકારની રચના કરી છે. ગુજરાતીઓ એના માટે આપણે ગૌરવ લઇ શકીએ પરંતુ અનેકો અનેક કવિઓ લેખકો અનેકો અનેક લોકોએ ગુજરાતીઓએ મારા અગાઉના વકતાઓએ કહ્યું કે જેને ગુજરાત સાથે સબંધ નથી એવા ઘણા બધા લોકોએ ગુજરાતીના જતન અને સંવર્ધન માટે ભૂતકાળમાં પ્રયાસો કરેલા છે. આપણે તો સૌ ગુજરાતી છીએ આ માતૃભાષાના જતન અને સંવર્ધન કરવાની આપણી તો ફરજ છે અને એ ફરજના ભાગરૂપે આજે જયારે આદરણીય મંત્રીશ્રી આ વિધેયક લાવ્યા છે ત્યારે એ વિધેયકને ફરી ફરીને મારું સમર્થન જાહેર કરું છું.

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, માતૃભાષા એ સામાન્ય રીતે ઘરમાં બોલાતી હોય છે અને બધું જ બદલાય જાય છે. પછી જો છેલ્લે સુધી રહેતી હોય તો એ માતૃભાષા છે. મારા અગાઉના વકતાઓએ કહ્યું કે વિદેશમાં એ ભાષા બોલાય છે. આજે વિદેશમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘરમાં ગુજરાતી ભાષા બોલાય છે કારણ કે ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાતી લોકો વિદેશમાં રહે છે. ભાષા એ માત્ર સંદેશા વ્યવહારનું માધ્યમ નથી પરંતુ વિવિધ સંસ્કૃતિ અને બૌદ્ધિક વારસાનું પણ પ્રતિનિધત્વ કરે છે. દાખલો આપું તો ૧૯૭૧-૭૨માં પશ્ચિમ પાકિસ્તાનમાંથી કેટલાક સોઢા નિર્વાસિત પરિવારો ત્યાંથી હિજરત કરીને કચ્છમાં આવ્યા અને એ કચ્છના પરિવારોએ પણ આજે પણ એ સિંઘ અને નગરપાર્કરની થર પાર્કરની એમની જે લોકભાષા છે લોક બોલી છે એને જીવંત રાખી છે. એટલું જ નહિ એ લોકો તો પોતાની બોલીમાં કહે છે મુંજે માડૂન જિયું આઉં બોલી સુંજાણ. હું મારી વતનની ભાષાને ઓળખું છું. કચ્છમાં આદરણીય સદસ્યશ્રીએ અગાઉ ઉલ્લેખ કર્યો કચ્છી ભલે એને લીપિ નથી પરંતુ કચ્છી બોલી છે અને ખૂબ સમૃદ્ધ સાહિત્ય છેલ્લા ૨૫૦ થી ૨૭૫ વર્ષમાં એનું સર્જન થયું છે. પ્રથમ કચ્છી કવિ તરીકે આદરણીય મેકણદાદા હતા એના પછી પણ કવિ નિરંજન જેવા કવિઓએ ખૂબ સરસ મજાની રચનાઓ કરેલી છે. કવિ નિરંજનનું એક ગીત છે કે જેને આપણા રાષ્ટ્રગીત ને જેટલું સન્માન મળે એટલું સન્માન કચ્છે એના ગીતને આપેલું છે. મુજી માતૃભૂમિકે નમન, વલો અસાંજો વતન મુંજી માતૃભૂમિ કે નમન. અને અંતિમ શબ્દો છે એ હે મારે વટ પુગો નિરંજન, અસાંજો ધીણોધર સભરનવાલો અસી એની જા બાલુડા વલોવા સાજો વતન.

આવા પ્રકારનું વતન અને એની ભાષા અને બોલી પ્રત્યે જે પ્રેમ છે એ અનેક વાતોમાં અનેક વખત પ્રસ્થાપિત થાય છે.

આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે મનકી બાતમાં કહ્યું કે હું તો માતૃભાષા માટે એજ કહીશ કે જેમ આપણા જીવનને આપણી મા ઘડે છે એવી જ રીતે માતૃભાષા પણ આપણા જીવનને ઘડે છે જેમ આપણે આપણી માતાને છોડી શકતા નથી તે જ રીતે આપણી માતૃભાષાને પણ છોડી શકીએ નહિ અને એના જ ભાગરૂપે જયારે માનનીય મંત્રીશ્રી આ વિધેયક લાવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી અને ગૃહને નેતાને ફરી ફરીને અભિનંદન આપું છું.

કવિ રત્નાકારની વાત કરી મારી વાત પૂરી કરીશ. ''હું ગુજરાતી એ જ વાતથી ગજગજ ફૂલે છાતી અંગે અંગે વહે નર્મદા શ્વાસોમાં મહીસાગર અરવલ્લીનો પિંડ પ્રાણમાં ધબકે છે રત્નાકર. હું સાવજની ત્રાડ હું ગરવી ભાષા લચકાતી હું એવો ગુજરાતી જેની હું ગુજરાતી. એ જ વાતથી ગજગજ ફૂલે છાતી''. માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સાથે સાથે આ વિધેયકને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી હર્ષદભાઇ ર. પટેલ**(**સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે એક ઐતિહાસિક દિવસ છે. ઐતિહાસિક દિવસ એટલા માટે કે આપણે માતૃભાષાના મહત્ત્વને પુનઃસ્થાપિત કરવા જઇ રહ્યા છીએ ત્યારે હું ગૃહના સન્માનનીય નેતા અને લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. ગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ માટે આ એક સુવર્ણતક સમાન છે કારણ કે સૌ આપણી પ્રાણપ્રિય માતૃભાષા ગુજરાતીના સંવર્ધન અને સંરક્ષણ માટે સંકલ્પ કરીએ છીએ. હું પણ સદભાગી છું અને આપશ્રીનો ઋણી છું, કારણ કે ૧૫મી વિધાનસભાના સભ્ય તરીકે માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા લાવવામાં આવનાર વિધેયકના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવાની આપશ્રી દ્વારા મને તક મળેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે દુનિયાના સર્વાધિક લોકપ્રિય લોકનાયક અને આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષાનો મહિમા વધારવાના ઉપાયો સૂચવ્યા છે. આપણે જેમ આપણી માં અને માતૃભૂમિને સન્માન આપીએ છીએ એ જ પ્રમાણે આપણી માતૃભાષાને પણ પ્રેમ કરવો જોઇએ, તેને સન્માન આપવું જોઇએ, તેનું ગૌરવ વધારવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ભાષાનો સરસ અને ગૌરવપૂર્ણ ઇતિહાસ છે. હેમચંદ્રાચાર્યથી શરૂ કરીને એ ઉત્તમ પરંપરાઓએ આપણું સંસ્કાર ઘડતરનું કાર્ય કર્યું છે. ' વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે રે' ગાનાર નરસિંહ મહેતાએ તો એક ગીતની અંદર માનવ જીવનનો સાર શીખવી દીધો છે. શ્રી કનૈયાલાલ મુનશી, ગોવર્ધનરામ ત્રિપાઠી અને ઝવેરચંદ મેઘાણી જેવા અસંખ્ય પ્રતિભાશાળી સાહિત્યકારોએ આપણી રાષ્ટ્રીય ચેતનાને ઢંઢોળીને જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો છે. પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોષી જેવા અનેક શબ્દસ્વામિઓએ તેમની સાધનાથી આપણી માતૃભાષાનું ગૌરવ વધાર્યું છે. કેટલાક કારણોસર માતૃભાષા પ્રત્યે શિક્ષણ સંસ્થાઓ ઉદાસીન હતી. આજે આ વિધેયકથી માતૃભાષાનું મહત્ત્વ સૌને સમજાશે. આપણી માતૃભાષા વિકસે અને અનંતકાળ સુધી સંસ્કૃતિ સિંચન કરતી રહે તેવો આ વિધેયક દ્વારા નમ્ર પ્રયાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી દ્વારા જ્યારે આ વિધેયક લાવવામાં આવ્યું છે ત્યારે આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ ૧થી ૮ની અંદર ગુજરાતી વિષય ફરજિયાત ભણાવવાનો છે. ગુજરાતી માતૃભાષાનું મહત્ત્વ કેટલાક વિદ્વાનોના વિધાનો દ્વારા અપાયું છે તે હું આપના માધ્યમથી ગૃહની અંદર રજૂ કરવા માગું છું. ભારત દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડો. અબ્દુલ કલામ સાહેબે કહ્યું કે હું આજે વૈજ્ઞાનિક બની શક્યો, કારણ કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું. માતૃભાષા આપણાં વ્યક્તિત્વ અને વિકાસનું પ્રેરકબળ છે. વ્યક્તિ હોય કે રાષ્ટ્ર. માતૃભાષા એ સર્વાંગી

સમૃદ્ધિ મેળવવાની અને ટકાવવાની ગુરુચાવી છે. માતૃભાષા એ માત્ર ભાષા નથી. એક સન્માન, સંસ્કાર અને સંસ્કૃતિ છે. માતૃભાષા અભિવ્યક્તિનું બળ છે. વિખ્યાત ભાષા વિજ્ઞાની યોગેન્દ્ર વ્યાસ કહેતા હતા કે માતૃભાષા એ ત્વચા છે અને અન્ય ભાષા એ વસ્ત્રો છે. આમ કેટલાક કવિઓ દ્વારા કેટલીક ઉક્તીઓ અહીં અમારા પૂર્વ વક્તાઓ દ્વારા થઇ છે તેમ કવિ નર્મદની એક કાવ્યપંક્તિ છે એ અહીં હું રજૂ કરું છું. 'એ વિચારે ફૂલે ગજગજ મારી છાતી, હું ને મારી ભાષા બન્ને છે ગુજરાતી. ' કવિ પ્રેમાનંદ, જેમણે ગુજરાતી ભાષાને ગૌરવ ન મળે ત્યાં સુધી પાઘ નહીં પહેરવાનું પ્રણ સમાજમાં મૂકેલું. આપણે જ્યારે ૨૧મી સદીના કૌશલ્યની વાત કરીએ છીએ ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦નો ઉલ્લેખ અવશ્ય કરીએ છીએ. પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવ્યા અનુસાર સૌ પ્રથમ આપણે બાળકોને પ્રારંભિક ભાષા એટલે કે તેમના ઘરની માતૃભાષા કે સ્થાનિક ભાષામાં સજ્જ કરવા પડશે. ભાષા એ વ્યક્તિ, સમાજ અને સંસ્કૃતિમાં તેની સામુહિકતા, સાતત્યની અભિવ્યક્તિનું માધ્યમ છે. એ ઉપરાંત સંચારનું પણ સાધન છે. ૨થી ૮ વર્ષની વયના બાળકોમાં બહુવિધ ભાષાઓ શીખવાની ક્ષમતા વધુ હોય છે. પરંતુ તે માટે તેની માતૃભાષા તો સજ્જ હોવી જોઇએ. માતૃભાષાના શિક્ષણ દ્વારા વ્યક્તિમાં મીઠાશ, પ્રવાહિતા અને સરળતા આવે છે. આમ માતૃભાષાનો મહિમા અપરંપાર છે. ગુજરાત સરકારનું આ વિધેયક ગુજરાત માટે અને ગુજરાતી ભાષા માટે એક મહાન પગલું ગણાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પ્રકરણ-૪માં જણાવવામાં આવ્યું છે કે શાળામાં સૂચનાનું માધ્યમ અથવા તો શીખવાની ભાષાએ ઓછામાં ઓછી ધોરણ-૫ અને આવશ્યક હોય તો ધોરણ-૮ સુધી એની પોતાની ઘરની અથવા માતૃભાષા હોવી જોઇએ. રાજયમાં એવા કેટલાય બાળકો હશે કે જે શાળાએ જતા હશે પણ ત્યાં એવી ભાષા ચલાવવામાં આવે છે કે જે તેઓ સમજી શકતા નથી. જેના કારણે તેઓ શીખવાનું શરૂ કરતાં પહેલાંજ પાછળ પડી જાય છે આથી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણનના કૌશલ્ય વિકસે તે માટે વાંચન,લેખન, ગણન અભિયાન, વાંચનપર્વ મીશન વિદ્યા તેમજ ગુણોત્સવ જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આપણા રાજયમાં અભ્યાસ કરતા તમામ બાળકો કે જેમની માતૃભાષા ગુજરાતી છે તે સૌને તેમની માતૃભાષા એટલે કે ગુજરાતીનો અભ્યાસ કરવાનો તેમજ તે ભાષા શીખવાનો તેમને મૌલિક અધિકાર પ્રાપ્ત થાય આથી આપણી જવાબદારી બને છે આવા તમામ બાળકોને તેમની માતૃભાષાથી વંચિત ન રાખી તેઓને ગુજરાતીનો અભ્યાસ કરવાની સગવડ પ્રાપ્ત થાય તેવું આયોજન કરીએ. અત્રે કવિશ્રી હરદ્વાર ગૌસ્વામીની કવિતા,

'' દૂધ નહીં તો પાણી દે, ડોલ મને કાં કાંણી દે,
તકતકતી તલવારો દે યા ગુજરાતી વાણી દે.''

જયારે ગુજરાતી ભાષાનું અહીંયા ગૃહની અંદર વિધેયક લાવ્યા એના સમર્થનમાં સૌ સન્માનનીય મંત્રીશ્રીઓ દ્વારા જયારે વાત થઇ છે ત્યારે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાજીને પણ અત્રેથી આપણે યાદ કરવા જ રહ્યા. હું આપના માધ્યમથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની કેટલીક વાત હું આ ગૃહ સમક્ષ મૂકવા માંગું છું. મહાત્મા ગાંધીજીએ દેશમાં આઝાદી પહેલા એના માટેની ચળવળ ચલાવી ત્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાત પણ એમાં બાકાત નહોતું અને એ વખતે ઝવેરચંદ મેઘાણીએ રાષ્ટ્રભકિતના જે કાવ્યો લખ્યા તેનાથી દેશભકિતમાં જુવાળ આવ્યો, તેમનું કસુંબીનો રંગ કાવ્ય હોય કે હજારો વર્ષ જૂની અમારી વેદનાઓ કાવ્ય હોય, ગામડે ગામડે અને ઘરેઘરે ગવાતા હતા. કવિતા લોકસાહિત્ય, વાર્તા, નવલકથા, બાળસાહિત્ય અને નાટક એમ અનેક સ્વરૂપોમાં માનનીય મેઘાણીજીની કલમ વીરડી છે. ઝવેરચંદ મેઘાણીજીને હું તપસ્વી સર્જક કહું છું કારણ કે કલકત્તાની ઉંચા પગારવાળી નોકરી છોડી દઇને તેઓ માતૃભાષાની સેવા કરવા વતનમાં દોડી આવ્યા હતા અને એ વખતે એમણે કલકત્તાથી લખેલો પત્ર લિખિતન, હું આવું છું વાંચવા જેવો છે. તેમના કાવ્યોમાં ખમીર અને ખુમારી છે. ગુજરાતની પ્રજા આ ખમીર અને ખુમારીનો વારસો ધરાવતી પ્રજા છે અને એટલા જ માટે મેઘાણીની બે પંકિતઓ અહીંયા રજૂ કરવાનો લોભ હું જતો કરતો નથી.

'' નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર એટલી જ બસ માતની હાકલ પડી છે.''

પોતાના ઓછા આયુષ્યમાં પણ ઘણું મોટું સાહિત્યિક પ્રદાન કરી જનાર ઝવેરચંદ મેઘાણીને શબ્દરૂપી અંજલી આપતાં હું ગદગદ થઉ છું. મને વિધાનસભામાં મારા વિચારો રજૂ કરવાની તક આપી એ બદલ હું આપશ્રીનો આભાર માનુ છું અને હું આ વિધેયકને મારું સમર્થન જાહેર કરું છું. ધન્યવાદ.. જય જય ગરવી ગુજરાત.

ડૉ.કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રી અને અમારા સાથી અધ્યાપક માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક એટલે કે ધ ગુજરાત કંમ્પલ્સરી ટીચિંગ એન્ડ લર્નિંગ ઓફ ગુજરાતી લેંગ્વેજ બિલ, ૨૦૨૩ લઇને આવ્યા છે એને અમે સમર્થન કરીએ છીએ પરંતુ થોડાં ક સૂચનો પણ કરીએ છીએ અને આ બિલ શા માટે લાવવાની જરૂર પડી એ વિશે અમારા વિચારો પણ રજૂ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા આ ગૃહના સન્માનનીય સભ્યોએ વાત કરી. ગુજરાતી ભાષાનું ગૌરવ આપણને હોવું જોઇએ. એટલા માટે હોવું જોઇએ કે વિશ્વમાં જે ૭ હજાર ભાષાઓ બોલાય છે એ ભાષાઓમાંથી વિશ્વની અંદર સૌથી વધુ ૨૬ માં નંબરે બોલાતી કોઇ ભાષા હોય તો એ ગુજરાતી ભાષા છે. ૨૦૧૧માં રજિસ્ટ્રાર જનરલ એન્ડ સેન્સસ કમિશનર ઓફ ઇન્ડિયાએ જે ડેટા રજૂ કર્યા એની અંદર ભારતમાં કુલ અલગ અલગ જગ્યાએ પ્રાદેશિક કક્ષાએ, ગુજરાતીમાં કહેવત છે કે બાર ગાઉએ બોલી

બદલાય તો એવી કુલ ૧૯,૫૬૯ જુદી જુદી ભાષાઓ બોલાય છે એવું સેન્સસમાં સ્વીકારાયું છે. એમાંથી કુલ ૧૨૧ જેટલી માન્યતા પ્રાપ્ત ભાષાઓ છે અને ભારતના બંધારણના આર્ટિકલ ૩૪૪(૧) અને ૩૫૧ પ્રમાણે શિડ્યુલ-૮ માં જે માન્યતા પ્રાપ્ત ભાષાઓ નક્કી કરવામાં આવી છે એની અંદર જ્યારે આપણું બંધારણ ૧૯૫૦માં બન્યું એમાં ૧૪ ભાષાઓ હતી એમાં પાંચમા નંબરે આપણી ગુજરાતી ભાષા હતી. એના માટે ગૌરવ હોવું જોઇએ. આજે ભારતના બંધારણની અંદર શિડ્યુલ-૮ માં કુલ ૨૨ ભાષાઓ છે. ૧૯૬૭ની અંદર જે સુધારો થયો ત્યારે એની અંદર એક સિંધી ભાષાનો સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૯૨માં ૭૧મા બંધારણીય સુધારાની અંદર ૩ ભાષાઓ, ૨૦૦૩ ની અંદર ૯૨મો સુધારો થયો એમાં ૪ બીજી ભાષાઓ એમ કુલ ૨૨ ભાષાઓની અંદર આપણી ગુજરાતી એ બંધારણની અંદર પાંચમા નંબરે શિડ્યુલ-૮ની અંદર સમાવવામાં આવી છે. અમારા સન્માનનીય સભ્ય આદરણીય શ્રી જીતુભાઇએ વાત કરી કે વડનગરની પ્રાથમિક શાળામાં ભણેલા આપણા હાલના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતીને પ્રાધાન્ય આપ્યું. બીજા ઘણા બધા પણ ગુજરાતી ભાષામાં ભણેલા છે. આપણે બેઠા છીએ એમાં મોટાભાગના લોકો ગુજરાતી ભાષામાં ભણેલા છે. જે લોકો ગુજરાતી ભાષામાં ભણેલા છે, જે લોકોને અંગ્રેજી ના આવડતું હોય, જે લોકો ટેલિપ્રોમ્પટરની મદદથી અંગ્રેજી બોલતા હોય એવા લોકો કદાચ ગુજરાતીની સરાહના કરે, ગુજરાતીને પ્રાધાન્ય આપે એ તો સ્વીકારી શકાય પણ આપણે જેના સાનિધ્યમાં બેઠા છીએ એવા આદરણીય મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, જે લોકો વિદેશની અંદર ભણ્યા હતા, જે લોકોને અંગ્રેજો કરતાં પણ સારું અંગ્રેજી આવડતું હતું એવા મહાત્મા ગાંધીજીએ તા. ૧૦-૫-૧૯૨૭ના રોજ હરિજનબંધુની અંદર લખ્યું છે કે માતૃભાષાનો અનાદર એ માતાના અનાદર સમાન છે. જે માતાનો અનાદર કરે છે એ દેશભક્ત કહેવડાવવાને લાયક નથી. જે લોકો પોતાની ગુજરાતી ભાષા, માતૃભાષા ભૂલે છે એ લોકો ગુજરાતની સંસ્કારિતા, સંસ્કૃતિને પણ ભૂલે છે અને જે લોકો પોતાની સંસ્કૃતિને ભૂલે છે એ લોકો ભલે બીજા રાજ્યમાં જાય, વિદેશમાં જાય પણ એ લોકો વિકાસ કરી શકતા નથી. ઘણા બધા દેશો એવા છે, દા.ત. જાપાન અને જર્મની. એની અંદર કોઇપણ વ્યક્તિ હોય એણે ફરજિયાત પોતાના દેશની જાપાની અથવા જર્મન ભાષા શીખવી પડે છે. એ પોતાની માતૃભાષાનું અથવા એની પ્રાદેશિક ભાષામાં શિક્ષણ મેળવે છે છતાં પણ ટેકનોલોજીના ક્ષેત્રે સૌથી આગળ છે. અહીંયા સ્કોપની વાત કરું તો એક વાત કરીશ કે સ્કોપનો કોર્સ આપણે લાવ્યા હતા. શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે કહ્યું હતું કે આપણા ગુજરાતના યુવાનો વિશ્વકક્ષાએ કોમ્પિટિશન કરી શકે. એક સ્કોપ કરેલા ગ્રેજ્યુએટ વિદ્યાર્થીને મેં પૂછ્યું કે તેં શું કર્યું છે? તો કહે મેં સ્કોપનો કોર્સ કર્યો છે. મેં કીધું કે કેમ કર્યો? તો કહે કે અંગ્રેજી આવડે એટલા માટે ત્યાં એક પેપર પડ્યું હતું એમાં નેશનલ ટી.વી.ની જાહેરાત હતી. મેં કહ્યું તને ઇંગ્લિશ આવડે? હા, સાહેબ. મેં કહ્યું આ વાંચજે. એટલે કહે કે નટ્યો નાલ. નેશનલ લખેલું હતું. એટલે આવા ખોટા ખર્ચા કર્યા એના કરતા ગુજરાતની અંદર ગુજરાતી ભાષા શીખવવા માટેના પ્રયાસો કર્યા હોત તો મને લાગે છે કે આપણે ગુજરાતના વિદ્યાર્થીઓને ફાયદો કરાવી શક્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો આ બિલ લાવવાની જરૂરત શા માટે પડી? આપણા સૌના માટે એ ચિંતાનો વિષય છે કે આપણે ગુજરાતની અંદર ગુજરાત વિધાનસભામાં બેઠા છીએ ત્યારે ગુજરાતી માટેનું બિલ લાવવું પડે એ ખરેખર આપણા માટે યોગ્ય બાબત કહી ના શકાય એના માટે આપણે બધાએ સાવચેતીનાં પગલાં લેવાની જરૂર હતી. આપણે અંગ્રેજી ભાષાની વિશ્વ કક્ષાએ હરણફાળ ભરવાની જગ્યાએ આડેધડ અંગ્રેજી માધ્યમની સ્કૂલોને મંજૂરી આપી દીધી. આપણે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો હોય કે કોલેજ હોય, માધ્યમિક સ્કૂલ હોય, ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલ હોય કે કોલેજો હોય એના ઉપર નિયંત્રણ કરી શકે એવું કોઇ તંત્ર ના ગોઠવી શક્યા એના લીધે જે ભણાવવું હોય એ ભણાવે, મંજૂરી આપી દીધી. મંજૂરી આપ્યા પછી શું કરે છે? કેટલી ફી લે છે? એફ.આર.સી. બનાવવાની અને એફ.આર.સી. બનાવ્યા પછી એ માત્ર કાગળ ઉપર જો શરૂઆતથી આપણે આ બાબતે ધ્યાન રાખ્યું હોત તો કદાચ આ માટે આપણે વિધેયક લાવવું ના પડત. માનનીય અમારા સભ્યશ્રીએ રાજ્ય સરકારના પરિપત્રોની વાત કરી એમાં પણ જોગવાઇ કરેલી છે. જે રીતે ખાનગી શિક્ષણની અંદર ખાનગીકરણ થઇ રહ્યું છે. ખાનગી સ્કૂલોની અંદર ક્વોલીફાય સ્ટાફ નથી. ટેટ કે ટાટ પાસ થયેલા શિક્ષકો કે અધ્યાપકો નથી એના લીધે જે રીતે શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. હમણાં જ મેં એક રિપોર્ટ વાંચ્યો કે છેલ્લા ૧૦ વર્ષની અંદર ૨૬૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સરકારી સ્કૂલો બંધ કરવામાં આવી છે. એટલે જે લોકો ક્વોલિટી વીનાનું અંગ્રેજી ભણાવે છે. માનનીય મંત્રીશ્રી એક ઇંગ્લિશ માધ્યમની સ્કૂલની અંદર ગયો તો એક બહેન ઇંગ્લિશમાં કક્કો ભણાવતા હતા. હું ત્યાં ગયો ત્યારે એ કહે કે ચાલો બોલો વન, ચાલો બોલો ટુ. મેં કીધું કે બહેન શું ભણાવો છો? તે કહે કે અંગ્રેજી ભણાવું છું એ અંગ્રેજી માધ્યમની સ્કૂલ હતી. એટલે ઘણીવાર *(xxx) એવું આપણે કહીએ છીએ કે છોકરો અંગ્રેજી પણ ના ભણી શકે અને ગુજરાતી પણ ના ભણી શકે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : (xxx) આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે આપણે અગાઉથી સાવચેતી રાખવાની જરૂર હતી. આમાં બંધારણની વાત કહી છે કે બંધારણના આર્ટિકલ ૩૫૦(સી)ની અંદર પણ અગાઉથી જોગવાઇ કરેલી હતી કે પ્રાદેશિક કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ આપવાની જોગવાઇ છે. એમાં સ્પષ્ટ જોગવાઇ છે કે ભાષાકીય લઘુમતી જૂથોના બાળકોને શિક્ષણની અંદર પ્રાદેશિક કક્ષાએ માતૃભાષામાં શિક્ષણ આપવાની પુરતી સગવડો કરી આપવા માટે દરેક રાજ્યે અને રાજ્યમાં દરેક સ્થાનિક સત્તા મંડળે પ્રયાસ કરવો જોઇએ અને એવી સગવડો કરી આપવા માટે રાષ્ટ્રાપતિએ પોતાને જરૂરી અથવા યોગ્ય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લાગે એવા આદેશો કોઇપણ રાજ્યને સૂચવવા જોઇએ. એટલે બંધારણની અંદર પણ આ જોગવાઇ થઇ છે. આપણા આ ગૃહના પ્રથમ મુખ્યમંત્રી આદરણીય ડો. જીવારાજભાઇ મહેતા સાહેબે એમના ગુજરાત સરકારની ગુજરાતી લેખન પદ્ધતિ એના સામાન્ય સૂચનોના પાન નંબર ૨૧ ની અંદર પણ લખ્યું છે કે- '' રાજ્યના પ્રારંભ દિનથી જ રાજ્યના વિભાગ તથા જિલ્લા કક્ષાના તંત્રમાં પ્રજા સાથેનો વહીવટ ગુજરાતી ભાષામાં જ ચલાવવામાં આવશે અને સચિવાલય કક્ષાએ અંગ્રેજીમાં ચાલતા વહિવટનો ઝડપથી ગુજરાતીમાં અને હિન્દીમાં રૂપાંતર કરવાનો સારી રીતે પ્રયાસ થશે.'' જીવરાજ મહેતાએ જે કહ્યું હતું એનું આપણે અવળું કર્યું. ગુજરાતી ભાષાની જગ્યાએ અંગ્રેજીકરણ કરી દીધું. સ્કૂલોની અંદર પણ અંગ્રેજી શીખવવાની શરૂઆત કરી દીધી અને આપણે ધીરેધીરે ગુજરાતી ભાષાનો એટલે કે માતૃભાષાનો અનાદર કરવા લાગ્યા. માત્ર અંગ્રેજીકરણની વાતો કરીને આપણે જે રીતે આપણા યુવાનોને નુકસાન કરી રહ્યા છીએ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે અમને એકાએક પ્રેમ જાગી ગયો ગુજરાતી ભાષા પ્રત્યે. ૨૭ વર્ષથી તમારી સરકાર છે અમે તો હવે ૧૭ જ રહ્યા છીએ. ૧૭ છીએ. અત્યાર સુધી તમારી બહુમતી હતી તો કેમ ૨૭ વર્ષ સુધી તમે (અંતરાય) રેકર્ડ ઉપર જ ૧૭ છે. નામદાર સુપ્રીમ કોર્ટે ૫ મી જૂન, ૨૦૧૬ ની અંદર પાંચ જજોની એક કમિટી ચીફ જસ્ટીસ આર.એમ.લોઢાએ એક જજમેન્ટ આપ્યું છે અને એમણે કહ્યું છે કે "The State has no power to compel linguistic minority to impart primary education by compulsorily imposing regional language."

એટલે કોઇપણ રાજય આ રીતે ફરજિયાત કરી શકે નહીં. પરંતુ આપે જોગવાઇ કરી છે ત્યારે અમારા સભ્યશ્રીએ કહ્યું હતું કે કેટલાક ગુજરાતી પ્રેમીઓએ માતૃભાષા અભિયાન ચલાવ્યું અને મંત્રીશ્રીએ કહ્યું કે અમે ૨૦૧૮ ની અંદર ઠરાવ કર્યો. ઠરાવ કેમ કર્યો? એપ્રિલ-૨૦૧૮ ની અંદર નામદાર હાઇકોર્ટની અંદર પિટિશન થઇ એનું હિયરીંગ થયું એની અંદર જસ્ટીસ સોનિયા ગોકાણી અને મોના ભટ્ટ એમણે એવું કહ્યું છે કે On implementing the policy of teaching Gujarati language as compulsory subject in primary school, the Gujarat High Court reminded the State Government about its power to enforce the policy. The Court said there is no need for the State Government to feel helplessness and there should be some command if the school does not follow the State policy એટલે એમણે કહ્યું કે ૨૦૧૮ની અંદર એમણે પરિપત્ર કર્યો. એ પરિપત્ર મુજબ સ્કૂલોની અંદર ફરજિયાત પ્રાયમરી શિક્ષણ આપવાનું ફરજિયાત કરેલું હતું. છતાં પણ રાજય સરકારે એવું કહ્યું એવું એફિડેવીટ પણ કરેલું છે કે અમે આ પરિપત્ર કર્યો છે પણ રાજયની અંદર કેટલીક સ્કૂલો જે ૪૫૨૦ સેન્ટ્રલ બોર્ડનું એક્વિઝેશન ધરાવતી સ્કૂલો છે એની અંદરથી ૧૪ સ્કૂલો એવી છે કે જે ગુજરાતી ભાષા ભણાવતા નથી એટલે નામદાર હાઇકોર્ટે સૂચન કરેલું હતું તે વખતે કે તમે એક રિપોર્ટ એવો રજૂ કરો કે દરેક જિલ્લા કક્ષાના પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી તમે સર્ટી મેળવી અને નામદાર કોર્ટની અંદર રજૂ કરો કે દરેક જિલ્લાની અંદર કેટલી સ્કૂલો છે અને એ સ્કૂલોની અંદર કઇ સ્કૂલો ગુજરાતી ભણાવે છે એ બાબતનો રિપોર્ટ રજૂ કરવાનું કહેલું અને એ દરમિયાન બંને જસ્ટીસે નોંધ્યું છે કે ભય બીના પ્રિત નહીં જો મેં કહ્યું તેમ સરકારે આ બાબતે કન્ટ્રોલ રાખ્યો હોત, સરકારનો ખાનગી સ્કૂલો ઉપર કન્ટ્રોલ હોત તો કદાચ આ ના બન્યું હોત અને એ નામદાર હાઇકોર્ટની અંદર સૂચન થયું કે તમારે આ પોલીસીનો અમલ કરવો જોઇએ અને જો રાજય સરકાર એની અંદર હેલ્પલેસ હોય તમે ના કરાવી શકતા હોય તો અમે કરાવીશું એટલે જયારે હાઇકોર્ટે લાલ આંખ કરી છે ત્યારે આ વિધેયક લાવવાની જરૂર પડી અને લઇને આવ્યા છે. મોડેમોડે પણ વિધેયક લઇને આવ્યા એને અમારું સમર્થન કરીએ છીએ. એની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે કે પ્રાયમરી જે સુધારો કર્યો માનનીય મંત્રીશ્રી આમ તો હિન્દીના પ્રોફેસર છે એટલે કોઇએ સૂચવ્યુ હશે રાતોરાત કે અમે જે સુધારો બોલવાના હતા એ તમે કરી દીધો એ બદલ અભિનંદન. પણ જ્યારે આપણે ગુજરાતી ભાષાની ચિંતા કરીએ છીએ તો આપણે પ્રાઇમરી એજ્યુકેશન માટે આપણે કોલેજોની અંદર કે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની અંદર આની જોગવાઇ કરવી જોઇએ. કલમ-૩(૨)ની અંદર જે જોગવાઇ કરી છે તે નિમ્ન અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં જે ધોરણોમાં ભાષા તરીકે ગુજરાતી વિષય ભણાવવામાં આવતો નથી તે શાળાઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ઓછામાં ઓછું નિમ્ન પ્રાથમિકથી ગુજરાતી ભાષા તરીકે દાખલ કરવી જોઇશે. હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, તમારી પાસે ૨૭ વર્ષથી શાસન છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે, તમે એવા કોઇ ડેટા રજૂ કરો કે, ગુજરાતની અંદર કેટલી પ્રાઇમરી સ્કૂલો છે. ઉચ્ચતર માધ્યમિક કેટલી સ્કૂલો છે. પ્રાઇમરીની અંદર કેટલી સ્કૂલોની અંદર ગુજરાતી ભણાવવામાં આવે છે, કેટલી સ્કૂલોમાં ગુજરાતી ભણાવવામાં આવતું નથી. ગુજરાતી શિક્ષકો કેટલા છે? એક કહેવત છે કે, *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : (xxx) આ પણ બિનસંસદીય શબ્દ છે. ડો. કિરીટભાઇ તમે બિલ ઉપર બોલો. ટીકા ટિપ્પણી ના કરો. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આ બરાબર નથી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સ્કૂલોની અંદર ગુજરાતીના શિક્ષકો જ ન હોય, કોલેજોની અંદર ગુજરાતીના પ્રોફેસરો જ ન હોય અને અમારી યુનિવર્સિટીની વાત કરું તો અમારા બંને શિક્ષણમંત્રી ઉત્તર ગુજરાતના છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અલગ થઇ ત્યારે તેનો હેતુ એવો છે કે, આ પછાત વિસ્તાર છે તો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તેને ગ્રાન્ટેડ વિભાગો મળે. આપણે ગુજરાતીની ચિંતા કરીએ છીએ ત્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર ગુજરાતીનો ગ્રાન્ટેબલ વિભાગ જ નથી. જયારે આજે બોલવાનો મૉકો મળ્યો છે ત્યારે બંને મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે, તે પણ વિચારે અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર ગુજરાતી વિભાગ શરૂ થાય તો તે વિસ્તારના લોકોને પણ ગુજરાતી વિષયનો ફાયદો થશે. કલમ-૪ની અંદર એવી જોગવાઇ કરી છે કે, આના માટે કોઇ વધારાનો ખર્ચ કરી શકાશે નહીં, પણ જ્યારે આપણે બિલને, કાયદાને વધુ અસરકારક અને ઈફેક્ટિવ બનાવવો હોય તો તેના માટે વધારાના સ્ટાફની પણ નિમણૂક કરવી પડે. એટલે બજેટની અંદર જરૂર પડે તો તેવી જોગવાઇ કરવામાં આવે. વધારાના નિયામકશ્રી, અધિક કક્ષાના નિયામક અથવા તેનું ઇમ્પ્લિમેન્ટેશન કરવા માટે કોઇ સ્વાયત બૉડીની રચના થાય તો તેના માટે બજેટની અંદર જોગવાઇ કરવામાં આવે. કલમ-૬(૨) ની અંદર જે અમારા મંત્રીશ્રીએ કહ્યું કે જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી. ગામડાંઓની અંદર પ્રાઇમરી સ્કૂલોની મંજૂરી ડી.પી.ઇ.ઓ. એટલે કે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી આપે છે અને શહેરોની અંદર ડી.ઇ.ઓ. એટલે કે જિલ્લા શિક્ષણાધિકારી આપે છે. આ બંનેની એવી જોગવાઇ કરવામાં આવે કે, શહેરો અને ગામડાંની અંદર જે અધિકારીએ મંજૂરી આપી હોય તે સક્ષમ અધિકારી કહેવાય. કલમ-૭ તે સ્પષ્ટ નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીએ છીએ કે, આ કલમ સ્પષ્ટ કરવામાં આવે. કલમ-૮ માં એવું લખ્યું છે કે, એક મહિના માટે અથવા તો પ્રથમ વખત ઉલ્લંઘન કરે, તો એક મહિના માટે ઉલ્લંઘન કરે એટલે શું? તેણે એક મહિના માટે ગુજરાતી ના ભણાવ્યું હોય, બે મહિના માટે ગુજરાતી ના ભણાવ્યું હોય, એડમિશન લીધું એટલે એક મહિના માટે ગુજરાતી ભણાવ્યું અને પાછું ગુજરાતી ના ભણાવ્યું અને પછી અંગ્રેજી ભણાવ્યું અને પછી ગુજરાતી ભણાવવાની શરૂઆત કરી. એટલે કોઇ સ્કૂલ એવી ના હોય કે એક મહિના માટે અંગ્રેજી ભણાવે અને પછી ગુજરાતી ભણાવે. એટલે એક-બે-ત્રણ મહિનાની બાબત તમે કઇ રીતે નક્કી કરી શકશો? એટલે આવી કોઇ જોગવાઇ અસ્પષ્ટ ના હોવી જોઇએ. તેના માટે પણ મંત્રીશ્રીને વિનંતી કરું છું. પેટા કલમ-૩ અને પેટા કલમ-૧ બંને વિરોધાભાસી છે. તેની અંદર એવી જોગવાઇ કરવામાં આવી છે તેના લીધે અમારા સભ્યોએ કહ્યું કે વ્હાલાં દવાલાંની નીતિ થશે. કાયદો સ્પષ્ટ હોવો જોઇએ. અસ્પષ્ટ ના હોવો જોઇએ. બંધારણમાં પણ જોગવાઇ છે કે, તમે કોઇ પણ કાયદો બનાવતા હોય તો એ કાયદો સ્પષ્ટ હોવો જોઇએ આ કાયદો સ્પષ્ટ નથી એટલે એ બાબતે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કે એ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૮(૪) એની અંદર તમે એવું લખ્યું છે કે, કોઇ પણ શાળા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇની એક વર્ષની મુદત કરતા વધુ સમય સુધી ઉલ્લંઘન કરે તો સરકાર એવી શાળા જેની સાથે જોડાયેલ સંલગ્ન હોય તે શાળાનું જોડાણ રદ કરશે. માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સાથે સંકળાયેલો છું અત્યાર સુધી મેં એવી એવી કોઇ સ્કૂલ જોઇ નથી કે એક સ્કૂલ હોય એનો એફિલિએશન બીજી સ્કૂલ જોડે હોય. બંનેનું એફિલિએશન અલગ હોય એક સ્કૂલનું બીજી સ્કૂલ સાથે જોડાણ હોય નહીં એનું જોડાણ એ ડી.પી.ઓ. ઓફીસે આપેલું હોય કે ડી.ઇ. ઓફીસે આપેલું હોય એટલે આ સ્પષ્ટતા થતી નથી એટલે આના માટે એવી જોગવાઇ થવી જોઇએ કે જે સ્કૂલે નિયમોનું ઉલ્લંઘન કર્યું એનું એફિલિએશન રદ કરી દેવું બીજી સ્કૂલ સાથે કોઇ દિવસ આનું જોડાણ હોઇ શકે નહીં અને માનનીય મંત્રીશ્રી તમે એક વર્ષનું જોડાણ રદ કર્યું તો કયું જોડાણ રદ કરશો? પહેલા ધોરણનું કે પાંચમા ધોરણનું? મેં પાંચમા ધોરણમાં એડમિશન લીધું અને કોઇ સ્કૂલે મને પાંચમાં ધોરણમાં ગુજરાતી ન ભણાવ્યું તો તમે કયું એફિલિએશન રદ કરશો? પાંચમાં ધોરણનું કરશો, પહેલા ધોરણથી કરશો કે આખી સ્કૂલનું એફિલિએશન રદ કરશો? એ સ્પષ્ટતા કરવાની જરૂર છે. જો આખી સ્કૂલનું એફિલિએશન રદ થશે તો એ સ્કૂલના વિદ્યાર્થીને તમે કયાં સમાવશો? એમના એડમિશનનો પ્રશ્ન થશે. જો તમે કોઇ એક સ્કૂલનું એફિલિએશન રદ કર્યું તો તમે જે નિયમો બનાવો એની અંદર પણ જોગવાઇ થવી જોઇએ કે સ્કૂલનું એફિલિએશન રદ થાય તો તમે અમદાવાદમાં રહેતા હોવ એલિસબ્રિજની બાજુમાં અને એનું એફિલિએશન રદ થશે તો બાજુના વિદ્યાર્થીઓ જશે ક્યાં? જોગવાઇ કરેલી છે એફિલિએશન રદ કરવાની એનો વાંધો નહીં એફિલિયેશન રદ થવું જ જોઇએ, કડક સજા થવી જ જોઇએ પરંતુ એફિલિયેશન રદ થાય તો એના જે વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરે છે એનું શું થશે એની પણ ચિંતા કરવી જોઇએ. કલમ ૮(૬) એની અંદર એક બાજુ આપણે કાયદાની અંદર આપણે પચાસ હજાર, લાખ કે બે લાખ સુધીની દંડની જોગવાઇ કરીએ છીએ અને કલમ ૮(૬)માં એવું લખીએ છીએ કે પ્રાથમિક શાળા નિયામકની કચેરી ગુજરાત સરકારના નાયબ નિયામકના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ના હોય તેવા અધિકારી, ઠરાવવામાં આવે તેવી રીતે દંડ વસૂલ કરી શકશે. જે દંડ આપણે નક્કી કર્યો હોય એમાં અધિકારીને કોઇ છૂટછાટ ના હોવી જોઇએ આ પણ જોગવાઇ કરવા વિનંતી છે. કલમ ૧૦ એની પેટા કલમ (૨) એની અંદર સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. કોઇ પણ આદેશ સરકાર આપે તો એ સરકારનો આદેશ ફાઇનલ ગણાશે એ વાત સાથે અમે સંમત છીએ પરંતુ તમે એનો કેટલા સમયમાં નિર્ણય લેશો? અગાઉની કલમોમાં સમય મર્યાદા નક્કી કરી છે તો આની અંદર પણ એ સમય મર્યાદા નક્કી કરવામાં આવે. કલમ ૧૧ની અંદર જેટલા પણ કાયદા લાવીએ છીએ એની અંદર ફરજિયાત આ અધિકારીઓ ઇરાદાપૂર્વક આ લખાવે છે છટકબારી કે, શુદ્ધબુદ્ધિથી કરેલા કોઇ કૃત્યની સામે કોઇ દાવો માંડી શકાશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે જ વાત થઇ કે ચમરબંધી, તો જે રીતે ચમરબંધી હજુ મળ્યા નથી અમે મિડિયા સાથે સંકળાયેલા છીએ અમે લખીએ મિડિયામાં કે આધારભૂત તો આધારભૂત એ પણ હજુ સુધી મળ્યું નથી એમ આ શુદ્ધબુદ્ધિ, તો શુદ્ધબુદ્ધિથી કરેલું કાર્ય હજુ સુધી કોઇ સાબિત થયું નથી. એટલે આઇ.પી.સી.ની અંદર સ્પષ્ટ જોગવાઇ કરેલી છે કલમ ૧૬૬, ૧૬૬(એ) અને ૧૬૭ની અંદર કે કોઇ પણ જાહેર નોકર-પબ્લિક સર્વન્ટ ઇરાદાપૂર્વક કોઇને નુકસાન કરે, ઇરાદાપૂર્વક ખોટા ડોક્યુમેન્ટ્સ બનાવી કોઇને નુકસાન કરવાનો પ્રયાસ કરે તો એની સામે કાર્યવાહી થઇ શકે. એટલે આ કલમ-૮ છે એ આપણો સ્ટેટ લો કે

સેન્ટ્રલ લો છે એને ઓવરલુક થઈ શકે નહીં એટલે આ આઇ.પી.સી.ની જોગવાઇઓનો ભંગ છે એટલે એની અંદર સ્પષ્ટ જોગવાઇ થવી જ જોઇએ કે કોઇ અધિકારી ઈરાદાપૂર્વક કોઇ પણ સંસ્થાને નુકસાન કરવાનો પ્રયાસ કરે તો એની સામે કાર્યવાહી થવી જોઇએ, ફોજદારી કાર્યવાહી થવી જોઇએ કે દાવો થવો જોઇએ આ બધા મારા સૂચનો હતા. બીજું કે આની અંદર કોઇ પણ જગ્યાએ માનનીય મંત્રીશ્રી અપીલની જોગવાઇ કરવામાં આવી નથી. અગાઉ આપણે જયારે પાસાનો કાયદો લાવ્યા ત્યારે પણ તે વખતે મેં કહ્યું હતું કે લો ઓફ નેચરલ જસ્ટીસ કુદરતી ન્યાયનો સિદ્ધાંત છે કે કોઇ પણ વ્યકિતને અપીલ કરવાની છૂટ મળવી જોઇએ એટલે મને એવુ લાગે છે કે, આની અંદર અપીલની જોગવાઇ નથી મારે દંડ ના ભરવો હોય તો શું કરવાનું ? અપીલની કોઇ પણ કાયદાની અંદર એપેલેટ ઓથોરિટી હોય અને અપીલની જોગવાઇ હોય છે. એટલે મને લાગે છે કે, જો આ કાયદો નામદાર હાઇકોર્ટની અંદર ચેલેન્જ થશે તો આપણને થોડી તકલીફ થશે કે એપેલેટની જોગવાઇ એટલા માટે અપીલની જોગવાઇ કરવામાં આવે. એટલે આ બધા જે મારા સૂચનો હતા તે સૂચનો સાથે જો તમે આ સારું બિલ લઇને આવ્યા છો તો એ બિલને અમે સમર્થન કરીએ છીએ. જય હિન્દ, જય ભારત.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિધાનસભામાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી દ્વારા રજૂ થઇ રહેલા માતૃભાષા ફરજિયાત વિધેયકને આવકારતા હું ગૌરવ અને આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક અંતર્ગત ગુજરાતની દરેક શિક્ષણ સંસ્થા આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ ૧થી ૮માં ગુજરાતી વિષય તરીકે ફરજિયાત ભણાવાશે ત્યારે આ વિધેયકનું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું અને તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું. આમ જુઓ તો શહેરીકરણ અને તેની જગ્યાએ ગામડાંઓની અંદર આજે હું જે વિસ્તારમાંથી આવું છું એવો બનાસકાંઠા જેવો શૈક્ષણિક રીતે જે પછાત હતો એ ગામડાંઓની અંદર પણ ઇંગ્લિશ મિડિયમની સંખ્યા પણ ખૂબ મોટાં પ્રમાણમાં વધી છે અને બધા જ લોકોને એક ઘેલછા પણ થઇ છે કે મારો દીકરો કે દીકરી ઇંગ્લીશ મિડિયમમાં ભણે એટલે હું આજના તબક્કે મુખ્યમંત્રીશ્રી અને સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું કે, આજે ગુજરાતી શિક્ષણ ફરજિયાત કર્યું જેના કારણે આપણી ગુજરાતી પરંપરા છે, વર્ષો જૂની પરંપરા અને આપણી સંસ્કૃતિ જળવાય રહે તે પ્રકારનું આ સરકારે કર્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જુઓ તો ગુજરાતમાં ગુજરાતી ભાષાને દાખલ કરવી પડે એ વિચાર માગી લે તેવી બાબત છે કારણ કે ભાષાના માધ્યમથી તો આપણને આ ગુજરાત મળ્યું છે અને આજે તેના લીધે વિધાનસભા ગૃહમાં આપણે ઉભા છીએ અને એનુ કારણ એ જ છે કે હું ગુજરાતી છું અને તેનો મને ગર્વ છે તો પછી તત્કાલિન સરકારોએ ગુજરાતના વહીવટની ભાષામાં ગુજરાતી દાખલ કરવાની જે શરૂઆત કરી દીધેલી પરંતુ મારું માનવું છે કે ભલે આવકાર્ય શરૂઆત હતી, પરંતુ પાયા વગરની ઇમારત ચણવા જેવું કામ થયું છે. ભારતમાં પશ્ચાતાપ ભાષાનો પ્રભાવ હતો પણ સમય આવ્યે પ્રાદેશિક ભાષાઓને પણ સમાન ક્ષેત્રે મહત્ત્વ આપવુ જોઇએ પરંતુ થયુ એવુ કે અંગ્રેજીનો પ્રભાવ પ્રાથમિક ક્ષેત્રે ભલે આપણે જાળવી રાખ્યો અને આ બાબતે કહીશ કે દરેક ભાષાનું પોતાનું સૌંદર્ય અને મહત્ત્વ છે પરંતુ માતૃભાષા ગૌણ બને અને વિદેશી ભાષા પ્રભાવક હોય ત્યારે વ્યકિત ન માત્ર પોતાની ભાષાથી દૂર થાય છે પરંતુ પોતાના સાંસ્કૃતિક વારસા સાથેનો નાતો અને સંબંધ કપાઇ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે કોઇ પણ સંસ્કૃતિનો નાશ કરવાનો સૌથી સહેલો જે ઉપાય છે તે પ્રજાનો પોતાની ભાષા પ્રત્યેનો આદરપૂર્વકનો સંબંધ કાપી નાંખવાનો. આજે મને ગૌરવ છે મારી અને અમારી સરકાર પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતી ભાષાને ફરજિયાત કરીને આવનારી પેઢીને પોતાના મૂળ સાથેનો નાતો મજબૂત કરી આપશે. મને ખાતરી છે કે સરકારશ્રીના આ હકારાત્મક અને દૂરંદેશીભર્યા પગલાંને ગુજરાત અને ગુજરાતીઓ સહર્ષ સ્વીકારી લેશે. આગળ પણ વિજ્ઞાન ક્ષેત્રે નોબલ પુરસ્કાર જીતનાર સી.વી.રમણે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં લીધુ હતું. વિખ્યાત અણુ વિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પણ પોતાની માતૃભાષામાં ભણ્યાં હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ વગેરે અનેક ખિતાબો અને એવોર્ડો અને ઇનામો પ્રાપ્ત કરનાર સાયન્સ અને એન્જિનિયરિંગના વિષયમાં ૨૫ જેટલી યુનિવર્સિટીઓમાંથી જ એમણે ડોકટરેટ કરેલું છે. એવા શ્રી અરૂણભાઇ ગાંધી, ટાટા કંપનીના ડિરેક્ટર અને વ્યવસાયે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. શ્રી રતન ટાટાના જમણા હાથ સમા અરુણભાઇએ બાબુભાઇ અમિતચંદભાઇ પન્નાલાલ સ્કૂલમાં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કર્યો હતો. અવકાશ યાત્રા દરમિયાન પોતાનો જીવ ગુમાવનાર અને વિશ્વભરમાં પોતાનું નામ રોશન કરનાર કલ્પના ચાવલાએ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કર્યો હતો. સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ઓળખાતા ડૉ.બાબાસાહેબ આંબેડકરે પણ પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં લીધું હતું. ઉદ્યોગપતિ ધીરૂભાઇ અંબાણીએ પણ મજેવડીની ગુજરાતી શાળામાં પોતાનું પ્રાથમિક શિક્ષણ લીધું હતું. આમ ઘણા બધા ઉદ્યોગપતિઓ અને સમર્થ વિચક્ષણ બુદ્ધિ પ્રતિભાના ધારક શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ પણ ગુજરાતી માધ્યમમાં ભણ્યા હતા. આ રીતે ગુજરાતી પ્રત્યેનું ગૌરવ અને ગુજરાતે જે રીતે સમગ્ર દેશ-વિદેશમાં પોતાની નામના કરી છે એ પ્રકારે આ બિલ આવકાર્ય છે. ઉમાશંકર જોષીએ ખૂબ સુંદર કાવ્ય કહ્યું છે કે,

''સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી ગુજરાતી,
રમે અન્ય સખીઓ થકી દેઇ તાળી, સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.''

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી પહેલીવાર બોલવાની તક મળી એ બદલ આપનો ખૂબ-ખૂબ આભાર. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય શિક્ષણમંત્રી દ્વારા ફરજિયાત માતૃભાષાનું વિધેયક ૨૦૨૩ રજૂ થયું છે તે અંતર્ગત

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

ગુજરાતની દરેક શૈક્ષણિક સંસ્થા આગામી શૈક્ષણિક વર્ષથી ધો.૧થી ૮માં ગુજરાતી વિષય ફરજિયાત ભણાવશે. આ વિધેયકનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. મારી વાત શરૂ કરતાં પહેલાં હું એક પંક્તિ બોલવા માંગુ છું. ''લાગણીના જળ વડે મર્દન કરું છું, શબ્દો કાગળ પર ઘસી ચંદન કરું છું, બે ગઝલ, બે ગીતના પુષ્પો ચડાવી માતૃભાષાને પ્રથમ વંદન કરું છું.'' ગુજરાતી ભાષા આપણી મા છે અને માને મૃતપ્રાય કરી માંસની પૂજા થોડી થાય? જન્મ્યા પછી જ નહિ પણ તે પહેલાં ઉદરમાં હોઇએ ત્યારથી જ ભાષાનું પ્રભુત્વ આપણી ઉપર રહેલું છે. એટલે જ એમ કહેવાય છે કે માતૃભાષાનો સંબંધ સંસ્કૃતિ સાથે છે. ગુજરાતી ભાષા એ આપણી સંસ્કૃતિ અને અસ્મિતા છે. ગુજરાત એ ગુજરાતીઓનું આન, બાન અને શાન છે. લગભગ સવા છ કરોડથી વધુ લોકો ગુજરાતી ભાષા બોલે છે. ગુજરાતમાં તો ગુજરાતી બોલાય જ છે પણ દુનિયાના ખૂણે - ખૂણે વસતા ગુજરાતીઓએ પણ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આજે શૈક્ષણિક સંસ્થાઓમાં ગુજરાતી શિક્ષણનો વ્યાપ વધ્યો છે. હવે મેડિકલ ક્ષેત્રમાં પણ ગુજરાતી ભાષાને સ્થાન મળ્યું છે. આપણી ગુજરાતી ભાષાનું સંવર્ધન જાળવી રાખવા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પ્રયાસો કર્યા છે એટલા પ્રયાસો અગાઉ ક્યારેય નથી થયા. પ્રવર્તમાન સમયમાં ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનું અધ્યયન અને અધ્યાપન કાર્ય થઇ રહ્યું છે. ઉચ્ચ અભ્યાસ માટે કૉલેજ કક્ષાએ ગુજરાતી ભાષાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓમાં પણ વધારો થઇ રહ્યો છે. તેથી વિશેષ ''અમે લહેરી લાલા'' ગુજરાતી પંક્તિને ચરિતાર્થ કરતું વૈશ્વિક ઉદાહરણ એવા આપણા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નખશીખ ગુજરાતી હોવા છતાં વિશ્વમાં ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. ભારતનું પ્રભુત્વ તો જુઓ. વૈશ્વિક નેતાઓ પણ જ્યારે ગુજરાત આવે ત્યારે કહે છે કે કેમ છો? આવા શબ્દથી વિશ્વના નેતાઓ પણ ગુજરાતને યાદ કરે છે. આ આપણી ગુજરાતી ભાષાનું પ્રભુત્વ અને સામર્થ્ય છે. તેના માટે સમર્થનની ગુજારિશ ન હોય સર્વ સ્વીકાર જ હોય. ગુજરાતી ભાષાનો ખૂબ જ લાંબો અને સમૃદ્ધ ઈતિહાસ છે. ગુજરાતની લોક સંસ્કૃતિ, કલા અને પૌરાણિક વારસાને આપણે જાણી, જાળવી રાખવાનો છે અને આ વારસાને આપણી આવનારી પેઢીને માતૃભાષા દ્વારા જ આપી શકીશું. આ વિધેયક પસાર થઈ કાયદાનું સ્વરૂપ લેશે ત્યારે ગુજરાતીઓ અને ગુજરાતી શાળાઓ બેઠી જ નહિ દોડતી થશે. જ્યારે ગુજરાતી શાળાઓને ગરીબ શાળા છે તેવી માન્યતાનો ભ્રમ ભાંગી જશે. અંગ્રેજી ભણીને મોટા અધિકારી કે સુખી થયેલાને, રોજ અંગ્રેજીમાં વ્યવહાર કરતાં લોકોને આપણે પૂછીએ કે તમને સ્વપ્ન કઈ ભાષામાં આવ્યું ત્યારે તેઓ કહેશે કે ગુજરાતીમાં આવ્યું.

''માતા છે ગુજરાતની ધરતી, વતનની એ માટી છે, એ માટીમાં મૂળ છે મારા, ભાષા મારી ગુજરાતી છે.''

માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા અનેક કેળવણીકારો અને મનોવૈજ્ઞાનિકોએ પ્રારંભીક શિક્ષણ માટે માતૃભાષાને જ મહત્ત્વ આપ્યું છે તેનું કારણ ગુજરાતી ભાષા છે. બાળકના પરિવાર તથા સમાજમાં બોલાતી ભાષા ગુજરાતી છે. બાળક તેના ઘરથી જ માતૃભાષા સાંભળતો અને સમજતો આવે છે. આપણા ગુજરાત પાસે ગુજરાતી ભાષાના સાહિત્ય, શબ્દો, કહેવતો, લોકગીતો, કથાઓનો અમૂલ્ય વારસો છે. જેમાં સાહસિકતા, સહજતા, સામર્થ્યનો ખજાનો છે અને તેનાથી આપણી ભાવિ પેઢીને પરિચિત કરાવવા આ વારસાની સમૃદ્ધિને જાળવવા ગુજરાતી ભાષા જરૂરી છે. આપણી માતૃભાષાની લિપિ પણ વૈજ્ઞાનિક છે. સ્વર સાથે સીધી સંકળાયેલી છે તેથી જ તેના ઉચ્ચારમાં પણ બાળકને વિશેષ તકલીફ પડતી નથી. આજે વિશ્વનો ભાગ્યે જ એવો કોઈ ખૂણો હશે જ્યાં આપણા ગુજરાતી નહિ હોય. તેઓ બધા માતૃભાષામાં ભણીને વિદેશ ગયા છે. એટલે જ હું ભારતીય જનતા પાર્ટીની સરકારનો આભાર માનું છું તથા આશા રાખું છું કે આ વિધેયક થકી આપણી ગુજરાતી ભાષા વૈશ્વિક ફલક પર ફૂલેફાલે તે માટે આ દિશામાં આપણે આગળ વધીએ. આ વિધેયક થકી આપણી વર્તમાન અને ભવિષ્યની પેઢીનો વિકાસ કરી દેશ તથા આપણા રાજ્યને સફળતા અપાવવામાં સરળતા રહેશે. અંતે કવિ અરદેશર ખબરદારની પંક્તિ યાદ આવે.

''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત ! .''

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ સભાગૃહમાં બેઠેલા તમામ મારા સાથી સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ પ્રવચનમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરો છો તેની જગ્યાએ ગુજરાતીનો ઉપયોગ કરશો તો ખૂબ જ આનંદ થશે તેવી લાગણી સાથે મારી વાત પૂરી કરું છું. મને જે બોલવાની તક આપી તે બદલ આ સભાગૃહનો ખૂબ ખૂબ આભાર.

ડો. જયરામભાઇ એ. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૫મી વિધાનસભામાં સૌ પ્રથમ બોલવા માટે તક આપી છે તે બદલ આ સભાગૃહનો આભાર માનું છું. માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા માતૃભાષા ફરજિયાત વિધેયક ૨૦૨૩ રજૂ થયું છે તે અંતર્ગત ગુજરાતની દરેક શિક્ષણ સંસ્થાઓમાં આગામી શૈક્ષણિક વર્ષથી ધો. ૧થી ૮માં ગુજરાતી વિષય ફરજિયાત ભણાવાશે. આ વિધેયકનું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મા, માતૃભૂમિ અને માતૃભાષા આ ત્રણેય સાથે આપણે સૌથી વધુ આત્મીય હોઈએ છીએ. આ ત્રણ સાથે આપણને સૌથી વધુ સલામતી અનુભવાય છે. આપણા અસ્તિત્વ, સલામતી અને આપણી ઓળખનો એ આધાર સ્તંભ છે. માતૃભાષા એ આપણી સંસ્કૃતિની સંરક્ષક અને અમૂલ્ય ધરોહર છે. તેથી કોઈ પણ આત્મ ગૌરવ પ્રજા શિક્ષણનું માધ્યમ પોતાની માતૃભાષામાં જ હોય તેવો ચોક્કસ આગ્રહ રાખે છે. ૧૯મી સદીની શરૂઆતમાં અંગ્રેજોના આગમન સમયે ગુજરાતી ભાષાની દુર્દશા થઈ. એ સમયે એક તરફ અંગ્રેજી ભાષાનું આક્રમણ અને બીજી તરફ એવી સ્થિતિ સર્જાઈ કે કવિ દલપતરાયે ખંઢેરાવ મહારાજ પાસે જઈને ગુજરાતમાં માતૃભાષામાં જ શિક્ષણ હોવું જોઈએ એવી વાતચીત કરી અને મહારાજે તેનો સ્વીકાર પણ કર્યો. ત્યારથી જ ગુજરાતી ભાષાનું શિક્ષણ પણ ચાલુ થયું. અત્યાર સુધી એક એવી પણ ગેરસમજ છે કે

અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય ભાષા છે પણ ઇઝરાયલ જેવા નાના દેશમાં પોતાની માતૃભાષામાં શિક્ષણ અપાય છે અને ઇઝરાયલે વિશ્વમાં અનેક સંશોધનોમાં નામના પણ મેળવી છે. એ જ રીતે ચીન, રશિયા, જાપાન, જર્મની વગેરે દેશોમાં પણ માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. આવા દેશોમાં પણ અનેક સંશોધનો થયા છે અને સારી નામના મેળવી ચૂક્યા છે. આરબ દેશોની ઉચ્ચ પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓમાં નોબેલ પ્રાઇઝ વિજેતા, રવિન્દ્રનાથ ટાગોર, અર્થશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક વિજેતા આત્મ સિંઘ, વિજ્ઞાન ક્ષેત્રમાં શ્રી સી.સી.રામન અને સન્માનનીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે પણ માતૃભાષામાં જ શિક્ષણ લીધું હતું અને ખૂબ જ નામના મેળવી છે. ડૉ. અબ્દુલ કલામે સ્પષ્ટ કહ્યું હતું કે, જે દિવસે મેડિકલ, એન્જિનિયરિંગ વગેરે વિભાગોમાં શિક્ષણ માતૃભાષામાં અપાશે ત્યારે જ આપણે વૈજ્ઞાનિક ક્રાંતિ કરી શકીશું. ગુજરાતની વાત કરીએ તો, ગુજરાત વિદ્યાપાઠની સ્થાપના થઇ એની પાછળ મહાત્મા ગાંધીજીનું ધ્યેય ગુજરાતમાં માતૃભાષા ટકી રહે એ માટેનું હતું અને આજે ગુજરાતી માતૃભાષાનું આપણું જે વિધેયક છે તેને મારું સમર્થન આપું છું અને સાથી મિત્રોને પણ કહેવા માંગું છું કે આ વિધેયકને આપણે બધા જ સમર્થન આપીએ. જય જય ગરવી ગુજરાત.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, જેના ઉદરથી જન્મ લઇને પહેલો શબ્દ હું ''મા'' બોલ્યો. એ પુખ્ત વયનો થયો ત્યારે મને મારી મા યાદ આવી. માનનીય મંત્રીશ્રી, જે ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબતનું વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે. એને સંપૂર્ણ ટેકા અને વિશ્વાસ સાથે હું મારી વાતની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી માતૃભાષા ગુજરાતી છે અને માતૃભાષાનો ઉપયોગ આપણે સૌ કરીએ છીએ. હું ગૃહમાં આવ્યો ત્યારથી સાંભળી રહ્યો છું કે તમામ સભ્યશ્રીઓ ગૌરવભેર આ વિધેયકની ચર્ચા કરી રહ્યા છે અને માતૃભાષા વિશે અલગ-અલગ મુદ્દાના આધારે પોતાની વાત આ સભાગૃહની અંદર કરી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, સરકારને મેં જ્યારે આ વિધેયક માટે ટેકો આપ્યો છે ત્યારે શું આ સરકાર માતૃભાષા માટે ખૂબ ચિંતા કરે છે? શું આ માતૃભાષાનું વિધેયક આ ગૃહમાં પસાર થાય અને કાયદો બને એનાથી સંતોષ લેવા માંગે છે? મારા સાથી ભૂતપૂર્વ મિત્રોએ પણ કીધું છે કે રાજ્ય સરકારનો શિક્ષણ વિભાગ જ્યારે પરિપત્ર બહાર પાડે છે અને એ બહાર પાડ્યા પછી ગુજરાતમાં જે પ્રાથમિક શાળાઓ આવેલી છે એ પ્રાથમિક શાળાઓ આ પરિપત્રનો અમલ કરતી નથી.એ સરકારે પોતે આમાં ગંભીરતાપૂર્વક વિચારવું પડશે. પરિપત્રનો મતલબ જ એ થાય છે કે, સરકારે આદેશ કર્યો છે અને આદેશનું પાલન કરવા સૌ કોઇ બંધનકર્તા રહ્યા છો. વર્ષ ૨૦૧૮માં પરિપત્ર થયો. વર્ષ ૨૦૨૩માં આપણે આ બિલ લઇને આવ્યા છીએ. પાંચ- પાંચ વર્ષ સુધી પરિપત્ર કર્યા પછી પણ એ પરિપત્રનો જો અમલ ન કરતા હોય અને સરકાર એમ માનતી હોય કે, આ વિધેયક લાવીશું અને કાયદો ઘડીશું એટલે એનો ફટાફટ અમલ થવા માંડશે તો એ શક્ય નથી. કારણ કે, જે રીતે સરકાર આ વિધેયક લઇને જયારે સભાગૃહમાં આવી છે અને સંપૂર્ણ ટેકા સાથે વાત કરે છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, સરકાર પોતે, આ સરકારનો શિક્ષણ વિભાગ પોતે, એની સાથે જોડાયેલા વિભાગો પોતે માતૃભાષા વિશે જયારે બિલ લઇને આવ્યા છે ત્યારે જે ઇમારતનો પાયો જ મજબૂત ન હોય તો એ ઇમારત કેવી રીતે ઉભી રહી શકત? આજે માનનીય દંડકશ્રી સુધારો લઇને આવ્યા છે કે પહેલા, બીજા ધોરણનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો. તમે માતૃભાષા માટે ગૌરવ લો છો, પ્રધાનમંત્રીશ્રી માટે ગૌરવ લો છો, ગુજરાત માટે ગૌરવ લો છો અને લેવું જોઇએ પણ તમારો વિભાગ અને તમારા વિભાગ સાથે સંકળાયેલા અન્ય વિભાગો કે જે આને ભૂલ ન કહેવાય, તમે સુધારો લઇને આવો એને ભૂલ ન કહેવાય પણ આ ગંભીર પ્રકારની ભૂલ કે જે આવનારી પેઢીને નુકસાન કરવાની હતી, એ સરકારની આંખ નીચેથી જતી રહી અને સરકારને ખબર ન પડી. અમે તો આ વિધાનસભામાં અનુભવી છીએ. બિલ વાંચ્યું હતું અને ટેકો પણ દિલથી આપવાના હતા પણ સરકારની આ ભૂલનો અમે તાબડતોડ વિરોધ પણ કરવાના હતા પણ સરકાર સુધારો લઇને આવી. જયારે સરકાર સુધારો લઇને આવી છે ત્યારે એ સુધારાને પણે આવકારીએ છીએ. કાયદો બનશે, કાયદાનો અમલ થશે. કાયદા તો અનેક બનેલા છે. પરિપત્ર થયા પછી પણ પાંચ વર્ષ સુધી ગુજરાતમાં માતૃભાષા શીખવાડવામાં ન આવે, કોર્ટમાં ગયા, કોર્ટનું સૂચન થયું અને બિલ લઇને આવ્યા છે. આપણે સો ટકા ગૌરવ લેવું જોઇએ કે આપણી માતૃભાષા ગુજરાતી છે અને બધાને ગૌરવ હોય પણ આપણે સ્વીકાર પણ કરવો જોઇએ કે, આપણી માતૃભાષા ગુજરાતી છે કે જેનો ઉપયોગ બાળકોને ભણવામાં થતો નથી. એ આપણે ૨૩ વર્ષમાં કરી શક્યા નથી. આપણો પરિપત્ર પણ ન કરી શક્યો. સરકારને હાઇકોર્ટનું સૂચન આવ્યું અને આપણે બિલ લઇને આવ્યા છીએ. આમાં સરકારે સ્વીકાર પણ કરવો જોઇએ. એમાં કોઇ ખોટું નથી.

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે કે, માનનીય સભ્યશ્રી જે બોલી રહ્યા હતા એમાં મારા બે મુદ્દાઓ છે. ડો. બાબાસાહેબ આંબેડકરે જે બંધારણ ઘડ્યું એ બંધારણમાં ૩૫૦ (સી) કલમ જે મારા વિદ્વાન મિત્ર હમણાં બોલી ગયા છે. બંધારણ ઉપર કોઇ કોર્ટ નથી. સુપ્રીમકોર્ટ પણ ભારતના બંધારણ પ્રમાણે ચાલે છે. ૩૫૦ (સી) ની કલમ ભારતના બંધારણમાં હતી તો અત્યાર સુધીમાં રાજકારણમાં કામ કરતા લોકો, સત્તાધીશો કેમ સુધારો લઇને ના આવ્યા? એ મારું પહેલું પોઇન્ટ ઓફ કલેરિફિકેશન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી સરકાર બેઠી ડો. જીવરાજભાઇ મહેતા તરફથી. એમણે પણ સૂચનો કર્યા ગુજરાતી ભાષા માટે. કવિ વીર નર્મદે વાત કરી. પ્રેમાનંદજીએ કહ્યું. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું. આ બધાએ કહ્યું છે, ત્યારે સત્તાધારી પક્ષમાં કોણ હતું? આજે ૧૮ થી ૨૩ માં જો આ દુઃખતું હોય તો અત્યાર સુધી કેમ નહીં થયું એ મારો બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું એવી અપેક્ષા રાખું કે આપના તરફથી એમાં અનુમોદન મળે.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે સાહેબ, આને આપણે પોઇન્ટ ઓફ ઓર્ડરમાં નહીં, પણ પોઇન્ટ ઓફ કલેરીફિકેશનમાં લઇએ. પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે લેતા નથી. આપનું પૂરું કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : જી, શેના વિશે?

શ્રી અમિત ચાવડા : આ પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. એટલે વિષય નથી રહેતો. ક્લેરિફિકેશન હતું એ પૂરું થયું છે. (અંતરાય) એ મૂકો હવે, તમે બેસો. સમય બગડે છે. પછી છેલ્લા બે જણ બાકી રહી જશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સારું થયું આને આપે ઓર્ડરમાંથી ક્લેરિફિકેશનમાં કરી દીધું. નહીંતર મસ્ત જવાબ હતો.

અધ્યક્ષશ્રી : સમય નથી. છેલ્લે બાકી રહી જશે.

શ્રી શૈલેષ મ. પરમાર : આપની સાથે એગ્રી સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહ્યો હતો. હું પહેલા પણ કહ્યું અને અત્યારે પણ કહું છું કે ટીકાના સ્વરૂપમાં લીધા કરતા જે સત્ય હકીકત છે, એ સત્ય હકીકતને સરકારે સ્વીકારવી પડશે. અંગ્રેજી માધ્યમનો જે છેલ્લા ઘણા વર્ષોથી જે રીતે ઉપયોગ થઇ રહ્યો છે શાળાઓમાં, તે ઉપયોગના કારણે માનનીય જીતુભાઇ અને માનનીય અર્જુનભાઇએ ખૂબ સારી વાત કરી કે ડાયરાઓમાં જે લોકો, સાહિત્યકારો અને ડાયરાના જે કલાકારો હોય છે તેના ગુજરાતી સાહિત્યને સાંભળવા માટે લોકો ડાયરાઓમાં જતા હોય છે. પણ, શ્રી અર્જુનભાઇ, હવે એક કમો બી આવ્યો છે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, હવે મારી પાસે ૧૦ મિનિટમાં ૪ સભ્યો બોલવાના બાકી છે. એટલે પછી પાછળના જે સભ્યો છે એને હું ૧૦ મિનિટમાં નહીં આપી શકું. (અંતરાય) નહીં, કામકાજ સલાહકાર સમિતિએ જયારે નકકી કર્યું છે અને પાછળનું કામકાજ પણ એના આધાર ઉપર લીધું છે. મેં પહેલા પણ આપને બધાને કહ્યું હતું કે સમયસર પૂરું કરવું પડશે.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રિસેસ પહેલા સાહેબ, પૂરું કરવાનું છે? કામકાજ સલાહકારમાં એવું નકકી કર્યું છે?

અધ્યક્ષશ્રી : હા, હા. રિસેસ પહેલા બિલ પૂરું કરી દેવાનું છે. આપણે નિર્ણય કરેલો છે.

શ્રી અમિત ચાવડા : તો અરધો કલાક સમય વધારો.

અધ્યક્ષશ્રી : નહીં થઇ શકે. આપણે કરેલો નિર્ણય છે. એની અંદર જ આપણે પૂરું કરવાનું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મને કેટલી મિનિટ આપો છો આપ હવે? એ મુજબ હું પૂરું કરું.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે તમે બે, અઢી મિનિટમાં પૂરું કરો. કેટલી મિનિટ થઈ?

શ્રી શૈલેષ મ. પરમાર : એક મિનિટ થઇ સાહેબ. બે મિનિટ તો સાહેબે લઇ લીધી.

અધ્યક્ષશ્રી : ૩૬એ તમે શરુ કર્યું. એટલે ૩૬થી કરીને અત્યારે ૧૨ મિનિટ થઈ. તમે બે ત્રણ મિનિટમાં પૂરું કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : બે ત્રણ મિનિટમાં થોડું બોલાય સાહેબ?

અધ્યક્ષશ્રી : તો પણ પૂરું નથી થતું. હું કહું છું કે બીજા બે સભ્ય તમારા બાકી રહી જ જાય છે. મિનિસ્ટરને ફાળવેલ સમય ઓછો કરું તો પણ.

શ્રી શૈલેષ મ. પરમાર : એક બે મિનિટમાં મારી વાત પૂરી કરી દઉં છું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. હવે જલદી પૂરું કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે તમામ મિત્રોએ વાત કરી છે, ત્યારે આપણી માતૃભાષામાં માનનીય અધ્યક્ષશ્રી, હું પેલી કમાવાળી વાત કરતો હતો. ડાયરાઓમાં ગુજરાતી સાહિત્ય સાંભળવા અને કલાકારોને સાંભળવા જતાં હતાં. એ ગુજરાતી સાહિત્ય હતું. એમાં હમણાં એક કમો આવ્યો છે માનનીય અધ્યક્ષશ્રી. એને હું ઇંગલીશ સાથે સરખાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણી માતૃભાષામાં કેટલી મીઠાશ છે કે ખારા નમકને પણ આપણે મીઠું કહીએ છીએ. એ આપણી માતૃભાષાની મીઠાશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં તો પૂરું થાય એમ નથી. લાંબી વાત કરતો નથી. હું સરકાર પાસે એટલી ચોકકસ અપેક્ષા રાખું છું કે જયારે આ બિલ આ હાઉસમાં સર્વાનુમતે પાસ થવા જઇ રહ્યું છે, ત્યારે આ બિલે કાયદાનું સ્વરૂપ લીધા પછી એ દિશાવિહીન ન થઇ જાય અને એની દશા ૨૦૧૮ના પરિપત્ર જેવી ન થઇ જાય એ અપેક્ષા સાથે આ બિલને અમે અમારી પાર્ટી તરફથી સંપૂર્ણપણે ટેકો આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય અનિરુદ્ધભાઇ, તમારી પાસે સમય જે છે એ મર્યાદિત છે. ઉભા થઇને વાત કરી શકો છો. તમને બધાને ધ્યાનમાં રહે એટલા માટે કહું છું કે બે ત્રણ મિનિટમાં પૂરું કરવું પડે. માનનીય સભ્યશ્રી અનિરૂદ્ધસિંહભાઇ, તમને બધાને ધ્યાનમાં રહે એટલા માટે કહું છું કે બે ત્રણ મિનિટમાં પૂરું કરવું પડશે.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી): ધન્યવાદ સાહેબ, સાહેબ ૧૫મી વિધાનસભામાં ચૂંટાયા પછી પ્રથમ વખત મને છેલ્લે છેલ્લે પણ અમૃત કોડિયા ટીપા સ્વરૂપે બે ત્રણ મિનિટ આપે આપી સાહેબ આપનો હું ખુબ ખુબ હૃદયપૂર્વક આભારી છું. સાહેબ વિષય ગુજરાતી ભાષાનું જે વિધેયક આવ્યું છે એના સમર્થનની અંદર ઉપસ્થિત થતા મારી વાત થોડા સમયમાં જ પૂરી કરીશ. આપણા સંસ્કૃત ની અંદર આપણા સુભાષિતની અંદરથી વાત શરૂ કરું છું. "**मातृभाषां परित्यज्य येऽन्यभाषामुपासते। तत्र यान्ति हि ते यत्र सूर्यो न भासते॥**" સાહેબ, જે માતૃભાષાનો ત્યાગ કરીને અન્ય ભાષાની ઉપાસના કરવા માટે જાય છે ત્યારે એ જ એવા અંધકારમય ગર્તામાં પડે છે કે જેને તે જગ્યા ઉપર અજ્ઞાન રૂપી અંધકાર ભાષતો હોય છે. સાહેબ ગુજરાતી ભાષાની અંદર બાળ માનસ ઉપર આ વાત થતી હોય છે, અહીંથી આ વાત થઈ ગઈ છે પરંતુ એની પુનરોક્તિ ન કરતા, જે બાળ માણસ ઉપર અસર પડે છે, માં માતૃભાષા અને માતૃભૂમિ, એના સંદર્ભ ની અંદર માના ધાવણ સાથે જ્યારે વાત બાળકના પેટમાં જતી હોય ત્યારે એ વ્હાલ ફરતો વાતમાં વાત એવી હોય છે કે ગુજરાતી ભાષા, એક ભાષા શીખવાડતા શીખવાડતા એના જ્ઞાનની વૃદ્ધિ પણ થાય અને એનું શરીર સ્વાસ્થ્ય પણ સારું રહે એ માટેની વાત પણ શીખવાડતી હોય છે. જ્યારે એની સામે વિરુદ્ધમાં અહીંયા જે કેમ્બ્રિજ અને હાવર્ડ યુનિવર્સિટીનું જેના પ્રત્યે જેને ખૂબ માન છે એની સામે તક્ષશિલા અને નાલંદાનું ગૌરવ અને સંસ્કાર સાથે અમે આ વાત કરવા માટે હું આપની સમક્ષ આવ્યો છું. અહીં વાત એવી થતી હોય કે રેઇન રેઇન ગો અવે, કમ અગેઇન અનધર ડે, લીટલ જોની વોન્ટ્સ ટુ પ્લે, રેઇન રેઇન ગો ટુ સ્પેઇન, ડોન્ટ સો યોર ફેઇસ અગેઇન, આવી વાત કરી અને રમતમાં વાત બાળ માનસમાં આવે ત્યારે આપણા બાળકને વરસાદના સમયે ચયાપચયની પ્રક્રિયામાં પણ કારેલા ખાવા જોઈએ એવી વાત આવે ત્યારે કે આવ રે વરસાદ ઘેબરીયો પરસાદ, ઉની ઉની રોટલી ને કારેલાનું શાક, સાહેબ આ મારી મા, મારી સંસ્કૃતિ, મારી ભાષા એ મને શીખવે છે એ આ તબક્કે મારે યાદ કરવું ઘટે. સ્કોપના વિચારનો કેટલાક લોકોએ વિરોધ કર્યો પણ સ્કોપની વાત કરું તો સિક્કાની બે બાજુ હોય છે. વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે એવા લોકોને તક આપી છે કે જે તકમાં કદાચ કોઈ એકાદ અપવાદરૂપ વ્યક્તિઓએ એવું કર્યું હશે, પરંતુ એ વિદ્યાર્થીને એ સ્કોપના માધ્યમથી આજે સ્પેનમાં કે કેનેડાની અંદર ફિઝિયોથેરાપીની અંદર એડમિશન પણ મળ્યા છે અને એના ઘરનું જીવન ધોરણ પણ ઊંચું આવ્યું છે, આ સ્કોપનો ફાયદો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા મળેલો છે. માતૃભાષામાં શિક્ષણ શા માટે આપવું પડે? કારણ કે કોઈ પણ બાળકને, કોઈ પણ પ્રજાને ગુલામ બનાવવી હોય ત્યારે એની માતૃભાષા છીનવી લઈએ તો એ માતૃભાષા છીનવી લેવામાં આવે તો એ ચોક્કસપણે ગુલામ બની જતી હોય છે. આ તબક્કે અંગ્રેજોના શાસનની એક વાત યાદ અપાવવા માગું છું કે અંગ્રેજો તે વખતે ચા લઈને આવ્યા હતા, ગુજરાતમાં ચા પીવાતી નહોતી. ત્યારે ગુજરાતની અંદર ચા પીવાય અને ચા નું ચલણ વધે એટલે ગુજરાતીમાં એક થી પાંચમા ધોરણમાં પાઠ શરૂ થયો બા-ચા-પા, આ પાઠ ગુજરાતીમાં ચાલતો હતો સાહેબ, અને બા-ચા-પા એટલા માટે આપ્યું હતું કે બા જે કંઈ પણ વસ્તુ આપે એ સારી અને હિતાવહ જ હોય. એટલા માટે થઈને આવું જે બાળ માનસ બદલે છે એ બાળ માણસ ન બદલે એટલા માટે પણ જે અત્યારે વિધયક આવ્યું છે એ અતિ આવશ્યક છે અને કાયદાની દ્રષ્ટિથી એ ઉપયોગી થશે. **जननी जन्मभूमिश्च, स्वर्गाधपी गरियसी।** સાથે સાથે મારે જોડવું છે કે **मातृभाषा सहस्रादी, शास्त्रादपी गरियसी॥** એવી આ થઈ શકે એવી આ વાત છે. હું તો આમાં એક વાતનું સૂચન કરું છું કે ગણિત ગુજરાતી ભાષામાં પણ શીખવાડવું જોઈએ આજે ઘણા બધા છોકરાઓને લખવા વાંચવામાં તકલીફ પડતી હોય છે. આપણે એને કહીએ છીએ કે ઓગણોસીત્તેર, એટલે તરત જ મનમાં જરાક વાર બે સેકન્ડ માટે બ્રેક લાગે છે કે ઓગણોસીત્તેર કેમ લખાય. ઓગણાએંશી, નેવ્યાસી, આ શબ્દો લખવામાં સહેજ બ્રેક લાગતી હોય છે કડકડાત લખવા જઈએ ત્યારે. ત્યારે અંગ્રેજીની સાથે સાથે ગુજરાતીમાં ગણિત પણ શીખવાડવામાં આવે તો એ ચોક્કસપણે સાહેબ ઉપયોગી થતું હોય છે ગુજરાતી ભાષાના વ્યંજન, આપણા થેપલા, ઢેબરા, ઢોકળા, હાંડવા, આ તો સાહેબ પ્રખ્યાત છે જ, પણ તેની સાથે સાથે ગુજરાતી ભાષાના કેટલાક તળપદા શબ્દો છે કે જે માણસો ભૂલી જઈ રહ્યા છે ગાય ભેંસ એ બોલે તો એને ભાભરતી હોય એમ કહેવું જોઈએ, ઊંટ ગાંગરતો હોય એવું કહેવું જોઈએ, એ કૂતરું ભસતું હોય એવું કહેવું જોઈએ, અને ઘોડો હણહણતો હોય એમ કહેવું જોઈએ. આ દરેકના શબ્દો છે એ પણ વિલુપ્ત થઈ રહ્યા છે. એ પણ આવશ્યકતાની વાત છે. છંદ, સમાસ આ તમામ બાબતોને ગુજરાતની અંદર લાવવા જોઈએ. હું વધારે વાત નથી કરતો પરંતુ મદન મોહન માલવયાજી આદરણીય મહાત્મા ગાંધીજીને બનાસર વિશ્વવિદ્યાલયમાં લઇ ગયા ત્યારે અંગ્રેજીમાં ભાષણો થતા હતા જયારે ગાંધીજીએ જવાબ હિન્દીમાં આપ્યો અને કહ્યું કે અંગ્રેજીમાં ન થવા જોઇએ. એ વાત આપણે સૌ કોઇએ સમજવી જોઇએ. જેનો ભાવર્થ અને શબ્દાર્થ જીવનમાં આવે છે કારણ કે ગુજરાતી ભાષાની શકિતની કવિતા આપણને શીખડાવવામાં આવે છે. આપણા આદરણીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીની કવિતા કહીને મારી વાત પૂરી કરું છું.

''આભમાં અવસર અને આંખમાં અંબર, સુરજનો તાપ સમે આભમાં.
ચાંદની રેલાય એ જ આભમાં સમ વિસમ સમે આભમાં.''
ભેદ વિભેદ સંગ વિવેક વિશેષ અસાધ્ય ગુઢાર્થ છે.

જે ભાવર્થ છે એ દરેકના જીવનામાં પણ શીખવા મળે છે. મને તક આપી એ બદલ આભાર.

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના યશસ્વી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શિક્ષણ મંત્રીશ્રી જયારે ગુજરાત રાજયની માતૃભાષા વિધેયક લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માતૃભાષા પહેલા શબ્દ આવે છે મા. મા નો વૈભવ અને ભાષાનો વૈભવ આ બંને સાથે મળે તો અમારા મજાદરના કવિ કાગબાપુની કવિતા યાદ આવે છે. મા કહેતા મને સાચન નાનપણ સાંભળે, પછી મોટપની મજા કડવી લાગે કાગડા. આ ભાષામાં જે તાકાત છે અને જે આપણી સંસ્કૃતિ ખાસ કરીને ગુજરાતની જે કંઇ સંસ્કૃતિ ગુજરાતના ગામડાંની સંસ્કૃતિ આપણા લોક સાહિત્યકારો, આપણા લેખકો કવિઓ નરસિંહ મહેતાથી લઇને કવિ દલપતરામ થી લઇને નર્મદજીથી લઇને ઝવેરચંદ મેઘાણીની વાત થઇ. ગામડે ગામડે આપણો ઉજળો ઇતિહાસ છે. અને આપણા ગામડાંની અંદર પાળીયા હોય એનો પણ ઇતિહાસ હોય છે અને ત્યાંના કવિઓ અને લેખકો એ પાળીયાના ઇતિહાસને આવનારી પેઢીને આજે લોક સાહિત્યના માધ્યમથી એ લોકો ભાષાને આપણી સંસ્કૃતિને જીવંત રાખવા માટે એ પ્રયત્ન કરતાં હોય છે. આ બિલ જયારે આવ્યું છે ત્યારે આજે ગુજરાત માટે ગુજરાતી ભાષા માટે ગુજરાતના નાગરિકો માટે આજે ઐતિહાસિક અને ગૌરવશાળી દિવસ છે. તમામ સભ્યશ્રીઓએ ખૂબ ચિંતા કરી. વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પણ પોતે વિરોધ પક્ષમાં હોવા છતાં સૂચનો સાથે અને સરકારશ્રીએ પણ મન મોટું રાખીને જે પોઝિટિવ સૂચનો હોય છે એના સુધારાની તક આપી છે એ માટે સરકારશ્રીને અભિનંદન આપું છું. ખાસ કરીને શિક્ષણ છે જેમ કહેવામાં આવ્યું કે દુનિયામાં પોત પોતાની માતૃભાષામાં કામ કરતા હોય છે વાણી વર્તન વ્યવહાર કરતા હોય છે પરંતુ કોઇને કયારેય વિકાસમાં અડચણરૂપ નથી થઇ અને ખાસ કરીને માતૃભાષા તો એવી છે કે મા હાલરડું ગાય તો એ પણ ગુજરાતીમાં હોય, લગ્નના ગીતો હોય એ પણ ગુજરાતીમાં હોય અને આપણી સંસ્કૃતિ એવી છે કે મરસીયા પણ ગવાય છે એ પણ ગુજરાતીમાં ગવાતા હોય છે. જન્મથી લઇને મૃત્યુ સુધી આ ભાષા સાથે આપણો ભાવ છે આપણે એની સાથે જોડાયેલા છીએ. જેમ આપણી મા એ અંગે માનનીય બહેનશ્રીએ વાત કરી કે જે સમાજમાં મા, માતૃભૂમિ અને માતૃભાષાનું યોગ્ય જતન નથી થતું તે અધોગતિ પામે છે. એટલે આપણે આજે બધા સભ્યશ્રીઓએ તંદુરસ્ત ચર્ચા કરીને આપણી ગુજરાતી ભાષા પ્રત્યે જે આપણે આપણો જે કંઇ ભાવ વ્યકત કર્યો એ બધાને તમામને અભિનંદન આપું છું અને ખાસ કરીને શિક્ષણમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જે બિલ લઇને આવ્યા છે અને આગામી વર્ષોમાં ગુજરાતી ભાષા આપણી જળવાય રહે એનું જતન થાય એની ચિંતા કરી છે એ બદલ બધાને ખૂબ ખૂબ ધન્યવાદ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાહિત્યના જીવ છે, પછી ડાયરો લાંબો થશે. આપણા માટે જમવાનો સમય એક કલાકનો જ આપેલો છે. એ પછી પ્રશ્નોત્તરી સમયસર શરૂ કરવાની છે.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી માતૃભાષા ફરજિયાત કરવા બાબતનું વિધેયક લઇને માનનીય શિક્ષણમંત્રીશ્રી આવ્યા છે તેને અમારા પક્ષ તરફથી, મારા તરફથી અને ગુજરાતની પ્રજા તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સમર્થન કરું છું.

આમ તો કોઇ પણ રાજ્યની માતૃભાષા એ રાજ્યની સંસ્કૃતિ સાથે, રાજ્યના આર્થિક વ્યવહારો સાથે, રાજ્યમાં ધર્મ-આધ્યાત્મિકતા સાથે, રાજ્યના પર્યાવરણ સાથે, રાજ્યની મિટ્ટી-ધરતી સાથે, રાજ્યના પશુ, પંખી બધા સાથે સંકળાયેલી હોય છે. જેમ માતૃભાષાનો ઉલેખ વધારે થાય એમ વિકાસને વધારે વેગ મળતો હોય છે. આ બધા જ પાસાઓને આવરી લઇને આ બિલ લઇને આવ્યા છે એટલે સમર્થન આપું છું. કવિએ બહુ સારું કહ્યું છે. આમ તો આ વખતે ભારતીય જનતા પક્ષની સરકારમાં અંદરનો આત્મા જાગ્યો હોય એવું લાગે છે. બિલ સારા લઇને આવે છે. પેપર ફોડનારા ગુનેગારોને સજા કરવાનું બિલ પણ સારું હતું. આ પણ સારું છે. પેલું સારું નહીં કહું તો શ્રી ઋષિભાઇને ખરાબ લાગશે એટલે એ પણ સારું હતું. બિલો સારા છે એટલે આપણને બધાને એક સારી અનુભૂતિ થશે. કવિએ સારું કહ્યું છે કે છે અરમાનો જિંદગીના ઘણાંય બાકી, આમ તો હજુ ઘણાંના અરમાનો બાકી પણ હોય. પ્રધાનમંડળનું વિસ્તરણ થાય, બીજું, ત્રીજું હોય.

''છે અરમાનો જિંદગીના ઘણાંય બાકી, પણ બે-ચાર સારા કામ થાય તો ય ઘણું છે.
લવલેશ ડર હવે મોતનો નથી સતાવતો, પણ મૃત્યુ પછી મારી ક્યાંક ખોટ વર્તાય તો ય ઘણું છે.''

આપણને આ જે બે-ત્રણ બિલ પસાર કર્યા તેનો આનંદ થાય. આપણને એમ લાગે કે પ્રજા માટે કંઇક કર્યું. એટલે ખરેખર તમારો આત્મા જાગ્યો છે અને તમે જે બિલ લઇને આવ્યા છો તે બદલ તમને અભિનંદન પણ આપું છું અને સમર્થન પણ કરું છું. ગુજરાતની ભાષા, ગુજરાતની અસ્મિતા, ગુજરાતના લોકો, ' ગુજરાત' શબ્દ બોલવાથી જ આનંદવિભોર થઇ જઇએ. ગૌરવ અનુભવીએ એવું આ ગુજરાત છે. એટલા માટે કૃષ્ણ ભગવાને ગુજરાતમાં દ્વારિકામાં આવીને પોતાની રાજધાની બનાવી. મહાભારતનું યુદ્ધ ખેલ્યા. ગોકુળ-મથુરામાં બાળપણ વિતાવ્યું. પછી એમ લાગ્યું કે મારે સમાજને અને દેશને કંઇક આપવું છે. રાષ્ટ્રને કંઇક આપવું છે તો તેના માટે દ્વારિકામાં આવીને વસ્યા છે. મીરાંબાઇ જ્યારે ભક્તિવિભોર થઇ અને રાજમહેલોથી કંટાળી ત્યારે તેને લાગ્યું કે હું ગુજરાતમાં દ્વારિકામાં જાઉં. ત્યાં જઇને ધર્મની વાત કરું અને કવિયત્રી તરીકે અનેક પ્રાર્થનાઓ લખી. આ એ ગુજરાત છે કે ઉત્તર પ્રદેશમાં જન્મેલા, પરંતુ ધર્મનો પ્રચાર કરવો છે, લોકોને સમજાવવા છે, લોકોમાં જાગૃતિ લાવવી છે અને ગુજરાત દ્વારા આખા દેશ અને વિશ્વમાં ક્રાંતિ કરવી છે. તો સહજાનંદ સ્વામિ ગુજરાતમાં આવ્યા અને સ્વામિનારાયણ ધર્મ/સંપ્રદાયની સ્થાપના કરી ગુજરાતની આબરૂ વધારી છે. પ્રતિષ્ઠા વધારી છે. એ ગુજરાતે આપણને

મહાત્મા ગાંધી આપ્યા. એ ગુજરાતે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ આપ્યા. માતૃભાષાની એક તાકાત હોય છે એ બ્લડમાં ફરતી હોય છે. આપણે જ્યારે ગુજરાતી ભાષા ફરજિયાત કરીએ છીએ ત્યારે મને ખૂબ આનંદ થયો છે. ભગવાન દ્વારિકામાં એટલા માટે આવ્યા છે, એક દોહામાં કવિએ કહ્યું છે કે ‘ કાઠિયાવાડમાં કો’કદી ભૂલો પડ ભગવાન. તું થા મારો મહેમાન, તને સ્વર્ગ ભૂલાવી દઉં શામળા.’ આમ તો તમે વિધાનસભા ભૂલાવી દો એવા છો. આવી ભાષામાં ભગવાન સાથે સીધી વાત. માતૃભાષાની પકડ હોય છે. ચાર વસ્તુ આપણે બહુ યાદ રાખવી. કહેવામાં નેતા તરીકે આવીએ છીએ ત્યારે તેનો અમલ પણ કરવો જોઇએ. મને લાગે છે કે ગુજરાતી માધ્યમની વાતો કરવાવાળા જે લોકો પહેલાં ગુજરાતમાં હતા, રામલાલ પરીખ અને બધા મુહિમ ચલાવતા હતા. એ બધાના દીકરાઓ ઇંગ્લિશ મીડિયમમાં ભણતા હતા. કોઇપણ નામ દેજો, બધાના દીકરાઓ અંગ્રેજી મિડિયમમાં ભણતા હતા. જેમણે સ્વદેશી ચળવળ ચલાવી એ બધાના ઘરમાં ચાઇનાનું ફર્નિચર છે. એટલે આજે જયારે માતૃભાષા ફરજિયાતની આપણે વાત કરીએ છીએ ત્યારે આપણે પણ એનો અમલ કરીએ, આપણા કુટુંબમાં, સમાજમાં, આજુબાજુમાં આપણી દીકરા-દીકરીઓને ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજાય, ઇંગ્લિશ મિડિયમને જે સ્ટેટસ સિમ્બોલ બનાવ્યું છે, મારો દીકરો ઇંગ્લિશ મિડિયમમાં છે, એ સ્ટેટસ સિમ્બોલમાંથી બહાર નીકળીએ અને કહીએ કે મારો દીકરો ગુજરાતી માધ્યમથી ડોકટર થયો, મારી દીકરી ગુજરાતી માધ્યમમાં ભણી અને આજે પરદેશમાં ભણી રહી છે એવું સ્ટેટસ બનાવીએ તો આનંદ થશે. ઘણી બધી વાતો કરવી છે, ઘણી બધી વાતો આ વિષય ઉપર થાય એમ છે પરંતુ એક દંડક તરીકેની મારી જવાબદારી છે અને જે નક્કી થયું છે એટલે વિશેષ વાતો કરતો નથી, આપને ટેકો આપું છું. સમર્થન કરું છું અને કોઇ બિલમાં વધારે બોલવાનું થશે એ વખતે કંઇક બોલીશું. આજે તમને બધાને સમર્થન છે. શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણ મંત્રીશ્રી ગુજરાત ભાષામાં શિક્ષણ અને અભ્યાસ બાબતનું વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે ત્યારે ગૃહની અંદર મારા વરિષ્ઠ અને મુરબ્બી સભ્યશ્રીએ બહુ લંબાણપૂર્વક અને વિસ્તારપૂર્વક ચર્ચાઓ કરી છે. હું ગુજરાતી છું, ગુજરાતી હોવાના નાતે ગૌરવ અનુભવું છું પણ સાથેસાથે મારી માતૃભાષા વિશે મને કહેવાનું મન થાય છે કે,

'' મને એજ સમજાતું નથી કે શાને આવું થાય છે,
મારી માતૃભાષાને વધારાની ભાષા તરીકે નવાજાય છે.''

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ભાષાએ માત્ર કોઇ મનુષ્યની લાગણી, પ્રેમ પૂરતીજ જોડાયેલી નથી. ગુજરાતી ભાષા પશુ-પંખી અને પ્રાણીઓ સાથેની લાગણી સાથે જોડાયેલી ભાષા છે. માલધારીની કોઇ ગાય હોય, ભેંસ હોય, બકરી હોય, ઉંટ હોય કે ઘોડા હોય કે કયાંક આપણું દેશી કુતરાનું ગલુડિયું હોય એને પણ ગુજરાતી ભાષાના શબ્દોથી નામ આપીને માનવાચક તરીકે બોલાવવામાં આવે છે ત્યારે આ ભાષાનું બિલ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે સમર્થન આપું છું. મારા એક-બે મુદ્દાઓ માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકું છું. અન્ય રાજયના માણસો અહીંયા વસવાટ કરે છે ત્યારે હું આપને ફરી કહું કે હું કોઇ રાજયની ભાષા, દેશની ભાષાની ટીકા ટિપ્પણી કરવા માગતો નથી, એની આલોચના પણ કરતો નથી પણ અન્ય રાજયના નાગરિકો ગુજરાતની અંદર વસવાટ કરતા હોય ત્યારે એમના માતા-પિતાની લેખિત સંમતિથી જોગવાઇમાંથી મુકિત આપવાનું જણાવેલ છે ત્યારે મારે કહેવું પડે કે ગુજરાતની અંદર રહેતા અન્ય નાગરિકોએ પણ આ ગુજરાતને પોતાની કર્મભૂમિ અને જન્મભૂમિ બનાવી દીધી છે ત્યારે આ ગૌરવવંતી, ખમીરવંતી ગુજરાતની ભાષાને તેઓ પણ સારી રીતે સમજી શકે, સારી રીતે જાણી શકે, સારી રીતે ભણી શકે, સારી રીતે એની ગરીમાને જાળવી શકે એ બાબતથી પણ મારું એક સૂચન છે. શાળાઓને ત્રણ પ્રકારના દંડની જોગવાઇનું અવલોકન કરવામાં આવ્યું છે અને એ સિવાય આ વિધેયકનું ઉલ્લંઘન કરે તો એક વર્ષ પછી એની માન્યતા રદ કરવાનું અવલોકન કરવામાં આવ્યું છે. આવું કરવાથી આર્થિક બોજ વહન કરી ઠરાવનું એક વર્ષ સુધી ઉલ્લંઘન કરતાં રહેવું એ સ્વીકાર્ય બાબત ન હોવી જોઇએ. જો મોટી સંખ્યામાં શાળાઓ આર્થિક બોજ સંભાળી જો બે વર્ષ સુધી માતૃભાષાનું પ્રસારણ પોતાની શાળામાં ન કરે તો આટલી મોટી સંખ્યામાં શાળાઓમાં માતૃભાષાનું પ્રસારણ એક વર્ષ મોડું થાય. જે ખૂબ જ ગંભીર બાબત ગણી શકાય. શાળાઓમાં અમલ ન થાય તો ૩ વખત ઉલ્લંઘન બાદ માન્યતા રદ થવાની કાર્યવાહી અમલમાં હોવી જોઇએ. જેથી દરેક શાળા આ બાબતને ગંભીરતાથી લે અને માતૃભાષાનું સચોટ શિક્ષણ દરેક બાળક સુધી સમયસર પહોંચી શકે. આ ત્રણ પ્રકારના દંડની જોગવાઇઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે મને દલા તરવાડી......

<u>અધ્યક્ષશ્રી :</u> આપ બેસો. આપનો સમય પૂરો થયો. દલા તરવાડીની વાર્તા તો લાંબી ચાલે. એટલા માટે (અંતરાય)

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ પ્રકારના દંડની જોગવાઇઓ છે એની અંદરથી એક વર્ષ પછી એની માન્યતા રદ થાય તો એ બાબતથી ગુજરાતી ભાષા ભણતા બાળકો એક વર્ષ આનાથી વંચિત રહે છે એ જ કહેવા માગતો હતો.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, વિધેયક ઉપરની ચર્ચા બાદ માનનીય મંત્રીશ્રીનો જવાબ અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

ડો. સી.જે. ચાવડા : સંમત છીએ.

<u>અધ્યક્ષશ્રી :</u> મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને બિલ પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩ને મારી આમ આદમી પાર્ટીનું સમર્થન છે અને સાથોસાથ થોડા સૂચનો કરવા ઉભો થયો છું.

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું એક ગુજરાતી છું અને ગુજરાતી હોવાનું મને ગૌરવ છે. હું જે ભૂમિમાંથી આવું છું એ કવિ શ્રી બોટાદકરની જન્મભૂમિ છે. શ્રી મેઘાણીની કર્મભૂમિ છે એ ભૂમિમાંથી હું આવું છું. આઝાદીના ઇતિહાસમાં આ બન્ને કવિઓનો ખૂબ મોટો ફાળો રહ્યો છે ત્યારે આ બિલને હું મારી પાર્ટી વતી અને મારા વતી પુરેપૂરું સમર્થન આપું છું. આ બિલમાં મારું સૂચન એ છે કે આ બિલ ગુજરાતની તમામ સ્કૂલોને ફરજિયાત લાગુ કરવું જોઇએ. ધોરણ-૧ થી ૧૦ હોવું જોઇએ, તમામ પ્રકારના બોર્ડ હોય, ગુજરાત બોર્ડ સિવાયના સી.બી.એસ.ઇ. વગેરે બોર્ડને પણ આવરી લેવામાં આવે. ભારત દેશ અને સમગ્ર વિશ્વમાં સૌથી પ્રાચીન ભાષા જો કોઇ હોય તો એ સંસ્કૃત ભાષા છે, ત્યાર બાદ હિન્દી છે. ગુજરાતી ભાષાની સાથે સાથે આ બન્ને ભાષાને પણ ફરજિયાત ધોરણ-૧૦ સુધી આવરી લેવામાં આવે એવું સૂચન છે. સાથોસાથ આ બિલ કડકાઇથી લાગુ કરવામાં આવે. જે સ્કૂલ આ કાયદાનું ઉલ્લંઘન કરે તેના ઉપર ફોજદારી આઇ.પી.સી. કલમનો પણ ઉપયોગ કરવામાં આવે અને સ્કૂલના સંચાલકને ૧૦ વર્ષની સજાની જોગવાઇ કરવા મારું સૂચન છે. સ્કૂલની એન.ઓ.સી. ૩ મહિનામાં રદ કરવામાં આવે એવું સૂચન છે. બિલમાં દંડની જોગવાઇ કરવામાં આવી છે એ ખૂબ ઓછી છે. પ્રાઇવેટ સ્કૂલ મોટી ફી લેતી હોય તો દંડની જોગવાઇ પણ ૧૦ લાખ કરતા વધારે કરવામાં આવે તો કાયદાની અસરકારકતા વધુ રહેશે. ગુજરાતમાં છેલ્લા ૧૮ વર્ષની અંદર ૨૬૭૨ સ્કૂલો બંધ થઇ ગઇ છે. *(xxx) આ બિલની અસરકારકતા ત્યારે જ જળવાશે કે જે આ બંધ થઇ ગયેલી સરકારી સ્કૂલો અને ગ્રાન્ટેડ સ્કૂલો ફરીથી ચાલુ કરવામાં આવે તો આ બિલની અસરકારકતા મારા ખ્યાલ મુજબ વધુ થશે અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : પુરાવા વગરની માહિતી હોય તો રેકર્ડ ઉપરથી દૂર કરીએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : દરેક સરકારી સ્કૂલમાં દરેક ભાષાના શિક્ષકોની મહેકમ પ્રમાણે તાત્કાલિક નિમણૂક કરવામાં આવે પછી આ બિલની અસરકારકતા વધુ જોવામાં આવશે અને આ બિલ લાગુ કરતા પહેલા દરેક સ્કૂલમાં દરેક ભાષાના શિક્ષકો ફરજિયાત નિમણૂક કરવામાં આવે તેવું એક મારું સુચન છે અને ગુજરાતની દરેક સ્કૂલના ગેઇટ ઉપર સ્કૂલનું નામ ગુજરાતીમાં જ હોવું જોઇએ આ મારું ખાસ સુચન છે અને બીજું માનનીય અધ્યક્ષાશ્રી, જ્યારે ભાજપના મારા સાથી મિત્રો, કોંગ્રેસના સાથી મિત્રોને વધુ સમય મળે છે તો આમઆદમી પાર્ટીને ભલે ફક્ત પાંચજ સભ્ય છીએ તો અમને પાંચેક મિનિટનો સમય વધુ મળે એવી એક આપને વિનંતી કરીએ છીએ. કારણ કે અમારા પણ કયારેક સૂચનો ગુજરાતની જનતા માટે ખૂબ હિતાવહ હોય છે, આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, તમે ખાલી બે મિનિટમાં પૂરું કરો.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : આપનો આભાર સાહેબ પણ હું (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં આમઆદમી પાર્ટીને પણ પૂરતો જ્યારે સમય તમે માગ્યો ત્યારે આપ્યો જ છે. આજે છેલ્લે જ્યારે ખેંચાણું એટલે ઓછો સમય થયો. કોઇ પાર્ટી કરતાંય આ વિધાનસભાના સભ્યો બધી પાર્ટીના છે એમ સમજીને જ બધાને સમય આપવાનો હોય છે. પરંતુ શરૂઆતમાં બધા થોડો વધારે સમય ખેંચી લે છે એટલે જે ટાઇમ હોય છે એ ટાઇમ નક્કી કરેલો હોય છે તેના કારણે તમને સમય ઓછો થયો છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર અને સમયનો અભાવ છે એટલે હું મારી વાત શિક્ષણ વિભાગની માગણીમાં સમય મળશે ત્યારે રજૂ કરીશ. આપનો આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, (અંતરાય) શ્રી જીતુભાઇ, તમે શું કામ હાથ ઊંચો કર્યો? તમારો કાંઇ મુદ્દો છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : એક જ મિનિટ સાહેબ, બરાબરનો સમા બંધાણો છે અને પહેલીવાર એવું લાગે છે કે બધાને સમય ઓછો પડે છે આ ગુજરાતી ભાષાની, આપણી ગુજરાતી માતૃભાષાની તાકાત બતાવે છે. બધાને એવું લાગે છે કે મારે બોલવું છે. અહીંયા બરોબર સમા બંધાણો છે ત્યારે માત્ર ૩૦ સેકંડ આપની લઇશ. શેર-શાયરીનો માહોલ આપણી ગુજરાતી ભાષામાં બરાબર જામ્યો છે.

**અમારું ભાગ્ય છે ને, ભાગ્યને જાતે ઘડી દઇશું.**
**વિધિ જો નાચશે (અંતરાય) તો બાખડી લઇશું,**
**ખમીર છે અને ખુમારી છે અમારા પ્રાણમાં**
**લથડશું તો ઊભા થાશું અને પછી લડી લઇશું.**
**અમને નાખો જિંદગીની આગમાં**
**આગને પણ ફેરવીશું બાગમાં**
**સર કરીશું આખરે સૌ મોર્ચા**
**મોતને પણ આવવા દો લાગમાં''**

માનનીય અધ્યક્ષશ્રી, આવી આપણી પ્રેરણા, જુસ્સો અને ઝનૂન દેતી આપણી આ માતૃભાષા છે એને આપણે સૌએ વધાવી છે, અભિનંદન.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, છે કોઇ શાયરી? કોઇ ના હોય તો શરૂ કરીએ. ચાલુ કરો.

ડો. કુબેરભાઇ ડીંડોર ( શિક્ષણ મંત્રીશ્રી ) : હું શરૂ કરુ છું સાહેબ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક,૨૦૨૩

**હર દિલો કી એક જબાન હોતી હૈ**
**હર દાસ્તા તેરી બયાન હોતી હૈ**
**ઉંમર ભલે ઢલ જાય ઈન્સાન કી**
**મગર તમન્ના હર વક્ત જવાન રહેતી હૈ.**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી માતૃભાષા ફરજિયાત આપણું વિધેયક છે એમાં તમામ ગૃહના મારા સાથી મિત્રોએ ખરેખર ચિંતન, મનન કરીને જે સૂચનો કર્યા છે એને આવકારીએ છીએ. સન્માનનીય ડો. તુષારભાઇ ચૌધરી સાહેબ, સન્માનનીય અમિતભાઇ ચાવડા સાહેબ, સન્માનનીય અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબ, ડો. કિરિટભાઇ પટેલ સાહેબ, સાથે ઉપસ્થિત આપણા માવજીભાઇ દેસાઇ, સન્માનનીય શૈલેષભાઇ પરમાર સાહેબ, ડો. સી.જે. ચાવડા સાહેબ, સન્માનનીય અમૃતજી ઠાકોર સાહેબ અને સાથે શાસક પક્ષના અમારા સન્માનનીય વડિલ અને અમારા માર્ગદર્શક જીતુભાઇ વાઘાણી સાહેબ, હાર્દિકભાઇ પટેલ, અમારા સન્માનનીય નિમિષાબેન સુથાર મેડમ, ત્રિકમભાઇ છાગા, અમારા વડીલ ડો. હર્ષદભાઇ પટેલ સાહેબ, શ્રી કનૈયાલાલ કિશોરી, ડો. જયરામભાઇ ગામિત, શ્રી અનિરુદ્ધભાઇ દવે અને શ્રી કુબેર કાનગડ આ બધા જ મિત્રોએ જે સજેશનો કર્યા છે, તેઓના સૂચનો અંગે આપણું રાજ્ય સરકાર પૂર્ણ વિચાર વિમર્શ કરીને નિર્ણય કરશે. સાથે આપણા સન્માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ વાત કરી હતી કે શા માટે કાયદો લાવવો પડયો. નરેન્દ્રભાઇના સમયમાં જ માતૃભાષા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. વાંચે ગુજરાતની ૨૦૦૯માં શરૂઆત કરી હતી. તેના નેજા હેઠળ વાંચે ગુજરાત અભિયાન આખા ગુજરાતમાં આપણે ચલાવ્યું. રાજયમાં વાંચે ગુજરાત અભિયાનની સાથેસાથે આપણે મુખ્યત્વે અંગ્રેજી ભાષાના મહત્ત્વને પણ આપણે યથાવત સ્વીકારીને અંગ્રેજી ભાષાના સ્કોપના વર્ગોની શરૂઆત પણ કરી છે. માતૃભાષાને પણ સમાન મહત્ત્વ આપવામાં આવ્યું છે. સાથેસાથે નામદાર હાઇકોર્ટમાં થયેલ પિટિશનનો ચૂકાદો તા. ૨૨-૨-૨૦૨૩ના રોજ આવ્યો. એ પહેલા રાજય સરકાર ગુજરાતી વિષય ફરજિયાત બનાવવા માટે કાયદો લાવવાની વિચારણા કરી રહી હતી એવી જાહેરાત કરવામાં આવી હતી. હાઇકોર્ટના ચુકાદામાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવા સરકાર કાયદો લાવે તેવો કોઇ હુકમ કરેલ નથી. પરંતુ કોઇપણ માધ્યમમાં અભ્યાસ કરતા બાળકો પોતાની માતૃભાષા અને સંસ્કારો સાથે જોડાયેલા રહે તે હેતુથી કાયદો લાવવામાં આવ્યો છે. ગુજરાતી પ્રથમ ભાષાનું પરિણામ ૮૨ ટકા હતું એ તમામ વિદ્યાર્થી ગુજરાતી માધ્યમના જ વિદ્યાર્થી હતા. આપે જે વાત કરીએ. અધિવાસી એટલે કે વિદ્યાર્થી ગુજરાત બહારનો નિવાસી હોય ડોમીસાઇલ હોય અને અમુક સમય માટે ગુજરાતમાં અભ્યાસ કરવા આવે એવા વિદ્યાર્થીઓને મુક્તિ આપવાની જોગવાઇ કરવામાં આવી છે. કોઇ એરફોર્સમાં વચ્ચેથી આવે, કોઇ રેલ્વેમાં વચ્ચેથી આવે બહારના તો એમના માટે આ જોગવાઇ કરી છે. તેઓના સૂચનો અંગે આપણી રાજય સરકાર પૂર્ણ વિચાર કરીને આગળનો નિર્ણય કરીશું. સાથેસાથે ધોરણ-૯ અને ૧૦ની આપે જે વાત કરી હતી ગુજરાતી સિવાયના માધ્યમ માટે આજે આપણે ગુજરાતી બીજી ભાષા તરીકે ભણાવી રહ્યા છીએ. હજી એનો અભ્યાસ ચાલુ છે. ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ માટે ગુજરાતી માધ્યમની શાળાઓમાં ગુજરાતી બીજી ભાષા તરીકે ભણાવાય જ છે. ધોરણ-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ આજે ગુજરાતી ભાષા ફરજિયાત છે જ. સાથે આપણે કલમની પણ વાત કરી. કલમ-૩માં ભાષાને બદલે વિષય. સમગ્ર દેશમાં ત્રિભાષા ફોર્મ્યુલા અમલમાં છે. જેથી ભાષા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કલમ-૬ અધિવાસી જે વિદ્યાર્થી ગુજરાત બહારનો મૂળ નિવાસી હોય ડોમીસાઇલ એવા વિદ્યાર્થીઓ અમુક સમય માટે ગુજરાતમાં અભ્યાસ કરવા માટે આવે તેવા વિદ્યાર્થીઓને મુક્તિ આપવાની જોગવાઇ છે. કલમ-૬(૨) ની વાત છે. ડી.જી.ઓ. અને ડી.ઇ.ઓ.માં વચ્ચે ઓબ્લિક કરવાનું કારણ એ છે કે અમુક શાળાઓ ડી.ઇ.ઓ.ના કાર્યક્ષેત્રમાં આવતી હોય છે અને અમુક શાળાઓ ડી.જી.ઓ.ના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી મુક્તિ અંગેની જાણકારી શાળાએ સબંધિત કાર્યક્ષેત્રના અધિકારીને કરવાની હોય છે. જો ડી.ઇ.ઓ. અને ડી.જી.ઓ. શબ્દ રાખીએ તો શાળાએ બંનેને જાણ કરવાની છે એવું અર્થઘટન થાય. કલમ-૭ રાજય સરકારની વિવેકાધિન સત્તા છે કે શાળાને પણ આપી શકે અને વિદ્યાર્થીને પણ આપી શકે. સાથે અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબને હું અભિનંદન આપું છું એમને ધન્યવાદ પાઠવું છું કે માતૃભાષા વિશે એમણે જે સરસ સજેશનો કર્યા અને એમણે જે માતૃભાષા વિશેનું ગૌરવ, સ્વાભિમાન, સન્માન વિશે બહુ સારી વાત કરી. સાથેસાથે વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઇને ત્યાંનો રિપોર્ટ અને આંખે દેખ્યા અહેવાલની પણ વાત કરી. ગૃહના તમામ સાથી મિત્રોને મારી પણ નમ્ર વિનંતી છે કે આપ જિલ્લાવાઇઝ સમય ફાળવો. અમારા અધિકારીઓ ત્યાં હાજર જ છે. ત્યાં આપણે સરસ વ્યવસ્થા કરી છે. વિદ્યાર્થીની ઓનલાઇન હાજરી ભરાય છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી શિક્ષણનું સ્તર સુધરે, સ્કીલ બેઝ એજયુકેશન, ક્વોલિટી એજ્યુકેશન એના માટેના પ્રયત્નો છે. સમય લાગશે પણ સરસ વ્યવસ્થા હશે એટલે ગૃહના તમામ સાથી મિત્રોને મારી વિનંતી છે કે જિલ્લાવાર આપણે ત્યાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર છે એની મુલાકાત લો. સાથે સાથે સાહેબશ્રીએ ગુજરાતમાં લોકબોલીની વાત કરી. ૫જ જેટલી લોકબોલીની વાત કરી. ખરેખર તેમને ધન્યવાદ આપવા ઘટે. ગુજરાતી ભાષા સાથે સરળતાથી વિદ્યાર્થીઓ ધોરણ-૧ માં પ્રવેશ કરે ત્યારે તેઓને લોકબોલી અને ગુજરાતી સાથે તાલમેલ થાય તે માટે રાજ્યના નીચેના જિલ્લાઓમાં લોકબોલી અને ગુજરાતી ભાષામાં ચર્ચા સમજે તે માટે શબ્દના અર્થ માટેના સાહિત્યનું આપણે નિર્માણ કરેલું છે. તેવા જે જિલ્લાઓ છે તેમાં ડાંગ, કચ્છ, વલસાડ, નવસારી, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આપણા ગુજરાતમાં ગુજરાતી ભાષા અંગેનું જે વિધેયક લાવ્યા છીએ તેને સમર્થન આપીને પાસ કરીશું. સાથે સાથે આપણા ગુજરાતમાં અન્ય પ્રાંતના વિદ્યાર્થીઓ અને લોકો આવે છે તેમના માટેની વ્યવસ્થા આપણે કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતમાં અન્ય

માધ્યમોમાં ચાલતી સ્કૂલો છે તેમાં અંગ્રેજી માધ્યમ, હિન્દી માધ્યમ, તેલુગુ માધ્યમ, ઉર્દૂ માધ્યમ, મરાઠી માધ્યમ અને ઉડિયા માધ્યમ. આમ સાત માધ્યમમાં ગુજરાતમાં શિક્ષણ આપી રહ્યા છીએ. સાથે સાથે આપણા ડૉ. કિરીટભાઇએ સજેશનો સારા કર્યા છે પણ તેમણે થોડાંક કાંકરા શોધવાનું કામ કર્યું છે. કિરીટભાઇ પટેલે અંગ્રેજી શાળાઓની મંજૂરી આપી તેવો પ્રશ્ન કર્યો. મુદ્દો એટલો જ છે કે, સરકારનું કામ છે તે સમાજની હકારાત્મક અપેક્ષાઓને સંતોષવા પ્રયત્ન કરવો. સમાજ અને વાલી પોતાની ઇચ્છાથી ત્યાં પ્રવેશ મેળવે છે. આપણી સરકાર કે આપણે આદેશ કરતા નથી. રાજ્ય સરકાર દ્વારા પોતાની ગુજરાતી માધ્યમની ૩૧ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાઓ છે. એટલે રાજ્ય સરકાર અંગ્રેજી માધ્યમની શાળાઓને પ્રોત્સાહન આપે છે તે વાત વ્યાજબી નથી. સુપ્રીમ કોર્ટ દ્વારા ઉષા મહેતાના કેસમાં દરેક રાજ્ય પોતાના રાજ્યની ભાષા ફરજિયાત કરી શકશે તેવો હુકમ છે. આપણે લદાય નહીં તેવો શબ્દ વાપર્યો હતો. સાથે સાથે ૪૫૨૦ માંથી ફક્ત ૧૪ શાળાઓ ગુજરાતી ભાષાનો અમલ કરતી ન હતી. તમારા જ આંકડા બતાવે છે કે, અમલ ન કરતી શાળા માત્ર ૦.૩૩ છે. તે જ દર્શાવે છે કે, સરકારનો આવી શાળાઓ ઉપર સંપૂર્ણ કંટ્રોલ છે. કલમ-૪ માં વધારાના ખર્ચ અંગેનો કોઇ ઉલ્લેખ નથી. કલમ-૭ માં છૂટછાટ આપવાની સત્તા સરકારની છે. દા.ત. દિવ્યાંગ બાળકોની શાળા, સ્પોર્ટ્સ શાળા, કલમ-૮(૪) માં જોડાણ રદ કરવું એટલે દા.ત. કોઇ સી.બી.એસ.ઇ. શાળા હોય અને તે આ કાયદાનો અમલ ન કરે તો તેને સી.બી.એસ.ઇ. સાથે જોડાણ માટે આપવામાં આવેલ નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ રદ કરવાનું થાય. જો ગુજરાત સરકાર દ્વારા માન્યતા આપેલ હોય તો તે માન્યતા રદ કરવાની થાય છે. આપણે માન્યતા આપેલી હોય તો તેને રદ કરવાની વાત છે. કલમ-૮(૫) માં સ્પષ્ટ જણાવ્યું છે કે, દંડ કે કોઇ શિક્ષાત્મક કાર્યવાહી કરતાં પહેલાં સંબંધિતોને સાંભળવાની તક આપવી ફરજિયાત છે. એટલે નેચરલ જસ્ટીસની તક આપ્યા પછી જ કાર્યવાહી કરવાની થાય છે. કલમ-૧૨ માં રાજ્ય સરકારને નિયમો બનાવવાની સત્તા છે. તેથી કોઇ હકારાત્મક સૂચન જણાશે તો નિયમોમાં ઉમેરો કરવામાં આવશે. શૈલેષભાઇ આપનો પ્રશ્ન હતો કે, પરિપત્રોનો અમલ ન કરતી હોય તેવી શાળાઓ તો તેવી ૦.૩૩ ટકા જ શાળાઓ છે. એટલે સભ્યશ્રીનો તેવો આક્ષેપ હતો કે, સરકારશ્રીના પ્રયત્નો નિષ્ફળ ગયા છે તે વ્યાજબી નથી. સાથે સાથે મને કહેતાં આનંદ થાય છે કે, આખા વિશ્વમાં સૌથી વધુ મૂળાક્ષરો ધરાવતી ભાષા તે કંબોડિયાની છે. સ્મેર ભાષા છે તે ૧૨ કરોડ લોકો બોલે છે. જયારે માત્ર ૧૨ મૂળાક્ષરો ધરાવતી પપુઆ ગિનિયાના બોલેનવીલ પ્રાંતની રોટોકસ ભાષા છે. જે બોલનારા માત્ર ૪૩૦૦ લોકો છે. આપણી ગુજરાતી ભાષાની વર્ણમાલા, વ્યાકરણની વાત કરી પણ અહીં ધવલભાઇ છે નહીં. આપણા વ્યંજનની વાત કરી છે. તે આપણાથી જોડાયેલી છે. આપણી વર્ણમાલા જે છે એમાં ૩૩ વ્યંજન અને ૧૧ સ્વર, અનુસ્વાર, નુક્તા, હલન આ બધા આપણી ભાષાના અલગ અલગ રૂપો છે. હ્સ્વ સ્વર, દીર્ઘ સ્વર આ બધી જે કાંઇ હ્સ્વ કે દીર્ઘ બદલાઇ એટલે અર્થ બદલાઇ જાય છે એ આપણી ભાષાની વિશેષતા છે, આપણી ભાષા છે એ વિવેકની ભાષા છે. સાથે સાથે આપ સૌને જાણીને આશ્ચર્ય થશે કે, પપુઆન ન્યુ ગીનિયા દેશના લોકો ૮૨૦ ભાષાઓ બોલે છે. સાથે સાથે એ પણ કહેવું ઘટે કે ભાષાનું અસ્તિત્વ ૧ લાખ ૨ હજાર વર્ષ પૂર્વથી છે. પહેલી ભાષા ઇજીપ્શીયન જે ઇ.પૂર્વ ૩૨૦૦માં લખાઇ હતી. અસ્તિત્વ ધરાવતી લખાયેલી સૌથી જૂની ભાષા ચાઇનીઝ અથવા તો ગ્રીક છે જે ઇ.પૂર્વે ૧૫૦૦થી લખાયેલી છે. આપણી આ ગુજરાતી ભાષા છે એ આપણી માતૃભાષા તો છે એમાં વિવેક, સંસ્કૃતિ, સભ્યતા, માયા, દયા, કરુણા એ માનવીયગત ગુણ તો છે જ પણ સાથે સાથે એમાં રાષ્ટ્રપ્રેમ, દેશપ્રેમ, વ્યક્તિ નિર્માણ, સમાજ નિર્માણ, પરિવાર નિર્માણ, રાષ્ટ્ર નિર્માણની બાબત પણ એમાં સમાયેલી છે. આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જેમણે એક કવિતા લખી છે છેલ્લી પ્રાર્થના, શું હતું એમાં? રાષ્ટ્રપ્રેમ છે, દેશપ્રેમ છે જે સાહિત્યકારો, કવિઓ પોતાની કલમથી, પોતાની પંક્તિઓથી લોકોમાં પડેલી સુષપ્ત શક્તિ રાષ્ટ્રપ્રેમ જગાવવાનું કામ પણ તેમણે કર્યું હતું. ૧૯૩૦માં સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં પાયા વગરના આરોપસર મુકદમો ચાલેલો ત્યારે ધંધુકા ખાતેની અદાલતમાં જે ગાયેલું એ ગીતની અમારા હર્ષદભાઇ સાહેબે બે પંક્તિ તો કહી છે પણ આગળ બે પંક્તિઓ હું આપને જણાવવા માગું છું, હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ કલેજા ચીરતી કંપવતી હમ ભયકથાઓ મરેલાના હૃદયને જીવતાના આસુડાઓ સમર્પણ એ સૌ તારે કદમ પ્યારા પ્રભુઓ, અમારા યજ્ઞનો છેલ્લો બલિ આમિન કહેજે ગુમાવેલી અમે સ્વાધિનતા તુ ફીર દેજે, વધારે મૂલ લેવા હોય તો માગી લેજે અમારા આખરી સંગ્રામમાં સાથે જ રહેજે. જુઓ આ તાતા ખુલ્લા મૂક્યા અંતર અમારા જુઓ હર ઝખમથી ઝરતી હજારો રક્તધારા જુઓ છાના જલે નયનના અગ્નિ ધખારા સમર્પણ હો, સમર્પણ હો તો તને એ સર્વ પ્યારા. આ દેશપ્રેમની અને રાષ્ટ્રપ્રેમની લોકોની ભિતર પડેલી સુષુપ્ત શક્તિ રાષ્ટ્રપ્રેમ જગાવવાનું કામ પણ સાહિત્યકારોએ આપણી ભાષાના માધ્યમથી કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બધા જ મિત્રોએ બિલને સમર્થન આપ્યું છે એટલે મારે વિશેષ વાત કરવી નથી પણ સામાન્ય રીતે દરેકના મનમાં એવો ખ્યાલ હોય છે કે ભાષા શીખવવી એ પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો જ એ વિષય શીખવી શકે છે એ વાત ભૂલ ભરેલી છે. એ શીખવે છે એ વાત સાચી પણ માત્ર શાળા જ નહીં સમાજની પણ એટલી જ જવાબદારી ઉભી થાય છે. ગ્રામેટીકલની માનનીય અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબે અને માનનીય ધવલભાઇએ જે વાત કરી એ આપણે સ્વીકારીએ છીએ આવનારા સમયમાં અમારા સર્વ શિક્ષા અભિયાનના માધ્યમથી આવનારા સમયમાં ગુજરાતી ભાષા ભણાવતા શિક્ષકોનો રીફ્રેશર કોર્સ સેમિનાર કરીને આ જે કાંઇ આપના સજેશનો છે એના માટેના પ્રયત્નો રાજ્ય સરકાર કરશે. સાથે સાથે મને કહેતા એ બાબતનો આનંદ છે કે, આપણી ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે જે આપણા સાહિત્યકારોએ, કવિઓએ, લેખકોએ જે પોતાનું જીવન એની પાછળ લગાવી દીધું હતું એવા ગુજરાત રાજયના ભાષાના સેવક તરીકે કવિ દલપતરામ, નર્મદાશંકર દવે, નાન્હાલાલ કવિ, ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ કાંત, કલાપિ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, મણીલાલ ત્રિવેદી, કનૈયાલાલ મુન્શી, ત્રિભૂવનદાસ લૂહાર,

નરસિંહ મહેતા, મીરાબાઇ, રસિકલાલ પરીખ જેવા અનેક ભાષાની સેવા કરનારા મૂર્ધન્ય માણસો આપણને મળ્યા છે એ ગૌરવની વાત છે અને સાથે સાથે આ ગૃહના તમામ સાથી મિત્રોએ, શાસક પક્ષ અને વિપક્ષના બધા મિત્રોએ સાચા અર્થમાં આ માતૃભાષાને ફરજિયાત બનાવવા માટે સમર્થન આપ્યું છે અને બધાએ સાથે મળીને ચિંતન મનન કર્યું છે અને આપણો જે આ યજ્ઞ છે જેમાં માતૃભાષાને ફરજિયાત બનાવવાની જે બાબત આપણે મૂકી છે એને મારી ભાષા મારું ગૌરવ એને પુનઃસ્થાપિત કરવા માટે આપણે બધાએ પ્રયત્ન કર્યો છે. ગમે એટલી ભાષા શીખો, ગમે એટલી ભાષા આપણે જાણો, ભણો પણ ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક આજે આપણે આ સર્વાનુમતે પસાર કરીશું પણ સાહેબશ્રીએ કહ્યું એ પ્રમાણે એટલુ પૂરતું નથી પણ મારી ભાષા, મારું ગૌરવ એ અભિયાન તથા એનું સ્વાભિમાન હવે પછી શરૂ થશે અને એ અભિયાન આપણાં પ્રત્યેક ગુજરાતીઓના હૃદય સુધી આ વાત પહોંચાડીએ ત્યારે જ આ શકય ગણાશે. આ તબક્કે ગૃહના તમામ સાથી મિત્રોનો, જેમણે ચર્ચામાં ભાગ લીધો તે બધા જ મિત્રોનો હું આભાર માનું છું અને વિનંતી કરું છું કે આ સભાગૃહ આપણાં વિધેયકને સર્વાનુમતે પસાર કરે એવી પ્રાર્થના. જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : આજે દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી મોરારજીભાઇ દેસાઇનો જન્મ દિવસ છે. આમ તો ૨૯મીએ આવે છે એટલે ચાર વર્ષે એક વખત આવે છે પરંતુ તે ગુજરાતીપણા માટે ખૂબ ઝઝૂમ્યાં હતાં તો એ જોગાનુજોગ આજે એ પ્રસંગ છે, ત્યારે આજે આપણે આ બિલ સર્વાનુમતે પસાર કરીએ તો તેમને પણ એક સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૩ - સન-૨૦૨૩ના ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ ઉપરનો સુધારો**

**શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આખા સભાગૃહની માફી માગીને મારો સુધારો અંગ્રેજી ભાષામાં રજૂ કરી રહ્યો છું.

| Clause | Amendment |
|---|---|
| 2 | in clause 2,-<br><br>after sub-clause (b), insert sub-clause (c) as under, namely:-<br><br>(i) "(c) "elementary education" means the education from first class to eighth class as defined in clause (1) of section 2 of the Right of Children to Free and Compulsory Education Act, 2009;":<br><br>(ii) renumber sub-clause (c) as sub-clause (d):<br><br>(iii) delete existing sub-clause (d);<br><br>(iv) for sub-clause (f), substitute the following sub-clause, namely:-<br><br>"(f) "School" means,<br><br>(i) any school imparting any class of elementary education, established and maintained by the Government or Local Bodies; or (ii) any school imparting any class of elementary education, established and administered or maintained by any private educational agency including minority school established and administered under clause (1) of article 30 of the Constitution of India, whether receiving aid out of the State fund or not; or<br><br>(ii) such other Schools which are running in the State of Gujarat and have affiliation with any Boards": (v) delete sub-clause (h); |

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩ ઉપરનો સુધારો**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

3 in clause 3,

for sub-clause (2), substitute the following sub-clause, namely:

"(2) In those Schools which are not teaching Gujarati as a language. shall introduce Gujarati as an additional language, from the first standard from the academic year 2023-24 and extend up to eighth standard in the phased manner.".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૩ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૪થી ૧૩ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કલમ- ૪થી ૧૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧ અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કલમ -૧ અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવના સભાગૃહ સમક્ષ છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવના ઉપરનો નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું.

3 in the preamble,

for the words "in at least Lower and Upper primary standards in all schools", substitute the words "in the school imparting elementary education";

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

**દીર્ઘસંજ્ઞા મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**દીર્ઘસંજ્ઞા વિધેયકનો ભાગ બની.**

શ્રી કુબેરભાઈ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨.૪૩ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૪૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

**ફાલ્ગુન ૯, ૧૯૪૪ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩-૪૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરરાઈઝેશનની સેવાઓ**

* ૧૭૦ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશનની સેવાઓ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશનની કાર્યવાહી હાથ ધરાઈ છે, અને | (૨) છોટાઉદેપુર, મોડાસા, બોટાદ, લુણાવાડા, વેરાવળ, વિછીંયા અને કડાણા એમ કુલ સાત સરકારી ગ્રંથાલયોના કોમ્પ્યુટરાઈઝેશન કરાયેલ છે. |
| (૩) આ યોજના અમલીકરણથી ગ્રંથાલયની સુવિધાઓમાં શું વધારો થયો ? | (૩) કોમ્પ્યુટરાઈઝેશન થવાથી પુસ્તકની લેવડ-દેવડ, સરળતાથી પુસ્તક સર્ચ, કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો, પુસ્તકોના વર્ગીકરણ-સૂચિકરણ, નોંધણી અને ડેટાએન્ટ્રી, પુસ્તક કમી કરવાની પ્રક્રિયામાં સરળતા રહે છે. |

ડો. મહેન્દ્રભાઈ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશનની સેવાઓ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, જો કરવામાં આવેલ હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ગ્રંથાલયોમાં કમ્પ્યુટરાઈઝેશનની કાર્યવાહી હાથ ધરાઈ છે અને આ યોજનાના અમલીકરણથી ગ્રંથાલયની સુવિધાઓમાં શું વધારો થયો?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ છાપેલો જ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં આવેલ સાર્વજનિક ગ્રંથાલયોને સ્માર્ટ ગ્રંથાલય તરીકે વિકસિત કરવામાં આવેલ છે? કે સરકારે આ માટે કોઈ શરૂઆત કરેલ છે? અને જો કરેલ હોય તો તેની વિગત જણાવે?

મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આવેલ સાર્વજનિક ગ્રંથાલયોને સ્માર્ટ ગ્રંથાલય તરીકે વિકસિત કરવાનો આ નવીનતમ વિચાર છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ સુવિધા અમલમાં મૂકવામાં આવેલ છે. સ્માર્ટ ગ્રંથાલયમાં ઈન્ટરનેટ સુવિધા, ઓડિયો વિઝ્યુઅલ રૂમની સુવિધા, સી.સી.ટી.વી. કૅમેરા ભવન અને અદ્યતન ફર્નિચર, ઈ-લાઇબ્રેરીની સુવિધા, આર.એફ.આઈ.ડી., સ્માર્ટ આઈ.ડી. જેવી સુવિધાઓ, વિદ્યાર્થીઓ માટે આરામદાયક બેઠક વ્યવસ્થા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રથમ તબક્કામાં અમદાવાદ, વડોદરા, જૂનાગઢ, રાજકોટ અને મહેસાણા એમ કુલ-૫ ગ્રંથાલયોને પ્રત્યેક ગ્રંથાલયદીઠ રૂપિયા એક કરોડના ખર્ચે અત્યંત આધુનિક બનાવાયા છે. આમ કુલ રૂપિયા પાંચ કરોડનો ખર્ચ થયેલ છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં બીજા તબક્કામાં અમદાવાદ, સુરત અને પાટણ એમ કુલ-૩ જિલ્લામાં પ્રત્યેક ગ્રંથાલયદીઠ રૂ. એક કરોડ એટલે કે કુલ રૂ. ત્રણ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં વડોદરા મધ્યસ્થ ગ્રંથાલય, વ્યારા જિલ્લા ગ્રંથાલય, આણંદ, જામનગર અને ભરૂચ જિલ્લાના ગ્રંથાલયોમાં દરેક ગ્રંથાલયને રૂ.એક-એક કરોડના ખર્ચથી સ્માર્ટ ગ્રંથાલય તરીકે વિકસાવવાનું આયોજન છે. આમાં કુલ રૂ. પાંચ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલની નવી પેઢીમાં વાંચનનો શોખ વિકસે અને સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે દરેક તાલુકા કક્ષાએ ગ્રંથાલય હોય તે ખૂબ જરૂરી છે તો ગુજરાતમાં તાલુકા કક્ષાએ ગ્રંથાલયની સુવિધા છે કે કેમ? જો ન હોય તો આખા ગુજરાતમાં દરેક તાલુકા કક્ષાએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની તમામ સુવિધા હોય તેવું અદ્યતન ગ્રંથાલય બનાવવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મધ્યસ્થ જિલ્લા ગ્રંથાલય અને તાલુકા ગ્રંથાલયો સરકારી છે અને લગભગ બધા જ જિલ્લાઓમાં ગ્રંથાલયો છે અને એમાં નવા તાલુકાઓને પણ આવરી લીધા છે અને આ વર્ષમાં જે બાકી રહી

ગયા હોય તેને પણ આવરી લેવાનું આયોજન છે અને ગ્રંથાલયોમાં ફર્નિચર માટે આ વર્ષે રૂ. એક કરોડની જોગવાઇ કરી છે અને અગાઉ પણ જે ૧૩ જેટલા મુખ્ય ગ્રંથાલયો છે એમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું સાહિત્ય આપવામાં આવ્યું છે અને અભ્યાસ માટે ગ્રંથાલયનો સમય સવારે ૮.૦૦ કલાકથી લઇને રાત્રિના ૧૨.૦૦ કલાક સુધીનો કરવામાં આવ્યો છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા વિધાનસભા મતવિસ્તારમાંથી ખેડબ્રહ્મામાંથી છૂટો પડેલ પોસીના તાલુકામાં અત્યારે ગ્રંથાલય નથી તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે પોસીના તાલુકામાં ગ્રંથાલય બનાવવાનું આયોજન છે કે કેમ? અને એ ક્યાં સુધીમાં પૂરું કરવામાં આવશે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ કહ્યું એ પ્રમાણે બધા જ તાલુકાઓમાં ગ્રંથાલય શરૂ કરવાનું આયોજન છે. આ વર્ષમાં જે તાલુકાઓમાં ગ્રંથાલય બાકી છે એ નવા તાલુકાઓને પણ આવરી લીધા છે અને દરેક જગ્યાએ તાલુકા મથક સુધી આ ગ્રંથાલય શરૂ થાય એવું આયોજન છે.

**રાજ્યમાં પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા**

* ૫૩૪ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૯૭૧૨.૦૬ મેગાવોટ અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૮૬૪૦.૨૦ મેગાવોટ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૨૩.૨ ટકા છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે ? | (૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૧૩.૬ ટકા છે. |

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં પવન ઊર્જાની નીતિ ક્યારે જાહેર કરવામાં આવી? અને તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પવન ઊર્જાની વર્ષવાર અને જિલ્લાવાર માહિતી આપશો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર દેશની સૌ પ્રથમ ઊર્જા નીતિ વર્ષ ૧૯૯૩-૯૪માં જાહેર કરવામાં આવી. ત્યારબાદ વધુ ચાર પવન ઊર્જા નીતિ જાહેર કરવામાં આવી હતી અને હાલમાં પાંચમી ઊર્જાનીતિ વર્ષ ૨૦૧૬ની અંદર અમલવારીમાં છે. તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં પવન ઊર્જા થકી વીજ ઉત્પાદન ક્ષમતા ૯૭૧૨ મેગાવોટ છે. એમાં આપણું ગુજરાત સમગ્ર દેશમાં બીજા નંબરે છે. વર્ષવાર માહિતી આપું તો, વર્ષ ૨૦૦૬ની અંદર ૨૪૭.૬૧ મેગાવોટ, વર્ષ ૨૦૦૭માં ૨૮૩.૯૪ મેગાવોટ, વર્ષ ૨૦૦૮માં ૬૧૬.૩૫ મેગાવોટ, વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૧૩.૬ મેગાવોટ, વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૯૭.૭૩ મેગાવોટ, વર્ષ ૨૦૧૧માં ૩૧૨.૮૦ મેગાવોટ, વર્ષ ૨૦૧૨માં ૭૮૬.૨૫ મેગાવોટ, વર્ષ ૨૦૧૩માં ૨૦૮.૩૦ મેગાવોટ, વર્ષ ૨૦૧૪માં ૨૭૯.૮૦ મેગાવોટ, વર્ષ ૨૦૧૫માં ૧૮૯.૭૩ મેગાવોટ, વર્ષ ૨૦૧૭માં ૧૩૮૭.૯ મેગાવોટ, વર્ષ ૨૦૧૮માં ૨૫૮.૩ મેગાવોટ, વર્ષ ૨૦૧૯માં ૪૫૯.૫ મેગાવોટ, વર્ષ ૨૦૨૦માં ૧૪૭૦.૯૦ મેગાવોટ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૨૦ મેગાવોટ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૨૬.૭૫ મેગાવોટ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૬૦.૫૯ મેગાવોટ. આમ, ૯૭૧૨ મેગાવોટ અત્યારે ઉત્પાદન કરીએ છીએ. આપણો ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો પવન ઊર્જા માટે ખૂબ આશીર્વાદરૂપ છે. એની અંદર કચ્છ વિસ્તાર પણ પવન ઊર્જા માટે આશીર્વાદરૂપ સમાન છે. કચ્છ ૪૯૦૬ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરે છે. જામનગર ૧૯૪૮.૨૭ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરે છે. રાજકોટ ૭૩૪.૪૧ મેગાવોટ, અમરેલી ૪૫૬.૫ મેગાવોટ, મોરબી ૩૭૫.૫૦ મેગાવોટ, સુરેન્દ્રનગર ૩૬૩.૫૦ મેગાવોટ, દેવભૂમિ-દ્વારકા ૨૯૫.૬૦ મેગાવોટ, પાટણ ૨૦૮.૨૦ અને પોરબંદર ૧૯૬.૪૦ મેગાવોટ, ભાવનગરની અંદર ૧૮૯.૪૫, બોટાદની અંદર ૩૮ આમ જિલ્લાવાર આ પ્રમાણેની પરિસ્થિતિ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગુજરાત સરકારે રાજ્યમાં રહેણાંક ગ્રાહકો માટે સૌર ઊર્જાથી વીજ ઉત્પાદન માટે કંઇ યોજના જાહેર કરી છે? અને મારો બીજો પ્રશ્ન છે કે તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી રાજ્યમાં કેટલા ખાનગી મકાન માલિકો દ્વારા તેનો લાભ લેવામાં આવેલ છે? તેની વિગતવાર માહિતી આપી, સબસિડીના ધોરણો જણાવી, કુલ કેટલી સબસિડી મળી છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશના માનનીય વડાપ્રધાન તથા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સૌર ઊર્જા નીતિ વર્ષ ૨૦૦૯-૧૦ને લગતા દૂરંદેશી નિર્ણયના કારણે સોલાર રૂફ ટોપથી વીજ ઉત્પાદનમાં ગુજરાત આજે દેશમાં અગ્રેસર છે. દેશના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી જે તે સમયે કહેતા હતા કે

ગુજરાતના એક એક નાગરિક પોતે ઘરે વીજળી ઉત્પન્ન કરશે ત્યારે લોકોને લાગતું હતું કે, સાહેબ આ સપનું બતાવી રહ્યા છે પણ એ સપનું આજે ગુજરાતની અંદર સાકાર થયું છે. આજે દરેક ઘરના રૂપ ટોપની અંદર નાગરિકો પોતે વીજળી પેદા કરી રહ્યા છે. રાજ્યના રહેણાંક વિસ્તારની વાત કરીએ તો, આ રૂપ ટોપ નાખવાથી એ લોકોને બિલમાં ૧૦૦ ટકા રાહત મળે છે અને સાથે સાથે એમને બિલની અંદર વધારાની જે કિંમત છે તે એમના ખાતામાં પણ પૈસા જમા થાય છે. રૂફ ટોપ સોલારથી જમીનની જરૂરિયાત રહેતી નથી. પોતાના જ મકાનની છત ઉપર તે પોતે રૂફ ટોપ સોલાર નાખી શકે છે. આમ, વપરાશકારને સરકારશ્રી તરફથી બંને ફાયદા રહે છે એક તો, એમને વીજ બિલ આવતું નથી અને સરકારશ્રી સામેથી એમને પૈસા આપે છે. સાથે સાથે માનનીય સભ્યશ્રીએ વાત કરી એમ યોજનાની અંદર લાભાર્થીને કેટલી સબસિડી આપવામાં આવે છે ત્યારે હું સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ૩ કિલો વોટ સુધી ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે. (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : લાભાર્થીને નહીં પણ સભ્યશ્રીને જણાવવા માગું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સભ્યશ્રીને જણાવવા માગું છું કે, લાભાર્થીને ૪૦ ટકા સબસિડી અને ૩ કિલો વોટ ઉપર ૧૦ મેગા વોટ સુધી ૨૦ ટકા સુધીની સબસિડી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રકમ રૂપિયા ૨૫૩૯ કરોડની સબસિડી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં સરકારશ્રી તરફથી આપવામાં આવી છે. વર્ષવાર જોઇએ તો, વર્ષ ૨૦૧૬-૧૭માં ૮૪૪ જેટલા રહેણાંકોને ૨.૭૪ મેગા વોટની વીજળી ઉત્પન્ન કરી છે. વર્ષ ૨૦૧૮માં ૧૮૭૯૪ જેટલા રહેણાકોને ૫૯.૦૭ મેગા વોટની વીજળી ઉત્પન્ન કરી છે. લિસ્ટ લાંબુ છે પણ અત્યાર સુધીમાં રહેણાકોની સંખ્યામાં ૪ લાખ ૫ હજાર ૮૯ ઘરને ૧૫૮૪.૧૪ મેગા વોટ વીજળી ઉત્પન્ન કરી છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતમાં સૌર ઊર્જા નીતિ કયારે જાહેર કરવામાં આવી? અને તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સૌર ઊર્જાની વર્ષવાર માહિતી આપવા વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૯-૧૦માં સૌ પ્રથમ સૌરઊર્જા નીતિ જાહેર કરવામાં આવેલી. જેના દ્વારા સમગ્ર દેશમાં સૌર ઊર્જા થકી વીજ ઉત્પાદન ક્રાંતિ શરૂ થઇ. ત્યારબાદ વધુ બે સૌર ઊર્જા નીતિ જાહેર કરવામાં આવી. તે મુજબ હાલમાં ત્રીજી સૌર ઊર્જા નીતિ જાહેર થયેલ છે એટલે કે સોલાર પાવર પોલિસી-૨૦૨૧ની અમલમાં છે. ગુજરાત રાજયમાં સૌર ઊર્જા પ્રોજેકટની સ્થાપિત ક્ષમતા ૮૬૪૦ મેગાવોટ છે. જેમાં હાલમાં ગુજરાત દેશની અંદર દ્વિતીય ક્રમે છે. વર્ષવાર જે માહિતી આપેલ છે એમાં અત્યારે જોઇએ તો આવનાર દિવસોમાં કચ્છ જિલ્લાની અંદર લગભગ ૮૫ હજાર મેગાવોટ સૌર ઊર્જા વીજ ઉત્પાદન કરવાની આપણી ક્ષમતા છે અને કામકાજ ચાલુ છે. એ જ રીતે ગ્રાઉન્ડ માઉન્ટેડથી લગભગ ૬૩૨૭ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરીએ છીએ અને રૂપ ટોપથી ૨૨૦૬ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીએ છીએ. સૂર્ય શકિત કિસાન થકી ૧૦૬.૪૭ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીએ છીએ. આમ આપણે ૮૬૪૦.૧૯ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સેન્ચ્યુરી છે એ નોન કન્વેન્શનલ એનર્જીની સદી રહેવાની છે, ત્યારે ઘણા ક્ષેત્રમાં આપણા રાજયએ ઘણું સારું કામ કર્યું છે. પણ, માનનીય અધ્યક્ષશ્રી પી.એમ.કુસુમ યોજના છે, જેમાં બે મેગાવોટ સુધીનો જે સૌર પ્લાન્ટ છે, સોલાર પ્લાન્ટ છે. એ ખેડૂતો નાંખી શકે એ પ્રકારની યોજના છે. એ યોજનામાં ગુજરાતમાં નહીંવત કામગીરી થઇ છે. સરકારના જ આંકડા છે. એની સામે રાજસ્થાન આખા દેશમાં નંબર વન છે. આપણી પાસે પણ સૌર શક્તિનું પોટેન્શ્યલ ખૂબ મોટું છે. તો આ પી.એમ. કુસુમ એ યોજના છે કે જેમાં બે મેગાવોટ સુધીનો સોલાર પ્લાન્ટ ખેડૂત નાંખી શકે. તો ખેડૂતો સ્વ નિર્ભર પણ થાય અને પોતાની વીજળીમાંથી વધારાની આવક પણ મેળવી શકે અને આજે જે રાતના ભાગે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે એને બદલે દિવસના પણ એને વીજળી મળી શકે અને સ્વ નિર્ભર પણ થઇ શકે. આની અંદર કોઇ પ્રગતિ થયેલી નથી તો એમાં નવું કોઇ આયોજન કરેલું છે કે કેમ? એ હું જાણવા માગું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ ક્ષમતા કેટલી છે એનો જ સવાલ છે, પરંતુ હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ વખતે આ બજેટની અંદર અમારા મુખ્યમંત્રીશ્રીએ ૧૫૬૦ કરોડ રૂપિયા આની અંદર ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે....

અધ્યક્ષશ્રી : એમનો એટલો જ વિષય છે કે કુસુમ યોજના ભારત સરકારની છે. પ્રધાનમંત્રી કુસુમ યોજના. તો એનો અમલ અહીંયા સારો થાય એના માટે કંઇ કરો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, એના માટે આ વખતે બજેટમાં જોગવાઇ કરી છે અને અમે સારામાં સારી અમલવારી કરીશું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. એમની પોઝિટિવ વાત છે. કરશે. ચાલો. માનનીય ફતેસિંહભાઇ.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજના હેઠળ અમારા પંચમહાલ જિલ્લાના કેટલા ખેડૂતોને લાભ આપ્યો અને જો આપવાના હોય તો એના માપદંડ શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : આ જિલ્લાનો પ્રશ્ન અલગથી આપશે તો માહિતી આપીશ.

અધ્યક્ષશ્રી : રેકર્ડ પર મૂકજો. બધા જિલ્લાના બધા તાલુકાનું મંત્રીશ્રી પાસે નહીં હોય.

તારાંકિત પ્રશ્નો

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જો કે જવાબ તો થોડો તો આવી જ ગયો છે. પવન ઊર્જા અને સૌર ઊર્જામાં આવનારા વર્ષમાં કેટલો વધારો કરવાનું પ્લાનિંગ છે? અને જો વધારો કરવાના હોય તો કેટલા ખેડૂતોને દિવસે વીજળીનો લાભ મળે તેમ છે એનું જો આયોજન હોય તો મંત્રીશ્રી સ્પષ્ટતા કરે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય સભ્યશ્રીને અલગથી માહિતી મોકલી આપીશ.

**વડનગરમાં પ્રવાસન વિકાસ માટે ગ્રાન્ટ**

* ૫૪૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઉંઝા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છેઃ<br>૧. વડનગર ખાતે પ્રેરણા સ્કૂલની કામગીરી.<br>૨. ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટરના વિકાસની કામગીરી.<br>૩. અંબાજી કોઠા તળાવના વિકાસની કામગીરી.<br>૪. હોટેલ તોરણના વિકાસની કામગીરી.<br>૫. વોચ ટાવર ખાતે આર્ટ ગેલેરીના વિકાસની કામગીરી.<br>૬. વડનગર ખાતે અગાઉ વિકસાવેલ પ્રવાસન આકર્ષણોના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી. |
| (૩) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૭૫૯.૯૦ લાખ. |

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક ૩. માનનીય શ્રી કિરીટભાઇ પટેલ. કિરીટભાઇ પટેલ ઉંઝાવાળા. (અંતરાય) (બીજા માનનીય સભ્યશ્રી કિરીટકુમાર પટેલ ઊભા થતા..)

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૩ મારો છે.

અધ્યક્ષશ્રી : (હસતાં હસતાં) મારાથી તો કાંઇ થાય નહીં. ચાલો હવે પ્રશ્ન મૂવ કરો.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજય સરકારની ગ્રાન્ટમાંથી વડનગર શહેરમાં પ્રવાસનના કેટલા કયા કયા કામોનું આયોજન થયું છે અને એ કામો પાછળ કેટલો ખર્ચ થયો છે અને છેલ્લા ૩ વર્ષમાં વડનગરમાં કેટલા પ્રવાસીઓ આવ્યા અને મુલાકાત લીધી એની માહિતી આપવા વિનંતી છે.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે, એમાં છેલ્લા સાત આઠ વર્ષમાં વડનગર ખાતે જે કામો થયા છે અલગ અલગ પ્રોજેકટમાં, એમાં પ્રેરણા સ્કૂલ છે એમાં રૂપિયા ૨૯૦.૩૩ લાખ, સકુલાલ ભોગીલાલ એક્ઝિબિશન સેન્ટર છે એ રૂપિયા ૯૦.૭૭ લાખ, અંબાજી કોઠા તળાવ છે એ રૂપિયા ૧૫૪.૨૮ લાખ, હોટલ તોરણ છે એ રૂપિયા ૭૧૪.૭૫ લાખ. શર્મિષ્ઠા તળાવ ખાતે વોચ ટાવરની અંદર આર્ટ ગેલેરી છે એ રૂપિયા ૨૯૬.૪૪ લાખ. વડનગર ખાતે અગાઉ વિકસાવેલ પ્રવાસન આકર્ષણો, એના ઓપરેશન અને મેન્ટેનન્સની જે કામગીરી છે, એમાં કુલ ૩૦૭.૩૪ લાખ. હાટકેશ્વર મહાદેવ મંદિર છે એમાં રૂપિયા ૧૫૧૦.૬૫ લાખ એમ કુલ રૂપિયા ૩૦૭૪ .૨૩ લાખનો ખર્ચ થયેલો છે, આ બધા પ્રોજેકટો માટે અને છેલ્લા ૩ વર્ષ નહીં, પણ તા.૦૧.૦૨.૨૦૨૨થી તા.૩૧.૦૧.૨૩ સુધી છેલ્લા એક વર્ષમાં વડનગરની કુલ ૨૯૩૮૫૭ પ્રવાસીઓએ આ પ્રોજેકટની મુલાકાત લીધી છે. આ એક વર્ષનો આંકડો છે બાકીના બે વર્ષની માહિતી સભ્યશ્રીને આપી દઇશું.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે પ્રવાસન વિભાગ દ્વારા મહેસાણા જિલ્લાના વડનગરમાં પ્રાચીન મંદિર હાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રાજય સરકાર દ્વારા કઈ કઈ કામગીરી કરેલ છે અને આ માટે કેટલો ખર્ચ કરેલ છે અને ભવિષ્યમાં કોઈ કામગીરી કરવામાં આવનાર છે કે કેમ ?

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, વડનગરનું જે હાટકેશ્વર મહાદેવ મંદિર છે એમાં અલગ અલગ પ્રોજેક્ટમાં કામ થયું છે. એમાં યાત્રી નિવાસ, ભોજનાલય, આરસીસી કમ્પાઉન્ડ વોલ, કોમ્યુનિટી હોલ, શૌચાલય, મુખ્ય મંદિરની ફરતે ફ્લોરિંગ, ત્રણ નાના મંદિરોનું રીનોવેશન, પાર્કિંગ, દુકાનો, મંદિર પરિસરમાં રોડ સાઇડથી પ્રવેશવા માટેના પગથિયા આ બધા કામો પ્રવાસન વિભાગ મારફત થયા છે, યાત્રાધામ બોર્ડ છે એના અત્યારે ૪૪૬ લાખ રૂપિયાના કામો અલગ અલગ પ્રગતિ હેઠળ છે અને કામો ચાલુ છે. ભવિષ્યમાં હવે પછી હાટકેશ્વર મહાદેવ મંદિર પર થ્રીડી પ્રોજેકશન મેપિંગ શો કરવાનું વિચારણા હેઠળ છે અને તે માટેના કન્સલ્ટન્ટની નિમણૂક થઇ ગઇ છે.

**રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના**

* ૪૩૭ **શ્રી અમિત ઠાકર** (વેજલપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) • હવા પ્રદુષણ નિયંત્રણ માટેનો પાયલોટ પ્રોજેક્ટ છે.<br>• રાજ્યમાં હાલમાં ફક્ત સુરત ખાતે એમીશન ટ્રેડિંગ સ્કીમનો પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં છે.<br>• પાર્ટીક્યુલર મેટરના નિયંત્રણ માટે માર્કેટ આધારિત નિયમન અંગે વિશ્વમાં સૌપ્રથમ પહેલ છે.<br>• સદર પાઈલોટ પ્રોજેક્ટ શિકાગો યુનિવર્સિટીના (EPIC), યેલ યુનિવર્સિટીના સંશોધનકારો તથા J-PAL ટીમની મદદથી અમલમાં મૂકાયો છે.<br>• આ પાઈલોટ પ્રોજેક્ટથી પોલ્યુટર પે પ્રિન્સિપલના આધારે પાર્ટીક્યુલેટ મેટરનું નિયત માત્રાથી (પરમીટ) વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગોએ ઓછું ઉત્સર્જન કરતાં ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદી કરવી પડે છે.<br>• પાઈલોટ પ્રોજેક્ટનું પ્રારંભિક અમલીકરણ સુરત ખાતે નક્કી કરેલ ૧૫૫ ઉદ્યોગોમાં ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શરૂ થયેલ. યોજનાના પ્રાયોગિક અભ્યાસના તારણ મુજબ આ યોજનાના અમલીકરણ કરતા ઉદ્યોગોમાં રહેલ ઉદ્યોગોમાં અન્ય ઉદ્યોગો કરતા આશરે ૨૦% જેટલો પાર્ટીક્યુલેટ મેટરના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે. વધુમાં યોજના થકી કન્ટીનીયુસ એમીશન મોનીટરીંગ સિસ્ટમ (CEMS) ના કારણે ઉદ્યોગોમાં સેલ્ફ રેગ્યુલેશન સુદ્રઢ થયેલ છે.<br>• સુરતમાં ETS પાઈલોટ પ્રોજેક્ટના સફળ પરિણામોને ધ્યાને લઈ અમદાવાદમાં આશરે ૨૦૨ ઉદ્યોગોમાં આ પાઈલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું નક્કી કરેલ છે. જેની કાર્યવાહી પ્રગતિમાં છે. અમદાવાદ ઔદ્યોગિક વસાહતો ખાતે ટ્રેડિંગ આગામી સમયમાં શરૂ થવાની શક્યતા છે. |
| (૩) આ યોજના ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં અમલમાં છે, અને | (૩) સુરત ખાતે અમલમાં છે અને અમદાવાદમાં અમલીકરણ થનાર છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ યોજનાથી ઉદ્યોગોને શા | (૪) આ પાઈલોટ પ્રોજેક્ટથી ઉદ્યોગોને ઓછા ખર્ચથી |

| | |
|---|---|
| લાભ થયેલ છે ? | હવા પ્રદુષણ (પાર્ટીક્યુલર મેટર) ના નિયંત્રણમાં મદદ મળેલ છે. |

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કાર્બન એમીશન ટ્રેડિંગ યોજનામાં જે સ્કીમ છે એમાં શિકાગો યુનિવર્સિટી યેલ યુનિવર્સિટી, જે-પાલ ની મદદથી અમલમાં મૂકાયો છે તો એની શું ભૂમિકા છે?

મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત ૨૦૧૩ તથા ૨૦૧૯માં શિકાગો યુનિવર્સિટી તથા યેલ યુનિવર્સિટી સાથે કન્ટીન્યુસ એમીશન મોનિટરિંગ સિસ્ટમ (સી.ઇ.એમ.એસ.) એમીશન ટ્રેડિંગ સેન્ટર લાગુ કરવા જરૂરી રિસર્ચ માટે જે-પાલ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા. આ સ્કીમ અમલીકરણ માટે વિશ્વની નામાંકિત યુનિવર્સિટી જેવી કે યુનિવર્સિટી ઓફ શિકાગો તથા યેલ યુનિવર્સિટી, પ્રોફેસર અને સંશોધનકારો જેવા કે માઇકલ ગ્લીન્ટોન, રોહીલી પાંડે, નૈક રાયન, જેવા તજજ્ઞો સાથે પાલ અને જેઓ પાલ સાથે સંકળાયેલા છે તેમના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પાયલોટ પ્રોજેકટના અમલીકરણ માટે જી.પી.સી.બી.નો મેન પાવર અને જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાં ઉદ્યોગના પ્રારંભિક સરવેની અંદર કન્ટિન્યુસ એમીશન મોનિટરિંગ સિસ્ટમ સી.ઇ.એમ.એસ.ના ઇન્સ્ટોલેશન તથા કેલીબ્રેશન માટે સહયોગ, સી.ઇ.એમ.એસ. દ્વારા પ્રાપ્ત થતા ડેટાનું એનાલીસીસ, ટ્રેડિંગ કામગીરી, કેપિસિટી, બિલ્ડિંગ તથા સમયાંતરે પ્રોજેકટને આગળ વધારવા માટેનાં સૂચનો વગેરેનો સમાવેશ થાય છે. આનાથી કાર્બન એમીશનથી જે રીતે હવામાં પ્રદૂષણ થાય છે એમાં ૧૫૦ મીલીગ્રામ કાઉન્ટથી નીચે પ્રતિઘન મીટર અને એનાથી ઓછું પ્રદૂષણ થાય છે અને આ સિસ્ટમનો લાભ થાય છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી ને પૂછવા માગું છું કે ગુજરાતની અન્ય ઔદ્યોગિક વસાહતોમાં એમીશન ટ્રેડિંગ સ્કીમ અને પાર્ટીકયુલર મેટર પાયલોટ પ્રોજેકટ લાગુ કરવા માટેનું શું આયોજન છે?

મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૌ પ્રથમ પ્રોજેકટ સુરત ખાતે કાર્યરત છે એની અંદર ઉત્સાહજનક પરિણામ પણ આપણને મળ્યા છે. ગુજરાત પ્રદૂષણ બોર્ડ દ્વારા અમદાવાદમાં આશરે ૨૦૩ ઉદ્યોગોમાં પણ આ એમિશન ટ્રેડિંગ સ્કીમનો પાઇલોટ પ્રોજેકટનું અમલીકરણ કરવાનું નકકી કરવામાં આવેલ છે અને આ કામગીરી પ્રગતિમાં છે અમદાવાદ પ્રોજેકટનું અમલીકરણ પણ સુરતની જેમ બે તબક્કામાં કરવામાં આવનાર છે. અમદાવાદમાં પ્રથમ તબક્કામાં વટવા, નારોલ અને સાણંદના ઔદ્યોગિક વસાહતમાં આશરે ૧૨૦ જેટલા યુનિટોની પસંદગી કરવામાં આવેલી છે. જે પૈકી ૧૧૨ યુનિટમાં એમીશન મોનિટરિંગ સિસ્ટમ લગાડી દેવામાં આવેલ છે. હાલમાં સીએએમએસના કેલીબરેશન કામગીરી પ્રગતિમાં છે. આગામી ત્રણથી ચાર મહિનામાં અમદાવાદમાં પાઇલોટ પ્રોજેકટના પ્રથમ પ્રોજેકટ ચાલુ કરીને એમીશન પ્રોજેકટ ચાલુ કરવાની શકયતા છે. અમદાવાદ પાઇલોટ પ્રોજેકટનો પ્રથમ તબક્કે સર થઇ ગયા બાદ બીજા તબક્કામાં અમદાવાદ દાણીલીમડા બહેરામપુરાના ઔદ્યોગિક વિસ્તારનો અમદાવાદ શહેરમાં આવેલા ૮૩ જેટલા ઉદ્યોગોનો પણ સમાવેશ કરવામાં આવશે. સુરતની જેમ અમદાવાદમાં પણ આ સ્કીમના ભાગ લેનાર એકમો દ્વારા પર્ટીકયુલર મેટર ઉત્સર્જનમાં ઘટાડો થશે એવી આપણને ધારણા છે. આ એમીશનની અંદર એવું છે કે જે ઉદ્યોગકારો વધુ પ્રદૂષણ કરતાં હોય એની પાસેથી દંડ લેવામાં આવશે જે ૧૫૦થી નીચે ઉત્પાદન કરશે તો એને ક્રેડિટ તરીકે ગણવામાં આવશે જે રીતે માર્કેટમાં ટ્રેડિંગ થાય પ્રદૂષણ ઓછું કરશે તો પેલા પાસેથી દંડ લીધો હશે એને ક્રેડિટ તરીકે પૈસા જમા થશે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવા પ્રદૂષણ નિયંત્રણ માટેનો પાઇલોટ પ્રોજેકટ અત્યારે સુરત ખાતે ચાલે છે. જયારે અમદાવાદમાં પણ ચાલુ કરવાના છે. તો મારો પ્રશ્ન એ છે કે નંદેસરી અને પાદરા આ વિસ્તારમાં જો આ પાઇલોટ પ્રોજેકટ આવે એ માટેનો મારો પ્રશ્ન છે. ખાસ કરીને હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા શહેરના સીમાડે બહુ મોટા મોટા ઉદ્યોગો આવેલા છે. આઇ.પી.સી.એલ. રીફાઇનરી છે, જી.આઇ.એલ. છે પરંતુ નંદેસરી અને પાદરા જેમાં ઝેરી કેમિકલોના સેંકડો કારખાના કે ઉદ્યોગો આવેલા છે. એમાં ઘણા ઉદ્યોગો પાણીને ટ્રીટમેન્ટ કર્યા વગર મહીસાગરમાં છોડી દે છે કાં તો બોર કરીને જમીનની અંદર પાણી ઉતારી દે છે જેથી મોટા વિસ્તારમાં પાદરા અને નંદેસરીની આજુબાજુના દસ કિલોમીટરથી પણ વધારે વિસ્તારમાં ઝેરી પાણી એટલે કે લાલ પાણી થયું છે જેથી ખેડૂતોને નુકસાન થયું છે અને પીવાના પાણીમાં પણ નુકસાન થયું છે.

અધ્યક્ષશ્રી : આપનો શું પ્રશ્ન છે એના માટે શું કરવું જોઇએ એની વાત કરો.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એર પોલ્યુશન અને વોટર પોલ્યુશન વડોદરા શહેર અને જિલ્લામાં મારા આ બે પ્રશ્ન છે. તો આ પાઇલોટ પ્રોજેકટ આ વિસ્તારમાં ચાલુ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પાઇલોટ પ્રોજેકટ તરીકે સુરત અને અમદાવાદમાં કર્યું એવી રીતે વડોદરામાં કરવા માગો છો કે કેમ?

શ્રી યોગેશ પટેલ : મારો બીજો પ્રશ્ન એ છે કે ગેરકાયદેસર કેમિકલના કારખાના ચાલે છે એ બંધ કરાવવા અને એને શિક્ષા કરવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવાના પ્રદૂષણનો પ્રશ્ન છે હું એમને જણાવવા માગું છું કે સુરતની જેમ અમદાવાદ, વડોદરા, રાજકોટ નેશનલ એર પોગ્રામ અંતર્ગત ૧૫માં નાણા પંચમાં આશરે ૪૦૫ કરોડની કેન્દ્ર સરકાર દ્વારા

ફાળવણી કરવામાં આવેલ છે. આ તમામ શહેરો માટે એકશન પ્લાન પણ બનાવી દીધા છે. એકશન પ્લાનમાં તબક્કાવાર એની કામગીરી ચાલી રહી છે અને ટૂંક સમયમાં એનું અમલીકરણ કરીને આ કામગીરી ચાલુ કરવાના છીએ. જયારે હવાનો પ્રશ્ન છે બાકી એમણે વાત કરી એની અલગથી નોટિસ આપશે તો જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : નોટિસ તો ઠીક છે પરંતુ આવું ચાલતું હોય તો તમે વિભાગને સૂચના પણ આપી શકો અને એ તાત્કાલિક રોકવાની વ્યવસ્થા કરે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : મને લિસ્ટ આપશે તો હું ત્યાં જઇને ચેકિંગ કરીને જો હશે તો રોકવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી,આવી કોઇ સમસ્યા હોય તો તમે મંત્રીશ્રીને વ્યક્તિગત મળીને કરજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી ખાલી એટલું જ જાણવા માગું છું કે આપે પ્રદૂષણ નિયંત્રણ માટે પાઇલોટ પ્રોજેક્ટ છે એમાં સુરતને પ્રથમ ક્રમે લીધેલું છે જેમાં અમલીકરણ ચાલુ છે. ૧૫૫ ઉદ્યોગોનો એમાં સમાવેશ કરેલ છે. બીજા તબક્કામાં અમદાવાદમાં ૨૦૨ ઉદ્યોગોનો સમાવેશ કર્યો છે. કારણ કે અમદાવાદ શહેરમાં બહુ મોટા પ્રમાણમાં હવાથી પ્રદૂષણ ફેલાવનારી ફેક્ટરીઓ છે અને આપે કહ્યું કે બીજો તબક્કો અમદાવાદનો છે. મારા વિધાનસભા વિસ્તારમાં પણ તેનો અમલ કરવાના છો. મારો પહેલો પ્રશ્ન એ છે કે આ ક્રાઇટેરિયા તમે કેવી રીતે નક્કી કરો છો? મોટા પ્રમાણમાં ઇન્ડસ્ટ્રીઝ છે અને હવાથી પ્રદૂષણ ફેલાવે છે. આપણે વાપી અને અંકલેશ્વર જઇએ તો રાતના સમયે નીકળીએ તો ગાડીનો કાચ પણ ઉતારી શકતા નથી. આવનારા તબક્કામાં વાપી અને અંકલેશ્વરનો પણ સમાવેશ કરવો જોઇએ એવું મારું સૂચન છે. બીજું, શ્રી યોગેશભાઇએ જે વાત કરી તેને દોહરાવતો નથી પણ સેઇમ પ્રોબ્લેમ અમદાવાદની સાબરમતી નદીનો છે. વારંવાર વિધાનસભામાં પણ પ્રશ્ન મૂક્યો છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિતમાં પણ આપ્યું છે. લાખો ગેલન પાણી..

અધ્યક્ષશ્રી : તમે સીધા મુદ્દા ઉપર આવો. શું કરવું જોઇએ એ બોલો ને? તમારો પ્રશ્ન શું છે એ પ્રશ્ન ઉપર આવો. તમે છેક ઉદ્યોગોથી કરીને સાબરમતી, વાપી, વલસાડ થી સીધા અમદાવાદ આવ્યા. પ્રશ્ન શું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત અને અમદાવાદમાં જે ઉદ્યોગો નક્કી કર્યા, ૧૫૫ અને ૨૦૨. મોટા પ્રમાણમાં ફેક્ટરીઓ આવેલી છે તો તે નક્કી કરવાનું ધોરણ શું છે પહેલો એ પ્રશ્ન છે. બીજો પ્રશ્ન છે કે વાપી અને અંકલેશ્વરમાં આટલા મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાય છે તો ઝડપથી અમલ કરવામાં આવે અને ત્રીજો પ્રશ્ન છે કે સાબરમતી નદીમાં ફેક્ટરીનું લાખો ગેલન પાણી આજની તારીખમાં વહે છે. ભૂતકાળથી અત્યાર સુધીમાં કોઇ પગલાં ભરવામાં આવ્યાં નથી, તો પગલાં ભરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, તમારી પાસે જવાબ હોય તો જ. બાકી આ પ્રશ્ન લિમિટેડ હતો, પરંતુ પ્રશ્નના પરિપ્રેક્ષ્યમાં તમે બધાને લાંબો જવાબ આપવાનું શરૂ કર્યું, એટલે બધાએ પૂછવાનું પણ શરૂ કર્યું. જો આપની પાસે જવાબ તૈયાર હોય તો આપો નહીં તો પછી તમે રેકર્ડ ઉપર આપજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : જે આને રીલેટેડ છે તેનો જવાબ આપી દઉં છું. બાકીનું છે તે અલગથી મને કહેશે તો હું જવાબ આપીશ. આમાં ક્રાઇટેરિયાની વાત કરે છે તો આ સિસ્ટમમાં બે ટન સુધીના બોઇલરની કેપેસિટી હોય તો તેના માટે એમીશન મોનિટરિંગ સિસ્ટમ લગાવવામાં આવે છે. તેની અંદર કોલસો, લિગ્નાઇટ જેવા સોલીડ ફ્યુઅલ વાપરતા હોય તેના માટેનો ક્રાઇટેરિયા છે એટલે આ જે લોકો વાપરતા હોય અને બે ટનની કેપેસિટી હોય તો તેના માટે જ આ એમીશન સિસ્ટમ કાર્યરત છે. બાકીના તમારા પ્રશ્ન અલગથી આપજો, હું તપાસ કરાવી લઇશ.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે પાયલોટ પ્રોજેક્ટ બનાવવાની વાત કરી, રાજકોટ, સુરત અને અમદાવાદ. તો મોરબી સિરામિક અને પેપરમિલના હિસાબે બહુ મોટું હબ છે તો તેને પાયલોટ પ્રોજેક્ટમાં લેવા માગો છો કે નહીં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સભ્યશ્રીનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : પાઇલોટ પ્રોજેક્ટમાં સફળ થઇ જાવ તો પછી બધા પ્રોજેક્ટ મૂકી દો. જ્યારે નાણાકીય વ્યવસ્થા હોય એ પ્રમાણે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે આ પ્રદૂષણવાળી ફેક્ટરીઓ અમદાવાદ શહેરમાં બંધ કરાવવામાં આવી છે? અને બંધ કરાવી છે તો ચાલુ કરાવવા માટે આ ગૃહનો કોઇ સભ્ય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજૂઆત કરવા જાય છે, એ મંત્રીશ્રીને ખ્યાલ હોય તો અમને જાણ કરે?

અધ્યક્ષશ્રી : એ કોર્પોરેશનના ઝઘડા અહીંયા ન લાવતા ભાઇ, જવાબ હોય તો આપો? (અંતરાય)

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : અલગથી આપજો. આપણે અલગથી બેસીને ચર્ચા કરીશું.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમારી વાત સાચી છે, એ હશે પરંતુ તેમની પાસે જવાબ નહીં હોય. ત્યાં કોર્પોરેશનમાં કોણે રજૂઆત કરી એ કોર્પોરેશનની માહિતી નહીં હોય એટલા માટે વાત છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નરોડાની અંદર કેમિકલ ફેક્ટરીઓ ખૂબ મોટી સંખ્યામાં આવેલી છે અને નરોડાથી દહેગામ રોડ છે એ માનવ વસાહત માટે નવો ડેવલપ થઇ રહ્યો છે, ત્યારે રાત્રે જે ઝેરી કેમિકલ છોડવામાં આવે છે તેના લીધે ઘણા વિસ્તારોમાં માણસોને શ્વાસ રૂંધાવાની તકલીફ

થાય છે અને સવારે ઉઠે ત્યારે તેમના પાર્કિંગમાં અનેક પ્રકારના કલર પડ્યા હોય છે. આ સર્વે જનતાના આરોગ્ય માટે ખૂબ ગંભીર વાત છે.આ બાબતમાં માનનીય મંત્રીશ્રી કંઇ પગલાં લેવાં માગે છે કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમીશન ટ્રેડિંગનો પ્રશ્ન છે તો માનનીય સભ્યશ્રી મને અલગથી નોટિસ આપે તો એના માટે વિચારણા કરીશ.

**આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ**

* ૬૮૭ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં એકપણ સિવિલ હોસ્પિટલ નથી તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ફાળવવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાસજ્જ જિલ્લા સિવિલ હોસ્પિટલ છે કે કેમ? અને જો નથી તો એના માટે સરકાર શું વિચારી રહી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં સમગ્ર આણંદ જિલ્લાની અંદર ગામડાઓથી માંડી અને તાલુકા મથક સુધી આપણી હોસ્પિટલો છે જ અને એમાં પણ પેટલાદ અને આણંદમાં જિલ્લા કક્ષાની હોસ્પિટલો છે, આણંદની અંદર ૧૦૦ બેડ સાથે અને વર્ગ-૧ અને વર્ગ-૨ના મહેકમ સાથે અને પેટલાદમાં પણ એ પ્રમાણે ૧૧૯ બેડ અને વર્ગ-૧ અને વર્ગ-૨ના મહેકમ સાથેની હોસ્પિટલો કાર્યરત છે. સાથે સાથે જ્યાં આગળ બાકીના તાલુકાઓમાં સી.એચ.સી. છે અને પી.એચ.સી. છે ત્યાં પણ જરૂરી માનવબળ ઉપલબ્ધ કરાવી જરૂરી સગવડ સાથે આપણા આખા જિલ્લામાં આરોગ્યની સુવિધાઓ આપણે આપી રહ્યા છીએ અને એમનો બીજો પ્રશ્ન કે આણંદ જિલ્લામાં તમે કોઇ હોસ્પિટલ ચાલુ કરવા માગો છો તો એ ચાલુ જ છે. સન ૨૦૦૯-૧૦ની અંદર પૂર્ણ જિલ્લા કક્ષાની જયારે નાવલી મુકામે હોસ્પિટલની દરખાસ્ત આવી એટલે લગભગ આણંદથી દસ કિલોમિટર દૂર આ જગ્યા હતી, વિવાદ થયો જગ્યા ફાળવાઇ નહીં અને ફાળવાઇ તો ત્યાં કાર્યાન્વિત થઇ શકે એવી કોઇ શકયતા નહોતી એટલે એ દરખાસ્ત ફ્લોપ થઇ એના પછી બીજી જગ્યા જે ગામની વચ્ચોવચ્ચ હતી એ ગામની વચ્ચોવચ્ચ જે જગ્યા હતી એ પણ સાંકડા રસ્તાઓ, કેનાલ, ક્રોસિંગ અને સાથેસાથે નગરપાલિકા પાસે કોઇપણ કાર્યક્રમ કરવો હોય તો કોઇ મોટું ગ્રાઉન્ડ શહેરની મધ્યમાં અને વચ્ચે હતું નહીં એના કારણે એ પણ દરખાસ્ત ફ્લોપ થઇ, પરંતુ એ દરમિયાન આપણે આણંદ નગરપાલિકા સાથે આપણે એમ.ઓ.યુ. કર્યા અને વર્ગ-૧ અને વર્ગ-૨નું સંપૂર્ણ મહેકમ અને સાથે ૧૦૦ બેડની વ્યવસ્થા આપણે ત્યાં કરી, અત્યારે આણંદની અંદર જે હોસ્પિટલ ચાલે છે એ સરકાર જ ચલાવે છે. માનવબળ પણ તેણે ઉપલબ્ધ કરાવ્યું છે, સાધનો પણ ત્યાં સરકારે પ્રોવાઇડ કર્યાં છે. સાથેસાથે જરૂરી દવાઓ, સગવડ અને સારવાર આપવા માટેનો તમામ ખર્ચો અત્યારે સરકાર કરી રહી છે અને આપને અભિનંદન આપું ચિરાગભાઇ કે ટૂંક સમયમાં જગ્યા પણ નક્કી થઇ ગઇ છે, એનો ડી.પી.આર. બની રહ્યો છે અને ડી.પી.આર. બન્યા પછી ખૂબ જ ઝડપી એટલે કદાચ માર્ચ પછી તરત જ એના ટેન્ડરનું પ્રોસેસિંગ અને લગભગ હું માનું છું ત્યાં સુધી દિવાળી પહેલા પહેલા એનું ખાતમુહૂર્ત પણ આ સરકાર કરશે અને સન ૨૦૨૫ પહેલા ત્યાં આગળ સંપૂર્ણ જિલ્લા કક્ષાની હોસ્પિટલ થઇ શકશે અને આશરે ૧૮૦ કરોડ જેટલી આપણે એમાં જોગવાઇ કરી છે અને એમાં ૨૦૦ કરતા પણ વધારે બેડ આપણે ત્યાં બનાવી રહ્યા છીએ. વર્ગ-૧ અને વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪નું સંપૂર્ણ મહેકમ પણ આપણે મંજૂર કરી દીધું છે એટલે આણંદની અંદર જે હોસ્પિટલ અત્યારે સ્વયં સંચાલિત હતી, નગરપાલિકા સંચાલિત હતી એને સરકાર ચલાવી રહી છે અને ટૂંક સમયમાં આ હોસ્પિટલ માટેનું ટેન્ડર ફ્લોટ કરી અને આપણે કોન્ટ્રાકટર નક્કી કરી અને એ હોસ્પિટલ આપણે ચાલુ કરવા જઇ રહ્યા છીએ.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ મુખ્યમથક ખાતેની હોસ્પિટલમાં હાલમાં કેટલી પથારીની સુવિધા ઉપલબ્ધ છે? આ માટે સરકારશ્રીએ નવું મહેકમ મંજૂર કર્યું છે કે કેમ? બીજું, આણંદ જિલ્લા ખાતે પેટા સરકારી હોસ્પિટલમાં હાલમાં કેટલી પથારીની સુવિધા ઉપલબ્ધ છે અને બીજું કે મારા વિસ્તારમાં અજરપુરા ખાતે અને ઉમરેઠ ખાતે બે હોસ્પિટલો બનવાની તૈયારી છે પણ બે વર્ષથી ખાતમુહૂર્ત કરી પડી રહ્યું છે અને કામ ચાલુ થયું નથી તો એ કામ કયારે ચાલુ કરવા માગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ મુખ્ય મથક ખાતેની હોસ્પિટલમાં ૧૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ છે અને સરકારશ્રીએ એનું જરૂરી મહેકમ ૨૦૧૭થી મંજૂર કરેલ છે. માનનીય શ્રી ગોવિંદભાઇએ વાત કરી કે એમના વિસ્તારમાં જે હોસ્પિટલો ચાલુ કરવાનો વિષય છે એમાં ઉમરેઠમાં અત્યારે હાલ ચાલુ છે એ આંકડા સહિત આપીશ તો એમને સંતોષ થશે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર સિવિલ પૂરતો છે. તમારી પાસે વિગતો હોય તો આપો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપને ત્યાં સી.એચ.સી., પી.એચ.સી. ઉમરેઠમાં ચાલુ છે એ બાંધકામો ક્યાંક જર્જરિત હશે તો નવું બનાવવા માટે અને હાલમાં ચાલુ પી.એચ.સી., સી.એચ.સી. કે સબ સેન્ટર છે એ બધાની કાર્યવાહી ચાલુ છે અને ટૂંક સમયમાં જ્યાં પણ જરૂરિયાત છે અને મંજૂર થયેલ છે અને જર્જરિત છે એ તમામ સારી કક્ષાની હોસ્પિટલો બનાવવા માટેની સરકારની કામગીરી ચાલુ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લા માટે ખૂબ અગત્યનો પ્રશ્ન છે. કારણ કે વર્ષ ૧૯૮૭માં આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. રાજ્યની નીતિ રહી છે કે દરેક જિલ્લામાં સંપૂર્ણ સુવિધાવાળી સિવિલ હોસ્પિટલ જિલ્લા મથકે હોવી જોઇએ. વર્ષ ૧૯૯૭થી આજ સુધી લગભગ ૨૫ વર્ષ પૂરા થયા, અનેક સરકારો બદલાઇ ગઇ, માનનીય શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા એ પછી માનનીય શ્રીમતી આનંદીબેન, ત્યારપછી શ્રી વિજયભાઇ, ત્યાર પછી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આવ્યા અને આપણે સરકારોના નામ પણ વાયબ્રન્ટ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત...(અંતરાય)

અધ્યક્ષશ્રી : સીધા મુદ્દા પર આવો ને?

શ્રી અમિત ચાવડા : માનનીય મંત્રીશ્રીએ જ કહ્યું. હું આ ગૃહમાં ૫ ટર્મથી આવું છું અને જ્યારથી ચૂંટાયો ત્યારથી પહેલા દિવસથી અમારા જિલ્લાના બધા જ ધારાસભ્યો, કોઇપણ પક્ષના ધારાસભ્ય હોય પણ દર વખતે રજૂઆત કરીએ છીએ કે જિલ્લામાં હોસ્પિટલ બને. વર્ષ ૨૦૦૯થી રાજ્ય સરકારે મંજૂરી આપી. દરેક બજેટમાં એના માટે જોગવાઇ થાય, અત્યાર સુધી ચાર વખત જગ્યાઓ બદલાઇ. એના માટે બે વખત તો ખાતમુહૂર્ત થયા. માનનીય મંત્રીશ્રી કહે છે કે શ્રી નીતિનભાઇ હતા એ વખતે ખાતમુહૂર્ત થયું છે. જગ્યા માટે અમે બધાએ સહમતિ આપી. જે મદદ કરવાની થાય એ પણ કરી. વહીવટી મંજૂરી પણ વર્ષ ૨૦૧૮માં લીધી ત્યારે ૭૧ કરોડ રૂપિયાની મંજૂરી લીધી. અત્યારે એસ.ઓ.આર. વધ્યા એટલે આ રકમ વધીને ૧૬૦ કરોડ રૂપિયા થઇ ગયા. મારી વિનંતી છે કે આપ આમાં સક્રિયતાથી ખાસ રસ લઇને ઝડપથી આની કાર્યવાહી થાય એવું કરો. આના માટે કોઇ ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ? કારણ કે ૨૫ વર્ષથી આની આ જ વાત સાંભળીએ છીએ. અનેક મંત્રીશ્રીઓ અને સરકારો બદલાઇ પણ આ જ વાત થાય છે. સિવિલ હોસ્પિટલ ત્યાં બનશે ? અને જો બનશે તો ક્યારે બનશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાત સાચી છે. બે વખત જગ્યા મંજૂર થઇ. કોઇકને કોઇક વિવાદ અને જગ્યાને લઇને પ્રતિકૂળતાના કારણે જગ્યાઓ બદલાઇ. વાત સાચી છે કે માનનીય શ્રી નીતિનભાઇ સાહેબે જે તે વખતે આ ગૃહમાં જાહેરાત કરી હતી. પરંતુ એ જગ્યા શહેરની વચ્ચોવચ્ચ હતી, ખૂબ વિરોધ થયો. નાની એમ્બ્યુલન્સ પણ લઇ જઇ શકાય નહીં. નગરપાલિકાને એના ઓબ્ઝર્વેશન હતા. કેનાલ હતી, રેલવે હતી આ બધા કારણે આ જગ્યા આપણે હવે કામધેનુ યુનિવર્સિટીની જગ્યા છે ત્યાં લગભગ ૯ એકરની જગ્યા ફાળવી છે. એમાં આપણે જોગવાઇ કરી દીધી છે. ડી.પી.આર. બનાવવાનું કામ આ બધું ચાલુ છે. જ્યારે અમે ખાતમુહૂર્ત કરીશું, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ખાતમુહૂર્ત કરશે ત્યારે અમિતભાઇ, આપને ચોક્કસ બોલાવીશું.

અધ્યક્ષશ્રી : પણ જલ્દી બોલાવજો. (અંતરાય) આપ બેસો, મેં મંજૂરી આપી નથી. આપ પણ બેસો. મંત્રીશ્રી, બીજા જવાબ વખતે આપી દેજો.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કેથલેબ છે એ ઘણા સમયથી એમ જ પડી છે તો કેથલેબ ક્યારે ચાલુ કરવા માગો છો? ત્યાંથી અમારે દર્દીઓને અમદાવાદ ટ્રાન્સફર કરવા પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ, આ રાજકોટનો પ્રશ્ન નથી. રાજકોટનો પ્રશ્ન આવે ત્યારે વાત કરજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની ધીરજનો અંત આવી ગયો છે. પરંતુ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં ખાતમુહૂર્ત કરીને જ્યારે તૈયાર થઇ જવાનું, ખાતમુહૂર્ત દિવાળની આસપાસ થઇ જાય અને ત્યાં દર્દી સારવાર લેતો થાય અને કોઇને પણ જરૂર પડે તો ચોક્કસ જિલ્લા સિવિલ હોસ્પિટલ મોકલજો.

અધ્યક્ષશ્રી : કોઇને પણ જરૂર ના પડે એવી આપણે આશા રાખીએ. પ્રશ્ન ક્રમાંક : ૬.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કીધું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં પ્રશ્ન ક્રમાંક : ૬ મૂવ કરી દીધો છે પછી તમે વ્યક્તિગત મળજો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે સ્વાગત કરવા પણ આવીશું. તમારા વિલંબના કારણે કોરોનામાં (અંતરાય)...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક : ૬, તમે ભાઇ, બેસો. પોલિટિકલી તમે ના લેશો. (અંતરાય)

**નર્મદા અને દાહોદ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોનું મહેકમ**

* ૨૮ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને દાહોદ જિલ્લાની સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ડૉકટરોનું મંજૂર | (૧) અને (૨) સામેલ પત્રક-૧ અને પત્રક-૨ મુજબ. |

મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે ? (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન નર્મદા અને દાહોદ જિલ્લા માટે ખૂબ અગત્યનો પ્રશ્ન છે. પછાત જિલ્લામાં જ્યારે દાહોદ અને નર્મદા જિલ્લાની ગણના થતી હોય ત્યારે આ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. આઝાદીના ૭૫ વર્ષના વહાણાં વીતી ગયા અને જ્યારે સરકાર અમૃતકાળનો ઉત્સવ મનાવી રહી છે ત્યારે અમે પણ માનીએ છીએ કે ગૌરવ લેવું જ જોઇએ અને મનાવવું જ જોઇએ. પરંતુ સાહેબ, વાસ્તવિકતા કાંઇક અલગ છે અને એ સત્ય પણ આપણે બધાએ સ્વીકારવું પડશે. નર્મદા જિલ્લામાં વર્ગ-૧ ના મહેકમ પ્રમાણે ભરતીની જગ્યાની વાત કરું તો ૨૦ ટકા જ જગ્યા ભરાયેલી છે ૮૦ ટકા જગ્યા ખાલી છે. એવી રીતે વર્ગ-૨ ની પણ વાત કરું તો એમાં પણ એવી રીતના ઘણી જગ્યાઓ ખાલી છે તો એ જગ્યાઓ ક્યારે ભરાશે? એ મારો પ્રશ્ન હતો. અને બીજો પ્રશ્ન, સબડિસ્ટ્રિક્ટ ડેડિયાપાડા ખાતેનું બિલ્ડિંગ છેલ્લા બે વર્ષથી તૈયાર પડેલું છે તો માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બિલ્ડિંગ પૂરા મહેકમ અને સાધનો સાથે ક્યારે શરૂ થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સાચી છે. દાહોદ અને નર્મદા આ બંને જે આદિવાસી જિલ્લાઓ છે. પછાત રિમોટ વિસ્તારની અંદર આવેલા જિલ્લા છે. એટલે સ્વાભાવિક છે કે સરકારે પણ એના ઉપર લક્ષ્ય લઇને આકાંક્ષિત જિલ્લા તરીકે એને જાહેર પણ કરેલા છે. લગભગ આપ ચૈતરભાઇ નહીં માનો પરંતુ અત્યાર સુધીમાં સરકારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે તો એ પણ માનશે. તમ તમારે કહો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૩ કે ૧૫૪ જેટલા વર્ગ-૧ના અધિકારીઓની ત્યાં નિમણૂક આપણે ત્યાં કરી ચૂક્યા છીએ. પરંતુ ક્યાંક ને ક્યાંક વર્ગ-૧ના ડોક્ટરોની આપણે ત્યાં અછત છે. જગ્યાઓ વધારે છે અને એના કારણે ત્યાં આગળ ડોક્ટરો હાજર નથી થતાં કાં તો હાજર થયા પછી ટૂંક સમયમાં છોડી દે છે એના કારણે આપણે વર્ગ-૧ ની સંખ્યા ભરી શક્યા નહતા. પરંતુ આપણને સૌને ગૌરવ થાય કે આ વખત આપણે વર્ગ-૨માં ૨૫૦૦ બોન્ડેડ ડોક્ટર વર્ગ-૨માં ૧૦૦૦ થી વધારે ડોક્ટરોની જી.પી.એસ.સી. દ્વારા ચયન પ્રક્રિયા ચાલુ છે. એટલે જેવા જી.પી.એસ.સી. પસંદ કરીને આપશે એટલે વર્ગ-૧માં પણ ભરી દઇશું અને આ વર્ષે આપણને સી.પી.એસ. અને પી.જી. બોન્ડેડ લગભગ ૪૦૦ જેટલા ડોક્ટર નવા મળવાના છે એટલે એ આખા રાજ્યની અંદર સાહેબ, હમણાં જ મેં એક ફાઇલ ક્લિઅર કરી તો એમાં લગભગ ૪૯ જેટલા વર્ગ-૧ના ડોક્ટરોની નિમણૂક કરી છે અને એ આખા ગુજરાતમાં જવાના છે. એવી જ રીતે જેવા બોન્ડેડ અને સી.પી.એસ. ના ડોક્ટરો મળશે એની સાથે જ આપણે એમની નિમણૂક આપવાની પ્રક્રિયા ચાલુ કરીશું અને સાહેબ, આખા રાજ્યની અંદર મેડિકલ કોલેજોના કારણે જે સિટોનો વધારો થયો એના કારણે એમ.બી.બી.એસ. વર્ગ-૨ના ડોક્ટરો આપણને મળી રહ્યાં છે. પરંતુ સરકાર અત્યારે એ દિશામાં છે કે આવતા સમયમાં વર્ગ-૧ના સી.પી.એસ.ના અને જેને સ્પેશ્યલાઇઝ કહી શકાય એવા ડોક્ટરો એમ.ડી., એમ.એસ. અથવા તો કોઇ સ્પેશ્યલ બ્રાંચમાં થયેલા હોય એવા ડોક્ટરો પણ એવી સીટો અહીંયા વધે એના માટેનો સતત પ્રયાસ કર્યો છે. ચાલુ વર્ષે લગભગ ૨૩૦૦થી ૨૪૦૦ જેટલા વર્ગ-૧ના ડોક્ટરો આપણને મળવાના છે અને સાથે સી.પી.એસ. ડોક્ટર. એટલે ક્રમશ: આવતા વર્ષોની અંદર જેમ જેમ આપણને વર્ગ-૧ના ડોક્ટરો મળતા થાય અને હવે તો એમ.બી.બી.એસ. મેડિકલ ઓફિસર આપણે દરેક જગ્યાએ મૂકી શકીએ એવી પોઝિશનમાં આવી ગયા છીએ અને ટૂંક સમયમાં ખૂબ ઝડપથી બે-ત્રણ વર્ષની અંદર પણ વર્ગ-૧ના આપણી પાસે ડોક્ટરો છે અને સી.પી.એસ.ને પણ અત્યારે આપણે વર્ગ-૧માં નકકી કર્યા છે. સી.પી.એસ. પાસ થયેલ ઉમેદવાર હોય તો એને વર્ગ-૧માં ગણીને એની સેવાઓ લઇએ છીએ એટલે ખૂબ ઝડપથી આખા રાજ્યની અંદર અને ખાસ કરીને દુરદરાજના જે વિસ્તાર છે દરિયાકાંઠાના જે વિસ્તાર છે ત્યાં પણ આપણે ઝડપથી ડોકટરો મૂકી વર્ગ-૧, વર્ગ-૨ અને બાકીનું મહેકમ પણ ઝડપથી પૂરું થાય એની પ્રક્રિયામાં છીએ અને સાથેસાથે રાજપીપળાની અંદર આપણે મેડિકલ કોલેજ આપી છે. દાહોદની અંદર પણ ઝાયડસ મેડિકલ કોલેજ છે અને ત્યાં હજારોની સંખ્યામાં દર્દીઓ આવે છે. એમાં ઇન્ડોર પેશન્ટ હોય, ઓ.પી.ડી. હોય અને સર્જરી થતી હોય. ખૂબ મોટી સંખ્યા આ સેવાઓ આ બંને જિલ્લા મથકોએ આપી રહ્યા છીએ.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે રાજ્યમાં વર્ગ-૧ અને વર્ગ-૨માં ડોકટરોની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે? નર્મદા અને દાહોદ જેવા આકાંક્ષી જિલ્લાઓમાં પૂરતા પ્રમાણમાં ડોકટરો ઉપલબ્ધ થાય તે માટે ડોકટરોને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રીએ કોઇ વિચારણા કરેલ છે કે કેમ?

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચનના સ્વરૂપે છે પણ રાજય સરકાર સમગ્ર રાજય માટે આરોગ્ય માટે ખૂબ સંવેદનશીલ છે અને આ વખતે પણ લગભગ ૨૩ ટકાના વધારા સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ રાજયના લોકોનું આરોગ્ય જળવાય એના માટેનો વધારો પણ કર્યો છે અને સાથેસાથે પાંચથી દશ લાખ જે પહેલા આપણે પાંચ લાખની સગવડ આપતા હતા આયુષ્યમાન કાર્ડમાં હવે આપણે દશ લાખની કરીએ છીએ. આમ તો સૂચન છે એમનું પણ છતાંય એ બાબતમાં સરકાર ગંભીરતાથી ધ્યાનમાં લઇ રહી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદા, દાહોદ એ આદિવાસી વિસ્તાર છે, આદિવાસી જિલ્લો છે એની સી.એચ.સી. પી.એચ.સી. અને કોટેજ હોસ્પિટલમાં એમ.આર.આઇ.નાં મશીનો, સીટી સ્કેનનાં મશીનો અને ડાયાલીસીસનાં મશીનો છે કે કેમ? જો આ મશીનો છે તો એ કાર્યરત છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી. સી.એચ.સી. અને ડિસ્ટ્રિકટ હોસ્પિટલ સુધીની શ્રેણીમાં પી.એચ.સી.માં અમુક પ્રકારના અમુક ટેસ્ટ થતા હોય, અમુક પ્રકારના સાધનો હોય. સી.એચ.સી.માં એના કરતા વધારે ટેસ્ટ થતા હોય, વધારે સાધનો હોય આમ આપણે બધા ક્રાઈટેરિયાની યાદી બનાવી છે કયાં કયા સાધનો કેટલા ગોઠવાય એ પ્રમાણેની વ્યવસ્થાઓ આપણે ડિસ્ટ્રિકટ હોસ્પિટલ સુધીની કરેલી છે એ જ પ્રમાણે કદાચ કયાંક જૂના થયા હોય, કયાંક ખૂટતા હોય તો સરકાર નિયમિત એનું ઇન્સ્પેકશન કરીને મૂકવાની વ્યવસ્થા કરતી જ હોય છે અને કદાચ ત્યાં સી.એચ.સી.માં જે નોર્મ્સ પ્રમાણે જરૂરી જે સાધનો છે એ બાકી રહી જતા હોય તો અમારું ધ્યાન ચોક્કસ દોરજો. સૂચન કરજો તો ચોકકસ એ સી.એચ.સી. અથવા તો પી.એચ.સી.માં એ સાધનો પણ પ્રોવાઇડ કરવાનો સરકાર ૧૦૦ ટકા પ્રયત્ન કરશે અને સાથે સાથે એમણે કહ્યું કે બે કોલેજો આપેલી છે એટલે ત્યાં આગળ લોકો અને દર્દીઓનો ફ્લો હોય જ એટલે જિલ્લા મથકે આપણે સગવડ અને સારવાર આપીએ છીએ.

### ભિલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૪ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૮૫ |
| ૨૦૨૨-૨૩ | ૫૮૨ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૬.૩૮ |
| ૨૦૨૨-૨૩ | ૩૫૨.૧૨ |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કેટલા હેકટર રોપાનું વાવેતર કરવામાં આવ્યું? અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકામાં વાવેતરના લક્ષ્યાંકની સ્થિતિ છે એમાં ૨૦૨૨-૨૩માં ૪૮૫ હેકટરનો લક્ષ્યાંક હતો એમાં ૨.૧૩ લાખ રોપાનું વાવેતર કર્યું અને એની ભૌતિક સિદ્ધિ ૪૮૫ હેકટર અને ૨.૧૩ લાખ રોપાની સિદ્ધિ હાંસલ કરી છે ૨૦૨૨-૨૩ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી ૫૮૨ હેકટરનો લક્ષ્યાંક હતો અને તેમાં ૩.૪૨ લાખ રોપાનું વાવેતર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. તેની ભૌતિક સિદ્ધિ જોઇએ તો ૫૮૨ હેકટર વિસ્તારની છે. રોપાની સિદ્ધિ ૩.૪૨ લાખની છે. આમ બે વર્ષમાં કુલ ૧૦૬૭ હેકટર વિસ્તારમાં વાવેતર કરવાનું હતું અને તેમાં ૫.૫૫ લાખ રોપાનું વાવેતર કરવાનું હતું. તેમાં લક્ષ્યાંક સો ટકા સિદ્ધ થયેલ છે. તેમાં ખર્ચ જોઇએ તો વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ૧૩૨.૮૮ લાખ અને વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂપિયા ૨૩૮.૨૩ લાખનો ખર્ચ થયો છે. કુલ ખર્ચ જોઇએ તો વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૩૫૨.૧૨ લાખ છે. આમ, વાવેતરની કામગીરી માટે અલગ અલગ રીતે ખર્ચ થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૯૨.૮૧ વાવેતર માટે ખર્ચ થયો છે. જાળવણી માટે રૂપિયા ૪૦.૭૯ લાખનો ખર્ચ થયો છે. આમ, કુલ રૂપિયા ૨૬૬.૪૮ લાખનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષમાં થયો છે. વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂપિયા ૩૫૨ લાખમાંથી વાવેતરની કામગીરી માટે રૂપિયા ૧૧૩ લાખનો ખર્ચ થયો છે.

અધ્યક્ષશ્રી : વધારે લાંબુ હોય તો પછી ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, પૂરું થઇ ગયું. આમાં ખાડા ખોદવા, રક્ષણ વાડ, નર્સરીનાં કામો માટે આ ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના મંદિરમાં પ્રથમ વખત પ્રશ્ન પૂછવાની આ તક મળી છે તે માટે હું આપનો, ગૃહના નેતા અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, સૌ મંત્રીશ્રીઓ,

ધારાસભ્યશ્રીઓ અને ગૃહમાં ઉપસ્થિત તમામ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપના માધ્યમથી માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીને એ પ્રશ્ન પૂછવા માગું છું અને જાણવા માગું છું કે, ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ કયા કયા પ્રકારની કામગીરી કરવામાં આવે છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વનોનું સંરક્ષણ, વન વિસ્તારોમાં નવા રોપાનું વાવેતર તેમજ જૂના રોપાની જાળવણી, ઘાસ સુધારણા અંતર્ગત વાવેતર, ઘાસનું એકત્રીકરણ કરવાનું કામ, વન વિસ્તારમાં ભૂમિ અને ભેજની સંરક્ષણની કામગીરી, સહભાગી વન વ્યવસ્થા હેઠળ સમિતિના સભ્યો માટે ઇકોનોમી રિપોર્ટની એક્ટિવિટી, દવ નિયંત્રણની કામગીરી, એક્ઝિટ પોઇન્ટ એક્ટિવિટી, વાંસ સુધારણાની કામગીરી, આજીવિકા કૌશલ્યવર્ધન કેન્દ્રોની સ્થાપના અને ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ નો અમલ, વર્કીંગ પ્લાનનો અમલ અને ઉપજનું વેચાણ આ પ્રકારની કામગીરી કરવામાં આવે છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૮૫ હેક્ટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. અત્યારે ૨૦૨૨-૨૩નું વર્ષ ચાલે છે અને તેમાં પણ વાવેતર થઇ ગયું છે. જે ૪૮૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે તેમાં અત્યારે હાલ કેટલા રોપા હયાત છે અને કેટલી જગ્યાએ ફક્ત ખાડા છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, એવરેજ ૮૫થી ૮૭ ટકા જીવંત રહે છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં કહી શકાય એવું કરો તો તમારો જવાબ મળી જાય. સમય ઓછો છે એટલે.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, જે રોપાનું વાવેતર કરવામાં આવે છે તેમાંથી ૮૫થી ૮૭ ટકા રોપા જીવંત રહે છે. તમારે કોઇ પર્ટીક્યુલર માહિતી જોઇતી હોય તો મને આપજો. હું તેનો જવાબ આપીશ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાવેતર અને ખર્ચમાં વનીકરણમાં જે ખર્ચ થયો છે તેમાં કેટલો ખર્ચ ટેન્ડરથી કરવામાં આવ્યો અને જો વિભાગે જાતે ખર્ચ કર્યો હોય તો મનરેગાના કાર્ડ ધારકો પાસે કેટલું કામ કરાવવામાં આવ્યું, અને જો ના કરવામાં આવ્યું હોય તો કરાવવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વાવેતર થાય છે તેમાં રોજગારી આપવા માટે વાવેતર કરવામાં આવે છે. મજૂરો દ્વારા જ આ કામ કરવામાં આવતું હોય છે. કોઇ કામ ટેન્ડરથી કરવામાં આવ્યું નથી. બીજો પ્રશ્ન શું છે?

અધ્યક્ષશ્રી : તમારો બીજો પ્રશ્ન શું હતો?

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખર્ચ થયો છે તેમાં ટેન્ડર દ્વારા કરવામાં આવ્યો હોય તો તે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? બીજો પ્રશ્ન એ હતો કે મનરેગાના કાર્ડ ધારક પાસેથી.....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**દહેગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૪.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૮.૦૦ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦.૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૨૨.૬૫ |

---------

**રાજકોટ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૦ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૦.૦૦ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪.૯૨ |
| ૨૦૨૨-૨૩ | ૧૪.૧૦ |

---------

**માણાવદર તાલુકામાં દૂર કરેલ ગાંડા બાવળો**

૧૧ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકામાંથી કેટલા ગાંડા બાવળો દૂર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો અને હજુ કેટલા વિસ્તારમાં ગાંડા બાવળો દૂર કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨) ગાંડા બાવળ દૂર કરવા અંગેની કોઈ યોજના વન વિભાગ હેઠળ અમલીકૃત ના હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૨ **શ્રી રમેશભાઈ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૨.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૨.૦૦ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨.૫૯ |
| ૨૦૨૨-૨૩ | ૧૬.૪૩ |

---------

**રાજ્યમાં ગેરકાયદે સો-મીલ**

૫૫૨ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગેરકાયદે સો-મીલો ચાલે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે સો-મીલના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે. ?

**જવાબ**

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં દરિયા કિનારે વ્હેલશાર્કને બચાવવા યોજના**

૪૧૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે મળતી વ્હેલશાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો સદર યોજનાની જોગવાઈ શું છે,

(૨) સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫-૦૩-૨૦૧૨ના ઠરાવ મુજબ નેટ (જાળ) માં ફસાઈ ગયેલ વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ) ને થયેલ કુલ નુકસાન અથવા તો રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલશાર્ક બચાવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ અંતર્ગત નીચે મુજબ વ્હેલશાર્ક બચાવવામાં આવેલ છે.

| વર્ષ | બચાવવામાં આવેલ વ્હેલશાર્ક |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૫૦ |
| ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | ૪૧ |

(૪) ઉક્ત યોજના પેટે છેલ્લા બે વર્ષમાં કેટલું વળતર ચૂકવેલ છે ?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત નીચે મુજબ વળતર ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | ચૂકવેલ વળતર (રૂ.લાખમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૫.૦૯ |
| ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | ૪.૨૨ |

---------

## લીમખેડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

૪૩૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૨૬૫ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૫૨.૪૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૭૨.૭૭ |

---------

## અબડાસા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

૪૩૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭૧.૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | |

| | |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૦૧.૦૦ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૩૭.૬૩ |
| ૨૦૨૨-૨૩ | ૧૩૯.૬૩ |

- - - - - - - - -

**આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસી સુવિધાઓ**

૩૯૬ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે બે ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>• ફેઝ-૧ અંતર્ગત માળખાકીય સુવિધાઓ જેવી કે નવીન પાર્કીંગ, ટિકિટ બુકિંગ સેન્ટર, ઈન્ટરપ્રીટિશન સેન્ટર, સોવેનિયર શોપ, રેક્રિએશન ઝોન, ફૂડ કોર્ટ, એમ્ફીથિયેટર, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા તથા ગઝેબોની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>• ફેઝ-૨ અંતર્ગત સ્કલ્પચર તથા ગેટની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે, જે અંતર્ગત ૩ ગેટ, લાયન, લેપર્ડ, ડીયર સ્કલ્પચર, આર્ટીફેક્ટસ અને સાઈનેઝીસ, કલર બટરફલાય તથા ફેબ્રિકેટ મેટલ ફેન્સીંગનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૪૨૬.૫૭ લાખ. |

- - - - - - - - -

**વડનગરમાં પ્રવાસન વિકાસ માટે ગ્રાન્ટ**

૩૯૮ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે.<br>૧. વડનગર ખાતે પ્રેરણા સ્કૂલની કામગીરી.<br>૨. ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટરના વિકાસની કામગીરી.<br>૩. અંબાજી કોઠા તળાવના વિકાસની કામગીરી.<br>૪. હોટેલ તોરણના વિકાસની કામગીરી. |

| | |
|---|---|
| | ૫. વોચ ટાવર ખાતે આર્ટ ગેલેરીના વિકાસની કામગીરી. |
| | ૬. વડનગર ખાતે અગાઉ વિકસાવેલ પ્રવાસન આકર્ષણોના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી. |
| (૩) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૭૫૯.૯૦ લાખ. |

- - - - - - - - -

**સાણંદ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ**

૪૦૧ **શ્રી કનુભાઈ પટેલ**(સાણંદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૮,૭૨,૦૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૧૯-૦૫-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી ઈજનેર કોલેજોનું મંજૂર મહેકમ**

૨૧૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ |
|---|---|---|
| ૫૩૪ | ૧૪૬૭ | ૪૭૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ગ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૨૬ | ૩૦૮ |
| વર્ગ-૨ | ૧૨૭૮ | ૧૮૯ |
| વર્ગ-૩ | ૧૬૮ | ૩૧૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) વહીવટી અનુકૂળતાએ.

- - - - - - - - -

**રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ**

૪૪૧ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કઈ યોજના અમલમાં છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ તેમજ બિન-નફાકીય સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે પ્લાન્ટના કુલ ખર્ચના ૭૫% તેમજ નફો કરતી સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે કુલ ખર્ચનાં ૫૦% નાણાકીય સહાયની યોજના અમલમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટની સ્થાપના યોજના હેઠળ ક્યા પ્રકારની અને કેટલી સંસ્થાઓમાં આ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૨૦ ગૌશાળાઓમાં તેમજ ૧ પાંજરાપોળમાં, ૦૩ શૈક્ષણિક સંસ્થાઓમાં, ૧૩ ચેરિટેબલ ટ્રસ્ટમાં અને ૦૪ |

છે ?

અન્ય સંસ્થાઓમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

- - - - - - - - -

**ધરમપુર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ**

૪૩૫ **શ્રી અરવિંદ પટેલ** (ધમરપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૬૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૭૯૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૨૪.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮૪.૫૬ |

- - - - - - - - -

**વિજાપુર તાલુકામાં ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

૨૬૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

(૨) તબીબી અધિકારી વર્ગ-૨ સરકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવે છે.

સરકારી મેડિકલ કોલેજ, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ તથા સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજો ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કરેલ એમ.બી.બી.એસ. બોન્ડેડ ઉમેદવારોનું અધિક નિયામકશ્રી (ત.શિ.), ગાંધીનગર દ્વારા સ્ટેટ મેરીટ મળ્યેથી તેઓને બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૪૨૦૧૪/૨૪/ત-૧, તા.૦૬-૦૯-૨૦૧૪ ઠરાવથી ''કોલેજ ઓફ ફીઝીશીયન એન્ડ સર્જન્સ'' સીપીએસ પીજી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ તબીબોને ગુજરાત મેડિકલ કાઉન્સીલના પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનના આધારે એક વર્ષ માટે ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારી વર્ગ-૨ તરીકે નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ભરી શકાશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ

ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ ઉપર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-૧**

**વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | ફુલુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૨ | વિજાપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૩ | લાડોલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૪ | પામોલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૫ | પીલવાઈ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૬ | સરદારપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૭ | સોખડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૮ | વસઈ (ડાભલા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૯ | દગાવડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| **તાલુકાનું કુલ** | | **૯** | **૯** | **૦** | **૯** | **૮** | **૧** | **૯** | **૮** | **૧** | **0** | **૦** | **૦** | **૯** | **૦** | **૯** | **૯** | **૦** | **૯** | **૯** | **૦** | **૯** | **૧૮** | **૧૮** | **૦** |

- - - - - - - - -

**બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ ઓફિસર**

૩૧૨ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાના કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી મેડિકલ ઓફિસરની નિમણૂક થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કાયમી મેડિકલ ઓફિસરની જગા ખાલી છે અને તે ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ૩૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને અમદાવાદ જિલ્લાના ૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કાયમી મેડિકલ ઓફિસરની નિમણૂક કરેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૮૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને અમદાવાદ જિલ્લાના ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાયમી મેડિકલ ઓફિસરની જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ ઉપર બોન્ડેડ/કરાર આધારિત/સી.પી.એસ. મેડિકલ ઓફિસરને નિમણૂક આપી કામગીરી લેવામાં આવે છે, અને નિમણૂકોનો અસ્વિકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે આ જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે.

- - - - - - - - -

**ધોળકા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૬ **શ્રી કિરિટસિંહ ડાભી** ( ધોળકા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૯.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૭.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૫.૧૭ |
| ૨૦૨૨-૨૩ | ૪૬.૪૫ |

- - - - - - - - -

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ અને સુરત જિલ્લામાં એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ**

૬૮૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફિકેટ અંગે કેટલી કંપનીઓની તપાસ કરવામાં આવી, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં બોર્ડ દ્વારા વિવિધ સંદર્ભે/વિષય અન્વયે કુલ ૭૭૮૯ ઉદ્યોગોની તપાસ કરવામાં આવી હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કંપનીઓ એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફિકેટ વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૩ (ત્રણ) કંપનીઓ તપાસ દરમિયાન એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફિકેટની આવશ્યકતા હોવા છતાં તે વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ. |
| (૩)આ કંપનીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) આ કંપનીઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કલોઝર ડાયરેકશન, નોટીસ ઓફ ડાયરેકશન અને લીગલ નોટીશ પાઠવવામાં આવેલ. |

---------

**ભરૂચ જિલ્લામાં વાંસ સુધારણાની કામગીરી**

૪૨૫ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે તેમજ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને | (૧) ૪૦૦ હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ અને તેનાથી ઉત્પન્ન થયેલ ૧૪૬૦૮૧૩ નંગ વાંસનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૨.૦૦ લાખ. |

---------

**રાજ્યમાં ગેરકાયદે સો-મીલ**

૪૧૨ **ડૉ. હસમુખ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગેરકાયદે સો-મીલો ચાલે છે, અને | (૧) માહિતી શૂન્ય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે સો-મીલના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કાલોલ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ**

૪૩૦ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૬૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૩.૩૮ |

- - - - - - - - -

**લુણાવાડાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ**

૨૯૫ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ થતો નથી તે હકિક્ત સાચી છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ થતો નથી તે હકિક્ત ખોટી છે. લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં ''મા અમૃતમ'' યોજનાનો અમલ થાય છે. |
| (૨) જો હા તો, તેનો અમલ થાય તે માટે સરકારે શાં પગલા લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**દાહોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ**

૪૩૧ **શ્રી કનૈયાલાલ કિશોરી**(દાહોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૩૭ |
| ૨૦૨૨-૨૩ | ૩૮૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૮૫.૩૧ |
| ૨૦૨૨-૨૩ | ૫૦૭.૧૭ |

- - - - - - - - -

**રાજ્યમાં મારૂતિનંદન વન**

૪૧૯ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ''મારૂતિનંદન વન'' કયા વર્ષમાં અને કયા સ્થળે બનાવવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૨૧-૨૨માં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં કલગામ ખાતે. |
| (૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના આકર્ષણો રાખવામાં આવેલ છે, અને | (૨) આ વનમાં મુખ્યત્વે આકર્ષક પ્રવેશ દ્વાર, સેલ્ફી પોઈન્ટ, નવ ગ્રહ વન, રાશી વન, નક્ષત્ર વન, બાલ ક્રિડાંગણ, ભુલભુલૈયા વન, ફ્રેગ્રન્સ ગાર્ડન, સંજીવની વનમાં ચરક ઋષિની પ્રતિમા તેમજ વિવિધ પ્રકારના સ્કલ્પચર જેવા આકર્ષણ રાખેલ છે. |
| (૩) આ વનમાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ ઉક્ત સ્થળે મુલાકાત લીધેલ છે ? | (૩) ૧,૭૨,૮૩૧ |

- - - - - - - - -

**સુત્રાપાડા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ**

૪૦૦ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા | (૧) હા, જી. |

તાલુકામાં નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

(૨) રૂ.૭,૨૧,૪૩,૮૦૦/- ની વહીવટી મંજૂરી તા.૦૧-૦૬-૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**ધમણ-૧ અને ધમણ-૩ વેન્ટિલેટર**

૨૧૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ-૧ દાનમાં અને ધમણ-૩ ભારત સરકાર દ્વારા મેસર્સ એચ.એલ.એલ. લાઈફ કેર મારફતે કેટલા વેન્ટીલેટર મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે, અને

(૩) ધમણ-૧ અને ધમણ-૩ વેન્ટીલેટરના મેંઈટિનન્સ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સી, કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ધમણ-૧ નંગ-૮૬૬
ધમણ-૩ નંગ-૫૦૦

(૨) ધમણ-૧ ના ૬૬૬ નંગ કાર્યરત છે અને ધમણ-૩ ના ૪૯૦ નંગ કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ-૧ અને ધમણ-૩ વેન્ટીલેટરના મેઈંટિનન્સ માટે કોઈ પણ એજન્સી, કંપનીને કોઈપણ રકમની ચૂકવણી કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

**ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૪ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૨.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૫.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૦.૦૩ |
| ૨૦૨૨-૨૩ | ૨૨.૧૧ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક કેન્દ્રો**

૭૧ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | વડગામ | ૦૮ |
| ૨ | સુઈગામ | ૦૫ |
| ૩ | ભાભર | ૦૫ |
| ૪ | દાંતા | ૧૦ |

| | | |
|---|---|---|
| ૫ | દિયોદર | ૦૭ |
| ૬ | કાંકરેજ | ૧૨ |
| ૭ | પાલનપુર | ૧૦ |
| ૮ | ધાનેરા | ૦૯ |
| ૯ | દાંતીવાડા | ૦૬ |
| ૧૦ | ડીસા | ૧૩ |
| ૧૧ | વાવ | ૦૯ |
| ૧૨ | લાખણી | ૦૮ |
| ૧૩ | થરાદ | ૧૩ |
| ૧૪ | અમીરગઢ | ૦૭ |
| | **કુલ** | **૧૨૨** |

(૨) તે અન્વયે મંજૂર થયેલ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડૉક્ટર ઉપલબ્ધ થયેથી તુરત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે તેમજ જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

**પત્રક**

ભાગ - ૧

અતારાંકિત પ્રશ્નો

**ભાગ-૧તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર**

**પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | આયુર્વેદિક ડૉક્ટર | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અમીરગઢ | ૧૩ | ૧૦ | ૩ | ૨ | ૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૨ | ૧૨ | ૦ |
| ૨ | ભાભર | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | દાંતા | ૧૯ | ૧૩ | ૬ | ૫ | ૨ | ૩ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૪ | દાંતીવાડા | ૬ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૫ | ડીસા | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૬ | દિયોદર | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૭ | ધાનેરા | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૮ | કાંકરેજ | ૧૨ | ૯ | ૩ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૫ | ૫ | ૦ |
| ૯ | લાખણી | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૧૦ | ૯ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૮ | ૨ | ૧૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | સુઈગામ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૪ | ૧ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | થરાદ | ૧૨ | ૯ | ૩ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | વડગામ | ૮ | ૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૧૪ | વાવ | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૩૭** | **૧૧૬** | **૨૧** | **૮** | **૪** | **૪** | **૧૨૨** | **૧૧૯** | **૩** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૪૯** | **૪૯** | **૦** |

ભાગ-૨

**તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અમીરગઢ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| ૨ | ભાભર | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૩ | દાંતા | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૪ | દાંતીવાડા | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૧૨ | ૧૨ | ૦ |
| ૫ | ડીસા | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૨૬ | ૨૬ | ૦ |
| ૬ | દિયોદર | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| ૭ | ધાનેરા | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| ૮ | કાંકરેજ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૨૪ | ૨૪ | ૦ |
| ૯ | લાખણી | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૧૧ | સુઈગામ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૧૨ | થરાદ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૨૪ | ૨૪ | ૦ |
| ૧૩ | વડગામ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૧૬ | ૧૬ | ૦ |
| ૧૪ | વાવ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| | **કુલ** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૨૪૪** | **૨૪૪** | **૦** |

| વર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૨ | ૧૪૫ | ૧૨૦ | ૨૫ |
| વર્ગ-૩ | ૪૧૭ | ૪૧૨ | ૫ |
| વર્ગ-૪ | ૪૮૮ | ૪૮૮ | ૦ |
| **કુલ** | **૧૦૫૦** | **૧૦૨૦** | **૩૦** |

### વ્યારા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

૪૩૬ **શ્રી મોહનભાઈ કોંકણી (** વ્યારા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮૭ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૮૪.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૨૫૪.૮૫ |

---------

### રાજ્યમાં પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા

૪૪૨ **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૯૭૧૨.૦૬ મેગાવોટ અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૮૬૪૦.૨૦ મેગાવોટ છે.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૨૩.૨ ટકા છે.

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૧૩.૬ ટકા છે.

---------

### રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય

૪૧૪ **શ્રી અમીત શાહ** (એલીસબ્રિજ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો, ક્યારે અને કઈ બાબતો માટે સહાય

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુલાઈ-૨૦૨૨ના રોજ નીચે મુજબની બાબતો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| માંગવામાં આવી હતી, અને | માટે સહાય માંગવામાં આવેલ છે.<br>૧. માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન.<br>૨. આવાસ અને વસ્તી વ્યવસ્થાપન.<br>૩. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન.<br>૪. સર્વેલેન્સ અને મોનીટરીંગ.<br>૫. આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ.<br>૬. સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ.<br>૭. સિંહ મિત્રની યોજના.<br>૮. માહિતી, શિક્ષણ અને સંચાર.<br>૯. સંશોધન અને શિક્ષણ.<br>૧૦. મોનીટરીંગ અને મૂલ્યાંકન.<br>૧૧. ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન.<br>૧૨. ભાવિ આરોગ્ય/રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય મળેલ નથી. |

- - - - - - - - -

### ગીર વિસ્તારમાં સિંહોની વસ્તી

૪૧૭ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા**(માંગરોળ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની વસ્તી કુલ-૩૩૪ હોવાનું અંદાજવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી વસ્તી ગણતરી મુજબ સિંહોની વસ્તીમાં વધારો થયેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલો વધારો થયેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની વસ્તીમાં કુલ-૩૦ નો વધારો થયેલ છે. |

- - - - - - - - -

### ગુજરાતની પરંપરાગત લોકસંસ્કૃતિને જાળવવા માટે યોજના

૧૮૩ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતની પરંપરાગત લોકસંસ્કૃતિને જાળવી રાખવા અંગેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં છે, | (૨) અને (૩) પત્રક-અ સામેલ છે. |
| (૩) આ યોજના હેઠળ ગુજરાતના ક્યા ક્યા વિસ્તારને આવરી લેવામાં આવે છે, અને | |
| (૪) આ યોજના હેઠળ શો લાભ આપવામાં આવે છે ? | (૪) પત્રક-બ સામેલ છે. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

### નડાબેટ ખાતે પ્રવાસીઓની મુલાકાત

૩૯૪ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીમા દર્શન નડાબેટ ખાતે કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી, અને

(૧) ૫,૨૫,૮૧૪

(૨) નડાબેટ ખાતે વિકસાવેલ સુવિધાઓમાં મુખ્યત્વે કઈ કઈ સુવિધાઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે ?

(૨) નડાબેટ ખાતે વિકસાવેલ સુવિધાઓમાં મુખ્યત્વે નીચેની સુવિધાઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છેઃ

- સરહદ ગાથા મ્યુઝીયમ
- પરેડ ગ્રાઉન્ડ ખાતે જવાનો દ્વારા કરવામાં આવતી પરેડ
- અજય પ્રહરી સ્મારક
- ઝીરો પોઈન્ટ ખાતેની ભારત-પાકિસ્તાન બોર્ડર
- સાંજના સમયે ફસાડ લાઈટીંગ
- જુદા-જુદા સેલ્ફી પોઈન્ટ
- યુધ્ધમાં વપરાયેલ શસ્ત્રો
- વોચ ટાવર
- એડવેન્ચર તથા અન્ય એક્ટીવીટીઝ

---------

**રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ**

૫૩૩ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કઈ યોજના અમલમાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ તેમજ બિન-નફાકીય સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે પ્લાન્ટના કુલ ખર્ચના ૭૫% તેમજ નફો કરતી સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે કુલ ખર્ચનાં ૫૦% નાણાકીય સહાયની યોજના અમલમાં છે.

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટની સ્થાપના યોજના હેઠળ કયા પ્રકારની અને કેટલી સંસ્થાઓમાં આ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૨૦ ગૌશાળાઓમાં તેમજ ૧ પાંજરાપોળમાં, ૦૩ શૈક્ષણિક સંસ્થાઓમાં, ૧૩ ચેરિટેબલ ટ્રસ્ટમાં અને ૦૪ અન્ય સંસ્થાઓમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

---------

**સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી**

૫૪૫ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે મંજૂર કરેલ રૂ.૪૯૯૭.૨૬ લાખ સામે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજનામાં કેટલા પ્રોજેક્ટ માટે કેટલી રકમ મંજૂર કરી, અને

(૨) સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અન્વયે 'Development of Pilgrim Plaza with Queue Management Complex' માટે રૂ. ૪૯૯૭.૨૬ લાખ મંજૂર કરેલ છે.

(૩) મંજૂર કરેલ પ્રોજેક્ટ દીઠ કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવેલ છે ?

(૩) શૂન્ય.

---------

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં કાર્યરત બ્લડ બેંકો**

૬૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્યના દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે. તે વાત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો, હા તો તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા જિલ્લામાં કેટલી બ્લડ બેંકો કાર્યરત છે. અને | (૨) પત્રક-અ મુજબ. |
| (૩) કયા કયા જિલ્લામાં સરકારી બ્લડબેંકો નથી તથા આ જિલ્લામાં બ્લડ બેંકો નહિ હોવાના કારણો શા છે ? | (૩) પત્રક-બ મુજબના જિલ્લામાં સરકારી બ્લડબેંકો નથી, આ જિલ્લામાં રેડક્રોસ તથા ચેરીટેબલ ટ્રસ્ટની બ્લડબેંકો કાર્યરત છે, તબક્કાવાર સરકારી બ્લડ બેંકો કાર્યરત કરવામાં આવશે. |

**પત્રક-અ**

| | **જિલ્લો** | **બ્લડબેંકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૦ |
| ૨ | અમરેલી | ૨ |
| ૩ | આણંદ | ૭ |
| ૪ | અરવલ્લી | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૧૩ |
| ૬ | ભરૂચ | ૪ |
| ૭ | ભાવનગર | ૬ |
| ૮ | બોટાદ | ૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૧ |
| ૧૦ | દાહોદ | ૫ |
| ૧૧ | ડાંગ | ૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૫ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨ |
| ૧૫ | જામનગર | ૩ |
| ૧૬ | જૂનાગઢ | ૫ |
| ૧૭ | ખેડા | ૬ |
| ૧૮ | કચ્છ | ૫ |
| ૧૯ | મહિસાગર | ૧ |
| ૨૦ | મહેસાણા | ૬ |
| ૨૧ | મોરબી | ૨ |
| ૨૨ | નર્મદા | ૧ |
| ૨૩ | નવસારી | ૪ |
| ૨૪ | પંચમહાલ | ૪ |
| ૨૫ | પાટણ | ૭ |
| ૨૬ | પોરબંદર | ૩ |
| ૨૭ | રાજકોટ | ૧૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૬ |
| ૨૯ | સુરત | ૧૧ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૪ |

| | | |
|---|---|---|
| ૩૧ | તાપી | ૨ |
| ૩૨ | વડોદરા | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૬ |
| | **કુલ** | **૧૭૮** |

**પત્રક-બ**

| સરકારી બ્લડબેંક ન હોય તેવા જિલ્લાની સંખ્યા | |
|---|---|
| **ક્રમ** | **જિલ્લો** |
| ૧ | અમરેલી |
| ૨ | આણંદ |
| ૩ | અરવલ્લી |
| ૪ | બોટાદ |
| ૫ | છોટા ઉદેપુર |
| ૬ | દાહોદ |
| ૭ | ડાંગ |
| ૮ | ગીર સોમનાથ |
| ૯ | ખેડા |
| ૧૦ | મહિસાગર |
| ૧૧ | નર્મદા |
| ૧૨ | નવસારી |
| ૧૩ | તાપી |

- - - - - - - - -

**રાજ્યમાં પ્લાસ્ટિક કચરાને દૂર કરવા પગલાં**

૫૫૫ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિક કચરાંને દૂર કરવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિક કચરાંને દૂર કરવા રાજ્યમાં જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

(૨) ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન-૨૦૧૬ના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં, ૧૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો જેનું રાજ્યમાં અમલીકરણ કરવામાં આવેલ છે.

- રાજ્યમાં પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન-૨૦૧૬ નિયમોની બહોળી પ્રસિધ્ધિ અંતર્ગત પ્લાસ્ટિકના વપરાશને ઓછો કરવા તથા ૧ જુલાઈ ૨૦૨૨થી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ રોકવા દૈનિક સમાચાર પત્રો અને રેડિયોના માધ્યમથી જાહેર સૂચનો કરવામાં આવેલ છે.
- પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમોનું પાલન ન કરનાર એકમો વિરુદ્ધ બંધના આદેશો તથા Environment Damage Compensation ની વસૂલાત કરવામાં આવે છે.
- પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમોની EPR ની ગાઈડલાઈન અંતર્ગત ૨૨૪ ઉત્પાદકો, ૧૬૬

| | |
|---|---|
| | આયાતકરો, ૩૭ બ્રાન્ડ માલિકો તથા ૫૪૫ પ્લાસ્ટિક વેસ્ટ રીસાયકલરને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. |
| (૩)આ પગલાંથી રાજ્યની જનતાને શું ફાયદો થશે ? | (૩) રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઉપરોક્ત પગલાંઓથી રાજ્યમાં પ્લાસ્ટિક પ્રદુષણ ઓછુ થશે તથા પ્લાસ્ટિક વેસ્ટ રીસાયક્લીંગને વેગ મળશે. |

- - - - - - - - -

**રાજ્યમાં દરિયાકિનારે વ્હેલશાર્કને બચાવવા યોજના**

૫૫૧ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે મળતી વ્હેલ શાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મુકેલ છે, કે કેમ | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદર યોજનાની જોગવાઈ શું છે, | (૨) સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫-૦૩-૨૦૧૨ના ઠરાવ મુજબ નેટ (જાળ) માં ફસાઈ ગયેલ વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ) ને થયેલ કુલ નુકશાન અથવા તો રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઈ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલ શાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલશાર્ક બચાવવામાં આવી, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ અંતર્ગત નીચે મુજબ વ્હેલશાર્ક બચાવવામાં આવેલ છે. |

| **વર્ષ** | **બચાવવામાં આવેલ વ્હેલશાર્ક** |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૫૦ |
| ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | ૪૧ |

| | |
|---|---|
| (૪) ઉક્ત યોજના પેટે છેલ્લા બે વર્ષમાં કેટલું વળતર ચૂકવેલ છે ? | (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત નીચે મુજબ વળતર ચૂકવવામાં આવેલ છે. |

| **વર્ષ** | **ચૂકવેલ વળતર (રૂ.લાખમાં)** |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૫.૦૯ |
| ૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | ૪.૨૨ |

- - - - - - - - -

**રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના**

૫૫૩ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાગંધ્રા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) હવા પ્રદૂષણ નિયંત્રણ માટેનો પાયલોટ પ્રોજેક્ટ છે. |

- રાજ્યમાં હાલમાં ફક્ત સુરત ખાતે એમીશન ટ્રેડિંગ સ્કીમનો પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં છે.
- પાર્ટીક્યુલર મેટરના નિયંત્રણ માટે માર્કેટ આધારિત નિયમન અંગે વિશ્વમાં સૌ પ્રથમ પહેલ છે.
- સદર પાઈલોટ પ્રોજેક્ટ શિકાગો યુનિવર્સિટીના (EPIC), યેલ યુનિવર્સિટીના સંશોધનકારો તથા J-PAL ટીમની મદદથી અમલમાં મૂકાયો છે.
- આ પાઈલોટ પ્રોજેક્ટથી પોલ્યુટર પે પ્રિન્સિપલના આધારે પાર્ટીક્યુલેટ મેટરનું નિયત માત્રાથી વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગો(પરમીટ)એ ઓછું ઉત્સર્જન કરતાં ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદી કરવી પડે છે.
- પાઈલોટ પ્રોજેક્ટનું પ્રારંભિક અમલીકરણ સુરત ખાતે નક્કી કરેલ ૧૫૫ ઉદ્યોગોમાં ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શરૂ થયેલ. યોજનાના પ્રાયોગિક અભ્યાસના તારણ મુજબ આ યોજનાના અમલીકરણ કરતા ઉદ્યોગોમાં રહેલ ઉદ્યોગોમાં અન્ય ઉદ્યોગો કરતા આશરે ૨૦% જેટલો પાર્ટીક્યુલેટ મેટરના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે. વધુમાં યોજના થકી કન્ટીનીયુસ એમીશન મોનીટરીંગ સિસ્ટમ (CEMS) ના કારણે ઉદ્યોગોમાં સેલ્ફ રેગ્યુલેશન સુદ્રઢ થયેલ છે.
- સુરતમાં ETS પાઈલોટ પ્રોજેક્ટના સફળ પરિણામોને ધ્યાને લઈ અમદાવાદમાં આશરે ૨૦૨ ઉદ્યોગોમાં આ પાઈલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું નક્કી કરેલ છે. જેની કાર્યવાહી પ્રગતિમાં છે. અમદાવાદ ઔદ્યોગિક વસાહતો ખાતે ટ્રેડિંગ આગામી સમયમાં શરૂ થવાની શક્યતા છે.

(૩) આ યોજના ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં અમલમાં છે, અને

(૩) સુરત ખાતે અમલમાં છે અને અમદાવાદમાં અમલીકરણ થનાર છે.

(૪) ઉક્ત સ્થિતિએ આ યોજનાથી ઉદ્યોગોને શા લાભ થયેલ છે ?

(૪) આ પાઈલોટ પ્રોજેક્ટથી ઉદ્યોગોને ઓછા ખર્ચથી હવા પ્રદુષણ (પાર્ટીક્યુલર મેટર) ના નિયંત્રણમાં મદદ મળેલ છે.

- - - - - - - - -

**જલાલપોર તાલુકમાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૩ **શ્રી આર.સી.પટેલ** (જલાલપોર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તારમાં (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮.૦૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૯.૪૮ |

| | |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૮.૦૫ |

---------

**રાપર તાલુકમાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૭ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તારમાં (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૩.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૭.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૩.૩૬ |
| ૨૦૨૨-૨૩ | ૩૩.૬૨ |

---------

**સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી**

૩૯૩ **શ્રી ભગાભાઈ બારડ** (તલાલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજનામાં કેટલા પ્રોજેક્ટ માટે કેટલી રકમ મંજૂર કરી, અને

(૩) મંજૂર કરેલ પ્રોજેક્ટ દીઠ કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે મંજૂર કરેલ રૂ.૪૯૯૭.૨૬ લાખ સામે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) સોમનાથ વિકાસ માટે પ્રસાદ પરિયોજના અન્વયે 'Devlopment of Pilgrim Plaza with Queue Management Complex' માટે રૂ.૪૯૯૭.૨૬ લાખ મંજૂર કરેલ છે.

(૩) શૂન્ય.

---------

**રાજ્યમાં આવેલ રક્ષિત સ્મારકોની માવજત**

૧૬૮ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપુરા) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય રક્ષિત સ્મારકોની સંખ્યા કેટલી છે,

(૨) આ રક્ષિત સ્મારકો ક્યા ક્યા જિલ્લાઓમાં આવેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રક્ષિત સ્મારકોની માવજતની કામગીરી હાથ ધરવા અંગેની જરૂરિયાત કેવી રીતે નક્કી કરાય છે ?

**જવાબ**

(૧) ૩૬૩ રાજ્ય રક્ષિત સ્મારકો.

(૨) અમદાવાદ, અમરેલી, ગાંધીનગર, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, પાટણ, પોરબંદર, પંચમહાલ, મહિસાગર, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, મહેસાણા, રાજકોટ, મોરબી, વડોદરા, છોટા ઉદેપુર, વલસાડ, સાબરકાંઠા, અરવલ્લી, સુરત અને સુરેન્દ્રનગર.

(૩) આ બાબતે પુરાતત્વ અને સંગ્રહાલય ખાતામાં ઉપલબ્ધ તકનીકી મહેકમ દ્વારા સમયાંતરે સ્મારકોનાં નિરીક્ષણ બાદ થયેલ સુચનો બાદ પુરારક્ષણ/માવજતની કામગીરીની જરૂરિયાત અનુસાર વાર્ષિક બજેટમાં જોગવાઇ કરવામાં આવે છે, તદુપરાંત સમયાંતરે જરૂરી આવશ્યકતાને

અનુરૂપ પણ સ્મારકોની જાળવણી અંગે ખર્ચ કરવામાં આવે છે.

- - - - - - - - -

**આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસી સુવિધાઓ**

૫૪૮ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે સરકારશ્રી દ્વારા કોઇ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે બે ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છેઃ

- ફેઝ-૧ અંતર્ગત માળખાકીય સુવિધાઓ જેવી કે નવીન પાર્કીંગ, ટિકીટ બુકીંગ સેન્ટર, ઇન્ટરપ્રીટેશન સેન્ટર, સોવેનિયર શોપ, રેક્રિએશન ઝોન, ફૂડ કોર્ટ, એમ્ફીથિયેટર, ટોઇલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા તથા ગઝેબોની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ફેઝ-૨ અંતર્ગત સ્કલ્પચર તથા ગેટની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે, જે અંતર્ગત ૩ ગેટ, લાયન, લેપર્ડ, ડીયર સ્કલ્પચર, આર્ટીફિક્ટસ અને સાઇનેઝીસ, કલર બટરફ્લાય તથા ફેબ્રિકેટ મેટલ ફેન્સીંગનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) રૂ. ૪૨૬.૫૭ લાખ

- - - - - - - - -

**જૂનાગઢ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૨૧ **શ્રી સંજયભાઇ કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૩.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૭.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૧.૭૫ |
| ૨૦૨૨-૨૩ | ૨૨.૬૧ |

- - - - - - - - -

**જામનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ**

૪૧૦ **રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જામનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨) રૂ. ૭૯,૭૬,૨૭,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા. ૦૧-૦૬-૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે.

---------

**નાંદોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ**

૪૨૯ **ડૉ. દર્શના દેશમુખ (વસાવા)** (નાંદોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૩૫ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૮ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૫૫.૧૧ |
| ૨૦૨૨-૨૩ | ૩૩૩.૭૭ |

---------

**રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ**

૯૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ શું રાખવામાં આવ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફીમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત ફી વધારવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) પત્રક – ૧ સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ કોલેજોની ફી વધારવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક ૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી. યુ. શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| | કરમસદ | | | | | | |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ. એમ. કે. શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ. એન. ડી. દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

---------

## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય

૫૪૯ **શ્રી હીરાભાઇ સોલંકી** (રાજુલા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાંકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો ક્યારે અને કઇ બાબતો માટે સહાય માંગવામાં આવી હતી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુલાઇ ૨૦૨૨ના રોજ નીચે મુજબની બાબતો માટે સહાય માંગવામાં આવેલ છે.

૧. માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન.
૨. આવાસ અને વસ્તી વ્યવસ્થાપન.
૩. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન.
૪. સર્વેલેન્સ અને મોનીટરીંગ.
૫. આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ.
૬. સિંહોના સંભવિત રેહઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ.
૭. સિંહ મિત્રની યોજના.
૮. માહિતી, શિક્ષણ અને સંચાર.
૯. સંશોધન અને શિક્ષણ.
૧૦. મોનીટરીંગ અને મુલ્યાંકન

ता.२८मी फेब्रुआरी, २०२३

અતારાંકિત પ્રશ્નો

૧૧. ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન

૧૨. ભાવિ આરોગ્ય / રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી.

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઇ સહાય મળેલ નથી.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર ખાલી જગ્યાઓ**

૧૨ **શ્રી અરવિંદ લાડાણી** (માણાવદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત દર્શાવતુ પત્રક- ૧ સામેલ છે.

(૨) તબીબી અધિકારી વર્ગ-૨ સરકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂંક આપવામાં આવે છે.

સરકારી મેડિકલ કોલેજ, જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ તથા સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજો ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કરેલ એમ.બી.બી.એસ. બોન્ડેડ ઉમેદવારોનું અધિક નિયામકશ્રી (ત.શિ.), ગાંધીનગર દ્વારા સ્ટેટ મેરીટ મળ્યેથી તેઓને બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણુંક આપવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૪૨૦૧૪/૨૪/ત-૧, તા.૦૬-૦૯-૨૦૧૪ ઠરાવથી ''કોલેજ ઓફ ફીઝીશીયન એન્ડ સર્જન્સ'' સીપીએસ પીજી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ તબીબોને ગુજરાત મેડિકલ કાઉન્સીલના પ્રોવિઝનલ રજીસ્ટ્રેશનના આધારે એક વર્ષ માટે ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારી વર્ગ-૨ તરીકે નિમણુંક આપવાનું ઠરાવવામાં આવેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ભરી શકાશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઇ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ ઉપર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-૧**

**ભાગ-૧**

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબોરેટરી ટેક્નીશિયન | | | સ્ટાફ નર્સ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | ભેંસાણ | ૧ | ચુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨ | મેદપરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩ | રાણપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૨ | જૂનાગઢ | ૪ | બગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૫ | ડુંગરપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૬ | ખાડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | ૭ | મજેવડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૮ | વડાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૩ | કેશોદ | ૯ | અગતરાઈ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૦ | અજાબ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૧ | બાલાગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૨ | કેવાદ્રા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૩ | મેસવાણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૪ | માળીયા હાટીના | ૧૪ | અમરાપુર ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૫ | ભાડુરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૬ | ગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૭ | જુથળ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૮ | ખોરાસા ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૧૯ | કુકસવાડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૦** | **૦** | **૦** |
| ૫ | માણાવદર | ૨૦ | બાંટવા | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૧ | લીંબુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૨ | નાકરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૩ | સરદારગઢ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૩** | **૧** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૬ | માંગરોળ | ૨૪ | બગસરા (ઘેડ) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૫ | કકાણા (ખરેડા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૬ | મેખડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૭ | શીલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૭ | મેંદરડા | ૨૮ | દત્રાણા | | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૨૯ | ડેડાકીયાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૦ | સાસણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૧** | **૧** | **૦** |
| ૮ | વંથલી | ૩૧ | કણઝા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૨ | શાપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૩ | થાણાપીપલી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૦** | **૦** | **૦** |
| ૯ | વિસાવદર | ૩૪ | બરડીયા (ઈટાળા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૫ | ભાલગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબોરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| | | ૩૬ | કાલસરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૭ | કોટડા મોટા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ૩૮ | મોનપરી મોટી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૦** | **૦** | **૦** |
| | | | **જિલ્લાનું કુલ** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૮** | **૦** | **૩૮** | **૩૮** | **૦** | **૬** | **૬** | **૦** |

**ભાગ-૨**

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | બોર્ડ બોય | | | પાર્ટ ટાઇમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | ભેંસાણ | ૧ | ચુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨ | મેદપરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩ | રાણપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૨ | જૂનાગઢ | ૪ | બગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૫ | ડુંગરપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૬ | ખાડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૭ | મજેવડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૮ | વડાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૧૦** | **૦** |
| ૩ | કેશોદ | ૯ | અગતરાઈ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૦ | અજાબ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૧ | બાલાગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૨ | કેવાદ્રા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૩ | મેસવાણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૧૦** | **૦** |
| ૪ | માળીયા હાટીના | ૧૪ | અમરાપુર ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૫ | ભાડુરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૬ | ગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૭ | જુથળ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૮ | ખોરાસા ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૯ | કુકસવાડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૧૨** | **૧૨** | **૦** |
| ૫ | માણાવદર | ૨૦ | બાંટવા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૧ | લીંબુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૨ | નાકરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૩ | સરદારગઢ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૮** | **૮** | **૦** |
| ૬ | માંગરોળ | ૨૪ | બગસરા (ઘેડ) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૫ | કકાણા (ખરેડા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૬ | મેખડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૭ | શીલ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૪** | **૦** | **૪** | **૩** | **૧** | **૪** | **૪** | **૦** | **૮** | **૮** | **૦** |
| ૭. | મેંદરડા | ૨૮ | દત્રાણા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૯ | ડેડાકીયાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૦ | સાસણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૮ | વંથલી | ૩૧ | કણઝા | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૨ | શાપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | બોર્ડ બોય | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| | | ૩૩ | થાણાપીપલી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૨** | **૧** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૯ | વિસાવદર | ૩૪ | બરડીયા (ઈટાળા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ |
| | | ૩૫ | ભાલગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૬ | કાલસરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૭ | કોટડા મોટા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૮ | મોનપરી મોટી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૯** | **૧** |
| | | | **જિલ્લાનું કુલ** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૮** | **૦** | **૭૬** | **૭૫** | **૧** |

| સમરી | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ-૨ | ૩૮ | ૩૭ | ૧ |
| વર્ગ-૩ | ૧૨૦ | ૧૧૯ | ૧ |
| વર્ગ-૪ | ૧૫૨ | ૧૫૦ | ૨ |
| **કુલ** | **૩૧૦** | **૩૦૬** | **૪** |

---------

## ધમણ-૧ અને ધમણ-૩ વેન્ટિલેટર

૨૧૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ-૧ દાનમાં અને ધમણ-૩ ભારત સરકાર દ્વારા મેસર્સ એચ.એલ.એલ. લાઈફ કેર મારફતે કેટલા વેન્ટીલેટર મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે, અને

(૩) ધમણ-૧ અને ધમણ-૩માં આગ લાગવાના કેટલા બનાવો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાયા ?

**જવાબ**

(૧) ધમણ-૧ નંગ-૮૬૬
ધમણ-૩ નંગ-૫૦૦

(૨) ધમણ-૧ ના ૬૬૬ નંગ કાર્યરત છે અને ધમણ-૩ ના ૪૯૦ નંગ કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ-૧ અને ધમણ-૩ માં આગ લાગવાની કોઈ ઘટના બનવા પામેલ નથી.

---------

## વિજાપુર તાલુકામાં નવા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

૨૬૫ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં કેટલા નવા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ક્યારે શરૂ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ વિજાપુર તાલુકામાં કુલ કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને તે ક્યારથી કાર્યરત છે ?

**જવાબ**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર-૦૧
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-૦૨

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| કુલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો-૦૩ | | |
|---|---|---|
| **ક્રમ** | **સામૂહિક આરોગ્ય કેન્દ્ર** | **મંજૂરીનું વર્ષ અને કાર્યરત અંગેની વિગત** |
| ૧ | કોલવડા | તા.૦૧/૦૭/૧૯૯૧ |

| | | |
|---|---|---|
| ૨ | ખરોડ | તા.૦૨/૧૧/૨૦૨૨ |
| ૩ | કુકરવાડા | તા.૧૯/૦૧/૨૦૧૧ |
| ૪ | વિજાપુર | તા.૧૪/૧૧/૧૯૮૮ (સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ થયેલ છે) |

| કુલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-૦૯ | | |
|---|---|---|
| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | મંજૂરીનું વર્ષ અને કાર્યરત અંગેની વિગત |
| ૧ | ફલુ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૨ | વજાપુર | તા.૦૧/૧૧/૨૦૨૨ |
| ૩ | લાડોલ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૪ | પામોલ | તા.૧૭/૧૦/૨૦૧૭ |
| ૫ | પિલવાઈ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૬ | સરદારપુર | તા.૦૯/૦૨/૧૯૮૭ |
| ૭ | સોંખડા | તા.૨૫/૦૮/૨૦૧૧ |
| ૮ | વસઈ | તા.૧૦/૧૨/૧૯૮૬ |
| ૯ | દગાવાડીયા | તા.૦૧/૧૧/૨૦૨૨ |

- - - - - - - - -

**રાજ્યની એમબીબીએસની કોલેજોમાં ફીનું ધોરણ**

૩૧૩ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીના ધોરણમાં કેટલો વધારો નોંધાયો?

**જવાબ**

(૧)

| | ગવર્મેન્ટ ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | એન.આર.આઇ. ક્વોટા |
|---|---|---|---|
| સરકારી | રૂ.૨૫,૦૦૦/- વાર્ષિક | - | - |
| ગુજરાત મેડિકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં | રૂ.૩,૩૦,૦૦૦/- વાર્ષિક | રૂ.૯,૦૭,૫૦૦/- વાર્ષિક | $૨૨,૦૦૦ (યુ.એસ. ડોલર) અથવા સમકક્ષ વિદેશી ચલણ વાર્ષિક |
| ખાનગી | પત્રક-૧ સામેલ છે. | | |

(૨)

- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં કોઈ ફી વધારો કરવામાં આવેલ નથી.
- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોની ફીમાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે.

| કેટેગરી | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વધારેલ રકમ |
|---|---|---|---|
| ગવર્મેન્ટ ક્વોટા | રૂ.૩,૦૦,૦૦૦/- | રૂ.૩,૩૦,૦૦૦/- | રૂ.૩૦,૦૦૦/- |
| મેનેજમેન્ટ ક્વોટા | રૂ.૮,૨૫,૦૦૦/- | રૂ.૯,૦૭,૫૦૦/- | રૂ.૮૨,૫૦૦/- |
| એન.આર.આઇ. ક્વોટા | યુ.એસ. $૨૦,૦૦૦ | યુ.એસ. $૨૨,૦૦૦ | યુ.એસ. $૨૦૦૦ |

**પત્રક-૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| | સુરેન્દ્રનગર | | | | | | |
| ૩ | જી.સી.એસ. મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ.એમ.કે. શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં નવી સીવીલ હોસ્પિટલની કામગીરી**

૬૮૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નવી સીવીલ હોસ્પિટલ માટે જમીન ક્યાં અને કેટલી ફાળવવામાં આવેલ છે, | (૧) મહેસૂલ વિભાગના તા.૩૧-૧-૨૦૨૩ ના પત્રથી મોજે આણંદ શહેરમાં સર્વે નં.૧૩૨૫ વાળી હે.૪-૨૨-૮૧ વાળી જમીન પૈકી હે.૨-૯૭-૩૮ વાળી જમીન હોસ્પિટલ માટે મંજૂર કરેલ છે અને ફાળવણી કરવા કલેક્ટરશ્રી આણંદને જણાવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ નવી સીવીલ હોસ્પિટલ | (૨) સુધારેલ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |

બનાવવાની કામગીરી કયા તબક્કામાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કરવામાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

**લુણાવાડા તાલુકા ખાતે સીવીલ હોસ્પિટલનું બાંધકામ**

૨૯૬ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ સીવીલ હોસ્પિટલનું બાંધકામનું કામ ઘણા સમયથી બંધ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા તો આ કામગીરી ફરી ક્યારથી શરુ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં બીબીએ / બીસીએ કોલેજો**

૨૧૭ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી બીબીએ અને બીસીએ અભ્યાસક્રમની કોલેજો આવેલી છે, | (૧) બી.બી.એ.-૦૬ કોલેજો<br>બી.સી.એ.-૦૬ કોલેજો |
| (૨) ઉક્ત કોલેજો પૈકી કેટલી કોલેજો સરકારી અને કેટલી કોલેજો ખાનગી છે, | (૨) બી.બી.એ.-૦૬ કોલેજો પૈકી<br>સરકારી-૦૦<br>ખાનગી-૦૬<br>બી.સી.એ.-૦૬ કોલેજો પૈકી<br>સરકારી-૦૦<br>ખાનગી-૦૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ કોલેજોવાર કેટલી બેઠકો મંજૂર થયેલ છે, અને | (૩) પત્રક-૧ મુજબ |
| (૪) ઉક્ત મંજૂર થયેલ બેઠકો પૈકી કોલેજોવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો ભરાઈ અને કેટલી બેઠકો ખાલી રહી ? | (૪) પત્રક-૨ મુજબ |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં પ્લાસ્ટિક કચરાને દૂર કરવા પગલા**

૪૩૮ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપુરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિક કચરાને દૂર કરવા કોઇ પગલાં લીધેલ છે કે કેમ | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિક કચરાને દૂર કરવા રાજ્યમાં જરૂરી પગલાં લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લેવામાં આવેલ છે, અને | (૨)<br>• ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન-૨૦૧૬ના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં, ૧૨ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો જેનુ રાજ્યમાં અમલીકરણ કરવામાં આવેલ છે. |

- રાજ્યમાં પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન-૨૦૧૬ નિયમોની બહોળી પ્રસિદ્ધિ અંતર્ગત પ્લાસ્ટિકના વપરાશને ઓછો કરવા તથા ૧ જુલાઈ ૨૦૨૨ થી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ રોકવા દૈનિક સમાચાર પત્રો અને રેડિયોના માધ્યમથી જાહેર સૂચનો કરવામાં આવેલ છે.
- પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમોનું પાલન ન કરનાર એકમો વિરુદ્ધ બંધના આદેશો તથા Environment Damage Compensation ની વસૂલાત કરવામાં આવે છે.
- પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન નિયમોની EPR ની ગાઈડલાઈન અંતર્ગત ૨૨૪ ઉત્પાદકો, ૧૬૬ આયાતકારો, ૩૭ બ્રાન્ડ માલિકો તથા ૫૪૫ પ્લાસ્ટિક વેસ્ટ રીસાયક્લરને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે.

(૩) આ પગલાંથી રાજ્યની જનતાને શું ફાયદો થશે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઉપરોક્ત પગલાંઓથી રાજ્યમાં પ્લાસ્ટિક પ્રદુષણ ઓછુ થશે તથા પ્લાસ્ટિક વેસ્ટ રીસાયક્લીંગને વેગ મળશે.

---------

## રાજ્યની એમબીબીએસની કોલેજોમાં ફીનું ધોરણ

૯૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, અને

**જવાબ**

(૧)

| | ગવર્મેન્ટ ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | એન.આર.આઈ. ક્વોટા |
|---|---|---|---|
| સરકારી | રૂ.૨૫,૦૦૦/- વાર્ષિક | - | - |
| ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં | રૂ.૩,૩૦,૦૦૦/- વાર્ષિક | રૂ.૯,૦૭,૫૦૦/- વાર્ષિક | $૨૨,૦૦૦ (યુ.એસ. ડોલર) અથવા સમકક્ષ વિદેશી ચલણ વાર્ષિક |
| ખાનગી | પત્રક-૧ સામેલ છે. | | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોલેજોમાંથી ફી ન ભરી શકનાર કેટલા વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા?

(૨)

- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોલેજોમાંથી ફી ન ભરી શકનાર કોઈ પણ વિદ્યાર્થીનું એડમિશન રદ કરવામાં આવેલ નથી.

**પત્રક-૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| | મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત, | | | | | | |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ. મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ.એમ.કે. શાહ . મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

- - - - - - - - -

## રાજ્યમાં સિંહ / દિપડાના મૃત્યુ

૨૧૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ થયા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૩૨ | ૩૧ | ૬૧ | ૦ | ૧૨૪ | ૧૨૫ | ૫૪ | ૦ | ૧૭૯ |
| ૨૦૨૨ | ૨૧ | ૨૮ | ૬૨ | ૫ | ૧૧૬ | ૧૪૨ | ૪૬ | ૩ | ૧૯૧ |

(૨) ઉક્ત મૃત્યુ પૈકી સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ કુદરતી થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત મૃત્યુ પૈકી સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના કુદરતી અને અકુદરતી મૃત્યુની વિગત નીચે મુજબ છે.

**કુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૨૭ | ૨૫ | ૫૯ | ૦ | ૧૧૧ | ૮૫ | ૩૮ | ૦ | ૧૨૩ |
| ૨૦૨૨ | ૧૮ | ૨૪ | ૫૬ | ૫ | ૧૦૩ | ૧૦૦ | ૩૦ | ૩ | ૧૩૩ |

**અકુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૫ | ૬ | ૨ | ૦ | ૧૩ | ૪૦ | ૧૬ | ૦ | ૫૬ |
| ૨૦૨૨ | ૩ | ૪ | ૬ | ૦ | ૧૩ | ૪૨ | ૧૬ | ૦ | ૫૮ |

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલાં લીધા ?

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી મૃત્યુ અટકાવવા માટે સરકાર દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બિમારી અથવા અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફીસરની નિમણૂંક કરવામાં આવેલ છે તથા અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો અને સાઈન બોર્ડ મુકવામાં

આવેલ છે.

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે. વન્યપ્રાણીના રેસ્ક્યુ માટે રેપીડ એકશન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે. વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.
- અસુરક્ષિત ખુલ્લા કુવાઓને ફરતે પેરાપીટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરી મોનીટરીંગ કરવામાં આવે છે.
- ચેકીંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે તથા સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- રાજુલા-પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુ-બાજુ ચેઈનલીંગ ફેન્સીંગ કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં એઈમ્સ બનાવવાની કામગીરી**

૬૮૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકાર દ્વારા તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં એઈમ્સ બનાવવા માટે ક્યારે જાહેરાત કરવામાં આવેલ હતી, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની તા.૦૧-૦૨-૨૦૧૭ના રોજ અંદાજપત્ર પ્રવચનમાં માન. કેન્દ્રિય નાણાં મંત્રીશ્રી દ્વારા ગુજરાતને એઈમ્સ ફાળવવા જાહેરાત કરેલ હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જે-તે જિલ્લાઓમાં એઈમ્સ બનાવવા સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) શૈક્ષિણક વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારશ્રી દ્વારા મંજૂરી મળતાં રાજકોટ જિલ્લામાં ૫૦ બેઠકો સાથે એઈમ્સ મેડિકલ કોલેજ, રાજકોટ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૩) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા એઈમ્સની કામગીરી પેટે કુલ રૂ.૧૨.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.<br>તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભારત સરકાર દ્વારા એઈમ્સની કામગીરી પેટે કુલ રૂ.૪૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા સમયમાં એઈમ્સ કાર્યરત થનાર છે ? | (૪) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારશ્રી દ્વારા મંજૂરી મળતાં રાજકોટ જિલ્લામાં ૫૦ બેઠકો સાથે એઈમ્સ મેડિકલ કોલેજ, રાજકોટ શરૂ કરવામાં આવેલ છે. |

-------------

**ખાનપુર તાલુકામાં સરકારી કૉટેજ હોસ્પિટલ**

૨૯૭ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં સરકારી કોટેજ હોસ્પિટલની માંગણી કરતી કેટલી રજૂઆતો સરકારને મળી, અને | (૧) કોઈ રજૂઆત મળેલ નથી. |
| (૨) ઉક્ત મળેલ રજૂઆત અન્વયે સરકારે શાં પગલા લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જામનગર જિલ્લામાં આવેલી નર્સિંગ કોલેજો**

૨૧૮ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી નર્સિંગ કોલેજો આવેલી છે, | (૧) ૦૬(છ). |
| (૨) ઉક્ત કોલેજો પૈકી કેટલી કોલેજો સરકારી અને કેટલી કોલેજો ખાનગી છે, અને | (૨) સરકારી-૦૧ (એક).<br>ખાનગી-૦૫ (પાંચ). |
| (૩) ઉક્ત સ્થિતિએ કોલેજોવાર કેટલી બેઠકો મંજૂર થયેલ છે ? | (૩) પત્રક-અ આ સાથે સામેલ છે. |

**પત્રક-અ**

**નર્સિંગ કોલેજોની માહિતી (જામનગર જિલ્લો)**

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | બેઠક |
|---|---|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ નર્સિંગ કોલેજ, નાગોડી, જામનગર | બી.એસ.સી. | ૫૦ |
| | | પોસ્ટ બેઝીક બી.એસ.સી. | ૪૦ |
| ૨ | એસ.જી.વી. નર્સિંગ કોલેજ, ખારવા, તા.ધ્રોલ, જી.જામનગર. | બી.એસ.સી. | ૨૫ |
| ૩ | શ્રી શ્રેયસ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ, જોડીયા, જામનગર | બી.એસ.સી. | ૨૫ |
| ૪ | શગુન ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, જામનગર | બી.એસ.સી. | ૩૦ |
| ૫ | શ્રી દયામાન ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ એન્ડ રિસર્ચ, જામનગર | બી.એસ.સી. | ૫૦ |
| ૬ | સરકારી નર્સિંગ કોલેજ, જામનગર | બી.એસ.સી. | ૪૪ |
| | | પોસ્ટ બેઝીક બી.એસ.સી. | ૩૦ |
| | | **કુલ** | **૨૯૪** |

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)**

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.'' હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

**રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરના સુધારા**

પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવાઃ- '' પરંતુ દિલગીર છીએ કે-

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧ રજૂ કરું છું.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત લાભાર્થીદીઠ કેટલી સહાય ચૂકવાય છે અને આ સહાયમાં ક્યારે, કેટલી રકમનો વધારો કરાયો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

**સુધારા ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

''વતન પ્રેમ યોજના અંતર્ગત ગામડાઓના સર્વાંગી વિકાસ માટે અત્યાર સુધીમાં કુલ કેટલી રકમનું વિદેશી દાન મળ્યું અને રાજ્ય સરકાર દ્વારા ૪૦ ટકા અનુદાન અંતર્ગત કેટલી રકમ આપવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૩ રજૂ કરું છું.

''રાજ્ય સરકાર ગંભીર વીજ કટોકટી વગર ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં સફળ રહી છે, પરંતુ તે માટે ખાનગી વીજ ઉત્પાદક એકમો પાસેથી કેટલી વીજળી ખરીદી અને તે પેટે કેટલી રકમ ચૂકવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૩ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૪ રજૂ કરું છું.

''વર્ષ ૨૦૨૨-૨૩માં ખરીફ પાકોમાં ભારે વરસાદના કારણે ૧૬ જિલ્લાના પર (બાવન) તાલુકાઓના ૨,૬૨૩ ગામોમાં ખેતી પાકને નુકસાન થયું છે, તે અંતર્ગત આ ગામોમાં ખેતી પાકોને ખરેખર કેટલી રકમનું નુકસાન થયું છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૪ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૫ રજૂ કરું છું.

''ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં ૮,૬૫,૩૨૨ હેકટર વિસ્તારમાં હયાત સિંચાઇ નહેરોની યોજનાઓની નહેરોનાં નવીનીકરણ, વિસ્તરણ અને આધુનિકીકરણનાં કામો પૂરાં કરવામાં આવ્યાં છે, પરંતુ આ કામો અંતર્ગત કેટલી રકમનો ખર્ચ થયો છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૫ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૬ રજૂ કરું છું.

''રાજ્ય સરકારની દૂરંદેશીતાના કારણે ગુજરાત શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થામાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે, પરંતુ રાજ્ય સરકારના સાહસોમાંથી કેટલી વીજળીનું ઉત્પાદન થાય છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી''

**સુધારા ક્રમાંક-૬ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૭ રજૂ કરું છું.

''જાન્યુઆરી-૨૦૨૩ સુધીમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ૨.૪૬ લાખ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે, પરંતુ આ રોજગાર કચેરીઓમાં કુલ કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૭ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૮ રજૂ કરું છું.

''સરદાર સરોવર યોજના હેઠળ નહેરો સહિત ૬૩,૫૩૯ કિ.મી.લંબાઇનું બાંધકામ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થયેલ છે. આ કેનાલોની મરામતમાં અને રખરખાવમાં અત્યાર સુધીમાં કુલ કેટલો ખર્ચ થયો અને કેટલી કિ.મી.ની લંબાઇનું કામ પૂર્ણ કરવાનું બાકી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૮ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૯ રજૂ કરું છું.

''સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૭૪,૫૦૯ કામો પૂર્ણ થયેલ છે અને ૧૬,૨૯૧ ચેકડેમોનું ડિસીલ્ટિંગ કરવામાં આવ્યું છે પરંતુ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૯ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિમલભાઇ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

''વર્ષ ૨૦૨૨-૨૩માં ભારે વરસાદના કારણે ખેડૂતોને પાક નુકસાન સામે સહાય ચૂકવવા રાજ્ય સરકાર દ્વારા ૬૩૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું, પરંતુ તેમાંથી કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

''સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને ગરમ નાસ્તો, બપોરનું ભોજન અને તાજા ફળો અપાય છે તેની માત્રા કેટલી છે અને બાળક દીઠ તે માટે દૈનિક કે વાર્ષિક કેટલો ખર્ચ થાય છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

''સમગ્ર દેશમાં ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ હેઠળ રાજયનાં કુલ ૧૮,૦૪૬ ગામો પૈકી ૧૮,૦૩૫ ગામોમાં રી-સરવે માપણી પૂર્ણ કરેલ છે, પરંતુ આ માપણીમાં ખાનગી કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

''રાજયનું કુલ દેવું રાજયના એકંદર ઘરઘથ્થું ઉત્પાદનની નિયત મર્યાદામાં જ રહેલ છે પરંતુ રાજયનું એકંદર ઘરઘથ્થું ઉત્પદન કેટલું છે અને કુલ દેવું કેટલું છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવ્યો**

શ્રી ગુલાબસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

''રાજય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેકનોલોજી દ્વારા ૮૦૦ ખેડૂત લાભાર્થીઓના ખેતરમાં પાકોમાં નેનો યુરિયાનો છંટકાવ કરેલ છે તે અંતર્ગત કુલ કેટલી રકમનો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવ્યો**

શ્રી અનંતકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

''વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અન્વયે જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં કુલ મળેલ ૧,૮૨,૮૬૯ દાવા પૈકી ૯૫,૦૫૯ દાવા માન્ય કરવામાં આવ્યા છે, બાકી પડતર દાવાઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવ્યો**

અધ્યક્ષશ્રી : મારી પાસે બંને પક્ષે નામો આવી ગયા છે તો જે સભ્યને જે પ્રમાણે સમય આપ્યો છે એના માટે કેટલી મિનિટ થાય છે એ દંડકશ્રીઓ સાથે બેસીને ચર્ચા કરી લેશો.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા):માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભા ગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનવાની મને જે તક આ ગૃહના વડા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપી છે તથા સભાગૃહના મારા સાથી સભ્યોએ આપી છે તે બદલ તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ પોતાના દૂરંદેશી સંબોધનમાં આપણને સૌને અને કોરોડો ગુજરાતવાસીઓને માર્ગદર્શિત કર્યા છે. મહામહિમ રાજયપાલશ્રી આધુનિક સમયમાં ખેતીના ઋષિ છે. ખેડૂત, ખેતી, પ્રકૃતિ અને પાણીનો બૃહદ વિચારની સાથે પ્રાકૃતિક ખેતીની એક નવી જ્યોત જગાડનાર માનનીય રાજયપાલશ્રીના પ્રયાસોને વંદન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ હું એમ માનુ છું કે, કવિ નર્મદને યાદ કરું કારણ કે કવિ નર્મદે પહેલા જ ઝળહળતા ગુજરાતની સ્થાપના કરી હતી તે આપણે સૌ સાકાર કરી રહ્યા છીએ. માનનીય નર્મદે લખ્યું છે કે, જય જય ગરવી ગુજરાત દીપે અરુણ પ્રભાત જય જય ગરવી ગુજરાત, શુભ સકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઇ છે રાત, જન ઘૂમે નર્મદા સાથ જય જય ગરવી ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, કવિ નર્મદની કલ્પનાને આજે સાકાર આપણે કરતા હોઇએ એમ આજે જ આ સદનની અંદર ગુજરાતી ભાષા માટેનું બિલ પણ આપણે પસાર કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ન ભૂતો ન ભવિષ્યતિ, સમાન ૧૫૬ બેઠકનો ઐતિહાસિક વિજય અપાવીને ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટી પર પોતાનો અસિમ ભરોસો મૂક્યો છે. પ્રત્યેક ગુજરાતીના ભરોસાને મજબૂત કરાવવાનું ગુજરાત સરકારનું અમૃતકાળનું પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ગુજરાતની જનતાની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરતું સર્વગુણ અને સર્વસમાવેશી બજેટ રજૂ કરવા બદલ હું મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ગુજરાતના તમામ વર્ગોના હિતનું સંતુલન જાળવવામાં આવ્યું છે, સાથો સાથ રાજયની વિકાસ ગાથાને હજુ વધુ વેગથી આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા પણ તેમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે. વિકાસના પાંચ સ્તંભોને નિદર્શિત કરી પાંચ વર્ષના લાંબાગાળાના આયોજન થકી ઉન્નત ગુજરાતની કલ્પના કરતુ વિઝનરી બજેટ આ ગૃહની અંદર હમણાં જ રજૂ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભા ઘણા અર્થમાં ઐતિહાસિકની સાથોસાથ અનન્ય પણ છે. ઐતિહાસિક મેં કહ્યું તેમ ૧૫૬ બેઠક સાથે ભારતીય જનતા પાર્ટી સૌથી મોટા પક્ષના રૂપમાં આ સદનમાં પ્રસ્તુત છે. ૮૦ જેટલા નવા ધારાસભ્યો પ્રથમ વખત આ સદનમાં સહભાગી થઇ રહ્યાં છે અને પ્રથમ વખત ૧૫ બહેનો ધારાસભ્ય તરીકે આ જનતાનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસનો આધાર તે રાજકીય સ્થિરતા છે. રાજકીય સ્થિરતાની સાથે સાથે રાજકીય ઇચ્છાશકિત, લાંબાગાળાની વિઝનરી દ્રષ્ટિ, સબળ અને મક્કમ નેતૃત્વ છે એમ હું માનું છું અને એ આજના ગુજરાતની માંગ છે. આપણું સદભાગ્ય છે કે આ બધું જ આપણને ગુજરાતની અંદર ઘણા લાંબા સમયથી માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીના સ્વરૂપમાં હતા અને આજે માનનીય ભૂપેન્દ્રભાઇના સ્વરૂપમાં આપણને મળ્યું છે. આજે ગુજરાત પ્રગતિના પેરામીટર તરીકે

દેશભરમાં ઉભરીનો આવ્યું છે જે કોઇ ના કરી શકે તે ગુજરાતે કરીને બતાવ્યું છે. આજે ગુજરાત દરેક ક્ષેત્રમાં આગેવાની લેવા તૈયાર છે અને તેનો પાયો માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નાંખ્યો હતો. માનનીય નરેન્દ્રભાઇ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વિવાદ નહીં, પરંતુ વિકાસની રાજનીતિ અપનાવીને ઉચ્ચ કોટિના મૂલ્યો પ્રસ્થાપિત કર્યા હતા. જનહિતલક્ષી નિર્ણયો અને વિકાસલક્ષી યોજનાઓનો લાભ પ્રત્યે વ્યકિતને મળી રહે તે માટે આ સરકાર સતત પ્રયાસરત્ છે. અમારી સરકાર ગરીબ, વંચિત, શોષિત, પીડિત, છેવાડાના માનવી સુધી પહોંચીને પ્રત્યેક ગુજરાતીના સર્વાંગી વિકાસની જવાબદારીનું વહન કરી એક સમૃદ્ધ ગુજરાતનું નિર્માણ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને ઉદ્યોગોની સાથે સાથે શિક્ષણ, મેડિકલ, પર્યટન, ઇન્ફ્રાસ્ટ્રકચર, સસ્ટેનેબલ એનર્જીમાં પણ શ્રેષ્ઠ કામગીરી કરીને વૈશ્વિક સ્તરનું વાતાવરણ ઉભું કર્યું છે અને જેના પરિણામે અનેક મોટાં આયોજનો કરવાની આપણાં ગુજરાતને તક મળી છે. નેશનલ ગેમ્સ જી-૨૦ અંતર્ગતની કેટલીક આંતરરાષ્ટ્રીય બેઠકોની યજમાની કરવાનો અવસર ગુજરાતને પ્રાપ્ત થયો છે. ગુજરાતના સામર્થ્ય અને જનતાની પ્રખર સહભાગીતાનું જ આ પરિણામ છે. વિશ્વના વિકસિત દેશો, દેશના પ્રતિનિધિ ઉદ્યોગ, નારી સશક્તિકરણ, શહેરીકરણ, પર્યાવરણ, પર્યટન, ઊર્જા અને નાણાકીય વ્યવસ્થાપન જેવા વિષયો ઉપર ગુજરાતના આંગણે પધારી અને ચર્ચા કરે તે દરેક ગુજરાતી માટે અમૂલ્ય અને ગૌરવવંતી ક્ષણ કહેવાય. ગુજરાતી હવે વિશ્વફલક પર ભારતનું નામ રોશન કરી રહ્યું છે, તે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇની મહેનત અને દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે. ગુજરાતનો છેલ્લા અઢી દાયકાનો વિકાસ ઉડીને આંખે વળગે તેવો છે. અત્યંત તેજ ગતિએ વિકાસ સાધી બતાવતી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની ક્ષમતા સમગ્ર દેશે જોઇ છે. તેમનું વિઝન જોઇ સમજી દેશની જનતાએ બે વખત સ્પષ્ટ બહુમતિ આપી સમગ્ર દેશની ધૂરા સોંપી છે. જેનું પરિણામ છે કે આજે આત્મનિર્ભર ભારત વિશ્વગુરુ બનવા તરફ વધી રહ્યું છે દુનિયામાં ભારતનો ડંકો વાગી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડાં પૂર્વાધમાં જઇએ તો જો ૨૫ વર્ષ પહેલાંના ગુજરાતનો વિચાર પણ કરીએ તો પીડાને જોઇએ તો રૂંવાડા ખડા થઇ જાય. એક સમય એવો હતો કે જયારે પાણી માટે ટ્રેનો દોડાવવી પડતી હતી. ભૂતકાળ મને યાદ છે એક વખત એવો હતો કે પાણી માટે ટ્રેનો દોડાવવી પડતી હતી અને રાજકોટમાં ધરોઇનું પાણી જતું હતું અને ત્યારે પાણી પીતી હતી. મારે ગર્વ સાથે કહેવુ પડે કે આજે ગુજરાતની અંદર ઘેર ઘેર નળથી પાણી પહોંચી રહ્યું છે. એક સમય એવો હતો અને હું તેનો સાક્ષી પણ રહ્યો છું કે તોફાનની અંદર છ-છ મહિના સ્કૂલો અને કોલેજો બંધ રહેતી હતી. માણસને ડર સતાવતો હતો અને જીવનની કોઇ સુરક્ષા નહોતી ત્યારે આજે મારે ગર્વ સાથે કહેવુ પડે કે શાંત અને સલામત ગુજરાત છેલ્લાં બે દાયકાથી કરફ્યૂનો શબ્દ પણ આ ગુજરાતની અંદર ભૂલાઇ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે ટ્રાન્સપોર્ટના નામે ખખડધજ બસો આપણને જોવા મળતી હતી ત્યારે મારે ગર્વ સાથે કહેવું પડે કે, આજે ગુજરાત તે બી.આર.ટી.એસ., મેટ્રો, ઇલેક્ટ્રિક એ.સી.બસો, લોકલ ટ્રાન્સપોર્ટેશનથી આધુનિક બન્યું છે અને ગર્વ સાથે કહેવુ પડે કે હવે તો ગુજરાત તે બુલેટની ગતિ મેળવવા માટે પણ આપણે આગળ જઇ રહ્યાં છીએ. અગાઉના શાસનમાં ગુજરાતની અવગણના થતી હતી તે સૌ કોઇ જાણે છે. જેની સામે આજે ગુજરાત નેશનલ ગેમ્સ, જી-૨૦ જેવી મોટી ઇવેન્ટસની યજમાની તો કરે છે સાથે સાથે વિદેશી રાષ્ટ્ર અધ્યક્ષોની યજમાની કરવાની તક પણ ગૌરવવંતા ગુજરાતને મળી છે. ગુજરાતની જનતાએ માની લીધુ છે કે, ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે ડંકાની ચોટ પર વધુને વધુ સારી રીતે કરીને બતાવે છે. આ સમયનો તકાજો છે. ગુજરાત સાથે સતત અન્યાય કરતા લોકો સામે હક્ક માટે સામી છાતીએ લડી શકે તેવા વીરબંકા નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતને મળ્યા છે. શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતમાં વિકાસનો જે અવિરત પ્રવાહ વહેવડાવ્યો છે તેવી નેતૃત્ત્વ, નીતિ, નિયત અને નિર્ણાયકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. જેનું પરિણામ એ છે કે આજે ગુજરાત દરેક સેક્ટરમાં અગ્રેસર છે. ભારતમાં પણ ગુજરાતનો ડંકો વાગે છે. આજે ગુજરાત ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ હોય કે રોજગારીનું સર્જન હોય, એગ્રીકલ્ચર ગ્રોથ હોય કે પછી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ હોય, સસ્ટેનેબલ એનર્જી હોય કે પછી ઇન્ડસ્ટ્રિયલ ડૅવલપમેન્ટ હોય, મૅડિકલ સેક્ટર હોય કે પછી શિક્ષણ ક્ષેત્ર હોય, સેક્ટૅરિયલ સ્પેસિફિક યુનિવર્સિટીઓ હોય કે પછી સ્ટાર્ટ-અપ હોય, પૉલિસી મેકિંગ હોય કે પછી પરર્ફોમન્સ ઇન્ડેક્ષ હોય, જળ વ્યવસ્થાપન હોય કે પછી વીજળીનું વિતરણ હોય, શહેરી વિકાસ હોય કે પછી સમૃદ્ધ ગામ હોય, પ્રવાસન હોય કે જન-જનની સુરક્ષા હોય, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય કે પછી ટ્રાન્સપોર્ટેશનની વાત હોય, મારું ગુજરાત દરેક ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરીને દેશમાં અવ્વલ નંબર બની ગયું છે. મેં કહ્યું તેમ નેતૃત્ત્વથી લઇ, નીતિ અને નિયતથી લઇને નિર્ણાયકતાની તાકાતને પરિણામે આજે ગુજરાત સતત પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. અમારો પક્ષ એ વાતમાં જ માને છે.

'' ભરજે ભડથી બાથ, રંકને રંજાડીશ નહિ,<br>
ભરજે ભડથી બાથ, રંકને રંજાડીશ નહિ,<br>
તો રાજી જગનો નાથ, સાચું સોરઠીયો ભણે.''

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર મેં સરકારની વાત કરી. ભારતીય જનતા પાર્ટી અને સરકારની ઉપલબ્ધિઓ માનનીય ગવર્નરશ્રીએ જે બિંદુઓ લીધા હતા એના સાપેક્ષમાં આ વાત કરી. મારે એનાથી હટીને પણ થોડી વાત કરવી છે. પ્રતિપક્ષની પણ મારે વિવેકસભર નોંધ લેવી પડે કે તેઓ પણ કેટલાંક ક્ષેત્રમાં અવ્વલ સ્થાને છે. દેશની સેનાનું અપમાન હોય કે

પછી સનાતન ધર્મનું અપમાન હોય, દેશને વિભાજીત કરતી શક્તિઓને સાથ આપવાનો હોય કે પરિવારની ભક્તિમાં લીન રહેવાનું હોય એમાં એ સદાય અવ્વલ રહ્યા છે.

અધ્યક્ષશ્રી : (વચ્ચેથી બોલતાં અટકાવીને) તમે રાજ્યપાલશ્રીના ભાષણ પર વધારે સારું કહી શકશો. હવે એમાં કાંઇ કહેવા જેવું રહ્યું નથી એટલે શું કામ કહો છો?

શ્રી મહેશ કસવાલા : કારણ કે, આવા જે કામો છે એમાં એમની હરિફાઇ કરી શકે એવું કોઇ રહ્યું નથી. આ જ કારણસર મારે કહેવું પડે કે ૭૦થી વધુ હતા અને આજે ૧૭ છે. બે દિવસ પહેલાં આ સદનમાં મેં એક શબ્દ સાંભળ્યો કે, ''૧૭ની સંખ્યા ડેન્જર છે સમજી લેજો.'' મને દુ:ખ થયું પણ હું બોલ્યો નહિ કારણ કે, હું વિવેક ચૂક્યો નથી. હું એટલું ચોક્કસ કહું છું કે અમે ૧૫૬ છીએ પણ અમે ગૃહમાં એક પણ વ્યક્તિ માટે ડેન્જર નથી. અમે ગુજરાતના સમાજ-જીવન માટે ડેન્જર નથી. મારે કહેવું જોઇએ કે હા અમે ડેન્જર છીએ. અમે આતંકવાદીઓ માટે ડેન્જર છીએ, ભૂ-માફિયાઓ માટે ડેન્જર છીએ, પેપર ફોડનારા માટે ડેન્જર છીએ, આતંક મચાવનારા, બોમ્બ ધડાકા કરનારા માટે ડેન્જર છીએ, દેશ વિરોધી તત્ત્વો માટે ડેન્જર છીએ, દેશ વિરોધી નારા લગાડનારા માટે ડેન્જર છીએ, નર્મદા યોજનાનો વિરોધ કરનારા માટે ડેન્જર છીએ. અમે તો પ્રેમનો સંદેશ આપવાવાળા છીએ. 'જ્યોત સે જ્યોત જલાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો. જો આયે સાથ ગરીબ ઉસકો ભી ગલે લગાતે ચલો.' આ સંદેશો પાથરવાવાળા છીએ. અમારી સરકારે વિવિધ હિતલક્ષી યોજનાઓના આયોજન અને અમલીકરણ થકી ખેડૂતોને સશક્ત કર્યા છે. મહિલાઓને આત્મનિર્ભર, વિદ્યાર્થીઓને સ્માર્ટ, યુવાનોને સ્કીલેબલ અને સ્કેલેબલ કર્યા છે. ગરીબોને ગૌરવપૂર્ણ જીવન આપ્યું છે. વનબંધુઓના વિકાસને તેજ ગતિ આપી છે. કારીગરો અને નાના વેપારીઓને વેગ આપી રહ્યા છીએ ત્યારે એના પરિણામ જમીનીસ્તર પર જોવા મળી રહ્યા છે. પ્રાથમિક સુવિધાની સાથે-સાથે વિકાસના નવા આયામો પર પણ તેજ ગતિથી કામ કરીને ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. ગુજરાત સતત અને સાતત્યપૂર્ણ ઉન્નતિના નવા રસ્તા ખોલી સમૃદ્ધિનો નવો પથ સર્જી રહ્યું તેનું મૂળ કારણ મારે હળવેકથી કહેવું પડે છે કેટલાકને ગમતું નથી પણ એનું કારણ આ ડબલ એન્જિનની સરકાર છે. ૨૦ વર્ષમાં ગુજરાતે ઘણો વિકાસ સાધ્યો છે અને હજી ઘણી મંઝિલો અમારે કાપવાની છે. ભારતીય જનતા પાર્ટી માત્ર પોકળ દાવા, ખોટા વાયદા કે વૉટ બેંકના આધારે જીતનારી પાર્ટી નથી પરંતુ જનતાના કામ કરીને જીતનારી પાર્ટી છે. ૧૦૦ ટકા ઘરોમાં પાણી પહોંચાડી અમે જનતાનો ભરોસો જીત્યો છે. બે દાયકામાં કૃષિ આવકને રૂપિયા ૯ હજાર કરોડથી વધારીને રૂપિયા બે લાખ પાંચ હજાર કરોડ સુધી પહોંચાડી અમે ધરતીપુત્રોનો ભરોસો જીત્યો છે. ૧.૭૪ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ હેઠળ નિ:શુલ્ક આરોગ્ય કવચ આપી અમે સૌનો ભરોસો જીત્યો છે. ૭૧ લાખથી વધુ પરિવારોને અન્ન સુરક્ષા આપી અમે લાખો પરિવારોનો ભરોસો જીત્યો છે. શ્રમિકોને પાંચ રૂપિયામાં પૌષ્ટિક આહાર આપી અને નાનામાં નાના છેવાડાની વ્યક્તિનો ભરોસો જીત્યો છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા):માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને માનનીય મહેશભાઇએ રજૂ કર્યો છે તેને હું ટેકો આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મહામહિમ રાજ્યપાલશ્રી આ ગૃહમાં સરકારની ઉપલબ્ધિ ગણાવતા હતા ત્યારે મારા માનસપટલ ઉપર કેટલાંક ચિત્રો અંકિત થયા તે જણાવવા માગું છું. અઢી દાયકા પહેલાની સરકાર, અઢી દાયકાની અંદર રહેલી સરકાર, બંનેમાં કેટલાંક તફાવતો પણ છે અને કેટલીક સામ્યતાઓ પણ છે. આપણને જે સાંસ્કૃતિક વારસો મળેલો છે તે પહેલા પણ હતો અને અઢી દાયકાની અંદર પણ છે. ગુજરાતમાં એક ખમીરવંતી પ્રજા પહેલા પણ હતી, અત્યારે પણ છે. ગુજરાતના લોકોમાં દેશભક્તિ પહેલા પણ હતી, અત્યારે પણ છે. ગુજરાતના લોકોમાં વ્યાપાર કુશળતા પહેલા પણ હતી, અત્યારે પણ છે. આપણી સંસ્કૃતિ 'અતિથિ દેવો ભવ'ની રહેલી છે. કવિ કાગબાપુએ કહ્યું છે કે તારા આંગણિયા પૂછીને કોઈ આવે તો તેને આવકારો મીઠો આપજે. આ રાજ્ય સરકારે તે સંસ્કારને ધ્યાને રાખી દેશ-વિદેશમાંથી આવતી કંપનીઓને પણ આવકારી અને અહીંયા લોકોને રોજગાર આપ્યો છે. વિશ્વ જ્યારે મંદીનો સામનો કરી રહ્યું હતું ત્યારે ભારત અને ગુજરાત ગ્રોથ એન્જિન બનીને રહ્યું છે. પરચેસિંગ પાવરમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી એ ભારત છે તેમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. એક્સચેન્જ રેટમાં ભારતની પાંચમી સૌથી મોટી ઈકોનોમીમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ખાનગી મૂડી રોકાણમાં જે વધારો થયો તેમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. નાના ઉદ્યોગોના ધિરાણમાં વધારો થયો તેમાં ગુજરાત પણ અગ્રેસર રહ્યું છે. કોરોના પછી શ્રમિકોની જે ઘરવાપસી થઈ છે તે આર્થિક પરિસ્થિતિને અવગત કરાવે છે તેમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. આ તમામ પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત જે રીતે આગળ વધી રહ્યું છે તે માટે પણ આ આભાર પ્રસ્તાવને મારો ટેકો આપું છું. પહેલીવાર એવું બની રહ્યું છે કે કાર્બન ઉત્સર્જનના ઘટાડા માટેની વાત થઈ રહી છે. આ પ્લેટફોર્મ ઉપરથી કાર્બન ઉત્સર્જન કે ક્લાઈમેટ ચેન્જ ઉપર ક્યારેય વાત થતી નથી. ગુજરાત રાજ્યમાં વાર્ષિક ૧૫૪૬ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન થાય છે. મને કહેતાં આનંદ થાય છે કે સોલાર વિન્ડ પાવર, ઈ-વ્હિકલ, ગ્રીન હાઈડ્રોજન, હાઈડ્રોજન પાવર, ઘન કચરાના નિકાલ જેવી સરકારની યોજનાઓના લીધે ૪૭૬ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં ઘટાડો થયો છે એ આપણા માટે આનંદની વાત છે. તેની ગણતરી કરવા જઈએ કે આટલો કાર્બન ડાયોક્સાઈડ ઓછો કરવા માટે કેટલા વૃક્ષો વાવવા પડે તો ૭૦૯ કરોડ વૃક્ષો વાવવા પડે તેટલો કાર્બન ડાયોક્સાઈડ આપણે ઓછો કર્યો છે. મને ગર્વ સાથે કહેતા આનંદ થાય છે કે આપણું રાજ્ય ૧૯.૫ ગિગાવોટ સાથે ભારતમાં

ત્રીજા ક્રમે રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે છે તે આવનારા છ મહિનામાં આ જ સરકારની પોલિસી અંતર્ગત પહેલા નંબરે પહોંચવાનું છે તેવો મને સંપૂર્ણપણે વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે સલામતીનો ભરોસો. વિશ્વાના કેટલાંય એવા રાજ્યો છે જ્યાં આર્થિક ઉપાર્જનના સાધનો ઘણા છે પણ નાગરિકોની સુરક્ષા નથી. બે દાયકાથી પણ વધારે આ રાજ્યના લોકોએ કોમી હિંસા અને તોફાનો જેવા શબ્દો સાંભળ્યા નથી તેના માટે પણ રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારને હું અભિનંદન આપું છું. ગુજરાત એક એવું રાજ્ય બની ગયું છે કે જ્યાં ટુ વ્હીલર ચલાવતો માણસ ફોર વ્હીલર ચલાવવાના સપના જોવે અને ફોર વ્હીલર ચલાવતો માણસ લક્ઝુરિયસ ગાડી વસાવવાના સપના જોઈ શકે છે તેના માટે હું આ આભાર પ્રસ્તાવને ટેકો આપું છું. રાજ્યની અંદર ઓળખાણવાળા લોકો તો પોતાના કામ કરાવી લે છે. પણ જેની પાસે ઓળખાણ નથી એ શું કરે? ગરીબ, લાચાર માણસના ઘરના મોભીને જો એટેક જેવી બીમારી આવી જાય તો એ ઓળખાણ વગરના માણસ ક્યાં જાય? દેશના માનનીય વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ સંવેદનાને માપી અને ''મા અમૃતમ કાર્ડ''ની યોજના લોન્ચ કરી. આવા લાચાર લોકો ક્યાંય જાય નહીં અને કોઇની આગળ હાથ ફેલાવે નહીં અને એ હોસ્પિટલમાં જઈને ''મા-કાર્ડ'' આપીને સ્વમાનભેર પોતાના સ્વજનની બીમારીનો ઈલાજ કરાવી શકે છે. સરકારના માધ્યમો દ્વારા ''સેવા સેતુ'' અને ''ગરીબ કલ્યાણ મેળા''ના આધારે પ્રત્યેક લોકો પોતાના કામ કરાવી શકે છે. રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર આવનારી ચૂંટણીને ધ્યાને રાખીને બજેટનું આયોજન કરતી નથી પણ આવનારી પેઢીને ધ્યાનમાં રાખીને બજેટનું આયોજન કરતી હોય છે. તેના માટે આ આભાર-પ્રસ્તાવને હું ટેકો આપું છું. ગુજરાતમાં ધંધા અને રોજગાર ક્ષેત્રે ભારતની ૩૩ ટકા દવાઓનું મેન્યુફેકચરિંગ ગુજરાતની અંદર થાય છે અને એમાં ૨૮ ટકા હિસ્સો એક્ષપોર્ટ દ્વારા થાય છે. ''ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ''ના લીધે ભારતના ૨૦ ટકા ઉધોગો માત્ર ગુજરાતની અંદર છે. એના માટે પણ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. અમે જનતા-જનાર્દનને પગે પડવા માટે નમતા નથી પણ જનતાના આશીર્વાદ લેવા માટે નમીએ છીએ. ગુજરાત એટલે અખૂટ ભંડારોથી ભરેલું ગુજરાત, અખૂટ સંભાવનાઓથી ભરેલું ગુજરાત, અખૂટ સામર્થ્યથી ભરેલું ગુજરાત, અખૂટ દૈવી શક્તિઓથી ભરેલું ગુજરાત, અખૂટ યુવાધનથી ભરેલું ગુજરાત, અખૂટ સાંસ્કૃતિક વારસાથી ભરેલું ગુજરાત, ગુજરાત એટલે મહાત્મા ગાંધીનું ગુજરાત, ગુજરાત એટલે સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત, સંત જલારામ બાપાનું ગુજરાત, કવિ કાગ અને કવિ દાદનું ગુજરાત, ચંદ્રકાન્ત બક્ષીનું ગુજરાત, ઝવેરચંદ મેઘાણીનું ગુજરાત, દિવાળીબેન ભીલનું ગુજરાત, દેશના ગૌરવ એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહ સાહેબનું ગુજરાત. આપણા સાથી પક્ષોની એક વિનંતી છે કે, દેશના છેવાડાના માનવી સુધી વિકાસની ગંગા પહોંચે. આપણે સૌને સાથે મળીને અંતિમ પંક્તિમાં બેઠેલા માણસને સમાજની આગળની હરોળમાં લાવવા માટે પણ વિનંતી કરું છું. દલિતો, પીડિતો, શોષિતો અને વંચિતોના વિકાસ માટે આપણે સૌ આગળ આવીએ. કારણ કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર ગરીબ દરિદ્રનારાયણની સેવા કરવાનો અવસર કયારેય ચૂકતી નથી. **'' પતા નહીં કબ કિસ રૂપ મે આકર નારાયણ મિલ જાયેગા, નિર્મલ મન કે દર્પન મે વહ રામ કે દર્શન પાયેગા.''** આ માટે પણ રાજ્ય સરકારને ગરીબ દરિદ્રનારાયણની સેવા કરવાનો અવસર આપ્યો છે. મારે અત્યારે ૨૩ મી ફેબ્રુઆરીની એ તારીખ યાદ કરવી છે કે જ્યારે આ સદનની અંદર કેટલાક સાથી પક્ષો દ્વારા કેટલાક શબ્દો ઉચ્ચારાયેલા હતા પણ એને રેકર્ડ પરથી દૂર કરાવી દેવામાં આવ્યા હતા. એ સમયે બોલાયેલા શબ્દો તો રેકર્ડ પરથી દૂર થઇ ગયા પણ વણબોલાયેલા જે શબ્દો અને ભાષા હતી એની મારા માનસપટલ ઉપર અસર થઇ છે ત્યારે મારે કવિ દાદ યાદ આવ્યા હતા. કવિ દાદે બહુ સરસ વાત કરી છે કે-

'' તાર વીણાના કે સંતુરના તમે તોડી શકો, પણ મયૂરના ટહુકાને તમે એમ ના તોડી શકો.
ડરાવી ધમકાવી ઈન્સાનના બે હાથ જોડાવી શકો પણ સિંહના પંજાને તમે એમ ના જોડાવી શકો.
સિદ્ધિઓના શિખરો સર કરી તમે કીર્તિના સ્તંભ કોતરાવી શકો.
પણ તમે ગામને પાદર એક પાળિયો એમ ના ખોડાવી શકો.
ધાક તલવારની તોડાવીને લૂંટી શકો તમે સઘળી ધન-દોલત
પણ પ્રજાના દિલના તાર તમે એમ ના જોડી શકો.''

આપણે કથન કરવું પડશે કે શકિતમાં આપણે શિવાજી છીએ, અગસ્ત્ય ઋષિના આપણે સંતાનો છીએ કે જે સમુદ્રને પણ પી શકે છે, આપણે વિવેકાનંદજીની ગૌરવગાથા છીએ, આપણે એ વંશ પરંપરાની ગાથા છીએ કે જેણે સિંહોના પણ દાંત ગણ્યા હતા, આપણે કરુણામાં બુદ્ધ અને મહાવીર છીએ.

આ સભાગૃહમાં સાથી પક્ષોને પણ વિનંતી છે કે, પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને, વાદ-વિવાદથી ઉપર ઉઠીને, આરોપ-પ્રત્યારોપથી પણ ઉપર ઉઠીને ગુજરાતના લોકોની અંદર રહેલી સામર્થ્ય શકિતને, પરિસ્થિતિની અંદર રહેલી સંભાવનાઓને જો પરિસ્થિતિમાં પરિવર્તન કરી દઇએ તો એ દિવસ દૂર નહીં હોય કે જયારે આપણે કહેવું પડશે કે,

''ગુલશન ગુલશન ફૂલ ખીલે હે, પંખ લગે વિકાસ કો,
ગુલશન ગુલશન ફૂલ ખીલે હે, પંખ લગે વિકાસ કો,
જિસને ના દેખા વો સ્વર્ગ કો, વો એક બાર આકે દેખ લે ગુજરાત કો,

ફાલ્ગુન,૯,૧૯૪૪ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

વો એક બાર આકે દેખ લે ગુજરાત કો.''

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને રાજ્યપાલશ્રીના સંબોધન અંગે શ્રી મહેશભાઇએ જે આભાર પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો એને ટેકો આપવા માટેની તક આપી એ બદલ હું આપનો હૃદયપૂર્વક આભાર માનું છું અને રાજ્યપાલશ્રીએ કરેલા વકતવ્યને હું મારો સંપૂર્ણ ટેકો આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ વિધાનસભામાં પ્રવચન કર્યું છે જે અંગેનો આભાર પ્રસ્તાવ શ્રી મહેશભાઇ કસવાલા લઇને આવ્યા છે અને શ્રી પ્રવિણભાઇ માળીએ એને ટેકો આપ્યો છે ત્યારે હું પણ એમાં મારુ સમર્થન પૂરાવું છું અને એ અંગે મારા વિચારો વ્યકત કરુ છું. **મને ફાગણનું એક ફૂલ આપો, મને ફાગણનું એક ફૂલ આપો કે રાજ મોરા કેસૂડો કામણગારો,** આજે કેસૂડાનો દિવસ છે. અમારા શિક્ષણ મંત્રીશ્રી જયાં કેસૂડાની ધરતી છે ત્યાંથી આવી રહ્યા છે. વસંતના વાયરા વાય છે, ફાગણના ફૂલ ખીલે છે, કેસૂડો મહેકાય છે અને આજે સમગ્ર ગુજરાત જયારે કેસરિયા રંગે રંગાયેલું છે ત્યારે આ વિષયના પ્રવચનમાં શિક્ષણ વિશેની અનેકવિધ બાબતો માનનીય રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં કરી છે. સંક્ષિપ્તમાં મારે બે-ચાર વાતો જ કરવી છે. વર્ષ ૨૦૦૧માં ગુજરાત રાજ્યમાં ૧૧ યુનિવર્સિટીઓ હતી આજે ૭૭ યુનિવર્સિટીઓ છે. વર્ષ ૨૦૦૧માં ગુજરાત રાજ્યમાં ૪૯૬ કોલેજો હતી આજે એમાં દસ ગણો વધારો થયો છે. અનેકવિધ ક્ષેત્રોમાં કન્યા કેળવણી રથયાત્રાના કારણે દીકરીઓ વધારે ભણતી થાય એના માટેનો રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. ગુણોત્સવના માધ્યમથી એની શૈક્ષણિક સુવિધા અને ભૌતિક સુવિધાઓ આવે એના માટે પણ રાજય સરકારે ખૂબ પ્રયાસ કર્યો છે. હું અનેકવિધ વાતો કરું ત્યારે ટેકનિકલ શિક્ષણની જે સીટો હતી, આપણે પહેલા પરપ્રાંતમાં જતાં હતા આજે એટલી સીટોનો વધારો થયો છે કે પરપ્રાંતના વિદ્યાર્થીઓ અહીંયા આવી રહ્યા છે. અનેક ક્ષેત્રે આપણે હરણફાળ ભરી છે છતાંયે હમણાં વાત એવી તો આવશે જ કે, તમે તો શિક્ષણનું વેપારીકરણ કર્યું, તમે તો ઔદ્યોગિકીકરણ કર્યું, તમે તો આવું કર્યું, તેવું કર્યું, એવી વાત આવશે. એક ગામ હતું અને ગામની બાજુમાં પેટા પરુ હતું. પેટા પરાના પંદરેક વિદ્યાર્થીઓ ગામની મુખ્ય શાળામાં રોજ સવારે આવે અને સાંજે જાય. ઉંમર એવી હતી તો એક વખત ટીખળ કરવાનું મન થયું અને રસ્તામાં એક માતાજીની ડેરી હતી એટલે બધાયે નક્કી કર્યું કે આ ડેરીમાં બધાએ પથ્થર મારવો. જે નહીં મારે એ આવતાં જન્મમાં ગધેડો થશે. એ ઉંમર પણ એવી હતી અને ટીખળ પણ એવું હતું કે, બધાયે ધારી ધારી અને તાકી તાકીને ડેરીને પથ્થરો માર્યા. એક છોકરાના મનમાં એવું થયું કે, ગમે તેમ પણ માતાજીને પથ્થર થોડો મરાય એટલે એણે જાણીબૂઝીને ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો. સાંજ પડી, સંધ્યાનો સમય થયો ત્યાં તો જે છોકરાએ ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો હતો એના ઘરમાં માતાજીની પધરામણી થઇ અને ધૂણવાનું ચાલુ થયું અને કહ્યું કે તારા છોકરાએ મને પથ્થર માર્યો હતો. પ્રાથમિક શાળાનું છોકરું બિચારું રડતું રડતું આવ્યું કે શું થયું તો કહ્યું કે તે માતાજીને પથ્થર કેમ માર્યો? અરે માતાજી, અમે પંદર જણા હતા એમાં ચૌદ જણાએ ધારી ધારી અને તાકી તાકીને તમને પથ્થર માર્યો. એ ચૌદના ઘરે નહીં અને મેં તો તમને પથ્થર ન વાગે એટલા માટે ત્રણ ફૂટ દૂર પથ્થર માર્યો હતો ત્યારે માતાજીએ કહ્યું કે, આ બધા ધારી ધારી અને તાકી તાકીને પથ્થર મારતા હતા એટલે હું ત્રણ ફૂટ દૂર બેઠી હતી અને તારો પથ્થર ત્યાં વાગ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર શિક્ષણનો વ્યાપ વધારવો હોય તો એમાં કંઇક ખાનગીકરણ પણ થાય. એના વિદ્યાર્થીઓને રોજગારી મળે એના માટેની પણ જોગવાઇ આ રાજય સરકારે કરવી પડે. કેન્દ્ર સરકાર યુ.પી.એ. ખૂબ સરસ કાયદો લઇને આવી હતી. રાઇટ ઓફ એજ્યુકેશન. આર.ટી.ઇ. આ કાયદો તો લઇ આવ્યા, પણ એનો મૂળ આશય એવો હતો કે સારી સંસ્થાઓમાં, ખાનગી સંસ્થાઓમાં ગરીબ વિદ્યાર્થીઓ ૨૫ ટકા પ્રમાણે ત્યાં જાય. સાહેબ, એ કાયદો તો બનાવ્યો, પણ એ ઝૂંપડપટ્ટીમાં રહેતો બાળક એ જયારે સારી સ્કૂલમાં જાય ત્યારે એના માટે એને ગણવેશ જોઇએ. એના માટેની એને બેગ જોઇએ. એના માટેનો નાસ્તો મળે. હવે આ બધા વિદ્યાર્થીઓ જયારે આવતા હતા, ત્યારે લઘુતાગ્રંથિથી પીડાય. તમે એકટ બનાવ્યો કે ભાઇ, તમને એડમિશન તો આપ્યું. પછી શું? અને એ ન થાય એટલા માટે ગુજરાતે એની ફી માટે, એના દફતર માટે, એના યુનિફોર્મ માટે અને એના ટિફિન બોક્સ સાથેની વ્યવસ્થા કરી. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં આવી રીતે ગુજરાતના આર.ટી.ઇ. એકટ અન્વયે ૫,૧૨,૪૬૫ વિદ્યાર્થીઓને કે જે ખાનગી સ્કૂલોમાં ભણે છે. એને ભણાવવાનું કામ રાજય સરકારે કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળામાં દર વર્ષે આરોગ્ય વિભાગના સહયોગથી દરેક બાળકના આરોગ્યની ચકાસણી થાય છે અને એ છતાંયે કદાચ કોઇ બાળકનું અકસ્માતે અવસાન થાય તો એ બાળકને વિદ્યા દીપ યોજનાના નામે ૫૦ હજાર રૂપિયા આ રાજય સરકાર આપે છે. જેના કારણે જે તે માબાપનું જે બીજું બાળક હોય એ પણ સારી રીતે ભણી શકે. ૧૦ કિલોમીટરની મર્યાદાનો કાયદો છે. તમારે માધ્યમિક શાળા જોઇતી હોય તો ૧૦ કિલોમીટરની મર્યાદામાં જોઇએ. એટલે ઘણી વખત બાળકને ચાલતા પણ જવું પડે. એટલા માટે તમે જયારે બસમાં જાઓ ત્યારે એ બસમાં જે ટિકિટનો દર છે. એના માટેનું કન્સેશન આપીને એના માટેની જોગવાઇ આ રાજય સરકારે કરી છે અને એના માટે ૧૫૯.૮૯ કરોડનું ચૂકવણું કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાની અંદર ૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો આપીએ છીએ. ઉચ્ચતર માધ્યમિકનો વ્યાપ વધારે વધે એના માટેના ૧૭૫ નવા વર્ગો અને રૂપિયા ૪.૪ કરોડની જોગવાઇ પણ કરેલી છે. અત્યાર સુધીમાં ૩૩૪૧ જેટલી શાળાઓમાં ૨૪૫૮૯ વર્ગ ખંડોનો વધારો કરીને રૂપિયા ૧૭૯૧.૯૮ કરોડનો ખર્ચ આ રાજય સરકારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે કર્યો છે.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બાયસેગના માધ્યમથી અહીંથી ઓડિયો, વીડિયો એ વિજ્યુઅલ દ્વારા આખા ગુજરાતનાં બાળકોને ટવેન્ટી ફોર બાય સેવન એમને શિક્ષણ મળે એના માટે ૧૭૨૮૦ એપીસોડનું પ્રસારણ કરીને એમની ગુણવત્તામાં સુધારો થાય એ માટેનો ટેકનિકલનો ઉપયોગ કરીને આ રાજય સરકારે કામ કર્યું છે. પહેલા આપણે એને પ્રૌઢ શિક્ષણ કહેતા. 'પઢના ઔર લિખના અભિયાન.'

આપણે અહીંયા આદિવાસીની ઘણીબધી વાતો કરીએ છીએ. એમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે દાહોદ અને નર્મદા. જેની પાસે અક્ષરજ્ઞાન નથી. પોતાની સહી કરી શકતા નથી. એવા ૩૩,૨૧૬ નિરક્ષરોમાંથી ૨૭,૫૩૪ લોકોને એ પોતે પોતાની સહી કરી શકે અથવા છાપાનું મુખ્ય હેડિંગ છે એ પણ વાંચી શકે અને એના માટે એના બાળકની પણ મદદ લઇ શકે. આ ઉત્તમ પ્રકારનું કામ રાજય સરકારે કર્યું છે. પહેલા આપણે બધા જાણીએ છીએ તેમ મધ્યાહ્ન ભોજન યોજના રાજય સરકાર હસ્તક ચાલતી હતી. હવે કેન્દ્ર સરકાર પી.એમ. પોષણ યોજનાના અન્વયે આ બાળકોને પૂરતું ભોજન મળે. એમાં લોહ તત્વ મળે. બાળક કૂપોષિત ન રહે. એના માટે ગરમ અને સારું ભોજન મળે એના માટેની યોજના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમુક વર્ગોની અંદર ઉંમર જતી રહે. બાળક ભણતું નથી હોતું. પછી એને પોતાને વિચાર આવે કે ના યાર, મારે ભણવું છે. મારે ભણવું છે, કોઈ બેન દીકરીના લગ્ન થાય, એ નથી ભણી શકી, પણ એના સાસુ સસરાને એમ થાય કે હજુ તો આની ઉમર ભણવાની છે, મારે ભણવા મોકલવી છે, તો કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં, જેને સમયસર શિક્ષણનો લાભ નથી મળ્યો એ દીકરીઓને કસ્તુરબા વિદ્યાલયની અંદર રહેવાની, જમવાની અને ભણવાની સુવિધા આ રાજય સરકાર ૩૩ જિલ્લા અને બે મહાનગરોમાં કરી રહી છે. આપણે બધા જાણીએ છીએ તેમ નવી ટેકનોલોજી આવી રહી છે, નવી શિક્ષણ નીતિ પણ જયારે આવી રહી છે ત્યારે નવી શિક્ષણ નીતિ આવી છે ત્યારે ''કંહી જીત બાકી હૈ કહીં હાર બાકી હૈ, અભી તો જિંદગી કા સાર બાકી હૈ, ચલ પડે હે સબ યાહાં સે નઇ શિક્ષા નીતિ કી ઔર, યહ તો એક પન્ના થા અભી તો સારી કિતાબ બાકી હૈ,''

માનનીય અધ્યક્ષશ્રી, આ નવી શિક્ષણ નીતિના કારણે મેકોલો પદ્ધતિમાંથી બહાર આવીને આપણે માતૃ ભાષાની આખા દિવસ દરમિયાન જે વાતો કરી છે એ માતૃભાષાને બળ મળે એ માતૃ ભાષામાં આપણા બાળકો આગળ વધે અને આપણો ઐતિહાસિક વારસો, આપણી જૂની પુરાણી યાદો, આપણા આઝાદીના જે પણ લડવૈયાઓ હતા એની સાચી વાતો સાચી દિશામાં આગામી પેઢીને મળે એ પ્રકારની આધુનિક પદ્ધતિ વાળી નવી શિક્ષણ નીતિ આ રાજ્ય સરકાર જયારે લઈને આવી છે ત્યારે એની સાથે સાથે અત્યારની સ્થિતિ કેવી છે? વિદ્યાર્થી પોતે ઈચ્છે છે કે મારે સારા ટકાવવા જોઈએ, એના મા-બાપ પણ ઈચ્છે છે કે મારે સારા ટકા આવવા જોઇએ, એના શિક્ષકો પણ એવું ઈચ્છે છે, શાળાના આચાર્યને પણ એવું લાગે કે મારું પરિણામ સારું આવે, આ માત્ર ટકાવારીના આધારે જ્યારે આ શિક્ષણ ચાલે છે ત્યારે એનાથી સર્વાંગી અને સ્વાવલંબન શિક્ષણ ન હોઈ શકે, રોજગારી માટેનું શિક્ષણ હોઈ શકે, એના માટેની અનેકવિધ યોજનાઓ છે. પણ એની સાથે વિદ્યાર્થી શિક્ષણ પણ મેળવે અને આગામી દિવસોમાં પેટે પાટા બાંધીને પોતાના મા-બાપ જયારે એમને ભણાવે છે ત્યારે એ પોતાના પગ ઉપર ઊભા રહીને પોતાનું,પોતાના કુટુંબનું, પોતાના સમાજનું અને સરવાળે ગુજરાતનું નેતૃત્વ કરે એ દિશામાં શિક્ષણ વિભાગમાં જ્યારે કામગીરી થઈ રહી છે ત્યારે આ રાજપાલશ્રીના પ્રવચનમાં મારું અનુમોદન આપીને ભાઈ શ્રી મહેશભાઈ અને શ્રી પ્રવિણભાઈ ના પ્રસ્તાવને હું સંપૂર્ણ સમર્થન કરું છું. આભાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેશભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે અને માનનીય પ્રવિણભાઇએ જેને અનુમોદન આપ્યું છે એવા રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર હું બોલવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ માનનીય સભ્યશ્રીઓના પ્રવચનો મેં સાંભળ્યા અને એના ઉપરથી એમ લાગ્યું કે ગુજરાતની અંદર તો હવે ચારે બાજુ લીલાલહેર થઈ ગઈ છે, કોઈ પ્રશ્ન જ નથી, ''પેડ કે પત્તે સબ રોટી બન ગયે હૈ, તાલાબ કા પાની ઘી બન ગયા હૈ, ઔર ગુજરાત કે બંદે ઘી મે જબોલ જબોલ કે ખાતે હૈ'', અને પાછા માનનીય સભ્યશ્રીએ જયારે કવિ નર્મદની કવિતા કહી, એમાં એનાથી ઉંધું કહ્યું. એમાં એમ કહ્યું કે જે અંધારી ઘોર રાત હતી એ પૂરી થઈ છે, સારું થયું, તમે અંધારી ઘોર રાત હતી એ સ્વીકાર્યું એ બદલ હું તમારો આભાર માનું છું અને હવે નવો અરૂણ, નવો પ્રકાશ, જે અત્યારે ૧૫૬ ચૂંટાઇને આવ્યા છે તે અંધારી રાત પછીનો પ્રકાશ છે એમ તમે પોતે કહ્યું છે. મારે એમાં વિશેષ નથી કહેવું. પણ આખરે એક વાત સ્વીકારી કે જે અંધારી ઘોર રાત હતી એ હવે પૂરી થઈ છે. મને એમ હતું કે આ બધા મુદ્દાઓ છે એની વિગતવાર ચર્ચા થશે. તમે તો નર્મદા યોજનાના વિરોધી, આતંકવાદ આ ને તેમ કેટલું બધું આવ્યું? હું એમ બહારની વાતમાં નહીં જાઉં, હું તો વિષયની અંદર જાઉં છું, માનનીય રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું તેની ઉપર જાઉં છું અને તમે ઘી બનાવી દીધું, ઘી નથી પાણી છે, અને રોટી નથી પાંદડા છે, એ બાબત હું તમને આધાર પુરાવાઓ સાથે કહેવા માગું છું અને રોટી નથી પાંદડા છે એ બાબત હું તમને આધાર પુરાવા સાથે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનાની વાત થઇ, નર્મદા યોજનાની વાત થઇ, કલાઇમેટ ચેઇન્જની વાત થઇ એમાં મારે કહેવાનું છે કે એટલું પ્રદૂષિત પાણી આપણે પેદા કરીએ છીએ કે જમીન પ્રદૂષિત પાણીથી ઉભરાય ગઇ છે. અમારે જેતપુરની અંદર પદૂષિત પાણી એટલું આવે છે કે છેક જૂનાગઢ સુધી નદીઓ અને કૂવાના પાણી પ્રદૂષિત થઇને લાલ પાણી થઇ ગયા છે. હવે લાલ પાણીની ફરિયાદ કયાં કરી તો એ લાલ પાણીની પાઇપ લાઇન અમારા પોરબંદર સુધી કરીને દરિયામાં

નાખવાની વ્યવસ્થા કરી છે એટલે અહીંયા દરિયામાં માછલીઓ મરશે ત્યાં ખેતરો સાફ કર્યા. એના માટે હજાર હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવો છો.

પારદર્શકતાની વાત થઇ. એની અંદર મારે સૌની યોજનાની વાત આપને કરવી છે. જયારે નર્મદા ટ્રિબ્યુનલનો અહેવાલ આવ્યો એમાં નર્મદાનું જે વધારાનું ચોમાસાનું પાણી છે ચાર મિલિયન એકર ફીટ જે વધારાનું પાણી હતું એમની એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને જયારે એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ કચ્છને આપવાનું હતું. આ વહેલું થઇ શક્યું હોત પણ વહેલું કર્યું નહિ. પહેલા ઉત્તર ગુજરાતનું કામ પૂરું થયું એના પછી સૌની યોજનાના નામે સન ૨૦૧૩માં આ યોજનાને મંજૂરી આપી. કદાચ સન ૨૦૦૨માં આપી શકયા હોત કદાચ સન ૧૯૯૫માં પણ આપી શકયા હોત પણ આપે ન આપી. સન ૨૦૧૩માં એની વહીવટી મંજૂરી આપવામાં આવી. એમાં ૩૧ પેકેજ, પાંચ લિંક અને ૧૧૫ નાના મોટા ચેકડેમો સહિતના ડેમ બાંધવા અને ભરવાના એમાં રૂપિયા ૧૦૮૬૧ કરોડની વહીવટી મંજૂરી તબક્કાવાર એનો અમલ કરવાની શરતે આપવામાં આવી. પહેલા તબક્કાની અંદર ૩૧ પેકેજો બહાર પાડવાના એમાં પહેલા ૧૨ પેકેજો બહાર પાડ્યા. આ ૧૨ પેકેજમાંથી એક પેકેજનું ટેન્ડર ખોલવામાં આવ્યું એ પછી તરત જ માનનીય સિંચાઇ મંત્રીશ્રીએ જળસંપત્તિના સચિવ અને પાણી પુરવઠાના સચિવ કારણ કે બંને વિભાગના પોતપોતે મંત્રી હતા એની મિટિંગ બોલાવી. બંનેના સચિવો ચીફ એન્જિનિયરો હાજર હતા અને કહ્યું કે આ ભાવ ઊંચા જણાય છે. ભાવનો આધાર હતો વર્ષ ૨૦૧૨-૧૩ના એસ.ઓ.આર. લીધેલા હતા. ટેન્ડર ઊંચું જણાય છે અને સન ૨૦૧૨-૧૩ના ભાવ એટલે કે વર્ષ ૨૦૧૩ની અંદર મંજૂર કરેલા હતા. એટલે કે અદ્યતન ભાવો હતા, એટલે કહયું કે આની અંદર આપણે ફેરફાર કરીને આ ટેન્ડર રદ કરી નાખીએ. એ ટેન્ડર રદ કરી નાખ્યું એ પછી તા. ૨૨-૧૧-૨૦૧૩ના રોજ ટેન્ડર મિટિંગ બોલાવી એ જ દિવસે ટેન્ડર રદ કરવામાં આવ્યું અને એ જ દિવસે સિંચાઇ સચિવે ગાર્ડન લેન્ગવેઝમાં પાણી પુરવઠા ચેરમેન જે એના પ્રિન્સિપાલ સેક્રેટરી હતા એને પત્ર લખ્યો કે આ ટેન્ડરના એસ.ઓ.આર.ના ભાવો છે એ પાણી પુરવઠા બોર્ડના છે એટલે તમે અમને ઇવોલ્યુશનમાં મદદ કરો. એણે એમ નથી કહયું કે ટેન્ડર રીવાઇઝ આપણે એસ.ઓ.આર. રીવાઇઝ કરવા. પણ સચિવ હતા એ બહું ઉદાર હતા એટલે એણે તો તરત જ પાણી પુરવઠા બોર્ડના ચીફ એન્જિનિયરને સૂચના આપી દીધી તે જ દિવસે કે માનનીય મંત્રીશ્રીની સૂચના મુજબ આ જે એસ.ઓ.આર. છે એને રીવાઇઝ કરવાના છે એટલે તમે કમિટી નીમી દો એ કમિટી નીમી દીધી અને બીજી સૂચના એ આપી કે એમાં તમે બીજા કોઇની નહિ પણ તાતા કન્સલ્ટન્સી અને એન્જિનિયરિંગ લિમિટેડના નિષ્ણાતની મદદ લેજો. તરત જ એના એ દિવસે બધી કામગીરી થઇ ગઇ કમિટી નીમી દીધી બે દિવસ પછી કમિટી નીમી દીધી. ટાટા કન્સલ્ટન્સીનો રિપોર્ટ આવી ગઇ. સ્ટીલના ભાવ ૨૯૯૦૦ રૂપિયા ટન હતો એનાથી ભાવ ઘટ્યા હતા અને છતાં આ પાંચ મહિના પહેલા ૧૯.૮ ટકાનો વધારો આપેલો હતો એ ઓછો જણાયો એટલે ફરી પાછી એ બીજી કમિટીએ પાંચ મહિના પછી ગુજરાતના ઇતિહાસમાં બન્યું નથી કે એક વર્ષમાં એસ.ઓ.આર. સુધારે, પણ સુધાર્યા અને એ પછી આ કમિટીએ ચાર જ દિવસમાં નિર્ણય કરીને બે દિવસમાં બોર્ડે એપ્રુવ કરી દીધા. નાણાં વિભાગની કોઇ મંજૂરી લીધી નહીં અને ટોટલ ૨૬ ટકાનો વધારો આપી દીધો. એ ૨૬ ટકાના વધારાના કારણે આ ટેન્ડરોની અંદર ૧૨૩૦ કરોડ રૂપિયાનો વધારો થયો. જે આની એસ્ટીમેટેડ કોસ્ટ છે એ ૪૭૫૫ કરોડ રૂપિયા થતી હતી એ વધીને ૫૯૮૫ કરોડ રૂપિયા થઇ. તેના પછી ટેન્ડરો બહાર પડાયા. હવે આ એસ.ઓ.આર. કેવી રીતે વધાર્યા તેની એક બહુ મોટી કહાની છે કે સ્ટીલના ભાવ વધ્યા નહોતા, છતાં કોન્ટ્રાકટરનો નફો અને બીજું બધું વધારી દીધું. વધારામાં ૨૦૦ ટકા કોટિંગનો ભાવ હતો એ વધારી દીધો. આમ મેં કહ્યું એ પ્રમાણે કુલ ૧૨૩૦ કરોડ રૂપિયાનો વધારો ઉમેરીને ફરી પાછા ૧૨ ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વિગતો ગૃહમાં આપી રહ્યા છે એ વિગતો અને જેમાં મંત્રીશ્રી પણ જોડાયેલા છે. કોઇ પણ મંત્રીશ્રી જ્યારે મંત્રી બને ત્યારે તેના માટેના શપથ લેતા હોય છે અને એ વાત માત્ર મંત્રી પૂરતી અથવા મુખ્યમંત્રી સુધી સીમિત રહેતી હોય છે. એમણે જે વિગતો આપી છે તેમાં મંત્રી પણ સામેલ છે. પ્રિન્સિપલ સેક્રેટરી પણ સામેલ છે. મારે એ જાણવું છે કે આ વિગતો તેમની પાસે ક્યાંથી અને કેવી રીતે આવી? તેના માટેના આધાર-પુરાવા શું છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ તો અહીંયા બેસતા હતા. તેમને ખબર હોય કે મારી પાસે આર.ટી.આઇ.ની વિગત ન હોય તો હું એક પણ વિગત મૂકું નહીં. એટલે આપ કહેશો તો આખી ફાઇલની કોપી હું આ ગૃહના ટેબલ ઉપર અને દરેક સભ્યના ટેબલ ઉપર મૂકીશ. મને આ બાબતની ખબર છે. આ માહિતી મારી પાસે બે-ત્રણ વર્ષ પહેલાં આવી ગયેલી પડેલી હતી. આજે હું મોકો લઉં છું.

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, તમે ચાલુ રાખો, તમારો સમય ઓછો થાય છે. તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સમય બગાડ્યો નથી. એ પછી ટેન્ડર બહાર પડાયા. ૧૨ પેકેજ માટે ૬ પાર્ટીઓને પ્રિક્વોલિફાઇડ કરવામાં આવી. ગુજરાતની બધી પાર્ટીઓને કાઢી નંખાઇ. એમાં એક કર્ણાટકની બ્લેક લિસ્ટેડ કંપની હતી તેને પણ આની અંદર પાછળથી દાખલ કરવામાં આવી અને જે ટેન્ડરો આવ્યા તેમાં બધાના એક સરખા ભાવ. ૧૮ ટકા ઊંચા. પછી નેગોશીએટ કરીને ૧૨થી ૧૩ ટકાની વચ્ચે બધાને એક સરખી રીતે ટેન્ડરો અપાયા. તેમાં ૭૭૮.૫ કરોડ રૂપિયાનો વધારો અપાયો. આ બન્ને ભેગા કરીએ તો ૨૦૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર પહેલાં ૧૨ પેકેજમાં જ થયો.

તેનાથી આગળ કહું, તેના પછીના બધા પેકેજ આવ્યા એ બધા જ ડાઉન આવ્યા. બધા ઓછા ભાવથી આવ્યા. આ ટેન્ડરો મંજૂર કરતી વખતે જે નાણાં સચિવ હતા જે અત્યારે મુખ્યમંત્રીશ્રીના સલાહકાર છે, તેમણે કહ્યું કે આ પ્રકારે આ રાજ્યને ખૂબ મોટી નુકસાની જાય છે. અમને સ્ક્રુટિની કરવાનો સમય આપો. નાણામંત્રીશ્રીએ કહ્યું કે અમને સ્ક્રુટિની કરવાનો સમય આપો. ભલે વહીવટી મંજૂરી વધી જાય, કારણ શું હતું કે આ જે ૧૦,૮૦૦ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી હતી એ ૧૮,૦૦૦ કરોડ રૂપિયે પહોંચે તેમ હતી. આ બન્નેની આવી સ્ટ્રોંગ નોંધ આ ફાઇલની અંદર છે. માનનીય રમણભાઇને આપીશ. નવા માનનીય મંત્રીશ્રીઓ આવ્યા છે તેમને પણ આપીશ. આ હોવા છતાં કહ્યું કે આ તાત્કાલિક ખાતમુહૂર્ત કરવાનું છે. એટલે આપણે મંજૂર કરી દઇએ અને મંજૂર કરી દીધા અને રાજ્યના ૨૦૦૦ કરોડ રૂપિયા ગયા. જે કાળી રાત છે એ પછી અરુણું પ્રભાત આવ્યું છે, તમારા બધા માટે. તો આ કાળી રાતમાં જે ઘટનાઓ ઘટેલી છે. મારી પાસે કબાટો ભરેલા છે. એ કાળીરાતનું અનુકરણ ન કરો એવી હું બધાને વિનંતી કરું છું. પાછું એવું છે કે આ બધા સરકારના ખૂબ માનીતા લોકો હતા, આવા અનેક લોકો છે, અને પછી એવું થયું કે આ એસ.ઓ.આર.ને નાણાં વિભાગે મંજૂર નથી કર્યા એટલા માટે નાણાં વિભાગ પાસે મોકલવામાં આવ્યા અને નાણા વિભાગને એવું દબાણ કરવામાં આવ્યું કે આ અમને એસ.ઓ.આર. મંજૂર કરી દો નહીંતર અમારાં બધાં કામ ઠપ્પ કરી દેશે એટલે આખરે જે તે વખતના મુખ્યમંત્રીશ્રીએ વચ્ચે પડીને કીધું કે જૂના ભાવે ચાલુ રાખો નવા ભાવે પછી મંજૂર કરી દઇએ. આખરી સન ૨૦૧૪-૧૫માં પાછળથી મંજૂર કરવામાં આવ્યા. આ કાળી રાતની આવી ઘટનાઓ છે અને આ કાળી રાતની ઘટનાઓની અંદર હું મારી એ વાત કરું છું કે આ બે હજાર કરોડ રૂપિયા પ્રજાના ગયા છે. હિંમત હોય અને અરુણું પ્રભાત આવ્યું હોય તો એક વખત તમે આની હાઇકોર્ટના સિટિંગ જજનું પંચ નીમીને તપાસ કરી જાવ કે આ પૈસાની મની ટેલ કયાં ગઇ છે, કોને ત્યાં ગઇ છે, કોના ઘર સુધી ગઇ છે, કોના કાર્યાલય સુધી ગઇ છે તો ખબર પડે. ઇ.ડી.છે એ બધી જગ્યાએ જાય છે, અહીંયા આવે તો ખબર પડે કે આ બે હજાર કરોડ રૂપિયાની મની ટેલ કયાં ગઇ, પૈસા આપી શકે એટલા માટે એમણે કોન્ટ્રાકટરોને એડવાન્સ આપી દીધા...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી...

શ્રી પુર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : **माननीय अध्यक्षश्री, गुजरात यात्राधाम की यशगाथा के लिए आज ते मैं राष्ट्रीय भाषा हिन्दी में बोलने का मन था। लेकिन आज पूरे दिन सदन में मातृभाषा कि जब बात हुई है तो आज मैं गुजराती में ही बोलूंगा।** મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે અને તેમાં માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ એ પ્રસ્તાવને ટેકો આપેલો છે ત્યારે મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇશ્વરે કુદરતે પ્રકૃતિએ ગુજરાતના સૌદર્યને સોળે કળાએ વિકસાવી છે. ગુજરાતનું અનમોલ સૌદર્ય સોળસો કિલોમીટરનો દરીયાકિનારો, કચ્છનું રણ, ગીરનાર, સાપુતારા પર્વતમાળા, અંબાજીથી ઉમરગામ પર્વતમાળા વનક્ષેત્ર, નર્મદા, તાપી પવિત્ર નદી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરોની અનેક અનેક વાતો કરી આપણે ગુજરાતની અંદર પ્રકૃતિએ આપેલા સૌદર્યની વાત કરી શકીએ છીએ પરંતુ ગુજરાતમાં અલગ અલગ જગ્યાઓ ઉપર જે આપણા પવિત્ર યાત્રાધામો આવેલા છે એ પાવાગઢ, ડાકોર, અંબાજી, શામળાજી, ગીરનાર, પાલિતાણા, સોમનાથ, દ્વારકા, આ બધા પવિત્ર યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે દાયકાથી અવિરતપણે એ સંપૂર્ણ યાત્રાધામના વિકાસ માટે બાયપાસ રોડનું આયોજન હોય, રહેવાની સુવિધા હોય, પાણીની વ્યવસ્થા હોય, એસ.ટી. બસની સુવિધા હોય, હેલીપેડની સુવિધા હોય, હેલીપોર્ટની સુવિધા હોય, પાર્કીંગની સુવિધા હોય, સુવ્યવસ્થિત દર્શન માટેની વ્યવસ્થા હોય અને ભિક્ષુક મુકત યાત્રાધામ બનાવવાની જે ભારતીય જનતા પાર્ટીની જે કટિબદ્ધતા છે જેને કારણે આજે આ પવિત્ર યાત્રાધામમાં કોઇપણ ભિક્ષુક આપણને જોવા મળતો નથી. આ પ્રકારનું પવિત્ર યાત્રાધામ બનાવવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ભારતીય જનતા પાર્ટીની સરકારને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. હિન્દુસ્તાનના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમની પ્રેરણાથી શ્રી આરાસુરી અંબાજીમાતાના મંદિરમાં ઐતિહાસિક ગબ્બર ઉપર એકાવન શકિતપીઠનું નિર્માણ કરવામાં આવ્યું, સાહેબ આ વિરલ ઘટના છે. સમગ્ર બ્રહ્માંડમાં, પૃથ્વી ઉપર આ પ્રકારની ઘટના કયાંય જોવા નહીં મળે અને એના કારણે કરોડો કરોડો દેશવાસીઓને એની જે આસ્થા-શ્રદ્ધા હતી એના બળને વેગ આપે તેવું કાર્ય કરવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન પાઠવું છું.દ્વારકાની વાત કરીએ તો દ્વારકા ભગવાન કૃષ્ણનું નગર. દ્વારકાથી બેટ દ્વારકા ડેવલપમેન્ટની વાત હોય. આજે અને થોડા દિવસ પહેલાં પણ વાત થઇ હતી, વિપક્ષના લોકો વારંવાર કટાક્ષ કરતા હતા કે અમે કોઇપણ ચમરબંધીને છોડતા નથી તો નામ આપો. કોણ ચમરબંધી? મારે ગર્વભેર કહેવું છે કે જે કોઇ ચમરબંધી બેટ દ્વારકામાં હતા અમારા દાદાના બુલડોઝરથી આ બધા ચમરબંધીઓની સાન અમે ઠેકાણે લાવ્યા છીએ. બેટ દ્વારકાના વિકાસ માટે બન્ને કિનારા મહાસાગરની અંદર એક હજાર કરોડ રૂપિયાથી વધારે રકમનો કૃષ્ણ ભગવાનના મુગટ ઉપર જે મોરપીંછ છે એની સાથે સિગ્નેચર કેબલ બ્રિજનું નિર્માણ એનું કામ ઝડપથી ચાલી રહયું છે. સમગ્ર દ્વારકાની કાયાપલટ થઇ રહી છે. ૫ હજાર વર્ષ પહેલાનો ઇતિહાસ, બેટ દ્વારકા લોકોને જવું હોય તો એના માટે આ સિગ્નેચર કેબલ બ્રિજ જે જમીનથી ૧૦૦ મિટર ઉપર ૩૦૦ ફૂટના અંતરે ૨૦મી ઓગસ્ટના દિવસે હું ૩૦૦ ફૂટ

ઉપર ક્રેઇનમાં ગયો હતો. જે મોરપીંછનું દ્રશ્ય એ કેબલ બ્રિજ ઉપર મૂક્યું હોય છે. આવનારા દિવસોમાં જ્યારે આ નિર્માણ થશે ત્યારે એક અદભૂત નજારો દ્વારકા જે એક પ્રવાસન ધામ તરીકે જે અત્યારે વિકસે છે. આ પવિત્ર યાત્રાધામમાં આપણું આ બેટ દ્વારકા, એ કૃષ્ણ ભગવાનની નગરી એને આપણે વિશ્વના ફલક ઉપર પ્રસ્થાપિત કરી છે. કૃષ્ણ ભગવાનનો ઇતિહાસ, દ્વાપર યુગના અંતમાં કૃષ્ણ ભગવાને પોતાનો દેહ છોડ્યો એ ભાલકા તીર્થ અને દ્વારકા, આ દ્વારકાની વાત કરીએ તો ૫ હજારથી વધુ વર્ષથી ત્યાં ભવ્ય સંસ્કૃતિથી ઇતિહાસ સંકળાયેલો છે. નોર્થ-ઇસ્ટ વિસ્તારના રાજ્યો આસામ, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણીપુર, મેઘાલય આ ભારતનો વિસ્તાર છે એ વિસ્તાર સાથેના સંબંધો એ કૃષ્ણ રૂક્ષમણી આ બન્નેના વિવાહ પ્રસંગ માધવપુર કા મેલા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર, આ માધવ કા મેલા એટલે કૃષ્ણ રૂક્ષમણી વિવાહ પ્રસંગને વિશ્વ ફલક ઉપર લઇ જવા માગે છે. રૂપિયા ૪૭ કરોડથી વધુ રકમ આ કૃષ્ણ રૂક્ષમણી મંદિર પાછળ ખર્ચવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ ભવ્ય મંદિર બનાવવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પૂર્ણેશભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યું અને જેના ઉપર માનનીય શ્રી મહેશભાઇએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને શ્રી પ્રવિણભાઇએ ટેકો જાહેર કર્યો છે એને સમર્થન આપવા માટે અને આદિજાતિ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આદરણીય શ્રી મોરારજીભાઇ દેસાઇને યાદ કરવા જોઇએ કે જેમણે આદિવાસીઓ માટે ખૂબ જ સારાં કામો કરેલ છે. દક્ષિણ ગુજરાતમાં જે મજૂરો હતા એ મજૂરોને ખેડૂત તરીકેની વ્યાખ્યામાં બેસાડવા માટે એમણે ટોચ મર્યાદા ધારામાં સુધારો કરી અને ગરીબો માટે ખૂબ જ સારું કામ કર્યું છે. તદુપરાંત અમારા શ્રી સૂર્યકાંત આચાર્ય, જ્યારે હું વર્ષ ૧૯૮૫માં ધારાસભ્ય હતો ત્યારે એમણે પણ આદિવાસીઓ જે વન વિભાગમાં રહે છે, જંગલ વિસ્તારમાં રહે છે એમના હક્ક માટે આદિવાસી હક્ક પત્રક જાહેર કર્યું. મામલતદારની કચેરી ઉપર બોર્ડ લગાવડાવ્યા કે રેશનકાર્ડ કેટલા દિવસમાં મળે? આ રીતની શરૂઆત આ બન્ને નેતાઓએ કરી. આજે તેઓ આપણી વચ્ચે નથી. પણ મોરારજીભાઇનો આજે જન્મ દિવસ છે એટલે મેં આ વાત રજૂ કરી છે. આજે આપણે સમગ્ર ગુજરાતમાં જોઇએ છીએ તો આ વિધાનસભામાં સભ્યશ્રીઓ એમના પ્રવચનમાં વારંવાર બોલે છે કે અંબાજીથી ઉમરગામ. આ પૂર્વ પટ્ટીનો વન વિસ્તાર અને આ વિસ્તારમાં રહેતા ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાઓની અંદર લગભગ ૯૮ લાખ જેવી વસ્તી આદિવાસીઓની છે. આદિવાસીઓ માટે જો વિચારીએ તો ૨૦ વર્ષ પહેલાં ખૂબ જ કઠીન પરિસ્થિતિમાં હતા.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ સાંજના ૫.૪૦થી ૬.૧૦)

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતનો ક્રાંતિકારી વિકાસ થાય. ગુજરાત ચોમેરથી સુવિધાયુક્ત બને આ ઉદ્દેશ સાથે આદિવાસી ક્ષેત્રની અંદર પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ ખૂબ સારાં સુંદર કામો થયાં છે. હું ઉજાલા યોજનાની વાત કરીશ. પ્રધાનમંત્રી ઉજાલા યોજના દ્વારા બે કામ થયા છે. વન વિસ્તારમાં રહેતા આદિવાસીઓ પોતાના ઘર વપરાશ માટે લાકડાનો ખૂબ ઉપયોગ કરતા હતા, કાપતા હતા પણ માનનીય પ્રધાનમંત્રી ઉજાલા યોજનાની અંદર ૯.૪૩ લાખ લોકોને રૂપિયા ૧૪૫ કરોડના ખર્ચે સિલિન્ડર આપવામાં આવ્યા પરિણામે આજે જંગલો ઊભા થઇ ગયા છે અને એના કારણે રાજ્ય સરકારના રેકોર્ડ ઉપર કમસેકમ ૬૯ ચોરસ કિલોમિટર વન વિસ્તારની અંદર વધારો થયો છે. એટલે એક કાંકરે બે પક્ષીનો જે મુદ્દો છે એ પરિસ્થિતિમાં પ્રધાનમંત્રી ઉજાલા યોજનાએ ખૂબ સારી સુંદર વ્યવસ્થા ઊભી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા એ અમારા આદિવાસી ક્ષેત્રની અંદર ખૂબ જ ઉપયોગી નીવડી છે અને એ એટલા માટે કે જ્યારે આજે આરોગ્ય વિશ્વ સંસ્થા પણ કહે છે કે કેન્સરના રોગો વધારે થયા છે અને એવા જ્યારે રોગો થતા હોય ત્યારે સ્વાભાવિક રીતે આરોગ્ય સારવાર માટે ખૂબ મોટો ખર્ચો કરવો પડતો હોય છે એવા સમયે કુટુંબને ખૂબ જ આર્થિક રીતે ભીડમાં આવી જતા હોય છે પણ મારે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇને અભિનંદન આપવા પડે કે એમણે માનનીય મુખ્યમંત્રીની જે અમૃતમ યોજના હતી એમાં આયુષ્યમાન કાર્ડ આપીને પાંચ લાખમાંથી દસ લાખ રૂપિયાની યોજના કરવામાં આવી એનાથી ઘણા બધા ફાયદા થયા છે અને એમાં ૧.૭૨ કરોડ રૂપિયાનો ખર્ચો પણ થયો છે. આ જ રીતે સૌ કોઇને આવાસની જરૂર પડે છે. આ વખતના બજેટની અંદર મેં જોયું છે કે ખૂબ મોટા પ્રમાણની અંદર ટ્રાયબલના ૫૩ તાલુકા છે એમાં ખૂબ સારી મોટી સંખ્યાની અંદર હળપતિ આવાસ યોજનામાંથી, બોર્ડર વિલેજ યોજનામાંથી, માછીમાર આવાસ યોજનામાંથી, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ખૂબ સારા પ્રમાણમાં આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ. બોલવાનું છે? (માનનીય સભ્યશ્રી બાબુભાઇ જ. પટેલે બેઠાં બેઠાં ના પાડતાં) ના, તો માનનીય સભ્યશ્રી કાંતિભાઇ અમૃતિયા.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા રાજ્યપાલશ્રીનો જે પ્રસ્તાવ લાવ્યા અને શ્રી પ્રવિણભાઇ ટેકો આપ્યો એને અનુમોદન અને ટેકો આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે માર્ગ અને મકાનની વાત કરી તો મને એવું લાગે છે કે અહીંયાથી જાતા હોય માનો કે હું મોરબી જાઉં તો બે થી અઢી કલાકમાં પહોંચું. આજથી ૧૫ વર્ષ પહેલા મારે અહીંયા આવવું હોય તો રસ્તામાં અકસ્માત થયા હોય, ૭-૮ કલાક થાય. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી હમણાં રસ્તાની વાત કરીને મારા મિત્ર શ્રી અર્જુનભાઇ જતા રહ્યાં એમને મારે કહેવું હતું પણ સરકારની જે સિદ્ધિ છે એની વાત છે. હમણાં જે વાત કરતા હતા કૌભાંડની આજથી વર્ષો પહેલાં એક એક જિલ્લામાં ટેન્ડર બહાર પડે એની ગેંગ હોય એ ટેન્ડર ભેગા કરે અને ૧ રૂપિયાનું કામ ૧-૮૦ પૈસામાં જતું હતું આ મેં નજરે જોયું છે. અત્યારે આપણી સરકાર આવ્યા પછી જે ઓનલાઇન ટેન્ડર થયા એમાં ત્રણ-ત્રણ વર્ષની ગેરંટી, પાંચ વર્ષની ગેરંટી અને જે કામની ક્વોલિટી થાય છે એના માટે હું અભિનંદન આપું છું. આ સરકારમાં જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે આ ગુજરાતનો વિકાસ કરવા માટે સારા રસ્તા, પાણી અને વીજળીને મહત્ત્વ આપીને ખૂબજ સરસ પ્રધાનમંત્રી સડક યોજના ત્રણ ત્રણ હજાર કિલોમિટર બનાવી. અને જે ગામડાંઓને રસ્તા આપ્યા એ બદલ હું અભિનંદન આપું છું. ગુજરાતમાં જયારે શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જિલ્લા અલગ આપ્યા અને જિલ્લામાં જિલ્લા ભવન, કલેકટર ઓફિસ, ડી.એસ.પી. ઓફિસ તમે જાવ તો જયાં જાવ ત્યાં કોર્પોરેટ જેવું કામ છે. અગાઉનું કામ ઘણા બધા ગામોમાં હશે લગભગ એમાં કૂતરા જ આંટા મારતા હોય છે પણ અત્યારના જે કામો થાય છે એ ક્વોલિટી કામો થાય છે. મારા મોરબી જિલ્લાની વાત કરું તો મારા મોરબી જિલ્લામાં હળવદથી મોરબી રોડના ૧૯૦ કરોડ રૂપિયા આ સરકારે જે મંજૂર કર્યા છે એને હું અભિનંદન આપું છું. એવી જ રીતે જેતપુરથી મોરબીના રોડના ૧૧૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા એનું કામ ચાલુ છે. અમારી જે એન્જિનિયરિંગ કોલેજ છે એ મોરબી સ્ટેટે બનાવી છે એને પુરાતત્વમાં જો લેવામાં આવે એ બિલ્ડિંગ એવું છે કે એમાં ખર્ચ ઘણું થાય એવું છે. અમે ૨-૩ વાર મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી. શ્રી અર્જુનભાઇ એમાં ભણ્યા છે. જો એને રિપેર કરવામાં આવે કે ટુરિઝમ તરીકે એન્જિનિયરીંગ કોલેજ બની શકે એ પણ મારું સૂચન છે. મારી વાત કરું તો મહેન્દ્રનગર એક જ રોડમાં ૮૦ લાખ રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા છે. જયારે અમે વર્ષ ૧૯૯૫માં ધારાસભ્ય થયા ત્યારે અમને ૨-૩ રોડના કામના જોબ મળી જાય તો અમે રાજી થતા અને અત્યારે જયાં જાવ ત્યાં બધે કામ ચાલુ હોય છે. પરમ દિવસે હું સોમનાથ ગયો તો રસ્તામાં જયાં જાવ ત્યાં કામ અને ક્વોલિટી સાથે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે રસ્તાની જે કામગીરી કરી છે એને હું અભિનંદન આપું છું. ચાર માર્ગીય રસ્તો હોય તો છ માર્ગીય કરવો અને બે માર્ગીય રસ્તો હોય તો ચાર માર્ગીય કરવો અને ટ્રાફિકની સમસ્યા કઇ રીતે હલ થાય એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રયત્ન કર્યા છે. ટોલનાકા ઉપર જયારે ટોલ ટેક્ષ હતો. હું આજે આનંદીબહેનને યાદ કરીશ કે તેઓ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આ ટોલ ટેક્ષ નાબૂદ કર્યો. જે રસ્તા બન્યા છે એ રસ્તાની ક્વોલિટી સાથે જયાં પણ જવું હોય ત્યાં ટૂંકાગાળામાં જઇ શકીએ અને એક્સિડંટ ન થાય. શહેરી વિકાસના રસ્તાની જે સુવિધા આપી છે એ બદલ હું અભિનંદન આપું છું. પ્રસ્તાવને હું મારું સમર્થન કરું છું.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલ મહોદયના પ્રવચન ઉપર આપણા સન્માનનીય ગૃહના સન્માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ આભાર પ્રસ્તાવ મૂકયો છે તેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે તેમાં મારા વિચારો દર્શાવવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી અંબાજી સુધી આદિવાસી પટ્ટો આવેલો છે. આદિવાસી વિસ્તારમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને માળખાકીય સુવિધાઓ દ્વારા આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ થાય તેવો રાજય સરકારનો અને આપણી સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો ઉદ્દેશ રહેલો છે. આ સન્માનનીય ગૃહમાં મને કહેતા આનંદ થાય છે વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ આ સન્માનનીય ગૃહમાં હું ધારાસભ્ય તરીકે હતો અને તે સમયે આપણા લોકપ્રિય આજના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૪૪ હેઠળ તે સમયે ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું. આદિવાસી સમાજના વિકાસ માટે, સર્વાંગી વિકાસ માટે શિક્ષણ ક્ષેત્રે હોય, આરોગ્ય ક્ષેત્રે હોય કે અનેક ક્ષેત્રે વનબંધુ કલ્યાણ યોજના મૂકવામાં આવી અને એ વનબંધુ કલ્યાણ યોજના થકી જ સર્વાંગી વિકાસ આદિવાસી વિસ્તારમાં થયો છે. એના કારણે જ આજે અમે ૨૭ જેટલા ધારાસભ્યો ચૂંટાઇને આવ્યા છીએ. ૨૭ ધારાસભ્યોમાંથી ૨૩ ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીના ચૂંટાઇને આ ગૃહમાં આવ્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે, આ દેશના વડાપ્રધાને આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ કર્યો છે. ગુજરાત રાજ્યમાં તો કર્યો પણ ભારત દેશમાં ૧૫ ટકાની વસતિ ધરાવતા આદિવાસી સમાજનો પણ સર્વાંગી વિકાસ કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, આજે બિરસા મુંડા ભવન, ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં બાંધકામ સહિતની અન્ય સુવિધાનાં કામો માટે ૩૬ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. દરેક તાલુકા ક્ષેત્રે સાયન્સ કોલેજ આપવામાં આવી છે. ચાર જિલ્લામાં મેડિકલ કોલેજ, ડાંગ જેવા વિસ્તારમાં મેડિકલ કોલેજ આપવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. એકલવ્ય મૉડેલ સ્કૂલ, નિવાસી શાળા તથા સો ટકા પરિણામ આવે તેવી સ્કૂલો માટે આયોજન કર્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, આદિવાસી સમાજમાં ખાસ કરીને સિકલસેલ નામનો રોગ મહદ્અંશે થતો હોય છે. તેના માટે સરકારે આયોજન કર્યું છે. પરંતુ મા આયુષ્યમાન ભારત કાર્ડમાં ૧૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. મા કાર્ડને પી.એમ.જે.વાય. કાર્ડ સાથે જોડી દેવામાં આવ્યું

છે. આ તબક્કે હું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને દિલથી અભિનંદન આપું છું. મેં પોતે તેમને પત્ર લખ્યો હતો કે મારા વિસ્તારમાં આદિવાસી સમાજને સિકલ સેલમાં સહાય તો આપીએ છીએ પણ સિકલ સેલમાં સહાય આપવામાં આવે છે પણ જે પરિવારો તેમાં પહોંચી વળતા ન હતા તેની પણ આમાં પૂર્તતા કરવામાં આવી છે. આ દેશના વડાપ્રધાને શ્રીમતી દ્રૌપદી મૂર્મુજીને દેશના રાષ્ટ્રપતિ બનાવ્યા છે. ત્યારે આ દેશના વડાપ્રધાનને હું ધન્યવાદ આપું છું. આ વિસ્તારની અંદર અને તેમાંય ખાસ કરીને અંબાજીથી ઉમરગામ સુધીમાં જે સર્વાંગી વિકાસ થયો છે તેના માટે અભિનંદન આપું છું. અમારા ઉમરપાડા જેવા વિસ્તારમાં પાણી ૫૦૦ મીટર ઊંચાઇ સુધી લઇ જઇને સિંચાઇની સુવિધા આદિવાસી સમાજમાં આપવાનો ભગીરથ પ્રયાસ આ સરકારે કર્યો છે ત્યારે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, મહામિહમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ લઇને સભ્યશ્રી મહેશભાઇ કસવાલા આવ્યા છે અને તેને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ અનુમોદન આપ્યું છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કંડારેલા વિકાસપથ પર ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. જ્યારે આ વિકાસ પર ભરોસો મૂકીને ગુજરાતની સાડા છ કરોડ જનતાએ વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ સીટો પર વિજયી જનાદેશ આપ્યો છે તેના માટે હું ભારતીય જનતા પાર્ટીના એક-એક કાર્યકરનો આભાર વ્યક્ત કરું છું. તેની સાથે સાથે અમારા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને જેઓ પેજ કમિટીના પ્રણેતા છે તેમણે ૧૫૬ સીટ લાવીને વિપક્ષને પણ વિચારવા માટે સજ્જ કરી દીધા છે તેવા અમારા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાહેબ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

''ગુજરાત એટલે વ્યાપાર, ગુજરાત એટલે સાહસ,
ગુજરાત એટલે શૌર્ય.ગુજરાત એટલે સંસ્કાર. શુરવીરો અને સાહિત્યકારોની ભૂમિ એટલે ગરવી ગુજરાત.''

આ ગુજરાતની એક આગવી ઓળખ છે. ધરતીકંપનો માર હોય, વાવાઝોડાની મુસીબત હોય કે કોરોના જેવી પરિસ્થિતિ હોય આવી બધી આફતોમાંથી સફળતાપૂર્વક બહાર નીકળવાનું કોઇને આવડતું હશે તો અમારા ગુજરાતી ભાઇઓને જ આવડે છે અને એટલા માટે હું આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટે કહેવા માગું છું કે,

''યુગ યુગ સે હૈ અપને પદ પર દેખો કૈસા ખડા હિમાલય,
દિખતા કભી ન અપને પ્રણસે રહેતા પ્રણ પર અડા હિમાલય,
જો ભી બાધાએ આયી ઉન સબ સે લડા હિમાલય,
ઇસિલિયે તો દુનિયાભર મે હુવા સભી સે બડા હિમાલય,
અગર ન કરતા કામ કભી કૂછ રહેતા હરદમ પડા હિમાલય,
તો ભારત કે શિષ ચમક્તા નહીં મુકુટસા જડા હિમાલય,
ખડા હિમાલય બતા રહા હે એક અકેલા સબ સે ભારી એક અકેલા સબ સે ભારી.''

માનનીય અધ્યક્ષશ્રી, ચોતરફથી વાયરો આલ્યો છે વિકાસમાં આગળ વધતું જાય આપણું આગવું ગુજરાત, મહિલા વિકાસ હોય કે આરોગ્યની જાગૃતિ હોય, સ્વચ્છ અને સરળ વહીવટ દેખાય આપણું આગવું ગુજરાત. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાન કે ખેતી હોય કે પશુ પાલન માર્ગ મોકળો થાય આપણું આગવું ગુજરાત. વિજ્ઞાન, શિક્ષણ, સુરક્ષાને ગરીબોનો વિકાસ એક જ મંત્ર ગાય આપણું આગવું ગુજરાત. ઘેર ઘેરદીઠ છે નર્મદા આનંદ, આનંદ સર્વદા લીલો મોલ લહેરાય આપણું આગવું ગુજરાત. આ ઓળખ અમારા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઊભી કરી છે ત્યારે ખૂબ જ ઝડપી વિકાસ પામતો ભારત દેશ વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા તરફ જઇ રહ્યો છે ત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનેલ છે. વિશ્વના મોટા ૧૯ દેશોમાંતથી યુરોપિયન સમૂહનો જી-૨૦નું ૨૦૨૩ માટે આપણને નેતૃત્વ કરવાનો એક લ્હાવો મળ્યો છે ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની જે કલ્પના છે નયા ભારત બનાવવાની આ કલ્પનાને સાકાર કરવા માટે આપણને આ સમિટ ખૂબ જ લાભદાયી નિવડશે એવું મને લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની સરકાર દ્વારા સામાન્ય વ્યક્તિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર કાર્ય કરી રહી છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે, મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવા માટે રાજ્ય સરકાર અનેક યોજના અમલમાં લાવી છે. દેશ અને સમાજના વિકાસમાં...(અંતરાય)

<u>ઉપાધ્યક્ષશ્રી :</u> બહેનશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઉમેશભાઇ મકવાણા.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સમયમાંથી થોડો સમય બહેનને આપો ભલે બોલે, બોલવા દો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ માટે જ્યારે અમારી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખૂબ વિવિધ યોજનાઓ લાવી છે ત્યારે હું માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું કે, બેટી બચાઓ, બેટી પઢાઓ અને કન્યા કેળવણી જેવા મહત્ત્વપૂર્ણ અભિયાનનો શુભારંભ કર્યો છે. સાથે સાથે લોક ચેતના નારી શક્તિનું મોટું વટવૃક્ષ થયું છે, શક્તિમેળા જેવો એક આધાર સ્થંભ મહિલાઓ માટે લાવીને જે કાર્ય કર્યું છે એ બદલ

મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાને પણ ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું કે, શક્તિ મેળા થકી મહિલાઓ માટે અને એમના ઉદ્યોગોની જે વસ્તુઓ હોય એનું પ્રદર્શન કરવા માટેની તક પૂરી પાડીને એમને આર્થિક ઉપાર્જન માટે બહેનોને લાભ મળ્યો છે ત્યારે આ શક્તિ મેળા માટે પણ એક સ્થાન મહિલાઓને મળ્યું છે જે પણ એમની કલા હોય એ કલાને પ્રદર્શિત કરવાનું એક પ્લેટફોર્મ આપવાનું કામ અમારી સરકાર વતી થઇ રહ્યું છે એટલા માટે મહિલાઓવતી રાજય સરકારનો આભાર વ્યક્ત કરું છું સાથે સાથે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ઇન્કમટેક્સમાં સ્લેબ ઘટાડીને આપણા દેશના નાગરિકોને એક મોટી ભેટ સોગાદ આપી છે ત્યારે એ પણ કહેવા માગીશ કે સરકારો જે આપણી સુગર ફેક્ટરી છે એમને પણ જે કર રાહત આપી છે એમાં પણ ખૂબ મોટો લાભ સુગર ફેકટરીને મળવાનો છે. આ બધી તકો જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને રાજય સરકારે આપી છે ત્યારે તેમને પણ હું ખૂબ ખૂબ શુભેચ્છા આપુ છું અને મારું વકતવ્ય પૂરું કરું છું અને સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ જે ગૃહમાં પ્રવચન આપ્યુ તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં જે મહામહિમ રાજયપાલશ્રીએ જે વાત કરી ૧૫,૧૮૨ કરોડ રૂપિયા આપણા ગુજરાત સરકાર દ્વારા જે આરોગ્ય પાછળ ખર્ચ કરવામાં આવ્યા છે જેમાં મારે ખૂબ જ દુઃખ સાથે કહેવું પડે છે કે આટલી મોટી રકમ આપણા ગુજરાતની જનતા પાછળ ખર્ચ કરવામાં આવી છે તો મારા બોટાદ મત વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ પીએચસી/સીએચસીમાં આજે પણ મહેકમ પ્રમાણે પૂરતો સ્ટાફ નથી, પૂરતાં સાધનો નથી, દવાઓનો પૂરતો જથ્થો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે આરોગ્યની વાત કરીએ છીએ ત્યારે હું ખાસ તો ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું મારા બોટાદ મત વિસ્તારમાં ૮૦થી વધારે ગામો આવે છે ત્યારે આરોગ્યની જો વાત કરીએ તો હાલ સરકારી હોસ્પિટલમાં મોટાભાગના ડોકટરો બોન્ડેડ હોય છે. મારે ખૂબ દુઃખ સાથે કહેવુ પડે છે મેં અનેક પીએચસી સેન્ટરોની ઓચિંતી વિઝિટ કરી જયારે વિઝિટ કરું ત્યારે મોટાભાગની હોસ્પિટલોમાં ડોકટર જ નથી હોતા. મહેકમ જોઇએ તો મહેકમાં ડોકટર છે અને જયારે પૂછવામાં આવે કે કયાં છે ડોકટર? ત્યારે કહેવામાં આવે છે કે તેઓ અન્ય પરીક્ષાના કારણે અત્યારે હાજર નથી તેઓ પરીક્ષાની તૈયારી કરવા માટે રજા ઉપર ઉતરી ગયા છે તો આ પ્રકારના જે બોન્ડેડ ડોકટરો મોટાભાગના પીએચસી સેન્ટરો, સીએચસી સેન્ટરોમાં નિયુકત કર્યા છે અને મહેકમમાં બતાવવામાં આવે છે કે ડોકટર છે અને જયારે સ્થળ ઉપર જઇએ, વિઝિટ કરીએ ત્યારે આ ડોકટરો હોતા નથી. મોટાભાગની ગ્રામ્યની પ્રજા ભગવાન ભરોસે હોય છે મારું એક સૂચન છે કે આવા જે બોન્ડેડ ડોકટરના કારણે પીએચસી સેન્ટરો, સીએચસી સેન્ટરોમાં જે જગ્યાઓ આપણે બોન્ડેડથી ભરીએ છીએ તેના કરતા મોટાભાગના કાયમી ડોકટરોની જો ભરતી કરવામાં આવે યુપીએસસી કે જીપીએસસી દ્વારા તો સરકારનું અને આપના દ્વારા આ બજેટની જે જોગવાઇ કરવામાં આવી છે તો તેનો સાચા અર્થમાં ઉપયોગ થઇ શકે અને પ્રજાને સારી આરોગ્યલક્ષી સેવાઓ મળે સાથો સાથ મારા બોટાદ મત વિસ્તારની વાત કરું, બોટાદ શહેરની વાત કરું તો તેમાં અર્બન-૧ અને અર્બન-૨ આ બન્ને હોસ્પિટલો આવેલી છે. તેમાં અર્બન-૧માં પણ બોન્ડેડ છે જે છેલ્લાં ૯૦ દિવસથી તે હાજર જ નથી. તેમના રજા રિપોર્ટમાં લખીને ગયા છે કે મારે અન્ય પરીક્ષાની તૈયારી કરવી છે એટલે તેઓ રજા ઉપર ઉતરી ગયા છે અને તેની જગ્યાએ બીજા કોઇ ડોકટર આવી શકતાં નથી અને અર્બન-૨માં રાજીનામું આપીને ડોકટર ગયા છે તો આવા પ્રકારના જે બોન્ડેડ ડોકટરો છે તો હું માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરું કે આપના મારફતે બોન્ડેડ ડોકટરની જગ્યાએ જો કાયમી ડોકટરો મૂકવામાં આવે તો આરોગ્યલક્ષી સેવાઓ સારી બની શકે તેમ છે. સાથો સાથ બોટાદની જનતા અત્યારે મોટાભાગના ડોકટરો ના હોવાના કારણે બહાર પ્રાઇવેટ હોસ્પિટલોમાં ઇલાજ કરવા જવું પડે છે. આજે તમે જોયુ હશે કે હમણા થોડાક સમય પહેલાં સોનાવાલા હોસ્પિટલમાં એક અમારી મહિલા બહેને દવા પીધી, ફિનાઇલ પીધી. એટલા માટે કે તેને વ્યાજખોરોનો ખૂબ ત્રાસ હતો જયારે હું પોતે એ સોનાવાલા હોસ્પિટલમાં ખબર કાઢવા માટે ગયો ત્યારે તેણે દુઃખદ ઘટના મારી સાથે વર્ણવી. મેં બહેનને પૂછ્યું કે તમે શું કામ દવા પીધી ?

ઉપાધ્યક્ષશ્રી : પ્રસ્તાવ ઉપર બોલો, વ્યાજખોરોનું અહીંયા અત્યારે નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : ત્યારે એમણે કહ્યું કે અમારી પાસે દવાના પૈસા નહોતા.

ઉપાધ્યક્ષશ્રી : આપના પ્રવચનનો સમય પૂરો થાય છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ ગૃહના સભ્યશ્રી મહેશભાઇ કસવાલાજી લઇને આવ્યા છે અને તેને સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે. તેમાં સામાજિક, શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે પણ ચર્ચા કરી છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આપણા દેશના સ્વર્ગસ્થ વડાપ્રધાનશ્રી મોરારજી દેસાઇનો આજે જન્મદિવસ છે. તેઓ અમારા વલસાડ તાલુકાના વતની છે એટલે ખાસ એમને યાદ કરી એમના ચરણોમાં વંદન કરું છું. હજારો વર્ષોની ગુલામી પછી અનેક સંઘર્ષો અને અનેક બલિદાનો પછી આ દેશને આઝાદી મળી. આ દેશ એ વખતે પછાત દેશોની હરોળમાં હતો. આ દેશને વિકસિત દેશોની સાથે લઇ જવા માટે આજની સરકાર દ્વારા આજ દિન સુધી પ્રયત્નો થઇ રહ્યા છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આ બધું સતત ધ્યાન રાખી રહી છે. માનવ શરીરનું કોઇ પણ એક અંગ પૂર્ણ ન હોય તો એ શરીર સ્વસ્થ રહેતું

નથી. એ જ રીતે ભારત દેશનો વિકાસ કરવો હોય તો દેશની તમામ વસતીનો વિકાસ થાય એ જરૂરી છે. તત્કાલીન જનસંઘના સ્થાપક અને ભારતીય જનતાપાર્ટીના સ્થાપક એવા પંડિત દીનદયાળે આખા દેશની પછાત વસતી જે વિકાસથી વંચિત ન રહે એ માટે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગ માટે કેટલીક યોજનાઓ મૂકી હતી જેનો આ સરકાર અમલ કરી રહી છે. પહેલાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગને મકાન બાંધકામ માટે રૂ.૮,૦૦૦/-થી રૂ.૨૦,૦૦૦/- આપતા હતા. તે હાલની સરકાર દ્વારા મકાન બાંધકામ માટે રૂ.૧,૨૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં વિકસતી જાતિના ૧.૭૮ લાખ લાભાર્થીઓને મકાન બાંધવા માટે ત્રણ હપ્તામાં રૂ.૮૪૪.૫૬/- કરોડની સહાય આપવામાં આવે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના આજના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ અંત્યોદય યોજનાને સાચા અર્થમાં ગુજરાતની ભૂમિ ઉપર ચરિતાર્થ કરવા માટેનો એક પ્રયાસ કર્યો છે. ત્યારબાદ હાલની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા પછાતવર્ગ અને બક્ષીપંચ વર્ગ (કે જેમાં ૧૪૬ ઉપરની જ્ઞાતિઓનો સમાવેશ થાય છે)ના ઉત્થાન માટે સરકાર કાર્ય કરી રહી છે. રાજ્યની ૫૨ ટકા વસતીવાળા આ બક્ષીપંચ સમાજને વિકસતી જાતિની હરોળમાં લઇ જવા માટેના કાર્યો આ સરકારમાં થયા છે. આ સરકારમાં આ જ્ઞાતિ માટે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતાં ૩૧.૩૭ લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ ૨૫૮ કરોડની શિષ્યવૃત્તિ ગુજરાત પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. પોસ્ટ મેટ્રિક અને શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધો.૯ અને ૧૦ના ૫.૭૪ લાખ વિદ્યાર્થીઓને રૂ.૨૫૪/- કરોડની શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવેલ છે. સામાજિક પછાત વર્ગના ધોરણ-૯ની ૧૩.૨૪ લાખ કન્યાઓને રૂ.૪૨૫/- કરોડની સાઇકલ સહાય આપવામાં આવી છે. આ જ્ઞાતિ માટે વિદેશ અભ્યાસ માટે ૨૦૦૧-૦૨ના વર્ષ દરમિયાન રૂ.૫ લાખની લોન હતી જે વધારીને રૂ.૧૦ લાખ કરી હતી અને હાલમાં સરકાર વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખ સુધીની લોન ઓછા વ્યાજે આપી રહી છે તેનો અનેક વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી):માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી મહેશભાઈ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને સભ્યશ્રી પ્રવિણભાઈએ ટેકો આપેલ છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫ પહેલાં ગરીબ લોકોની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭૦૦૦ હતી અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૭૦૦૦ હતી, પરંતુ ડબલ એન્જિનની સરકાર આવ્યા પછી રૂ. ૬ લાખની આવક મર્યાદા નિયત કરવામાં આવી છે તે ભાજપનું કામ છે. ગરીબ લોકોને પરિવારમાં લગ્ન વખતે વ્યાજે રકમ લાવવી પડતી હતી અથવા જમીન ગિરવે મૂકવી પડતી હતી પરંતુ ભાજપની સરકાર આવ્યા પછી કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ રૂ. ૧૨,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. શ્રમિકો માટે તા.૧૪/૦૬/૨૦૧૭ના રોજ અન્નપૂર્ણા યોજના શરૂ કરવામાં આવી હતી અને આ યોજનામાં શ્રમિકોને રૂ. ૧૦ માં ભોજન આપવામાં આવતું હતું પરંતુ ડબલ એન્જિનની સરકાર આવ્યા પછી રૂ. ૫ માં ભોજન આપવામાં આવે છે અને એક વ્યક્તિનો ખર્ચ રૂ. ૪૨/- થાય છે. વિદેશ અભ્યાસ માટે અગાઉ કોઈ લોન આપવામાં આવતી ન હતી પરંતુ હાલ વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન આપવામાં આવે છે. સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ-૧૦માં અભ્યાસ કરતી બહેનોને મફત સાઈકલ આપવામાં આવે છે. જ્યારે ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી બહેનોને એસ.ટી.માં મફત મુસાફરી કરવા માટે પાસ આપવામાં આવે છે. અગાઉ ગરીબ લોકોને કાચા અને નળિયાવાળા મકાનમાં વરસાદ પડે ત્યારે ચૂવા થતા હતા પણ તેઓને કોઈ મકાન સહાય આપવામાં આવતી ન હતી, પરંતુ ભાજપની સરકાર આવ્યા પછી રૂ. ત્રણ લાખ પચાસ હજારની સહાય આપવામાં આવે છે. ગરીબોને અગાઉ મીટર પણ પૈસા લઈને આપવામાં આવતા હતા, પણ ભાજપ સરકાર આવ્યા પછી મફત મીટર આપવામાં આવે છે. ગરીબ લોકોને દવા કરવા માટે વ્યાજે પૈસા લેવા પડતા હતા, જમીન ગિરવે મૂકવી પડતી હતી પરંતુ આયુષ્માન કાર્ડમાં અગાઉ રૂ. ૫ લાખની સહાય આપવામાં આવતી હતી પણ અમારી સરકારે વિચાર કર્યો કે આ ખર્ચ થોડો વધી જાય છે એટલે તેના રૂ. ૧૦ લાખ કરવામાં આવ્યા. માનનીય સભ્યશ્રી આ પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા):માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી મહેશભાઈ કસવાલા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના અનુસંધાને હું મારા વિચારો રજૂ કરું છું. મહામહિમ રાજ્યપાલશ્રીએ પ્રવચનમાં આંગણવાડીની બહેનોની વ્યથા અને તેમના પગારની વાત કરી, પરંતુ આંગણવાડીની બહેનો જ્યારે ૬૦ વર્ષ પછી નિવૃત્ત થાય છે, ત્યારે તેમના પેન્શનની વાત કરી નથી. આંગણવાડીની વાત કરી ત્યારે પોષણસુધા યોજનામાં સગર્ભા બહેનોને આંગણવાડીની બહેનો જમાડે છે. એક ટાઈમના ભોજનની કિંમત માત્ર રૂ. ૨૭માં દાળ-ભાત, શાક, રોટલી અને લાપસી ખવડાવે છે અને તેનો બોજો મારી આંગણવાડીની બહેનો ઉપર પડે છે. રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું કે ગૌશાળા અને પાંજરાપોળોની ગાયો માટે પ્રતિ દિન રૂ.૩૦ આપવામાં આવે છે, પરંતુ મારી સગર્ભા બહેનોને પોષણસુધા યોજનામાં આંગણવાડીની બહેનો માત્ર રૂ. ૨૭ નું જમાડે છે તે અત્યંત ચિંતાની વાત છે. કુપોષણ ટાળવું હોય તો તેમને સારું ભોજન મળવું જોઈએ એવી અમારી લાગણી છે. આ પોષણસુધા યોજનામાં સગર્ભા બહેનોને જે ખોરાક મળે છે તેમાં હજુ વધારે પોષણ મળવું જોઈએ. મારા સાથી મિત્ર શ્રી રમણભાઈએ ઉજ્જવલા ગેસ યોજનાની વાત કરી પરંતુ આદિવાસી વિસ્તારમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકો ગેસનો સિલિન્ડર પુરાવી શકતા નથી ત્યારે ચિંતા એ થાય છે કે જંગલ કપાઈ રહ્યું છે અને તેને કારણે

ચુલો સળગાવી રહ્યા છે પરંતુ અમારા વિસ્તારની બહેનો ચુલો કેવી રીતે સળગાવે છે? હાટ બજારમાંથી ચુલો લાવીને કોથળીઓ વીણી લાવે છે અને વહેલી સવારે કોથળીઓથી ચુલો સળગાવે છે અને આ કોથળીના કાર્બનને લીધે બહેનોને આરોગ્યની ખૂબ તકલીફ પડે છે. એના કારણે કેન્સર જેવા રોગો થાય છે અને અંધાપો પણ આવે છે. અમારી રજૂઆત એ છે કે કેરોસીન જે પાંચ લિટર આપતા હતા તેને બદલે બે લિટર આપે અને મારી બહેનો સવારમાં ચુલો સળગાવે અને જંગલનો વિનાશ ઓછો થાય. મહામહિમ રાજ્યપાલશ્રીએ શિક્ષણની વાત કરી છે ત્યારે જે શાળાઓના ઓરડાઓ જર્જરિત છે એ બધા જ ઓરડા નવા બનાવવામાં આવે અને મારા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓની શિક્ષણની ભૂખ પૂરી કરવામાં આવે. મારી વિનંતી એવી છે કે આખી શાળામાંથી માત્ર બે કે ત્રણ જ ઓરડાઓ બનાવવાને બદલે બધા જ ઓરડાઓ નવા બનાવવામાં આવે. અમારા વિસ્તારની અંદર સરકારી વિનિયન અને વાણિજ્ય કૉલેજ છે એમાં ચોમાસા દરમિયાન વર્ગખંડોમાં પાણી ભરાઇ જવાને કારણે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં બેસી શકતા નથી. મહામહિમ રાજ્યપાલશ્રીએ જે બહેનોના દુઃખની વાત કરી છે કે એમાં અગાઉ ગંગાસ્વરૂપા બહેનોને પુત્ર ૨૧ વર્ષનો થાય એટલે સહાય આપવાનું બંધ કરવામાં આવતું હતું તે નિયમમાં સુધારો કરી હવે આજીવન સહાય આપવામાં આવે છે એ ખૂબ સારી વાત છે, પરંતુ અમારા ધ્યાનમાં આવ્યું છે કે બહેનો કે જેઓ ત્યક્તા છે અને એકલવાયું જીવન જીવે છે એવી બહેનોને પેન્શન મળતું હતું એ પેન્શન ફરીથી ચાલુ કરવામાં આવે અને આવી બહેનો સન્માનપૂર્વક જીવન જીવી શકે એવી અમારી માંગણી છે. શ્રી મોહનભાઇએ રસ્તાની વાત કરી, પરંતુ અમારા વિસ્તારના રસ્તાની વાત કરીએ તો, નવસારી જિલ્લાથી સુરત જિલ્લા અને મહુવાને જોડતો રસ્તો અત્યંત બિસ્માર છે. અમારા વિસ્તારમાં વધારે વરસાદ પડવાને કારણે પિચિંગો ઊભરાઇ જાય છે અને ત્યાંથી ખેતમજૂરો જ્યારે પસાર થાય છે ત્યારે તેઓ તણાઇ જાય છે અને જાનહાનિ થાય છે. તાલુકા મથકના રસ્તા, પરા વિસ્તારના રસ્તાઓ પણ ખૂબ જર્જરિત હોવાથી નવા બનાવવામાં આવે. એવી જ રીતે દરેક તાલુકા મથકે વિજ્ઞાન કૉલેજ છે પરંતુ, અમારા વાંસદામાં હજુ સુધી વિજ્ઞાન કૉલેજ આપવામાં આવી નથી. આ વાત જો મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં કરી હોત તો અમને ખૂબ આનંદ થાત. અમારા વિસ્તારમાં વીજળીની વાત કરીએ તો, ખેતીવાડીની વીજળી સમયસર મળતી નથી અને એનો સમય ફક્ત ૮ કલાકનો હોવાને કારણે ટ્રીપ કરી દેવામાં આવે છે અને એને પૂરતા પ્રમાણમાં વીજળી મળતી નથી. શેરડીના મજૂરોને પૂરતા પ્રમાણમાં વીજળી અને પાણી ન મળવાને કારણે ઘણીબધી મુશ્કેલીઓ પડે છે. આંગણવાડીના ભૂલકાંઓની વાત કરીએ તો, ઘણીબધી આંગણવાડીઓ એવી છે કે જે જર્જરિત છે અને ભયના ઓથાર હેઠળ બાળકો ઓટલા પર બેસીને ભણે છે. ઘણીબધી આંગણવાડીઓને તોડી પાડવામાં આવી છે. નરેગામાં સમાવેશ કર્યો નથી ત્યારે અમારી વિનંતી એવી છે કે આ બધી માંગણીઓને ધ્યાનમાં રાખીને પ્રવચન આપ્યું હોત તો અમે આ આભારદર્શક પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હોત.

શ્રી સુખાજી સો. ઠાકોર**(**બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં પ્રસ્તાવ રજૂ કરનાર મારા મિત્ર શ્રી મહેશભાઇ કસવાલા અને એમને ટેકો આપનાર શ્રી પ્રવિણભાઇ માળીને મારું સમર્થન અને મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર બે-ચાર મુદ્દાઓની ચર્ચા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે એમણે કિસાનોની ચિંતા કરી કે એમની આવકમાં કઇ રીતે વધારો થાય. એેની સાથે-સાથે દુષ્કાળની સ્થિતિમાં ખેડૂતની આવકમર્યાદા ઘટી જવાથી તેના પૂરક ધંધા તરીકે પશુપાલનને કઇ રીતે સામેલ કરવું એનું ચિંતન કયું. માનનીય શ્રી નરેન્દ્રભાઇથી લઇને માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર સુધી એનું ચિંતન કર્યું છે અને ચિંતનમાં સરકારે પશુપાલકો માટે યોજના બનાવી એમના સુધી પહોંચાડવાના પ્રયત્નો કર્યા છે. આપણે જોતા હતા કે નાનાં બાળકોને દૂધ પીવડાવવા માટે આપણે ડેનમાર્કથી પાઉડર લાવવો પડતો હતો. આજે પરિસ્થિતિ ઉલ્ટી થઇ ગઇ છે કે આપણે વિદેશમાં પાઉડર આપતા થયા છીએ. આજે ગુજરાતની પ્રતિદિન ૨૩૮.૩ લાખ લિટરની ઉત્પાદન ક્ષમતા છે. આજે આપણે અહીંયાથી પણ દિલ્હી જેવા મોટા શહેરોમાં દૂધ આપીએ છીએ. જયારે બીજા મુદ્દાની વાત કરુ તો જીવદયા પ્રેમી લોકો રખડતા પશુ, અપંગ પશુ અને વાંઝ્યા પશુ કે જેનું કોઇ ધણી નથી એવા પશુઓને એકઠા કરી ગૌશાળા કે પાંજરાપોળના રૂપમાં સેવા કરતા હોય છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારને એ વિચાર આવ્યો કે, આ જીવદયા પ્રેમી લોકો એમના સ્વાર્થ વગર પણ આવા પશુઓને જયારે સાચવતા હોય ત્યારે ત્યાંથી પણ એક ચિંતા કરવામાં આવી કે પશુ દીઠ એમને રૂપિયા ૩૦/- આપણે દરરોજ આપવા જોઇએ. સાથે સાથે આ બજેટમાં ગૌશાળા કે પાંજરાપોળ માટે બજેટ પણ સારુ એવું રજૂ કરવામાં આવ્યું છે. આપણે જેમ ખેડૂતોને ક્રેડિટ કાર્ડ આપીએ છીએ. રૂપિયા ૩ લાખની વગર વ્યાજની લોન આપીએ છીએ. આ યોજનાની પશુપાલકો માટે પણ એક રજૂઆત કરી કે, આપણે રૂપિયા ૩ લાખ સુધીની પશુપાલકોને, પશુના નિભાવ અને પશુના ઉત્પાદન માટે સહાય આપીશું અથવા લોન રૂપમાં આપીશું. જયારે જયારે નાના, જમીન સ્તરના માણસોની મુશ્કેલીઓ નીચેથી આવતી હોય છે ત્યારે એના ઉપર ચિંતન થતું હોય છે અને ચર્ચા થતી હોય છે અને તેના ઉકેલ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરતી હોય છે એટલે આપણને એનું સો ટકા પરિણામ મળતું હોય છે. પશુઓમાં સારવાર એ મોટો વિષય હતો. તો સારવાર માટે ૧૯૬૨ નામથી એમ્બ્યુલન્સ શરુ કરી અને એ એમ્બ્યુલન્સથી દરેક પશુપાલક સુધી પશુઓની સારવાર થાય એ માટેની આખી યોજના અમલમાં મૂકી અને એના પરિણામે આજે ગામડે ગામડે સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મારા મહેસાણા જિલ્લામાં પશુઓ માટેની એક આધુનિક એનિમલ હોસ્પિટલ છે. ત્યાં એક્સ-રે ની વ્યવસ્થા છે, ત્યાં મેજર ઓપરેશનની વ્યવસ્થા છે અને જયાં સુધી પશુને સારું ન થાય ત્યાં સુધી પશુને ત્યાં બધી સારવાર

આપવામાં આવે છે. એટલે પશુઓ માટે પણ ભારતીય જનતા પાર્ટી કેટલું સારુ કામ કરી રહી છે, આ એનું એક ઉદાહરણ છે. આ રીતે, આ વખતે ભારતીય જનતા પાર્ટીએ પશુપાલનમાં દરેક વિભાગમાં સારુ બજેટ આપ્યું છે, એટલે હું ભારતીય જનતા પાર્ટીનો આભાર માનું છું.

શ્રી પી.સી. બરંડા(ભિલોડા):માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા ૧૫મી વિધાનસભાના પ્રથમ દિવસે, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાત વિધાનસભા સમક્ષ પ્રવચનમાં ગૃહ વિભાગની કાયદો અને વ્યવસ્થા પ્રવચન સંબોધન ઉપર વાત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ મજબૂત હોવી જોઇએ અને તેના માટે પોલીસ વિભાગનું આધુનિકરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાતના આશ્વાસ્ત અને વિશ્વાસ પ્રોજેક્ટે રાજ્યના નાગરિકોની સુરક્ષામાં વધારો કર્યો છે. વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરમાં આવેલા સી.સી.ટી.વી. કેમેરાઓની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે. પ્રત્યેક નાગરિક સમાજમાં શાંતિ અને સલામતીનો અહેસાસ કરી શકે તે માટે ગુજરાત સરકાર હરહંમેશ કટિબદ્ધ છે. પોલીસ વિભાગની અંદર દર વર્ષે અધિકારીશ્રીઓને મેડલથી નવાજવામાં આવે છે. જેમાં, ગુજરાત રાજ્યમાં પોલીસ દળના ચાર અધિકારીશ્રીઓને તારીખ ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ તથા ૨૬મી જાન્યુઆરી ૨૦૨૩ના પ્રસંગે માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા પોલીસ મેડલ એનાયત કરવામાં આવેલ છે. ગુજરાતની અંદર નશાબંધી નીતિના ચુસ્ત અમલ માટેની વાત કરવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારે નશાબંધીના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારું છે અને સમાજના નબળા વર્ગના લોકોના જીવનમાં સુધારો આવે તે માટે ઉલ્લેખનીય સુધારો થયેલો છે. નશાબંધીના કારણે રાજ્યમાં શાંતિ પ્રવર્તે છે. નશાબંધી અને આબકારીથી વર્ષ ૨૦૨૨-૨૩ના જાન્યુઆરી ૨૦૨૩ સુધી રૂપિયા ૧૪૫.૪૭ કરોડની આવક સરકારને થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ડ્રગ્સ વિરૂદ્ધ સઘન ઝુંબેશની કામગીરી કરવામાં આવે છે. જેમાં મારીજવાના, ફસીસ, બ્રાઉન સુગર, હેરોઇન ઇત્યાદિના સેવનથી રાજ્યના યુવા ધનને બરબાદ થતું અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ઝીરો ટોલરન્સની નીતિના ભાગરૂપે એ.ટી.એસ., સી.આઇ.ડી.(ક્રાઇમ) અને કેન્દ્ર સરકારની એજન્સીઓ સાથે વિવિધ પરામર્શ અને અસરકારક સંકલન સાથે ઓપરેશન થકી તારીખ ૧-૧-૨૦૨૧થી તા.૯-૧૨-૨૦૨૨ દરમ્યાન ૪૯,૫૯૬ કિલોગ્રામ ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવેલો છે. જેની રકમ અંદાજિત રૂપિયા ૭૧૩૫ કરોડ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ માટેની સુરક્ષાની વાત કરવામાં આવી છે, જેમાં રાજ્યમાં કુલ ૩૯ મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. અભયમ્, મહિલા હેલ્પ લાઇન ૧૮૧ ટવેન્ટી ફોર બાય સેવન મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે. જે અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં ૮૮.૮૮ લાખ ફોન કોલ્સ મળેલ છે. જેમાં ૧૧.૬૨ લાખ મહિલાઓને ફોન મારફતે વિવિધ સેવાઓ આપવામાં આવી છે. તથા અભયમ્ મહિલા હેલ્પલાઇન એપ્લીકેશન લોંચ કરવામાં આવેલી છે. જેમાં ૧.૬૪ લાખ એપ્લીકેશન ડાઉનલોડ કરવામાં આવેલી છે.

રાજ્યમાં મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય મળે અને છેડતી, બળાત્કાર, જાતીય સતામણી જેવા ગુનાઓ પર અંકુશ રહે તે માટે ૫૮૫ શી ટીમની રચના કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇ.એફ.આઇ. પ્રોજેકટની પણ વાત કરવામાં આવી છે. જેમાં આદરણીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ સાહેબે તા.૨૩-૭-૨૦૨૨ ના રોજ રાજ્ય સરકારના મહત્ત્વકાંક્ષી ઇ.એફ.આઇ. પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવેલું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, વાહન અને મોબાઇલ ચોરી માટેની ફરિયાદો ઓનલાઇન થઇ શકે તે માટે લોકોને પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ધી ગુજરાત પબ્લિક સેફ્ટી ઇન્ફર્મેશન એકટ ૨૦૨૨ની વાત કરી છે. જેમાં રાજ્યના નાગરિકોને સુરક્ષા, સલામતી, ટ્રાફિક મેનેજમેન્ટ અને ગુનાની વૈજ્ઞાનિક ઢબે તપાસ થઇ શકે તે માટે ૧૦ હજારથી વધુ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલા છે અને સી.સી.ટી.વી. કેમેરા સિસ્ટમને નિયમિત કરવા માટે ગુજરાત પબ્લિક સેફ્ટી ઇન્ફર્મેશન એકટ ૨૦૨૨ તારીખ ૧-૮-૨૨થી ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ત્રિકમભાઇ છાંગા.

શ્રી ત્રિકમ બિ. છાંગા(અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન બાદ માનનીય મહેશભાઇ કસવાલા દ્વારા લવાયેલ આભાર પ્રસ્તાવ અને આદરણીય શ્રી પ્રવિણભાઇ માળીના ટેકા બાદ આ બાબતે રાજયપાલશ્રીના આ સભાગૃહને સંબોધન બદલ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. ગુજરાત આર્થિક રીતે ખૂબ પ્રગતિશીલ રાજ્ય છે. ઔદ્યોગિક વિકાસ ખૂબ સારી રીતે થયો છે. રાજયમાં શાસનમાં સ્થિરતા, શાંતિ અને પ્રગતિને કારણે રાજયમાં આ શક્ય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસ માટે જે પરિબળો હોય કે જેમાંથી એને કાચો માલ પ્રાપ્ત થતો હોય, એવા ખેતી અને ખનિજ ખૂબ મોટી માત્રામાં ગુજરાતમાં ઉપલબ્ધ છે. ખેતીનો પણ ખૂબ સરસ વિકાસ થયો છે અને ખનિજ સંપત્તિ, વિવિધતાભરી ખનિજ સંપત્તિ ગુજરાતમાં ઉપલબ્ધ હોવાને કારણે ખનિજ આધારિત ઉદ્યોગોનો પણ ગુજરાતમાં ખૂબ સારો વિકાસ થયેલો છે.એટલું જ નહીં પરંતુ ગુજરાત સાર્વત્રિક રીતે પ્રગતિશીલ રાજ્ય હોવાને લીધે દેશના અન્ય રાજ્યના લોકોને પણ

રોજગારી માટેના સાધન ગુજરાતમાં પ્રાપ્ત થાય છે. ઘણી વખત વાતો આવે છે કે ગુજરાતમાં બેરોજગારી, પરંતુ ગુજરાતમાં ખૂબ મોટા પાયા ઉપર રોજગારીના સર્જનને કારણે અન્ય રાજ્યના લોકોને પણ ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થઈ છે. એમ કહેવાય છે કે ગુજરાતની માટીમાં જ કાંઈક છે, ગુજરાતની માટી અલગ છે, ગુજરાતની માટીમાં એવા પ્રકારની સોડમ છે કે જે સોડમ દેશ અને દુનિયાને પ્રગતિની દ્રષ્ટિએ, વિકાસની દ્રષ્ટિએ, સંસ્કારની દ્રષ્ટિએ, સંસ્કૃતિની દ્રષ્ટિએ, સભ્યતાની દ્રષ્ટિએ, એમ સાર્વત્રિક રીતે દેશ અને દુનિયાને ગુજરાત હંમેશા માર્ગદર્શન આપતું રહ્યું છે. ગુજરાતને અને ખનીજને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતમાં લિગ્નાઈટ, લાઇમસ્ટોન, બોકસાઈટ, મેંગેનીઝ, પોર, પર્લાઇઝ, ફોસ્ફાર જેવા વિવિધ આઠ પ્રકારના મુખ્ય ખનીજો પ્રાપ્ત થાય છે. જયારે બ્લેક સ્ટેપ બેન્ટોનાઇટ, માર્બલ, ગ્રેનાઇટ, સાદી રેતી, બિલ્ડિંગ મટીરીયલ, બિલ્ડિંગ લાઇમ સ્ટોન, સેન્ડ સ્ટોન, કવાસ્ટાઇલ, મોરમ, અગેટ, વોલ કલે, ચાઇના કલે,વ્હાઇટ કલે, ફાયર કલે, સીલીકા સેન્ડ, ચોક, ડોલોમાઇટ, લેટ્રાઇટ, કેલસાઇટ્સ, કવાર્ટસ જેવા વિવિધ ૩૫ જેટલા ગૌણ ખનીજો પણ ગુજરાતમાં પ્રાપ્ત થાય છે રાજયમાં હાલ કુલ ૪૪૭ માઈનિંગ લીઝો અને ૭૪૨૮ કવોરી લીઝો ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે જેમાં રાજ્ય સરકારશ્રીને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૧૭૩૩.૪૭ રોડની મહેસૂલી આવક થઈ છે ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં જાન્યુઆરી અંતીત રૂપિયા ૧૫૮૭.૯ કરોડની મહેસૂલી આવક પ્રાપ્ત થયેલ છે. મુખ્ય ખનીજ લાઇમ સ્ટોન અને બોકસાઇટના કુલ ૧૨ બ્લોકની ઇ-ઓકશનથી પણ ફાળવણી કરવામાં આવી છે. આગામી સમયમાં મુખ્ય ખનીજના વધુ ચાર બ્લોક જાહેર હરાજી માટે પણ મૂકવામાં આવ્યા છે. જેનાથી સિમેન્ટ અને પ્રી ફેકટરી ઉદ્યોગને વેગ મળશે, ગુજરાતમાં રોજગારીની નવી તકોનું સર્જન થશે. હાલમાં સામાન્ય વ્યક્તિના ઘરના બાંધકામથી લઈ મોટી ઈમારતો, રસ્તાઓ, નેશનલ હાઇવે, એકસ્પ્રેસ હાઇવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, રેલ્વે માર્ગ વગેરેના બાંધકામમાં ગૌણ ખનીજો જેવા કે સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વગેરેનો વપરાશ વધવા જઈ રહ્યો છે. તેમજ સિમેન્ટ ઉદ્યોગ, ઈંટો, નળીયા, પેઇન્ટ, સિરામિક વગેરે માટેનો કાચો માલ ખનીજ સંપતિમાંથી પ્રાપ્ત થાય છે. આ ખનીજ સંપતિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે એ માટે જાહેર હરાજીથી ખનીજ સભર વિસ્તારોમાં બ્લોકની ફાળવણી કરવા માટે સરકારશ્રી દ્વારા જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓને ધ્યાનમાં લઈને નવી પદ્ધતિ અનુસાર ગૌણ ખનીજોનો ઇ-ઓકશનથી ઝડપી અને સરળતાથી ફાળવણી થઈ શકે તે માટે સંશોધનની કામગીરી પણ ગુજરાતમાં કરવામાં આવે છે. વહીવટી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આજ દિન સુધી કુલ ૧૬૬૯ બ્લોકની સફળ હરાજી થયેલ છે, હયાત લીઝો જેમાં લીઝ ધારકોએ ખનીજ વિકાસ માટે રોકાણ કરેલ હોય તેમાં નવી પદ્ધતિ મુજબ ઇ-ઓકશન કરી ઝડપથી ફાળવણી કરી શકાય અને નવી લીઝો કાર્યરત થાય અને ગુજરાતના ઉત્પાદનમાં એ ઉપયોગી થાય એ પ્રકારની વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે. આ અંગે ગુજરાત સરકારશ્રીને ૧૩ નવેમ્બર ૨૦૨૧ ના રોજ નવી દિલ્હી ખાતે ઇન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ માટે પ્લેટિનમ સ્કોચ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે, ગુજરાત સરકારશ્રીને ૧૮ જૂન ૨૦૨૨ ના રોજ નવી દિલ્હી ખાતે ઇન્ડિયા ગવર્નન્સ ફોરમમાં સ્કોસ સ્ટાર ઓફ ગવર્નન્સ એવોર્ડ પણ મળેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં જયપુર રાજસ્થાન ખાતે ઇલેવન્થ ઇન્ટરનેશનલ સ્ટોન ઇન્ડસ્ટ્રી એક્ઝિબેશન, સ્ટોન માર્ક ૨૦૨૨નું આયોજન થયેલ જે અંતર્ગત પણ ગુજરાત સરકારને પ્રથમ ક્રમાંક મળેલ છે. આ રીતે માનનીય મહેશભાઇ અને આદરણીય પ્રવિણભાઇ દ્વારા જે પ્રસ્તાવ મૂકવામાં આવેલ છે તેને હું સમર્થન આપું છું અને માનનીય રાજ્યપાલશ્રીનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : શ્રી ત્રિકમભાઈ જિલ્લા પંચાયતના પ્રમુખ હતા, ત્યારે પોતે પોતાની ગાડી વાપરવાની જગ્યાએ બસની અંદર પ્રવાસ કરીને આખી ટર્મ એમણે પૂરી કરી હતી.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના રાજ્યપાલશ્રી આદરણીય દેવવ્રતજીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ જેને ટેકો આપ્યો છે એના ઉપર હું મારા વિચારો પ્રગટ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે ચર્ચા થતી હતી ત્યારે બધા કહેતા કે ૫૬ સીટો પરંતુ ભારતીય જનતા પાર્ટીની ૫૬ નહિ પરંતુ એનાથી ત્રણ ગણા એટલે કે ૧૫૬ સીટોથી વિજય પ્રાપ્ત થયો છે. આ રીતે ૧૫૬ સીટો ભારતીય જનતા પાર્ટીએ પ્રાપ્ત કરી છે ત્યારે અમારા જેવા અપક્ષોએ પણ ત્રણ સીટો પ્રાપ્ત કરી છે એ અમે ત્રણેય એને સમર્થન આપીએ છીએ. આ તબક્કે હું એ કહેવા માગું છું કે ''વહેમ હતો કે આખો બગીચો આપણો છે, વાવાઝોડા પછી ખબર પડી કે સુકા પાંદડા પર પણ હક્ક રહ્યો નથી.'' મારા મિત્રોને કંઇક તકલીફ પડી હોય તો માફ કરજો.

માનનીય રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં સરસ વાત કરી છે. એમાં એમણે પાકૃતિક ખેતી ઉપર વાત કરી હતી ત્યારે તેઓએ સભાગૃહને વિનંતી કરી હતી એ મારે મિત્ર ધારાસભ્યોને કહેવી છે કે પોતાના વિસ્તારમાં પ્રાકૃતિક ખેતીની સૌથી વધારે ફેલાવો થાય એની પણ સાથે સાથે ચિંતા કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે પર્યટનમાં ઘણા બધા વિસ્તારનો વિકાસ થતો હોય છે. માનનીય મંત્રીશ્રી દ્વારા ઘણી બધી ગ્રાન્ટોની ફાળવણી થતી હોય છે ત્યારે મારા મત વિસ્તારમાં ઝાંઝરીનો ધોધ એ પ્રવાસન સ્થળ છે અને ખૂબ મોટા પ્રમાણમાં યુવકો આવતા હોય છે ત્યારે એનો પર્યટન સ્થળ તરીકે ઉંમેરો થાય અને ખૂબ સારી રીતે એનો વિકાસ કરી શકીએ એ ખૂબ જરૂરી છે. એ જ રીતે અમારા અરવલ્લી જિલ્લામાં એક દિપેશ્વરી માતાનું ધામ આવેલ છે ત્યાં હજારોની સંખ્યામાં લોકો ચાલતા આવતા હોય છે.

એ જ રીતે કોરોનાની મહામારીમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મફત રસીકરણ કરીને લોકોને જીવતદાન આપવાનું કામ કર્યું છે. એ જ રીતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ પણ ખૂબ સારું કામ કરીને આખા દેશમાં કેટલાક લોકોને જીવતદાન આપ્યું છે ત્યારે એ કામગીરીને આપણે કદી ભૂલી ન શકીએ. કપરા સમયમાં હાથ પકડવાનું કામ તાકાત આપવાનું કામ અને દર્દીઓ માંદા પડ્યા હતા ત્યારે એને હૂંફ આપવાનું કામ વડાપ્રધાનશ્રી મોદી સાહેબે કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના મારા વિસ્તારમાં આવેલી છે એમાં ઘણાં બધાં તળાવો ભરવાની યોજના પણ છે અને એનાથી લાભ ઘણા બધા થયા છે તથા ઘણી જગ્યાએ તળાવોનાં કામો હજી બાકી પણ છે એ આ ઉનાળા પહેલાં એનાં કામો થઇ જાય તો ઉનાળામાં પાણીની સમસ્યા થવાની હોય ત્યારે એ ઉપયોગી થઇ પડે. એટલે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે જયાં ત્રણ કિલોમીટરનો કાયદો છે એમાં સુધારો કરીને પાંચ કિલોમીટર સુધી થાય તો ઘણા બધા ખેડૂતોને ફાયદો થાય અને ઘણા બધા પશુપક્ષીઓને પણ ફાયદો થાય તેમ છે.

ડો. હસમુખ પટેલ**(**અમરાઇવાડી):માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મંત્રી ગણ સન્માનનીય સભ્ય ગણ મહામહિમ રાજ્યપાલશ્રીએ ગૃહને આપેલ સંબોધન બદલ સભ્યશ્રી મહેશ કસવાલા સાહેબે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને તેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો એના અનુસંધાનમાં મને બોલવાની તક મળી એ બદલ હું આપ સૌનો ખૂબ ખૂબ આભારી છું.

આપણું ગુજરાત નિરામય બને શ્રેષ્ઠ સરવાર અને સુવિધાઓ નાગરિકોને મળે એ નિરોગી રહે એ માટે આપની સરકાર કટિબદ્ધ છે. જેથી કાર્યશીલ માનવ કલાકોથી ગુજરાત તેમજ ભારતના વિકાસમાં સારી રીતનો સહયોગ આપી શકાય આમ આખા દેશમાં અમદાવાદ ગુજરાતનું એક મેડિકલ હબ બનીને દેશના વિકાસમાં ઘણો મોટો ફાળો આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વિશ્વ કક્ષાની આધુનિક વિવિધ આરોગ્ય સુવિધાઓના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમદાવાદમાં સ્થિત સિવિલ હોસ્પિટલમાં મેડિસિટી ખાતે રૂ. ૧૨૭૫ કરોડના જે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરેલ છે તેમજ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આવી સુવિધાઓ મળી રહે તેના માટે પ્રયત્નો કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિવિલમાં મેડિસીટી કાર્યાન્વિત થતાં અમદાવાદ મેડિકલ ટુરિઝમ બને તેની સાથે સાથે વિશ્વના સૌથી મોટા વીમા કવચ એવા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને ગુજરાતમાં માં-વાત્સલ્ય યોજનાના સંકલનથી ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરી અને આરોગ્ય સુખાકારીમાં વધારો કરેલ છે. તેની સાથે સાથે અંતરિયાળ વિસ્તારનું પણ ધ્યાન રાખ્યું છે. જેવા કે ગોધરા, પોરબંદર, મોરબી, રાજપીપળા અને નવસારી ખાતે નવી પાંચ જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજો ચાલુ કરેલ છે. હાલમાં કુલ ૩૬ મેડિકલ કોલેજ છે. તેમાં એમ.બી.બી.એસ.માં વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૭૦૦ સીટ હતી. જે અત્યારે વર્ષ ૨૦૨૩માં ૬૭૫૦ સીટ થઇ છે. કુશળ તજજ્ઞો માટે એટલે કે એમ.ડી., એમ.એસ. જે કન્સલ્ટન્ટ ડોક્ટરો છે તેની સીટ વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૯૫૧ હતી જે અત્યારે ૨૦૫૬ થઇ છે. ગ્રામીણ અંતરિયાળ વિસ્તાર માટે હમણાં એક સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી હતી તેના અનુસંધાનમાં વાત કરું છું કે પી.જી. ઇન સી.પી.એસ.ની જે પહેલાં ૧૩૮ સીટ હતી તે વધારીને ૩૦૦ કરી છે. ડી.એન.બી.ની જે માસ્ટર કહેવાય તેની ૨૮ સીટ હતી એ ૧૬૭ કરેલી છે. આપે કદાચ નોંધ્યું હોય તો મેં જે કમ્પેરીઝન કર્યું એ વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૩ સુધીનું કર્યું છે. જો હું વર્ષ ૨૦૦૦ પહેલાંની વાત કરત તો આંગળીના વેઢે ગણી શકાય એટલી મેડિકલ કોલેજો અને એટલી સીટો હોત. હમણાં બે દિવસ પહેલાં આદરણીય મંત્રીશ્રી કનુભાઇએ પણ ચાર જગ્યાએ જે અંતરિયાળ વિસ્તાર છે જેવા કે છોટાઉદેપુર, મહીસાગર, ડાંગ ખાતે નવી મેડિકલ કોલેજો શરૂ થવાની છે એવી વાત કરેલ છે. જેના હિસાબે નવી સીટ પણ વધશે. હમણાં જે સાથી પક્ષોમાંથી ચિંતા હતી, એક સભ્યએ કહ્યું કે દાહોદ અને નર્મદા જિલ્લામાં સ્ટાફ નથી, તો હું માનું છું કે આટલી સંખ્યામાં ત્યાં પણ ડોક્ટર્સ અને બીજા સ્ટાફની અવેલેબિલિટી થઇ જશે. આ થઇ સુવિધાઓ, સ્ટ્રક્ચર અને તેનાથી કેટલું કાર્યરત થવાય અને કેટલું પ્રભાવશાળી વર્ક થઇ શકે એ જો જોવું હોય તો એ આપણને કોવિડ વખતે જોવા મળે. આખી દુનિયા જ્યારે કોવિડના ભરડામાં હતી ત્યારે આપણાં દીર્ઘદ્રષ્ટિ ધરાવતા સંવેદનશીલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનીટાઇઝેશન અને લોકડાઉન આ બધાનું જે બેલેન્સ જાળવી રાખીને લોકજાગૃતિનું કામ આણ્યું હતું એ કામની આખી દુનિયાએ નોંધ લીધી છે. તેની સાથે સાથે પ્રિવેન્શન અને પ્રિકોશન માટે રસી બનાવતી જે કંપનીઓ હતી તેમાં માનનીય વડાપ્રધાનશ્રીએ રૂબરૂ જઇને તેની ક્વોલિટી અને કોન્ટીટી જાણવા માટે પ્રયત્ન કર્યો, એ તો ઠીક છે, તેની સાથે સાથે આખા ભારતમાં માસ્ક ડિસ્ટ્રિબ્યુશન કેવી રીતે થઇ શકે અને ટૂંકા ગાળામાં કેવી રીતે રસી મળી શકે તેના માટે પણ એમણે જે પ્રયત્નો કર્યા છે એ જોઇને આખું વિશ્વ ચોંકી ગયું હતું. ૨૦૨૩ સુધી ૫ કરોડ ૮૦ લાખથી વધુ લોકોને વેક્સિનનો પહેલો ડોઝ આપેલો છે. ૫ કરોડ ૪૩ લાખથી વધુ લોકોને બીજો ડોઝ આપવામાં આવેલો છે. ૧ કરોડ ૯૬ લાખથી વધુ લાભાર્થીઓને બૂસ્ટર ડોઝ મળેલો છે. કુલ ૧૨ કરોડ ૮૦ લાખ રસીના ડોઝ આપેલા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી જિતેન્દ્રકુમાર પટેલ.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ આભાર પ્રસ્તાવ મૂકયો છે તેને માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ ટેકો આપ્યો છે એને હું પણ ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ એ ખૂબ જ વિશાળ વિષય છે. સરકાર માટે વિકાસ એટલે જનતા માટે પ્રત્યેક અગવડનું નિર્મૂળ થવું અને સગવડતાનો સતત અને સતત ઉમેરો થવો. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસ શબ્દની આગળ સર્વાંગી શબ્દ ઉમેર્યો અને આપણા ગુજરાત તેમજ ભારત દેશને સર્વાંગી વિકાસનો લાભ મળવા લાગ્યો. આ પવિત્ર પરંપરા સતત આગળ ધપતી રહી અને આજે આ પરંપરાનું સુપેરે અને સાર્થક વહન માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ થઇ રહ્યું છે જેનું સૌને ગૌરવ છે. વાત છે શહેરી વિકાસની પણ સરકાર દ્વારા વિકાસનો પ્રારંભ ગામડાથી થયો. વિકાસના મૂળીયા મજબૂત બનાવવાનું કાર્ય પ્રથમથી જ થયું અને આજે પણ તેનું સતત અનુસંધાન રાખવામાં આવે છે, જેનાં પરિણામ સ્વરૂપ ગામડાં ધીમે ધીમે નગરોમાં પરિવર્તિત થયા. નગરો ધીમે ધીમે મહાનગરોમાં પરિવર્તિત થવા લાગ્યા. શહેરી વિકાસ યોજનાના અન્વયે ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને ૨૦૦૯થી અમલમાં મૂકવામાં આવેલ છે. તા.૨૪-૧૨-૨૦૨૦ના ઠરાવથી ત્રણ વર્ષ સુધી અમલમાં મૂકવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં શહેરી વિકાસ માટે રૂ.૫૧૦૦ કરોડની રકમની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર યોજના, આંતર માળખાકીય સુવિધા જેમ કે રોડ-રસ્તા, ટ્રાફિક ફ્લાયઓવર, આંગણવાડીની આગવી ઓળખનાં કામો જેમ કે તળાવોનો વિકાસ, સ્વીમિંગ પુલ, ટાઉનહોલ, હેરીટેજનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ, જનભાગીદારી દ્વારા રહેણાંક સોસાયટીના આંતરિક રસ્તા, સ્ટ્રીટલાઇટ, પાઇપલાઇન તેમજ નગર સેવા સદનના કાર્યો આવરી લેવામાં આવ્યા છે. આ ભૌતિક ચકાચોંધ નથી પણ નાગરિકોને સુખ અને સમૃદ્ધિની પરાકાષ્ઠા તરફ લઇ જતો સરકારનો અવિરત પ્રયાસ છે. જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં પ્રગતિમય કાર્યોની ટૂંકી વિગત આપવા પ્રયત્ન કરું છું. જેમ કે આંતરમાળખાકીય કાર્યો માટે મહાનગરપાલિકાઓને રૂ. ૧૯૧૭.૦૦ કરોડની ગ્રાન્ટ ચૂકવવવામાં આવી છે, તે અન્વયે રૂ. ૨૩૨૭.૦૦ ૨ કરોડના ૬૪૭ વિકાસના કાર્યોને મંજૂરી આપવામાં આવી છે, જે પૈકી જનસુખાકારીના ૪૮ કાર્યો પૂર્ણ થયેલા છે અને ૨૩૦ કાર્યો પ્રગતિ હેઠળ છે. વળી મહાનગરપાલિકા દ્વારા ૧૮૫ કરોડનો ખર્ચ વિકાસ કાર્યો પાછળ પણ થયેલો છે. નગરપાલિકાને રૂ. ૧૮૯ કરોડની ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે. આ ગ્રાન્ટ અન્વયે રૂ. ૧૧૨.૨૬ કરોડના ૯૭૯ વિકાસના કાર્યોને મંજૂરી આપવામાં આવી છે જે પૈકી ૧૬૦ કાર્યો પૂર્ણ થયેલા છે અને ૩૫૬ કાર્યો પ્રગતિ હેઠળ છે અને નગરપાલિકા દ્વારા ૧૦.૯૨ કરોડનો ખર્ચ થઇ ચૂકયો છે. સુખાકારી ત્યારે જ જળવાય જયારે સ્વચ્છતા જળવાય અને સ્વચ્છતા થકી જ શહેરોની સુંદરતા વધે અને એની જાળવણી પણ થાય. આપણા દેશનું ગૌરવ જે હવે વિશ્વનું ગૌરવ બની રહ્યું છે તેવા આપણા પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે તા. ઓકટોબર, ૨૦૧૯ના રોજ સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કર્યો અને આ સ્વચ્છતા અભિયાનને જનભાગીદારી દ્વારા તેઓશ્રીએ પરિણામલક્ષી બનાવ્યું. આપણા સૌ માટે ગૌરવની બાબત એ છે કે આજે સ્વચ્છતા માટે હરિફાઇ થાય છે અને સ્વચ્છતામાં પ્રથમ નંબર મેળવવા માટે મહાનગરો, નગરો, ગામડાઓ વગેરે ખૂબ ઉત્સાહથી કાર્યરત થઇ રહ્યા છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ આપણા દેશના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ થયા છે અને પર્યાવરણની જાળવણી માટે તેઓશ્રીએ દેશને સીંગલ યુઝ પ્લાસ્ટિકથી થતા નુકસાન વિશે જણાવ્યું અને તેનો ઉપયોગ સદંતર બંધ કરવા માટે સૌને પ્રેરિત કર્યા. મને કહેતા આજે આનંદ થાય છે કે ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓ આજે જાહેર શૌચક્રિયાથી મુકત છે.

શ્રી હર્ષ સંઘવી ( રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી,

**જિંદા દિલીથી છલોછલ જીત છે, આ ગુજરાત છે.**
**નરસિંહ ભગતનું ઝૂલતું પ્રભાત છે, આ ગુજરાત છે.**
**અંધકાર ખંખેરી બધો ઊભા થઇને જુઓ તો જરા,**
**તારા મળી સપના સજી આ રાત છે, આ ગુજરાત છે.**
**ઇતિહાસ પૂછી જૂઓ અને છંદ બધા વાંચી જુઓ,**
**હારી ગયા હર એક ઝંઝાવાત છે, આ આપણા સૌનું ગુજરાત છે.**

માનનીય અધ્યક્ષશ્રી, સંત, સૂરા અને દાતારની ગરવી ગુજરાતની આ પાવન ભૂમિને વંદન કરીને ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ એમના અભિભાષણમાં સમગ્ર ગુજરાતની જનતા માટે શિશુથી લઇને વયોવૃદ્ધ સુધીના, બાળકથી લઇને સિનિયર સિટીઝન સુધી તમામ દિશામાં રાજ્ય સરકાર દ્વારા થયેલા કામોના લેખા-જોખા એમના દ્વારા અહીંયા મૂકવામાં આવ્યા. ગુજરાતના સર્વાંગી વિકાસ, એક આગવી નક્કર અને વાસ્તવિક બ્લ્યૂ પ્રિન્ટ સાથે ગુજરાતના વિકાસના નૂતન આલેખને મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા અહીંયા મૂકવામાં આવ્યો. ૨૦૨૨ની ચૂંટણી થોડા વખત પહેલા જ સમાપ્ત થઇ. ૨૮મી નવેમ્બરના દિવસે એક રાષ્ટ્રીય ચેનલ પર ગુજરાતના એક સામાન્ય નાગરિક જે રોડ ઉપર બેસીને પાથરણા પર શાકભાજી વેચતો હતો. માથે ટોપી પહેરેલી અને દિલમાં મોદીજી હતા અને એ ફૂટપાથ પર પાથરણા પર બેસીને રાત દિવસ મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવનાર એ વ્યકિતએ પ્રખ્યાત શાયર શાહિર લુધિયાનવીની બે-ત્રણ પંક્તિઓ દેશ સમક્ષ રજૂ કરેલ હતી. એ સામાન્ય રાત દિવસ મહેનત કરનાર વ્યક્તિ અને ખૂબ ઉચ્ચ શબ્દો બોલતો હતો કે,

ફાલ્ગુન,૯,૧૯૪૪ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

**હજાર બર્ફ ગીરે, લાખ આંધીયા ઉઠે, જો ફૂલ ખિલને વાલા હૈ વો ખિલ કે રહેગા.**

માનનીય અધ્યક્ષશ્રી, એક સામાન્ય ગરીબ વ્યક્તિના મનની અંદર દેશના પ્રધાનમંત્રીશ્રી માટે અને ભારતીય જનતા પાર્ટીના એકે એક નેતૃત્વ માટે એના મનમાં અને દિલમાં જે પ્રેમ હતો એ હિન્દી ચેનલ ઉપર રજૂ કરેલ હતો. એક તરફ દેશભરની તમામ તાકાતોએ એક થઇને ગુજરાતને બદનામ કરવાના કોઇ પ્રયાસ છોડ્યા નહીં. સને ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨. સને ૨૦૦૨થી *(xxx)પરંતુ ગુજરાતની જનતાને બે હાથ જોડીને વંદન કરવા પડે. આ વર્ષો-વર્ષનો સંબંધ ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની જનતા એટલે શું? ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની જનતા એટલે એક સિક્કાની બે બાજુ. આ સંબંધ કોઇ સરકાર અને રાજ્યની જનતા વચ્ચેનો ન હતો. આ સંબંધ દિલનો સંબંધ હતો જેના લીધે સને ૨૦૨૨માં દુનિયાનું સૌથી મોટું સહકુટુંબ આપણું ગુજરાત બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીની જાહેરાત થવાની સાથે જ હોઇ શકે ચૂંટણી છે એકબીજા પર આરોપ લાગે. પરંતુ એ આરોપમાં ધીરે ધીરે કરીને ચૂંટણીને એ ક્ષણો સુધી લઇ જવામાં આવી કે આરોપમાં ગુજરાતના નેતાઓથી વધારે ગુજરાતની જનતાને પણ બદનામ કરવાની કોઇ કસર છોડવામાં આવી નહીં. આપણે સૌ ગુજરાતીઓને ગૌરવ હોવું જોઇએ કે આપણી ગુજરાતની આ સ્વમાની જનતાએ સાથે મળીને આ ગુજરાત બનાવ્યું છે. આ ગુજરાત એક સમયે આ ગુજરાતે કેવા દિવસો જોયા છે? એક સમયે આ ગુજરાતે કેટલી તકલીફો ભોગવી છે. આ તકલીફો, આ સંઘર્ષનો સમય એ ગુજરાતની જનતાએ ટીમ ગુજરાત તરીકે આ સંઘર્ષનો સામનો કરતા કરતા આપણે દેશનું નંબર વન રાજ્ય બન્યું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ રાજ્યની વાત આવે કે આ રાજ્ય દેશનું નંબર વન રાજ્ય બન્યું તો રાજ્યમાં ૧૫૬ અલગ અને બીજા અલગ એવું ના હોય. રાજ્ય નંબર વન આવ્યું એટલે રાજ્યની તમામ જનતાને ગૌરવ થવું જોઇએ. પરંતુ ગુજરાતની તમામ જનતાને તો ગૌરવ થતું હતું. પરંતુ ગુજરાત દેશભરમાં પ્રથમ કઇ રીતે આવી શકે? એ આવવું જ ના જોઇએ. ગુજરાતનો પ્રથમ શબ્દ સંભળાય એટલે (xxx) દુનિયા ભરના લોકો, મને તો ગુજરાતમાં ખબર ના પડી કે ગુજરાતની જનતાના અચાનક ચહેરા કઇ રીતે બદલાઇ ગયા? દેશભરના લોકોને ગામમાંથી શોધી શોધીને ગુજરાતમાં લાવવામાં આવ્યા. ગુજરાતને બદનામ કરવાની કોઇ કસર છોડી નહીં. ગુજરાતની જનતા સવાઇ હોશિંયાર નીકળી. માનનીય અધ્યક્ષશ્રી, એક એકનો એવો હિસાબ કર્યો કે જીવનમાં ભવિષ્યમાં ગુજરાતને બદનામ કરવાનું કોઇ દિવસ સપનામાં પણ નહીં વિચારે. રાજકીય લોકોના મનમાં અલગ અલગ કલ્પના હોઇ શકે. ચૂંટણી લડીને સરપંચ બનવું, તાલુકા સભ્ય બનવું, જિલ્લા પંચાયતના સભ્ય બનવું, ધારાસભ્ય બનવું, સાંસદ બનવું. પરંતુ આ ચૂંટણીઓ તો આવતી-જતી રહેશે. પરંતુ ચૂંટણીઓમાં રાજ્યને અને રાજ્યના નાગરિકોને આપણે બદનામીમાં સાથે લઇ લેવા એ યોગ્ય નથી. એક તરફ દેશમાં સમાજને ભાગલા પાડીને રાજનીતિ કરવાની તો રાજ્ય ચાલે. એકે એક દિવસ-રાત મારો સ્વમાની ગુજરાતી કાળી મહેનત-મજૂરી કરે અને એ પોતાના ઘરનું ગુજરાન ચલાવતા ગુજરાતીઓને ભટકાવવાની કોઇ કોશિશ છોડવામાં નથી આવી. પરંતુ આપણા ગુજરાતીઓ મહેનતમાં માનવા વાળા ગુજરાતીઓ છે. આપણા ગુજરાતીઓ દેશના વિકાસમાં કાળી મજૂરી કરનાર લોકો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના લોકોએ દેશભરનો યુવાન અગર એના પરિવાર માટે કોઇ સપનું જોતો હોય છે તે સપનું સાકાર કરવાનું સૌથી વધુ કામ ગુજરાત રાજ્ય એ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુવાન કોઇ પણ રાજ્યમાં રહેતો હોય એણે સપનું જોયું હોય કે થોડા રૂપિયા કમાઇશ, પોતાનું ઘર બનાવીશ, પોતાના પરિવારનું ગુજરાન ચલાવીશ આવા એક એક યુવાનોનું આ રાજ્યએ એનું સપનું પૂરું કર્યું છે. રોજગારીના રૂપે સપનું પૂરું કર્યું છે. આ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના તમામ ઇતિહાસો તોડી નાખ્યાં. એક નવો રેકોર્ડ એવો લખ્યો માનનીય અધ્યક્ષશ્રી, એ રેકોર્ડ ના ભૂતો ના ભવિષ્યતે. ૧૫૬ કમળ ખીલીને ગુજરાતની સેવા માટે ગુજરાતની વિધાનસભામાં પહોંચ્યાં છે. ૧૫૬ કમળ ખીલ્યા એટલું જ નહીં ગુજરાતના ઇતિહાસમાં આજ સુધી સૌથી વધુ લીડથી જીતનારા લાખો ઉપરની લીડ એટલે? એક, બે, ત્રણ, ચાર, પાંચ એ પહેલા જેમ તેમ દેખાતું હતું. લાખ ઉપરવાળા તો ડબલ આંકડામાં પહોંચી જવા આવ્યા એમાં સેન્ચ્યુરી, થોડા માટે બચનાર પણ અનેક લોકો છે. થોડી ઘણી સીટો ભૂલથી રહી ગઇ. એના આંકડા જુઓ, એની વચ્ચેનો તફાવત જુઓ તો થોડો થોડો હોય. જોવા જેવું છે એનાથી અંદાજો આવે કે પોઝિટિવ રાજનીતિ સિવાય કોઇપણ પ્રકારની રાજનીતિની જનતાની વચ્ચે સ્પેસ હવે બાકી રહી નથી. (અંતરાય) બહેન, તમારો વાંધો નથી.

અધ્યક્ષશ્રી : ના, ના. આમાં તો સભ્યશ્રી એવું કહે છે કે વ્યક્તિગત જેમની વધારે તાકાત હતી એવા લોકો જીતીને આવ્યા બાકી તો કાંઇ નહોતું એમ વાત કરે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : તમારે તો આનંદ લેવો જોઇએ બહેન. તમારે એટલા માટે આનંદ લેવો જોઇએ કે થોડા માટે આ વખતે બચી ગયા.(અંતરાય) ના, એમ નથી આવતી વખતની વાત નથી. મને વિશ્વાસ છે કે મારા બહેન મારા બનાસકાંઠાના છે. આપણા બહેન છે. મને વિશ્વાસ છે કે તમે સારું જ કામ કરશો, પણ બહેન આ લોકો જો તમને કોઇ ખોટી દિશાએ આપણા બનાસકાંઠામાં લઇ જાય તો તમે જતા નહીં. અમે આજે બધા લાઇટ મૂડમાં હતા. હું, શ્રી ચૈતરભાઇ અમે બધા લોકો બઠા હતા. હું શ્રી અલ્પેશભાઇને બોલાવવા ગયો કે શ્રી અલ્પેશભાઇ ક્યાં ગયા? શ્રી અલ્પેશભાઇને બોલાવવા ગયો હતો કે આ બાજુ પણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવજો થોડું થોડું ત્યારે શ્રી ચૈતરભાઇને મેં કહ્યું કે તમે સારું કામ કરો છો. મને વિશ્વાસ છે પણ આજે આ દિલ્હીમાં બધું થયું છે તો તમે એની વાતમાં આવતા નહીં. આપણા ગુજરાતનો કોઇ દીકરો ફસાવો ન જોઇએ. મેં કીધું મને વિશ્વાસ છે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણીએ હું એટલા માટે આ વાત ફરી ફરીને આપને કહેવા માગું છું કે વર્ષ ૨૦૨૨ની ચૂંટણીએ ગુજરાતને તોડવાના તમામ પ્રયાસો થયા. ગુજરાતના નાગરિકોને ખોટી દિશામાં ભટકાવવાના અનેક પ્રયાસો થયા, પરંતુ ગુજરાતની જનતાને આ ૧૫૬ ધારાસભ્યો વતી હું બે હાથ જોડીને વંદન કરું છું અને વંદન જોડે જોડે કહેવું છે કે આ ૧૫૬ નહીં, પરંતુ અમે ભવિષ્યમાં ટીમ ૧૮૨ તરીકે કામ કરવાની દિશામાં આપના માર્ગદર્શનમાં આગળ નીકળેલા છીએ. આ ગુજરાતના નાગરિકો જેમણે આપણી ઉપર વિશ્વાસ કર્યો છે. કોઇ સામાન્ય નાગરિક જયારે કોઇને પણ વોટ આપે છે પરંતુ જયારે એ આ વિધાનસભાના સભ્ય બને ત્યારે સૌની જવાબદારી એક સરખી હોય છે. આજે અલગ અલગ અનેક વિષયો ઉપર માનનીય સભ્યશ્રીઓએ ચર્ચા કરી છે. અમુક લોકોએ કૃષિની વાત કરી, શિક્ષણની વાત કરી, સિંચાઇની વાત કરી, પંચાયતી રાજની વાત કરી, શહેરી વિકાસની વાત કરી, પશુપાલન વિભાગની વાત કરી, આરોગ્યની વાત કરી. મારા મિત્રોએ આદિવાસીઓની જે વાત કરી કયારેય ન થયું હોય એવું આ વખતે થયું. આદિવાસી સમાજનાં કામો ગણાવવાની વાત ચાલતી હતી. જનતાએ આદિવાસી સમાજનું એવું સર્ટિફીકેટ આપ્યું ભારતીય જનતા પાર્ટીને કે કયારેય ભૂતકાળમાં કોઇને પણ નહીં આપ્યું હોય. ગુજરાતમાં અને ખાસ કરીને આપણા દેશને ગૌરવ થાય માનનીય રાજયપાલશ્રીએ એમના અભિભાષણમાં જી-૨૦ની વાત કરી. આપણા સૌ માટે ગૌરવની વાત છે. કારણ કે એક સમય એવો હતો જયારે આપણે ઇન્ટરનેશનલ બેઠકોમાં જઇએ તો એ બેઠકોમાં કયાં ખોવાઇ જતા હતા એ ખબર પણ નહોતી પડતી. હમણા મેં ગઇ જી-૨૦ના અનેક ફોટાઓ જોયા. મારા જેવા તમામ દેશવાસીઓને એમના દેશના પ્રધાનમંત્રી જયારે જી-૨૦ની બેઠકમાં વિદેશની ધરતી ઉપર જાય અને દુનિયાના બધા જ પાવરફુલ દેશના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી જે રીતે આપણા દેશના પ્રધાનમંત્રીને માન આપે અને ફોટો પડાવવા માટે ઉત્સાહ નજરે પડે તે જોઇને ભારત દેશના સવા સો કરોડ ભારતીયોને ગૌરવ થાય છે. વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહેલું ભારત તે વસુધૈવ કુટુંબકમ્ ના સનાતન મંત્ર થકી સમગ્ર વિશ્વને સત્ય, પ્રેમ, કરુણા અને મૈત્રી ભાવના મૂલ્યો દ્વારા સમગ્ર વિશ્વની સાથે વૈશ્વિક પ્રશ્નના સમાધાન માટે, વિશ્વ કલ્યાણ માટે તત્પર અને તૈયાર છે. આ વર્ષે આપણે આપણા દેશમાં જી-૨૦ નું આયોજન કરવામાં આવ્યું છે. જી-૨૦ એટલે શું? જી-૨૦ દેશના જે સભ્યો આપણા ત્યાં બેઠકમાં આવવાના છે તેમાં આખી દુનિયાની ૮૫ ટકા ઇકોનોમી ધરાવતા આ દેશ છે. આ જી-૨૦ ની બેઠકોમાં અને આ કોઇ ઇવેન્ટ નથી. આ માત્ર ઇવેન્ટ નથી. આ એક દિશા સૂચવે છે કે, આપણે આપણો દેશ તે વિશ્વગુરુ તરફ આગળ વધી રહ્યો છે. જી-૨૦ ને સામાન્ય રીતે તમે બધા અલગ અલગ દેશના નેતાઓ ભેગા થતા તે દશ્યથી જોતા હશો. પરંતુ જી-૨૦ કોઇ દેશને મળે અને સૌથી વધારે બેઠકો થાય, ભૂતકાળમાં થયેલી જી-૨૦ ની બેઠકો કરતાં ડબલ બેઠકો થાય. દુનિયા એક પરિવાર છે તે દિશામાં આગળ વધતા જી-૨૦ની બેઠકો દેશમાં થઇ રહી છે ત્યારે ગુજરાતમાં ૧૩થી વધારે જી-૨૦ની મહત્ત્વની બેઠકો થવાની છે. ટુરિઝમની બેઠક હોય, વાય-૨૦ હોય, શહેરી વિકાસની બેઠકો છે તેવા અલગ અલગ વિષયોમાં ગુજરાતમાં બેઠકો થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇએ નર્મદા યોજનાની વાત કરી. એમણે લાલ પાણીની વાત કરી. પહેલાં તો મેં કહ્યું લાલ પાણી એટલે મારે જોવું પડ્યું. મને એમ કે પોલીસ વિભાગવાળું હશે. સ્વાભાવિક વાત છે એમની પાસેથી આવી ગયું એટલે મને લાગે કે હોઇ શકે. તે પછી મેં જોયું તો ખબર પડી કે આ જેતપુરના લાલ પાણીની વાત કરે છે. જેતપુરનું લાલ પાણી અલગ પ્રકારનું લાલ પાણી છે. તે લાલ પાણી જે ઇન્ડસ્ટ્રીઝ લાખો લોકોને રોજગાર આપે છે તેમાંથી નીકળતું પાણી છે. જે ડીપ-સીની વાત થઇ. મારી આપના થકી આખા ગૃહને વિનંતી છે કે, ડીપ-સી ટેકનોલોજીને સમજવું ખૂબ જરૂરી છે. ડીપ-સીથી કોઇપણ પ્રકારની માછલીઓ મરી જાય તે પોસીબલ નથી. ડીપ-સી દુનિયાના બધા જ વિકસિત દેશો કે જયાં જયાં કેમિકલ ફેકટરીઓ છે ત્યાં ડીપ-સી નું આયોજન કરવામાં આવે છે. જેના થકી પ્રદૂષિત પાણી છે તેને સીધું જ દરિયાના ઉંડાણની અંદર પહોંચાડવામાં આવે છે. દરિયાના પાણીનો ક્ષાર એટલા ઉંડાણમાં એટલો વધારે હોય છે કે, આ લાલ પાણી લાલ પાણી રહેતું નથી. જેતપુર અને સુરતમાં આ પ્રકારના ડીપ-સીનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સો કરોડ રૂપિયાની યોજના બનાવી છે તે જેતપુર અને બીજા શહેરો માટે બનાવી છે. ગુજરાતના યુવાનોને વધુ રોજગારી મળે અને કોઇપણ પ્રકારના પર્યાવરણના ઇસ્યુના કારણે આપણા ત્યાં ઇન્ડસ્ટ્રીઝ બંધ ના થઇ જાય તેના માટે આ પ્રયોજન કરવામાં આવ્યું છે.

